3·2

શ્રીજ્ઞાનેશ્વરી

[ગુજરાતીમાં ઓવીબદ્ધ]

અનુવાદ

કિશનસિંહ ચાવડા

પ્રિય જયદેવ પ્રેમવશ

કિશનસિંહ ચાવડા
૧૪-૧-૭૫

ई 3/39

आम्नाय-ग्रन्थालय,
भारतनिधि, करौंदी
वाराणसी-5

आम्नाय-ग्रन्थालय,
भरतमिलि. करौंदी
वाराणसी-5

ओम नमोजी आद्या
वेद प्रतिपाद्या
जय जय स्वसंवेद्या
आत्मरूपा.

श्रीमद्ज्ञानेश्वरप्रशस्तिः

सिद्धपद्मासनस्थिताय ज्ञानेश्वराय नमो नमः ।
सहजसर्वाङ्गसुन्दराय ज्ञानेश्वराय नमो नमः ।
मूर्तमार्दवस्वरूपाय ज्ञानेश्वराय नमो नमः ।
करुणामयाय ज्ञानमुद्राय ज्ञानेश्वराय नमो नमः ।
सत्योन्मीलित चक्षुष्काय ज्ञानेश्वराय नमो नमः ।
विदग्धवाङ्मयविभूषणाय ज्ञानेश्वराय नमो नमः ।
शारदासुतकविगौरवाय ज्ञानेश्वराय नमो नमः ।
निखिलरससिद्धेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।
भक्तिज्ञानयुतयोगेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।
नवरससागरमीनाय ज्ञानेश्वराय नमो नमः ।
अद्वैतामृतपूर्णकामाय ज्ञानेश्वराय नमो नमः ।
सहजसमाधिविलासाय ज्ञानेश्वराय नमो नमः ।
विश्वसंविदोन्मेपश्रेष्ठाय ज्ञानेश्वराय नमो नमः ।
पञ्चमपुरुपार्थप्रतिष्ठापकाय ज्ञानेश्वराय नमो नमः ।
भक्ताय भागवतवरिष्ठाय ज्ञानेश्वराय नमो नमः ।
परतत्त्वप्रक्षालितवाणीरमणाय ज्ञानेश्वराय नमो नमः ।
वीतरागरञ्जितजीवनाय ज्ञानेश्वराय नमो नमः ।
विनम्रलाघवपूर्णचन्द्राय ज्ञानेश्वराय नमो नमः ।
अलाञ्छितलावण्यमयाय ज्ञानेश्वराय नमो नमः ।
मृदुमधुरमन्दहासाय ज्ञानेश्वराय नमो नमः ।
चिरपोडशकलासंयुताय ज्ञानेश्वराय नमो नमः ।
सुखदशीतलमार्तण्डाय ज्ञानेश्वराय नमो नमः ।
शिवशक्तिलालितसौम्याय ज्ञानेश्वराय नमो नमः ।
आत्मविलोपनलोलाय ज्ञानेश्वराय नमो नमः ।
स्फुटितचिद्रत्नसौरभाय ज्ञानेश्वराय नमो नमः ।
चिद्विलासस्फुटितपुष्पाय ज्ञानेश्वराय नमो नमः ।
निवृत्तिसुताय प्रेमेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।

डिसेम्बर, १९६८
अतामी (जापान)

विमला

आम्नाय-ग्रन्थालय,
भारतनिधि. करौंदी
वाराणसी-5

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ



જન્મ : શકે ૧૧૯૩

સમાધિયોગ : શકે ૧૨૧૫

[illegible]

[illegible]

જ્ઞાનગંગોત્રી

શ્રીજ્ઞાનેશ્વરી

૦ ગુજરાતીમાં ઓવીબદ્ધ ૦

आम्नाय-ग्रन्थालय,
भरतमिलाप, करौंदी
वाराणसी-5

અનુવાદ

કિશનસિંહ ચાવડા

મંગલપ્રવેશ

વિમલા ઠકાર

ન્યૂ ઑર્ડર બુક કંપની
એલિસબ્રિજ : અમદાવાદ-૩૮૦ ૦૦૬

Śrī Jñāneshwari : Translated by Kishan Singh Chavda from Marathi into Gujarati, Pub. New Order Book Co., Ahmedabad 1978 (India)

પ્રકાશક

દિનકર ત્રિવેદી
ન્યૂ ઑર્ડર બુક કંપની
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬

© જીવનયોગ ફાઉન્ડેશન
શિવકુટિ
માઉન્ટ આબુ (રાજસ્થાન)

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮
પ્રત : ૧૧૦૦

આવરણ : જનક પટેલ

પાંત્રીસ રૂપિયા

મુદ્રક
રાકેશ કાંતિલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરજાપુર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

आम्नाय–ग्रन्थालय,
भारतनिधि, करौंदी
वाराणसी-5

સમર્પણ

અનાદિ કાળથી ગુર્જર ભૂમિમાં
જીવી ગયેલા બધા જ
જ્ઞાત અને અજ્ઞાત
પ્રભુપ્રેમી
સંતોને, આત્મરત યોગીઓને
તથા
આત્મનિષ્ઠ જીવનસાધકોને

મંગલપ્રવેશ

પંચમ પુરુષાર્થ પ્રબોધિની

પંચમ પુરુષાર્થ પ્રબોધિની જ્ઞાનેશ્વરીનું ગુર્જરી ભાષામાં અવતરણ થયું એ અત્યંત શુભ છે. અવતરણ કેવળ ગુર્જરી ભાષામાં થયું એટલું જ નહીં, પણ તે શ્રીજ્ઞાનેશ્વર મહારાજના મૂળ ઓવી છંદમાં થયું છે એનો તો સવિશેષ આનંદ થાય છે.

મરાઠી વાઙ્મયમાં જ્ઞાનેશ્વરી એક નિરુપમ ગ્રંથ છે. આ ગ્રંથના વર્ણનમાં કોઈ પણ એક વિશેષણ વાપરવું શક્ય નથી. 'અધ્યાત્મવિષયક ગ્રંથ છે' કહેવાથી એવું ધ્વનિત થશે કે જાણે અધ્યાત્મ જીવનનું એક અંગ છે. દાર્શનિક છે કહેવાથી જ્ઞાનેશ્વરી જાણે કાવ્યગ્રંથ નથી એવો ભ્રમ ઊભો થશે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું વર્ણન કરવું જેમ અસંભવિત છે તેવી રીતે જ્ઞાનેશ્વરીનું વર્ણન પણ અસંભવિત ગણાય. આ ગ્રંથમાં મધુરાદ્વૈતની પ્રતિષ્ઠા જોવા મળે છે. પ્રેમને શ્રીજ્ઞાનદેવ પંચમ પુરુષાર્થ કહે છે.

જ્ઞાનેશ્વરી એટલે યોગેશ્વરની યોગવાણી. જ્ઞાનેશ્વરી એટલે આત્માનંદમાં તરબોળ રહેતા પ્રેમાવતારની પાવન વાણી. જ્ઞાનેશ્વરી એટલે વાસુદેવની વાણીમાંથી નીતરેલું ઉપનિષદ્‌રહસ્ય, પોતાના આધારમાં ઓતપ્રોત કરી વહેતું મૂકનારા જ્ઞાનદેવનું જીવન-સંગીત. જ્ઞાનેશ્વરી એટલે બાલયોગી જ્ઞાનદેવે વાગ્વિલાસિની, ભુવનમનમોહિની શારદાના સાહિત્યમંદિરમાં બાંધેલી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની મંગલ પૂજા.

આ ગ્રંથ કેવળ ગીતાભાષ્ય નથી. આ માત્ર સંસ્કૃત શબ્દોનો પ્રાકૃત મરાઠીમાં કરેલો અર્થાનુવાદ પણ નથી. આ ગ્રંથ પરમ જ્ઞાની, પરમ પ્રેમી અને પરમ યોગી હોવા છતાં, સહજાવસ્થામાં વિહાર કરનાર એક દિવ્ય વિભૂતિની વાઙ્મયી કાયા છે.

આવા અમૃત ગ્રંથનો ગુર્જરી ભાષામાં અનુવાદ કરવાનું મંગલ કાર્ય જ્યારે તીર્થરૂપ કિશનભાઈએ આદર્યું ત્યારે આનંદથી હૈયું અજવાળાઈ ગયું. ભાઈનો જ્યારથી પરિચય થયો ત્યારથી તેઓશ્રી એક અભય જીવનસાધક છે, એ વાત જાણમાં આવી. જેવી નમણી તેમની કાયા, તેવી જ નમણી, તેમના હૃદયમાં રસળતી ભક્તિ. પ્રભુના પરમ પ્રેમી હોય અને છતાં આત્મશ્રદ્ધાથી જીવન છલકતું હોય એવું ભાગ્યે જ જોવા મળે. જીવનરસના રસિયા હોય અને છતાં વૈરાગ્યનું બળ અખિલાઈમાં રસાયેલું હોય એવું ભાગ્યે જ દેખવા મળે. કિશનભાઈમાં તેનો સુમેળ સહજે સધાયેલો દેખાય છે. તેમની સાહિત્યસેવા સુવિખ્યાત છે. તેઓ કલમના કસબી કહેવાય છે. જીવનમરમી તરીકે જાણીતા છે. એટલે કિશનભાઈના ચિત્તમાં જ્ઞાનેશ્વરીનો અનુવાદ કરવાની પ્રેરણા જન્મી એ આપણા બધા માટે આનંદનો વિષય ગણાય.

પ્રત્યક્ષ અનુવાદકાળમાં ભાઈએ પ્રખર તપસ્યા આદરી હતી. છેલ્લાં પાંચ વરસથી સ્વાસ્થ્ય નરમ રહે છે. બે વાર હૃદયરોગનો હુમલો થયેલો. છતાં ફેબ્રુઆરી ૧૯૭૬થી જુલાઈ ૧૯૭૬ સુધી આબુ ખાતે રોજ પાંચ પાંચ કલાક અનુવાદનું કામ ચાલતું. જાન્યુઆરી ૧૯૭૭થી માર્ચના અંત સુધી મુદ્રણ માટે ગ્રંથ મોકલવાની તૈયારી ચાલતી. દરેક અધ્યાયનો વિષયપ્રવેશ લખવો, આમુખ તૈયાર કરવો – એક કે બીજું – અનેક કામો સહજ થતાં જોયાં. તાત્પર્ય, એક જીવનસાધકે, પ્રેમથી રસાયેલી કુમળી શ્રદ્ધા વડે કરેલો આ અનુવાદ પોતે પણ એક જીવનકાવ્ય સમો છે.

મૂળ જ્ઞાનેશ્વરી જોડે અનુવાદગ્રંથને સરખાવી જતાં હતાં ત્યારે હું અનુવાદની સમર્પકતા, રમણીયતા અને પ્રાસાદિકતા જોઈ મુગ્ધ થઈ જતી.

આ અનુવાદ વિશે વધારે કંઈ કહેવા જતાં આત્મશ્લાઘા કરવા જેવું અ-વાંછનીય કર્મ થશે. હું જ્ઞાનેશ્વર અને જ્ઞાનેશ્વરીની પરમ પ્રેમી કહેવાઉં. મારી પાસે કિશનભાઈએ ૧૯૬૮થી જ્ઞાનેશ્વરીનું અધ્યયન આદરેલું. એટલે આ ગ્રંથની જવાબદારી અપ્રત્યક્ષ રીતે મારી જ ગણાય. ઓવીઓ અનુવાદિત થવામાં જો મૂળ અર્થની છટાઓમાં ફેર પડ્યો હોય: યૌગિક અર્થ ઉઘાડવામાં ઊણપો જણાય અગર ઓવીના અન્વયાર્થમાં ભૂલો થઈ હોય તો તેની જવાબદારી પણ મારી ગણી શકાય. અનુવાદમાં ગુજરાતી ભાષાનું ગૌરવ જળવાયું હોય તો તેનું શ્રેય સહજ રીતે ભાઈને અપાય એ વાત દેખીતી રીતે જ વિશદ છે.

આત્માર્થી જીવનસાધકો, પંચમ પુરુષાર્થ પ્રબોધિનીના આ ગુર્જરી અનુવાદને આવકારશે એવી શ્રદ્ધા છે.

૨૭–૩–૧૯૭૭
શિવકુટિ
અર્બુદાચલ

વિમલા

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

આત્મનિવેદન

સને ૧૯૬૮માં પૂજ્ય વિમલાબહેન સાથે 'જ્ઞાનેશ્વરની ગુરુઉપાસના' તૈયાર થતી હતી, તે વેળાએ સમગ્ર 'જ્ઞાનેશ્વરી'નો અનુવાદ કરવાની અભીપ્સાનું બીજ અદૃશ્યભાવે નખાયેલું હોવું જોઈએ. વિમલાબહેન પાસે જ્ઞાનેશ્વરીનું પારાયણ પ્રત્યેક વર્ષે સાંભળવાનું બનતું. એમને કંઠે થતું ઓવીગાન અને ઓવીઓનાં અર્થ, ભાવ અને રહસ્યનું ઉદ્‌ઘાટન એટલું તો ચેતોહર થતું કે ઘણી વખત પોતાના અંતરના ઊંડાણમાં ઊતરીને શાંત થઈ જવાતું. ત્યારથી શ્રીજ્ઞાનેશ્વરી અને જ્ઞાનેશ્વર મહારાજ તરફનાં ભક્તિભાવ અને ખેંચાણ વધતાં ગયાં. શ્રીજ્ઞાનેશ્વરીનું પોતાનું અનન્ય સત્ત્વ, ગ્રંથમાં અંતર્હિત આંતરઐશ્વર્યનું ઓજસ, અભિવ્યક્તિની અપૂર્વ વિશદતા અને મહારાજના જીવનદર્શનનું સમ્યક્ લાવણ્ય, એ સર્વ તત્ત્વોએ હળીમળીને અંતરમાં ગ્રંથ અને ગ્રંથકર્તા વિશે ઊંડો સ્નેહ જન્માવ્યો હતો. ૧૯૭૬ના ફેબ્રુઆરી મહિનામાં વિમલાબહેનને કંઠે જ્ઞાનેશ્વરીનો પંદરમો અધ્યાય સાંભળ્યો. એ શ્રવણનો આનંદ એવો તો વિધાયક નીવડ્યો કે એણે જ્ઞાનેશ્વરીનો ગુજરાતીમાં ઓવીબદ્ધ અનુવાદ કરવાની ચિત્તમાં પ્રેરણા જન્માવી. પરંતુ અનુવાદ કરવાની આપણી પાત્રતા કેટલી? —એ પ્રશ્ન ચિત્તમાં ઘોળાતો-ઘૂંટાતો રહ્યો.

ગુજરાતીમાં ઓવીબદ્ધ અનુવાદ કરવાની પ્રેરણાવાળી વાત વિમલાબહેનને કરી. એમના પ્રેમભર્યા આશીર્વાદ મળ્યા. ગ્રંથનાં કદ, વિસ્તાર અને ઓવીસંખ્યા જોતાં ત્રણ વર્ષ અનુવાદને લાગશે એવો અંદાજ પહેલી વાર નીકળ્યો. અનુવાદ શરૂ થયો. શરૂ થયો ત્યારે એવું લાગ્યું કે ઓછામાં ઓછું એક વર્ષ તો લાગશે જ લાગશે. ૧૯૭૬ના ફેબ્રુઆરીમાં અનુવાદ આરંભાયો. જેમ જેમ ગ્રંથનાં ભાષાશૈલી, ભાવાર્થ અને રહસ્ય સાથે એકાગ્ર થતું જવાયું, સંવાદ સધાતો ગયો, તેમ તેમ ઝડપ વધતી ગઈ. આઠ મહિનામાં અનુવાદનું મંગલકાર્ય સંપૂર્ણ થઈ શક્યું. ડિસેમ્બર ૧૯૭૬માં વિમલાબહેન પરદેશથી પાછાં આવ્યાં. બહેનની સાથે અનુવાદને તપાસાયો-જોવાયો. વિમલાબહેન મૂળ મરાઠી ઓવીને જોતાં જાય અને ગુજરાતી અનુવાદ સાંભળતાં જાય. વચ્ચે શબ્દ કે પંક્તિ સુધારતાં જાય, નવી રીતે મઠારતાં જાય. ઘણી વખત આખી ઓવીની નવરચના કરાવતાં જાય. આ રીતે અનેક ઓવીઓની નવરચના થઈ છે. નવેનવ હજાર ઓવીઓની પરીક્ષા થઈ. આમ, શ્રીજ્ઞાનેશ્વર

મહારાજનો મૂળ ભાવાર્થ અને મર્મ પૂરેપૂરો સચવાય અને સત્ત્વશુદ્ધિ અક્ષુણ્ણ રહે એ અભિલાષા પરિપૂર્ણ થઈ. બહેનના મરાઠી અને ગુજરાતી ભાષા ઉપરના સહજ અને સમાન પ્રભુત્વને કારણે આ કપરું કાર્ય પાર પાડી શકાયું. બહેનનાં સ્નેહ, સહયોગ અને સથવારો ન હોત તો એકલે હાથે ઓવીબદ્ધ અનુવાદ કરવાનું મારું ગજું નહોતું. એમની આત્મીય ઓથ મારી શક્તિને પડખે સદા રહી એને મારું સુભાગ્ય સમજું છું.

શ્રીજ્ઞાનેશ્વરીના ગુજરાતી અનુવાદને માટે સ્વર્ગસ્થ શ્રી બાબાજી મહારાજ પંડિતની વાચના 'જ્ઞાનેશ્વરી ગૂઢાર્થ દીપિકા'નો ઉપયોગ થયો છે અનુવાદ કરતી વખતે પાઠભેદ કે ભાવાર્થભેદ જોવા માટે બીજી ચાર વાચનાઓ સાથે રાખી હતી જેમાં શ્રી સોનોપંત દાંડેકર, શ્રી સાખરે મહારાજ, શ્રી બંકટ સ્વામી અને શ્રી ભિડેના ગ્રંથોનો સમાવેશ થાય છે. મરાઠી શબ્દકોશ જોવા માટે કૈલાસવાસી વાસુદેવ નારાયણ આપ્ટેનો 'મરાઠી શબ્દરત્નાકર' ઉપયોગમાં લીધો છે ગુજરાતીના 'સાર્થ જોડણીકોશ'ની પણ સહાય લીધી છે. શબ્દાર્થ અને ભાવાર્થ જોવાની વધારે સહાય તો શ્રી શિવાજી ભાવેના 'જ્ઞાનેશ્વરી શબ્દાર્થકોશ'માંથી મળી છે. આ કોશ કર્તાએ બારચૌદ વર્ષના અથાગ પરિશ્રમ વડે, ભક્તિપૂર્વક તૈયાર કર્યો છે. એમાં જ્ઞાનેશ્વરીમાં આવતા બધા જ અઘરા શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. પરંતુ આ કોશની વિશેષતા એ છે કે, જ્ઞાનેશ્વરીના જુદા જુદા અધ્યાયમાં એક જ શબ્દ અલગ અલગ સંદર્ભમાં વપરાયો હોય, તો તે તે સ્થાને જે વિશેષ ભાવાર્થ થતો હોય તે પણ આપવામાં આવ્યો છે. એ કોશને લીધે અનેક અઘરા અને અજાણ્યા શબ્દોનો પરિચય થયો. જૂની મરાઠી અને જૂની ગુજરાતી ભાષામાં કેટલું મળતાપણું છે તેની પણ આશ્ચર્યકારક રીતે ઓળખાણ થઈ. આ ઉપરાંત સોનોપંત દાંડેકરના ગ્રંથને અંતે પણ એક સુંદર અને સંક્ષિપ્ત શબ્દકોશ અપાયો છે. એમાંથી પણ મદદ મળી છે. પ્રત્યેક અધ્યાયની આગળ મૂકેલા વિષયપ્રવેશનો આધાર પણ શ્રી દાંડેકરનું એ વિષયનું લખાણ છે.

શકે ૧૨૧૨માં નેવાસામાં શ્રીજ્ઞાનેશ્વરી ગીતા લખાઈ. ત્યાર પછી એ ગ્રંથ ઉપર આજ સુધીમાં અનેક સંશોધન, ટીકા, ભાષ્ય અને સ્વતંત્ર ગ્રંથો લખાયાં છે. પરંતુ જ્ઞાનેશ્વરીની પ્રાચીન પોથીને શુદ્ધ કરવાનો યશ સંત શ્રીએકનાથ મહારાજને જાય છે. એમણે શકે ૧૫૦૬માં જે પોથીને શુદ્ધ કરી તેની મૂળ પ્રત આજે ઉપલબ્ધ નથી. આને કારણે કૈલાસવાસી વી. ક. રાજવાડેએ જે પ્રત ઉપરથી જ્ઞાનેશ્વરીનું પ્રથમ મુદ્રણ કરાવ્યું તે છપાયેલી પ્રત સુપ્રસિદ્ધ મુકુંદરાજાએ શક ૧૨૧૨થી ૧૨૪૦ની વચ્ચે તૈયાર કરાવી હતી. પરંતુ એકનાથ મહારાજની પ્રત વધારે પ્રામાણિક અને શુદ્ધ મનાય છે એનું કારણ જ્ઞાનેશ્વરીને અંતે એકનાથ મહારાજની જે ચાર ઓવીઓ મુકાય છે તેમાંથી મળી રહે છે. એકનાથ મહારાજે પ્રાચીન પોથીમાંથી ઘણા અપપાઠ કાઢી નાખ્યા, ઘણી ક્ષેપક ઓવીઓને તારવીને

બાજુએ મૂકી. આમાં નાથ મહારાજે શ્રીજ્ઞાનેશ્વર મહારાજની નિષ્કલંકતા અખંડિત રહેવી જોઈએ એ ધોરણ સ્વીકાર્યું છે. આ વાત એમણે પોતાની ચારમાંથી ત્રીજી ઓવીમાં સ્પષ્ટ કરી છે. આ ઉપરાંત અશુદ્ધિ, ભાવહાનિ અને અર્થહાનિ એ ત્રણ વાતો ઉપર પૂરતું લક્ષ આપીને પોતાનું સંશોધન અને શુદ્ધીકરણ કર્યું છે.

શ્રીજ્ઞાનેશ્વરીની ઓવીસંખ્યા માટે પણ નાથ મહારાજને ઘણું કષ્ટ વેઠવું પડયું હોવું જોઈએ. રાજવાડેની પ્રતમાં ૮૮૯૬, કનોલેની નાંદેડ પ્રતમાં ૮૯૭૦, ભારદે પ્રતમાં ૯૦૦૯, ભિડે અને બંકટ સ્વામીની પ્રતોમાં ૯૦૩૨, સાખરે પ્રતમાં ૯૦૩૩, માડગાંવકર અને ઉદ્ધવનાથ પ્રતમાં ૯૦૩૪, ચાફેકર અને કુંટે પ્રતમાં ૯૦૩૭, તંજાવરી પ્રતમાં ૯૦૪૭, ચિદ્‌ઘન સ્વામીના મત પ્રમાણે ૯૦૫૦, ભરાડી પ્રતમાં ૯૭૩૪, સોનારી પ્રતમાં ૯૮૫૧ અને નિળોબાના મત અનુસાર ૧૦,૦૦૦ ઓવીઓ છે. પરંતુ સોનોપંત જેવા પરમ સંનિષ્ઠ વારકરી તથા બાબાજી મહારાજ જેવા પ્રતિષ્ઠિત વિદ્વાનની વાચનામાં ૯૦૧૦ ઓવીસંખ્યા પ્રમાણભૂત મનાય છે. આ ગુજરાતી અનુવાદ શ્રી બાબાજી મહારાજની વાચના ઉપરથી થયો છે. બાબાજી મહારાજ, વિદર્ભનિવાસી વૈકુંઠવાસી શ્રી ગુલાબરાય મહારાજના શિષ્ય. પોતે પણ વેદાંતના પ્રકાંડ વિદ્વાન અને જ્ઞાનેશ્વર મહારાજના પરમ ભક્ત. એમણે જ્ઞાનેશ્વરીના સત્તર અધ્યાયો ઉપર 'ગૂઢાર્થ દીપિકા' નામક ટીકા લખી છે. અઢારમો અધ્યાય લખતાં પહેલાં એમનું દેહાવસાન થયું. 'ગૂઢાર્થ દીપિકા'માં અદ્વૈતને પાયામાં રાખીને અને જ્ઞાનેશ્વર મહારાજના પંચમ પુરુષાર્થ પ્રેમને દૃષ્ટિ સમક્ષ રાખીને એમણે ઓવીએ નાં ભાવાર્થ અને રહસ્યને ઉદ્‌ઘાટિત કરવાનો પુરુષાર્થ કર્યો છે. વિશદતા એમની ટીકાનું મુખ્ય લક્ષણ છે. એમના ગુરુદેવ વૈકુંઠવાસી ગુલાબરાવ મહારાજ 'જ્ઞાનેશ્વર તનયા'નું બિરુદ પામ્યા હતા. પ્રજ્ઞાચક્ષુ હતા. આખો જન્મારો જ્ઞાનેશ્વરી સિવાય બીજો સ્વાધ્યાય એમણે કર્યો નહોતો. જ્ઞાનેશ્વરી ગ્રંથ પર હાથ મૂકીને ઓવીઓ કહેતા, અને તેનો ભાવાર્થ સમજાવતા. વિદર્ભમાં એમનું ઘણું કૌતુક અને લૌકિક હતું. ગુજરાતી અનુવાદમાં જ્યાં જ્યાં ભાવાર્થ કે મર્મ સમજવાની મુશ્કેલી પડી અને જ્યાં જ્યાં મતભેદ લાગ્યો ત્યાં બાબાજી મહારાજની ટીકા સ્વીકારી છે.

અહીં ઓવી છંદ વિશે થોડુંક લખવું ઉચિત થશે. ઓવી છંદ માટે લગભગ બધા જ ભાષ્યકારો અને ટીકાકારો શાંત રહ્યા છે. કેવળ શ્રી શિવાજી ભાવેએ પોતાના 'જ્ઞાનેશ્વરી શબ્દકોશ'માં એનો સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે. જ્ઞાનેશ્વરીનો આ ઓવી છંદ સાડા ત્રણ ચરણનો નિયમકનો છે. ચરણાંત અક્ષર, ગણ અને માત્રાદિનો કોઈ નેમક્રમ નથી. આમ તો એક ચરણનું બંધારણ આઠ અક્ષરોનું છે. ૐની સાડા ત્રણ માત્રા. તે ઉપરથી ઓવી છંદનાં સાડા ત્રણ ચરણ મહારાજે રચ્યાં, તેવો તર્ક વિદ્વાનોમાં થયો છે. ચરણમાં બંદેશ આમ તો આઠ અક્ષરનો કહેવાય, પણ તે જરૂર પડયે દસ, બાર, ચૌદ અને સોળ અક્ષરો સુધી મહારાજે

લંબાવ્યો છે. કારણ ઓવી મુક્તછંદ છે, એ ગદ્યપદ્ય બંનેમાં ગાઈ શકાય છે. અંદેશની અનિયમિતતા છતાં ઓવીની સૂત્રાત્મકતા અખંડિત રહી છે, તે તેની વિશેષતા છે.

શ્રીજ્ઞાનેશ્વર મહારાજની સંક્ષિપ્ત ચરિત્રરેખા સ્વતંત્રરૂપે અન્યત્ર આપી છે. છતાં અહીં કેટલુંક કહેવામાં સમુચિતતા લાગે છે. મહારાષ્ટ્રમાં વૈષ્ણવ ધર્મની જે સત્ત્વશીલતા અને શક્તિ દેખાય છે તેનું શ્રેય શ્રીજ્ઞાનેશ્વર મહારાજને જાય છે. મહારાજ મધુરાદ્વૈત શાંભવ દર્શનના આદ્ય પ્રવર્તક અને પુરસ્કર્તા હતા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થને સિદ્ધ કરીને, પ્રેમપંથે નીકળનારને એમણે પંચમ પુરુષાર્થી કહ્યો છે. એટલે મહારાષ્ટ્રમાં આજેય વારકરી સંપ્રદાય સજીવન છે. તે સંપ્રદાય લાગણીવશતામાં સ્વાધીનતા ગુમાવ્યા વિના હોંશથી જીવીને પંઢરપુરના વિઠ્ઠલને વર્યો છે. બંગાળ અને ગુજરાતમાં વૈષ્ણવ ધર્મ અને સંપ્રદાય બન્ને, સામાન્ય રીતે ભાવનાવશતાને લીધે પોચટ ભક્તિભાવ વડે લાગણીપ્રધાન થઈ ગયા છે.

શ્રીજ્ઞાનેશ્વરી સમગ્ર સ્વરૂપે વિધાયક જીવનગ્રંથ છે. એ ધર્મગ્રંથ કે સંપ્રદાય-ગ્રંથ નથી. એ અધ્યાત્મગ્રંથ છે. એમાં જીવનનું રસાયણ, જીવનકલા, જીવનના વિજ્ઞાનનો કીમિયો પડ્યો છે. એચ. પી. બ્લેવેટ્સ્કીના નાનાશા જીવંત પુસ્તક 'The Voice of the Silence'નો ૧૯૪૫માં બેંગલોરમાં ગુજરાતીમાં અનુવાદ કરવા માંડ્યો હતો. ત્યારે એ પુસ્તકની એચ.પી.બી.ની પ્રસ્તાવનામાં વાંચ્યું કે સમગ્ર વિશ્વમાં અધ્યાત્મજીવનનું ગોપ્ય ક્યાંય અંતર્હિત પડ્યું હોય તો એ શ્રીજ્ઞાનેશ્વર મહારાજની જ્ઞાનેશ્વરીમાં પડ્યું છે. ત્યારથી એ સંકેતે મારા અંતરનો કબજો લીધો હતો. જ્ઞાનેશ્વરીનું પ્રત્યક્ષ વાચન ઘણું મોડું થયું. જ્યારે થયું ત્યારે એણે એવી લેહ ને મોહિની લગાડી કે ૧૯૫૫માં જ્ઞાનેશ્વર મહારાજના સમાધિસ્થાન આળંદીમાં વસવાનો મનસૂબો કરેલો.

જેમ જેમ અનુવાદ આગળ વધતો ગયો તેમ તેમ ગ્રંથની જીવનસૌરભ મુગ્ધ કરતી ગઈ. અદ્વૈતમાં મહારાજની બેઠક, યોગનું એમનું સિદ્ધ ઓજસ અને પ્રેમનો પારાવાર — એ ત્રિવેણીમાં સ્નાન કરીને જીવન કૃતાર્થ થયું. ગંગાસ્નાન, યમુનાપાન અને નર્મદાદર્શનનું સુભાગ્ય જાણે એકીસાથે સાંપડ્યું. સમગ્ર જીવનની એકતાની બેઠક પર આસન સ્થિર કરીને જ્ઞાનેશ્વરી મહાકાવ્યની જે જીવનજાહ્નવી વહાવી તેણે મરાઠી ભાષાને તો પાવન કરી જ કરી, પણ સમગ્ર મહારાષ્ટ્રના અને બીજી રીતે સમગ્ર ભારતના લોકજીવનને ધન્ય કર્યું.

આજ સુધી રસોમાં શૃંગાર શ્રેષ્ઠ રસ રહ્યો છે — જીવનમાં અને સાહિત્યમાં. તેને સ્થાને શાંત રસની શ્રેષ્ઠતા પુરવાર કરીને, અભિનવ કાવ્યલાવણ્ય અને સૌંદર્ય-પ્રસાદ નીપજાવ્યાં. જ્ઞાનેશ્વરી ગ્રંથમાં એટલી વિધાયકતા અને ક્ષમતા નિહિત પડી છે કે એમાંથી poetics – કાવ્યશાસ્ત્ર અને aesthetics – સૌંદર્યશાસ્ત્રના સ્વતંત્ર

ગ્રંથોનું નિર્માણ કરી શકાય. સર્જનશીલતાના આ આચાર્ય, ઉપમા-અલંકાર અને રૂપકોના સમ્રાટ છે ઉપમાની વિલક્ષણ દષ્ટિસંપન્નતા, અલંકારની અભિરામ વિશિષ્ટતા અને હૃદયવેધક રૂપકોને કારણે, જ્ઞાનેશ્વરી ગ્રંથનો આખો પટ જીવનના મહાકાવ્યની કાલિંદી વહાવતો કલકલ ધ્વનિના સજીવન નાદે આજેય પાંગરી રહ્યો છે.

જ્ઞાનેશ્વરીનો વ્યાસંગ, જ્ઞાનેશ્વર મહારાજનો સંગ અને શ્રીકૃષ્ણનાથનો સત્સંગ— એ ત્રણેય ઘટનાઓએ હળીમળીને જીવનનું એવું પુણ્યપર્વ રચ્યું કે જીવ વાસુદેવની વાણી સાંભળવા અર્જુન પાસે જઈ બેસતો. અનુવાદ કરતાં કરતાં અવારનવાર ભાન ભૂલી જવાતું અને આનંદવિભોર થઈ જવાતું ત્યારે એવું ધ્યાન સર્વોપરી થઈ રહેતું કે આપણે 'કંઈ જ' નથી. શ્રીકૃષ્ણની પ્રેમશક્તિ, કાવ્યમય સમગ્રતા અને દિવ્ય દષ્ટિસંપન્નતાની પ્રાહ્નિક શક્તિની ધારા, જીવંત સ્વરૂપે સમગ્ર ભગવદ્ગીતામાં વહે છે. તેને પોતાના અંતરપટમાં ધારણ કરીને મહારાજે પોતાની વિમલ વિશદતાથી અભિવ્યક્ત કરી છે.

જ્ઞાનેશ્વરીમાં મરાઠી ભાષા અને શૈલીની જે અનન્ય છટાઓ પ્રગટ થઈ છે તેનો અનુવાદ કરવો અતિ મુશ્કેલ છે. પ્રત્યેક ભાષાનું પોતાનું આગવું વ્યક્તિત્વ અને કલેવર હોય છે. તેમાંય આ તો જૂની મરાઠી. એનાં કસ અને કમનીયતા બંને વિશિષ્ટ. તેમાં વળી મહારાજ જેવા પ્રતિભાશીલ જીવનરસિક સર્જક. એટલે એનાં ચારુતા અને લાલિત્યનો પાર નહીં. માર્દવ અને મધુરતા પ્રસન્નતાદાયક, આર્જવ તો અનુપમ. એમણે લીધેલી ભાષા સાથેની છૂટછાટ પણ સૌંદર્યછટા ધારી રહે. હ્રસ્વની અને અનુસ્વારની મૃદુતા મહારાજને ઘણી પ્રિય છે. એને કારણે ઓવીમાં માર્દવ અને માધુર્ય બન્ને વિલસે. પ્રાસની એમણે બહુ પરવા કરી નથી. છતાં એની અવગણના પણ થવા દીધી નથી. આવો બધો શૈલી અને ભાષાનો વિભવ, ગુજરાતીમાં ઉતારવો મારે માટે ભારે દુષ્કર. આમ છતાં શ્રદ્ધાને કારણે કેટલીક છટાઓ અને થોડોઘણો પ્રસાદ શબ્દપાલવમાં ઝીલી શકાયો હોય તો ધનભાગ્ય. ભાષાના કેટલાક પ્રયોગો ગુજરાતીમાં પરિચિત અને પ્રચલિત ન હોવા છતાં જાણીજોઈને રહેવા દીધા છે. કારણ કે મહારાજની ભાષાશૈલીના ઐશ્વર્ય-મહિમાનો થોડોઘણોય પ્રસાદ ગુજરાતી વાચકોને મળે. ગુજરાતીકરણમાં મહારાજનું સત્ત્વસૌંદર્ય રહેંસાઈ ન જાય તેની વિશેષ કાળજી લીધી છે. ગુજરાતી ભાષાની શૈલી મૂળ જેવી રાખવાની સંભાળ રાખી છે. ભાષાશુદ્ધિ વિશે અવધાન રાખ્યું છે. ગુજરાતી ભાષામાં કેટલાક પ્રયોગો પ્રચલિત ન હોવા છતાં કરવાની છૂટ લીધી છે કારણ કે મૂળ મરાઠીનાં ભાવલાવણ્ય અને સર્જનછટા જળવાઈ રહે. છતાંય ક્યાંક ત્રુટિ રહી ગઈ હોય તો વાચકો અને વિવેચકો ઉદારભાવે મારું દષ્ટિબિંદુ સમજે, એટલી જ વિનંતી કરું છું. આ જ દષ્ટિએ, મૂળ ઓવીની સત્ત્વશીલતા અને સૂત્રાત્મકતા સાચવવા સારી રીતે સંસ્કૃત સમાસનો આશ્રય લીધો છે.

જ્ઞાનેશ્વરીની રચના, જ્ઞાનેશ્વર મહારાજની બાલવયમાં થઈ. પરંતુ એમાં પ્રતિભા અને પ્રગલ્ભતા મહર્ષિનાં છે. જીવનનાં સત અને ઋતનો જે અવર્ણનીય સાક્ષાત્કાર, આત્મસત્તાના જીવનસત્ત્વની જે સુગંધ અને સમગ્ર દૃષ્ટિની જે દિવ્ય-સંપદા જ્ઞાનેશ્વરીમાં અભિવ્યક્ત થયાં છે તેના કરતાં અનેકગણાં અંતર્હિત પડયાં છે. અંતરજીવનના સાધકને કાજે તો 'જ્ઞાનેશ્વરી' મિત્ર, માર્ગદર્શક અને સંરક્ષકનું ત્રિવિધ કાર્ય કરે છે. શાશ્વતીથી રસાયેલી વાણીમાં, કેટલું ભાગવતસામર્થ્ય હોય છે તેનું જ્ઞાનેશ્વરી અનેરું ઉદાહરણ છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે. એ શબ્દબ્રહ્મમાં, માનવની અંદર જે દિવ્યતાનું બીજ પડયું છે તેને સંકોરવાની, ઉછેરવાની અને તેની સમગ્ર સ્વરૂપે માવજત કરવાની જે અદ્‌ભુત ક્ષમતા પડી છે તે 'જ્ઞાનેશ્વરી'માં અનુભવાય છે. શબ્દ જિવાઈને સિદ્ધ થયેલો હોય ત્યારે જ તેમાં બ્રાહ્મિક ઓજ અને સામર્થ્ય પ્રગટ થાય છે. આ સત્ય જ્ઞાનેશ્વરીમાં ચરિતાર્થ થાય છે. જ્ઞાનેશ્વર મહારાજ જીવનના કલાકાર, જીવનરસના રસાયણવેત્તા અને જીવનરસિકતાના અપૂર્વ આચાર્ય હતા. વેદમાં ઋષિ, દેવ અને કવિ એ ત્રણે પર્યાય એક જ જીવન અવસ્થાનું સ્વરૂપ મનાયું છે. મહારાજ એવી અદ્‌ભુત જીવનવિભૂતિ હતા.

'શ્રી જ્ઞાનેશ્વરી' વિશે જેટલું સાહિત્ય રચાયું છે તેટલું 'ભગવદ્‌ગીતા' વિના ભાગ્યે જ કોઈ એક ગ્રંથ વિશે રચાયું હોય. આવા જીવનગ્રંથને ચરણે બેસવાનું પરમ ભાગ્ય મળ્યું એમાં મારું પ્રારબ્ધ ભલે હોય; પરંતુ અનર્ગળ સ્નેહ, પ્રેરણા અને વિધાયક સાથ જો વિમલાબહેનનાં ના હોત તો આ અનુવાદ શક્ય બન્યો ના હોત. એ ઉપરાંત આ અનુવાદગ્રંથનો મંગલપ્રવેશ લખી આપીને એમણે મારા પ્રત્યેના પ્રેમને અભિવ્યક્ત થવા દીધો છે, તેને હું સખ્યતું પરમ સૌભાગ્ય સમજું છું. અનુવાદનું ગૌરવ એથી ઓજસવંત થયું છે.

અનુવાદ કરતી વખતે આબુનિવાસી વિમલપરિવારનાં સહુ સ્વજનોના યથા-શક્તિ અને યથામતિ સહકાર વિના આ અનુવાદ સંપન્ન થયો ના હોત.

ભાઈ શ્રી દિનકર ત્રિવેદીએ પોતાની 'ન્યૂ ઑર્ડર બુક કંપની' તરફથી આ અનુવાદગ્રંથને પ્રગટ કરવાની જે પ્રીતિ અને તત્પરતા દેખાડી, પ્રિય સ્વજન ભાઈ જગદીશ ત્રિવેદીએ 'જ્ઞાનેશ્વરી' તરફનાં આદર અને ભક્તિપૂર્વક પ્રૂફ્સ તપાસવાનું કંટાળાભરેલું કામ જેટલી અને જેવી જહેમતથી પાર પાડયું છે તેનું મારા ચિત્તમાં માત્ર મૂલ્ય નથી, સ્નેહસભર કૃતજ્ઞતા છે. ભાઈ જનક પટેલે ગ્રંથનું આવરણ તૈયાર કરવામાં જે સ્નેહભરી ઉલટ બતાવી અને ચંદ્રિકા પ્રિન્ટરીના વ્યવસ્થાપકો ભાઈ શ્રી ઓઝા અને રાજુભાઈએ મુદ્રણકાર્યમાં જે સહકાર આપ્યો છે તે માટે એ સૌ સ્નેહીજનોનો કૃતજ્ઞ છું.

ગુજરાતના પ્રભુપ્રેમીઓ પાસે આ અનુવાદગ્રંથ ધરવામાં ધન્યતા અનુભવું છું.

જન્માષ્ટમી
૨૫-૮-૧૯૭૮
અર્બુદાચલ

કિશનસિંહ ચાવડા

શ્રીજ્ઞાનેશ્વર : સંક્ષિપ્ત ચરિત્રરેખા

શ્રીજ્ઞાનદેવનો જન્મ પુણ્યક્ષેત્ર આળંદીમાં શકે ૧૧૯૩માં અને સને ૧૨૬૨-માં થયો. એમના પિતાનું નામ વિઠ્ઠલપંત અને માતાનું નામ રખુમાબાઈ. જ્ઞાનદેવ વિઠ્ઠલપંતના બીજા પુત્ર. એમને એકંદરે ચાર સંતાનો. સૌથી મોટા નિવૃત્તિનાથ, પછી જ્ઞાનદેવ અને ત્યાર બાદ સોપાન અને મુક્તાબાઈ. વિઠ્ઠલપંતનું ખાનદાન પવિત્રતા અને સદાચાર માટે પ્રસિદ્ધ હતું. એ ઘરાણાના મૂળ પુરુષ હરિહરપંત કુલકર્ણી. જ્ઞાનેશ્વરના દાદાના પિતા ત્ર્યંબકપંત ગોરખનાથ પાસેથી ઉપદેશ પામ્યા હતા એમ કહેવાય છે. જ્ઞાનદેવની પહેલાં એ કુળમાં ત્ર્યંબકપંત પહેલા ભગવદ્ભક્ત

થયા હતા. જ્ઞાનદેવના દાદા ગોવિંદપંત અને દાદી નીરાબાઈને શ્રી ગહિનીનાથે ઉપદેશ આપ્યો હતો. આ જ દંપતીને પાછલી વયે જે એક જ સંતાન થયું તે વિઠ્ઠલપંત.

જ્ઞાનેશ્વરનાં માતાનું કુટુંબ પણ સદાચાર માટે પ્રસિદ્ધ હતું. જ્ઞાનદેવના નાના સિદ્ધેશ્વરપંત કુલકર્ણી. જે સમયમાં વિઠ્ઠલપંતનાં ચાર બાળકોનો જન્મ થયો એ સમયની પરિસ્થિતિ ખરેખર લોકવિલક્ષણ હતી. માતા અને પિતાનાં બન્ને કુટુંબો વચ્ચે બંધાયેલો સંબંધ જાણે પ્રભુની ઇચ્છાનું પરિણામ હતું. વિઠ્ઠલપંતને નાનપણથી જ શાસ્ત્રજ્ઞાનનું શિક્ષણ મળ્યું હતું. વેદ, વ્યાકરણ, કાવ્ય વગેરેના અભ્યાસ વડે તેઓ નિપુણ શાસ્ત્રવક્તા થયા હતા. તે સમયમાં શાસ્ત્રનું અધ્યયન દેશના પર્યટન વિના અધૂરું કહેવાતું. દેશાટનમાં અનેક સાધુસંન્યાસી અને સંતમહાત્માઓના સમાગમ અને સત્સંગ વડે શાસ્ત્રજ્ઞાન અનુભવશીલતાનો પાસ પામીને હરિયાળું બનતું. સમગ્ર દેશની યાત્રાનો અનુભવ એ શાસ્ત્ર-સ્વાધ્યાયનું એક મહત્ત્વનું અંગ હતું.

વિઠ્ઠલપંત વડીલોની રજા લઈને દેશાટને નીકળ્યા. પહેલાં જ એમણે દ્વારિકા પહોંચી શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. ત્યાંથી પિંડારક અને ભાલુકા વગેરે તીર્થોની યાત્રા કરી. નાશિક પાસે સપ્તશૃંગી પર્વત પર આવ્યા. કપાલેશ્વરની પૂજા કરીને ત્ર્યંબકેશ્વર પહોંચ્યા. શ્રીજ્યોતિર્લિંગનાં દર્શન કરી ભીમાશંકરમાં ભીમા નદીના દર્શન પછી એમને પંઢરપુરની યાદ આવી. પંઢરપુરને રસ્તે ઇન્દ્રાયણી નદીને કાંઠે સિદ્ધેશ્વરના દૈવતથી પ્રસિદ્ધ અલંકારપુરી તીર્થ આવ્યું. પંઢરીની યાત્રાએ નીકળેલા યાત્રી ઇન્દ્રાયણીના આ તીર્થની પવિત્રતા હંમેશાં સ્વીકારતા. આ તીર્થમાં જ વિઠ્ઠલપંતને પ્રથમ વાર જ્ઞાનદેવના નાનાએ જોયા. વિઠ્ઠલપંતના તેજસ્વી ચહેરાથી આનંદિત થઈને તેઓ વિઠ્ઠલપંતને પોતાને ઘેર લઈ ગયા. વાતવાતમાં કુટુંબીજનોએ વિઠ્ઠલપંતના જીવન અને કુટુંબની ઘણી હકીકતો જાણી લીધી. આ બધી વાત અને વસ્તુ બધું જાણ્યા પછી, જ્ઞાનદેવના નાનાએ પોતાની પુત્રી રુક્મિણીનો વિવાહ વિઠ્ઠલપંત સાથે કરવાનો પોતાના મનમાં સંકલ્પ કર્યો. એમણે વિઠ્ઠલપંતને તે રાત્રે પોતાને ઘેર મહેમાન રાખ્યા. વિધિનું વિધાન એવું કે તે જ રાત્રે પંઢરીનાથ એમના સ્વપ્નમાં આવ્યા અને આદેશ આપ્યો કે પુત્રી રુક્મિણીનું લગ્ન વિઠ્ઠલપંત સાથે કરવું. સિદ્ધેશ્વરપંતે આ સ્વપ્નની વાત વિઠ્ઠલપંતને કરી અને પોતાની કન્યાનું પાણિગ્રહણ કરવાની વિનંતી કરી. વિઠ્ઠલપંતે કહ્યું કે પોતાનાં માતાપિતાની સંમતિ અને આજ્ઞા સિવાય આ વિવાહસંબંધ થાય નહીં. આશ્ચર્યજનક વાત તો એ બની કે બીજી રાત્રે વિઠ્ઠલપંતને સપનું પડયું. એમાં, એમને પણ આ કન્યા સ્વીકારવાનો નિર્દેશ મળ્યો. સવારે ઊઠીને વિઠ્ઠલપંતે આ સ્વપ્નની વાત સિદ્ધેશ્વરપંતને કરી અને એમની કન્યાને સ્વીકારવાની તૈયારી બતાવી. સિદ્ધેશ્વરપંતે આવતા જેઠ મહિનામાં વિઠ્ઠલપંતને શુભ મુહૂર્તમાં પુત્રીનું કન્યાદાન દીધું.

જેઠ મહિનામાં લગ્ન થયું. થોડા દિવસો પછી વૈષ્ણવ વારકરી ભક્તોની મંડળીને પંઢરપુર જતી જોઈને વિઠ્ઠલપંતની પંઢરપુર જવાની ઇચ્છા સતેજ થઈ. એમણે વડીલોને વાત કરી. એટલે સિદ્ધેશ્વરપંતે પણ કુટુંબસહ પંઢરીની યાત્રાએ જવાની તૈયારી કરી. પંઢરપુરમાં પાંડુરંગનાં દર્શન કરીને વિઠ્ઠલપંત વડીલોની આજ્ઞા મેળવીને એકલા જ રામેશ્વર માટે ચાલી નીકળ્યા અને રામેશ્વરની યાત્રા પૂરી કરીને પાછા આળંદી આવી ગયા. વિઠ્ઠલપંતે પોતાનાં માતાપિતાને મળવાની ઇચ્છા પ્રગટ કરી એટલે તરત જ સિદ્ધેશ્વરપંત સહિત સર્વ કુટુંબીજનો આપેગાંવ આવી પહોંચ્યા. વિઠ્ઠલપંતનાં માતાપિતા પુત્રની વાટ જોતાં હતાં. કેવળ પુત્ર જ પાછો ન આવ્યો, પુત્રવધૂને સાથે લઈને આવ્યો એ કારણથી કુટુંબમાં આનંદ છવાઈ રહ્યો.

આ પછી વિઠ્ઠલપંતનો ઘણો સમય સુખમાં વ્યતીત થયો. થોડા સમય પછી વૃદ્ધ માતાપિતાએ વૈકુંઠવાસ કર્યો. સંસારની જવાબદારી વિઠ્ઠલપંત પર આવી પડી. વિઠ્ઠલપંત વીતરાગી સ્વભાવના હતા. એટલે સંસારનો ભાર પ્રભુને સોંપી પોતે સમાધાનવૃત્તિથી સંસારમાં જીવતા હતા. વિઠ્ઠલપંતની ઉદાસીન વૃત્તિના અણસારા એમને સાસરે પહોંચતાં જ, સિદ્ધેશ્વરપંત આપેગાંવ આવીને પુત્રી અને જમાઈને આળંદી લઈ આવ્યા. વિઠ્ઠલપંતે પણ પ્રભુની ઇચ્છા સમજીને આળંદીમાં નિવાસ કર્યો. આનું સ્વાભાવિક પરિણામ જે આવવાનું હતું તે જ આવ્યું. વિઠ્ઠલપંતની આસક્તિ ઓછી થતી ચાલી અને વિરક્તિ વધતી ચાલી. વચ્ચે વચ્ચે એ પોતાની પત્નીને કહેતા પણ ખરા કે, 'તું મને સંન્યાસ લેવાની સંમતિ આપ.' એક રાત્રે અકસ્માત્ પત્નીના મુખમાંથી 'જાઓ'ની સંમતિ નીકળી ગઈ અને વિઠ્ઠલપંતે પહેરેલે વસ્ત્રે તે જ રાત્રે કાશીની વાટ લીધી.

કાશી પહોંચીને વિઠ્ઠલપંતે કોઈ એક શ્રીપાદ પાસે સંન્યાસ લીધો અને ચૈતન્યાશ્રમ નામ ધારણ કર્યું. કાશીમાં એમના દિવસો શાસ્ત્રાધ્યયન અને વેદાન્ત-ચિન્તનમાં વીતવા માંડ્યા. થોડા સમય પછી એમના ગુરુને રામેશ્વર જવાની ઇચ્છા થઈ એટલે સર્વ ભાર ચૈતન્યાશ્રમને સોંપીને ગુરુ ચાલી નીકળ્યા. રામેશ્વર જતાં માર્ગમાં ઇન્દ્રાયણીતીર્થ આળંદી આવ્યું. રુકિમણીના ભાગ્યને જોરે જ જાણે એ સંન્યાસી આળંદી આવ્યા હોય એવું બન્યું. તે વખતે રુકિમણી પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરતાં હતાં. સુપાત્ર સંન્યાસીનાં દર્શન થતાં જ એમણે પ્રણામ કરી ચરણરજ લીધી. સંન્યાસીએ 'પુત્રવતી ભવ'નો આશીર્વાદ આપ્યો. રુકમાબાઈ હસી પડ્યાં ને સંન્યાસીને પૂરી વાત કરી. એ સાધુપુરુષે પોતાની દૃષ્ટિસંપન્નતા વડે જોયું કે પોતાનો શિષ્ય ચૈતન્યાશ્રમ જ આ બાઈનો પતિ છે. એટલે સંન્યાસી રુકમાબાઈ અને એમના પિતા સિદ્ધેશ્વરપંતને લઈને પાછા કાશી આવ્યા. બન્ને પિતાપુત્રીને એક ધર્મશાળામાં ઉતારો આપીને સંન્યાસી એકલા જ આશ્રમમાં આવ્યા. પોતાના ગુરુને અચાનક ઘણા વહેલા આવેલા જોઈને ચૈતન્યાશ્રમને આશ્ચર્ય થયું. થોડા સમય પછી ગુરુએ વાતવાતમાં સહજભાવે શિષ્યને એના કુટુંબ વિશે

પૂછ્યું. વિઠ્ઠલપંતે જે સાચી હકીકત તે પૂર્ણરૂપે વિગતવાર ગુરુને કહી અને ગુરુ-ચરણે માથું ઢાળી દીધું. ગુરુએ રુકમાબાઈને અને એમના પિતાને બોલાવી મંગાવ્યાં અને બન્ને પતિપત્નીનો મેળાપ કરાવ્યો અને ગૃહસ્થાશ્રમ સ્વીકારીને સંસારમાં જવાની આજ્ઞા અને ઉપદેશ આપ્યાં.

સ્વામી ચૈતન્યાશ્રમ ગૃહસ્થાશ્રમ સ્વીકારી પાછા વિઠ્ઠલપંત થયા. પરંતુ સંન્યાસીનું પાછા ગૃહસ્થ થવું એ તે વખતના લોકસમાજની રૂઢિવિરુદ્ધ હતું. એટલે આ પ્રસંગ લોકનિંદાનો વિષય થઈ પડયો. આજે આ અસાધારણ પરિસ્થિતિની કલ્પના આવવી મુશ્કેલ છે. પરંતુ આજથી સાતસો વરસ પહેલાં, સંન્યસ્ત છોડીને સંસારી બનવું એ ઘટના મહાપાતક મનાતું. શિષ્ટ બ્રાહ્મણ સમાજે એમનો બહિષ્કાર કર્યો. આવી અવસ્થામાં બહિષ્કૃત રહીને વિઠ્ઠલપંતે ગરીબીમાં અને લોકનિંદાની વચ્ચે જીવીને બાર વરસ કાઢયાં. લૌકિક દૃષ્ટિએ તેમનો આ કાળ અત્યંત હીન પરિસ્થિતિમાં પસાર થયો. પરંતુ એમની આ ઘોર તપશ્ચર્યા જાણે જ્ઞાનદેવના જન્મ માટે પૂર્વભૂમિકા બની ગઈ.

આવા પારમાર્થિક જીવનના એક તપ પછી શકે ૧૧૯૦માં જે પ્રથમ સંતાન અવતર્યું તે જ જ્ઞાનેશ્વરના વડીલબંધુ નિવૃત્તિનાથ. એ જ એમના શ્રીગુરુ. એમની પછી શકે ૧૧૯૩માં જ્ઞાનદેવ, સોપાનદેવ શકે ૧૧૯૬માં અને છેલ્લાં મુક્તાબાઈ ૧૧૯૯માં જન્મ્યાં. જે મહાજનોના જન્મથી મહારાષ્ટ્ર ધન્ય થયું તેમને લોકસમાજ તરફથી અપરંપાર અપમાનો અને દુઃખ સહન કરવાં પડયાં એ પણ વિધિનાં કેવાં વિધાન! આ ચારે ભાઈબહેન અને કુટુંબ તરફ આખા સમાજની માત્ર ઉદાસી કે ઉદાસીનતા જ નહોતી. લોકસમાજ અને તેમાંય શિષ્ટ અને સંસ્કારી કહેવાતા બ્રાહ્મણવર્ગે તો આ કુટુંબ તરફ ભયાનક અનુદારતા અને વૈમનસ્યપૂર્વકનું વર્તન કર્યું હતું. બહારનું આવું અસમતા અને દુષ્ટતાભર્યું વર્તન અને ઘરનું નિષ્પાપ અને નિર્મળ જીવન. આવા પ્રગાઢ સંઘર્ષની વચ્ચે જ્ઞાનેશ્વર અને એમનાં ભાંડુઓનો ઉછેર થયો હતો. આનું સુભગ પરિણામ એ આવ્યું કે ચારેય ભાઈબહેન ઈશ્વરનિષ્ઠાનું અમૃત અનાયાસે પામ્યાં. આળંદીમાં આવી લોકસ્થિતિ અને સામાજિક પરિસ્થિતિ જોઈને વિઠ્ઠલપંતે તીર્થયાત્રામાં ઘણો સમય ગાળ્યો હતો.

પોતાનાં સંતાનો આનંદઘન આત્મરૂપ સ્વરૂપે આવ્યાં હોવા છતાં વિઠ્ઠલ-પંતની મુશ્કેલીઓ વધવા માંડી હતી. નિવૃત્તિનાથ ઉપનયન-સંસ્કારને માટે યોગ્ય ઉંમરના થયા હતા. પરંતુ આળંદીનો લોકસમાજ વિઠ્ઠલપંત અને એમનાં સંતાનોને અપશુકન સમજતો હતો. એટલે ઉપવીત આપવાની વાત પણ હવે કોને કરવી? આખરે આળંદીના બ્રાહ્મણસમાજ પાસે ગયા વિના છૂટકો નહોતો. વિઠ્ઠલપંતે પોતાની બધી હિંમત એકઠી કરીને બ્રાહ્મણવૃંદને પ્રાર્થના કરી કે તેઓ નિવૃત્તિને ઉપનયન-સંસ્કાર આપવાની કૃપા કરે. બ્રાહ્મણ વિદ્વાનોએ સાફ સાફ સંભળાવી દીધું કે વિઠ્ઠલપંત અને એમના કુટુંબને શુદ્ધ કરવાનો આધાર ધર્મગ્રંથોમાં નથી. આવા જીવનનું એક જ પ્રાયશ્ચિત્ત છે — મૃત્યુ. વિઠ્ઠલપંત મૂળે જ વિરક્ત હતા. એમને

પહેલેથી જ માયાપાસનાં બંધન ઓછાં હતાં. એટલે બ્રાહ્મણો પાસેથી વિદાય લઈને એમણે કુટુંબને છોડી મૃત્યુને ભેટવાનું પ્રાયશ્ચિત્ત કરવાનો નિર્ણય કર્યો. રુકમાબાઈ પણ એમની પાછળ પાછળ ચાલ્યાં ગયાં. શાસ્ત્રોએ આવડો કઠોર નિર્ણય આપ્યા છતાં જ્ઞાનેશ્વરની શ્રદ્ધા શાસ્ત્રોમાંથી ચળી નહીં એ વાત એ વિભૂતિની હૃદય-ઉદારતાનું અનુપમ લક્ષણ દેખાય છે. માતાપિતાએ મૃત્યુને ભેટવાનું પ્રાયશ્ચિત્ત કર્યું છતાં આ ચારેય બાળકોનો પ્રશ્ન અનુત્તર જ રહ્યો. નિવૃત્તિનાથે બ્રાહ્મસમાજને પ્રશ્ન કર્યો કે, 'મહારાજ, અમારી હવે શી ગતિ?' એ પ્રશ્નના જવાબમાં આળંદીના બ્રાહ્મણવૃંદે ઉત્તર આપ્યો કે, એમણે પૈઠણ જઈને ત્યાંના શાસ્ત્રીઓનું શુદ્ધિપત્ર મેળવવું જોઈએ. નિવૃત્તિનાથ મૂળથી જ નિવૃત્ત હોવાથી શુદ્ધ થવાનાં કર્મબંધન એમને ઉપદ્રવ સમાં લાગ્યાં. પોતે નામરૂપાતીત હોવાથી, દેહાશ્રિત વર્ણાશ્રમના કર્મ-બંધનની ભાંજગડમાં પડવાની પોતાની અનિચ્છા એમણે જ્ઞાનદેવને કહી. જ્ઞાનદેવને વર્ણાશ્રમધર્મની નવી સમતુલા અને નવું સ્વરૂપ ઘડવાં હતાં. લોકસંગ્રહની નવી વ્યાખ્યા બાંધવી હતી. એટલે જ્ઞાનદેવે પૈઠણ જવાનું સ્વીકાર્યું. નિવૃત્તિનાથ અને સોપાનદેવની અનિચ્છા છતાં એમણે જ્ઞાનદેવ સાથે પ્રતિષ્ઠાન (પૈઠણ) ક્ષેત્રમાં જવાનું નક્કી કર્યું.

પૈઠણના શાસ્ત્રીઓએ પણ એક જ વાત કહી કે કુલભ્રષ્ટો માટે ધર્મગ્રંથમાં પ્રાયશ્ચિત્ત જ નથી. ત્યારે નિવૃત્તિનાથે પાછો પૂર્વાપરનો પ્રશ્ન પૂછ્યો કે, તો પછી અમારી ગતિ શી? પૈઠણના વિદ્વાનો જ્ઞાનદેવના વિભૂતિઐશ્વર્યથી અનાયાસે પ્રભાવિત થયા હતા. આ પ્રશ્નનો કંઈક તો ઉત્તર આપવો જોઈએ એમ સમજીને વિદ્વાનોએ કહ્યું કે, અનન્ય ભક્તિપ્રેરક જીવન જીવો, તીવ્ર અનુતાપપૂર્વક ભજન કરો. ગાય, ગધેડા અને શ્વાનને વંદન કરીને ચાલો. બ્રહ્મભાવનાપૂર્વક અંત્યજોને નમસ્કાર કરીને સૌની સાથે વિનમ્રભાવે બોલવાનું રાખો. આ ઉપદેશ સાંભળીને બાળકોને સંતોષ થયો. એમણે બ્રાહ્મણવૃંદની આજ્ઞા માથે ચડાવી. ત્યાં ટોળે મળેલા કેટલાક લોકોની દૃષ્ટિ આ ભાંડુઓનાં નામ તરફ વળી. નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન એવાં નામો સાંભળી એમાંથી કેટલાકે ટીખળ કરી કે નામમાં શું ધર્યું છે? આ પાડાનું નામ પણ જ્ઞાનદેવ છે. ત્યારે જ્ઞાનેશ્વરે કહ્યું કે, સ્નેહીજનો, તમે કહો છો તે વાત સાચી છે. અમારા બન્નેનો આત્મા એક જ છે. જ્ઞાનદેવે પોતાના યોગબળ વડે પાડા પાસે વેદમંત્ર બોલાવ્યા અને પૈઠણનો સમાજ આ વિભૂતિસામર્થ્યનાં દર્શન પામીને દિંગ્મૂઢ બની રહ્યો.

સ્વાભાવિક રીતે જ આ પ્રસંગ પછી જ્ઞાનેશ્વરની કીર્તિ ચારે બાજુ પ્રસરી. નિવૃત્તિનાથ ત્ર્યંબકેશ્વરની ગુફામાં રહેવા ચાલ્યા ગયા. ત્યાં એમણે પાસે જ આવેલા બ્રહ્મગિરિ પર્વતની પ્રદક્ષિણા કરવાનું શરૂ કર્યું. આ પ્રદક્ષિણામાં જ એક દિવસ એમને સદ્ગુરુ શ્રી ગહિનીનાથનો મેળાપ થયો. ગુરુકૃપા અને ગુરુનિષ્ઠાના સહજ ફલસ્વરૂપ નિવૃત્તિનાથને આત્માનંદની ઉપલબ્ધિ થઈ અને નિવૃત્તિનાથે જ શ્રીજ્ઞાનેશ્વરના ગુરુ થઈને આત્માનુભવના મુકામ પર પહોંચાડી દીધા. એટલું જ નહીં સોપાનદેવ અને મુક્તાબાઈને પણ આત્માનંદની વાટનાં વારકરી બનાવ્યાં.

શકે ૧૨૧૨માં ગોદાવરીથી બે માઈલ દૂર પ્રવરા નદીને કાંઠે આવેલા નેવાસા મુકામે જ્ઞાનેશ્વરીની રચના કરી અને એ મહાગ્રંથની પરિપૂર્ણતા પણ ત્યાં જ કરી. આ ગ્રંથ લખવાનું કામ સચ્ચિદાનંદ બાબા કરતા હતા, એવો ઉલ્લેખ શ્રીજ્ઞાનેશ્વરે પોતે જ ગ્રંથની અંતિમ ઓવીઓમાં કર્યો છે. અહીં જ પોતાના ગુરુ શ્રીનિવૃત્તિનાથની આજ્ઞાથી યોગેશ્વર જ્ઞાનદેવે પોતાના સ્વતંત્ર ગ્રંથ 'અમૃતાનુભવ'નું નિર્માણ કર્યું. જ્ઞાનેશ્વરના વિભૂતિસામર્થ્યની વાત તાપીતીરે વસતા ચાંગદેવે પોતાના યોગબળે જાણી. ચાંગદેવને દ્વિધા થઈ કે જ્ઞાનદેવને આશીર્વાદ મોકલવા કે નમસ્કાર! આખરે એમણે કોરો કાગળ જ્ઞાનદેવને મોકલ્યો અને પોતે પણ જ્ઞાનદેવને મળવા ગયા. જ્ઞાનેશ્વરનાં આત્મશ્રી અને આત્મૌપમ્ય સાક્ષાત્ કરીને ચાંગદેવ જ્ઞાનદેવના શિષ્ય થયા. આ રીતે મુક્તાબાઈને પણ એમણે અનુગ્રહ કરીને આત્મરૂપની દીક્ષા આપી.

જ્ઞાનદેવ યાત્રાનું નિમિત્ત બનાવીને વિશેષરૂપે નામદેવને તેડવા પંઢરપુર ગયા. જ્ઞાનરાય જેવા પરમ સંત પંઢરપુર આવ્યા જાણીને નામદેવને ઘણો આનંદ થયો. જ્ઞાનદેવે સાથે ચાલવાની વિનંતી નામદેવને કરી. નામદેવે નમ્રતાથી નિવેદન કર્યું કે પોતે તો પંઢરીરાય વિઠ્ઠલને વેચાઈ ચૂક્યા છે. વિઠ્ઠલનો ઓટલો છોડીને ક્યાંય જવાની એમની ઇચ્છા નથી રહી. છતાં વિઠ્ઠલને પૂછી જુઓ, એ કહેશે તેમ કરીશું. વિઠ્ઠલે નામદેવને આદેશ આપ્યો કે જ્ઞાનદેવ સાથે યાત્રામાં જવું. પંઢરપુરથી નીકળીને પ્રભાસને રસ્તે એ બન્ને સંતભક્તો વચ્ચે જે વાર્તાલાપ થયો તે નામદેવે પોતાના પ્રસિદ્ધ અભંગોમાં મૂર્ત કર્યો છે. ભક્તિ, પ્રેમ, યોગ, વેદ અને વેદાંત એ સર્વ ગૂઢ વિષયો ઉપર બન્ને પ્રેમસખાઓએ જે અદ્ભુત સંવાદ કર્યો છે તેની નિરુપમ છટાની જોડ નથી. આવું જીવનસખ્ય જીવતાં જીવતાં બન્ને મિત્રો પ્રભાસથી દ્વારિકાની યાત્રા કરીને પંઢરપુર પાછા આવ્યા.

જ્ઞાનરાયને પોતાના ઇહલોકનું જીવનકાર્ય સમાપ્ત થયેલું લાગ્યું. એમણે પાંડુરંગના ચરણમાં સમાધિ લેવાની પ્રાર્થના મૂકી. આ પ્રાર્થના સાંભળીને નામદેવને બહુ દુઃખ થયું. આ વેદના એમણે પોતાની કારુણ્યપૂર્ણ વાણીમાં ઉતારી છે. જ્યાં મહાવલ્લી અજાનવૃક્ષ છે તેની પાસે આળંદીમાં જ્ઞાનદેવની સમાધિનું સ્થાન નક્કી કરવામાં આવ્યું. આ સમાધિ માટે પાંડુરંગનો આદેશ મળ્યો. એ આદેશ અનુસાર સંતમંડળીઓ અને વારકરીની ધ્વજયાત્રાઓ આળંદી આવી પહોંચી. સમાધિને સમયે, નિત્યનિવૃત્ત રહેનારા નિવૃત્તિનાથ પણ ગદ્‌ગદ થઈ ગયા. સોપાન-મુક્તાબાઈનું રુદન ચોધાર આંસુએ વહી રહ્યું અને નામદેવની વેદનાનો પાર ન રહ્યો.

ઇન્દ્રાયણીને કાંઠે, શ્રી સિદ્ધેશ્વર સામેના નંદીને ઉખાડીને એની નીચેની જગ્યા સમાધિ માટે સાફ કરવામાં આવી. નામદેવના બે પુત્રોએ એ ઝાડીઝૂડીને સ્વચ્છ કરી. સૌએ આત્મયોગી શ્રીજ્ઞાનદેવની ષોડશોપચારે પૂજા કરી. પછી ૧૦૯ ઓવી વડે ભગવાનની નામરૂપી સ્તુતિ કરી જ્ઞાનદેવ સમાધિસ્થ થયા. સદ્‌ગુરુશ્રી નિવૃત્તિનાથે સમાધિગુફા ઉપર છેલ્લો પથ્થર મૂક્યો. આ સજીવન સમાધિયોગ શકે ૧૨૧૫ એટલે સને ૧૨૮૪ના કાર્તિક વદ તેરશના મધ્યાહ્‌ને પૂર્ણ થયો. ત્યાર બાદ નિવૃત્તિનાથ, સોપાનદેવ અને મુક્તાબાઈએ પણ પોતાની ઇહલોકની યાત્રા પૂરી કરી.

ક્રમ

અધ્યાય		ઓવીસંખ્યા	પૃષ્ઠ
૧	અર્જુનવિષાદયોગ	૨૭૫	૩
૨	સાંખ્યયોગ	૩૭૪	૨૩
૩	કર્મયોગ	૨૭૬	૪૯
૪	જ્ઞાનસંન્યાસયોગ	૨૨૫	૬૯
૫	યોગગર્ભ	૧૮૦	૮૭
૬	આત્મસંયમયોગ	૪૯૭	૧૦૧
૭	વિજ્ઞાનયોગ	૨૧૦	૧૩૫
૮	અક્ષરબ્રહ્મયોગ	૨૭૧	૧૫૧
૯	રાજવિદ્યા-રાજગુહ્યયોગ	૫૩૫	૧૭૧
૧૦	વિભૂતિયોગ	૩૩૫	૨૦૭
૧૧	વિશ્વરૂપદર્શનયોગ	૭૦૮	૨૩૧
૧૨	ભક્તિયોગ	૨૪૭	૨૭૯
૧૩	પ્રકૃતિપુરુષ-વિવેકયોગ	૧૧૭૦	૨૯૭
૧૪	ગુણાતીતયોગ	૪૧૫	૩૭૩
૧૫	પુરુષોત્તમયોગ	૫૯૯	૪૦૩
૧૬	દૈવાસુરસંપદ્વિભાગયોગ	૪૭૩	૪૪૩
૧૭	શ્રદ્ધાદિ-નિરૂપણયોગ	૪૩૨	૪૭૫
૧૮	સર્વગીતાર્થસંગ્રહયોગ	૧૮૧૦	૫૦૭

श्रीज्ञानेश्वरी

आम्नाय-ग्रन्थालय,
परमानंद, करौंदी
वाराणसी-5

ગીતાની પ્રસ્તાવના

શ્રીજ્ઞાનેશ્વર મહારાજે ગીતાના અધ્યાયોની જે સંગતિ રચી છે તે પ્રમાણે પહેલા અધ્યાયમાં શ્રીકૃષ્ણે ગીતાશાસ્ત્ર કહેવાની પ્રવૃત્તિ કેમ કરી તે બતાવ્યું છે. ભગવાન વાસુદેવે જે વાણી અભિવ્યક્ત કરી તેનો અનુવાદ કરતી વખતે પહેલા જ શ્લોકમાં મહારાજે ૐકારરૂપ પરમાત્માને નમન કરી શ્રીગણેશની કાવ્યમય વંદના કરી છે. પછી ચાતુર્ય, કલા અને વાણીની દેવી સરસ્વતીને નમન કર્યાં છે. 'પરમાર્થની જન્મભૂમિ' ગીતા જેમાં વર્ણવાઈ છે તે મહાભારતનાં સરસ ગુણગાન ગાઈને ગીતાની દિવ્યતાની પ્રશંસા કરી છે. પોતાના વડીલ બંધુ અને ગુરુશ્રી નિવૃત્તિનાથને પ્રણામ કરીને, શ્રોતાઓનાં સ્નેહ અને ક્ષમા માગીને મહારાજે જ્ઞાનેશ્વરીનો આરંભ કર્યો છે.

ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્રમાં મારા અને પાંડુના પુત્રો શું કરે છે એ ધૃતરાષ્ટ્રના પ્રશ્નનો સંજય ઉત્તર આપે છે. પ્રથમ તો કુરુક્ષેત્રમાં બન્ને પક્ષના રથી, મહારથી પોતાનાં રથ અને આયુધો સાથે એકઠા મળ્યા છે તેનું વર્ણન કરે છે. છેવટે અર્જુનના રથનું અને ભગવાન શ્રીકૃષ્ણના વાત્સલ્યનું હૃદયંગમ ચિત્ર દોર્યું છે. યુદ્ધભૂમિમાં જે વિધવિધ શંખનાદ થયા તેનાથી પ્રત્યક્ષ આદિપુરુષ વિસ્મય પામ્યા. મેઘવર્ષા જેવી બાણવૃષ્ટિ થવાની વેળા આવી. તે સમયે હર્ષ પામીને અર્જુને આસપાસ દૃષ્ટિ ફેરવી. એને જે દૃશ્ય દેખાયું તેમાં ભીષ્મ, દ્રોણ જેવા મહાયોદ્ધા આપણા શત્રુ છે, એવું ન દેખાતાં તે આપણા ગુરુજનો છે અને આપણાં સગાં-વહાલાં આ રણમાં યુદ્ધ માટે સજ્જ થયા છે એવું દેખાયું. આ જોઈને અર્જુનના મનમાં કરુણા ઉત્પન્ન થઈ. પરિણામે અર્જુનની વીરવૃત્તિનો લોપ થયો. એનાં ગાત્રો શિથિલ થયાં. તેનું ગાંડિવ નીચે સરી પડયું. યુદ્ધ કરીને વિજય પામવો, રાજ્ય મેળવવું, એના કરતાં પરાજય સ્વીકારીને મુક્ત થઈ જવું એમાં શું ખોટું ? – એવો દયાજનક પ્રશ્ન ઉદ્‌ભવતાં જ અર્જુનની સ્થિતિ કરુણાજનક થઈ. વીરવૃત્તિને સ્થાને દયા-કૃપા અને સત્ત્વપ્રધાન વૃત્તિનો ઉદય થયો. અર્જુનને લાગ્યું કે જો મારે હાથે આચાર્ય, પિતરાઈ ભાઈઓ અને પિતામહનો નાશ થશે તો મને પાપ લાગશે — એ ભયને કારણે એના ચિત્તમાં વિષાદ જન્મ્યો. એને લાગ્યું કે કૌરવોને આ વાત ભલે ન સમજાય પણ મને તો સમજાય છે. યુદ્ધથી કુલધર્મનો વિનાશ થશે. અધર્મ અને વર્ણસંકરતા નીપજશે, અને એમાંથી અવનતિ થશે. આવું કરવા કરતાં મારે જ આ યુદ્ધમાંથી કેમ નિવૃત્ત ન થવું ? – એવો વિચાર કરીને અર્જુન રથમાંથી નીચે ઊતર્યો અને શસ્ત્રો હેઠાં મૂકી દીધાં. આવા ગાઢ વિષાદમાં વીંટળાયેલા અર્જુનને ભગવાન વાસુદેવે જે જીવનશાસ્ત્ર સમજાવ્યું તે ભગવદ્‌ગીતા. ગીતાનો પહેલો અધ્યાય એ પ્રસ્તાવનાનો અધ્યાય છે.

અધ્યાય પહેલો
અર્જુનવિષાદયોગ

ૐ નમો હે આદ્ય,
વેદ પ્રતિપાદ્ય,
જય જય સ્વસંવેદ્ય,
આત્મરૂપ હે. ૧

હે દેવ તમે જ ગણેશ,
સકલાર્થ મતિ-પ્રકાશ,
કહે નિવૃત્તિ તણો દાસ,
અવધારજો જી. ૨

આ શબ્દબ્રહ્મ અશેષ,
એ જ મૂર્તિ સુવેષ,
ત્યાં વર્ણવપુ નિર્દોષ
દીપી રહ્યાં. ૩

સ્મૃતિ જ તેના અવયવો,
દેખાય સૌન્દર્યભાવો,
લાવણ્યનો ત્યાં નિધિ,
અર્થશોભા. ૪

અષ્ટાદશ પુરાણો,
તે જ તેનાં મણિભૂષણો,
છંદરચનામાં જડયાં છે,
પ્રમેય રત્નો. ૫

પદબંધ નાગર,
તે જ રંગીન અંબર,
જ્યાં સાહિત્ય પૂરે તેજ,
ઉપમા અલંકારે. ૬

દેખાય કાવ્યનાટક,
સાચે જ કૌતુકમય,
રણઝણે ઘૂઘરીઓ,
અર્થધ્વનિની. ૭

નાના પ્રકારના પ્રમેય,
કૌશલે વણ્યા કસબ,
દેખાય માંહે પદો ઉચિત,
રત્નો રૂડાં. ૮

ત્યાં વ્યાસાદિકોની મતિ
મેખલા સમી શોભતી,
ઉજ્જવળે ઝળકતી,
સેર વિચારોની. ૯

જે કહેવાયાં ષડ્દર્શનો,
તે જ આકાર ભુજાઓનો,
આયુધો વિવિધ વાદોનાં,
હાથમાં જોને. ૧૦

હવે તર્ક તે જ પરશુ,
નીતિભેદ અંકુશ,
વેદાન્તનો મહારસુ,
મોહક શોભે. ૧૧

એક હાથમાં દાંત,
જે સ્વભાવે ખંડિત,
તે છે બૌદ્ધમત સંકેત,
વાર્તિકોનો. ૧૨

પછી સહજ સત્કારવાદ,
તે જ પદ્મ-કર વરદ,
ધર્મપ્રતિષ્ઠા તે સિદ્ધ,
અભય હસ્ત. ૧૩

જુઓ વિવેક જે સુવિમલ,
એ જ સૂંઢદંડ સરલ,
જ્યાં પરમાનંદ કેવલ,
મહાસુખનો. ૧૪

હવે સંવાદ એ જ દશન,
જેમાં સમતાનો શુભ્રવર્ણ,
દેવ ઉન્મેષ સૂક્ષ્મ ઇક્ષણ,
વિઘ્નરાજ. ૧૫

મને ભાસે મીમાંસા દ્વય,
એ જ શ્રવણ ઉભય,
જેહનું બોધમહામૃત મુનિ-
ભ્રમર સેવે. ૧૬

પ્રમેય પ્રવાલ સુપ્રભ,
દ્વૈતાદ્વૈત તેજ નિકુંભ,
સમાનરૂપે શોભતા ગંડકુંભ,
મસ્તકે હા. ૧૭

ત્યાં વેદ અને ઉપનિષદ,
જેમાં ઉદાર જ્ઞાનમકરન્દ,
મુકુટમાં શોભે સૌરભમય,
પુષ્પ જેવાં. ૧૮

અકાર એ ચરણયુગલ,
ઉકાર ઉદર વિશાલ,
મકાર મહામંડલ,
મસ્તકાકારે. ૧૯

ત્રણ થયાં એકરૂપ,
ત્યાં સમાવ્યું શબ્દબ્રહ્મ,
ગુરુકૃપાએ આદિ બીજ
હું વદું છું. ૨૦

અભિનવ વાગ્વિલાસિની,
જે ચાતુર્યાર્થ કલાકામિની,
તે શ્રીશારદા વિશ્વમોહિની,
વંદું છું હવે. ૨૧

મુજ હૈયે શ્રીસદ્ગુરુ,
જેણે તાર્યો આ સંસારપૂરુ,
માટે સવિશેષ આદર કરું,
વિવેક ઉપરે. ૨૨

આંખને જેમ અંજન લાધે
ત્યારે દૃષ્ટિતેજ પાંગરે,
નજર જ્યાં ફરે ત્યાં પ્રગટે
મહાનિધિ. ૨૩

અથવા ચિંતામણિ હાથ આવે,
સદા મનોરથ વિજયી થાયે,
તેવો પૂર્ણકામ શ્રીનિવૃત્તિનો,
હું જ્ઞાનદેવ. ૨૪

માટે જ્ઞાનીએ ભજવા ગુરુ,
તેથી કૃતકૃત્ય થવું,
મૂલસિંચ્યે જેમ સહેજે,
સંતૃપ્ત શાખાદિક. ૨૫

અથવા તીર્થો ત્રિભુવનનાં,
સમુદ્રસ્નાને સિદ્ધ થાતાં,
રસાસ્વાદ સકલ પમાતા,
અમૃતરસે. ૨૬

ફરી ફરી લળીને તેમ,
પ્રણમ્યા છે શ્રીગુરુ ક્ષેમ,
અભિલાષ હૃદયના સકળ,
કરે જેઓ સદા સફળ. ૨૭

હવે અવધારો કથા ગહન,
જે સર્વ કથાનું જન્મસ્થાન,
અથવા અભિનવ ઉદ્યાન,
વિવેકતરુનું. ૨૮

અહો સર્વ સુખોની જનની,
પોતે જે પ્રમેય-મહાનિધિ,
અથવા નવરસ સુધાઅબ્ધિ,
પરિપૂર્ણ જે. ૨૯

જે પરમ ધામ અહો પ્રકટ,
સકલ વિદ્યાઓની મૂલપીઠ,
શાસ્ત્રો તણો અક્ષય કોઠાર,
પ્રમેયોમય. ૩૦

અરે એ સર્વધર્મોનું મહિયર,
સજ્જનોનો પ્રાણાધાર,
લાવણ્ય રત્નભંડાર,
શારદા તણો. ૩૧

વિવિધ કથારૂપે સરસ્વતી,
પ્રગટી આ ત્રણ જગતમહીં,
વ્યાસદેવની મહામતિ,
સ્ફુરાવતી જે. ૩૨

એટલે કાવ્યમાં ઉત્તમોત્તમ,
ગ્રંથગૌરવનું મૂલધામ,
રસો પામ્યા સરસપણું,
આ ગ્રંથમાંથી. ૩૩

સાંભળો એની મહત્તા વિશેષ,
શબ્દ પામ્યા શાસ્ત્રીયતા નિર્દોષ,
મહાબોધની કુણાશ,
થઈ દ્વિગુણિત. ૩૪

અહીં ચાતુર્ય શાણું થયું,
પ્રમેય રુચિકર બન્યું,
અને સુખનું પુષ્ટ થયું
સૌભાગ્ય રે. ૩૫

માધુર્ય પામ્યું મધુરતા,
શૃંગાર પામ્યું સુરેખતા,
ઉચિતને લાધી સુયોગ્યતા,
અત્રે અરે! ૩૬

કલાઓ પામી કલાવિદપણું,
પુણ્યને લાધ્યું ઐશ્વર્ય આગવું,
માટે જ જન્મેજયના દોષ,
નહિવત્ થયા. ૩૭

પળ એક અને વિચારતાં,
રંગોમાં વધી સુરંગતા,
પ્રગટી અરે ગુણમાં સગુણતા,
ઘણી જ અહીં. ૩૮

સૂર્યના તેજે પ્રકાશિત,
દેખાય ત્રૈલોક્ય ધવલિત,
વ્યાસમતિએ તેમ આકલિત,
વિશ્વ શોભે. ૩૯

કે સુક્ષેત્રે બીજ વાવ્યાં,
તે આપમેળે વિસ્તર્યાં,
તેમ ભારતમાં પ્રફુલ્યા,
પુરુષાર્થ સર્વ. ૪૦

અથવા જે નગરમાં નીવસે,
નાગરતા સહેજે પામે,
તેમ વ્યાસોક્તિ તેજે ઊજળે,
વિશ્વ સકલ. ૪૧

અથવા યૌવનકાળે,
લાવણ્ય ઊછળે,
પ્રગટે તેજ આગવે,
અંગના અંગે. ૪૨

થતાં ઉદ્યાને વસંતાગમન,
વનશોભાની ઊઘડે ખાણ,
નવનવલું ઝળકે સૌન્દર્ય,
વૃક્ષાદિમાં. ૪૩

જેમ ઘનીભૂત સુવર્ણ,
ન્યાળતાં સાધારણ,
અલંકાર ઘડાતાં સૌન્દર્ય,
નોખું દાખવે. ૪૪

વ્યાસોક્તિ જેને સ્વીકારે
તે સર્વ જ સૌન્દર્ય પામે,
એમ જાણીને સર્વ કથાઓ
ઇતિહાસ આશ્રયે. ૪૫

પુરાણો પ્રતિષ્ઠા પામવા,
નમ્ર થઈ સાંગોપાંગમાં,
પ્રવેશ્યા આખ્યાન રૂપે,
મહાભારતમાં. ૪૬

એટલે મહાભારતમાં નહીં
તે ત્રણ લોકમાં નહીં કયાંઈ;
એ કારણે કહેવત કહી,
વ્યાસોચ્છિષ્ટ જગતત્રય. ૪૭

એવી જગે સરસ કથા,
જે જન્મભૂમિ પરમાર્થ,
મુનિએ કહી નૃપનાથને,
જન્મેજયને. ૪૮

જે અદ્વિતીય ઉત્તમ,
પવિત્ર ને નિરુપમ,
પરમ મંગલ ધામ,
અવધારજો જી. ૪૯

હવે ભારત-કમળ-પરાગ,
ગીતાખ્ય પ્રસંગ,
બોલિયા શ્રીરંગ,
અર્જુન સંગે. ૫૦

વલોવ્યો શબ્દ બ્રહ્માબ્ધિ,
મથીને વ્યાસબુદ્ધિ,
નીવડ્યું નિરવધિ,
નવનીત એ. ૫૧

પછી જ્ઞાનાગ્નિ સંપર્કે,
સિદ્ધ કર્યું વિવેકે,
પદ આવ્યું પરિપાકે,
સૌરભભર્યું. ૫૨

જે અપેક્ષે વિરક્તો,
સદા અનુભવે જે સંતો,
સોહંભાવે પારંગતો,
રમતા જેમાં. ૫૩

ભક્તો જે શ્રવ્ય માને,
પરમ વંદ્ય જે ત્રણે જગતે,
તે ભીષ્મપર્વને આધારે,
કહેવાશે હવે. ૫૪

જે ભગવદ્‌ગીતા કહીએ,
જે બ્રહ્મેશ પ્રશંસે,
જે સનકાદિક સેવે,
આદર વડે. ૫૫

જેમ શરદની ચન્દ્રકલા,
માંહે અમૃતકણ કોમલા,
તે ચણે ચકોર-ચકોરી,
મૃદુભાવથી. ૫૬

તે પ્રમાણે હે શ્રોતા,
અનુભવજો આ કથા,
ચિત્તમાં પરમ મૃદુતા,
ચેતવીને. ૫૭

એ વણશબ્દે સંવાદીએ,
વણ ઇન્દ્રિયે ભોગવીએ,
શબ્દ પહેલાં આલિંગીએ,
પ્રમેયોને. ૫૮

ભ્રમર જેમ પરાગ ગ્રહે,
કમલદલ ના લહે,
તેવી રીતે સેવીએ,
ગ્રંથને જી. ૫૯

પોતીકું થાણું ન છોડતાં
આલિંગે ચંદ્ર પ્રગટતાં,
અનુરાગ આ ભોગતાં
કુમુદિની જાણે. ૬૦

આવી રીતે ગંભીરપણે,
સ્થિરધીર અંતઃકરણે,
શ્રવણ કરતાં પામશે
મર્મને તે. ૬૧

અહો અર્જુનની પંગતે,
બેસવા યોગ્ય હોયે,
તે સંતો કૃપા કરે,
અવધાન દેવા. ૬૨

લળી લળીને ચહું,
ચરણ પડીને વિનવું,
હૃદય આપનું મોટપભર્યું,
માટે કહું. ૬૩

સ્વભાવ જેમ માબાપનો,
અપત્યનો સાદ બોબડા બોલનો,
સાંભળી પામતા હોયે,
સંતોષ તેથી. ૬૪

તેવો તમે મને અંગીકાર્યો,
સજ્જનોએ પોતીકો કર્યો,
ઊણપો સહેજે ખમવીને,
પ્રાર્થના વિના. ૬૫

પણ અપરાધ તો અન્ય થયો,
ગીતાર્થ બુદ્ધિથી જોયો,
એટલો અવિનય થયો,
અવધારજો. ૬૬

અશકયતા ન વિચારી મેં,
વ્યર્થ સાહસ કર્યું મેં,
ભાનુના તેજ સામે શું
ખદ્યોત શોભે? ૬૭

કે ટિટોડીની ચાંચે,
એ સાગર ઉલેચે,
સ્થિતિ એવી જે,
અહીં પ્રવર્તે. ૬૮

હોય જો આકાશને આલિંગવું,
પડે તેથી વ્યાપક થવું,
એટલે અસંભવિત સઘળું,
સાહસ મારું. ૬૯

ગીતાર્થની આવી મહત્તા;
સ્વયં શંભુ વિશદ કરતા,
ગૌરી થયાં પ્રશ્ન કરતા;
વિસ્મય વડે. ૭૦

શિવ વદે, જેમ અજ્ઞેય;
ભગવતી તમારું સ્વરૂપ;
તેવું નિત્યનૂતન અહો;
ગીતારહસ્ય. ૭૧

સકલ વેદાર્થસાગર;
જેની નિદ્રિત દશાનો ઘોર,
તે જ શ્રીસર્વેશ્વર;
પ્રવક્તા અહીં. ૭૨

એવું જે છે અગાધ,
પામી શકયા નહીં વેદ;
ત્યાં હું અલ્પ મતિમંદ;
ગજાવિહોણો. ૭૩

પારાવારને કેમ પામવું?
મહાતેજને કેમ ઉજાળવું?
ગગનને મુઠીમાં લેવું;
મશકે કેમ. ૭૪

પણ મુજને એક આધાર,
તેથી કરાયો નિર્ધાર,
માથે શ્રીગુરુનો વરદ કર,
જ્ઞાનદેવ કહે. ૭૫

હું છું સદાનો મૂર્ખ,
તેથી જ થયો અવિવેક,
ઓથ સંતકૃપા-દીપક,
ઊજળો અહો. ૭૬

લોહનું કનક થાયે,
એ સામર્થ્ય પારસનું હોયે,
મૃતને પણ જીવન મળે
થતાં અમૃતયોગ. ૭૭

જો પ્રગટે સિદ્ધ સરસ્વતી,
તો મૂકને મુખે ભારતી,
એ જ વસ્તુ સામર્થ્યશક્તિ,
નવલ શાનું. ૭૮

કામધેનુ જ જેની માતા,
તેને શાની અપ્રાપ્યતા,
એટલે ગ્રંથાર્થ કરવા
પ્રવર્ત્યો હું. ૭૯

તો ન્યૂનને કસે પૂરતું,
જો અધિક મુખેથી સરતું,
કરી લેજો અનુસરતું,
વિનવું જી. ૮૦

હવે દેશો જી અવધાન,
બોલાવશો તેમ બોલીશ વેણ,
ધરું યંત્રનું હલનચલન,
સૂત્રધારાધીન. ૮૧

તેવો હું અનુગૃહીત,
સાધુઓનો અંકિત,
આપ કરજો અલંકૃત,
બાળ આપનો. ૮૨

ત્યાં શ્રીગુરુ કહે, રહે ઊભો,
આ બધો શીદને ઊભરો,
સત્વરે પરોવ ચિત્ત,
ગ્રંથમાં હવે. ૮૩

આ સાંભળી નિવૃત્તિદાસ,
પામ્યો પરમ ઉલ્લાસ,
ભણે સાંભળો અવકાશ,
સકલ જન. ૮૪

પછી પુત્રસ્નેહે મોહિતા,
ધૃતરાષ્ટ્ર એવું પૂછતા,
હવે સંજય કહે વારતા,
કુરુક્ષેત્રની. ૮૫

જે ધર્મક્ષેત્ર કહેવાય,
જ્યાં ગયે સુબિદ્ધિ થાય,
ત્યાં પાંડુ-કુરુ-પુત્રો જાય,
યુદ્ધ લડવા. ૮૬

એ લોકો આ અવસરે,
પરસ્પર તે શું કરે,
તેની કથા મને કહે,
ઉતાવળે તું. ૮૭

તે વેળા સંજય બોલ્યા,
પાંડવસૈન્યે શસ્ત્ર ઊંચક્યાં,
જાણે મહાપ્રલયે પ્રસર્યાં,
કૃતાંતમુખ. ૮૮

તેવાં તે ઘનઘોર,
ધસ્યાં ને મચ્યો શોર,
જેમ ઊછળતું કાલકૂટ,
શમવું અશક્ય. ૮૯

અથવા વડવાનલ પ્રદીપ્ત,
જેને પોષે પ્રલયવાત,
શોષીને સાગર ઊછળે,
અંબર ભણી. ૯૦

તેવું દેખાય દળ દુર્ઘર,
વિવિધ વ્યૂહોનો પરિસર,
ભાસે છે નૃપ, ભયંકર,
આ ઘડીએ. ૯૧

તે જોઈને દુર્યોધને,
અવગણી મનોમને,
જેમ સિંહ ન ગણે
ગજવૃંદને. ૯૨

પછી દ્રોણ કને ગયો,
તેમને કહ્યું : જોયો,
કેવો ચક્રવ્યૂહ ઘડાયો
પાંડવોનો? ૯૩

ગિરિદુર્ગ જેમ ચાલતું,
વિવિધ વ્યૂહ માંડતું,
દળ બુદ્ધિમંતે રચ્યું,
દ્રુપદકુંવરે. ૯૪

આપે આપના પ્રિય શિષ્યને,
નિપુણ કર્યો વિદ્યા આપીને,
આ સૈન્યસિંધુ રચ્યો તેણે,
જુઓ બાપ. ૯૫

અને વીર અસાધારણ,
જે શસ્ત્રઅસ્ત્રોમાં પ્રવીણ,
ક્ષાત્રધર્મી જે નિપુણ,
વીરો ઘણા. ૯૬

જે પ્રૌઢ બળમાં-પૌરુષમાં,
દેખાય ભીમ-અર્જુન સમા,
કહીશ નામો તેમનાં,
સકૌતુકે. ૯૭

ત્યાં યુયુધાન સુભટ,
મદદે ઊભો છે વિરાટ,
મહારથી શ્રેષ્ઠ,
દ્રુપદવીર. ૯૮

ચેકિતાન ધૃષ્ટકેતુ,
કાશીરાજ વિક્રાંતુ,
નૃપનાથ ઉત્તમૌજુ,
શૈબ્ય હોયે. ૯૯

આ કુંતિભોજ દેખાયે,
આ યુધામન્યુ આવ્યો આંહે,
અને પુરુજિતાદિ રાયો,
સર્વ દેખાયે. ૧૦૦

આ સુભદ્રાહૃદય નંદન,
જે બીજો નવઅર્જુન,
તે અભિમન્યુ, કહે દુર્યોધન,
દ્રોણ દેખો. ૧૦૧

અને અન્ય દ્રૌપદીકુમાર,
સકલ દેખાય શૂરવીર,
અગણિત કહું કે અપાર,
અસંખ્ય છે જે. ૧૦૨

હવે આપણા દળનાયકો,
જે પ્રૌઢ વીર સૈનિકો,
બિરદાવું છું તેમને હું;
અવધારજો. ૧૦૩

આપની જાણ સારુ,
નામના હું વર્ણવું,
આપ સહિત શોભંતા,
પ્રમુખોની. ૧૦૪

આ ભીષ્મ ગંગાનંદનું,
જે પ્રતાપ તેજસ્વી ભાનુ,
રિપુગજ પંચાનનનું,
કર્ણવીર. ૧૦૫

એક એક જો મનમાં ધારે,
સર્વ સૃષ્ટિને સંહારે,
પહોંચી વળી શકે એકલા
કૃપાચાર્ય. ૧૦૬

આ છે વિકર્ણ વીર,
ત્યાં અશ્વત્થામા તત્પર,
ભય જેનો સદા રાખે
કૃતાંત પોતે. ૧૦૭

સમિતિંજય સૌમદત્તી,
એવા કેટલા ઘણા જે
કાઢી ન શકે સ્વયં ધાતા,
ક્યાસ બળનો. ૧૦૮

જે શસ્ત્રવિદ્યાપારંગત,
મંત્રાવતાર મૂર્તિમંત,
જાણે અહીંથી પામ્યા,
અસ્ત્રાસ્ત્ર. ૧૦૯

જે છે અપ્રતિમલ્લ જગે,
શોભતા પરિપૂર્ણ પ્રતાપે,
સમર્પિત તનમનપ્રાણે,
મુજને અહો. ૧૧૦

પતિવ્રતાનું હૃદય જેમ
સ્પર્શે ન અન્યને પતિ વિણ,
તેમ છું હું જીવનધન,
સર્વ સુભટોનો. ૧૧૧

આપણા કાર્ય કાજે,
જીવન પોતીકું સમર્પે.
એવા છે નિરપેક્ષ સર્વે,
સ્વામીભક્ત. ૧૧૨

સ્વકુળ-ગૌરવ જાળવે,
સ્વતેજે સુકીર્તિ મેળવે,
કે કહું ક્ષાત્રધર્મ જીવે,
અહીંથી અરે. ૧૧૩

આવા જે સર્વ સમર્થ,
વીરદળમાં અગણિત,
કેમ કરીને ગણના કરું,
અસંખ્યોની. ૧૧૪

વળી ક્ષત્રિયોમાં જે શ્રેષ્ઠ,
જે જગમાં સુભટ જયેષ્ઠ,
તો અપણા સૈન્યના સેનાપતિ,
ભીષ્મદેવ. ૧૧૫

હવે આવા બળે સિંચાયલા,
દુર્ગની જેમ પ્રસરેલા,
આપણા સૈન્યની વિસાતમાં,
ત્રૈલોક્ય નગણ્ય. ૧૧૬

પહેલાં જોઈ સમુદ્રને,
ભય લાગે સહેજે સર્વને,
ત્યાં વળી વડવાનળ ભળી,
સહાય કરતા. ૧૧૭

અથવા પ્રલયવહ્નિ મહાવાત
આ બન્નેનો જેવો સંગાથ,
તેવા આ ગંગાસુત,
સેનાપતિ. ૧૧૮

આ સેના સાથે કોણ ઝૂઝે,
પાંડવદળ શાનું લડે,
તુલનામાં આપણા બળની
પાંડવબળ ઊણું... ૧૧૯

તેમાં ભીમસેન અડબંગ,
થયો છે સેનાનાયક,
આટલું બોલીને તેણે,
વાત પડતી મૂકી. ૧૨૦

પછી દુર્યોધન ઊઠિયા,
સકલ સેનાનીને વદ્યા,
હવે પોતપોતાનાં સૈન્ય,
કરો સાબદાં. ૧૨૧

જેમની જે જે અક્ષૌહિણી,
વહેંચો તે તે તેમની,
સોંપો તે તે મહારથીને,
યુદ્ધભૂમિમાં. ૧૨૨

પોતાનું સૈન્ય સાચવી,
ભીષ્મની આજ્ઞા માનવી,
દ્રોણને કહે રક્ષજો,
સૌ મળીને. ૧૨૩

એક ભીષ્મને સાચવજો.
મુજ સમોવડિયા માનજો,
એમના વડે જ સમર્થ,
સૈન્ય આપણું. ૧૨૪

સાંભળી રાજાના બોલ,
સેનાપતિ પામ્યા સંતોષ,
પછી તેમણે કર્યો
સિંહનાદ. ૧૨૫

એ ગાજ્યો એવો અદ્‌ભુત,
બન્ને સૈન્યોમાં પ્રસરત,
પ્રતિધ્વનિ ન સમાત,
રણકી રહ્યો. ૧૨૬

એ રણકતા પ્રતિ સાદમાં,
વીરવૃત્તિના સ્ફુરણમાં,
દિવ્ય શંખ ભીષ્મદેવે,
વગાડિયો. ૧૨૭

તે બન્ને નાદ મળ્યા,
ત્રૈલોક્ય બધિર થયા,
જાણે આકાશ કડકડ્યાં,
તૂટી પડશે. ૧૨૮

ગડગડ્યું અંબર,
ઊછળ્યો સાગર,
ક્ષોભિત થયું ચરાચર,
કંપી રહ્યું. ૧૨૯

ત્યાં તો મહાઘોષ થયા,
ગિરિકંદરા ગાજી રહ્યાં,
અને રણવાદ્યો રણકી ઊઠ્યાં,
યુદ્ધક્ષેત્રે. ૧૩૦

ઉદ્દંડ રણવાદ્યો વાગ્યાં,
ભીતિકર કર્કશ નાદરણક્યા,
થઈ મહાપ્રલયની આશંકા,
ધૈર્યવંતોને. ૧૩૧

નિશાન ડંકા મૃદંગ,
રણશિંગાં શંખ ભૂંગળ,
અને ભયંકર રણકોલાહલ,
સુભટોનો. ૧૩૨

આવેશે ભુજા ઠોકતા,
હાંકે પ્રતિહાંકે ગરજતા,
જાણે હાથીઓ મહામત્ત,
અનાવર થયા. ૧૩૩

ત્યાં ભીરુઓની શી વિસાત,
વીર કાચા ધરણીએ પડત,
કાળ પણ ભય ધરત,
ઊભો ન રહે. ૧૩૪

કોકે તો ઊભા જ પ્રાણ ત્યજ્યા,
ધૈર્યવંતો દિગ્મૂઢ બન્યા,
દિગ્વિજયી વીરોને પણ,
કંપ છૂટ્યા. ૧૩૫

રણવાદ્યોનો અદ્ભુત કોલાહલ,
બલદેવ થયા વ્યાકુલ,
દેવો કહે : પ્રલયકાળ
આવ્યો આજે. ૧૩૬

એવી વાતો સ્વર્ગે થતી,
જોઈને આ ભયંકર સ્થિતિ,
ત્યાં પાંડવદળો માંહી,
વરત્યું કાંઈ. ૧૩૭

જે કાં વિજયનો નિજસાર,
અથવા મહાતેજનો ભંડાર,
ગરુડના સમકક્ષ જેને,
અશ્વ ચાર. ૧૩૮

કે મેરુ પાંખવંતો,
દિવ્ય તેજે શોભતો,
દશ દિશાને ભરંતો,
વિજયતેજે. ૧૩૯

જ્યાં સારથિ વૈકુંઠનાથ,
શ્રીકૃષ્ણ પોતે સાક્ષાત્,
તે રથના ગુણ અગાધ,
વર્ણાય કેમ? ૧૪૦

ધ્વજસ્થંભ પરે વાનર,
તે તો મૂર્તિમંત શંકર,
સારથિ સારંગધર,
અર્જુન સંગે. ૧૪૧

કેવી પ્રભુની નવલ નવાઈ,
ભક્ત સંગની પ્રેમસગાઈ,
થયા જુઓને પાર્થસારથિ,
પોતે પ્રભુ. ૧૪૨

પાર્થને કર્યો પીઠ પાછળ,
હરિ થયા અરિને સન્મુખ,
અને ફૂંક્યો લીલામયે,
પાંજજન્ય. ૧૪૩

તેનો મહાઘોષ ઘોર,
ગર્જતો ગરવો ગંભીર,
સૂર્ય ઊગતાં જેમ લોપ્યાં
નક્ષત્ર સકલ. ૧૪૪

તેવા જે ભવ્ય નાદ,
કૌરવદળે હતા ગર્જત,
થઈ ગયા તે વિલાતા,
આપમેળે. ૧૪૫

ત્યાં તો અતિ દુર્ધર,
નિનાદ જેનો અતિગંભીર,
પાર્થે એવો દેવદત્ત,
ગાજતો કર્યો. ૧૪૬

બન્ને શબ્દ અપરંપાર,
મળીને થયા એકાકાર,
ભાંગી પડશે શું બ્રહ્માંડ,
ભ્રમ ઊભો થયો. ૧૪૭

ત્યાં ભીમસેન સળવળ્યો,
જેમ મહાકાળ ખળભળ્યો,
તેણે પૌંડ્ર ફૂંક્યો,
મહાશંખ. ૧૪૮

તે મહાપ્રલય જલધર,
જેમ ગડગડતો ગંભીર,
ત્યાં તો અનંતવિજય યુધિષ્ઠિરે,
ગાજતો કર્યો. ૧૪૯

નકુલે સુઘોષ,
સહદેવે મણિપુષ્પક,
ફૂંકાતાં નાદ ભયંકર,
ગભરાયો યમ. ૧૫૦

ત્યાં ભૂપતિ હતા અનેક,
દ્રુપદ દ્રૌપદેયાદિક,
અને કાશીપતિદેખ,
મહાબાહુ. ૧૫૧

ત્યાં હતો અર્જુનસુત,
સાત્યકિ અપરાજિત,
ધૃષ્ટદ્યુમ્ન નૃપનાથ,
હતો શિખંડી. ૧૫૨

વિરાટ આદિ નૃપ વર,
જે સૈનિક મુખ્યવીર,
તેમણે નાના શંખ નિરંતર,
ગજવી મૂક્યા. ૧૫૩

મહાઘોષ આવા થાતાં,
શેષને કૂર્મ અચિંતા,
ભૂમિ માથે જે હતાં,
ત્યજતા થયા. ૧૫૪

ત્યાં ત્રણે લોક ડોલી રહ્યાં,
મેરુમંદાર ઝૂલી રહ્યા,
સમુદ્રજલ ઊછળી રહ્યા,
કૈલાસ સુધી. ૧૫૫

પૃથ્વીતલ ઊથલી પડે,
આકાશ તૂટી પડે,
નક્ષત્રો ઊલટી રહે,
પૃથ્વી પરે. ૧૫૬

સૃષ્ટિ ગઈ રે ગઈ,
દેવને ત્રાતા કોઈ નહીં,
એવી થાળી પિટાઈ,
સત્યલોકે. ૧૫૭

દિવસ છતાં લાગે આથમ્યો,
જાણે પ્રલયકાળ મંડાયો,
એવો હાહાકાર થયો,
ત્રણે લોકે. ૧૫૮

તે જોઈને આદિ પુરુષ વિસ્મિત,
શું થશે ત્રિલોકનો અંત ?
ત્યાં તો લોપ્યો અદ્‌ભુત,
સંભ્રમ એ. ૧૫૯

એટલે વિશ્વ ઊગરી ગયું,
યુગાન્તમાંથી બચી ગયું,
જ્યારે ગજવ્યા મહાશંખો,
કૃષ્ણાદિઓએ. ૧૬૦

તે ઘોષ ઉપશમિત થયો,
પણ પ્રતિસાદ હતો પાંગર્યો,
તેણે દળભાર સંહાર્યો,
કૌરવોનો. ૧૬૧

જેમ ગજસમૂહનો અંત,
સિંહલીલાએ આણત,
તેમ હૃદયને ભેદત,
કૌરવોના. ૧૬૨

તે ગર્જના સંભળાતાં
સર્વનાં હૃદય ગભરાતાં
એકમેકને કહેતાં,
સાવધાન. ૧૬૩

ત્યાં બળ પ્રૌઢિ સંપન્ન,
જે હતા વીરો અનન્ય,
તેમણે સાબદાં કર્યાં,
પોતીકાં દળ. ૧૬૪

પછી સમાન ભાવે ઊપડ્યાં,
સૈન્યો બન્ને આથડ્યાં,
તે જોઈને ભયભીત થયા,
ત્રણે લોક. ૧૬૫

ત્યાં બાણાવળી ધનુર્ધર,
વર્ષાવતા નિરંતર,
જાણે પ્રલયનો જલધર,
એકસરખો. ૧૬૬

તે જોઈને અર્જુનને મને,
સંતોષ થયો મને
તત્કાલ જોયું સંભ્રમે,
સેનાભણી. ૧૬૭

ત્યાં સજ્જ જે સંગ્રામ કાજે,
જોયા સકલ કૌરવદળે,
ઊંચક્યું ધનુષ્ય સહેજે,
પાંડુકુંવરે. ૧૬૮

તે વેળા અર્જુન દેવને કહે,
રથ હંકારો હવે સત્વરે,
ઉભય દળોની મધ્યે,
ઊભો કરો. ૧૬૯

કેમ કે ઘડી એક
આ સકલ વીર સૈનિક,
ન્યાળી લઉં જરીક,
યુદ્ધ પહેલાં. ૧૭૦

આવ્યા છે અહીં તો સકલ,
પડશે ઝૂઝવું કોને સંગ,
યુદ્ધમાં જોવું પડે નાથ,
એટલે કહું. ૧૭૧

આશરે સઘળા કૌરવજન,
સ્વભાવે છે આતુર ને દુર્જન,
રાખે ગજા વગરની હોંશ,
યુદ્ધ માટે. ૧૭૨

યુદ્ધે ઉતાવળે ચડતા,
પણ સંગ્રામે ધીર ન ધરતા,
એવું ધૃતરાષ્ટ્રને કહી,
સંજય બોલ્યા. ૧૭૩

સાંભળો, અર્જુને આટલું કહેતાં,
શ્રીકૃષ્ણે રથ હંકારતાં,
બન્ને સૈન્યની મધ્યમાં,
આણી મૂક્યો. ૧૭૪

જ્યાં હતા ભીષ્મ દ્રોણાદિક,
અતિ નિકટ અને સન્મુખ,
હતા પૃથ્વીપતિ જ્યાં અનેક,
ત્યાં લઈ ગયા. ૧૭૫

ત્યાં સ્થિર કરી રથ,
અર્જુન દૃષ્ટિ નાખત,
જોયા દળભાર સમસ્ત,
મહા સંભ્રમે. ૧૭૬

હવે જુઓ તો ખરા દેવ,
આ ગોત્ર ને ગુરુ અશેખ,
સાંભળી વેણ શ્રીકૃષ્ણ,
વિસ્મિત થયા. ૧૭૭

સ્વગત મનમાં કહેતા થયા,
થયું છે શું પાર્થને અહા,
ધાર્યું છે શું કંઈ મનમાં?
કોણ જાણે. ૧૭૮

કયાસ એવો મનમાં કાઢતા,
હૃદયસ્થ હોઈ સહેજે જાણતા,
નિરાંતે મૌન જ રહ્યા,
પોતે પ્રભુ. ૧૭૯

ત્યાં તો જોયા પાર્થે સકલ,
પિતૃ પિતામહ ગોત્ર કેવલ,
ગુરુબંધુ અને માતુલ,
યુદ્ધાતુર. ૧૮૦

પોતાના જોયા ઇષ્ટ મિત્રો,
સગાંસંબંધીઓ અનેકો,
આવ્યા હતા યુદ્ધ કાજે,
રણભૂમિમાં. ૧૮૧

સુહૃદજન અને શ્વસુર,
સખા પ્રેમી સહોદર,
પુત્ર પૌત્રો યુદ્ધાતુર,
અર્જુને જોયા. ૧૮૨

જ્યાં ઉપકાર હતા કર્યા,
વિપદમાં હતા ઉગાર્યા,
તે અનેકો વડીલ-નાના,
ભેગા મળ્યા. ૧૮૩

એમ ગોત્રજો બન્ને દળે,
આવી ચડયા એ પ્રસંગે,
અર્જુને દીઠું ખિન્ન માનસે,
તે વેળા. ૧૮૪

તે વેળા મન વિકલ થયું,
દયાદુઃખે દિલડું દ્રવ્યું,
થઈને અપમાનિત વીરવૃત્તિ,
ચાલી નીકળી. ૧૮૫

જે નારી છે ઉત્તમ કુલનાં,
છે ગુણ લાવણ્યે સંપન્ના,
ન સહે તે પ્રભાવ નિજ ઘરમાં,
અવર નારીના. ૧૮૬

નવીન સ્ત્રીમાં આસક્ત જે,
કામી નિજ વનિતા વિસરે,
થઈને વિવેકહીન અનુસરે,
મૂઢ જેવો. ૧૮૭

કે તપોબળે રિદ્ધિ,
પામીને ભ્રષ્ટ થઈ બુદ્ધિ,
તે ઘડી વિરક્તિની સિદ્ધિ,
યાદ ના આવે. ૧૮૮

તેવું અર્જુનનું થયું,
પૌરુષ ને પરાક્રમ ગયું,
જ્યારે અંતઃકરણ દીધું,
કારુણ્યને. ૧૮૯

જે મંત્રજ્ઞ ભ્રષ્ટ થાએ,
મંત્ર તેનો જીવ ખાએ,
તેવું થયું, મહામોહે,
પાર્થનું અહો. ૧૯૦

હતું તે ધૈર્ય આથમ્યું,
અને હૃદય દ્રવિત થયું,
જ્યોત્સ્નાના સ્પર્શે જેમ,
ચંદ્રકાંત દ્રવે. ૧૯૧

એવી રીતે પાર્થ,
અતિ સ્નેહે મોહિત,
વાણી વદ્યો સખેદ,
અચ્યુત પાસે. ૧૯૨

તે કહે દેવ અવધારો,
મેં જોયો આ ગોત્રમેળો,
હતાં-નહોતાં તે સર્વ સ્વજનો,
અહીં જ દીઠાં. ૧૯૩

સંગ્રામ કાજે સૌ સજ્જ,
મળ્યા છે વીર સમસ્ત,
પણ શું આપણે ઉચિત,
યુદ્ધ કરવું? ૧૯૪

યુદ્ધના નામે જ જાણે,
સાનભાન ભય વિલાયે,
મનબુદ્ધિ નિજનાં ઠામે,
રહેતાં નથી. ૧૯૫

દેખીને દેહ કાંપતો,
અને મુખે શોષ પડતો,
વિકલતાથી સર્વ ગાત્રો,
શિથિલ થાતાં. ૧૯૬

સર્વાંગે રોમાંચ નીપજ્યા,
અતિ સંતાપ ઊપજ્યા
હાથ ઢીલા થયા,
ગાંડીવ ધાર્યા. ૧૯૭

ધનુષ્ય ઢીલું પડયું,
હાથેથી હેઠે પડયું,
અને હૃદય ઘેરાયું,
સ્વજન મોહે. ૧૯૮

જે છે વજ્ર થકી કઠણ,
દુર્ધર ને અતિ દારુણ,
તેનાથી અસાધારણ,
સ્નેહ આપુ. ૧૯૯

જેણે સંગ્રામે હર જીત્યા,
નિવાત કવચને પરાજિત કર્યા,
તે અર્જુન મોહને વશ થયા,
એક ક્ષણમાં. ૨૦૦

જેમ ભ્રમર કૌતુકે ભેદે
ગમે તેવાં કાષ્ઠ કોરે,
કિન્તુ કલિકામાં જઈ ફસાયે,
કમળ તણી. ૨૦૧

ત્યાં તો એ પ્રાણ ઓવારે,
પરંતુ કમલદલ જ ચીરે,
કઠણ કોરવી મૃદુતા,
સ્નેહની એવી. ૨૦૨

એવી આદિ પુરુષની માયા,
બ્રહ્મદેવ પણ ના પામ્યા,
તેમાં ધનંજય ભૂલા પડયા,
સંજય કહે. ૨૦૩

અવધારો, પછી અર્જુને,
દેખીને સકલ સ્વજન,
વિસર્યો ક્ષાત્ર અભિમાન,
સંગ્રામનું. ૨૦૪

ન જાણે કેવી સહૃદયતા,
અર્જુન હૃદયને ઘેરી વળતા,
કહે હવે કૃષ્ણ, અમથા,
પાછા ફરો. ૨૦૫

મન મારું અતિ વિકલ,
થાય છે વાચા શિથિલ,
સ્વજન હણવાનો વિચાર,
આણતા મને. ૨૦૬

આ કૌરવોને જો હણવા,
યુધિષ્ઠિરાદિને કાં ન મારવા,
થાય છે આ બધા તો,
સ્વજન મારા. ૨૦૭

એટલે બળ્યું આ ઝૂઝવું,
પાપકર્મ નથી કરવુ,
લડીને શું મેળવીશું,
કહો નાથ ! ૨૦૮

સકળ પ્રકારે વિચારતાં,
અહિત થાશે અહીં લડતાં,
એટલે સંગ્રામને ટાળતાં,
લાભ લાગે. ૨૦૯

વિજયવૃત્તિનો નથી લોભ,
સરશે ન તેથી કોઈ કાજ,
રાજ્ય મેળવીને શું કરીશું,
કહો આપણે. ૨૧૦

આ સૌ સ્વજનો હણવા,
સુખભોગ પછી ભોગવવા,
બધા ભલે સળગાવવા,
અર્જુન કહે. ૨૧૧

તે સુખો વીણ જીવીશું,
પડયું દુઃખ વેઠીશું,
નિજ પ્રાણ અરે અર્પીશું,
સ્વજનો માટે. ૨૧૨

એટલે સ્વજનોના ઘાત કરવા,
પછી રાજ્યસુખ ભોગવવા,
સ્વપ્નમાં પણ કાર્ય એવાં,
કરી ના શકું. ૨૧૩

શીદને અમે જન્મ લઈએ,
કોને કાજે અમે જીવીએ,
જો વડીલોને વગોવીએ,
મનમાં અમે. ૨૧૪

પુત્રની ઇચ્છા રાખે કુળ,
શું તેનું મળવું આવું ફળ,
કે પુત્ર કુળ સંહારે,
પોતાનું જ. ૨૧૫

આવું મનમાં કેમ ધારીએ,
વજ્ર સમ કઠણ કેમ થઈએ,
એમનું તો કલ્યાણ કરીએ,
એજ સારું. ૨૧૬

અમે જે જે રળીએ,
તે તેમને સમર્પીએ,
પ્રાણ પણ સમર્પીએ,
તેમને કાજે. ૨૧૭

અમે દિગંતના ભૂપાલોને,
લાવીએ ધન જે લૂંટીને,
સંતોષીએ અર્પીને તે,
પોતીકું કુળ. ૨૧૮

તેજ આ કુળ સમસ્ત,
ભેગું થયું ઝૂઝવા ઉદ્યત,
કેવું છે કર્મ વિપરિત,
અમારું અરે. ૨૧૯

સગાંવહાલાં ને અંતઃપુરો,
છોડીને ભર્યા ભંડારો,
પ્રાણ મૂકી શસ્ત્રધારે,
આવ્યા અહીં. ૨૨૦

એ સર્વને કેમ હણવા,
કોની ઉપર શસ્ત્ર ઉગામવાં,
શું અરે આઘાત કરવા
નિજ હૃદયે. ૨૨૧

ત્યાં છે જુઓ કોણ કોણ,
પેલી બાજુ ભીષ્મદ્રોણ,
ઉપકાર જેમના અસાધારણ,
પાંડવકુળે. ૨૨૨

અહીં સાળા શ્વસુર માતુલ,
અરે આવ્યાં છે સગાં સકલ,
પુત્ર, પૌત્ર અને સુહૃદ
દેખાય છે. ૨૨૩

અવધારો, આ સર્વ આપ્તજનો,
સગાંસંબંધીઓ ને સ્વજનો,
મારવાની વાત કરતાં
દોષ લાગે. ૨૨૪

એઓ ભલે ગમે તે કરે,
આ ક્ષણે જ મને હણે,
છતાં ન ચિંતું નિજ મને,
મૃત્યુ તેમનું. ૨૨૫

ત્રણે લોકનું અપરિમિત
થાય જો રાજ્ય પ્રાપ્ત,
તોયે ન આચરું અનુચિત
કદાપિ હું. ૨૨૬

જો આજે અહીં એવું કરું,
ચિત્તે કોના રહેશે આદર,
કહો સુખ તમારું કેમ જોવું,
કૃષ્ણ મારા. ૨૨૭

જો વધ કરું ગોત્રજોનો,
બનીશું નિવાસ દોષોનો,
ગુમાવી દઈશું હે કૃષ્ણ!
તમને અહો. ૨૨૮

કુળ હણવાનાં પાતકો,
જડાશે સર્વાંગે જો,
ઘડી કેમ જોવાશે,
ક્યાં છો તમે. ૨૨૯

જેમ ઉદ્યાને લાગે અનલ,
અને સંચરે બધે પ્રબલ,
ત્યારે એક ક્ષણેય કોકિલ
સ્થિર ના રહે. ૨૩૦

અથવા મલિન સરોવર
અવલોકીને ચકોર,
કરીને ઉપેક્ષા સત્વર
ચાલી નીકળે. ૨૩૧

હે દેવ, તે પ્રમાણે
ફસાવી માયામાં મને,
પુણ્ય સઘળું નષ્ટ થાતાં,
દૂર જાશો. ૨૩૨

એટલે હું યુદ્ધ નહીં કરું,
સંગ્રામે શસ્ત્ર નહીં ધરું,
ઘણી દૃષ્ટિએ તેમ કરવું,
અનર્થાવહ. ૨૩૩

તમારાથી અંતરાય થશે,
કહો અમારું શું વળશે,
દુઃખ વડે હૈયું ફૂટશે,
કૃષ્ણનાથ. ૨૩૪

એટલે કૌરવો હણવા,
તે પછી રાજ્ય ભોગવવા,
વાત શક્ય નથી એવી,
અર્જુન કહે. ૨૩૫

અભિમાનમદે જો ભૂલ્યા,
ભલે સંગ્રામે ચડી આવ્યા,
આપણને આપણું હિત
જોવું પડે. ૨૩૬

આવું કેમ કરીને કરીએ,
પોતાનાં સ્વજનો હણીએ,
જાણવા છતાં પ્રાશીએ
કાલકૂટ. ૨૩૭

હોઈએ માર્ગે જો ચાલતા,
સામે અચાનક સિંહ આવતાં
કુશળતાએ તેને ટાળતાં
લાભ થાએ. ૨૩૮

પ્રકાશ છતાં તે ત્યજવો,
અંધારો કૂવો વહોરવો,
એવું કરતાં લાભ કેવો,
કહો દેવ. ૨૩૯

અથવા સામે અગ્નિ દેખાયે,
છોડીને જો ન નસાયે,
એક જ ક્ષણમાં વિંટાળીને
ભસ્મ કરશે. ૨૪૦

તેવા આ દોષ મૂર્તિમંત,
અમ દેહને કરશે કલુષિત,
જાણ્યા પછી એવો પથ
કેમ લેવો. ૨૪૧

એવું પાર્થ તે અવસરે,
દેવને કહે અવધારે,
આ કલ્મષની દારુણતા
કહીશ તમને. ૨૪૨

જેમ કાષ્ઠે કાષ્ઠ ઘસાયે
અગ્નિ ઉત્પન્ન થાયે,
અને ભડકો થતાં બાળે
સકળ વનને. ૨૪૩

તેમ ગોત્રજોમાં પરસ્પરે
વધ થાય જો મત્સરે,
તો આ ઘોર મહાદોષે,
કુળનાશ થાએ. ૨૪૪

એટલે આ મહાપાપે,
વંશજ ધર્મ લોપે,
પછી અધર્મ પ્રવર્તે
કુળ મહીં. ૨૪૫

અહીં સારાસાર વિચારવું,
કોણે કેમ શું આચરવું,
વિધિનિષેધનું કુંઠિત થવું,
આ સ્થિતિમાં. ૨૪૬

બળતો દીવો હોલવીએ,
અંધારામાં અને આથડીએ,
સરળ સ્થાને લડખડીએ
જેમ આપણે. ૨૪૭

તેવી રીતે કુળનો ક્ષય એ
તે ઘડી મૂળ ધર્મ જાએ,
પછી બીજું શું રહે
પાપો વિના. ૨૪૮

જ્યાં યમનિયમોનું પતન થાએ,
ત્યાં સ્વચ્છંદમાં ઇન્દ્રિયો નાચે,
એટલે વ્યભિચાર પ્રસરે
કુળસ્ત્રીઓમાં. ૨૪૯

ઉત્તમો અધમોમાં જઈ મળે,
વર્ણાવર્ણ પરસ્પર ભળે,
તેથી સઘળો ઊખડી પડે
જાતિધર્મ. ૨૫૦

બળિ જેમ ચૌટે મૂકતાં,
કાગડાઓ ઘેરી વળતા,
તેવી રીતે કુળમાં સંચરતાં
મહાપાપો. ૨૫૧

પછી કુળ આખું અશેષ,
અને કુળઘાતકો સમસ્ત
જઈ પડે નરકમાં ઘોર
તે કર્મથી. ૨૫૨

આ રીતે વંશવૃદ્ધિ સમસ્ત,
નિશ્ચિતે થાયે અધઃપતન,
અને ચ્યુત થાએ સ્વર્ગસ્થ
પૂર્વપુરુષો. ૨૫૩

જ્યારે નિત્યાદિ ક્રિયા થંભે,
નિરોધ નૈમિત્તિકનો થાએ,
ત્યારે કોણ કોને અર્પશે
શ્રાદ્ધપિંડ. ૨૫૪

પિતૃ પુરુષો ત્યાં શું કરશે,
કયે બળે સ્વર્ગે વસશે,
ધરતીએ ઊતરવું પડશે
વંશજો પાસે. ૨૫૫

જેમ પગાંગૂઠે સર્પ ડંખે,
શિખા સુધી પીડા પહોંચે,
ઇહપરના કુળ સમસ્તને
પાપ બાંધે. ૨૫૬

દેવ, વાત સાંભળો બીજી એક,
અહીં નીપજતાં મહાપાતક,
સંગદોષે અન્ય લોક
થશે ધર્મચ્યુત. ૨૫૭

અચાનક જો ઘર આપણું
દૈવયોગે સળગી ઊઠયું,
પાડોશ પણ સળગી ઊઠે
જ્વાલા વડે. ૨૫૮

તેવી રીતે કુળસંગતે,
જે જે લોકો પ્રવર્તે,
તે તે સર્વ પીડા પામે,
આપણે નિમિત્તે. ૨૫૯

તેમ નાના દોષે સકળ
અર્જુન કહે, તે કુળ,
પછી મહાઘોર કેવળ,
નરક ભોગે. ૨૬૦

એક વાર નરકમાં જે પડયા,
કલ્પાંતે પણ ના નીકળ્યા,
એટલું અધઃપતન કુળક્ષય થતાં,
અર્જુન કહે. ૨૬૧

હે દેવ! વિવિધ રીતે સાંભળીએ
છતાં કંટાળો જરી ના ઊપજે,
એવા વજ્ર હૃદયને શું કરીએ,
કહો દેવ. ૨૬૨

જેને કાજે રાજ્યસુખ અપેક્ષિયે,
તે દેહ તો ક્ષણિક જાણીએ,
દોષ જાણવા છતાં દિલમાં,
મોહ ના છૂટે. ૨૬૩

આ સૌ વડીલોને આપણા,
દૃષ્ટિ સામે રાખ્યા છે હણવા,
પાપ કેટલું મોટું આ,
દેવ અમારું. ૨૬૪

હવે આવી રીતે જીવવું
તેના કરતાં એ જ ગરવું-
શસ્ત્રો મૂકી, એમનાં બાણ
સહી લેવાં. ૨૬૫

એમાંથી ગમે તે પરિણમે,
ભલેને મૃત્યુ નીપજે,
પણ એ પાપ ના કરાએ,
એવી ઇચ્છા. ૨૬૬

આવું જોઈને સકળ,
અર્જુને ભાળ્યું નિજ કુળ,
પછી કહે રાજ્ય તો કેવળ
નરકભોગ. ૨૬૭

એવું તે અવસરે,
અર્જુન બોલ્યો સમરભૂમિએ,
સંજય કહે, સાંભળો
હે ધૃતરાષ્ટ્ર. ૨૬૮

પછી અત્યંત ઉદ્વેગ પામ્યો,
કંઠ ભારે ગદ્ગદ થયો,
કૂદી પડયો ધરતી પરે
રથ મહીંથી. ૨૬૯

જેમ રાજકુમાર પદચ્યુત,
સર્વથા હોય અપમાનિત,
કે રવિ રાહુગ્રસ્ત,
કળાહીન. ૨૭૦

અથવા મહાસિદ્ધિ સંભ્રમે,
પડે છે તપસ્વી ભ્રમે,
ને ફસાઈ મોહ કામે,
દીન થાએ. ૨૭૧

તેવો તે ધનુર્ધર,
અત્યંત દુ:ખે જર્જર,
ઊતર્યો થઈ તત્પર
રથ નીચે. ૨૭૨

પછી ધનુષબાણ ત્યજ્યાં,
ધસંત અશ્રુ સર્યાં,
આમ ધનંજય વરત્યા,
સંજય કહે. ૨૭૩

હવે આ પછી વૈકુંઠનાથ,
જોઈને સખેદ પાર્થ,
કેમ કરીને પરમાર્થ,
નિરૂપશે. ૨૭૪

તે આગળની વિસ્તૃત કથા,
થશે કૌતુક સાંભળતાં,
એમ જ્ઞાનદેવો કહે,
નિવૃત્તિદાસ. ૨૭૫

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥१॥

અનાસક્ત બુદ્ધિ

અર્જુને વિષાદથી ભરાઈને, વીરવૃત્તિ છોડીને જ્યારે યુદ્ધ નહીં કરવાની કાયરતા પ્રગટ કરી ત્યારે ભગવાન વાસુદેવે એને જે જ્ઞાન આપ્યું તે આ બીજા અધ્યાયનું સત્ત્વ છે. અર્જુનની દૃષ્ટિમાં અહંકારનાં જે પડળ આવ્યાં હતાં તેને કાઢવા પ્રભુએ પ્રથમ એના ધર્મંડને પકડ્યો. તું મારીશ તો જ આ બધાં મરશે એવો અર્જુનનો અહંકાર મિથ્યા બતાવીને પ્રભુએ સર્વશક્તિમાન પ્રભુની સર્જન, પાલન અને સંહારની શક્તિ એને સમજાવી. દેહ અને ઇન્દ્રિયો ઉપર ભરોસો રાખનાર ધનંજયને જન્મમૃત્યુનું રહસ્ય પ્રબોધ્યું. દેહ અને ઇન્દ્રિયોની ભ્રાંતિની તડફી-ચાંપડીમાંથી જે મુક્તિ પામે છે તેને આત્મદર્શન થાય છે. દેહ અને ચૈતન્ય હળીમળી ગયાં છે એ વાત ઉપર ઝોક મૂકીને સમજાવ્યું છે કે જેઓ સંત છે તેમને માટે શાશ્વત, સર્વવ્યાપી અને જન્મમરણરહિત ચૈતન્યની ઓળખાણ થવી સંભવિત છે. એટલે શસ્ત્રથી કેવળ દેહનો નાશ છે, ચૈતન્યનો વિનાશ થતો નથી. નાશ પામવાનો શરીરનો સ્વભાવ છે. આકાશમાં જેમ મેઘ આવે ને જાય તેમ ચૈતન્યને સ્થાને અનેક દેહો આવે છે ને જાય છે. આત્મા અમર છે એટલે અર્જુનને શોક કરતાં પ્રભુ વારે છે.

અવિનાશી આત્મા અને નાશવંત દેહનું જ્ઞાન વિશદરૂપે આપીને પ્રભુ અર્જુનને જેની બહુ પડી હતી તે ધર્મની વાત સમજાવે છે. ક્ષત્રિયને યુદ્ધ કરતાં શ્રેષ્ઠ ધર્મ બીજો નથી. જેણે બહુ પુણ્ય કર્યાં હોય છે તેના જીવનમાં જ ધર્મયુદ્ધનો પ્રસંગ આવે છે. એને છોડીશ તો શત્રુઓ તારો ઘાત કરશે.

ઈશ્વર વિના જે બુદ્ધિને બીજો આધાર નથી તે અનાસક્ત બુદ્ધિ, પ્રપંચની ઉપાધિઓમાં જીવવા છતાં તેની બાધાઓ તેને નડતી નથી. પરંતુ પ્રભુને છોડીને જો વેદોના અર્થવાદમાં એ ગૂંચવાઈ ગઈ તો પ્રભુને છોડીને સ્વર્ગસુખ તરફ ધસનારી દુર્બુદ્ધિ તે થઈ જાય છે. એટલે પ્રભુ કાજે નિષ્કામ કર્મ કરવાં એ જ ધર્મ છે. ઈશ્વરાર્પણ કરેલાં કર્મો અધૂરાં રહે તોપણ પ્રભુ માટે થયેલાં હોઈ તે પરિપૂર્ણ હોય છે. દેહ અને ઇન્દ્રિયો ઉપર બુદ્ધિ સ્થિત હોવાથી મોહ ઉત્પન્ન થાય છે. તે બુદ્ધિ જ્યારે શુદ્ધ થશે ત્યારે જ સ્થિતપ્રજ્ઞની સ્થિતિનો અનુભવ થશે. સમાધિની સ્થિતિનું અદ્ભુત વર્ણન સાંભળીને અર્જુન પ્રભુને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવવાની વિનંતી કરે છે. પ્રભુની વાણી વિશદ અને વિમળ સ્વરૂપે નીતરે છે. દેહરૂપી પ્રપંચની ઉપાધિ છોડીને અંતર્યામીના આનંદથી જે સંતૃપ્ત છે, કોઈ પણ કામના જેને સ્પર્શતી નથી, ગમે તેવી દેહદુઃખની પરિસ્થિતિમાં જેનું ચિત્ત મહા-સુખમાં નિમગ્ન રહે છે, પોતાના આનંદનો પ્રકાશ ચંદ્રની જેમ જે સર્વને સમાન-રૂપે આપે છે; પ્રભુને જે સદૈવ અંતરસ્થ રાખે છે તે સાચો જીવનયોગી છે, તે જ સાચો સ્થિતપ્રજ્ઞ છે.

સ્થિતપ્રજ્ઞનાં આવાં લક્ષણો સાંભળીને અર્જુનને લાગ્યું કે જાણે પ્રભુએ પોતાના મનની જ વાત કહી.

અધ્યાય બીજો

સાંખ્યયોગ

પછી સંજય કહે ધૃતરાષ્ટ્રને,
સાંભળો નૃપ, અર્જુન કરે—
શોકથી અતિ આતુર થઈ
રુદન વિકટ. ૧

ત્યાં કુળ દેખીને સમસ્ત,
સ્નેહ ઊપજ્યો અદ્‌ભુત,
તેથી દ્રવિત થયું ચિત્ત,
થઈ અનાવર. ૨

લવણ ઉપરે જેમ જળ લોલે,
અભ્ર અથવા પવનથી ડોલે,
સુધીર હોવા છતાં પીગળે,
ચિત્ત તેનું. ૩

સ્વજનસ્નેહે અકળાયલો,
દેખાયે છે કરમાયલો,
જાણે કાદવે સપડાયલો,
રાજહંસ. ૪

તેવા તે પાંડુકુમાર,
મહામોહે અતિ જર્જર,
જોઈને શ્રી સારંગધર,
શું બોલિયા. ૫

જોઈ લે અર્જુન અહીં,
ઉચિત છે શું રણ મહીં,
કોણ તું કરે છે કાંઈ,
યાદ કરજે. ૬

તું જ કહે શું થયું,
શું કંઈ ઊણું પડયું,
હવે શું કરવાનું રહ્યું,
આ ખેદ કેવો. ૭

તું અનુચિત કદી ન કરે,
ધીરતા કદી ના છાંડે,
અપયશ તો તવ નામે,
દશદિશા ભાગે. ૮

તું તો શૂરવૃત્તિનું ધામ,
ક્ષત્રિયોનું ગૌરવ લલામ,
વાગે તવ શૌર્યની હાક
ત્રણે લોકે. ૯

તેં સંગ્રામે હરને જીત્યા,
નિવાત કવચને જર્જર કર્યાં,
પરાક્રમ કરીને જીત્યા
ગંધર્વ સકળ. ૧૦

તુજ જોડે મૂલવતાં
પ્રસરે ત્રૈલોક્યે નિસ્તેજતા,
એવું પૌરુષ છે વિશુદ્ધ
પાર્થ તારું. ૧૧

આજે તું કેમ રણમાં
વીરવૃત્તિ ત્યજી પળમાં
કરે છે અધોમુખ થઈ
રુદન આવું. ૧૨

વિચારી જો તું અર્જુન,
થયો કારુણ્યે કેમ દીન,
અંધકારે શું નારાયણ
ગ્રસાયે કદી. ૧૩

પવન મેઘથી ના બીએ,
અમૃતને ના મૃત્યુ હોયે,
ઈંધણ કંઈ ઓછું ગળે
પાવક અરે. ૧૪

લવણ કંઈ જળને પીગળાવે,
અન્ય સંસર્ગે કાલકૂટ મરે,
દેડકી કંઈ ગળી જાએ,
મહાફણી નાગ. ૧૫

શિયાળ શું સિંહને ભીડે,
વિચિત્ર એવું કદી બને,
પરંતુ તે તું સાચું કરે
અહીં આજે. ૧૬

એટલે હજીય હે અર્જુન !
લક્ષમાં લેજે આ વાત હીન,
સત્વરે ધરીને ધીર,
સાવધાન થા. ૧૭

છાંડી દે આ મૂર્ખપણ,
હાથમાં લે ધનુષબાણ,
સંગ્રામ સમયે આ કેવું;
કારુણ્ય તારું ! ૧૮

અરે તું તો મોટો જ્ઞાની,
પછી કેમ ન વિચારે અહીં,
શું યુદ્ધને ટાણે રાખવી
ઉચિત સદયતા. ૧૯

પ્રાપ્તકીર્તિનો થશે નાશ,
નહીં મળશે સ્વર્ગવાસ,
કહે એવું જગન્નિવાસ,
ધનંજયને. ૨૦

એટલે શોક ના કરો,
સંપૂર્ણ ધીરજ ધરો,
શોકને પરહરો,
પાંડુકુંવર. ૨૧

તારે નથી આ ઉચિત,
નષ્ટ થશે યશ સમસ્ત,
હજીય પણ તારું હિત
વિચારી તું જો. ૨૨

આ સંગ્રામને અવસરે,
કૃપા કરવી ના પાલવે,
હમણાં શું સગા થયા
શત્રુ તાહરા. ૨૩

શું પહેલાં નહોતો જાણતો
કે આ ભાઈભાંડુ ને ગોત્રજો,
હવે કેમ આવી કરતો
અતિશયોક્તિ. ૨૪

આ મહાયુદ્ધ આજનું,
આ જન્મે છે શું અનોખું,
પરસ્પરમાં યુદ્ધ નિમિત્ત,
સદાયે થયાં. ૨૫

હવે હમણાં શું થયું,
નવાઈનું વહાલ ઊપજ્યું,
કરે છે તું કર્મ કૂડું,
હું ન જાણું. ૨૬

મોહ ધરવાથી એવું થશે,
છે તે પ્રતિષ્ઠા લોપશે,
અને પરલોક બગડશે,
આ લોક સહિત. ૨૭

હૃદયનું ઢીલાપણું,
ન હોય કારણ શ્રેયનું,
કરાવશે પતન ક્ષત્રિયોનું
રણભૂમિમાં. ૨૮

આમ ઉપદેશે કૃપાવંત,
નાના પ્રકારે ભગવંત,
સાંભળીને એ સર્વ,
અર્જુન શું કહે. ૨૯

હે દેવ આટલું બધું,
ન લાગે અમને કહેવું,
હવે તમારે જ વિચારવું,
સંગ્રામ કાજે. ૩૦

આ યુદ્ધ નહીં, આ પ્રમાદ,
એમાં પ્રવર્તવું છે અપરાધ,
વડીલોનું ઉઘાડું અપમાન,
થાય છે અહીં. ૩૧

જુઓ માતપિતાને અર્ચવાં,
સર્વ પ્રકારે સંતોષવાં,
તેમને જ કેમ મારવાં
આપણે હાથે. ૩૨

દેવ, સંતવૃંદ નમસ્કારીએ,
બની શકે તો પૂજીએ,
પણ નિંદા કેમ કરીએ,
નિજ વાણીથી. ૩૩

તેવા ગોત્રગુરુ આપણા,
નિત્ય કરીએ અભિવંદના,
ભીષ્મદ્રોણ મારા ઘણા
પૂજનીય. ૩૪

વેર જેમનું મનમાં પણ
નથી સ્વપ્ને કરતા આપણ,
ત્યાં પ્રત્યક્ષ કેમ કરવો
ઘાત દેવ. ૩૫

બળ્યું આ જીવવું જીવન,
શું થયું બધાને નથી જાણ,
શું સઘળી વિદ્યાનું પ્રયોજન,
વધ વડીલોનો. ૩૬

પાર્થ છે દ્રોણનું નિર્માણ,
કર્યો દ્રોણે ધનુર્વેદ અર્પણ,
તે જ વિદ્યા વડે તેમનું હનન,
કેવી કૃતઘ્નતા. ૩૭

જેમણે આપ્યું કૃપાનું વરદાન,
ત્યાં જ વહે વ્યભિચાર મન,
શું છું હું કહે અર્જુન,
ભસ્માસુર. ૩૮

સમુદ્રની ગભીરતા સુખ્યાત,
તે તો આભાસ પ્રખ્યાત,
અક્ષોભ્ય તો ખરેખર છે,
દ્રોણ મારા. ૩૯

આ અપાર જે ગગન,
માપવું તેને શક્ય જાણ,
પણ અગાધ ને ગહન
હૃદય તેમનું. ૪૦

અરે અમૃત પણ વણસી શકે,
વજ્રને પણ કાળ તોડી શકે,
પણ મનોધર્મ ન પ્રક્ષોભે
દ્રોણ ગુરુનો. ૪૧

માતાનો પ્રેમ વખણાય,
ઉચિત જ તે કહેવાય,
થઈ પ્રેમકૃપા મૂર્તિમંત
દ્રોણહૈયે. ૪૨

એઓ કારુણ્યના આદિ,
સકળ ગુણોના નિધિ,
વિદ્યાસિંધુ નિરવધિ,
અર્જુન કહે. ૪૩

આવી એમની છે સ્વયંભૂ મહત્તા,
વહી છે અમભણી નિત્ય સહૃદયતા,
હવે કેમ એમનો ઘાત
ચિત્તમાં આવે. ૪૪

આવા ગુરુજનો રણે હણવા,
પછી સુખે રાજ્ય ભોગવવા,
જીવિત એવું જીવવા
મન થતું નથી. ૪૫

આવું રાજ્યસુખ સહેજે શ્રેષ્ઠ,
તેથીય જો હોય વરિષ્ઠ,
ન ઇચ્છું તેમનો લાભ,
ભિક્ષા યાચવી ભલી. ૪૬

નહીં તો દેશત્યાગ કરીએ,
ગિરિકંદરાઓ સેવીએ,
પણ શસ્ત્રો ના ધરીએ
ગુરુજન ઉપર. ૪૭

દેવ, અમારાં અણિદાર શસ્ત્રે,
એમને સાંગોપાંગ વીંધિયે,
પછી સુખભોગ મેળવીએ,
રુધિર-લાંછિત. ૪૮

આ સુખો શીદને ભોગવવાં,
રુધિરલિપ્તને કેમ માણવાં,
વાત તમારી રુચતી નથી
જરીએ મને. ૪૯

એવું અર્જુન તે અવસરે
કહે, શ્રીકૃષ્ણ સાંભળે,
પણ મુરારિ મને ના ધરે
સાંભળીને. ૫૦

જાણીને પાર્થ ભય પામ્યો,
પુનરપિ બોલવા લાગ્યો,
દેવ, કેમ દેતા નથી
ધ્યાન આપ. ૫૧

જે સહેજે હતું મારા ચિત્તે,
તે અહીં બોલ્યો વિગતે,
એમાં શું છે મારા હિતે,
જાણો તમે. ૫૨

પણ જેમની સાથે વેર
સહી ન શકે પળ એક પ્રાણ,
તે જ સંગ્રામ કાજે
આવી ઊભા. ૫૩

હવે એવાઓને હણવા
કે સમરાંગણ છોડવા—
ઉભયમાંથી શું કરવા
યોગ્ય છે કહો ૫૪

મારે માટે શું ઉચિત
તેમને ના સ્ફુરત,
એમના મોહે ચિત્ત
વિકલ મારું. ૫૫

જેમ તિમિર અવરુદ્ધે
દૃષ્ટિનું તેજ ભ્રંશે,
પાસેની ના દીસે
વસ્તુ કોઈ. ૫૬

દેવ, તેવું મારું થયું,
મન ભ્રાંતિથી ગ્રસાયું,
હવે શું છે હિત મારું,
જાણું નહીં. ૫૭

હવે કહો શ્રીકૃષ્ણ,
શેમાં અમારું કલ્યાણ,
તમે સર્વસ્વ સખા સકળ
અમારા જે. ૫૮

તું ગુરુ, બંધુ, પિતા,
તું અમારો ઇષ્ટદેવતા,
તું જ સદા રક્ષિતા
વિપદ્કાળે. ૫૯

જેમ શિષ્યને ગુરુ
સર્વથા ન ત્યજે ખરું;
સરિતાનો જેમ સાગર
ત્યાગ ના કરે. ૬૦

અથવા જેમ માતા પુત્રને
ચાલી નીકળે છોડીને,
તો એ કેમ જીવે
કહો કૃષ્ણ. ૬૧

તેવા તમે સર્વ પ્રકારે
છો પ્રભુ એક જ અમારે,
જો ન થયો હોય ક્ષોભ મને
મુજ વાતથી. ૬૨

તો ઉચિત શું અમ કાજે
જે ધર્મયુક્ત અને છાજે,
તે હવે કહો સત્વરે
પુરુષોત્તમ. ૬૩

આ સકળ કુળ જોઈને,
જે શોક ઊપજ્યો મનને,
તે તારા શબ્દો વિના
લોપશે નહીં. ૬૪

પૃથ્વીનું સામ્રાજ્ય મળશે,
સ્વર્ગનું ઇન્દ્રપદ લાધશે,
તોય સર્વથા નહીં શમશે
મોહ મનનો. ૬૫

જેમ સર્વથા દગ્ધ બીજ,
કોઈ વાવે જોઈને સુક્ષેત્ર,
કરવા છતાં જળસિંચન,
અંકુરે ના. ૬૬

અથવા આયુષ્ય જ્યાં ઓસરે,
ઔષધે કંઈ ના સરે,
રક્ષી શકે એક માત્ર
પરમામૃત. ૬૭

તેમ રાજ્યભોગ-સમૃદ્ધિ
ઉજાળે ના કદી બુદ્ધિ,
કારુણ્ય તમારું કૃપાનિધિ
અહીં સમર્થ. ૬૮

એવું અર્જુન ત્યાં બોલે,
ક્ષણ એક ભ્રાંતિ છોડે,
પણ પુનરપિ વ્યાપે
મોહ તેને. ૬૯

મને લાગે એ ઊર્મિ ન્હોયે,
એ નિરાળું કંઈક હોયે,
અર્જુન ગ્રસાયો કાળસર્પે
મહામોહના. ૭૦

હૃદયકમળના મર્મસ્થાને,
કરુણાની સમી સાંજે,
હોવાથી સર્પનો દંશ,
વિષ ભયંકર. ૭૧

જાણીને વિશેષ પ્રસંગ,
સ્નેહે નીતરતા શ્રીરંગ,
દૃષ્ટિ વડે વિષને હરંતા
વા'રે ચડયા. ૭૨

એવો હતો પાંડુકુંવર વ્યાકુળ,
ભાગ્યથી પાસે હતા શ્રીગોપાળ,
કૃપાસભર દૃષ્ટિપાતે
રક્ષશે હવે. ૭૩

એટલે જ ત્યાં પાર્થ,
મોહ-ફણિધરથી ગ્રસ્ત,
કરે એવું સવિશેષ
હેતુ જાણીને. ૭૪

પછી ત્યાં ધનંજય જોયો,
ભ્રાંતિના સ્પર્શથી મોહ્યો,
જાણે ઘન વાદળે ભાનુ
આચ્છન્ન થયો. ૭૫

તેવા તે ધનુર્ધર,
થયેલા દુઃખે જર્જર,
જાણે ગ્રીષ્મકાળે ગિરિવર,
વનદવે. ૭૬

એટલે સહેજે સુનીલ,
કૃપામૃતે સજલ,
વરસિયા શ્રીગોપાલ
મહામેઘ. ૭૭

ત્યાં સુંદર દંતપંક્તિ,
તેજવિદ્યુલ્લતા ચમકંતી,
ગભીર વાણી રસળતી
ગર્જના સમી. ૭૮

તે ઉદ્ગાર કેવા વરસશે,
અર્જુનનો ચિત્તદાહ ઠરશે,
પછી નવા અંકુરો ફૂટશે,
ઉન્મેષોના. ૭૯

હવે એ કથા સાંભળો,
મનને વિશ્રામ સાંપડો,
જ્ઞાનદેવ કહે, જુઓ
નિવૃત્તિદાસ. ૮૦

સંજય કહે, હે ધૃતરાષ્ટ્ર!
સાંભળો પાર્થની વાત,
પાછો થઈને શોકાકુલ
કેવું બોલે. ૮૧

સખેદ કહે શ્રીકૃષ્ણને,
હવે મનાવવા ન મથોને,
હું સર્વથા યુદ્ધ નહીં કરું;
ખાતરી રાખો. ૮૨

એવું એકશ્વાસે બોલિયા,
પછી મૌન થઈ બેસી ગયા,
જોઈને શ્રીકૃષ્ણ તે દશા
વિસ્મિત થયા. ૮૩

પછી પોતાના ચિત્તમાં કહ્યું,
અહીં એણે આ શું આદર્યું,
અર્જુને ચિત્તે છે શું ધાર્યું,
સમજાય ના. ૮૪

આ કેવી રીતે સમજશે,
કેમ કરીને ધીર ધરશે,
ગ્રહોને જેમ પંચાક્ષરી
દેખતા થયા. ૮૫

અસાધ્ય જોઈને વ્યાધિ,
અમૃતસમી દિવ્ય ઔષધિ
વૈદ્ય પ્રયોજે નિરવધિ,
અંતિમ પળે. ૮૬

તેવું વિચારતા શ્રીઅનંત,
ઉભય સૈન્યો જ્યાં ઉદ્યત,
કેમ કરીને પાર્થ
ભ્રાંતિ છાંડશે. ૮૭

તે કારણ ધારીને મનમાં,
બોલ્યા રોષભરી વાણીમાં,
જેમ માતાના રોષમાં
સ્નેહ વિરાજે. ૮૮

અથવા ઔષધોના કટુ સ્વાદમાં
અમૃત ભર્યું છે બિંદુ બિંદુમાં,
પ્રકટ ન હોવા છતાં
અંતરનિહિત. ૮૯

તેવા પ્રત્યક્ષમાં ઉદાસ,
પણ જેમાં ભરેલો પ્રેમરસ,
એવાં વાક્યો હૃષીકેશ
બોલતા થયા. ૯૦

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું :
આજે મેં નવલ જોયું,
અહીં આ જે તેં આદર્યું
યુદ્ધ મધ્યે. ૯૧

નિજને માને છે જ્ઞાની,
પણ અજ્ઞાનને ન છોડી,
અને જો શીખવું તો શીખવે
જ્ઞાન સુજને. ૯૨

જન્માંધને લાગતાં ગાંડપણ,
કરે ગમે ત્યાં સ્વૈર ભ્રમણ,
એવું જ તારું શાણપણ
દીસે મને. ૯૩

તું કોણ છું તે ન જાણે,
પણ કૌરવો વિષે શોક કરે,
આનું જ બહુ વિસ્મય અમને,
વારંવાર. ૯૪

आम्नाय--ग्रन्थालय,

હવે તું મને કહે અર્જુન,
તારામાંથી જન્મ્યું શું ત્રિભુવન,
આ અનાદિ વિશ્વરચના,
મિથ્યા છે શું. ૯૫

અહીં સમર્થ જગન્નાથ,
તેનાથી સર્વ ઉત્પન્ન ભૂતજાત,
એવું જે કહેવાય સર્વ લોકે,
તે શું વ્યર્થ. ૯૬

શું આ સાંપ્રતમાં નવું છે,
કે તેં આ જન્મમૃત્યુ સૃજ્યું છે,
અને સૌનો થશે સર્વનાશ,
તારાથી જ. ૯૭

તારો એ ભ્રાંતિભર્યો અહંકાર,
કે આમને ન હણું એ વિચાર,
પણ કહે જીવવાના તે
શું ચિરંતન. ૯૮

શું તું એક જ મારનાર,
અને સકળ લોક મરનાર,
એવી ભ્રાંતિ કદી ચિત્તે
ધારતો નહીં. ૯૯

અનાદિ સિદ્ધ છે સકળ,
વધઘટનો એનો સ્વભાવ,
એને ગણે કેમ શોચનીય,
કહે મને. ૧૦૦

પરંતુ મૂર્ખપણે જુએ,
ન ચિંતવાનું તે ચિંતવે,
અને તું જ ધર્મ શીખવે,
અમને આજે. ૧૦૧

અરે જે વિવેકી હોયે,
તેમને ઉભયને શોક ન્હોયે,
હોવું-જાવું ભ્રાંતિ સઘળી,
એટલે અરે. ૧૦૨

અર્જુન જે કહું તે સાંભળ,
અહીં તું હું ને સકળ,
અને જે સર્વ ભૂપાળ,
એકઠા થયા. ૧૦૩

નિત્ય આવા જ રહીશું,
અથવા નિશ્ચયે ક્ષય પામીશું,
આ ભ્રાંતિ ભાંગતાં અરે
જન્મમૃત્યુ મિથ્યા. ૧૦૪

આ ઊપજે અને નાશે,
તે દેખાય માયાવશે,
અરે મૂળ વસ્તુ જે છે,
અવિનાશી તે. ૧૦૫

જેમ પવન પાણીને હલાવે,
તરંગનો આકાર ઉપજાવે,
કોણ ક્યાં જન્મ્યું ત્યારે,
કહેવાય ના. ૧૦૬

પછી પવનનાં સ્ફુરણો ક્યાં,
વારિ સહજ સપાટ થયાં,
કોણ ત્યારે નાશ પામ્યા,
વિચારી જુઓ. ૧૦૭

સાંભળ હવે, શરીર છે એક,
વયભેદે ભાસે અનેક,
એ તો પ્રત્યક્ષ જ દેખ,
પ્રમાણ તું. ૧૦૮

અહીં કૌમારત્વ દીસે,
તે યૌવન આવે ભ્રંશે,
પણ દેહ ન પડે વિનાશે,
પ્રત્યેક સાથે. ૧૦૯

તેમ ચૈતન્યને આશ્રયે
શરીરાંતર થતું રહે,
એવું જાણે તેને ન થાયે
વ્યામોહદુઃખ. ૧૧૦

આ અજ્ઞાનનું એક જ કારણ,
ઇન્દ્રિયોનું આધીનપણ,
લપટાયું છે અંતઃકરણ,
માટે જ ભ્રમ છે. ૧૧૧

ઇન્દ્રિયો વિષયને સેવે,
ત્યાં હર્ષશોક ઊપજે,
ચિત્તને પણ તે ઘેરે,
તે જ ઘડીએ. ૧૧૨

અરે જુઓ આ વિષય,
નથી તેમનો એકનિષ્ઠ સ્વભાવ,
કદી આપણને દુઃખ આપે,
સુખ અરે કદી. ૧૧૩

હવે જોતાં શબ્દોની વ્યાપ્તિ,
સમાવે નિંદા અને સ્તુતિ,
ત્યાં દ્વેષાદ્વેષની નિષ્પત્તિ,
શ્રવણદ્વારે. ૧૧૪

મૃદુ અને કઠણ,
સ્પર્શના એ બે ગુણ,
દેહ સંગે બને કારણ,
સંતોષ ખેદ ના. ૧૧૫

ભયંકર અને સુરેખ
રૂપનાં સ્વરૂપ દેખ,
જે ઉપજાવે સુખદુઃખ,
નેત્રદ્વારે. ૧૧૬

સુગંધ અને દુર્ગંધ,
આ પરિમલના ભેદ,
જે ઘ્રાણસંગે વિષાદ,
તોષ આપે. ૧૧૭

તેવા જ દ્વિવિધ રસ,
ઉપજાવે પ્રીતિ-ત્રાસ,
તેથી જ સ્મૃતિભ્રંશ,
નિજ રૂપનો. ૧૧૮

જો ઇન્દ્રિયાધીન હોઈએ,
તો શીતોષ્ણને પામીએ,
અને સુખદુઃખે અકળાઈએ
આપણે રે. ૧૧૯

આ વિષયો વિના કાંઈ,
બીજું સર્વથા રમ્ય નાહીં,
એવો સ્વભાવ જ અરે
ઇન્દ્રિયોનો. ૧૨૦

આ વિષયો પણ કેવા,
મૃગજળ જેવા,
કાં સ્વપ્નમાં દેખાયલા
જેમ હાથી. ૧૨૧

જો એ અનિત્ય આ પેરે,
તો એમને તું અવગણે,
સંગ એમનો સર્વથા ન કરે,
હે ધનુર્ધર. ૧૨૨

જેમને વિષયો મધુર ના લાગે,
તેમને સુખદુઃખ ના વળગે,
અને જન્મમરણ ના હોયે
તેમને તો. ૧૨૩

તે જ તો નિત્ય રૂપ પાર્થ,
ઓળખે તું સમર્થ,
જેમને સર્વ ઇન્દ્રિયાર્થ,
અડકતા નથી. ૧૨૪

હવે અર્જુન વાત છે એક,
કહીશ હું, તે યાદ રાખ,
જેને વિચારવંત લોક
ઓળખે છે. ૧૨૫

આ ઉપાધિમાં જે ગુપ્ત,
ચૈતન્ય છે સર્વગત,
જેનો તત્ત્વજ્ઞો અખંડિત
સ્વીકાર કરતા. ૧૨૬

જેમ સલિલમાં દૂધ હોયે,
એક થઈ ને મળી રહે,
કરીને એને જુદું, આરોગે
રાજહંસ. ૧૨૭

અથવા વલોવીને બુદ્ધિ વડે,
મથે છે જોને દધિને,
અને ગ્રહે છે આખરે
નવનીત તે. ૧૨૮

ભૂસું ને બીજ મળેલાં,
ઝાટકતાં સૂપડે થાય વેગળાં,
પછી શેષ રહે જે વિશુદ્ધા,
તે જ ગ્રહીએ. ૧૨૯

તેમ વિચારે વિશ્લેશતા,
જણાયે પ્રપંચ કેવા મિથ્યા,
પછી તત્ત્વત: તત્ત્વ રહે
જ્ઞાની પાસે. ૧૩૦

એટલે અનિત્યને ઠામે,
આસ્તિકતા સર્વથા ન્હોયે,
નિત્યાનિત્યનો નિષ્કર્ષ
જ્ઞાત તેમને. ૧૩૧

જુઓ સારાસાર વિચારતાં,
ભ્રાંતિમાં જોઈ અસારતા,
સાર તે તો સ્વભાવના
નિત્ય હોયે. ૧૩૨

આ લોકત્રયાકાર
છે જેહનો વિસ્તાર,
ત્યાં નામવર્ણઆકાર
નથી સમૂળગા. ૧૩૩

જે સર્વદા સર્વગત,
અને જન્મ ક્ષયાતીત,
તેનો કરવા જતાં ઘાત,
થાયે નહીં કદી. ૧૩૪

અને શરીરજાત સકળે
છે નાશવંત સ્વભાવે,
માટે તારે ઝૂઝવું યુદ્ધે,
પાંડુકુંવર. ૧૩૫

ધરીને દેહાભિમાનને,
પોતે દેહ છું એમ માને,
હું મારું છું, તે મરે છે,
એવું કહે. ૧૩૬

જો અર્જુન તું વિચારીશ,
જરા તત્ત્વદૃષ્ટિએ જોઈશ,
કે હણનારો તું નથી,
તેઓ વધ્ય ન્હોયે. ૧૩૭

જેવું સ્વપ્નમાં જે દેખીએ,
તે સ્વપ્નમાં સાચું માનીએ,
પણ જાગીને જોઈએ
તો કશું નથી. ૧૩૮

તેવી આ જાણ માયા,
કેમ છો ભ્રમમાં ભટકાયા,
કે શસ્ત્રે હણે જો છાયા,
દેહે ન ખૂંચે. ૧૩૯

કે પૂર્ણ કુંભ ઢોળાયે,
પડેલું પ્રતિબિંબ ભૂંસાયે,
ભાનુને કંઈ ના થાયે,
તેવું થાતાં. ૧૪૦

ઘટમાં અવકાશ પ્રવેશે,
ઘટાકૃતિ અવતરશે,
ઘટ ભાંગતાં અભંગ,
રહેશે સ્વરૂપ. ૧૪૧

તેમ શરીરના લોપે,
સર્વથા નાશ નહીં સ્વરૂપે,
નાશની ભ્રાંતિ ના આરોપે,
સ્વરૂપમાં કદી. ૧૪૨

જેમ જીર્ણ વસ્ત્ર ઉતારીએ
અને નૂતન ધારીએ,
તેમ દેહાંતર સ્વીકારીએ,
ચૈતન્યનાથ. ૧૪૩

આ છે અનાદિ નિત્યસિદ્ધિ,
નિરૂપાધિ વિશુદ્ધિ,
માટે ન થાય છેદ એનો
શસ્ત્રાદિકોથી. ૧૪૪

એ પ્રલયોદકે ડૂબે નહીં,
અગ્નિદાહ સંભવે નહીં,
અહીં મહાશોષ પ્રભવે નહીં,
માતરિશ્વાનો. ૧૪૫

અર્જુન આ છે નિત્ય,
અચળ છે આ શાશ્વત,
સર્વત્ર સદોદિત,
પરિપૂર્ણ આ. ૧૪૬

આ તર્કની દૃષ્ટિએ,
અરે ક્યારેય પ્રાપ્ય ન્હોયે,
ધ્યાનને એના મિલનાર્થે
આરત રહે. ૧૪૭

આ સદા દુર્લભ છે મનને,
વશ નથી કોઈ સાધનને,
અને નિઃસીમ છે અર્જુન,
પુરુષોત્તમ. ૧૪૮

એ તો ગુણત્રયારહિત,
અનાદિ અને અવિકૃત,
વ્યક્તિમાત્રથી અતીત
સર્વરૂપ. ૧૪૯

અર્જુન, એવા એ જાણવા,
સકળાત્મક દેખવા,
પછી સહેજે શોક સઘળા
થશે શાંત. ૧૫૦

અથવા જો તું એ ન માને,
નાશવંત છે એવું જ કહે,
તોયે શોક કરવો ન ઘટે,
પાંડુકુંવર. ૧૫૧

જે પોતે આદિ-સ્થિતિ-અંત,
વહે નિરંતર એવું નિત્ય,
જેવો પ્રવાહ અનુસ્યૂત,
ગંગાજળનો. ૧૫૨

ગંગોત્રીમાં રહે અખંડિત,
સમુદ્રમાં પણ ન ખંડિત,
મધ્યમાં પણ એવું જ વહેતું,
દેખાય છે. ૧૫૩

આ ત્રણેય પણ તેવા
રહે વહેતા સદાસર્વદા,
કોઈ કાળેય ભૂતજાતમાં
થંભતા નથી. ૧૫૪

એટલે આ સર્વ વિશે,
કરવો ન શોક નિમિષે,
એ તો સ્થિતિ છે સ્વભાવે,
અનાદિ એવી. ૧૫૫

નહીં તો હે અર્જુન!
ન માને કેમેય તારું મન,
જોઈને લોક આધીન,
જન્મમરણને. ૧૫૬

તોપણ અહીં કાંઈ,
તુજ શોકનું કારણ નાહીં,
આ જન્મમૃત્યુ હોઈ,
અપરિહર. ૧૫૭

ઊપજે તે નાશે,
નાશે તે પુનરપિ ઊપજે,
કે ઘટિકાયંત્રની જેમ
આ પરિભ્રમે. ૧૫૮

અથવા ઉદય-અસ્ત સહેજે
આપમેળે અખંડિત વહે,
જન્મમરણ તેમ હોયે
અનિવાર્ય. ૧૫૯

મહાપ્રલયને અવસરે
આ ત્રૈલોક્ય પણ સંહરે,
એટલે આ ન પરિહરે
આદિઅંત. ૧૬૦

તું જો આ સઘળું જાણતો,
કહે ખેદ કેમ કરતો,
શું જાણ્યું અજાણ્યું કરતો,
હે ધનુર્ધર. ૧૬૧

હજી પણ છે વાત એક,
વિચારતાં બહુ પ્રકારે અત્ર,
દુઃખ કરવા જે કારણ
સર્વથા નથી. ૧૬૨

જે આ સમસ્ત ભૂતજાત,
જન્મ પહેલાં હોયે અમૂર્ત,
પણ પામે છે પછી આકાર
જન્મ લેતાં. ૧૬૩

પછી જ્યારે તેમનો ક્ષય થાયે,
ગતિ તેમની અન્ય ના હોયે,
એ તો પૂર્વસ્થિતિને જ પામે
આપમેળે. ૧૬૪

અરે મધ્યકાળે જે પ્રતિભાસે,
તે નિદ્રામાં જેમ સ્વપ્ન દીસે,
તેવો આકાર આ માયાવશે
સ્વસ્વરૂપમાં. ૧૬૫

અથવા નીર પવનસ્પર્શે
તરંગાકાર આભાસે,
અલંકાર રૂપે દેખાયે
હેમ જેવું. ૧૬૬

તેમ સકળ આ મૂર્ત
જાણ માયાકારિત,
જેમ આકાશે બિંબિત
અભ્રપટલ. ૧૬૭

તેમ આદિથી જે નથી
તે કાજે તું રડે શાથી,
જો અમર છે તે એક
ચૈતન્યને. ૧૬૮

જેહની ઉત્કંઠા કાજે
સંતો સર્વ વિષયો ત્યજે,
અને વિરક્તો જેહની આરતે
થાય વનવાસી. ૧૬૯

જેમને દૃષ્ટિમાં રાખીને
બ્રહ્મચર્યાદિ વ્રતો કરે,
અને મુનિવરો કરે
તપાચરણ. ૧૭૦

એક અંતરે હોય નિશ્ચલ
તેને નિહાળીને કેવલ,
અને વીસરે સકલ
સંસારજાત. ૧૭૧

કોઈ ગુણાનુવાદ કરતાં
પામીને ઉપરતિ ચિત્તમાં,
થાયે નિરવધિ તલ્લીન
નિરંતર. ૧૭૨

કોઈ શ્રવણમાત્રથી નિરાંતે
તેમનો દેહભાવ ઓસરે,
કોઈ અનુભવથી પામે,
તદ્રૂપતા. ૧૭૩

જેમ સરિતાઓઘ સમસ્ત
સમુદ્રમાં જઈ ભળત,
ફરી પાછા ન વળત
કદાપિ જે. ૧૭૪

અરે તેવી યોગીઓની ગતિ
સ્વરૂપમાં મળીને એક થતી,
જન્મમરણની પુનરાવૃત્તિ
ભોગવે ના. ૧૭૫

જે સર્વત્ર સર્વ દેહે,
જેનો કદી ઘાત ન હોયે,
તે વિશ્વાત્મક તું જોઈ લે
ચૈતન્ય એક. ૧૭૬

આ ચૈતન્યના સ્વભાવે
સર્વનાં ઉત્પત્તિલય થાયે,
પછી કહે, કેમ કશાનો
શોક કરવો. ૧૭૭

શા કાજે અરે પાર્થ,
તારા મનને ના પટત,
બધી દૃષ્ટિએ આ હીણપત,
અનુચિત દીસે. ૧૭૮

કેમ હજીયે ન વિચારે,
અને શાનું ચિંતન કરે,
તું સ્વધર્મને કેમ વીસરે,
ઉદ્ધારક જે. ૧૭૯

જો હણાયા સઘળા કૌરવો,
કે તું જ ઘાતનો સંભવ થયો,
અથવા યુગપ્રલય આવી ચડ્યો,
જે કદી અહીં. ૧૮૦

તોપણ સ્વધર્મ એક છે,
તે સર્વથા અત્યાજ્ય છે,
પછી કેમ તું તરી જશે
કૃપા દાખવી. ૧૮૧

એટલે અર્જુન તારું ચિત્ત
જો થયું દ્રવીભૂત,
તોપણ તે અનુચિત
સંગ્રામસમયે. ૧૮૨

અરે ગોદુગ્ધ પણ જો હોયે
તોયે પથ્યમાં ન લેવાયે,
અપાતાં તેનું વિષ થાયે,
નવજ્વરમાં. ૧૮૩

એક કરવું ત્યાં બીજું કરાયે,
તો સ્વહિતનો નાશ થાયે,
એટલે અર્જુન, તું હવે
સાવધાન થા. ૧૮૪

વ્યર્થનો વ્યાકુળ કેમ થાયે,
નિજ ધર્મને કેમ ના જુએ,
જે આચરતાં કોઈ કાળે
અહિત ના થશે. ૧૮૫

જેમ રાજમાર્ગે ચાલતાં,
અપાય ન થાય સર્વથા,
કે દીપાધારે પ્રવર્તતાં
લથડાય ના. ૧૮૬

તેવી રીતે હે પાર્થ,
આચરીએ જો સ્વધર્મ,
તો સકલ કામ પૂર્ણ
સહજે જ થાયે. ૧૮૭

એટલે આ પ્રસંગે અત્રે
ક્ષત્રિયો માટે અન્ય ન હોયે
સંગ્રામ વિણ ઉચિત
જાણ અર્જુન. ૧૮૮

નિષ્કપટ થઈ જાવું,
યુદ્ધે શત્રુ સામે ઝૂઝવું,
હવે બીજું શું કહેવું
યુદ્ધને પ્રસંગે. ૧૮૯

અરે અર્જુન, આજનો યુદ્ધપ્રસંગ,
સૂચવે તમારા ભાગ્યનો ઉદય,
પ્રગટ્યું સકલ ધર્મનિધાન
તમારે કાજે. ૧૯૦

ખરું જોતાં આ સંગ્રામ
જાણે બીજું સ્વર્ગધામ
થયું છે આજ જોવા,
૩ પ્રતાપ તારો. ૧૯૧

અથવા ગુણોથી મોહીને,
હોંશભેર આરત લઈને,
કીર્તિ આવી તુજ કને
૪ સ્વયંવરાર્થે. ૧૯૨

જે ક્ષત્રિયો બહુ પુણ્ય કરે,
તો જ આવો સંગ્રામ સાંપડે,
માર્ગે ચાલતાં નજરે પડે
૫ ચિંતામણિ. ૧૯૩

અથવા બગાસે મુખ ઊઘડે
એમાં ઓચિંતું અમૃત પડે,
તેવો આ સંગ્રામ અરે
૬ આવી ખડો. ૧૯૪

જો એવો સંગ્રામ ઉપેક્ષીએ,
વ્યર્થ શોકચિંતા સેવીએ,
તો કરીશું અકલ્યાણ આપણું
૭ આપણે હાથે. ૧૯૫

જે પૂર્વજોએ મેળવી
તે કીર્તિ આપણે ખોઈ–
જો આજે શસ્ત્ર છોડયાં
અહીં રણમાં. ૧૯૬

મેળવેલી કીર્તિ જાશે,
જગત અભિશાપ આપશે,
બધા ભેળા થાશે આવીને
મહા દોષ. ૧૯૭

જેમ ભરથારહીન વનિતા
અપમાન પામે સર્વથા,
થશે તેવી દશા જીવતાં
સ્વધર્મ વિના રે. ૧૯૮

અથવા રણે પડેલાં શબો
ચોમેરથી ફાડી ખાય ગીધો,
સ્વધર્મહીન તેમ ઘેરાયે
મહા દોષે. ૧૯૯

જો તું સ્વધર્મ છોડશે
પાપનો ભાગી થશે,
અને અપયશથી ન બચાશે
કલ્પો સુધી. ૨૦૦

ત્યાં સુધી જ શાણાઓ જીવે
જ્યાં સુધી અપકીર્તિ ન વળગે,
અને કહે, યુદ્ધથી શેં નસાયે
અહીંઆંથી હવે. ૨૦૧

જો તું નિર્મત્સર થઈ દયા કરીશ,
યુદ્ધ મૂકી પાછો ફરીશ,
સમજાશે નહીં આ સકલ
તારો વિચાર. ૨૦૨

પછી ચોદિશેથી ઊઠશે
બાણોની વર્ષા કરશે,
પછી પાર્થ તું ન છૂટશે
દયા કરેથી. ૨૦૩

જો બચ્યો પ્રાણસંકટે,
કદાચ એવું પણ ઘટે,
તો જીવવું વસમું થશે
મરણ કરતાં. ૨૦૪

હજી એક વાત વિચારી જો,
ઉત્સાહથી તું યુદ્ધે ચડયો,
હવે જો જઈશ તું પાછો
કરુણા-વશે– ૨૦૫

તો તારું તે અર્જુન
શું દુશ્મનો દુર્જન
માનશે કર્મ સમુચિત,
કહે મને. ૨૦૬

એઓ કહેશે, ભાગ્યો રે ગયો,
અર્જુન અમારાથી ડર્યો,
આવો અપવાદ રહેવા દેવો,
એ શું ઉચિત છે. ૨૦૭

લોકો બહુધા બહુ પ્રયાસે
પોતાના પ્રાણ પણ સમર્પે
અને નિજ કીર્તિને વધારે,
હે ધનુર્ધર. ૨૦૮

તે તુજ કને અનાયાસે,
અણકલિત પ્રાપ્ત થઈ વસે,
એ તે છે અદ્વિતીય,
ગગન જેવી. ૨૦૯

તેવી કીર્તિ નિ:સીમ
તારી પાસે છે નિરુપમ,
તારા ગુણોય ઉત્તમ
ત્રણે લોકે. ૨૧૦

ભૂપતિઓ દિગંતના
ભાટ થઈ ગાયે તારી નામના,
તે સાંભળી ભયભીત થાયે
યમરાજ પણ. ૨૧૧

એવો તારો મહિમા નિરામય,
વહે ગંગા સમ અનાવિલ,
જે જોઈને થયા સુભટ
ભાટ તારા. ૨૧૨

તે પૌરુષ તારું અદ્ભુત
સાંભળીને સૌ સમસ્ત,
થયા અતિશય વિરક્ત
નિજ જીવનથી. ૨૧૩

જેમ સિંહની ગર્જના
યુગાન્ત આણે મદમુખા,
તેમ સકલ કૌરવોમાં
તારી ધાક. ૨૧૪

જેમ પર્વત વજ્રથી,
અથવા સર્પ ગરુડથી,
તેમ અર્જુન સૌ તારાથી
ડરતા સદા. ૨૧૫

તારું અગાધપણું જાશે,
પછી હીનત્વ માથે આવશે,
જો તું પાછો ભાગશે
યુદ્ધમાંથી. ૨૧૬

એઓ તને ભાગવા નહીં દેશે,
પકડીને વિટંબણા કરશે,
અને અગણિત નિંદા થશે
તને સંભળાવવા. ૨૧૭

તે વેળા ભગ્નહૃદય થઈએ
તો શૂરત્વે આ પળે શેં ન લડીએ
અને યશ મળતાં મહીતલ ભોગવીએ
આપણે અરે. ૨૧૮

અથવા રણમાં અહીં
ઝૂઝતા પડે જીવ કાંઈ,
તો સ્વર્ગસુખ અણકલિત
પામશે તું. ૨૧૯

એટલે સાંભળીને આ વાત
વિચાર ના કર કિરીટ,
હવે ધનુષ ધારીને ઊઠ
ઝૂઝમ વેગે. ૨૨૦

અરે સ્વધર્મ આચરતાં,
દોષ નહીંવત્ થાતાં,
હવે ભ્રાંતિ કેમ ચિત્તે
પાપો તણી. ૨૨૧

કહે, નૌકા કદી ડૂબે,
માર્ગે ચાલનાર કદી લથડે,
પણ જો ચાલતાં ન આવડે
તો જ તેવું બને. ૨૨૨

અમૃતે પણ માણસ મરે
જો વિષ એમાં ભેળવે,
તેવો સ્વધર્મી દોષ પામે,
અભિલાષે. ૨૨૩

એટલે હે પાર્થા,
હેતુ છોડીને સર્વથા,
તારી ક્ષાત્રવૃત્તિએ ઝૂઝતાં,
પાપ નહીં. ૨૨૪

સુખમાં સંતોષ ન માનીએ,
દુઃખમાં વિષાદ ન આણીએ,
અને લાભાલાભ ન ધારીએ
મનમાં કદી. ૨૨૫

અહીં વિજય પણ મળશે,
અથવા દેહ સર્વથા પડશે,
આગળથી લાભહાનિ વિશે
કંઈ ચિંતવું નહીં. ૨૨૬

આપણે કાજે જે ઉચિત,
તે સ્વધર્મ આચરે ચિત્ત,
પછી જે આવે તે નિરાંત,
સહન કરવું. ૨૨૭

એવું મને નિરધારીએ
તો દોષ ન આવે સ્વભાવે,
એટલે હવે ઝૂઝવું યુદ્ધે,
નિર્ભ્રાંત તારે. ૨૨૮

આ સાંખ્યસ્થિતિ સંક્ષિપ્ત
કરી મેં તુજને નિવેદિત,
હવે બુદ્ધિયોગ નિશ્ચિત
અવધારજે. ૨૨૯

જે યોગથી બુદ્ધિયુક્ત
થવાશે જ્યારે પાર્થ,
જગતમાં કોઈ કર્મબંધ
બાંધી શકે ના. ૨૩૦

જેમ વજ્રકવચ ધારીએ,
પછી શસ્ત્રવર્ષા સહીને
અને નિશ્ચયે વિજયને વરીએ
અરે આપણ. ૨૩૧

તેમ ઐહિક ના વિલાયે,
મોક્ષ સહેજે સિદ્ધ થાયે,
એવો દેખાય છે વિશુદ્ધ
પૂર્વાનુક્રમ. ૨૩૨

કર્મને આધારે પ્રવર્તીએ,
પણ કર્મફળ ન વાંછીએ,
જેમ મંત્રજ્ઞને ન સ્પર્શે
ભૂતબાધા. ૨૩૩

તેવી જ આ સુબુદ્ધિ
પ્રાપ્ત થતાં અરે નિરવધિ,
આ કર્મની કોઈ ઉપાધિ
આપણને ન બાંધે. ૨૩૪

જ્યાં ન સંચરે પુણ્યપાપ,
જે સૂક્ષ્મ અતિ નિષ્કંપ,
ગુણત્રયાદિ લેપ
ત્યાં ન લાગે. ૨૩૫

અર્જુન, જો પુણ્યવશે
હૃદય જાગે બુદ્ધિપ્રકાશે,
તો સદંતર નષ્ટ થશે
સંસારભય. ૨૩૬

જેમ દીપકલિકા નાની
પ્રગટાવે તેજનાં રશ્મિ,
તેવી જ આ નાનકી સુમતિ
ઉપેક્ષીએ નહીં. ૨૩૭

હે પાર્થ, સૌએ એ પામવી,
વિચારશૂરોએ એ અપેક્ષવી,
કેમ કે દુર્લભ સચરાચરે
સદ્વાસના. ૨૩૮

જેમ પાષાણ બહુયે મળે,
તેમ પારસમણિ ના જડે,
અથવા અમૃતબિંદુ મળે
દૈવગુણે. ૨૩૯

તેવી જ દુર્લભ આ સદ્દબુદ્ધિ,
જે વહે પરમાત્મ ભણી,
જેમ ગંગાની સાગર ભણી
ગતિ નિરંતર. ૨૪૦

તેમ ઈશ્વર વિના બીજું
જે ઇચ્છે ન પ્રાપ્ત કરવું,
છે સકલ પ્રાપ્તોમાં એવી
બુદ્ધિ અર્જુન. ૨૪૧

બીજી બધી જે દુર્મતિ
તે કરાવે વિષયપ્રાપ્તિ,
એટલે રમે સૌ અવિવેકી
ત્યાં નિરંતર. ૨૪૨

મળે તેઓને હે પાર્થ,
સ્વર્ગ ભૂલોક કે નરક,
ન મળે આત્મસુખ
કદાપિ તેમને. ૨૪૩

વેદાધારે બોલતા,
કેવળ કર્મ પ્રતિષ્ઠતા,
પણ કર્મફળે ધરતા
આસક્તિ સદા. ૨૪૪

કહે છે સંસારમાં જન્મવું,
યજ્ઞાદિક કર્મ કરવું,
પછી સ્વર્ગસુખ ભોગવવું
મનોહર. ૨૪૫

આ વિના બીજું કાંઈ
અહીં સર્વથા સુખ નાહીં,
એવું બોલતા જોયા પાર્થ,
દુર્બુદ્ધિ લોકો. ૨૪૬

જોયા કામના અભિભૂત
થઈને કર્મો આચરત,
રહે કેવળ ભોગોમાં ચિત્ત
જેમનું સદા. ૨૪૭

વિવિધ સવિશેષ ક્રિયા કરે,
અને સઘળા વિધિને સાચવે,
નિપુણતા મેળવી સકલ કર્મે
અનુષ્ઠે તે. ૨૪૮

પણ એક જ કૂડં કરે,
જે સ્વર્ગકામ મને ધરે,
અને યજ્ઞપુરુષને વિસ્મરે,
ભોક્તા જે. ૨૪૯

જેમ કપૂરનો ઢગ કરીએ,
પછી અગ્નિથી ચેતાવીએ,
કે મિષ્ટાન્નમાં ભેળવીએ
કાલકૂટ. ૨૫૦

દૈવે અમૃતકુંભ આપીઓ,
મારીને ઠોકર ઢોળીઓ,
એવો નાશે છે ધર્મ ઊગેલો
હેતુમોહે. ૨૫૧

જો સાયાસે પુણ્ય કરીએ
તો સંસાર કેમ અપેક્ષીએ,
પણ અજ્ઞાનીઓને શું કહીએ;
વિચાર ન કરે. ૨૫૨

જેમ રસોઈ રૂડી કરી,
પછી એને મૂલ્યે વેચી,
તેમ ભોગ માટે અવિવેકી
વાપરે ધર્મ. ૨૫૩

એટલે હે પાર્થ,
દુર્બુદ્ધિ દેખ સર્વત્ર,
વેદવાદરતોને મને
પ્રવર્તે સદા. ૨૫૪

ત્રણે ગુણે આવૃત
છે વેદ નિર્ભ્રાંત,
પણ ઉપનિષદાદિ સમસ્ત
છે સાત્ત્વિક. ૨૫૫

બાકી રજતમાત્મક,
જ્યાં નિરૂપાયાં કર્માદિક,
જે કેવળ સ્વર્ગસૂચક,
હે ધનુર્ધર. ૨૫૬

એટલે તું જાણ,
આ જ સુખદુ:ખનું કારણ,
ત્યાં ખરેખર અંત:કરણ
જવા ન દેજે. ૨૫૭

તું ગુણમયને અનાદરી
આ હું અને મારું ન કરી,
એક આત્મસુખ અંતરેથી
વીસરીશ ના. ૨૫૮

વેદો તો બહુ બોલિયા,
વિવિધ ભેદો સૂચવિયા,
પણ આપણે ગ્રહણ કરવું
નિજ હિત તણું. ૨૫૯

જ્યારે સૂર્યોદય થાયે,
ઘણા માર્ગો પ્રકાશે,
પણ કંઈ બધા પર ચલાયે
કહે સુજને. ૨૬૦

સકળ જળબંબાકાર થાયે,
જો પૃથ્વી જળમય હોયે,
પણ આપણે પાણી લઈએ
ગરજ જેટલું. ૨૬૧

તેમ જ્ઞાની જે હોયે
તે વેદાર્થને વિચારે,
પછી અપેક્ષિત સ્વીકારે
શાશ્વત જે. ૨૬૨

એટલે સાંભળજે પાર્થ,
વિચારી જો આ રીત,
તુજ કાજે એ જ ઉચિત
સ્વકર્મ જાણ. ૨૬૩

અમે સકળ રીતે વિચારિયું
ત્યારે આમ જ મને આવ્યું
જે હવે તારે ન છોડવું,
વિહિત કર્મ. ૨૬૪

પછી કર્મફળની આશ ન કરવી,
પણ અકર્મની સંગત ન ધરવી,
અને સત્ક્રિયા જ આચરવી,
હેતુરહિત. ૨૬૫

તું યોગયુક્ત થઈને,
ફળનો સંગ ત્યાગીને,
પછી અર્જુન ચિત્ત દઈને
કરજે કર્મ. ૨૬૬

જો દૈવયોગે કર્મ આદર્યાં,
અને તેઓ પરિપૂર્ણ થયાં,
તો સવિશેષ આનંદ પણ
ન માનવો. ૨૬૭

કે કોઈ એક નિમિત્તે,
કર્મ સિદ્ધ થતાં અટકે,
તો તેથીય અસંતોષે
ક્ષોભવું ના. ૨૬૮

કર્મ આચરતાં સિદ્ધ થાયે
તો સારું થયું એ મનાયે,
અધૂરું રહે તોય સફળ,
એમ માનવું. ૨૬૯

દેખ જેટલાં કર્મ નીપજે
તે સૌ આદિ પુરુષને સમર્પીએ,
તો થશે તેઓ સહેજે
પરિપૂર્ણ. ૨૭૦

દેખ સત્ અસત્ કર્મે
રહે જ્યારે સમતા મનોધર્મે,
તેને કહે યોગસ્થિતિ,
સર્વ સજ્જન. ૨૭૧

અર્જુન સમત્વ ચિત્તનું
તે જ સારતત્ત્વ યોગનું,
ત્યાં જ મન અને બુદ્ધિનું
ઐક્ય હોયે. ૨૭૨

બુદ્ધિયોગને નિરૂપતાં,
તુલનામાં જુએ પાર્થા,
દેખાય છે હેયતા
કર્મયોગે. ૨૭૩

કિન્તુ તે કર્મ જ્યારે આચરીએ
ત્યારે જ બુદ્ધિયોગ પામીએ,
કર્મશેષે પરિણમે સહેજે
યોગસ્થિતિ. ૨૭૪

એટલે બુદ્ધિયોગ સધ્ધર,
ત્યાં જ અર્જુન થજો સ્થિર,
છોડી દે મનથી સર્વ
ફળકામના. ૨૭૫

જે બુદ્ધિયોગ સંયોજે,
તે જ ભવપાર થાયે,
તેથી સંબંધ સર્વ છોડે
પાપપુણ્યના. ૨૭૬

તે કર્મમાં પ્રવર્તે
પણ કર્મફળ ના ચહે,
તેનું જન્મમરણ લોપે
અર્જુન એટલે. ૨૭૭

પછી થઈને સર્વથા નિરામય,
પામે છે પદ જે અચ્યુત,
તે સકળ બુદ્ધિયોગયુક્ત,
હે ધનુર્ધર. ૨૭૮

તું એવો ત્યારે થશે,
મોહને જ્યારે ત્યજશે,
અને ઊપજશે વૈરાગ્ય
તારે મને. ૨૭૯

પછી નિષ્કલંક ગહન,
ઊપજશે આત્મજ્ઞાન,
તેથી નિષ્કામ થશે મન,
આપમેળે. ૨૮૦

ત્યાં કંઈક જાણવું,
બીજું કશું સમરવું,
અર્જુન એ સઘળું,
થશે નહીંવત્. ૨૮૧

ઇન્દ્રિયોની સંગતે
જે બહુરૂપી થઈ પ્રસરે,
તે પછી સ્થિર થશે
આત્મરૂપ. ૨૮૨

જ્યારે સમાધિસુખે કેવળ,
બુદ્ધિ થાશે નિશ્ચળ,
ત્યારે તું પામશે સકળ
યોગસ્થિતિ. ૨૮૩

ત્યાં અર્જુન કહે, દેવ,
આ જ અભિપ્રાય સકળ,
હવે પૂછીશ તમને આગળ,
હે કૃપાનિધિ. ૨૮૪

પછી અચ્યુત કહે ભલે,
પૂછજે સુખે ઉન્મેષે,
તુજને જણાય ઇષ્ટ જે
તે મનભરી. ૨૮૫

સાંભળીને આ બોલ પાર્થે,
કહ્યું : કહો હે કૃષ્ણ મુજને,
કહેવાય કોણ સ્થિતપ્રજ્ઞ,
તે ઓળખાય કેમ. ૨૮૬

અને સ્થિરબુદ્ધિ જો કહીએ,
તો કયા ચિહ્ને ઓળખીએ,
જે સમાધિસુખ ભોગવે
અખંડિત. ૨૮૭

તે કઈ સ્થિતિમાં બિરાજે,
કેવા રૂપમાં વિલસે,
દેવ કહો હવે મને,
લક્ષ્મીપતિ. ૨૮૮

ત્યારે પરબ્રહ્મ અવતરણ,
જે ષડ્ગુણાધીકરણ,
તે શ્રીમન્નારાયણ,
શું બોલિયા. ૨૮૯

પ્રભુ કહે, અર્જુન સાંભળો,
જે આ અભિલાષ પ્રૌઢ મને,
તે કરાવે છે અંતરાય,
સ્વસુખે. ૨૯૦

જે સર્વદા નિત્ય તૃપ્ત,
જે અંતઃકરણ ભરિત,
તે પણ થાય વિષયોમાં પતિત,
વિષય સંગે. ૨૯૧

તે મૂળકામ સર્વથા જાયે,
જેહનું મન આત્મસંતોષે રહે,
તે જ સ્થિતપ્રજ્ઞ હોયે,
પુરુષ જાણો. ૨૯૨

નાના દુઃખો પ્રાપ્ત થાયે,
પણ ચિત્તે ઉદ્વેગ ન આવે,
અને સુખના અભિલાષો
જેને અડકે નહીં. ૨૯૩

અર્જુન, તેમને અંતરે,
કામક્રોધ નહીં સદંતરે,
ભયનું ચિહ્ન નહીં કયાંયે,
પરિપૂર્ણ તે. ૨૯૪

એવા જે નિરવધિ,
તેને જાણ સ્થિરબુદ્ધિ,
જે નિરસીને ઉપાધિ,
થયા ભેદરહિત. ૨૯૫

જે સર્વત્ર સદા સમાન,
કે ચંદ્રની જેમ પરિપૂર્ણ,
જે પ્રકાશતાં ન કરે ભેદ
અધમોત્તમનો. ૨૯૬

આવી અવિચ્છિન્ન સમતા,
ભૂતમાત્રે સદયતા,
અને ચિત્ત ન જાણે વિષમતા,
કોઈ કાળે. ૨૯૭

સુખદ કંઈ અણધાર્યું થાયે,
તોપણ અભિભૂત ના હોયે,
અને થતાં કાંઈ મનવિરુદ્ધે,
ન કરે વિષાદ. ૨૯૮

એવા હરખશોકરહિત,
જે આત્મબોધભરિત,
તે જાણવા પ્રજ્ઞાયુક્ત,
હે ધનુર્ધર. ૨૯૯

કાચબો જે પ્રકારે
છુપાવેલ અવયવ પ્રસારે,
અથવા ઇચ્છાવશે આવરે
આપમેળે. ૩૦૦

તેમ ઇન્દ્રિયો આપમેળે
જેમનું કહેવું કરે,
તેમની પ્રજ્ઞા છે સ્થિર,
જાણ એવું. ૩૦૧

અર્જુન હજીયે એક
કહીશ તને કૌતુક,
વિષયોને જે સાધક
નિયમે ત્યજે. ૩૦૨

શ્રોત્રાદિ ઇન્દ્રિયો આવરે,
રસનાનું નિયમન કરે,
તેમને વિષયો વળગી પડે,
સહસ્ર રીતે. ૩૦૩

ઉપર ઉપરનાં પલ્લવો ચૂંટીએ,
અને મૂળિયાંમાં વારિ સીંચીએ,
તો નાશ કેમ કરીને નીપજે
વૃક્ષનો અરે. ૩૦૪

ઉદકે અધિક બળ પામે
ચોમેર પાનડાં પાંગરે,
તેમ ચિત્ત વિષયો સેવે
રસના વડે. ૩૦૫

અન્ય ઇન્દ્રિયોના વિષયો તૂટે,
તેમ રસનેન્દ્રિયનો તોડવો ન ઘટે,
કેમ કે જીવવું જ ના બને
રસના વિના. ૩૦૬

પછી અર્જુન, સ્વભાવે,
રસનાય સંયમિત થાયે,
પરબ્રહ્મ જ્યાં પોતે થવાએ
અનુભવ વડે. ૩૦૭

ત્યાં શરીરભાવ નાશે,
ઇન્દ્રિયો વિષય વીસરે,
જ્યાં સોહંભાવ પ્રતીતિ
પ્રગટ થાએ. ૩૦૮

આમ જોતાં હે અર્જુન,
એમને વશ ન કોઈ સાધન,
વિરોધ એમનો કરવા છતાં,
નિરંતર અરે. ૩૦૯

જ્યાં અભ્યાસ પ્રહરી બને,
અને યમનિયમોની વાડ હોયે,
જ્યાં મનને રખાય છે નિત્યે
મુઠ્ઠીમાં અરે. ૩૧૦

તેઓને કરે વિકલ,
એવી ઇન્દ્રિયો છે પ્રબલ,
જેમ યાંત્રિકોને ભુલાવે
ભૂતપ્રેત. ૩૧૧

જુઓ વિષયો આ તેવા,
બુદ્ધિસિદ્ધિ રૂપે આવી ચડયા,
પછી સ્પર્શે એમના થાયે,
ઇન્દ્રિયો વ્યાકુળ. ૩૧૨

તેમને મેળવવા મન જાયે,
પછી અભ્યાસમાં શિથિલ થાયે,
એવું છે બળવાનપણું
ઇન્દ્રિયોનું. ૩૧૩

એટલે સાંભળ પાર્થા,
છોડી દે એમને સર્વથા,
સર્વ વિષયોમાં આસ્થા
છાંડી દઈને. ૩૧૪

તે જ તું જાણ—
યોગનિષ્ઠાનું કારણ,
જેમનું વિષયસુખે અંતઃકરણ
ફસાયે ના. ૩૧૫

જે આત્મબોધયુક્ત,
રહે એમ સતત,
હૃદયમાં મુજને પળવાર
વીસરે ના. ૩૧૬

બાહ્ય વિષય ન હોવા છતાં
મનમાં વિષયચિંતન થતાં
સાદ્યંત જ ઊભો થાયે
સંસાર આ. ૩૧૭

જેમ વિષનો લવલેશ
લેતાં પ્રસરે સમસ્ત,
પછી અચૂક કરે નાશ
જીવિતનો. ૩૧૮

તેમ વિષયની શંકા
મને વસતી દેખા,
ઘાત કરે અશેષ,
વિવેક જાતાં. ૩૧૯

જો હૃદયે વિષયસ્મૃતિ,
નિ:સંગ છતાં પામે સંગતિ,
સંગે પ્રગટે મૂર્તિ
અભિલાપની. ૩૨૦

જ્યાં કામ ઊપજ્યો
ત્યાં ક્રોધ પહેલાં આવ્યો,
અને ક્રોધમાં વસી રહ્યો
સંમોહ જાણ. ૩૨૧

જ્યાં સંમોહ વ્યક્ત થાયે,
આત્મસ્મૃતિ ત્યાં વિલાયે,
વાવંટોળે જેમ હોલવાયે
દીપજ્યોતિ. ૩૨૨

કે નિશા આથમતા ભાનુને
આવી ગ્રસે સમસ્ત તેજને,
તેવી દશા સ્મૃતિભ્રંશે
પ્રાણીઓની. ૩૨૩

પછી પ્રસરે અજ્ઞાનનો અંધાર,
જેમાં વીંટળાયે આ સકળ,
અને બુદ્ધિ થાય વ્યાકુળ
હૃદયમાં અરે. ૩૨૪

જેમ જન્માંધ પ્રાણસંકટે પડે
ત્યારે અકળાઈને ભ્રમણે ચડે,
તેમ બુદ્ધિ ભ્રમિત થાયે,
હે ધનુર્ધર. ૩૨૫

એવો સ્મૃતિભ્રંશ જ્યારે થાયે
ત્યારે બુદ્ધિ કુંઠિત હોયે,
પછી ત્યાં સઘળું જ જ્ઞાન
નાશ પામે. ૩૨૬

જેમ ચૈતન્યભ્રંશે
શરીરની દશા થાયે,
તેમ પુરુષની બુદ્ધિનાશે
દશા હોયે. ૩૨૭

એટલે સાંભળ અર્જુન,
અગ્નિતણખે સ્પર્શેલું ઈંધન
વ્યાપક થતાં બાળી શકે
ત્રણે ભુવનો. ૩૨૮

તેવું જો વિષયોનું ધ્યાન
કરતું રહેશે આ મન,
તો કરાવશે સંપૂર્ણ પતન
નિશ્ચયે તે. ૩૨૯

એટલે વિષયો સઘળા દૂર થાયે,
સર્વથા મનથી છોડાયે,
ત્યારે રાગદ્વેષ સ્વભાવે
નાશ થાશે. ૩૩૦

પાર્થ, છે હજીય વાત એક,
જો નાશ થાશે આ રાગદ્વેષ,
તો ઇન્દ્રિયો વિષયે બાધક
થાશે નહીં. ૩૩૧

જેમ સૂર્ય આકાશગત,
રશ્મિ કરે સ્પર્શે જો જગત,
તો શું લાગશે સંગદોષ
તે સ્પર્શથી. ૩૩૨

તેમ ઇન્દ્રિયોથી ઉદાસીન,
આત્મરસથી અભિન્ન,
જે કામક્રોધવિહીન
થઈને જીવે. ૩૩૩

તે વિષયોમાં કાંઈ અન્ય
જોતો નથી આપણ વિણ,
પછી વિષય, કહે શા કાજે
બાંધશે કોને. ૩૩૪

જો વારિમાં વારિ બૂડે,
કે અગ્નિને અગ્નિ દહે,
તો વિષય સંગે પતિત થાશે
પરિપૂર્ણ તે. ૩૩૫

એવો પોતે જ કેવળ
નિજ રૂપમાં રહે નિખિલ,
તેની પ્રજ્ઞા નિશ્ચલ
નિર્ભ્રાન્ત માનો. ૩૩૬

રહે પ્રસન્ન અખંડિત
એટલે જેમનું ચિત્ત,
ત્યાં ન પ્રવેશે સમસ્ત
સંસારદુઃખો. ૩૩૭

જેવું અમૃતનું નિર્ઝર
પ્રસવે જેમને જઠર,
તેમને ક્ષુધાતૃષાની નડતર
ક્યાંયે નહીં. ૩૩૮

તેવું હૃદય પ્રસન્ન હોયે
ત્યાં દુઃખ શાનું, કેમ આવે,
ત્યાં બુદ્ધિ રહે આપમેળે
પરમાત્મરૂપે. ૩૩૯

જેવો પવન વિનાનો દીપ
ન જાણે સર્વથા કંપ,
તેવો રહે સ્થિરબુદ્ધિ સ્વ-સ્વરૂપ
યોગયુક્ત. ૩૪૦

આ યોગયુક્તિથી અભ્યસ્ત
નથી જેમનું અરે ચિત્ત,
તે અટવાશે વિષયપાશે
જાણ સર્વથા. ૩૪૧

બુદ્ધિ તેની પાર્થ કદી
કેમેય સ્થિર થતી નથી,
થશે ભવિષ્યમાં એવી
આશા પણ નથી. ૩૪૨

જો ચિત્તની નિશ્ચલતા
ન હોય મનમાં પાર્થા,
તો શાંતિ કેમ ઊપજશે
મનમાં અરે. ૩૪૩

જ્યાં શાંતિનું નિર્ઝર નહીં
ત્યાં સુખ ભૂલીનેય રહે કંઈ,
જેમ પાપીના અંતઃકરણે
મોક્ષ ના વસે. ૩૪૪

અગ્નિમાં પડ્યા પછી
જો બીજ ઊગે કદી,
તો અશાંતને ચિત્તે
સુખપ્રાપ્તિ. ૩૪૫

એટલે અયુક્તપણું મનનું
તે જ સર્વસ્વ દુઃખનું,
એટલે ઇન્દ્રિયોનું
દમન કરવું. ૩૪૬

ઇન્દ્રિયો જે જે કહે
તેમ જે પુરુષ કરે,
તે તરતો લાગે છતાં ન તરે
વિષયસિંધુમાં. ૩૪૭

જેમ આરે આવેલી નૌકા
તોફાને સપડાયે ઓચિંતાં,
ઓવારે લાગવા છતાં
ડૂબી શકે. ૩૪૮

તેમ કદી જો પ્રાપ્ત પુરુષ
ઇન્દ્રિયોને લાડ લડાવે દેખ,
તો લપટાયો જાણ દુઃખે
સંસારના. ૩૪૯

એટલે આપણી આપમેળે
જો ઇન્દ્રિયો આપણામાં વળે,
તો અધિક એથી શું ધનંજય
સાર્થક થશે. ૩૫૦

દેખો કાચબો જેવી રીતે
અવયવોને પ્રસારે,
અને ઇચ્છાવશે આવરે
આપમેળે. ૩૫૧

જેમની ઇન્દ્રિયો આજ્ઞાંકિત હોયે,
પડ્યો બોલ સહેજે સાચવે,
તેમની પ્રજ્ઞા થઈ છે સ્થિર,
એમ જાણવું. ૩૫૨

અને હવે એક ગહન
પરિપૂર્ણનું ચિહ્ન,
અર્જુન તને કહું
સાંભળી લે. ૩૫૩

જ્યાં ભૂતજાત હોયે નિદ્રિત,
ત્યાં રહે જેઓ ચિરજાગ્રત,
અને જ્યાં રહે સૌ જાગતાં
ત્યાં નિદ્રાધીન જે. ૩૫૪

તો જ તે નિરુપાધિ
અર્જુન, તે જ સ્થિરબુદ્ધિ,
અને થયો તે નિરવધિ,
મુનીશ્વર. ૩૫૫

પાર્થ, છે બીજો એક પ્રકાર,
તેને જાણવા ને કરવા નિરધાર,
વરતે છે અક્ષોભ્યતા સાગર સમી
ત્યાં અખંડિત. ૩૫૬

જો સરિતાઓઘ સમસ્ત
પરિપૂર્ણ થઈને મળત,
નથી અધિકતા કે અમર્યાદા
તોયે જરીક. ૩૫૭

અથવા ગ્રીષ્મકાળે સરિતા
શોષાઈ જાયે સમસ્તા,
પણ ઊણપ ન આવે પાર્થ,
સમુદ્ર જેમ. ૩૫૮

તેમ રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થાયે,
તથાપિ બુદ્ધિને ક્ષોભ ન હોયે,
અને ન મળતાં સ્પર્શે નહીં
અધૈર્ય તેને. ૩૫૯

કહે શું સૂર્યને ગૃહે,
વાટ સળગાવે અજવાળું થાયે,
અને શું દીપિકા વિના પુરાશે
સૂર્ય અંધારે. ૩૬૦

દેખ રિદ્ધિસિદ્ધિ તે પ્રકારે
આવી કે ગઈ પરવા ન કરે,
અને રત રહે અંતરે
મહાસુખે. ૩૬૧

જે પોતાના નાગરપણે
ઇન્દ્રભુવનને પણ અવગણે,
તેને અરે કેમ ગમશે
પર્ણકુટિર. ૩૬૨

જે અમૃતે મીટ માંડે
તે જેમ કાંજી ન પ્રાશે,
તેવો આત્મસુખાનુભવી
ન ભોગે રિદ્ધિ. ૩૬૩

પાર્થ, નવલ આ જોઈ લે,
જ્યાં સ્વર્ગસુખ કશા ન લેખે,
ત્યાં રિદ્ધિસિદ્ધિ શું કરશે
પ્રાકૃતા જે. ૩૬૪

એવો આત્મબોધે તોષાયલો,
જે પરમાનંદે પોષાયલો,
તે જ સ્થિતપ્રજ્ઞ ભલો
ઓળખવો તારે. ૩૬૫

તેનો અહંકાર નષ્ટ થાયે,
સકલ કામ નિઃશેષ છોડાયે,
વિહરે પોતે વિશ્વ થઈને
વિશ્વમાં તે. ૩૬૬

આ બ્રહ્મસ્થિતિ નિઃસીમ
જે અનુભવે નિષ્કામ,
તે પામે પરબ્રહ્મ
અનાયાસે. ૩૬૭

જે ચિદ્રૂપે મળતાં
દેહાંતની વ્યાકુળતા,
આડે ન આવે ચિત્તે
પ્રાજ્ઞ જેમના. ૩૬૮

તે જ આ સ્થિતિ,
સ્વમુખે શ્રીપતિ,
કહે અર્જુન પ્રતિ
સંજય કહે. ૩૬૯

આવું કૃષ્ણવાક્ય સાંભળ્યું
ત્યાં મનમાં અર્જુને કહ્યું,
હવે મારું કાજ સાર્યું,
આ ઉપપત્તિએ. ૩૭૦

જે કર્મજાત સઘળું,
હવે અહીં નિરસન કર્યું,
તેથી મારું ઝૂઝવું મટ્યું,
એમ સમજું. ૩૭૧

આવા શ્રી અચ્યુતના બોલે
અર્જુન ચિત્તમાં સંતોષાયે,
અને હવે પ્રશ્ન કરશે
સંદેહભર્યો. ૩૭૨

તે પ્રસંગે એવો નાગર,
જે સકલ ધર્મોનો સાગર,
કે વિવેકનો અમૃતસાગર,
અનંત. ૩૭૩

જે પોતે સર્વનાથ,
નિરૂપશે શ્રીઅનંત,
તેની જ્ઞાનદેવ કહેશે વાત,
નિવૃત્તિદાસ. ૩૭૪

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥२॥

ग्रन्थालय,
वाराणसी-5

સાધનાનો આરંભ

ગીતા એ મોક્ષ પ્રાપ્ત કરાવી આપનાર જ્ઞાનપ્રધાન જીવનશાસ્ત્ર છે, એવું સૂત્રરૂપે ભગવંતે બીજા અધ્યાયમાં કહ્યું છે. અર્જુનનો પ્રશ્ન હજી ઊકલ્યો નથી. થોડોક મૂંઝાયો છે. એટલે પ્રભુને એણે પૂછ્યું કે એક તરફથી તમે કર્મનો નિષેધ પ્રબોધો છો અને બીજી બાજુએ મને હિંસારૂપી કર્મમાં પ્રવૃત્ત થવાનું કહો છો. આવો પરસ્પર વિરોધાભાસી ઉપદેશ મને ગૂંચવે છે. માટે પ્રભુ મને સ્પષ્ટતાથી કહો કે મારે શું કરવું ? ઘણા જન્મોની ઉપાસના પછી તમે મને મળ્યા છો અને મારા ઉપર તમારો માતૃતુલ્ય પ્રેમ છે.

આ પ્રશ્નનો પ્રભુએ જે સવિસ્તાર ઉત્તર આપ્યો તે ત્રીજા અધ્યાયનો સાર છે. એમણે કહ્યું કે નિષ્કામ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ એ બન્ને મેં જ કહ્યા છે. આ બન્ને એક જ ફળની પ્રાપ્તિ કરાવી આપે છે. પરંતુ આ માર્ગના અધિકારી બે પ્રકારના છે : એક મંદ અને બીજા તીવ્ર. જે મંદ અધિકારી છે તેને કર્મ ફેંકી દઈને નિરીચ્છ અધિકારી માટે કહેલા જ્ઞાનમાર્ગનું અવલંબન કરવાનું કહેવું યોગ્ય નથી. કારણ કર્મ ફેંકી દેવાથી કર્મત્યાગ થઈ શકતો નથી. દેહ છે ત્યાં સુધી કર્મત્યાગ સંભવિત નથી. પણ જે ખરો નિષ્કામ પુરુષ છે તે પોતાનું અંતઃકરણ સ્થિર કરીને રહે છે. એની કર્મેન્દ્રિયો સામાન્ય લોકો પ્રમાણે વ્યવહાર કરે છે. પણ સૂર્યબિંબ પાણીમાં પ્રતિબિંબિત થવા છતાં તે પાણીથી જુદું છે તેમ નિષ્કામ પુરુષ કર્માચરણ કરવા છતાં તે કર્મથી મુક્ત છે. જે મનુષ્ય આત્મસ્વરૂપમાં સ્થિત હોય છે તે જ કર્મબંધથી મુક્ત હોય છે. જનક વિદેહી કર્માચરણ કરવા છતાં મોક્ષને પામ્યા હતા.

પ્રકૃતિના ગુણાનુસાર ઇન્દ્રિયો દ્વારા કર્મો થાય છે. બ્રહ્મનિષ્ઠ પુરુષોની આવી જ સમજણ અંતરમાં સુદૃઢ હોય છે. એટલે લોકસંગ્રહ કાજે કરાયેલાં તેમનાં કર્મો તેમને બાંધતાં નથી. આમ હોવાથી હે અર્જુન ! તને યુદ્ધ કરવાનું ક્ષત્રિયકર્મ પ્રાપ્ત થયું છે તેને છોડીને તું સ્વધર્મને કેમ સાચવીશ ? એટલે હાથમાં ધનુષ લે, યુદ્ધ કર, પૃથ્વીને દુષ્ટોના પાશમાંથી છોડાવ અને યશકીર્તિને ઉજ્જ્વળ કર. જો પ્રકૃતિ-નિહિત કર્મ નહીં થાય તો તેમાંથી આત્મનાશ નીપજશે. સ્વૈર ઇન્દ્રિયાચરણ થોડી વાર માટે સુખદ લાગશે પણ છેવટે તો દેહ નાશવંત છે. એની રાખ થયા પછી શું બાકી રહેશે ? એટલે વિષયની સ્મૃતિ ચિત્તમાં રાખીશ નહીં. કેવળ સ્વધર્માચરણને અંતરમાં જાગ્રત રાખ.

જેની પાછળ કામક્રોધ પડયા છે એવા લોકોએ જ ભક્તસાધકોનો નાશ કર્યો છે. એમણે જ દૈવી સંપદાનો ઉચ્છેદ કર્યો છે. જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં રાક્ષસો અગાઉથી આવીને બેસી જાય છે. એમને નસાડી મૂકવાનો એક જ ઉપાય છે કે ઇન્દ્રિયોને સંપૂર્ણ સ્વરૂપે શુદ્ધ રાખવી. કામક્રોધ ગયા કે મન બુદ્ધિ, દુષ્ટો અને દુષ્ટતાના કબંધમાંથી છુટકારો પામશે.

અધ્યાય ત્રીજો

કર્મયોગ

પછી કહે અર્જુન, સાંભળો
હે દેવ! આ બોલ તમારો,
મેં એકચિત્તે સાંભળ્યો
હે કૃપાનિધિ. ૧

ત્યાં કર્મ અને કર્તા
હોય નિ:શેષે વિલોપતા,
એવો જો શ્રીઅનંતા
અભિપ્રાય તારો– ૨

તો મુજને કેમ શ્રીહરિ,
કહો છો પાર્થ યુદ્ધ કરી,
મને ધકેલતાં ઘોર કર્મે
કેમ લજ્જા ન આવે. ૩

હા રે કર્મ તુજ અશેષ,
નિરસે છે નિ:શેષ,
તો મુજથી આ હિંસક
કેમ કરાવો. ૪

તો હવે વિચારો હૃષીકેષ,
જો ત્યાં ન હોય કર્મ લવલેશ,
તો આવી હિંસા
કેમ કરાવો. ૫

દેવ, તમે જ આમ બોલશો
તો અજ્ઞાનીઓને ઉપાય શો,
થંભે છે વિવેક સઘળો
મુજ ચિત્તમાં. ૬

અરે આ જો કહેવાય ઉપદેશ
તો કોને કહીએ અપભ્રંશ,
હવે પૂરી થઈ મારી હોંશ
આત્મબોધની. ૭

વૈદ્ય પથ્ય વારીને જાયે,
અને પોતે જ વિષ આપે,
તો રોગી કેવી રીતે જીવે
કહો મને. ૮

જેમ અંધને આડમાર્ગે ચડાવાયે,
કે મર્કટને મદ્ય અપાયે,
તેવો અનર્થકારી આ ઉપદેશ
દેખાયે મને. ૯

હું પ્રથમ જ સાવ અજ્ઞાની,
વળી સ્વજનમોહે ગ્રસાયો અહીં,
માટે શ્રીકૃષ્ણ પૂછ્યો તમને
વિવેક કાંઈ. ૧૦

ત્યાં તો તમારી નવી નવાઈ,
ઉપદેશમાં ગૂંચો જ ભરાઈ,
અમે અનુસરીએ એટલે કાંઈ
આવું કરાવો. ૧૧

અમે તનમન અને જીવે,
તમારો પડ્યો બોલ ઝીલીએ,
અને તમે જો આમ કરો
તો તો સર્યું બધું. ૧૨

હવે આવો જ બોધ કરશો,
અને કલ્યાણમાર્ગ ચીંધશો,
તો નથી જ્ઞાનની આશા કાંઈ
અર્જુન કહે. ૧૩

હવે જાણવાની આશા સરી,
ઊલટી વધુ વાત એવી થઈ,
જે હતી તેય ડહોળાઈ ગઈ
મતિ મારી. ૧૪

તેમ જ શ્રીકૃષ્ણ આ તમારું
ચરિત્ર વિચિત્ર હું ન જાણું,
જો ચકાસો છો ચિત્ત મારું
આ નિમિત્તે. ૧૫

અથવા તું ફસાવે મને,
કે તત્ત્વ કથે ધ્વનિતે,
એ ખરેખર વિશદ રીતે
ના કળાયે. ૧૬

એટલે સાંભળો દેવા,
આવો ભાવાર્થ હવે ન કહેવા,
મને વિવેક જણાવવા,
સ્પષ્ટ રીતે. ૧૭

અત્યંત જડ છું હું;
પણ સમજી જે રીતે શકું-
શ્રીકૃષ્ણ તમારે બોલવું એવું
એકનિષ્ઠ. ૧૮

હોય જો વ્યાધિ હઠાવવો
ઉપચાર એવો કરવો
જે હશે અતિ રુચિકર અને
મધુરતાભર્યો. ૧૯

તેવું જ સકલ અર્થભરિત
તત્ત્વ સમજાવો જે ઉચિત,
અને બોધે ભરાયે મારું ચિત્ત
તે જ વેળા. ૨૦

દેવ, તારા જેવા નિજ ગુરુ,
ઇચ્છા આજે પૂરી શેં ન કરું,
સંકોચ કોનો અહીં કરું,
તું માત મારી. ૨૧

જો કામધેનુ દૂઝતી,
દૈવયોગે થાયે પ્રાપ્તિ,
કૃપણતા શીદને રાખવી
કામનાની. ૨૨

જો ચિંતામણિ હાથે ચડે
તો ઇચ્છા કરતાં શું નડે,
ત્યાં કરતાં મનગમતી કામના
અંતરાય શો. ૨૩

અમૃતસિંધુ પાસે જઈને
તરસ્યા જ જો રહીએ,
તો પ્રયાસો કેમ કરીએ
ત્યાં જવાના. ૨૪

તેમ બહુ જન્મજન્માંતરે
આરાધ્યા કમલાપતિ તને,
થયો ત્યારે તું પ્રાપ્ત આજે,
દૈવયોગે. ૨૫

તો પોતાની ઇચ્છા પ્રમાણે
કાં ન માગવું તમારી પાસે,
ચિત્ત અનુભવે છે પુણ્યપર્વ,
હે દેવ આજે. ૨૬

મારી બધી ઇચ્છાઓનું જીવિત
આજે પામ્યું યશપુણ્ય ઉચિત,
અને મનોરથ મારા સકલ
વિજયી થયા. ૨૭

જી જી પરમ મંગલ ધામ,
સકલ દેવ દેવોત્તમ,
તું આજે અમારે આધીન,
એટલે કહું. ૨૮

જેમ અરે માતાની પાસે
અપત્યને અનવસર ન હોયે,
સ્તનપાન કરવા કાજે
તેવું જ એ. ૨૯

તેવી રીતે હે દેવ તને
પૂછતો રહીશ જે મને ગમે,
પોતાના ચિત્તની આરતે,
હે કૃપાનિધિ. ૩૦

એટલે પરલોકે જે હિતકર,
અને ઇહલોકે આચરતાં રુચિકર,
તે હવે કહો સુનિશ્ચિત,
કહે પાર્થ. ૩૧

આ બોલથી અચ્યુત
કહે થઈ વિસ્મિત,
અર્જુન, આ ધ્વનિત,
અભિપ્રાય. ૩૨

જે બુદ્ધિયોગ કહેતાં,
સાંખ્યમત સંસ્થા
પ્રગટી છે સ્વભાવતઃ
પ્રસંગે અહીં. ૩૩

તે ઉદ્દેશ તું નથી જાણતો,
વ્યર્થ ત્રાસ ચિત્તે વાહતો,
તો હવે જાણ હું છું પ્રવક્તા
તે ઉભયનો. ૩૪

હવે સાંભળ વીરશ્રેષ્ઠા,
આ લોકે એ બન્ને નિષ્ઠા
પ્રગટાવી મેં જ સુભટા,
અનાદિસિદ્ધ. ૩૫

એકને જ્ઞાનયોગ કહીએ,
જે સાંખ્યમતે અનુષ્ઠાએ,
અને ઓળખ થતાં પમાયે
તદ્રૂપતા. ૩૬

એકને કર્મયોગ જાણ,
જ્યાં સાધકજન નિપુણ,
થઈને નિર્વાણ,
પામે સવેળા. ૩૭

દેખાયે બે આ માર્ગ,
પણ અંતે બેઉ છે એક,
જેવી સિદ્ધિસાધ્ય ભોજને,
તૃપ્તિ એક. ૩૮

અથવા પૂર્વાપર સરિતા
ભિન્ન દીસે વહેતાં,
પછી સિંધુએ મળી એકતા
પામે પૂરી. ૩૯

તેમ બન્નેય નિષ્ઠા મારફત,
મૂળ કારણ થાય છે સૂચિત,
પણ ઉપાસના યોગ્યતા આધીન
આપણે માટે. ૪૦

જુએ ગગને ઊડાણ ભરે,
પક્ષી ઝૂંબે ફળ ઉપરે,
કહે સાધક કેમ તેવો
વેગ પામે. ૪૧

ધીરે ધીરે ડાળે ડાળે,
ક્રમે ક્રમે જાતાં એક વેળે
ફળ પામે સુનિશ્ચિતે
અંતમાં તે. ૪૨

તેમ દેખ વિહંગમ મતે,
રાખીને અધિષ્ઠાન જ્ઞાને,
સાંખ્યયોગી મોક્ષ સત્વરે
લાધતો અરે. ૪૩

અને યોગી આ કર્માધારે,
વિહિતના નિજ આચારે,
પૂર્ણતા અવસરે,
પામી રહે. ૪૪

ઉચિત કર્મારંભ ન કરે,
અને થવા સિદ્ધવત્ જે મથે,
એવા કર્મહીનો સુનિશ્ચિત
ન થાય સ્થિતપ્રજ્ઞ. ૪૫

કે પ્રાપ્તકર્મ છોડીએ,
તેથી જ નિષ્કર્મ થઈએ,
અર્જુન એવું વ્યર્થ બોલીને,
મૂર્ખપણે. ૪૬

સામે તીરે જવું ઘટે,
સંકટ એવું આવી ચડે,
ત્યાં આગ્રહ નૌકાત્યાગનો
કેમ સેવાએ. ૪૭

અરે જો તૃપ્તિ ઇચ્છીએ,
પણ રસોઈ નવ રાંધીએ,
અને સિદ્ધ પણ ન સેવીએ
તો તૃપ્તિ કેવી. ૪૮

જ્યાં સુધી નિષ્કામતા ન ચિત્તે
ત્યાં સુધી કર્મવ્યાપાર હોયે,
અને સંતૃપ્ત થયે ચિત્ત
થંભે સહેજે. ૪૯

એટલે સાંભળ પાર્થા,
જેને નૈષ્કર્મપદે આસ્થા,
તેની ઉચિત કર્મ સર્વથા,
ત્યાજ્ય ન હોયે. ૫૦

અને જે આપણે આગ્રહે
આદરશું તે જ નિષ્પન્ન થાશે,
કે આપણે ત્યજીશું તે ટળશે,
એવું છે કંઈ. ૫૧

આ તો વ્યર્થ જ બોલીએ,
અરે વિચારીને જો જુએ
તો કર્મત્યાગે કર્મરહિતતા
નહીં સધાયે. ૫૨

જ્યાં સુધી પ્રકૃતિનું અધિષ્ઠાન,
ત્યાં સુધી કરવું ન કરવું અજ્ઞાન,
જે જે કર્મ થાયે ગુણાધીન
આપમેળે. ૫૩

જુઓ વિહિત કર્મ જેટલાં,
તે જો છોડીએ સઘળાં,
તોય સ્વભાવ શું ટળવાના
ઇન્દ્રિયોના. ૫૪

કહે, કાનનું સાંભળવું બંધ થાયે,
કે નેત્રોનું તેજ હણાયે,
અથવા નાસિકા બંધ થયે
પરિમલ ના'વે. ૫૫

અથવા પ્રાણાપાન ગતિ,
કે નિર્વિકલ્પ થાયે મતિ,
કે ક્ષુધાતૃષાદિ આર્તિ
નહીંવત્ થાયે. ૫૬

અથવા જાગૃતિ નિદ્રા કંઈ થંભે,
કે ચરણ ચાલવું વીસરે,
એ ભલે, પણ શું કદી નષ્ટ થાયે
જન્મમૃત્યુ. ૫૭

આ બધું જો અટકે નાહીં
તો છોડવું શું ક્યાંહીં,
એટલે કર્મત્યાગ નાહીં,
પ્રકૃતિમંતા. ૫૮

કર્મ પરાધીનપણે
નીપજે છે પ્રકૃતિગુણે,
તેને ધરવું-ત્યજવું સ્વચ્છંદપણે
એ જ વ્યર્થ. ૫૯

જુઓ, રથ આરૂઢીએ,
પછી જો નિશ્ચલ બેસીએ,
તોયે આપોઆપ ચાલીએ,
પરતંત્ર થઈ. ૬૦

અથવા ઊડે વાયુ વડે
શુષ્ક પત્ર જેમ ઊંચે ચડે,
નિષ્ચેષ્ટ આકાશે
ભમતું હોયે. ૬૧

તેમ પ્રકૃતિને આધારે,
કર્મેન્દ્રિયોના વિકારે,
નિષ્કર્મ છતાં ચેષ્ટા કરે,
આત્મા નિરંતર. ૬૨

એટલે સંગ જ્યાં સુધી પ્રકૃતિનો
ત્યાં સુધી ત્યાગ ન બને કર્મનો,
છતાં કરવાની વાત કરે તેનો
આગ્રહ જ કેવળ. ૬૩

જે ઉચિત કર્મ છોડતાં હોયે,
અને નૈષ્કર્મ્ય સાધવા જાયે,
પણ નિરોધતા હોયે
કર્મેન્દ્રિય પ્રવૃત્તિ. ૬૪

તેમનો કર્મત્યાગ ન થાયે ફલિત,
કેમ કે કર્તાભાવ સેવે છે ચિત્ત,
કર્મત્યાગનો બાહ્યાડંબર,
લક્ષણ દારિદ્ર્યનું. ૬૫

એવા જેઓ છે પાર્થ,
તેઓ સર્વથા વિષયાસક્ત,
એમ ઓળખવું નિર્ભ્રાન્ત,
નિઃસંશય. ૬૬

હવે અવધાન દે તું,
આ પ્રસંગે તુજને કહું,
ચિહ્ન આ નૈરાશ્યનું,
હે ધનુર્ધર. ૬૭

જે અંતરે છે દૃઢ,
પરમાત્મરૂપે નિગૂઢ,
પણ બહિરંગે રૂઢ,
લૌકિકે વર્તે. ૬૮

તે ઇન્દ્રિયોને આજ્ઞા ન કરે,
વિષયોનો ભય ના ધરે,
પ્રાપ્તકર્મ સ્વીકારે,
ઉચિત જે જે. ૬૯

કર્મેન્દ્રિયો પ્રવર્તતાં કર્મે
બાંધતો નથી તેમને નિયમે,
પણ વિષયોર્મિના આવેગે
ન થાય લિપ્ત. ૭૦

તે કામના માત્ર ન જાણે,
મોહમળે ના લપટાયે,
જેમ જળમાં જળ ન ભીંજવે
પદ્મપત્રને. ૭૧

તેમ બધા સંસર્ગોમાં રહે,
સર્વ લોકની જેમ વરતે,
જેમ જળ સંગે આભાસે
ભાનુબિંબ. ૭૨

તેમ સામાન્ય રીતે જોઈએ
તો સાધારણ જેવો દેખીએ,
પણ કયાસ કાઢતાં તેની દશાનો
સર્વથા અશક્ય. ૭૩

આવે લક્ષણે વિભૂષિત,
દેખાયે તે જ મુક્ત,
છે આશાપાશરહિત,
એમ જાણવું. ૭૪

અર્જુન, યોગી તે જ જે
સન્માનવા યોગ્ય છે જગે,
એટલે કહું છું તને
કે યોગી થા તું. ૭૫

તું મનમાં નિયમ કરે,
નિશ્ચલ હોયે અંતરે,
પછી કર્મેન્દ્રિય વ્યાપારે
વર્તજે સુખે. ૭૬

એટલે નિષ્કર્મ જો થઈએ,
તો તે પણ અહીં ના સંભવે,
નિષિદ્ધ કર્મ કેમ આચરીએ,
વિચારજે તું. ૭૭

એટલે જે જે ઉચિત,
અને અવસરે પ્રાપ્ત,
તે કર્મ હેતુરહિત
આચરે તું. ૭૮

પાર્થ, હજીયે વાત એક
જાણે ન તું એ કૌતુક,
જે કર્મ થાયે કર્મમોચક
આપમેળે. ૭૯

દેખ અનુક્રમને આધારે,
જે કોઈ સ્વધર્મ આચરે,
તે પામશે કર્મવ્યાપારે,
મોક્ષ નિશ્ચિત. ૮૦

જે સ્વધર્મ હોય બાપ,
તે જાણ નિત્ય યજ્ઞ,
ત્યાં પ્રવર્તતાં કોઈ પાપ
સંચરે નહીં. ૮૧

આ નિજ ધર્મ જે છોડે,
અને કુકર્મે રતિ ચડે,
તે જ બંધને પડે
સંસારનાં. ૮૨

એટલે સ્વધર્મનું અનુષ્ઠાન,
તે અખંડ યજ્ઞયાજન,
જે કરે તેને બંધન
ક્યાંયે નહીં. ૮૩

આ લોક કર્મે બંધાયે,
થઈ પરવશ અરે રઝળાયે,
નિત્યયજ્ઞ જો વીસરાયે,
હે ધનુર્ધર. ૮૪

હવે આને વિશે પાર્થા
તને એક સંભળાવું કથા,
જે સૃષ્ટિ આદિ સંસ્થા
બ્રહ્માએ કરી. ૮૫

ત્યારે નિત્યયજ્ઞ સહિત
સરજ્યાં ભૂતો સમસ્ત,
પણ ન જાણ્યું યજ્ઞરહસ્ય
સૂક્ષ્મ હોઈને. ૮૬

તે વેળા પ્રજાએ વિનવ્યા બ્રહ્મા:
દેવ, અમને આશ્રયો અહીં કેવા,
ત્યારે બોલે તે કમળજન્મા
ભૂતો પ્રતિ: ૮૭

તમને વર્ણવિશેષ પ્રમાણે
પ્રયોજ્યા છે વિધવિધ સ્વધર્મે,
પામશો આરાધતાં તેમને
કામતૃપ્તિ. ૮૮

તમારે વ્રતનિયમ ન કરવાં,
શરીરાદિને ન પીડવાં,
દૂર ક્યાંયે ન ભમવાં
તીર્થધામે. ૮૯

યોગાદિક સાધનો,
સકામ આરાધનો,
મંત્રતંત્ર વિધાનો
કરશો નહીં. ૯૦

દેવીદેવતા ન ભજવાં,
અન્ય પ્રયાસો કોઈ ન કરવા,
તમારે સ્વધર્મયજ્ઞ આચરવા,
અનાયાસે. ૯૧

અહેતુક રાખીને ચિત્ત,
આરાધશો આ સ્વધર્મ,
પતિને જેમ પતિવ્રતા
આરાધતી. ૯૨

આ સ્વધર્મરૂપ યજ્ઞ તેવો,
તમ કાજે સેવ્ય એક દેખો,
એવું સત્યલોક-નાયક
બોલી રહ્યા. ૯૩

જો સ્વધર્મને ભજાશે
તો તે કામધેનુ થાશે,
હે પ્રજા, પછી એ તમને
કદી ન ત્યાગશે. ૯૪

આમ કરીને સમસ્ત
જ્યારે સંતોષાશે જગત,
ત્યારે તમને તે ઇપ્સિત
ભોગ દેશે. ૯૫

આ સ્વધર્મ પૂજાએ પૂજિત,
થશે દેવતાગણ સમસ્ત,
તો યોગક્ષેમ નિશ્ચિત
કરશે તમારું. ૯૬

તમે દેવોને ભજશો,
અને દેવોથી તમે તુષ્ટ થશો,
એવી પરસ્પરે થાશે
પ્રીતિ જ્યાં. ૯૭

ત્યારે તમે જે ધારશો,
આપોઆપ સિદ્ધ થાશે,
વાંછિત પણ મળશે
મન તણું. ૯૮

વાચાસિદ્ધિ પામશો,
આજ્ઞાપક થઈ જશો,
તમારી આજ્ઞાંકિત
મહારિદ્ધિ. ૯૯

જેમ ઋતુપાતને દ્વારે
વનશ્રી રહે નિરંતરે,
ઝળૂંબે ફળભારે
લાવણ્યવતી. ૧૦૦

તેમ સર્વ સુખો સહિત
દૈવ જ મૂર્તિમંત,
આવશે ભાળ કાઢંત
તમ પાસે. ૧૦૧

એવા સમસ્ત ભોગભરિત
થશો તમે અનાર્ત,
જો સ્વધર્મે અનુરક્ત,
વર્તશો બાપા. ૧૦૨

કે મેળવી સકળ સંપદા,
જો અનુસરે ઇન્દ્રિયમદા,
અને લુબ્ધ થાય સ્વાદા
વિષયોના. ૧૦૩

દેવોને યજ્ઞભાવે સંતોષ્યા,
જેમણે સંપતિભોગ પૂર્ણ આપ્યા,
તે સર્વેશ્વરને સ્વધર્મે
નહીં ભજે જે. ૧૦૪

અગ્નિમુખે હવન,
ન કરે દેવતાપૂજન,
પ્રાપ્તવેળા ભજન
બ્રાહ્મણોનાં. ૧૦૫

વિમુખ હોયે ગુરુભક્તિથી,
સત્કારે ના અતિથિ,
સંતોષે નહીં જ્ઞાતિ
પોતાની જે. ૧૦૬

એવો સ્વધર્મ ક્રિયારહિત,
પોતાની સંપત્તિએ ગર્વિત,
કેવળ ભોગાસક્ત
હોયે જે. ૧૦૭

તેનું પછી ઘણું અહિત થાયે,
જે પ્રાપ્ત તે સકળ જાયે,
અને જે રહે શેષ તે પણ
ભોગવી ન શકે. ૧૦૮

જેમ પ્રાણહીન શરીરે
ચૈતન્ય વાસ ન કરે,
અથવા દુર્ભાગીને ઘરે
ના રહે લક્ષ્મી. ૧૦૯

તેમ સ્વધર્મ જો લોપ્યો
તો સર્વ સુખોનો આશ્રય ગયો,
જેમ પવને દીપ જાતાં
પ્રકાશ જાયે. ૧૧૦

તેમ નિજ વૃત્તિ જ્યાં છોડાએ
ત્યાં સ્વતંત્રતા વાસ ન કરે,
હે પ્રજાઓ, હવે સાંભળો,
વિધાતા કહે. ૧૧૧

એટલે સ્વધર્મ જે છાંડશે
તેને કાળ દંડશે
ચોર કહીને હરશે
સર્વસ્વ તેનું. ૧૧૨

પછી સકળ દોષ ચોપાસ
ઘેરી લેશે અનાયાસ,
રાત્રિ સમયે સ્મશાને જેમ
ભૂતો ફરી વળે. ૧૧૩

તેમ ત્રિભુવનનાં દુઃખો,
અને નાનાવિધ પાતકો,
દૈન્યજાત જેટલાં
ત્યાં જ વસશે. ૧૧૪

ઉન્મત્તને એવું થશે,
રુદન ક્યારે પણ ન થંભશે,
કલ્પકલ્પાંતો સુધી,
હે પ્રાણીઓ. ૧૧૫

એટલે નિજ વૃત્તિ ના છોડીએ,
ઇન્દ્રિયો સ્વચ્છંદે ન મૂકીએ,
એવું પ્રજાને શીખવે
ચતુરાનન. ૧૧૬

જો જળચરો જળ છાંડે
તો તત્ક્ષણે મરણ માંડે,
આ સ્વધર્મ તે પ્રમાણે
વીસરવો નહીં. ૧૧૭

એટલે તમે સૌ સમસ્ત,
પોતાનાં કર્મે ઉચિત,
વર્તશો રત રહીને સતત,
એ જ કહેવું. ૧૧૮

જે વિહિત ક્રિયાવિધિ,
નિર્હેતુક બુદ્ધિ,
પોતાની હોય તે સમૃદ્ધિ,
વિનિયોગ કરે. ૧૧૯

ગુરુ ગોત્ર અગ્નિ પૂજે,
અવસરે દ્વિજોને ભજે,
નિમિત્તાદિકે યજ્ઞો કરે,
પિતરોદ્દેશે. ૧૨૦

આ યજ્ઞક્રિયા ઉચિત,
યજ્ઞવૃત્તિએ હવન કરત,
અને ત્યાં રહેશે સ્વભાવે,
હૂતશેષ જે. ૧૨૧

પછી ખુશીથી સુખે ઘરે,
કુટુંબ સાથે ભોજન કરે,
તે ભોગથી તે નિવારે
ઉપાયો બધા. ૧૨૨

તે યજ્ઞનો અવશિષ્ટ ભોગે,
એટલે સંકટો એને છોડે,
જેમ જાયે મહારોગ
અમૃતસિદ્ધિએ. ૧૨૩

કે તત્ત્વનિષ્ઠને જેમ
ના ગ્રસે ભ્રાંતિ લવલેશ,
તે શેષભોગીને તેમ
ન સ્પર્શે દોષ. ૧૨૪

એટલે સ્વધર્મે જે અર્જિત,
તે કરે સ્વધર્મે સમર્પિત,
અને ભોગવે સંતોષભરિત
શેષ જે જે. ૧૨૫

આના વિના હે પાર્થા,
આચરો ન અન્યથા,
એવી આ આદ્ય કથા
શ્રીમુરારિ કહે. ૧૨૬

જે દેહને જ પોતે માને,
અને વિષયોને ભોગ્ય જાણે,
એના વિના કશું જ ન સ્મરણે
આણે બીજું. ૧૨૭

આ છે યજ્ઞોપકરણ સકળ,
એવું જાણે ના તે ભ્રમવશ,
અહંબુદ્ધિ થઈને કેવળ
હોય ભોગાતુર. ૧૨૮

જે ઇન્દ્રિયોની રુચિ ખાતર,
કરે નિષ્પન્ન રસપાક,
તે પાપીઓ સેવે છે પાતક,
એવું જાણ. ૧૨૯

આ સંપત્તિજાત સકળ,
હવન દ્રવ્ય માનવું કેવળ,
પછી સ્વધર્મ યજ્ઞે સમર્પવું
આદિ પુરુષને. ૧૩૦

એવું ન કરતા મૂર્ખ
પોતાને માટે દેખ,
નિપજાવે ભોજન ભોજ્ય,
નાનાવિધ ૧૩૧

યજ્ઞસિદ્ધિ જેથી થાયે,
પ્રભુને સંતોષ જેથી હોયે,
તે તો સામાન્ય અન્ન ન હોયે,
એમ કહીએ. ૧૩૨

એને ન કહીએ સાધારણ,
અન્ન બ્રહ્મરૂપ જાણ,
એ જ જીવનહેતુ કારણ
વિશ્વનું આ. ૧૩૩

અન્ન પ્રસવે સકલ ભૂત-
ઉદય પામે તે સમસ્ત,
પછી પર્જન્યથી સર્વત્ર પ્રસરે
આ અન્ન. ૧૩૪

એટલે પાવસ જન્મે યજ્ઞથી,
અને યજ્ઞ નીપજે કર્મથી,
કર્મનું આદિ કારણ બ્રહ્મ
વેદરૂપ. ૧૩૫

પછી પરાત્પરથી વેદ જન્મે,
અને અક્ષર વેદથી પ્રસવે,
એટલે જ આ ચરાચર,
બ્રહ્મબદ્ધ. ૧૩૬

આ પ્રકારે કર્મની મૂર્તિ,
યજ્ઞમાં અધિવાસે શ્રુતિ,
સાંભળ સુભદ્રાપતિ,
નિરંતર. ૧૩૭

એવી આ આદિ પરંપરા
સંક્ષેપે તને ધનુર્ધરા
સ્વધર્મરૂપ યજ્ઞની
અનુષ્ઠાન કાજે કહી. ૧૩૮

એટલે આ સમૂળું ઉચિત,
સ્વધર્મરૂપ યજ્ઞ,
અનુષ્ઠે ન જે ઉન્મત્ત,
આ લોકમાં. ૧૩૯

તે રાશી પાતકોનો,
જાણ ભાર ભૂમિનો,
જે ઇન્દ્રિયોનાં કુકર્મે
વ્યર્થ જાયે. ૧૪૦

તેનાં જન્મકર્મ સકળ,
અર્જુન, અતિ નિષ્ફળ,
જેમ આભનાં વાદળ
અકાળનાં. ૧૪૧

કાં ગળાનાં સ્તન અજાનાં,
તેવાં જીવન દેખાય તેમનાં,
જ્યાં સ્વધર્મનાં અનુષ્ઠાન
થાયે ના. ૧૪૨

માટે સાંભળ પાંડવા,
આ સ્વધર્મ ક્યારેય ન છાંડવા,
સર્વ ભાવે ભજવા
આ જ એક. ૧૪૩

આ શરીરસંબંધ જોડાયો,
ત્યાં કર્તવ્યબોધ આવ્યો,
પછી ઉચિત કર્મ આપણાં
કેમ વીસરવાં. ૧૪૪

સાંભળ હે સવ્યસાચી,
મૂર્તિ પામ્યો દેહની,
આળસ કરે કર્મની,
તે મૂર્ખ હોયે. ૧૪૫

દેખ, આવવા છતાં દેહધર્મે,
તે જ એક ન લેપાય કર્મે-
જે અખંડિત રમતો રહે
નિજ રૂપમાં. ૧૪૬

જે આત્મબોધે તોષાયો,
તે કૃતકાર્ય થયો,
એટલે સહજ છૂટયો
કર્મસંગથી. ૧૪૭

જેવી રીતે તૃપ્તિ થયે
સાધનો સર્વ સરી પડે,
તેમ આત્મતુષ્ટિ થયે દેખ
કર્મ નાહીં. ૧૪૮

જ્યાં સુધી હે અર્જુન,
વ્યાપે ન આત્મબોધે મન,
ત્યાં સુધી જ સાધન
સાધવાં પડે. ૧૪૯

એટલે તું નિશ્ચિત,
સકળ કામનારહિત,
થઈ જાવું ઉચિત,
સ્વધર્મ-આચરણે. ૧૫૦

જે સ્વધર્મે નિષ્કામતા
અનુસર્યા પાર્થા
તે કૈવલ્યપદ તત્ત્વત:
પામ્યા જગે. ૧૫૧

જો તું જનકાદિક,
કર્મજાત અશેષ,
ન છાંડતાં, મોક્ષસુખ
પામી ગયા. ૧૫૨

આ કારણે પાર્થા,
હોવી કર્મે આસ્થા,
જે અન્ય એક અર્થ,
સરજાવશે. ૧૫૩

જે આચરતાં આપણને
લોકો આચરશે જોઈને,
અહિતથી રક્ષણ થશે જોને,
સહજ તેમનું. ૧૫૪

દેખ જે થયા પ્રાપ્તકામ,
હોય જે સહેજે નિષ્કામ,
તેમણે તોય કરવું રહ્યું
જનપ્રબોધન. ૧૫૫

અંધની સાથે માર્ગે
જેમ દેખતો આગળ ચાલે,
તેમ અજ્ઞ કાજે ધર્મ પ્રકટાવે
સુજ્ઞ આચરીને. ૧૫૬

અરે હા, એવું જો ન થાશે
તો અજ્ઞાની કેમ સમજશે,
અને કેવી રીતે તેને કળાશે
માર્ગ આ. ૧૫૭

અહીં શ્રેષ્ઠજનો જે કરતા,
તેનું નામ ધર્મ રાખતા,
તેને જ સૌ અનુસરતા,
સામાન્ય સકળ. ૧૫૮

આ આવું હોય સ્વભાવે,
એટલે કર્મ ના ત્યજાયે,
સવિશેષે આચરાયે
સંતોથી. ૧૫૯

હવે બીજાની વાત શેં કરું
અર્જુન, શા માટે એ કહું,
જો હું જ આ માર્ગે રહું
અને વર્તું એવું. ૧૬૦

હશે કોઈ વિપદ ક્યાંયે મુજને,
કે હશે કોઈ આરત મુજ અંતરે,
આચરું છું ધર્મ એટલે
કહીશ જો તું. ૧૬૧

તો પૂર્ણતા જોવા જતાં
મુજ સમો ન કોઈ જગમાં,
ઐશ્વર્ય એવું વસે મુજમાં,
જાણતો તું. ૧૬૨

સંજીવન કર્યો મૃત ગુરુપુત્ર,
નીરખ્યું એવું તેં સામર્થ્યે,
એવો પરાક્રમી હું
વરતું કર્મે. ૧૬૩

પણ સ્વધર્મે વર્તું છું કેમ
આકાંક્ષિત આચરે જેમ,
પરંતુ એનો ઉદ્દેશ એક
રહે સરખો. ૧૬૪

જે ભૂતજાત સકળ,
છે અમારે આધીન કેવળ,
તે ન થાય કર્મચ્યુત,
એટલે અરે. ૧૬૫

અમે પૂર્ણકામ હોઈએ,
અને જો આત્મસ્થિતિમાં રહીએ,
તો એ પ્રજા કેમ કરીને
તરી જાશે. ૧૬૬

લોક અમારું જીવન નીરખે,
અને તે પ્રમાણે પોતે વરતે,
આ સઘળી લોકવ્યવસ્થા
નહીંવત્ થશે. ૧૬૭

એટલે અહીં જે સમર્થ હોયે,
અને હોય સર્વજ્ઞ તોયે,
તેણે વિશેષ કર્મોને
ત્યજવાં નહીં. ૧૬૮

દેખ ફળની આશાએ
જે કામુક આચરે,
તેમ કર્મે અવિરત રહે
નિસ્પૃહ જન. ૧૬૯

એટલે પુનઃ પુનઃ પાર્થા,
આ સકળ લોક સંસ્થા,
રક્ષણીયા સર્વથા,
એટલે અરે. ૧૭૦

ધર્મમાર્ગને આધારે વર્તવું,
લોકને પણ આ માર્ગે લાવવું,
માટે અલૌકિક ન થવું
લોકો પ્રતિ. ૧૭૧

જે સાયાસે સ્તન્ય સેવે,
પકવાન તેને કેમ ફાવે,
એટલે બાળકોને ન અપાયે
હે ધનુર્ધર. ૧૭૨

તેવી કર્મે જ્યાં અયોગ્યતા,
તેમની પાસે નિષ્કર્મતા,
પ્રગટ ન કરીએ સર્વથા,
વાતવાતે. ૧૭૩

ત્યાં તો સત્ક્રિયા જ ઉપદેશવી,
તેની જ પ્રશંસા પ્રસારવી,
અને નિષ્કામ રહેણી
વ્યક્ત કરવી આચરીને. ૧૭૪

એટલે લોકસંગ્રહ કાજે,
જો વર્તતા કર્મસંગે,
તો કર્મબંધ અંગે,
લાગશે ના. ૧૭૫

જેમ બહુરૂપી અને રાજારાણી,
ત્યાં સ્ત્રીપુરુષ ભાવની નથી લાગણી,
છતાં લોકરંજન કાજે
વેશ કાઢે. ૧૭૬

દેખ, અન્યનો ભાર
લઈએ નિજ માથા ઉપર,
તો કહે કેમ ન અકળાઈએ,
હે ધનુર્ધર. ૧૭૭

તેમ શુભાશુભ કર્મે,
જે નિપજતા પ્રકૃતિ ધર્મે,
ત્યાં મૂર્ખ મતિભ્રમે
નિજને કર્તા માને. ૧૭૮

એવો અહંકારારૂઢ,
એકદેશી અને મૂઢ,
તેને આ પરમાર્થ ગૂઢ
કદી ન કહેવો. ૧૭૯

આ સઘળું પ્રસ્તુત જે
તે કહું તુજ હિત કાજે,
હવે સાંભળ એકચિત્તે
અર્જુન તું. ૧૮૦

જે તત્ત્વજ્ઞાનીઓ પાસે
પ્રકૃતિભાવ ન પ્રવર્તે,
તેથી કર્મજાત સઘળે
નીપજે અરે. ૧૮૧

તે દેહાભિમાન ત્યજીને,
ગુણકર્મો ઓળંગીને,
અને સાક્ષીભૂત થઈ ને
પ્રવર્તે દેહે. ૧૮૨

એટલે શરીરમાં હોવા છતાં
કર્મબંધે નથી સપડાતા,
જેમ આદિત્ય લોકચેષ્ટાએ
લિપ્ત ન હોયે. ૧૮૩

અહીં કર્મે તે જ બંધાયે
જે ગુણસંભ્રમે મોહિત થાયે,
અને આધીન થઈ પ્રકૃતિને
વરતે જગે. ૧૮૪

ઇન્દ્રિયો ગુણાધારે,
પ્રવર્તે નિજ વ્યાપારે,
તો પરકર્મ બળાત્કારે
માથે લઈ લે. ૧૮૫

એટલે ઉચિત કર્મો સકળ
આચરીને કર સુજને અર્પણ,
રહેવા દે ચિત્તવૃતિનો વિન્યાસ
આત્મરૂપે. ૧૮૬

આ કર્મોનો હું કર્તા,
હું આચરીશ આ અર્થા,
એવું અભિમાન ન ચિત્તા
પ્રવેશવા દેવું. ૧૮૭

તારે દેહપરાયણ ન થવું,
કામનાઓથી અળગા રહેવું,
પછી અવસરોચિત ભોગવવા
ભોગો બધા. ૧૮૮

હવે ધનુષ ધરીને હાથે
આરૂઢ થા આ રથે,
દઈ આલિંગન વીરવૃત્તિને
સમાધાને. ૧૮૯

જગમાં કીર્તિને પ્રસારી,
સ્વધર્મનું માન વધારી,
દુર્જનોના ભારથી મુક્ત કરવી
આ પૃથ્વીને. ૧૯૦

હવે પાર્થે નિ:શંક થઈ,
આ સંગ્રામે ચિત્ત દઈ,
હવે એ વિના બીજું કાંઈ
બોલવું નહીં. ૧૯૧

આ મારો નિશ્ચિત મત,
જે સ્વીકારે આદરયુક્ત,
શ્રદ્ધાસહિત કરે અનુષ્ઠાન
હે ધનુર્ધર. ૧૯૨

તે પણ સકળ કર્મો આચરે
છતાંય કર્મરહિત હોયે,
એટલે સુનિશ્ચિતપણે,
કર્મ કરવાં. ૧૯૩

નહીંતર પ્રકૃતિવશ થાયે,
ઇન્દ્રિયોનાં લાડ લડાવે,
અને મારો મત અવગણીને
ત્યાગશે જે. ૧૯૪

જે કોઈ મને સામાન્ય લેખશે,
અને અવજ્ઞા કરીને ચાલશે,
અથવા અર્થવાદ કહેશે
વાચાળપણે. ૧૯૫

તે મોહમદિરાએ ભૂલ્યા,
વિષયો વિષથી દંશિત થયા,
અને અજ્ઞાનપંકે બૂડ્યા,
નિર્ભ્રાંત જાણ. ૧૯૬

જેમ શબના હાથમાં દીધાં
રત્નો સઘળાં વ્યર્થ જ ગયાં,
કાં જન્માંધે પ્રકાશ જોયા,
કહેવું વ્યર્થ. ૧૯૭

કાં ચન્દ્રના ઉદયનો જેમ
કાગડાને ન હોય ઉપયોગ,
મૂર્ખને મારો આ વિવેક
રુચશે નહીં. ૧૯૮

તેમ જેઓ પાર્થા
વિમુખ છે પરમાર્થા,
તેમનાથી સંવાદ કરવા
વર્જ્ય સર્વથા. ૧૯૯

કારણ તેઓ નહીં માનતા,
અને નિંદાય કરવા લાગતા,
કહે પતંગિયાં શું સહી શકે
પ્રકાશને. ૨૦૦

પતંગિયાં કરે દીપને આલિંગન
તેનાથી તેમનું અચૂક મરણ,
તેવું વિષયોનું આચરણ
આત્મઘાતી. ૨૦૧

એટલે ઇન્દ્રિયોને જરીયે,
જ્ઞાની ધ્યાની પુરુષે
લડાવવી ના કૌતુકે
જાણી જોઈ. ૨૦૨

અરે સર્પ સંગે શું ખેલાયે,
શું વ્યાઘ્ર સંસર્ગે સિદ્ધિ જાયે,
શું કોઈથી પચવી શકાયે
હાલાહલ. ૨૦૩

જેમ રમતાં અગ્નિ સળગે,
પેટ્યા પછી ન બુઝાયે,
તેમ ઇન્દ્રિયોને લાડ લડાવે
ભલું ન થાયે. ૨૦૪

એટલે પણ અરે અર્જુના,
આ શરીર છે પરાધીના,
પછી કેમ ભોગરચના
મેળવવી. ૨૦૫

કેમ કરીએ બહુ સાયાસ,
પ્રાપ્ત કરવા સમૃદ્ધિ સકળ,
જો દેહને ઉદય-અસ્ત,
તો કેમ સાચવવો. ૨૦૬

સર્વથા કષ્ટ કરી,
અહીં સંપત્તિ કમાવવી,
અને સ્વધર્મ છાંડીને દેહને
પોષવો કાંઈ. ૨૦૭

આ દેહ તો પાંચનો મેળાપ,
અને અંતે પામવાનો પંચતત્ત્વ,
ત્યારે વ્યર્થ ભાસશે સર્વ
નિજ પરિશ્રમ. ૨૦૮

એટલે કેવળ દેહભરણ
છે લૂંટાઈ જવાનું લક્ષણ,
ત્યાં વશ ન થવા દે અંતઃકરણ
જરાયે તું. ૨૦૯

ઇન્દ્રિયોને નિજ વિષય લાધશે,
જો નિજ રુચિનું પોષણ મળશે,
તો ચિત્તને સંતોષ થશે,
પળ એક. ૨૧૦

પણ જેમ ચોરોનો સંગાથ,
નગરની સીમા સુધી સ્વસ્થ,
પણ સીમા જ્યાં ઓળંગે
ત્યાં જ લૂંટે. ૨૧૧

બાપ, વિષયોની મધુરતા
સત્વરે જગાડે ચિત્તમાં પ્રિયતા,
પણ પરિણામ વિચારતાં
પ્રાણહર હોયે. ૨૧૨

ઇન્દ્રિયોનો કામ કેવો,
સુખની દુરાશા જગવે એવો,
જેમ કાંટામાંના આમીષે,
મીન ભૂલે. ૨૧૩

કાંટો છુપાવેલ આમીષે
પંચ પ્રાણને હરી જશે
તે જેમ ન દેખાશે
મોહવશે. ૨૧૪

પછી લોભથી મોહ ઊપજે,
વિષયોની આશા વધે,
તેમાંથી ક્રોધનો નિપજશે
દાવાનળ. ૨૧૫

જેમ ઘેરો નાખે પારધી,
એના ચિત્તમાં ઘાતની સંધિ,
અને મૃગને બાંધવા બુદ્ધિ
પ્રયોજે. ૨૧૬

અહીં એવી જ છે સ્થિતિ,
આ સંગ ન થાય તારાથી,
પાર્થ, કામક્રોધ બન્ને
ઘાતક જાણો. ૨૧૭

એટલે એના આશ્રિત ન થવું,
મને એનું સ્મરણ ન કરવું,
સ્નિગ્ધપણું એક સાચવવું
નિજ વૃત્તિનું. ૨૧૮

અરે આ આપણો સ્વધર્મ
હોય જો ભલે અતિ કઠણ,
તોપણ તેનું જ અનુષ્ઠાન
કરવું ભલું. ૨૧૯

પરંતુ ધર્મ જે પરાયો
તે ભલે દેખાય સારો,
પણ જીવવો-આચરવો
સ્વધર્મ પોતીકો. ૨૨૦

કહે શૂદ્રને ઘેર સકળ
પકવાનો રંધાયાં પુષ્કળ–
તે દ્વિજ હોવા છતાં દુર્બળ
આરોગશે કેમ. ૨૨૧

આ અનુચિત કેમ થાયે,
અગ્રાહ્ય કેમ ઇચ્છાયે,
અને ઇચ્છિત કેમ પમાયે,
વિચારી જો. ૨૨૨

એટલે લોકોનાં સુંદર ઘર
જોઈને ઘણાં મનહર,
આપણી હોય તે પર્ણકુટિ
તોડાય કેમ. ૨૨૩

અસ્તુ, હોય જે નિજની વનિતા
પામે દૈવયોગે કદરૂપતા,
પણ તે જ ભલી ભોગવતાં
આપણા હિતે. ૨૨૪

તેમ ગમે તેવો દુષ્કર,
અને આચરણે દુઃખકર
તોય સ્વધર્મ જ થશે સુખકર
પરલોકે. ૨૨૫

અરે હા સાકર અને દૂધ,
બન્ને મધુરતાએ પ્રસિદ્ધ,
પણ કૃમિદોષ કાજે નિષિદ્ધ
કેમ લેવાયે. ૨૨૬

તોપણ જો એ સેવશે
તો ઇચ્છા એની પૂરી થશે,
પણ પરિણામે પથ્ય ન થશે
ધનુર્ધર. ૨૨૭

એટલે બીજા કાજે વિહિત,
અને આપણે માટે અનુચિત,
તે ન આચરીએ જો હિત
પોતીકું વિચારીએ. ૨૨૮

આ સ્વધર્મ આચરતાં
પ્રાણ પણ કદી પડતા,
તે આલોક-પરલોકે શુભ કહેવાતાં
દેખાય એવું. ૨૨૯

એવા સમસ્ત સુરશિરોમણિ
બોલે જ્યાં શ્રીસારંગપાણિ,
ત્યાં અર્જુન કરે વિનવણી,
આમ દેવને. ૨૩૦

આ જે તમે કહ્યું
તે બધું મેં સાંભળ્યું,
હવે છે કાંઈ પૂછવું
અપેક્ષિત સુજને. ૨૩૧

તો દેવ આવું કેમ દીસે
કે જ્ઞાનીઓની સ્થિતિ ભ્રંશે,
માર્ગચ્યુત થઈને બહુધા
વિચરતા હોયે. ૨૩૨

જે સર્વજ્ઞ હોયે
એઓ ઉપાય પણ જાણે,
તે પરધર્મે વ્યભિચારે
કયા ગુણે. ૨૩૩

બીજ અને ભૂસું,
અંધ ભેદ જાણે શી રીતે,
પણ ક્ષણભર દેખતોય ચૂકે
એ શેનાથી. ૨૩૪

હોય તે સંગ જે છોડે,
તે બીજાના સંસર્ગે ન ધરાયે,
વનવાસી પણ જનપદ સેવે
હોંશભેર. ૨૩૫

પોતે સર્વથા અળગા રહે,
પાપથી નિજની રક્ષા કરે,
તેઓ પણ સપડાયે
પાપ માંહી. ૨૩૬

જેનો જીવને ત્રાસ થાયે
તેનો જ મનને ધ્યાસ લાગે,
ન જોઈએ તે ગળે પડે
બલાત્કારે. ૨૩૭

આવો જે બલાત્કાર દીસે
તે કોનો આગ્રહ હશે
તે બોલો હૃષીકેશ
પાર્થ કહે. ૨૩૮

ત્યારે હૃદયકમળઆરામ,
યોગીઓના નિષ્કામ કામ,
પોતે બોલે પુરુષોત્તમ
કહે સાંભળ. ૨૩૯

દ્વેષ આ કામક્રોધ માંહે
કૃપાનો લવલેશ ન હોયે,
આ તો કૃતાંત મૂર્તિમંતે
જાણ તું. ૨૪૦

આ જ્ઞાનનિધિના ભુજંગ,
વિષય-ગુફામાંના વ્યાઘ્ર,
ભજનમાર્ગીના જલ્લાદ
મારનારા. ૨૪૧

એ તો દેહદુર્ગના પાષાણ,
ઇન્દ્રિયગ્રામના સાંધણ,
વ્યામોહાદિ એમનું બંડ
જગત ઉપરે. ૨૪૨

આ રજોગુણ મનના,
સમૂળગા આસુરી ધનના,
ધાત્રીપણું કર્યું છે એમનું
અવિદ્યાએ. ૨૪૩

એ રજોગુણથી નિપજ્યા,
તમોગુણનેય વહાલસોયા,
એટલે આપ્યું છે નિજપદ,
પ્રમાદ મોહનું. ૨૪૪

એઓ મૃત્યુની નગરીએ
સાચા મિત્રો મનાએ,
પણ એ જીવિતના શત્રુ હોયે
એમ કહીએ. ૨૪૫

અરે જેઓ થતાં ક્ષુધિત
વિશ્વ પણ ન થાયે એક ગ્રાસ,
જેમની આશાએ સંચાલિત
જીવનવ્યાપાર. ૨૪૬

જો કૌતુકે મુઠ્ઠી બાંધશે
તો ચૌદ ભુવનો ત્યાં સમાશે,
ભ્રાંતિ તેમની બહેન નાની
વહાલસોઈ. ૨૪૭

ત્રણે લોકનું કરીને ભાથું
જે કૌતુકે ખાય અમથું,
તેમના દાસ્યના બળે
જીવે તૃષ્ણા. ૨૪૮

એ મોહને માન આપે,
અને અહંકારને વ્યાપાર સોંપે,
જેનાથી પોતાની મોજે
નચાવે જગ. ૨૪૯

એણે સત્યના ગર્ભને હણ્યો,
પછી એમાં અસત્યનો આટો ભર્યો,
તે દંભને નામે પ્રતિષ્ઠિત થયો,
આ જગ માંહી. ૨૫૦

સાધ્વી શાંતિને લૂંટી લીધી,
ક્ષુદ્ર માયાને શૃંગારી દીધી,
પછી તેના વડે વટલાવ્યું
સાધુવૃંદ. ૨૫૧

એણે વિવેકની પ્રતિષ્ઠા ભાંગી,
વૈરાગ્યની છાલ કાઢી લીધી,
અને ડોક મરડી નાખી
ઉપશમ તણી. ૨૫૨

સંતોષનું વન ઉજાડ્યું,
ધૈર્યદુર્ગનું પનોત કાઢ્યું,
આનંદનું છોડવું ઉખેડ્યું
કામક્રોધે. ૨૫૩

એણે પ્રબોધના છોડ તોડ્યા,
સુખના શબ્દો ભૂંસી નાખ્યા,
હૃદયમાં અગ્નિ પેટાવ્યા
ત્રણેય તાપના. ૨૫૪

આ અંગે ઉત્પન્ન થયા,
ચિત્તમાં દૃઢતાથી સંતાયા,
કેમેય કરી નહીં શોધાયા
બ્રહ્માદિકથી. ૨૫૫

આ ચૈતન્યની નિકટે વસે,
જ્ઞાનપંક્તિયે બેસે,
એટલે રોકી શકાય ના
આ મહામારી. ૨૫૬

એ અગ્નિ વિના બાળતા,
વારિ વિના ડુબાડતા,
ન બોલતા, ઘેરતા
પ્રાણીઓને. ૨૫૭

એ શસ્ત્રો વિના છેદે,
અને રજ્જુ વિના બાંધે,
જ્ઞાનીઓને પણ હણે
પડકારીને. ૨૫૮

એ પંક વિના રોપતા,
પાશ વિના બાંધતા,
કોઈને સ્વાધીન ન થતા,
અરે નિજ બળે. ૨૫૯

જેમ ચંદન વૃક્ષની જડે
સર્પ વીંટળાઈને રહે,
અથવા નાળની ખોલે
ગર્ભસ્થ રહે. ૨૬૦

કે પ્રભા વિણ ભાનુ,
ધૂમ્ર વિણ હુતાશનુ,
જેમ દર્પણ મળહીનું,
કયાંય ન હોયે. ૨૬૧

તેમ એકલું એના વિના,
અમે ન દેખ્યું જ્ઞાના,
જેમ છોડાની છાયા વડે
બીજ નીપજે. ૨૬૨

તેમ જ્ઞાન તો શુદ્ધ,
પણ અહીં હોયે અવરુદ્ધ,
એટલે જ તે અગાધ
થઈને રહે. ૨૬૩

પહેલાં આમને જીતવા,
પછી તે જ્ઞાન પામવા,
ત્યાં સુધી પરાભવ ન સંભવે
રાગદ્વેષનો. ૨૬૪

આને સાધવું પડે,
એ બળ આણવું અંગે,
તે ઇંધને જેમ આગે
સહાયભૂત હોયે. ૨૬૫

એવા ઉપાય કરતા જે જે
તે તે તેને જ સહાય કરે,
અને જે જીતવાની હઠ ધરે
તેને જ જીતે. ૨૬૬

આવે સંકટને છેક ટાણે
એક રૂડો દેખાય ઉપાય મને,
તે જો રુચશે તને
તો કહીશ હું. ૨૬૭

એનું મૂળ સ્થાન છે ઇન્દ્રિયો,
ત્યાંથી ઊપજે સઘળી પ્રવૃત્તિઓ,
તેમનું કાઢવું નિકંદન પહેલાં
સર્વથા અરે. ૨૬૮

પછી મનની દોડ શમશે,
અને બુદ્ધિ સ્વાધીન થશે,
આવી રીતે આશ્રય ફીટશે
આ પાપીઓનો. ૨૬૯

આમ જો અંતરેથી ફીટયા,
ત્યારે નિર્ભ્રાંત જાણ નીસર્યા,
જેમ રશ્મિ અસ્ત થતાં
મૃગજળ નાહીં. ૨૭૦

તેમ રાગદ્વેષ જો ઓસરે
તો પરબ્રહ્મનું સ્વરાજ આવે,
પછી ભોગે સુખ નિજપદનાં
નિજપદમાં. ૨૭૧

આ જે ગુરુશિષ્યની ગોષ્ટિ
તે જ પિંડબ્રહ્માંડ ભેટી
ત્યાં સ્થિર રહી ન ઢળી
કોઈ કાળે. ૨૭૨

એવું સકળ સિદ્ધ શિરોમણિ,
જે દેવી લક્ષ્મીના પ્રિય પતિ,
દેવોના દેવ બોલ્યા, હે નૃપતિ,
સાંભળ હવે. ૨૭૩

હવે પુનરપિ તે અનંત
સૃષ્ટિ આરંભની એક વાત,
કહેશે ત્યાં, પાંડુસુત
પ્રશ્ન કરશે. ૨૭૪

તેમના બોલની યોગ્યતા,
કે રસવૃત્તિની મહત્તા,
એથી શ્રોતાઓને સમસ્તા,
શ્રવણસુખ અરે. ૨૭૫

નિવૃત્તિના જ્ઞાનદેવો કહે,
વધારો ઉન્મેષ હવે શ્રવણે,
પછી ભોગવજો બાપુ સુખે
શ્રીકૃષ્ણાર્જુન સંવાદ. ૨૭૬

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

નિષ્કામ કર્મ

ત્રીજા અધ્યાયમાં પ્રત્યેક માણસે કર્મ કરવું રહ્યું એવો નિર્ણય ભગવાને કહ્યો છે. પરંતુ કર્મ આચરતાં પહેલાં અજ્ઞાનનું બંધન તોડવું રહ્યું. કર્મ પોતાને માટે નહીં પણ બ્રહ્માર્પણ-બુદ્ધિએ થવાં જોઈએ. આ ઉપાસના કેમ કરવી તેનો વિસ્તાર પ્રભુએ આ અધ્યાયમાં કર્યો છે.

અર્જુનને પ્રભુ મૂર્તિમંત પ્રેમ, સદેહ ભક્તિ અને સખ્યનો અવતાર કહીને બિરદાવે છે. એના ઉપર ભગવાનનો અસીમ પ્રેમ છે. એટલે પોતાના જીવનનું ગોપ્ય એને કહે છે. આ નિષ્કામ કર્મયોગ લોકો દેહાસક્ત અને વિષયસુખોમાં લોલુપ થવાને કારણે લુપ્ત થયો. પ્રભુનું અવતારકાર્ય ધર્મની સંસ્થાપના, સાધુઓનું સંરક્ષણ અને દૈત્યોનો નાશ કરવાનું કહેવાયું છે. કામ, ક્રોધ અને ભયથી જેઓ મુક્ત છે, જેઓ પ્રભુનું આ અવતારકાર્ય સમજે છે અને એ રીતે જીવે છે તેઓ આત્મસ્વરૂપ છે.

કર્મ-અકર્મનો ભેદ બુદ્ધિશીલ પુરુષો પણ સમજતા નથી. કારણ તેમની બુદ્ધિ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ હોતી નથી. કર્મ થાય તોય તે આપણે કરતા નથી એવી સમજણ સ્થિર રાખવી અને કર્મફળની અભિલાષા ન રાખવી. કર્મ કરવા છતાં આપણું નૈષ્કર્મ્ય અખંડિત રહે એ જ સમજણ મોટામાં મોટી યુક્તિ છે. આ સમજણનો જેને પ્રત્યય આવ્યો તે બ્રહ્મરૂપ થયેલ પુરુષ સંતોષની ગુફામાં રહીને આત્મબોધનું સેવન કરે છે. તેને પોતાનો અને પરાયાનો ભેદ હોતો નથી. કર્મ બ્રહ્મ છે એવા સામ્યનો એને અનુભવ થાય છે. એટલે કર્મ કરવા છતાં તે નૈષ્કર્મ્ય રહે છે.

વિવેક અને વૈરાગ્યયુક્ત થઈને જેણે યોગરૂપ અગ્નિની ઉપાસના સ્વીકારી છે તેવા અગ્નિના ઉપાસક, ઇન્દ્રિયો અને પ્રાણનાં સર્વ કર્મો, જ્ઞાનરૂપી અગ્નિથી પ્રદીપ્ત થયેલા આત્મસંયમ રૂપી અગ્નિને આહુતિ આપે છે. યજ્ઞ દ્વારા ચિત્તનો મળ ધોવાઈ જાય છે ત્યાં અજ્ઞાન નહીંવત્ થાય છે અને કેવળ જ્ઞાન શેષ રહે છે. આવું જે બ્રહ્મતત્ત્વ છે તેને તેઓ પામે છે. જ્ઞાનનાં મહત્ત્વ અને મહિમા મોટાં છે. તેને પ્રાપ્ત કરવા માટે સંતચરણોની સેવા એ એક જ ઉપાય છે. એની પ્રાપ્તિ થાય તો મોહરૂપી અંધકાર નાશ પામીને ભ્રાંતિ અને વ્યામોહ એને સ્પર્શતાં નથી.

જન્મ પામીને જેણે સંયમાગ્નિની સેવા કરી નથી તેને પરલોક તો દૂર રહ્યા, એનું આલોકમાં જીવવું પણ દુષ્કર બની જાય છે. જે સંશયગ્રસ્ત હોય છે તેનો સર્વનાશ થાય છે. જ્ઞાનના અભાવમાં સંશય સંતાઈને રહે છે. છેવટે પ્રભુએ અર્જુનને સર્વ સંશય ફેંકી દઈને યુદ્ધમાં પ્રવૃત્ત થવાની શિખામણ આપી.

અધ્યાય ચોથો

જ્ઞાનસંન્યાસયોગ

આજે શ્રવણેન્દ્રિયોનું સુપ્રભાત,
જોયું ગીતાનિધાન સુખ્યાત,
ભાસે છે આ સ્વપ્ન સમું જગત,
ખરેખર સાચ. ૧

પહેલાં તો વિવેકગોષ્ઠિ,
તેને પ્રતિપાદે શ્રીકૃષ્ણ જગશ્રેષ્ઠિ,
અને ભક્તરાજ કિરીટી,
સાંભળી રહે. ૨

જેમ પંચમસૂરની સુગંધ,
કે પરિમલ અને સુસ્વાદ,
એવો ભલો થાયે આનંદ
કથાનો આ. ૩

કેવી દૈવની અપૂર્વતા
કે લાધી અમૃતની સરિતા,
તપ શ્રોતાના જન્મોજન્મનાં
ફલરૂપ થયાં. ૪

હવે ઇન્દ્રિયો સઘળી
શ્રવણગૃહે લાવી
પછી સંવાદસુખ ભોગવી
ગીતાનું આ. ૫

હવે અતિરેક, અતિ પ્રસંગ
છાંડીને કહીશ કથાપ્રસંગ,
જે કૃષ્ણાર્જુન ઉભય
બોલતા હતા. ૬

તે વેળા સંજય ધૃતરાષ્ટ્રને કહે:
અર્જુન અધિષ્ઠિત છે દૈવગુણે,
પછી અતિ પ્રીતે શ્રીનારાયણે
બોલવા માંડયું. ૭

જે ન કહ્યું પિતા વસુદેવને,
જે ન કહ્યું માતા દેવકીને,
જે ન કહ્યું બંધુ બલભદ્રને
તે ગુહ્ય અર્જુનને કહે. ૮

દેવી લક્ષ્મીય એટલાં નિકટ,
તેમનેય ન મળ્યું આ પ્રેમસુખ,
એ જે શ્રીકૃષ્ણપ્રેમનો પરિપાક,
અર્જુનને મળ્યો. ૯

સનકાદિકોની પ્રેમઆશા–
પ્રસરી હતી જે દશદિશા,
પણ ન કદી મળી યશસંપદા
અર્જુન સમી. ૧૦

આ જગદીશ્વરનો પ્રેમ
દેખાયે અહીં જે નિરુપમ,
પાર્થે કેવાં સર્વોત્તમ
પુણ્યો કર્યાં. ૧૧

અરે હા જેમની પ્રીતિએ
વ્યક્તરૂપ ધાર્યું અમૂર્તે,
એવો એકનિષ્ઠ સહજ પ્રેમ
ગમતો મને. ૧૨

યોગીઓનેય એ ન મળે,
વેદાર્થીથી પણ ન કળાયે,
જ્યાં ધ્યાનનાં નેત્રો વડેયે
પમાય ના. ૧૩

તે આ નિજ સ્વરૂપ,
અનાદિ નિષ્કંપ,
પણ કૃપાવંત કેવા
અર્જુન પર થયા. ૧૪

આ ત્રૈલોક્ય પર વળાયેલો,
અહીં છે આકાર અંત પામેલો,
પણ અર્જુનના પ્રેમે પ્રગટયો
સહજવશ થઈ. ૧૫

પછી દેવ કહે પાંડુસુતા,
આ જ યોગ અમે વિવસ્વતા,
કહ્યો, પણ તે વારતા
બહુ કાળની. ૧૬

પછી તે વિવસ્વાન રવિએ
આ યોગસ્થિતિ સઘળીએ
નિરુપી દીધી સારી રીતે
મનુ પ્રત્યે. ૧૭

મનુએ પોતે અનુષ્ઠેલી,
પછી ઇક્ષ્વાકુને ઉપદેશેલી,
એવી પરંપરા વિસ્તરેલી
આદ્ય છે આ. ૧૮

આ યોગમાં બીજા ઘણા
નિષ્ણાત રાજર્ષિ પછીથી થયા,
પણ ત્યારથી સાંપ્રત સુધી
કોઈ ના જાણે. ૧૯

જે પ્રાણીઓ કામસભર,
દેહ ઉપરે જેમનો આદર,
એટલે થયું વિસ્મરણ
આત્મબોધનું. ૨૦

આડે માર્ગે ચડતાં આસ્થાબુદ્ધિ,
વિષયસુખની થઈ પરમાવધિ,
જેવો જીવ તેવી ઉપાધિ
લોકને ગમે. ૨૧

અરે દિગંબરોનું જ્યાં ગામ,
ત્યાં પરિધાનોનું શું કામ,
કહે જન્માંધ કાજે સૂર્યનું
શું પ્રયોજન. ૨૨

અથવા બહેરાની સભામાં
સંગીતને કોણ માન દે,
કે શિયાળને ચાંદની
કેમ ગમશે. ૨૩

કે ચંદ્રના ઉદય પહેલાં
જેમનાં નેત્રો ન દેખતાં થયાં,
તે કાક કેવી રીતે ઓળખશે
ચંદ્રને. ૨૪

વૈરાગ્ય જેમને સ્પર્શ્યો નથી,
જે વિવેક શું તે જાણતા નથી,
તે મૂર્ખ પામશે, કહે કેમ
મુજ – ઈશ્વરને. ૨૫

ન જાણે કેમ મોહ વાધ્યો,
જેથી બહુ કાળ વ્યર્થ ગુમાવ્યો,
અને યોગ આ લોપાયો
લોકમાંથી. ૨૬

તે જ આ અહીં આજે
તને કુંતીસુતને,
કહ્યો અમે તત્ત્વ તે,
ભ્રાંતિ ન કરજે. ૨૭

અંતરનું આ નિજ રહસ્ય
પણ તારાથી ન રખાય ગુપ્ત,
જો તું પ્રિય અત્યંત
મુજને અરે. ૨૮

તું છે પ્રેમની મૂર્તિ,
તું છે સહૃદય ભક્તિ,
અને ચિત્કલાયુક્ત મૈત્રી,
તું ધનુર્ધર. ૨૯

તું સંગાથી પરમ વિશ્વાસુ,
તુજથી ન છાનું કંઈ રાખવું,
જો સંગ્રામારૂઢ હોઈને
સજ્જ આપણે. ૩૦

પણ જરીક તે વીસરીએ,
કોલાહલ આ મને ન ધરીને,
અને અજ્ઞાન તારું હણીએ,
એ જ ઇષ્ટ. ૩૧

તવ અર્જુન કહે શ્રીહરિ,
માતા પુત્રને સ્નેહ કરી,
તેમાં વિસ્મય કેવું અવધારી,
કૃપાનિધે. ૩૨

તું સંસારશ્રાંતોની છાંયડી,
અનાથ જીવોની માવડી,
અમે પોતે જ છીએ સજીવન
તારી કૃપા વડે. ૩૩

દેવ, જો એકાદ પંગુ જન્મે
તો આજન્મ માતા જ સહે,
એ બધું શું તને જ કહીએ
તારે વિશે. ૩૪

હવે હું પૂછીશ જે કંઈ
તે સાંભળો સમગ્ર ચિત્ત દઈ,
પણ જરીકે કોપશો નહીં
દેવ મારા. ૩૫

હવે પૂર્વની જે કથા
તમે કહી હતી અનંતા,
તે પળ પણ સ્વીકારે ના
ચિત્ત મારું. ૩૬

જે કોઈ વિવસ્વાન થઈ ગયા,
વડીલોએ પણ તે ના જાણ્યા,
ત્યારે તમે કયારે કયાં
એને ઉપદેશ આપ્યો. ૩૭

એ તો બહુ કાળ પૂર્વે થયા,
તમે તો શ્રીકૃષ્ણ સાંપ્રતના,
એટલે આ તમારી વાતમાં
વિસંવાદ લાગે. ૩૮

તેમ જ દેવ, ચરિત્ર તમારું
અમને તે કેમ સમજાય વારુ,
અને ખોટું પણ કેમ કહું
અચાનક. ૩૯

પણ આ વાતો સમસ્તે
કહો, હું સમજું એ રીતે,
જે તમે તે સમયે ઉપદેશ્યો
વિવસ્વાન. ૪૦

ત્યારે શ્રીકૃષ્ણ કહે : પાંડુસુતા,
તે વિવસ્વાન જ્યારે હતા,
અમે નહોતા ત્યારે એવું ચિત્તે,
તે ભ્રાંતિ તારી. ૪૧

અરે તું એ જાણતો નથી
કે બહુ જન્મના આપણે સંગાથી,
કેટલા જન્મો ગયા વહી
ન સ્મરે તને. ૪૨

હું જ્યારે જે જે અવસરે,
જે જે થઈને અવતરે,
તે તે સમસ્ત અમને સ્મરે
ધનુર્ધર. ૪૩

એટલે આ સકળે
પૂર્વનું મને સાંભરે,
પણ હું અજન્મા, જન્મ સંભવે
પ્રકૃતિયોગે. ૪૪

મારું અવ્યયત્વ લય ન પામે,
પણ જન્મવું-મરવું દીસે,
તે પ્રતિબિંબ જ માયાવશે
મુજમાં દીસે. ૪૫

મારી સ્વતંત્રતા ન ભાંગે,
પણ કર્માધીનપણું ભાસે,
ભ્રાંતબુદ્ધિ આવું કરાવે,
પણ એવું નથી. ૪૬

કે એક જ બીજું દેખાયે,
તે હોય દર્પણને આધારે,
વસ્તુ જો વિચારાયે,
તો બીજું ન હોયે. ૪૭

તેવો હું અમૂર્ત છું, અર્જુન,
પરંતુ પ્રકૃતિનું છે અધિષ્ઠાન,
તેથી સાકારપણે વિવિધરૂપે
કાર્ય કરું. ૪૮

જે ધર્મજાત સમસ્તુ
તે યુગે યુગે હું સંરક્ષું,
એવો પ્રવાહ આ સ્વભાવે
આદિથી ચાલે. ૪૯

એટલે અજરત્વ રાખું બાજુએ,
અને અવ્યક્તપણું ન રાખું મને,
જે ઘડીએ ધર્મના વિલોપને
અધર્મ પાંગરે. ૫૦

તે વેળા પોતીકાની વહારે
સાકાર થઈને અવતરાયે,
પછી અજ્ઞાનનો ગળી જવાયે
અંધકાર. ૫૧

અધર્મની અવધિ તોડી,
દોષોનો હિસાબ ફાડી,
સજ્જનો દ્વારા ધ્વજ ચડાવી
સુખોદય કરું. ૫૨

દૈત્યોના કુળને સંહારું,
સાધુઓનું સન્માન વધારું,
ધર્મ સાથે નીતિ તણું
ઐક્ય સાધું. ૫૩

અવિવેકની કાલિમા ફેડી,
વિવેકદીપ પળમાં ઉજાળી,
ત્યાં યોગીઓને થાય દિવાળી
નિરંતર. ૫૪

સ્વસુખે વિશ્વ ભરાયે,
ત્યાં જગે સ્વધર્મ વ્યાપે,
અને ભક્તો નિરાંતે વસે
સત્ત્વગુણે. ૫૫

ત્યારે પાપોના પહાડ તૂટે,
પુણ્યોનું પ્રભાત ફૂટે,
જ્યારે સ્વરૂપ મારું પ્રગટે,
પાંડુકુંવર. ૫૬

આવાં કાર્યો માટે
અવતરું હું યુગે યુગે,
એનો મર્મ જે જાણે જગે,
તે જ વિવેકી. ૫૭

મારું અજર રહીને જન્મવું,
અક્રિય રહી કર્મ કરવું,
વિકાર એ જે જાણે
તે પરમ મુક્ત. ૫૮

ચાલવા છતાં સંગે ન ચાલે,
દેહમાં છતાં દેહમાં ન અટકે,
પંચત્વ પામતાં ભળી જાયે
મુજ રૂપમાં. ૫૯

જે આપણું-પરાયું ન શોચે
તેઓ કામનાશૂન્ય હોયે,
અને કદી ન ચડે તાવડીએ
ક્રોધની તે. ૬૦

સદા મુજમાં જે રહે,
મારી સેવા વડે શ્વસે,
તે આત્મબોધે સંતોષાયે,
વિતરાગ તે. ૬૧

જે તપોતેજના રાશિ હોયે,
તે એકાયતન જ્ઞાનનું થાયે,
પવિત્રતા તીર્થોને અર્પે
એટલે તીર્થરૂપ. ૬૨

મુજ ભાવમાં સહેજે સમાયે,
અને હું છું તે જ તે થાયે,
પછી કદી ન અંતર હોયે
અમારામાં. ૬૩

પિત્તળનું કાળું થવું કે કરાવું
જ્યાં સમૂળું નીકળી ગયું,
ત્યારે સુવર્ણથી શું નિરાળું
રહે કાંઈ. ૬૪

જે યમનિયમોથી કસાયે,
ને તપોજ્ઞાને પખાળાયે,
ત્યાં મુજ રૂપમાં સમાયે
નિઃસંશય. ૬૫

આમ જોવા જતાં અર્જુન,
જે જેવું કરે મારું ભજન,
હું તેમને ભજું તે જ રીતે
નિરંતર. ૬૬

સૃષ્ટિમાં મનુષ્યજાત સકળ
હોયે સ્વભાવે ભજનશીલ,
અને કરે છે કેવળ
ભજન મારું. ૬૭

પણ જ્ઞાનવિણ નાશ પામે,
જેમને બુદ્ધિભેદ ગ્રાસે,
તેઓ અનેકત્વ કલ્પે,
મુજ એકમાં. ૬૮

એટલે અભેદમાં ભેદ દેખે,
અનામીમાં નામ આરોપે,
દેવદેવી કહી સંબોધે
અવાચ્યને. ૬૯

જે સર્વદા સદા સમ
ત્યાં વિભાગે અધમઉત્તમ,
મતિવશે સંભ્રમ
ઊભો કરે. ૭૦

પછી નાના હેતુ પ્રકારે
યથોચિત ઉપચારે,
આરાધે દેવતાંતરે,
નિજ કલ્પિત. ૭૧

અહીં જે જે અપેક્ષિત,
જે તેવું જ પામે સમસ્ત,
પણ તે કર્મફળ નિશ્ચિત
જાણી લે તું. ૭૨

આ વિનાનું આદાનપ્રદાન
સંભવે નહીં નિર્ભ્રાંત જાણ,
અહીં છે કર્મફળ સૂચક
મનુષ્યલોકે. ૭૩

જેમ ખેતરે જે વાવીએ
તે વિના બીજું ન નીપજે,
કાં જોઈએ તે જ દેખીએ
દર્પણમાં. ૭૪

અથવા પર્વતની ખીણ માંહીં
જે આપણો જ બોલ ભાઈ–
પ્રતિસાદ થઈને ઊઠે
નિમિત્તયોગે. ૭૫

તેમ સમસ્ત આ ભજને
હું સાક્ષીભૂત રહું અર્જુન,
ત્યાં તો પ્રતિફળે ભાવના
પોતા તણી. ૭૬

હવે આ પછી તું જાણ
ચારેય આ વર્ણ
સૃજેલા મેં ગુણ–
કર્મ-વિભાગે. ૭૭

એ પ્રકૃતિને આધારે,
ગુણોના મિશ્ર આચારે,
કર્મે તદનુસારે,
નિરુપ્યા અરે. ૭૮

અહીં એક જ એ ધનુર્ધર,
જેના થયા પ્રકાર ચાર,
એનું ગુણકર્મ-પરીક્ષણ
કર્યું સહેજે. ૭૯

એટલે સાંભળ પાર્થા,
આ વર્ણભેદ સંસ્થા,
હું કર્તા નથી સર્વથા,
થઈએ આપમેળે. ૮૦

આ મારે કારણે થયા
પણ મેં નથી કર્યા,
એવું જેણે જાણ્યું,
થયા મુક્ત. ૮૧

આગળ જે મુમુક્ષુ થઈ ગયા,
તેઓ આ વાતો હતા સમજ્યા,
પછી તેમણે કર્મ સમસ્ત કર્યાં
ધનુર્ધર. ૮૨

દાઝેલાં બીજ જો વાવીએ,
વાવવા છતાં ના અંકુરે,
તેમ કર્મો તેમનાં નિષ્કામ,
મોક્ષપ્રદ થયાં. ૮૩

અહીં હજી સાંભળ અર્જુન,
આ કર્માકર્મ વિવેચન,
જો કરે સ્વમતે વિદ્વાન,
હોય અનુચિત. ૮૪

અરે તો કોને કહીએ કર્મ,
કે શું છે અકર્મનું લક્ષણ,
એવું વિચારતાં વિચક્ષણ,
ભ્રમવશ થાયે. ૮૫

જેમ કે ખોટાં નાણાં
દેખાયે ખરાં સરીખાં,
આ આંખોનું દેખવું
સંશયે નાખે. ૮૬

તેમ નિષ્કર્મતાનો ભ્રમ
સેવીને કરે છે કર્મ,
રચી શકે જેમનો મનોધર્મ
અન્ય સૃષ્ટિ. ૮૭

અહીં મૂર્ખાઓની વાત શી કરવી,
અહીં તો મોહ્યા મોટા દીર્ઘદર્શી,
એટલે હવે તેની સમજૂતી
કહેવી તને. ૮૮

હવે કર્મ કહીએ સ્વભાવે,
જેનાથી વિશ્વાકાર સંભવે,
તે જાણવું પહેલાં સમ્યક્ રૂપે,
ઇષ્ટ એ જ. ૮૯

પછી વર્ણાશ્રમ કાજે ઉચિત,
જે વિશેષ કર્મ વિહિત,
તેને ઓળખવું નિશ્ચિત
ઉપયોગ કાજે. ૯૦

પછી જે નિષિદ્ધ કહીએ
તેનુંય સ્વરૂપ જાણીએ,
એ જણાય તો ન ફસે કર્મબંધને
આપમેળે. ૯૧

આમ તો જગ આ કર્માધીન,
એવી એની વ્યાપ્તિ ગહન,
પણ એ રહેવા દે કહું ચિહ્ન
પ્રાપ્ત પુરુષનાં. ૯૨

જે સકળ કર્મે વર્તતા,
જુએ પોતાની નિષ્કર્મતા,
કર્મ સંગે નિરાશતા,
ફળ તણી. ૯૩

અને કર્તવ્ય કરવા કાજે,
દેખાય ના દ્વૈત જગે,
એવી નિષ્કર્મતાને બોધે,
જે પ્રબોધિત. ૯૪

તોયે ક્રિયાકલાપ સઘળો,
દેખાય આચરણે ગરવો,
તો જ તે ચિહ્ન જાણવું
જ્ઞાની તણું. ૯૫

જેમ જળ પાસે જે ઊભો થાયે,
તેને પ્રતિબિંબ જળમાં દેખાયે,
તોયે પોતાની ભિન્નતા જાણે
નિર્ભ્રાંતપણે. ૯૬

અથવા નાવમાં જે વિહરે
તે કાંઠાનાં વૃક્ષ વેગે જતાં જુએ,
પણ સાચોસાચ જાણે
કે વૃક્ષો અચળ. ૯૭

પોતાનું સર્વ કર્મે કરવાપણું
છે વ્યર્થનું એક જુઠાણું,
અને નિજનું સર્વથા નિષ્કર્મપણું
ઓળખે જે. ૯૮

ઉદય-અસ્તની ગતિ પ્રમાણે
જેમ સૂર્ય ન ચાલતાં ચાલે,
તેમ નિષ્કર્મતા ત્યાં પ્રવર્તે,
કર્મમાં હોવા છતાં. ૯૯

જો એ સામાન્ય મનુષ્ય ભાસે,
પણ મનુષ્યતા ત્યાં ન વરતે,
જેમ જળ સહીં ન ડૂબે
સૂર્યબિંબ. ૧૦૦

તેણે જગ ન જોતાંય જોયું,
ન કરતાં સર્વ કર્યું,
ન ભોગવતાં ભોગવ્યું,
ભોગ્યજાત. ૧૦૧

જે એક ઠામે વસે
છતાં સર્વત્ર સર્વદા વિહરે,
કિંબહુના વિશ્વ થાયે
પોતે અરે. ૧૦૨

જે પુરુષને હૃદયે
કર્મ કરવાનો ખેદ ન હોયે,
પણ ફળની અપેક્ષા મને
સંચરે ના. ૧૦૩

અને આ કર્મ હું કરું,
અથવા આદરેલું સિદ્ધ કરું,
સંકલ્પ એવો ચિત્ત જેનું
કરે ન કદા. ૧૦૪

આત્મજ્ઞાનના મુખે
હોમ્યાં કર્મ જેણે અશેષે,
તે પરબ્રહ્મ મનુષ્યવેશે
જાણજે તું. ૧૦૫

જે દેહભાવે ઉદાસ,
ફળના ભોગે જે નિરાશ,
સદેહે નિત્ય ઉલ્લાસ
હોઈને પ્રવર્તે. ૧૦૬

જે સંતોષના ગર્ભગૃહે,
આત્મબોધ આરોગે,
આરોગતાં ન ધરાયે
ધનુર્ધર જે. ૧૦૭

કેવી અધિકાધિક પ્રીતિ
સેવે મહાસુખની રતિ,
આશાઓ સર્વ ત્યજી
અહંતા ઓવારે. ૧૦૮

એટલે અવસરે જે જે આવે
તેનાથી તે સુખી થાયે,
જેને પોતીકું-પરાયું
ઉભય ન હોયે. ૧૦૯

તે દૃષ્ટિએ જે જુએ
તે પોતે થઈ જાયે,
સાંભળે તેવું રૂપ ધારે
પ્રાપ્ત પુરુષ. ૧૧૦

અને ચરણે ચાલે,
મુખે જે જે બોલે,
કે જે જે ચેષ્ટા કરે,
તે સર્વ આત્મદૃષ્ટિએ. ૧૧૧

હવે જે વિશ્વને ન્યાળે
તેમાં આત્મરૂપ દેખાયે—
એવાને કર્યું કર્મ ક્યારે
કેમ બાંધે. ૧૧૨

આ મત્સર જે કારણે ઊપજે,
ને દ્વૈતભાવ ત્યાં ન હોયે,
એટલે કેમ કહેવું તેને
નિર્મત્સર. ૧૧૩

તે હોય સર્વ પ્રકારે મુક્ત,
સકર્મ છતાં કર્મરહિત,
સગુણ હોવા છતાં ગુણાતીત,
નિઃસંશય. ૧૧૪

એ દેહને સંગે રહે,
પણ ચૈતન્ય સરીખો દીસે,
કસતાં પરબ્રહ્મની કસોટીએ
લાગે પરબ્રહ્મ. ૧૧૫

એવી જ રીતે કૌતુકે,
કરે કર્મો યજ્ઞાદિકે,
તે લય પામે નિઃશેષે
તેના મહીં. ૧૧૬

જેમ અકાળના મેઘ
હોયે આકાશે જળહીન,
ને આકાશે થાય લીન
આપમેળે. ૧૧૭

તેમ વિધિવિધાનો વિહિત,
આચરતા હોય સમસ્ત,
તે પામે ઐકયરૂપ
ઐક્યભાવે. ૧૧૮

આ હવન અને હું હોતા,
કાં આ યજ્ઞ ને આ ભોક્તા,
એવી બુદ્ધિમાં જ્યાં ભિન્નતા
નથી લવલેશ. ૧૧૯

જે ઇષ્ટ યજ્ઞાદિ યજીએ
તે હવિમંત્રાદિ સઘળે
જુએ છે અવિનાશ ભાવે
આત્મબુદ્ધિ વડે. ૧૨૦

એટલે બ્રહ્મ તે જ કર્મ,
એ બોધે ઉભયને જુએ સમ,
તે જ્ઞાનીનું કર્મ જ નિષ્કર્મ,
હે ધનુર્ધર. ૧૨૧

હવે અવિવેકનું કૌમાર્ય શમ્યું,
પાણિગ્રહણ વિરક્તિનું થયું,
એટલે આરાધન આદર્યું,
યોગાગ્નિનું. ૧૨૨

જે યજનશીલ અહર્નિશે,
કર્યું અવિદ્યાનું મનસહિતે,
ગુરુવચનના હુતાશને,
અરે હવન. ૧૨૩

તે જ યોગાગ્નિને યજે,
તેને જ દૈવયજ્ઞ કહીએ
જેનાથી આત્મસુખ ઇચ્છે
પાંડુકુંવર. ૧૨૪

દૈવથી થાય છે પાલન,
એમ જાણી ચિંતવે દેહભરણ,
તેને જ મહાયોગી જાણ,
દૈવાનુયોગે. ૧૨૫

હવે સાંભળ કહું આગળ,
જ્યાં બ્રહ્માગ્નિનું અગ્નિહોત્ર,
અને યજ્ઞ વડે થાય યજ્ઞ,
આરાધિત. ૧૨૬

એક સંયમાગ્નિ હોત્રે,
યુક્તિત્રયના મંત્રે,
યજન કરે ઇન્દ્રિયદ્રવ્યે,
પવિત્ર જે. ૧૨૭

એકના વૈરાગ્યરવિ પ્રકાશે
ત્યાં વિહાર થાય સંયમે,
ત્યાં ધૂમ્રરહિત થાયે
ઇન્દ્રિયાનલ. ૧૨૮

ત્યાં વિરક્તિની જ્વાળ પ્રજ્વળે,
અને વિકારોનાં ઇંધન ચેતે,
પછી ન રહે આશાનો ધુમાડો
પાંચેય કુંડે. ૧૨૯

પછી ગુરુવાક્યના નિરધારે
વિષયોની આહુતિ આપે,
અને ઇન્દ્રિયોના યજ્ઞકુંડે
કરે હવન. ૧૩૦

પાર્થ, કોઈ એવી રીતે
નિજ દોષો સર્વથા પખાળે,
કોઈ હૃદયને કાષ્ઠે મથે
વિવેકત્રલોણીએ. ૧૩૧

તે ઉપશમથી સુદૃઢ,
ધૈર્યભારે સધ્ધર,
ગુરુવાક્યે કરે મંથન
બળવંતપણે. ૧૩૨

આવું સમરસે મંથન કરે
ત્યાં ઝડપથી કાર્ય સધાયે,
અને પ્રજ્વલિત થાયે
જ્ઞાનાગ્નિ ત્યાં. ૧૩૩

પહેલો રિદ્ધિસિદ્ધિનો સંભ્રમ,
તે નિવૃત્ત થઈને ગયો ધૂમ,
પછી પ્રગટે ત્યાં સૂક્ષ્મ
અગ્નિતણખો. ૧૩૪

ત્યાં મનનું વિશુદ્ધ
ચેતવ્યું અરે ઇંધન,
જે થયું હતું પાવન
યમનિયમો વડે. ૧૩૫

તેથી પ્રજ્વલે જ્વાલા સમૃદ્ધ,
પછી વાસનાદિકોનાં સમિધ,
વિષયો સ્નિગ્ધ નાનાવિધ
હોમી દીધા. ૧૩૬

ત્યાં સોહમ્‌મંત્રે દીક્ષિત,
ઇન્દ્રિયકર્મો થયાં આહુત,
જે જ્ઞાનાગ્નિએ પ્રદીપ્ત
કરી દીધાં. ૧૩૭

પછી પ્રાણકર્મના સ્રુવે,
પડી પૂર્ણાહુતિ હુતાશને,
ત્યાં અવભૃત સ્નાન સમદૃષ્ટિનું
સહેજે થયું. ૧૩૮

પછી આત્મબોધનું સુખ
જે સંયમાગ્નિનું હુતશેષ,
તે જ પુરોડાશ
સેવન કર્યો. ૧૩૯

કેટલાકો આ જ યજને
મુક્ત થયા ત્રિભુવને,
આ યજ્ઞક્રિયા ભિન્ન ભલે
પણ પ્રાપ્તિ એક. ૧૪૦

એકને દ્રવ્યયજ્ઞ કહીએ,
એક વડે તપસામગ્રી સાધીએ,
વળી એકને યોગયાગ જ ગણીએ,
કહેલા જે. ૧૪૧

શબ્દમાં શબ્દ યજીએ
તે વાગ્યજ્ઞ કહીએ,
જ્ઞાન વડે જ્ઞેય પામીએ
તે જ્ઞાનયજ્ઞ. ૧૪૨

અર્જુન, આ સઘળું છે દુષ્કર,
અનુષ્ઠાન એનું ઘણું કઠણ,
પણ જિતેન્દ્રિય તે કરે સિદ્ધ
યોગ્યતા વડે. ૧૪૩

જે પ્રવીણ ત્યાં શોભતી,
મેળવીને યોગસમૃદ્ધિ,
તે કરે જીવદશાનો હવન
નિજ રૂપમાં. ૧૪૪

પછી અપાનાગ્નિના મુખે
પ્રાણનું દ્રવ્ય હોમે,
તે વડે પોતે અભ્યાસ કરે
અભ્યાસયોગે. ૧૪૫

કોઈ અપાનને પ્રાણે સમર્પે,
કોઈ ઉભયને નિરોધે,
તે પ્રાણાયામી કહેવાયે,
પાંડકુંવર. ૧૪૬

કોઈ વજ્રયોગને ક્રમે,
સર્વ આહારને સંયમે,
પ્રાણમાં પ્રાણ જ હોમે
હવન માંહી. ૧૪૭

એવા મોક્ષકામ સકળ,
સમસ્ત આ યજનશીલ,
જેમણે પખાળ્યા મનોમળ
યજ્ઞો વડે. ૧૪૮

સર્વ અવિદ્યાઓ થતાં ભસ્મ,
શેષ જે નિજ સ્વભાવધર્મ,
ત્યાં અગ્નિ અને હોતા ઉભય
થાય નિઃશેષ. ૧૪૯

જ્યાં યજમાન તૃપ્ત થાયે
ત્યાં યજ્ઞનું વિધાન ન હોયે,
પછી ત્યાંથી ઓસરે
ક્રિયાજાત. ૧૫૦

વિચાર જ્યાં ન પ્રવેશે,
હેતુ જેને ના સ્પર્શે,
જે દ્વૈતદોષને સંગે
લપટાય ના. ૧૫૧

એવું અનાદિસિદ્ધ વિશુદ્ધ,
જે જ્ઞાન છે યજ્ઞાવશિષ્ટ
તે સેવે બ્રહ્મનિષ્ઠ
બ્રહ્માહં મંત્રે. ૧૫૨

એવા શેષામૃતે તોષે,
કે અમર્ત્ય ભાવે ધરાયે,
એટલે બ્રહ્મ જ થાયે
અનાયાસે. ૧૫૩

તેમને વિરક્તિ કદી ના વરે
જે સંયમાગ્નિ કદી ના સેવે,
અને યોગયાગ કદી ના કરે
જન્મથી જ. ૧૫૪

જેમણે ઐહિક નથી સાધ્યું
તેમના પરલોકનું શું કહેવું,
એટલે રહેવા દે આ સઘળું
પાંડકુંવર. ૧૫૫

એમ બહુ પ્રકારે વિવિધ
કહ્યા છે તુજને યજ્ઞ,
તે વિસ્તારીને સાંગોપાંગ
વેદ બોલ્યા. ૧૫૬

એવા વિસ્તારથી આપણે શું કરવું,
તેને કર્મસિદ્ધ જાણવું—
જેથી કર્મબંધ સ્વભાવે
વળગશે ના. ૧૫૭

અર્જુન, વેદ જેનું મૂળ,
જે ક્રિયાવિશેષ સ્થૂળ,
જેવું અપૂર્વ ફળ,
તે સ્વર્ગસુખ. ૧૫૮

દ્રવ્યાદિ યજ્ઞ ભલે હોયે,
જ્ઞાનયજ્ઞની તોલે ન આવે,
જેમ તારકતેજરાશિ
સૂર્ય પાસે. ૧૫૯

જુએ પરમાત્મ સુખનિધાન,
જે સાધવા યોગીજન,
કદી ન વીસરે અંજન
જ્ઞાન તણું. ૧૬૦

જે આદરેલાં કર્મની પૂર્તિ,
જે નૈષ્કર્મ્યબોધની તૃપ્તિ,
અને જે છે સાધનસંપત્તિ
મોક્ષ તણી. ૧૬૧

જ્યાં પ્રવૃત્તિ પાંગળી થઈ,
ને તર્કની દૃષ્ટિ ગઈ,
જ્યાં ઇન્દ્રિયો વીસરી
વિષયસંગ. ૧૬૨

મનનું મનપણું લોપ્યું,
શબ્દનું બોલવું જ થંભ્યું,
અને જેમાં મળી આવ્યું
જ્ઞેય સહેજે. ૧૬૩

જ્યાં વૈરાગ્યનો સંબંધ ફીટે,
જ્યાં વિવેકની હોંશ તૂટે,
જ્યાં વિના સાયાસ થઈ આવે
નિજ દર્શન. ૧૬૪

અરે તે જ્ઞાન અનાવિલ
પામવા હો ઇચ્છા પ્રબલ,
તો સમર્પીએ નિજ સર્વસ્વ
સંતોને. ૧૬૫

જે જ્ઞાનનો અખૂટ ભંડાર,
જ્યાં સેવા કરતાં ખૂલશે દ્વાર,
તે સેવાને કરવી સ્વાધીન
વિનમ્ર થઈને. ૧૬૬

ત્યાં તનમન જીવ દઈને,
લળી લળી ચરણે નમીને,
કરવું નિરહંકાર થઈને
દાસ્ય સકળ. ૧૬૭

પછી આપણને જે વાંછિત,
પૃચ્છા કરતાં થાશે નિવેદિત,
જેનાથી ચિત્ત થાતાં પ્રબોધિત
સંકલ્પો ના આવે. ૧૬૮

જેમની વાણીના પ્રકાશે
ચિત્ત નરવાં થાશે,
અને થશે બ્રહ્મની જેમ
સંશયરહિત. ૧૬૯

તે વેળા પોતાના સહિત,
આ સર્વ અશેષ ભૂત,
મુજ સ્વરૂપે અખંડિત
જોઈશ તું. ૧૭૦

એવો જ્ઞાનપ્રકાશ પામશે,
અને મોહાંધકાર લોપશે—
જ્યારે તને પાર્થ લાધશે
શ્રીગુરુકૃપા. ૧૭૧

જો કલ્મશથી સભર,
તું ભ્રાંતિનો સાગર,
કે વ્યામોહનો ડુંગર,
હોઈશ તું. ૧૭૨

તોયે જ્ઞાનશક્તિ સામે
આ સઘળું નગણ્ય લાગે,
એવું સામર્થ્ય અપરંપારે
જ્ઞાનમાં અહો. ૧૭૩

દેખો આ વિશ્વસંભ્રમ,
અમૂર્તનું પ્રકાશકિરણ,
તે પણ દેખાય તુચ્છ
જ્ઞાનના પ્રકાશે. ૧૭૪

તેને શું કરશે આ મનોમળ,
જે બોલતાં પણ અનુચિત કેવળ,
નથી જ્ઞાન સમું કોઈ સબળ
અન્ય જગે. ૧૭૫

કહે ભુવનત્રયોની રાખોડી
તે ગગને દે છે ઉડાડી,
તેવા પ્રલયના વાવંટોળે
શું મેઘ ટકશે. ૧૭૬

કે પવનને પ્રકોપે
જે સકળ પાણીને શોષે,
તે પ્રલયાનળ શું દબાશે
તૃણકાષ્ઠથી. ૧૭૭

એટલે આવું ન થાયે,
તે વિચારતાં અસંગત દેખાયે,
અને જ્ઞાન સમું અન્યે
પવિત્ર ના દીસે. ૧૭૮

અહીં જ્ઞાન એક જ ઉત્તમ,
અન્ય કાંઈ નથી તેના સમ,
જેમ આત્મચૈતન્ય કેવળ
અદ્વિતીય. ૧૭૯

આ મહાતેજની કસોટીયે,
જો પ્રતિબિંબ સરખું દીસે,
કાં આલિંગને આલિંગાયે,
આકાશ જો. ૧૮૦

કે પૃથ્વીની બરોબરે,
ત્રાજવે અન્ય કાંઈ તોળાયે,
તો ઉપમા જ્ઞાનને અપાયે,
પાંડુકુંવર. ૧૮૧

એટલે ઘણી રીતે જોતાં,
પુનઃ પુનઃ નિર્ધારતાં,
આ આત્મજ્ઞાનની પવિત્રતા
આત્મજ્ઞાને જ હોયે. ૧૮૨

જેવી અમૃતની રુચિ પરીક્ષીએ
તો અમૃત જેવી જ કહીએ,
તેમ જ્ઞાનને ઉપમા આપીએ
જ્ઞાનની હા. ૧૮૩

હવે આ વિશે કંઈ બોલીએ
તો વ્યર્થનો સમય વેડફીએ,
ત્યાં સાચ બાપુ, પાર્થ કહે,
આપનાં વચન. ૧૮૪

હવે એ જ્ઞાન કેમ જાણવું
એવું હતું અર્જુનને પૂછવું,
ત્યાં તેનું મનોગત જાણ્યું
વાસુદેવે. ૧૮૫

ત્યારે દેવ બોલ્યા, હે પાર્થે,
હવે ચિત્ત દે આ વાતે,
કહીશ તુંને કેમ થાશે
જ્ઞાનમિલન. ૧૮૬

જે આત્મસુખ-માધુરી ચાખે
તે સકળ વિષયોથી કંટાળે,
જેમના ચિત્તે ઇન્દ્રિયો વિશે
માન ન રહે. ૧૮૭

જે મનને કોઈ ઇચ્છા ન રહે,
જે પ્રકૃતિનાં કર્મો ન સ્વીકારે,
અને જે શ્રદ્ધાના સંભોગે
થયો સુખી. ૧૮૮

જ્ઞાન તેને શોધતું આવે,
શોધીને ત્યાં નિશ્ચલ થાયે,
અને જેમાં સહજ નિવસે,
પરમ શાંતિ. ૧૮૯

તે જ્ઞાન હૃદયે પ્રતિષ્ઠે,
અને શાંતિના અંકુર ફૂટે,
પછી વિસ્તાર બહુ પ્રગટે
આત્મબોધનો. ૧૯૦

પછી જ્યાં જ્યાં દૃષ્ટિ પડે
ત્યાં શાંતિ જ દેખાયે,
ત્યાં આપ-પરાયું ન જણાયે,
નિર્ધારિતા. ૧૯૧

એવો આ ઉત્તરોત્તર
જ્ઞાનબીજનો વિસ્તાર,
કહેતાં ના આવે પાર
હવે રહેવા દે. ૧૯૨

સાંભળ જે પ્રાણીએ કદી
જ્ઞાનનો અભિલાષ સેવ્યો નથી,
જીવવું તેનું શું કામનું,
મરવું ભલું. ૧૯૩

શૂન્ય જેમ ગૃહ,
કાં ચૈતન્યવિણ દેહ,
તેમ જીવિત તે સંમોહ,
જ્ઞાનહીન. ૧૯૪

અથવા જ્ઞાનની સંપ્રાપ્તિ ન હોયે,
પણ આત્મજ્ઞાનની ઇચ્છા હોયે,
તોયે આશા કંઈક બંધાયે
પ્રાપ્તિ તણી. ૧૯૫

જે જ્ઞાનની વાત કરતો નથી,
અને આસ્થા પણ હૈયે નથી,
તો તે સંશયરૂપ હુતાશને
પડયો જાણો. ૧૯૬

જેને અમૃતે રુચિ ન ઊપજે,
એવી અરુચિ જીવે ચડે,
ત્યારે મરણ આવ્યું આગળે
જણાય એવું. ૧૯૭

તેમ વિષયસુખે રાચે,
જે જ્ઞાનને તુચ્છ લેખે,
તે સંશયે ગ્રસ્ત થાયે
નિર્ભ્રાંતપણે. ૧૯૮

પછી સંશયે જો પડયો
તો નિ:સંશય નાશ પામ્યો,
અને આલોક-પરલોકના ચૂકયો
સુખને અરે. ૧૯૯

જે થયો કાળજવરથી પીડિત
તે ન જાણે જેમ ઉષ્ણશીત,
ગણે અગ્નિ અને જયોત્સના
એકસરીખાં. ૨૦૦

તેમ સાચું અને લટકું,
સારું અને નરસું,
સંશયી ઓળખે નહીં
હિત કે અહિત. ૨૦૧

અરે રાત કે દિવસ
ઓળખી ન શકે જન્માંધ,
તેમ થતાં સંશયે ગ્રસ્ત
કશું ન ઓળખાયે. ૨૦૨

એટલે સંશય કરતાં દારુણ
નથી કોઈ પાપ અન્ય,
એ વિનાશનો પાશ થાતું
પ્રાણીઓને. ૨૦૩

એટલે આ સંશય ત્યજવો,
એક એને જ જીતવો,
તે વસે છે સુનિશ્ચિત,
જ્ઞાનના અભાવે. ૨૦૪

જ્યારે જ્ઞાનનો અંધકાર ઊતરે
ત્યારે સંશય બહુધા પાંગરે,
અને એ સર્વથા માર્ગ તોડે
શ્રદ્ધા તણો. ૨૦૫

હૃદયમાં સીમિત ના રહે
તો બુદ્ધિને ગ્રસીને રહે,
પછી ત્રણે લોક તેને થાશે
સંશયાત્મક. ૨૦૬

એમ જો એ વિસ્તરે
તો વશ થાયે એક ઉપાયે,
જો હાથે હોયે સુતીક્ષ્ણ
જ્ઞાનખડગ. ૨૦૭

તે સુતીક્ષ્ણ જ્ઞાનશસ્ત્રે
સમૂળો સંશય નાશે,
અને સહજે સર્વ દુઃખો શમે
મન તણાં. ૨૦૮

આ કારણે હે પાર્થ,
હવે ઊઠીને તું સત્વર,
નાશ કરી જે હૃદયસ્થ,
સંદેહને. ૨૦૯

એવું સર્વજ્ઞોના જે બાપ
શ્રીકૃષ્ણ જ્ઞાનદીપ–
તે બોલ્યા સકૃપ,
સાંભળો ધૃતરાષ્ટ્ર. ૨૧૦

હવે આ પૂર્વાપર બોલ
વિચારશે પાર્થ સમતોલ,
કરતા થશે પ્રશ્ન કેવો
સમયોચિત. ૨૧૧

તે કથાની સંગતિ,
ભાવોની સંપત્તિ,
રસોની સમુન્નતિ,
કહેવાશે હવે. ૨૧૨

જેના સરસપણે
આઠે રસો ઓવારીએ,
જે સંતોને મતે
વિસામો જગતનો. ૨૧૩

જે શાંતરસના અનાવિલ
તે સાંભળો મરાઠી બોલ,
જે સાગર થકીય ગહન
અર્થેભર્યા. ૨૧૪

જેમ રવિબિંબ લઘુ દેખાયે
પણ પ્રકાશ કાજે ત્રિભુવન નાનું પડે,
શબ્દની વ્યાપ્તિ તેવી રીતે
અનુભવાશે. ૨૧૫

અથવા સકામ પુરુષની ઇચ્છા જેમ
કલ્પવૃક્ષ સફળ કરે તેમ,
ફલદ્રુપ થશે મારા બોલ,
અવધાન આપો. ૨૧૬

હવે કેટલું કહેવું આગળ,
પણ સર્વજ્ઞ જાણતા સ્વભાવ,
તો હવે સાંભળો શાંત ચિત્ત,
એ વિનંતી મારી. ૨૧૭

જ્યાં સાહિત્ય અને શાંતિ,
એ રેખા દીસે બોલતી,
જેવી લાવણ્યગુણ કુળવતી,
અને પતિવ્રતા. ૨૧૮

પહેલાં જ સાકર ગમે,
તે જો ઔષધિમાં પડે,
તો સેવવી કેમ ના કોડે,
વારંવારે. ૨૧૯

સહજે મલયાનિલ મંદ સુગંધ,
તેમાં અમૃતનો હોયે સ્વાદ,
અને ત્યાં જોડાયે નાદ,
જો દૈવયોગે. ૨૨૦

સ્પર્શે સર્વાંગ પામે શાંતિ,
સ્વાદે જીહ્વા થાય નાચતી,
અને શ્રવણદ્વય ઊઠશે બોલી:
વાહ વાહ. ૨૨૧

તેવું આ કથાનું સાંભળવું
શ્રવણો કાજે થશે પારણું,
અને સંસારદુઃખોનું નાશવું,
વિકૃતિ વિના. ૨૨૨

જો મંત્રથી વેરી મરે
તો શસ્ત્ર કેમ વાપરે,
રોગ જાય જો દૂધસાકરે
તો લીંબડો શે પીવો. ૨૨૩

તે પ્રમાણે મનને ન મારતાં,
અને ઈન્દ્રિયોને ન દુભાવતાં,
અહીં મોક્ષ એવો આયતા,
શ્રવણ માંહે. ૨૨૪

એટલે ભાગ્યવંતો એકચિત્તે,
ગીતાર્થ આ અદ્‌ભુતે,
જ્ઞાનદેવ કહે સાંભળો,
નિવૃત્તિદાસ. ૨૨૫

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानकर्मसंन्यासयोगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

યોગનો મર્મ

ચોથા અધ્યાયમાં ભગવાને જ્ઞાનમાર્ગની અનેકરૂપે પ્રશંસા કરી છે. પરંતુ છેવટે અર્જુનને કહ્યું કે તું માત્ર કર્મયોગનું આચરણ કરીને યુદ્ધમાં ઊભો રહે. આ ઉપદેશ સાંભળીને અર્જુનના ચિત્તમાં સંદેહ ઊપજ્યો. કર્મયોગ અને કર્મસંન્યાસ એ બન્ને માર્ગો પૈકી કયો માર્ગ શ્રેયસ્કર છે ? પ્રભુને અર્જુનનો પ્રશ્ન સાંભળી ઘણો સંતોષ થયો. પાંચમા અધ્યાયમાં ભગવંતે આ પ્રશ્નનો ઉત્તર આપ્યો છે.

આ પાંચમા અધ્યાયનું એક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ છે. જ્ઞાનમાર્ગ અને નિષ્કામ કર્મયોગ એ બન્ને માર્ગો પૈકી કર્મયોગ એ, કર્મસંન્યાસ કરતાં વધુ શ્રેયસ્કર છે. વિશ્વમાં કર્મયોગના અધિકારી ઘણા છે. જ્ઞાનમાર્ગના અધિકારી ઘણા થોડા છે. એટલે આ અધ્યાયમાં નૈષ્કર્મ્ય સ્થિતિની ઉદ્‌બોધક ચર્ચા થઈ છે. અજ્ઞાન લોકો નૈષ્કર્મ્ય, એટલે આળસુ બેસીને, કશું જ ન કરતાં સ્વસ્થ બેસવું, એવો અર્થ કરે છે. એટલે પ્રભુએ નૈષ્કર્મ્યનો અર્થ સ્પષ્ટ કર્યો છે. દેહાદિ ઇન્દ્રિયો વડે કર્મો થતાં હોવા છતાં પોતાના અકર્તાપણામાં લેશમાત્ર વિકૃતિ કે ઊણપ ન આવવા દેવાં તે સાચી નૈષ્કર્મ્ય સ્થિતિ છે. પ્રપંચમાં આસક્ત રહેનાર મનને નિઃસંગ કરવું એ જ મહત્ત્વનો પુરુષાર્થ છે. 'હું અને મારુ' એ સંકલ્પ નહીંવત્ થયો, તો પ્રપંચમાં રહીને પણ તે પુરુષ કર્મસંન્યાસી છે. કર્મસંન્યાસ કે કર્મયોગનું સત્ત્વ સાચી રીતે સમજણમાં ઊતરે તો બન્ને માર્ગ એક જ ફળ આપનાર છે એમ દેખાશે.

સકામ પુરુષ પ્રમાણે જ્ઞાનયોગી કર્મ કરતો દેખાય છે ખરો, પરંતુ જાણે પોતાને હાથે કર્મો થતાં જ નથી એવા, અકર્તાપણાના બોધે, તે ફળ માટે ઉદાસીન રહે છે. એટલે એને આ જગતમાં અમર્યાદ શાંતિ પ્રાપ્ત થાય છે. આવો પુરુષ ઈશ્વર સમોવડો દેખાય છે. ઈશ્વર જગતમાં સર્વવ્યાપી હોવા છતાં કોઈ પ્રાણી માટે આસક્તિ ધરાવતો નથી. જગતનાં ઉત્પત્તિ અને વિનાશ પણ એને અડકતાં નથી. તે સગુણરૂપ ધારણ કરીને લીલા કરે છે, છતાં તેના સમર્થ નિર્ગુણપણાને કશી જ આંચ આવતી નથી. તેવા પુરુષને ત્રણે લોકમાં કશો ભેદ દેખાતો નથી. એની મોટી આત્મસંપદા એ હોય છે કે ઇષ્ટ અને અનિષ્ટ પ્રાપ્ત થાય તોપણ તેના ચિત્તમાં કશો વિકાર ઉત્પન્ન થતો નથી.

એટલે આત્મસુખનો ભોગ જેને પ્રાપ્ત થતો નથી તે મૃગજળ જેવા વિષયોને માર્ગે રઝળીને દુઃખ ભોગવે છે. જ્ઞાનયોગીના ચિત્તમાં ભોગ્ય, ભોક્તા અને ભોગ, એ ત્રિપુટી હોતી જ નથી. આવા આત્મજ્ઞાની અને આત્મનિષ્ઠને જ્ઞાનેશ્વર મહારાજ 'સનાગર' કહે છે.

આવી પરમ નિઃસીમ સ્થિતિ કામનારહિત અને વૈરાગ્યવાન પુરુષને પ્રાપ્ત થાય છે. દેહમાં હોવા છતાં સાક્ષાત્ વિદેહી બ્રહ્મને હોય છે. આવા યોગમાર્ગનો પ્રભુએ ટૂંકામાં નિર્દેશ કર્યો એથી મર્મજ્ઞ અર્જુનને તે માર્ગ ઘણો ગમ્યો. એટલે એ માર્ગને અધિક વિશદ કરવા વિનંતી કરવાનો મનસૂબો કર્યો. અર્જુનના મનની આ વાત પામીને ભગવંતે કહ્યું કે, હે ધનંજય, તું માત્ર શ્રવણ કરનાર નથી, પરંતુ શ્રવણ કરીને આચરણ કરનાર વીર છે — એમ અર્જુનને બિરદાવીને, યોગનાં સામર્થ્ય અને સત્ત્વનું પ્રભુએ પછી આગળ વર્ણન કર્યું.

અધ્યાય પાંચમો
યોગગર્ભ

પછી પાર્થે શ્રીકૃષ્ણને કહ્યું,
હા, હા, પણ કેવું તમારું કહેવું,
એક કહો જો અંત:કરણને
તો તે વિચારાયે. ૧

પહેલાં સકળ કર્મોનો સંન્યાસ
આપે નિરૂપ્યો હતો સાવકાશ,
અને હવે કરો છો વખાણ
કર્મયોગનાં. ૨

આવું દ્વિઅર્થી તમે બોલતા
ચિત્તમાં અમારા અજ્ઞાનીના,
અમારું કલ્યાણ શું તે શ્રીઅંનતા
સમજ ના પડે. ૩

જો આપવો હોય કોઈને બોધ
તો બોલવું પડે અહો એકવિધ,
એ શું કહેવું પડે,
શ્રીહરિ આપના પ્રતિ. ૪

આ જ વિષયે આપને,
વીનવ્યું હતું મેં દેવને,
કે આ પરમાર્થ ધ્વનિમાં
બોલશો ના. ૫

પણ હવે રહેવા દો દેવા,
હવે પ્રસ્તુત ઉકેલ બતાવવા,
કહો બન્નેમાંથી સારો
માર્ગ કયો. ૬

જેનું પરિણામ આવશે પ્રાંજળ,
જે થાશે સુનિશ્ચયે સફળ,
જેનું અનુષ્ઠાન અનાવિલ
સરળ હોયે. ૭

જેમ નિદ્રાનું સુખ ન જાયે,
અને માર્ગ પણ બહુ કપાયે,
તેવા સુખપાલ જેવું
હશે સુખકર. ૮

આવું અર્જુનનું બોલવું સાંભળી
દેવ મનમાં જ સંતોષ માણી
અને કહે વત્સ તેમ જ થશે
સાંભળ હવે. ૯

દેખો કામધેનુ જેવી માય
જે ભાગ્યવંત પાસે હોય,
તે પામશે રમવા કાજે
ચંદ્રમા અરે. ૧૦

હતી શ્રીશંભુની પ્રસન્નતા
તો ઉપમન્યુની ઇચ્છા,
હતી દૂધભાતની તે ક્ષીરાબ્ધિથી
પૂરી કરી. ૧૧

તેમાં ઔદાર્યનો વિપુલ ભંડાર,
શ્રીકૃષ્ણ જેના આપ્ત સુધીર,
તે કેમ ન થાય નિજ ધામ
સર્વ સુખોનું. ૧૨

એમાં કેવો ચમત્કાર
કે સ્વામી પોતે શ્રીલક્ષ્મીવર,
ત્યાં નિજ ચિત્તનાં લાડકોડ
પાર્થ પૂરાં કરે. ૧૩

એટલે અર્જુને જે જે યાચ્યું
તે તે પ્રભુએ સસ્મિતે આપ્યું,
કહીશ હવે શું બોલ્યા
શ્રીકૃષ્ણ પોતે. ૧૪

તે બોલ્યા હે કુંતીસુત,
આ સંન્યાસયોગ વિચારતાં,
મોક્ષકર તત્ત્વતા
બન્ને હોયે. ૧૫

તોયે સકળ જ્ઞાની-અજ્ઞાનીને
આ કર્મયોગ પ્રાંજળ નિશ્ચયે,
જેમ નાવડી સ્ત્રી-બાળકોને
પાર ઉતારે. ૧૬

તેમ સારાસાર જોઈએ
તોય સરળ આ જ દેખાયે,
એથી સંન્યાસફળ લાધે
અનાયાસે. ૧૭

હવે કહીશ આ જ અર્થે
સંન્યાસીનાં ચિહ્ન સમગ્રે,
પછી સહેજે કેમ અભિન્ન એ
જાણીશ તું. ૧૮

જે અતીતને યાદ ના કરે,
અપ્રાપ્ત વસ્તુને ન ઈચ્છે,
જે સુનિશ્ચળ અંતરે
મેરુ જેવો. ૧૯

હું અને આ મારું એ સ્મરણ
ન રાખે જેનું અંતઃકરણ,
પાર્થ, તે સંન્યાસી જાણ
તું નિરંતર. ૨૦

જે મનમાં એવો થયો,
અને સંગ તેનો છોડિયો,
તે સર્વ સુખને પામિયો,
અખંડિત. ૨૧

હવે ગૃહાદિક સઘળું,
ન લાગે ક્યાંય ત્યજવું,
કે મન થયું સહેજે સ્વભાવે
નિઃસંગ અરે. ૨૨

જે જુએ અગ્નિ હોલવાયે,
પછી ત્યાં રાખ કેવળ હોયે,
તેને કપાસમાં વીંટાળી લઈએ
જે પ્રમાણે. ૨૩

તેમ તે હોયે ઉપાધિમાં
છતાં ન સાંપડે કર્મબંધમાં,
અને જેની બુદ્ધિ એકેય
સંકલ્પ ન કરે. ૨૪

એટલે કલ્પના જ્યારે ત્યજાયે
ત્યારે જ સંન્યાસ લાધે,
બન્ને છે સરખા આ કારણે
સંન્યાસયોગ. ૨૫

આમ જોતાં પણ પાર્થ,
જે હોયે સર્વથા મૂર્ખ,
તે સાંખ્યયોગ-વ્યવસ્થા
કેમ જાણશે. ૨૬

સહજે તે અજ્ઞાન,
એટલે કહે તે ભિન્ન,
પણ દીપ દીપનો શું પ્રકાશ
ભિન્ન હોયે. ૨૭

પણ સમ્યક્ એક જ અનુભવે
જેણે જોયાં તત્ત્વ બન્ને,
તે બન્નેને ઐક્યભાવે
માનતા રે. ૨૮

અને સાંખ્યથી જે પમાયે,
ત્યાં જ યોગમાર્ગે જવાયે,
એટલે ઐક્ય બન્નેમાં સહજે
આ પ્રકારે. ૨૯

જુએ આકાશ અને અવકાશ,
જેમ અભિન્ન સાવકાશ,
તેવો એક યોગ સંન્યાસ
ઓળખે જે. ૩૦

તેણે જ જગને જોયું,
નિજ રૂપને તેણે જ પરખ્યું-
જેણે સાંખ્યયોગનું જાણ્યું
અભિન્નત્વ. ૩૧

જે મુક્તિપંથે પાર્થ
ચડે મોક્ષપર્વત,
તે જ મહાસુખને સાદ્યંત
અવશ્ય પામે. ૩૨

યોગસ્થિતિ જેને છાંડે
તે વ્યર્થનો અભિલાપે પડે,
ક્યાંયે પ્રાપ્તિ ન લાધે
સંન્યાસ તણી. ૩૩

જેણે ભ્રાંતિથી છોડાવ્યું,
ગુરુવાક્યે મન પખાળ્યું,
પછી આત્મસ્વરૂપે પરોવ્યું,
જાણી જોઈને. ૩૪

જ્યાં સુધી સમુદ્રે લવણ ન પડે
ત્યાં સુધી વેગળું અલ્પ હોયે,
પણ સિંધુ જેવડું થાયે
ભળે ત્યારે. ૩૫

તેમ સંકલ્પોમાંથી કાઢ્યું
જેનું મન ચૈતન્ય થયું,
તે એકદેશીય છતાં વ્યાપ્યું
ત્રણે લોકે. ૩૬

હવે કર્તા અને કર્મ કરવું,
એ સ્વભાવે જ્યાં થંભ્યું,
ત્યાં કરવા છતાં સઘળું
અકર્તા તે. ૩૭

પાર્થ, જેના દેહમાં
હું છું એવો ભાવ ના,
ત્યાં કર્તૃત્વ કેમ કેવું
શેષ રહેશે. ૩૮

એમ દેહ છોડ્યા વિણ,
અમૂર્તના સર્વ ગુણ,
દેખાયે ત્યાં સંપૂર્ણ,
યોગયુક્તમાં. ૩૯

આમ તો અન્યની જેમ
શરીરે દેખાય ક્ષેમ,
અને વ્યાપારમાં અશેષ
વર્તતો અરે. ૪૦

તે પણ નેત્રો વડે જુએ,
કર્ણો વડે સાંભળે,
તેમાં આસક્ત સર્વથા ન હોયે,
નવલ દેખો. ૪૧

સ્પર્શને પણ જાણે,
પરિમલ સેવે ઘ્રાણે,
અવસરોચિત સંવાદે
તેય એવો. ૪૨

આહાર જોઈએ તે સ્વીકારી,
ત્યજવું ઘટે તે પરિહરી,
નિદ્રા આવે તે અવસરી
નીંદરે સુખે. ૪૩

પોતાની ઇચ્છાવશે
તે પણ ચાલતો દીસે,
અને સકળ કર્મ એવાં
કરતો રહે. ૪૪

હવે કહું શું એકએક
દેખ શ્વાસોશ્વાસાદિક,
અને નિમિષોન્નિમિષ
આદિ કર્મે. ૪૫

પાર્થ તેના જીવને
બધાં જ કર્મો થાયે,
પણ તે કર્તા ન હોય ક્યાંયે
પ્રતીતિબળે. ૪૬

જ્યાં સુધી ભ્રાંતિસેજે સૂતેલો
ત્યાં સુધી સ્વપ્નસુખે ભૂલેલો,
પછી તે જ્ઞાનોદયે જાગેલો
એટલે અરે. ૪૭

હવે અધિષ્ઠાન સંગતિ,
અશેષ આ ઇન્દ્રિયવૃત્તિ,
પોતપોતાને અર્થે
પ્રવર્તમાન. ૪૮

દીપકના પ્રકાશે
જેમ ચાલે વ્યાપાર ગૃહે,
તેમ કર્મજાત દેહે,
યોગયુક્ત ના. ૪૯

તે કર્મો કરે સકળે
પણ કર્મબંધ ના કળે,
જેમ ન સ્પર્શે જળમાં જળે
પદ્મપત્ર. ૫૦

બુદ્ધિની ભાષા ન જાણે,
મનનો અંકુર ન સ્ફુરે,
એવો વ્યાપાર કહીએ
શારીરિક. ૫૧

એ જ સ્પષ્ટ હવે સાંભળ,
બાળક જેમ કેવળ,
યોગીઓનાં કર્મ સકળ
થાય તનુ વડે. ૫૨

પછી પંચભૂતોથી બન્યું,
જ્યારે શરીર નિદ્રિત થયું,
ત્યાં મન જ વ્યાપારે એકલું
સ્વપ્નમાં જેમ. ૫૩

સાંભળ આશ્ચર્ય ધનુર્ધર,
કેવો વાસનાનો સંસાર,
દેહને ન થવા દે ઉજાગર
સુખદુઃખ ભોગવી. ૫૪

ઇન્દ્રિયો જેને ન જાણે
એવો વ્યાપાર જે નીપજે,
તેને અરે કેવળ કહીએ
માનસ તણો. ૫૫

યોગીઓ તે પણ કરે
છતાં કર્મે ન બંધાયે,
કેમ કે છોડી દીધી સંગતિ
અહંભાવની. ૫૬

હવે થાય જે ભ્રમિત,
જેવું પિશાચનું ચિત્ત,
પછી ઇન્દ્રિયોનું ચેષ્ટિત
વિકળ દીસે. ૫૭

સ્વરૂપ તો દેખે,
બોલાવે તો સાંભળે,
શબ્દ બોલે મુખે,
પણ જ્ઞાન નાહીં. ૫૮

આ પ્રકારે ઉદ્દેશવિણ
જે જે કાંઈ કરવું,
તે કર્મ જાણવું કેવળ
ઇન્દ્રિયોનું. ૫૯

પછી સર્વત્ર જે જાણવું
તે બુદ્ધિનું કર્મ કહેવું,
અર્જુન, જાણ એવું,
બોલ્યા શ્રીહરિ. ૬૦

તે બુદ્ધિને આગળ ધરે,
ચિત્ત દઈને કર્મો કરે,
છતાં સર્વથા હોયે
કર્મથી મુક્ત. ૬૧

જ્યાં બુદ્ધિથી દેહ પર્યંત
અહંકાર નથી સાદ્યંત,
જેઓ કર્મો કરવા છતાં
નિત્યશુદ્ધ. ૬૨

અરે કર્તાભાવ વિનાનું કર્મ
તે જ હોયે નિષ્કર્મ,
જાણે છે એ મર્મ
ગુરુગમ્ય જે. ૬૩

હવે શાંતરસની ભરતી
પાત્રમાંથી છલકતી,
કહેવાય છે વાત
વાણીથી પરની. ૬૪

જેઓ ઇન્દ્રિયોને નથી આધીન,
જે થયા છે સર્વથા સ્વાધીન,
તેઓ જ હોયે સુપાત્ર
આ ગ્રંથશ્રવણે. ૬૫

આ હોયે અતિપ્રસંગ,
ન છોડી કથાસંગ,
થશે શ્લોકસંગતિ ભંગ
એટલે અરે. ૬૬

જે ચિત્તે આકલન ન થાયે,
બુદ્ધિ ઘસતાંય ન સાંપડે,
તે તારા દૈવયોગે
બોલાયું તુંથી. ૬૭

જે શબ્દાતીત સ્વભાવે
તે જો શબ્દમાં કહેવાયે,
તો વિષયાંતર કેમ કરાયે
કથા બોલો. ૬૮

શ્રોતાઓની સવિશેષ આરત
જાણીને નિવૃત્તિનો દાસ
કહે ઉભયના સંવાદ,
સાંભળો આગળ. ૬૯

પછી શ્રીકૃષ્ણ કહે પાર્થને,
પ્રાપ્ત પુરુષનાં ચિહ્ન તુજને
કહીશ હવે સમ્યક્ ચિત્તે
સાંભળ તે. ૭૦

જે આત્મયોગે સંપન્ન થયો,
અને કર્મફળથી કંટાળ્યો,
તેને ગૃહે આવીને વરે
શાંતિ જગે. ૭૧

બાકી જે કર્મબંધે ધનંજય,
અભિલાષની ગ્રંથિયે બંધાય,
તે ખૂંટીયે ટિંગાય
ફળભોગની. ૭૨

જેમ ફળાભિલાષી કર્મ કરે,
તેવી જ રીતે કર્મો આદરે,
પણ કર્તાભાવ ન ચિત્તે
રાખે કદી. ૭૩

તે જ્યાં જ્યાં દૃષ્ટિ કરે
ત્યાં ત્યાં સુખની સૃષ્ટિ હોયે,
એ કહે ત્યાં જ રહે
મહાબોધ. ૭૪

નવ દ્વારોના દેહે
તે હોયે છતાં ન હોયે,
કરે છતાં કંઈ ન કરે,
તે ફળત્યાગી. ૭૫

અથવા જેમ સર્વેશ્વર
દેખાય સર્વથા નિર્વ્યાપાર,
પણ તેણે જ રચ્યો વિસ્તાર,
ત્રિભુવનનો. ૭૬

અને કર્તા જો કહીએ
તો તે કોઈ કર્મને ન સ્પર્શે,
કર્મ ન સ્ફુરે અવયવે
ઉદાસવૃત્તિથી. ૭૭

એની યોગનિદ્રા ન છૂટે,
અકર્તાપણું ના તૂટે,
છતાં મહાભૂતોના સમૂહો
સરજાયા કરે. ૭૮

તે અંતર્યામી સર્વ જગનો
પણ કદી ન હોયે કોઈનો,
જગત તો થાયે વિલાયે,
જાણતો નથી. ૭૯

પાપપુણ્યે અશેષે
પાસે હોય છતાં ન દેખે,
અને એમનો સાક્ષીય ન થાયે,
બીજી તો વાત શી. ૮૦

અરે મહાભૂતોના સંયોગે
તે મૂર્ત થઈ લીલા કરે,
પણ અમૂર્તપણું ન અભડાયે
વિશ્વસ્વામીનું. ૮૧

તે સરજે-પાળે-સંહારે,
એવું બોલાય જે સચરાચરે,
તે અજ્ઞાનતા જાણો,
પાંડકુંવર. ૮૨

જ્યારે અજ્ઞાન સમૂળ તૂટે
ત્યારે ભ્રાંતિનું કાજળ ફીટે,
પછી અકર્તૃત્વ પ્રગટે
મુજ ઈશ્વર તણું. ૮૩

અહીં ઈશ્વર અકર્તાપણું
ચિત્તને જો સહેજે સમજાણું,
અને તેનાથી નિજનું અભિન્નપણું
આદિકાળનું. ૮૪

એવો વિવેક જો ઊપજે ચિત્તે
તેને ભેદ કેવો ત્રણેય જગતે,
જુએ પોતાની પ્રતીતે
જગતને મુક્ત. ૮૫

જેમ પૂર્વદિશાના મંદિરે
સૂર્યના ઉદયે અજવાળું થાયે,
અને અન્ય દિશાએ તે જ કાળે
અંધારું લોપે. ૮૬

બુદ્ધિનિશ્ચયે આત્મજ્ઞાન,
બ્રહ્મરૂપે મને નિજને આપણ,
બ્રહ્મનિષ્ઠા રાખે સંપૂર્ણ,
તત્પરાયણ અહર્નિશ. ૮૭

એવું વ્યાપક જ્ઞાન ભલું
જેને હૃદયે ઉદિત થયું,
તેની સમતાદૃષ્ટિ કહીએ
સવિશેષ કાંઈ. ૮૮

જેમ પોતામાં પોતાને જુએ
તે વિશ્વ પણ તેવું દેખે,
એને શબ્દમાં શેં કહેવાયે,
આશ્ચર્ય અહીંયાં. ૮૯

પરંતુ દૈવ જેવું કૌતુકે,
ક્યાંયે દૈન્ય ન દેખે,
કિંવા વિવેક ના ઓળખે
ભ્રાંતિને કદી. ૯૦

અથવા અંધકારની વાતે
જેમ સૂર્ય ન દેખે સ્વપ્ને,
અને અમૃત ન સાંભળે કાને
મૃત્યુની કથા. ૯૧

અથવા સંતાપનું સ્વરૂપ
ન જાણે ચંદ્ર સુધારૂપ,
ભૂતમાત્રમાં તેમ ભેદ
જાણે ન જ્ઞાની. ૯૨

પછી આ મચ્છર આ ગજ,
આ શૂદ્ર ને આ દ્વિજ,
પેલો પરાયો ને આ આત્મજ,
એવો ભેદભાવ ના ઉરે. ૯૩

અથવા આ ધેનુ આ શ્વાન,
એક હીન એક મહાન,
અથવા કેવું અરે સ્વપ્ન
જાગતાને. ૯૪

અહીં ભેદ તો જ દેખાયે
જો અહંભાવ શેષ હોયે,
શાંત થતાં અહંભાવ
વિષમતા કેવી. ૯૫

એટલે સર્વત્ર સદા સમ,
પોતે જ અદ્વય બ્રહ્મ,
તે સંપૂર્ણ જાણે મર્મ
સમદૃષ્ટિનો. ૯૬

જ્યાં વિષયસંગ ન છાંડતા,
ઇન્દ્રિયોને ન દંડતા,
ભોગવી છે નિઃસંગતા
કામના વિણ. ૯૭

જે લોકોમાં નિવસે,
લોકની જેમ જ વરતે,
પણ ભ્રાંતિ ન જેમના ચિત્તે
લૌકિક તણી. ૯૮

જેમ લોકોમાં ખેચર
હોવા છતાં ન ગોચર,
તેમ દેહે છતાં અગોચર
સંસાર તેમને. ૯૯

અને જેમ પવનના હિલોળે
જળ ઉપર જળ ડોલે,
અજ્ઞાની તેને કલ્લોલ કહીને
તરંગ માને. ૧૦૦

તેનું દેખાય નામરૂપ,
પણ તે હોય બ્રહ્મસ્વરૂપ,
મન થયું જેનું સ્થિર
સર્વત્ર સામ્યમાં. ૧૦૧

એવા સમદૃષ્ટિ જે હોયે,
તે પુરુષનાં લક્ષણ હવે
અર્જુન સંક્ષેપે કહીશ તને,
અચ્યુત વદે. ૧૦૨

જેમ મૃગજળના પૂરે
ગિરિવર વહી ન જાયે,
પ્રાપ્ત થતાં શુભાશુભે,
ક્ષોભ ન તેને. ૧૦૩

તો જ તે શુદ્ધ,
તત્ત્વતઃ સમદૃષ્ટ,
હરિ કહે, પાંડુસુત,
તે જ બ્રહ્મ. ૧૦૪

નિજ રૂપ ત્યજીને ક્યાંયે,
જે ન ઊતરે ઇન્દ્રિયગ્રામે,
તે કદી ન વિષયો સેવે,
એમાં નવાઈ શી. ૧૦૫

સહજે સ્વસુખે અપાર,
સભર રહે તેનું અંતર,
એટલે તે કદી ન બહાર
પગલું ધરે. ૧૦૬

કહે કુમુદદળને તાટે,
આરોગી ચંદ્રકિરણ જેણે,
તે ચકોર શું રણવગડે
રજ સેવશે. ૧૦૭

તેવું આત્મસુખ અચાનક મળે,
જેને આપોઆપ આવી પડે,
તે વિષયો સહજે છોડે,
એમાં નવલ શું. ૧૦૮

એટલે અર્જુન સહજ કૌતુકે
વિચારીને તું જુએ,
આ વિષયોના સુખે
ફસાયે કોણ. ૧૦૯

જેણે નિજ રૂપ ઓળખ્યું નથી
તેની જ ઇન્દ્રિયાર્થે રતિ,
જેમ ભૂખ્યો દરિદ્રી
તુષ સેવે. ૧૧૦

અથવા મૃગ તૃષાપીડિતે,
સંભ્રમે વીસરી જળને,
પછી દોટ મૂકે વનવગડે,
જોઈ મૃગજળ. ૧૧૧

તેમ જેણે ના દીઠું આત્મરૂપ,
જેને સર્વદા અપ્રાપ્ય આત્મસુખ,
તેને જ વિષયો સકળ
લાગે પ્રિય. ૧૧૨

એટલે વિષયમાં સુખ છે,
એ બોલવું જ અસંગત છે,
શું વીજળીના ઝબકારે
થશે કર્મવ્યાપાર. ૧૧૩

કહે, પવન-વર્ષા-તાપથી,
જો અભ્રછાયા સંરક્ષતી,
તો ત્રણ માળનાં ગૃહો કેમ કરી
બાંધવાં શાં. ૧૧૪

એટલે વિષયસુખ જે બોલવું
તે તો કેવળ બબડવું,
જેમ મધુર અરે કહીએ
વિષકંદને. ૧૧૫

અથવા ભૌમગ્રહને મંગળ
કે મૃગજળને માનીએ જળ,
તેવો સુખનો પ્રવાદ સબળ
વિષયો વિષે. ૧૧૬

રહેવા દે આ સઘળી વાતડી,
કહે સર્પફણાની છાંયડી
થાશે કેટલી શીતળી
મૂષકને અરે. ૧૧૭

જેમ આમીષ કાંટાએ અર્જુન,
મત્સ્ય ન ખાયે ત્યાં સુધી જ રક્ષણ,
તેવો જ વિષયસંગ સકળ
નિર્ભ્રાંત જાણ. ૧૧૮

જ્યારે વિરક્તોની દૃષ્ટિએ,
પાર્થ, તેને નિહાળીએ,
તો પાંડુરોગીની પુષ્ટિ સમું
વિષયસુખ ભાસે. ૧૧૯

એટલે વિષયભોગમાં જે સુખ,
તે તો સાદ્યંત જાણ દુઃખ,
પણ શું કરીએ સકળ મૂર્ખ
સેવતાં ન ધરાયે. ૧૨૦

તે અંતરનો મર્મ ન જાણે,
એટલે સસ્નેહ સેવન કરે,
કહે કાદવની કીડીઓને
સૂગ કદી ચડે. ૧૨૧

એટલે દુખિયા દુઃખનો નિર્ઝર,
તે તો વિષય-કાદવના દર્દુર,
અને ભોગજળનાં જળચર,
વિષયને કેમ છોડે. ૧૨૨

અને આ જે સર્વ દુઃખયોનિ
તે ન શું નિરર્થક હોતી,
જો ધરશે વિષયે વિરક્તિ,
સકળ જીવ. ૧૨૩

અથવા ગર્ભવાસાદિ સંકટ,
કે જન્મમરણનાં ઘોર કષ્ટ,
ચાલીને સંસારની આ વાટ,
કોણ સહેશે. ૧૨૪

જો વિષયી વિષયો છોડશે
તો મહાદોષો ક્યાં વસશે,
અને સંસાર શબ્દ કહેવાશે
વાચાવિલાસ. ૧૨૫

એટલે અસત્ય અવિદ્યાજાત,
તેમણે કરી બતાવી સાચ,
જેમણે રાખી સુખની ભ્રમણા,
વિષયદુઃખે. ૧૨૬

આ કારણે હે સુભટ,
વિચારતાં વિષય કષ્ટપ્રદ,
તું રખે જાતો એ વાટ,
ભૂલથી પણ. ૧૨૭

એટલે આને વિરક્ત પુરુષ
ત્યજતા માનીને વિષ,
એમને નિરાશા તથા દુઃખ,
જરાયે ન ગમે. ૧૨૮

જ્ઞાનીઓ પાસે ક્યાંઈ
આ વાત નિશ્ચયે નાહીં,
દેહમાં દેહભાવ જેણે
સ્વવશ કર્યા. ૧૨૯

જેમનો બાહ્યનો સ્પર્શ
નથી જણાતો નિઃશેષ,
અંતરે આત્મસુખ
છલકી રહે. ૧૩૦

તે વેગળા રહી ભોગવીએ,
જેમ પક્ષી ફળને સ્પર્શે,
તેવું નથી અહીં વીસરીએ
ભોક્તાપણું. ૧૩૧

આત્મસુખભોગે દશા એવી હોયે,
કે જેમાં હુંપદનો પડદો ચિરાયે,
પછી આત્મસુખને આલિંગાયે
પ્રગાઢપણે. ૧૩૨

તેમની આલિંગન વેળાયે,
આપોઆપ ઐક્ય હોયે,
ત્યાં જળ જેમ જળ મહીં
વેગળું ન દીસે. ૧૩૩

કાં આકાશે વાયુ સમાયે
ત્યાં દ્વૈતની ભાષા લોપે,
તેમ શેષ રહે સુખસ્વરૂપે
સુરતિ થાતાં. ૧૩૪

એવી દ્વૈતની ભાષા જાય
પછી જો કહો કે ત્યાં એક હોય,
તો તેનો સાક્ષી કવણ હોય
જાણનારો. ૧૩૫

હવે અર્જુન, એ બધું ભલે રહે,
શબ્દાતીત શબ્દમાં કેમ મુકાયે,
તે મર્મ જાણશે પોતે સ્વભાવે
આત્મારામ. ૧૩૬

જે આવે સુખે થયા મસ્ત,
જે નિજમાં જ રહે ધ્યાનસ્થ,
તેમને હું કહું મૂર્તિમંત,
સામ્યરસ્ય. ૧૩૭

તે બ્રહ્માનંદ જ સાકાર,
તે આત્મસુખના અંકુર,
કે મહાબોધે કર્યો વિહાર
સદેહે રે. ૧૩૮

તે વિવેકના ગામ,
કે પરબ્રહ્મના સ્વભાવ,
કાં અલંકૃત અવયવ
બ્રહ્મવિદ્યાના. ૧૩૯

તે સત્ત્વના સાત્ત્વિક,
કે ચૈતન્યના આંગિક,
હવે રહેવા દે એકએક
વર્ણવીશ ક્યાં સુધી. ૧૪૦

તું સંતસ્તવને રત થાયે
ત્યારે કથાને ભૂલી જાયે,
જોકે વિષયાંતર તારું
નાગર હોયે. ૧૪૧

પણ રસના પૂરને આવરી,
હવે ગ્રંથાર્થ દીપને ઉજાળી,
સાધુ હૃદયમંદિરે કરી
મંગલ ઉષા. ૧૪૨

આવો ગુરુનો ઉલ્લાસ જોઈ
નિવૃત્તિદાસ બોલ્યા તહીં;
પછી કહ્યું હવે કૃષ્ણ શું બોલ્યા,
તે જ સાંભળો. ૧૪૩

અર્જુન, અનંત સુખના ઊંડાણે,
સ્પર્શ્યું તેનું તળ જેણે,
પછી સ્થિર થઈ તે સુખ મહીં
તદ્રૂપ થયા. ૧૪૪

અથવા વિશુદ્ધ આત્મપ્રકાશે,
જે નિજ રૂપમાં વિશ્વ દેખે,
તે સદેહે પરબ્રહ્મ સુખે
જાણવા અરે. ૧૪૫

જે સાચોસાચ પરમ,
અથવા અક્ષર નિ:સીમ,
એવી સ્થિતિ જે નિષ્કામ,
તેના અધિકારી જે. ૧૪૬

જે મહર્ષિઓને ઉપલબ્ધ થઈ,
જે વિરક્તોને સાંપડી,
સંદેહરહિતના જીવને જેની
વિપુલતા અરે. ૧૪૭

જે વિષયપાશથી છૂટયા,
નિજનું ચિત્ત પોતે જીત્યા,
તે નિશ્ચયે જ્યાં સૂતા
ત્યાંથી જાગ્યા નહીં. ૧૪૮

તે પરબ્રહ્મ નિર્વાણ,
જે 'આત્મવિદનું આદિ કારણ,
તે જ પુરુષને બ્રહ્મ જાણ
પાંડુકુંવર. ૧૪૯

તે એવા કેવી રીતે થયા,
જે દેહમાં જ બ્રહ્મત્વ પામ્યા,
એ જાણવું હોય તો ભલે,
કહું સંક્ષેપે. ૧૫૦

તો વૈરાગ્યને આધારે,
જેણે વિષયો કાઢયા બહારે,
સમસ્ત દેહમાં કર્યું એકાગ્રે
ચિત્ત પોતાનું. ૧૫૧

સહજે ત્રણેયની સંધિ થાયે,
જ્યાં બન્ને ભ્રૂકુટિ એક થાયે,
ત્યાં અંતર્મુખ દૃષ્ટિ સાધે,
ઊલટાવીને. ૧૫૨

છોડીને દક્ષિણ વામ,
કરે પ્રાણાપાન સમ,
અને ચિત્તને સહેજે કરે
વ્યોમગામી ૧૫૩

જેમ માર્ગોનું જળ સકળે,
લઈ ગંગા સમુદ્રે મળે,
પછી જળ વેગવેગળાં
કરાય ના. ૧૫૪

તેવી વાસનાંતરોની વિવંચના
પછી આપોઆપ શમે અર્જુના,
જે વેળા ગગને લય થાય મના,
પ્રાણાયામે કરી. ૧૫૫

જ્યાં આ સંસારચિત્ર ઊમટે,
તે મનોરૂપ પટ ફાટે,
જેમ સરોવર સુકાયે,
પ્રતિબિંબ નાહીં. ૧૫૬

તેમ મન ત્યાંથી મુદ્દલ જાયે,
તો અહંભાવાદિક કેમ આવે,
પછી તો દેહમાં જ બ્રહ્મ હોયે,
અનુભવી તે. ૧૫૭

અમે એવું જે કહ્યું પહેલાં
કે જે દેહમાં જ બ્રહ્મત્વ પામ્યા—
તે આ માર્ગે પ્રથમ આવ્યા
એટલે અરે. ૧૫૮

અને યમનિયમના ડુંગર,
અભ્યાસના સાગર,
ક્રમોને કરી પાર,
પામ્યા તે. ૧૫૯

પછી તે પોતાને કરી નિર્લેપ,
પ્રપંચોનાં લીધાં માપ,
પછી સાચ શાંતિના ચિત્સ્વરૂપ
થઈ રહ્યા. ૧૬૦

આવો યોગયુક્તિનો ઉદ્દેશ
જ્યાં બોલિયા હૃષીકેશ,
ત્યાં મર્મજ્ઞ અર્જુનને
ચમત્કાર લાગ્યો. ૧૬૧

તે જોઈને કૃષ્ણ જાણી ગયા,
પછી હસીને પાર્થ સાથે બોલ્યા,
અરે ચિત્ત તારું ભરે ઉલ્લાસે
દીસે એવું. ૧૬૨

ત્યાં અર્જુન કહે દેવ,
પરિચિત લક્ષણોના રાય,
ભલા તેં ભાવો જાણ્યા
મારા મનના. ૧૬૩

મારે જે કંઈ વિચારી પૂછવું
તે દેવે પહેલાં જ જાણી લીધું,
તો હવે તે જ આપે કહેવું
વિશદ રૂપે. ૧૬૪

એટલે પ્રભુ સાંભળો,
જે માર્ગ તમે દાખવ્યો,
તે તરવા કરતાં જળ ઉતારે,
સરળ જેવો. ૧૬૫

તે સાંખ્ય કરતાં પ્રાંજળ,
અમ સરીખા જેવા નિર્બળ,
અને એને લાગે બહુ કાળ,
છતાં ખુશીથી સહીશું. ૧૬૬

એટલે એક વાર દેવ
તેને પૂર્ણરૂપે પ્રકાશો,
અને વિસ્તારથી કહો
સાદ્યંતે. ૧૬૭

ત્યારે શ્રીકૃષ્ણ કહે ભલે ભલે,
તને આ જ માર્ગ જો ગમે
તો કહીએ મોટા આનંદે,
સાંભળ હવે. ૧૬૮

અર્જુન, જો તું એકચિત્તે સાંભળશે
અને સાંભળીને અનુષ્ઠાન કરશે,
શા માટે અમે ઊણું રાખીએ
નિરૂપણમાં. ૧૬૯

પહેલાં જ ચિત્ત માતા તણું,
અને નિમિત્ત મળ્યું લાડકવાયાનું
હવે અદ્‌ભુતપણું સ્નેહનું
કોણ જાણે. ૧૭૦

તે તો કરુણારસની વૃષ્ટિ,
કે નૂતન સ્નેહની સૃષ્ટિ,
એ અવર્ણનીય દૃષ્ટિ,
હરિની જાણો. ૧૭૧

કે અમૃતની રસધાર,
કે પ્રાશીને પ્રેમ થઈ મત્ત,
એટલે અર્જુનમાં આસક્ત
થઈને રહી. ૧૭૨

હવે જો બહુ બોલશે
તો કથામાં વિષયાંતર થશે,
પણ તે સ્નેહરૂપ રહી જશે
અવર્ણિત. ૧૭૩

એટલે શબ્દવિસ્તાર નિરર્થક,
એ ઈશ્વરને કળવો કેમ,
જે પોતાની મર્યાદા ન જાણે
પોતા થકી. ૧૭૪

પણ પહેલાંના ધ્વનિમાં,
જે અર્જુનના સ્નેહમાં મોહ્યા,
તે બળાત્કારે એવું કહે,
સાંભળ બાપા. ૧૭૫

અર્જુન જેવી જેવી રીતે
બોધ રસાય તારા ચિત્તે,
તેવી રીતે વિનોદે
નિરૂપીશ હું. ૧૭૬

તો કોનું નામ યોગ,
તેનો શો ઉપયોગ,
અથવા અધિકાર પ્રસંગ
કોને હોય. ૧૭૭

એવું જે જે કાંઈ,
એ બધું અવશ્ય આંહીં,
ને સઘળું જોઈ
કહીશ હાંવા. ૧૭૮

તું એકચિત્તે શ્રવણ કરી,
એવું બોલ્યા શ્રીહરિ,
નિરૂપીશ તે આગળ કરી
કથા બધી. ૧૭૯

શ્રીકૃષ્ણનો અર્જુન સંગે
સખ્ય પ્રેમનો સંબંધ જે,
તે વ્યક્ત કરું આ પ્રસંગે
કહે નિવૃત્તિદાસ. ૧૮૦

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मसंन्यासयोगो नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

આત્મસંયમયોગનું ઐશ્વર્ય

આ અધ્યાયને જ્ઞાનેશ્વર મહારાજે ગીતાર્થસાર અને યોગવિભવભંડાર કહ્યો છે. એક જ ગામે જેમ એ જુદા જુદા માર્ગે પહોંચાય છે અથવા એક જ પુરુષને જેમ એ જુદાં જુદાં નામે બોલાવાય છે તેમ નિષ્કામ કર્મયોગ અને સાંખ્યયોગ એ નામો નિરનિરાળાં હોવા છતાં તે માર્ગ એક જ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપનાર છે. સાચો નિષ્કામ કર્મયોગી એ સંન્યાસી છે. સંકલ્પનો સંપૂર્ણ સંન્યાસ એ જ સાચો સંન્યાસ. બુદ્ધિ જો સંન્યસ્ત ના હોય તો સંન્યાસનાં વસ્ત્રો પહેરવાથી સંન્યાસી થવાતું નથી. જેમને આ ઉચ્ચ સ્થિતિ સિદ્ધ કરવી હશે તેમણે કર્માચરણથી શરૂ કરીને, યમનિયમાદિ અષ્ટાંગયોગ સુધીનાં પગથિયાં ચડવાં પડશે. ત્યાર પછી જ બ્રહ્મૈક્યની દશા ઉપલબ્ધ થવાની શક્યતા છે. આવું બ્રહ્મૈક્ય સિદ્ધ થતાં જ, સાધ્ય-સાધનનો ભેદ નહીંવત્ થાય છે. આવા યોગારૂઢ પુરુષની પાસે વિષયો પછી ઢૂંકતા નથી. એની ઇન્દ્રિયો વ્યવહાર કરતી લાગે છે તોપણ તે અંતરમાં ક્રિયાશૂન્ય જ હોય છે. કોશકીટક પ્રમાણે મિથ્યા દેહનું અભિમાન નષ્ટ થયું એટલે પોતે જ અંતર્યામી થાય છે. અદ્વૈતની એ અવસ્થામાં સુખદુઃખાદિ દ્વંદ્વો તેની પાસે આવી શકતાં નથી.

આ માર્ગે જઈને જ યોગી-મહર્ષિ, સિદ્ધાવસ્થાને પહોંચ્યા છે. પ્રવૃત્તિ એ માર્ગનો પ્રારંભ છે. નિવૃત્તિ એ માર્ગનો અંત છે. આ માર્ગનો અભ્યાસ કરવા પ્રશાંત અને રમ્ય સ્થાન હોવું જોઈએ. ત્યાં સંતોએ નિવાસ કર્યો હોવો જોઈએ. આસન, પ્રાણાયામ અને ધ્યાન, સાધકે કેવી રીતે કરવાં જોઈએ તેનું વિસ્તૃત વર્ણન જ્ઞાનેશ્વર મહારાજે સ્વાનુભવની બેઠક પરથી કર્યું છે. ત્રણ બંધ દઈને કુંડલિની જાગ્રત કરી, આ યોગમાર્ગે જનાર સાધકને કેવા કેવા અનુભવો થાય છે, તેની દેહકાંતિ કેવી સુવર્ણસમ થાય છે, અષ્ટમહાસિદ્ધિને તે કેવી રીતે વરે છે, અને છેવટે કેવી રીતે બ્રહ્મૈક્યની અવસ્થા સુધી પહોંચે છે તેનું વિશદતાથી અને વિગતવાર વર્ણન કર્યું છે.

ઇન્દ્રિયનિગ્રહનો અર્થ ઇન્દ્રિયદમન નથી. એમની આસક્તિ છોડીને એમનું નિયમન કરવું તે છે. આવું નિયમન થતાં ધ્યાન સહજ બને છે. ચિત્ત અંતર્મુખ થાય છે. મન નહીંવત્ થતાં એ મહાસુખરૂપ ચૈતન્યને ઉપલબ્ધ થાય છે. આ યોગ સરળ કરીને કહેવાયો છે પણ આચરણે અઘરો છે. વસ્ત્રમાં જેમ એક તંતુ હોય છે તેમ પ્રભુ સર્વમાં એક છે. એટલે સર્વમાં જે પ્રભુને જુએ છે તે પ્રભુરૂપ થાય છે. આ સામ્યસ્થિતિ પ્રાપ્ત થવા માટે મનનું નિશ્ચળ હોવું અનિવાર્ય છે. મન

ચંચળ હોવા છતાં તેને જે વાત ગમે છે, એને જેની લગન લાગે છે, તેમાં તે રત થાય છે. એટલે મનને પ્રભુની લગન લાગવી જોઈએ.

આ યોગ સાધવા સાધક પાસે પૂરી યોગ્યતા ન હોય છતાં પ્રબળ શ્રદ્ધા હોય; ને કેવળ એ શ્રદ્ધાના બળે જો એ પ્રભુઐક્ય પામવા નીકળ્યો તો યોગ્યતા ન હોવાને કારણે આયુષ્ય પૂરું થાય છે, છતાં કશું ઉપલબ્ધ થતું નથી. શ્રદ્ધાશીલ પુરુષાર્થથી એને સ્વર્ગ પ્રાપ્ત થાય છે; પણ દિવ્ય ભોગ પૂરા થતાં તે પાછો મૃત્યુ-લોકમાં કોઈ નીતિમાન કુળમાં જન્મ લે છે. ગતજન્મમાં બુદ્ધિ અભ્યાસથી પ્રગલ્ભ અને વિશુદ્ધ થઈ હોવાને કારણે નવજન્મમાં તે અધ્યાત્મ તરફ સહેજે આપમેળે પ્રવૃત્ત થાય છે. સમાધિ આખરે તેનું ઘર પૂછતી આવે છે. આ સ્થિતિની પ્રાપ્તિ માટે કર્મનિષ્ઠ, જ્ઞાની, તપસ્વી, ભજનિક અને સાધક પોતપોતાને માર્ગે પુરુષાર્થ કરે છે. એવા આત્મપુરુષાર્થી પ્રભુને ઘણા પ્રિય છે.

આ જ આત્મસંયમયોગનું ઐશ્વર્ય છે.

અધ્યાય છઠ્ઠો

આત્મસંયમયોગ

પછી ધૃતરાષ્ટ્રને કહે સંજય,
તેમનો અવધારજો અભિપ્રાય,
શ્રીકૃષ્ણ નિરૂપશે હવે
યોગનું સ્વરૂપ. ૧

સહજે બ્રહ્મરસની ઉજાણી
કરે અર્જુન કાજે શ્રીહરિ,
અને તે જ અવસરે અતિથિ
પધાર્યા આપણે. ૨

ન જાણે કેવી દૈવની શ્રેષ્ઠતા,
જેમ તરસ્યાને પાણી મળી આવતાં
અમૃત જણાયે ચાખવા જતાં,
દૈવયોગે. ૩

તેવું અમારું તમારું થયું,
અનાયાસે અમૃતતત્ત્વ મળ્યું,
ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું,
એ ન પૂછ્યું તને. ૪

ત્યારે ધૃતરાષ્ટ્રની એવી વાણી
સાંભળી સંજયને થઈ લાગણી,
કે ગયું છે હૃદય રાજાનું
પુત્રો ભણી. ૫

એ જાણીને મનમાં હસ્યા,
કહે આ વૃદ્ધ મોહે ફસ્યા,
નહીં તો ઉપદેશ કેવો સુંદર આ
લાધ્યો અહીં. ૬

પણ એવું તે કેમ થાયે,
જન્માંધ કેમ જુએ,
પણ રાયા રોષે ભરાશે
જાણીને બીધા. ૭

પણ પોતાના ચિત્તે પોતે,
હૃદય ભરીને સંતોષાયે,
કે સંવાદ પામ્યા આપણે
શ્રીકૃષ્ણાર્જુનનો. ૮

તે આનંદની સંતૃપ્તિએ,
અને સાભિપ્રાય અંતઃકરણે,
હવે બોલશે આદરસહિતે
ધૃતરાષ્ટ્રને. ૯

હવે ગીતાના છઠ્ઠા અધ્યાયનો
પ્રસંગ છે અતિ મહત્ત્વનો,
જેમ ક્ષીરસાગરે અમૃતનો
નિર્ણય થયો. ૧૦

અહીંયાં ગીતાર્થનો સાર
જે વિવેકસિંધુનો પરમ પાર,
કે યોગવિભવના ભંડાર
અહો ઊઘડયા. ૧૧

જયમ આદિ પ્રકૃતિ વિસામે,
જે શબ્દબ્રહ્મ પણ ન પામે,
જ્યાંથી ગીતાવેલ ઉદય પામે
બીજ રૂપે. ૧૨

તે આ અધ્યાય ષષ્ઠ,
સાહિત્યદૃષ્ટિએ શ્રેષ્ઠ,
કહીશ હવે સાંભળો
ચિત્ત દઈને. ૧૩

મારા પ્રાકૃત બોલ સકૌતુકે,
અમૃતનેય સહેજે માત કરે,
શબ્દો એવા રસલીના
સંયોજીશ. ૧૪

જેની સુકુમારતા જોઈને
સપ્તસૂરોના રંગ લજાયે,
કે પરિમલની શક્તિ ઓસરે
જેની સૌરભે. ૧૫

સાંભળો, રસાર્દ્રતાને લોભે,
શ્રવણેન્દ્રિયો રસના થશે,
અને ઇન્દ્રિયો કલહ કરશે
પરસ્પરે. ૧૬

સહજે શબ્દ તો વિષય શ્રવણનો,
પણ રસના કહેશે આ રસ માહરો,
ઘ્રાણને પ્રેમ થશે પરિમલનો,
અને આ સઘળું થશે. ૧૭

ભાષાનો ક્રમ થશે અદ્‌ભુત,
કે જોતાં જ નયનો પરિતૃપ્ત,
અને કહેતાં થશે ઊઘડી ખાણ
રૂપ તણી આ. ૧૮

જ્યાં સંપૂર્ણ પદ ઉદ્‌ભવશે
ત્યાં મન બાહરે ધાવશે,
ભુજાઓ નિજની પ્રસારશે
શબ્દને આલિંગવા. ૧૯

આમ ઇન્દ્રિયો નિજ નિજના ભાવે
ઝઘડતાં તે સહુને સંતોષશે,
જેમ એકલો જગને ઉજાળે
સહસ્રકર. ૨૦

તેવું શબ્દનું વ્યાપકપણ
દેખજો અસાધારણ,
ભાવજ્ઞોને લાધશે ગુપ્ત ગુણ
ચિંતામણિના. ૨૧

ભલે તો શબ્દોના થાળ ઉત્તમ,
જેમાં છે કૈવલ્ય રસ પરિપૂર્ણ,
આ કરું છું નમ્ર નિવેદન
માત્ર નિષ્કામ માટે. ૨૨

હવે આત્મપ્રભા નિત્ય નવી,
તેની જ કરીને સ્થિર દીવી.
જે જમશે ઇન્દ્રિયોથી સંતાઈ,
તેને જ ફાવે. ૨૩

ત્યાં શ્રવણેન્દ્રિયોનો સંબંધ
છોડીને સ્વીકારવું શ્રોતાપણું,
અને સુખ ભોગવવું કેવળ
મનના નિજાંગે. ૨૪

શબ્દનાં ફેડીને આવરણ
થવું બ્રહ્મરૂપમાં તલ્લીન,
અને સુખમાં થઈને મગન
ભોગવવું સુખ. ૨૫

આવું સુકુમાર જો થશે ચિત્ત
તો જ અહીં થવાશે કૃતાર્થ,
નહીં તો ગોઠડી સઘળી
મૂગા-બહેરાની. ૨૬

પણ એ બધું અહીં બહુ થયું,
હવે શ્રોતાઓને કશું ન કહેવું,
જે શ્રવણે અધિકારી સ્વભાવે,
નિષ્કામ-કામ. ૨૭

જે આત્મબોધની પ્રીતિયે
સ્વર્ગ-સંસાર ઉભય ઓવારે,
તેમના વિના આની માધુરી
કોઈ ન જાણે. ૨૮

જેમ કાગ ચંદ્ર ન ઓળખે,
આ ગ્રંથ પ્રાકૃતો ન જાણે,
જેમ ચંદ્રકિરણ આહાર કેવળ
ચકોર તણો. ૨૯

જ્ઞાનીઓને લાગશે નિજ ધામ,
અજ્ઞાનીઓ કાજે ભળતું ગામ,
એટલે અહીં બોલવા કાંઈ
વિષય નાહીં. ૩૦

પણ પ્રસંગોપાત્ત આ ઉચ્ચાર્યું
તે સજ્જનોએ સહેવું રહ્યું,
હવે કહીશ શું નિરૂપ્યું
શ્રીરંગે. ૩૧

તે બુદ્ધિથી સમજવું કઠિન,
એટલે તે બોલાયે ક્વચિત્,
પણ શ્રીનિવૃત્તિ કૃપાદીપ અજવાળે
દેખીશ હું. ૩૨

જ્યાં દૃષ્ટિ પણ ન પહોંચે
ત્યાં દૃષ્ટિવિણ દેખજે,
જો અતીન્દ્રિય લાભશે
જ્ઞાનબળ. ૩૩

એટલે જે કીમિયાથી ના બને,
તો સોનું લોખંડે જ સાંપડે,
જો દૈવયોગે ચડે
પારસમણિ હાથે. ૩૪

તેવી સદ્‌ગુરુકૃપા હોયે
તો પ્રયત્ને શું ન સધાયે,
તે મારા ઉપર અપાર છે,
જ્ઞાનદેવ કહે. ૩૫

તે વિશ્વાસે હું બોલીશ,
શબ્દોમાં અરૂપને રૂપ આપીશ,
અતીન્દ્રિય હોવા છતાં ભોગવીશ
ઇન્દ્રિયો વડે. ૩૬

સુણો: યશ, શ્રી, ઔદાર્ય,
જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય,
આ છ ગુણવર્ય
વસતા જ્યાં. ૩૭

એટલે તેઓ શ્રીભગવંત,
જે નિ:સંગનો સંગાથ,
તે કહે પાર્થ, એકચિત્ત
થા હવે. ૩૮

સાંભળ યોગી અને સંન્યાસીજન
એક હોવા છતાં ભાસે ભિન્ન,
પણ વિચાર કરતાં બન્ને
એક જ લાગે. ૩૯

છોડી દે ભિન્ન નામોનો આભાસ,
જે યોગ તે જ સંન્યાસ,
બ્રહ્મસ્વરૂપ જોતાં નહીં અવકાશ
ભિન્ન અર્થને. ૪૦

કાં બે જુદાં નામો લઈએ,
ને એક જ પુરુષને બોલાવીએ,
કાં બે ભિન્ન માર્ગે જઈએ
એક જ સ્થાને. ૪૧

અથવા એક જ જળ સહજે
જુદા જુદા કુંભે ભરીએ,
તેવું ભિન્નત્વ જાણજે
યોગસંન્યાસનું. ૪૨

સાંભળ સકળે સંમત જગે
અર્જુન, તે જ યોગી ગણાયે
જે કર્મો કરવા છતાં ન રાખે
અનુરાગ ફળે. ૪૩

જેમ ધરતી ઉત્પન્ન કરે,
અહંબુદ્ધિવિણ વૃક્ષો સહજે,
અને બીજોની તેમનાં જરાયે
અપેક્ષા ન કરે. ૪૪

તેમ વંશ અન્વયને આધારે,
અને વર્ણજાતિને અનુરૂપે,
જે જે જેવા અવસરે
કર્મ કરવાં રહ્યાં. ૪૫

તે તેવું જ ઉચિત કરે,
પણ અહંકાર ન રાખે મને,
અને બુદ્ધિય તેની ફળ ભણી
દેખે જ ના. ૪૬

એવા હોય તે જ સંન્યાસી,
અરે પાર્થ આ લે સાંભળી,
કહું તને વિશ્વાસથી,
તે જ યોગીશ્વર. ૪૭

ઉચિત કર્મ વિના પ્રાસંગિક,
બીજાં બધાં કર્મો બદ્ધક,
છતાં એક પછી એક
કરતો જાયે. ૪૮

જેમ લેપ એક ધોઈને
બીજો લેપ લગાવીએ,
તેમ આગ્રહનો ધરનારો
બીજામાં ફસાયે. ૪૯

ગૃહસ્થાશ્રમનો બોજ
દૈવયોગે હતો સહજ,
તેને સંન્યાસે શું કાજ
પાછો વધારો. ૫૦

એટલે અગ્નિસેવા ન છોડતા,
કર્મોની રેખા ન ઉલ્લંઘતા,
છે યોગસુખ સ્વભાવતઃ
નિજ રૂપમાં. ૫૧

અરે સંન્યાસી તે જ યોગી,
એકવાક્યતા જગે એવી,
ધ્વજ ફરકાવ્યો અનેકે
શાસ્ત્રાધારે. ૫૨

સંન્યાસ કરેલો સંકલ્પ તૂટે,
ત્યાં જ યોગનો સાર ભેટે,
એવું જેના અનુભવે પ્રગટે,
નિજ બળે. ૫૩

હવે યોગાચળના શિખરે
પહોંચવું હશે પાર્થ વેગે,
તો સોપાનરૂપ કર્મપથે
ચડવું અરે. ૫૪

આ યમનિયમની તળેટીએ,
પ્રવેશી આસનોની કેડીએ,
ચડવું પ્રાણાયામના આરે,
સહેજે અરે. ૫૫

પછી પ્રત્યાહારની ધાર,
જે બુદ્ધિ કાજે પણ ભયંકર,
જ્યાં હઠયોગીઓ છોડે હઠ,
તે ચડવી રહી. ૫૬

તોયે અભ્યાસને બળે,
અને પ્રત્યાહારે નિરાલંબે,
નખ ખૂંચશે હળવે હળવે
વૈરાગ્યના. ૫૭

એવા પ્રાણવાયુના આધારે
પહોંચશો ધારણાના રાજપથે,
પછી ધ્યાનના નિજ ધામે
જવાશે અરે. ૫૮

ત્યાં થંભશે માર્ગનું વહેવું,
ઓસરશે વૃત્તિનું પ્રવર્તવું,
મિલન થશે સાધ્ય-સાધનોનું
સામરસ્યે. ૫૯

જ્યાં જાણવું જ પોતે લોપે,
ભૂતકાળનું સ્મરણ વિલોપે,
આવી સમતુલાની ભૂમિકાએ
સમાધિ રહે. ૬૦

આ ઉપાયે યોગારૂઢ,
જે નિરવધિ થાયે પ્રૌઢ,
તેનાં ચિહ્નો હવે સ્પષ્ટ
કહું સાંભળ. ૬૧

જેમની ઇન્દ્રિયોના ગૃહે
વિષયો ન આવે – ન જાયે,
જે આત્મબોધની દિવ્ય સેજે
શયન કરે. ૬૨

જેનું આત્મબોધે સમરસ મન,
ન રાખે સુખદુ:ખની જાણ,
જ્યાં વિષયોનું સદંતર વિસ્મરણ,
નિકટ હોવા છતાં. ૬૩

ઇન્દ્રિયો જેવાં અરે કર્મે
પ્રવૃત્ત હોવા છતાં સદાયે,
ફળહેતુ ન ત્યાં પ્રવર્તે
અંત:કરણે. ૬૪

હોવા છતાં દેહે આ પ્રમાણે,
જાગ્રત છતાં નિદ્રિત દેખાયે,
તે જ યોગારૂઢ સમગ્રે,
ઓળખજે તું. ૬૫

ત્યાં અર્જુને કહ્યું અનંતા,
મને મોટું વિસ્મય આ સાંભળતાં,
કહે એને આવી યોગ્યતા
કોણ આપે. ૬૬

ત્યારે હસીને શ્રીકૃષ્ણ કહે :
તારું બોલવું શું નવલ ન હોયે,
કોણ કોને શું આપે
અદ્વૈત સ્થિતિએ. ૬૭

જ્યારે વ્યામોહની સેજે,
અવિદ્યાબળે નિદ્રિત હોયે,
તે વેળા દુ:સ્વપ્ન ભોગવીએ
જન્મમૃત્યુનાં. ૬૮

પછી અચાનક થતાં જાગ્રત,
સમજાયે કે આ સઘળું વ્યર્થ,
અને પાંગરે સદ્ભાવ ત્યાં જ
નિત્યતાનો. ૬૯

એટલે આપણે જ આપણને
હણીએ છીએ ધનંજય જોને,
ચિત્ત સમર્પી દેહાભિમાને
વ્યર્થ સર્વદા. ૭૦

આવું વિચારી અહંકાર છોડીએ,
પછી જે છીએ તે વસ્તુ હોઈએ,
અને આપણું કલ્યાણ સહજે
આપણે કરીએ. ૭૧

નહીં તો કોશકીડાની જેમ
તે પોતાનો જ વેરી હોય,
દેહે જે આત્મબુદ્ધિ આરોપે,
સુંદર જોઈને. ૭૨

અથવા પ્રાપ્તિની સુવેળાએ,
દૈવહીન અંધાપાનો ડોળ કરે,
કે પોતાની આંખો બંધ કરે
દેખતો અરે. ૭૩

અથવા કોઈ એક ભ્રમિતપણે,
હું તો નથી, હું ખોવાયો વદે,
એવો ખોટો છંદ લઈ બેસે
અંત:કરણે. ૭૪

એટલે એ તો જે છે તે જ છે,
પણ શું કરીએ એવી બુદ્ધિ ન હોયે,
પ્રહારો સ્વપ્નમાં દેખીને
તે મરે જ સાચે. ૭૫

જેમ શુકને અંગભારે
ટિંગાયેલી નળિકા ફરે,
તોયે તેને ઊડવું ન સૂઝે
સંશયગ્રસ્તને. ૭૬

વ્યર્થ માનને મરોડી,
ઘટ્ટ હૈયે આમળી,
ચાંચમાં એ નળી
પકડી રહે. ૭૭

અરે હું બંધાયો ખરે,
એવી ભાવનાની બેડીમાં પડે,
ને મોકળા પગના પંજાને
ગૂંચવે અધિકે. ૭૮

નિરર્થક એમ અટકી પડે,
એને બાંધ્યો કોણે કહે,
પણ તે ન જાય છોડીને,
તોડા તોયે. ૭૯

એટલે આપણે જ આપણ રિપુ,
જેણે વધાર્યો આ સંકલ્પુ,
તો સ્વયંબુદ્ધિ કહે બાપુ,
જે દેહભાવ ન જાણે. ૮૦

તેને સ્વચિત્ત-વિજેતાને,
સકળ કામોપશાંતને,
પરમાત્મા નથી દૂર
કદી ક્યાંયે. ૮૧

જ્યારે હીનત્વનું કલંક જાયે
ત્યારે સોનું તેનું તે જ હોયે,
તેમ જીવમાં બ્રહ્મત્વ હોયે
સંકલ્પ લોપે. ૮૨

જેમ આ ઘટાકારને
મળવા બાહ્ય આકાશને,
ક્યાંયે જવું ના પડે
લોપતાં અવકાશ. ૮૩

તેમ દેહનો અહંકાર દુષ્ટ
થયો જેનો સમૂળો નષ્ટ,
તેનું દેખાય પરમાત્મરૂપ,
જે અનાદિ સિદ્ધ. ૮૪

હવે શીતોષ્ણની આ વિચારણા,
ત્યાં સુખદુઃખની વિવેચના,
અહીં ન સમાયે કોઈ વારતા
માનાપમાનની. ૮૫

જે જે વાટે સૂર્ય જાયે
ત્યાં ત્યાં તેજનું વિશ્વ હોયે,
તેમ તેને જે જે પ્રાપ્ત થાયે
તે પોતે જ હોયે. ૮૬

જેમ મેઘની વરસતી ધારા,
તે ન ખૂંચે જેમ સાગરા,
તેમ શુભાશુભે યોગીશ્વરા
ભિન્ન ન ભાસે. ૮૭

આ ભાવ વિજ્ઞાનાત્મક,
વિચારતાં લાગે ભ્રમાત્મક,
પછી જોવા જતાં સંસાર
લાગે જ્ઞાનરૂપ. ૮૮

હું વ્યાપક કે એકદેશી,
જે વિવેચના થાય છે એવી,
તે આપોઆપ જાય છે થંભી
એકતાના પ્રત્યયે. ૮૯

એવો સદેહે જ સકૌતુકે,
તે પરબ્રહ્મ છે નિઃસંશયે,
જેણે વશ કરી સર્વે
ઇન્દ્રિયો અરે. ૯૦

જે જિતેન્દ્રિય સહજે,
તેને જ યોગયુક્ત કહીએ,
જે શ્રેષ્ઠ-કનિષ્ઠ ન જાણે
કોઈ કાળે. ૯૧

જુએ સુવર્ણનો ઢગલો
પ્રચંડ મેરુ જેટલો,
કે માટીનો ગોળો,
સમાન માને. ૯૨

સમસ્ત પૃથ્વીના કરતાંય અમોલ,
કોઈ હશે જો રત્ન અજોડ,
તે તેની નજરે પાષાણ
જાણો નિશ્ચયે. ૯૩

ત્યાં શત્રુ અને સુહૃદ,
કાં મિત્ર અને ઉદાસ,
એવો ભાવભેદ વિચિત્ર,
કલ્પાય કેમ. ૯૪

તેને બંધુ કોણ કેવો,
તેને દ્વેષી કોણ કેવો,
જેનો હું જ વિશ્વ એવો
બોધ નિશ્ચયે. ૯૫

પછી તેની દૃષ્ટિએ
પાર્થ અધમઉત્તમ ન હોયે,
શું પારસની કસોટીએ
લોખંડમાં ભેદ રહેશે. ૯૬

પારસ જેમ સઘળું જ સોનું કરે,
તેમ જેની બુદ્ધિ સચરાચરે
રહે જ્યાં એક નિરંતરે
સામ્યાવસ્થા. ૯૭

આ જે વિશ્વરૂપી અલંકાર,
જેના અનંત આકારપ્રકાર,
ઘડયા છે એક જ કનક થકી
પરબ્રહ્મે. ૯૮

એવું જ્ઞાન જે ગરવું
જાણ્યું છે જેણે સઘળું,
તે કદાપિ ન મોહે
આકારચિત્રે. ૯૯

પ્રવેશતાં પટમાં દૃષ્ટિ
દેખાય તંતુની જ સૃષ્ટિ,
પછી ન જાણે અન્ય ગોષ્ટિ
આત્માવિણ. ૧૦૦

આવી પ્રતીતિ જેને થાયે,
આવો અનુભવ જે પામે,
તે જ સમબુદ્ધિ છે નિશ્ચયે
જાણ સાચું. ૧૦૧

તેનું નામ તીર્થરાજ,
તેના જ દર્શને સમાધાન,
જેને સંગે બ્રહ્મભાવ
ભ્રાંતને પણ. ૧૦૨

જેના બોલે ધર્મ જીવે,
જેની દૃષ્ટિ મહાસિદ્ધિ પ્રસવે,
અને સ્વર્ગસુખોની પ્રાપ્તિ હોયે,
સહજ ક્રીડા. ૧૦૩

ક્યારેક જો સ્મરે ચિત્તે
તો આપણી યોગ્યતા આપે,
અરે પ્રશંસતાં તેમને
લાભ થાયે. ૧૦૪

કદી ક્યારે ન અસ્ત પામે
એવો અદ્વૈત દિન જે જુએ,
તે પોતે પોતાનામાં રહે,
અખંડિત. ૧૦૫

એવી દૃષ્ટિના જે વિવેકી,
પાર્થ, તે હોય એકાકી,
એટલે ત્રણે લોકે અપરિગ્રહી
તેને જ કહીએ. ૧૦૬

એવાં જે અસાધારણ
પ્રાપ્ત પુરુષનાં લક્ષણ,
પોતાનામાં હોઈ સંપૂર્ણ
શ્રીકૃષ્ણ બોલિયા. ૧૦૭

જે જ્ઞાનીઓના બાપ,
દેખતાઓના દૃષ્ટિના દીપ,
જેણે સરજ્યું વિશ્વ સકળ,
માત્ર સંકલ્પે. ૧૦૮

પાર્થ, પ્રણવના હાટ,
ત્યાં વણાયા શબ્દબ્રહ્મ પટ,
તોય તે જેનો યશ
આવરી શકે ના. ૧૦૯

જેમના અંગભૂત તેજે
રવિશશી ઝળકે ઓજે,
એટલે જગત નિસ્તેજ જાણજે
તેમના વિના. ૧૧૦

અરે ભા, જેનું નામ જ એક,
વિચારતાં ગગન નાનું છેક,
તેમના કેમ ગુણ એક એક
કળીશ તું. ૧૧૧

હવે રહેવા દઈએ આ વર્ણનો,
કહી ન શકું કોનાં લક્ષણો,
પ્રાપ્ત પુરુષનાં આ નિમિત્તે
વર્ણવ્યાં અમે. ૧૧૨

જે દ્વૈતનું મૂળ ઉખેડે
તે બ્રહ્મવિદ્યા જો અહીં પ્રગટે,
તો અર્જુનચિત્તનો સગુણ પ્રેમ
નષ્ટ થાશે. ૧૧૩

એટલે તેમનું તેવું બોલવું,
હતું કેવળ અંતરપટ ધરવું,
કર્યું અર્જુનનું મન વેગળું
પ્રેમસુખ ભોગવવા. ૧૧૪

જેમને સોહંભાવનો પ્રતિબંધ,
જે મોક્ષસુખ કાજે રંક,
તેની દૃષ્ટિનું કોઈ કલંક
ન લાગે તુજ પ્રેમને. ૧૧૫

એનો અહંભાવ જશે સહજે,
અને મારામાં ઐક્ય પામશે,
હું શું કરીશ ત્યારે
એકલો અરે. ૧૧૬

દૃષ્ટિએ જોતાં જ શાંત થવાયે,
કાં મુખ ભરીને બોલાયે,
અથવા ઉમંગે આલિંગન દેવાયે,
એવું કોણ છે. ૧૧૭

આપણા મનની મજાની
અસમાણી આત્મીય ગોષ્ઠિ
તે કોની સાથે કરવી,
જો ઐક્ય થાશે. ૧૧૮

આવી વ્યાકુળતાએ જનાર્દને,
અન્યને ઉપદેશ નિમિત્તે,
બોલ્યા મનોમને
અર્જુનને આલિંગીને. ૧૧૯

સુણતાં આ લાગશે વિચિત્ર,
પણ પાર્થ હતા મૂર્તિમંત,
શ્રીકૃષ્ણ સુખનું સજીવ રૂપ,
મનુષ્યદેહે. ૧૨૦

અહીં જો છેક પ્રૌઢ વયે
કોઈ વંધ્યા સંતતિ પ્રસવે,
તો તેને સહજે નચાવે
સંતાનમોહ. ૧૨૧

તેવા થયા શ્રીઅનંત
એવું પણ હું ન કહેત,
જો એમનો ન દેખાત
પ્રેમાતિરેક. ૧૨૨

જુઓ કેવું નવલ કૌતુક,
ક્યાં તે યુદ્ધ ને ક્યાં ઉપદેશ,
પણ અર્જુનપ્રેમે શ્રીકૃષ્ણ
ગદ્‌ગદ હતા. ૧૨૩

જ્યાં પ્રીતિ ત્યાં લજ્જાશરમ,
જ્યાં વ્યસન ત્યાં શ્રમનો વિષાદ,
અને ગાંડાપણું ભ્રમહીન
હોઈ શકે શું. ૧૨૪

એટલે ભાવાર્થ તો એવો
કે પાર્થ સખ્યનો આશ્રય થયો,
અથવા સુખસંપન્ન હરિચિત્તનો
અરીસો તે. ૧૨૫

આ પ્રમાણે પાર્થ પુણ્ય પવિત્ર,
જગમાં ભક્તિબીજનું સુક્ષેત્ર,
ને શ્રીકૃષ્ણકૃપાનું સુપાત્ર,
હતા પૂર્ણરૂપે. ૧૨૬

અરે જે આત્મનિવેદન પૂર્વની
હોય પાર્શ્વભૂમિ સખ્યની,
અધિષ્ઠાત્રી દેવતા ત્યાંની,
પાર્થ જાણ. ૧૨૭

પાસેના ગોસ્વામી ન વર્ણવીએ,
પણ તેના ભક્તના ગુણ ગાઈએ,
એવા હતા તે અર્જુન સહજે
પ્રિય હરિને. ૧૨૮

જે પતિને અનુરાગે ભજે,
પતિ જેને પ્રિયોત્તમ ગણે,
પતિ કરતાં શું ન પ્રશંસાયે
તે પતિવ્રતા. ૧૨૯

તેમ અર્જુન સ્તવવા સવિશેષે
એમ જ ગમ્યું મુજ ચિત્તે,
કેમ કે એકાયતન તે
ત્રૈલોક્ય સુખના. ૧૩૦

જેહના પ્રેમસખ્ય કાજે
અમૂર્ત મૂર્તિમંત થાયે,
પૂર્ણમાં અભીપ્સા જાગે
જેના વિશે. ૧૩૧

ત્યાં શ્રોતા કહે સુદૈવ અમારું,
શું આ ભાષા સુમધુર ચારુ,
જાણે સપ્તસૂરોની સુકુમારતા
આંબીને આવી. ૧૩૨

આ આશ્ચર્ય નથી આ દેશી-
મરાઠી એવી તો બોલવી,
કે જેથી ઊમટે આકાશી
સાહિત્યરંગો. ૧૩૩

કેવી રૂપેરી જ્ઞાનની સુધા,
અને શીળી ભાવાર્થ ગરિમા
કે પ્રફુલ્લે છે સ્પર્શે તેના
શ્લોકાર્થ કુમુદિની. ૧૩૪

નિરીચ્છમાં શ્રવણેચ્છા જાગે,
એવી ગરવી ભાષા પ્રગટે,
તેથી શ્રોતાનાં અંતર ડોલે
આત્માનંદે. ૧૩૫

તે નિવૃત્તિદાસે જાણિયું,
પછી અવધારજો કહ્યું,
પાંડવકુળ શ્રીકૃષ્ણે ઉજાળ્યું
નવલ કેવું. ૧૩૬

દેવકીએ ઉદરે વહ્યા,
યશોદાએ પ્રેમે પ્રતિપાળ્યા,
પણ અંતે વા'રે ધાયા
પાંડવોની. ૧૩૭

એટલે બહુ દિવસ સેવવા,
કાં અવસરે જ વિનવવા,
વિવેક એવો ધનંજયમાં
રહ્યો નહીં. ૧૩૮

હવે આગળ કથા કહું વેગે,
પછી અર્જુન કહે લાડકોડે,
દેવ, આ સંતચિહ્નો મુજ અંગે
સદંતર નથી. ૧૩૯

આ લક્ષણોનો જે નિજ સાર,
તે જોતાં હું નબળો અપાર,
પણ જો સાંભળી તમારી વાત
સુપાત્ર થાઉં તો. ૧૪૦

જો તમે ચિત્તે ધારશો
તો મને બ્રહ્મરૂપ કરશો,
તે કાજે અભ્યાસ જે કહેશો
તે કરીશ હું. ૧૪૧

ન જાણું નિરૂપ્યાં કોનાં લક્ષણો
જે સાંભળતાં ચિત્તે ઉદય શ્લાઘાનો,
તો પ્રાપ્ત થતાં છલકાશે કેવો
આનંદ દેવ. ૧૪૨

આવો આત્મસ્થ હું થઈશ કે,
પોતાનો જાણી હરિ કરશો કે,
ત્યારે હસીને કહ્યું શ્રીકૃષ્ણે
કરીશ હું. ૧૪૩

દેખ, મનને સંતોષ ન સાંપડે
ત્યાં સુધી સુખનો દુકાળ પડે,
પણ પામ્યા પછી સંતોષ અરે
સુખની ઊણપ કેવી. ૧૪૪

તેમ સર્વેશ્વર સમર્થનો સેવક,
જો થાય બ્રહ્મ તો શું કૌતુક,
કેવો પુરબહારે દૈવયોગ,
અર્જુન તણો. ૧૪૫

જો સહસ્ર જન્મ સાટે
ઈન્દ્રાદિકોને પણ ન ભેટે,
તે આધીન કેટલા પાર્થને,
જે માગવુંય ન સહે. ૧૪૬

પછી સુણો, જે પાંડવે
કહ્યું કે બ્રહ્મ થવું માહરે,
તે અશેષપણે દેવે
લક્ષમાં લીધું. ૧૪૭

ત્યાં એવું વિચાર્યું પ્રભુએ,
જે બ્રહ્મત્વની ઇચ્છા એના ચિત્તે
તો વૈરાગ્યનો ફણગો બુદ્ધિએ
ફૂટ્યો હશે. ૧૪૮

ભલે અપૂરા છો હજી દિવસ,
પણ બહારમાં વૈરાગ્યની વસંત,
એટલે સોહંભાવના મોર
પાંગરી ઊઠ્યા. ૧૪૯

એટલે પ્રાપ્તિરૂપે ફળશે
હવે એને વેળ ન લાગશે,
થશે વિરક્ત એવો વિશ્વાસ
હરિને થયો. ૧૫૦

પાર્થ હવે જે આદરશે,
સત્વરે સફળ થશે,
અભ્યાસ નહીં લોપશે
હું કહીશ તો. ૧૫૧

એવું વિચારીને શ્રીહરિએ
કહ્યું તેને આ અવસરે,
અર્જુન હવે અવધારજે,
પંથરાજ. ૧૫૨

ત્યાં પ્રવૃત્તિ તરુના મૂળીએ
દેખાય નિવૃત્તિફળો અસંખ્યે,
હજીયે ચાલે એ માર્ગે
પોતે શિવ. ૧૫૩

પણ યોગીવૃન્દો અનેક
ઊપડ્યાં આકાશમાર્ગે દેખ,
જ્યાં અનુભવોને ચરણે
કેડીઓ પડે. ૧૫૪

આત્મબોધના દક્ષિણ માર્ગે
તે ચાલી નીકળ્યા ઋજુ ભાવે,
છોડીને સકળ માર્ગો
અજ્ઞાનમય. ૧૫૫

પછી મહર્ષિઓ આવતા ગયા,
સાધકોમાંથી સિદ્ધ થયા,
અને આત્મવિદો આ જ માર્ગે
થયા મહિમાવંત. ૧૫૬

આ માર્ગે જે ચાલ્યા
તે ભૂખતરસ વીસર્યા,
રાતદિવસ ન જાણ્યાં
આ જ વાટે. ૧૫૭

ચાલતાં પગ જ્યાં પડે
ત્યાં મોક્ષની ખાણ ઊઘડે,
માર્ગ ચૂકે તોયે મળે
સ્વર્ગસુખ. ૧૫૮

પૂર્વદિશાએથી નીકળવું,
પશ્ચિમ દિશાએ પહોંચવું,
નિશ્ચળ થઈ ચાલવું,
ધનુર્ધર અહીં. ૧૫૯

આ માર્ગે જે ગામે જવાયે
તે ગામ પોતે જ થવાયે,
એ શું કહું સહજે
જાણશે તું. ૧૬૦

ત્યાં પાર્થે કહ્યું હે દેવ,
એ થાશે ક્યારે અને કેમ,
મુજ આર્ત્તિસાગરે ડૂબતાને
ઉગારશો ક્યારે. ૧૬૧

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું એવું,
આ ઉતાવળે બોલે કેવું,
મારે હતું એ આપમેળે કહેવું,
ત્યાં પૂછ્યું તેં. ૧૬૨

હવે જે બોલાશે સવિશેષે,
તે અનુભવે જ સમજાશે,
એટલે સ્થાન એવું એકાન્તે
જોવું રહ્યું. ૧૬૩

જ્યાં પ્રેમે વિશ્રાંતિ મળે,
બેસીએ તો ઊઠવું ન ગમે,
જ્યાં વૈરાગ્ય બમણો વધે
જોતાં જ જેને. ૧૬૪

જ્યાં સંતો રહેતા હોયે,
સંતોષને જ્યાં સહાય મળે,
અને મને ઉલ્લાસ ચડે
ધૈર્ય તણો. ૧૬૫

આપમેળે યોગાભ્યાસ થાયે,
અનુભવ પોતે હૃદયને વરે,
એવી રમણીયતા ગરવી
જ્યાં અખંડિત. ૧૬૬

જ્યાંથી સહજે નીકળતાં પાર્થ
થાયે તપશ્ચર્યાનો મનોરથ,
અને પાખંડી થાય આસ્થાવંત,
સમૂળો અરે. ૧૬૭

સ્વભાવે એ વાટે નીકળતાં
સદ્‌ભાગ્યે પહોંચે ઓચિંતાં,
તો સકામ પણ વીસરે
પાછા જવું. ૧૬૮

એમ ન રહેનારને રાખે,
ભટકનારને બેસાડે,
થાબડીને જગાડે
વિરક્તિને. ૧૬૯

આ રાજ્યવૈભવ છોડીએ,
નિરાંતે અહીંયાં જ રહીએ,
એવું વિલાસીને પણ લાગે
સ્થાન જોતાં. ૧૭૦

જે સર્વ રીતે સુંદર,
અને તેવું જ અનાવિલ,
જ્યાં અતિષ્ઠાન પ્રગટ
નેત્રે દીસે. ૧૭૧

બીજુંય એક જોવું જોઈએ,
જ્યાં સાધકો વસતા હોયે,
અને લોકોના પગરવે
જે અભડાય ના. ૧૭૨

જે અમૃતને તોલે આવે,
જે સમૂળાં સુમધુર હોયે,
એવાં સઘન વૃક્ષો એકસાથે
ફળતાં સદા. ૧૭૩

ડગલેપગલે જળાશય,
વર્ષાઋતુવિણ વિશુદ્ધ,
અને નિર્ઝરો જ્યાં વિશેષ
સુલભ જ્યાં. ૧૭૪

જ્યાં સૂર્યતાપ અતિ કોમળ,
જણાશે સુખદ શીતળ,
અને પવન વાશે નિશ્ચળ
મંદ મંદ. ૧૭૫

ઘણું કરીને જે નિઃશબ્દ,
જ્યાં ન પ્રવેશે શ્વાપદ,
શુક અને પટ્પદ
જ્યાં ન હોયે. ૧૭૬

જળમાં રહો હંસો,
વળી બેચાર સારસો,
અથવા કોઇ વેળાએ ટહુકે
કોકિલ પણ. ૧૭૭

નિરંતર નાહીં,
પણ આવેજાય ત્યાંહી,
હોય મયૂર-મયૂરી,
અમે ના ન કહીએ. ૧૭૮

પણ આવશ્યક એક પાર્થ,
કે એવું જ મેળવવું સ્થાન,
જ્યાં હશે નિગૂઢ કોઈ મઠ,
અથવા શિવાલય. ૧૭૯

આ બેમાંથી જે ગમે,
જે ભાવતું હોય ચિત્તને,
શોધીને એવા એકાન્તે
બેસજે હા. ૧૮૦

એટલે સ્થાન સુયોગ્ય જોવું,
મન શાંત રહે તે નીરખવું,
જ્યાં સ્થિર રહે ત્યાં રચવું
આસન એવું. ૧૮૧

સર્વોપરી રાખવું મૃગચર્મ,
માંહી ધૌત વસ્ત્ર સુકોમળ,
મૂકવા દર્ભાંકુર અખંડિત
તળીએ અરે. ૧૮૨

દર્ભ લેવા સરખાં સુકોમળ,
જે આપમેળે રહેશે સુબદ્ધ,
જોઈને સર્વ પાથરીએ પાર્થ
એકસરીખે. ૧૮૩

જો આસન ઊંચું હોયે
તો અંગ સહજે ડોલશે,
અને જો તે નીચું હશે
તો લાગશે ભૂમિદોષ. ૧૮૪

એટલે એવું ન કરીએ,
આસન સમથલ જ રાખીએ,
હવે બહુ શું કહીએ,
આસન હોય એવું. ૧૮૫

પછી ત્યાં આપણ
કરી એકાગ્ર અંતઃકરણ,
કરીને સદ્ગુરુ સ્મરણ,
અનુભવવો પ્રેમ. ૧૮૬

જ્યાં સ્મરતાં જ આદરે,
અંતરબાહ્ય સાત્ત્વિક ઊભરે
ત્યારે કાઠિન્ય ઓગળે
અહંભાવનું. ૧૮૭

વિષયોનું વિસ્મરણ થાયે,
ઇન્દ્રિયોની આકુલતા જાયે,
અને મન નિજની ગડી વાળે
હૃદય માંહીં. ૧૮૮

ઐક્ય એવું સહજે થાયે
ત્યાં સુધી સ્મરણ કરીએ,
પછી તે જ બોધે થઈએ
આસનસ્થ. ૧૮૯

હવે અંગને અંગ સાચવે,
પવનને પવન ધારે,
અનુભવ એવા ઉત્તરોત્તરે
થવા માંડે. ૧૯૦

પ્રવૃત્તિ બધી જ ઓસરે,
આપમેળે સમાધિ ઊતરે,
અહીં સકળ અભ્યાસ સરે
બેસતાં આસને. ૧૯૧

મુદ્રાની પ્રૌઢિ એવી,
હવે કહેવાશે તે સાંભળી,
જંઘાને દૃઢ ધારી
પિંડી જોડે. ૧૯૨

વાંકી કરીને ચરણની એડી,
આધારકુમના મૂળમાં મૂકી,
પછી ધરીએ ત્યાં જ ગાઢી,
સુદૃઢ ભાવે. ૧૯૩

જમણી એડી હેઠળ મૂકીને,
તે વડે મધ્ય ભાગ દબાવીને,
પછી ઉપર બેસવું સહજે
વામચરણે. ૧૯૪

ગુદા અને શિશ્ન વચ્ચે
અંતર ચાર અંગુષ્ઠ હોયે,
ત્યાં દોઢ દોઢ આંગળ જગા
છોડી દઈએ. ૧૯૫

વચ્ચે એક આંગળ વધે
ત્યાં ઉત્તર ભાગે સહેજે
અંગને લેવું ઉપરે
સંભાળીને. ૧૯૬

ઊંચકવાની ખબરે ન પડે
તેમ પાછળથી ઊંચકીયે,
ગુલ્ફદ્વય ધારીયે
તે જ રીતે. ૧૯૭

પછી શરીર આખું પાર્થા,
અશેષે અને સર્વથા,
ઘૂંટીઓના માથાયે
સ્વયંભૂ રહે. ૧૯૮

અર્જુન એવું જાણ,
છે મૂળબંધનું લક્ષણ,
અને વજ્રાસન ગૌણ,
નામ એવું. ૧૯૯

જો એ પ્રમાણે મુદ્રા ઘડે
તો હેઠળનો માર્ગ બંધ પડે,
અને અપાન અંદરને ભાગે
ઉપર ચડે. ૨૦૦

ત્યારે કરસંપુટ આપમેળે
વામચરણે જઈ બેસે,
અને સ્કંધો દીસે
ઊંચકાયલા. ૨૦૧

હાથ ને સ્કંધો ઊંચકાયે,
શિરકમળ વચ્ચે સ્થિર થાયે,
નેત્રદ્વારોનાં કમાડો
બિડાવા માંડે. ૨૦૨

ઉપરની પાંપણો ન ઢળે,
નીચેની નીચે જ રહે,
તેથી અર્ધોન્મીલિત ઊપજે
સ્થિતિ ત્યાં. ૨૦૩

ત્યારે દૃષ્ટિ અંદર રહે,
બહાર નીકળે જો કૌતુકે
તો તે પડે તત્કાલે
નાસાગ્રપીઠે. ૨૦૪

એમ અંદર ને અંદર રહે,
બહાર પાછી ન ફરે,
એટલે રહે તે સહજે
અર્ધોન્મીલિત. ૨૦૫

હવે દિશાઓની ભેટ લેવી,
કે રૂપની વાટ જોવી,
એ ઇચ્છાઓ સરે સઘળી
આપમેળે. ૨૦૬

પછી કંઠનાળ સંકોચે,
હડપચી નીચે વળે,
તે ગાઢ થઈ ચોંટે
વક્ષસ્થળે. ૨૦૭

ત્યારે ગળાની ઘંટિકા લોપે,
ઉપરી બંધ સિદ્ધ થાયે,
તે જાલંધરબંધ કહેવાયે,
પાંડુકુંવર. ૨૦૮

નાભિ ઉપર ઊઠે,
ઉદર સંકોચાયે,
અંતરે વિકસી રહે
હૃદયકમળ. ૨૦૯

સ્વાધિષ્ઠાનચક્રને કાંઠે,
નાભિસ્થાનની હેઠે,
બંધ જે હોયે કિરીટે
ઉડ્ડિયાન તે. ૨૧૦

એમ શરીરના બાહ્યાંગે
અભ્યાસના પ્રસાદ પાંગરે,
ત્યારે અંદર કેડ ભાંગે
મનોધર્મની. ૨૧૧

કલ્પના ઉપરમે,
પ્રવૃત્તિ શમે,
દેહમન વિરમે
સહજ ભાવે. ૨૧૨

ક્ષુધા ક્યાં વિલાઈ,
નિદ્રા ક્યાં ગઈ–
એ યાદ પણ વીસરાઈ,
આવેગ સૌ શમ્યા. ૨૧૩

જે મૂળબંધે હતો અટક્યો
તે અપાન પાછો ફર્યો,
ને ફેંચી ઉપરે દેખાયો
ફુલાયેલો. ૨૧૪

ક્ષુબ્ધ હોઈ મત્ત થાયે,
અને ત્યાં ને ત્યાં જ ગરજે,
પછી મણિપુરચંદ્રે ઝઝૂમે
રહી રહીને. ૨૧૫

પછી થંભેલાં તે વાદળો,
શાંત થઈ શરીર ડહોળે,
બાળપણાના બહાર ફેંકે
બધા દોષો. ૨૧૬

ભીતરે પણ તે ન જંપે,
અરે કોઠામાં જઈ સંચરે,
કફપિત્તના આશ્રયોને
તોડી નાખે. ૨૧૭

ધાતુના સમુદ્ર ઉલટાવે,
મેદના પર્વતો તોડે,
અંતરની મજ્જાઓ કાઢે
અસ્થિગત. ૨૧૮

નાડીને છોડાવે,
ગાત્રોને ઢીલાં કરે,
સાધકને બિવડાવે,
પણ બીવું નહીં. ૨૧૯

વ્યાધિ પેદા કરે,
તરત જ નહીંવત્ કરે,
પાણીપૃથ્વી કાલવે
એકસાથે. ૨૨૦

હવે આ બાજુ જો ધનુર્ધરા,
આસનોની ઉષ્ણતા,
શક્તિ કરે જાગ્રત
કુંડલિનીની. ૨૨૧

નાગિણીનું નવજાત,
કુમકુમે જે સ્નાત,
વળ દઈને આવે જાણે
નિજ સેજે. ૨૨૨

તેવી તે કુંડલિની
સાડા ત્રણ વળે વીંટળાયલી,
અધોમુખ સર્પિણી જેવી
નિદ્રિત દીસે. ૨૨૩

સાંકળી તે વિદ્યુલ્લતાની,
કે ગડી વહ્નિજ્વાળાની,
વિશુદ્ધ હેમની તેજવંતી
લગડી જ તે. ૨૨૪

તેવી સુબંધ ઘાડી
હતી વળમાં સંતાયલી,
તે વજ્રાસનના આઘાતે
સાવધ થઈ. ૨૨૫

ત્યાં તો નક્ષત્ર જેમ તૂટિયા,
કે સૂર્યનાં આસન છૂટિયાં,
તેજનાં બીજ ફૂટિયાં,
અંકુરે જાણે. ૨૨૬

તેવી વળોને છોડતી,
ક્યારેક અંગ મરોડતી,
નાભિકંદ પરે શક્તિ
ઊઠી જાણે. ૨૨૭

સહેજે બહુ દિવસની ભૂખ,
વળી જાગ્રત થઈ તે નિમિત્ત,
પછી આવેશે પસારે મુખ
ઊર્ધ્વ બાજુ. ૨૨૮

ત્યાં હૃદયકમળની હેઠે,
જે પવન ભર્યો છે કિરીટે,
તેને સમગ્રતાની બાથે
ભીડી રહી. ૨૨૯

મુખની જ્વાળાએ
ઉપરતળે વ્યાપ્તે,
માંસના ગ્રાસને
આરોગી રહે. ૨૩૦

જે જે સ્થાન સંમાસ,
ત્યાં ત્યાં કરે ગ્રાસ,
પછી એકબે ગ્રાસ
હૃદયના કરે. ૨૩૧

પછી તળિયાં હથેળી સંશોધી,
ઊર્ધ્વના ખંડો ભેદી,
સાંધાઓની કરે ઝડતી
અંગપ્રત્યંગના. ૨૩૨

અધોભાગનેય ન છોડે,
નખોનાં સત્ત્વ કાઢે,
ત્વચા ધોઈને જડી દે
અસ્થિપાંજરે. ૨૩૩

અસ્થિના નળોને ખેંચે,
શિરાઓનું હીર ચૂસે,
ત્યારે બાહરે દાઝી ઊઠે
રોમાંકુર. ૨૩૪

પછી સપ્તધાતુને સાગરે
પોતાની તરસ છીપવે,
અને તત્ક્ષણે શુષ્ક કરે
સર્વાંગને. ૨૩૫

નાસિકાપુટોથી પવન,
બાર અંગુષ્ઠે કરે ગમન,
તેની પકડીને ગરદન
વાળે અંદર. ૨૩૬

અધોવાયુ તેથી સંકોચે,
ઊર્ધ્વવાયુ હેઠળ ધસે,
તે ઐક્ય થતાં શેષ રહે
ચક્ર સાત. ૨૩૭

પહેલાં જ હતું બેયનું ઐક્ય,
પણ કુંડલિની ન હતી ચિત્તે સ્વસ્થ,
તે હવે કહે ઉભયને–
તમારું શું પ્રયોજન. ૨૩૮

પાર્થ, પાર્થિવ ધાતુ સઘળી
આરોગીને સહેજે કરે પૂરી,
અને જળતત્ત્વ તો નિઃશેષે
લૂછી નાખે. ૨૩૯

આમ બન્ને મહાભૂતને ખાયે
ત્યારે સંતૃપ્ત થાયે,
પછી સૌમ્ય થઈને રહે
સુષુમણા પાસે. ૨૪૦

ત્યાં સંતૃપ્તિને સંતોષે,
ગરલ જે વમન કરે મુખે,
તે ગરલરૂપી પીયૂષે
પ્રાણ જીવે. ૨૪૧

ગરલમાંથી અગ્નિ પ્રગટે,
બાહ્યાંતર શીતળ કરે,
તે વેળા ફરી પુષ્ટ બને
શુષ્ક કાયા. ૨૪૨

નાડીના માર્ગો બંધ થાયે,
વાયુનું નવવિધપણું જાયે,
એટલે શરીર તણા શમાયે
ધર્મ સઘળા. ૨૪૩

ઇડા-પિંગળા એક થાયે,
ત્રણેયની ગ્રંથિયો છૂટે,
અને સઘળા પાલવ ખૂલે
ષટ્ચક્રોના. ૨૪૪

પછી શશી અને ભાનુ,
એવા કલ્પાય જે અનુમાનુ,
ન દીસે નાસિકામાંનો પવનુ
દિવેટ ધરતાં. ૨૪૫

બુદ્ધિનું સાનભાન વિરમે,
પરિમલ ઘ્રાણેન્દ્રિયે શમે,
પછી શક્તિસહિત સંચરે
સુષુમણામાં. ૨૪૬

ત્યારે ઉપરના ઢાળે
જે ચંદ્રામૃતનું સર હોયે,
ત્યાંથી ચંદ્રની સુધા ઝરે
શક્તિમુખે. ૨૪૭

તેથી નળીએ રસ ભરે-
જે સર્વાંગમાં સંચરે,
અને જ્યાંનો ત્યાં ઠરે
પ્રાણપવનયોગે. ૨૪૮

અરે મીણના ઘાટસંચે
જો ઉષ્ણ ધાતુરસ રેડાયે-
તો મીણ પીગળે પણ શેષ રહે
રસાકૃતિ. ૨૪૯

તેમ પિંડના આ આકારે,
જાણે અમૃતકલા જ અવતરે-
જે ત્વચાનું વસ્ત્ર ઉપરે
ધારી રહે. ૨૫૦

જેમ અભ્રોના આવરણે
સૂર્ય ઢંકાઈ રહે,
પછી અભ્રો વીંખાયે
દીપ્તિ ધારે. ૨૫૧

તેમ ઉપરથી સુકાયેલાં
ત્વચાનાં જે પડો પાતળાં,
તે ઝરી જાયે જેમ છોતરાં
ધાન્ય ઉપરથી. ૨૫૨

પછી જાણે સ્ફટિક સ્વયંસિદ્ધ
કે રત્નબીજના ફૂટ્યા અંકુર,
અવયવકાંતિનું લાવણ્ય
તેવું દીસે. ૨૫૩

કે આથમતા રવિના રંગ
લઈને વણાયાં અંગોપાંગ,
કે અંતરજ્યોતિનું દિવ્ય લિંગ
પારદર્શી તે. ૨૫૪

જાણે કેસરથી સઘન ભરેલી
કે સિદ્ધ પારદરસે ઢળાયેલી,
જાણે સદેહે અવતરી શાંતિ
મુજને દીસે. ૨૫૫

તે આનંદચિત્રના રંગ
કે બ્રહ્મસુખનાં સ્વરૂપ,
અથવા સંતોષતરુના રોપ
મૂર્તિમંત. ૨૫૬

અથવા સોનચંપાની કળી
કે અમૃતની પૂતળી,
અથવા બહારે આવેલી
સુકુમારતા. ૨૫૭

અથવા શીતળ શરદનું આર્દ્ર
નીતરે જેમ ચંદ્રબિંબ,
તેમ તેજ મૂર્તિમંત
આસનસ્થ તે. ૨૫૮

તેવું શરીર હોયે
જે વેળા કુંડલિની ચંદ્ર પીએ,
પછી એ દેહાકૃતિથી બીએ
યમરાજ પણ. ૨૫૯

વૃદ્ધત્વ પાછું ફરે
તારુણ્યની ગ્રંથિ ઓગળે,
લોપાયેલી ઊઘડે
બાળદશા. ૨૬૦

વયદૃષ્ટિએ શૈશવ
પણ બલદૃષ્ટિએ બલરૂપ,
અને ધૈર્યની શ્રેષ્ઠતા
નિરુપમ. ૨૬૧

સુવર્ણવૃક્ષનાં પાને
રત્નકલિકા નિત્યનૂતને,
તેવા નખ સુંદરે
નવા ફૂટતા. ૨૬૨

દંતાવલિ ફૂટે નવલી,
જે પારવિનાની નાનુડી,
બન્ને બાજુએ હીરકપંક્તિ
મઢેલી જાણે. ૨૬૩

અથવા માણેકોની કણિકા
જે અણુ જેવી સૂક્ષ્મ સર્વથા,
તેવા સર્વાંગે ઊપસી આવ્યા
સૂક્ષ્મ રોમાગ્ર. ૨૬૪

કર-ચરણનાં તળો
જેવાં રાતાં કમળો,
તેજસ્વી વિશાલ નયનો,
શું રે કહું. ૨૬૫

પરિપક્વ થઈ ભરાયે,
મોતી છીપલે ન સમાયે,
પછી સાંધણ જેમ ઊતડે
છીપનાં પડોની. ૨૬૬

પાંપણોના આશ્લેષે ન સમાયે,
વ્યાપક થવા દૃષ્ટિ બાહરે ધાયે,
હોય પહેલાંની જ પણ ચાહે
ગગનને બાથ ભરવા. ૨૬૭

સાંભળ, દેહ સુવર્ણનો હોયે,
પણ લાઘવ વાયુનું પામે,
જેમાં જળ અને પૃથ્વીનો
અંશ ન હોયે. ૨૬૮

પછી સમુદ્ર પાર જુએ,
સ્વર્ગનો શબ્દ સાંભળે,
મનોગત ઓળખે
કીડી તણું. ૨૬૯

પવનના અશ્વ આરૂઢે,
ઉદકે ચાલતાં ન ભીંજાયે,
આવા વિધવિધ પ્રસંગે
પ્રગટે અનેક સિદ્ધિ. ૨૭૦

પ્રાણનો હાથ પકડી,
ગગનની પાયરી કરી,
સુષુમણાના દાદરેથી
હૃદયે આવે. ૨૭૧

તે કુંડલિની જગદંબા,
જે ચૈતન્ય ચક્રવર્તીની શોભા,
જે અંકુરે વિશ્વબીજના
છાંયડી થરે. ૨૭૨

જે શૂન્યલિંગની પિંડી,
જે પરમાત્મ શિવની કરંડી,
જે પ્રણવની તેજવંતી
જન્મભૂમિ. ૨૭૩

એ ભલે, તે કુંડલિની બાલિકા
આવે સહેજે હૃદયગુફામાં,
અને બોલવા માંડે ભાષા
અનાહત નાદની. ૨૭૪

શક્તિના અંગનો સંગ થાયે,
ત્યાં બુદ્ધિ ચૈતન્યમય હોયે,
એટલે સાંભળી શકે તે
અનાહત નાદ. ૨૭૫

અખંડ ઘોષના કુંડે,
પ્રણવની રેખાઓ સમાન
દશનાદ ચિત્રો સુરેખ
આલેખાયાં. ૨૭૬

એ કલ્પીએ તો જ જાણીયે,
પણ કલ્પક ક્યાંથી આણીયે,
કયો કેવો ન જાણીયે
નાદ ત્યાંનો. ૨૭૭

કહેવાનું વીસર્યો અર્જુન,
જ્યાં સુધી નાશે નહીં પવન
ત્યાં સુધી શબ્દમય ગગન
નિનાદે નાદે. ૨૭૮

એ અનાહતના મેઘનાદે
અખિલ આકાશ રણકી ઊઠે,
અને બ્રહ્મસ્થાનનો માર્ગ
મોકળો બને. ૨૭૯

સાંભળ, કમળગર્ભાકારે,
જે બીજું મહદાકાશ હોયે,
જ્યાં મિલનાતુર બિરાજે
ચૈતન્ય પોતે. ૨૮૦

પછી હૃદયના ગર્ભગૃહે,
કુંડલિની જગદંબે,
નિજ તેજને સમર્પે
ચૈતન્ય શિવને. ૨૮૧

બુદ્ધિના શાક સહિત
નૈવેદ્ય સુંદર સમર્પિત,
અને ન દેખાય ક્યાંયે દ્વૈત
એવું કર્યું. ૨૮૨

જ્યારે નિજ કાંતિ સમર્પી,
અને પ્રાણરૂપ થઈ રહી,
ત્યારે તે કેવી લાગી
કહીશ તને. ૨૮૩

જેમ કોઈ પવનની પૂતળી
પહેરેલી કનકકસબની સાડી
મૂકી દે ઉતારીને વેગળી
તેવું દીસે. ૨૮૪

અથવા થતાં પવનનો સ્પર્શ
દીપની દૃષ્ટિ થાય છે અસ્ત,
કે ઝબકીને ગઈ આથમી
વીજ ગગને. ૨૮૫

તેવી હૃદયકમળ ઉપરે
સુવર્ણની સેર સમી દીસે,
નાના પ્રકાશજળની નિર્ઝરણી
વહી આવી. ૨૮૬

પછી તે હૃદયભૂમિ ગુફાએ
સમાઈ જાયે પળાર્ધ માંહે,
તેમ શક્તિનું રૂપ વિરમે
શક્તિ માંહી. ૨૮૭

તોપણ તેને શક્તિ કહીયે,
જોકે પ્રાણરૂપ તે જણાયે,
નાદબિંદુ કે કલાજ્યોતિ હવે
ભેદ ન હોયે. ૨૮૮

મનને ન પડે મારવું,
પવનને ન પડે પકડવું,
ધ્યાનનેય અંગીકારવું
ન પડેય ત્યાં. ૨૮૯

કલ્પના છોડવી કે માંડવી,
તેની શકયતા ન રહે અહીં,
મહાભૂતો વિલય પામે
સમૂળા અરે. ૨૯૦

પિંડે પિંડનો ગ્રાસ,
એ નાથસંકેતનો દંશ,
કહી ગયા સઉદ્દેશ
શ્રીમહાવિષ્ણુ. ૨૯૧

ગુપ્ત સંકેતનાં પડ ઉકેલી,
યથાર્થની ગડી છોડી,
મેં ઉકેલી આપને જોઈ
અહો સંતજન. ૨૯૨

શક્તિનું તેજ જવ લોપે
તવ દેહનું સ્વરૂપ વિલોપે,
પછી હોવા છતાં ન દેખાયે
જગતને તે. ૨૯૩

દેહ તો પૂર્વવત્ હોયે.
અવયવો સહિત દેખાયે,
પવનનો બનેલો જાણે
હોય તે. ૨૯૪

અથવા ગર્ભ કેળનો
ત્યજીને અવગુંઠન ઊભો,
કાં આકાશને અવયવો
ઊપજ્યા અરે. ૨૯૫

તેવું હોયે શરીર
ત્યારે તેને કહીએ ખેચર,
આ અવસ્થા થતાં ખેચર
દેહીને લાગે. ૨૯૬

દેખ, સાધક જ્યાં આગળ જાયે
ત્યાં પદચિહ્નો અંકિત રહે,
ત્યાં ઠામે ઠામે પ્રગટ થાયે
અણિમાદિ સિદ્ધિ. ૨૯૭

પણ તેનું આપણે શું કામ,
અવધારી એવું ધનંજય
લોપે એથી ભૂતત્રય,
દેહીના દેહે. ૨૯૮

પૃથ્વીમાં પાણી મળે,
પાણીમાં તેજ ભળે,
તેજમાં પવન હળે
હૃદય માંહે. ૨૯૯

પછી પોતે એકલો રહે
થઈને શરીરના આકારે,
પછી પ્રવેશી અંતરને આકાશે
ગગનને મળે. ૩૦૦

ત્યારે કુંડલિની નામ વિરમે,
અને મારુત એવી સંજ્ઞા મળે,
પણ શક્તિપણું તેનું ન વિલોપે
શિવમિલન સુધી. ૩૦૧

પછી જાલંધરબંધ છોડી,
સુષુમણાનું મુખ ફેડી,
ગગનમાં ઊંચી ચડી
અને ગગનરૂપ. ૩૦૨

તે ઓમકારની પીઠે
પાય દઈ સત્વરે,
પશ્યંતીનેય મૂકી પાછળે
આગળ ધાયે. ૩૦૩

આગળ અર્ધ તન્માત્રા પરે
રહે આકાશના અંતરે,
ભરતી સમે જેમ સાગરે
સરિતા શમે. ૩૦૪

પછી બ્રહ્મરંધ્રે સ્થિર થાયે,
સોહંભાવના બાહુ પ્રસારે,
પરમાત્મ સંગે આલિંગીને
એકરૂપ થાયે. ૩૦૫

મહાભૂતોની જવનિકા ફીટે,
ત્યાં ઉભયનું ઐક્ય વિલસે,
અને સકળ ભૂતો ગગન સહિતે
ત્યાં સમાયે. ૩૦૬

મેઘરૂપ થઈ નીચે પડ્યો,
પાછો ઓઘરૂપે સમુદ્રે શમ્યો,
તેમ તે પાછો આવ્યો
પોતાના સ્વરૂપે. ૩૦૭

તેમ પિંડને નિમિત્તે
પદમાં પદ પ્રવેશે,
ત્યાં એકત્વ જીવશિવનું હોયે
પાંડુકુંવર. ૩૦૮

હવે બીજું કાંઈ હતું
કે મૂળ આ એક જ હતું,
એવી વિવેચના માટે
શેષ કંઈ ના. ૩૦૯

ગગનનો ગગને લય થાયે
એવી જે અવસ્થા હોયે,
તે મેળવીને સ્વાનુભવે
તદ્રૂપ થાયે. ૩૧૦

એટલે ત્યાંની વાત
ન પડે શબ્દને હાથ,
જે શબ્દ વડે પહોંચી શકાય
સંવાદગ્રામે. ૩૧૧

ખરું જોતાં હે અર્જુન,
જે સંવાદનું ધરે અભિમાન,
તે વૈખરી પણ જાણ
ઘણી દૂર. ૩૧૨

ભ્રૂકુટિને પાછલે ભાગે
મકાર પણ જ્યાં પગ ન માંડે,
જ્યાં ચડતાં પ્રાણ હાંફે
ગગનમાર્ગે. ૩૧૩

પછી ત્યાં જ તે મળી જાયે,
ત્યારે શબ્દદીપ હોલવાયે,
અને સાથે જ વિલોપાયે
આકાશતત્ત્વ. ૩૧૪

હવે મહાશૂન્યના વમળે
ગગનને જ ઠામ ન મળે,
ત્યાં કેમ કરી પ્રવેશશે
વાણી અરે. ૩૧૫

એટલે શબ્દથી કહેવાયે
કે કાનોથી સંભળાયે,
એવું કદીય ના થાયે,
એ ત્રિ વાર સત્ય. ૩૧૬

જે કંઈ મહદ્‌ભાગ્યે
આવે અનુભવે,
તે આપણામાં આપણે
થઈ રહેવું. ૩૧૭

આગળ જાણવાનું નહીં કશું,
એટલે હવે કહેવું કેટલું,
હવે તો વ્યર્થ બોલવું
ધનુર્ધર. ૩૧૮

એમ શબ્દ જ્યાં પાછો વળે,
સંકલ્પનું જીવતર સરે,
જ્યાં પવન પણ ન ફરકે
વિચારોનો. ૩૧૯

જે ઉન્મનીનું લાવણ્ય,
જે તુર્યાનું તારુણ્ય,
અનાદિ જે અગણ્ય
પરમતત્ત્વ. ૩૨૦

જે વિશ્વનું મૂળ,
જે યોગદ્રુમનું ફળ,
જે આનંદનું કેવળ
શુદ્ધ સત્ત્વ. ૩૨૧

જે આકારનો પ્રાંત,
જે મોક્ષનું એકાંત,
જ્યાં આદિ ને અંત
વિલાઈ જાયે. ૩૨૨

જે મહાભૂતોનું બીજ,
જે મહાતેજનું તેજ,
એવમ પાર્થ જે નિજ
સ્વરૂપ માહરું. ૩૨૩

તે આ ચતુર્ભુજ આવે અંકુરે,
જેમનું સૌંદર્ય પ્રગટે સ્વરૂપે,
જયારે નાસ્તિકો પીડે
ભક્તવૃંદને. ૩૨૪

તે અનિર્વચનીય મહાસુખ,
પોતે જ થઈ રહ્યા જે પુરુષ,
જેમનો પરિણમ્યો પુરુષાર્થ
આ મહાસુખે. ૩૨૫

અમે જે આ સાધન કહ્યું
તે સદેહે જેમણે અનુભવ્યું,
તે અમારે જ સ્વરૂપે ભળ્યા
નિરુપાધિક. ૩૨૬

પરબ્રહ્મને રસે
દેહાકૃતિને ઢાળે-
ઢળાયેલા દીસે
અંગપ્રત્યંગે. ૩૨૭

જો આ પ્રતીતિ અંતરે ઠસે
તો વિશ્વનો આભાસ સદંતર નાશે,
ત્યારે અર્જુન શ્રીહરિને કહે :
વાત સાચી. ૩૨૮

કેમ કે આપણે જે દેવ,
નિરૂપો છો તે ઉપાય,
તે બ્રહ્મપ્રાપ્તિનું નિજ ધામ
અનુભવે સિદ્ધ. ૩૨૯

આ અભ્યાસે જે રૂઢ હોયે
તે નિશ્ચયે બ્રહ્મરૂપ થાયે,
આ રહસ્ય સમજાયું મને
આપના નિરૂપણે. ૩૩૦

દેવ સાંભળતાં જ આ વાત,
બોધે ઊભરાયે ચિત્ત,
તો અનુભવે તે તલ્લીન
કેમ ના થાયે. ૩૩૧

એટલે અહીંઆં કાંઈ
અન્યથા સંભવિત નાહીં,
પણ ક્ષણએક ચિત્ત દઈ
સાંભળો વાત. ૩૩૨

કૃષ્ણ તમે કહ્યો જે યોગ
તે મનને ગમ્યો સાંગોપાંગ,
પણ અનુભવું છું અભાવ
નિજ યોગ્યતાનો. ૩૩૩

મુજમાં જેટલું સહજે હોયે
તેટલું જ જો પર્યાપ્ત ગણાયે,
તો સુખેથી આ જ માર્ગે
કરીશ અભ્યાસ. ૩૩૪

પણ દેવ જેવું કહેશે
તેવું આપણાથી ન થશે,
તો યોગ્યતા વિણ થઈ શકે
પૂછીશ તેવું. ૩૩૫

મનની આવી જે સમજણ
તે થઈ પૂછવાનું કારણ,
પછી કહે દેવ આપણા
અવધારજો. ૩૩૬

હા જી આ તો અવધારિયું,
જે આ સાધન તમે નિરૂપિયું,
તે જેણે જેણે અભ્યાસિયું
તે સૌને મળે શું. ૩૩૭

કે યોગ્યતા વિણ ન કરાયે
એવું અહીંઆં કાંઈ હોયે,
ત્યારે શ્રીકૃષ્ણ કહે પાર્થ,
તેમાં શું પૂછયું તેં. ૩૩૮

આ અંતિમ પ્રાપ્તિનું સાધન,
પણ બીજું જે કાંઈ સાધારણ,
તે પણ અધિકાર હોવા વિણ
ઓછું સિદ્ધ થાયે. ૩૩૯

અને યોગ્યતા જેને કહીયે,
તે પ્રાપ્તિને આધીન હોયે,
જો નિપુણ થઈને આદરીયે,
તો સફળતા મળે. ૩૪૦

તેવું અત્રે ક્યાંઈ
દેખ, મુદ્દલ જ નાહીં,
અને શું યોગ્યતાની
ખાણ હોયે. ૩૪૧

જે હોયે વિરક્ત
થાયે દેહધર્મે નિયત,
તે જ શું યથાસ્થિત
અધિકારી ન હોયે. ૩૪૨

આટલી પ્રાપ્તિની ઇચ્છા થયે
યોગ્યપણું તેનેય સાંપડે,
એવું કહી એ સંકટને
નિવાર્યું ત્યાંહીં. ૩૪૩

પછી કહે પાર્થા,
આવી રહેવી ઘટે વ્યવસ્થા,
સ્વૈરાચારીનો સર્વથા
અધિકાર ન હોયે. ૩૪૪

જે રસનેન્દ્રિયને અંકિત,
કાં નિદ્રાને સર્વથા સમર્પિત,
તેનો ન હોયે અત્ર
અધિકાર કશો. ૩૪૫

અથવા આગ્રહનો કેદી,
ક્ષુધા-તૃષાનો બંદી,
આહારને તોડી
મારે જે. ૩૪૬

નિદ્રાની વાટે ન જાવું
એવા દૃઢ નિશ્ચયી થાવું,
ત્યારે શરીર ન હોય તેવું,
પછી યોગ કેવો. ૩૪૭

એટલે વિષય અતિશય સેવવા
એવો બોધ ન રાખવા,
કાં સર્વથા નિરોધવા
એ પણ નાહીં. ૩૪૮

આહાર પણ સેવવો,
યુક્તિના માપે લેવો,
કર્મો પણ આચરવાં
તેવી જ રીતે. ૩૪૯

વાણી સંયત રાખીયે,
સંયમિત ચરણે ચાલીયે,
નિદ્રાનું સન્માન કરીયે
અવસરે તેના. ૩૫૦

રાત્રે જો જાગવું પડે
તો તે પણ પરિમિત હોયે,
જેથી ધાતુસામ્ય જળવાયે
સુખપૂર્વક. ૩૫૧

આમ યુક્તિરૂપી હાથે
ઇન્દ્રિયોને વિષયભોગ આપે,
તેથી સંતોષ વાધે,
મન તણો. ૩૫૨

બાહર યુક્તિની મુદ્રા પડે,
ત્યારે અંતરે સુખ વધે,
તેથી સહજે યોગ ઘડે
અભ્યાસ વિણ. ૩૫૩

જેમ ભાગ્યોદયની ઘડીએ,
નિમિત્ત ઉદ્યમને કરીને,
સકળ સમૃદ્ધિ આપમેળે
ઘરે આવે. ૩૫૪

તેવા યુક્તિમંત કૌતુકે
અભ્યાસને માર્ગે દૃઢ રહે,
તો આત્મસિદ્ધિથી લચી પડે
અનુભવ તેહનો. ૩૫૫

એટલે આ યુક્તિ પાંડવ
સિદ્ધ કરે જે ભાગ્યશીલ–
તે પામે ઐશ્વર્ય સકળ
મોક્ષ લોકનું. ૩૫૬

થાય યુક્તિ વડે યોગ અલંકૃત,
આવું જ્યાં ગરવું પ્રયાગતીર્થ,
ત્યાં ક્ષેત્રસંન્યાસ લઈને સ્થિર
માનસ જેનું. ૩૫૭

તેને જ યોગયુક્ત કહીએ,
પ્રસંગોપાત્ત એ જાણીએ,
જે નિવર્તતા દીપ જેવી
ઉપલક્ષણા આ. ૩૫૮

હવે તારું મનોગત જાણીને
અમે કંઈક કહીયે,
તે ચિત્ત એકાગ્ર કરીને
સાંભળ હવે. ૩૫૯

તું પ્રાપ્તિની ઇચ્છા રાખે,
પણ અભ્યાસે દક્ષ ન હોયે,
કહે તું શા કાજે બીએ,
દુર્ઘટપણાથી. ૩૬૦

કહે પાર્થ તું સત્વરે,
જો પુરુષાર્થની બીક હોયે મને,
ઇન્દ્રિયોની માયા ઓળખે
સઘળી જ આ. ૩૬૧

જે આયુષ્યને અચળ કરે,
જે સરતા જીવનને વારે,
તે ઔષધિ શું વેરી ન ગણે
જીભ આપણી. ૩૬૨

જે જે સહેજે હિતકારી,
ઇન્દ્રિયો તેને ગણે દુઃખદાયી,
નહીં તો યોગ સરખું સરળ
કાંઈ છે બીજું. ૩૬૩

એટલે આસનોની દૃઢતાયે
કહેલો અભ્યાસ જો કરાયે,
તો જ નિરોધ નિપજશે
ઇન્દ્રિયોનો. ૩૬૪

આમ પણ અભ્યાસના યોગે
જ્યારે ઇન્દ્રિયોનો સંયમ સધાયે
ત્યારે અંતર્મુખ ચિત્ત થાયે
આત્મમિલન કાજે. ૩૬૫

પરત પોતાની પાસે આવે
અને પોતે પોતાને દેખે
દેખતાં જ ઓળખે
આ જ તત્ત્વ હું. ૩૬૬

ઓળખ થતાં સહેજે તત્ક્ષણે
આત્મસુખના સામ્રાજયે બિરાજે,
અને નિજરૂપે સમરસ થઈને
ઓગળી જાયે. ૩૬૭

જેનાથી શ્રેષ્ઠ અન્ય ન કાંઈ,
ઇન્દ્રિયોને જેની જાણ જ નાહીં,
તે આત્મદશા નિજરૂપ માંહીં
થાય પોતે. ૩૬૮

પછી મેરુ કરતાંય વિશાલ
દેહદુઃખોના ડુંગર,
આવી ચડે તોયે ચિત્ત
ન થાયે વિકલ. ૩૬૯

કાં શસ્ત્રોથી છેદાયે,
તે દેહ અગ્નિમાં પડે,
પણ ચિત્ત મહાસુખે પોઢે
જાગેય ના. ૩૭૦

એમ આપણામાં ભળી જવાયે,
પછી દેહની યાદ ન આવે,
અને સુખરૂપ થઈ જવાયે
વિસ્મરણે સર્વના. ૩૭૧

જે સુખની માધુરીએ
મન આસક્તિને જ વીસરે,
જે રત હતું વિષયસુખે
સંસારના. ૩૭૨

જે યોગનો સર્વ સાર,
જે સંતોષનું દિવ્ય આગાર,
અનિવાર્ય જ્ઞાનનું આરાધન
જેને કાજે. ૩૭૩

તે અભ્યાસતાં યોગ
દેખાવા લાગે સમગ્ર,
અને દેખતાં જ તદ્રૂપ
સહેજે થવાયે. ૩૭૪

એટલે એ જ યોગ બાપ
એક જ માર્ગે સરળ,
જો સંકલ્પને પુત્રશોક
દેખાડીશું. ૩૭૫

સાંભળીને વિષયનાશ,
જોઈને ઇન્દ્રિયો નિયમવશ,
હાય ખાઈને છોડે પ્રાણ
સંકલ્પ આ. ૩૭૬

આવો વૈરાગ્ય જો સધાયે
તો જ સંકલ્પયાત્રા સરે,
અને ધૃતિના મંદિરે વિહરે
બુદ્ધિ તેની. ૩૭૭

ધૈર્યને બુદ્ધિનો આશ્રય લાધે
તો મન અનુભવને પંથે ચાલે,
ધીરે ધીરે પ્રતિષ્ઠિત થાયે
આત્મભુવને. ૩૭૮

આ એક પ્રકારે
વિચારી જો પ્રાપ્તિ થાયે,
આ પણ ન સાધી શકાયે
તો અન્ય સાંભળ. ૩૭૯

હવે નિયમ તે જ એક
મનાયે જો જીવન સર્વસ્વ,
અને થવાયે કૃતનિશ્ચય
સર્વ પ્રકારે. ૩૮૦

એટલેથી જો ચિત્ત સ્થિર હોયે
તો સહેજે હેતુ સફળ થાયે,
ન થાયે સ્થિર તો મેલીયે
મુક્ત. ૩૮૧

પછી મુક્ત મન જ્યાં જ્યાં જશે,
નિયમ લઈને પાછું આવશે,
આવી રીતે સધાશે
સ્થૈર્ય મનમાં. ૩૮૨

પછી કોઈ એક ઘડીએ
તે સ્થૈર્યને મેળે
મન આત્મરૂપની નિકટે
આવશે સહજે. ૩૮૩

તેને જોઈને તદ્રૂપ થશે,
ત્યાં અદ્વૈતે દ્વૈત ડૂબશે,
અને ઐક્ય તેજ ઊઘડશે
ત્રૈલોક્યે આ. ૩૮૪

આકાશે આકાશથી ભિન્ન
જેમ અભ્ર ભાસે આચ્છન્ન,
ત્યારે આકાશથી ભરાઈ જાયે
વિશ્વ આખું. ૩૮૫

તેમ ચિત્ત વિલય થાયે,
અને ચૈતન્ય સર્વત્ર હોયે,
એવી સંપ્રાપ્તિ આ ઉપાયે
યોગાભ્યાસના. ૩૮૬

આ સુલભ યોગાભ્યાસે
ઉકેલ જોયો બહુ લોકોએ,
સંકલ્પની સંપત્તિ
દૂર કરીને. ૩૮૭

આત્મસુખને લઈ સંગાથે
તે આવ્યા પરબ્રહ્મ ધામે,
મળ્યા પછી લવણ જેમ જળે
થઈ એકરૂપ. ૩૮૮

તેનું તેમનું મિલન હોયે,
પછી ત્યાં સામરસ્યને મંદિરે,
મહાસુખને દીપોત્સવે,
જગત જુએ. ૩૮૯

એમ પોતાના જ ચરણે
ચાલવું પોતાની પીઠ ઉપરે,
એ ન ગમે જો પાર્થ તને
તો સાંભળ બીજું. ૩૯૦

હું વસું સકળ દેહે
તેમાં શંકા ન હોયે,
તેમ જ મારામાં વસે
સર્વ કાંઈ. ૩૯૧

આ એમ જ સર્વદા
ભળેલું પરસ્પરે સર્વથા,
એટલું બુદ્ધિ ગ્રહે
એ જ જોવું. ૩૯૨

આમ જોતાં અર્જુન,
જો ભાવના કર્યે એકવિધ,
જાણી સર્વભૂતો અભિન્ન
આરાધે મને. ૩૯૩

ભૂતોનું અનેકપણ,
અનેકત્વે ન ગ્રહે અંતઃકરણ,
ગ્રહે મારી એકતા કેવળ
સર્વત્ર જે. ૩૯૪

પછી તે મારાથી એક
એ બોલવું જ દીસે વ્યર્થ,
ન બોલીયે તોય ધનંજય
તે જ તે હું. ૩૯૫

દીપ અને દીપપ્રભા,
સર્વ પ્રકારે સરખાં,
તેમ મારામાં તે
અને હું તેમનામાં. ૩૯૬

જેમ ઉદકના આયુષ્યે રસ,
કાં ગગન એટલે જ અવકાશ,
તેમ મારા રૂપે રૂપસ
પુરુષ તે અરે. ૩૯૭

જેણે ઐક્યની દૃષ્ટિએ
સર્વત્ર કિરીટી મને
જોયો જેમ પટે
તંતુ કેવળ. ૩૯૮

કાં આકારો બહુયે થાયે
સોનું જુદું જુદું ન હોયે,
એવી ઐક્ય-અચળની સ્થિતિ
કરી જેણે. ૩૯૯

નહીં તો વૃક્ષનાં પાન જેટલાં
છોડ ન વાવ્યા એટલા,
એમ અદ્વૈતના પ્રકાશે
શમી રાત જેની. ૪૦૦

તે ભલે પંચાત્મકે સાંપડે,
પણ કહે, કેમ અટકી રહે,
તે તો બ્રહ્મપ્રતીતિ વડે
થાય મુજ તુલ્ય. ૪૦૧

મારું વ્યાપકપણું સકળ,
અનુભવે કર્યું ઉપલબ્ધ,
ન કહીએ દેહે વ્યાપક
સ્વભાવે હતો. ૪૦૨

હવે દેહમાં વસવા છતાં
દેહભાવ નથી સર્વથા,
એમ હશે તોય શબ્દમાં
કેમ કહેવાશે. ૪૦૩

હવે રહેવા દે વિશેષ વર્ણન,
પોતીકું-પારકું એકસમાન,
દેખાય જેને અખંડિત
સચરાચરે. ૪૦૪

સુખદુ:ખાદિ મર્મ,
કાં શુભાશુભ કર્મ,
બન્ને એ મનોધર્મ
જાણે જ ના. ૪૦૫

જે સમવિષમ ભાવ,
અને વિચિત્ર અન્ય સર્વ,
તે માને જેમ અવયવ,
પોતાના હોયે. ૪૦૬

આવું એક એક શું કહેવું;
જ્યાં ત્રૈલોક્ય જ સઘળું-
હું છું એવું સમજાયું
પ્રબોધ વડે. ૪૦૭

દેહની ઉપાધિ તેહને રહે
લોકો ત્યાં સુખદુ:ખો જુએ-
પણ અમારી પ્રતીતિ એવી કે
પરબ્રહ્મ છે તે. ૪૦૮

એટલે પોતાનામાં વિશ્વ જોઈયે,
અને આપણે જ વિશ્વ થઈયે,
એવું એક જ સામ્ય ઉપાસીયે,
હે ધનુર્ધર. ૪૦૯

આ તને વિધવિધ પ્રસંગે,
અમે નિરૂપીએ એકલા કાજે,
જે સામ્યસ્થિતિ કરતાં જગે
અન્ય ન શ્રેષ્ઠ. ૪૧૦

ત્યારે અર્જુન કહે : હે દેવ!
ઉપદેશ કરો છો સદૈવ સપ્રેમ,
પણ પહોંચી વળાતું નથી
નિજ સ્વભાવને. ૪૧૧

કેવું કેવડું આ મન,
જોઈએ તો ન ઘડે દર્શન,
છતાં કરવા સ્વૈર ભ્રમણ
ત્રણ લોક અધૂરા. ૪૧૨

એટલે આ કેમ કરી થાશે,
મનમર્કટ શેં સમાધિ પામશે,
કે થંભવા કહેતાં થોભશે
મહાવાત. ૪૧૩

જે બુદ્ધિનેય છળે,
અને નિશ્ચયને પણ ટાળે,
અરે ધૈર્યને વેળે વેળે
આધીન કરે. ૪૧૪

જે વિવેકને ભૂલવે,
સંતોષને ઇચ્છા પ્રસવે,
એમ કહું તોય હીંડે
દસે દિશા. ૪૧૫

જે નિરોધતાં ઊલટું ઊભરાયે,
સંયમને નિજ કાજે છેતરે,
તે મન શું છોડશે ક્યારે
નિજ સ્વભાવ. ૪૧૬

એટલે મન નિશ્ચલ રહેશે,
પછી સામ્ય દશા પાંગરશે,
એવું ન થાશે સવિશેષે,
એટલા કાજે. ૪૧૭

તવ શ્રીકૃષ્ણ કહે સાચે,
તું જેમ કહે તેમ જ તે છે,
એ તો મન જ છે સ્વભાવે
ચંચળ અરે. ૪૧૮

પણ વૈરાગ્યને આધારે,
જો લગાડીએ અભ્યાસે,
તો ક્યારેક એક અવસરે
સ્થિર થાશે. ૪૧૯

મનનું એક ઉત્તમ છે લક્ષણ–
જે ગમે તેનું સેવે તે વ્યસન,
એટલે આત્માનુભવનું સુખ
દેખાડતા રહીયે. ૪૨૦

આમ વિરક્ત ન હોયે
તે કેમેય ન પ્રવર્તે અભ્યાસે,
અને સામ્યયોગ સાધી ન શકશે,
શું એ ન જાણીયે અમે. ૪૨૧

પણ યમનિયમની વાટે ન જઇયે,
કદી વૈરાગ્યની યાદ ન કરીયે,
કેવળ વિષયજળે રહીયે
નિમગ્ન થઈને. ૪૨૨

મનને જન્મથી જ કદી
મુક્તિનો સ્પર્શ થયો નાહીં,
તો નિશ્ચલ થશે તે કાંઈ,
કહે જોઉં. ૪૨૩

એટલે મનનો નિગ્રહ થાયે
એવો ઉપાય જે હોયે
તે આરંભીને પછી જો
કેમ ન થાયે. ૪૨૪

તો યોગસાધન જેટલાં
તે શું નિરર્થક સઘળાં,
પણ મુજથી અભ્યાસ ન સધાય
એવું કહે. ૪૨૫

જો દેહે યોગનું બળ,
તો છોને રહ્યું મન ચવળ,
શું યોગબળે મહદાદિ સકળ
સ્વાધીન ન થાયે. ૪૨૬

ત્યારે અર્જુન કહે : બરોબર,
દેવ કહે છે તે ખરોખર,
સાચે જ યોગબળની તોલે ન આવે
મનોબળ. ૪૨૭

તે યોગ કેવો એ કેમ જણાયે,
અમને આજ સુધી ન કળાયે,
એટલે જી મનને કહીયે
છે અનાવર. ૪૨૮

હમણાં જ આખા જન્મમાં
તારી કૃપાએ પુરુષોત્તમા,
પરિચય થયો યોગનો આ
આજ અમને. ૪૨૯

પણ હજીય એક ભગવંત
સંશય કરે મુજે ચિત્ત,
તે ફેડવા તુજ વિણ સમર્થ
કોઈ નાહીં. ૪૩૦

એટલે કહે શ્રીગોવિંદ,
જો મોક્ષપદે કોઈ એક
ઝળૂંબશે અભ્યાસ વિણ
શ્રદ્ધાએ કેવળ. ૪૩૧

ઇન્દ્રિયગ્રામેથી નીકળે,
આસ્થાને માર્ગે પડે,
આત્મસિદ્ધિના નગરે
પહોંચવા કાજે. ૪૩૨

પણ આત્મસિદ્ધિ ન મળે,
અને પાછું પણ ન ફરાયે,
એવે અસ્ત થયો મધ્યાહ્નને
આયુષ્યભાનુ. ૪૩૩

જેમ અકાળે અભ્ર આવે
તે સહેજે પાતળું હોયે,
આવવા છતાંય ન ટકે
વરસેય નાહીં. ૪૩૪

ઉભય પક્ષે તેમ હાનિ,
ને આત્મપ્રાપ્તિ થાય ન કાંઈ,
વાત ન સુણે અપ્રાપ્તિની
શ્રદ્ધા જરીકે. ૪૩૫

પ્રાપ્તિ-અપ્રાપ્તિને જે ગુમાવે,
પણ શ્રદ્ધા જેને અંતરે જીવે,
અવસાન થતાં કેવી ગતિયે
ગમન કરશે. ૪૩૬

ત્યારે શ્રીકૃષ્ણ કહે પાર્થા,
મોક્ષસુખની જેને આસ્થા,
તેને મોક્ષ વિણ અન્યથા
ગતિ છે શું. ૪૩૭

પણ એટલું જ એક થાયે,
કે માર્ગે વિસામો લેવો રહે,
તે એટલો સુખપૂર્ણ હોયે
કે દેવદુર્લભ. ૪૩૮

જો અભ્યાસના નિયત પગલે
ચાલ્યો હોત સુધીર ભાવે,
પામ્યો હોત આયુ આથમતે
સોહંસિદ્ધિ. ૪૩૯

વેગ પર્યાપ્ત ન હતો
એટલે વિસામો યોગ્ય હતો,
પણ મોક્ષ છે ત્યાં આયતો,
યાત્રાને અંતે. ૪૪૦

સાંભળ આ કેવું કૌતુક,
જે સાયાસે ઇન્દ્રાદિ લોક,
તે તો પામે અનાયાસ
કૈવલ્યકાળ. ૪૪૧

પછી ત્યાંના જે અમોઘ
હોય અલૌકિક ભોગ,
ભોગવતાં સાંગોપાંગ
કંટાળે મન. ૪૪૨

આ અંતરાય અકસ્માત્
કેમ આવી પડ્યો ભગવંત,
એમ ભોગવતાં દિવ્ય ભોગ
અનુતાપે મન. ૪૪૩

પાછો જન્મે સંસારે,
સકળ ધર્મના મહિયરે,
વિવિધ વૈભવના આગારે
અંકુર સમો. ૪૪૪

જ્યાં નીતિને પંથે ચાલવું,
સત્યથી પખાળી બોલવું,
નીરખવું પડે તે નીરખવું
શાસ્ત્રદૃષ્ટિએ. ૪૪૫

વેદ જ્યાં દેવતા ઉજાગર,
વ્યવસાય જ્યાં નિજાચાર,
સારાસારનો વિચાર
મંત્રી જેનો. ૪૪૬

જેહના કુળે ચિંતા
હોયે ઈશ્વરની પતિવ્રતા,
જ્યાં વસે થઈ ગૃહદેવતા
રિદ્ધિસિદ્ધિ. ૪૪૭

નિજ પુણ્યની એવી પ્રાપ્તિયે,
જ્યાં સર્વ સુખો સહેજે વરસે,
તે કુળે સુભાગી જન્મે
યોગચ્યુત. ૪૪૮

અથવા જ્ઞાનાગ્નિ હોત્રી
જે પરબ્રહ્મ શ્રોત્રી,
મહાસુખ ક્ષેત્રે
આદિવંત. ૪૪૯

જે સિદ્ધાંતના સિંહાસને
રાજ્ય કરતા ત્રિભુવને,
ત્યાં કૂજતી કોયલ વને
સંતોષ તણી. ૪૫૦

ફળોયે લચી પડેલા વિવેકદ્રુમે
જે જઈ બેસે શીતળ તળે,
એવા યોગીઓના શુભ કુળે
તે જન્મ પામે. ૪૫૧

સુભગ દેહાકૃતિ ઊમટે,
નિજ જ્ઞાનનું પરોઢ ફૂટે,
સૂર્ય પહેલાં જેમ પ્રગટે
પ્રકાશ રવિનો. ૪૫૨

પ્રૌઢ દશાની વાટ ન જુએ,
આયુનો ક્રમ સદંતર ન ગણે,
બાળદશાએ તેને વરે
સર્વજ્ઞતા. ૪૫૩

તેને સિદ્ધપ્રજ્ઞા લાભે,
મનમાંથી સારસ્વત ઝરે,
પછી સકળ શાસ્ત્રો આપમેળે
નીકળે મુખે. ૪૫૪

આવો હોયે જે જન્મ,
જે કાજે દેવ સકામ,
સ્વર્ગે સદા જપહોમ
કરતા હોયે. ૪૫૫

દેવોએ પણ ભાટ થવું
અને મૃત્યુલોકને પ્રશંસવું,
એવું મળે તેને નરતનુ
યોગભ્રષ્ટને. ૪૫૬

અને ગત જીવનની સદ્બુદ્ધિ
જેની અવસાને પૂરી થઈ અવધિ,
તે પાંગરે અભિનવ રૂપ ધરી
નૂતન દેહે. ૪૫૭

ત્યાં ભાગ્યશીલ ને પાયાળ,
વળી હોય દિવ્યાંજન-નયન,
પછી દેખાય તેને ગુપ્તધન
પાતાળમાંનું. ૪૫૮

તેવો દુર્ભેદ્ય જે અભિપ્રાય,
કાં ગુરુગમ્ય ને બોધનિધાન,
ત્યાં અચૂકપણે જાય
બુદ્ધિ તેની. ૪૫૯

પ્રબળ ઇન્દ્રિયો મનાધીન,
ઐક્ય સાધે મન-પ્રાણ,
પ્રાણ થાયે સહજે લીન
ગગન માંહીં. ૪૬૦

એવું કેમ થાયે ન જાણીએ,
પણ અભ્યાસ પ્રવેશે દેહે,
ભાળ કાઢી સમાધિ પધારે
ચિત્તમાં તેના. ૪૬૧

જાણે એ યોગપીઠનો ભૈરવ
કે કર્મોલ્લાસનું ગૌરવ,
વૈરાગ્યસિદ્ધિનો અનુભવ
અથવા સદેહે. ૪૬૨

સંસાર માપવાનું સદેહે માપ,
અષ્ટાંગ સાધનનો દીપ,
પરિમલે જ જાણે ધાર્યું રૂપ
ચંદન તણું. ૪૬૩

તેવી સંતોષની ઘડેલી કાયા
કે સિદ્ધિભંડારે ઊપસી આવ્યા,
દીસે જાણે સંપન્ન થયા
સાધકદશામાં. ૪૬૪

શત શત સૈકાં વટાવીને,
સહસ્ર જન્મો ઓળંગીને,
આવી પહોંચ્યો સૌભાગ્યતટે
આત્મસિદ્ધિના. ૪૬૫

એટલે સાધનજાત સકળે,
અનુસરે તેને સ્વભાવે,
પછી તે આયતે વિરાજે
વિવેક-સામ્રાજ્યે. ૪૬૬

વિચાર થતાં વેગવંત,
વટાવે વિવેકને સાદ્યંત,
અને યોગી બને વિચારાતીત
બ્રહ્મરૂપ. ૪૬૭

મનના મેહુલા વીખરે,
પવનનું પવનપણું ઓસરે,
ગગનને ગગન જઈ મળે
સહજે અરે. ૪૬૮

પ્રણવની અર્ધમાત્રા બૂડે,
અનિર્વચનીય સુખ ત્યાં પ્રગટે,
એટલે બોલવું જ ઘટે
તે મૌનદશાએ. ૪૬૯

એવી જે બ્રાહ્મી સ્થિતિ,
સકળ ગતિની પરાગતિ,
તે અમૂર્ત દશાની મૂર્તિ
થઈને રહે. ૪૭૦

તેણે પૂર્વજન્મોમાં અનેક
હતા ખંખેર્યા વિવિધ વિક્ષેપ,
એટલે થયાં જન્મની પળે
બ્રહ્મથી લગ્ન. ૪૭૧

થતાં તદ્રૂપતાથી સુલગ્ન,
સદેહ થયો બ્રહ્મથી અભિન્ન,
જેમ વિલય પામતાં અભ્ર
ગગનરૂપ હોયે. ૪૭૨

તેવું વિશ્વ જેમાંથી ઉત્પન્ન,
અને જેહમાં થાય તે વિલીન,
તે બ્રહ્મરૂપ પોતે સદેહ
થાય યોગી. ૪૭૩

જે લાભની આશાએ
રહે ધૈર્યબાહુને ભરોસે,
ષટ્કર્માચરણના પ્રવાહે
રહે કર્મનિષ્ઠ. ૪૭૪

અથવા જે વસ્તુને કાજે
સજ્જ થઈ જ્ઞાનના વજ્ર કવચે-
ઝઝૂમે પ્રપંચના સમરાંગણે
સકળ જ્ઞાની. ૪૭૫

અથવા લપસણી જે સર્વ પ્રકારે
તે તપોદુર્ગની તીક્ષ્ણ ધારે,
જેની પ્રાપ્તિ કાજે બાઝી રહે
તપસ્વી સકળ. ૪૭૬

ભજનારા જેને ભજે,
યજનારા જેને યજે,
એવા જે પૂજ્ય હોયે
સૌના સદા. ૪૭૭

તે જ તે આપણ,
પોતે થઈ નિર્વાણ,
થયું સાધનાનું આદિ કારણ
સિદ્ધતત્ત્વ તે. ૪૭૮

એટલે કર્મનિષ્ઠ જેને વંદે,
અને જ્ઞાનીઓ જેને વેદે,
એવો તાપસોનો આદ્ય એ
તપોનાથ. ૪૭૯

તે જીવ પરમાત્મ સંગમ,
જેનો થયો એવો મનોધર્મ,
તે દેહી છતાં વિદેહીનો
મહિમા પામે. ૪૮૦

એટલે આ કારણે
હું કહું સર્વદા તને,
કે યોગી થા અંતઃકરણે,
પાંડુકુંવર. ૪૮૧

અરે જે યોગી હોયે
તે દેવનો દેવ જાણીએ,
મારું સુખસર્વસ્વ તે
ચૈતન્ય હોયે. ૪૮૨

ત્યાં ભજ્ય, ભજન, ભજનાર,
એ ભક્તિસાધન જે સકળ,
તે સ્વાનુભવે થયું મદ્રૂપ
અખંડિત. ૪૮૩

પછી પ્રીતિ જે હોયે પરસ્પરે
તેનું વર્ણન શબ્દે કરાયે,
સંબંધ ન એવો ખરેખરે
પ્રવર્તે પાર્થ. ૪૮૪

જો અમારા ઐક્યપ્રેમને
ઉપમા આપવી જ પડે-
તો હું દેહ તે આત્મા,
એવું કહેવાયે. ૪૮૫

એવા ભક્ત ચકોર-ચંદ્ર,
બોલ્યા ગુણસમુદ્ર,
ત્રિભુવનના નરેન્દ્ર,
સંજય કહે. ૪૮૬

જે પ્રથમથી હતી પાર્થમાં
શ્રવણ કરવાની દિવ્ય આસ્થા,
તે બેવડાઈ એમ યદુનાથને
જણાયું ત્યાં. ૪૮૭

કે સહજે મન સંતોષ પામે,
નિજ બોલને સુંદર દર્પણ મળે,
હવે હરખીને તેઓ ઉમંગે
નિરૂપણ કરશે. ૪૮૮

તે પ્રસંગ છે હજી આગળ,
જ્યાં શાંત દેખાશે વિશદ,
અને ઉગાડશે અંકુર,
પ્રમેય બીજનો. ૪૮૯

સાત્વિક ગુણની દૃષ્ટિયે,
ગઈ આધ્યાત્મિક શુષ્કતાયે,
ઉષ્મા થઈ પરિપક્વ સહેજે
ચતુર ચિત્તની. ૪૯૦

વળી અવધાનની ઉષ્મા
લાધી સુવર્ણ સમાના,
એટલે રોપવાનો ઉમંગ જાગે
શ્રીનિવૃત્તિમાં. ૪૯૧

જ્ઞાનદેવ કહે કરી નિમિત્ત મારું,
લાડકોડે મારા સદ્ગુરુ,
મૂકીને હસ્ત માથે,
વાવે સિદ્ધાંતબીજ. ૪૯૨

એટલે આ મુખે જે પ્રગટે
તે સંતોના હૃદયે સાચે જ લાગે,
એ ભલે, હવે કહું શ્રીરંગે
બોલિયું જે. ૪૯૩

પણ તે મનના કર્ણે સાંભળવું,
વેણને બુદ્ધિના નેત્રે નીરખવું,
અને આ બધું અવેજમાં લેવું
ચિત્ત તણા. ૪૯૪

અવધાનને હાથે,
લેવું અંતઃકરણે,
તો ઇચ્છાઓ સંતૃપ્ત થાશે
સંતજનોની. ૪૯૫

એ સ્વહિત-ઇચ્છા શમાવશે,
બ્રહ્મરૂપને દઢ કરશે,
અને આત્મસુખની વહાવશે
અખંડધારા. ૪૯૬

હવે અર્જુનને શ્રીમુકુન્દ
નિરૂપશે નાગર વિનોદ;
તેનો કરીને પ્રબંધ
કહીશ હું. ૪૯૭

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ध्यानयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

પ્રકૃતિનું સત્ત્વ

સાતમા અધ્યાયમાં અપરા અને પરાપ્રકૃતિ તથા જ્ઞાન અને વિજ્ઞાન વિશે વિસ્તૃત ચર્ચા થઈ છે. આખરે સમગ્ર જ્ઞાનનું તારણ કાઢવામાં આવ્યું છે — પ્રપંચ એટલે વિજ્ઞાન. એને સત્ય માનવું તે અજ્ઞાન. બુદ્ધિનો જ્યાં પ્રવેશ નથી તે જ્ઞાન.

પ્રભુની માયામાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે. તેને પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિ બે પ્રકારની છે : અપરા અને પરા. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ અષ્ટધા પ્રકૃતિ તે અપરા છે. આ આઠ ભાગ જ્યાં લીન થઈને રહે છે તે પરાપ્રકૃતિ. આ પરાપ્રકૃતિ જ્યારે અષ્ટધા પ્રકૃતિના પરિણામને પામે છે ત્યારે તેમાંથી અંડજ, સ્વેદજ, નીરજ અને ઉદ્‌ભિજ — એમ નિરનિરાળા આકારનાં પણ એક જ યોગ્યતાનાં અસંખ્ય પ્રાણીઓ નિર્માણ થાય છે. પછી તેમની દ્વારા વ્યવહાર ચાલે છે. આ જ પ્રકૃતિ પુનઃ સામ્યાવસ્થામાં આવે છે ત્યારે સર્વ વિશ્વાકાર લય પામે છે. આ સર્વ જે દેખાય છે તે મૃગજળ પ્રમાણે ભાસમાન છે. તેનું સત્ય અધિષ્ઠાન અને બળ તથા પ્રાણીમાત્રમાં અંતર્હિત રહેનાર પ્રભુ પોતે જ છે. જળમાં રસ, ચંદ્રસૂર્યમાં તેજ, બળવાનમાં બળ, એ સર્વ ભગવાન જ છે. સત્ત્વ, રજ અને તમના ગુણોથી યુક્ત વિશ્વના આકારમાં આવેલા પદાર્થ એ બધું જ પ્રભુમાંથી ઉત્પન્ન થયું છે, છતાં એમાં પ્રભુ નથી. અગ્નિમાંથી જેમ ધુમાડો થાય છે છતાં ધુમાડામાં અગ્નિ નથી. પ્રભુની માયા એ મોટી નદી છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિના બન્ને કાંઠે એ વહે છે. ગુણરૂપી મેઘની વર્ષા થતાં એમાં મોહરૂપી પૂર આવે છે. એની દ્વેષરૂપી ધારા છે. એનાં મોજાં સત્યલોકના બુરજો પર અથડાય છે. આ માયાનદીને તરીને પાર એ જ માણસ કરે છે જે સદ્‌ગુરુનો આશ્રિત છે અને સર્વ ભાવે પ્રભુને શરણે જાય છે.

ભગવંત કહે છે કે શરણાગતિ સ્વીકારનારા ભક્તો ચાર પ્રકારના હોય છે : દુઃખની વેદનાના નિવારણ અર્થે આવનાર, કેટલાક કશુંક ગૌપ્ય જાણવા માટે આવનાર, ત્રીજા અર્થપ્રાપ્તિ માટે આવનાર — આ ત્રણેય પ્રકારના ભક્તો મને પ્રિય છે પણ તે કનિષ્ઠ પ્રકારના છે. સાચો શ્રેષ્ઠ ભક્ત જે મને અત્યંત પ્રિય છે તે મારી પાસે કશું જ મેળવવાની અભિલાષાથી આવતો નથી. તે જ મારો સમોવડો હોય છે, ને તેની સેવા મને પ્રિય છે. આવા સાચા ભક્તો દુર્લભ છે. ઘણા તો દેવી-દેવતાઓ પાસે સુખભોગ માગનાર ને પ્રાપ્ત કરનાર હોય છે. પણ એવા ભક્તો જાણતા નથી હોતા કે દેવદેવીઓની ભક્તિથી મળનાર ભોગ નાશવંત હોય છે.

વાસ્તવિક રીતે વિશ્વમાં કંઈ જ અથવા કોઈ પદાર્થ એવો નથી કે જેમાં પ્રભુ નથી. હું દેહ છું એવું અભિમાન સેવનાર માણસમાં ઇચ્છા ઊપજે છે. તે વધતાં તેમાંથી કામ ઉત્પન્ન થાય છે. તેમાં ક્રોધ જન્મે છે. અને પછી તો દ્વંદ્વની ઉત્પત્તિ વધે છે. પછી તો પ્રભુની પાસે જવાનો સાચો રસ્તો બાજુએ રહી જાય છે અને નિષિદ્ધ માર્ગે જતાં તેઓ જન્મમરણના ફેરામાં અટવાઈ જાય છે. થોડા જ પુણ્યવાન લોકો એમાંથી છૂટે છે; અને પોતાની બુદ્ધિને ભ્રમમાંથી મુક્ત કરીને, પરબ્રહ્મને મુકામે પહોંચીને કૃતાર્થ થાય છે. ઇતર જીવોને અંતકાળે થનારાં કષ્ટ તેમને થતાં નથી. બ્રહ્મરસથી ભરપૂર લોકો પરમાનંદથી પરિપૂર્ણ હોય છે.

પ્રભુની આ રસિક મધુર વાણી સાંભળીને અર્જુન મુગ્ધ થાય છે. તેને સ્વર્ગ-સુખ ફિક્કું લાગે છે. પરંતુ અર્જુનને ભગવંતની વાત સંપૂર્ણ સમજાતી નથી એટલે એ સાત પ્રશ્નો કરે છે. આ સાત પ્રશ્નોના પ્રભુના ઉત્તરથી સાતમા અધ્યાયનો આરંભ થાય છે.

અધ્યાય સાતમો

વિજ્ઞાનયોગ

સાંભળો, પછી શ્રીઅનંત,
કહેતા થયા પાર્થને મંદ સ્મિત,
કે તું ખરેખર યોગયુક્ત
થયો હવે. ૧

જાણી શકાશે મુજ સમગ્રને
જેમ હથેલીમાંના રત્નને,
કહીશ એવું જ્ઞાન તને,
વિજ્ઞાન સહિત. ૨

અહીં વિજ્ઞાનથી શું કરાયે,
એવું જો તું ધરીશ મને,
તો પ્રથમ જાણવું પડે, જાણ
વિજ્ઞાન તે. ૩

પછી જ્ઞાનની સુવેળાયે,
બુદ્ધિનાં નયનો ઝંખવાયે,
જેમ નાવડી લાગતાં કિનારે
અટળ રહે. ૪

તેમ જાણવું જ્યાં ન પ્રવેશે
વિચાર પાછે પગે નીકળે,
તર્ક સ્પર્શી ન શકે
સ્વરૂપ જેનું. ૫

અર્જુન તેને કહીએ જ્ઞાન,
અને પ્રપંચનું જ્ઞાન કહીએ વિજ્ઞાન,
તેને સત્ય ગણવું એ જ અજ્ઞાન
જાણ નિશ્ચયે. ૬

હવે સકળ અજ્ઞાન વિલાયે,
વિજ્ઞાન નિ:શેષ વિલોપે,
અને જ્ઞાન જઈ મળે સ્વરૂપે
તદ્રૂપ થઈને. ૭

જે નિરૂપતાં બોલવું જ વિરમે,
સાંભળવાનું વ્યસન તૂટે,
નાનામોટાનો ભેદ વારે
પાર્થ સર્વથા. ૮

આવો મર્મ જે ગૂઢ
તે કરાશે હવે વાક્યારૂઢ,
જે સમજાતાં ફીટશે કોડ
મનના સવેળા. ૯

હજારો મનુષ્યોમાં કોઈ એક
આત્મપ્રાપ્તિ કાજે ધારે ભેખ,
આવા ધૈર્યવંતોમાંથી વિરલ કોક
મને જાણે. ૧૦

જેમ ભરેલા આ ત્રિભુવને
જે બળવાન વીર હોયે,
તે મેળવીને કરાયે
લક્ષાવધિ સેના. ૧૧

કે તેથી પણ વધારે
શસ્ત્રો દેહને વીંધે જ્યારે,
તે વેળા જે વિજયશ્રીને વરે
તે વિરલ કોઈ. ૧૨

તેમ આસ્થાના મહાપૂરે
કોટિ કોટિ ઝંપલાવે,
તેમાંથી પ્રાપ્તિને ઓવારે
પહોંચે ભાગ્યે જ કોઈ. ૧૩

એટલે આ સામાન્ય માર્ગ ન હોયે,
પ્રભુપ્રાપ્તિ સાચે જ કઠણ હોયે,
પણ તે પછીથી કહેવાશે,
હવે સાંભળ પ્રસ્તુત. ૧૪

હવે અવધારજે ધનંજય,
મારી જે માયા મહદાદિક
તે કેવળ પ્રતિબિંબ જાણ
મુજ સ્વરૂપ તણું. ૧૫

એને જ પ્રકૃતિ કહેવાયે,
તે અષ્ટવિધ ભિન્ન હોયે,
તેમાંથી ત્રૈલોક્ય નીપજે
સહજે અરે. ૧૬

એ અષ્ટવિધ ભિન્ન કેવી
મનને ઇચ્છા થાય જાણવાની,
તે જ હવે લે સાંભળી
વિવેચન. ૧૭

વારિ તે જ ગગન
માંહે મરુતને મન,
બુદ્ધિ અહંકાર એ ભિન્ન
આઠ વિભાગે. ૧૮

આ આઠની જે સામ્યાવસ્થા
તે મારી પરમ પ્રકૃતિ પાર્થા,
તેને જ અપાઈ સંજ્ઞા
જીવ એવી. ૧૯

જે જડને જિવાડે,
જે ચેતનને ચેતવે,
અને મનાવી લે મન વડે
શોકમોહાદિ. ૨૦

બુદ્ધિનો ધર્મ જે જાણવાનો
તે પરિપાક તેના સાંનિધ્યનો,
નિમિત્ત કરી અહંકારનું
જગને ઊપસાવે. ૨૧

તે સૂક્ષ્મ પ્રકૃતિલીલા વડે
જ્યારે સ્થૂલરૂપ અંગીકારે,
ત્યારે ટંકશાળ ઊઘડે
ભૂતસૃષ્ટિની. ૨૨

ચાર પ્રકારના સિક્કા,
આપમેળે લાગે ઊપસવા,
મોલ જોતાં એકસરખા
પણ પ્રકાર ભિન્ન. ૨૩

ચોરાશી લાખ પ્રકાર,
ન જાણીએ કેટલા અપાર,
પણ વ્યાપે આદિ માયાના ભંડાર
પ્રાણીરૂપોથી. ૨૪

આમ એકસમાન પંચભૌતિક
પડે સિક્કાઓ અનેકાનેક,
સમૃદ્ધિનો આલેખ
એક પ્રકૃતિ જ રાખે. ૨૫

તે યોજનાબદ્ધ વિસ્તારે,
પછી પોતે જ સંકેલે,
અને કર્માકર્મના વ્યવહારે
પ્રવર્તાવે પોતે જ. ૨૬

હવે રહેવા દઈએ આ રૂપક,
કહીશ સમજાય તેવું સમર્પક,
કે નામરૂપોનો આ વિસ્તાર
પ્રકૃતિ પોતે કરે. ૨૭

અને આ પ્રકૃતિ તો મુજ માંહે
કલ્પાયે તે મિથ્યા ન હોયે,
એટલે આદિ, મધ્ય કે અવસાને
હું જ છું જગત. ૨૮

આ જે રોહિણીનું જળ,
તેનું શોધીએ જો મૂળ,
તો રશ્મિ ન હતાં, કેવળ
મૂળ તો ભાનુ. ૨૯

તેવી જ રીતે હે કિરીટી,
આ પ્રકૃતિની સકળ સૃષ્ટિ,
ઉપસંહારીને જોઈયે જો દૃષ્ટિ,
દેખાશે હું જ એક. ૩૦

આ ઉત્પન્ન થવું ને નાશવું,
મુજ સ્વરૂપમાં હોય સઘળું,
અને વિશ્વને હું જ ધારું,
જેમ સૂત્રે મણિ. ૩૧

સુવર્ણના મણિ ઘડાયે,
કનકના સૂત્રે પરોવાયે,
તેવું જ મેં ધાર્યું જગતને
બાહ્યાંતરે. ૩૨

એટલે જળમાં જે રસ,
કે પવનમાં જે સ્પર્શ,
શશીસૂર્યે જે પ્રકાશ
તે હું જ અરે. ૩૩

તેવી જ નૈસર્ગિક શુદ્ધ
હું છું પૃથ્વીમાં ગંધ,
અને ગગને હું જ શબ્દ
પ્રણવ વેદે. ૩૪

નરમાં નિવસતું નરત્વ,
અહંભાવે સ્ફુરંતું સત્ત્વ,
હું જ છું પૌરુષનું તત્ત્વ,
એમ શ્રીહરિ કહે. ૩૫

જે અગ્નિ નામે ઓળખાયે,
જે તેજનું કવચ હોયે,
તે દૂર કરતાં દેખાશે
કે હું જ તે જ. ૩૬

અને નાનાવિધ યોનિયે
જે જન્મે ભૂતો ત્રિભુવને,
પ્રવર્તે વિધ વિધ પ્રવૃત્તિયે
નિજ જીવને. ૩૭

કોઈ પ્રાશન કરે પવન,
કોઈ કરે સેવન તૃણ,
કોઈનો આધાર અન્ન,
કોઈનો જળ. ૩૮

આવું પ્રત્યેક ભૂતનું ભિન્ન
દેખાય જે પ્રકૃતિવશ જીવન,
તે સઘળામાં નિવસું અભિન્ન
હું જ એક. ૩૯

એટલે આદિ સર્જનને અવસરે,
વિરૂઢે આકાશરૂપી અંકુરે,
ગળી લે અક્ષરો અંતે
પ્રણવના જે. ૪૦

જ્યાં સુધી વિશ્વનો આકાર રહે
ત્યાં સુધી વિશ્વાકાર જ દેખાયે,
પછી મહાપ્રલયને અવસરે
જે થાય નિઃશેષ. ૪૧

આવું અનાદિ જે સહજ,
હું જ તે વિશ્વનું બીજ,
આ આપું છું સિદ્ધાંત
તુજ હથેલીમાં. ૪૨

પછી વિશદ કરીને પાંડવ
જ્યારે સાંખ્યજ્ઞાનને સમજશે,
ત્યારે આનો ઉપયોગ દેખાશે
સુંદરપણે. ૪૩

પણ આ તો અપ્રસ્તુત આલાપ,
હવે બોલું કરીને સંક્ષેપ,
કે તપીઓમાં વસતું તપ
રૂપ મારું. ૪૪

બળિયામાં જે બળ,
તે હું જાણ નિશ્ચળ,
બુદ્ધિમંતોમાં કેવળ
બુદ્ધિ તે હું. ૪૫

ભૂતમાત્રમાં વસતો કામ
તે હું જ કહે આત્મારામ,
જે અર્થ વપરાય ધર્મમાં જ
તે ધર્મઅર્થ હું. ૪૬

એટલે વિકારોને બળે
ઇન્દ્રિયોને જે રીતે ગમે,
પણ ધર્મની વિરુદ્ધ,
જાવા ન દઉં. ૪૭

જે અપ્રવૃત્તિનો આડમાર્ગ,
છોડીને પકડે વિહિત માર્ગ,
અને નિયમની મશાલ
રાખે હાથે. ૪૮

કામ જો આવી શુદ્ધ રીતે પ્રવર્તશે
તો સંપૂર્ણ ધર્મ આચરાશે,
આવા સંસારભોગી કહેવાશે
મોતી મોક્ષતીર્થના. ૪૯

જે શ્રુતિ ગૌરવને માંડવે,
વેદવિહિત કામ ભોગવે,
કર્મ પાંગરતાં તેને લાધે
મોક્ષનું ફળ. ૫૦

આવો શાસ્ત્ર નિયંત્રિત કંદર્પ,
જે સર્વ ભૂતોનું બીજરૂપ,
તે હું જ છું, કહે બાપ,
યોગીઓનો. ૫૧

આવું એક એક કહેવું કેટલું,
હવે વસ્તુજાત સઘળું
મારામાંથી જાણવું
ઉત્પન્ન થયું. ૫૨

જે સાત્ત્વિક આદિ અષ્ટભાવ,
કાં રજતમાદિ આ સર્વ,
તે મમરૂપ સંભવ
ઓળખજે તું. ૫૩

જો આ બધું થયું મુજ માંહે,
હું ન હોઉં તેમાં સદંતરે,
જેમ સ્વપ્નના વમળે અરે
જાગૃતિ ન બૂડે. ૫૪

જેમ રસમયી સુઘટિત,
બીજની કણિકા સઘન ઘટ,
પણ તેમાંથી જ નિપજે કાષ્ઠ
અંકુર થઈને. ૫૫

પછી શું તે કાષ્ઠ મધ્યે
બીજ હોયે શેષ કયારે,
તેમ હું ન વિકારો માંહે,
વિકારમય દીસું તોયે. ૫૬

અથવા ગગને અભ્ર ઊભરાયે
પણ તે ગગન ન હોયે,
કે સલિલ હોવા છતાં અભ્રે
સલિલે ન અભ્ર. ૫૭

અને તે ઉદકને આવેશે
પ્રગટયું તેજ લખ લખ દીસે,
તે વિદ્યુત્ મહીં ઓછું હોયે
સલિલ કયાંયે. ૫૮

કહે, અગ્નિમાંથી ધૂમ્ર થાયે,
તે ધૂમ્રમાં શું અગ્નિ હોયે,
તેમ વિકાર તે હું ન હોયે,
સ્વરૂપે દેખાય તોયે. ૫૯

અથવા જળમાં જેમ લીલ થાયે
તે જળને જ જેમ આચ્છાદે,
કાં વ્યર્થનાં અભ્રો વડે
આકાશ લોપે. ૬૦

હાં રે, સ્વપ્નો તો ખોટાં હોયે,
જ્યારે ગાઢ નિદ્રાયે પોઢાયે
ત્યારે યાદ કંઈ ઓછી આપે
આપણને આપણી. ૬૧

એ ભલે, પણ જેમ આંખ,
પડળો રચે આંખ જ પોતે,
છતાં જોવાપણું નેત્રોનું
ન લોપે શું. ૬૨

તેમ જ પ્રતિબિંબિત મારી
આ ત્રિગુણાત્મક છાંયડી,
થઈ મુજને જ ઢાંકતી
જવનિકા જેવી. ૬૩

એટલે ભૂતમાત્ર મને ન જાણે,
રહે મુજમાં, પણ નથી હું તે,
જેમ જળમાંનાં મોતી જળે
ના ભળે ફરી. ૬૪

અથવા માટીનો કુંભ કરીએ,
તે મેળવતાં માટીમાં જઈ મળે,
પણ અગ્નિ સંગે જો પકવીએ
તો રહે વેગળો. ૬૫

તેમ ભૂતજાત આ સર્વ,
હોય મારા જ અવયવ,
પણ થઈને માયાવશ
પામે જીવદશા. ૬૬

મારા છતાં હું નથી એટલે,
મારા જ છતાં મુજને ન ઓળખે,
અહંમમની ભ્રાંતિયે
વિષયાંધ થયા. ૬૭

હવે મહદાદિ આ માયા,
કેમ પાર કરાય ધનંજયા,
કેમ કરી અવાય મદ્રૂપા,
કહે જોઈયે. ૬૮

જ્યાં બ્રહ્માચળની ધારે,
આદિ સંકલ્પનું ઝરણું ફૂટે,
ત્યાં જ મહાભૂતોને પરપોટે
રૂપ ધાર્યું. ૬૯

જે સૃષ્ટિ વિસ્તારને ઓઘે,
ચડે કાળકલનાના વેગે,
પ્રવૃત્તિ-નિવૃત્તિના તુંગે
વહેવા માંડે. ૭૦

જે ગુણમેઘોની વર્ષાયે,
ઊછળે મોહનાં મહાપૂરે,
જેમાં નગરો તણાયે
યમનિયમોનાં. ૭૧

દ્વેષના આવર્ત જોર કરે,
મત્સરનાં વમળો ઘૂઘવે,
મહીં પ્રમાદાદિ ચળકે
મહામચ્છ. ૭૨

જ્યાં પ્રપંચની વાંકડી વાટે,
કર્માકર્મના વહેણે,
કૂડાકચરો તરે
સુખદુઃખોનો. ૭૩

વિષયરતિના દ્વીપે,
કામના તરંગો આથડે,
ત્યાં ફીણ એકઠું થાયે
જીવભાવનું. ૭૪

અહંકારના આંદોલને,
દ્વેષ મદત્રય સહેજ ઊકળે,
વિષયોની ઊર્મિ ઊછળે
ઉત્તરોત્તર. ૭૫

જ્યાં ઉદયઅસ્તના પ્રવાહો
વહાવે જન્મમરણના પાષાણો,
જેમાંથી ઊઠતા બુદ્‌બુદો
પંચભૂતોના. ૭૬

સંમોહ ને વિભ્રમનાં મીન
ગળે જ્યાં ધૈર્યનું આમીષ,
ત્યાં ફરે છે વમળ
અજ્ઞાન તણું. ૭૭

ભ્રાંતિયે ડહોળેલા,
કાદવ વિષય આસ્થાનો,
રજોગુણના ખળભળાટે
ગજાવે સ્વર્ગ. ૭૮

તમસનો પ્રવાહ બલવાન,
સત્ત્વની સ્થિરતા મક્કમ,
આવી માયાનદી અપાર,
દુસ્તર અરે. ૭૯

એમાં પુનરાવૃત્તિયે
બુરજો સત્યલોકના તૂટે,
જેહના આઘાતે ગબડી પડે
બ્રહ્મગોલક. ૮૦

તે વર્ષાનાં જળને લીધે
હજી આ પૂર ન ઓસરે,
આવી માયાનદી કેમ તરીએ,
કહે પાર્થ. ૮૧

અહીં એક આશ્ચર્ય હોયે,
જે જે તરણોપાય કરાયે,
તે તે અપાય જ પરિણામે,
સાંભળ તે. ૮૨

એક નિજ બુદ્ધિને ભરોસે
ઊતર્યા ને ખોવાયા અનાયાસે,
એક સપડાયા જ્ઞાનને વમળે,
ડૂબ્યા ગર્વે. ૮૩

કોઈ વેદત્રયની નાવડીએ
અહંકારના પાષાણો લઈ બેસે,
તે મદમચ્છના મોઢે
ગયા સઘળા. ૮૪

કોક રહ્યા યૌવનને ભરોસે
રાખી મન્મથની ઓથ ઉરે,
તેમને વિષયરૂપી મગરો આવીને
વાગોળે અરે. ૮૫

હવે વૃદ્ધત્વના તરંગે
અથડાતા મતિભ્રંશની જાળે,
પકડવા મથતા હોયે
જે દેખાય તેને. ૮૬

કેટલાક શોકે ઘસડાયે,
ક્રોધના વમળે અટવાયે,
પછી આપદાનાં ગીધો ટોચે
સર્વ પ્રકારે. ૮૭

પછી દુઃખોના કાદવે ગરકે,
મૃત્યુની રેતીમાં જઈ ધસે,
એમ જે વશ થયા કામને,
તે ગયા વ્યર્થ. ૮૮

કોઈ યજ્ઞક્રિયાની પેટી બાંધે,
બાંધીને પેટે અરે સાચવે,
તે સ્વર્ગસુખની ગુફાએ,
અચૂક જઈ ફસે. ૮૯

કોઈ મુક્તિની આશાયે,
રહ્યા કર્મબાહુને ભરોસે,
તે જઈ અટક્યા વમળે
વિધિનિષેધના. ૯૦

જ્યાં વૈરાગ્યની નાવ ન ચાલે,
જ્યાં વિવેકનો વિભાવ ન હોયે,
તરવા જાઓ જો બીજા ઉપાયે
તો કરાવે અપાય. ૯૧

આ સ્થિતિમાં નિજના બળે
જો માયાનદી તરાયે,
તો તે થાશે આ પ્રમાણે
સાંભળ હવે. ૯૨

જો અપથ્ય શીલને વ્યાધિ છોડે,
જો સાધુ દુષ્ટ બુદ્ધિને ઓળખે,
કે વિષયી સિદ્ધિને ત્યાગે
હસ્તગત જે. ૯૩

જો ચોરથી ન્યાયસભા ડરે,
કે કાંટો જ માછલી ગળે,
અથવા કાયર ભૂતને ભગાડે
કોઈ વેળાએ. ૯૪

હરણશિશુ જો જાળ તોડે,
કે કીડી મેરુ ઓળંગે,
તો જ નિજ સામર્થ્યે ઊતરાયે
માયાનદી. ૯૫

એટલે હો રે પાંડુસુત
જેમ સકામી ન જીતે વનિતા
તેવી માયામય આ સરિતા
ન તરાય જીવથી. ૯૬

અહીં તે જ ઉત્તીર્ણ થાયે
જે સર્વ ભાવે મુજને ભજે,
માયાજળ પળમાં જ સુકાયે
તેમને કાજે. ૯૭

જેને મળે સદ્‌ગુરુ નાવિક,
આત્માના પ્રગાઢ અનુભવિક,
જે કરે આત્મનિવેદન,
થઈ ગુરુઆધીન. ૯૮

જે અહંભાવનો ભાર છોડે,
વિકલ્પના વાયરા વારે,
પ્રભુપ્રેમનો રળિયામણો ઢાળ
થયા સદેહે. ૯૯

જે ઐકયને ઢાળે
બોધનો તરાપો બાંધે,
તે પછી નિવૃત્તિને પેલે તીરે
સહજે જાયે. ૧૦૦

જે ઉપરતિને હાથે પાણી તોડે,
સોહંભાવને બળે આગળ નીકળે,
તે સહજ ભાવે તરી પહોંચે
નિવૃત્તિતટે. ૧૦૧

આવા ઉપાયે જે મને ભજે
તે આ મારી માયા તરે,
પણ એવા ભક્ત વિરલ હોયે
ભાગ્યે જ કોઈ. ૧૦૨

ભક્ત છોડીને જે અવાંતર,
ત્યાં અહંકારનો ભૂતસંચાર,
એટલે ઘડે વિસ્મરણ
આત્મબોધનું. ૧૦૩

નિયમનું પરિધાન ન પહેરાએ,
અધોગતિની લાજ ન આવે,
અને ન કરાય તે જ કરાયે,
કહે વેદ. ૧૦૪

જો ભાઈ, શરીરના ગ્રામે
આપણે આવ્યા જે કામે,
તે જ કાર્યાર્થ સકળે,
છોડી દઈને. ૧૦૫

ઇન્દ્રિયગ્રામને રાજમાર્ગે,
અહંમમતાના જલ્પવાદે,
વિકરાંતરોના સમુદાયે,
મેળવીને. ૧૦૬

દુ:ખ-શોકના આઘાતે,
મરીએ તે ન સાંભરે,
એ કહેવું આ કારણે,
કે માયાએ ગ્રસાયે. ૧૦૭

એટલે તેઓ મને ન પામે,
પણ જેઓ ભજે ચાર પ્રકારે,
રત થઈને આત્મહિતે
નિરંતર. ૧૦૮

પહેલાને આર્ત કહીએ,
બીજો જિજ્ઞાસુ જાણીએ,
ત્રીજો અર્થાર્થી લહીએ
જ્ઞાની ચોથો. ૧૦૯

આર્ત્ત દુ:ખોને નિવારવા,
જિજ્ઞાસુ ભજે જાણવા,
ત્રીજો ઇચ્છે મેળવવા
અર્થસિદ્ધિ. ૧૧૦

પછી ચોથો જે જ્ઞાની
તે ન સેવે ઇચ્છા કોઈ,
એટલે ભક્ત એક આત્મજ્ઞાની,
જાણ પાર્થ. ૧૧૧

જે આત્મજ્ઞાનના પ્રકાશે,
ભેદભાવનો ભ્રમ ભાંગે,
અને થવા છતાં સમરસે
ભક્ત જ રહે. ૧૧૨

પણ જેમ અજાણની દૃષ્ટિયે
સ્ફટિક ઉદક સમ ભાસે,
તેવી જ્ઞાનીની દૃષ્ટિ ન હોયે
સાંભળ કૌતુક. ૧૧૩

પવન ગગને વિલાયે,
પછી પવનપણું કેવળ ન રહે,
પણ મળવા છતાં મુજમાં ઐક્યભાવે
તેનું ભક્તપણું ન લોપે. ૧૧૪

જો પવન હલાવી જોઈએ
તો ગગન વેગળું દેખીએ,
હલાવીએ તો સહજે
ગગનરૂપ. ૧૧૫

જોતાં દેહથી થનારાં કર્મો
ભાસે ભક્તના મનોધર્મો,
પણ અંતરપ્રતીતિના મર્મે
હોયે મદ્રૂપ. ૧૧૬

અને જ્ઞાનને અજવાળે,
પોતે આત્મા એમ તે જાણે,
એટલે હું પણ સ્વીકારું તે
શ્રીહરિ કહે. ૧૧૭

અરે જીવદશાતીત રહસ્ય જે,
ઓળખીને જીવવું જાણે જે,
તે દેહ ભિન્ન હોવાને લીધે
શું હોયે વેગળો. ૧૧૮

એટલે સ્વહિતની લાલસાયે
ગમે તે ભક્ત મુજ શરણ થાયે,
પણ હું જ આલિંગું સપ્રેમે
એવો જ્ઞાની એક. ૧૧૯

એ દોહવાની આશાએ,
જગત ધેનુને દોરડો દોરે,
દોર્યા વિણ તે દોડે
વત્સને જોતાં. ૧૨૦

કાં જે તને-મને-પ્રાણે
તે બીજું કાંઈ ન જાણે,
ધેનુ જોતાં જ ભાંભરે
આ માત મારી. ૧૨૧

વત્સ આ પ્રકારે અનન્ય ગતિ,
એટલે ધેનુની તેવી જ પ્રીતિ,
જે જે કહ્યું લક્ષ્મીપતિ,
તે કેવળ સત્ય. ૧૨૨

એ રહેવા દે કહે શ્રીપતિ,
બીજા જે કહ્યા તુજ પ્રતિ,
જેને મુજમાં અનન્ય રતિ,
તેય વહાલા મુજને. ૧૨૩

પણ જાણીને મુજ સ્વરૂપ
જે ભૂલ્યા ભૂતભવિષ્ય,
જેમ સરિતા સાગરે લીન
પાછી ન વળે. ૧૨૪

તેમ અંતઃકરણ ગુફાએ જન્મી,
જેની પ્રતીતિગંગા મુજમાં મળી,
તે હું જ એ કેમ કહેવાયે
અધિક વિસ્તારે. ૧૨૫

એટલે જ્ઞાની જે કહેવાયે,
તે મારું જ ચૈતન્ય હોયે,
એ ન બોલવું પણ બોલાયે
વિવશતાવશ. ૧૨૬

જે વિષયોની સઘન ઝાડી,
કામક્રોધનાં સંકટો માંહીં,
વટાવી તે આવ્યો ભૂમિસપાટી
સદ્વાસનાની. ૧૨૭

પછી સાધુ સંગે હે સુભટ,
પકડે સત્કર્મની સરળ વાટ,
અપ્રવૃત્તિની આડવાટ
છાંડીને તે. ૧૨૮

શત શત જન્મોનાં વહેણે
જેને વિષયઆસ્થા ન સ્પર્શે,
ત્યાં ફળહેતુની લાલસાને
ગણે કોણ. ૧૨૯

આમ શરીર-સંયોગની રાતે,
મુજ ભણી એકલો ધાયે,
ત્યારે કર્મક્ષયનું તેજ પ્રસરે,
ઊગે પ્રભાત. ૧૩૦

તેમ જ ગુરુકૃપાની ઉષા ઊજળે,
જ્ઞાનની આરક્ત પ્રભા પ્રસરે,
ત્યાં સામ્યની રિદ્ધિ ઊઘડે
દૃષ્ટિએ તેની. ૧૩૧

તે વેળા જ્યાં જ્યાં દૃષ્ટિ કરે
ત્યાં મુજ રૂપ તેને દેખાયે,
અથવા નિરાંતે જ્યાં રહે
ત્યાં મુજને જ દેખે. ૧૩૨

એ ભલે, બીજું કાંઈ,
સર્વત્ર તેને મુજ વિણ નાહીં,
જેમ બૂડેલો જળ માંહીં,
કુંભ બાહ્યાંતર. ૧૩૩

તેમ તે મુજ ભીતરે,
હું તેના ભીતર-બાહરે,
આ કહેવાયે વાણી વડે
તેવું નથી. ૧૩૪

એટલે આ રહેવા દે હવે,
જ્ઞાનના કોઠારો દેખાય તેને,
અને થાય તે સદેહ પોતે
વિશ્વરૂપ. ૧૩૫

આ સઘળું જ વાસુદેવ,
એવો પ્રતીતિરસનો વહ્યો ભાવ,
એટલે ભક્તોમાં તે રાવ,
અને જ્ઞાની તે જ. ૧૩૬

જેની પ્રતીતિના ભંડારે,
દેખ સચરાચર વિસ્તરે,
તે મહાત્મા દુર્લભ હોયે,
હે ધનુર્ધર. ૧૩૭

બીજા ઘણા બધા દેખાયે
જે ભોગાર્થે ભજન કરે,
દૃષ્ટિ જેમની આશાતિમિરે
ઝંખવાયે. ૧૩૮

અને ફળની પ્રાપ્તિના અભિલાષે
હૃદયે તેના કામ પ્રવેશે,
ઊપજતાં સંઘર્ષદીપ લોપે
જ્ઞાન તણો. ૧૩૯

એમ બાહ્યાંતર અંધારે સપડાયે,
મુજ નિકટતમને ન પામે,
પછી સર્વ ભાવે ભજવા લાગે
દેવીદેવતા. ૧૪૦

પહેલાં જ પ્રકૃતિને આધીન,
વળી ભોગાભિલાષે કર્યા દીન,
તે લોલુપ થઈને સકૌતુક
ભજન કેવું કરે. ૧૪૧

કેવી નિયમોમાં અનુરક્તિ,
મેળવે કેવી ઉપચાર-સમૃદ્ધિ,
કેમ વિહિત કર્મે યથાવિધિ,
સમર્પે શાસ્ત્રોક્ત. ૧૪૨

પણ જેઓ જે દેવોને
ભજવાની ઇચ્છા કરે,
તેમની તે ઇચ્છા હું જ પોતે
કરું પૂર્ણ. ૧૪૩

પોતે જ હું દેવદેવી,
એવો નિશ્ચય જેમને નાહીં,
તેઓ વિભિન્ન ભાવો ધરી
ભિન્ન દેવોમાં. ૧૪૪

પછી તે દેવતાનું શ્રદ્ધાયુક્ત
કરે આરાધન જે ઉચિત,
તે સિદ્ધ થતાં સુધી સમસ્ત
આચરે તેઓ. ૧૪૫

એમ જેને જે ભજે
તે તેવું જ ફળ પામે,
પણ એય સકળ નીપજે
મારામાંથી. ૧૪૬

પણ તે ભક્તો મને ન જાણતા
જેઓ કલ્પના બહાર ન નીકળતા,
એટલે કલ્પિત ફળો પામતા
નાશવંત. ૧૪૭

કિંબહુના આવાં ભજન,
સંસારનાં જ તે સાધન,
અને ફળભોગ તે સ્વપ્ન સમ,
દીસે ક્ષણમાત્ર. ૧૪૮

એ ભલે, પેલે પારનું
હોય જે દૈવત મનગમતું,
પણ જે યજે જે દેવને
તેને જ તે પામે. ૧૪૯

બાકી જે તન-મન-પ્રાણે
અખંડ મુજને જ અનુસરે,
તે દેહની નિર્વાણપળે
મળે મુજ માંહે. ૧૫૦

પણ તેવું પ્રાણીઓ ન કરે,
નિજ હિતે વ્યર્થ ઊણપ આણે,
જે તરવા મથે પાણી લઈને
હથેલીમાં. ૧૫૧

અથવા અમૃતસાગરે બૂડીએ,
પછી સાયાસે મુખને બાંધીએ,
કે મનોમન સંભારીએ
ખાબોચિયાને. ૧૫૨

અરે આવું કેમ કરીએ,
કે અમૃતે બૂડવા છતાં મરીએ
અમૃતરૂપ થઈ તે જ અમૃતે
કાં ન રહીએ. ૧૫૩

તેવું ફળહેતુનું પિંજર,
છોડીને ધનુર્ધર,
કાં ઊડીયે ચિદાકાશે,
ચડી પ્રતીતિપાંખે. ૧૫૪

જ્યાં વિહરતાં ઉચ્ચ ગગને,
અમિત અપાર સુખ થાયે,
જ્યાં પોતાની ઇચ્છા પ્રમાણે
વિચરી શકાયે. ૧૫૫

તે અપરિમિતને પરિમિત કેમ કરીએ
મને અવ્યક્તને વ્યક્ત કેમ માનીએ,
સિદ્ધ હોવા છતાં શ્રમિત થઈએ,
સાધન કરી. ૧૫૬

પણ આ કેવું સકળ
વિચારણીય જોકે પાંડવ,
તે ન ગમે સવિશેષ
જીવને અરે. ૧૫૭

કાં જે યોગમાયાનાં પડળે
તે આંધળા થયેલા છે,
એટલે દેહબળના પ્રકાશે
જોઈ ન શકે મને. ૧૫૮

ग्रन्थालय,
कराँदा
वाराणसी-5

નહીં તો હું ન હોઉં એવું
કોઈ હોઈ શકે સ્થાન શું,
અરે ક્યાંય રસરહિત
શું ઉદક હોયે. ૧૫૯

શું પવન કોઈને ના સ્પર્શે,
આકાશ ક્યાંય ન સમાયે,
એ ભલે, સકળ વિશ્વ માંહે
હું જ વ્યાપ્ત. ૧૬૦

અહીં જેટલાં થઈ ગયાં ભૂતો
તેમનાં સ્વરૂપે હું જ હતો,
અને જે વિદ્યમાન આજે
તે પણ હું પોતે. ૧૬૧

કાં જે ભવિષ્યમાં થશે
તે મુજથી જુદાં ન હશે,
આ તો શબ્દવ્યાપાર કેવળે,
ન હોયે ન જાયે. ૧૬૨

રજ્જુમાં જે સર્પ ભાસે
તેને ન કોઈ સંજ્ઞા અપાયે,
તેમ કોઈ ગણના ન કરાયે
મિથ્યા સૃષ્ટિની. ૧૬૩

એવો હું અરે પાંડસુત
રહું સર્વદા અનુસ્યૂત,
ભાસે ભૂતોને સંસાર
ભિન્ન કારણે. ૧૬૪

તેની હવે થોડીઘણી
વાત કહું તે લે સાંભળી,
જ્યાં અહંકાર અને દેહ
બંધાયા પ્રેમે. ૧૬૫

ત્યાં જન્મી ઇચ્છારૂપ કુમારી
જે કામરૂપ યૌવન પામી,
પછી લગ્નથી એ જોડાઈ
દ્વેષ સંગે. ૧૬૬

તે ઉભયથી જન્મ પામ્યો,
આ દ્વંદ્વમોહ આગવો,
જેને સપ્રેમે ઉછેર્યો
અહંકારે. ૧૬૭

તે રહે ધૃતિથી પ્રતિકૂળ,
નિયમને ન ગાંઠે પ્રબળ,
કરી આશારસ પ્રાશન
થયો પરિપુષ્ટ. ૧૬૮

સેવે અસંતોષની મદિરા,
ને પ્રમત્ત થાયે ધનુર્ધરા,
પ્રવેશી વિષયના ગૃહમાં
ભોગવે વિકારવનિતા. ૧૬૯

ભાવશુદ્ધિના પંથમાં
વીખરાયા વિકલ્પોના કાંટા,
પછી ત્યાં ફૂટયા ફાંટા
અપ્રવૃત્તિના. ૧૭૦

તેથી પ્રાણીઓ ગભરાયાં,
એટલે સંસાર-અરણ્યે પડયાં,
પછી મહાદુઃખોના હંકાર્યાં
દંડા વડે. ૧૭૧

એવા વિકલ્પોના તીણા કાંટા,
જાણીને કે તે છે ખોટા,
જે મતિભ્રમના આશ્રયે
જાયે નહીં. ૧૭૨

ઋજુ એકનિષ્ઠાને પગલે,
વિકલ્પોની તીક્ષ્ણતાને રગડે,
અને મહાપાતકોનાં વટાવે
અરણ્યો જે. ૧૭૩

પછી પુણ્યમાર્ગે ધાયે,
અને મારી નિકટ આવે,
કિંબહુના તેને ન અડકે
વાટલૂંટેરા. ૧૭૪

નહીં તોપણ પાર્થા,
જન્મમરણની આ કથા-
ન સાંભળવાની આસ્થાયે
જે પ્રયત્નશીલ. ૧૭૫

ત્યારે તે પ્રયત્નની એક વેળે
સમગ્ર પરબ્રહ્મે ફળે,
ત્યારે પરિપક્વ રસ ગળે
પૂર્ણતાનો. ૧૭૬

તે વેળા કૃતકૃત્ય ભાવ સંચરે,
અધ્યાત્મનું પ્રયોજન સરે,
અને કર્મોને અવકાશ ન રહે
વિરમે મન. ૧૭૭

એવો અધ્યાત્મલાભ તેને
હોય ધનંજય સહેજે,
જે મૂડી બનાવે મને
કર્મવ્યાપારે. ૧૭૮

ત્યારે સામ્યદૃષ્ટિના વ્યાજે
ઐક્યનો વ્યવહાર ચાલે,
ત્યાં દ્વૈતનું દારિદ્ર્ય તેને
કદી ન વ્યાપે. ૧૭૯

જે આદિભૂતે મને,
પ્રતીતિને હાથે,
જાણીને આધિદૈવતને
સ્પર્શ કરે. ૧૮૦

જે આત્મપ્રત્યયને બળે
મને અધિયજ્ઞ રૂપ જાણે,
તે દેહવિયોગની પળે
ન થાયે વિહ્વળ. ૧૮૧

એટલે આયુષ્યનો દોર તૂટતાં,
મહાભૂતો ઊઠે પ્રક્ષોભતાં,
ત્યારે મરણ જોનારને ચિત્તે
શું પ્રલયદુઃખ ન થાયે. ૧૮૨

પણ કેવી રીતે ન જાણે
મદ્રૂપ થયા જીવપ્રાણે,
તે પ્રયાણની પણ ઘડીએ
મુજને ન છોડે. ૧૮૩

આમ પણ તું જાણ
કે આવા જે હોય નિપુણ-
તેમનું અંતઃકરણ
યોગયુક્ત. ૧૮૪

એ શબ્દકૂંપીની તળે
અવધાનની અંજલિ ન જાળવે,
શ્રવણ ન કર્યું અર્જુને
જે હતો વ્યગ્રચિત્ત. ૧૮૫

ત્યાં હતાં બ્રહ્મવાક્યફળ,
વિવિધ રસોથી રસાળ,
મહેકતા હતા પરિમલ
ભાવો તણા. ૧૮૬

સહજ કૃપા મંદ અનિલે
શ્રીકૃષ્ણકુમનાં વચનફળે-
અર્જુન-શ્રવણના ખોળે
અચાનક પડયાં. ૧૮૭

પ્રમેયથી હતાં રસાયેલાં
બ્રહ્મરસસાગરે ભીંજાયેલાં,
હતાં પરમાનંદે ઘોળાયેલાં
વચન પ્રભુનાં. ૧૮૮

તેમના સુનિર્મળ ગરવાપણે
વ્યાપે અર્જુન ઉન્મેષ તરંગે,
પછી તે સોલ્લાસ ઘૂંટડા ગળે
વિસ્મયામૃતના. ૧૮૯

લાધતાં તે સંપત્તિ સુખની
તમા ન રહી સ્વર્ગની,
હૃદય થયું તેનું પુલકિત,
રોમાંચિત અરે. ૧૯૦

અને ઉપરથી જ રૂપાળાં
જોઈ હૃદયમાં સુખ મારે ઉછાળા,
એટલે રસાસ્વાદ કાજે
થયો ઉતાવળો. ૧૯૧

અનુમાનના કરતળે સત્વરે
તે વાક્યફળો ઝૂંટવી લે,
નાખવા મથે તે જ ઘડીએ
પ્રતીતિમુખે. ૧૯૨

વિચાર રસનાથી ન ચગળાયે,
અને હેતુના દાંતે ન તોડાયે,
એવો અનુભવ થતાં પરિત્યજે
પ્રભુવચન પાર્થ. ૧૯૩

પછી વિસ્મિત થઈને કહે,
આ તો જળમાંના તારાંગણે—
કેવો ઠગાયો બાહ્યરૂપે
શબ્દો તણા. ૧૯૪

ખરેખર આ પદો ન હોયે,
ગગનની વાળેલી ગડીઓ હોયે,
અહીં મારી મતિ બૂડે,
તાગ ન મળે. ૧૯૫

એટલે જાણવાની વાત જવા દે,
મને એવું કલ્પીને કિરીટે,
પુનરપિ દૃષ્ટિ કરી તેણે
યાદવેન્દ્ર ભણી. ૧૯૬

પછી વિનવ્યા સુભટે,
હા જી આ એક વાટે,
સાતેય પદો અનુચ્છિષ્ટે
એવાં નવલાં. ૧૯૭

માત્ર અવધાનના બળ વડે
શું નાના પ્રમેયો ઉકેલાયે,
શું શ્રવણના એક આધારે
બોલાય કાંઈ. ૧૯૮

આ તો એવું નથી દેવ,
જોયો અક્ષરોનો સમુદાય,
અને મને વિસ્મયને
પણ વિસ્મય થયું. ૧૯૯

કર્ણોના ઝરૂખા-દ્વારે
શબ્દનાં કિરણ અભ્યંતરે
જોતાં હું ભર્યો ચમત્કારે
અવધાન થંભ્યું. ૨૦૦

તેથી મને અર્થની ઇચ્છા થાયે,
તે કહેવાની વેળ ન સહેવાયે,
એટલે નિરૂપણ તત્કાળે
કરો દેવ. ૨૦૧

આવો પાછલો સંદર્ભ મેળવી,
આગળ અભિપ્રાયે દૃષ્ટિ ઠેરવી,
તેમાં આ પ્રમાણે મેળવી દીધી
પોતાની ઇચ્છા. ૨૦૨

આ પૂછવાનું કેવું શાણપણ,
ન થવા દે મર્યાદાનું ઉલ્લંઘન,
જોકે શ્રીકૃષ્ણહૃદયે આલિંગન
આપવાની આરત. ૨૦૩

અહો શ્રીગુરુને જે પૂછવું
તે માટે એવું જ સાવધ રહેવું—
એ જાણે એક સઘળું
સવ્યસાચી. ૨૦૪

હવે તેનું તે પ્રશ્નનું કરવું,
અને સર્વજ્ઞ શ્રીહરિનું બોલવું,
એ સંજય પોતાના પ્રેમે
કહેશે કેવી રીતે. ૨૦૫

તે વાતે અવધાન દઈએ,
જે મરાઠીમાં કહેવાશે,
જ્યાં શ્રવણ પહેલાં દૃષ્ટિનો
થાશે પ્રવેશ. ૨૦૬

બુદ્ધિની આ જીભ
ન સ્પર્શે શબ્દનો મર્મ,
ત્યાં ઇન્દ્રિયો પામે પોષણ
અક્ષરો પાસે. ૨૦૭

દેખ માલતીનો પુષ્પગુચ્છ
આપે ઘ્રાણેન્દ્રિયને પરિમલ,
પણ એવી રૂપશોભા નિર્મળ
નેત્રો સુખી ન શું. ૨૦૮

તેમ મરાઠીના લાવણ્યે
ઇન્દ્રિયો વિલસશે સુખે,
પછી તે જશે આપમેળે
પ્રમેયધામે. ૨૦૯

આવી સુનાગર પદ્ધતિયે
કહેવાશે જ્યાં વાણી શમે,
એ સાંભળો જ્ઞાનદેવો કહે
નિવૃત્તિ તણા. ૨૧૦

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

અક્ષરબ્રહ્મની ઓળખાણ

સાતમા અધ્યાયમાં ધનંજયે સાત પ્રશ્નો પૂછતાંની સાથે જ ભગવાને પ્રેમપૂર્વક બોલવા માંડ્યું. આકારમાં આવેલા સર્વ નાશવંત પદાર્થમાં ઓતપ્રોત થયેલ જે અવિનાશી તત્ત્વ છે તે બ્રહ્મ કહેવાય છે. સૃષ્ટિનો આકાર ઉત્પન્ન થયો છતાં તેની સાથે જે ઉત્પન્ન થતા નથી અને સૃષ્ટિનો લય થતાં જેનો નાશ થતો નથી, તે બ્રહ્માની સહજ સ્થિતિને અધ્યાત્મ કહે છે. વિશુદ્ધ અને નિરાકાર બ્રહ્માને ઠેકાણે ચરાચર ચિત્રવિચિત્ર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, એમ કર્તા વિના અવ્યક્તને સ્થાને દેખાનાર જે વ્યાપાર તેને કર્મ કહે છે. પંચમહાભૂતોનો સંયોગ થયો કે નામરૂપાત્મક શરીર દેખાય છે. અને વિયોગ થતાં જેનો નાશ થાય છે તેને અધિભૂત કહેવાય છે, જે વાસ્તવિક પરમાત્મા જ છે, પરંતુ અહંકારને કારણે નિરાળો થવા જેવો થઈને દેહમાં જે રહે છે તેને અધિદૈવ કહે છે. અધિદૈવનો દેહાંકાર નહીંવત્ કરીને દેહમાં જ રહેનાર અધિયજ્ઞ કહેવાય છે. એ અધિયજ્ઞ તે ભગવાન પોતે છે. એટલે અધિભૂત ને અધિદૈવ ભગવંત પોતે જ છે, પણ અવિદ્યાને કારણે એ તત્ત્વ હીનદશા પામ્યું છે. એ હીનતા ગઈ કે એ તત્ત્વ અધિયજ્ઞ થઈ જાય છે.

જે પુરુષે મરતાં પહેલાં આવો અભ્યાસ કરીને, પ્રભુરૂપતા પ્રાપ્ત કરી છે તેને દેહ પડવાનું કષ્ટ કેવું ? આ અનુભવ જો લેવો હોય તો ચિત્તને પ્રભુની મહોર મારવી પડે. ચિત્ત પ્રભુરૂપ થતાં જ જન્મમરણનું દુઃખ નાશ પામે છે. પ્રભુ કહે છે કે મુજ રૂપમાં લય પામનાર ભક્તોનું મારા પર એટલું ઋણ છે કે અંત સમયે હું તેમની સેવામાં હાજર થાઉં છું.

બ્રહ્મદેવની વ્યક્ત સૃષ્ટિ પ્રલયકાળે અવ્યક્તમાં લીન થાય છે. આ બન્ને વ્યક્ત-અવ્યક્તનું આધાર રૂપ અક્ષર-ચૈતન્ય તદ્દન વેગળું છે. તેને સૃષ્ટિના વ્યવહાર સાથે કંઈ જ સંબંધ નથી. સૃષ્ટિનો લય થાય તોપણ તે અચળ અમર હોય છે.

એકનિષ્ઠ ભક્તિ આ ચૈતન્યની પ્રાપ્તિનો સરળ માર્ગ છે. કાયા, વાચા, મનસા કેવળ પરમાત્માની જ સેવા કરવી, એનું જ નામ એકનિષ્ઠ ભક્તિ. આવા ભક્તના ઘરને ચૈતન્ય પોતે શોધતું આવે છે. જેમ લાકડામાં અગ્નિ પ્રદીપ્ત થતાં લાકડાનું લાકડાપણું રહેતું નથી, તે પ્રમાણે પરમાત્મ વસ્તુને પામ્યા પછી ભક્તને પુનઃ જન્મમરણ રહેતાં નથી.

જન્મમરણમાં સપડાવું અથવા તેમાંથી છૂટવું એ બન્ને કંઈક અંશે મરણકાળનાં સ્થિતિ અને કાળ પર અવલંબે છે. પ્રયાણસમયે જો દેહમાં અગ્નિનું બળ હોય છે અને બહાર ઉત્તરાયણ, શુક્લપક્ષ અથવા દિવસનો સમય હોય છે તો યોગ્ય પુરુષને સાયુજ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આને અર્ચિર્માગ કહે છે. એનાથી

ઊલટું શરીરમાં કફ-વાતનો પ્રકોપ હોય, બહાર દક્ષિણાયન, વદપક્ષ અને રાત્રિનો કાળ હોય તો જન્મારા સુધી કરેલો યોગાભ્યાસ હાથમાંથી સરકી જાય છે ને તેને પુનર્જન્મ લેવો પડે છે. આને ધૂમ્રમાર્ગ કહેવાય છે.

એક સરળ અને એક આડમાર્ગ બન્ને અનાદિ કાળથી ચાલતા આવ્યા છે એટલે મરણપૂર્વે સમસ્ત જન્મ અને જીવનમાં અખંડ બ્રહ્મભાવ સેવે છે તે લોકો ઇન્દ્રપદને પણ તુચ્છ ગણીને પરબ્રહ્મમાં સ્થિર થાય છે.

પરબ્રહ્મ રૂપી શ્રીકૃષ્ણ પોતે જ અર્જુનને આવા યોગીશ્વરની કથા કહે છે. સંજયે આ કથા સાંભળીને ધૃતરાષ્ટ્રને કહી તે જ વાત શ્રીનિવૃત્તિનાથની કૃપાથી જ્ઞાનેશ્વર મહારાજ આપણને કહે છે.

અધ્યાય આઠમો

અક્ષરબ્રહ્મયોગ

પછી અર્જુને કહ્યું,
હા જી મેં અવધારિયું,
હવે જે મેં પૂછિયું
તે નિરૂપજો. ૧

કહો કોણ તે બ્રહ્મ,
કોનું નામ કર્મ,
અથવા અધ્યાત્મનો મર્મ
શો છે પ્રભુ. ૨

અધિભૂત કેવું હોયે,
અધિદૈવત કોને કહીયે,
હું સમજું એવું વિશદે
કહો શ્રીહરિ. ૩

દેવ, અધિયજ્ઞ શું હોયે,
દેહે તે ક્યાં નિવસે,
એ અનુમાને ન દેખાયે
કશું મને. ૪

અને યોગયુક્ત અંતઃકરણે
રહે તારું ભાન દેહપ્રયાણે,
આ કેવી રીતે થાયે
હે સારંગધર. ૫

જો ચિંતામણિ મંદિરે
જો કોઈ સુભાગી પોઢે–
તો સ્વપ્નેય શબ્દ તેનો
વ્યર્થ ન જાયે. ૬

તેમ અર્જુને પૂછ્યા પછી
દેવે મનની વાત કહી,
હવે સાંભળ ચિત્ત ધરી
તેં પૂછ્યું જે. ૭

અર્જુન, કામધેનુનું વાછરડું
ઉપર કલ્પતરુનું છાંયડું,
ત્યાં મનોરથસિદ્ધિનું શમણું
તે આશ્ચર્ય ન હોયે. ૮

શ્રીકૃષ્ણ કોપીને જેને મારે
તે પરબ્રહ્મ-સાક્ષાત્કાર પામે,
તો જેને કૃપા વડે ઉપદેશે
તે પામે ન કેમ. ૯

જ્યારે આપણે થઈયે શ્રીકૃષ્ણ
ત્યારે કૃષ્ણ થાયે આપણું અંતઃકરણ,
ત્યારે સિદ્ધિઓ શોધે પ્રાંગણ
સંકલ્પોનું. ૧૦

પણ આવો જે પ્રેમ–
અર્જુનમાં જ હતો નિઃસીમ,
એટલે તેનાં સકળ કામ
સફળ સર્વદા. ૧૧

આ કારણે શ્રીઅનંતે
જે મનોગત હતું પાર્થચિત્તે–
તે જાણીને સહજ પ્રેમે
પહેલાં જ પીરસ્યું. ૧૨

ધાવનારું બાળક હોયે,
તેની ભૂખ માતાને લાગે,
બાળક શું ક્યારેય માગે
સ્તનપાન. ૧૩

એટલે કૃપાળુ ગુરુ પાસે
આ કંઈ આશ્ચર્ય ન હોયે,
પણ સાંભળીએ હવે
જે પ્રભુએ કહ્યું. ૧૪

પછી કહ્યું શ્રીસર્વેશ્વરે,
ભર્યું જે છિદ્રમય શરીરે,
કેમેય તે ન ખરી પડે
કોઈ કાળે. ૧૫

તેની સઘનતા જો જોવાયે
તો શૂન્ય ન હોય સ્વભાવે,
વળી તે ગગનના પાલવે
આવે ગળાઈને. ૧૬

હોવા છતાં એવું સૂક્ષ્મ જે
આ વિજ્ઞાનમય ઝોળીએ-
હલાવે તોય ન ગળે
તે જ પરબ્રહ્મ. ૧૭

અને પ્રવેશવા છતાં આકારે
જન્મધર્મ તે ન જાણે,
અને આકાર લોપે ન લોપે
તે જ પરબ્રહ્મ. ૧૮

એવી પોતાનામાં સહજ સ્થિતિ,
જે બ્રહ્મે નિત્યતા વિલસતી,
તેને જ કહેવાય સુભદ્રાપતિ
અધ્યાત્મ બાપ. ૧૯

પછી જેમ નિર્મળ ગગને
ન જાણે કોઈ એક પળે-
સઘન મેઘપટલો ઊઠે
વિવિધ વર્ણના. ૨૦

તેમ જ અમૂર્તે વિશુદ્ધે,
આ મહદાદિ ભૂતભેદે,
વિધ વિધ આકાર બ્રહ્માંડે
ઊતરવા માંડે. ૨૧

પછી નિર્વિકલ્પની પડતરે
આદિ સંકલ્પના અંકુર ફૂટે,
તત્ક્ષણે બ્રહ્માંડ લચી પડે
વિવિધ આકારે. ૨૨

જો દરેકમાં જોવા જઈએ
તો સઘન બીજ જ દેખાએ,
મહીં થનારા મરનારા જોઈએ
લાખો જીવો. ૨૩

પછી તે બ્રહ્મગોલકના અંશ,
આદિ સંકલ્પો પ્રસવે અસંખ્ય,
આવી રીતે આ અનંત
સૃષ્ટિ વાધે. ૨૪

પણ એકમેવા દ્વિતીયત્વે
એક પરબ્રહ્મ જ વિલસે,
જ્યાં અનેકત્વનાં આવ્યાં
પૂર જાણે. ૨૫

જાણે કેમ સમવિષમ ભાસે,
વ્યર્થ જ સચરાચર આભાસે,
લાખો પ્રસવવંતી દીસે
જીવયોનિ. ૨૬

જીવભાવ આ પલ્લવિત
છે અપરિમિત ને અગણિત,
શોધવા જતાં મૂળ કારણ
સાંપડે શૂન્ય. ૨૭

એટલે કર્તા મૂળમાં ન દેખાએ,
મૂળ કારણ હાથે ન આવે,
પણ આ સંસાર કાર્યરૂપે
વિસ્તરેલો દીસે. ૨૮

આવા જે કર્તા વિણ ગોચર,
અવ્યક્તે ઊછળતા આકાર,
તેમનો આવાગમન વ્યાપાર
તે જ કર્મ. ૨૯

હવે અધિભૂત જેને કહીયે
તેને કહું સંક્ષેપે,
જેમ આવે અને જાયે
અભ્ર ગગને. ૩૦

તેમ જેનું હોવા-પણું ભાસે,
પણ જે ન હોવાપણે વિલસે,
જેને પંચમહાભૂતો રૂપ આપે
મળીને પરસ્પર. ૩૧

ભૂતોને અધિષ્ઠિતે રહે,
ભૂતસંયોગે અભિવ્યક્ત થાયે,
અને ભૂતવિયોગે નાશે
નામરૂપાદિક. ૩૨

તેને અધિભૂત કહીયે,
પછી અધિદૈવત પુરુષ જાણીયે,
જે ભોગવે ઉપાર્જિત સઘળે
પ્રકૃતિનું. ૩૩

જે ચેતનાનાં ચક્ષુ,
જે ઇન્દ્રિયદેશના અધ્યક્ષ,
દેહ આથમતાં જે વૃક્ષ
સંકલ્પ વિહંગમનો. ૩૪

જે બીજા પરમાત્મા જ યથાર્થ,
પણ હુંપદની નિદ્રામાં ગ્રસ્ત,
એટલે અનુભવે રાગદ્વેષ
સ્વપ્નો તણાં સુખદુઃખે. ૩૫

જીવ એવું નામ આપીને
સંબોધીએ આપણે જેને,
તે પંચમહાભૂતોને શરીરે
અધિદૈવત જાણ. ૩૬

હવે આ જ શરીરગ્રામે
જો શરીરભાવ ઉપશમે,
તો અધિયજ્ઞ હું જ ત્યાં
પાંડુકુંવર. ૩૭

આકી અધિદૈવ ને અધિભૂત
હું જ હોઉં સમસ્ત,
પણ સુવર્ણે મેળવતાં હીણ
તે ન થાય શું મલિન. ૩૮

જોકે હેમ મલિન ન થાયે,
હીણમાં તે ભળતું પણ ન હોયે,
પણ જ્યાં સુધી હોય હીણ સંગે
ત્યાં સુધી કહેવાય અશુદ્ધ. ૩૯

તેમ જ અવિભૂતાદિ સકળે
અવિદ્યા માયાના પાલવે–
જ્યાં સુધી ઢંકાયેલા મનાયે
ત્યાં સુધી જ ભિન્ન. ૪૦

અવિદ્યાની જવનિકા ફીટે,
અને ભેદભાવનો ભ્રમ તૂટે,
પછી જો દ્વૈતનાશે એમ કહીએ
તો શું ક્યારેય હતું તે. ૪૧

વાળનાં ગૂંચળાં ઉપરે
સ્ફટિક શિલા મુકાયે,
અને જોઈએ સગી આંખે
ત્યારે તૂટેલી લાગે. ૪૨

પછી કેશગૂંચળું દૂર થાયે
ત્યારે ભાંગલાપણું દીસે ન ક્યાંયે,
તો શું શિલા સાંધી કોઈયે
રસાયણ થકી. ૪૩

તે હતી અખંડ જ આયતી
પણ કેશ સંગે ભિન્ન દીસતી,
દૂર કરતાં કેશ, ફરી થઈ
જેવી ને તેવી. ૪૪

તેમ જ અહંભાવ જાયે
ત્યાં ઐક્ય સ્વયંભૂ હોયે,
આ સત્ય જ્યાં અનુભવાયે,
અધિયજ્ઞ હું પોતે. ૪૫

અરે અમે જે તને
સકળ યજ્ઞકર્મ જ હોયે–
કહ્યું હતું જે કાજે
તે સહેતુક. ૪૬

તે સકળ જીવોનો વિશ્રામ,
કે નૈષ્કર્મ્ય સુખનું નિધાન,
પાર્થ કરું તેનું ઉદ્ઘાટન
તારે કાજે. ૪૭

પહેલાં વૈરાગ્યઇંધન પરિપૂર્તિ
ઇન્દ્રાનળની પ્રદીપ્તિ,
વિષયદ્રવ્યોની આહુતિ
દેવી પડે. ૪૮

પછી વજ્રાસનની ઉરવી
શુદ્ધ કરી આધારમુદ્રા ગરવી
રચીએ વેદિકા નરવી
દેહમાંડવે. ૪૯

ત્યાં સંયમાગ્નિને કુંડે,
ઇન્દ્રિય-દ્રવ્યોના ગૌરવે,
યજન કરીએ દીર્ઘકાળે
યોગયુક્તિ ઘોષે. ૫૦

પછી મન-પ્રાણ-સંયમ,
હવનસંપદાનો સંભ્રમ,
તેથી સંતોષીએ નિર્ધૂમ
જ્ઞાનાનળ. ૫૧

આમ સમર્પીએ સઘળું જ્ઞાને,
પછી જ્ઞાન જ્ઞેયમાં લોપે,
અને જ્ઞેય જ નિખિલ સ્વરૂપે
રહે શેષ. ૫૨

એનું નામ છે અધિયજ્ઞ
એવું જ્યાં કહે સર્વજ્ઞ,
ત્યાં અર્જુન હોઈ અતિ પ્રાજ્ઞ
પામ્યો તે. ૫૩

આ જાણીને કહ્યું દેવે,
શું સાંભળે છે એકચિત્તે,
આ શ્રીહરિનાં વચનામૃતે
પાર્થ થયો સુખી. ૫૪

બાળકના સુખે સુખી થઈયે,
કે શિષ્ય કૃતાર્થ થતાં હરખીયે,
આ રહસ્ય સદ્ગુરુ જાણે
કાં એક જનની. ૫૫

એટલે અષ્ટ સાત્ત્વિક ભાવ ઊછળે
અર્જુનથી પહેલાં કૃષ્ણદેહે,
તે અનાવર છતાં જાળવે
દેવ નિજ બુદ્ધિ. ૫૬

પછી પરિપક્વ સુખનો પરિમલ,
કે શીતલ અમૃતનો કલ્લોલ,
તેવા રસાળ ને કોમળ
બોલિયા બોલ. ૫૭

કહે હે શ્રાવકોના રાયા,
સાંભળ બાપ ધનંજયા,
એવી જ્યાં બળવા માંડે માયા
ત્યાં બાળનારો પણ બળે. ૫૮

જે હમણાં જ કહ્યું હતું,
જેને અધિયજ્ઞ નામ આપ્યું,
તે મુજને પ્રથમથી જ જાણે
અને સ્મરે અંતે. ૫૯

તેમ દેહ મિથ્યા માનીને
રહે નિજમાં નિજ રૂપ થઈને,
જેમ ઘટ ભરાઈ ગગને
ગગનમાં રહે. ૬૦

આ પ્રતીતિના મધ્ય ગૃહે
રહે નિશ્ચયના એકાંતે,
એટલે આવે બાહરે
આત્મરત તે. ૬૧

આવું બાહ્યાંતર ઐક્ય વિલસે
જે મુજરૂપ થઈને વિરાજે,
પછી પંચમહાભૂતો ખરી પડે
આપમેળે. ૬૨

હવે ઊભાનું ઊભાપણું જ ન કળે,
ત્યાં દેહ પડ્યાનું દુઃખ કોને,
એટલે આત્મપ્રતીતિના પેટે
પાણી ન હાલે. ૬૩

તે ઐક્યને ઢાળે ઢળાયેલી,
તે નિત્યતાના હૃદયે સંઘરેલી,
તે સમરસ સમુદ્રે પખાળેલી,
મલિન થાયે ના. ૬૪

જો અથાગ જળે ઘટ ડૂબ્યો,
હતો અંતર્બાહ્ય ઉદકે ભર્યો,
પછી દૈવગતિયે જો ફૂટ્યો
તો ઉદક ફૂટે કંઈ. ૬૫

અથવા સર્પ જો કાંચળી ઉતારે,
કાં ગરમીથી વસ્ત્રો ફેંકાયે,
તો કહે એમાં શું વણસે
અવયવોનું. ૬૬

તેવો આ ઉપરનો આકાર ભ્રંશે,
બાકી વસ્તુ તો હતી તેવી જ રહે,
પછી બુદ્ધિ કેમ ફસાશે
હવે ભ્રાંતિમાં. ૬૭

એટલે આ રીતે મને
જે અંતકાળે જાણે,
તે દેહ ત્યાગે ત્યારે
મદ્રૂપ થાયે. ૬૮

આમ પણ સાધારણ,
નિકટ આવતાં મરણ,
જે સંભારે અંતઃકરણ
તદ્રૂપ થાયે. ૬૯

કોઈ એક વ્યાકુળતાયે
પળતાં પવનગતિયે,
જઈ પડ્યા અકસ્માતે
કૂપમાં અરે. ૭૦

હવે તેને પડતાં પહેલાં
પડવું સદંતર ચૂકવવા
નથી અવસર એટલે
પડવું પડે. ૭૧

તેમ મૃત્યુને અવસરે
જે મનમાં આવી રહે-
તે થવું પછી ન ચૂકે
ગમે તે કરી. ૭૨

અને જાગતો જ્યારે હોયે
ત્યારે ધ્યાને જે ભાવના કરે,
આંખ મીંચાયે દેખે
તે જ સ્વપ્ને. ૭૩

તેમ જીવીએ તે અવસરે
જે ગમે તેને ધ્યાઈએ,
તે જ મરણને સમયે
બહુ યાદ આવે. ૭૪

અને મરણે જે જેને સંભારે
તે તેની જ ગતિને પામે,
એટલે સદા સ્મરાવે
મુજને અરે. ૭૫

આંખોયે જે દેખવું,
કાં કાનોયે સાંભળવું,
મને જે ભાવવું,
બોલવું વાણીએ. ૭૬

તે બાહ્યાંતર સકળે,
મને જ રાખે કેવળે,
પછી સર્વકાળે સ્વભાવે
અનુભવે મને. ૭૭

અર્જુન, જો એવું થાયે,
પછી તે ન મરે દેહ ગયે,
એટલે તને આ સંગ્રામે
ભય શાનો. ૭૮

તું મનબુદ્ધિને સાચે જ
જો મુજ સ્વરૂપે અર્પીશ,
તો તું મને જ પ્રાપ્ત થઈશ,
વચન મારું. ૭૯

આ પ્રાપ્તિ કેમ થાયે
એવો જો સંદેહ પ્રવર્તે,
તો પહેલાં અભ્યાસ કરી જુએ,
ન થાય તો કોપજે. ૮૦

આથી અભ્યાસના યોગે
ચિત્તને કરી જો એકાગ્રે,
અરે ઉપાયબળે અપંગે
પહાડ ચડે. ૮૧

તેથી સદભ્યાસ નિરંતર
ચિત્તે પરમ પુરુષની મહોર
લાગે – પછી જો શરીર
તો રહે કે પડે. ૮૨

જે નાના ગતિયે પમાયે,
તે ચિત્ત વરે આત્માને,
પછી કોણ સ્મરે દેહને
જીવિત કે મૃત. ૮૩

જો સરિતાઓઘે
સિંધુજળે મળે હોંશે,
તે કંઇ ઓછી પાછળ જુએ
કે શું થાયે. ૮૪

તે તો સમુદ્ર થઈને રહે,
તેમ ચિત્ત ચૈતન્યરૂપ થાયે,
ત્યાં આવાગમન ઓસરે
ઘનાનંદ સ્વરૂપે. ૮૫

જે આકાર વિણ રહે,
જે ન જન્મે ન મરે,
જે સમગ્ર હોઈ સમગ્રને
જુએ જાણે. ૮૬

જે આકાશ થકી જૂનું,
પરમાણુથીય નાનું,
છતાં જેના સાંનિધ્યે
ચાલે વિશ્વવ્યાપાર. ૮૭

જે સર્વ જગને જન્માવે,
જેને લીધે સકળ ભાસે,
હેતુ સ્પર્શી ન શકે જેને,
અચિંત્ય જે. ૮૮

જુએ અગ્નિને ઊધઈ ન સ્પર્શે,
તેજમાં તિમિર ન પ્રવેશે,
દિવસ હોવા છતાં ન દીસે
જે ચર્મચક્ષુને. ૮૯

જે સૂર્યકિરણોના સુભગ રાશ,
જે જ્ઞાનીઓને નિત્ય ઉદિત,
જે ન જાણે પામવું અસ્ત
કોઈ વેળા. ૯૦

તે અવ્યંગ પૂર્ણ બ્રહ્મ,
થયે પ્રયાણકાળે પ્રાપ્ત,
જે સ્થિર રાખીને ચિત્ત
જાણે ને સ્મરે. ૯૧

દેહથી પદ્માસન રચે,
ઉત્તરાભિમુખ થઈ બેસે,
ચિત્તમાં આનંદ અનુભવે
કર્મયોગનો. ૯૨

ભીતરે એકનિષ્ઠ મનોધર્મ,
ઊછળે સ્વરૂપપ્રાપ્તિનો પ્રેમ,
ઊપજે બ્રહ્મૈક્યનો સંભ્રમ
આપોઆપ. ૯૩

સિદ્ધ થયેલા યોગાભ્યાસે,
સુષુમણાને મધ્યમાર્ગે,
અગ્નિચક્રથી નીકળે
બ્રહ્મરંધ્ર ભણી. ૯૪

ત્યાં જડચેતનનો સંગાથ
દેખાય શુદ્ધ કલ્પનાજનિત,
જ્યારે ગગન માંહે પ્રાણ
સંચરે અરે. ૯૫

મનની સ્થિરતાયે પકડેલો,
ભક્તિના ભાવબળે ભારેલો,
અને યોગબળે સંકોરેલો,
સજ્જ થાય તે. ૯૬

તે જડચેતનને વીસરે,
ભ્રૂકુટિ મધ્યે સંચરે,
જેમ ઘંટનાદ વિલાયે
ઘંટ માંહે. ૯૭

અથવા આચ્છન્ન ઘટે દીપ
ન કળે ક્યારે થાય લોપ,
જે આવી રીતે પાંડવ
દેહ ત્યાગે— ૯૮

તે કેવળ પરબ્રહ્મ,
જેનું પરમ પુરુષ નામ,
તે મારું નિજ ધામ
થઈને રહે. ૯૯

જે સકળ જ્ઞાનનો અંત
તે બ્રહ્મજ્ઞાનની જે ખાણ,
એવા બ્રહ્મજ્ઞાનીઓની બુદ્ધિ
જેને અક્ષર કહે. ૧૦૦

જે ઝંઝાવાતે ન ભાંગે
તે જ સત્ય આકાશ હોયે,
જો તે હોત અભ્ર યથાર્થે
તો તે ભાંગે શું. ૧૦૧

તેમ જ્ઞાનથી જે જણાયું,
તેનું જ્ઞાન પૂરતું જ આયુ,
જે હોય જ્ઞાનાતીત સહજે
તે જ અક્ષર. ૧૦૨

એટલે વેદવિદ નર
કહે જેને અક્ષર,
જે પ્રકૃતિથી પર
પરમાત્મરૂપ. ૧૦૩

વિષયોનું વિષ છાંડીને,
સર્વેન્દ્રિયો પ્રાયશ્ચિત્તે પખાળીને,
જે સહજ ભાવે વિરાજે
દેહવૃક્ષ તળે. ૧૦૪

આ પ્રમાણે વિરક્ત થઈને
જેની વાટ જુએ નિરંતરે,
જે અભિપ્રેત નિષ્કામ નરને
સર્વદા અરે. ૧૦૫

જેની પ્રકૃતિની પ્રીતિએ,
બ્રહ્મચર્યને સંકટ ન ગણે,
નિષ્ઠુર થઈને નિજ ઇન્દ્રિયો
બનાવે દીન. ૧૦૬

એવું જે પદ
દુર્લભ અને અગાધ,
જેને કાંઠે વેદ
થંભી રહ્યા. ૧૦૭

તે પુરુષ તે પદ પામે
જે એવો પ્રાણલય સાધે,
એટલે કહીશ પાર્થ હવે
તે જ સ્થિતિ. ૧૦૮

ત્યારે અર્જુન કહે : સ્વામી,
હું કરવાનો હતો વિનંતી–
ત્યાં આપે જ કૃપા કરી
તો નિરૂપજો હવે. ૧૦૯

પણ કહેજો સરળ કરીને,
ત્યાં કહ્યું ત્રિભુવનદીપે,
શું ન જાણું તને, સંક્ષેપે
કહીશ અવશ્ય. ૧૧૦

હવે મનની બહિર્મુખતા
અને તૂટે વિષયોની પ્રિયતા,
પછી પ્રવેશે ચિત્ત-ગુફામાં
એવું કરીયે. ૧૧૧

પણ આવું ત્યારે જ ઘડે
જ્યારે સંયમના અખંડે,
બારણાં સર્વ દ્વારે
બંધ થાયે. ૧૧૨

પછી બંધ થયેલું મન સહેજે
હૃદયમાં જ સ્વસ્થ રહેશે,
જેમ કરચરણ ભાંગતાં નર
ઘર ન છોડે. ૧૧૩

તેવું ચિત્ત સ્થિર થયે પાંડવ
પ્રાણોમાં સધાય પ્રણવ,
પછી અનુવૃત્તિપંથે અવાય
બ્રહ્મરંધ્રે. ૧૧૪

ત્યાં આકાશે મળે કે ન મળે,
એમ ધરીયે ધારણાને બળે,
જ્યાં સુધી માત્રાત્રય આથમે
અર્ધબિંબે — ૧૧૫

ત્યાં સુધી તે સમીર
ગગને રાખવો સ્થિર,
પછી તે સંલગ્ન ઓમકાર
બિંબે જ વિલસે. ૧૧૬

તે પળે ઓમકાર ઓસરે
અને ત્યાં જ પ્રાણ શમે,
પછી પ્રણવાતીત રહે
એક પૂર્ણઘન. ૧૧૭

એટલે પ્રણવ એક જ નામ
તે એકાક્ષર બ્રહ્મ,
જે મારું સ્વરૂપ પરમ
સ્મરણ કરે. ૧૧૮

સ્મરણ કરીને ત્યજે દેહ
તે પામે મને નિ:સંદેહ,
જે પ્રાપ્તિ કરતાં વરિષ્ઠ
અન્ય પ્રાપ્તિ નથી. ૧૧૯

હવે અર્જુન જો કદાચ
ઊપજે ચિત્તે એવો વિચાર —
કે સ્મરણ કેવી રીતે થાય
અંતકાળે. ૧૨૦

ઇન્દ્રિયોનો વ્યાપાર થંભે,
જીવનનું સુખ વિલાયે,
અને ભીતર-બહાર ઊમટે
ચિહ્નો મૃત્યુનાં. ૧૨૧

તે વેળા બેસી રહેવું કવણે,
પછી નિરોધી થવું કવણે,
અને કયા અંત:કરણે
પ્રણવ સ્મરવો. ૧૨૨

તોય એવો થાય સંશય,
અંત:કરણે ન આપે અવસર,
જે ભજે જીવનભર તેનો
સેવક હું મૃત્યુસમયે. ૧૨૩

જેણે વિષયોને તિલાંજલિ આપી,
પ્રકૃતિને બેડી નાખી,
મને જ હૃદયે રાખી
ભજે અખંડિત. ૧૨૪

આત્મસુખ ભોગતાં ન થાય તૃપ્ત
એટલે ક્ષુધા-તૃષા ન કરે સંતપ્ત,
ત્યાં ચક્ષુરાદિ ઇન્દ્રિયો અન્ય
નગણ્ય જાણ. ૧૨૫

એમ નિરંતર એકનિષ્ઠ
જે અંત:કરણે મુજમાં લિપ્ત,
ને આરાધે થઈ મદ્રૂપ
સર્વદા અરે. ૧૨૬

તેના દેહાવસાનકાળે
તે મુજને સ્મરે,
પછી જો હું મળું તેને
તો ઉપાસના જ વ્યર્થ. ૧૨૭

કદી રંક કોઈ એક સંકટે
કાકલૂદી કરી ધાય ધાય કહે—
તો તેના દુખેય ધાવવું પડે
શું ન મારે. ૧૨૮

જો ભક્તની હોય તે દશા
તો ભક્તિના મહિમા કેવા,
એટલે રાખે ના ધ્વનિ એવા
નિજ હૃદયે. ૧૨૯

તે જ્યારે મને સંભારે
ત્યારે જ જો પહોંચવું મારે,
તે ઋણભાર પણ આ જીવે
સહેવાય ના. ૧૩૦

જોઈને પોતા ઉપરનું ઋણ—
તેમાંથી થવા મથું ઉત્તીર્ણ,
ભક્તના દેહત્યાગની વેળાયે
પરિચર્યા કરું. ૧૩૧

દેહ વિકળતાના વાયરા
અડકશે તે સુકુમારા,
એટલે આત્મબોધના પાંજરે
સુવાડું તેને. ૧૩૨

મુજ સ્મરણની શીળી
જે સુખદ થશે છાંયડી,
તે માથે ધરીને જાગૃતિ
આપું આત્મબોધની. ૧૩૩

એટલે દેહાંતનું સંકટ
મારા ભક્તને ન પડે વિકટ,
હું સ્વજનને આણું નિજ ધામ
સુખપૂર્વક. ૧૩૪

દેહનું અવગુંઠન ફેડી,
અહંકારની રજ ખંખેરી,
સકળ વાસના શુદ્ધ કરી
મેળવું મદ્રૂપે. ૧૩૫

અને ભક્તને પણ દેહે
વિશેષ ઐક્યભાવ ન હોયે,
એટલે દેહત્યાગની ઘડીયે
ન સાલે વિયોગ. ૧૩૬

અથવા દેહાંતે જ હું આવું,
પછી ભક્તને મુજમાં મેળવું,
એ પણ સ્વભાવે ન હોવું
કેમ કે મળેલા જ મુજમાં. ૧૩૭

અથવા શરીર-સલિલે
હોવાપણું જ પ્રતિબિંબે,
ચન્દ્રિકા તો દેખ વિલસે
ચંદ્ર માંહે. ૧૩૮

એવા જે નિત્યયુક્ત
તેમને હું સુલભ સતત,
એટલે દેહાંતે નિશ્ચિત
મદ્રૂપ થાયે. ૧૩૯

પછી કલેશ-તરુની વાડી—
જે ત્રિવિધ તાપની સગડી,
તે મૃત્યુકાકનો બલિ
છોડ્યો તેણે. ૧૪૦

જે દૈન્યને ઉપજાવે,
જે મહાભયને વધારે,
જે સકળ દુઃખોનું અરે
મૂળ કારણ. ૧૪૧

જે દુર્મતિનું મૂળ,
જે કુકર્મોનું ફળ,
જે વ્યામોહનું કેવળ
સ્વરૂપ જ હોયે. ૧૪૨

જે સંસારનું વસતિસ્થાન,
જે વિકારોનો ઉદ્યાન,
જે સકળ વ્યાધિઓનો થાળ—
જાણ પીરસ્યો. ૧૪૩

જે કાળનો એઠવાડ,
જે આશાનું રહેઠાણ,
જન્મમરણની વહેતી વાટ
સ્વભાવે જે. ૧૪૪

જે ભ્રમોથી ભરિત,
જે વિકલ્પોથી રસિત,
કિંબહુના ભોંયરું
વીંછીઓનું. ૧૪૫

જે વ્યાઘ્રોનું ક્ષેત્ર,
જે વારાંગનાનો મિત્ર,
જે વિષયવિજ્ઞાનયંત્ર
સુપૂજિત. ૧૪૬

જે ડાકણની મમતા
વિષમેળવ્યો જળઘૂંટા,
જે દેખાયે વિશ્વાસુ
પણ સંગચોર. ૧૪૭

જે આલિંગન કોઢિયાનું,
જે માર્દવ કાળસર્પનું,
જે સહજ ગાયન ઠગારું
પારધી તણું. ૧૪૮

જે વેરીનું આતિથ્ય,
જે દુર્જનોનો આદર,
એ તો છે સાગર,
રહેવા દે, તે સર્વ અનર્થોનો. ૧૪૯

જે સ્વપ્ને દેખ્યું સ્વપ્ન,
જે મૃગજળે આભાસિત વન,
જે ધૂમ્રરજનું ગગન
ઢળાયેલું. ૧૫૦

એવું જે આ શરીર
તે ફરીથી ન પામે તે નર,
જે થઈ રહ્યો અપાર
સ્વરૂપ મારું. ૧૫૧

એટલે બ્રહ્મલોક પામવા છતાંયે
પુનર્જન્મના ફેરા ન ચૂકે,
પણ જેમ પેટ ન દુઃખે
મૃત મનુષ્યનું. ૧૫૨

અથવા જાગ્રત થયા પછી અરે
ન બૂડીયે સ્વપ્નના મહાપૂરે,
તેમ મને પામે જે સંસારે
લિપ્ત ન થાયે. ૧૫૩

પછી બ્રહ્માંડના શિરોભાગે
જે ચિરસ્થાયીની સીમાએ,
તે બ્રહ્મભુવનની ટોચે
ત્રૈલોક્યના. ૧૫૪

જે ગ્રામે એક પ્રહર પણ
ન ટકે અમરેન્દ્રનું જીવન,
થાય દિવસમાં એક પછી એક
ચૌદ ઇન્દ્રો. ૧૫૫

જ્યારે સહસ્રે ચતુર્યુગ જાયે
ત્યારે દિવસ એક ગણાયે,
વહી જતાં ચતુર્યુગ સહસ્રો
ગણાય એક રજની. ૧૫૬

એવડાં અહોરાત્ર જ્યાં
જે ન મૃત્યુ પામે ત્યાં—
તે ગણાય ચિરંજીવ
સ્વર્ગલોકના. ૧૫૭

બીજા સુરગણોની નવાઈ
વિશેષે કહેવી કેવી અહીં,
માત્ર ઇન્દ્રની દશા જોવી
જે દિવસના ચૌદ. ૧૫૮

પણ બ્રહ્મના આઠ પ્રહરોને
જે નિરંતર નેત્રે દેખે,
તેવા જ કહેવાયે પાર્થ
અહોરાત્રવિદ. ૧૫૯

તે બ્રહ્મભુવને જ્યારે દિવસ થાયે
તે વેળા ગણના ક્યાં ન સમાયે,
એવું અવ્યક્તમાંથી ઊપજે
વ્યક્ત વિશ્વ. ૧૬૦

પછી વીતતા ચાર પ્રહર,
ઓસરે તે આકારસાગર,
ફરી પાછું ફૂટે પરોઢ
ત્યારે પ્રસરવા માંડે. ૧૬૧

શરદઋતુને પ્રવેશે
અભ્રો વિલાયે આકાશે,
પછી જેમ ગ્રીષ્મને અંતે
ફરી જન્મે. ૧૬૨

તેમ બ્રહ્મ દિવસના આરંભે
આ ભૂતસૃષ્ટિ સકળે—
રહે જ્યાં સુધી ઉત્કર્ષ પામે
હજારો ચતુર્યુગ. ૧૬૩

પછી રાત્રિનો અવસર આવે,
વિશ્વ અવ્યક્તમાં લય થાયે,
તે પણ યુગસહસ્ર ટકે,
પાછું વ્યક્ત થાયે. ૧૬૪

આ ઉપપત્તિનું કારણ હોયે-
કે જગતનાં ઉત્પત્તિલય થાયે,
આ બ્રહ્મભુવનનાં
અહોરાત્રિમાં. ૧૬૫

જુએ કેવી બ્રહ્મલોકની મહત્તા,
સૃષ્ટિબીજનો ભંડાર હોવા છતાં,
તેના સુધી પુનરાવૃત્તિનાં ફીણ
પહોંચે અરે. ૧૬૬

આમ તો ત્રણે લોક ધનુર્ધર
બ્રહ્મલોકનો જાણ પ્રપંચ,
તે દિનઉદયે એકસરખો
ઊભરતો રહે. ૧૬૭

પછી રાત્રિનો સમય થાયે
આપમેળે સંકેલાઈ જાયે,
એટલે જ્યાં ને ત્યાં સમાયે
સ્વભાવે સહજ. ૧૬૮

જેમ બીજમાં પણ વૃક્ષ આવે,
અથવા મેઘ ગગન થાયે,
તેમ અનેકત્વ જ્યાં સમાયે
તે જ સામ્યદશા. ૧૬૯

ત્યાં સમવિષમ ન હોયે,
એટલે ભૂતસંજ્ઞા ન અપાયે,
દૂધ જ્યારે દહીં થાયે
ત્યારે નામરૂપ વિલાયે. ૧૭૦

તેમ આકાર દીઠો ન દીઠો થાયે,
જગતનું જગપણું ભ્રંશે,
તે લોપ થાયે જે તત્ત્વ માંહે—
તે જેમનું તેમ. ૧૭૧

ત્યારે તેનું નામ સહજ અવ્યક્ત,
અને આકારે આવે તે વ્યક્ત,
પણ આ શબ્દો પરસ્પર સાપેક્ષ
યથાર્થે બેય નાહીં. ૧૭૨

જેમ ઘડાયે રૂપે
ઘડતર ખોટું કહેવાયે,
પછી ઘનાકાર વિલાયે
અલંકાર થાતાં. ૧૭૩

આ બન્ને પ્રક્રિયાઓ થાયે
એક સાક્ષીભૂત કનક માંહે-
તેમ વ્યક્ત-અવ્યક્ત સઘળે
થાય પરબ્રહ્મે. ૧૭૪

બ્રહ્મ નથી વ્યક્ત ન અવ્યક્ત,
નિત્ય ના નાશવંત,
તે બન્ને ભાવોથી અતીત
અનાદિ સિદ્ધ. ૧૭૫

તે વિશ્વરૂપ થઈને વિહરે,
પણ વિશ્વનાશે તે ન નાશે,
અક્ષરો ભૂંસાઈ જતાં જેમ
ન ભૂંસાયે અર્થ. ૧૭૬

જો ભા, તરંગ પણ થાયે ને જાયે,
પણ ત્યાં ઉદક તો અખંડ હોયે,
તેમ ભૂતોના અભાવે ન નાશે
અવિનાશી તે. ૧૭૭

અથવા અલંકારો ઓગળતાં
ન ઓગળે કનક જેમ,
તેમ જીવનો આકાર મરતાં
અમર તત્ત્વ ના મરે. ૧૭૮

અવ્યક્ત કહીયે જેને કોડે
તે તેની સ્તુતિ ન ગણાયે,
કેમ કે તે ક્યારેય ન સાંપડે
મનબુદ્ધિ વડે. ૧૭૯

અને આકારે આવે તોયે
તેની નિરાકારતા ન નાશે,
તેમ આકારલોપે ન વિલાયે
નિત્યતા અરે. ૧૮૦

એટલે જેને અક્ષર કહીયે
તેના ઉચ્ચારણે જ બોધ ઊપજે,
જેનાથી પર અવકાશ ન હોયે
એટલે પરમગતિ. ૧૮૧

એટલે આ દેહનગરીએ
તે સુષુપ્તની જેમ નિવસે,
જે વ્યાપાર કરે ન કરાવે
એટલે અરે. ૧૮૨

એટલે જે શરીરચેષ્ટા—
તેમાંથી એક પણ ન બંધ પડે સુભટા,
દશેય ઇન્દ્રિયો વહે સદા
નિજ નિજ વાટે. ૧૮૩

વિષયોના હાટ માંહે
મનનું ચૌટું હોયે,
એટલે તે રાજભાગ પામે
સુખદુ:ખનો. ૧૮૪

રાજા જો સુખે પોઢે—
પ્રજાનો વ્યાપાર તોય ચાલે,
તે પોતપોતાના અભિલાષે
પ્રવર્તે નિત્ય. ૧૮૫

તેમ બુદ્ધિનું અરે જાણવું
કાં મનનું લેવુંદેવું,
ઇન્દ્રિયોનું કામ કરવું
કે સ્ફુરણ વાયુનું. ૧૮૬

આ દેહક્રિયા સકળ
ન કરતાં થાય સુંદર,
જેમ ન ચલાવે સૂરજ
તોય લોક ચાલે. ૧૮૭

અર્જુન એટલે તેણી પેરે
સૂતો છે જે આ શરીરે,
એટલે તે પુરુષ કહેવાયે
સાંભળ અરે. ૧૮૮

અને પ્રકૃતિ રાખે પતિવ્રત,
જે તેને આપે એકપત્નીવ્રત,
આ કારણે પણ તેને
પુરુષ કહીયે. ૧૮૯

વેદોનું અનેકત્વ પણ
સ્પર્શી ન શકે જેનું પ્રાંગણ,
જે હોય સ્વરૂપે આચ્છાદન
ગગનનું અરે. ૧૯૦

એવું જાણીને યોગીશ્વર
જેને કહે પરાત્પર,
જે અનન્ય ભક્તનું ઘર
પોતે જ શોધે. ૧૯૧

જે કાયા-વાચા-મને
ન સાંભળે બીજી વાતને,
એવા એકનિષ્ઠો કાજે હોયે
સુક્ષેત્ર જે. ૧૯૨

એ ત્રૈલોક્ય જ પુરુષોત્તમ—
એવો સાચો જેનો મનોધર્મ,
તે આસ્તિકનો વિશ્રામ
પાંડવ જે. ૧૯૩

જે નિગર્વનું ગૌરવ,
જે નિર્ગુણનું જ્ઞાન,
જે સુખ તણું સામ્રાજ્ય
નિરિચ્છોનું. ૧૯૪

જે સંતુષ્ટો માટેનું ભોજન,
જે નિશ્ચિત નિર્બળનું માતૃસ્થાન,
જ્યાં જવા એક જ સરળ વાટ
ભક્તિની અરે. ૧૯૫

આ એક એક કહેવું વ્યર્થ,
તેથી વળવાનું શું ધનંજય,
જે સ્થાને જવાથી પળમાં
થવાયે તદ્રૂપ. ૧૯૬

શીતળ પવનની લહરે
જેમ ગરમ જળ ઠંડું પડે,
કાં સૂર્ય આવે સામે
તમ પ્રકાશ થાયે. ૧૯૭

તેમ સંસાર જે ગ્રામમાં
ગયા પછી પાંડવ-
થઈ જાયે સકળ
મોક્ષરૂપ. ૧૯૮

જેમ અગ્નિમાં જે હોમાયે
તે ઇંધન અગ્નિરૂપ થાયે,
પછી કરી ન શકાય વેગળે
કાષ્ઠત્વ એનું. ૧૯૯

અથવા સાકરને ક્યારે પણ
બુદ્ધિમંતો કરવા મથે તોપણ
ન થાય શેરડી જેમ,
હે પાંડુસુત. ૨૦૦

લોખંડ કનક થયું
તે એક પારસસ્પર્શે બન્યું,
હવે તે કેમ થાય પાછું
લોખંડ કહો. ૨૦૧

એટલે ઘૃત થયા પછી
તેનું દૂધ ન થાય ફરી,
તેમ જેને પામતાં પછી
નથી પુનર્જન્મ. ૨૦૨

તે મારું પરમ
સાચે જ નિજ ધામ,
એ અંતરનો મર્મ
દેખાડું તને. ૨૦૩

તેમ બીજા એક પ્રકારે
આ જાણવું અતિ સરલે રે,
કે દેહાંતને અવસરે
જ્યાં જઈ મળે યોગી. ૨૦૪

અથવા અકસ્માત્ એવું ઘડે
જે અકાળે દેહ છોડે,
પછી તેને આવવું પડે
માનવદેહે. ૨૦૫

એટલે ઉચિત કાળે દેહ છાંડે
તો તત્ક્ષણે બ્રહ્મ થાયે,
અને જો અકાળે વિલાયે
તો પાછો ફરે સંસારે. ૨૦૬

સાયુજ્ય અને પુનર્જન્મ
બન્નેનો કાળ જે નિયત,
તે કહીશ હવે તને
આ પ્રસંગે. ૨૦૭

તો સાંભળ રે સુભટ,
જ્યારે આવે મરણ ઉન્માદ—
ત્યારે નીકળે પંચમહાભૂત
નિજ નિજ પંથે. ૨૦૮

જ્યારે પ્રયાણકાળ આવી પડે
ત્યારે બુદ્ધિ ભ્રમિત ન થાયે,
બુદ્ધિને અંધાપો હોયે,
ન મરે મંન. ૨૦૯

આ ચેતન વર્ગ સકળ
મરણકાળે દીસે ઉલ્લસિત,
જો અનુભવાય બ્રહ્મભાવ
બાહ્યાંતરે. ૨૧૦

એવો જે સાવધાન સમભાવ,
તેનો નિર્વાણ સુધી નિર્વાહ,
થાશે જો હશે સાનુકૂલ
અગ્નિતત્ત્વ. ૨૧૧

જુઓ વાયુ અથવા ઉદકે
જો દીવાનું દીવાપણું લોપે—
તો હોય છતાંય શું જુએ
દૃષ્ટિ આપણી. ૨૧૨

તેમ દેહાંતે વિષયવાતે
દેહમાં સબાહ્ય કફ વ્યાપે,
તે તેજને નહીંવત્ કરે
અગ્નિના ત્યારે. ૨૧૩

ત્યારે પ્રાણમાં પ્રાણ ન હોયે
ત્યાં બુદ્ધિ હોઈનેય શું કરે,
એટલે અગ્નિવિણ દેહે
ચેતના ન રહે. ૨૧૪

અરે દેહનો અગ્નિ શમાયે
તો દેહ કેવળ ગારો થાયે,
અને અંધારે જીવન જુએ
મૃત્યુની વાટ. ૨૧૫

અને બ્રહ્માનુભવ પહેલાંના
જો જળવાયે તે ક્ષણમાં,
તો જ શરીર પડતાં મળાયે
બ્રહ્મરૂપે. ૨૧૬

ત્યારે તો દેહ કફના કાદવે
સર્વ ચેતના ડૂબી જાયે,
ત્યાં પૂર્વાપરની વિલાયે
સ્મૃતિ સકળ. ૨૧૭

એટલે કર્યો હતો જે અભ્યાસ
તેનો મરણપૂર્વે થયો હ્રાસ,
જેમ જોતાં પહેલાં નિજ નિધાન
દીપ લોપે. ૨૧૮

હવે રહેવા દે આ સકળ,
જાણ કે અગ્નિ જ્ઞાનનું મૂળ,
તે અગ્નિનું પ્રમાણે બળ
જોઈએ સંપૂર્ણ. ૨૧૯

અંદર અગ્નિજ્યોતિનો પ્રકાશ,
બહાર શુક્લપક્ષ અને દિવસ,
અને કોઈ એક સુંદર માસ
ઉત્તરાયણનો. ૨૨૦

આવા સર્વ યોગ સંયોગ સાધે
ત્યારે જ નિજ દેહ ત્યાગે,
તે બ્રહ્મરૂપ થાયે
બ્રહ્મવિદ અરે. ૨૨૧

હવે ધનુર્ધર અવધારજે
એટલું સામર્થ્ય આ કાળે,
તેમ જ આ યોગમાર્ગ નિજ ધામે
લઈ જાયે. ૨૨૨

અહીં અગ્નિ એ પ્રથમ પગથિયું,
જ્યોતિર્મય એ બીજું,
દિવસ જાણ ત્રીજું,
ચોથું શુક્લપક્ષ. ૨૨૩

અને છ માસ ઉત્તરાયણ,
એ ઉપરનાં હોય સોપાન–
તેનાથી સાયુજ્યસિદ્ધિ-સદન
પામે યોગી. ૨૨૪

આ ઉત્તમ કાળ જાણીએ,
આને અર્ચિરાદિ માર્ગ કહીએ,
હવે અકાળ કયો તેય સહજે
કહીશ તને. ૨૨૫

જો પ્રયાણને અવસરે
વાયુકફ સભર ભરે,
જેથી અંધારું અંતઃકરણે
સઘન દાટે. ૨૨૬

સર્વેન્દ્રિયો કાષ્ઠ થઈ પડે,
સ્મૃતિ ભ્રમમાં ડૂબે,
મન અમનસ્ક થાયે
પ્રાણ રુંધાયે. ૨૨૭

અગ્નિનું અગ્નિપણું જાયે
પછી ધૂમ્રની અવધિ હોયે,
તેથી ચેતના ઢંકાયે
શરીર તણી. ૨૨૮

જેમ ચંદ્ર આડે અભ્ર
સભર સઘન સજળ,
પછી અંધાર ના ઉજાસ,
એવું ધૂંધળું હોયે. ૨૨૯

કાં ના મરે ના સાવધ,
એવું જીવિત થાયે સ્તબ્ધ,
જીવનમરણ ઉભય સજ્જ
સીમારેખાએ. ૨૩૦

મન-બુદ્ધિ-ઇન્દ્રિયોની આવી દશા—
ઘેરાયે સઘન ધૂમ્રે દશ દિશા,
ત્યાં ખોવાય વિસ્મૃતિ-સાગરમાં
કરેલો યોગાભ્યાસ. ૨૩૧

અરે પ્રાપ્તવિદ્યા જ્યાં નાશે
ત્યાં અન્ય લાભનું કોણ વિચારે,
એટલે પ્રયાણકાળે હોયે
આવી દુર્દશા. ૨૩૨

દેહની ભીતરે એવી ગતિ,
બહારે કૃષ્ણપક્ષની રાત્રિ,
અને છ માસોમાં ઉપરે
દક્ષિણાયન. ૨૩૩

પુનર્જન્મોની બધી સામગ્રી
એકત્ર થાયે જેના પ્રયાણે,
તે સ્વરૂપસિદ્ધિની વાતને
કેમ સાંભળે. ૨૩૪

એમ જેનો દેહ પડે
તે યોગી ચંદ્રલોકે જાયે,
ત્યાંથી પાછો વળે
સંસારમાં. ૨૩૫

એમ અકાળ જે પાંડવ
કહ્યો હતો તે આ જ જાણ,
આને જ કહીએ ધૂમ્રમાર્ગ
પુનર્જન્મ-પંથ જે. ૨૩૬

બીજો જે અર્ચિરાદિ માર્ગ
તે વહેતો ને સર્વથા સ્વતંત્ર,
હોયે પાર્થ સુભગ સુંદર
પુનર્જન્મ ન અપાવે જે. ૨૩૭

એવી અનાદિ આ બે વાટ,
એક સરળ, એક આડવાટ,
એટલે બુદ્ધિપૂર્વક સુભટ
દેખાડી તને. ૨૩૮

અરે માર્ગ-અમાર્ગ જાણીયે,
ને સાચું-ખોટું ઓળખીયે,
હિત અને અહિત પરખીયે
સ્વહિત કાજે. ૨૩૯

નાવડી નરવી નિકટે હોયે—
શું અથાગ જળે છલાંગ મરાયે,
સુપંથ હોવા છતાં સમીપે
કોણ જશે આડપંથે. ૨૪૦

જે વિષ-અમૃત ઓળખે
તે શું અમૃતને છાંડી શકે,
તેમ જે ઋજુ વાટ પરખે
તે ન જાયે આડવાટે. ૨૪૧

એટલે સર્વપ્રથમે
પારખીયે ખરેખોટે,
પારખે તે નવ પડે
અકાળે ક્યાંયે. ૨૪૨

નહીં તો દેહાંતે ઘોર વિષમ
એ માર્ગે ભ્રાંતિનો સંભ્રમ,
અને જાય અભ્યાસ વ્યર્થ
જન્મભરનો. ૨૪૩

જો અર્ચિરાદિ માર્ગ ચુકાયે,
ને ધૂમ્રપંથે ઓચિંતાં પડાયે–
તો આવવું પડશે નિશ્ચયે
સંસારપંથે. ૨૪૪

આવા જોઈને આયાસ વિકટ
કેમ નીકળાશે છાંડીને તે વાટ,
એમ વિચારી બન્ને આ માર્ગ
શોધ્યા અમે. ૨૪૫

એટલે એકે બ્રહ્મત્વે જવાયે
અને એકે પુનર્જન્મે અવાયે,
પણ દેહાંતે કયે માર્ગે જવાશે
પ્રારબ્ધવશ. ૨૪૬

દેવ અર્જુનને આગળ કહે,
વ્યર્થ કેમ રહીયે અનિશ્ચયે,
કેમ દેહ ત્યજીને અર્ચિરાદિ માર્ગે
ન થઈયે બ્રહ્મરૂપ. ૨૪૭

એટલે હવે દેહ રહે કે જાયે,
અમે તો કેવળ બ્રહ્મરૂપ છીએ,
કાં જે સર્પ ન ભાસે દોરડે
રજ્જુરૂપ જાણતાં. ૨૪૮

મને તરંગ હોય કે ન હોયે
એવું ઉદકને કદી ન ભાસે,
ગમે ત્યારે ઉદક તો રહેશે
સ્વભાવે ઉદક. ૨૪૯

તે ન જન્મે તરંગો સાથે,
તે ન લોપે તરંગલોપે,
તેમ વિદેહી હોવા છતાં દેહે
રહે બ્રહ્મરૂપ. ૨૫૦

હવે દેહનું તેમના જીવને
ઉપનામ સુધ્ધાં ન હોયે,
તો ત્યાં શું અને કયા સમયે
નાશે તે વિચારીયે. ૨૫૧

પછી માર્ગ કેમ શોધીયે,
કોણ ક્યાંથી કેમ જાયે,
જો દેશકાળાદિ સકળે
હોય બ્રહ્મરૂપ. ૨૫૨

અને શું ઘટ જ્યારે ભાંગે
ત્યારે જ આકાશ યોગ્ય માર્ગે—
બાહ્યાકાશે જઈને મળે
શું તે અન્યથા. ૨૫૩

જુએ કદાચ એવું પણ હોયે
કે માત્ર આકાર વિલાયે,
આકાશ તો આકાશમાં જ હોયે
ઘટત્વ પહેલાં. ૨૫૪

એવા આત્મબોધના સહજ સુખે
માર્ગ-અમાર્ગનું સંકટ ન પડે,
જે સોહંસિદ્ધિમાં વિલસે
યોગીજન. ૨૫૫

આ કારણે પાંડુસુત
તું થઈ જા યોગયુક્ત,
તેથી સર્વકાળે સામ્ય
રહેશે આપમેળે. ૨૫૬

પછી ગમે ત્યાં ગમે ત્યારે,
દેહ રહેશે કે પડશે,
વણસશે નહીં જરાયે
અખંડિત બ્રહ્મભાવ. ૨૫૭

કલ્પાદે જન્મ ન થાયે,
કલ્પાંતે મરણ ન હોયે,
સ્વર્ગ સંસારનાં પ્રલોભને
ફસાયે ન કદી. ૨૫૮

આ બોધે જે યોગી જીવે
તેનો આત્મબોધ સદા પ્રકાશે,
કાં જે વિષયભોગ ઓળંગીને
નિજ રૂપ પામે. ૨૫૯

અરે તે ઇન્દ્રાદિક દેવોને—
તેમના સ્વર્ગસુખ ઐશ્વર્યને
બાજુએ મૂકે ત્યાજ્ય ગણીને
સહજ ભાવે. ૨૬૦

જો વેદાધ્યનનાં પુણ્ય મળે
અથવા જ્ઞાનનાં ખેતરો પાકે,
કે તપદાને સંપદા મળે
સર્વસ્વ તોય. ૨૬૧

આ સકળ પુણ્યોના સુમેળે
જે સુફળો હાથ આવે,
તે સઘળાં ઊણાં ગણાયે
પરબ્રહ્મથી. ૨૬૨

જે નિત્યાનંદની દૃષ્ટિયે
રહે ચઢિયાતું સરખામણીયે,
કહ્યાં વેદયજ્ઞ સાધન સકળે
જેની પ્રાપ્તિ કાજે. ૨૬૩

ન વણસે ન ઓસરે,
ભોગવીએ તેટલું જ વાધે,
ભાવિ મહાસુખનો જાણે
સગોત્ર બંધુ. ૨૬૪

દૃષ્ટ સુખની અપેક્ષાએ
જે અદૃષ્ટ સુખ કહેવાયે,
શતયજ્ઞોએ પણ પ્રાપ્ત ન થાયે
કોઈ કાળે. ૨૬૫

તેને યોગીશ્વર અલૌકિક
તોળે દૃષ્ટિ વડે સકૌતુક,
અને ત્યાં જણાતાં ઊણપ
સહજે ત્યજે. ૨૬૬

પછી તે સુખનું હે પાર્થ
બનાવે તે સોપાન સાર્થ,
અને આરૂઢે સુખપૂર્વક
પરબ્રહ્મપીઠે. ૨૬૭

આવું ચરાચરનું સુભાગ્ય
જે બ્રહ્મેશોએ આરાધવા યોગ્ય,
જે યોગીઓનું એકમાત્ર ભોગ્ય
ભોગનિધાન. ૨૬૮

જે સકળ કળાની કળા,
જે પરમાનંદનાં પૂતળાં,
જે જીવોના જીવનસખા
નિખિલ વિશ્વે. ૨૬૯

જે સર્વજ્ઞતાનું જીવન,
જે યાદવકુળનું કુળદીપન,
તે બોલિયા શ્રીકૃષ્ણ
પાંડુ સુતને. ૨૭૦

આવો કુરુક્ષેત્રનો વૃત્તાંત,
સંજય ધૃતરાષ્ટ્રને નિરૂપત,
તેની હવે સાંભળો વાત
જ્ઞાનદેવો કહે. ૨૭૧

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे तारकब्रह्मयोगो नाम अष्टमोऽध्यायः ॥ ८ ॥

પ્રભુનું પરમ ગૌપ્ય

ગીતાના વ્યાખ્યાનનો આરંભ કરતાં પહેલાં જ્ઞાનેશ્વર મહારાજ પોતાના ગુરુશ્રી નિવૃત્તિનાથને નમન કરે છે. આ નવમા અધ્યાયમાં જે ગુરુનમન મહારાજે કર્યાં છે તે ગૂઢ અને અધ્યાત્મના સત્ત્વથી ભર્યાં ભર્યાં છે. ગુરુકૃપા થશે તો બુદ્ધિમાં અનેક અભિપ્રાયની સ્ફુરણા થશે. ચંદ્રકાંત મણિ ઝરે છે એ વાત સાચી છે. પરંતુ તેને ઝરવાની સ્વાભાવિકતા આપવાની કલા ચંદ્રની છે. તેમ ગીતાનું વ્યાખ્યાન મારી પાસે કરાવવાની શક્તિ ગુરુસ્નેહ અને ગુરુકૃપાનું પરિણામ છે.

ભગવાન વાસુદેવ જ્ઞાનવિજ્ઞાનની વાત અર્જુનને ફરીથી કહે છે. આ પ્રભુના અંતરનું ગૌપ્ય છે. અર્જુન જેવા સુમન, શુદ્ધબુદ્ધિ, અનિંદક અને એકનિષ્ઠ જિજ્ઞાસુ પ્રભુને મળ્યા છે, એટલે જ પ્રભુ પોતાના હૃદયનું ગુપ્ત અને ગૂઢ જ્ઞાન એમને કહે છે. પ્રભુ જાણે છે કે અર્જુન જેવા દૃઢ શ્રદ્ધાથી સાંભળનાર અને સાંભળ્યા પછી તે પ્રમાણે આચરણ કરનાર શ્રોતા મળ્યા છે તેનો ભગવંતને ઘણો સંતોષ છે.

જે ગૂઢ અને ગૌપ્યની વાત પ્રભુ અર્જુનને કહે છે તે જ્ઞાન પ્રત્યેકના હૃદયમાં છે, પરંતુ ગુરુમુખેથી તેનું શ્રવણ કર્યા પછી તે અનુભવમાં આવે છે. કારણ એ શબ્દ જિવાયેલો છે. એટલે એ શબ્દમાં પ્રાણ ભર્યો છે. આમ, પ્રત્યેકના હૃદયમાં આ મહાસુખ પડયું હોવા છતાં બહિર્મુખ લોક વિષયસુખને માર્ગે જાય છે. ગાયના આંચળમાં પવિત્ર અને મધુર દૂધ હોવા છતાં, જળો એ આંચળમાં રહેલું અશુદ્ધ લોહી પીએ છે. તે પ્રમાણે સર્વના હૃદયમાં સુખનું સર્વસ્વ ભગવાન વાસુદેવ હોવા છતાં મૂર્ખ લોક વિષયોને માર્ગે રઝળે છે. આ તો મૃગજળ જોઈને પોતાના મુખમાં રહેલા અમૃતના ઘૂંટડાને થૂંકી નાખવા જેવી મૂઢતા છે.

પ્રભુને પામવા ક્યાંય દૂર જવાની જરૂર નથી. પ્રભુ સર્વવ્યાપી છે. સામે દેખાય છે તે વિશ્વ એમનો જ વિસ્તાર છે. નિરાકાર હોનારા પરમાત્મા માયાનો અંગીકાર કરીને ચિત્રવિચિત્ર વિશ્વાકારમાં આવે છે. વાયુ અને આકાશ મૂળમાં એક છે, પરંતુ પંખો હાલવા-ચાલવાને કારણે વાયુ આકાશથી જુદો દેખાય છે. તે જ પ્રમાણે કલ્પનાની હિલચાલ થતાં પ્રાણીમાત્ર પ્રભુને ઠેકાણે વેગળાં દેખાવા માંડે છે. વિશ્વની ઉત્પત્તિનું કારણ માયા છે. આ માયાનો પ્રભુ સ્વીકાર કરે છે, એટલે જગત ઉત્પન્ન થાય છે તે વાત સાચી; પરંતુ આ ભૂતસૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે પરમાત્મા કશું કરતા નથી, અથવા તો તેઓ તેમને ઠેકાણે નથી. એ જ મહત્ત્વનું રહસ્ય છે. આ રહસ્ય પામવું હોય તો ઇન્દ્રિયોની વિષય તરફની દોડ મૂકીને તેમને અંતર્મુખ કરવી જોઈએ. પરમાત્માનું યથાર્થ સ્વરૂપ ન જાણતાં અજ્ઞાની લોકો ગમે તેટલું શાસ્ત્રાધ્યયન કરે છતાં એ આંધળાના હાથમાં મોતી આપવા જેવું વ્યર્થ છે.

આનાથી ઊલટું દૈવી ગુણો વડે સંપન્ન જે મહાત્મા હોય છે, તેમને સર્વત્ર પરમાત્માની જ પ્રતીતિ થાય છે. અને આશ્ચર્ય તો એ છે કે એવા ભક્ત મહાત્મા, એ અવસ્થાને પામ્યા છતાં પ્રભુની જ સેવા કરે છે. સદાય પ્રભુનું સંકીર્તન કરીને વિશ્વનાં પાતકોને નહીંવત્ કરતાં કરતાં જગતને પુનિત કરે છે. એટલે બ્રહ્મદેવથી માંડીને નિર્જીવ સૃષ્ટિ સુધી પરમાત્માનો જ વાસ છે એવી સમજણથી નમ્ર થઈને સર્વત્ર નમસ્કાર કરવા એ ભક્તનો સહજ સ્વભાવ હોય છે. એટલે જ એ ભક્તો પ્રભુના નિજ રૂપને પામીને ધન્ય થાય છે.

પરમાત્માની ઉપાસનાનો એક બીજો માર્ગ પ્રભુએ દેખાડ્યો છે. ચોથા અધ્યાયમાં કહેલો જ્ઞાનયજ્ઞનો વિચાર. તેનું જ પ્રભુએ જુદે રૂપે નવમામાં પુનરાવર્તન કર્યું છે. દ્વૈતની પ્રતીતિનું કારણ જે અજ્ઞાન છે તેનો હોમ કરીને સર્વ પરમાત્મામય છે અને સર્વત્ર એક જ પરમાત્મા છે એવા એકત્વની પ્રતીતિ આણવી અને જીવવી એ જ્ઞાનયજ્ઞરૂપ ભક્તિનો એક પ્રકાર છે. સ્વપ્નમાંથી જાગ્રત થયેલો માણસ ચિત્ર-વિચિત્ર પદાર્થ પોતે જ હતો એમ જુએ છે, ને જાણે છે; તે પ્રમાણે અજ્ઞાનમાંથી જાગ્રત થયેલો જ્ઞાની ભક્ત, પ્રાણીઓ અને વિષયોને વેગળાં ન જોતાં વિશ્વના એકત્વને જ જુએ છે. આ વાત જ્ઞાની ભક્તોની થઈ. પરંતુ જગતમાં અજ્ઞાનને લીધે ક્રતુ, સ્વધા, મંત્ર, અગ્નિ, આહુતિ — એવાં યજ્ઞનાં નિરનિરાળાં અંગો અને ઉપાંગો દેખાય છે. પરંતુ યથાર્થમાં એ સર્વ પરમાત્મા પોતે છે. સૂર્ય, ચંદ્ર, વેદ એ સર્વ પરમાત્માનાં રૂપો છે. પરમાત્માને જાણવા શ્રીશંકરનું તપ પૂરું પડતું નથી, વેદોની બુદ્ધિનો લાગ લાગતો નથી, લક્ષ્મીનું ઐશ્વર્ય અધૂરું પડે છે; ત્યાં સામાન્ય જીવો, પોતાનાં જ્ઞાન, તપ અને ઐશ્વર્યને બળે પ્રભુને બાંધવા મથે છે એ મૂર્ખતા છે. સાચું તો એ હોવું જોઈએ કે પરમાત્મા ઉપર પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવું જોઈએ. પોતાના ગુણોને ઓવારી નાખવા રહ્યા. અસીમ ભક્તિ-ભાવે ધરેલાં પત્રપુષ્પ પણ પ્રભુને મધુર લાગે છે. આવા જ્ઞાની ભક્તોના જન્મ-મરણના ફેરા ટળી જાય છે.

ભગવંત અર્જુનને કહે છે કે એ અનિત્ય અને દુઃખરૂપ મૃત્યુલોકમાં જન્મ્યા છે. અનેક રીતે જીર્ણ થયેલી આ આયુષ્યનૌકા છે. તે ક્યારે બૂડશે તેનો નેમક્રમ નથી. છતાં આ મૃત્યુલોકના માનવી ખુશખુશાલ વિષયસુખમાં રત રહે છે. આલોક અને પરલોક માટે જે કલ્યાણકારી ધર્મ છે તેને કાજે એક કોડી ખર્ચ કરવા તૈયાર નથી. જેમાં હાનિ છે તેમાં કોટિ રૂપિયા ખર્ચ કરવા તૈયાર રહે છે. એટલે અર્જુનને પ્રભુ કહે છે કે આ અનિત્ય અને દુઃખરૂપ જગતમાં જન્મ લીધો છે એ ધ્યાનમાં રાખીને પ્રભુભક્તિને માર્ગે લાગ.

'મારી ભક્તિ કરવી, મારામાં જ મન સ્થિર કરવું, સર્વત્ર મને જ નીરખવો અને મારું જ અનુસંધાન રાખવું. આવું જો કરીશ તો તું મારી પાસે આવીશ અને સમસ્ત મહાસુખને પામીશ', આવું જે પ્રભુના અંતરનું ગૌપ્ય, નિજગૂઢ તે ભગવાન વાસુદેવે આ નવમા અધ્યાયમાં ભક્તમિત્ર અર્જુનને કહ્યું છે.

અધ્યાય નવમો

રાજવિદ્યા-રાજગુહ્યયોગ

હવે એકાગ્ર ચિત્તે અવધારજો
તેથી સર્વ સુખોને પાત્ર બનજો,
આ મારી શુભ પ્રતિજ્ઞા
સાંભળો એકચિત્તે. ૧

આ નથી પોકળ ગર્જના
સર્વજ્ઞોની આ સભામાં;
એ તો અવધાન આપવા
વિનવણી કોડભરી. ૨

લાડીલાનાં લાડ પુરાયે,
કોડીલાના મનોરથ સરે,
જો માબાપ શ્રીમંત હોયે
આપના જેવાં. ૩

આપની કૃપાદૃષ્ટિની આર્દ્રતાયે
પાંગરી પ્રસન્નતા અંતઃકરણે,
તેની શીળી છાંયડી જોઈને
નિરાંત મુજ શ્રાંતને. ૪

પ્રભુ આપ તો સુખામૃતના કુંડ
એટલે કહું નિજ ઇચ્છા પરમ,
લાડ લડાવવા જો કરું સંકોચ
તો તાપ ક્યાં શમે? ૫

બાળક બોબડા બોલ બોલે,
વાંકાંચૂકાં પગલાં ભરે,
તે જોઈને માતા કૌતુક કરે,
થાય પ્રસન્ન. ૬

તમ સંતોનો પ્રેમ તેવો
કેમે કરી અમ પર થાઓ,
લાડ લડાવું એ ઇચ્છાએ
પ્રેમસભર. ૭

અહો નથી યોગ્યતા નિરૂપવાની
તમ જેવા સર્વજ્ઞ શ્રોતા પ્રતિ,
શારદાપુત્રોને કહો કાંઈ
ભણવું પડે. ૮

જો આગિયો તેજસંપન્ન હોયે
તોયે સૂર્યપ્રકાશે ન ઝબકે;
અમૃતના ટાટે પિરસાયે
એવાં પકવાન ક્યાં. ૯

અરે હા, ચંદ્રને વીંજણો નાખવા
કે નાદને સ્વરો સંભળાવવા,
અને અલંકારોને અલંકારવા
એવું બને કયાંય. ૧૦

કહો, પરિમલે શું સૂંઘવું,
સાગરે ક્યાં જઈ નાહવું,
ગગને શેમાં જઈ સમાવું
કહો જોઉં. ૧૧

તેમ આપ અવધાન આપો,
અને સ્વમુખે પ્રશંસા કરો,
એવું વક્તૃત્વ કોણ લાવે
જેથી રીઝો તમે. ૧૨

પણ જે રવિ વિશ્વને પ્રકાશે
તેની આરતી શું ન કરાયે,
કે સાગરને અર્ઘ્ય ન આપીએ
સાગરજળે. ૧૩

પ્રભુ! તમે મહેશના વિગ્રહો,
હું અર્ચના-ભક્તિ કરું દૂબળો,
શું ન તે પૂજા સ્વીકારશો
મુજ રંકની. ૧૪

બાળક પિતાની સાથે જમે
અને પિતાને જ જમાડે,
ત્યારે સંતોષથી વેગે
મુખ આગળ ધરે. ૧૫

તેવી જ હું તમ પ્રતિ
વાચાળતા કરું બાળમતિ,
તો તમે સંતોષજો એ રીતિ
પ્રેમની હોયે. ૧૬

અને તેને આપણાપણાને મોહે
તમે સંતો સ્વીકારો બહુયે,
એટલે લાડલાપણાનો ન હોયે
અભાર તમને. ૧૭

તરસ્યાં વાછરું લાગતાં આંચળે
ગાયમાતાને અધિક પાનો ફૂટે,
તેમ રોષે પ્રેમ બેવડાયે
લાડલાં પ્રતિ. ૧૮

એટલે મુજ બાળકના બોલે
તમારું કૃપાળુપણ જે નિંદે—
તે જાગ્રત થયું જાણીને
હું બોલિયો. ૧૯

નહીં તો ચાંદનીને શું પકવીએ,
કે વાયુને પરાણે વહાવીએ,
શું ગગનને આવરણે ઢાંકીએ,
આપ જ કહો. ૨૦

પાણીને પાતળું ન કરાયે,
માખણે મથણી ન ફેરવાયે,
શબ્દ જ્યાં સલજ્જ પાછો વળે
જોઈને જેને. ૨૧

શબ્દબ્રહ્મ જ્યાં નિવૃત્ત થાયે,
શબ્દો નિજમાં નિરાંતે વિલાયે,
તે ગીતાર્થ મરાઠીમાં બોલિયે
એવી યોગ્યતા ક્યાં. ૨૨

એવું હોવા છતાં સાહસ કર્યું,
કેમ કે હૃદય આશાએ ભર્યું—
કે સાહસ વડે પ્રેમ પામશું
સંતજનોનો. ૨૩

તો હવે ચંદ્ર કરતાં પણ શીતળ,
અમૃત કરતાં પણ સંજીવક,
તેને અવધાને કરો સંપૂર્ણ
મનોરથ મારો. ૨૪

આપની કૃપાદૃષ્ટિ વરસશે
ત્યાં સકળાર્થ સિદ્ધિ ઊતરશે,
નહીં તો જ્ઞાનનો ઉન્મેષ સૂકશે—
આપ જો ઉદાસીન. ૨૫

હવે સહજે તમે સાંભળો.
જે અવધાન વક્તૃત્વનો ધારો—
તે મળતાં નીકળશે અક્ષરો
પ્રમેય સહિત. ૨૬

અર્થ બોલની વાટ જુએ
ત્યાં અભિપ્રાય જ અભિપ્રાયને પ્રસવે,
અને ભાવની પુષ્પવૃષ્ટિ થાયે
બુદ્ધિ ઉપરે. ૨૭

એટલે સંવાદનો સુવાયુ ઢળે
ત્યારે હૃદયાકાશે બ્રહ્મવિદ્યા વરસે,
અને જો શ્રોતા દુશ્ચિત્ત હોયે
તો રસ વિલાયે. ૨૮

અહો ચંદ્રકાંત સાચે જ દ્રવે,
પણ તે કલા ચંદ્ર પાસે જ હોયે,
એટલે વક્તા તે વક્તા ન હોયે
શ્રોતા વિના. ૨૯

હવે અમને માની લ્યો મધુર
એવું વિનવતું હોયે શું અન્ન,
કઠપૂતળીઓ કંઈ પ્રાર્થના કરે
સૂત્રધારને. ૩૦

તે શું પૂતળીઓ કાજે નચાવે,
કે પોતાનું કલાકૌશલ દાખવે,
એટલે અમારે પડવું આ પંચાતે
શા કાજે. ૩૧

ત્યારે શ્રીગુરુ કહે શું થયું,
આ સમસ્ત અમે સાંભળ્યું,
હવે કહે જે નિરૂપ્યું
શ્રીકૃષ્ણદેવે. ૩૨

અહીં સંતોષાયા નિવૃત્તિદાસ,
જી જી બોલ્યા સોલ્લાસ,
અવધારો હવે શ્રીકૃષ્ણ,
બોલતા થયા. ૩૩

હવે આ બીજ અર્જુન
કરીશ તુજ સમીપ નિરૂપણ,
હૃદયે નિવસતું ગુહ્યગૂઢ
સકળ જીવો તણું. ૩૪

આ પ્રકારે પ્રાણીનું હાર્દ ઉકેલવું,
પછી એનું રહસ્ય મને કેમ કહેવું,
જો સ્વભાવવશ કાંઈ એવું
ઉદ્‌ભવશે તુજ ચિત્તે. ૩૫

તો સાંભળ હે પ્રાજ્ઞા,
તું શ્રદ્ધાની જ સંજ્ઞા,
મારી કહેલી વાતની અવજ્ઞા
તું કદી ન કરે. ૩૬

એટલે ગુહ્યનું ગૂઢપણું મોડો,
વળી ન બોલવું તે બોલવું પડો,
પણ મુજ અંતરનું પડો
તુજ અંતરે. ૩૭

અરે સાચે જ દૂધ સ્તને હોયે
પણ તેનું માધુર્ય સ્તન ન જાણે,
એટલે અપત્યની ક્ષુધા કાજે
માતા જ આતુર. ૩૮

કોઠીમાંથી બીજ કાઢ્યાં,
ને ફલદ્રુપ ભૂમિમાં વાવ્યાં,
તો વ્યર્થ વીખરાયાં
ઓછું કહેવાય કંઈ. ૩૯

એટલે જે સુમન ને શુદ્ધમતિ,
જે અનિંદક અનન્ય ગતિ,
કહેવું ગુપ્ત પણ તેના પ્રતિ
સુખપૂર્વક. ૪૦

હવે પ્રસ્તુત આ ગુણોયુક્ત
કોઈ અન્ય નથી તારા વિણ,
એટલે ન રખાય કાંઈ ગુપ્ત
તારાથી અરે. ૪૧

વારે વારે કહું ગુહ્યગુપ્ત
તને કંટાળો આવ્યો હશે ખચીત,
એટલે નિરૂપીશ હવે જ્ઞાન-
વિજ્ઞાન સહિત. ૪૨

પણ કહેવાશે વિવેકયુક્ત,
જ્યાં ખરુંખોટું સંમિશ્રત,
ત્યાં પારખીને કરાયે ભિન્ન
ખરુંખોટું. ૪૩

કાં સાણસી કરીને ચાંચની
રાજહંસ સેવે પયપાણી,
તેમ જ્ઞાનવિજ્ઞાનની વિભાગણી
કરી આપીશ. ૪૪

પછી પવનની ધારે
છોડાં જેમ ઊડી જાયે,
અને ધાન્ય એક થઈ રહે
આપમેળે. ૪૫

તેવું જાણતાં જે જ્ઞાન
મૂકે સંસારને યથાસ્થાન,
સાધકને આપે સિંહાસન
મોક્ષલક્ષ્મીનું. ૪૬

જે જાણવા યોગ્ય વિવિધ વિદ્યા
તેમાં જેને અપાય આચાર્ય સંજ્ઞા,
સકળ ગુહ્યવિદ્યામાં વરિષ્ઠા
પાવક શ્રેષ્ઠ જે. ૪૭

અને ધર્મોનું જે નિજ ધામ,
તેમ જ ઉત્તમોમાં ઉત્તમ,
જેને પામતાં નહીં કામ
જન્માન્તરોનું. ૪૮

જ્યારે ગુરુમુખે ઉદય પામે
ત્યારે નિજ હૃદયે સહજે દેખાયે,
સ્વયંભૂ તત્ત્વનો પ્રત્યય ઊપજે
આપમેળે. ૪૯

તેમ જ અરે સુખોને સોપાને
ચડીને આવતાં જેહના મિલને,
અને મિલન થતાં જ્યાં સમાયે
ભોક્તાપણું. ૫૦

અને ભોગના આ જ તીરે
ચિત્ત ઊભું વિપુલ સુખભરે,
એવા સહજ સુલભ સ્વભાવે
પરબ્રહ્મ. ૫૧

પણ બીજીયે વિશેષતા હોયે
જે પ્રાપ્ત થયે કદી ન ખોવાયે,
અને અનુભવે ઓછું ન થાયે,
ન વણસે કદી. ૫૨

અહીં જરી જો તું તાર્કિકા,
કદાચિત્ કરીશ જો શંકા-
કે આવી વસ્તુની ઇચ્છા
લોકો કેમ ના કરે. ૫૩

મેળવવા એક પણ મુદ્રા
અગનઝાળે મારે ભૂસકા,
તે આત્મમાધુરી અનાયાસે
કેમ છોડે. ૫૪

તો પવિત્ર અને રમ્ય,
તેવી જ સુખોપાયે ગમ્ય,
વળી સુખમય પરમ ધર્મ્ય,
જે કરાવે આત્મમિલન. ૫૫

આવું સર્વ પ્રકારે ઉત્તમ હોયે
તે લોકો તેની પ્રાપ્તિ શં ન કરે,
આવી શંકા નિશ્ચિત આવે
પણ ધરવી ન તારે. ૫૬

જુઓ દૂધ પવિત્ર અને મધુર,
પણ તેને ત્વચાના પાલવની આડ,
તે અવહેલીને એ બગાઈ
અશુદ્ધ જ સેવે. ૫૭

કાં કમલકંદ અને દર્દુર—
બન્નેનું છે એક જ ઘર,
ત્યાં પરાગ સેવે ભ્રમર,
દર્દુર કાદવે રહે. ૫૮

અથવા અભાગીને ગૃહે
હજારો હેમમુદ્રા હોયે,
પણ ત્યાં જ બેસીને ફાકા કરે
તે જન્મદરિદ્ર. ૫૯

તેવો હૃદયમાં હું રામ,
રહું સર્વ સુખનો વિશ્રામ,
પણ ભ્રાંતોને ઊપજે કામ
વિષયો પરે. ૬૦

મૃગજળ દેખાતાં આંખે
જે સેવેલું અમૃત વમન કરે-
તે છાંડીને પારસ, બાંધે ગળે
છીપલી મોહે. ૬૧

અહંમમતાથી ખરડાયે
અભાગી તે મને ન પામે,
એટલે જન્મમરણને બન્ને તટે
ભમ્યા કરે તે. ૬૨

નહીં તો હું છું કેવો,
મુખ સન્મુખ ભાનુ જેવો,
હું ન હોઉં કોઈ સ્થાને
એવું નથી. ૬૩

મારા વિસ્તારે સહજે
જગત એ સંજ્ઞા અપાવે,
જેમ દૂધ મેળવતાં સ્વભાવે
થાય દધિરૂપ. ૬૪

અથવા બીજમાંથી તરુવર,
કે કનકમાંથી અલંકાર,
તેવો મુજ એકનો વિસ્તાર,
તે જ આ જગત. ૬૫

આ જાણે અવ્યક્તપણું થીજ્યું
તે જ પછી વિશ્વાકારે નીપજ્યું,
તેમ અમૂર્ત મૂર્તે મેં વિસ્તારિયું
ત્રૈલોક્ય જાણ. ૬૬

મહાદિથી દેહ પર્યન્ત
આ અશેષ ભૂતજાત,
અરે મુજમાં પ્રતિબિંબિત,
જેમ જળે ફીણ. ૬૭

પણ તે ફીણમાં જોતાં
જેમ જળ ન દીસે પાંડુસુતા,
તેમ સ્વપ્નની અનેકતા
જાગતાં ન હોયે. ૬૮

તેવી આ ભૂતસૃષ્ટિ મુજ ઠામે
ભાસવા છતાં તેમાં હું ન હોયે,
આનાં અનેક દૃષ્ટાંતો તને
કહ્યાં આગળ. ૬૯

એટલે કહેલાને કહેવું અતિશય,
હવે તેનો ન કરવો વિસ્તાર,
પણ મુજ સ્વરૂપે પ્રવેશો
દૃષ્ટિ તારી. ૭૦

અમારું પ્રકૃતિપારનું સ્વરૂપ
જોવાશે થઈ કલ્પનારહિત,
તો મુજમાં ભૂતો કહેવું વ્યર્થ —
કેમ કે હું જ સર્વમાં. ૭૧

એ તો સંકલ્પોની સાંજવેળા,
ત્યારે ઝંખવાયે બુદ્ધિના ડોળા,
એટલે અખંડતાને પણ ભ્રાંતિયે
દેખે વિભાજિત. ૭૨

સંકલ્પોની સાંજ જ્યાં લોપે
ત્યાં અખંડતા વિરાજે સ્વરૂપે,
જેમ શંકા વિલાતાં વિલોપે
માળાનું સર્પપણું. ૭૩

નહીં તો ધરતીમાંથી સ્વયંભૂ
કંઈ માટીઘડ્યા નીકળે કુંભ,
તે તો કુંભારબુદ્ધિનો ગર્ભ
પ્રગટી રહે. ૭૪

નહીં તો સાગરના જળે
શું તરંગોની ખાણ હોયે,
તે અવાંતર કર્મ ન હોયે,
પવનનું શું. ૭૫

જુએ કપાસના અંતરે
શું વસ્ત્રોની પેટી રહે,
તે તો પહેરનારની દૃષ્ટિયે
વસ્ત્રરૂપ ધારે. ૭૬

જો હેમના અલંકાર ઘડાયે
તોપણ તેનું હેમપણું ન મોડે,
તે અલંકાર કહેવાયે
અલંકૃતની દૃષ્ટિયે. ૭૭

કહે સાદના પ્રતિસાદ પડે,
કે દર્પણે પ્રતિબિંબ ઊઠે,
તે આપણા કે સાચેસાચે
ત્યાં જ હોયે. ૭૮

તેમ મારા આ નિર્મળ સ્વરૂપે
જે ભૂતભાવના આરોપે,
તેમને તેમના સંકલ્પે
ભૂતાભાસ થાયે. ૭૯

જો કલ્પાયલી પ્રકૃતિ નાશે
તો ભૂતાભાસ તત્ક્ષણ સરે,
પછી અખંડ સ્વરૂપ ઊપસે
સચરાચરે. ૮૦

મસ્તકે જ્યારે ઘૂમરી ચડે—
વિશ્વ ચકરાવે ચડ્યું દીસે,
ચિત્ત ચડતાં કલ્પનાચક્રે
ભૂતો ભ્રમમાણ. ૮૧

કલ્પના છાંડીને જોવાયે
તો મુજમાં ભૂતો ને ભૂત સકળે-
એવું સ્વપ્નમાં પણ ન હોયે
કલ્પવા યોગ્ય. ૮૨

હવે હું જ ભૂતોનો ધર્તા,
કે ભૂતોમાં હું જ ભર્તા,
આ વાત જણાયે કલ્પિતા,
સંકલ્પ સંન્નિપાતે. ૮૩

એટલે સાંભળ હવે પ્રિયોત્તમા—
હું વિશ્વનો વિશ્વાત્મા
જે સકળ ભૂત ભવ્યા,
આધારરૂપ. ૮૪

જેમ કિરણોને આધારે,
ન હોય તે મૃગજળ આભાસે,
તેમ ભૂતજાત મુજ સ્વરૂપે
અને ભૂતરૂપે હું જ પોતે. ૮૫

આ પ્રમાણે હું ભૂતભાવન,
તોયે સર્વ ભૂતોથી અભિન્ન,
જેમ પ્રભા અને ભાણ
એકરૂપ. ૮૬

આ મારો ઐશ્વર્યયોગ
જોયો કે સાંગોપાંગ,
કહે ક્યાં છે અહીં લાગ
ભૂતભેદનો. ૮૭

એટલે મુજથી ભૂતસૃષ્ટિ
નિરાળી કદી ના હતી,
હું ન તેનાથી ભિન્ન
જાણી લે તું. ૮૮

અથવા જેવડું વિશાળ ગગન
તેવડો જ ગગને પવન,
સહજે હાલતાં વેગળો દીસે
નહીં તો ગગનરૂપ. ૮૯

તેમ ભૂતજાત મુજ સ્વરૂપે—
જો કલ્પના જાગે તો દેખાશે,
પણ નિર્વિકલ્પી ચિત્ત હોયે
તો હું જ વિશ્વરૂપ. ૯૦

એટલે અસ્તિ કે નાસ્તિ,
એ ઊપજે કલ્પનામાંથી,
કલ્પના લોપે વિલોપે,
અને કલ્પના સંગે જ જાગે. ૯૧

કલ્પના જ મુદ્દલ જાયે
ત્યાં અસ્તિ-નાસ્તિ શું હોયે,
એટલે ફરી ફરી જોઈ લે
આ મારો ઐશ્વર્યયોગ. ૯૨

આવા પ્રતીતિઓઘ સાગરે
પોતાને કલ્લોલ બનાવી લે,
પછી જોઈશ તો સચરાચરે
તું જ વિશ્વ. ૯૩

હવે આ જાણની જાગૃતિ
તુજ ચિત્તે થઈ કે રસળતી,
થઈ કે દ્વૈતસ્વપ્નની પ્રતીતિ
હે ધનુર્ધર. ૯૪

ફરી જો ક્યારે પ્રારબ્ધવશે
બુદ્ધિમાં કલ્પનાની નિદ્રા સંચરે,
તો અભેદબોધ આ લોપશે
દ્વૈતના સ્વપ્ને. ૯૫

એટલે આ નિદ્રાની વાટ છૂટે,
નિખિલ ઉદ્‌બોધ આપમેળે ઘટે,
આવો જે અનેરો મર્મ હોયે
તે નિરૂપીશ હવે. ૯૬

એટલે ધૈર્યશીલ ધનુર્ધર
આપજે એકાગ્ર અવધાન,
માયા જ આ ભૂતમાત્ર
સરજે અને નાશે. ૯૭

જેનું નામ ભાઈ પ્રકૃતિ
તે દ્વિવિધ કહી તુજ પ્રતિ,
એકમાં અષ્ટવિધ ભેદ
બીજી જીવરૂપ. ૯૮

આ પ્રકૃતિવિષય સકળ
તે પહેલાં જ સાંભળ્યો પાંડવ,
એટલે એનું પુનરાવર્તન
ગણાય વ્યર્થ. ૯૯

તો આ મારી પ્રકૃતિયે
મહાકલ્પને અંતે–
ઐક્ય પામે અવ્યક્તે
સર્વ ભૂતો. ૧૦૦

ગ્રીષ્મના પ્રખર તાપે
તૃણ સંતાયે બીજરૂપે,
પછી ભૂમિયે જઈ સમાયે
થઈ વિલીન. ૧૦૧

કાં વર્ષાનો જેમ આડંબર ફીટે
જ્યારે શરદનું રૂપ ફૂટે–
ત્યારે અભ્રો સર્વ વિલાયે
ગગને જ સહેજે. ૧૦૨

કિંવા આકાશના વિસ્તારે
પવન વિલાયે નિરાંતે,
કાં તરંગોના આકાર શમે
જળમાં અરે. ૧૦૩

અથવા જાગૃતિની વેળાયે
શમણું મનમાં જ સમાયે,
જેમ પ્રાકૃત પ્રકૃતિયે આથમે
કલ્પક્ષયે. ૧૦૪

પછી પાંડવ કલ્પારંભે
હું સર્જન કરું એવું મનાયે,
તો સકળ ઉપપત્તિ આ વિષયે
સાંભળ હવે. ૧૦૫

અર્જુન, નિજ પ્રકૃતિયે
હું રહું અધિષ્ઠાન રૂપે—
ત્યાં તંતુસમવાય પટે
જેમ વણાટ દીસે. ૧૦૬

પછી તે વણાટને આધારે
નાની ચોકડી પટમાં ભરે,
તેવી પંચાત્મક આકારે
પ્રકૃતિ જ હોય. ૧૦૭

જેમ મેળવણને સંગે
દૂધ વિલાયે પોતાને અંગે,
તેમ પ્રકૃતિ પોતે પરિણમે
સૃષ્ટિરૂપે. ૧૦૮

બીજ જળનો સંગ પામે,
પછી શાખોપશાખે વિસ્તરે,
તેવું જ મારું કારણ હોયે
ભૂતોત્પત્તિનું. ૧૦૯

રાજાએ નગર વસાવ્યું કહેવાયે,
અને સકળ લોકે સત્ય મનાયે,
રાજા કંઈ ઓછો શ્રમ કરે
નિજ શરીરે. ૧૧૦

હું પ્રકૃતિનો અધિષ્ઠાતા કેવો—
સ્વપ્નમાંના પુરુષ જેવો,
જે નિજ સ્વભાવે પછી પ્રવર્તે
જાગ્રત દશાયે. ૧૧૧

સ્વપ્નમાંથી જાગ્રત થવાયે
ત્યારે શું પગે થાક જણાયે,
કે સ્વપ્નમાં હોઈએ જ્યારે
તો પ્રવાસ ઘડે. ૧૧૨

આ બધાનો અભિપ્રાય એ થાયે
કે જે કંઈ આ ભૂતસૃષ્ટિ હોયે-
તેમાં મારું કર્તૃત્વ ન હોયે
કોઈ પ્રકારે. ૧૧૩

જેમ પ્રજા વસાવી રાજાએ,
તે પ્રવર્તે નિજ નિજ કાજે,
તેમ છે સંગ મારો પ્રકૃતિ સાથે
કર્તૃત્વ તેનું. ૧૧૪

જુએ પૂર્ણચંદ્રના આલિંગને
સમુદ્રે અપાર ભરતી ચડે,
ત્યાં ચંદ્ર શું શ્રમિત થાયે
કહે પાર્થ. ૧૧૫

ચુંબક જો હોય સમીપે
તો લોખંડ ભલે ખેંચાયે,
ચુંબકને કાંઈ થાક જણાયે
સાંનિધ્યનો. ૧૧૬

કિંબહુના આ પ્રકારે
હું અંગીકારું નિજ પ્રકૃતિને,
ત્યાં એકસરખી પ્રસવી રહે
તે ભૂતસૃષ્ટિ. ૧૧૭

જે આ ભૂતસૃષ્ટિ સકળ
હોય પ્રકૃતિને આધીન,
જેમ બીજમાંથી વેલપલ્લવ
ભૂમિ નિપજાવે. ૧૧૮

અથવા શૈશવાદિ વયને-
દેહસંગનું મુખ્ય કારણ હોયે,
જેમ મેઘ આકાશે સંચરે
વર્ષાઋતુમાં. ૧૧૯

જેમ સ્વપ્નનું કારણ નિદ્રા-
તેવી પ્રકૃતિ આ નરેન્દ્રા,
એ અશેષ આ ભૂતસમુદ્રા
કારણરૂપ. ૧૨૦

સ્થાવર અને જંગમ,
સ્થૂળ અને સૂક્ષ્મ,
સકળ આ ભૂતગ્રામ
પ્રકૃતિજન્ય. ૧૨૧

એટલે ભૂતસૃષ્ટિ સરજવી,
કે સરજેલી પ્રતિપાળવી,
આ કશું જ ન કહેવાયે
કર્મ મારું. ૧૨૨

જળે ચંદ્રની ચંદ્રિકા પ્રસરે
તે કર્મ ન કર્યું ચંદ્રે,
દેખાવા છતાં તેમ ન હોયે
કર્મ મુજમાં. ૧૨૩

જેમ સિંધુજળની ભરતી છૂટે
ત્યારે લવણનો બાંધ તૂટે,
તેમ કર્મો ન મને બાંધે
સમાયે મુજ મહીં. ૧૨૪

ધૂમ્ર રજકણને પાંજરે
ન શકાય બાંધી પવનને,
શું સૂર્યબિંબમાં ક્યારેય
પ્રવેશે અંધકાર. ૧૨૫

પર્વતના હૃદયપ્રદેશે
જેમ પર્જન્યધારા ન પ્રવેશે,
તેમ પ્રકૃતિનું કર્મ ન સ્પર્શે
મુજ સ્વરૂપે. ૧૨૬

તથાપિ આ પ્રકૃતિ વિકારે
એક હું જ છું એમ અવધારે,
પણ વર્તું ઉદાસીન ભાવે
કર્મ ન કરું, ન કરાવું. ૧૨૭

જેમ ચેતવેલો દીપ ગૃહે
કોઈને ન પ્રેરે, ન નિવારે,
અને કોણ પ્રવર્તે કયે વ્યાપારે
તેય ન જાણે. ૧૨૮

તે રહે જેમ સાક્ષીભૂત,
ગૃહવ્યાપાર પ્રવૃત્તિનું કારણ,
તેવો હું ભૂતચેષ્ટાયે અનાસક્ત
વિહરતો ભૂતે. ૧૨૯

આ અભિપ્રાય વારંવાર
કેમ કહીએ કરી વિસ્તાર,
તું સમજી લે એક વાર
સુભદ્રાપતિ. ૧૩૦

જે લોકચેષ્ટાને સમસ્ત
માત્ર સવિતા જ નિમિત્ત,
તેમ જગત-પ્રભવે પાંડુસુત
હેતુ હું જ. ૧૩૧

હું અધિષ્ઠું પ્રકૃતિ જ્યારે-
સચરાચર સંભવે ત્યારે,
એટલે હેતુ હું સર્વ જગતનો,
એ જ ઉપપત્તિ. ૧૩૨

હવે ખરેખર આ પ્રકાશે
નિહાળી ઐશ્વર્યયોગને,
સર્વ ભૂતો મારે ઠામે.
પણ ભૂતોમાં હું નહીં. ૧૩૩

અથવા ભૂતો નથી મુજમાં
અને હું નથી અરે ભૂતોમાં,
આ સંકેતો મુજ સ્વરૂપના
વીસરીશ ના ભાઈ. ૧૩૪

આ સર્વસ્વ અમારું ગૂઢ
તે દેખાડ્યું તને પ્રગટ,
હવે બંધ કરી ઇન્દ્રિયોનાં કમાડ.
અંતરે સુખ ભોગવ. ૧૩૫

મર્મ આ હાથ ન આવે જ્યાં સુધી-
પાર્થ મારું સત્યપણું ત્યાં સુધી,
સર્વથા ન સાંપડે કદી
છોડામાં ધાન્યકણ. ૧૩૬

આમ તો અનુમાનને યોગે
બ્રહ્મરૂપ કળાયું એમ લાગે,
પણ મૃગજળની ભીનાશે
કંઈ ભૂમિ ફળે. ૧૩૭

જો જળે જાળ ફેંકાયે
તો ચંદ્રબિંબ તેમાં આભાસે,
પણ બહાર કાઢી ખંખેરાયે
ત્યાં બિંબ કેવું. ૧૩૮

તેમ કેવળ શબ્દોના બળે
વ્યર્થ પ્રતીતિનો આડંબર રચે,
પણ બોધપરીક્ષાની વેળાયે
કશું ન ઊપજે. ૧૩૯

કિંબહુના હશે જો ભવભય,
કે હશે મુજમાં પ્રેમ ધનંજય-
આ ઉપપત્તિનું કરજે જતન
સર્વ પ્રકારે. ૧૪૦

નહીં તો દૃષ્ટિ ઘેરાઈ કમળાયે
તેને ચાંદનીય પીળી દેખાયે,
તેમ દેખાયે મુજ નિર્મળ સ્વરૂપે
ભૂતાદિ દોષ. ૧૪૧

અથવા જ્વરે બગડે મુખનો સ્વાદ,
પછી દૂધને માને વિષ સમાન,
મુજ અમાનુષીને માને તેમ
માનુષ સમાન. ૧૪૨

એટલે વારંવાર ધનંજય
રખે વીસરે આ અભિપ્રાય,
નહીં તો સ્થૂળ દૃષ્ટિયે વ્યર્થ
સપડાશે મતિ. ૧૪૩

જે મને જુએ સ્થૂળ દૃષ્ટિયે
તેમનું દેખવું ન દેખવું થાયે,
જેમ સ્વપ્ને પ્રાશેલા અમૃતે
ન થવાયે અમર. ૧૪૪

આમ તો સ્થૂળ દૃષ્ટિ મૂઢ
જાણતા હોયે મને સુદૃઢ,
પણ તે જાણવું જ અંતરાય
સત્યજ્ઞાનને પથે. ૧૪૫

જેમ નક્ષત્રોના આભાસે
આત્મનાશ સાધ્યો હંસે,
આશા રત્નોની રાખી જળે
ડૂબ્યો અરે. ૧૪૬

મૃગજળને બુદ્ધિ ગંગા કહે-
એમ ધાર્યા છતાં શું ફળ મળે,
શું બાવળને કલ્પતરુ કહે
સેવાય ઓછું. ૧૪૭

આ એ સેરોની નીલમની માળા
ધારીને બુદ્ધિ પકડે સર્પ વિષાળા,
કાં રત્નો કહીને કરા
વેચવા જેવું. ૧૪૮

અથવા સાંપડ્યો આ ખજાનો
કહી ખદિરાંગારે ભર્યો ખોળો,
કાં કૂદી પડે જોઈ પડછાયો
સિંહ કૂપમાં. ૧૪૯

તેમ મને પ્રપંચ માને
જેમાં કૃતનિશ્ચયી બુદ્ધિ બૂડે,
તે ચંદ્ર માટે જેમ જળે
પ્રતિબિંબ પકડે. ૧૫૦

ત્યારે કૃતનિશ્ચય વ્યર્થ જાયે.
જેમ કોઈ કાંજીનો પ્યાલો પીએ-
પછી પરિણામ જોવા માંડે
અમૃત તણું. ૧૫૧

તેમ સ્થૂળાકારે નાશવંતે
ભરોસો બાંધીને ચિત્તે-
જાય જોવા મુજ અવિનાશીને
તો કેમ દેખાઉં. ૧૫૨

અરે કંઈ પશ્ચિમ સમુદ્રને તટે
જવા નીકળે કોઈ પૂર્વની વાટે,
અથવા છોડાં ખાંડતાં સુભટ
શું મળે ધાન્ય— ૧૫૩

તેમ આ વિસ્તરેલું સ્થૂળ
જાણવાથી જો હું જણાય,
તો ફીણ પ્રાશીને જળ
સેવ્યું ગણાય. ૧૫૪

એટલે મોહીને મનોધર્મે
એ જ હું એમ માને સંભ્રમે,
પછી ત્યાંના જ જન્મકર્મે
આરોપે મુજ પરે. ૧૫૫

તેથી અનામીને નામ આપે,
મુજ અકર્તામાં કર્મ દેખે,
અને વિદેહી મુજમાં આરોપે
દેહધર્મ. ૧૫૬

મુજ નિરાકારને આકાર માને,
નિરુપાધિકને ઉપચારે સેવે,
વિધિવર્જિત સંગે વ્યવહાર કરે
ઉપચારાદિ. ૧૫૭

મુજ વર્ણહીનમાં વર્ણ,
ગુણાતીતમાં ગુણ,
મુજ અચરણને ચરણ,
અપાણિને પાણિ. ૧૫૮

મુજ અમાપને માપે,
સર્વગતને સ્થાન આપે,
જેમ સેજમાં અરણ્ય જુએ
નિદ્રાધીન. ૧૫૯

તેમ અશ્રવણને શ્રોત્ર,
મુજ અચક્ષુને નેત્ર,
અગોત્રને ગોત્ર,
અરૂપને રૂપ. ૧૬૦

મુજ અવ્યક્તને માને વ્યક્ત,
મુજ અનાર્તને કહે આર્ત,
અને સ્વયં તૃપ્તમાં અતૃપ્તિ
કલ્પતા હોયે. ૧૬૧

મુજ અનાવરણને પ્રાવરણ,
ભૂષણાતીતને ભૂષણ,
મુજ સકળ કારણને કારણ
જોતા તે. ૧૬૨

મુજ સહજને તે ઘડે,
સ્વયંભૂની પ્રતિષ્ઠા કરે,
નિરંતરનું આવાહન કરે,
અને વિસર્જે. ૧૬૩

હું સર્વદા સ્વતઃસિદ્ધ
તે કેમ બાળતરુણવૃદ્ધ,
પણ મુજ એકરૂપમાં સંબંધ
કલ્પી રહે. ૧૬૪

મને અદ્વૈતથી ભિન્ન માને,
મુજ અકર્તામાં કર્મ દેખે,
અને અભોક્તામાં ભોગ સંભવે-
એવું એવું બોલે. ૧૬૫

મુજ અકુળનું કુળ પ્રશંસે,
મુજ નિત્યના નિધને દુઃખી થાયે,
અને મુજ અંતર્યામીમાં કલ્પે
શત્રુમિત્ર અરે. ૧૬૬

હું સ્વાનંદાભિરામ
માને તેને અનેક સુખનો કામ,
સકળે જ હું હોઉં સમ
ને કહે એકદેશી. ૧૬૭

હું આત્મા એક ચરાચરે-
ને કહે એકનો પક્ષ કરે,
કે કોપીને એકને મારે
એવું પ્રચલિત કરે. ૧૬૮

કિંબહુના એમ સમસ્ત
જે આ માનુષધર્મ પ્રાકૃત,
તે છે મારે એવું વિપરીત
જ્ઞાન તેમનું. ૧૬૯

જ્યારે આકાર એક પાસે જુએ
ત્યારે આ દેવ એમ માની ભજે,
અને જો એ ભાંગે તો ફેંકે
નથી કહીને. ૧૭૦

મને આવે આવે પ્રકારે
જાણે મનુષ્યને આકારે,
એટલે જ્ઞાને જ અંધાર પ્રસરે
આવા જ્ઞાન વડે. ૧૭૧

આમ જન્મે આવ્યા તે ઓઘ-
જેમ વર્ષાઋતુ વિણ મેઘ,
અથવા મૃગજળના તરંગ
દૂરથી જ દર્શનીય. ૧૭૨

અથવા માટીના ઘોડેસવાર,
કિંવા ગારુડીના અલંકાર,
કે ગંધર્વનગરીનાં ઘરબાર
આભાસે જે. ૧૭૩

કાંટાળી વેલ વધે સરળ
પણ ફળ નહીં ને અંદરે પોકળ,
કે અજાગળે સ્તન
વ્યર્થ જેમ. ૧૭૪

તેવું જ મૂર્ખ તણું જીવન,
વ્યર્થ પાંગરે તેમનાં કર્મ-
જેમ કાંટાળા વૃક્ષે ફળ
લેવાયે ન દેવાયે. ૧૭૫

પછી જે કંઈ તેણે ભણ્યું
તે મર્કટે શ્રીફળ તોડયું,
કાં અંધને હાથ પડયું
મોતી જેમ. ૧૭૬

કિંબહુના તેમના હાથે શાસ્ત્રો
જેમ કન્યાને હાથે દીધેલ શસ્ત્રો,
કાં અપવિત્રને હાથે બીજમંત્રો
આપ્યા જેમ. ૧૭૭

તેમ જ્ઞાનજાત સઘળું,
અને જે ધર્માચરણ કર્યું,
તે સર્વ જ વ્યર્થ ગયું,
કેમ કે તે ચિત્તહીન. ૧૭૮

અથવા તમોગુણની રાક્ષસી
જે સુબુદ્ધિને લે ગ્રસી,
અને વિવેકનું મૂળ ભૂંસી
નિશાચરી તે. ૧૭૯

તે પ્રકૃતિને આધીન થાયે
એટલે ચિંતાથી ગ્રસ્ત હોયે,
પછી તમોગુણના પડે
મુખ માંહી. ૧૮૦

જ્યાં આશાની લાળે
અંદર હિંસાની જીભ લોળે,
તેમ જ અસંતોપના ચગળે
માંસખંડ. ૧૮૧

જે અનર્થના કર્ણ સુધી
બહાર નીકળે ઓષ્ઠ ચાટતી,
તે પ્રમાદપર્વતની ભેંકારી
ગુફા જ જાણો. ૧૮૨

જ્યાં દ્વેષની દાઢો વડે
જ્ઞાનનો નિઃશેષ રગડો કરાયે,
જે ઢાંકે ત્વચા અસ્થિના આવરણે
મૂઢની સ્થૂળ બુદ્ધિ. ૧૮૩

આવી આસુરી પ્રકૃતિના મુખે
જે બલિરૂપે થઈ સમાયે,
તે ડૂબી જાય કુંડે
વ્યામોહના. ૧૮૪

અને તમોગુણની પડે ગર્તે,
ન સાંપડે વિચારને હાથે,
અને ગયા ત્યાં જે ગતિ થાયે
તે કહેવું અશક્ય. ૧૮૫

એટલે વ્યર્થ આ વર્ણવવું,
મૂર્ખાઓ વિશે અધિક શું બોલવું,
વાણીને નિરર્થક વિસ્તારતાં
ગ્લાનિ થાયે. ૧૮૬

એવું બોલિયા દેવ,
ત્યાં હાંજી કહે પાંડવ,
સાંભળ જ્યાં વાણી વિસામે
તે સાધુકથા. ૧૮૭

એટલે જેમના વિશુદ્ધ માનસે
હું નિજ ઇચ્છાયે રહું ક્ષેત્રસંન્યાસે,
તે સુતેલાને આરાધે
વૈરાગ્ય અરે. ૧૮૮

જેમની આસ્થાના સદ્ભાવે
ધર્મનું સામ્રાજ્ય રહે ચિત્તે,
જેમનું મન સદા ભીનું રહે
વિવેક વડે. ૧૮૯

જે જ્ઞાનગંગાએ નહાયે,
પૂર્ણતા જમીને ધરાયે,
જે બ્રહ્મશાંતિમાં ઉદયમાન
નવ પલ્લવો. ૧૯૦

જે પરિણામે ફૂટી કૂંપળ,
જે ધૈર્યમંડપે સુભગ સ્થંભ,
જે આનંદરસસુરે કુંભ
છલકી રહ્યા. ૧૯૧

જેમને ભક્તિની આવડી પ્રાપ્તિ,
જે કૈવલ્યને અવગણે તુચ્છ માની,
જેમની લીલા મહીં ધર્મનીતિ
જીવતાં રહે. ૧૯૨

જેમનાં સકળ આચરણે
શાંતિના અલંકાર શોભે,
જેમના વ્યાપક ચિત્તે
સમાઈ રહ્યું— ૧૯૩

એવા જે મહાનુભાવ,
દૈવી પ્રકૃતિના દેવ,
જેઓ જાણે સર્વ
સ્વરૂપ મારું. ૧૯૪

પછી જેમનો પ્રેમ વધે
તે મહાત્મા મને ભજે,
તેને દ્વૈતભાવ મનોધર્મે
સ્પર્શે નહીં. ૧૯૫

એમ હું જ થઈને ધનંજયા
જે કરે મારી પરિચર્યા,
પણ આશ્ચર્ય ત્યાં એક હોયે
સાંભળ હવે. ૧૯૬

તો ભજન-કીર્તન-નર્તને
પ્રાયશ્ચિત્તનો વ્યવસાય નાશે,
જ્યાં પાપ નિઃશેષ થાયે
ભક્ત જીવને. ૧૯૭

યમદમની દુર્દશા હોયે,
અરે તીર્થો પદભ્રષ્ટ થાયે,
યમલોકે કુંઠિત અરે
આવાગમન. ૧૯૮

યમ કહે શું યમાયે,
દમ કહે કોને દમાયે,
તીર્થો કહે શું ખાઈયે,
દેખાય ન દોષ. ૧૯૯

એમ મારા નામઘોષે
વિશ્વનાં દુઃખો નહીંવત્ કરે,
સકળ જગત મહાસુખે
સભર ભરે. ૨૦૦

તે પ્રકાશ વિણ જોવડાવે,
અમૃત વિના અમૃતત્વ આપે,
જે યોગ વિના સગી આંખે
દેખાડે કૈવલ્ય. ૨૦૧

અને રાયરંક તે ન જાણે,
યોગ્યાયોગ્યતાનો વિચાર ન કરે,
એકસરખા આનંદે સંચરે
જગત માંહી. ૨૦૨

કોઈ એકાદ વૈકુંઠ જાયે
તેમણે વૈકુંઠ ઉતાર્યું સઘળે,
એવા નામઘોષ ગૌરવે,
અજવાળ્યું વિશ્વ. ૨૦૩

તેજે સૂર્યમાં સોજ્જવલ,
પણ સૂર્યને આથમવું તે દોષ,
ચંદ્ર સંપૂર્ણ એક જ વેળ
સંતો સદા પૂર્ણ. ૨૦૪

મેઘ ઉદાર પણ ઓસરે
એટલે ઉપમા અનુચિત અરે,
એ કૃપાળુ નિઃશંકપણે
પંચાનન. ૨૦૫

જેની વાણીયે સકૌતુકે
નામ મારું અખંડ નાચે,
જે મુખે આવવા એક વારે
સહસ્ર જન્મ લાગે. ૨૦૬

તેવો હું વૈકુંઠે ન હોઉં,
કોઈ વેળા ભાનુબિંબેય ન દીસું,
વળી યોગીઓનાં માનસ ઓળંગું
કદી કદી. ૨૦૭

પરંતુ તેમની પાસે પાંડવ
ખોવાયેલો હું મળું ખચીત,
જ્યાં નામઘોષ સુંદર
કરે મારો. ૨૦૮

કેવા મારા ગુણો ગાયે,
કે દેશકાળને વીસરી જાયે,
કીર્તનસુખે સુખરૂપ થાયે
પોતે અરે. ૨૦૯

કૃષ્ણ વિષ્ણુ હરિ ગોવિંદ
આ નામના નિખિલ પ્રબંધ,
તેમાં આત્મચર્ચા વિશદ
અપાર ગાયે. ૨૧૦

હવે આ વિસ્તાર ઘણો થાયે,
કેટલાક મારાં કીર્તનો ગાયે,
અને વિચરે સચરાચરે
પાંડુકુંવર. ૨૧૧

પછી વળી તે અર્જુન
સગુણનું કરવા બહુ જતન,
પંચપ્રાણ અને નિજ મન
બનાવે માર્ગદર્શક. ૨૧૨

બહારે યમનિયમની કાંટાળી વાડ,
અંદરે વજ્રાસનનો પરકોટ,
તેની ઉપર પ્રાણાયામ સજ્જ
તોપો સમા. ૨૧૩

ત્યાં કુંડલિની શક્તિને અજવાળે,
મન પવનની અનુકૂળતાયે,
સત્તરમીના સ્વાધીન કરે
અમૃતકુંડ. ૨૧૪

ત્યારે પ્રત્યાહારે સિદ્ધિ સાધી,
વિકારોની વાણી શમી,
ઇન્દ્રિયોને બાંધી આણી
હૃદય મધ્યે. ૨૧૫

તવ ધારણાના અશ્વો હંકારાયા,
પંચમહાભૂતો મળ્યાગળ્યા,
પછી ચતુરંગ સૈન્ય હણાયાં
સંકલ્પોનાં. ૨૧૬

ત્યારે જીત્યા રે જીત્યા,
ધ્યાનનાં રણશિંગ વાગ્યાં,
દીસે તન્મયતાનું ઝળકતું
એક છત્ર. ૨૧૭

પછી સમાધિશ્રી ના અશેષે,
આત્માનુભવનો રાજ્યસુખે,
પટ્ટાભિષેક સામરસ્યે
થયો દેખાયે. ૨૧૮

આવું આ ગહન
અર્જુન મારું ભજન,
હવે કહીશ સાંભળ
કોણ કરતા. ૨૧૯

હવે બન્ને પાલવ માંહે,
જેમાં એક તંતુ અંબરે,
તેમ મારા વિણ સચરાચરે
જાણે ના કાંઈ. ૨૨૦

આદિ બ્રહ્મદેવથી માંડીને
માખી સુધી છેવટે,
નામરૂપો જાણીને સમસ્તે
સ્વરૂપ મારું. ૨૨૧

પછી નાનુંમોટું ન કહે,
સજીવ-નિર્જીવ ન જાણે,
જે વસ્તુ દૃષ્ટિયે પડે
તેને કૃષ્ણ કહી આળોટે. ૨૨૨

પોતાનું ઉત્તમપણું ન સ્મરે,
સામે યોગ્યાયોગ્ય ન જુએ,
એકસાથે વ્યક્તિમાત્રને
પ્રભુરૂપે વંદી રહે. ૨૨૩

જેમ ઊંચેથી ઉદક પડે
તે હેઠે આવે સહજે—
તેમ નમે સૌ ભૂતજાતને
સ્વભાવવશ. ૨૨૪

કાં ફળસભર તરુની શાખા
જુઓ ભૂમિયે ઊતરે સહજા,
તેમ જીવમાત્ર ભણી અશેષા
નમ્ર થાયે. ૨૨૫

અખંડ અગર્વતા થઈ રહે,
વિનય જ તેમની સંપત્તિ હોયે,
જે જય જય મંત્રે સમર્પે
નિજને મને. ૨૨૬

નમતાં માનાપાન ગળે,
એટલે અચાનક મદ્રૂપ થાયે,
એવા નિરંતર આરાધે
ઐક્યભાવે. ૨૨૭

અર્જુન આ શ્રેષ્ઠ ભક્તિ
કહી તુજ પ્રતિ,
હવે જે ભજે જ્ઞાનયજ્ઞે
તે ભક્ત સાંભળ. ૨૨૮

પણ ભજન કરવાની પદ્ધતિ
તું તો જાણે છે કિરીટી,
જે પહેલાં આ જ ગોષ્ટિ
કરી છે તને. ૨૨૯

અહીં અર્જુન કહે હાંજી,
આ દૈવી પ્રસાદની લહાણી,
પણ અમૃતના આરોગવે
સંતોપાય કાંઈ. ૨૩૦

આ બોલ સાંભળી શ્રીઅનંત—
જોઈ અર્જુનની પરમ લગન
થયા ચિત્તે સુપ્રસન્ન,
ડોલવા લાગ્યા. ૨૩૧

કહે ભલું કર્યું પાર્થા
જોકે આ અનવસર સર્વથા,
પણ બોલાવે તારી આસ્થા
મુજમાં અરે. ૨૩૨

ત્યારે અર્જુન કહે આ શું બોલવું ?
ચકોર વિણ ચાંદની ન હોય શું,
જગતનો તાપ નિવારવો
એ સ્વભાવ ચંદ્રનો. ૨૩૩

ચકોર તો નિજ ઇચ્છાયે
ચાંચ પ્રસારે ચંદ્ર સામે,
જી અમારું વિનવવું ન સરે—
આપ જ કૃપાસિંધુ. ૨૩૪

મેઘ નિજ ઉદારતા વડે
જગતનો સંતાપ શમાવે,
કહે ચાતકની વર્ષા સામે
તરસ કેટલી. ૨૩૫

ભલે અંજલિભરની ઇચ્છા હોયે
છતાં ગંગાને ઊતરવું પડે,
તેમ આરત બહુ ભલે થોડી હોયે
આપે બોલવું રહ્યું. ૨૩૬

ત્યારે દેવ બોલ્યા રહે,
ઘણો સંતોષ થયો અમને,
હવે સ્તુતિથી સંતોપી શકાયે
એવું રહ્યું નથી. ૨૩૭

પરંતુ જે પ્રેમે તું સાંભળે
તે મારા વક્તૃત્વને વરે,
એમ પુરસ્કારીને શ્રીહરિએ
બોલવા માંડયું. ૨૩૮

હવે જ્ઞાનયજ્ઞનું આ રૂપ,
જ્યાં આદિ સંકલ્પ એ યૂપ,
મહાભૂતે તે મંડપ
ભેદ તે પશુ. ૨૩૯

પછી પાંચના જે વિશેષ ગુણ,
અથવા ઇન્દ્રિયો અને પ્રાણ,
એ જ યજ્ઞોપચાર સમિધ,
અજ્ઞાન તે ઘૃત. ૨૪૦

ત્યાં મનબુદ્ધિના કુંડે
જ્ઞાનનો અગ્નિ પ્રજવળે,
સામ્ય તેજ હે સુહૃદે,
જાણ વેદિકા. ૨૪૧

સવિવેક મતિ કૌશલ,
તે જ મંત્ર વિદ્યાગૌરવ,
શાંતિ સ્રુક સ્રુવે
જીવ યજમાન. ૨૪૨

તે પ્રતીતિના પાત્રે,
વિવેકના મહામંત્રે,
જ્ઞાનના અગ્નિહોત્રે
ભેદ નાશે. ૨૪૩

ત્યાં અજ્ઞાન સમૂળું જાયે,
યજન યજીતા એક હોયે,
આત્મા સમરસે કરે
અવભૃત સ્નાન. ૨૪૪

ત્યારે મહાભૂત વિષય ઇન્દ્રિયો,
એ વેગળાં ક્યાંયે ન રહે,
સઘળાં એક છે એમ જાણે
આત્મબુદ્ધિ. ૨૪૫

જેમ જાગ્રત થતાં અર્જુન
કહે સ્વપ્નનું વિચિત્ર સૈન્ય,
થયો ન હતો શું પોતે
નિદ્રાવશે. ૨૪૬

હવે સેના તે સેના ન હોયે,
હું જ એક આ સઘળે,
એવું એકત્વ થયેલું હોયે
વિશ્વ સાથે. ૨૪૭

પછી જીવ એ નામ સરે
આ બ્રહ્મ પરમાત્મબોધે ભરે,
એમ ભજે જ્ઞાનયજ્ઞે
એકત્વ ભાવે. ૨૪૮

અથવા અનાદિ આ અનેક
જે એકસરખા પરસ્પર,
અને નામરૂપાદિક ભેદ
વિષમતાભર્યા. ૨૪૯

એટલે વિશ્વ ભિન્ન ભિન્ન,
પણ તેનું જ્ઞાન અભિન્ન,
જેમ અવયવ હોવા છતાં ભિન્ન
દેહ એક. ૨૫૦

કાં શાખા નાનીમોટી
પણ હોયે એક જ તરુવરની,
બહુ રશ્મિ પણ દિનકર
એક જેમ. ૨૫૧

તેવી નાનાવિધ વ્યક્તિ,
જુદે નામે જુદી વૃત્તિ,
પણ તે વિભિન્ન ભૂતોમાં
મને અભેદને જાણ. ૨૫૨

આમ અલગ અલગપણે પાંડવ
કરે જ્ઞાનયજ્ઞ સુંદર,
જે જ્ઞાનમાં ન કરે ભેદ
હોઈ જ્ઞાની. ૨૫૩

કિંવા જ્યાં જ્યાં જ્યારે જ્યારે
જુએ જે જે વિષયો અરે,
ત્યાં મારા વિણ નથી કાંઈ
બોધ એવો. ૨૫૪

પરપોટા જ્યાં જ્યાં જાયે
ત્યાં ત્યાં જળ પણ સાથે હોયે,
પછી શમે અથવા રહે
જળમાં જ તે. ૨૫૫

કાં પવને પરમાણુ ઊડયા
પણ પૃથ્વીપણાથી જુદા ન થયા,
અને ધરતીયે પાછા પડયા
તોયે પૃથ્વીરૂપ. ૨૫૬

તેમ ગમે ત્યાં ગમે તે ભાવે
ગમે તે હોયે અથવા ન હોયે,
પરંતુ હું જ છું તે સઘળે
એમ જુએ. ૨૫૭

અરે ભાઈ, જેવડી મારી વ્યાપ્તિ
તેવડી તેમની પ્રતીતિ,
તેમ સર્વાકારે વર્તતી
મદ્રૂપ થઈને. ૨૫૮

આ ભાનુબિંબ ગમે તેના
સન્મુખ હોયે ધનંજયા,
તેવા તે આ વિશ્વના
સન્મુખ સદા. ૨૫૯

ભાઈ, તેમના જ્ઞાનમાં
પીઠપેટ નથી અર્જુના,
વાયુ જેમ ગગનમાં
સર્વાંગે વસે. ૨૬૦

તેવો હું જેટલો વ્યાપક
તેટલો તેમનો સદ્‌ભાવ વ્યાપક,
એટલે ભજન ન કરે પાંડવ
તોયે ભજન થાયે. ૨૬૧

એટલે સઘળે હું જ હોઉં
તો કોનાથી ઉપાસિત ન થાઉં,
અહીં માત્ર અજ્ઞાનીને ન ઘડે
ભજન મારું. ૨૬૨

આમ તેઓ ઉચિતપણે
જ્ઞાનયજ્ઞનું યજન કરે,
અને ઉપાસતા મને
તે કહ્યું. ૨૬૩

અખંડ સકળ આ સકળ મુખે
સહજ અર્પે મને એકને,
પણ મૂર્ખ લોક આ ન જાણે
એટલે ન પામે. ૨૬૪

એ જ જો જ્ઞાનનો ઉદય થાયે
તો હું જ મૂળમાં વેદ હોયે,
અને વેદ જે વિધાન સરજે
તે ક્રતુ પણ હું જ. ૨૬૫

પછી તે કર્મો વડે સુંદર,
જે સાંગોપાંગ સકળ,
યજ્ઞ પ્રગટે પાંડવ
તે પણ હું જ. ૨૬૬

હું જ સ્વાહા ને હું જ સ્વધા,
સોમાદિ ઔષધિ વિવિધા,
હું ઘૃત અને હું જ સમિધા,
મંત્ર ને હવિય હું. ૨૬૭

હોતા હું હવન કરું,
ત્યાં અગ્નિ તે સ્વરૂપ મારું,
અને હુત જે જે વસ્તુ
તે પણ હું જ. ૨૬૮

અથવા જેને અંગ સંગે
આ પ્રકૃતિથી અષ્ટાંગે-
સકળ જગત જન્મ પામે
તે પિતા હું. ૨૬૯

અર્ધનારી અર્ધનટેશ્વરે
જે પુરુષ તે જ નારી હોયે,
તેમ આ સચરાચરે
માત પણ હું. ૨૭૦

અને જન્મેલું જગત જ્યાં રહે,
જેનાથી જાતનું આયુ વાધે,
તે મારાથી ભિન્ન ન હોયે,
જાણ સત્ય. ૨૭૧

આ પ્રકૃતિ-પુરુષ બન્ને
ઊપજ્યાં જેના મનરહિત મને,
તે પિતામહ ત્રિભુવને
વિશ્વનો હું. ૨૭૨

સકળ જ્ઞાનના માર્ગ
જે ગ્રામે પહોંચે સુભટ,
અને ચાર વેદોનો વેદ્ય
કહેવાય જે. ૨૭૩

જ્યાં વિવિધ મતોની વિસંગતિ માટે,
જ્યાં શાસ્ત્રોનો વિરોધ ફીટે,
ચૂકેલાં જ્ઞાન જ્યાં ભેગાં મળે,
જે કહેવાયે પવિત્ર. ૨૭૪

અથવા બ્રહ્મબીજે ઊગેલો અંકુર,
કાં ઘોષ, ધ્વનિ, નાદાકાર,
તેનું ભવન જે ૐકાર
તે પણ હું જ. ૨૭૫

જે ૐકારની કૂખે,
અઉમકારે અક્ષરે,
જેની ઉદયક્ષણે ઊપજે
ત્રણે વેદો. ૨૭૬

એટલે ઋગ્, યજુ, સામ–
આ ત્રણેય હું જ આત્મારામ,
અને હું જ વંશાનુક્રમ
શબ્દબ્રહ્મનો. ૨૭૭

આ સચરાચર સઘળે
જે પ્રકૃતિમાં જઈ સમાયે,
તે શ્રમિત થતાં જ્યાં વિસામે
તે પરમ ગતિ હું. ૨૭૮

અને જેનાથી પ્રકૃતિ જીવે,
જેનું અધિષ્ઠાન મળતાં વિશ્વ પ્રસવે,
જે પ્રવેશી આ પ્રકૃતિએ
ભોગવે ત્રિગુણ. ૨૭૯

તે વિશ્વશ્રીનો ભર્તા
હું જ હોઉં પાંડુસુતા,
હું જ સ્વામી આ સમસ્તા
ત્રૈલોક્યનો. ૨૮૦

આકાશ સર્વત્ર વ્યાપી રહે,
વાયુ પળભર સ્વસ્થ ન હોયે,
પાવકથી પ્રકાશ અપાયે,
વરસવું જળે. ૨૮૧

પર્વત બેઠક ન છોડે,
સમુદ્ર સીમા ન ઓળંગે,
પૃથ્વી ભૂતો જિવાડે–
એ આજ્ઞા મારી. ૨૮૨

મેં બોલાવ્યા વેદ બોલે,
મેં ચલાવ્યો સૂર્ય ચાલે,
મેં હલાવ્યો પ્રાણ હાલે
જે જગતને ગતિ આપે. ૨૮૩

હું અંતરદેવતા નિયમોનો,
અને કાળ ગ્રસનારો ભૂતોનો,
મારા કહ્યા પ્રમાણે પાંડુસુત
ચાલે સકળ વિશ્વ. ૨૮૪

જે એવો સમર્થ
તે હું જગતનો નાથ,
અને ગગન સમો સાક્ષીભૂત
તે પણ હું જ. ૨૮૫

આ નામરૂપે સકળ
જે ભર્યાં છે પાંડવ,
અને નામરૂપનો આશ્રય
તે હું જ છું. ૨૮૬

જેવા જળમાં કલ્લોલ
અને કલ્લોલમાં જળ,
તેવું વસાવું વિશ્વ સકળ,
ભૂતનિવાસ હું. ૨૮૭

જે આવે મુજ અનન્ય શરણ
તેનાં નિવારું જન્મમરણ,
એટલે શરણાગતોનું શરણ્ય
હું જ એક. ૨૮૮

હું જ એક અનેકપણે
ભિન્ન ભિન્ન પ્રકૃતિગુણે,
જગતના જીવંત પ્રાણ
પ્રવર્તે મુજ થકી. ૨૮૯

જેમ ખાડે કે સમુદ્રે
ગમે ત્યાં સૂર્ય પ્રતિબિંબે,
તેમ બ્રહ્માંડે સર્વ ભૂતે
સુહૃદ તે હું. ૨૯૦

હું જ ભાઈ ધનંજય,
આ ત્રિભુવનનો આશ્રય,
સૃષ્ટિ-ક્ષયપ્રભવનું કારણ
મૂળમાં હું. ૨૯૧

જેમ બીજ શાખામાં પ્રસવે,
પછી તે તરુ પણ બીજે સમાયે,
તેમ સંકલ્પ સકળ જન્મે,
પાછા સંકલ્પે મળે. ૨૯૨

એવો જગતનો બીજ-સંકલ્પ,
અવ્યક્ત વાસનારૂપ,
કલ્પાંતે જ્યાં પામે સંક્ષેપ,
તે સ્થાન હું. ૨૯૩

આ નામરૂપે લોટે,
વર્ણવ્યક્તિ ન રહે,
જાતિના ભેદ ફીટે-
જ્યારે આકાર નિઃશેષ. ૨૯૪

ત્યારે સંકલ્પ વાસના સંસ્કાર
પામવા ફરીથી આકાર,
જ્યાં રહે થઈને અમર,
તે નિધાન હું. ૨૯૫

હું પોતે જ સૂર્યને વેશે, જ્યારે
તપું ત્યાં સઘળું સુકાયે,
પછી વરસું ઇન્દ્રન વેશે
ત્યાં છલકાય તે. ૨૯૬

અગ્નિ કાષ્ઠને ખાયે,
તે કાષ્ઠ જ અગ્નિરૂપ થાયે,
તેમ મરનાર-મારનાર હોયે
સ્વરૂપ મારું. ૨૯૭

એટલે જે મૃત્યુભાગી થાયે
તે મારું જ સ્વરૂપ હોયે,
અને ન મરતાં તે સહજે
હું જ હોઉં. ૨૯૮

હવે વિસ્તારથી જે કહેવું
તે એક જ વાર સાંભળ તું,
આ સત્ અને અસત્ સઘળું
હું જ હોઉં. ૨૯૯

એટલે અર્જુન હું ન હોઉં
એવું ના એકેય ઠેકાણું,
પણ પ્રાણીઓનું દૈવ કેવું
ના જુએ મને. ૩૦૦

જળ વિના તરંગો સૂકે,
વાટ વિણ રશ્મિ ન દેખે
તેમ હું જ તે, પણ તે ન જાણે,
વિસ્મય તેનું. ૩૦૧

અંતરબાહ્ય હું જ વ્યાપ્ત.
મારાથી ઘડાયેલું સમસ્ત,
ત્યાં કેવાં કર્મો આડે આવે
કે હું જ નથી એમ કહે. ૩૦૨

અમૃતને કૂપે અચાનક પડે,
મહાપ્રયાસે બહાર નીકળે,
એવા અભાગીને શું કરીએ
કહે પાર્થ. ૩૦૩

ગ્રાસ એક અન્ન કાજે,
દશદિશાએ અંધ ધાયે,
મળેલો ચિંતામણિ પાયે લોટે
અંધતાવશ. ૩૦૪

તેમ જ્યારે જ્ઞાન વિલાયે
ત્યારે આવી દશા થાયે,
કરેલું સઘળું વ્યર્થ જાયે
જ્ઞાનવિણ. ૩૦૫

અંધ ગરુડને પાંખ હોયે
તોપણ શો ઉપયોગ થાયે,
સત્કર્મોનો શ્રમ વ્યર્થ હોયે
જ્ઞાન વિના. ૩૦૬

જો રે ભાઈ, હવે કિરીટી
આશ્રમધર્મે જે વર્તતી,
અને વિધિમાર્ગની કસોટી
વ્યવહાર તેમનો. ૩૦૭

તેમના યજને સકૌતુકે,
ત્રણે વેદો શીશ નમાવે,
ફળ ક્રિયાનું પોતે જ આવે
તેમની પાસે. ૩૦૮

આવા દીક્ષિત જે સોમપ,
જે પોતે જ યજ્ઞનું સ્વરૂપ,
તેમણે પુણ્યને નામે પાપ
કમાવ્યાં બાપ. ૩૦૯

જે ત્રણેય વેદ જાણવા છતાં,
શત શત યજ્ઞો કરવા છતાં,
મને જ મૂકીને જતા
સ્વર્ગ ભણી. ૩૧૦

જેમ કલ્પતરુ હેઠે
બેસીને ગાંઠ દે ઝોળીએ,
પછી દુર્દૈવે નીકળે
ભીખ માગવા. ૩૧૧

તેમ શતયજ્ઞે મને યજે
પણ સ્વર્ગસુખની ઇચ્છા ધરે,
શું આ પુણ્ય કે ખરેખરે
પાપ જ હોયે. ૩૧૨

એટલે મુજ વિણ પામે સ્વર્ગ,
તે અજ્ઞાનનો પુણ્યમાર્ગ,
જ્ઞાનીને તેનો જ ઉપસર્ગ
હાનિ કહેવાયે. ૩૧૩

નરકે દુઃખની અપેક્ષાએ
સ્વર્ગને સુખની સંજ્ઞા આપે,
બન્ને વિના જે નિત્યાનંદ નિદ્વિ
તે સ્વરૂપ મારું. ૩૧૪

મારી પાસે આવતાં સુભટ
આ બન્ને છે આડવાટ,
સ્વર્ગ કે નરક એ માર્ગ
આત્મચોરોનો. ૩૧૫

પુણ્યાત્મક પાપે સ્વર્ગે આવે,
પાપાત્મક પાપે નરકે જાયે,
પણ મને જે પમાડે
તે શુદ્ધ પુણ્ય. ૩૧૬

અને મુજમાં હોવા છતાં
મુજ થકી પડે વિખૂટાં,
તેને પુણ્ય એમ કહેતાં
જીભ કેમ ના તૂટે. ૩૧૭

પણ આ રહેવા દે પ્રસ્તુત,
સાંભળ, આ રીતે જે દીક્ષિત,
યજીને મારી પાસે યાચત
સ્વર્ગભોગ. ૩૧૮

પછી મને જે ન પમાડે,
એવું જે પાપરૂપ પુણ્ય હોયે,
તે લાધ્યાને ઉમંગે
આવે સ્વર્ગે. ૩૧૯

જ્યાં અમરત્વ એ સિંહાસન,
ઐરાવત જેવું વાહન,
રાજધાની ભુવન
અમરાવતી. ૩૨૦

જ્યાં મહાસિદ્ધિના ભંડારો,
અમૃતના કોઠારો,
જે ગામે થાય મેળો
કામધેનુઓનો. ૩૨૧

જ્યાં દેવો દાસ થઈ રહે,
જ્યાં ચિંતામણિની ભૂમિ હોયે,
ત્યાં વિનોદવન વાટિકા છે
સુરતરુઓની. ૩૨૨

જ્યાં ગંધર્વો ગાયન કરે,
જ્યાં રંભાનું નર્તન ચાલે,
ત્યાં ઉર્વશી મુખ્ય વિલાસિની હોયે
અંતઃપુરે. ૩૨૩

જ્યાં મદન સેવા કરે પાસે,
જ્યાં ચંદ્ર સિંચે ને સંમાર્જે,
પવન જેવા સેવક શબ્દે
ધાયે જ્યાં. ૩૨૪

બૃહસ્પતિ જ્યાં મુખ્ય પોતે,
સ્વસ્તિશ્રી કહેવા બ્રાહ્મણ હોયે,
ભાટ-સુરગણો સ્તુતિપાઠ કરે
જ્યાં અનેક. ૩૨૫

લોકપાળની શ્રેણીના
દેવો બને રાવત જ્યાં,
અને ઉચ્ચૈઃશ્રવા ત્યાં ચાલે
મોખરે અરે. ૩૨૬

એ ભલે અનેક આવા
ભોગો ઇન્દ્રસુખ જેવા,
તે સ્વર્ગે થાય ભોગતાં,
જ્યાં સુધી પુણ્ય લેશ. ૩૨૭

પછી તે પુણ્યની પાયરી સરે
ઇન્દ્રપણાનો વૈભવ ઓસરે,
અને પાછા આવે સમુદાયે
મૃત્યુલોકે. ૩૨૮

જેમ ગુણિકાભોગે દ્રવ્ય ખૂટે,
પછી તેને બારણેય ન ફરકાયે,
તેવું શરમભર્યું જીવન હોયે
દીક્ષિતોનું અરે. ૩૨૯

એમ મને દેહસ્થને જે ચૂકે,
અને પુણ્યસંગ્રહે સ્વર્ગ ચાહે,
તેમનું અમરત્વ ખોવાયે,
વળે મૃત્યુલોકે. ૩૩૦

માતાની ઉદર-ગુફાએ
જીવે વિષ્ઠાના આચ્છાદને,
ઊકળી નવ માસની ઘાણીયે
જન્મો જન્મીને મરે. ૩૩૧

અરે સ્વપ્ને નિધાન પામે
પછી જાગ્રતે સઘળું ગુમાવે,
તેવું સ્વર્ગસુખ જણાયે
વેદજ્ઞનું. ૩૩૨

પાર્થ, વેદવિદ ભલે થાયે,
મને ન જાણતાં વ્યર્થ જાયે,
ચોખા છાંડીને ઉપાણિયાં
છોડાં જેમ. ૩૩૩

એટલે મારા એક વિણ
આ ત્રણે ધર્મ અકારણ,
બીજું કાંઈ ન જાણતાં મને જાણ,
તો જ સુખી થાશે. ૩૩૪

જે સર્વભાવ સમુચિત
સમર્પે મુજને શરણાગત,
જેમ ગર્ભપિંડ કોઈ ઉદ્યમ
ક્યારે ના કરે. ૩૩૫

જેમને મારા વિના કાંઈ
અન્ય કશું મધુર નાહીં,
અને પ્રભુ-સમર્પણને જે ગણે
જીવવું પાર્થ. ૩૩૬

એવા અનન્ય ગતિ ચિત્તે
જે મારું ચિંતન કરે,
અને જે ઉપાસે મને
તેની સેવા કરું. ૩૩૭

તે એકનિષ્ઠાએ જે ક્ષણે
સર્વેન્દ્રિયોથી અનુસરે મને,
તેમનું ક્ષેમકુશળ ત્યારે
હું જ રાખું. ૩૩૮

પછી તેને જે જે કરવું ઘટે
તે તે સઘળું જ કરું પોતે,
જેમ અજાત પંખીને રૂપે
પંખિણી જીવે. ૩૩૯

પોતાની ભૂખતરસ ન જાણે
તે બાળકની ચિંતા માતા કરે,
તેમ અનુસરે જે પંચપ્રાણે
તેનું સર્વ હું કરું. ૩૪૦

જો સેવે સાયુજ્યના કોડ
તો પૂરાં કરું તેમનાં લાડ,
કાં ધરે સેવાનો અભિલાષ
તો પ્રેમ પ્રેરું. ૩૪૧

એવા મને જે જે ધરે ભાવ
તે તે પૂર્ણ કરું સપ્રેમ,
અને દીધેલાનું કરું રક્ષણ
હું જ પોતે. ૩૪૨

આ યોગક્ષેમ સકળ
જે મને સોંપે પાંડવ,
તેના સર્વ ભાવોનો આશ્રય
બનું પોતે. ૩૪૩

હવે બીજા કેટલાક સંપ્રદાય
ન જાણે મારો સમવાય,
તે અગ્નિ ઇન્દ્ર સૂર્ય સોમ
કહીને યજે. ૩૪૪

પણ તે યજન મારું જ થાયે,
કાં એ સકળ હું જ હોયે,
પણ તે સીધા ન ભજે મને
એટલે વિષમ પડે. ૩૪૫

જુઓ શાખા-પલ્લવ તરુ તણાં
શું કંઈ એકબીજાનાં નહોતાં,
પણ પાણી લેવું મૂળમાં,
તે મૂળમાં જ પવાયે. ૩૪૬

આ જે દશેન્દ્રિયો વરતે
તે એક જ દેહે પ્રવર્તે,
અને તે જે વિષય ભોગવે
તે પહોંચે એક ઠામે. ૩૪૭

પણ કરીને પકવાન રસાળાં
ઓછાં કંઈ કાને ધરવાં,
અથવા ફૂલો આણી સૂંઘવાં
નેત્રે કંઈ. ૩૪૮

ત્યાં રસ તો મુખે લેવાયે,
પરિમલ ઘ્રાણે જ સેવાયે,
તેવી રીતે મને યજાયે
મુજ ભાવે. ૩૪૯

એટલે મને ન જાણતાં કરેલું ભજન
તે વ્યર્થ સઘળું, સત્ય જાણ;
એટલે કર્મનાં ચક્ષુ જે જ્ઞાન
તે નિર્દોષ હોવું ઘટે. ૩૫૦

હવે જુઓ બાપ પાંડુસુત,
આ યજ્ઞોપહાર ને સમસ્ત,
મુજ વિણ ભોક્તા અન્ય
કોણ હોયે. ૩૫૧

હું સકળ યજ્ઞનો આદિ,
યજ્ઞક્રિયાનો હું જ અવધિ,
કાં મને મૂકીને દુર્બુદ્ધિ
દેવો ભજે. ૩૫૨

ગંગાનું ઉદક ગંગામાં જેમ
કરવું દેવપિતૃ ઉદ્દેશે અર્પણ,
તેમ મારું મને સમર્પે
ભિન્ન ભિન્ન ભાવે. ૩૫૩

એટલે તે પાર્થા
મને ન પામે સર્વથા,
પછી ચિત્તે જે હોય આસ્થા
ત્યાં જ જાયે. ૩૫૪

કાયા-વાચા-મને
જે દેવને જ ભજે,
તે દેહાન્તની ક્ષણે
દેવરૂપ થાયે. ૩૫૫

અથવા પિતરોના વ્રતે
જેમનાં ચિત્ત પ્રવર્તે,
જીવ તેમનો તેમાં જં
પિતૃત્વ ઉપરે. ૩૫૬

કાં ક્ષુદ્ર દેવતાદિ ભૂત
તે જ જેમનું પરમ દૈવત,
તેમને અભિચારે ઉપાસત
જેઓ અરે. ૩૫૭

તેમનું દેહતું આચ્છાદન ફીટે
અને ભૂતત્વની પ્રાપ્તિ થાયે,
એમ સંકલ્પવશે ફળે
કર્મ તેમનાં. ૩૫૮

જે મને જ ડોળે દેખે,
જેના કર્ણો મને જ સાંભળે,
મને જ મનમાં રાખે,
મારા જ ગુણ ગાયે. ૩૫૯

સર્વાંગે સર્વ ઠામે
મને જ નમસ્કાર્યો જેણે,
દાનપુણ્યાદિક જે કરે
તે મુજ ઉદ્દેશે. ૩૬૦

મારું સ્મરણ જેમનું અધ્યયન,
જે બાહ્યાંતર મુજથી સંતૃપ્ત,
જે જીવિત રહે પાર્થ દેખ
મુજ ઉદ્દેશે. ૩૬૧

જે અહંકાર રાખે નિજાંગે-
અમે હરિના, શૃંગારિયે હરિને,
જે લોભિયા આ વિશ્વે
મારા જ લોભે. ૩૬૨

જે મારે કામે સકામ,
જે મારે પ્રેમે સપ્રેમ,
જે મારે છંદે સભ્રમ
ભૂલે જગતને. ૩૬૩

મને જે શાસ્ત્રસાર ગણે,
મંત્રજાપે મને જ આરાધે,
એવા જે સર્વ વ્યાપારે
મુજને ભજે. ૩૬૪

તેઓ મરણની આ પારે
મને મળે ખરેખરે,
તો મરણ પછી બીજે ક્યાં જાયે,
કેમ જાયે. ૩૬૫

એટલે જે સમર્પિત થયા
તે મુજમાં સાયુજ્ય પામ્યા,
જેમણે ઉપચાર મિષે સમર્પ્યા
નિજને અરે. ૩૬૬

મુજ સ્વરૂપે હે અર્જુન
સમર્પણ વિના માર્ગ ન અન્ય,
હું ઉપચારે કોઈ પણ
પ્રાપ્ત ના થાઉં. ૩૬૭

અહીં જાણું છું કહે, તે ન જાણે,
જ્ઞાનનું ઐશ્વર્ય ઊણપ આણે,
જે કૃતાર્થતાનું બિરુદ ગાયે
તે જ અપ્રાપ્તિ. ૩૬૮

અથવા યજ્ઞદાનાદિ પાર્થ
કાં તપાદિકની ખટપટ–
અહીં એક તૃણ થકી અધિક
ન ધારે મહત્ત્વ. ૩૬૯

જુએ જ્ઞાન વડે પ્રબળ,
વેદ કરતાં કોણ આગળ,
અને શેષ કરતાં સવિશેષ
વાચાળ કોણ. ૩૭૦

તેમ શય્યા હેઠળ સંતાયે,
વેદ નેતિ નેતિ કહી વિરમે,
અહીં સનકાદિક ઘેલા થાયે
બની અલગારી. ૩૭૧

અને તપસ્વીઓની શ્રેષ્ઠતાયે
શંભુ સરખા કોને ગણાયે,
તેય અભિમાન છોડી ચડાવે
ચરણતીર્થ માથે. ૩૭૨

અથવા ઐશ્વર્યની સરસાઈયે
લક્ષ્મી સમી કોણ હોયે,
શ્રી સરખી દાસીઓ ગૃહે
અનેક રહે. ૩૭૩

તેમણે ખેલવા કાજે રચી ઝૂંપડી,
તેનું નામ રાખ્યું અમરાપુરી,
તો શું ન થાશે ઢીંગલાઢીંગલી
ઇન્દ્રાદિક અરે. ૩૭૪

તેમને ન ગમે ત્યારે તોડશે
તો ઇન્દ્રાદિક રંક થાશે,
ગમે તે વૃક્ષ ભણી જોશે
તે થશે કલ્પવૃક્ષ. ૩૭૫

એવી જે રહે સન્નિકટે
તે દાસીઓ સમર્થ હોયે,
તેમની સ્વામિની શ્રીલક્ષ્મીને
ન ગણે પ્રભુ. ૩૭૬

પછી સર્વસ્વે કરીને સેવા
અભિમાન છોડીને પાંડવા,
પાત્ર થાયે પગ પખાળવા
બની સૌભાગ્યશાલિની. ૩૭૭

એટલે શ્રેષ્ઠતા પણે મૂકે,
અહીં શાણપણ સઘળું વીસરે,
જ્યારે જગે નાના થઈ રહે
ત્યારે જ પામે મને. ૩૭૮

અરે સહસ્ર કિરણોનો પ્રકાશ
જ્યાં ચંદ્રતેજ પણ લોપે કિરીટ,
ત્યાં ખદ્યોતની શી મગદૂર
નિજ તેજે અરે. ૩૭૯

તેમ લક્ષ્મીની શ્રેષ્ઠતા જ્યાં ન સરે,
જ્યાં શંભુનું તપ પણ ન પૂરે,
ત્યાં અન્ય પ્રાકૃત ગ્રામ્યજન
જાણશે કેમ. ૩૮૦

એટલે શરીરની મમતા છોડીએ,
સકળ ગુણો ઓવારીએ,
સંપત્તિનો મદ છાંડીએ
ન્યોછાવર કરી નિજને. ૩૮૧

પછી નિ:સીમ ભાવ ઉલ્લાસે
મને સમર્પવાને નિમિત્તે
ગમે તેવું ફળ જે તેને ગમે–
ગમે તે વૃક્ષનું. ૩૮૨

ભક્ત એ મને દેખાડે
અને હું હાથ ધરું આગળે,
પછી ડીંટા સહિત તે સમગ્રે
સેવન કરું સાદરે. ૩૮૩

અરે ભાઈ, પ્રેમભક્તિને નામે
એક જ ફૂલ જો આપે મને–
ખરું જોતાં તે સૂંઘવું મારે
પણ નાખું મુખે. ૩૮૪

અરે ભલે એક ફૂલ પણ શેં–
પ્રેમે એક પાન પણ સમર્પે
તે તાજું, લીલું કે સૂકું હોયે–
ગમે તેવું. ૩૮૫

પછી સર્વભાવે ભરેલું હોયે,
અને ભૂખ્યાને જેમ અમૃત સંતોપે,
તેમ પાનને પણ તે જ સુખે
આરોગવા લાગું. ૩૮૬

અથવા એવું પણ બને
કે પાંદડાં પણ ના મળે,
પણ પાણીનો દુકાળ તો ક્યાંયે
પડે નાહીં. ૩૮૭

તે ગમે ત્યાં વણમોલે,
ગમે તેટલું આયતું મળે,
તે પણ સર્વભાવે અર્પણ કરે
મુજને અરે. ૩૮૮

તેણે વૈકુંઠ કરતાંય વિશાળ
મારે કાજે બાંધ્યાં દેવળ,
કૌસ્તુભ કરતાંય નિર્મળ
અલંકાર અર્પ્યાં. ૩૮૯

દૂધનાં સેજ સંભાર
ક્ષીરાબ્ધિ જેવાં મનોહર,
મારે માટે અપાર
સરજ્યાં તેણે. ૩૯૦

કર્પૂર-ચંદન-અગરુ–
એવો સુગંધનો મહામેરુ,
નિજ હાથે પ્રગટાવ્યો દિનકરુ
મુજ દીપમાળે. ૩૯૧

ગરુડ સરખાં વાહનો,
કલ્પતરુનાં ઉદ્યાનો,
કામધેનુનાં ગોધનો
અર્પ્યાં તેણે. ૩૯૨

અને અમૃત થકીય સરસ
વાનગી પીરસી સુરસ,
તેમ ભક્ત તણો ઉદકલેશ
સંતોપે મને. ૩૯૩

આ શું પાર્થ કહેવું પડે,
તેં જોયું તારી દૃષ્ટિ વડે–
કે સુદામાના તંદુલ કાજે
મેં છોડી પોટલી. ૩૯૪

હું ભક્તિ એક જ જાણું,
ત્યાં નાનુંમોટું કંઈ ન ગણું,
અમે તો ભાવના પરોણા
ગમે તેના. ૩૯૫

બાકી પત્ર, પુષ્પ, ફળ–
એ ભજનનાં નિમિત્ત કેવળ,
પણ મારી પ્રાપ્તિ કાજે નિષ્કળ
ભક્તિતત્ત્વ. ૩૯૬

એટલે અર્જુન હવે અવધાર,
બુદ્ધિ જો ઇચ્છે સુલભ ઉપાય–
તો નિજ મનોમંદિરે સહજ
ન વીસર મને. ૩૯૭

જે જે કંઈ વ્યાપાર કરે,
કાં ભોગો અહીં ભોગવે,
અથવા યજ્ઞો યજે
નાનાવિધ. ૩૯૮

કિંવા પાત્ર વિશેષે દાને,
કાં દઈશ ધન સેવકોને,
અથવા તપાદિનાં સાધને
વ્રતો કરીશ. ૩૯૯

તે ક્રિયાજાત સકળે
જેમ નીપજશે સ્વભાવે,
તે ભાવના કરીને કરજે
મુજ પ્રીત્યર્થે. ૪૦૦

પણ સર્વથા તુજ અંતરે
મેં કર્યું એ ભાવ ન હોયે,
એમ શુદ્ધ કરીને કર્મો અર્પે
સર્વે મને. ૪૦૧

પછી અગ્નિકુંડે બીજ વાવ્યાં
તે અંકુર દશા કદી ન પામ્યાં,
તેમ ન ફળે જે મને અર્પ્યાં
કર્મ શુભાશુભ. ૪૦૨

અરે કર્મો જો શેષ રહે
તો સુખદુઃખ ફળ આપે,
અને તેને ભોગવવા કાજે
દેહ ધારવો રહ્યો. ૪૦૩

અર્પણ થતાં મુજને કર્મ
ભૂંસાયે તરત જન્મમરણ,
જન્મ સાથે પરિશ્રમ
ગયા સકળ. ૪૦૪

એટલે અર્જુન આ પ્રકારે
અનુભવતાં કાળ ન લાગે ભારે,
આ સંન્યાસયુક્તિ આપી તને
ઘણી સરળ. ૪૦૫

આ દેહના બંદીવાસે ન પડે,
સુખદુઃખના સાગરે ન બૂડે,
સુખે સુખરૂપ થઈ રહે
મુજ સ્વરૂપે. ૪૦૬

તો તું પૂછીશ : હું કેવો-
જે સર્વ ભૂતે સદા સરીખો,
જ્યાં પોતીકા-પરાયાનો
ભેદભાવ ન હોયે. ૪૦૭

જે આવા મને જાણે
તે અહંકારનું ઘર તોડે,
જે જીવેકર્મે કરે
ભક્તિ મારી. ૪૦૮

તે વર્તતા દીસે દેહે,
પણ દેહે નથી, મુજ સ્વરૂપે,
અને હું વસું તેમનાં હૃદયે
સમગ્રપણે. ૪૦૯

સવિસ્તર વટત્વ જેમ
બીજકણિકામાં હોય તેમ,
અને બીજકણ વસે જેમ
વટવૃક્ષમાં. ૪૧૦

તેમ હું અને તે પરસ્પર
બાહરે નામનું જ અંતર,
પણ કરતાં મૂળ વસ્તુવિચાર
હું તે જ તે. ૪૧૧

હવે જેમ ઉછીનાં ઘરેણાં
અવયવે કેવળ ધારવાં,
તેમ ભક્તનું દેહધારણ
ઉદાસ ભાવે. ૪૧૨

પરિમલ નીકળ્યા પવનપીઠે-
પછી ફૂલો રહ્યાં પોતાને ડીંટે,
તેમ આયુષ્યની મુઠીએ
કેવળ દેહ. ૪૧૩

બાકી કર્મવ્યાપાર સકળ
રહે સમર્પણ ભાવે આરૂઢ,
એટલે મુજ સ્વરૂપે પાંડવ
નિત્ય પ્રતિષ્ઠિત. ૪૧૪

ભજતા તે પ્રેમભાવે,
તેઓ પછી દેહે ન આવે,
ભલે ગમે તે જાતિનો હોયે
ભક્ત મારો. ૪૧૫

અને આચાર જોતાં સુભટ
દુરાચારીઓનો મુકુટ,
પણ જે જીવિત કરે સમર્પિત
ભક્તિને ચૌટે. ૪૧૬

અરે અંત વેળા જેવી મતિ
તેવી આગળ થાયે ગતિ,
એટલે ભક્તિને આપ્યું જીવિત
અશેષ જેણે. ૪૧૭

તે પહેલાં જો દુરાચારે
હતો તોય શ્રેષ્ઠ ગણાયે,
જેમ બૂડતાં મહાપૂરે
જીવતાં નીકળે. ૪૧૮

તે જીવિતો આ તીરે આવે
એટલે બૂડવાપણું વ્યર્થ જાયે,
તેમ પાપ જેનું સમૂળું નાશે
ભક્તિ કરતાં. ૪૧૯

એટલે દુરાચારી જો હોયે
પણ અનુતાપતીર્થે નહાયે,
નાહીને મુજ પાસ આવે
સર્વ ભાવે. ૪૨૦

તો હવે પવિત્ર તેનું કુળ,
આભિજાત્ય તેનું નિર્મળ,
જન્મવાનું સુફળ
તેને જ લાધે. ૪૨૧

તે સકળ શાસ્ત્રસંપન્ન,
તપે પણ તે તપોધન,
તેણે જ કર્યો અભ્યાસ
અષ્ટાંગ યોગનો. ૪૨૨

હવે રહેવા દે પાર્થા,
તે છૂટ્યો કર્મે સર્વથા,
જેની અખંડ આસ્થા
મુજમાં હોયે. ૪૨૩

મનોબુદ્ધિના વ્યાપાર સકળે
મૂકે એકનિષ્ઠાની પેટીએ,
અને મુજને જ તે સમર્પે
અનન્ય ભાવે. ૪૨૪

સમય જતાં તે મુજ સમો થશે
એવો ભાવ જો ચિત્તે ઊપજશે,
તો અમૃતમાં જે નિવસશે
તેને મૃત્યુ કેવું. ૪૨૫

સૂર્ય જ્યાં સુધી ન ઊગે
ત્યાં સુધી રાત્રિ કહેવાયે,
તેમ મારી ભક્તિ વિણ જે કરાયે
તે મહાપાપ હોયે. ૪૨૬

એટલે જેમને ચિત્તે
મારી નિકટતા હોયે,
તેઓ તો તત્ક્ષણે
મદ્રૂપ થાયે. ૪૨૭

જેમ દીપે દીપ કરીયે
ત્યાં પહેલો કોણ ન ઓળખાયે,
તેમ સર્વસ્વે જે મને ભજે
તે હું જ થઈ રહે. ૪૨૮

પછી મારી જે નિત્ય શાંતિ
તે જ દશા અને તે જ કાન્તિ,
કિંબહુના તેનું જીવવું
તે જ મારું. ૪૨૯

એટલે પાર્થ વારંવારે
કેટલું તે જ તે કહીયે,
ભક્તિના કોડ હોયે
તે મને ન વીસરો. ૪૩૦

ન લાગે તેને ઉત્તમ કુળ,
ન જોઇએ કુળનું ગૌરવ,
પછી વ્યુત્પત્તિની વ્યર્થ હોંશ
કેમ રાખે. ૪૩૧

કાં રૂપ અને વયનું માન,
સંપત્તિનો દંભ કે અભિમાન,
જો મુજમાં ન હોય અનન્ય ભાવ
તો સર્વ વ્યર્થ. ૪૩૨

દાણા ન હોય ડોડાએ
તો શું વળે સઘન પાકે,
અરે શું કરીયે સુંદર નગરે
હોય જો નિર્જન. ૪૩૩

અથવા સરોવર શુષ્ક હોયે,
કે દુ:ખીને દુ:ખી મળે વને,
કાં વાંઝિયું ફળ વિણ ફૂલે
વૃક્ષ જેવું. ૪૩૪

તેવો સકળ તે વૈભવ,
અથવા કુળજાતિ-ગૌરવ,
જેમ શરીર હોયે સઅવયવ
પણ પ્રાણ નાહીં- ૪૩૫

તેમ મારી ભક્તિ વિણ
બળ્યું તે જીવવાપણ,
પૃથ્વી પરે શું પાષાણ
ન હોય કાંઈ. ૪૩૬

થોરની છાયા સઘન
જેમ સ્વીકારે નહીં સજ્જન,
તેમ પુણ્ય ન ઝંખે સ્પર્શ
અભક્તોનો. ૪૩૭

લીમડો લીંબોળીયે ફળ્યો
તો કાગડાને સુકાળ થયો,
તેમ ભક્તિહીન જીવ્યો
પાપ માટે. ૪૩૮

કાં ષડ્રસ પીરસ્યા થાળિયે,
પીરસીને થાળી મૂકી ચૌટે,
તો શ્વાન ખાઈ જાયે
અન્ન જેમ. ૪૩૯

તેવું ભક્તિહીનનું જીવિત
જે સ્વપ્નેય ન જાણે સુકૃત,
તે પીરસ્યું છે ભોજન
સંસારદુ:ખો કાજે. ૪૪૦

એટલે કુળ ઉત્તમ ન હોયે,
જાતિ અંત્યજની હોયે,
અથવા પશુનો પણ હોયે
દેહ તેનો. ૪૪૧

જુએ ગજેન્દ્ર સપડાયો સંકટે
તે સ્મરે મને કાકલૂદીયે,
તેનું પશુત્વ લેખે ન લાગે
પામીને મને. ૪૪૨

જેનું નામ લેતાંય પાપ લાગે,
જે અધમાધમની પણ છેવટે,
એવી પાપયોનિમાં કિરીટે
જન્મ્યા જે. ૪૪૩

તે પાપયોનિ મૂઢ,
પથ્થર જેવા જ મૂર્ખ,
પણ મારે સ્થાને દૃઢ
સર્વ ભાવે. ૪૪૪

જેમની વાણી એ મારો આલાપ,
દૃષ્ટિ ભોગવે મારું સ્વરૂપ,
જેમને મન નિત્ય સંકલ્પ
મુજ ઉદ્દેશે. ૪૪૫

મારી કીર્તિ વિણ
ખાલી ન રહે શ્રવણ,
જેમનાં સર્વાંગે ભૂષણ
મારી જ સેવા. ૪૪૬

જેમની બુદ્ધિ વિષયો ન જાણે,
હું એક જ જેનો વિષય હોયે,
એવું ન રહે તો જેમને લેખે
તો જીવવું જ મરણ. ૪૪૭

આમ સર્વ પ્રકારે પાંડવ
જેમણે પોતાનો સર્વ ભાવ-
જીવવા કાજે આધાર
મને જ રાખ્યો. ૪૪૮

તે ભલે જન્મે પાપયોનિયે,
અને ભણ્યાગણ્યા ભલે ન હોયે,
સરખાવતાં મારી તુલનાયે
ઊણા ન ઊતરે. ૪૪૯

જુઓ થઈને ભક્તિ વડે પ્રબળ
દેવો કર્યા દાનવોએ નિર્બળ,
ધારવું પડ્યું મને નૃસિંહત્વ
જેમને પ્રતાપે. ૪૫૦

તે પ્રહ્લાદ મુજ સાથે
મારા જેવો જ શ્રેષ્ઠ સવાયે,
કાં જે હું દઉં તે વાતને
તે પણ પ્રાપ્ત કરે. ૪૫૧

તો જન્મ્યો હતો દૈત્યકુળે જ સાચે,
ઇન્દ્રાદિ બરોબરી ન કરે,
એટલે ભક્તિ જ અહીં જોઈએ,
જાતિ અપ્રમાણ. ૪૫૨

જો રાજાજ્ઞાના અક્ષરો
અંકિત કરે ચર્મનો ટુકડો,
તો મેળવાયે તેના વડે
સકળ વસ્તુ. ૪૫૩

તેના વિણ સોનુંરૂપું અપ્રમાણ,
અહીં રાજાજ્ઞા જ સમર્થ જાણ,
તે લાધતાં ચર્મ એક,
મળે બધું જ હાટે. ૪૫૪

ત્યારે જ ઉત્તમત્વ કામ લાગે,
અને સર્વજ્ઞતા સાર્થક થાયે,
જ્યારે મનોબુદ્ધિ છલકાયે
મુજ પ્રેમે. ૪૫૫

એટલે કુળ, જાતિ, વર્ણ-
એ સર્વ ભાઈ અકારણ,
અહીં અર્જુન થાય જે મદ્રૂપ
તે જ કૃતાર્થ. ૪૫૬

તે ગમે તે ભાવે
મન મારામાં પરોવે,
પછી બધું જ વ્યર્થ ગણાયે
પૂર્વજીવન. ૪૫૭

ત્યાં સુધી જ વહેળું કહેવાયે
જ્યાં સુધી ગંગામાં ન ભળે,
પછી તો કેવળ થઈ રહે
ગંગારૂપ. ૪૫૮

કાં ખેર, ચંદનકાષ્ઠે,
એ વિવેચના ત્યાં સુધી રહે-
જ્યાં સુધી ન પડે એકસાથે
અગ્નિ મહીં. ૪૫૯

તેમ ક્ષત્રિય, વૈશ્ય, સ્ત્રીઓ,
કાં શૂદ્રાદિ ઇતર અંત્યજો,
જાતિથી ગણાશે જુદાં જુદાં
જ્યાં સુધી મને ન પામે. ૪૬૦

પછી જાતિ, વ્યક્તિ સરી પડે-
જ્યાં મુજમાં સર્વ ભાવે ભળે,
જેમ લવણકણ ઓગળે
સાગરજળે. ૪૬૧

ત્યાં સુધી નદનદી કહેવાયે,
કે પૂર્વ પશ્ચિમેથી ધાયે,
જ્યાં સુધી ન મળે સર્વે
સમુદ્ર માંહીં. ૪૬૨

એટલે કોઈ પણ એક નિમિત્તે
ચિત્ત મુજમાં પ્રવેશે,
એટલું થતાં આપમેળે
થવાય મદ્રૂપ. ૪૬૩

અરે એને તોડવા કાજે
લોહ આથડે પારસ સંગે,
તોય તેના મિલન પ્રસંગે
થાય હેમરૂપ. ૪૬૪

જુએ અરે વલ્લભ ભાવે
વ્રજાંગના નિજને સમર્પે,
શું ન થાય તે મુજ મિલને
મારું જ સ્વરૂપ. ૪૬૫

તથાપિ જેને ભયને નિમિત્તે,
શું મને ના પામ્યો કંસે,
કે અખંડ વેર વસે
શિશુપાલે. ૪૬૬

અરે સગાસંબંધે પાંડવ
મારું સાયુજ્ય યાદવ,
કે મમત્વે વસુદેવ
સૌ પામ્યા. ૪૬૭

નારદ, ધ્રુવ, અક્રૂર,
શુક અને સનત્કુમાર,
એમની ભક્તિયે હું ધનુર્ધર
પ્રાપ્ય જેવો. ૪૬૮

ગોપીઓને તેમના કામે,
કંસને ભયના સંભ્રમે,
અન્ય ઘાતક મનોધર્મે,
શિશુપાલાદિને. ૪૬૯

અરે મારા એકલા કાજે
મુજ કને આવે ગમે તે માર્ગે,
ભક્તિ કાં વિષયવિરાગે
અથવા વેરે. ૪૭૦

એટલે જુએ પાર્થ
મુજમાં કરવા પ્રવેશ,
ઉપાયોનો અહીં દુકાળ
કયારેય નાહીં. ૪૭૧

ગમે તે જાતિમાં જન્મે,
પછી ભજે કે વિરોધ કરે,
પણ ભક્ત વેરી હોવું ઘટે
મુજ ઉદ્દેશે. ૪૭૨

અરે કોઈ પણ નિમિત્તે
મદ્રૂપ જો થવાયે–
તો સાયુજ્ય આવે હાથે
જાણ નિશ્ચયે. ૪૭૩

એટલે પાપયોનિ પણ અર્જુના,
કાં વૈશ્ય, શૂદ્ર કે અંગના,
મને ભજતાં મુજ સદના
આવે અવશ્ય. ૪૭૪

પણ વર્ણોમાં છત્રચામર,
સ્વર્ગ જેમનું અગ્રહાર,
મંત્રવિદ્યાનું મહિયર–
બ્રાહ્મણ જે. ૪૭૫

જે બ્રહ્મલોકના દેવ,
જે તપોવતાર સાવયવ,
જે સકળ તીર્થોનું દૈવ
ઉદયે આવ્યું. ૪૭૬

જ્યાં યજ્ઞો અખંડ નિવસે,
જે વેદોનું કવચ હોયે,
જેમની દૃષ્ટિના ઉત્સંગે
મંગલ વાધે. ૪૭૭

જેમની આસ્થાની આર્દ્રતાયે
સત્કર્મ સર્વત્ર પ્રસરે,
સંકલ્પે સત્ય જીવે
જેમના અરે. ૪૭૮

જેમના એક ઉદ્‌ગારે
અગ્નિને આયુષ્ય લાધે,
જેથી સમુદ્ર રહેવા દે સપ્રેમે
પોતાને હૈયે. ૪૭૯

મેં લક્ષ્મીને દૂર કરી મૂકી,
ઉતારીને કૌસ્તુભ લીધો મૂઠી,
પછી વક્ષઃસ્થળ આગળ ધરી
ચરણરજ પામવા. ૪૮૦

હજીયે એ ચરણની મુદ્રા
હું હૃદયે ધારું સુભદ્રા,
પોતાનું દિવ્ય સૌભાગ્ય
જતન કરવા. ૪૮૧

જેમનો કોપ સુભટ
કાળાગ્નિ રુદ્રનું સદન,
જેમના પ્રસાદે અનાયાસ
સિદ્ધિ મળે. ૪૮૨

એવા પુણ્ય પૂજ્ય જે બ્રાહ્મણ,
અને મારે ઠામે અતિ નિપુણ,
તે મને પામે એમાં નવલ
હોય શાનું. ૪૮૩

જુએ ચંદનમાં નિવસતા પવને,
સ્પર્શ કરતાં લીમડાને અંગે,
તે નિર્જીવ છતાં પ્રભુને લલાટે
ચર્ચાયું અરે. ૪૮૪

પછી તે ચંદન ત્યાં ન હોયે
એવું મનમાં કેમ મનાયે,
અથવા ધારણ થાય એ સમર્થાયે
તોયે ન સાચું શું. ૪૮૫

શાંતિ થશે એ આશે
અર્ધચંદ્ર શંભુશિવે-
ધારણ કરીને ફરે
નિરંતર. ૪૮૬

ત્યાં શીતળ અને સંપૂર્ણ
પરિમલે ચંદ્રથી સવિશેષ-
તે ચંદન કેમ સહજ
સર્વાંગે ન બેસે. ૪૮૭

કાં જળપ્રવાહ જેના આશ્રયે
બની રહે સમુદ્રસમ અનાયાસે,
તો ગંગાની શું હોઈ શકે
ગતિ અન્ય. ૪૮૮

એટલે રાજર્ષિ કે બ્રાહ્મણ-
જેની ગતિમતિ મુજ શરણ,
તેનું ત્રણ વાર હું જ નિર્વાણ
અને અવધિ પણ હું જ. ૪૮૯

એટલે શતસ્થાને જર્જર નૌકાએ
બેસીને કેમ નિશ્ચિંત થવાયે,
ઉઘાડા દેહે કેમ સહેવાયે
શસ્ત્રવર્ષા. ૪૯૦

કાયા ઉપરે પડતાં પાષાણ
ન લેવાય કેમ આચ્છાદન,
રોગે પીડાતાં ઉદાસપણ
ન પાલવે ઔષધે. ૪૯૧

જ્યાં ચોપાસે દવ બળે
ત્યાંથી કેમ ન નીકળાયે,
તેમ મૃત્યુલોકે આટલા ઉપદ્રવે
મને કેમ ન ભજાયે. ૪૯૨

અરે મને જો ન ભજે
તો કયું બળ એને રહે,
કયા બળે ઘરે કે ભોગે
રહેશે નિશ્ચિંત. ૪૯૩

વિદ્યાબળ કે બળ આયુનું
પ્રાણીઓ પાસે બીજું કયું-
મુજ વિના વિશ્વાસપાત્ર
સુખ મેળવવા. ૪૯૪

તોપણ ભોગ્યજાત જેટલા,
એક દેહના સુખાર્થે સઘળા,
અને દેહ તો પડેલો અહીંયાં
કાળને મુખે. ૪૯૫

અહીં દુ:ખની ગાંસડીઓ ખૂલે
જે મરણના માપે મપાયે,
એવા મૃત્યુલોકે સમીસાંજે
આવ્યા આપણે. ૪૯૬

ખરીદવા જો સુખમય જીવિત
ગ્રાહક બનીને ફરીયે પાંડુસુત–
તો શું પ્રગટશે દીપ
રાખ ફૂંકતાં. ૪૯૭

અરે વિષકંદ વાટીને
રસ લઈએ નિચોડીને,
અમૃતની સંજ્ઞા આપીને
ઝંખવી અમરતા જેમ. ૪૯૮

તેમ વિષયોનું જે સુખ
તે કેવળ પરમ દુ:ખ,
પણ શું કરીયે મૂર્ખ
તેમાં જ રાચે. ૪૯૯

કાં શીશ પોતાનું ખાંડીયે
અને પગના ઘા ઉપર બાંધીયે,
તેમ દેખાય સુખ સઘળે
આ મૃત્યુલોકે. ૫૦૦

એટલે મૃત્યુલોકે સુખની વારતા
સાંભળવા ના મળે કદા,
લાધશે કેવી સુખનિદ્રા
વીંછીની શય્યાએ. ૫૦૧

જે લોકે ચંદ્ર ક્ષયરોગે,
જ્યાં ઉદય થાય અસ્ત માટે,
જ્યાં દુ:ખ સુખને રૂપે
છળે જગતને. ૫૦૨

જ્યાં મંગલને અંકુરે
અમંગલની છાયા પડે,
મૃત્યુ જ્યાં ઉદયના ગર્ભને પણ
ઝડપી શકે. ૫૦૩

જે નથી તેની ઇચ્છા થાયે,
ઝંખનામાં કાળ જાયે,
ઇચ્છિત બધું ક્યાં લોપાયે
ખબર ના પડે. ૫૦૪

બધા માર્ગે શોધ કરીયે–
પાછાં ફરેલાં પગલાં ન દીસે,
અને મૃતજનોની વારતાયે
પુરાણો ભર્યાં. ૫૦૫

જ્યાં શ્રેષ્ઠતા અનિત્યની વરતે,
જે બ્રહ્માના આયુ સુધી પહોંચે,
નાશ પામવું જ્યાં કેવળ
નિ:શેષ થઈ જવું. ૫૦૬

આવી જે લોકે જીવનદશા
ત્યાં જન્મ પામી જે જીવ આવ્યા–
તેમની નિશ્ચિત મનોદશા
આશ્ચર્ય પમાડે. ૫૦૭

પણ ઇહ-પરલોકને લાભે
મૂડીમાંથી કોડી ન છૂટે,
પણ જ્યાં સર્વસ્વે હાનિ, ત્યાં ખર્ચે
સર્વ મૂડી. ૫૦૮

જે બહુ વિષયવિલાસે ગુંફે
તેનું જીવન સુખી કહેવાયે,
જે અભિલાષ-ભારે દબાયે
તેને જ્ઞાની ગણે. ૫૦૯

જેમનું આયુષ્ય ઓસરતું જાયે,
બળ અને પ્રજ્ઞા ક્ષીણ થાયે–
તેમને પાય પડી નમસ્કારે
વડીલ માની. ૫૧૦

જેમ જેમ બાળ મોટા થાયે
તેમ તેમ આનંદે નાચે,
પણ આયુષ્ય ઓછું થતું જાયે
તેની ગ્લાનિ નહીં. ૫૧૧

જન્મેલા દિવસે દિવસે
કાળ ભણી જતા હોયે,
પણ જન્મદિવસ હોંશે મનાવે
પ્રદર્શનો કરી. ૫૧૨

અરે મર એ બોલ ન સહેવાયે
અને જો મરે તો ખૂબ રડાયે,
પણ ઓસરતા આયુને અવગણે
મૂર્ખતાવશ. ૫૧૩

સાપ દેડકો ગળીને ઊભે
તોય માછલીને વીંટાળે જીભે,
તેમ પ્રાણીઓને કયા લોભે
વધે તૃષ્ણા. ૫૧૪

અરે આ હાય હાય ઘાતકી,
આ મૃત્યુલોકની અવળી રીતિ,
અર્જુન જો અચાનક અહીં
જન્મ્યો તું. ૫૧૫

હવે ખંખેરી નીકળ બહાર
અને ભક્તિની વાટે લાગ,
જેનાથી પામશે અવ્યંગ
નિજ ધામ મારું. ૫૧૬

તું મનને મદ્રૂપ કરે,
મારે ભજને પ્રેમ ધરે,
સર્વત્ર નમસ્કારે
મને એકને. ૫૧૭

મારે જ અનુસંધાને દેખ,
સંકલ્પ વાળવા નિઃશેષ,
એ જ મારું યજન નિર્મળ
કહેવાય જાણ. ૫૧૮

આમ મારી સાથે યુક્ત થાશે
ત્યારે મારું સ્વરૂપ પામશે,
આ અંતઃકરણનું તુજ પાસે
ગુહ્ય કહું. ૫૧૯

અરે સર્વથી ગુહ્ય મારું
જે સર્વસ્વ રાખ્યું હતું-
તે પામીને સુખી થાવું
તારે અખંડિત. ૫૨૦

એવું શામળા શ્રીપરબ્રહ્મ,
તે ભક્તકામ કલ્પદ્રુમ
બોલિયા આત્મારામ
સંજય કહે. ૫૨૧

અહો સાંભળ્યું અવધારીને,
આ બોલ પડતાં રાજાને કાને,
મહિષ જાણે સપડાયો પૂરે
તેમ સ્તબ્ધ રહ્યા. ૫૨૨

ત્યારે સંજયે ડોક ડોલાવી
અહો અમૃતની વર્ષા વરસી,
ત્યારે હોવા છતાં ન હતા આંહીં
ધૃતરાષ્ટ્ર શું. ૫૨૩

પણ આ દાતાર આપણા
એટલે આવું કહેતાં ન ઊઠે વાચા,
શું કરીયે એમનો હાવાં
સ્વભાવ જ એવો. ૫૨૪

પણ બાપ મારાં અહોભાગ્ય
કે વૃત્તાંત કહેવાને નિમિત્ત-
કેવા સંભાળ્યા મુનિરાજ
શ્રીવ્યાસદેવે. ૫૨૫

આટલું બહુ સાયાસે
જ્યાં બોલ્યા દૃઢ માનસે,
ત્યાં ન સંભાળી શકે નિજને
અષ્ટ સાત્ત્વિક ભાવે. ૫૨૬

ચિત્ત આશ્ચર્યે મુગ્ધ થયું,
વાચા શમી ને મૌન ઊપજ્યું,
નખશિખ પર્યન્ત વ્યાપ્યા
રોમાંચ જાણે. ૫૨૭

અર્ધોન્મિલિત ડોળે
વર્ષતા હતા આનંદજળે,
આંતરિક સુખોર્મિને બળે
દેહ કાંપે. ૫૨૮

ત્યારે સકળ રોમમૂળે
આવ્યો પ્રસ્વેદ નિર્મળે,
તે મોતીની માળા વડે
શોભતો જાણે. ૫૨૯

એવા મહાસુખના અતિરસે
જીવદશા લય પામી રહે,
ત્યાં વેદવ્યાસના નિરૂપણે
સાચવી લીધા. ૫૩૦

અને શ્રીકૃષ્ણનું બોલવું
ગર્જના કરી સંભળાયું,
ત્યારે દેહસ્મૃતિને તેણે
પાછી વાળી. ૫૩૧

ત્યારે નેત્રોનું જળ વિસર્જી
સર્વાંગનો પ્રસ્વેદ પરિમાર્જી–
બોલ્યા સાંભળો હોજી
ધૃતરાષ્ટ્રને. ૫૩૨

હવે શ્રીકૃષ્ણવાક્ય બીજ વિશુદ્ધ,
અને સંજય સાત્વિક ભૂમિ સુભગ,
એટલે શ્રોતાઓને આનંદ
પ્રમેય રસનો. ૫૩૩

અહો સહજ અવધાન દેજો
તેથી આનંદરાશિએ બેસો,
બાપા શ્રવણેન્દ્રિયોને દૈવે
આરોપી માળા. ૫૩૪

એટલે વિભૂતિઓનું જે ધામ
તે પાર્થને દેખાડશે ઘનશ્યામ,
હવે સાંભળો કહે જ્ઞાનદેવ
નિવૃત્તિ તણા. ૫૩૫

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

અનંત વિભૂતિદર્શન

દસમા અધ્યાયમાં ભગવાન વાસુદેવ, અર્જુનની સાંભળવાની આસ્થા અને પોતાના તરફના પ્રેમને ભાળી, એના હિતની કેટલીક વાતો અર્જુનને કહે છે.

અર્જુનની સન્મુખ વાસુદેવ ઊભા છે તેટલા જ તેઓ મર્યાદિત નથી. સર્વ વિશ્વને આકારે તેઓ જ વ્યાપક છે. સર્વજ્ઞ વેદ, મોટા મોટા ઋષિ અને દેવોને પણ ભગવાનના યથાર્થ સ્વરૂપનો નિર્ણય કરવાનું અસંભવ થઈ પડયું. પેટમાંના ગર્ભને પોતાની માતાના આયુષ્યની શી રીતે ખબર પડે? એ તો માત્ર ઇન્દ્રિયો દ્વારા બહાર રઝળનારી વૃત્તિને અંતર્મુખ કરીને, ત્રણે દેહના વિચારનું નિરસન કરી, જે પંચમહાભૂતોને ઓળંગી જાય છે તેને જ પ્રભુના અનાદિ અને લોકમહેશ્વરના સ્વરૂપનો અનુભવ થાય છે. ત્યારે જ તે સર્વ સંકલ્પોમાંથી મુક્ત થાય છે. ભિન્ન ભિન્ન પ્રાણીઓમાં પ્રકૃતિ અનુસાર હોનાર બુદ્ધિ અને જ્ઞાન વગેરે વિકાર પ્રભુનો વિસ્તાર છે. એક બીજમાંથી જેમ અનેક શાખા અને મૂળવાળું વૃક્ષ પાંગરે છે તેમ પ્રભુ એકલા જ હોય છે. છતાં પ્રભુમાંથી જ વ્યાસાદિ સપ્ત ઋષિઓ, ચાર મનુ, લોક અને લોકપાળ ઉત્પન્ન થયાં છે. બ્રહ્મદેવથી માંડીને કીડી પર્યંત ભગવાનની વ્યાપ્તિ છે. ભગવાન, એમની વિભૂતિ અને તેમનાથી વ્યાપ્ત સમસ્ત વિશ્વ, એ બધું એક જ છે, એવા ઐક્યનો અનુભવ થવો એ જ અભેદ ભક્તિયોગ છે.

સ્વર્ગ અને મોક્ષ ઇત્યાદિ સુખો ભણીથી આવા ભક્તોએ ક્યારની પીઠ ફેરવી લીધેલી હોય છે. એવા ભક્તોએ પ્રભુનું પ્રેમસુખ ઉપલબ્ધ કરી લીધેલું હોય છે. છતાં એમની મોટપ એવી હોય છે કે એ સુખને એઓ પ્રભુનું વરદાન માને છે. સ્વર્ગમોક્ષની યાચના કરવા તો ઘણા લોક પ્રભુ પાસે જાય છે, અને તેમને તેવાં સુખો આપીને પ્રભુ વિદાય કરે છે. પરંતુ પ્રભુની નિકટતાનું જે પરમ સુખ હોય છે, તે તો પ્રેમી ભક્તો માટે જ તેઓ રાખી મૂકે છે. અજ્ઞાનની રાત્રિમાં, ભક્તોની જીવનયાત્રામાં, પોતાના હાથમાં જ્ઞાનની મશાલ લઈને તેઓ પોતે અજવાળું પાથરતા તેમની આગળ આગળ ચાલે છે.

શ્રીકૃષ્ણના આ ઉપદેશથી, અર્જુનને આત્મજ્ઞાનરૂપી નવો જન્મ પ્રાપ્ત થયો. પોતાના આયુષ્યની સફળતા આજે થઈ એવું અર્જુનને લાગ્યું. શ્રીકૃષ્ણને અર્જુન સખા સમજતા હતા તેને બદલે હવે શ્રીકૃષ્ણ 'પરબ્રહ્મ પરંધામ' દેખાવા લાગ્યા. અર્જુનને લાગ્યું કે પ્રભુના પગ પાસે ઊભા રહેવાની પણ પોતાની યોગ્યતા નથી. તેમણે પોતાના સદ્‌ભાગ્યનું વર્ણન કરવા માંડયું. આજ સુધી મોટા મોટા ઋષિમુનિઓનાં મુખેથી પ્રભુનું વર્ણન સાંભળ્યું હતું, પણ તે વખતે એ વાણીની ઉપેક્ષા થઈ હતી. આજે જાણે પ્રભુની પરમ કૃપાની વર્ષા થઈ.

જીવને બુદ્ધિના સામર્થ્ય વડે આત્માનું જ્ઞાન કદી જ થશે નહીં, એમ સ્વીકારીને અર્જુને પ્રભુને પ્રાર્થના કરી કે, મુખ્ય મુખ્ય નામાંકિત વિભૂતિનું,

ધ્યાનમાં આવે એવી રીતે વર્ણન કરવામાં આવે. સર્વત્ર પ્રભુ જ છે એ સાચું હોવા છતાં, પ્રભુચિંતન માટે પરિમિત વિભૂતિની સમજણ જોઈએ. અર્જુનને આવી વાતો બહુ ગમે છે. એટલે પ્રભુને મુખેથી શ્રવણ કરવાનો આનંદ અમૃત સમો લાગે છે.

અર્જુનની પ્રાર્થનાથી સંતુષ્ટ થઈને પ્રભુએ કહ્યું : આપણા દેહમાં જેટલાં રોમ છે, ને એમની ગણના જેમ શક્ય નથી, તે પ્રમાણે પ્રભુની વિભૂતિ અગણ્ય છે. છતાં પ્રભુએ સર્વના અંતર્યામી આત્માથી માંડીને પંચોતેર વિભૂતિનાં રૂપો કહ્યાં. આગળ કહ્યું કે આટલી બધી વિભૂતિ જાણતાં-સમજતાં અનેક જન્મો પૂરા ન પડે. માટે એટલું જ ધ્યાનમાં રાખવું કે નાનુંમોટું અને સામાન્યવિશેષના બુદ્ધિભેદના કલંકને ધોઈ નાખી, બુદ્ધિને નિષ્કલંક બનાવી પ્રભુ પ્રત્યે વાળવી. આ સાંભળી અર્જુનને લાગ્યું કે પ્રભુ સર્વત્ર વસે છે. પણ એમને ચર્મચક્ષુ વડે કેમ નીરખવા? અર્જુનની આ ઇચ્છાને ભગવાન વાસુદેવ અગિયારમા અધ્યાયમાં પોતાનું વિશ્વરૂપ દેખાડીને ધન્ય કરે છે.

અધ્યાય દસમો

વિભૂતિયોગ

નમો વિશદ બોધ વિદગ્ધ,
નમો વિદ્યારવિંદ પ્રબોધ,
નમો પરાપ્રમેય પ્રમદા-
વિલાસી પ્રભો. ૧

નમો સંસારતમસૂર્ય,
અપ્રતિમ પરમવીર્ય,
નમો તરુણતર તુર્યા,
લાલન લીલા વિભો. ૨

નમો જગદાખિલ પાલન,
નમો મંગલમણિ નિધાન,
નમો સજ્જનવનચંદન,
આરાધ્યલિંગ હે. ૩

નમો ચતુરચિત્ત ચકોરચંદ્ર,
નમો આત્માનુંભવનરેન્દ્ર,
નમો હે શ્રુતિસારસમુદ્ર,
મન્મથ મન્મથ. ૪

નમો સુભાવભજનભાજન,
નમો ભવેભકુંભભંજન,
નમો વિશ્વોદ્ભવભુવન,
ગુરુરાજ હે. ૫

તમારા અનુગ્રહરૂપી ગણેશ
આપે જ્યારે નિજ સૌરસ,
ત્યારે સારસ્વતે પ્રવેશ
બાળક પણ કરે. ૬

અહો દૈવી ઉદાર વાણીનો
જ્યારે સંકેત મળે અભયનો,
ત્યારે નવરસ સુધાબ્ધિનો
તાગ લાધે. ૭

આપના સ્નેહની વાગીશ્વરી
જો મૂકને પણ અંગીકારી,
તો કરશે તે બૃહસ્પતિ થકી
પ્રબંધે હોડ. ૮

આપની દૃષ્ટિ જેના પર ઝળકે,
કે સહેજે મુકાયે પદ્મકર માથે,
તો જીવ હોવા છતાં ગણાયે
મહેશ સરીખો. ૯

આવું જેના મહિમાનું ગૌરવ
તે વાચાબળે વર્ણવું કેમ,
શું સૂર્યને દેહે ઉપરણ
ચર્ચવું પડે. ૧૦

કલ્પતરુને કેવો ફૂલમંડપ,
ક્ષીરસિંધુને શાનું આતિથ્ય,
કર્પૂરને શેનાથી સુવાસિત
કરાશે અરે. ૧૧

ચંદનને શાથી ચર્ચાયે,
અમૃતને કેમ રંધાયે,
ગગનથી મોટું થવાયે
કેવી રીતે. ૧૨

તેવું શ્રીગુરુનું ગૌરવ
આકલવા નથી સાધન,
એ જાણીને નમન
નિરાંતે કર્યાં. ૧૩

જો પ્રજ્ઞાની વ્યુત્પત્તિયે
શ્રીગુરુસામર્થ્ય વર્ણવાયે,
તો મોતીને પુટ દેવાયે
અભરક તણા. ૧૪

કાં કનકને રજતના પુટ,
તેવું શબ્દબળે ગુરુસ્તવન,
એટલે મૂકવું નિજ મસ્તક
ગુરુચરણમાં. ૧૫

પછી બોલ્યા હે ગુરુનાથ,
કેવું તમારું મુજમાં હેત—
કે બનાવ્યો મને પ્રયાગવટ
કૃષ્ણાર્જુનસંગમે. ૧૬

દૂધ આપવાને બદલે
સકલ ક્ષીરાબ્ધિ ધૂર્જટિયે—
વાટકો કરી ઉપમન્યુ પાસે
જેમ મૂક્યો. ૧૭

કાં વૈકુંઠપીઠનાયકે
રુઠેલા ધ્રુવને કૌતુકે—
સમજાવ્યો ભાથું આપીને
ધ્રુવપદ તણું. ૧૮

તેવી જે બ્રહ્મવિદ્યામાં વરિષ્ઠ,
સકલ શાસ્ત્રોના વિશ્રામ શ્રેષ્ઠ,
તે ભગવદ્દગીતા ઓવીબદ્ધ
કરાવી. ૧૯

જે શબ્દોના અરણ્યે હીંડતાં
ન મળે સફળ અક્ષરની વારતા,
તે વાચા બનાવી કલ્પલતા
વિવેક તણી. ૨૦

જે હતી દેહબુદ્ધિ અખંડ
તે આનંદમાં લીન સમગ્ર,
અને ગીતાર્થસાગરે મન
સુખે શયન કરે. ૨૧

આવી જે દેવની પરમ લીલા
શબ્દે કેમ વર્ણવવી તે અપારા,
તોયે અનુવાદું, એ ધૃષ્ટતા
સહી લેશોજી. ૨૨

હવે આપના કૃપાપ્રસાદે,
શ્રીભગવદ્દગીતા ઓવીપ્રબંધે—
પૂર્વખંડે મેં વિનોદે
વિવરણ કરી. ૨૩

પ્રથમે અર્જુનનો વિષાદ,
બીજે કહ્યો યોગ વિશદ,
સાંખ્યબુદ્ધિ થકી ભેદ
દેખાડીને. ૨૪

ત્રીજે કેવળ કર્મ પ્રતિષ્ઠ્યું,
ચતુર્થે જ્ઞાન પ્રગટાવ્યું,
પંચમે રહસ્ય બોલ્યું
યોગતત્ત્વનું. ૨૫

તેમ જ છઠ્ઠે પ્રગટ
આસન-પ્રાણાયામ સ્પષ્ટ,
જીવાત્મભાવ એકવટ
થાય જેથી. ૨૬

તેવી જે યોગની સ્થિતિ,
અને યોગભ્રષ્ટની જે ગતિ—
તે સકલની ઉપપત્તિ
કહી છઠ્ઠે. ૨૭

ત્યાર પછી સાતમે
પ્રકૃતિ પરિહાર ઉપક્રમે,
પુરુષોત્તમને જે ભજે
તે ચાર કહ્યા. ૨૮

પછી સાતમે પ્રશ્નસિદ્ધિ
કહી પ્રયાણ સમયની શુદ્ધિ,
એમ સકલ વાક્યોની અવધિ
આઠમે થઈ. ૨૯

પછી શબ્દબ્રહ્મ અસંખ્યાંકે
જેટલા અભિપ્રાયે નીપજે,
તેટલા એકલક્ષે મહાભારતે
નિરૂપ્યા અરે. ૩૦

...ाय-ग्रन्थालय, ... वाराणसी-

તે સકલ જે મહાભારતે
લાવે છે કૃષ્ણાર્જુનસંવાદે,
જે અભિપ્રાય શ્લોકે સપ્તશતે
તે સમાયો નવમે. ૩૧

એટલે નવમાના અભિપ્રાયે
સંજ્ઞા આપતાં વેદો બીએ,
ત્યાં હું કરું ગર્વ કયા બળે
કહો બાપ. ૩૨

ગોળ, સાકર ને રાબ–
એક રસના સર્વ પ્રકાર,
પણ મધુરતાનો સ્વાદ
ભિન્ન ભિન્ન. ૩૩

કોઈ બ્રહ્મ જાણીને બોલે,
કોઈ ઠામેઠામ જણાવે,
એકને જાણવા જતાં ખોવાયે
ગુણો સહિત. ૩૪

આવા ગીતાના સર્વ અધ્યાયો,
પણ અનિર્વાચ્ય તે નવમો,
અનુવાદાયો એ તમારો
પ્રતાપ ગુરુનાથ. ૩૫

અહો એકે તપની કંથાએ,
એકે સૃષ્ટિપર પ્રતિ સૃષ્ટિએ,
એકે તરાવ્યાં પાષાણો વડે
કટકો સમુદ્રે. ૩૬

એકે આકાશે ભાનુને ધર્યો,
એકે અંજલિયે સમુદ્ર પીધો,
તેમ મુજ મૂક પાસે બોલાવ્યો
અનિર્વાચ્ય નવમો. ૩૭

પણ હવે એ રહો ભલે,
શ્રીરામ-રાવણ ઝૂઝ્યા કેવે,
શ્રીરામ-રાવણ માર્યા સમરે
જેવા અરે. ૩૮

તેમ નવમે શ્રીકૃષ્ણનું બોલવું,
નવમે જ બોલાયું, હું કહું;
નિવેડો જાણે એક તત્ત્વજ્ઞ
જે ગીતાર્થસંપન્ન. ૩૯

એવા નવ અધ્યાયો પહેલાં,
નિજ મતિએ મેં બિરદાવ્યા,
હવે ઉત્તરખંડ નિરૂપણ
સાંભળોજી. ૪૦

જ્યાં વિભૂતિ પ્રતિ વિભૂતિ
કહેશે અર્જુનને પ્રસ્તુતિ,
તે નિરૂપીશ કથા સઘળી
વિદગ્ધરસવૃત્તિએ. ૪૧

મરાઠીની નાગરતા વડે
શૃંગારને શાંતરસ જીતે,
તો જ ઓવીઓના અલંકારે
સાહિત્ય શોભશે. ૪૨

મૂળ ગ્રંથનું સંસ્કૃત
નીરખતાં મરાઠી અનુવાદિત,
ચિત્તે માન્ય થતાં અભિપ્રાય
મૂળ કયું તે ન પરખાશે. ૪૩

જેમ કાયાની સુંદરતાયે
અલંકારો અલંકારાયે,
ત્યાં અલંકૃત કોણ કોના વડે
એ ન કહેવાયે. ૪૪

તેમ દેશી અને સંસ્કૃત વાણી
ભાવાર્થના એક જ સુખાસને,
શોભે કેવા ચાતુર્ય વડે,
લક્ષ દઈને સાંભળો. ૪૫

ઉદિત ભાવોને આપતાં રૂપ
વરસો કરે રસવૃત્તિનો પાવસ,
ચાતુર્ય કહેશે મળી અમને
પ્રતિષ્ઠા, બાપ. ૪૬

તેવું દેશીનું લાવણ્ય,
રસોનો આપે તારુણ્ય,
તેના વડે રચ્યું અગણ્ય
ગીતાતત્ત્વ. ૪૭

જે ચરાચરના પરમ ગુરુ,
જે ચકોરચિત્ત ચમત્કારુ,
સાંભળો તે યાદવેશ્વરુ
બોલવા લાગ્યા. ૪૮

જ્ઞાનદેવ નિવૃત્તિના કહે
એવું બોલ્યા શ્રીહરિ પાર્થને,
સર્વ કાંઈ એકાગ્ર ચિત્તે
સાંભળે છે તું. ૪૯

અમે પહેલાં જે નિરૂપણ કર્યું
તેમાં તારું અવધાન જોયું,
તો તે ન હતું અધૂરું–
સમગ્ર જ સદા. ૫૦

ઘટે થોડું પાણી ભરીએ,
તે ન ગળે તો વધુ નાખીએ,
તેમ સૂણવું જોયું, તો સુણાવીએ
એવું જ થાય છે. ૫૧

અજાણ્યાને પહેલાં સર્વ સોંપીએ,
કસોટીયે ઊતરે તો ભંડારી કરીએ,
તેવો તું પાર્થ મારું હવે
થયો છું નિજ ધામ. ૫૨

જોયું અર્જુનનું સાંભળવું સર્વેશ્વરે,
પછી બોલ્યા તે અતિ આદરે,
ગિરિકંદર જોઈને વરસે
મેઘ જેમ. ૫૩

તેમ કૃપાળુઓના રાયો
કહે, સાંભળ હે મહાબાહો,
કહેલા જે અભિપ્રાયો
તે આગળ કહું. ૫૪

પ્રતિવર્ષે ખેતર વાવીએ
અને પાક વધતા જોઈએ,
પરિશ્રમ કરવાનો ત્યારે
લાગે ન થાક. ૫૫

વારંવારે પુટ આપીએ,
કનકનો કસ વધતો જોઈએ,
એટલે જ શોધવું ગમે
હેમ, પાર્થ. ૫૬

તેવું જ અહીં ધનંજય
તારે ન થવું આશિંગણ,
અમારો પોતાનો ગૂઢ સ્વાર્થ
બોલાવે અમને. ૫૭

અલંકારે બાળકને અલંકારીએ
પણ તેને શૃંગાર શું ન કળે,
અરે તે સુખનો આનંદ ભોગવે
માતની દૃષ્ટિ. ૫૮

તેમ તારું હિત સકળે,
જેમ જેમ તને ફાવે–
તેમ તેમ સુખ બેવડાયે
અમારું પાર્થ. ૫૯

હવે આ બધું રહેવા દઈએ,
મારી વિશદ પ્રીતિ તારા ઉપરે,
એટલે જ તૃપ્તિ ન થાયે
બોલતાં અરે. ૬૦

અમે આટલા જ કારણે
તેનું તે જ કહીએ તને,
એ ભલે, એકચિત્ત
સાંભળ હવે. ૬૧

સાંભળો રે શ્રેષ્ઠ મર્મ,
વાક્યો મારાં ગુહ્ય પરમ,
અક્ષરોના પરિધાને પરિબ્રહ્મ
આલિંગે તને. ૬૨

પણ ધનંજય તું મને
જાણે ના ખરેખરે,
હું જે અત્રે તુજ સન્મુખે
તે જ વિશ્વરૂપ. ૬૩

અહીં વેદ થયા મૂક,
મનપ્રાણ થયા કુંઠિત,
રાત્રિ વિના આથમ્યા
સૂર્યચન્દ્ર. ૬૪

ઉદરમાંનો ગર્ભ જેમ
જોઈ ન શકે માતની વય,
સકળ દેવો મને તેમ
જાણી ના શકે. ૬૫

ઉદધિને ન માપે જળચર,
ગગન ના ઓળંગે મશક,
તેમ જ ઋષિઓનું જ્ઞાન
જોઈ ન શકે મને. ૬૬

હું કોણ અને કેટલો,
શામાંથી હું ક્યારે થયો,
એનો લાવતાં નિવેડો
કલ્પો વીત્યા. ૬૭

કાં જે મહર્ષિ અને દેવને,
અરે ભૂતજાત આ સર્વને,
હું જ મૂળ હોઈ પાંડવ
મને જાણવો કઠણ. ૬૮

ઊતર્યાં ઉદક જો પર્વત ચડે,
જો વૃક્ષ વધીને મૂળે વળગે,
તો જ મેં સર્જેલા જગત વડે
જાણી શકાશે મને. ૬૯

જો બીજાંકુરે વટવૃક્ષ દેખાયે,
કાં તરંગોમાં સાગર સમાયે,
કાં પરમાણુમાં સંઘરાયે
ભૂગોલ આ. ૭૦

તો જ મુજથી ઉત્પન્ન જીવો,
મહર્ષિ અથવા સર્વ દેવો,
મને જાણવા પામે એવો
અવકાશ રહેશે. ૭૧

આમ છતાં જો સહેજે
છોડીને બહિર્મુખતાને–
સર્વેન્દ્રિયો થકી હોયે
અન્તર્મુખ. ૭૨

પ્રવર્ત્યા છતાં બહુ વેગે
દેહભાવ છાંડી નીકળે,
મહાભૂતોના ચડે
મસ્તક ઉપરે. ૭૩

ત્યાં રહીને સ્થિર ભાવે
જે નિર્મળ સ્વપ્રકાશે–
અજત્વ મારું દેખે
નિજ નેત્રો વડે. ૭૪

હું છું આદિથી પર,
સકળ લોક મહેશ્વર,
એવા મને જે નર
જાણે આ પેરે. ૭૫

તે નર પાષાણે પારસ,
કાં રસોમાં સિદ્ધરસ,
કે મનુષ્યોમાં અંશ
મારો જ તે. ૭૬

તે ચાલતું જ્ઞાનનું બિંબ,
તેના અવયવ સુખના અંકુર,
આભાસે મનુષ્યના જાણ
લૌકિક ભાવે. ૭૭

અકસ્માત્ જો કર્પૂરે
મળી આવે એક હીરો,
પડતાં નીર તેના ઉપરે
હીરાપણું જાય કંઈ. ૭૮

તેમ જો મનુષ્યલોકે
પ્રાકૃત થઈ ઊતરે તે,
તોયે તેને ન સ્પર્શે
પ્રકૃતિદોષ. ૭૯

પાપો તેને ભયવશ ત્યાગે,
જાણે બળતું ચંદનવૃક્ષ સાપે;
મને જાણે તે ત્યજ્યો સંકલ્પે
નિઃશેષ અરે. ૮૦

તેવા અમને કેમ જાણીએ—
એવું ઉદ્ભવે તારે ચિત્તે,
તો હું એવો અને મારા એ
ભાવ સાંભળ. ૮૧

જે વિવિધ ભૂતોમાં
થઈને પ્રકૃતિ સરીખા,
પ્રસર્યા છે ત્રણે જગતમાં
સકલ બ્રહ્માંડે. ૮૨

ત્યાં પ્રથમ જાણ બુદ્ધિ,
પછી જ્ઞાન જે નિરવધિ,
અસંમોહન સહનસિદ્ધિ
ક્ષમા સત્ય. ૮૩

પછી શમદમ બન્ને
સુખદુઃખ વરતે લોકે,
અર્જુન ભાવાભાવ માને
એક ભાવમાં. ૮૪

અરે ભય અને નિર્ભયતા,
અહિંસા અને સમતા,
તુષ્ટિ તપ પાંડુસુતા
ઓળખે તું. ૮૫

દાન-યશ-અપકીર્તિ
આ જે ભાવ સકળે દેખાયે,
તે મુજ થકી ઉત્પન્ન થાયે
ભૂતોને ઠામે. ૮૬

જેમ ભૂતો હોયે નિરનિરાળાં
તેમ ભાવો પણ વેગવેગળા,
કેટલા કરાવે મારું જ્ઞાન,
કેટલાક અજ્ઞાન. ૮૭

પ્રકાશ અને અંધકાર,
એ સૂર્યમાંથી ઉત્પન્ન,
પ્રકાશ પ્રવર્તે ઉદયે,
તમ અસ્તની ઘડીએ. ૮૮

મને જાણવો કે ન જાણવો
એ તો ભૂતોના ભાગ્યનાં કર્મો,
એટલે ભૂતે ભાવોનો ઉદ્ભવ
થાય છે વિષમ. ૮૯

આ રીતે મારા ભાવે
આ જીવસૃષ્ટિ સકળે—
ગૂંચવાઈ એમ જણાયે
પાંડુકુંવર. ૯૦

હવે આ સૃષ્ટિના જે પાલક,
જેને આધીન સકળ લોક;
તે એકાદશ પ્રમુખ ભાવ
કહીશ તને. ૯૧

જે સર્વ ગુણોથી સંપન્ન,
જે મહર્ષિઓમાં પ્રબુદ્ધ;
કશ્યપ આદિ પ્રસિદ્ધ
સપ્ત ઋષિઓ. ૯૨

બીજા કહેવાય, સાંભળ;
જે ચૌદ મનુમાં સુદલ,
સ્વયંભૂ મુખ્ય વડીલ
ચારેય મનુઓ. ૯૩

આવા એ એકાદશ
મારાથી નીપજ્યા ધનુર્ધર,
કરાવવા સકલ વ્યાપાર
સૃષ્ટિ તણો. ૯૪

જ્યારે લોકવ્યવસ્થા ન હતી,
જ્યારે ન હતી ત્રૈલોક્યની માંડણી;
જ્યારે મહાભૂતોના સમુદાયો
હતા ક્રિયારહિત. ૯૫

ત્યારે આ મનુ નીપજ્યા,
તેમણે આ લોક સરજ્યા,
પછી અધ્યક્ષો નિયોજ્યા
જેમણે સરજી પ્રજા. ૯૬

એટલે આ એકાદશ રાજા,
અને આખું જગ એમની પ્રજા,
આવા વિશ્વવિસ્તાર મારા
જાણ એવું. ૯૭

હોય બીજ એકલું આરંભે,
તેમાંથી વધીને થડ થાયે,
જેમાંથી અંકુરો નીપજે
શાખાઓના. ૯૮

શાખાઓમાંથી અનેક
ફૂટે ઉપશાખા વિવિધ,
શાખાઓ પરિણમે દેખ
પાનપલ્લવોમાં. ૯૯

પલ્લવે ફૂલ ને ફળ
એવં વૃક્ષત્વ વિસ્તરે સકળ,
પણ વિચાર કરતાં કેવળ
બીજ એક મૂળ. ૧૦૦

તેમ હું એક હતો પહેલો,
પછી પોતે જ હું મન થયો,
જેમાંથી થયા સપ્ત ઋષિ
અને ચારે મનુ. ૧૦૧

એમણે લોકપાલ નિયોજ્યા,
લોકપાલે વિવિધ લોક સરજ્યા,
લોકો થકી નીપજ્યાં
ભૂતો સકળ. ૧૦૨

આ રીતે આ વિશ્વ માંહે
હું જ વિસ્તર્યો ખરેખરે,
વિશ્વાસ રાખશે મુજ વચને
તે જ જાણશે. ૧૦૩

એટલે અરે સુભદ્રાપતિ,
આ ભાવો જ મારી વિભૂતિ,
અને એમની જ વ્યાપ્તિ
વ્યાપે જગતને. ૧૦૪

એટલે પાર્થ આ પ્રકારે
બ્રહ્માદિથી કીડી પર્યન્તે-
મારા વિના બીજું કાંઈ
તત્ત્વ જ નથી. ૧૦૫

એવું જાણે જે ખરેખરે
તે જાગ્રતપણું જ્ઞાનનું લાધે,
એટલે સ્વપ્નેય ન દેખે
ઉત્તમાધમ ભેદ. ૧૦૬

હું અને મારી વિભૂતિ,
વિભૂતિમાં અધિષ્ઠિત વ્યક્તિ,
એ સકળે એકત્વ અનુભવી
યોગપ્રતીતિયે. ૧૦૭

નિઃશંક ભાવે આ મહાયોગે
તે મદ્રૂપ થયો મનેપ્રાણે,
એમાં સંદેહ કરવો ન ઘટે
હું ત્રિ વાર કહું. ૧૦૮

કાં જે એવા કિરીટી,
મને ભજે છે અભેદદૃષ્ટિ,
તે ભજનોમાં આદિઅંતે
મને જ રાખે. ૧૦૯

એટલે અભેદે જે ભક્તિયોગ
ત્યાં સંભવે ન ખંડિતપણ,
થાશે ખંડિત થતાંયે કલ્યાણ
એ કહ્યું પંડમે. ૧૧૦

આ અભેદ કેવો હોયે
એ જાણવા મન તલસે,
તો સાંભળ તું એકચિત્ત
જે આગળ કહું. ૧૧૧

હું જ એક સકળને
જન્મ આપું પાંડવ આ જગે,
અને મુજ થકી નિર્વાહ થાયે
અખિલ જગતનો. ૧૧૨

આ તરંગમાળા અનેક
પામે જળાશયમાં જન્મ,
અને જળ હોયે આશ્રય તરંગ
જળ જ જીવન. ૧૧૩

એમ તેમના સર્વાંગે
એક જળ જ વ્યાપ્ત હોયે,
તેમ મારા વિના આ વિશ્વે
બીજું નથી. ૧૧૪

એવા વ્યાપક મને
બોધપૂર્વક જે ભજે,
રાખી પ્રેમભાવ અંતરે
નિર્મળ અરે. ૧૧૫

દેશકાળવર્તમાન,
કરી મુજથી સર્વ અભિન્ન,
જેમ પવન થઈ ગગન
વિચરે ગગનમાં. ૧૧૬

એવા જે નિજ જ્ઞાની હોયે
તે ત્રણે ભુવને ક્રીડા કરે,
જગદ્રૂપ મુજને અંતરે
સમાવીને. ૧૧૭

જે જે ભેટે ભૂત
તે તે માનીએ ભગવંત,
આ ભક્તિયોગ નિશ્ચિત
જાણ મારો. ૧૧૮

મદ્રૂપ થાયે ચિત્તે,
મુજ થકી સંતૃપ્ત પ્રાણે,
તેથી જન્મમરણ વીસરે
બોધમાં લીન જે. ૧૧૯

પછી તે બોધની ખુમારીએ
સદેહે સંવાદસુખ થઈ નાચે,
અને આપ-લે કરે પરસ્પરે
સ્વરૂપબોધની. ૧૨૦

જો સરોવર પરસ્પર નિકટે
તો ઊભરાઈને જળ મળે ભલે,
પછી તરંગ જ તરંગો કાજે
નિજ ગૃહ બને. ૧૨૧

તેમ પરસ્પરના મિલને
આનંદકલ્લોલે ગુંફિત થાયે,
ત્યાં બોધ જ બોધના અલંકારે
થાય અલંકૃત. ૧૨૨

જેમ સૂર્યને સૂર્ય આવારે,
કે ચન્દ્રને ચન્દ્ર આલિંગે,
તેમ બોધ પરસ્પરમાં આગળે
સમાન ભાવે. ૧૨૩

તેમ સામરસ્યનું પ્રયાગ થાયે,
ત્યાં અષ્ટ સાત્ત્વિક ભાવો ઊભરાયે-
અને સુખસંવાદને તે ચૌટે
ભક્તો ગણેશ થાયે. ૧૨૪

તેઓ મહાસુખના ઉમંગે ભરાયે,
દેહગ્રામની બહાર ધાયે,
મારા પ્રેમના આકંઠ સંતોષે
ગર્જવા લાગે. ૧૨૫

અરે ગુરુશિષ્યના એકાન્તે
જે એક અક્ષર ચર્ચાયે,
તે મેઘગર્જનાની પેરે
ગરજીને બોલે. ૧૨૬

જેમ કમળકલિકા વિકસિત થયે
હૃદયનો મકરંદ સંતાડવો ન જાણે,
વહેંચે રાયરંકને સમભાવે
નિજ આમોદ. ૧૨૭

તેમ વિશ્વમાં મારા ગુણો ગાયે,
કથનના તોપે કથવું જ ભૂલે,
પછી તે વિસ્મરણે આગળે
તેમનો દેહભાવ. ૧૨૮

આવા પ્રેમના અસીમપણે
ના રાત્રિ ના દિવસ જાણે,
થયા પોતે અવ્યય સુખરૂપ
પોતાનામાં જે. ૧૨૯

પછી અમે જે તેમને
અર્જુન આપવા જઈએ,
તે પરાદશા તેમણે
મેળવી પહેલાં જ. ૧૩૦

કાં તેઓ જે વાટે
નીકળ્યા અરે સુભટ હે,
તેની સુખરૂપતા જોતાં
સ્વર્ગમોક્ષ છે આડમાર્ગ. ૧૩૧

એટલે તેમણે જે પ્રેમ ધર્યો
તે અમારી દેણ કહેવાયો,
પણ અમારે પ્રેમ આપવો
એ પણ તે જ કહે. ૧૩૨

હવે એટલું જ કરવું પડે
કે તેમનું સુખ વધતું રહે,
કાળની દૃષ્ટિ ત્યાં ન પડે
એ અમારે કરવું. ૧૩૩

લાડકાં બાળકોને પાર્થ
કરીને સ્નેહદૃષ્ટિની ઓળ–
જેમ રમતાં પાછળ પાછળ
દોડે માતા. ૧૩૪

બાળક જે જે રમકડું માગે
તે તે માતા આગળ મૂકે,
તેમ ભક્તોની ભક્તિને
પોષતો હું. ૧૩૫

જે પ્રેમદશાના પોષણે
ભક્ત પામે મને યથાસુખે,
તેનું પાલન કરવું સવિશેષે
ગમે મને. ૧૩૬

ભક્તને ચિત્તે મારા કોડ,
મને તેમનો અનન્ય પ્રેમ,
કાં જે પ્રેમીઓનો દુષ્કાળ
મારે ઘેર. ૧૩૭

સ્વર્ગ ને મોક્ષ પ્રગટ કર્યાં,
બન્ને માર્ગો સુલભ બનાવ્યા,
અંતે નિજ દેહ ઘસી સેવ્યા
લક્ષ્મી સહિત. ૧૩૮

છતાં હુંપણા વિનાનું એક
જે પ્રેમસુખ અનાવિલ,
તે સાચવીને કરું જતન
પ્રેમી ભક્તો કાજે. ૧૩૯

એટલે નિશ્ચયે ભક્ત ઉપરે
પ્રેમ કરીએ પોતાને જ કાજે,
પણ કહેવાય નહીં શબ્દે
આવી ગુહ્ય વાતો. ૧૪૦

એટલે મદ્રૂપમાં આત્મભાવ
જેમના જીવને આધારસ્તંભ,
એક મારા વિના સર્વ વ્યર્થ
જેમના લેખે. ૧૪૧

તેમના તત્ત્વજ્ઞાને વિશુદ્ધ
થઈને કર્પૂરજ્યોતિ શુભ્ર,
હાથે ધરીને અરે મશાલ
હું ચાલું આગળ. ૧૪૨

અજ્ઞાનની રાત્રિ હોયે,
માંહે તમની મેળવણી થાયે,
તે નાશીને પેલી પારે
જ્ઞાનનો નિત્યોદય કરું. ૧૪૩

આવા પ્રેમીઓના પ્રિયોત્તમ
બોલ્યા ત્યાં પુરુષોત્તમ,
ત્યાં અર્જુન કહે થયા સંતુષ્ટ
સકળ મનોધર્મ. ૧૪૪

હાંજી પ્રભુ અવધારો,
ભલો ફેડયો સંસાર-કચરો,
જનની જઠરાગ્નિથી થયો
વેગળો પ્રભુ. ૧૪૫

જી જન્મવાપણું પોતાનું
આજે નજરોનજર જોયું,
જાણે જીવિત હાથે ચડયું
પારાવારનું. ૧૪૬

આજે આયુષ્ય ઊજળું થયું,
દૈવ ભાગ્યોદય પામ્યું,
જે કૃપાનું અમૃત લાધ્યું
પ્રભુને મુખે. ૧૪૭

હવે આ વચનના બોધપ્રકાશે
બાહ્યાન્તર અંધકાર લોપે,
એટલે દેખાય છે ખરેખરે
સ્વરૂપ તારું. ૧૪૮

પ્રભો તું જ પોતે પરબ્રહ્મ,
આ મહાભૂતોનું વિશ્રામધામ,
તું પવિત્ર તું પરમ,
જગન્નાથ હે. ૧૪૯

ત્રણેય દેવોનું તું પરમ દૈવત,
સાંખ્યનો તું જ પરમ પુરુષ,
તું જ પ્રકૃતિની પેલે પારનું
દિવ્ય તત્ત્વ. ૧૫૦

તું સ્વામી અનાદિસિદ્ધ,
જન્માદિધર્મે અનાકલનીય,
તું આ બધું — એવું અહીં
જાણ્યું અમે. ૧૫૧

તું કાળયંત્રનો સૂત્રાધાર,
તું જીવનકલાનો આધાર,
તું જ બ્રહ્માંડને ધારનાર
જાણ્યું હવે. ૧૫૨

હજીયે એક બીજી
થાય છે શ્રેષ્ઠ પ્રતીતિ,
જે પહેલાં ઋષિઓયે એવી
નિરૂપી હતી. ૧૫૩

પણ તે નિરૂપણનું સાચપણ
હવે દેખે છે અન્તઃકરણ,
જે કૃપા કરી આપણ
હે શ્રીહરિ. ૧૫૪

નારદ તો અખંડ નિકટે
આ જ ભાવનાં ગીતો ગાયે,
પણ અર્થની સમજણ વિના
ગીતનું સુખ લાધે. ૧૫૫

અહો જી અંધોને ગામે
આપમેળે સૂર્ય પ્રગટે,
તો ઉષ્મા જ કેવળ મળે,
ન મળે પ્રકાશ. ૧૫૬

તેમ દેવર્ષિ અધ્યાત્મ ગાયે
ત્યાં રાગાંગોની મધુરતા પ્રગટે,
અમારાં ચિત્તે તે જ ફાવે,
બીજો નથી લાભ. ૧૫૭

અને અસિત-દેવલને મુખે
આવું જ સાંભળ્યું તમ વિશે,
પણ ત્યારે વિષયોના વિષે
બુદ્ધિ હતી લપટાઈ. ૧૫૮

વિષયવિષનો એટલો પ્રતાપ
કે કટુ લાગે મધુર પરમાર્થ,
અને કટુ વિષય લાગે મધુર
જીવને સદા. ૧૫૯

બીજાઓનું શીદને કહેવું,
વ્યાસદેવે પ્રાસાદે આવી કહ્યું,
હતું સકળ સ્વરૂપ વર્ણવ્યું
તમારું સર્વદા. ૧૬૦

જેમ અંધારે ચિંતામણિ દેખીએ
અજ્ઞાનવશ ઉપેક્ષા કરીએ,
દિવસનો ઉદય થતાં ઓળખીએ
કે ચિંતામણિ છે. ૧૬૧

તેમ વ્યાસાદિ દેવોનાં નિરૂપણો
હતી જાણે ચિદ્રત્નોની ખાણો,
પણ ઉપેક્ષાયાં હતાં તે રત્નો
તમારા પ્રકાશ વિના. ૧૬૨

તમારાં શબ્દસૂર્યરશ્મિ પ્રકાશ્યાં,
અને ઋષિઓએ જે હતાં ચીંધ્યાં–
તે સકળ માર્ગોનાં દૂર થયાં
અજ્ઞાનતિમિર. ૧૬૩

તેમના બોલ હતા જ્ઞાનનાં બીજ,
પડયાં હતાં હૃદયભૂમિયે સતેજ,
વરસતાં તમારી કૃપાનાં જળ
સંવાદરૂપે ફળ્યાં. ૧૬૪

અહો નારદ આદિ સંતોને,
તેમની વચનસરિતાઓને,
હું થયો મહોદધિ અનંત
સંવાદસુખનો. ૧૬૫

પ્રભુ આ અને પૂર્વ જન્મે
જે જે પુણ્યો કર્યાં ઉત્તમે,
તેના ફળરૂપે મળ્યા મને
સદ્ગુરુ આપ. ૧૬૬

મોટેરા વડીલોના મુખે
હતો મહિમા સાંભળ્યો કાને,
પણ કૃપા ન કરી તમે એકે
ત્યાં સુધી કળાયું નહીં. ૧૬૭

એટલે ભાગ્ય જ્યારે સાનુકૂળ
ત્યારે જ કર્યા ઉદ્યમ સફળ,
તેમ શ્રવણમનન અફળ
ફળે ગુરુકૃપા થતાં. ૧૬૮

જીવ સાટે માળી વૃક્ષ સિંચે,
જન્મોજન્મે બહુ કષ્ટ વેઠે,
પણ ફળપુષ્પ તો પાંગરે
વસંત-મિલને. ૧૬૯

ત્રિદોષ જ્યારે નરમ પડે
ત્યારે મધુર રસ મધુર લાગે,
અને રસાયણ તો પરિણમે
જ્યારે આરોગ્ય દેહે. ૧૭૦

કાં ઇન્દ્રિયો-વાચા-પ્રાણ
એમનું ત્યારે જ સાર્થકપણ–
જ્યારે ચૈતન્ય પોતે આપણ
સંચરે દેહે. ૧૭૧

સકળ શાસ્ત્રે પ્રભુતા મેળવાયે,
અથવા યોગાદિક અભ્યાસાયે,
તે ત્યારે જ આત્મસાત્ થાયે
જ્યારે સાનુકૂળ શ્રીગુરુ. ૧૭૨

આવી પ્રતીતિના જાગરણે
અર્જુન દઢ નિશ્ચયે નાચવા માંડે,
અને કહે, શ્રીહરિ હવે
સમજ્યો ઉપદેશ હું. ૧૭૩

અહો ખરેખર કૈવલ્યપતિ
ત્રણ વાર થઈ મને પ્રતીતિ,
કે દેવદાનવોની મતિ
જાણે ના તને. ૧૭૪

તારી વાત જો ન સમજીએ,
પોતાની બુદ્ધિએ જાણવા મથીએ,
તે કદી પણ સમજી ન શકે
એ સત્ય સમજાયું. ૧૭૫

અરે પોતાનો વિસ્તાર જેમ
પોતે જ જાણે ગગન,
કે પોતાની સઘનતા જેમ
પૃથ્વી જ જાણે. ૧૭૬

તેમ તારી સર્વ શક્તિ વડે
લક્ષ્મીપતિ તું નિજને જાણે,
વેદાદિક વ્યર્થ અભિમાને
ડોળ જાણવાનો કરે. ૧૭૭

અરે મનને કેમ પાછળ મૂકીએ,
પવનને હાથે કેમ માપીએ,
આદિશૂન્યે કેમ કરી તરીએ
બાહુઓના બળે. ૧૭૮

તેવું આ તને જાણવું હોયે,
એટલે કોઈ પણ ન જાણે;
હવે તારું જ્ઞાન થાયે
તને જ કેવળ. ૧૭૯

તું જ પોતાને તને જાણે,
બીજાઓને તું જ જણાવે,
એટલે આ પરસેવો લૂછજે
ઇચ્છાના લલાટનો. ૧૮૦

આ સાંભળ્યું કે ભૂતભાવન,
અહો હે ભવગજપંચાનન,
સકળ દેવદેવતા અર્ચન
હે જગન્નાયક. ૧૮૧

તારી શ્રેષ્ઠતા જ્યારે જણાયે-
પાસે ઊભવાની યોગ્યતા ન હોયે,
આ વિચારી વિનવતાં જો બીવાયે
તો બીજો ઉપાય શો. ૧૮૨

ભર્યાં સમુદ્ર-સરિતા ચોપાસે
પણ તે સૂકાં ચાતક કાજે,
કાં જે મેઘબિન્દુ નીતરે
તે જ પ્રાશન કરે. ૧૮૩

તેવા શ્રીગુરુ સર્વત્ર વસે
તોયે તમારું શરણું અમારે,
એ આપ હવે કહો ભલે
નિજ વિભૂતિ મને. ૧૮૪

જે તમારી વિભૂતિ સકળે
વ્યાપી રહે દિવ્ય શક્તિ વડે,
તે આપ જ દેખાડો હવે
પોતે મને. ૧૮૫

જે વિભૂતિ આ સમસ્તને
વ્યાપી રહી સકળ લોકને,
તેમાં પ્રમુખ નામાંકિત જે
તે કહો હવે. ૧૮૬

અહો તમને કેમ કરી જાણીએ,
શું જાણીને ચિંતન કરીએ,
જો તું જ વ્યાપ્ત સર્વરૂપે
તો ચિંતવું અશક્ય. ૧૮૭

એટલે ભાવ જેમ પહેલાં
સંક્ષેપમાં આપે કહ્યા,
હવે વિસ્તારથી કહો તેવા
એક વાર. ૧૮૮

જે જે ભાવને સ્થાને
તારું ચિંતન સુલભ હોયે-
તે તે વિશદરૂપે કહે
યોગ તારો. ૧૮૯

પૂછી હતી જે વિભૂતિ
તે પણ કહેજો ભૂતપતિ,
રખે કહેશો કે ઘડી ઘડી
તે જ શું કહેવું. ૧૯૦

છતાં તમારે મને આ ભાવ
ઉદ્‌ભવશે કદાચ જનાર્દન,
તો પ્રાકૃતને અમૃતપાન
હોય શું અસ્વીકાર્ય. ૧૯૧

જે કાળકૂટનું સહોદર–
મૃત્યુભયે પીતાં થવાય અમર,
તોયે એક દિવસમાં પુરંદર
થાય ચૌદ. ૧૯૨

એવો એક ક્ષીરાબ્ધિનો રસ
જેમાં વ્યર્થ અમૃતપણાનો ભાસ,
તોયે તેની મીઠાશ
લલચાવે સર્વદા. ૧૯૩

તે ક્ષુદ્ર પદાર્થ એટલો
મધુરતામાં શ્રેષ્ઠ ગણાયો,
પછી આ તો સાંભળો પ્રભો
સાચે જ પરમામૃત. ૧૯૪

મંદરાચળે મથવું ન પડે,
ક્ષીરસાગરને ડહોળવો ન પડે,
જે અનાદિસિદ્ધ સ્વભાવે
સ્વયંભૂ હોયે. ૧૯૫

જે નથી દ્રવ કે નથી ઘટ્ટ,
જ્યાં સ્પર્શી ન શકે રસગંધ,
જેને ગમે તેને સુલભ સિદ્ધ
સ્મરણ કરતાં. ૧૯૬

જેની કથા સાંભળતાં તત્ક્ષણે
સંસારની અસારતા જણાયે,
નિત્યતાનો નિજ ધર્મ આપમેળે
પ્રબળ બને અંતરે. ૧૯૭

જન્મમૃત્યુની ભાષા
ખોવાયે સહેજે નિ:શેષા,
બાહ્યાંતર પરમ સુખા
વૃદ્ધિ થાયે. ૧૯૮

જો સદ્‌ભાગ્યે સેવન ઘટે
તો સુખરૂપ જ થવાયે,
તે તું પાયે, હવે ધરાશે
ચિત્ત કેમ. ૧૯૯

તારું નામ જ અમને ગમે,
તેમાંય દર્શન-સાન્નિધ્ય મળે,
અને વળી વાતો કહે પ્રેમે
નિજાનંદની. ૨૦૦

હવે આ સુખ છે શેના જેવું–
પરિતોષવશ હું કહી ન શકું,
જાણું એટલું કે તવ મુખે
પુનરુક્તિ પણ ગમે. ૨૦૧

શું વાસી થાય કદી આદિત્ય,
અને અગ્નિ કહેવાયે અપવિત્ર,
શું નિત્ય વહેનારું ગંગાજળ
કહેવાશે અમંગલ. ૨૦૨

તારે શ્રીમુખે જે બોલાયે
તેમાં નાદબ્રહ્મ જ દેખાયે,
ચંદન તરુનાં પુષ્પો આજે
સૂંઘવા મળ્યાં. ૨૦૩

પાર્થના આવા બોલે
શ્રીકૃષ્ણ સર્વાંગે ડોલે,
કહે ભક્તિજ્ઞાનને કાજે
થયો ભંડાર. ૨૦૪

આવો આવિષ્કાર જોઈને
પ્રેમનો કલ્લોલ ઊછળે,
તે સંકેલીને પ્રયાસે
શ્રીઅનંત બોલ્યા. ૨૦૫

પોતે છે પિતામહના પિતા
એનું સ્મરણ ન હતું ચિત્તા,
પછી કહે બાપ પાંડુસુતા
ભલે યાદ આપી. ૨૦૬

અર્જુનને બાપ કહે એનું
નથી કારણ વિસ્મય કરવાનું,
પોતે શું સંતાન ન બન્યા
નંદ તણું. ૨૦૭

પણ પ્રસ્તુત આ રહેવા દઈએ,
પ્રેમનો અતિરેક આવું કરાવે,
પછી કહે સાંભળ ધનુર્ધર
હું કહું તે. ૨૦૮

તેં પૂછી મારી વિભૂતિ,
અપારપણ તેનું સુભદ્રાપતિ-
જાણી ન શકે મારી મતિ
પોતે અરે. ૨૦૯

પોતાને દેહે રોમ કેટલાં
પોતે ગણી ન શકાય તેટલાં,
મારી વિભૂતિ આ અસંખ્યા
તેમ જાણ. ૨૧૦

હું પણ કેવો ને કેવડો
મનેય સ્પષ્ટ ન કળે તેવડો,
એટલે જે મુખ્ય ને પ્રચલિત
તે જ વિભૂતિ સાંભળ. ૨૧૧

જેમને જાણ્યા પછી
બધીય જણાશે કિરીટી,
જેમ બીજ આવતાં મુઠ્ઠી,
વૃક્ષ આવ્યું ગણાયે. ૨૧૨

કાં ઉદ્યાન હાથે ચડે
તો ફૂલોફળો આપમેળે,
તેમ દેખતાં જેમને દેખાયે
વિશ્વ સકળ. ૨૧૩

એટલે ખરેખર ધનુર્ધર
પારાવાર મુજ વિસ્તાર,
અરે આ ગગન અપાર
વસે મુજ માંહે. ૨૧૪

સાંભળ રે કુટિલ અલકમસ્તક
ધનુર્વિદ્યાના હે ત્ર્યંબક-
હું જ આત્મા પ્રત્યેક
પ્રાણીમાત્રમાં. ૨૧૫

હું જ વસું એમના અંતરે,
ભૂતોનું કવચ હું જ બાહરે,
હું જ આદિ અને નિર્વાણે,
મધ્યમાં પણ હું. ૨૧૬

જેમ મેઘોની તળેઉપરે,
એક આકાશ અંદરબાહરે,
પામીને જન્મ આકાશે
ગગને જ મેઘ વિહરે. ૨૧૭

પછી જે વેળા તે લોપે
તે વેળા આકાશરૂપ હોયે,
તેમ આદિ-મધ્યમાં-અંતે
હું ગતિ પ્રાણીઓને. ૨૧૮

એવો વિવિધ અને વ્યાપક
જાણ મારો વિભૂતિયોગ,
એકાગ્રચિત્ત થઈને શ્રવણ
કરજે પાર્થ. ૨૧૯

એમ હોઈ તે વિભૂતિ,
કહેવું પડ્યું હે સુભદ્રાપતિ,
પણ કહીશ કહ્યું તુજ પ્રતિ
એટલે સાંભળ. ૨૨૦

એમ બોલીને તે કૃપાવંત
કહે, આદિત્યોમાં હું વિષ્ણુ,
હું જ રશ્મિવંત રવિ
પ્રભાવંતોમાં. ૨૨૧

મરુદ્‌ગણોના વર્ગે
મરીચિ હું સારંગ કહે,
ચંદ્ર હું ગગનરંગે
નક્ષત્રોમાં. ૨૨૨

વેદોમાં સામવેદ
તે હું પોતે, કહે ગોવિન્દ,
દેવોમાં મરુદ્‌બંધુ
મહેન્દ્ર તે હું. ૨૨૩

ઇન્દ્રિયોમાં અગિયારમું
મન તે હું, એ જાણવું,
પ્રાણીઓમાં વરતે સ્વભાવે
તે ચેતના હું. ૨૨૪

અશેષ રુદ્રો મહીં
શંકર જે કંદર્પહારી,
તે હું, એમાં ન ધરી
ભ્રાંતિ કાંઈ. ૨૨૫

યક્ષ-રાક્ષસ સમુદાયે
શંભુસખા ધનવંત જે,
તે કુબેર પણ હું પોતે,
બોલ્યા શ્રીહરિ. ૨૨૬

પછી આઠેય વસુઓમાં
અગ્નિ તે હું જ પોતે,
અને સર્વોપરી શિખરોમાં
હું જ મેરુ. ૨૨૭

જે સ્વર્ગસિંહાસનના સહાયક,
સર્વજ્ઞતા આદિનું નિજ ધામ,
તે પુરોહિતોમાં વરિષ્ઠ
બૃહસ્પતિ હું. ૨૨૮

ત્રણે લોકના સેનાપતિઓમાં
સ્કંદ તે હું જાણ મહામતિ,
જે હરવીર્યે અગ્નિસંગતિ
કાર્તિકેય થયો. ૨૨૯

સકળ સરોવરોમાં
હું જ સમુદ્ર જળરાશિ,
મહર્ષિઓમાં તપોરાશિ
ભૃગુ તે પણ હું. ૨૩૦

અશેષ વાચાઓ મહીં
જે સત્યનો નટનાચ કરી–
તે એક અક્ષર હું જ, કહે
વૈકુંઠનાયક. ૨૩૧

સમસ્ત યજ્ઞો માંહે
જપયજ્ઞ હું જ આ લોકે,
જે કર્મત્યાગે પ્રણવાદિકે
પ્રગટ કરાયે. ૨૩૨

નામ-જપ-યજ્ઞ તે પરમ
જે ન ગણકારે સ્નાનાદિ કર્મ,
નામે પાવન થાય ધર્માધર્મ,
નામ જ પરબ્રહ્મ વેદો કહે. ૨૩૩

સ્થાવર ગિરિપર્વતોમાં
પુણ્યપુંજ જે હિમવંત,
તે હું જ કહે કાંત
લક્ષ્મી તણા. ૨૩૪

કલ્પદ્રુમ અને પારિજાત,
ગુણે તો ચંદન મહાવિખ્યાત,
પણ જોતાં સર્વ વૃક્ષજાત
અશ્વત્થ તે હું. ૨૩૫

દેવર્ષિઓમાં હે પાંડવ,
નારદ તે હું જાણ,
ગંધર્વોમાં ચિત્રરથ
તે જ હું. ૨૩૬

આ સિદ્ધસમુદાયે અશેષ
કપિલાચાર્ય હું, જાણ રે પ્રબુદ્ધ,
સકળ અશ્વોમાં જે પ્રસિદ્ધ
તે ઉચ્ચૈઃશ્રવા હું. ૨૩૭

રાજ્યભૂષણ જે ગજ સમસ્ત
તેમાં અર્જુન હું ઐરાવત,
કરતાં ક્ષીરસાગરમંથન
નીપજ્યા તે હું. ૨૩૮

મનુષ્યસમુદાયે રાજા
તે વિભૂતિવિશેષ મારા,
જેને સેવે થઈને પ્રજા
સકળ લોક. ૨૩૯

સકળ આયુધો માંહે
પાર્થ, વજ્ર તે હું હોયે,
શતયજ્ઞકર્તા ઇન્દ્રને
હાથમાં અરે. ૨૪૦

ધેનુઓમાં કામધેનુ
તે હું, કહે વિશ્વકસેનુ,
જન્મ દેનારામાં મદનુ
તે હું જ જાણ. ૨૪૧

સર્પ કુળે અધિષ્ઠાનભૂત
હું જ વાસુકિ કુંતીસુત,
નાગકુળમાં અરે સમસ્ત
અનંત તે હું. ૨૪૨

અરે જળચરોમાં સમસ્ત,
જે પશ્ચિમ પ્રમદાનો કંથ,
તે વરુણ કહે શ્રીઅનંત
પોતે જ હું. ૨૪૩

અને સકળ પિતૃગણોમાં
હું જ પિતૃદેવતા અર્યમા,
જાણી લે તું તત્ત્વતા,
કહે શ્રીહરિ. ૨૪૪

જગતનું શુભાશુભ લખે,
પ્રાણીઓનાં અંતર જાણે,
કરેલાં કર્માનુસાર આપે
ભોગનિયમ જે. ૨૪૫

તે નિયંતાઓમાં હું યમ,
જે કર્મના સાક્ષી ધર્મ,
તે હું જ આત્મારામ
કહે રમાપતિ. ૨૪૬

અરે દાનવોના કુળે
હું જ પ્રહ્લાદ એ તું જાણે,
એટલે દૈત્યભાવ ના સ્પર્શે
તેને કદા. ૨૪૭

કલના કરનારામાં મહાકાળ
તે હું જ કહે ગોપાળ,
હિંસક પશુઓમાં શાર્દૂલ
મને જ જાણ. ૨૪૮

પક્ષીજાતમાં સકળ
સાંભળ હું જ ગરુડ,
એટલે જે પીઠ ઉપર
વહન કરે મને. ૨૪૯

પૃથ્વીના આ વિસ્તારે,
પાર્થ જેને ઘડી પણ ન લાગે,
એક ઉડ્ડયને સપ્ત સાગરે
જે પ્રદક્ષિણા કરે. ૨૫૦

તે વહેનારા ગતિમંતોમાં
પવન તે હું જાણ પાંડુસુત,
અને સકળ શસ્ત્રધરોમાં
શ્રીરામ તે હું. ૨૫૧

સંકટે સપડાયેલા ધર્મ કાજે,
નિજ કાયામાંથી ધનુષ બનાવે,
વિજયલક્ષ્મીને અલંકારે
ત્રેતાયુગે જે. ૨૫૨

ઊભા રહી સવેળા શિખરે
પ્રતાપી લંકેશ્વરનાં માથાં-
ગગને ભૂતોને ઉદા કહેતાં
ચાંપ્યા બલિ સ્વહસ્તે. ૨૫૩

દેવોનું સ્વમાન મેળવી આપ્યું;
ધર્મનો જીર્ણોદ્ધાર કર્યો,
સૂર્યવંશે જાણે ઉદિત થયો
સૂર્ય જ પોતે. ૨૫૪

એવા શસ્ત્રાસ્ત્રોમાં સિદ્ધ
હું જ સીતાકાંત રામચંદ્ર,
મકર હું પુચ્છવંત
જળચરોમાં. ૨૫૫

અને સકળ પ્રવાહોમાં
ભગીરથે ઉતારી જે ગંગા–
જહ્નુએ ફાડીને જંઘા
વહાવી જે. ૨૫૬

જે ત્રિભુવને એક સરિતા
જાહ્નવી તે હું પાંડુસુતા,
જળપ્રવાહોમાં સમસ્તા,
જાણ પાર્થ. ૨૫૭

આમ વિચિત્ર પ્રાણીસૃષ્ટિએ
નામ કહેતાં વિભૂતિનું એકેકે–
અવલોકીએ અરે જન્મસહસ્રે
તોયે ન કહેવાયે. ૨૫૮

જેમ સકળ નક્ષત્રો વીણવા
હોંશ ઊપજે કયારેક જીવે,
તો ગગનની બાંધવી પડે
ખોળ જેમ. ૨૫૯

કાં પૃથ્વીના પરમાણુ ગણવા,
ભૂગોલને કાખે ઊંચકવા,
તેમ જોઈને વિસ્તાર મારા
જાણવો મને. ૨૬૦

જેમ ફૂલફળ સહિત શાખા,
એકીસાથે ડાળી સહ લેવાં–
તો પડે સમૂળ ઉખેડવાં
વૃક્ષ હાથે. ૨૬૧

તેમ મારો વિભૂતિવિશેષ
જાણવો હોય જો અશેષ,
તો સ્વરૂપ એક નિર્દોષ
જાણવું મારું. ૨૬૨

આમ વેગવેગળી વિભૂતિ
સાંભળીશ તું કેટકેટલી,
એટલે એકીવેળા મહામતિ
હું જ સર્વ, એમ જાણ. ૨૬૩

હું જ સકળ આ સૃષ્ટિએ,
આદિ, મધ્ય, અંત કિરીટે,
ઓતપ્રોત જેમ વસ્ત્રે
તંતુ તંતુ. ૨૬૪

એવા વ્યાપક મને જો જાણીએ
તો વિભૂતિભેદે શીદ જઈએ,
પણ તારી તે યોગ્યતા ન હોયે.
એટલે, ભલે. ૨૬૫

એટલે તેં જે પૂછી વિભૂતિ
તે હવે સાંભળ સુભદ્રાપતિ,
સકળ વિદ્યામાં પ્રસ્તુતિ,
અધ્યાત્મવિદ્યા તે હું. ૨૬૬

અરે વક્તાઓનાં હૃદયે
વાદ તે હું જ હોયે,
જે કરાયે સકળ શાસ્ત્રસંમતે,
અને કદી ન વિરમે. ૨૬૭

પ્રતિપાદન કરતાં વાધે
શ્રોતામાં ઉત્પ્રેક્ષા ઊર્મિ જાગે,
જેમાં બોલનારાઓની થાયે
મધુર વાતો. ૨૬૮

આવો પ્રતિપાદને જે વાદ
તે હું જ હોઉં કહે ગોવિંદ,
અક્ષરોમાં જે વિશદ
તે આકાર હું. ૨૬૯

અને સમાસોમાં સકળ
હું જ જાણ દ્વંદ્વ સમાસ,
મશકથી બ્રહ્મદેવ સુધી ગ્રાસે
તે કાળ પણ હું. ૨૭૦

મેરુ મંદરાદિક સર્વને
પૃથ્વી સહિત સંહારે જે,
જે એકાર્ણવને પણ શોષે
જ્યાં ને ત્યાં જ. ૨૭૧

જે પ્રલયતેજને ભેટે,
સકળ પવનને જે ગળે,
આકાશ જેને ઉદરે
સમાઈ જાયે. ૨૭૨

એવો અપાર જે કાળ
તે હું જ કહે લક્ષ્મીનાથ,
કહે આગળનો સૃષ્ટિમેળ
સર્જનારો પણ હું. ૨૭૩

સર્જેલી સૃષ્ટિને ધારણ કરું,
સકળ કાજ જીવન થાઉં,
છેવટે સર્વને હું જ સંહારું
મૃત્યુરૂપે. ૨૭૪

હવે નારીજાતિ મહીં
સાત છે મારી વિભૂતિ,
તે વર્ણવીશ કૌતુકે,
સાંભળ તું. ૨૭૫

તો નિત્યનૂતન જે કીર્તિ
ધનંજય તે મારી મૂર્તિ,
અને ઔદાર્ય સહિત સંપત્તિ
તે પણ મને જાણ. ૨૭૬

અરે હું જ હોઉં તે વાણી
જે ન્યાયના સુખાસને-
આરૂઢીને વાટે ચાલે
વિવેક તણી. ૨૭૭

જુએ કોઈ પણ પદાર્થ
ત્યાં જગાવે મારું સ્મરણ,
તે સ્મૃતિ તું ત્રિ વાર જાણ
સ્વરૂપ મારું. ૨૭૮

સ્વહિતકારી અનપાયિની
મેધા તે હું જ ઇહલોકી,
ત્રણે લોકે હું જ ધૃતિ,
ક્ષમા પણ હું. ૨૭૯

એમ નારીજાતિ મહીં
હું જ આ સાત શક્તિ-
એવું સંસારગજકેસરી
કહેતા થયા. ૨૮૦

વેદરાશિમાં જે સામ
તેમાં બૃહત્સામ પ્રિયોત્તમ,
તે હું જ એવું બોલ્યા
રમાપ્રાણવલ્લભ. ૨૮૧

ગાયત્રી છંદ જે કહેવાયે
તે છંદોમાં સકળે—
સ્વરૂપ મારું જાણીએ
નિભ્રાંત રૂપે. ૨૮૨

માસોમાં માર્ગશીર્ષ
હું જ કહે સારંગધર,
ઋતુઓમાં કુસુમાકર
વસંત તે હું. ૨૮૩

છળકપટના પ્રવાહોમાં,
દ્યૂત હું જ વિચક્ષણા,
એટલે ચૌટે ચોરી સમું છતાં
અનિવાર્ય તે. ૨૮૪

અશેષ તેજધારીઓમાં
તેજ તે હું, જાણ પાર્થા,
સકળ કાર્યોના ઉદ્દેશોમાં
વિજય હું અરે. ૨૮૫

જે ચાલે ન્યાયના પંથે
એવો વ્યવસાય સકળ ઉદ્યમે,
જાણ સ્વરૂપ મારું, કહે
દેવાધિદેવ. ૨૮૬

સાત્ત્વિકોમાં જે પ્રવર્તે
તે સત્વ હું અનંત કહે,
યાદવોમાં શ્રીમંત જે
તે હું જ પોતે. ૨૮૭

જે દેવકી-વસુદેવ કાજે જન્મ્યો,
ગોપીઓ માટે ગોકુલ ગયો–
તે હું પ્રાણો સહિત પ્રાશી ગયો
પૂતનાને. ૨૮૮

બાળપણ આથમતાં પહેલાં
દૈત્યરહિત સૃષ્ટિ હતી કરી,
ઊંચક્યો કરે ગોવર્ધનગિરિ
ઇન્દ્રમહિમા તોળવા. ૨૮૯

કાલિન્દીનું હૃદયશલ્ય ફેડ્યું;
ગોકુલ દાવાનળથી બચાવ્યું,
વાછરડા કાજે બ્રહ્માને બનાવ્યા
ગાંડાતૂર. ૨૯૦

પ્રથમ દશાના પ્રભાતે
માર્યો કંસ જેવા બળિયાને,
મહાપ્રબળ દૈત્યો સહેજે
કર્યા નષ્ટ. ૨૯૧

આ કેટકેટલું હવે કહીએ,
તેં જોયું-સાંભળ્યું સઘળે,
એટલે યાદવોમાં તે જાણીએ
સ્વરૂપ મારું. ૨૯૨

અને સોમવંશી તમે પાંડવો
તેમાં અર્જુન તે મને જાણવો,
એટલે પ્રેમભાવ પરસ્પરનો
વણસે ન ક્યારે. ૨૯૩

તેં સંન્યાસી બનીને જ્યારે
ચોરી લીધી મારી બહેન અરે,
તોયે વિકલ્પ ન ઊપજે ચિત્તે,
આપણુ બન્ને એકરૂપ. ૨૯૪

મુનિઓમાં જે વ્યાસદેવ
તે હું જ કહે યાદવરાવ,
કવીશ્વરોમાં ધૈર્યના ધામ
તે ઉશનાચાર્ય હું. ૨૯૫

અરે દમન કરનારાઓમાં
અનિવાર્ય દંડ હું પાર્થા,
જે કીડીથી બ્રહ્મદેવ સુધી
બધાંને દંડે. ૨૯૬

જે સારાસાર નિર્ધારે,
ધર્મજ્ઞાનનું સમર્થન કરે,
એવું સકળ શાસ્ત્રોમાં જે
નીતિશાસ્ત્ર તે હું. ૨૯૭

સકળ ગૂઢોનું ગૂઢ,
મૌન હું જ પરમશ્રેષ્ઠ,
એટલે મૌનીનું મનોગત
બ્રહ્મા ન જાણે. ૨૯૮

અરે જ્ઞાનીઓનાં હૃદયે
જ્ઞાન તે હું જ જાણે,
હવે આ બધાંનો ન દેખાયે
અંતપાર. ૨૯૯

શું પર્જન્યની ધારાઓ
માપી શકાશે ધનુર્ધર,
કે પૃથ્વીના તૃણાંકુર
ગણાશે અરે. ૩૦૦

મહોદધિના તરંગોને
વ્યવસ્થિત કરવા ન સંભવે,
તેમ જ ક્યારેય ન ગણાયે
મારા વિભૂતિવિશેષ. ૩૦૧

તેમાં જે પાંચસાત પ્રધાન
વિભૂતિ કહી તને અર્જુન,
એ ઉદ્દેશે કે તું હૃદયે
ધારણ કરે. ૩૦૨

આમ વિભૂતિવિસ્તારને ક્યાંયે
માપતોલ સર્વથા ન હોયે,
એટલે સાંભળીશ તું ક્યાં સુધી
હું કહું કેટલું. ૩૦૩

એકી વખતે અરે તુજને
નિજ વિભૂતિનો મર્મ હવે—
કહું કે સર્વ ભૂતાંકુરે
બીજરૂપ હું. ૩૦૪

એટલે પરમ પામર ન કહેવા,
ઉચ્ચનીચ ભાવ છોડવા,
એક મને જ સકળે જોવા
વસ્તુજાતે. ૩૦૫

છતાં અન્ય એક સાધારણ
સાંભળી લે વિશેષ ચિહ્ન,
તે જોતાં જાણવું અર્જુન
કે ત્યાં વિભૂતિ મારી. ૩૦૬

જ્યાં જ્યાં સંપત્તિ અને દયા
બન્ને આવ્યાં નિવાસ કરવા,
તે તે ધનંજય, જાણવા
અંશ મારા. ૩૦૭

એકનું એક સૂર્યબિંબ ગગને
પણ પ્રભા પ્રસરે ત્રણે ભુવને,
તેવી મારી એકની જ લોકે
પળાયે આજ્ઞા. ૩૦૮

રખે તેમને એકલાં કહેતો,
તેમને નિર્ધન નામે સંબોધતો,
શું કામધેનુ સાથે ચાલતી હોયે
સર્વ સામગ્રી. ૩૦૯

તેની પાસે જ્યારે જે માગે
તે તે એકીસાથે જ પ્રસવે,
તેમ તે વિશ્વવિભવ પોતે
હોઈ રહે. ૩૧૦

તેમને ઓળખવાની સંજ્ઞા,
કે જગ નમસ્કારે આજ્ઞા,
એવાને જાણવા પ્રાજ્ઞા
અવતાર મારા. ૩૧૧

અને એક સામાન્ય, બીજા વિશેષ,
એવું માનવું અહીં મહાદોષ,
કાં જે હું જ એક અશેષ
વિશ્વરૂપ એટલે. ૩૧૨

ત્યાં હવે સામાન્ય કે વિશેષ
એવા એમ કલ્પાશે વિભાગ,
એ તો બુદ્ધિને વ્યર્થ ડાઘ
ભેદના લગાડવા. ૩૧૩

અરે ઘૃતને શા કાજે મથીએ,
અમૃત રાંધીને અડધું કરીએ,
શું વામદક્ષિણ વાયુને
અંગ હોયે. ૩૧૪

જોતાં સૂર્યબિંબનાં પીઠપેટ
નષ્ટ થાશે આપણી આંખ,
તેમ જ મારું સ્વરૂપ
નથી સામાન્ય વિશેષ. ૩૧૫

અને વિધ વિધ આ વિભૂતિ
મુજ અપારને ગણશે ક્યાં સુધી,
એટલે કિંબહુના સુભદ્રાપતિ
રહેવા દઈએ એ જાણવું. ૩૧૬

હવે મારા એક જ અંશે
વિશ્વ સઘળું જ વ્યાપ્ત છે,
માટે ભેદ છાંડીને નિઃશેષે
ભજ મને સામ્યભાવે. ૩૧૭

એવું વિબુધવન વસંત
જે વિરક્તોનું એકાન્ત,
બોલ્યા જ્યાં શ્રીમંત
શ્રીકૃષ્ણદેવ. ૩૧૮

ત્યાં અર્જુન કહે સ્વામી,
કેમ અવિચારે બોલ્યા અહીં—
જે ભેદ એક તે જ અમારે
છાંડવો રહ્યો. ૩૧૯

સૂર્ય આવું કંઈ જગને કહે
કે અંધકાર દૂર કરો તમે,
પણ અવિચારી કહેતાં તમને
છૂટશે આમન્યા. ૩૨૦

તમારું નામ જો એક વેળા
આવી ચડે મુખે, કાને અથવા–
તેનું હૃદય છાંડીને નાસે
ભેદ સર્વ. ૩૨૧

તે તું પરબ્રહ્મ સઘન,
સૌભાગ્યે મને હસ્તગત,
તો હવે ભેદ કયો કેવો,
કોણ દેખશે. ૩૨૨

જો ચંદ્રબિંબના ગર્ભગૃહે
પ્રવેશ્યા પછી ઉષ્ણતા જણાયે,
પણ સારંગધર પ્રભુતા ભાવે
બોલો તમે. ૩૨૩

ત્યારે પરમ સંતોષે દેવે
અર્જુન આલિંગ્યો પ્રેમભાવે,
પછી કહે કોપવું ન તારે
અમારાં વચને. ૩૨૪

અમે જે ભેદની ગતિની
વાત નિરૂપી વિભૂતિની,
શું તે અભેદ અંતઃકરણે
ઊતરી કે નથી. ૩૨૫

એ જ પરખવા કાજે
બોલ્યો જરીકે બાહ્ય ભાવે–
તો વિભૂતિબોધ તુજ ચિત્તે
રસાયેલો દીસે. ૩૨૬

ત્યારે અર્જુન દેવને કહે
એ તો જાણો આપ પોતે,
પણ વિશ્વ સકળ દેખાયે
આપ વડે વ્યાપ્ત. ૩૨૭

હે ધૃતરાષ્ટ્ર, ત્યારે પાંડુસુત
આવી પ્રતીતિએ ઓતપ્રોત,
એવી સાંભળી સંજયની વાત
ધૃતરાષ્ટ્ર રહ્યા સ્તબ્ધ. ૩૨૮

સંજય દુભાયેલે અંતઃકરણે
આશ્ચર્ય નથી કે સૌભાગ્ય ઠેલે,
માન્યો હતો દૃષ્ટિસંપન્ન ભીતરે
પણ ત્યાંયે છે નૃપ અંધ. ૩૨૯

પણ એ ભલે, ત્યારે અર્જુન
સ્વહિતનું વધારે સન્માન,
કેમ કે આ ઉપરાંત આન
ભરોસો ઊપજ્યો. ૩૩૦

હવે હૃદયની આ જ પ્રતીતિ
બહાર અવતરો નેત્રો પ્રતિ,
આવી આરતથી સભર મતિ
ઊછળવા માંડી. ૩૩૧

મારે આ બન્ને ડોળે
જોવું છે વિશ્વરૂપ સઘળે,
આવી હોંશ દૈવ સાનુકૂળે
એટલે કરી. ૩૩૨

અર્જુન હતો કલ્પતરુની શાખા,
એટલે વાંસપુષ્પ ત્યાં ન ઊગ્યાં,
જે જે આવે તેને મુખે
તે તે સફળ થાયે. ૩૩૩

જે પ્રહ્લાદને કાજે
વિષરૂપ થાય પોતે,
તો સદ્ગુરુ સન્નિકટે
અર્જુન અરે. ૩૩૪

હવે વિશ્વરૂપ જોવા કાજે
અર્જુન પૂછશે કયા પ્રકારે,
તે કહીશ આગળ પ્રસંગે
જ્ઞાનદેવ નિવૃત્તિનો કહે. ૩૩૫

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥ १० ॥

વિશ્વરૂપ વાસુદેવ

આ અગિયારમા અધ્યાયમાં શાંત રસને અદ્ભુત રસ ભેટે છે. એટલે જ્ઞાનેશ્વર મહારાજે એને પ્રયાગતીર્થની ઉપમા આપી છે. આ પ્રયાગતીર્થ તે માધવવિશ્વરૂપ-દર્શન છે. હવે જગત એ દર્શનનું ચરણામૃત પામશે. આ અશક્ય કાર્ય જેમની કૃપાથી સંભવિત બન્યું તે ગુરુ નિવૃત્તિનાથને નમન કરીને મહારાજ વ્યાખ્યાન શરૂ કરે છે.

આ બધું જ સર્વેશ્વર છે એવું જે બુદ્ધિને સમજાયું, તે પ્રત્યક્ષ બાહ્ય નેત્રો વડે દેખાય એવી ઉત્કટ ઝંખના અર્જુનને લાગી હતી. પરંતુ પ્રભુને વિનંતી કરવાનો ભય લાગતો હતો. છતાં બીતાં બીતાં અર્જુને વિનંતી કરવાનો મનસૂબો કર્યો. પોતાના પ્રેમીની ઇચ્છા જાણીને ભગવાને વિશ્વરૂપ પ્રગટ કર્યું, પણ અર્જુનને કશું દેખાતું ન હતું. પ્રભુને લાગ્યું કે પોતાનું વિશ્વરૂપ જોવાની દિવ્યદૃષ્ટિ અર્જુનને આપી નથી. તે મળતાં જ અર્જુન આ વિશ્વરૂપ જોઈને આશ્ચર્યથી વિસ્મિત થઈ ગયો.

આ ચરાચર વિશ્વનું ચિત્ર જે અનાદિ ભૂમિકા ઉપર ઊપસે છે તે વિશ્વરૂપ જોવાની અર્જુનની ઇચ્છા સાર્થક થઈ. અનંત ભવ્ય આકાશ, પંચમહાભૂતો, પૂર્વાદિક દિશાઓ — સર્વ અસ્ત થતાં સૃષ્ટિની રચના જ નહીંવત્ થઈ ગઈ. અર્જુનના મનનું મનપણું નાશ પામ્યું. સ્વરૂપ-સમાધાન ઉપલબ્ધ થયું. વિશ્વરૂપનાં સૌન્દર્યયુક્ત અને આનંદદાયક રૂપોની સાથે મહામૃત્યુ સરખાં અકરાળવિકરાળ રૂપો જ્યારે અર્જુને જોયાં ત્યારે તેણે ભયભીત થઈ ને આંખો મીંચી દીધી. પરંતુ દિવ્ય-દૃષ્ટિનો પ્રભાવ એટલો વ્યાપક અને ઉત્કટ હતો કે આંખો બંધ હોવા છતાં અર્જુનને વિશ્વરૂપ દેખાતું હતું.

વિશ્વરૂપના તેજ આગળ હજારો સૂર્યનું તેજ ફિક્કું પડયું હતું. વ્યાપક-પણાની દૃષ્ટિએ સર્વ જગત મહાસાગરના બુદ્બુદ જેવું લાગતું હતું. વિશ્વરૂપ જોતાં જોતાં, દ્રષ્ટા અને દશ્ય નહીંવત્ થતાં, દ્વૈત અદશ્ય થયું. અર્જુન તેમાં સમાઈ ગયા. આ પરમ આનંદનાં પૂર ઓસરતાં અર્જુને ભગવાનની સ્તુતિ કરી : આજ સુધી અમારી દૃષ્ટિ પર અજ્ઞાનનાં પડળ હોવાથી અમે ચતુર્ભુજ સ્વરૂપને જ સર્વ કંઈ સમજતા હતા. પરંતુ આજે આદિ, મધ્ય અને અંતરહિત આકારોને પેલે તીરનું પ્રભુનું વિરાટ સ્વરૂપ નીરખવા મળ્યું.

હું મારનાર અને કૌરવો મરનાર એવા અહંકારથી અર્જુન ગ્રસાયા હતા. તે અહંકાર દૂર કરવા અને સર્વનાશ કરનારી ભગવદ્શક્તિ તદ્દન નિરાળી છે, એ

અર્જુનને સમજાવવા શ્રીકૃષ્ણે વિશ્વરૂપદર્શનનું નિમિત્ત સ્વીકાર્યું હતું. પરંતુ દેવના હૃદયનો આ હેતુ ન સમજવાથી અર્જુન શોક કરતા હતા. તે સમયે ભગવાને કહ્યું કે આ સંહારમાંથી કેવળ પાંડવો બાકી રહેશે, તે સિવાય સર્વ સૈન્ય નાશ પામશે. સર્વ નિર્જીવ થઈ ગયા છે. હવે અર્જુને સર્વ શત્રુઓને હણ્યા, એટલું જ જગતમાં પ્રસિદ્ધ થવાનું બાકી છે. આ રીતે ગંગાના ઓઘ પ્રમાણે શ્રીકૃષ્ણનું વ્યાખ્યાન વહેતું હતું તે સાંભળીને અર્જુન શરણાગત થઈને વારંવાર ભગવંતને પ્રણામ કરતા હતા.

શ્યામસુંદર શ્રીકૃષ્ણનું અનાદિ નિર્ગુણ આ જ મૂળ સ્વરૂપ છે તે અર્જુનને બરાબર પાકું સમજાયું. આજ સુધી તે શ્રીકૃષ્ણને પોતાની બરોબરીના માનીને તેમની ઠઠ્ઠામશ્કરી અને પ્રસંગવિશેષે અવહેલના કરતા હતા. એ વાતો યાદ આવતાં તેમને ઊંડો પશ્ચાત્તાપ થયો. પુત્રના સો અપરાધની ક્ષમા માતા આપે તેમ પ્રભુ મને ક્ષમા કરો, એવી વિનંતી કરીને અર્જુને મૂળ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરવાનો ગદ્‌ગદભાવે અનુરોધ કર્યો.

આજ સુધી કોઈનેય ઉપલબ્ધ નથી થઈ તે વસ્તુ અર્જુનને આપી, છતાં એ સમજી ના શક્યા અને બીજી જ પ્રાર્થના કરી, એટલે પ્રભુ નારાજ થયા. દેહને છોડી છાયાને આલિંગન કરવા જેવી મૂર્ખતાની વાત અર્જુને કરી હતી. પણ અર્જુનના પ્રેમને વશ થઈ શ્રીકૃષ્ણે વિશ્વરૂપ સંકેલીને ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. અંતે ભગવાને અર્જુનને ઉપદેશ આપ્યો કે, ગાય જેમ ડુંગરોમાં ચરવા જાય છતાં તેનું ચિત્ત ઘેર રહેલા વાછરડામાં રહે છે, તેવી રીતે હે અર્જુન, વિશ્વરૂપ ઉપર સાચો પ્રેમ સ્થિર કરીને, આ ચતુર્ભુજ રૂપ ઉપર બાહ્ય સ્નેહ રાખ. ચિત્ત જો મારી અનન્ય ભક્તિથી ભરાઈ જશે તો જ દેહાંકાર અને દ્વૈત નાશ પામશે.

અર્જુનનો પ્રેમ સગુણ રૂપ ઉપર ઢળેલો હતો. એટલે હવે કયું રૂપ શ્રેષ્ઠ છે એ પ્રશ્ન તેના ચિત્તમાં ઉદ્‌ભવ્યો. અંતર્યામી શ્રીકૃષ્ણ અર્જુનનો આ મનસૂબો જાણી ગયા. અગિયારમા અધ્યાયમાં ભગવંતે એનો ઉત્તર આપ્યો છે.

અધ્યાય અગિયારમો

વિશ્વરૂપદર્શનયોગ

હવે આ એકાદશ અધ્યાયે
કથા ઉભય રસોથી સભર હોયે,
જ્યાં પાર્થને વિશ્વરૂપદર્શનનો
લહાવો મળશે. ૧

જ્યાં શાંત રસને આંગણે
અતિથિરૂપે અદ્ભુત પધારે,
અન્ય રસોને બહુમાન મળે
પંક્તિમાં બેસવાનું. ૨

અહો વધૂવરના મિલને
જાનૈયાને વસ્ત્રાદિ મળી આવે,
તેમ મરાઠીના સુખાસને
મહાલશે સર્વ રસ. ૩

પણ શાંત ને અદ્ભુત ગરવા
નયનોની અંજલિયે સેવવા,
જેમ પ્રેમભાવે આશ્લેષે રહે
હરિ અને હર. ૪

અથવા અમાસની રાત્રિયે
રવિશશી એકરૂપ થાયે,
તેમ ઉભય રસ એકાદશે
એકરૂપ હોયે. ૫

ભળ્યા ગંગાયમુના પ્રવાહ
તેમ બન્ને રસોનું આ પ્રયાગ,
એટલે પવિત્ર થાય છે જગ
અધ્યાય-સેવને. ૬

માંહે ગીતા-સરસ્વતી ગુપ્ત
અને ઉભય રસ કેવળ મૂર્ત,
એટલે કહેવું ત્રિવેણી ઉચિત
જાણ બાપ. ૭

અહીં શ્રવણના દ્વારે
સુલભ પ્રવેશ આ તીર્થે-
જ્ઞાનદેવ કહે નિવૃત્તિનાથે
મુજ પાસે કરાવ્યો. ૮

કાંઠે હતાં સંસ્કૃતનાં ગહન વન
તે તોડીને મરાઠી શબ્દ-સોપાન-
રચી આપ્યાં ધર્મનિધાન
શ્રીનિવૃત્તિદેવે. ૯

અહીં ગમે તે સદ્ભાવે સ્નાન કરે,
પ્રયાગમાધવ જેવું વિશ્વરૂપ દેખે,
એટલાથી જ પરિહારાશે
સકળ સંસાર. ૧૦

એ ભલે આવા સાવયવ,
અહીં પરિપાક્યા રસભાવ,
જ્યાં શ્રવણસુખનું સામ્રાજ્ય
મળશે જગતને. ૧૧

જ્યાં શાંત-અદ્ભુત પ્રત્યક્ષ,
અન્ય રસો જ્યાં સુશોભિત-
ત્યાં અલ્પ હોવા છતાં વિશદ
કૈવલ્ય અરે. ૧૨

તે આ એકાદશ અધ્યાય-
જે પ્રભુનું નિજ વિશ્રામધામ,
પણ પાર્થ કેવો ભાગ્યવાન
કે પહોંચ્યો અહીં. ૧૩

અર્જુન એકલો કેમ કહીયે
બધા માટે ઉપલબ્ધ હોયે-
જે ગીતાર્થ ઊતર્યો હવે
મરાઠીએ. ૧૪

એટલે હવે મારી
તમે સાંભળો વિનવણી,
આપજો અહો અવધાન
સજ્જનો અહીં. ૧૫

તેમ જ આવી સંતસભામાં
આમ ન શોભે લાડ કરવાં,
પણ માની લેજો મને તમારા
બાળકપ્રેમે. ૧૬

પોપટને આપણે પઢાવીએ
પછી પઢે તો માથું ધુણાવીએ,
કાં શિશુ પાસેથી કરાવી કૌતુકે
પોતે જ માતા રીઝે. ૧૭

તેમ મારાથી જે જે બોલાયે
તે તમારું જ શીખવ્યું હોયે,
પોતે જ પોતાનું અવધારજો
આપ હે પ્રભો. ૧૮

આ સારસ્વતનો મધુર
તમે જે વાવ્યો છોડ-
તે અવધાનામૃત સિંચને
કરો ફળરૂપ. ૧૯

પછી રસભાવ પુષ્પો પાંગરશે,
નાનાર્થ ફળભારે લચી પડશે,
તમારા ધર્મકાર્યે સુખી થાશે
જગત સકળ. ૨૦

આ સાંભળી સંતો સંતુષ્ટ થયા,
કહે, સંતૃપ્ત અમે જ્ઞાનરાયા,
હવે કહે શું અર્જુન બોલિયા
તે ઘડીયે. ૨૧

ત્યારે કહે નિવૃત્તિદાસ,
જી કૃષ્ણાર્જુનનો સંવાદ,
શું જાણે મુજ જેવો પ્રાકૃત,
પણ બોલાવો આપ પોતે. ૨૨

અહો વનવાસી વાનરો
પરાભવ કરે લંકાનાથનો,
અર્જુન શું ન જીતે એકલો
સૈન્ય અગિયાર અક્ષૌહિણી. ૨૩

એટલે સમર્થ જે કરવા ધારે
તે ન થાય એવું ન ઘટે ચરાચરે,
તમે સંતજન એ પ્રકારે
બોલાવો છો મુજ કને. ૨૪

હવે બોલાશે તે સાંભળજો
ગીતાનો ભાવાર્થ સુનિર્મળો-
જે શ્રીમુખેથી પ્રગટ થયો
વૈકુંઠનાયકના. ૨૫

અહો કેવો આ ગ્રંથ ગીતા
જે વેદોમાં પ્રતિપાદ્ય દેવતા-
તે શ્રીકૃષ્ણ પોતે વક્તા
ગીતામાં અરે. ૨૬

તેનું ગૌરવ કેમ વર્ણવીએ
જ્યાં શ્રીશંભુની મતિ વિરમે,
હવે નમસ્કારીએ મનોભાવે
એ જ ઉત્તમ. ૨૭

પછી સાંભળો તે અર્જુન,
વિશ્વરૂપદર્શને આતુર લોચન,
કેમ કરે છે માંડીને વાત
પ્રારંભથી. ૨૮

આ સઘળું સર્વેશ્વરથી વ્યાપ્ત
એવી પ્રતીતિ જે બુદ્ધિગત-
તે થાઓ ઇન્દ્રિયગોચર
નિજ લોચને. ૨૯

આ નિજ અંતરની ઝંખના
સંકોચ થયો દેવને કહેતાં,
કાં વિશ્વરૂપ જે ગૂઢ
પુછાય કેમ. ૩૦

પહેલાં કોઈયે પણ ક્યાંયે
પૂછ્યું નથી પ્રિય ભક્તોએ,
તે સહસા કેમ પુછાયે
શ્રીહરિ પાસે. ૩૧

હું હોઈશ જો લાડકવાયો–
લક્ષ્મી કરતાં નથી નિકટનો,
પૂછતાં ખચકાયા તેઓ
આ વિષયમાં. ૩૨

સેવા કરી હશે મેં ગમે તેટલી
તોયે શું તોલે આવશે ગરુડની,
છતાં તે ન સાહસ કરે કદી
પૂછવાનું. ૩૩

હું શું સનકાદિકોથી નિકટ,
તેઓ પણ પૃચ્છા ન કરત,
પ્રભુને શું ગમીશ — ગોકુળના
પ્રેમીઓની જેમ. ૩૪

શિશુરૂપે તેમને ફસાવ્યા,
અંબરીષના ગર્ભવાસ સહ્યા,
પણ દેખાડ્યું ન વિશ્વરૂપા
કોઈને ક્યારે. ૩૫

આજ સુધી રાખેલું ગુહ્ય
એમના અંતરનું રહસ્ય,
કેમ કરી અકસ્માત્
પુછાયે મુજથી. ૩૬

અને જવા દો નહીં પૂછીએ
તો વિશ્વરૂપ દેખ્યા વિનાયે–
સુખ નથી, વ્યર્થ જણાયે
જીવવું મને. ૩૭

એટલે સહજ ભાવે હવે પૂછીએ,
પછી ગમશે તેવું જ દેવ કરશે,
એમ વિચારી સભય હૃદયે
પાર્થ બોલ્યા. ૩૮

પણ તે પુછાયું એવા પ્રેમભાવે
કે એકાદ-બે શબ્દો નીકળે–
ત્યાં તો વિશ્વરૂપ સઘળે
પ્રગટ દેખાડ્યું. ૩૯

અહો વાછરડું જોતાં તત્ક્ષણે
ધેનુ ખળભળીને પ્રેમે ઊઠે,
પછી મુખ લાગતાં આંચળે
પાનો કેમ થોભશે. ૪૦

અરે પાંડવોનું દેતાં નામ
પ્રતિપાળવા જે વને ધાય,
અર્જુન જ્યારે પૂછવા લાગે
તે સહેવાશે જ કેમ. ૪૧

પોતે સહેજે સ્નેહનું અવતરણ,
અર્જુને નાખ્યું તેમાં માદકપણ,
છતાંયે ઉભયમાં રહ્યું જુદાપણ
એ જ બહુ થયું. ૪૨

એટલે અર્જુને પૂછતાં બરોબરે
દેવ વિશ્વરૂપ થાશે ખરેખરે,
તે જ પહેલો પ્રસંગ હવે
સાંભળો તમે. ૪૩

પછી પાર્થ કહે દેવને,
જી તમે મુજ કારણે–
અનિર્વાચ્ય ઉતાર્યું વાણીએ
હે કૃપાનિધે. ૪૪

મહાભૂતો બ્રહ્મે લય પામે,
જીવ મહદાદિ લોપ થાયે,
ત્યારે પ્રભુ જે થઈને રહે
તે અંતિમ આશ્રય. ૪૫

હતું જે હૃદય ગુહ્ય મંદિરે,
હતું સંઘર્યું કૃપણની પેઠે,
શબ્દબ્રહ્મ થકી હતું સંતાડ્યું
એટલે તે ન જાણે. ૪૬

તે તમે આજે પોતાનું
હૈયું મુજ કને ઉઘાડયું,
જે અધ્યાત્મ અર્થે આવાર્યું
સર્વ ઐશ્વર્ય શંભુએ. ૪૭

તે વસ્તુ મને સ્વામી
એક પળમાં તમે આપી—
એમ કહું તોયે અહીં
દ્વૈતભાવ ક્યાં છે. ૪૮

સાચે જ મહામોહને પૂરે
ડૂબતો દેખીને ગળાબૂડ મને—
પોતે જ ઝંપલાવીને તમે
બહાર કાઢયો શ્રીહરિ. ૪૯

એક તારા વિના ક્યાંઈ
વિશ્વે બીજું તત્ત્વ નાહીં,
પણ અમારાં કુકર્મો આંહીં
કે અમે છીએ એમ બોલાયે. ૫૦

હું આ જગતે એક અર્જુન
એવું દેહે રાખીએ અભિમાન,
અને કૌરવોને મારાં સ્વજન
લેખતો હતો. ૫૧

ઉપરાંત એમને જો હણીશ
તો પાપે દુર્ગતિ પામીશ,
એવાં જોતો હતો જે દુઃસ્વપ્ન
તેમાંથી જગાડયો પ્રભુ. ૫૨

દેવ, નિવાસ કરવા ગંધર્વનગરે
જતો હતો લક્ષ્મીપતિને છોડીને,
પીતો હતો બાપ મૃગજળ
ઉદક માનીને. ૫૩

જે સાપ કપડાનો હતો
વિષ ચડયું માનવાથી સાચો,
એવા વ્યર્થ મરનાર જીવને
બચાવ્યો તમે. ૫૪

પોતાનું પ્રતિબિંબ ન ઓળખે—
જોઈને સિંહ ઝંપલાવે કૂવે.
તેને પકડીને રાખીએ તેમ
બચાવ્યો મને. ૫૫

નહીં તો અત્યાર સુધી
નિશ્ચય હતો હે મુરારિ,
કે સપ્ત સાગરો ભલે જી
આવી મળે. ૫૬

સકળ જગત ભલે બૂડે,
વળી આકાશ તૂટીને પડે,
પણ હું યુદ્ધ નથી કરવાનો
ગોત્રજો સાથે. ૫૭

આવા અહંકારના આવેગે
ડૂબકી લીધી હતી આગ્રહજળે,
સારું કે તું હતો પાસે—
જે કાઢયો મને. ૫૮

વ્યર્થ જ પોતાનું ભિન્ન માન્યું;
વ્યર્થ જ નામ ને ગોત્ર કલ્પ્યું;
એવા ઘોર ભ્રમે ભમતો હતો
ત્યાં સંરક્ષ્યો મને. ૫૯

પૂર્વે લાક્ષાગૃહથી બચાવ્યા
ત્યારે ભયમાં હતી કેવળ કાયા,
પણ આ બીજામાં સપડાયા
ચૈતન્યસહિત. ૬૦

દુરાગ્રહે હિરણ્યાક્ષે
હતી બુદ્ધિવસુંધરા લીધી કાખે;
પછી મોહાર્ણવ ગવાક્ષે
જઈને બેઠો. ૬૧

ત્યાં તે સમર્થ સ્વામીએ
બુદ્ધિ લાવી આપી સ્વસ્થાને;
વરાહ થવું પડયું બીજી વારે
આપને પ્રભો. ૬૨

આવા તારા અપાર ઉપકાર,
વાણી વડે કેમ વર્ણવાય,
પંચપ્રાણ જ પાથર્યા તમે
મારે માટે. ૬૩

પણ તે ગયું નથી નિરર્થક,
તમને યશ મળ્યો સંપૂર્ણ,
કેમ કે સર્વ માયા સાદ્યંત
નિરસન થઈ મારી. ૬૪

આનંદ-સરોવરનાં કમળો
તેવાં જે આ તારાં લોચનો-
નિજ કૃપાપ્રસાદનાં મંદિરો
ઊભરાશે જ્યાં. ૬૫

તેમનો મોહ સંગે મેળાપ
કેમ થાશે અસંભવ વાત,
વડવાનળે થાશે કેમ
મૃગજળની વૃષ્ટિ. ૬૬

અને હું તો હે કૃપાનિધે
પ્રવેશીને કૃપાને ગર્ભગૃહે,
આરોગું છું પરમ મધુર
બ્રહ્મરસ. ૬૭

તેથી જો મારો મોહ જાયે
ત્યાં વિસ્મય કાંઈ ન હોયે,
ઉદ્ધર્યો છું કહું, કરીને
ચરણસ્પર્શ. ૬૮

હે કમલાયતન લોચન,
હે કોટિ સૂર્ય સમ પ્રભ,
તુજ પાસેથી હે મહેશ
સાંભળ્યું આજે. ૬૯

આ ભૂતો જે રીતે જન્મે,
અને જે પ્રકારે લય પામે,
તે પ્રકૃતિ મુજ કને
વિવરણ કરી. ૭૦

પ્રકૃતિનું વિવેચન કર્યું,
પરમ પુરુષનું ધામ દેખાડ્યું,
જેમના મહિમારૂપ પરિધાને
વેદ સવસ્ત્ર થયા. ૭૧

જેમની શબ્દરાશિ વાધે,
ધર્મરૂપ રત્ન જે પ્રસવે,
તે ચરણવંદનાને પ્રભાવે
આપના પ્રભો. ૭૨

એવું અગાધ માહાત્મ્ય
જે સકળ માર્ગ ઐક્યે ગમ્ય,
જે સ્વાત્માનુભવે રમ્ય
દેખાડ્યું મને. ૭૩

જેમ મેઘ લોપતાં ગગને
સૂર્યમંડળે દૃષ્ટિ પ્રવેશે,
કે હઠાવીને લીલ હાથે
દેખીએ જળ. ૭૪

ઉકેલાયે જ્યારે સાપના વળ
ત્યારે આલિંગાયે ચંદનવૃક્ષ,
કાં નાસી જતાં ભૂતપ્રેત
નિધાન સાંપડે. ૭૫

તેમ પ્રકૃતિ હતી આડે
તે દૂર કરી પ્રભુએ,
પછી પરતત્ત્વ મુજ મતિએ
આરૂઢ કરાવ્યું. ૭૬

એટલે મને આ વિષયે દેવ
થયો દઢ ભરોસો નિઃસંદેહ,
પણ હજીયે સેવે ચિત્ત
અભિલાષ એક. ૭૭

સંકોચવશ જો તે ન કરું
તો ક્યાં જઈને વાત કહું,
શું તારા વિના અન્ય આશરો
જાણીએ અમે. ૭૮

જો જળચર જળથી લાજે,
બાળક સ્તનપાને સંકોચે—
તો શ્રીહરિ જીવવા કાજે
બીજો ઉપાય કયો. ૭૯

એટલે લાજ-સંકોચ ન ધરાયે,
મનને ફાવે તેવું જ પુછાયે,
ત્યારે શ્રીહરિ કહે એ ભલે,
કહે શું છે. ૮૦

ત્યારે બોલી ઊઠ્યો કિરીટી—
આપે કરી જે સર્વ ગોષ્ઠિ—
તે જોઈને પ્રતીતિની દૃષ્ટિ
નિરાંત થઈ. ૮૧

હવે જેહના સંકલ્પે
લોકપરંપરા જન્મે-લોપે,
જે સ્વરૂપને તું પોતે
નિજ રૂપ માને. ૮૨

તે તારું મૂળ સ્વરૂપ,
જેમાંથી આ દ્વિભુજ-ચતુર્ભુજ
દેવોનાં કરવા કાજ
તું વારંવાર ધારણ કરે. ૮૩

જળશયન કરવાનું નાટક,
કે મત્સ્યકૂર્મ રૂપે અવતરણ,
સર્વ ક્રીડા સંકેલો હે જાદુગર
તું સમાવે જે સ્વરૂપે. ૮૪

ઉપનિષદે જે ગવાયે,
જે યોગી નિજ અંતરે જુએ,
સનકાદિક જેના આશ્લેષે
રહે નિરંતર. ૮૫

આવું તારું જે અગાધ
કાને સાંભળું હું વિશ્વરૂપ,
તે જોવા કાજે ચિત્ત
ઉતાવળું પ્રભો. ૮૬

આપે ફેડ્યો મારો સંકોચ,
પૂછ્યો અંતરનો અભિલાપ,
તો આરત એક આ જ
હૈયે પ્રભો— ૮૭

તારું વિશ્વરૂપ સકળ
થાઓ મુજ દૃષ્ટિયે ગોચર,
એવી છે મોટી આશ
સંઘરેલી. ૮૮

પણ વાત એમ છે સારંગધર—
દેખવા કાજે તારું વિશ્વરૂપ,
યોગ્યતા છે મુજમાં કે નહીં
તે ન જાણું. ૮૯

કેમ ન જાણું, કહેશો આપ,
પોતે જ પોતાની વાત,
તો રોગી શું જાણે દેવ
વ્યાધિનું નિદાન. ૯૦

અને ઇચ્છાના તીવ્ર આવેગે,
આર્ત્ત પોતાની મર્યાદા વીસરે;
તરસ્યો કહે સમુદ્ર ન શમશે
તરસ તેની. ૯૧

તેમ ઉત્કટ ઇચ્છાના મોહે
મારાથી મર્યાદા ન જળવાયે,
એટલે માતા જેમ જાણે
બાળકની શક્તિ. ૯૨

એટલે હે જનાર્દના
વિચારી જુઓ મુજ સંભાવના,
પછી જ આદરો ઉપક્રમ
વિશ્વરૂપદર્શનનો. ૯૩

તો હવે એવી કૃપા કરો
કે યોગ્યતા નથી એમ કહો,
બધિરને કેમ સુખ અપાયે
પંચમ આલાપે. ૯૪

શું ચકોરની તૃષા કાજે
મેઘ સકળ જગે ન વરસે,
પણ વરસાદ વ્યર્થ જાયે
જો ખડકે પડે. ૯૫

ચકોરને ચંદ્રામૃત સાંપડે,
બીજાઓને શું મના કરાયે,
પણ નેત્રો વિણ જોયેલું
જાય વ્યર્થ. ૯૬

એટલે સહસા તું વિશ્વરૂપ
દેખાડીશ ખચીત, વિશ્વાસ,
કાં જે ઉતાવળે ને અવિચારે
આપવામાં તું અપૂર્વ. ૯૭

તારું ઔદાર્ય કેવું સ્વતંત્ર
કે આપતાં ન જુએ પાત્રાપાત્ર,
કૈવલ્યપદ પરમ પવિત્ર
શત્રુનેય તું આપે. ૯૮

મોક્ષ તો દુરારાધ્ય કહેવાયે
પણ તે તો તુજ પાય આરાધે,
એટલે મોકલ્યો ત્યાં જાયે
સેવકની જેમ. ૯૯

તેં સનકાદિકો પ્રમાણે
સાયુજ્યસુખ આપ્યું પૂતનાને—
જે આવી વિષ-મસળ્યા સ્તને
મારવા તને. ૧૦૦

અરે રાજસૂય યજ્ઞની સભાયે,
ત્રિભુવનના ભેગા જનસમુદાયે,
કેવાં શતવિધ દુર્વચન-વાકયે
નિષ્પ્રભ કરાયો હતો. ૧૦૧

એવા અપરાધી શિશુપાલને
તમે મેળવ્યો નિજ સ્વરૂપે,
અને ઉત્તાનપાદના બાળકને
શું ધ્રુવપદે પ્રેમ હતો. ૧૦૨

તે તો આવ્યો અરણ્યે એટલે,
કે બેસીશ પિતાને ઉત્સંગે,
તેને ચંદ્રસૂર્ય કરતાં જગે
શ્રેષ્ઠતા આપી. ૧૦૩

આવા સકળ વનવાસીઓને
તું એકલો જ આપે અવિચારે,
પુત્રને અજામિલ પોકારે
ત્યાં તું નિજને આપે. ૧૦૪

જેણે લાત મારી વક્ષઃસ્થળે
તેનું ચરણચિહ્ન ધારણ કરે,
હજીયે દૂર ના કરો કલેવરે
શંખાસુરનું. ૧૦૫

એવા અપકારીને કરે ઉપકાર,
અપાત્રે પણ તું ઘણો ઉદાર,
પૃથ્વીદાન આપતાં દ્વારપાળ
થયો બલિરાજાનો. ૧૦૬

તને ન આરાધે કે ન ભજે,
હતી પોપટને શીખવતી કૌતુકે,
વૈકુંઠસુખ આપી ગણિકાને
સંતુષ્ટ કરી. ૧૦૭

જોઈને આવાં વ્યર્થ નિમિત્ત
આપવા માંડે તું નિજનું દાન,
તે તું શું કરશે અનુચિત
મુજ પ્રસંગે. ૧૦૮

અહો દુગ્ધદાનના મહિમાયે
જે જગતનાં સંકટ નિવારે,
કામધેનુનાં વાછરડાં તે
શું ભૂખ્યાં જ રહેશે. ૧૦૯

એટલે મેં જે વિનવણી કરી
તે દેવ ન આપે એવું નથી,
પણ તે દેખવા આપો અહીં
યોગ્યતા પ્રભો. ૧૧૦

તારું વિશ્વરૂપ જોવા કાજે
જો મારાં નેત્રો યોગ્ય જણાયે-
તો પૂર્ણ કરજો એ દેવ
અભિલાષ મારો. ૧૧૧

આવી સમર્થક વિનંતી
જ્યારે કરવા લાગ્યો સુભદ્રાપતિ,
ત્યારે તે ષડ્ગુણચક્રવર્તી
થયો અધીરો. ૧૧૨

તે કૃપાપીયૂષ સજળ
નિકટે ધનંજય વર્ષાકાળ,
અથવા શ્રીકૃષ્ણ કોકિલ
વસંતઋતુ અર્જુન. ૧૧૩

અથવા પૂનમનો પૂર્ણચંદ્ર
જોઈને ઊછળે ક્ષીરસાગર,
તેમ બેવડાયા પ્રેમબળે
થયા ઉલ્લસિત. ૧૧૪

પછી પ્રસન્નતાના આવેગે
ગરજીને બોલ્યા સકૃપે-
પાર્થ આ જુએ અસંખ્યે
સ્વરૂપ મારાં. ૧૧૫

જોવા એક જ વિશ્વરૂપ
પાર્થનો હતો મનોરથ,
ત્યાં સઘળું વિશ્વરૂપમય
કરી નાખ્યું. ૧૧૬

બાપ ઉદાર દેવ અપરિમિત,
યાચકને સંતોષે સદોદિત,
આપીને અહો સહસ્રપટ
સર્વસ્વ અથવા. ૧૧૭

શેષનાં નેત્રે ન દેખાયે,
વેદો પણ જે ન આ કળે,
લક્ષ્મી પાસે ન પ્રગટ થાયે
નિજ રહસ્ય— ૧૧૮

તે દેખાડશે અનેકવિધ,
કરશે વિશ્વરૂપનો વિસ્તાર,
બાપ કેવાં ભાગ્ય અગાધ
ધનંજય તણાં. ૧૧૯

જાગતો સ્વપ્નદેશે પ્રવેશે
ત્યાં સઘળું જ પોતે થાયે,
તેમ અનંત બ્રહ્માંડ થાયે
પ્રભુ પોતે. ૧૨૦

સગુણ રૂપ સહસા સંકેલ્યું,
સ્થૂળનું આવરણ ફેડ્યું,
કિંબહુના વ્યક્ત થયું
ઐશ્વર્ય યોગનું. ૧૨૧

પણ આ દેખશે કે નાહીં
એનું સ્મરણ ન રહ્યું કાંઈ,
એકસરખા કહે જોઈ
સ્નેહાતુર. ૧૨૨

તેં જે એક દેખાડવા કહ્યું
તે દેખાડતાં શું દેખાડ્યું,
જોને આ સઘળું ભરાયું
મારા સ્વરૂપે. ૧૨૩

એક કૃશ તો એક સ્થૂળ,
એક લઘુ તો બીજું વિશાળ,
એક જટિલ, એક સરળ,
અમર્યાદ એક. ૧૨૪

એક અનાવર ને પ્રાંજળ,
એક સત્યાપાર, એક નિશ્ચળ,
એક ઉદાસીન, બીજું સ્નેહાળ,
ભાસે તીવ્ર એક. ૧૨૫

એક અલગારી, એક સાવધ,
એક સૂક્ષ્મ, બીજું અગાધ,
એક ઉદાર તો એક કૃપણ,
ક્રુદ્ધ એક. ૧૨૬

એક શાંત, એક મદયુક્ત,
એક સ્તબ્ધ, આનંદમય એક,
એક નિઃશબ્દ, એક ગર્જનાયુક્ત,
અને સૌમ્ય એક. ૧૨૭

એક અભિલાષ, એક વિરક્ત,
એક જાગ્રત, એક નિદ્રિત,
એક પરિતુષ્ટ, આર્ત્ત એક,
વળી એક પ્રસન્ન. ૧૨૮

એક અશસ્ત્ર, એક સશસ્ત્ર,
એક રૌદ્ર, એક અતિ મિત્ર,
એક ભયંકર, વિચિત્ર એક,
તો લયસ્થ એક. ૧૨૯

એક જનનલીલાવિલાસી,
એક પાલનશીલઅભિલાષી,
એક સાવેશે સંહારકારી,
સાક્ષીભૂત એક. ૧૩૦

એમ અનેકવિધ અનંત
દિવ્ય તેજ પ્રકાશયુક્ત,
અને એકબીજાથી ભિન્ન
વર્ણ જેમનો. ૧૩૧

જેમ હોય તપ્ત સુવર્ણ
તેમ એક કપિલ વર્ણ,
એક સર્વાંગે જેમ નભ
સિંદૂર ચર્ચિત. ૧૩૨

એક સહેજે જ ચળકે
જેમ બ્રહ્માંડ જડાયું માણેકે,
એક શોભિત કુંકુમવર્ણે
અરુણોદય સમા. ૧૩૩

એક શુદ્ધ સ્ફટિક સમ સોજ્જ્વલ,
એક નીલમ સમ સુનીલ,
એક અંજન સમ શ્યામ વર્ણ,
રક્તવર્ણ એક. ૧૩૪

એક કાંચન સમ પીળું લસંતું,
એક નવજલદ સમું શ્યામળું,
એક ચંપક સમું ઊજળું,
હરિત એક. ૧૩૫

એક તપ્ત તામ્ર સમું તાંબડું,
એક શ્વેત ચંદ્ર સમું ધોળું-
એવા નાના વર્ણે રૂપડાં
દેખ મારાં. ૧૩૬

આ વર્ણ જેમ આન આન,
તેમ આકાર ભિન્ન ભિન્ન,
લાજીને કંદર્પ આવે શરણ,
તેવા સુંદર એક. ૧૩૭

એક તો લાવણ્ય જ સાકાર,
એક સ્નિગ્ધ વપુ મનોહર,
જાણે શૃંગારશ્રીના ભંડાર
ઉદ્ઘાટિત થયા. ૧૩૮

એક પુષ્ટ અવયવ માંસલ,
એક શુષ્ક અતિ વિકરાળ,
એક દીર્ઘકંઠ, લંબ જિભાળ,
વિકટ એક. ૧૩૯

એવી નાનાવિધ આકૃતિ,
જોતાં પાર ન આવે સુભદ્રાપતિ,
એમના અંગપ્રત્યંગે દેખાયે
એકેક જગત. ૧૪૦

ઉન્મીલિત થતાં દૃષ્ટિ
પ્રસરે આદિત્યોની સૃષ્ટિ,
નિમીલને લોપાયે પછી
દેખ પાર્થ. ૧૪૧

વદનથી નીકળતાં બાપ
થાય જ્વાલામય બ્રહ્માંડ,
ત્યાં દેખાય પાવકાદિક
સમૂહ વસુઓનો. ૧૪૨

અને ભ્રૂલતાઓના છેડા
ક્રોધવશે જ્યાં થાય ભેગા–
ત્યાં રુદ્રગણસંઘ અવતર્યા
દેખ દેખ. ૧૪૩

જ્યાં હશે સૌમ્યતાની આર્દ્રતા
ત્યાં અગણિત અશ્વિની દેવા,
શ્રવણો પાસે હશે પાંડવા
અનેક વાયુ. ૧૪૪

આમ એકેકની લીલાએ
કુળો સુરસિદ્ધોનાં જન્મે,
એવાં અપાર સુવિશાલ
રૂપ અહીં દેખ ૧૪૫

વર્ણવી ન શકે વેદ બોબડા,
જેવા આયુષ્ય અપૂરું મહાકાળા,
ન સાંપડે બ્રહ્મદેવા
સ્રોત જેમનો. ૧૪૬

ત્રણે વેદ સાંભળી ન શકે
તે અનેક દેખે રે પ્રત્યક્ષે,
ભોગે સાશ્ચર્ય સકૌતુકે
મહાસિદ્ધિ. ૧૪૭

આ સ્વરૂપોની કિરીટી
રોમમૂલે દેખાયે સૃષ્ટિ,
કલ્પતરુની તળે જેમ
તૃણાંકુર ઊગે. ૧૪૮

ગવાક્ષોથી આવતાં સૂર્યકિરણ,
દેખાયે પરમાણુ કરતા ભ્રમણ,
તેમ બ્રહ્માંડો ઊડે છે જાણ
અવયવોની સંધિયે. ૧૪૯

અહીં એક એક અવયવ-પ્રદેશે
વિસ્તારેલું વિશ્વ દેખાયે,
અને જો વિશ્વની પેલે પારે
ઇચ્છા હશે જોવા— ૧૫૦

તો તે જોવાને વિષયે
અહીં જરીકે કઠણ ન હોયે,
સુખેથી તે મારા દેહે
જોઈશ તું. ૧૫૧

એવું વિશ્વમૂર્તિએ તેણે
કહ્યું જ્યારે કારુણ્યપૂર્ણે–
ત્યારે દેખે કે ન દેખે, ન કહે,
સ્તબ્ધ પાર્થ. ૧૫૨

હજી એ કેમ કાંઈ ન બોલે
એમ જોયું જ્યારે શ્રીકૃષ્ણે,
ત્યારે લઈને આરત અંતરે
ઊભેલો જોયો. ૧૫૩

ઉત્કંઠા હજીય ન શમે,
હજીય સુખનો સ્રોત ન સાંપડે,
જે દેખાડ્યું તે ખરેખરે
કળાયે ન તેને. ૧૫૪

એવું વિચારી દેવ હસ્યા,
હસીને પાર્થને બોલ્યા,
અમે વિશ્વરૂપ દેખાડ્યાં,
પણ તું ન દેખે. ૧૫૫

ત્યાં બોલ્યો વિચક્ષણ પાર્થ,
એમાં કોની છે કહો ઊણપ,
તમે બગલાને ચંદ્રકિરણ
ચરાવી જુઓ છો. ૧૫૬

અહો સ્વચ્છ કરીને અરીસો
જેમ આંધળાને દેખાડીયે,
કે બધિર આગળ ગવાયે
જેમ હૃષીકેશ. ૧૫૭

મકરંદ કણોનો ચારો
જાણીને દેડકાને ધરો,
પછી જો ક્રોધ કરો
તમે સારંગધર. ૧૫૮

જે અતીન્દ્રિય શાસ્ત્રદષ્ટિયે,
જે માત્ર જ્ઞાનદષ્ટિયે દેખાયે,
તે મૂકયું ચર્મચક્ષુ પાસે
હું કેમ જોઉં. ૧૫૯

પણ તમારું ઊણું ન બોલાયે,
પોતે જ સહેવું યોગ્ય દેખાયે,
ત્યારે દેવ કહે માનીએ
તારી વાત. ૧૬૦

જો હતું દેખાડવું વિશ્વરૂપ—
આપવું હતું સામર્થ્ય પ્રથમ,
પણ બોલતાં પ્રેમભાવ
અનાવર થયો. ૧૬૧

ખેડયા વિના વાવીએ ખેત
તે વ્યર્થ જાય નિશ્ચિત.
હવે જોવા મારું સ્વરૂપ
દૃષ્ટિ આપું તને. ૧૬૨

પછી તે દૃષ્ટિયે પાંડવ
અમારો ઐશ્વર્યયોગ સકળ—
દેખીને નિજાનુભવ
કરજે સુદૃઢ. ૧૬૩

એવું તે વેદાન્તે વદ્ય
સકળ લોકના આદ્ય,
બોલ્યા પરમ આરાધ્ય
વિશ્વ તણા. ૧૬૪

પણ કૌરવકુળ-ચક્રવર્તી
મને વિસ્મય થાય વારેવડી—
કે લક્ષ્મી કરતાં સુભાગી
જગતમાં કોણ. ૧૬૫

સંકેતથી વર્ણવા કાજે
વેદો વિણ કોણ આ જગે,
અથવા સેવકપણું નિજાંગે
કરે એક શેષ. ૧૬૬

અથવા જેમને નિદિધ્યાસે
યોગીની જેમ અષ્ટ પ્રહરે,
કોણ ગરુડની જેમ અનુસરે
પ્રભુને કહો. ૧૬૭

પણ આ સર્વ બાજુએ રહ્યું
સાંપ્રતે કૃષ્ણસુખ આધીન થયું,
જે દિવસથી જન્મ્યા
પાંડવો આ. ૧૬૮

પણ પાંચ પાંડવોમાં અર્જુનને
શ્રીકૃષ્ણ થયા આધીન ખરેખરે,
અંગના જેમ કામુકને
નિત્ય આધીન રાખે. ૧૬૯

પઢાવેલો પોપટ ન એવું બોલે,
ક્રીડામૃગ પણ વશ થઈ ન ચાલે,
પાર્થનું ભાગ્ય કેવું ઊઘડયું, મને
સમજાતું નથી. ૧૭૦

આ પરબ્રહ્મ આજે સકળ
ભોગવવા નેત્રો ભાગ્યવાન,
કેવા વાણીના સર્વ કોડ
પૂરા કરે છે પ્રભુ. ૧૭૧

પાર્થ કોપતાં શાંતિથી સહે,
એ રિસાતાં પોતે સમજાવે,
નવલ ઘેલું વળગ્યું દેખાયે
પ્રભુને પાર્થનું. ૧૭૨

પોતે વિષય જીતીને જન્મ્યા
એવા શુકાદિક મુનિ સઘળા—
વર્ણવવા પ્રભુની વિષયલીલા
તેમના ભાટ થયા. ૧૭૩

આ યોગીઓનું સમાધિધન
થઈ રહ્યા પાર્થને આધીન,
એ જોઈને વિસ્મિત મારું મન
થાય છે, ધૃતરાષ્ટ્ર. ૧૭૪

પછી પોતે જ કહે : સંજય,
શાનું વિસ્મય કૌરવેશ,
શ્રીકૃષ્ણ જેનો કરે સ્વીકાર
તેનો ભાગ્યોદય જ આમ. ૧૭૫

એટલે તે દેવાધિદેવ,
કહે પાર્થને, આપું નયન—
જેથી તું વિશ્વરૂપ
જોઈશ બાપ. ૧૭૬

એવા શ્રીમુખેથી અક્ષરો
જ્યારે નીકળ્યા કે તત્ક્ષણે—
અવિદ્યાનો લોપવા લાગે
સર્વ અંધકાર. ૧૭૭

તે અક્ષરો જ જાણે ન હતા,
તે હતી બ્રહ્મસામ્રાજ્યદીપિકા,
જાણે અર્જુન કાજે ચિત્કલિકા
પ્રગટાવી શ્રીકૃષ્ણે. ૧૭૮

પછી દિવ્યચક્ષુ-પ્રકાશ પ્રગટ્યો,
ત્યાં જ્ઞાનદૃષ્ટિ અંકુર પાંગર્યો,
આ પ્રમાણે અભિવ્યક્ત કર્યો
ઐશ્વર્યયોગ. ૧૭૯

આ અવતાર જે સકળ
તે જે સમુદ્રના કલ્લોલ,
વિશ્વ એ તો મૃગજળ
વૃત્તિકિરણે આભાસે. ૧૮૦

જે રચાયે અનાદિ ભૂમિકાએ,
જે ચરાચર રૂપે ચિત્ર ઊપસે,
તે દેખાડ્યું વૈકુંઠનાયકે
નિજમાં ઓતપ્રોત. ૧૮૧

એકદા બાળપણે શ્રીપતિએ
હતી માટી ખાધેલી જ્યારે—
ધર્યો હતો ક્રોધવશ હાથે
યશોદાએ. ૧૮૨

પછી બીતે બીતે જેમ
મુખ દેખાડવા નિમિત્ત,
ચૌદેય ભુવન સાવકાશ
દેખાડ્યાં તેને. ૧૮૩

અથવા મધુવને ધ્રુવને જેમ
કપોલે નિજ શંખે કર્યો સ્પર્શ,
ત્યારે વેદોનેય જે અગમ્ય
તે બોલવા લાગ્યો. ૧૮૪

તેવો જ અનુગ્રહ ધૃતરાષ્ટ્ર
પામ્યો શ્રીહરિથી ધનંજય,
હવે શાને માયા કહેવાયે
એવું ન તે જાણે. ૧૮૫

સઘળે ઐશ્વર્યતેજ દેખાયે,
ચમત્કારનો સાગર લહેરાયે,
અને ચિત્ત ડૂબીને રહે
તે સાગરે. ૧૮૬

જેમ આ બ્રહ્મ થતાં જલમય
તરે એકલા જ માર્કંડેય,
તેમ વિશ્વરૂપે સકૌતુક
આળોટે પાર્થ. ૧૮૭

કહે કેવડું અહીં ગગન હતું,
તેને કોણ ક્યાં લઈ ગયું,
મહાભૂતો હતાં સચરાચરે
તે ક્યાં ગયાં. ૧૮૮

દિશાઓનાં સ્થાન ખોવાયાં,
અધ-ઊર્ધ્વ જાણે ક્યાં ગયાં,
સ્વપ્નલોપે જાગ્રત થતાં તેમ
લોપ્યાં સકળ લોક. ૧૮૯

અથવા સૂર્યતેજ-પ્રતાપે
જેમ સચંદ્ર તારાગણ લોપે,
તેમ ગળાઈ ગઈ વિશ્વરૂપે
પ્રપંચરચના સહિત. ૧૯૦

મનમાં મનપણું ન સ્ફુરે,
બુદ્ધિ નિજને સંભાળી ન શકે,
ઇન્દ્રિયવૃત્તિ પાછી ફરે
હૃદયમાં સમાયે. ૧૯૧

તાટસ્થ્ય તટસ્થ થયું,
એકાગ્રપણું થંભી ગયું,
જાણે મોહનાસ્ત્ર ઊતર્યું
વિચાર ઉપરે. ૧૯૨

આમ વિસ્મિત જુએ કૌતુકે
જે હતા ચતુર્ભુજ સન્મુખે—
તે નાનારૂપે ચોદિશાએ
પ્રસરી રહ્યા. ૧૯૩

જેમ વર્ષાકાળના મેઘ
કાં મહાપ્રલયનું તેજ,
તેમ ક્યાંયે પોતાના વિણ
રહેવા ન દીધું કાંઈ. ૧૯૪

પ્રથમ સ્વરૂપ-સમાધાન
પામીને ઊભો અર્જુન,
પણ ઊઘડતાં લોચન
વિશ્વરૂપ દેખે. ૧૯૫

આ જ બન્ને ડોળે
દેખવું વિશ્વરૂપ સઘળે,
એ મનોરથ શ્રીકૃષ્ણે
એમ તૃપ્ત કર્યો. ૧૯૫

પછી સર્વત્ર દેખે વદન
રમાનાયકનાં રાજભુવન,
અથવા પ્રગટ્યા નિધાન
લાવણ્યશ્રીનાં. ૧૯૭

આનંદનાં વનો પાંગર્યાં,
સૌન્દર્યનાં સામ્રાજ્ય વિસ્તર્યાં,
તેમ અતિ મનોહર દેખાયાં
હરિનાં મુખો. ૧૯૮

તેમાં પણ કેટલાંક
ખરેખર અતિ ભયાનક,
જાણે કાળરાત્રિનાં કટક
ઊઠાવ્યાં જેમ. ૧૯૯

કાં મૃત્યુને મુખો ફૂટ્યાં,
કે ભયના દુર્ગો પ્રસર્યા,
અથવા મહાકુંડો ઊઘડ્યા,
પ્રલયાનલના. ૨૦૦

તેવાં અદ્દભુત ને ભયંકર
જુએ અર્જુન મુખો ખરેખર,
અને જુએ અદ્દભુત અલંકૃત
સૌમ્ય પણ ઘણાં. ૨૦૧

જોકે જ્ઞાનદૃષ્ટિયે અવલોકે
તોયે વદનોનો પાર ન પામે,
પછી પ્રભુલોચન કૌતુકે
જોવા માંડ્યો. ૨૦૨

ત્યાં નાનાવર્ણે કમલવન
વિકસિત થયાં એમ અર્જુન—
જુએ નેત્રસ્થાને સમુદાય
આદિત્યોના. ૨૦૩

ત્યાં જ શ્યામ મેઘોમાં સઘન
જાણે કલ્પાંતે ચમકતી વિદ્યુત,
તેવી અગ્નિ સમી પીળી દીઠી
દાઢ ભ્રકુટિ તળે. ૨૦૪

આ એક એક આશ્ચર્ય જુએ
પાંડુસુત તે એક જ રૂપે,
એટલે દર્શનોની અનેકતા
જોવા મળી. ૨૦૫

પછી કહે: ચરણો ક્યાં હશે,
ક્યાં હશે મુકુટ, બાહુ ક્યાંયે,
આમ દર્શનની ઇચ્છા વધારે
કૌતુકે પાર્થ. ૨૦૬

હતો ભાગ્યનિધિ જ પાર્થ,
કેમ વિફલ જાયે મનોરથ,
શું પિનાકપાણિનાં બાણ
જાય વ્યર્થ ક્યારે. ૨૦૭

અથવા બ્રહ્મદેવની વાચા
શું રહે અર્થહીન સાંચા,
એટલે સાદ્યંત પણ અપારના
દેખ્યા તેણે. ૨૦૮

જેની સ્થિતિ વેદો ન જાણે
તેના સકળ અવયવ એકી પળે—
જુએ અર્જુન ઉભય ડોળે,
મુખ ભોગવે. ૨૦૯

ચરણોથી મુકુટ સુધી
દેખે દિવ્યતા વિશ્વરૂપની,
અલંકૃત થઈને મહાસતી
નાના રત્ન-અલંકારે. ૨૧૦

પરબ્રહ્મ પોતાને અંગે
અલંકાર બન્યા બહુ પ્રકારે,
કેવાં હતાં ઘરેણાં તે
વર્ણવીશ હું. ૨૧૧

જેની પ્રભાની કાન્તિયે
ચંદ્રાદિત્ય મંડળો ઊજળે,
જે મહાતેજના પ્રભાવે
વિશ્વ પ્રગટે. ૨૧૨

તે દિવ્યતેજ શૃંગાર
કોની મતિયે થાય ગોચર,
નિજ તેજે નિજને અલંકારે દેવ,
એવું પાર્થ દેખે. ૨૧૩

પછી તે જ જ્ઞાનદષ્ટિયે
સરળ કરપલ્લવ જ્યાં જુએ—
ત્યાં કલ્પાંતની અગ્નિજવાળા તોડે
એવાં શસ્ત્ર ઝળકે. ૨૧૪

પોતે જ કાયા, પોતે જ અલંકાર,
પોતે જ હાથ ને હથિયાર,
પોતે જીવ, પોતે જ શરીર,
સચરાચર વ્યાપ્યું દેવે. ૨૧૫

જેનાં રશ્મિની પ્રખરતાયે
નક્ષત્રોનાં ઠીકરાં ઊડે,
તેજથી સંતપ્ત અગ્નિ કહે
સમાઉં સમુદ્રે. ૨૧૬

કાળકૂટ કલ્લોલ સમાવેલાં,
મહાવિદ્યુતના સમુદાય સમા,
અપાર બાહુ ત્યાં દેખાયા
સજ્જ આયુધો વડે. ૨૧૭

પછી ભયે કાઢી ત્યાંથી દષ્ટિ,
અને કંઠ મુકુટ જુએ કિરીટી,
ત્યાં તો સુરતરુની સૃષ્ટિ
જેમાંથી સર્જાઈ. ૨૧૮

જે મહાસિદ્ધિની મૂળપીઠે
શ્રમિત કમલા જ્યાં વિસામે,
તેવાં કુસુમો સુનિર્મળે
સુગંધિત જોયાં. ૨૧૯

મુકુટ ઉપરે સ્તબક,
ઠામઠામે પૂજાબંધ અનેક,
કંઠે વિરાજે અલૌકિક
પુષ્પમાળા. ૨૨૦

સ્વર્ગે સૂર્યતેજ વીંટળાયે,
કે સુવર્ણે મેરુ મઢાયે,
તેમ કસાયેલા નિતંબે
પીતાંબર ઝળકે. ૨૨૧

શ્રીમહાદેવ કર્પૂરે ઉપટાયા,
કાં કૈલાસ પારદે લોપાયા,
અથવા ક્ષીરોદકે વીંટળાયા
ક્ષીરસાગર. ૨૨૨

જાણે ચંદ્રની ગઠી ઉકેલી
ગગનને સર્વાંગે ઓઢીએ,
તેવી ચંદનચર્ચિત જોઈ
કાયા પ્રભુની. ૨૨૩

જેથી પ્રભુતેજની કાન્તિ વાધે,
બ્રહ્માનંદનો દાહ શામે,
જેની સૌરભે જીવન લાધે,
ચિત્તવેધકતાને. ૨૨૪

નિર્લેપ જેનો અનુલેપ કરે,
જે અંગ-સર્વાંગે ધારણ કરે,
તે સુગંધની ગરિમાને
કોણ વર્ણવે. ૨૨૫

એવી એકેક શૃંગારશોભા
જોઈને ક્ષોભ થાય અર્જુના,
દેવ બેઠા છે કે છે ઊભા
કે સૂતા જણાયે ના. ૨૨૬

બહાર દૃષ્ટિ ઉઘાડી જુએ
ત્યાં સઘળે મૂર્તિમય દેખાયે,
ન જોઉં કહીને ઊભો રહે
તો અંતરે તે જ દેખાયે. ૨૨૭

સન્મુખે અસંખ્ય મુખ દેખાયે,
ભયભીત થઈ પાછળ જુએ—
તો ત્યાં પણ શ્રીમુખો દેખાયે,
અને દેખાય કરચરણ. ૨૨૮

અરે જોવા જતાં ખચીત દેખાયે
એમાં શાનું નવલ હોયે,
પણ ન જોતાં તે જ દેખાયે
એ કૌતુક જુઓ. ૨૨૯

કેવું અનુગ્રહનું કરવું,
પાર્થનું જોવું ને ન જોવું,
અર્જુન સહિત સર્વ વ્યાપ્યું
શ્રીનારાયણે. ૨૩૦

એટલે એક આશ્ચર્યના મહાપૂરે
પડીને જો નીકળે બીજે તીરે,
તો ચમત્કારના બીજે પડે
મહાર્ણવમાં. ૨૩૧

આમ અર્જુનને અસાધારણે
પોતાનાં દર્શનોની લીલા વડે—
વ્યાપી લીધો સર્વાંગે તેણે—
અનંતરૂપધારીએ. ૨૩૨

તે તો વિશ્વતોમુખ સ્વભાવે,
તે જ દેખાડવા પાંડવે-
પ્રાર્થતાં હવે પોતે સઘળે
થઈ રહ્યા. ૨૩૩

અને પ્રગટે સૂર્યે કે દીપે,
અથવા લોપે આથમતાં બન્ને,
એવી આપી ન હતી વૈકુંઠનાથે
દૃષ્ટિ તેને. ૨૩૪

એટલે અર્જુનને ઉભય પ્રકારે
અંધકારમાં સઘળું દેખાયે,
એ સંજય હસ્તિનાપુરે
કહે ધૃતરાષ્ટ્રને. ૨૩૫

કહે શું આપે અવધાર્યું,
પાર્થે વિશ્વરૂપ જોયું,
વિવિધ અલંકારે ભર્યુંભાદર્યું
વિશ્વતોમુખ. ૨૩૬

તે અંગપ્રભા એ રાજા,
કેવી અદ્ભુત તે વર્ણવવા,
જાણે કલ્પાંતે મળે ભેગા
આદિત્યો દ્વાદશ. ૨૩૭

તેવા દિવ્ય સહસ્ર સૂર્યો
ઉદિત થાયે એક ક્ષણે જો,
તોયે તે તેજની દિવ્યતાની
તોલે ન આવે. ૨૩૮

સકળ વિદ્યુતોનો મેળો ભરાયે,
પ્રલયાગ્નિની સામગ્રી ભેગી કરાયે,
અને તેમાં દશક મેળવાયે
મહાતેજોનું ૨૩૯

તો તે અંગપ્રભાની તોલે
મહાતેજ થોડું દેખાયે,
પણ તેના જેવું સુનિર્મળે
ત્રિ વાર ન હોયે. ૨૪૦

એવું મહાત્મા શ્રીહરિનું સહજ
પ્રગટ્યું સર્વાંગનું ગુપ્ત તેજ—
તે વ્યાસકૃપાએ મુજ
દૃષ્ટિગમ્ય થયું. ૨૪૧

તે વિશ્વરૂપે એક બાજુએ
જગત આખું નિજ વિસ્તારે—
દેખાયે પરપોટા સમું વેગવેગળે
મહોદધિમાં. ૨૪૨

કાં આકાશે ગંધર્વનગર,
કે ભૂતળે કીડી બાંધે ઘર,
અથવા અતિસૂક્ષ્મ મેરુ ઉપર
પરમાણુ જેવા. ૨૪૩

સમસ્ત વિશ્વને તે રીતે
ત્યાં દેવ ચક્રવર્તીના દેહે—
અર્જુન અહો તે અવસરે
દેખતો થયો. ૨૪૪

ત્યાં એક વિશ્વ, એક આપણ,
એવું હતું જે દ્વૈતપણ—
તે ઓગળીને અંતઃકરણ
થયું વિલીન. ૨૪૫

અંતરે મહાનંદ પ્રગટ્યો,
બહારે ગાત્રબળ ઓસર્યું,
નખશિખ પાર્થ વ્યાપ્યો
પુલક-રોમે. ૨૪૬

વર્ષાઋતુના પ્રારંભે,
ગિરિશૃંગોનાં સર્વાંગે,
જેમ કુમળા અંકુર ફૂટે
તેવા ઊઠ્યા રોમાંચ. ૨૪૭

ચંદ્રકિરણોના સ્પર્શે
જેમ સોમકાન્ત દ્રવે,
તેમ સ્વેદકણો શરીરે
સઘન ઊમટ્યા. ૨૪૮

અંદર સાંપડતાં ભ્રમર
જળે કમળકળી આંદોલિત,
તેમ અંતરની સુખોર્મિ વડે
પાર્થ બહાર કંપે. ૨૪૯

કર્પૂરકદળીના ગર્ભપુટ
ઊઘડતાં કપૂરના શુભ્રકણ—
ઝરે તેમ નેત્રોથી ઝરે
અશ્રુબિંદુ. ૨૫૦

ઉદિત થતાં સુધાકર
જેમ ઊછળે ભર્યો સાગર,
તેમ ઘડી ઘડી ઊર્મિસભર
પાર્થ ઊછળે. ૨૫૧

એમ અષ્ટ સાત્ત્વિક ભાવ
સ્પર્ધા કરે પરસ્પર,
ત્યાં જીવને બ્રહ્માનંદ-
સામ્રાજ્ય લાધ્યું. ૨૫૨

ત્યારે એ સુખાનુભવ પછી
દ્વૈતદૃષ્ટિનો સ્વીકાર કરી,
નિઃશ્વાસ નાખીને કિરીટી
જોવા લાગ્યો. ૨૫૩

બેઠો હતો ત્યાંથી જ તેણે
મસ્તક નમાવ્યું દેવને,
સુંદર કરસંપુટ જોડીને
પછી બોલવા લાગ્યો : ૨૫૪

જયજયકાર હો સ્વામી
તમે અદ્ભુત કૃપા કરી,
જે આ વિશ્વરૂપ જોઈએ
પ્રાકૃત અમે. ૨૫૫

સાચે જ સ્વામી કર્યું ભલે,
મને પરિતાપ થયો ખરેખરે,
જે જોયું કે આ સૃષ્ટિને
તું એક આશ્રય. ૨૫૬

દેવ, મંદરાચળની ઉપરે
શ્વાપદ સંઘો જ્યાં ને ત્યાંયે,
તેમ તારા દેહે દેખાયે
ભુવનો અનેક. ૨૫૭

અહો આકાશના અવકાશે
ગ્રહગણોનાં કુળો દેખાયે,
કે વિશાળ મહાવૃક્ષે
માળા પંખીઓના. ૨૫૮

હે શ્રીહરિ તે પ્રમાણે
તારા વિશ્વાત્મક શરીરે—
મને સ્વર્ગો દેખાયે
દેવગણો સહિત. ૨૫૯

પ્રભુ મહાભૂતોના પંચક
અહીં દેખાય છે અનેક,
અને ભૂતગ્રામ એક એક
ભૂતસૃષ્ટિના. ૨૬૦

સત્યલોક તુજમાં દેખાયે,
આ દેખ બ્રહ્મદેવ દેખાયે,
અને પણ જોવા જઈએ
તો કૈલાસ ત્યાં. ૨૬૧

શ્રીમહાદેવ-ભવાનીને
દેખું તારા જ એક અંશે,
અને તને પણ હૃષીકેશી
જોઉં તુજ માંહે. ૨૬૨

કશ્યપાદિ ઋષિકુળો અરે
આ તારાં સ્વરૂપે સકળે,
અને જોઉં છું પન્નગો સહિત
પાતાળ હરિ. ૨૬૩

કિંબહુના ત્રૈલોક્યપતે
એકેક અવયવની ઉપરે,
ચૌદ ભુવનો ચિત્રાકારે
ચીતર્યાં જાણે. ૨૬૪

અને ત્યાંના જે જે લોક
તે ચિત્રરચના જ અનેક,
એવી જોઉં છું અલૌકિક
ગરિમા તારી. ૨૬૫

આ દિવ્યચક્ષુઓને બળે
જોઉં ત્યારે હરિ ચોપાસે,
ત્યારે બાહુઓ જાણે આકાશે
અંકુરિત થયા. ૨૬૬

તેવા એકેક નિરંતર
દેખાય દેવા તુજ કર,
કરે છે સકળ વ્યાપાર
એક જ કાળે. ૨૬૭

પછી મહાશૂન્યને વિસ્તારે
ઊઘડયા બ્રહ્માંડના ભંડાર,
તેવાં દેખાય છે અપાર
ઉદરો તારાં. ૨૬૮

સહસ્રશીર્ષ હોવાના દાખલા
મળે કોટયાવધિ એકી વેળા,
જાણે પરબ્રહ્મ લચી પડયાં
વદનરૂપી ફળોએ. ૨૬૯

તેવાં મુખો જ્યાં ને ત્યાંયે
તારાં, હે વિશ્વમૂર્તિ દેખાયે,
અને નેત્રપંક્તિયો તે ઉપરે
દેખાયે અનેક. ૨૭૦

એ ભલે સ્વર્ગ ને પાતાળ,
કે ભૂમિ, દિશા ને અંતરાળ,
એ વિવક્ષા વિરમી સકળ
દેખાય મૂર્તિમય. ૨૭૧

તુજ વિના કયાંયે પણ
પરમાણુ સમો સૂક્ષ્મ—
ન મળે જોવા અવકાશ
એવો ઓતપ્રોત તું. ૨૭૨

અનેક પ્રકારે અપરિમિત
સમાવ્યા હતા જે ભૂતજાત-
તે વ્યાપ્યા છે સમસ્ત
અનંત તેમ. ૨૭૩

આવો કયાંથી તું આવ્યો,
અહીં ઊભો કે છે બેઠો,
કઈ માતાને પેટે હતો સમાયો,
તારું ધામ કેવડું. ૨૭૪

કેવાં છે તારાં રૂપ ને વય,
શું હશે તારી પેલે પાર,
તું વિરાજે શેના ઉપર
નીરખ્યું તે. ૨૭૫

જ્યારે દેખ્યું આ સકળ
ત્યારે કળાયું તું જ તારું ધામ,
તું નથી કોઈનો કયારેય
તું અનાદિસિદ્ધ. ૨૭૬

તું નથી ઊભો, ના બેઠો,
તું નથી ઊંચો કે ઠીંગણો,
તું જ તળે-ઉપરે, તું વિરાજે
વૈકુંઠનાયક. ૨૭૭

રૂપે તું પોતાના જેવો,
તારી ઉંમર તું જ પ્રભો,
પીઠ ને પેટ તારું તું જ
હે પરેશ. ૨૭૮

કિંબહુના હરિ હવે
તું જ હોય તારું સકળે,
આ પરખ્યું પુનઃ પુનઃ મેં
વિશ્વરૂપદર્શને. ૨૭૯

પણ આ તારા વિશ્વરૂપે
જે ઊણપ એક દેખાયે-
કે આદિ, મધ્ય, અંત – એને
ત્રણેય નથી. ૨૮૦

મેં શોધી જોયું સકળે
પણ પત્તો ન મળે કયાંયે,
એટલે એ ત્રણે તુજમાં ન હોયે
એ જ ત્રિ વાર સત્ય. ૨૮૧

એવો આદિમધ્યઅંતરહિત
તું વિશ્વેશ્વર અપરિમિત-
એમ જોયું મેં ખરેખર,
હે વિશ્વરૂપ. ૨૮૨

તુજ મહામૂર્તિને શરીરે
જે ઊપસી મૂર્તિ અનેક,
જાણે પહેર્યા નાના પરિવેષ
એમ લાગે. ૨૮૩

અથવા પૃથક્ મૂર્તિ તે તરુવેલીએ,
તારા સ્વરૂપરૂપી મહાપર્વતે,
દિવ્ય અલંકારરૂપી ફળેફૂલે
શોભી રહ્યા. ૨૮૪

અથવા તમે છો મહોદધિ, દેવ,
મૂર્તિપતરંગોથી આંદોલિત,
કે તમે છો એક વૃક્ષ સુંદર
મૂર્તિફળોએ લચેલું. ૨૮૫

અહો ભૂતોએ ભૂતળ વ્યાપ્યું
કે નક્ષત્રોએ ગગન છવાયું,
તેમ મૂર્તિઓએ સભર ભર્યું
દેખાય તુજ રૂપ. ૨૮૬

જી એકેકના અંગપ્રદેશે
આ ત્રૈલોક્ય ઊપજે-નાશે,
આવી મૂર્તિઓ તુજ શરીરે
દેખાય રોમ સમી. ૨૮૭

આવો વિસ્તાર માંડી જગતનો
તું કોણ અને અહીં કવણનો-
એ જોયું તો તું તો અમારો
સારથિ શ્રીહરિ. ૨૮૮

એટલે મને લાગે હે મુકુંદ
તું સર્વદા એવો જ વ્યાપક,
પછી ભક્તાનુગ્રહે રમણીય
રૂપ ધારે. ૨૮૯

કેવું ચતુર્ભુજ શ્યામલ,
જોતાં મનનેત્રો સંતૃપ્ત,
આપવા જતાં આલિંગન
સમાયે બાહુમાં. ૨૯૦

આવું મનોહર રૂપ કૃપાવશ
તમે ધારો છો, હે વિશ્વરૂપ,
પણ અમારી દૃષ્ટિ સકલુષ
તેને ગણે સામાન્ય. ૨૯૧

હવે દૃષ્ટિનો વિકાર ગયો,
તેં સહજે દિવ્યચક્ષુ કર્યો,
એટલે યથાર્થ જોઈ શક્યો
મહિમા તારો. ૨૯૨

પણ મકરતુંડની પાછળ
જે હતા તેણે જ આવડું—
રૂપ ધાર્યું એ ખરેખર
ઓળખ્યું મેં. ૨૯૩

આ જ શું ન મસ્તકે
મુકુટ તમે ધાર્યો હતો તે,
પણ હવે તેનું તેજ મહાન
એ જ આશ્ચર્ય. ૨૯૪

તે જ આ ઉપલા હાથે
ધાર્યું હતું શત્રુવધાર્થે
ચક્ર, સંભાળીને વિશ્વમૂર્તે
તે સંકેત છે હજી. ૨૯૫

પણે નથી શું તે જ ગદા-
તળે બન્ને નિરાયુધ ભુજા,
લગામ સંભાળવા ગોવિંદા
આગળ ધર્યા. ૨૯૬

તે જ રૂપે વેગે સહસા
મુજ મનોરથ પૂર્ણ કરવા,
તમે થયા વિશ્વરૂપ વિશ્વેશા
જાણ્યું હવે. ૨૯૭

પણ બાપ કેવું આ કૌતુક,
વિસ્મય પામવા જેટલું બળ
નથી, જે ચિત્ત થયું દિગ્મૂઢ
આ ચમત્કારે. ૨૯૮

અહીં વિશ્વરૂપ છે કે નથી
એવો વિચાર ન ઊઠે ક્યાંઈ,
એવી અંગપ્રભાની નવાઈ
સર્વત્ર વ્યાપ્ત. ૨૯૯

અહીં અગ્નિની દૃષ્ટિ દાઝે,
ખદ્યોતની જેમ સૂર્ય લોપે,
એવું અદ્‌ભુત તીવ્રપણું હોયે
આ તેજમાં. ૩૦૦

હા જી, મહાતેજના મહાર્ણવે
ડૂબી રહી સૃષ્ટિ સકળે,
કે યુગાન્તની વિદ્યુતને પાલવે
ગગન ઢંકાયું. ૩૦૧

અથવા સંહારતેજની જ્વાળા
તોડીને બાંધ્યો મંચ અંતરાળા,
હવે દિવ્યજ્ઞાનના પણ ડોળા
જોઈ શકે ના. ૩૦૨

અધિકાધિક તેજ વ્યાપે,
અતિ દાહક થતું જાયે,
દિવ્યચક્ષુનેય પ્રયાસ પડે
નીરખતાં તેને. ૩૦૩

જાણે મહાપ્રલયનો ભડકો
કાલાગ્નિરુદ્રે જે ગૂઢ હતો–
તે તૃતીય નેત્રનો છૂટ્યો
સંચય અહીં. ૩૦૪

પ્રસરતાં તેવો પ્રકાશ
પંચાગ્નિ જ્વાળાઓનો પુંજ,
જાણે કોલસો થાય બ્રહ્માંડ
વીંટળાઈને. ૩૦૫

એવો અદ્‌ભુત તેજોરાશિ
આ જન્મે પ્રથમ જ દેખ્યો જી,
વ્યાપ્તિ ને કાન્તિનો નથી
પાર તારો. ૩૦૬

હે દેવ, તું અક્ષર
ૐકારની માત્રાથી પર,
શ્રુતિયો પણ જેનું ઘર
હજીયે શોધે. ૩૦૭

આકારમાત્રનું આયતન
જે વિશ્વનિક્ષેપનું નિધાન,
તે અવ્યય અને ગહન
અવિનાશી તું. ૩૦૮

તું જ ધર્મનું જીવન,
અનાદિસિદ્ધ નિત્યનૂતન,
જાણું કે તું જ પુરુષ
સાડત્રીસમો. ૩૦૯

તું આદિમધ્યઅંતરહિત
નિજ સામર્થ્યે તું અનંત,
તું વિશ્વબાહુ અપરિમિત
તું જ વિશ્વચરણ. ૩૧૦

તું સૂર્યચન્દ્રનાં નેત્રોએ
કોપપ્રસાદલીલા દાખવે,
રિસાઈને એક વડે સંહારે–
કૃપાદૃષ્ટિયે પાલન એક વડે. ૩૧૧

જી, આવા પ્રકારે તમને
હું જોઉં છું ખરેખરે,
સળગતા પ્રલયાગ્નિ-પ્રકાશ સમું
અને મુખ તમારું. ૩૧૨

પર્વત પેટતાં અરણ્યાગ્નિએ
સર્વ જ્વાલાઓ ભભૂકી ઊઠે,
તેવી ચાટતી દાઢ-દાંત
લોળે જીભ મુખે. ૩૧૩

આ વદનની ઉષ્માએ,
સર્વાંગ કાન્તિની પ્રભાએ,
સંતપ્ત વિશ્વ પામતું દેખાએ
પરમ ક્ષોભ. ૩૧૪

કાં જે સ્વર્ગ અને પાતાળ,
પૃથ્વી અને અંતરાળ,
અથવા દશદિશાઓ સહિત
દિગ્ગમંડળ. ૩૧૫

આ સઘળું જ તું એકે
વ્યાપ્ત જોઉં છું કૌતુકે,
ગગન સહિત સર્વ બૂડે
ભયાનક મુખે. ૩૧૬

અથવા અદ્‌ભુત રસને કલ્લોલે
ચૌદ ભુવનો વીંટળાઈ જાયે,
તેમ પડ્યો છું આશ્ચર્ય-માંહે
હું એક અહીં. ૩૧૭

ન જોવાયે વ્યાપ્તિ અસાધારણ,
ન સહેવાયે રૂપનું ઉગ્રપણ,
મુખ તો છેટું, પણ હવે પ્રાણ
ધારવા જગને કઠણ. ૩૧૮

એવા તમને દેવ, દેખીને
ન જાણે કેમ ભીતિ ઊભરે,
હવે તો દુઃખકલ્લોલે ઝગૂંએ
ત્રૈલોક્ય આ. ૩૧૯

આમ તુજ મહાત્માના દર્શને
ભયદુઃખ શા કાજે ઊપજે,
પણ સુખ ન થાયે જે ગુણે
તે જણાય મને. ૩૨૦

જ્યાં સુધી આ રૂપ ન દેખાયે
ત્યાં સુધી સંસારે સુખ જણાયે,
હવે જોયા પછી ત્રાસ ઊપજે
વિષયભોગે. ૩૨૧

તેમ જ તને દેખ્યા પછી
શું સહજે પડાશે તને ભેટી,
ન ભેટાશે તો શોક-સંકટે
રહેવાશે કેમ. ૩૨૨

એટલે પાછળ હઠતાં સંસાર
અટકાવે મને અનિવાર,
અને આગળ તો તું અનાવર
કળાતો નથી. ૩૨૩

આવાં બેવડાં સંકટો માંહે
બિચારું ત્રૈલોક્ય જાય શેકાયે,
એવો આશય હવે ખરેખરે
થાય છે વિશદ. ૩૨૪

જેમ દાઝેલો અગ્નિયે
શાંત થવા જાય સમુદ્રે,
ત્યારે પ્રચંડ જળકલ્લોલે
પામે ભય. ૩૨૫

તેમ જ થયું જગતને
વલવલી રહે તને જોઈ ને,
એમાં જ પણે દેખાયે
સુરોના સમુદાય. ૩૨૬

તે તો તારા આંગિક તેજે
સર્વ કર્મોનાં બીજ બાળે,
એકરસ થાયે તુજમાં પોતે
સદ્ભાવ-બળે. ૩૨૭

કેટલાક સાચે જ ભયભીત
તુજ ભણી ધરીને સર્વસ્વે નજર,
જોડીને નિજના ઉભય કર
તને પ્રાર્થી રહે. ૩૨૮

દેવ, અવિદ્યા-અર્ણવે પડ્યો,
વિષયોની જાળે સપડાયો,
સ્વર્ગ-સંસારે અટવાયો
ઉભય માર્ગે. ૩૨૯

એવા અમોને છોડવવા
તુજ વિના કોણ દેવા,
તારું શરણું સર્વપ્રાણા
કહે છે તેઓ. ૩૩૦

અને મહર્ષિ અથવા સિદ્ધ
વિદ્યાધરોના સમૂહ વિવિધ,
એવું કહેતાં સ્વસ્તિવચન
સ્તવન ગાયે. ૩૩૧

આ રુદ્ર આદિત્યના સમૂહ,
વસ્તુઓ અને સાધ્ય સકળ,
અશ્વિનીદેવ વિશ્વદેવ સહિત
સર્વ મરુદ્ગણ. ૩૩૨

સાંભળો પિતુઓ અને ગંધર્વ,
પણે યક્ષરાક્ષસગણ સકળ,
જી મહેન્દ્રાદિ મુખ્ય દેવ
અને સિદ્ધાદિક. ૩૩૩

એ સકળ પોતાના લોકે
થઈ ઉત્કંઠિત અવલોકે,
આ દૈવિકી મહામૂર્તિને
જોઈ રહે. ૩૩૪

જોતાં-જોવાતાં પ્રતિક્ષણે
વિસ્મિત થઈને અંતઃકરણે-
નિજ મુકુટ અર્પી ઓવારણે
હે પ્રભુ તને. ૩૩૫

તે જયકાર-ઘોષ-કલરવે
સ્વર્ગ ગજાવી મૂકે સઘળે,
રાખે કરસંપુટ લલાટે
પરમ સુંદર. ૩૩૬

તેમના વિનયદ્રુમોના વને
સત્ત્વગુણોની વસંત પ્રગટે,
એટલે કરસંપુટના પાલવે
ફળરૂપે તું મળે. ૩૩૭

લોચનોનાં ભાગ્ય ઊઘડયાં
મનને સુખના સુકાળ લાધ્યા,
જે અગાધ તારાં જોયાં
વિશ્વરૂપ અહીં. ૩૩૮

આ લોકત્રયવ્યાપક રૂપ
દેખતાં દેવો અનુભવે ધાક,
એ તો ગમે તેને સન્મુખ
દેખાયે અહો. ૩૩૯

એવું એક જ પણ વિચિત્ર
અને તેવાં ભયાનક બહુ મુખ,
દેખાયે બહુ લોચન ને સશસ્ત્ર
અનંત ભુજા. ૩૪૦

અનંત ઉરબાહુચરણ,
બહુ ઉદર ને નાનાવર્ણ,
કેવું પ્રતિવદને ઉન્મત્તપણ
આવેશભર્યું. ૩૪૧

અથવા મહાકલ્પને અંતે
સંતપ્ત યમે યત્રતત્રે-
હોળીઓ પ્રલયાગ્નિ તણી
પ્રસારી દીધી. ૩૪૨

કે સંહારત્રિપુરારિનાં યંત્રો,
કાં પ્રલયભૈરવનાં ક્ષેત્રો,
નાના યુગાન્તશક્તિનાં પાત્રો
પ્રગટયાં ભૂતનાશાર્થે. ૩૪૩

તેમ જે તે બાજુએ
પ્રચંડ મુખો દેખાયે,
ખીણે સિંહ ન સમાયે
તેવા ક્રુદ્ધ દશન. ૩૪૪

જેમ કાળરાત્રિને અંધારે
સંહારખેચરો નીકળે ઉલ્લાસે,
તેમ વદને પ્રલયરુધિરે
નીતરતી દાઢો. ૩૪૫

કાં કાળે નિમંત્ર્યું સમરાંગણ,
અથવા સંહારે માતેલું મરણ,
તેમ દેખાયે ભયાનકપણ
વદને તારા. ૩૪૬

આ બાપડી લોકસૃષ્ટિ
તે જોતાં સહજ દૃષ્ટિ,
દુઃખકાલિંદીને તટે
વૃક્ષ થઈ ઊભી. ૩૪૭

તુજ મહામૃત્યુને સાગરે
નાવડી ત્રૈલોક્ય જીવને,
શોકદુઃખને વાદળે
દેખ આંદોલે. ૩૪૮

અહીં કોપીને વૈકુંઠનાથ,
જો કહો એવું અકસ્માત્-
કે લોકોનું શીદને ચિંતવન
તું ધ્યાનસુખ ભોગવે. ૩૪૯

તો લોકોનું સર્વસામાન્ય
વ્યર્થ આગળ ધરું છું નિમિત્ત,
કેમ સહસા કહું કે પ્રાણ
મારા જ કંપે. ૩૫૦

જે મુજથી સંહારરુદ્ર કાંપે,
જે મુજ ભયે મરણ લપતું રહે,
તે હું જ અહીં થરથર ધ્રૂજું
એવું તેં કર્યું. ૩૫૧

કેવી વિચિત્ર મહામારી આપ,
જોકે એનું નામ વિશ્વરૂપ,
એ તો ભયાનકપણે ભયને
ભયભીત કરે. ૩૫૨

જાણે મહાકાળની હોડાહોડે
કેટલાંક મુખો ક્રોધવશે–
વ્યાપક થઈ ગળી જાયે
આકાશને. ૩૫૩

ગગનને વિસ્તારે ન સમાયે,
ત્રૈલોક્યના વાયુએ ન વીંટળાયે,
એની ઝાળે અગ્નિ પોતે બળે
એવું સળગ્યું અહો. ૩૫૪

તેમાં કોઈ એકસરખા ન હોયે,
ત્યાં વર્ણ વર્ણમાં ભેદ દેખાયે,
જાણે પ્રલયકાળે સહાય કરે
એ જ પ્રલયાગ્નિને. ૩૫૫

જેનાં અંગોની દીપ્તિ એવડી
કે ત્રૈલોક્યની કરે રાખોડી,
ત્યાં અનેક મુખો ને મુખો મહીં
દાંતદાઢો. ૩૫૬

વાયુને કેવો આ ધનુર્વાત થયો,
અથવા સમુદ્ર મહાપૂરે ચડયો,
વિષાગ્નિ જાણે હણવા પ્રવર્ત્યો
વડવાનળને. ૩૫૭

અગ્નિએ હળાહળ પીધું,
મરણ પોતે મારવા પ્રવર્ત્યું,
સંહારતેજે મદદરૂપ થયું
વદન તારું. ૩૫૮

મુખ કોના જેવું વિશાળ,
જાણે તૂટી પડયું અંતરાળ,
કે આકાશે પડયું ભગદાળ
તેવું ભાસે. ૩૫૯

અથવા કાખે ઊંચકી વસુંધરા,
જ્યાં હિરણ્યાક્ષ પ્રવેશે પાતાળા,
ત્યાં હાટકેશ્વરે ઉઘાડયા
પાતાળ-કુહર. ૩૬૦

તેવો તારા મુખનો વિકાસ
મહીં જીભોનો વિચિત્ર આવેશ,
વિશ્વનો થઈ શકે ન એકેય ગ્રાસ
એટલે સ્તબ્ધ કૌતુકે. ૩૬૧

પાતાળ વ્યાળોના ફુત્કારે
ગરલ-જ્વાળાઓ ચડે અંબરે–
તેમ પ્રસરે વદન-કુહરે
આ જીભ. ૩૬૨

કાઢીને પ્રલય-વિદ્યુતના સમૂહો
શણગાર્યા આકાશના બુરજો,
તેમ અવાળું ઉપરે આંકડાઓ
ધગધગે દાઢોના. ૩૬૩

અને લલાટપટને ઓળે
ભયને બિવડાવતા ડોળે,
કે મહામૃત્યુના ઉછાળ જાણે
લખાઈ રહ્યા. ૩૬૪

આવી ભયની મૂર્તિ બનીને
અહીં શું નિપજાવવું છે તારે–
તે ન કળે પણ અંતરે
મરણભય જાગ્યો. ૩૬૫

વિશ્વરૂપ જોવાની હતી ઉત્કંઠા,
તેનું ફળ હવે મળ્યું દેવા,
બાપ જોવાથી નેત્રો મારાં
સાચે જ સંતુષ્ટ. ૩૬૬

પાર્થિવ દેહ હવે આ પડશે,
એની કાકલૂદી મને ન હોયે,
પણ ચૈતન્ય હવે પ્રયાસે
રહેશે કે કેમ. ૩૬૭

આ ભયથી કાયા કંપે,
મન સૂક્ષ્મ છતાં સંતાપે,
બુદ્ધિ પણ ભયથી ગ્રસાયે,
ઓસરે અભિમાન. ૩૬૮

અને એમના કરતાંય વેગળો
જે કેવળ આનંદસ્વરૂપ રહ્યો,
તે અંતરાત્મા પણ નિશ્ચયે
અનુભવે ઊબક. ૩૬૯

સાક્ષાત્કારનો ધરતાં છંદ
લય પામ્યો આત્મબોધ,
હવે ગુરુશિષ્ય-સંબંધ
કેમ ટકશે. ૩૭૦

દેખ તારા આ દર્શને
જે વિકલતા ઊપજી અંતરે,
તેથી સંરક્ષવા પોતાને
ધૈર્ય રાખું છું. ૩૭૧

મારે નામે ધૈર્ય ખોવાયું
અને આ વિશ્વરૂપદર્શન લાધ્યું,
એ ભલે પણ આ ઉપદેશનું
સંકટ આવી ચડ્યું. ૩૭૨

પામવા વિસામો જીવ
દોડે યત્રતત્ર સર્વત્ર,
પણ ન મળે ક્યાંયે ઠામ
વિશ્વરૂપમાં. ૩૭૩

એવું વિશ્વરૂપની મહામારીએ
ગ્રસ્યું જીવિત સચરાચરે,
એ ન બોલવું પણ શું કરીએ
રહેવાય ના. ૩૭૪

અરે અખંડ આંખો આગળ
ફૂટ્યો મહાભયનો ભંડાર,
તેમ તારાં મુખો વિતંડ
વિસ્તર્યાં જોઉં. ૩૭૫

બાપ, ભીડ દાંત-દાઢોની
ન ઢંકાયે બન્ને હોઠો મહીં,
જાણે પ્રલયશસ્ત્રોની સઘન
વનફૂંપળો. ૩૭૬

જાણે તક્ષકે વિષભર્યાં
કાળરાત્રે ભૂતો સંચર્યાં,
કે અગ્ન્યસ્ત્ર ઊંચક્યાં
વજ્રાગ્નિએ. ૩૭૭

તેવાં તારાં મુખો પ્રચંડ
આવેશ-બહારે પ્રગટ થાત,
આવાં મરણરસનાં પૂર
અમ ઉપરે. ૩૭૮

સંહાર સમયનો પ્રચંડ અનિલ,
અને મહાકલ્પાંતનો પ્રલયાનલ,
આ બન્નેનો થાય જ્યાં મેળ
ત્યાં શું ન બળે. ૩૭૯

તેવાં તારાં મુખો સંહારક
દેખીને ધૈર્ય કેમ કરશે સ્પર્શ,
હવે ભૂલ્યો દેખાયે ના દિશા,
ન જાણું નિજને. ૩૮૦

દેખતાં વિશ્વરૂપ તારું ટાળે,
દુકાળ પડ્યો અમને સુખે,
આવરો આવરો બાપા હવે
વિરાટ વિશ્વરૂપ. ૩૮૧

આવું થાશે એમ જો જાણતો
તો જોવાની વાત કેમ કરતો,
હવે એક વેળ પ્રાણ રક્ષજો
આ સ્વરૂપપ્રલયથી. ૩૮૨

જો તું સ્વામી અમારો અનંત
તો સંરક્ષે આ ટાણે જીવિત,
સંકેલી લે સ્વરૂપવિસ્તાર
મહામારીનો. ૩૮૩

હે સકળ દેવોના પરમ દૈવત
વિશ્વે તારું ચૈતન્ય ઓતપ્રોત,
તે વીસરીને ઊલટો આદર્યો
શું વિશ્વસંહાર. ૩૮૪

એટલે વેગે પ્રસન્ન થાઓ દેવરાયા
સંકેલી સંકેલી લો નિજ માયા,
કાઢી લે મુજને એક વેળા
આ મહાભય થકી. ૩૮૫

આવી રીતે પુનઃ પુનઃ
તને વીનવું કરી કાલાવાલા,
એટલે થયો હે વિશ્વમૂર્તે
ભયભીત હું. ૩૮૬

અમરાવતીએ પડતાં ધાડ
કર્યું એકલે હાથે નિવારણ,
જે કાળનો પણ ન ધરું
ભય ક્યારેય હું. ૩૮૭

પણ તેવું આ નથી દેવ,
અહીં મૃત્યુને કરી માત,
તારે કરવો છે વિશ્વનો ગ્રાસ
અમારા સહિત. ૩૮૮

ન હોવા છતાં પ્રલયની વેળ
વચ્ચે કેમ થયો પોતે જ કાળ,
આપડો આ ત્રિભુવન ગોળ
અલ્પાયુ થયો. ૩૮૯

કેવું ભાગ્ય આજે વિપરીત
શાંતિ ઇચ્છતાં ઊઠયું વિઘ્ન,
ગયું રે ગયું હવે વિશ્વ
લાગ્યો તું ભક્ષવા. ૩૯૦

આ દેખાય છે પ્રત્યક્ષ
કે પ્રસારીને સકળ મુખ-
આરોગે છે ઉભય સૈન્ય
તું જ પોતે. ૩૯૧

આ જુએ કૌરવકુળના વીર,
આંધળા ધૃતરાષ્ટ્રના કુંવર,
ગયા રે ગયા સપરિવાર
તારા મુખે. ૩૯૨

જે જે એમની કરવા સહાય
દેશ દેશના આવ્યા મહાવીર,
તેમની મૃત્યુવાર્તા કહેવા પણ
કોઈને ન રાખે તું. ૩૯૩

મત્તમુખ હાથીઓના સમૂહ
ગળી જાય છે તું ઘટ ઘટ,
અને ઊભેલાં આ ઉભય સૈન્ય
જકડે આલિંગને. ૩૯૪

તોપયંત્રોના અધિનાયક,
પાયદળોના મુખ્ય વીર,
થાય છે ના સકળ નષ્ટ
તારા મુખે. ૩૯૫

મૃત્યુનું ભાંડુ કહેવાયે,
જે એક જ વિશ્વને ગળે,
એવાં કોટયાવધિ શસ્ત્રો અરે
ગળે છે આપ. ૩૯૬

ચતુરંગ સૈન્ય-પરિવાર,
અશ્વો જોડેલા રથ,
દાંત ન લાગતાં ગળો દેવ
કેના સંતુષ્ટ થઈ. ૩૯૭

અરે ભીષ્મ જેવા કવણ
સત્યશૌર્યનિપુણ,
તે અને બ્રાહ્મણ દ્રોણ
ગળી ગયા તમે. ૩૯૮

અરે સૂર્ય તણો કુંવર,
ગયો રે ગયો કર્ણવીર,
કૂડા કચરા સમા અમે સકળ
થયા રે નષ્ટ. ૩૯૯

હાય હાય બ્રહ્મદેવ.
એવો કેવો આ અનુગ્રહ,
મેં માગીને વિશ્વરૂપ
જગતનું મરણ આવ્યું. ૪૦૦

પહેલાં થોડીઘણી ઉપપત્તિ
વિભૂતિ અંગે દેવે કહી હતી,
તેનાથી ન તોષતાં ફરીથી
પૂછવા બેઠો. ૪૦૧

પ્રારબ્ધ ત્રિ વાર ન ચૂકે,
બુદ્ધિ પણ તે પ્રમાણે જ વર્તે,
લોકોનું રડવું હશે પ્રારબ્ધે
તે મારાથી કેમ મટશે. ૪૦૨

પૂર્વે અમૃત હાથે આવ્યું,
પણ દેવોએ મંથન ચલાવ્યું,
પછી કાળકૂટ સહજ ઊપજ્યું
છેવટે જેમ. ૪૦૩

એક રીતે તે હતું થોડું
ચૌદ રત્નોની તુલનાએ પ્રભુ,
અને તે વેળાનું સંકટ નિવાર્યું
સંકટશંભુએ. ૪૦૪

હવે બળતો વાયુ કોણ સંભાળે,
કોણ આ વિષભર્યું ગગન ગળે,
મહાકાળ સાથે સહેજે ખેલે
એવું સામર્થ્ય કોનું. ૪૦૫

આવો અર્જુન દુઃખે વ્યાકુળ,
કરે અંતઃકરણે શોક દારુણ,
પણ ન દેખે જે પ્રસ્તુત
અભિપ્રાય દેવનો. ૪૦૬

હું મારનારો ને કૌરવો મરનાર
એવા મોહે હતો ફસાયો અપાર,
તે ફેડવા કાજે શ્રીઅનંત
દેખાડે નિજ સ્વરૂપ. ૪૦૭

અરે કોઈ ન કોઈને મારે,
અહીં હું જ એક કારણ સંહારે,
એવું શ્રીહરિ વિશ્વરૂપ વ્યાજે
કરે છે પ્રગટ. ૪૦૮

પણ આ વ્યર્થની વ્યાકુળતા,
તે ન કળાયે પાંડુસુતા,
પછી નકામો શરીરકંપા
વધારતો થયો. ૪૦૯

કહે જુઓ દેવ એકી વેળા
શસ્ત્રોસહિત ઉભય સેના–
પ્રવેશે મુખે જેમ ગગના
મેઘ લોપે. ૪૧૦

કાં મહાકલ્પને છેવટે
કૃતાન્ત કોપે સૃષ્ટિ ઉપરે,
ત્યારે એકવીસ સ્વર્ગો સંહારે
પાતાળ સહિત. ૪૧૧

અથવા પ્રતિકૂળ થતાં ભાગ્ય,
ધનસંપન્નોનો ધનસંચય,
જ્યાં ને ત્યાં આપોઆપ
થાય વિનષ્ટ. ૪૧૨

તેમ સજજ સૈન્યો એકીસાથે
આ મુખ મહીં દેખ પ્રવેશે,
અને એક પણ બચી ન શકે
કેવું પ્રારબ્ધ તેમનું. ૪૧૩

અશોક વૃક્ષની શાખાઓ
જેમ વાગોળી ખાય ઊંટો,
તેમ તારા મુખે લોકો
નષ્ટ થાય છે. ૪૧૪

અરે મસ્તકો મુકુટ સહિતે
પડે દાઢોની સાણસીએ,
કેવો તેમનો લોટ થાયે
દેખાય છે મને. ૪૧૫

મુકુટનાં રત્નો દાંતોની સંધિયે
ને લોટ ચોંટેલો જીભને મૂળે,
ક્યાંક ક્યાંક તેમની અણિયો
દાઢોમાં ફસાયેલી. ૪૧૬

અહો જી વિશ્વરૂપ કાળે
ગ્રસ્યાં લોકોનાં શરીરો બળે,
પણ જીવદેહનાં જીઓ મસ્તકો
રક્ષણ કર્યાં. ૪૧૭

આમ શરીરોમાં વિશુદ્ધ
હોય સાચે જ ઉત્તમાંગ,
એટલે મહાકાળનેય મુખે
સુરક્ષિત છેવટે. ૪૧૮

પછી કહે આ કેવી નવાઈ,
જન્મેલાને અન્ય ગતિ નાહીં,
જગ આપમેળે વદન માહીં
સંચર્યે જાયે. ૪૧૯

આ સકળ સૃષ્ટિ આપમેળે
જવા માંડી તુજ વદનની વાટે,
અને લઈને સઘળું નિજ આશ્લેષે
તું તો ઊભો સ્વસ્થ. ૪૨૦

દેખ બ્રહ્માદિક સમસ્ત
ઉપરને મુખે પ્રવેશત,
અને સામાન્ય જન સમાવત
નીચલે મુખે. ૪૨૧

અને બીજાંય ભૂતજાત
જન્મતાં જ થાયે ગ્રસિત,
આ મુખેથી નિર્ભ્રાન્ત
છૂટે ન કોઈ. ૪૨૨

જેમ મહાનદીના ઓઘ
મહાવેગે સમુદ્રે પ્રવેશત,
તેમ સકળ માર્ગે જગત
પ્રવેશે છે મુખે. ૪૨૩

આયુષ્યપંથે પ્રાણીગણ
કરીને અહોરાત્રિનાં સોપાન,
વેગે મુખમિલન સાધત
એવું દેખાયે. ૪૨૪

સળગતા ગિરિને ગવાક્ષે
પતંગિયાંનાં ઝુંડો ધસે,
તેવા સમગ્ર લોકો દેખાયે
પ્રવેશતાં વદને. ૪૨૫

પણ જેટલાં અહીં પ્રવેશે
તે તપ્ત લોહે પાણી સુકાયે,
ભોગવવા પૂરતાં પણ ન રહે
નામરૂપ તેમનાં. ૪૨૬

અને આટલાંનું કરીને ભક્ષણ
ભૂખનું દેખાતું નથી શમન,
કેવો જઠરાગ્નિ અસાધારણ
પ્રદીપ્ત અહો. ૪૨૭

જાણે જ્વરમાંથી રોગી ઊઠે,
કાં દુકાળનો ભિખારી માગે,
તેવો વલવલાટ જીભે દેખાયે
હોઠ ચાટતાં. ૪૨૮

તેમ જ આહારને નામે કાંઈ
આ મુખમાંથી છૂટ્યું નથી,
કેવી સણસણતી નવાઈ
પ્રક્ષુબ્ધ ક્ષુધાની. ૪૨૯

શું સમુદ્રનો ઘૂંટ ભરવો,
કે પર્વતોનો ગ્રાસ કરવો,
અથવા બ્રહ્માંડ કોળિયો ભરવો
દાઢમાં સકળ. ૪૩૦

દિશા સમસ્ત ગળી નાખવી,
કે ચાંદણીઓ ભરડી ખાવી,
એવું સહજ દેખાયે અહીં
લોલુપ્ય તારું. ૪૩૧

જેમ ભોગે કામ વાધે,
કે ઇંધને અગ્નિ ભભૂકે,
તેમ મુખો ભક્ષવા તલસે
ખાતાં ખાતાં. ૪૩૨

કેવું એક જ કેટલું પ્રસર્યું
ત્રિભુવન જિહ્વાગ્રે દેખ સમાયું,
જાણે કોઠાં નાખ્યાં કોઈએ
વડવાનળે. ૪૩૩

એટલાં અપાર તારાં વદનો
કયાંથી લાવવાં તેટલાં ત્રિભુવનો,
આહાર પણ ન મળે એવી રીતે
મુખો કેમ વધાર્યાં. ૪૩૪

અરે આ લોક બાપડાં
થયાં વદનજ્વાળે ગરીબડાં,
જેમ દવે વીંટળાયે ઓચિંતાં
મૃગો વનમાં. ૪૩૫

હવે આ વિશ્વનું તેવું થાયે,
આ વિશ્વરૂપ તે દેવ ન હોયે,
આ તો જગ-જળચરો પકડાયે
કાળની જાળે. ૪૩૬

હવે અંગપ્રભાની જાળમાંથી
કેમ જશે ચરાચર નીકળી,
આ મુખો નથી, લાક્ષાગૃહ છે
જગત માટે. ૪૩૭

અગ્નિ પોતાના દાહકપણે
અન્યને કેમ બાળે તે ન જાણે,
પણ જેને સ્પર્શે તેના છૂટે
જીવપ્રાણ. ૪૩૮

અથવા પોતાના તીક્ષ્ણપણે
કેમ કપાયે તે શસ્ત્ર શું જાણે,
કે પોતાનું મારકપણું ન જાણે
વિષ જેમ. ૪૩૯

તેમ જ તુજને કાંઈ
નિજ ઉગ્રતાની જાણ નાહીં,
પણ આ બાજુ મુખને કુહરે
લોપ્યું જગત. ૪૪૦

અરે તું પરમાત્મા એક
સકળ વિશ્વે વ્યાપક,
કેમ અમ કાજે અંતકારક
થઈ બેઠો. ૪૪૧

મેં તો છોડી જિજીવિષા
હવે તું ન રાખજે સંકોચા,
હશે તે નિ:સંકોચ મનમાં
કહે બાપ. ૪૪૨

કેટલું વધારીશ આ ઉગ્ર રૂપ,
નિજનું ભગવંતપણું સ્મરે બાપ,
નહીં તો કરે કેવળ મારા ઉપર
કૃપા હવે. ૪૪૩

અરે એક વેળા હે વેદવેદ્ય,
જી ત્રિભુવનના એક આદ્ય,
વિનવણી અહો વિશ્વવંદ્ય
સાંભળો મારી. ૪૪૪

આવું બોલીને વીરે
મૂકયું મસ્તક ચરણે,
પછી કહે સર્વેશ્વરને
અવધારજો. ૪૪૫

પોતે પામવા સમાધાન
મેં પૂછ્યું વિશ્વરૂપધ્યાન,
અને તે જ પળે ત્રિભુવન
ગળવા માંડયું તમે. ૪૪૬

તું કોણ કેમ આટલાં
ભયંકર મુખો ધારણ કર્યાં,
શા માટે હાથે ઉગામ્યાં
આટલાં શસ્ત્રો. ૪૪૭

જ્યારેત્યારે કેમ ક્રોધવશે
વધીને આકાશને ઓળંગે,
અથવા કાઢીને ડોળા દાખવે
ભીતિ અમને. ૪૪૮

અહીં કૃતાન્ત સાથે દેવા
શા માટે કરો છો સ્પર્ધા,
શો અભિપ્રાય છે તમારો
તે તો કહો. ૪૪૯

આ કથને કહે અનંત,
હું કોણ એ જ તું પૂછત,
અને કેમ વધે છે આવી
ઉગ્રતા મારી. ૪૫૦

તો હું કાળ હવે ખરોખર
કરવા મથું લોકસંહાર,
એટલે પ્રસાર્યાં મુખો સકળ
ગ્રાસીશ આ સઘળું. ૪૫૧

ત્યારે અર્જુન કહે, અરેરે,
હતો ગભરાયો પહેલાંના સંકટે,
એટલે વિનવ્યો તો નિષ્ઠુર રૂપે,
પ્રગટ થાય છે. ૪૫૨

ત્યારે કઠોર બોલે આશ તૂટશે,
અર્જુન ઉદાસ ખિન્ન થાશે,
એટલે તરત જ કિરીટી બોલે-
બીજું પણ એક છે. ૪૫૩

પણ આજના સંહારસત્રે
તમે પાંડવો છો પૂર્ણ બાહરે,
ત્યાં જતાં હતાં તે સંભાળે
પ્રાણ ધનુર્ધર. ૪૫૪

હતો મરણ મહામારીએ સપડાયો
તે ફરીથી સાવધાન થયો,
અને તે સાંભળવા લાગ્યો
ચિત્ત દઈને. ૪૫૫

એવું કહે છે શ્રીભગવંત,
તમે મારાં જાણી લે પાર્થ,
બીજાં બધાંને ગ્રસવા પ્રવૃત્ત
થયો હું અરે. ૪૫૬

જેમ પ્રચંડ વડવાનલે
માખણનો પિંડ નખાયે,
તેમ પ્રવેશતું જગ વદને
તેં જોયું જે. ૪૫૭

તો તેમાં અરે ક્યાંઈ
અન્યથા થવાનું નાહીં,
આ ઉભય સૈન્યો વ્યર્થ
નિજની હાંકે. ૪૫૮

આ જે મળ્યા છે અહીં સમૂહ
વીરવૃત્તિ ને દેખાડે બળ,
કહે, યમ કરતાંયે ગજદળ
ચડિયાતાં અમારાં. ૪૫૯

કહે, સૃષ્ટિ રચશું સૃષ્ટિ ઉપરે,
પ્રતિજ્ઞા કરી મરણને મારીએ,
અને જગતનો તો ભરીએ
એક ઘૂંટડો. ૪૬૦

પૃથ્વી સમસ્તને ગળીએ,
આકાશ અવકાશે બાળીએ,
શું બાણો વડે બાંધીએ
પવનને કહો. ૪૬૧

આવી ચતુરંગ સંપદા વડે
મહાકાળથી સ્પર્ધા કરે,
પરાક્રમના દારુણ મદે
ઉન્મત્ત તે. ૪૬૨

શસ્ત્રોથી તીક્ષ્ણ છે શબ્દ,
છે અગ્નિ કરતાંય દાહક,
કાળકૂટ થકીય મારક
દેખાય છે. ૪૬૩

આ તો ગંધર્વનગરના ઊભરા–
જાણે પોકળપણાના ઉછાળા,
અરે આ ચિત્તે ચીતરેલાં પૂતળાં
વીર શાનાં. ૪૬૪

જાણ મૃગજળે પૂર આવ્યાં,
સૈન્યો નથી સર્પ હોયે કપડાંના,
અરે શૃંગારીને કઠપૂતળીઓ
મૂકી જાણ. ૪૬૫

કર્મનું પ્રેરક જે બળ
તે ગ્રાસ્યું છે મેં સકળ,
એટલે કુંભારે ઘડયા વૈતાળ
જેમ નિષ્પ્રાણ આ. ૪૬૬

સંચાલક–સૂત્ર જ્યાં તૂટે
ત્યાં જે કઠપૂતળી ઊભી સ્તંભે–
તેને ગમે તે ઊથલાવી શકે
ગમે ત્યારે. ૪૬૭

તેમ જ સૈન્યની આ રચના
ન લાગશે ભા સમય મોડતાં,
એટલે ઊઠીને વેગે સહસા
શાણપણું ધારજે. ૪૬૮

અરે તેં ગોગ્રહણને અવસરે
ફેંક્યું મોહનાસ્ત્ર જ્યારે–
વિરાટના ભયભીત કુંવરે ત્યારે
શત્રુનાં વસ્ત્રો ઝૂંટવ્યાં. ૪૬૯

આ તો તેનાથી નિકૃષ્ટ હોયે,
મરીને રણે પડેલું સૈન્ય આઈતે,
રિપુ જીતીને યશ સ્વીકારે
પાર્થ તું એકલો. ૪૭૦

અરે લૂખોસૂકો યશ ન હોયે,
અહીં સમગ્ર સામ્રાજ્ય હોયે,
તું નિમિત્તમાત્ર થાશે
હે સવ્યસાચી. ૪૭૧

દ્રોણની પરવા કરીશ મા,
ભીષ્મનો ભય સેવીશ મા,
કેમ શસ્ત્ર ઉગામું કર્ણ પરે
એવું ચિંતીશ નહીં. ૪૭૨

કયે ઉપાયે જયદ્રથ હણવો
એવું ન ચિંતવું મહાબાહો,
અને બીજા જે અહીં હોયે
નામાંકિત વીર. ૪૭૩

તે એક એક સકળે
ચીતરેલા સિંહો ગણાયે,
જે સહજ લૂછી શકાયે
ભીને હાથે. ૪૭૪

એટલે અરે હે પાંડવ
આ શાનો યુદ્ધપ્રસંગ–
આ તો આભાસ સકળ
મેં ગ્રાસ્યું છે ઇતર. ૪૭૫

તેં જોયું જ્યારે
એ પ્રવેશ્યા મારે મુખે—
એમનું આયુ સર્યું ત્યારે
હવે રહ્યું પોલાણ. ૪૭૬

એટલે વહેલો હવે ઊઠ,
મારેલાને જ તું માર,
શોકસંકટે મા સપડાઈશ
વ્યર્થ બાપ. ૪૭૭

આપણે જ નિશાન ઊભું કરીએ,
કૌતુકે પોતે જ વીંધીને પાડીએ,
તે પ્રમાણે તેમના નાશે
તું નિમિત્ત માત્ર. ૪૭૮

તારા શત્રુઓ જે જન્મ્યા,
તે જન્મતાં જ વાઘે હરણ કર્યા,
હવે રાજ્યસહિત મળનારો
યશ ભોગવે તું. ૪૭૯

પિતરાઈઓ તારા હતા ઉન્મત્ત,
અને હતા બળિયા દુર્મદ,
તે હણાયા છે વિશદ
વિના પ્રયાસે. ૪૮૦

એવી આ કીર્તિ
વિશ્વના વાણીપટે-
લખી રાખજે પાર્થ,
થા તું વિજયી. ૪૮૧

એવી બધીએ કથા
તેને અપૂર્ણ મનોરથે-
સંજય કહે કુરુનાથને,
જ્ઞાનદેવ કહે. ૪૮૨

પછી સત્યલોકથી ગંગાજળ
પડે ગાજતું ખળખળ,
તેવી વાણી સવિશાળ
બોલ્યા પ્રભુ. ૪૮૩

અથવા મહામેઘો ઊભરે
એકીસાથે બધા ધડધડે,
કાં ક્ષીરાબ્ધિ ઘૂમી ઊઠે
મંદરાચળે જેમ. ૪૮૪

તેવા મહાનાદે ગંભીર
આ વાક્ય વિશ્વના કંદ-
બોલ્યા અપાર અગાધ
અનંતરૂપ. ૪૮૫

તે અર્જુને સ્પષ્ટ સાંભળ્યું,
અને સુખ કે શું બેવડાયું-
એ ન જણાયે પણ કંપ્યું
સર્વાંગ તેનું. ૪૮૬

સદેહે વળીને સમગ્ર
તેણે જોડ્યો કરસંપુટ,
વારે વારે નિજ લલાટ
પ્રભુચરણે મૂકે. ૪૮૭

કંઈક બોલવા પણ મથે
ત્યાં તેનો કંઠ રુંધાયે,
આ સુખ કે ભય ગણાયે
વિચારો આપ. ૪૮૮

પણ ત્યારે દેવના શબ્દે
અર્જુનની આ દશા થાયે,
એવું મેં જાણ્યું શ્લોકની
પદરચનાએ. ૪૮૯

પછી તેવો જ ભયભીત
ફરીથી વંદીને પ્રભુચરણ,
કહે અહો જી આપણ
એવું બોલ્યા હતા. ૪૯૦

અર્જુન હું જ છું કાળ
અને ગ્રસવું છે મારો ખેલ,
તે શબ્દ તમારો અટળ
માનું છું હું. ૪૯૧

પણ જી તેં કાળસ્વરૂપે
આજની સ્થિતિએ કે ઘડીએ-
ગ્રસવું એનો મેળ ન મળે
વિચાર કરતાં. ૪૯૨

અંગે ભરેલું યૌવન કાઢીએ,
નથી તે વાર્ધક્ય કેમ લવાયે,
એટલે કરવા ધારે છે તે ન થાયે
ઘણું કરીને. ૪૯૩

હાં જી ચાર પ્રહર ન વટાવતાં
કોઈ પણ કાળે શ્રીઅનંતા,
શું ખરે બપોરે સવિતા
આથમે કદી. ૪૯૪

તને અખંડિત કાળને પણ
હોય છે નિયત વેળા ત્રણ,
તે ત્રણેય નિજમાં સબળ
પોતાની વેળાએ. ૪૯૫

જે વેળા થવા માંડે ઉત્પત્તિ
તે વેળા લોપે પ્રલય ને સ્થિતિ,
અને સ્થિતિ કાળે ન ફરકતી
ઉત્પત્તિ-પ્રલય વેળા. ૪૯૬

પછી પ્રલયની વેળાએ
ઉત્પત્તિ-સ્થિતિ આથમે,
એ ક્રમ કદીય ન ભંગે
અનાદિ જે. ૪૯૭

એટલે આજે સભર ભોગે
સ્થિતિ વરતાય છે જગે,
એટલે તું ગ્રસીશ એ ન લાગે
મારે જીવે. ૪૯૮

ત્યારે સંકેતે દેવ બોલે,
ઉભય સૈન્યોનું મરણ પ્રગટે,
દેખાડ્યું છે તને પ્રત્યક્ષે,
બાકી જાણ યથાકાળે. ૪૯૯

આ સંકેત જ્યાં શ્રીઅનંત
બોલ્યા પળે એ પળે વ્યક્ત,
ત્યાં જોયા લોક સમસ્ત
અર્જુને યથાસ્થિત. ૫૦૦

ત્યારે અર્જુન કહે હે દેવ,
વિશ્વલીલાનો તું સૂત્રધાર,
જગત આવ્યું રે યથાપૂર્વ
સ્થિતિએ પુનઃ. ૫૦૧

પણ પડેલાને દુઃખસાગરે
તું ઉદ્ધારે છે જે પ્રકારે,
તે કીર્તિ તમારી શ્રીહરિ
યાદ આવે. ૫૦૨

સ્મરણ થતાં વારંવાર
ભોગવું મહાસુખનો ઉત્સવ,
અને હર્ષામૃતના કલ્લોલે
હીંચું છું અહો. ૫૦૩

જીવનદાન મળતાં જગ
તુજ સ્વરૂપે ધરે અનુરાગ,
થાય દુષ્ટોનો મનોભંગ
અધિકાધિક. ૫૦૪

અરે રાક્ષસો ત્રિભુવનમાંના
તને મહાભય ગણે હૃષીકેશા,
એટલે નાસે તે દશદિશા
પેલી પાર. ૫૦૫

અન્ય સુર-નર-સિદ્ધ-કિન્નર
કિંબહુના સચરાચર,
તને જોઈને હર્ષનિર્ભર
નમસ્કાર કરે. ૫૦૬

અહીં દેવ કયું કારણ
કે આ રાક્ષસો નારાયણ-
ન પકડે તમારાં ચરણ
નાસે ભયે. ૫૦૭

પણ એ શે તમને પુછાયે,
એટલું તો અમનેય જણાયે-
કે સૂર્યોદય થયે કેમ રહે
અંધકાર ત્યાં. ૫૦૮

તમે સ્વયં પ્રકાશના સાગર
હોવા છતાં થયા છો ગોચર,
એટલે નિશાચરોનો કેર
નષ્ટ થયો સહેજે. ૫૦૯

આટલા દિવસો અમે
શ્રીરામા કંઈ ન જાણીએ,
અત્યારે મહિમા જોઈએ
ગંભીર તારો. ૫૧૦

જયાંથી વિવિધ સૃષ્ટિની હારમાળા
પ્રસરે ભૂતજાતે અનેક શાખા,
તે મહદ્બ્રહ્મને જ પ્રસવે
દૈવી ઇચ્છા. ૫૧૧

દેવ નિ:સીમ સત્ત્વ સદોદિત,
દેવ નિ:સીમ ગુણ અનંત,
દેવ નિ:સીમ સામ્ય સતત,
નરેન્દ્ર દેવોના. ૫૧૨

તમે ત્રૈલોક્યના આશ્રય,
તમે જ અક્ષર સદાશિવ,
તમે જ સત્અસત્ દેવ,
તેથી અતીત પણ તમે. ૫૧૩

તમે પ્રકૃતિ-પુરુષના આદિ,
મહત્ત્વે તમે જ અવધિ,
તમે જ પોતે અનાદિ
પુરાતન તમે. ૫૧૪

તમે સકળ વિશ્વજીવન,
જીવોના તમે નિધાન,
ભૂત-ભવિષ્યનું જ્ઞાન
તમારે હાથે. ૫૧૫

જી શ્રુતિયોનાં લોચન,
તમે જ સ્વરૂપસુખ અભિન્ન,
ત્રિભુવનના આયતને
આયતન તમે. ૫૧૬

એટલે અહો જી પરમ,
તમને કહેવાયે મહાધામ,
કલ્પાન્તે મહદ્બ્રહ્મ
સમાયે તમારામાં. ૫૧૭

કિંબહુના તમે જ દેવ,
વિશ્વ વિસ્તાર્યું સકળ,
એટલે છે કોણ સમર્થ
વર્ણવવા અનંત રૂપને. ૫૧૮

જી શું તમે એક ન હોયે,
કવણ સ્થાને ન રહો તમે,
એ ભલે છો જેવા, તમોને
વંદું છું પ્રભો. ૫૧૯

વાયુ તમે શ્રીઅનંત,
તમે નિયંતા સ્વયં યમ,
તમે નિવસતા પ્રાણીગણે,
અગ્નિ છો તમે. ૫૨૦

તમે વરુણ, તમે જ સોમ,
તમે સ્રષ્ટા, તમે બ્રહ્મ,
પિતામહના તમે પરમ
આદ્યજનક તમે. ૫૨૧

અને અન્ય જે જે કાંઈ
રૂપ છો અથવા નાહીં,
તેવા તને કરું છું નમન
શ્રીજગન્નાથ હે. ૫૨૨

એવા સાનુરાગે ચિત્તે,
નમન કર્યું પાંડુસુતે,
અને પછી કહે નમસ્તે,
નમસ્તે પ્રભો. ૫૨૩

પછી તેને આદિઅંતસહિતે
ન્યાળીને શ્રીમૂર્તિને,
ફરીથી કહે જી નમસ્તે,
નમસ્તે પ્રભો. ૫૨૪

જોતાં જોતાં અંગ-પ્રત્યંગે
સમાધાન પામે નિજ ચિત્તે,
અને ફરીથી કહે નમસ્તે,
નમસ્તે પ્રભો. ૫૨૫

આ સચરાચરના ભૂતે
દેખે સર્વત્ર શ્રીહરિને,
અને પુન: પુન: કહે નમસ્તે,
નમસ્તે પ્રભો. ૫૨૬

આવાં પ્રભુનાં રૂપો અદ્‌ભુત
આશ્ચર્ય સ્ફુરાવે તેવાં અનંત,
જોઈ જોઈ નમન કરત,
નમસ્તે કહે. ૫૨૭

અન્ય પ્રશસ્તિ યાદ ન આવે,
નિરાંતે મૌન ના રહેવાયે,
ન જાણું કેવા પ્રેમભાવે
ગર્જવા માંડયો. ૫૨૮

કિંબહુના આ પ્રકારે
નમન કર્યું સહસ્ર વારે,
છતાં ફરીથી કહે હરિને
તુજ સન્મુખને નમું. ૫૨૯

દેવને પીઠપેટ છે કેમ,
એનો અમારે શો ઉપયોગ,
એટલે તારી પીઠને પણ
નમું સ્વામી. ૫૩૦

ઊભા છો મારી પાછળે
એટલે વિમુખ રૂપ કહેવાયે,
પણ તમે નથી સન્મુખ-વિમુખ
જગતને કદી. ૫૩૧

હવે વિવિધ અંગો તણાં
વર્ણનો કરવાંય ન દેવા,
એટલે નમું તને સર્વેશ્વરા
સર્વાત્મકા. ૫૩૨

અહો જી અનંત બળ સંભ્રમ,
નમો તુજને અમિત વિક્રમ,
તું સકળ કાળે સમ
સર્વ દેશે. ૫૩૩

જેમ સકળ આકાશે
અવકાશ થઈ ને ગગન વસે,
તું તેમ સર્વપણે
સર્વત્ર નિવસે. ૫૩૪

કિંબહુના કેવળ
સર્વ આ તું જ નિખિલ,
અરે ક્ષીરાર્ણવે કલ્લોલ
પયનાં જ જેમ. ૫૩૫

એટલે હે દેવ,
સર્વથી તમે અભિન્ન,
એવું કળાયું સદ્‌ભાવવશ
કે તમે જ સર્વ. ૫૩૬

પણ સ્વામી એવા તમને
ક્યારે પણ ન જાણ્યા અમે,
એટલે સગાસંબંધ ભાવે
વર્ત્યા તમ સંગે. ૫૩૭

અહો ઘણું જ ખોટું થયું
કે અમૃતે ગૃહ મેં લીપ્યું,
અશ્વ લીધો અર્પીને મેં
કામધેનુ. ૫૩૮

પારસમણિનો ખડક લાધ્યો,
તોડી ઘરના પાયામાં નાખ્યો,
કલ્પતરુ તોડીને બનાવ્યો
આડબંધ ખેતરે. ૫૩૯

ચિંતામણિની ખાણ લાધી,
વણઓળખે ઉપેક્ષા કીધી,
તેવી તમારી નિકટતા વેડફી
વ્યર્થ જ અમે. ૫૪૦

આજની વાત જુઓ પ્રત્યક્ષે,
આ યુદ્ધ કર્યું કયે અર્થે,
પણ તમને વિશદ પરબ્રહ્મને
બનાવ્યા સારથિ. ૫૪૧

તમોને પેલા કૌરવગૃહે
હતા મોકલ્યા વિષ્ટિ કાજે,
હે વિશ્વેશ્વર ક્ષુદ્ર વ્યવહારે
સંયોજ્યા આપને. ૫૪૨

તું યોગીઓનું સમાધિસુખ,
કેમ જાણું ના હું મૂર્ખ,
ઉપરોધ કરું રહી સન્મુખ
તમને અહો. ૫૪૩

તું આ વિશ્વનો અનાદિ આદિ,
બેસતો હતો જે સભા મહીં,
સગાસંબંધ ભાવે તે મહીં
વર્ત્યો અરે. ૫૪૪

ક્યારેક તમારે મંદિરે આવું,
તમારી જ કને સન્માન અપેક્ષું,
અને ન મળે તો નીકળી જાઉં
રિસાઈ લાડે. ૫૪૫

પગે પડીને ક્ષમા યાચવી
તારી પાસે હે સારંગપાણિ,
કેટલી જુઓને એવી કરણી
કરી છે મેં. ૫૪૬

સ્વજનપણાને આવેગે
બેસતો તુજ વિમુખ થઈને,
હતું શું તે ઉચિત શ્રીહરિ
પણ ભૂલ્યો હતો. ૫૪૭

દેવ સંગે દાંડિયા રમું,
અખાડે કુસ્તીઓ કરું,
સોગટે રમતાં વિવાદું,
ઝઘડું પણ ખરો. ૫૪૮

શુભ તે છાશવારે માગીએ
સર્વજ્ઞને સલાહ આપીએ,
તારું શું લાગેવળગે
એવું પણ આપને. ૫૪૯

એવો થયો અપરાધ જે
તે ત્રિભુવને પણ ન સમાયે,
જી થયું છે સર્વ અજ્ઞાને
કહું ચરણ વંદીને. ૫૫૦

દેવ, જમવાને અવસરે
મને સંભારો પ્રેમવશે,
પણ ગર્વ મારો જુઓ તો
હું રિસાઈ રહું. ૫૫૧

પ્રભુ તમારા અન્તઃપુરે
હું સંચરું નિઃશંકપણે,
અને પ્રવેશી શયનગૃહે
સાથે પોઢું. ૫૫૨

કૃષ્ણ કહીને સંબોધીએ,
તમને યાદવ જ ગણીએ,
પોતાના જ સમ ખાઈએ-
તમે પધારો ત્યારે. ૫૫૩

તમ સંગે એકાસને બેસવું,
તમારું કહેવું ન માનવું,
આવું અતિપરિચયે ઘણું
થતું જ આવ્યું. ૫૫૪

એટલે શું શું હવે
અનંતા નિવેદન કરીએ,
હું ઢગલો જ છું સમસ્ત
અપરાધોનો. ૫૫૫

એટલે પહેલાં કે પછીનાં
થયાં જે દુર્વર્તનો મારાં-
તે માતા પ્રમાણે સમાવો
નિજ ઉરે તમે. ૫૫૬

જી કોઈ એક સમયે
સરિતા મલિન જળ લાવે,
તે સાગર પોતે સમાવી લે
અન્ય ઉપાય નાહીં. ૫૫૭

તેમ પ્રીતિએ કે પ્રમાદે
મુજથી પ્રભુની વિરુદ્ધે-
જે બોલાયું તે મુકુન્દે
રાખવું હૈયે. ૫૫૮

અને દેવના દાસત્વે જ ક્ષમા,
આધાર થઈ છે ભૂતગામા,
એટલે અહો જી પુરુષોત્તમા
વિનવું તે થોડું. ૫૫૯

એટલે હવે અપ્રમેયા
મુજ આપને શરણાગતા,
ક્ષમા કરોજી સમસ્તા
અપરાધ કાજે. ૫૬૦

જી, હવે સાચે જ જાણ્યું
પ્રભુનું સાર્વભૌમપણું,
જાણ્યું કે સચરાચરનું
જન્મસ્થાન દેવ. ૫૬૧

હરિહરાદિક ને સમસ્તા
દેવ તમે જ પરમ દેવતા,
વેદોને પણ ભણાવતા
આદ્ય ગુરુ તમે. ૫૬૨

શ્રીરામ તમે છો ગંભીર,
વિવિધ ભૂતોને એકસમ,
સકલ ગુણે તમે અપ્રતિમ
અદ્વિતીય છો. ૫૬૩

તમારા જેવા ન કોઈ અન્ય
એવું નિરર્થક છે પ્રતિપાદન,
તમે જ થઈને આકાશ
સમાવ્યું જગને અહો. ૫૬૪

તેવા તમારે તોલે અન્ય,
એવું કહેતાં આવે શરમ,
ત્યાં અધિક શું કહીએ દેવ
બીજું કાંઈ. ૫૬૫

એટલે ત્રિભુવને તમે એક,
તમ સમા કોઈ ન અન્ય,
તમારો મહિમા અલૌકિક
વર્ણવવો ન જાણું. ૫૬૬

એવું કહ્યું ત્યાં અર્જુને
પછી પ્રભુને દંડવત્ કરે—
ત્યારે અષ્ટસાત્ત્વિક ઊભરે
ભાવ અંતરે. ૫૬૭

પછી કહે પ્રસીદ પ્રસીદ
વાચા થાય છે ગદ્‌ગદ,
ઉદ્ધારોજી આ અપરાધ-
સમુદ્રેથી મને. ૫૬૮

તને વિશ્વસુહૃદને ક્યાંહીં
સગપણ સંભવિત નાહીં,
પણ તારા વિશ્વેશ્વરપણા વિશે
અમે સંદેહ રાખ્યો. ૫૬૯

વર્ણનીય હોવા છતાં પોતે
સભામાં મારાં વખાણ કરે,
હું દર્પવશે અધિકાધિકે
બડબડ કરું. ૫૭૦

આવા આવા અપરાધ,
નથી મર્યાદા મુકુંદ,
એટલે રક્ષજે પ્રમાદ
પાસેથી મને. ૫૭૧

આ પણ પ્રાર્થના કાજે
શાની યોગ્યતા મારી પાસે,
પણ અપત્ય કેવા લાડે
પિતાને કહે. ૫૭૨

અરે પુત્રના અપરાધ
થયા હોય અગાધ,
તોયે સહે પિતા નિર્દ્વંદ
તેમ સહોજી. ૫૭૩

સખાની ધૃષ્ટતા
શાંતભાવે સહે સખા,
તેમ તમારે સમસ્ત
સહી લેવું. ૫૭૪

પ્રિય પાસેથી સન્માન
પ્રિય ન વાંછે સર્વથા જાણ,
તેમ ઉચ્છિષ્ટ કઢાવ્યું તેની
ક્ષમા કરશોજી. ૫૭૫

જ્યારે પ્રાણપ્રિય સંબંધી ભેટે
ત્યારે સંકટો ભોગવેલાં પોતે-
નિવેદન કરતાં ન જણાયે
સંકોચ કાંઈ. ૫૭૬

કાં ઉલ્લાસ થતાં જીવેપ્રાણે
નિજને સમર્પ્યું હોય જેણે,
તે કાન્ત મળતાં ન રહેવાયે
હૃદયથી મૌન. ૫૭૭

તે પ્રમાણે જી અમે
આ વીનવ્યું પ્રભુ તમને,
અને નિવેદનનું હજી હોયે
અન્ય કારણ. ૫૭૮

પ્રભુ પાસે કર્યાં લાડ,
વિશ્વરૂપ જોવાના સેવ્યા કોડ,
તે માબાપ થઈ સંતૃપ્ત
કર્યાં આપે. ૫૭૯

સુરતરુના જી છોડ
વાવવા આંગણે પ્રેમપૂર્વક,
આપનું કામધેનનું વાછરડું
રમવા માટે. ૫૮૦

નક્ષત્રોના પાસા ઇચ્છવા,
ચન્દ્રનો દડો કરવો રમવા.
તેવા સકળ છંદ સિદ્ધ કર્યા
હે માત તમે. ૫૮૧

જે અમૃતબિંદુ મળે પ્રયાસે
તેની વર્ષા થતી ચોમાસે,
ધરતી ખેડીને ચાસે ચાસે
વાવ્યા ચિંતામણિ. ૫૮૨

એવો સ્વામીએ કૃતકૃત્ય કર્યો,
ઘણા લાડે પ્રભુએ રાખ્યો,
જે દેખાડયું તે હરે કે બ્રહ્મે
કાનેય ન સાંભળ્યું. ૫૮૩

દેખવાની તો વાત જ કેવી-
જેની ઉપનિષદોનેય ભેટ નાહીં,
તે નિજ હૃદયનો ગુપ્ત નિધિ
ખોલ્યો મુજ પાસે. ૫૮૪

જી કલ્પના પ્રારંભથી
આજની આ ઘડી સુધી,
જેટલા થઈ ગયા હશે
જન્મ મારા— ૫૮૫

તે સકળ જન્મોમાં
નીરખીને જોતાં ઘર ઘરમાં-
ન મળે કોઈ, જે કહે
જોયું વિશ્વરૂપ. ૫૮૬

બુદ્ધિનું જાણવાપણું
પ્રવેશે ન પ્રાંગણ જેનું:
જે કલ્પવા અંતઃકરણ
પાંગળું અરે. ૫૮૭

ત્યાં આંખોએ જોયું હશે;
આ વાત જ કેમ કરાયે,
કિંબહુના આવું પૂર્વે
જોયું ન સાંભળ્યું. ૫૮૮

તે આ વિશ્વરૂપ નિજનું
આપે પ્રત્યક્ષ મને દેખાડયું-
એટલે હવે મારું મન થયું
સંતુષ્ટ દેવ. ૫૮૯

હવે જીવે ઇચ્છા એવી
કે તમ જોડે ગોઠ માણવી.
તુજ નિકટતા ભોગવવી
આલિંગન આપીને. ૫૯૦

તે જો કહીએ વિશ્વરૂપે
તો સંવાદિયે ક્યાં મુખ જોડે,
અરે કયા રૂપને આલિંગીએ,
તારાં રૂપ અગણિત. ૫૯૧

એ તો પવનસંગે દોડવું,
ગગનને આલિંગન કરવું,
એ તો જળક્રીડાએ રમવું
અથાગ સમુદ્રે. ૫૯૨

એટલે અહો જી દેવ,
અહીં ભયભીત મારો જીવ,
હવે સ્વીકારજો એટલી હઠ,
વિશ્વરૂપ સંકેલો. ૫૯૩

સચરાચર નીરખીએ કૌતુકે,
પછી સુખે રહીએ નિજ ગૃહે,
તેમ તમારા ચતુર્ભુજ રૂપે
વિસામો અમારો. ૫૯૪

અમારે યોગશાસ્ત્ર અભ્યાસવું,
તેના વડે એ જ અનુભવવું,
સકળ શાસ્ત્રોને અવગાહને
સિદ્ધાંત એક આ જ. ૫૯૫

સકળ યજ્ઞો અમારે કરવા,
ફળરૂપે તમને જ પામવા,
થાઓ સકળ તીર્થયાત્રા
આને જ માટે. ૫૯૬

અન્ય કંઈ થાય જે જે,
દાનપુણ્ય અમારાથી થાયે,
તેના ફળરૂપે મળો અમને
તમે ચતુર્ભુજ રૂપે. ૫૯૭

એટલી જીવે તેની ઇચ્છા
મને તલસાટ તે જ જોવા,
એ સંકટે પડયો હું દેવા
કાઢજો વેગે. ૫૯૮

અરે અંતરતમ જાણનાર હે,
સકળ વિશ્વના સર્જક હે,
થજો પ્રસન્ન પૂજ્યતમ
દેવાધિદેવ. ૫૯૯

નીલકમળને આભા આપે,
આકાશે નિજ પ્રભા પ્રસરે,
તેજનું ઓજસ ઝબૂકે
ઇન્દ્રનીલે જેના વડે. ૬૦૦

જાણે પરિમલ પાંગર્યો પન્ને,
કાં ભુજાએ આનંદ ઊપજે,
જેના જાનુની સુંદરતા
મદનને મળી. ૬૦૧

મુકુટે શોભાવ્યું મસ્તક,
કે મસ્તકે શૃંગાર્યો મુકુટ,
શૃંગારે કાયા અલંકૃત,
કે અલંકાર પોતે. ૬૦૨

વીંટળાયેલો ઇન્દ્રધનુપે
મેઘ જેમ શોભે ગગને,
તેવા વૈજયંતી માળાએ
સારંગપાણિ. ૬૦૩

કેવી છે પેલી ઉદાર ગદા
અસુરોને આપે કૈવલ્યપદા,
કેવું પણે છે ચક્ર ગોવિંદા
સૌમ્ય તેજે ઝળકતું. ૬૦૪

કિંબહુના સ્વામી હે
તે જોવા ઉત્કંઠા મને,
એટલે અત્યારે તમે
થાઓ ચતુર્ભુજ. ૬૦૫

આ વિશ્વરૂપનો મહોત્સવ
ભોગવી તૃપ્ત થયાં નયન,
જાગી છે જીવે આરત
કૃષ્ણરૂપ જોવા. ૬૦૬

તે સાકાર રૂપ કૃષ્ણનું,
તેના વિના ગમે ન બીજું,
તે ન દેખતાં ઊણપ જણાયે
વિશ્વરૂપમાં. ૬૦૭

અમને ભોગમોક્ષ કાજે,
શ્રીમૂર્તિ વિણ અન્ય ન જોઈએ,
એટલે તેવા જ સાકાર થઈને
ઉપસંહરો વિશ્વરૂપ. ૬૦૮

અર્જુનના સાંભળી બોલ
વિશ્વરૂપને થયું વિસ્મય,
કહે ન જોયો આવો કદી
અવિચારી કોઈ. ૬૦૯

કેવી શ્રેષ્ઠ વસ્તુ પામ્યો તું
તેની પ્રાપ્તિનો સંતોષ ન શું,
ભયભીત થઈ બોલે તું
દુરાગ્રહી જેવો. ૬૧૦

અમે સાચે જ પ્રસન્ન થઈએ,
સર્વાંગે સમર્પિત ત્યાં હોઈએ,
તે વિના જીવપ્રાણ ન આપીએ
કોઈને અરે. ૬૧૧

તે આ તારી ઇચ્છા કાજે
જીવેપ્રાણે મહાપ્રયાસે,
સર્વ સામર્થ્ય મૂકી હોડે
રચ્યું વિશ્વરૂપ. ૬૧૨

ન જાણે ઊપજ્યો કેવો પ્રેમ,
પ્રસન્નતામાં વહી ગયો વિવેક,
એટલે ઊભી કરી જગે
ધ્વજા નિજ ગૌપ્યની. ૬૧૩

તે આ અપરંપાર
સ્વરૂપ મારું પરાત્પર,
જેમાંથી થયા અવતાર
કૃષ્ણાદિ સકળ. ૬૧૪

આ જ્ઞાનતેજનું નિખિલ
વિશ્વાત્મક કેવલ,
આ તો અનંત અચલ
સકળનું આદ્ય. ૬૧૫

એ તારા વિના અર્જુન
કોઈ નેય નથી શ્રુતદૃષ્ટિ,
તે નથી નથી રે પ્રાપ્ય
કોઈ પણ સાધનાએ. ૬૧૬

પહોંચતાં જ એની પાસે
વેદોને મૌન સેવવું પડે,
યજ્ઞ પાછા ફરે નિશ્ચયે
સ્વર્ગથી જ. ૬૧૭

સાધકે જોઈને આયાસ
માંડી વાળ્યો યોગાભ્યાસ,
અને શાસ્ત્રાધ્યયને ન પમાય
ગતાગમ એની. ૬૧૮

પૂર્વે કરેલાં સર્વ સત્કર્મ
દોડાદોડ કરે સસંભ્રમ,
તે પરિશ્રમથી કેટલાક
પહોંચે સત્યલોકે. ૬૧૯

તપ વડે આ ઐશ્વર્ય દેખાયે,
જોઈને નિજ ઉગ્રતા સર્વ છાંડે,
એમ તપસાધનાથી જે રહે
અપાર દૂર. ૬૨૦

તે જે આ અનાયાસે
વિશ્વરૂપ જેવું જોયું તેં,
તેવું આ મનુષ્યલોકે
કોઈએ ન દેખ્યું. ૬૨૧

આવી ધ્યાનસંપદા કાજે
તું એક જ નીકળ્યો જગે,
આ પરમ ભાગ્ય ન લાધે
બ્રહ્મદેવને પણ. ૬૨૨

વિશ્વરૂપલાભે થાજે કૃતાર્થ,
એહનો ભય તું કદી ન રાખ,
એના વિના અન્ય સુયોગ્ય
માનીશ ન કાંઈ. ૬૨૩

અરે જો સમુદ્ર અમૃતે સભર,
કોઈને સાંપડે અકસ્માત્—
તો શું ત્યાગશે કોઈ તેને
મરણને ભયે. ૬૨૪

અથવા સુવર્ણનો પર્વત
કેમ લઈ જવાય ગહન,
કહીને શું કરીએ અનાદર
તેનો અરે. ૬૨૫

સુદૈવે ચિંતામણિ સાંપડે
તો બોજો માની શું ત્યજાયે,
કે કામધેનુ પાછી ફેરીએ
ન પોષાય કહીને. ૬૨૬

ચંદ્રમા જો ઘરે આવે—
કહેવું: નીકળી જા ઉષ્મા લાગે,
સૂર્યને કહેવું : છાયા નીપજે
પણ ખસી જા. ૬૨૭

તેવું ઐશ્વર્યવંત મહાતેજ
હાથે આવ્યું આજે સહજ,
તો શીદને થાયે વ્યાકુળ
ધનંજય અહીં. ૬૨૮

પણ તું અબુધ, ન જાણે
એટલે ક્રોધ કેમ કરાયે,
કાયા છોડીને છાયા
આલિંગે તું. ૬૨૯

અન્યરૂપને સાચું ન માને,
તારું મન અહીં કાચું પડે,
એને અવગણી તું પ્રેમ રાખે
ચતુર્ભુજ રૂપનો. ૬૩૦

એટલે હજીયે પાર્થા
વેગે છોડી દે અ: આસ્થા,
વિશ્વરૂપે અનાસ્થા
રાખીશ મા. ૬૩૧

આ રૂપ હશે ઘોર,
હશે વિકૃત ને વિશાળ,
તોયે કૃતનિશ્ચયે જાણ,
એ જ સાચું. ૬૩૨

જેમ કૃપણની ચિત્તવૃત્તિ
રહે ધનસંગ્રહે રોકાયેલી,
પછી સદેહે સંચરે કેવળ
બાહરે તે. ૬૩૩

કાં પંખીડાની પાસે
પ્રાણ મૂકીને માળે—
પંખિણી જે અંતરાળે
સંચાર કરે. ૬૩૪

અથવા ગાય ભમે ડુંગરે
તેનું ચિત્ત બંધાયેલું વત્સે,
તેમ પ્રેમ અહીં રહેવા દે
વિશ્વરૂપ માંહે. ૬૩૫

પછી સુખે બહિરંગ ચિત્તે
સખ્યના સૌખ્ય પૂરતે,
પ્રેમ રાખજે ચતુર્ભુજે
શ્રીમૂર્તિવિગ્રહે. ૬૩૬

પણ પુનઃ પુનઃ હે પાંડવ,
વીસરીશ ન આ એક બોલ,
કે વિશ્વરૂપથી ન થાઓ ચ્યુત
સદ્ભાવ તારો. ૬૩૭

આ કદી ન હતું જોયેલું
એટલે ચિત્ત ભયભીત થયું;
તે છાંડીને રાખજે પ્રેમ
આ વિશ્વરૂપમાં. ૬૩૮

હવે તારું કહ્યું જ કરીએ
એવું બોલ્યા વિશ્વતોમુખે,
હવે પહેલાંનું રૂપ સુખે
ન્યાળી લે પાર્થ. ૬૩૯

આવું વચન બોલતાં બરોબર
પૂર્વવત્ માનવ થયા દેવ,
એમાં નથી કાંઈ આશ્ચર્ય
તે તો પ્રભુ-પ્રેમમાં. ૬૪૦

શ્રીકૃષ્ણ પોતે કૈવલ્ય પ્રગટ,
વળી વિશ્વરૂપમય સર્વસ્વ,
આપ્યું કરતલે પણ ના ગમ્યું
અર્જુનને તે. ૬૪૧

વસ્તુ સ્વીકારીને ફેંકીએ
જેમ રત્નના દોષ કાઢીએ,
અથવા કન્યા જોઈને કહીએ
ગમતી નથી. ૬૪૨

વિશ્વરૂપ તેજની દિવ્ય દશા
વ્યક્ત કરતાં થઈ પ્રેમવર્ષા,
કરે બ્રહ્મઉપદેશ પાર્થા
છેવટે પ્રભુ. ૬૪૩

તોડીને કનકના રવા
અલંકાર ઘડયા મનગમતા,
પછી ના ગમે ત્યારે ગાળ્યા
સહજ ભાવે. ૬૪૪

તેવું શિષ્યના પ્રેમથી થયું,
કૃષ્ણત્વને વિશ્વરૂપે ઢાળ્યું,
તે ન ગમે એવું ત્યાં જોયું
પાછું ધાર્યું કૃષ્ણરૂપ. ૬૪૫

આ હદ સુધી શિષ્યનો ઉપસર્ગ
સહે એવા ગુરુ નિવસે ન ક્યાંય,
પણ ન જાણે કેવો હરિનો પ્રેમ
સંજય કહે. ૬૪૬

પછી વિશ્વવ્યાપીને ચોપાસે
પ્રગટયું હતું દિવ્ય તેજ જે,
તે પાછું લીધું સંકેલીને
કૃષ્ણરૂપે. ૬૪૭

જેમ તું-પદ હે સકળે
તત્-પદે સમાઈ રહે,
અથવા દ્રુમનો આકાર વસે
બીજકણે. ૬૪૮

અથવા સ્વપ્નસંભ્રમ
જાગ્રત દશા ગળે જેમ,
શ્રીકૃષ્ણે યોગ આ તેમ
ઉપસંહર્યો. ૬૪૯

જાણે પ્રભા સમાયે બિંબે,
કે જળસંપદા શમે નભે,
અથવા ભરતી સિંધુગર્ભે
પાછી ફરે. ૬૫૦

જે હતી કૃષ્ણાકૃતિએ સર્જેલી
વિશ્વરૂપ પટની સુંદર ગડી,
તે અર્જુનની જોઈને પ્રીતિ
ઉકેલી દેખાડી. ૬૫૧

ત્યારે પરમાણુ અને રંગ
પાર્થે જોયા ધ્યાનપૂર્વક,
છતાં તે ન થયો ગ્રાહક
એટલે સંકેલી. ૬૫૨

નિજ વ્યાપ્તિને વિશાળપણે
વિશ્વ સમસ્ત જીત્યું જેણે,
તે ફરી સૌમ્ય સુમનોહરે
આકારે સજયું. ૬૫૩

કિંબહુના શ્રીઅનંતે
ધાર્યું મર્યાદિત રૂપ સહજે,
છતાં આપ્યું ભયગ્રસ્ત પાર્થને
આશ્વાસન. ૬૫૪

જે સ્વપ્નમાં સ્વર્ગે ગયો
તે અકસ્માત્ જાગ્રત થયો,
તે પ્રમાણે વિસ્મિત થયો
ધનંજય. ૬૫૫

અથવા થતાં ગુરુકૃપા
આથમે પ્રપંચજ્ઞાન સહસા,
સ્ફુરે મૂળતત્ત્વ જેમ પાંડવા
શ્રીમૂર્તિ દેખાઈ. ૬૫૬

ત્યારે પાંડવને થયું ચિત્તે :
આડે હતી જવનિકા જે
તે ખસી ગઈ પેલે પારે,
ભલું થયું. ૬૫૭

જાણે કાળને જીતી આવ્યો,
કે મહાવાત ઓળંગી ગયો,
અથવા મહાસિંધુ તરી ગયો
નિજ બાહુબળે. ૬૫૮

આવો ચિત્ત ઘણો સંતોષ
હવે સેવે તે પાંડુસુત,
વિશ્વરૂપ પછી કૃષ્ણરૂપ
નીરખીને અહો. ૬૫૯

પછી સૂર્યાસ્ત થતાં જેમ
તારામંડળે ભરાયે ગગન,
તેમ દેખાઈ અવનિ સમસ્ત
લોકોથી વ્યાપ્ત. ૬૬૦

દેખાયે તે જ તે કુરુક્ષેત્ર,
તે જ ઉભય સૈન્યે નિજ ગોત્ર,
વીરો વરસાવતા શસ્ત્રાસ્ત્ર
પરસ્પર સૈન્યે. ૬૬૧

અને તે બાણોના માંડવે
નિજ રથ નિરાંતે દેખે,
આગળ શ્રીપતિ આરૂઢે,
પોતે પાછળ. ૬૬૨

જેવું માગ્યું હતું તેવું
રૂપ વીરવિલાસે જોયું;
પછી કહે જીવી ગયો હું;
ધરાઈ ગયો. ૬૬૩

બુદ્ધિને છોડીને જ્ઞાન
નાસ્યું હતું રાતોરાત,
અહંકાર સહિત મન
ગયું હતું દશદિશા. ૬૬૪

ઇન્દ્રિયો નિજ કર્મ ભૂલ્યાં,
વાચા-પ્રાણ ખોવાયાં,
આવી થઈ હતી દુર્દશા
શરીરગ્રામે. ૬૬૫

તે સર્વ પાછી ફરી,
જીવિત દશે મળી પ્રકૃતિ,
હવે જિવાશે પ્રભુમૂર્તિ
જોઈને અહો. ૬૬૬

એવું સુખ અનુભવ્યું જીવે,
પછી શ્રીકૃષ્ણને પોતે કહે,
તમારું રૂપ આ જોયું મેં
મનુષ્યદેહે. ૬૬૭

આ રૂપ દેખાડ્યું દેવ,
કે જોઈ ભૂલેલું અપત્ય,
પંપાળી આપવું સ્તનપાન
માતનું અહો. ૬૬૮

જી વિશ્વરૂપને સાગરે
તરંગ માપતો મોજાં ઉપરે;
તે આ નિજ મૂર્તિને તીરે
પહોંચ્યો હવે. ૬૬૯

સાંભળો જી દ્વારકાનાથ
સુકાતું હતું મુજ જીવનઝાડ,
સગુણ રૂપ ન, જીવનામૃત
વરસાવ્યું શ્યામમેઘે. ૬૭૦

અહો સહજે તરસ છિપાઈ,
તરસ્યાને અમૃતસિંધુ ભેટ થઈ,
હવે જીવવાનો પાછો મળ્યો
ભરોસો મને. ૬૭૧

મારા આ હૃદયપ્રદેશે
હર્ષલતાની વાવણી થાયે,
સુખ સંગે હવે ઐકયભાવે
થયો મેળાપ. ૬૭૨

આવા સાંભળી પાર્થના બોલ,
અરે આ શું બોલિયા દેવ,
કહ્યું હતું ને રાખજે પ્રેમ
વિશ્વરૂપે. ૬૭૩

પછી જ શ્રીકૃષ્ણરૂપને
ભેટવું કેવળ દેહે આવીને,
ભૂલ્યો શું શિખામણ તે
સુભદ્રાપતિ તું. ૬૭૪

અરે તું અંધ શું પાર્થ,
કે હસ્તગત મેરુ લાગ્યો નાનો,
કેવો છે માનવમનનો
વિપરીત સ્વભાવ. ૬૭૫

અરે જે વિશ્વાત્મક રૂપ,
અમે ઉકેલ્યું નિજ સ્વરૂપ,
તે શંભુને પણ લાધ્યું નહીં
તપ કરવા છતાં. ૬૭૬

અને અષ્ટાંગયોગે વિકટ
યોગી પરિશ્રમ કરે પાર્થ,
પણ ન પામે તે અવસર,
જે રૂપ જોવા. ૬૭૭

તે રૂપ એકાદ વેળ
કેમ દેખાશે એક પળ—
એવી ચિંતામાં સર્વ કાળ
દેવો જીવે. ૬૭૮

આશાની અંજલિ
હૃદયને લલાટે મૂકી,
ચાતકની જેમ ગગને
ચિંતવન કરે. ૬૭૯

તેમ તે ઉત્કંઠા નિર્ભર
થઈને સકળ સુરવર–
નામ જપે અષ્ટ પ્રહર
મિલન કાજે. ૬૮૦

પણ આ વિશ્વરૂપ સરીખે
સ્વપ્નમાં પણ કોઈ ન દેખે–
તે પ્રત્યક્ષે અહીં સુખે
જોયું તેં. ૬૮૧

અરે ઉપાયોના માર્ગે
સુભટ, અહીં ન અવાયે,
ષટ્શાસ્ત્રો સહિત દોડે
અકળાઈને વેદ. ૬૮૨

મુજ વિશ્વરૂપની પાસે
આવવા કાજે પાર્થ અરે–
તપોના સમુદાય વડે
લાગ ન મળે. ૬૮૩

દાનાદિકોના કઠણ નિશ્ચયે
યજ્ઞો કરવા છતાં જે ન મળે,
જેવું જોયું સહજે સુખે
ધનંજય તેં. ૬૮૪

તેવો હું એક જ પ્રકારે
પ્રાપ્ત થાઉં, પાર્થ સાંભળે–
જો ભક્તિ ઊપજે અંતરે
એકાગ્ર ભાવે. ૬૮૫

પણ તે ભક્તિ એવી —
પર્જન્યની ધારા જેવી,
ધરતી વિના બીજી ગતિ
જાણે ન જે. ૬૮૬

કાં સકળ જળસંપત્તિ
લઈને સમુદ્રે પ્રવેશતી,
ગંગા જેવી અનન્ય ગતિ
મિલને રત રહે. ૬૮૭

તેમ સર્વભાવ સંભાર સહિત
સંચરે જ્યાં પ્રેમ અખંડિત,
મુજમાં જ જે વિહરે
મુજરૂપ થઈને. ૬૮૮

અને હું પણ છું કેવો
મધ્યમાં ને કિનારે સરખો,
ક્ષીરાબ્ધિ હોય જેવો
દૂધનો બનેલો. ૬૮૯

તેમ મુજ થકી કીડી સુધી
કિંબહુના સચરાચર મહીં,
ભજન યોગ્ય બીજી કંઈ
વસ્તુ નાહીં. ૬૯૦

એટલે જે ક્ષણે
મુજ એવં વિધ જે જાણે,
તે ક્ષણે સહજ સ્વભાવે
થાઉં પ્રગટ. ૬૯૧

પછી ઈંધને અગ્નિ પ્રગટે
અને ઈંધનસંજ્ઞા લોપે,
તે અગ્નિરૂપે જ પ્રવર્તે
વ્યક્તમાં જેમ. ૬૯૨

જ્યાં સુધી ન ઊગ્યો દિનકર
ત્યાં સુધી ગગનાકાર અંધાર,
પછી સૂર્યોદયે પ્રકાશમય
ગગન આખું. ૬૯૩

તેમ મારા સાક્ષાત્કારે
ફેરા અહંકારના ટળે,
અહંકાર લોપે નિશ્ચયે
દ્વૈત વિરમે. ૬૯૪

પછી હું અને તે સકળે,
એક મુજરૂપ જ સ્વભાવે,
કિંબહુના મુજમાં સમાયે
સામરસ્યે. ૬૯૫

જે મુજ એકને કાજે
કર્મો કરવામાં કાયા ખર્ચે,
જેને મુજ વિના આ જગે
પ્રિય ન કાંઈ. ૬૯૬

દૃષ્ટ-અદૃષ્ટ સકળ
જેનું હું જ રહું કેવળ,
જે માને જીવન સફળ
મુજ મિલને. ૬૯૭

પછી ભૂતસંજ્ઞા જ વીસરે,
નિજ દૃષ્ટિએ મુજને સંઘરે,
એટલે જે નિર્વૈર આ જગે
ભજન મારું કરે. ૬૯૮

એવા જે ભક્ત હોયે
તેનો ત્રિધાતુક દેહ લોપે,
તે મુજરૂપ થઈને જીવે
પાંડવ અરે. ૬૯૯

એવું તે જગવ્યાપક નાથ
કરુણારસથી રસાળ
બોલિયા, કહે ત્યાં સંજય
શ્રીકૃષ્ણદેવ. ૭૦૦

તે પછી તે પાંડુકુમાર
થયો આનંદરસથી સભર,
બન્યો કૃષ્ણચરણ ચતુર
એકલો જગે. ૭૦૧

તેણે દેવની ઉભય મૂર્તિ
ચિત્તે એકભાવે નીરખી-
ત્યાં વિશ્વરૂપ કરતાં શ્રીમૂર્તિ
સવિશેષ જણાઈ. ૭૦૨

પણ તેની આ માન્યતાને
અસ્વીકારી શ્રીહરિએ,
જે વ્યાપકથી શ્રેષ્ઠ ન હોયે
એકદેશી. ૭૦૩

એનું કરવા સમર્થન
એકએ સમર્પક—
ઉપપત્તિઓ સારંગ
નિરૂપતા થયા. ૭૦૪

તે સાંભળી સુભદ્રાકાન્ત
નિજ ચિત્તે હળવે કહેત,
ઉભયમાં કયું લાભવંત
તે પૂછીશ હવે. ૭૦૫

આવો વિચાર કરી મને
પૂછશે જે સુંદર પ્રકારે,
તે સાંભળજો એકચિત્તે
કથા આગળ. ૭૦૬

પ્રાંજળ ઓવીઓને પ્રબંધે
નિરૂપણ કરીશ વિનોદે,
તે સાંભળો જ્ઞાનદેવ કહે
નિવૃત્તિપાદપ્રસાદે. ૭૦૭

સદ્ભાવની અંજલિ ભરીને
ઓવીરૂપ પુષ્પો સકળે—
સમર્પ્યાં છે ચરણયુગલે
વિશ્વરૂપને. ૭૦૮

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शनयोगो नाम एकादशोऽध्यायः ॥ ११ ॥

સગુણ-ગૌરવ

ગયા અધ્યાયમાં ભગવાને વ્યક્ત અને અવ્યક્ત એવાં પોતાનાં બન્ને રૂપો અર્જુનને દેખાડ્યાં. પરંતુ શ્રીકૃષ્ણના સગુણરૂપની નિત્યટેવ હોવાને લીધે, અર્જુનને તે જ રૂપ વધુ પ્રિય હતું. તેથી ધનંજયને, ગયા અધ્યાયને અંતે, પ્રભુએ પોતાનું વિશ્વરૂપ સંકેલીને શ્રીકૃષ્ણરૂપ દેખાડ્યું. તે જ વખતે અર્જુનના ચિત્તમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો કે વ્યક્ત અને અવ્યક્ત રૂપોમાંથી શ્રેષ્ઠ રૂપ કયું? પણ એ પ્રશ્ન પૂછતાં અર્જુન કંઈક ડરતા હતા. એટલે સંકોચ સાથે એમણે પ્રભુને પૂછ્યું કે વ્યક્તોપાસક અને અવ્યક્તોપાસક, એ બન્નેમાંથી ભગવંતને તત્ત્વતઃ કોણે જાણ્યા? પોતાની મૂળ ઇચ્છાને આડપ્રશ્નનું રૂપ આપ્યું, એટલે શ્રીકૃષ્ણે પ્રશ્ન કરવાની એની ખૂબીદાર છટા ઉપર સંતોષ પામીને આનંદથી ઉત્તર આપ્યો.

પ્રભુના સ્વરૂપસ્થાને સર્વ ઇન્દ્રિયો સહિત મનની મહોર મારીને જે ભક્ત જીવેભાવે ને રાતદિવસ પ્રભુને જ ભજે છે તે ભક્ત શ્રેષ્ઠ મનાય છે. સર્વત્ર સમદૃષ્ટિ રાખીને, યોગમાર્ગે નિરાકાર અવ્યક્તની ઉપાસના કરનાર, પ્રભુને નથી પામતા એવું નથી. તેઓ પણ ભગવંતને પામે છે. છતાં અવ્યક્તોપાસક કરતાં વ્યક્તોપાસક સારા. એનો અર્થ એવો છે કે ભક્તિમાર્ગ ઘણો સરળ છે. તે સગુણ ભક્તિના માર્ગને છોડીને નિર્ગુણમાં આસક્તિવાળો યોગનો જે માર્ગ છે તે અત્યંત કઠણ છે. એનું કષ્ટ વેઠ્યા છતાં વિશેષ કશું મળતું નથી. પતિ મર્યા પછી સતી અગ્નિમાં સહગમન કરે છે, તેના અવ્યક્તનો માર્ગ વધુ કષ્ટદાયક છે. સતીને તો બીજે જન્મે તે જ પતિ મળવાની આશા છે. પરંતુ નિર્ગુણ નિરાકારમાં તો શૂન્ય જ છે.

ભક્તિમાર્ગમાં આ દુ:ખદાયક કષ્ટ નથી. ઊલટું એ માર્ગમાં સાધકોનું રક્ષણ કરનાર પ્રભુ સદાસર્વદા તૈયાર છે. વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે પોતાને જીવનમાર્ગે આવેલાં કર્મો, યથોચિત અને ફળાસક્તિ છોડીને જો તેઓ કરે અને શરીર, વાણી તથા મન વડે થનારા વ્યાપારો પરમાત્મા પ્રીત્યર્થ થાય, તો તેના સાધકને પ્રભુપ્રાપ્તિ અનાયાસે થાય છે. આવા ભક્તો પ્રભુને અતિશય પ્રિય છે. તેમના યોગક્ષેમનો ભાર પ્રભુ ઉપાડે છે. એટલું જ નહીં, કઠણ સંસારસાગરમાંથી પોતાની લીલા વડે તેને પાર કરે છે. એટલે ભગવાન અર્જુનને ભક્તિમાર્ગનું અવલંબન કરવા કહે છે.

નિશ્ચલ કરનારી બુદ્ધિ અને સંકલ્પવિકલ્પ કરનારું મન એ બન્ને પ્રભુપ્રેમથી ભરાઈ જાય તેનું નામ ભક્તિ. મન અને બુદ્ધિ જો પ્રભુપ્રેમમાં ડૂબી જાય તો દેહાભિમાન ધરનારી વૃત્તિ, દેહને છોડીને, પ્રભુ પ્રતિ વળે છે. પરંતુ એકદમ આમ થવું શક્ય નથી. મનને પ્રભુની પ્રિયતાની લગની લગાડવી જોઈએ. આનું જ નામ અભ્યાસ. આ અભ્યાસને બળે અસાધ્ય વસ્તુ સાધ્ય બને છે.

પોતે કર્મ કરવાં અને તેનું કર્તૃત્વ પ્રભુને અર્પવું એ પણ જેનાથી ન થાય તેને માટે બીજો સરળ ઉપાય પ્રભુ બતાવે છે. કર્મો પ્રભુને અર્પણ ન થાય તોય ચાલે, પણ તેનું કર્તૃત્વ તેણે પોતે ન લેવું. એવી વૃત્તિ જો સ્થિર થાય તો તેવાને માટે પુનર્જન્મમાં સુખદુઃખના ભોગ સિલક રહેતા નથી. એનાથી એક જ જન્મમાં બધા જન્મોનું નિરાકરણ થાય છે. આ રીતે અભ્યાસ, જ્ઞાન, ધ્યાન અને કર્મફળ-ત્યાગ એવાં પગથિયે પગથિયે ચડીને તેઓ સર્વશ્રેષ્ઠ બ્રહ્મદશાને પામે છે.

પરમાત્મા સાથે એક થયા પછી, ભક્તોને પોતાનો-પરાયો ભાવ નહીંવત્ થઈને દ્વેષ નષ્ટ થાય છે. સર્વ પ્રાણીમાત્ર સાથે તેને મૈત્રી થાય છે. તેમના ઉપર તે કૃપા કરે છે. જગત એના ઉપર ચિડાય તોય તેને ક્રોધ આવતો નથી. આવા આત્મસાક્ષાત્કારી મહાત્મા ભક્તને લાભ થયો તોય શું, અને હાનિ થઈ તોય શું! તે સદાસર્વદા સંતુષ્ટ, નિરપેક્ષ અને નિર્દ્વંદ્વ સ્થિતિમાં રહે છે. પોતે મુક્ત થઈને, એ મુક્તિ ભક્તિ દ્વારા જગતને ધરવી તે જ તેનો ધર્મ થઈ રહે છે. એવા ભક્તના સહવાસથી ગંગાદિ તીર્થો પણ પવિત્ર થાય છે, એટલું જ નહીં પણ પરિપૂર્ણ એવા પ્રભુ પોતેય તેની સગુણ ભક્તિથી એટલા આનંદિત થઈ જાય છે કે પોતાનાં અચક્ષુ, અનેત્ર, અહસ્ત અને અપાણિ એવી મૂળ સ્થિતિ બાજુએ મૂકીને, સાકાર બની, ભક્તના જીવનઆરે, ચારેય પુરુષાર્થ કરતાં શ્રેષ્ઠ એવી પ્રેમભક્તિનું સુખ ભગવાન ભોગવે છે. આવા ભક્તો પ્રભુને પ્રાણ કરતાંય પ્રિય હોય છે.

અધ્યાય બારમો

ભક્તિયોગ

જય જય અંબે શુદ્ધે,
હે ઉદાર, હે પ્રસિદ્ધ,
અનવરત જે આનંદે
વરસી રહે. ૧

વિષયવ્યાળો આલિંગને
આવેલી મૂર્ચ્છા ન દૂર થાયે,
તે તારી કૃપાદૃષ્ટિયે
થાય વિષમુક્ત. ૨

ત્યાં ત્રિવિધ તાપ કોને દહે,
શોકાગ્નિ કોને કેમ બાળે,
જ્યાં પ્રસાદરસ કલ્લોલે
ઊછળો તમે. ૩

યોગસુખનો મહોત્સવ
આપે તું સેવકને અનન્ય,
સોહંસિદ્ધિનો તેનો છંદ
પૂર્ણ કરો તમે. ૪

આધારશક્તિને અંકે
ઉછેરો તમે સકૌતુકે,
હૃદયાકાશને પારણે
હીંચોળો આત્મબોધે. ૫

આત્મજ્યોતિ વડે ઓવારો,
મનપવન રમકડાં આપો,
આત્મસુખના અલંકારે
શણગારી આપો. ૬

સત્તરમીનું સ્તન્ય પાઓ,
અનાહત હાલરડાં ગાઓ,
સમાધિબોધમાં સુવાડો
સંતોષ આપી. ૭

એટલે તું સાધકોની માત,
તારા ચરણે ઊમટે સારસ્વત,
એટલે હું ન છાંડું છાયા
માવડી તારી. ૮

અહો સદ્ગુરુની કૃપાદૃષ્ટિ
જો આશ્રય લે કરુણા મહીં,
તે સકળ વિદ્યાઓની સૃષ્ટિ
નીપજાવે સહજે. ૯

એટલે હે અંબે શ્રીમંતે,
નિજ જનોની કલ્પલતે,
હવે આદેશ આપો મને
ગ્રંથ નિરૂપવા. ૧૦

નવ રસોનો સર્જાવો સાગર,
ઉચિત રત્નોનો ઉઘાડો ભંડાર,
ભાવાર્થોના ઊંચા ગિરિવર
કરાવો નિર્માણ. ૧૧

સાહિત્ય સુવર્ણની ખાણે
ઉઘાડો મરાઠીની ક્ષોણિયે,
વિવેકવલ્લીની થવા દેજો
રોપણી સર્વત્ર. ૧૨

સંવાદફળ નિધાન,
પ્રમેયોનાં ઉદ્યાન,
થવા દો સર્વત્ર ગહન
નિરંતર અહો. ૧૩

પાખંડની કંદરાઓ,
વ્યર્થવાદની આડવાટો,
કુતર્કના દુષ્ટ સાવજો
કરો નષ્ટ. ૧૪

શ્રીકૃષ્ણ ગુણવર્ણને
સર્વત્ર સફળ કરો મને,
આપો સામ્રાજ્ય શ્રોતાઓને
એકાગ્ર શ્રવણનું. ૧૫

મરાઠી ભાષાને નગરે
બ્રહ્મવિદ્યાનો સુકાળ કરો,
બ્રહ્મસુખની લેવડદેવડ
થવા દો આ જગે. ૧૬

તું પોતાના સ્નેહપાલવે
ઢબૂરી લે સદૈવ મને,
તો હમણાં જ આ સકળે
કરું નિર્માણ. ૧૭

આ સાંભળતાં બરોબરે
ગુરુ કૃપાદૃષ્ટિયે અવલોકે,
કહે ગીતાર્થ કરવા માંડે
ન બોલે બહુ. ૧૮

ત્યાં જી જી મહાપ્રસાદ
કહે સાચે જ થયો આનંદ,
હવે નિરૂપીશ પ્રબંધ
અવધાન આપો. ૧૯

હવે સકળ વીરાધિરાજ
જે સોમવંશે વિજયધ્વજ,
તે બોલતો થયો આત્મજ
પાંડુનૃપનો. ૨૦

કૃષ્ણને કહે, પ્રભુ સાંભળો,
વિશ્વરૂપ દેખાડયું અહો,
તે અપૂર્વ એટલે થયું હતું
ચિત્ત ભયભીત. ૨૧

આ કૃષ્ણરૂપને સહવાસે,
જોવાની ઇચ્છા જન્મી જીવે,
ત્યાં મના કરીને જગદીશે
વાર્યો મને. ૨૨

અહો વ્યક્ત અને અવ્યક્ત,
તમે એક જ છો નિર્ભ્રાંત,
ભક્તિ વડે મળે વ્યક્ત,
અવ્યક્ત યોગાભ્યાસે. ૨૩

આ ઉભય છે માર્ગ
તને પામવા વૈકુંઠનાથ,
ઓળંગીને વ્યક્તાવ્યક્ત
અવાયે તુજ કને. ૨૪

હોયે સો ટચના સુવર્ણની લગડી
કે એક વાલ કરાયે તે વેગળી—
તેમ વ્યાપક રહો કે એકદેશી
યોગ્યતા સમાન. ૨૫

અમૃતને જી સાગરે
જે શ્રેષ્ઠ સામર્થ્ય નિવસે,
તે જ અમૃતલહરી આપે
અંજલિયે સેવતાં. ૨૬

મુજ ચિત્તે સાચે જ એની
થઈ છે સુસ્પષ્ટ પ્રતીતિ,
પણ પૂછવું છે યોગપતિ
એક જાણવા. ૨૭

તમે કૌતુકે ઘડીભર એક
જે અંગીકાર્યું વ્યાપક,
તે સત્ય હતું કે લીલામય
જાણવું મારે. ૨૮

તે તુજ કાજે કરે કર્મ,
તું જ એક જેમનું પરમ,
ભક્તિ કરવા મનોધર્મ
સમર્પ્યા સકળ. ૨૯

ઇત્યાદિ સર્વ પ્રકારે
જે ભક્ત શ્રીહરિ તમને—
સંઘરીને અંતઃકરણે
ઉપાસના કરે. ૩૦

અને જે પ્રણવને પેલે પારે,
વૈખરીથી અગોચર જે,
કોના જેવું ના કહેવાયે,
જે વસ્તુરૂપ નથી. ૩૧

તે અક્ષર અને અવ્યક્ત,
જે નિર્દીપ દેશરહિત,
જે સોહંભાવે જ આરાધ્ય
જ્ઞાનીઓ માને. ૩૨

તે જ્ઞાનીઓ અને ભક્ત
આ બન્નેમાં શ્રીઅનંત,
કોણે યોગનું ગૂઢતત્ત્વ
જાણ્યું તે કહો. ૩૩

સાંભળીને પાર્થના બોલ
સંતોષ પામ્યા જગન્નાથ,
કહે: જાણે તું યોગ્ય પ્રશ્ન
કઈ રીતે પૂછવો. ૩૪

તો આથમણીને કંઠપ્રદેશે
સૂર્યબિંબ જ્યારે વળગે,
ત્યારે તેની સાથે જ સંચરે
કિરણો જેમ. ૩૫

કાં વર્ષાઋતુએ સરિતા
પુરજોશે ઊછળે પાંડુસુતા,
તેવી નિત્યનૂતન ભજનમાં
પ્રગટે શ્રદ્ધા. ૩૬

થયા પછી જેમ સમુદ્રમિલન
પ્રવાહો પાછા ના પ્રવેશે અનિવાર,
તે ગંગાની જેમ પ્રેમસભર
ઉપાસના જેહની. ૩૭

જે સર્વ ઇન્દ્રિયો સહિત
મુજ મહીં મૂકીને ચિત્ત,
જે અહોરાત્રિ અખંડિત
આરાધે મને. ૩૮

આવા પ્રકારે જે ભક્ત
મુજમાં થાય છે સમર્પિત,
તે જ પરમ યોગયુક્ત
હું માનું છું. ૩૯

અને અન્ય પણ જે પાંડવ
સોહંભાવે થાય આરૂઢ,
નિરવયવે અક્ષરબ્રહ્મે
જે સમરસ. ૪૦

મન જ્યાં જરા ન સ્પર્શે,
જ્યાં બુદ્ધિ તો પળ ના પ્રવેશે,
ત્યાં ઇન્દ્રિયો કવણ ઉપાયે
પહોંચશે બાપ. ૪૧

અરે ધ્યાન માટે અગમ્ય જે,
વિશિષ્ટ દેશે જે ન સાંપડે,
વ્યક્ત સૃષ્ટિમાંયે ન પમાયે
કોઈ ઉપાયે. ૪૨

જેનું સર્વત્ર સર્વપણે
સર્વકાળે હોવું ઘટે,
જે જોઈને સહજ થાયે
ચિંતવન ઉદાસ. ૪૩

જે ન ઊપજે ન વિનાશે,
જેને હોવું-લોપવું ન સ્પર્શે,
એટલે જે કદી ન પમાયે
ઉપાયો વડે. ૪૪

જે ન ચળે, ન ઢળે,
જે ન ખૂટે, મલિન ન થાયે,
જે નિજમાં જ નિજ બળે
મેળવી જેમણે. ૪૫

જે વૈરાગ્ય મહાપાવકે
વિષયોનાં કટક બાળે,
જે ઇન્દ્રિયો સકળ નિરોધે
દાઝેલી વૈરાગ્યે. ૪૬

પછી સંયમને માર્ગે
બાળે અંતર્મુખ કરીને,
અને પૂરી દે વેગે તેમને
હૃદયની ગુફામાં. ૪૭

જે અપાનને મુખે
આસન-મુદ્રાની યુક્તિએ,
વજ્રબંધનો બાંધે
દુર્ગ દુર્ગમ. ૪૮

આશાના બંધ તોડે,
ભયના આધાર મોડે,
નિદ્રાનો સર્વથા નાશે
અંધકાર. ૪૯

વજ્રાગ્નિની જ્વાળાએ
સપ્ત ધાતુની હોળી કરે,
પછી વ્યાધિઓનાં મસ્તકે
યંત્રપૂજા કરે. ૫૦

પછી કુંડલિનીની મશાલ
શોભવે તેનું આધારચક્ર,
જેમાંથી નીપજતો આલોક
અજવાળે બ્રહ્મરંધ્ર પંથ. ૫૧

નવ દ્વારોના મુખ્ય કમાડે
આગળા સંયમના લગાડે,
જેથી ખુલ્લી થાય સહજે
સુષુમ્ણા-બારી. ૫૨

પ્રાણશક્તિ ચામુંડાને
દેઈ સંકલ્પોનાં સમર્પે,
મન-મહિષનું માથું અર્પે
આહુતિરૂપે. ૫૩

ચન્દ્રસૂર્ય ઐક્ય સાધે,
અનાહત નાદ વિશદ કરે,
જે વેગે જળ પ્રાશન કરે
સત્તરમી કલાનું. ૫૪

પછી મધ્યમાના મધ્ય વિવરે,
અને તેમાં કોતરેલા દાદરે,
યાત્રા કરી પામ્યું છેવટે
બ્રહ્મરંધ્ર. ૫૫

ત્યારે મકરાન્ત સોપાન
ઓળંગાયે મહા ગહન,
પછી વટાવીને ગગન
જે બ્રહ્મરૂપ થાયે. ૫૬

એવા જે સમબુદ્ધિ
ગળી જવા સોહંસિદ્ધિ—
પુરુષાર્થ આદરે નિરવધિ
યોગમાર્ગે. ૫૭

નિજની નિજતાને સાટે
શૂન્યરૂપ મેળવે એક પળે,
તે પણ મને જ પામે
હે ધનંજય. ૫૮

તેના સિવાય યોગબળે
અન્ય કાંઈ વિશેષ મળે,
નથી એવું પાર્થ અરે
કષ્ટમાત્ર અધિક. ૫૯

જે સકળ ભૂતોને હિતે
નિરાલંબે અવ્યક્તે,
ઘોર આસક્તિ ધારણ કરે
ભક્તિ વિના. ૬૦

તેના માર્ગે મહેન્દ્રાદિ પદ
કરે પદે પદે પ્રતિબંધ,
અને રિદ્ધિસિદ્ધિનાં દ્વંદ્વ
અવરોધે માર્ગ. ૬૧

કામક્રોધોના ઉપદ્રવ
ઊભા થાયે અનેકવિધ—
તેમનો પ્રતિકાર જાણે યુદ્ધ
શૂન્યતા જોડે. ૬૨

તરસે છિપાવવી તરસ,
કે ભૂખે આરોગવી ભૂખ,
કે અહોરાત્રિ માપવો પવન
બાહુ પ્રસારી. ૬૩

જાગૃતિને માનવી નિદ્રા,
નિરોધમાં ઉપભોગ માનવા,
વૃક્ષ સંગે સંબંધ બાંધવા
મૈત્રી તણા. ૬૪

શીત દેહે વીંટાળવું,
ઉષ્ણને ઓઢી લેવું,
વરસાદમાં વસવું
ઘર માનીને. ૬૫

કિંબહુના હે પાંડવ,
આ અગ્નિપ્રવેશ નિત્યનૂતન,
જે કરાયે ભરથારવિણ
યોગાભ્યાસમાં ૬૬

અહીં ન પતિનું નિમિત્ત,
કે નથી પિતાનું કાજ,
આ તો મરણ જોડે જુદ્ધ
નિત નિત નવું. ૬૭

એવું મરણ થકી તીખું,
કે પ્રાશવું વિષ ઊનું,
ડુંગર ગળવા જતાં શું
ફાટશે ન મુખ. ૬૮

એટલે યોગાભ્યાસને માર્ગે
હે સુભટ જે કોઈ નીકળે-
દુઃખ તેમને ભાગે
સહજ આવે. ૬૯

અરે જો લોઢાના ચણા
બોખાને પડે ખાવા,
તે ગણવું ઉદરભરણ
કે પ્રાણશુદ્ધિ. ૭૦

એટલે બાહુ વડે સમુદ્ર
ન તરાયે પાર્થ ક્યારે પણ,
અને ગગનમાં માંડી ચરણ
ન ચલાયે કદી. ૭૧

સમરાંગણની ધરતાં વાટ
શું ન પડશે સહેવા આઘાત,
શું સ્વર્ગલોકે મળશે પ્રવેશ
ઘા સહ્યા વિના. ૭૨

એટલે જે પાંગળો હોયે
તે વાયુ જોડે સ્પર્ધા ન કરે,
દેહવંત જીવથી તેમ ન થાયે
અવ્યક્તે ગતિ. ૭૩

એવું હોવા છતાં સાહસ
બાંધીને આકાશગમન-
કરવા નીકળે તે કલેશ
પામે નિશ્ચયે. ૭૪

અને અન્ય જે અર્જુન
તે ન પામે દુઃખ કઠણ,
જે પ્રેમભાવે ભક્તિપંથ
અવલંબી રહે. ૭૫

કર્મેન્દ્રિયો વડે સુખપૂર્વક
જે કર્મો આચરે અશેષ,
જે વર્ણવિભાગે વિહિત
તેમને ભાગે. ૭૬

વિધિનું પાલન કરે,
નિષેધને સહેજે ત્યજે,
મદર્પણ કરીને બાળે
કર્મફળો સકળ. ૭૭

દેખ આ પ્રમાણે,
પાર્થ જે મુજ અંતરે,
સંન્યાસીને નહીંવત્ કરે
પ્રારબ્ધકર્મો. ૭૮

અને અન્ય સકળ જે ભાવ–
કાયિક, વાચિક ને માનસિક,
તેમને નથી નથી રે મુજ વિણ
ગંતવ્યસ્થાન. ૭૯

એવા જે મદર્થે તત્પર,
કરે ઉપાસના નિરંતર,
ધ્યાનસ્થ રહી થયાં ઘર
મારાં અરે. ૮૦

જેમની એકનિષ્ઠ પ્રીત
કરે મુજ સંગે વ્યવહાર,
જેમણે ત્યજ્યા ભોગમોક્ષ
ગરીબડા ગણી. ૮૧

એ જે અનન્ય યોગે
વેચાયા કાયા-વાચા-મને,
તેમના ગમે તેવા કાજે
હું રહું તત્પર. ૮૨

કિંબહુના જે ધનુર્ધર
કરે માતઉદરે પ્રવેશ,
તે માતાનો પ્રેમભાવ
પામે જ નિશ્ચયે. ૮૩

તેમ જ હું તેમને
જેવા હશે તેવી દશાએ—
કળિકાળ નિર્દલન કરીને
અંગીકારું. ૮૪

આમ પણ ભક્તોને મારા
કેમ રહે સંસારની ચિંતા,
શા કાજે સમર્થની કાન્તા
માગશે ભિક્ષા. ૮૫

તેમ જે હોય ભક્ત
જાણવા તે મારા કલત્ર,
કરવા તેમનાં ગમે તે કાજ
શરમાઉં ન હું. ૮૬

જન્મમૃત્યુનાં ઉગ્ર તોફાને
ભૂતસૃષ્ટિ ગચકડિયાં ખાયે,
એ જોઈને મારા હૈયે
આમ થાય છે. ૮૭

ભવસિંધુનાં મોજાંએ
કોને અરે ભય ન લાગે,
ત્યાં મારા પ્રેમી હોય જે
કદાચ ડરશે. ૮૮

એટલે અરે હે પાંડવ
ધરીને પોતે સગુણરૂપ,
તેમનાં ગામેગામ
શોધવા દોડું હું. ૮૯

મારાં જે સહસ્રો નામ
તે જ સંસારે નૌકા જાણ,
કરીને તે તરવા સજ્જ
થાઉં નાવિક. ૯૦

એકલાં જેમને જોયાં
તેમને ધ્યાનમાર્ગે દોર્યાં,
પરિગ્રહીને ઊંચકી લીધાં
નામ-નાવડીએ. ૯૧

મુજ પ્રેમનું તુંબડું
એકને પેટે બાંધ્યું,
પછી લાવ્યો તીરે
સાયુજ્યના. ૯૨

અરે જે ભક્ત કહેવાયે
તે ચતુષ્પદ પણ સઘળે–
વૈકુંઠસુખ ભોગવવા કાજે
બનાવ્યા યોગ્ય. ૯૩

એટલે મુજ ભક્તોને કદા
હોય ન એક પણ ચિંતા,
તેમનો પોતે સમુદ્ધર્તા
હું જ સર્વદા. ૯૪

અને જે ક્ષણે ભક્તિમાર્ગે
પરોવે ચિત્તવૃત્તિ સમગ્ર—
તે ક્ષણથી સર્વ વ્યવહારે
વ્યવહારુ હું. ૯૫

આ કારણે હે ભક્તરાજ
આ મંત્ર તારે પાંડુસુત
સેવવો, જો ભક્તિપંથ
જીવવો હશે. ૯૬

કરીને એકાગ્ર માનસ
મુજ સ્વરૂપે વૃત્તિ સહિત,
પરોવે તું સંદેહરહિત
બુદ્ધિ સુનિશ્ચયે. ૯૭

આ બન્ને સમાન રૂપે
મુજ માંહે પ્રેમભાવે,
પ્રવેશે તો તું પામશે
મને ખચીત. ૯૮

જે મનબુદ્ધિ અહીં
ઘર કરે મુજ મહીં,
તો રહેશે પછી કાંઈ
હું-તું ભેદ. ૯૯

એટલે ઓલવાતાં દીપ
સાથે જ લોપે સર્વ તેજ,
કાં આથમતાં સૂર્યબિંબ
લોપે પ્રકાશ. ૧૦૦

પ્રાણ દેહથી નીકળે જ્યારે
ઇન્દ્રિયોનું જીવન ઓસરે,
તેમ મનબુદ્ધિની સાથે સાથે
જાય અહંકાર. ૧૦૧

એટલે મારે સ્વરૂપે
મનબુદ્ધિ તું સ્થિર કરે,
એથી તું સર્વવ્યાપી થાશે
પાર્થ મુજ રૂપ. ૧૦૨

આ જે અહીં બોલાયે
તે ક્યારે ન અન્યથા હોયે,
પોતાની આણ દઈને
કહું છું તને. ૧૦૩

અથવા આ ચિત્ત
મનબુદ્ધિ સહિત,
મુજ હાથે અચુંબિત,
જો ન આપી શકે. ૧૦૪

તો કરે બાપ તું એક
અષ્ટ પ્રહરોમાંથી નિમિષ,
એકાગ્ર ભાવે આપજે એક
મને પાર્થ. ૧૦૫

પછી જે જે અરે નિમિષ
અનુભવાશે સાયુજ્યસુખ,
તેમ તેમ નીપજશે વિરાગ
વિષયો વિશે. ૧૦૬

જેમ ઉદિત થતાં શરદઋતુ
સરિતાનાં જળ ઓસરે,
તેમ ચિત્ત વિમુખ થશે વેગે
પ્રપંચમાંથી. ૧૦૭

પછી પૂનમથી જેવી રીતે
શશીનું બિંબ દિવસે દિવસે
ક્ષય થઈ અમાસી રાત્રે
થાય નહીંવત્. ૧૦૮

તેમ ભોગોમાંથી નીકળતું
ચિત્ત મુજ મહીં પ્રવેશતું,
હળવે થાશે પાંડુસુત
મદ્રૂપ અરે. ૧૦૯

જે અભ્યાસયોગ કહેવાયે
તે આ જ એમ જાણવું તે,
એનાથી નીપજી ન શકે
એવું કાંઈ નથી. ૧૧૦

કારણ અભ્યાસને બળે
કોઈ આકાશગામી બને,
વ્યાઘ્ર-સર્પના સ્વભાવ બદલે
કોઈ અન્ય. ૧૧૧

અભ્યાસે વિષનો આહાર કરાયે,
સમુદ્રે ચાલવા કેડી કંડારાયે,
કોઈ અભ્યાસે મુખસ્થ કરે
સમગ્ર વાગ્બ્રહ્મ. ૧૧૨

એટલે અભ્યાસે કાંઈ
સર્વથા દુષ્કર નાહીં,
એટલે મુજ રૂપ માંહીં
અભ્યાસે મળાયે. ૧૧૩

હવે અભ્યાસ કાજે પણ
જો ન હોયે તારામાં કસ,
તો રહે જેવો છું તેવો
સહજ ભાવે. ૧૧૪

ન કરે ઇન્દ્રિયોનો નિગ્રહ,
ન ત્યજે ભોગોનો ઉપભોગ,
ન છોડે અરે અભિમાન
સ્વજાતિકુળનું. ૧૧૫

કરે કુળધર્મનું પાલન,
સાચવે વિધિનિષેધ વિધાન,
આપી છે તને મોકળાશ
વર્તવા નિજ છંદે. ૧૧૬

પણ મને-પ્રાણે-દેહે
જેવો જે વ્યાપાર હોયે,
તે હું કરું છું, ન કહે
એવું તું કદી. ૧૧૭

કરવું અથવા ન કરવું
એ સકળ જાણે તે પ્રભુ,
જેના વડે વિશ્વ ચાલતું
તે પરમાત્મા. ૧૧૮

કર્મ ઊણાં પડ્યાં કે પૂરાં
એવા ભાવ ચિત્તે ન આણવા,
કર્મરૂપ થવા દેવા
જીવપ્રાણ. ૧૧૯

માળી જેના ભણી લઈ જાયે
ત્યાં નિરાંતે સહજે જાયે,
તે પાણી જેવા થવા દેવા
જીવપ્રાણ. ૧૨૦

એટલે પ્રવૃત્તિ કે નિવૃત્તિ
એવો ભાર ન સહે મતિ,
અખંડ રહે નિજ ચિત્તવૃત્તિ
મુજ સ્વરૂપે. ૧૨૧

આમ પણ જુએ સુભટ
દક્ષિણ છે કે વામ,
શું રથ કરે ખટપટ
જાણવાની. ૧૨૨

અને જે જે કર્મ નીપજે
તે ઊણું કે અધિક ન ગણીએ,
શાંત ભાવે સર્વ સમર્પીએ
મુજને અરે. ૧૨૩

આમ રહેતાં સદ્ભાવન
દેહવિલયે હે અર્જુન,
પામશે સાયુજ્ય-સદન
સાચે જ તું. ૧૨૪

અથવા આમ પણ તને
કર્મ સમર્પવાં ન ફાવે-
તો સુખેથી ભજન કરે
પાર્થ મારું. ૧૨૫

બુદ્ધિને અંદર કે બાહરે,
કર્મને આરંભે કે છેવટે,
મને સ્મરણે બાંધવો પણ તને
જો અઘરું લાગે- ૧૨૬

તો તે પણ રહેવા દે,
મારું અભિધ્યાન છાંડી દે,
પણ સંયમને માર્ગે પ્રવર્તો
બુદ્ધિ તારી. ૧૨૭

અને જે જે ઘડીએ,
જે સર્વ કર્મો નીપજે,
તેમનાં ફળો તે જ પળે
ત્યજતો રહે. ૧૨૮

વૃક્ષ અથવા વેલીઓ
ખરવા દે નિજ પુષ્પો-ફળો,
તેમ સિદ્ધ થતાં તારાં કર્મો
મૂકવી ફલાશા. ૧૨૯

પણ મુજને રાખવો ચિત્તે,
કાં મુજ ઉદ્દેશે કર્મો સકળે,
આ બધું જ તું રહેવા દે,
ફળ જવા દે શૂન્યે. ૧૩૦

જાણે વરસાદ વરસ્યો ખડકે,
કાં બીજ વવાયાં અગ્નિએ,
તેમ જ કર્મો સકળ માને
સ્વપ્ન સરીખાં. ૧૩૧

અરે પોતાની પુત્રી વિશે
જેમ નિરભિલાષા ચિત્ત વસે,
તેમ જ અશેષ કર્મો વિશે
થા તું નિષ્કામ. ૧૩૨

અગ્નિની જ્વાળા જેમ
આકાશે વ્યર્થ જ જાય,
તેમ ક્રિયાને વીખરવા દે
શૂન્યમાં તું. ૧૩૩

અર્જુન આવો ફલત્યાગ
ભાસશે અત્યંત સુલભ,
પણ યોગોમાં આ યોગ
અગ્રણી જાણ. ૧૩૪

આવા ફલત્યાગે જે ત્યજાયે
તે કર્મ ન ફલરૂપ થાયે,
એક જ વેળા ફળ આપીને
જેમ વાંસનું વૃક્ષ. ૧૩૫

તેમ આ જન્મે આ જ દેહે
શરીરમાં આવવું સરે,
કિંબહુના આવાગમન તે
થાય વિસર્જિત. ૧૩૬

કિંવા અભ્યાસને સોપાને
અર્જુન જ્ઞાન પ્રાપ્ત થાયે,
જ્ઞાન વડે પ્રવેશ પમાયે
ધ્યાનને ગૃહે. ૧૩૭

પછી ધ્યાનને જ આશ્લેષ
આપતાં થાય સર્વ ભાવ,
ત્યારે કર્મજાત સકળ
વિરમે સહજે. ૧૩૮

કર્મ જ્યાં વિરમે અરે
ત્યાં ફલત્યાગ આપમેળે-
ત્યાગ થયે શાંતિ પ્રગટે
અંગઅંગમાં. ૧૩૯

એટલે મેળવવા શાંતિ
આ જ ક્રમ સુભદ્રાપતિ,
અભ્યાસ એક પ્રસ્તુત અહીં
જાણવો બાપ. ૧૪૦

અભ્યાસે નીપજે ગહન
પાર્થ પછી આત્મજ્ઞાન,
જ્ઞાનને પરિપાકે ધ્યાન
ઉપલબ્ધ જાણ. ૧૪૧

પછી કર્મફળત્યાગ
તે ધ્યાન કરતાંયે પરમ,
એમ ત્યાગે નીપજે ભોગ
શાંતિસુખનો. ૧૪૨

એવી રીતે આ માર્ગે
આ જ સુભટ, ઉપક્રમે,
શાંતિના ગર્ભગૃહે
જઈ પહોંચ્યા જે. ૧૪૩

જે સર્વ ભૂતજાતે
રાગદ્વેષ ન જાણે,
પોતીકું-પરાયું ન હોયે
ચૈતન્યને જેમ. ૧૪૪

ઉત્તમને ધારણ કરવું;
અધમને અવગણવું,
એ ન જાણે સમૂળગું
વસુધા જેમ. ૧૪૫

અથવા રાજાનો દેહ રાખું,
રંકનો પેલી પાર ફેંકું,
એવું કહે ન ક્યારે કૃપાળુ
પ્રાણ પાર્થ. ૧૪૬

ગાયની તરસ છિપાવું,
વ્યાઘ્રને વિષ થઈ હણું,
ન જાણે એમ કદી કરવું
પાણી અરે. ૧૪૭

તેમ સકળ પ્રાણીમાત્રે
એકભાવે જે મૈત્રી રાખે,
થાયે કૃપાની જનેતા જે
પોતે અરે. ૧૪૮

હું-પણની વાત ન કરે,
પોતાપણું ક્યાંયે ન રાખે,
જે સુખદુઃખ ના જાણે
સદંતર. ૧૪૯

તેમ જ ક્ષમાની દૃષ્ટિએ
જે પોતે થયા પૃથ્વી અંગે,
સંતોષને નિજ ઉત્સંગે
પ્રતિપાળે જે. ૧૫૦

વર્ષાઋતુ વિણ સાગર
જેમ સર્વદા જળે સભર,
તેમ સંતુષ્ટ અખંડિત
ઉપચારો વિના. ૧૫૧

દઈને પોતાની આણ
સ્વાધીન રાખે અંતઃકરણ,
જેના વડે લાધે સાચપણ
નિશ્ચયને અરે. ૧૫૨

જીવ પરમાત્મા બન્ને
વિરાજે એકાસને,
જેમના હૃદયભુવને
ઐશ્વર્ય સહિત. ૧૫૩

એવા યોગથી સમૃદ્ધ
હોઈને જે અગાધ,
સમર્પે બુદ્ધિ ને મન
મુજ સ્વરૂપે. ૧૫૪

અંતરે-બાહરે યોગ
સાધવા છતાં અવ્યંગ,
મુજમાં જેને અનુરાગ
પ્રેમસહિત. ૧૫૫

અર્જુન તે જ ભક્ત,
તે જ યોગી ને મુક્ત,
તે કાન્તા હું જ કાન્ત,
એટલો મને પ્રિય. ૧૫૬

કિંબહુના મને તે ગમે
નિજ પ્રાણ કરતાં અધિકે,
એ કહેવું પણ ઊણું લાગે
વર્ણવવા જતાં. ૧૫૭

અરે પ્રેમી ભક્તોનું વર્ણન
ચિત્તે પાથરે નિજ વિસ્મરણ,
તે નથી રે બોલવા જોગ
પણ બોલાવે શ્રદ્ધા. ૧૫૮

એટલે પ્રેમવશ ચિત્તે
ઉપમા ઊપસી સવેગે,
આમ જોતાં વ્યક્ત થાયે
પ્રેમ શું વાણીમાં. ૧૫૯

હવે રહેવા દે ધનંજય
ભક્ત વિશેનો વાર્તાલાપ,
થાય બેવડી કરતાં વાત
પ્રીત મારી. ૧૬૦

તેમાં વળી હોયે આચિંતા
સંવાદ કરવા પ્રેમળ શ્રોતા,
તો કેમ કંટાળશે કદા
ચિત્ત પાર્થ. ૧૬૧

એટલે અરે હે પાંડસુત
તું જ શ્રોતા-પ્રેમી-સ્વજન,
અને વળી પ્રિયનું કથન
પ્રસંગવશ આવ્યું. ૧૬૨

હવે કરું ભક્ત નિરૂપણ,
ભલે પામ્યું ચિત્ત અનુપમ
સુખ, એમ કહી શ્રીકૃષ્ણ
લાગ્યા ડોલવા. ૧૬૩

પછી કહે રે જાણ
એવાં ભક્તનાં લક્ષણ,
જેમના કાજે પાથરું હું
હૃદયરૂપી આસન. ૧૬૪

તો સાગરનાં મોજાંયે
ભયભીત ન જળચર થાયે,
અને જળચરે જેમ ન ક્ષોભે
સિંધુ કદી. ૧૬૫

તેમ જગના ઉન્મત્ત વ્યવહારે
જેનું ચિત્ત ઉદ્વેગ ન પામે,
અને જેના સહજ વ્યવહારે
જગ ન ક્ષોભે. ૧૬૬

કિંબહુના હે પાંડવ,
અવયવોને જેમ શરીર,
તેમ ન કોઈથી ઉદ્દાસ
થાય કદી જે. ૧૬૭

જગત થયું નિજ દેહ
એટલે લોપ્યું પ્રિયાપ્રિય,
હર્ષક્રોધ થયા નિઃશેષ
દ્વૈત લોપતાં. ૧૬૮

એવો દ્વંદ્વથી મુક્ત
ભય-ઉદ્વેગરહિત,
અને છતાંયે અનુરક્ત
મુજ વિશે. ૧૬૯

એટલે મને ભક્તનો મોહ
કેમ કહું તે કેટલો પ્રિય,
અરે ભક્ત જીવે જોઈ જોઈ
સગુણ રૂપ મારું. ૧૭૦

જો નિજાનંદે સંતૃપ્ત
જે બ્રહ્માનંદ જાણે મૂર્ત,
પરિપૂર્ણતાનો તે સાક્ષાત્
વલ્લભ જાણ. ૧૭૧

જેના અંતઃકરણે પાંડવ
અપેક્ષાને ન મળે પ્રવેશ,
જેની ઉપસ્થિતિ વધારે
આત્મસુખ અન્યનું. ૧૭૨

મોક્ષ આપવા ઉદાર
કાશી નગર ખરેખર,
પણ અર્પવું પડે શરીર
મોક્ષ કાજે. ૧૭૩

દ્વાપમુક્ત કરે હિમાલય,
પણ પ્રાણોનો ત્યાં વિલય,
તેવું ન હોયે શુચિત્વ
સજ્જનનું અરે. ૧૭૪

પાવકોમાં ગંગા જ પાવક,
ત્યાં શમે સર્વ પાપતાપ,
પણ તોયે રહે ભય એક
બૂડવાનો. ૧૭૫

સંતમાં ઊંડાણ અપાર
પણ બૂડવાનો ભય ન લેશ,
સદેહે જ ત્યાં પ્રત્યક્ષ
લાધે મોક્ષ. ૧૭૬

સંતના અંગ સંગે
નિષ્પાપતા આવે ગંગે,
તે સંતનું વર્ણવાયે
શુચિત્વ કેમ. ૧૭૭

એટલે અરે જે એવો
શુચિત્વે તીર્થોનો આશ્રય હોયે,
જેણે મનોમેળ વિસર્જ્યા સકળ
દશ દિશાઓમાં. ૧૭૮

અંદર-બાહર વિમળ,
સૂર્ય જેવો નિર્મળ,
તત્ત્વાર્થ જુએ સર્વત્ર
પાદજન્માની જેમ. ૧૭૯

વ્યાપક અને ઉદાસ
જેવું અરે આકાશ,
તેવું જ જેનું માનસ
સર્વત્ર રહે. ૧૮૦

સંસારવ્યથાથી મુક્ત
જે વૈરાગ્યે શૃંગારિત,
વ્યાધથી જેમ વિહંગમ
છૂટ્યો અરે. ૧૮૧

તેમ જે સુખરૂપ સકળે,
ક્યારે પણ દુઃખી ન હોયે,
ગતાયુષને જેમ ન લાગે
લજ્જા કશાની. ૧૮૨

કર્મ આદરવા કાજે
અહંકાર ન જેના ચિત્તે
જેમ ઇંધન વિના શમે
અગ્નિ સહજે. ૧૮૩

તેમ મોક્ષાંગ જે ઉપશમ
વ્યાપે જેનું સંપૂર્ણ ચિત્ત,
જાણે ચાલીને આવે ઉપશમ
ચિત્તે જેના. ૧૮૪

અર્જુન અરે આ પ્રકારે
જે સોહંભાવે સભર હોયે,
તે દ્વૈતને પેલે પારે
જવા નીકળ્યો. ૧૮૫

અથવા ભક્તિસુખ કાજે
જે નિજને જ બે ભાગે-
વહેંચીને એક અંગે
સેવક થાયે. ૧૮૬

બીજા અંગને કહે દેવ,
પછી તેનું કરે ભજન,
દેખાડે ભજનશૂન્ય યોગીઓને
ભક્તિગૌરવ. ૧૮૭

અમને ભક્તનું વ્યસન,
ભક્ત અમારું નિજ ધ્યાન,
કિંબહુના પામીએ સમાધાન
ભક્તમિલને. ૧૮૮

તેને માટે જ રૂપ ધરવું,
તેને લીધે બ્રહલોકે વસવું,
જીવે-પ્રાણે ન્યોછાવર થવું
તેની જ ઉપરે. ૧૮૯

જે આત્મલાભ સમાન
કાંઈ ગણતો નથી સુમધુર,
એટલે ભોગ મળતાં સવિશેષ
ન થાય હર્ષિત. ૧૯૦

પોતે થયો વિશ્વરૂપ
એટલે લોપ્યો ભેદભાવ,
તેથી શમ્યો દ્વેષ સકળ
જેના હૃદયે. ૧૯૧

પોતાનું હોવાપણું સાથે જ
નષ્ટ ન થાયે કલ્પાંતે પણ,
એવું જાણીને ન કરે શોક
ગત જીવનનો. ૧૯૨

જેના કરતાં નથી કંઈ અન્ય
તે લાધ્યું નિજ રૂપે નિજમાં જ,
એટલે ન સ્પર્શે આકાંક્ષા
ચિત્તને જેના. ૧૯૩

આ સારું કે નરસું તે
એવા ભાવ ન જાગે ચિત્તે,
રાત્રિદિવસભેદ ન જાણે
સૂર્ય જેમ. ૧૯૪

એવો બોધરૂપ કેવળ
થઈને જીવે જે નિષ્કળ,
ઉપરાંત રહે ભજનશીલ
મુજ સ્વરૂપે. ૧૯૫

તો તેના જેવાં અન્ય
સગાંવહાલાં નથી જાણ,
નથી રે અમારે, લઉં આણ
તારી જ પાર્થ. ૧૯૬

પાર્થ જેહને હૃદયે
વૈષમ્યનો લેશ ન હોયે,
રિપુ અને મિત્રો બન્ને
સરખા જ તેને. ૧૯૭

ઘરનાંને અજવાળું આપે,
પારકાંને અંધારે રાખે,
આ બન્ને કરવું ન જાણે
દીપક જેમ. ૧૯૮

જે તોડવા કાજે ઘા કરે,
કે રોપણી કરી જે ઉછેરે,
સરખી જ છાયા બન્નેને
વૃક્ષ જેમ આપે. ૧૯૯

અથવા શેરડીનો સાંઠો
ઉછેરનાર માટે મીઠો,
અને કાપનારને કડવો
રસ ન આપે. ૨૦૦

શત્રુ-મિત્ર માટે તેવો
અર્જુન જેને ભાવ સરીખો,
માનાપમાને ચિત્તવૃત્તિ
જેની રહે સમાન. ૨૦૧

ત્રણેય ઋતુમાં સમાન
રહે જેમ ગગન,
તેમ રહે એક જ ભાવ
શીતોષ્ણમાં. ૨૦૨

દક્ષિણ કે ઉત્તરી મારુત
મેરુને સમાન પાંડુસુત,
તેમ સાધનારાં સુખેદુઃખે
મધ્યસ્થ જે રહે. ૨૦૩

મધુરતાએ ચંદ્રિકા
સરખી રહે રાયરંકા–
તેવો જે સકળ ભૂતે
વરતે સમભાવે. ૨૦૪

સકળ જગતને એક-
સમાન સેવ્ય જેમ ઉદક,
તેમ જેને ત્રણે લોક
પૃચ્છે અરે. ૨૦૫

જે બાહ્યાંતર સંગ
સર્વથા છાંડી વિષયરંગ,
એકાકી રહે વિસર્જી દેહ
નિજ દેહે અરે. ૨૦૬

જે નિંદાને ન ગણકારે,
સ્તુતિ થયે જે ન હર્ષે,
આકાશની જેમ રહે
સર્વદા નિર્લેપ. ૨૦૭

તેમ નિંદા અને સ્તુતિ
જે બેસાડે એક જ પંક્તિ,
અને વિચરે જે જનેવને
પ્રાણની ગતિએ. ૨૦૮

સત્ય મિથ્યા ઉભય
ન બોલે મૌની થાય,
જે અનુભવતાં ઉન્મની દશા
ધરાયે ના કદી. ૨૦૯

જે યથાલાભે ન તોપે,
અલાભે જેને દુઃખ ન સ્પર્શે,
પાવસ વિના જેમ ન સુકાયે
સાગર અરે. ૨૧૦

અને વાયુને એક સ્થાને
સ્થિર નિવાસ જેમ ન હોયે,
તેમ જે ક્યાંયે ન રાખે
સ્થિર આશ્રય. ૨૧૧

પોતે થઈને આકાશરૂપ
પવન કરે ગગને ચિરનિવાસ,
તેમ જેને જગત સકળ
વિશ્રામધામ. ૨૧૨

આ વિશ્વ જ મારું ઘર
એવી મતિ જેહની સ્થિર,
કિંબહુના સચરાચર
પોતે જે થયો. ૨૧૩

છતાં એ ઉપરાંત પાર્થ
જે ભજે મને આસ્થાપૂર્વક,
તેને હું ગણું નિજ મુકુટ
ધારું મસ્તકે. ૨૧૪

ઉત્તમ ભક્ત સામે મસ્તક
મારું નમે એમાં શું કૌતુક,
તેને સન્માને ત્રણે લોક
ચરણતીર્થ લઈને. ૨૧૫

શ્રદ્ધાવસ્તુને આદર
આપવાનો જણાયે પ્રકાર,
જો લાભે શ્રીસદાશિવ
સદ્‌ગુરુરૂપે. ૨૧૬

પણ હવે આ રહેવા દઈએ
પ્રશંસિતા શ્રીમહેશને,
આત્મશ્લાઘા જ થાશે
પર્યાયે પાર્થ. ૨૧૭

એટલે આ ઉચિત ન હોયે
એમ કહ્યું શ્રીરમાનાથે,
અર્જુન હું ધારું શિરે
એવા ભક્તને. ૨૧૮

જે ચોથી પુરુપાર્થસિદ્ધિ
હસ્તગત સહજે કરી,
નીકળે પ્રેમે ભક્તિપંથે
વહેંચવા જગે. ૨૧૯

હોય કૈવલ્યનો અધિકારી
ત્યાં ખોલે મોક્ષની પોટલી,
છતાં જળની જેમ પ્રવર્તે
કનિષ્ઠો ભણી. ૨૨૦

એટલે તેને નમસ્કારિયે,
મુકુટરૂપે મસ્તકે ધારિયે,
ચરણલાંછન રાખીએ
હૃદય ઉપરે. ૨૨૧

તેના ગુણોના અલંકારે
નિજ વાણીને શૃંગારીએ,
તેની કીર્તિ વડે સુખ લઈએ
શ્રવણનું અમે. ૨૨૨

તેને જોવાની ખેવનાએ
મુજ અચક્ષુને નેત્ર બને,
હાથે ધરેલાં કમળો વડે
કરું તેનું પૂજન. ૨૨૩

એ ઉપરાંત આ બે
ભુજાઓ આવ્યો લઈને,
આપવા આલિંગન નિરાંતે
મુજ ભક્તને. ૨૨૪

ભક્તસંગના આનંદ કાજે
મુજ વિદેહને દેહ ધરવો પડે,
કિંબહુના નિરૂપમ છે પાર્થ
ભક્ત વિશેનો પ્રેમ. ૨૨૫

ભક્ત છે અમારા મિત્ર
એમાં કશું ના વિચિત્ર,
અરે ભક્તોનું ચરિત્ર
સાંભળે જે. ૨૨૬

તે પ્રાણો કરતાંય પ્રિય
મારા થાય છે નિશ્ચય,
જે ભક્તોનાં ચરિત્ર
વખાણે અરે. ૨૨૭

અર્જુન આ જે સાદ્યંત
નિરૂપ્યો મેં પ્રસ્તુત,
તે ભક્તિયોગ સમસ્ત
યોગરૂપ જ. ૨૨૮

જેને હું પ્રીતિ કરું,
મને કે માથે ધરું,
એવી શ્રેષ્ઠતા ગરવી
જે દશાની. ૨૨૯

તે આ કથા રમ્ય,
અમૃતની ધારા ધર્મ્ય,
કરશે જે પ્રતીતિગમ્ય
શ્રવણ કરીને. ૨૩૦

તેમ જ શ્રદ્ધાપૂર્વક સાદરે
ભક્તિ જેને ચિત્ત વિસ્તરે,
ધારણ કરી જે અનુષ્ઠે
નિજ હૃદયે. ૨૩૧

આ નિરૂપી જેવી સ્થિતિ
તેવી જ જેમની ચિત્તસ્થિતિ,
પછી સુક્ષેત્રે જાણે થવી
ઉચિત રોપણી. ૨૩૨

પણ મને ગણીને પરમ,
એ અર્થે ધરીને પ્રેમ,
માને જે અરે સર્વસ્વ
સગુણ રૂપને. ૨૩૩

પાર્થ ઇહલોકે અહીં
તે જ ભક્ત તે યોગી,
ઉત્કંઠા લાગે જેમની
અહર્નિશ મને. ૨૩૪

તે તીર્થ તે ક્ષેત્ર,
આ જગે તે જ પવિત્ર,
ભક્તિકથાનો પ્રેમ
જેમને ચિત્તે. ૨૩૫

અમે કરીએ તેમનું ધ્યાન,
તે અમારું દેવતાર્ચન,
તેમના વિના અન્ય
કશું જ ન ગમે. ૨૩૬

તેમનું અમારે વ્યસન,
ભક્ત મારું નિધિનિધાન,
કિંબહુના સમાધાન
તેમના મિલને. ૨૩૭

એવા પ્રેમીઓની વારતા
જે અનુવાદે પાંડુસુતા,
તેને માનીએ પરમ દેવતા
નિજ જીવને. ૨૩૮

એવું નિજજનાનંદ,
તે જગદાદિકંદ,
બોલ્યા શ્રીમુકુંદ,
સંજય કહે. ૨૩૯

હે નૃપ ! જે નિર્મળ,
નિષ્કલંક લોકકૃપાળુ,
શરણાગતા સ્નેહાળુ,
શરણ્ય જે. ૨૪૦

જે સુરસહાયશીલ,
જે લોકલાલનલીલ,
પ્રણતોનું પાલન,
લીલા જેહની. ૨૪૧

જે ધર્મકીર્તિ ધવલ,
અગાધ દાતૃત્વે સરળ,
અતુલ બળે જે પ્રબળ
બલિબંધન. ૨૪૨

જે ભક્તજનવત્સલ,
જે પ્રેમળજનપ્રાંજલ,
તે સત્યસેતુ સકળ
કલાનિધિ. ૨૪૩

તે શ્રીકૃષ્ણ વૈકુંઠના,
ચક્રવર્તી નિજ જનોના,
કહે અને સાંભળે બીજા
ભાગ્યવંત પાર્થ. ૨૪૪

હવે અહીંથી આગળે
જે પ્રકારે તે નિરૂપશે,
સંજય કહે અવધારે
ધૃતરાષ્ટ્ર બાપા. ૨૪૫

તે જ રસાળ કથા
મરાઠીમાં અન્ય રૂપા,
આવશે હવે આપવા
અવધાન વિનવું. ૨૪૬

જ્ઞાનદેવ કહે તમોને
વંદન કરાયે સંતોને,
એ શીખવાડ્યું સ્વામીએ,
નિવૃત્તિદેવે. ૨૪૭

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અકર્તાની કરણી

તેરમા અધ્યાયમાં દેહ અને દેહી, જે સત્તા વડે ચાલે છે તે પુરુષનો વિચાર થયો છે. એને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિચાર પણ પ્રભુએ કહ્યો છે. આ શરીરને ક્ષેત્ર કહેવાય છે તે શા માટે કહેવાય છે, તે શું છે અને તેના ઉપર કોની સત્તા છે એને વિશેનું જ્ઞાન પ્રભુએ અર્જુનને વિશદતાથી વિસ્તૃતરૂપે આપ્યું છે. આ શરીર ઉપર કોની સત્તા છે તે વિશે અંતિમ નિર્ણય થતો નથી. જીવવાદી, પ્રકૃતિવાદી, સંકલ્પવાદી, સ્વભાવવાદી અને કાળવાદી એ સર્વેએ પોતપોતાની રીતે એનો નિર્ણય આપવાનો પ્રયત્ન કર્યો છે. દરેક કહે છે કે એમનો નિર્ણય સાચો છે. પરંતુ દેહ કોની માલિકીનો છે તે કોઈનેય કળાયું નથી. એટલે સુધી કે વેદમાં બૃહત્સામસૂત્ર એનો નિર્ણય હજી સુધી કરી શક્યું નથી. તે ક્ષેત્ર વિશે પ્રભુએ અર્જુનને કહેવા માંડ્યું.

આ શરીર છત્રીસ તત્ત્વોનું બનેલું છે : પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો, છઠ્ઠો અહંકાર, સાતમી બુદ્ધિ, આઠમું અવ્યક્ત, નવથી અઢાર તે કાન, નાક, આંખ, ત્વચા અને જીભ, એ પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા હાથ, પગ, વાણી, ઉપસ્થ અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિયો. ઓગણીસમું મન, વીસથી ઓગણત્રીસ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો દ્વારા જ્ઞાન બહાર જાય છે. તે જ પ્રમાણે ચાલવું, બોલવું, લેવુંદેવું, મળમૂત્રનો ત્યાગ કરવો એ કર્મેન્દ્રિયોના પાંચ વિષયો છે. ત્રીસમી ઇચ્છા, એકત્રીસમો દ્વેષ, બત્રીસમું સુખ, તેત્રીસમું દુઃખ, ચોત્રીસમી ચેતના, પાંત્રીસમી કૃતિ. ઉપરનાં પાંત્રીસ તત્ત્વોના સમુદાયને સંઘાત કહે છે. આ છત્રીસ તત્ત્વો મળીને શરીર તૈયાર થાય છે. આ શરીરમાં પાપપુણ્ય નિર્માણ થાય છે. એટલે તેને કૌતુકથી ક્ષેત્ર કહેવામાં આવે છે. તેની વ્યાપ્તિ એટલી છે કે સ્થાવરથી માંડી પરબ્રહ્મની આ બાજુની સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિનો એમાં સમાવેશ થાય છે.

હવે અત્યંત મહત્ત્વનું જે જ્ઞાન તેનો વિચાર ભગવાન કહે છે. આ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તપસ્વી, યોગી, મુનિ અને વેદાધ્યયની પોતપોતાની સાધનાની પરાકાષ્ઠા વડે પુરુષાર્થ કરી રહ્યા છે. હૃદયમાં આ જ્ઞાન ઉત્પન્ન થયું કે ઇન્દ્રિયોની ક્રિયા પલટાય છે. જે અઢાર લક્ષણો વડે તે ઓળખાય છે, તે ભગવાન શ્રીકૃષ્ણે અહીં કહ્યાં છે : (૧) અમાનિત્વ, (૨) અદંભિત્વ, (૩) અહિંસા, (૪) શાંતિ, (૫) આર્જવ, (૬) ગુરુભક્તિ, (૭) શુચિત્વ, (૮) સ્થૈર્ય, (૯) અંતઃકરણ-નિગ્રહ, (૧૦) વૈરાગ્ય, (૧૧) અનહંકાર, (૧૨) જન્મમૃત્યુ, જરાવ્યાધિ અને દુઃખદોષનું અનુદર્શન, (૧૩) અનાસક્તિ, (૧૪) સમચિત્ત, (૧૫) અવ્યભિચારી ભક્તિ, (૧૬) એકાંતપ્રિયતા, (૧૭) અધ્યાત્મજ્ઞાન-નિત્યત્વ, અને (૧૮) તત્ત્વજ્ઞાનાર્થ-દર્શન.

પ્રભુએ કહેલાં જ્ઞાનનાં આ અઢાર લક્ષણો જ્ઞાનેશ્વર મહારાજે વિશદતા અને રસિકતાથી વર્ણવ્યાં તે સાંભળીને શ્રોતાઓ અત્યંત આનંદિત થયા. જ્ઞાનનાં લક્ષણો વર્ણવ્યા પછી અજ્ઞાનનાં લક્ષણો પણ ટૂંકમાં વર્ણવ્યાં છે. અજ્ઞાની ગર્વથી ફુલાય છે. પુણ્યકર્મની દાંડી પીટે છે. જગતને પીડા અને દુઃખ આપે છે. દુઃખથી આકુળ-વ્યાકુળ થાય છે. પ્રામાણિકતાનો ઢોંગ કરે છે. ગુરુ પાસેથી મેળવેલી વિદ્યાનો દુરુપયોગ કરે છે. મન એનું અમંગળ ક્રિયામાં રાચે છે. લાભ માટે ગમે તે કરે છે. મનોનિગ્રહ તેને હોતો જ નથી. વિષયભોગથી અકળાતો નથી. સ્ત્રીપુત્રાદિક સંસારમાં ગૂંચવાયેલો રહે છે. જરાવ્યાધિનો વિચાર કરતો નથી. આત્મદર્શન કરાવનારાં યોગ-શાસ્ત્ર અને ઉપનિષદ્ પાસે તે ઢૂંકતો નથી.

હવે અજ્ઞાનનાં લક્ષણો કહીને ભગવાન શ્રીકૃષ્ણનાથ જ્ઞેય વિશે કહે છે. પરમાત્મવસ્તુને જ્ઞેય કહે છે. તે જ્ઞેય નિરાકાર અને રંગરૂપરહિત છે. તે કોઈ ઉપાયે પ્રાપ્ત થતું નથી. પંચમહાભૂતમાંના ગુણો, વિકાર અને ઇન્દ્રિયોને તેની સત્તાનો આધાર છે. ત્રણેય ગુણોને પાર કરીને ગુણાતીત થવાય તો જ તે સાક્ષાત્ થાય છે. સઘળે એક જ આત્મા છે. પરંતુ બુદ્ધિને તે પટતું નથી. એટલે ક્ષેત્ર, જ્ઞાન, અજ્ઞાન અને જ્ઞેય એવા ચાર ભેદ પ્રભુએ બતાવ્યા છે.

ભગવાન આગળ કહે છે કે ઉપર જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું વર્ણન કર્યું તે જ સાંખ્યશાસ્ત્રમાં પ્રકૃતિ અને પુરુષ કહેવાય છે. પ્રકૃતિમાં ઉત્પન્ન થયેલાં સુખદુઃખ તેના ભર્તા પુરુષને ભોગવવાં પડે છે એવું દેખાય છે. પણ વાસ્તવિક રીતે તો પુરુષ નિરાકાર, નિર્ગુણ, અકર્તા અને અભોક્તા છે. ગુણમયી પ્રકૃતિ તેનું સર્વસ્વ બનીને સંસાર કરાવે છે. પણ પુરુષને તો જન્મ પણ નથી, ભોગવવું પણ પડતું નથી. આત્મા-અનાત્માનો ભેદ દેખાડવા જ્ઞાન, યજ્ઞ અને કર્મ એવા પ્રસિદ્ધ પણ કઠણ માર્ગ છે. બીજો સરળ માર્ગ છે નિરભિમાન અને સમદૃષ્ટિસંપન્ન સંતની સેવાનો અને સત્સંગનો. આવા ભક્તનો જન્મમરણનો ફેરો ટળે છે, એટલું જ નહીં તે સામ્યસ્થિતિની શય્યા ઉપર સુખાનંદથી પોઢે છે.

અધ્યાય તેરમો

પ્રકૃતિપુરુષ-વિવેકયોગ

કરીને આત્મરૂપ ગણેશનું સ્મરણ—
જે સકળ વિદ્યાઓનું અધિકરણ,
હવે વંદું છું જી શ્રીચરણ
શ્રીગુરુના. ૧

કરતાં જેમનું સ્મરણ
શબ્દસૃષ્ટિ થાય આધીન,
સારસ્વત સહજે સકળ
નાચે જીભ ઉપરે. ૨

વક્તૃત્વે સંચરે મધુરતા,
જેની તોલે અમૃતે રસહીનતા,
રસ સકળ આવે શોધતા
અક્ષરો આપ. ૩

ભાવ પામે અવતરણ,
વ્યક્ત થાય આત્મજ્ઞાન,
હસ્તગત હોય સંપૂર્ણ
મૂળ તત્ત્વ-રહસ્ય. ૪

જ્યારે શ્રીગુરુના ચરણ
હૃદયે થાય પ્રતિષ્ઠિત—
ત્યારે જ લાધે સૌભાગ્ય
જ્ઞાનને એવું. ૫

તેમને કરીને વંદના—
જે પિતામહના પિતા,
તે શ્રીલક્ષ્મીના ભર્તા
બોલ્યા આ પ્રમાણે : ૬

તો હવે સાંભળજે પાર્થ,
આ દેહ કહેવાયે ક્ષેત્ર,
એવું જાણે તે જ ક્ષેત્રજ્ઞ
કહેવાય અત્રે. ૭

અને જે ક્ષેત્રજ્ઞ કહેવાયે
તે હું જ જાણ નિશ્ચયે,
જે સર્વ ક્ષેત્રોનું કરે
પ્રતિપાલન. ૮

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ
જાણવાં યથાર્થ વિશદ,
એ જ આત્મજ્ઞાન સુરેખ
માનીયે અમે. ૯

હવે ક્ષેત્ર એવી સંજ્ઞાયે
શરીરને કેમ સંબોધાયે,
તેનો ભાવ સાંગોપાંગે
કહીએ તને. ૧૦

એને ક્ષેત્ર કેમ કહીયે,
એ ક્યાં કેવી રીતે ઊપજે,
કયા કયા વિકારો વડે
પાંગરે ક્ષેત્ર. ૧૧

આ સાડા ત્રણ હાથનું
હોવા છતાં કૌતુક કેટલું,
ફલરૂપ કે ફલ વિનાનું
કોનું અરે. ૧૨

ઇત્યાદિ સર્વ
એના જે જે ભાવ,
તે નિરૂપાશે સાવયવ
દેજે અવધાન. ૧૩

અરે ક્ષેત્રના જ નિમિત્તે
શ્રુતિઓ વિવરણ કરે,
તર્ક એના જ નિર્ણયે
વાદ કરે સદા. ૧૪

કરતાં એની જ વિવેચના
ષડ્શાસ્ત્રો શ્રમિત થયાં,
એટલે શમાવી ન શક્યાં
પરસ્પર દ્વંદ્વ. ૧૫

શાસ્ત્રોના પરસ્પર સંબંધ
એને કારણે થયા વિનષ્ટ,
ઐક્ય સ્થાપવા જતાં વિવાદ
નીપજ્યો અરે. ૧૬

તેઓ ન થાય મોઢામોઢ,
ન કરે પરસ્પર કોઈ વાત,
શોધતાં સુમેળની યુક્તિ
અનુભવે સહુ ત્રાસ. ૧૭

ન જાણે આ કોનું સ્થળ,
પણ કેવું અભિલાપનું બળ,
કે એની જ ચર્ચા ઘરેઘર
થાય છે અરે. ૧૮

નાસ્તિક જોડે ઝૂઝવા
વેદો છે સમર્થ ગરવા,
એ જોઈને પાખંડી સઘળા
એવું બોલે. ૧૯

કહે, તમે છો નિરાધાર,
તમારી વ્યર્થ આ વાગ્જાળ,
એવું નથી કહેશો તો સિદ્ધ
કરી બતાવીએ. ૨૦

પાખંડીઓના સમૂહ
નગ્ન થઈ લુંચે મસ્તક,
છતાંયે તેમનું વિતંડ
શમે આપમેળે. ૨૧

મૃત્યુબળને પાશે
આ વ્યર્થ જ સપડાશે,
એ જોઈને આત્મપંથે
નીકળ્યા યોગી. ૨૨

જે મૃત્યુનો ભય સેવે
તે એકાંતવાસ સ્વીકારે,
યમનિયમોના સમુદાયે
રહે વીંટળાયેલા. ૨૩

આ ક્ષેત્રના અભિમાને
રાજ્ય છોડયું શ્રીશંભુએ,
અને ગણી ઉપાધિ, સ્મશાને
કર્યો નિવાસ. ૨૪

આવી પ્રતિજ્ઞા કરી મહેશ
ઓઢે દશ દિશાઓનાં વસ્ત્ર,
લાલચુ કહીને દહન
કર્યું કામદેવનું. ૨૫

અરે સત્યલોકના નાથ
ધારે ચાર મુખો બળાર્થે,
તે છતાં ન પામે યથાર્થ
પરિચય અરે. ૨૬

એક કહે આ સ્થળ
જીવનું જ હોયે સમૂળ,
પછી પ્રાણ હોયે નિયામક
તેહનો અહીં. ૨૭

જે પ્રાણના નિજ ગૃહે
અહર્નિશ શ્રમે બંધુ ચારે;
અને મન જેવો નિયંત્રક
નિયમન કરે. ૨૮

જોડીને ઇન્દ્રિયોના બળદ
ન ગણે રાત્રિ કે દિવસ,
વિષયોના ક્ષેત્રે પરિશ્રમ
કરતા રહે. ૨૯

પછી વિધિવિધાન અવગણે;
અન્યાયનાં બીજ વાવે,
કુકર્મોનું ખાતર નાખે
ક્ષેત્રમાં અરે. ૩૦

એટલે બીજને અનુરૂપ
પાકે અપરિમિત પાપ,
પછી જીવ ભોગે દુઃખ
જન્મજન્મે. ૩૧

જો જોઈને વિહિતાવિહિત
વાવે સત્ક્રિયાનાં સુંદર બીજ,
તો જન્મો શતાનુશત
ભોગવે સુખ. ૩૨

ત્યાં કોઈ કહે આવું નથી,
જીવને આધીન નથી,
અમને જ પુછાય સઘળું
ક્ષેત્રને વિશે. ૩૩

જીવ તો અહીં વટેમાર્ગુ,
માર્ગે જતાં રહેઠાણ કર્યું,
અને પ્રાણ હોઈ વતનધણી
જાગતા રહે. ૩૪

અનાદિ આ પ્રકૃતિ,
સાંખ્ય ગાયે જેની પ્રશસ્તિ,
ક્ષેત્ર હોયે વૃત્તિ
જાણ તેની. ૩૫

અને તેનો જ સકળ
આ હોય નિજ સમુદાય,
એટલે કરે તે વહીવટ
ઘરમાં રહીને. ૩૬

નિભાવવા બાહ્ય વ્યવહાર
જે સૃષ્ટિના ત્રણ મૂળભૂત,
તે જન્મે તેના ઉદરે
ત્રિગુણ રૂપે. ૩૭

રજોગુણ વાવણી કરે,
સત્ત્વગુણ સર્વ સંરક્ષે,
પછી એકલો તમ કરે
લણણી તેની. ૩૮

રચીને મહત્તત્ત્વનું ખળું,
કરાવે કાળરૂપી બળદે બળું,
ત્યાં અવ્યક્તની અવતરે
નમણી સંધ્યા. ૩૯

ત્યારે કોઈ બુદ્ધિવંત
આ બોલે અનુભવી ખેદ
કહ્યું, આ ઉપપત્તિ
આધુનિક કેવળ. ૪૦

હા જી પરતત્ત્વ મહીં
પ્રકૃતિની વાત કેવી,
આ ક્ષેત્રની ઉપપત્તિ
સાંભળો હવે. ૪૧

શૂન્યના શયનગૃહે
લયની સુશય્યાએ,
પોઢયા હતા બલવંત
સંકલ્પરાય. ૪૨

તે અકસ્માત્ થયા જાગ્રત,
નિજ ઉદ્યમે સદા તત્પર,
એટલે લાધ્યું નિધાન
ઇચ્છામાત્રથી. ૪૩

અવ્યક્ત દશાની વાડી
હતી ત્રિભુવન જેવડી,
તેના પ્રયાસ વડે આવી
આકારમાં તે. ૪૪

પછી મહાભૂતોના પંચીકરણે
એકત્ર કરીને એક વેળે,
ભૂતગ્રામોને ચાર ભાગે
વહેંચી આપ્યાં. ૪૫

આ ઉપરાંત બીજા
પંચભૂતોના બાંધ્યા—
પ્રભેદો કરી ચાર ઘાટ
પાંચભૌતિક. ૪૬

કર્મ-અકર્મના પાષાણે
બંધ બાંધ્યા ઉભય બાજુએ,
પડતર જમીનો બનાવીને
ફલરૂપ સુરમ્ય. ૪૭

ત્યાં આવાગમન કાજે
સુશોભિત જન્મમૃત્યુ વડે,
નિરાલંબથી મૃત્યુલોક પર્યન્તે
બનાવ્યો પંથ સંકલ્પે. ૪૮

પછી અહંકારથી ઐક્ય સાધી–
જે ટકે આયુના અંત સુધી,
બુદ્ધિબળે વહીવટ ચલાવે
સચરાચરનો. ૪૯

આ પ્રકારે નિરાલંબે
સંકલ્પની ડાળીઓ વાધે,
એટલે પ્રપંચનું તે બને
મૂળકારણ. ૫૦

સાંભળી મતોનાં મુક્તાફળો,
કહે બીજા ઉપસ્થિત પ્રવાહો,
ન જાણે કેમ કહેવાઓ
વિવેકી તમે. ૫૧

જો પરતત્ત્વની માંહે
સંકલ્પની સેજ જોવાયે,
તો કેમ ના સ્વીકારાયે
પ્રકૃતિ સાંખ્યોની. ૫૨

પણ રહેવા દો, એવું ન હોયે,
તમારાથી નિર્ણય ના કરાયે,
હવે આ બધું જ સત્વરે
કહીશું અમે. ૫૩

અરે આકાશમાં કોણ
મેઘોમાં પૂરે જીવન,
અંતરાળે તારાગણ
કોણ ધારે. ૫૪

ગગનનો ચંદરવો
કોણ રાખે તાણેલો,
પવનને અહર્નિશ વહેતો
કોણ રાખે. ૫૫

રોમબીજ વાવે કોણ,
સિંધુમાં જળ ભરે કોણ,
પર્જન્યને બનાવે કોણ
ધારારૂપ. ૫૬

તેવું જ આ ક્ષેત્ર સ્વભાવે,
આ કોઈનું વતન ન હોયે,
જે ખેડે સાનુકૂલ તેને,
પ્રતિકૂલ અન્યને. ૫૭

ત્યાં બીજા કોઈ એકે
કહ્યું સાચે જ ક્ષુબ્ધ થઈને,
તો આ ક્ષેત્ર કેમ દેખાયે
કાળને આધીન. ૫૮

જોવા છતાં કાળનો માર
જે સ્પષ્ટ હોય અનિવાર,
વર્તે અભિમાનવશ સર્વ
નિજ નિજ મતે. ૫૯

મૃત્યુ છે જુઓ ક્રોધશીલ–
જાણે સિંહની ગુફા વિશાળ,
કરીને વ્યર્થની બડબડ
શું ઉપજશે. ૬૦

મહાકલ્પને પેલે તીરે,
બાહુ પ્રસારી અકસ્માતે,
સત્યલોકને કાળ કરે
નિજ આધીન. ૬૧

નિત્ય નવા લોકપાળ,
દિગ્ગજોના સમુદાય,
પ્રવેશી સ્વર્ગના અરણ્યે
નહીંવત્ કરે. ૬૨

એહના અંગવાતે અન્ય
પ્રવેશે જન્મમૃત્યુને ગર્ત,
નિર્જીવ થઈને જીવમૃગ
ભમતા રહે. ૬૩

જુઓ તો કેવડો
પસાર્યો હાથનો પંજો,
અને મૂક્યો હથેલીએ
જગદાકાર હાથી. ૬૪

એટલે કાળની સત્તા
એ જ છે સત્ય વાર્તા,
એવા વાદ પાંડુસુતા
ક્ષેત્રવિષયે. ૬૫

વાદવિવાદ આ વિશે
ઋષિઓએ કર્યો નૈમિષારણ્યે-
એ સંબંધે અભિપ્રાય મળે
પુરાણોમાં. ૬૬

અનુષ્ટુભાદિ છંદો
વર્તે વિવિધ પ્રબંધો,
હજીયે લખાયે ગ્રંથો
આ વિશે મદયુક્ત. ૬૭

વેદોનું બૃહત્સામ સૂત્ર-
જે જ્ઞાનદષ્ટિએ પવિત્ર,
તે પણ ન જાણે વિશદ
આ ક્ષેત્ર અંગે. ૬૮

બીજા ઘણા બહુશ્રુત,
મહાકવિઓ દષ્ટિમંત,
થાકયા કરીને પ્રયત્ન
ચર્ચતાં એને. ૬૯

પણ આવું અને આટલું,
કે ખરેખર છે અમુકનું—
એ કોઈથીય ન કળાયું
ક્ષેત્ર પાર્થ. ૭૦

હવે આ પછી જેવું
ક્ષેત્ર દેખાય છે તેવું—
તુજ કને વર્ણવું
સાદ્યંત બાપ. ૭૧

તો મહાભૂતોનું પંચક,
અને અહંકાર એક,
બુદ્ધિ અવ્યક્તાદિ દશક
ઇન્દ્રિયોનું. ૭૨

મન વધારાનું એક,
વિષયોનુંય દશક,
સુખ-દુ:ખ-દ્વેષ,
સંઘાત-ઇચ્છા. ૭૩

અને ચેતના-ધૃતિ
એવી ક્ષેત્રે ગણતરી-
નિરૂપી તુજ પ્રતિ
સઘળી અરે. ૭૪

હવે મહાભૂતો કયાં,
વિષયો કેવા ને કરણો થયા,
આ બધું કથીશ કરીને
વેગવેગળું. ૭૫

જુએ પૃથ્વી-જળ-તેજને,
વાયુ-વ્યોમ તુજને,
કહ્યાં તું સમજી લે
મહાભૂત પાંચ. ૭૬

અને જાગ્રત દશાયે
સ્વપ્ન રહે લપાયે,
કાં અમાસની રાત્રિએ
ચંદ્રમા ગુપ્ત. ૭૭

નાના અપ્રૌઢ બાળકે
તારુણ્ય અછતું રહે,
કાં પાંગરતાં પહેલાં કળીએ
સુગંધ જેમ. ૭૮

કિંબહુના કાષ્ઠે
જેમ અગ્નિ પાર્થ વિરમે,
તેમ પ્રકૃતિને ઉદરે
ગુપ્ત જે રહે. ૭૯

જેમ જ્વર ધાતુગત
જુએ કુપથ્યનું નિમિત્ત,
તે થતાં ઓતપ્રોત
થાય દેહે. ૮૦

તેવું પાંચેયનું ઐક્ય થાયે
અને દેહાકારે ઊઘડે,
ત્યારે નચાવે ચારે બાજુએ
તે અહંકાર. ૮૧

નવલ અહંકારની વાત
ન પજવે અજ્ઞને સવિશેષ,
પણ ઝગૃંબે સુજ્ઞને કંઠે
નચાવે વિવિધ સંકટે. ૮૨

હવે બુદ્ધિ જે કહીએ
તેનાં એવાં ચિહ્ન જાણીએ,
એમ બોલ્યા યદુરાજ
સાંભળ હવે. ૮૩

હવે કંદર્પને બળે
ઇન્દ્રિયો વૃત્તિને મેળાપે,
જીતીને જે આણે
વિષય-સમુદાય. ૮૪

ત્યાં સુખદુ:ખોની લૂંટ
જ્યાં ભોગવવા મથે જીવ,
ત્યાં ઉભયના સાચોસાચ
ભેદ જે દેખાડે. ૮૫

આ સુખ અને આ દુ:ખ,
આ પુણ્ય ને પેલું પાપ,
આ મલિન, પેલું નિર્મળ—
એવો નિવેડો કરે. ૮૬

જે અધમ-ઉત્તમ પરખે,
જે નાનું-મોટું સમજે,
તેની દૃષ્ટિ વડે ઓળખે
જીવવિષયને. ૮૭

જે તેજ-તત્ત્વનું કારણ,
જે સત્ત્વ-ગુણનું સંવર્ધન,
જીવ-આત્માની સંધિએ જે
નિવાસ કરે. ૮૮

હે અર્જુન તેને જાણ
બુદ્ધિ તું સંપૂર્ણ,
હવે સાંભળ ઓળખાણ
અવ્યક્તની. ૮૯

જે સાંખ્યોને સિદ્ધાંતે
કહેવાય પ્રકૃતિ મહામતે,
તે જ અહીં પ્રસ્તુતે
અવ્યક્ત જાણ. ૯૦

અને સાંખ્યયોગમતે
નિરૂપી હતી પ્રકૃતિ તને,
હતું વર્ણવ્યું બે પ્રકારે
વિસ્તારથી. ૯૧

ત્યાં બીજી જે જીવદશા
તેનું નામ હે વીરેશા—
અવ્યક્ત એવો અહીંયાં
પર્યાય રૂપે. ૯૨

જ્યાં રજની અસ્ત થાયે
ત્યાં ગગને નક્ષત્ર લોપાયે,
અને આથમતાં દિવસ વિરમે
ભૂતક્રિયા. ૯૩

અથવા દેહવિલયે પાછળ
દેહાદિક ઉપાધિ સકળ,
નિવસે કરેલાં કર્મે
ગુપ્ત રૂપે. ૯૪

કાં બીજની આકૃતિએ
તરુ સમસ્ત વિલસે,
કાં વસ્ત્ર રહે ગુપ્તપણે
તંતુદશાએ. ૯૫

તેમ છાંડીને સ્થૂળ ધર્મ,
મહાભૂતો ભૂતગ્રામ,
થઈને જ્યાં સૂક્ષ્મરૂપ
પામે લય. ૯૬

અર્જુન તેનું નામ
અવ્યક્ત એવું જાણ,
હવે સાંભળ સકળ
ઇન્દ્રિયભેદ. ૯૭

તો શ્રવણ અને નયન,
ત્વચા, ઘ્રાણ, રસન,
એવાં જ્ઞાનકરણ
પાંચ જાણ. ૯૮

આ તત્ત્વમેળાના પંકે,
સુખદુઃખોના ઊહાપોહે—
બુદ્ધિ કરે છે મુખે
પંચેન્દ્રિયોના. ૯૯

પછી વાચા અને કર,
ચરણ અને અધોદ્વાર,
ઉપસ્થ એ પ્રકાર,
પાંચ અધિક. ૧૦૦

જે કર્મેન્દ્રિયો કહેવાયે
તે આ એમ જાણી લે—
એવું કૈવલ્યપતિ બોલે
સાંભળો નૃપ. ૧૦૧

જે પ્રાણની પ્રિય પત્ની,
જે દેહમાં છે ક્રિયાશક્તિ,
આવાગમન તેનું અહીં
થાય પંચદ્વારો થકી. ૧૦૨

એમ દશેય કરણો
કથ્યાં એમ કહે દેવો,
હવે સાંભળ એકચિત્તે
લક્ષણો મનનાં. ૧૦૩

જે ઇન્દ્રિયો અને બુદ્ધિને
મધ્ય ભાગે સંધિસ્થાને,
રજોગુણની શાખાએ
ઝૂલંએ અરે. ૧૦૪

નીલિમા જેમ અંબરે,
તરંગો જેમ મૃગજળે,
તેમ વાયુના સ્પંદને
મન વ્યર્થ ભાસે. ૧૦૫

શુક્ર-શોણિતને મેળાપે
પંચતત્ત્વોનો દેહ બંધાયે,
ત્યાં વાયુતત્ત્વ ક્રીડા કરે
થઈને દશવિધ. ૧૦૬

પછી તે દશ વિભાગો
નિજ ધર્મનો લઈ આશરો,
દેહમાં નિવસે જુઓ
ભિન્ન ભિન્ન ભાગે. ૧૦૭

ત્યાં ચાંચલ્ય વિશુદ્ધ
એકલું જ વ્યાપ્ત કેવળ,
એટલે સંચરે પ્રબળ
રજોગુણ તેમાં. ૧૦૮

તે બુદ્ધિના બાહ્યાંગે,
અહંકારના વક્ષસ્થળે,
એવા મુખ્ય મધ્યસ્થાને
પ્રવર્તે બળિયું થઈ. ૧૦૯

તેનું મન એ નામ વ્યર્થ,
આમ તો કલ્પના જ યથાર્થ,
જેના સંસર્ગે પામે તત્ત્વ
જીવદશા. ૧૧૦

જે સર્વ પ્રવૃત્તિનું મૂળ—
કામ જેનાથી જ પ્રબળ,
જે ઉશ્કેરે સર્વકાળ
અહંકારને. ૧૧૧

જે ઇચ્છાને વધારે,
જે આશાને ચડાવે,
જે પીઠબળ આપે
ભયને અહો. ૧૧૨

દ્વૈત જ્યાં પાંગરે,
અવિદ્યાને બળ લાધે,
ઇન્દ્રિયોને જે હડસેલે
વિષયો ભણી. ૧૧૩

સંકલ્પે સૃષ્ટિ ઘડે,
વિકલ્પે પળમાં તોડે,
મનોરથ સોપાન રચે
અને ભાંગી નાખે. ૧૧૪

જે પોતે ભ્રમનો ભંડાર,
જે વાયુતત્ત્વનું અંતર,
જે બુદ્ધિ તણું દ્વાર
કરે અવરુદ્ધ. ૧૧૫

પાર્થ તે છે મન
એ વાત તું સત્ય જાણ,
હવે વિષયોના સાંભળ
પંચભેદ. ૧૧૬

સ્પર્શ અને શબ્દ,
રૂપ-રસ-ગંધ,
આ વિષયો પંચવિધ
જ્ઞાનેન્દ્રિયોના. ૧૧૭

આ પંચદ્વારો વડે
જ્ઞાન દોડે બાહરે,
જેમ કાં લીલા તૃણે
ખેંચાયે પશુ. ૧૧૮

પછી સ્વર, વર્ણ, વિસર્ગ
અથવા સ્વીકાર-ત્યાગ,
સંક્રમણ અને ઉત્સર્ગ
વિષ્ટામૂત્રના. ૧૧૯

આ કર્મેન્દ્રિયોના પાંચ
વિષયો અરે સાચેસાચ,
જ્યાં બાંધીને માંચ
ક્રિયા વિહરે. ૧૨૦

એવા આ દશે
વર્તે વિષયો દેહે,
હવે ઇચ્છા શું હોયે
તે પણ કહું. ૧૨૧

જે ભોગવેલું તે સ્મરાવે,
કાં શબ્દ આથડતાં કાને,
જે સ્વયમેવ જાગી ઊઠે
તે જાણ વૃત્તિ. ૧૨૨

ઇન્દ્રિયવિષયના મિલને
જે પળમાં સચેત થાયે,
જે કામના આધારે
સળવળી ઊઠે. ૧૨૩

જેના જાગ્રત થવામાં
મન ધાયે બહિર્ જગતમાં,
અને ન નાખવું ત્યાં નાખે
ઇન્દ્રિયો નિજ મુખ. ૧૨૪

જે વૃત્તિના સંગાથે
બુદ્ધિ ગાંડીઘેલી થાયે,
જેને વિષયોની પરમ પ્રીતિ
તે જાણ ઇચ્છા. ૧૨૫

અને ઇચ્છાનું વાંછિત
ઇન્દ્રિયોને ન મળે ભોગ્ય,
ત્યારે જે ઊપજે અભિલાપ
તે જાણ દ્વેષ. ૧૨૬

હવે આ પ્રમાણે સુખ
તે એવં વિશ્વ દેખ,
જે મળતાં સર્વ અશેષ
જીવ વીસરે. ૧૨૭

કાયા, વાચા, મનને
જે નિજની આણ આપે,
જે દેહસ્મૃતિના તોડે
આધાર સકળ. ૧૨૮

જેહને હોવાપણું
કરે પ્રાણને પંગુ,
સાત્ત્વિકતા એવડાયે
જેના થકી. ૧૨૯

કાં સકળ ઇન્દ્રિય-વૃત્તિને
હૃદયના એકાન્તે—
થાબડીને સુષુપ્તિ માંહે
મોકલે જે. ૧૩૦

કિંબહુના જેને લીધે
જીવાત્મ સંયોગ થાયે,
ત્યાં જે વૃત્તિ ઊછળે
તે જ સુખ. ૧૩૧

અને આવી એ અવસ્થા
પ્રાપ્ત ન થાયે પાર્થા,
જે જીવવું તે સર્વથા
જાણવું દુ:ખ. ૧૩૨

મનોરથ સંગે ન સુખ હોયે,
તે તો સ્વત:સિદ્ધ સ્વભાવે,
આ બન્ને કારણ કહેવાયે
સુખદુ:ખનાં. ૧૩૩

હવે અસંગા સાક્ષીભૂતા,
દેહે ચૈતન્યની જે સત્તા,
તેનું નામ પાંડુસુતા
ચેતના અહીં. ૧૩૪

નખ થકી કેશ સુધી જે
અખંડ જાગે શરીરે-
જે ત્રણે અવસ્થાંતરે
પલટાય ના. ૧૩૫

મન, બુદ્ધિ આદિ સકળને
તાજગી જે આપી રહે,
પ્રકૃતિરૂપી વન કાજે
વસંત સદા જે. ૧૩૬

જડ અને ચેતન પદાર્થે
પ્રવર્તે જે સમાન ભાવે,
તે ચેતના પાર્થ કહેવાયે
નિ:સંશય. ૧૩૭

રાજા ન જાણે સેનાને
પણ શત્રુ જિતાયે રાજાજ્ઞાએ,
અથવા ચંદ્રની પૂર્ણતાએ
ભરતીએ સિંધુ ઊછળે. ૧૩૮

લોહચુંબકનું સંનિધાન
લોખંડને કરે સચેતન,
કાં સૂર્ય સંગે જન
કરે વ્યવહાર. ૧૩૯

સ્તન ન લગાડતાં મુખે
બાળકોનું પોષણ કરે—
કેવળ નીરખીને દૃષ્ટિ વડે
જેમ કાચબી. ૧૪૦

પાર્થ તે જ પ્રમાણે
આત્મ સંગે આ શરીરે-
સજીવતા પામતું રહે
જડતત્ત્વ. ૧૪૧

પછી તેને જ ચેતના
કહીએ ભા અર્જુના,
હવે ધૃતિના વિવેચના-
ભેદ સાંભળ. ૧૪૨

મહાભૂતોમાં પરસ્પર
દેખીતું છે જાતિવેર,
શું પૃથ્વીને નીર
નષ્ટ ન કરે. ૧૪૩

નીરને શોષે તેજ,
તેજનું પવનથી યુદ્ધ,
અને ગગન તો સહજ
વાયુને ભક્ષે. ૧૪૪

તેમ જ કોઈ પણ વેળાએ
પોતે કોઈનામાં ન મળે,
સર્વવ્યાપ્ત હોવા છતાં વેગળે
આકાશ આ. ૧૪૫

એમ પાંચેય મહાભૂતો
ન સહેવા છતાં પરસ્પરે—
પ્રવર્તે છે ઐક્યભાવે
આ દેહમાં. ૧૪૬

દ્વંદ્વનો વાદવિવાદ છોડી
રહે એકસંપે મળી,
પરસ્પરને પાળી
નિજ ગુણો વડે. ૧૪૭

વિષમનો મેળાપ કરાવે,
જેનાથી ધૈર્ય ટકી રહે,
તેને જ સંજ્ઞા અપાયે
ધૃતિ, હે પાર્થ. ૧૪૮

અને જીવ સહિત પાંડવ
આ છત્રીસ તણું મિલન,
તે અહીં તું જાણ
સંઘાતરૂપ. ૧૪૯

આવો જે છત્રીસનો ભેદ
નિરૂપ્યો તને વિશદ,
એ સર્વ મળીને પ્રસિદ્ધ
ક્ષેત્ર કહેવાયે. ૧૫૦

રથનાં અંગોનો સમુદાય
જેમ રથ કહેવાયે પાંડવ,
કાં અધોઊર્ધ્વ અવયવ
કહેવાય દેહ. ૧૫૧

કરી-તુરંગ સમુદાયે
સેનાનું રૂપ નીપજે,
કાં વાક્ય કહીએ પુંજને
અક્ષર તણા. ૧૫૨

કાં જલધરોનો સમૂહ
સહેજે કહેવાયે ગગન,
નાનાલોક સકળ
કહેવાય જગત. ૧૫૩

કાં તેલ, વાટ, અગ્નિ – ત્રણે
જો મળે એક સ્થાને,
તો જગતના લોકો કહે
દીપ તેને. ૧૫૪

તેમ આ તત્ત્વો છત્રીસે
મળે જ્યાં એકત્વે—
તે સમુદાયને આપણે
ક્ષેત્ર કહીએ. ૧૫૫

અને શરીરગત વ્યવહારે
પાપપુણ્યનો પાક લેવાયે,
એટલે અમે કૌતુકે
ક્ષેત્ર કહીએ. ૧૫૬

અને કોઈકને મતે
આ દેહ કહેવાયે,
પણ એ અનંત નામે
ઓળખાયે. ૧૫૭

પણ પરતત્ત્વની આ બાજુએ
સ્થાવર પર્યંત જે જે હોયે,
જે કંઈ ઊપજે ને નાશે
તે સર્વ ક્ષેત્ર. ૧૫૮

પણ સુર, નર, ઉરગ
એવા જે યોનિવિભાગ—
તે ગુણકર્મ સંગથી થાય
નિર્માણ પાર્થ. ૧૫૯

આ જ ગુણ-વિવેચના
આગળ કહીશ અર્જુના,
પ્રસ્તુત હવે તને દેખાડું
રૂપ જ્ઞાન તણું. ૧૬૦

ક્ષેત્ર તને સવિસ્તૃત
કહ્યું સર્વ કાર્યસહિત,
એટલે હવે ઉદારચરિત
જ્ઞાન સાંભળ. ૧૬૧

જે જ્ઞાનને કાજે
યોગીઓ ગગનને ગળે,
સ્વર્ગ તણો ઓળંગીને
આડમાર્ગ. ૧૬૨

તે ઋદ્ધિની પ્રાપ્તિ ન ધારે
અને સિદ્ધિની ઇચ્છા ન કરે,
દુષ્કર યોગમાર્ગને
ગણકારે ના. ૧૬૩

કોઈ તપદુર્ગને ઓળંગે,
કોઈ કોટિ યજ્ઞ ઓવારે,
કોઈ સમૂળી ઉખાડી નાખે
કર્મવેલ. ૧૬૪

નાના ભજનમાર્ગે
ધાયે અનાવૃત કાયે,
કોઈ પ્રવેશે સુરંગે
સુષુમણાની. ૧૬૫

એવા જે જ્ઞાન માટે
મુનીશ્વરો તીવ્ર ઇચ્છાએ—
વેદવૃક્ષને પાને પાને
ભમતા રહે. ૧૬૬

ગુરુસેવા આપશે જ્ઞાન
એવી બુદ્ધિએ પાંડવ,
ઓવારી નાખે જન્મ શત
ગુરુચરણે જે. ૧૬૭

જે જ્ઞાનનો પ્રવેશ
કરે અવિદ્યાને નિઃશેષ,
અને કરાવે મિલન
જીવાત્મા તણું. ૧૬૮

જે ઇન્દ્રિયોનાં દ્વાર રોધે,
પ્રવૃત્તિની ચાલ તોડે,
જે દૈન્યને નિવારે
માનસ તણા. ૧૬૯

દ્વૈતનો દુકાળ થાયે,
સામ્યનો સુકાળ હોયે,
જે જ્ઞાનની ઉપલબ્ધિ
ઉપજાવે આ બધું. ૧૭૦

મદ સમૂળ ભૂંસાઈ જાયે,
મહામોહ ગ્રહીત થાયે,
પોતીકા-પારકાની ઓગળે
ભાષા સદંતર. ૧૭૧

સંસારને ઉખેડી દે,
સંકલ્પપંક ધોઈ નાખે,
જ્ઞેય મેળવી આપે
અનાવર સ્વભાવે જે. ૧૭૨

જેહનું હોવાપણું
પ્રાણને કરે પંગુ,
જેહના સંકેતે પ્રવર્તે
જગતના વ્યાપાર. ૧૭૩

જેહના આલોકે
બુદ્ધિનાં ચક્ષુ ઉઘડે,
જીવ સુખે આળોટે
આનંદસાગરે. ૧૭૪

એવું જે જ્ઞાન,
પરમ પવિત્ર નિધાન,
જેનાથી પખાળાયે
વટલાયેલું મન. ૧૭૫

આત્માને જીવભાવનો
જે ક્ષયરોગ થયેલો—
તે જેના સહવાસે
થાય નિરામય. ૧૭૬

તે અનિરૂપ્ય નિરૂપીએ
સાંભળી લે એકચિત્તે,
આંખ વડે જોવાયે
એવું તે નથી. ૧૭૭

પછી તે જ આ દેહે
પોતાનો પ્રભાવ પ્રસારે,
ત્યારે ઇન્દ્રિયોના વ્યવહારે
થાય દૃષ્ટિગોચર. ૧૭૮

જેમ વસંતનું આગમન
વૃક્ષોનું પ્રફુલ્લિતપણું,
જગાવે તેમ વ્યવહાર
પ્રગટાવે જ્ઞાનને. ૧૭૯

અરે વૃક્ષને મૂળિયે
જળ સાંપડે પાતાળે,
ત્યારે ડાળીઓનાં દ્વારે
તે પ્રગટે બાહરે. ૧૮૦

અથવા ભૂમિની મૃદુતા
પ્રગટાવે અંકુર કુમળા,
અથવા દીસે સુકુલીનતા
આચારગૌરવે. ૧૮૧

અથવા આતિથ્યે પ્રગટે
જેમ વ્યક્તિનો પ્રેમભાવ,
કે દર્શનની પ્રસન્નતાએ
ઓળખાયે પુણ્યપુરુષ. ૧૮૨

અથવા કદલીએ થાય કર્પૂર
જેમ જણાવે તેનો પરિમલ,
કાં શમાદાને મૂકેલો દીપ
પથરાયેલા પ્રકાશે. ૧૮૩

તેમ હૃદયાસ્થિત જ્ઞાને
પ્રગટે જે લક્ષણો દેહે,
તે નિરૂપીશ તને હવે
સાંભળ એકચિત્તે. ૧૮૪

તો કોઈ પણ સંબંધે
એકરૂપ થવું ન ગમે,
પ્રતિષ્ઠા જેને જણાયે
ભારરૂપ. ૧૮૫

યથાર્થ ગુણ પ્રશંસાયે,
કે લોકોથી પ્રતિષ્ઠા અપાયે,
અથવા અંગભૂત યોગ્યતાનાં
થતાં વખાણ. ૧૮૬

ગભરામણ અનુભવે કેવી—
વ્યાધે પકડેલા મૃગને જેવી,
અથવા તરવા જતાં વમળે
ફસાતાં થાય તેવી. ૧૮૭

હે પાર્થ, તે પ્રમાણે
સન્માન થતાં જે સંકોચે,
ગૌરવને અડકવા ના દે
નિજ જીવને. ૧૮૮

પોતાની પૂજ્યતા ના જુએ,
સ્વકીર્તિ કાને ન સાંભળે,
અલૌકિકતા ન જણાવા દે
કોઈને ક્યાંયે. ૧૮૯

ત્યાં સત્કારને સ્થાન કેવું,
આદરને આવકારવું કેવું;
મરણતોલ વેદના અનુભવે
નમસ્કાર પામતાં. ૧૯૦

વાચસ્પતિની તોલે
જો સર્વજ્ઞતા હોયે,
તોયે ગાંડપણમાં સંતાયે
મહિમાભયે. ૧૯૧

ચાતુર્યને સંતાડે,
મહત્ત્વને ખેરવે,
ગાંડપણ દાખવે
હોંશથી અરે. ૧૯૨

લૌકિકનો ઉદ્વેગ,
શાસ્ત્રોનો ત્રાસ,
મૌનપણે સહજ
પ્રવર્તે જગે. ૧૯૩

અવજ્ઞા કરાવે જગતે,
સંબંધીઓ ઉપેક્ષા કરે,
એવી એવી ઘણી જીવે
ઇચ્છા રહે. ૧૯૪

પોતે વિનમ્રતા અનુભવે,
અંગે દીનતા સ્વીકારે,
એમ એનાથી વરતાયે
ઘણું કરીને. ૧૯૫

આ જીવિત કે મૃત
એ ભાવે કલ્પે લોક,
તેવું જીવવું થઈ આવે
એવી આશા. ૧૯૬

એ ચાલે કે ન ચાલે
કે વાયુએ ધકેલાયે,
જનને એવો ભ્રમ થાયે
તેમ વર્તે. ૧૯૭

મારું અસ્તિત્વ લોપો
કે નામરૂપ વિલોપો,
મને જોઈને ભય પામશે
ભૂતજાત. ૧૯૮

એવી જેની પ્રાર્થના હોયે,
જે નિત્ય એકાન્તે જાયે,
અને વાત સાંભળીને જીવે
નિર્જન સ્થાનની. ૧૯૯

વાયુ સંગે મિત્રતા હોયે,
ગગન સંગે બોલવું ગમે,
વૃક્ષ જેને પ્રિય લાગે
જીવેપ્રાણે. ૨૦૦

કિંબહુના એવાં
ચિહ્નો દેખાય જ્યાં—
જ્ઞાનની જાણ ત્યાં
સહજ શય્યા. ૨૦૧

જો અમાનિત્વ હોય પુરુષે
તો ઓળખાયે આ લક્ષણે,
હવે અદંભની ઓળખાણ
આપું તને. ૨૦૨

હવે અદંભિત્વ એવું—
લોભીઆના મન જેવું,
જીવ જાય પણ ન કહેવું
ધન ક્યાં દટાયું. ૨૦૩

તે પ્રમાણે હે પાર્થ,
પડવા છતાં પ્રાણસંકટ-
પ્રગટ ના કરે સુકૃત
નિજ વાણીએ. ૨૦૪

ચડ્યો પાનો નઠોર ગાય
ન છોડે જેમ અર્જુન,
કાં સંતાડે નિજ પ્રૌઢપણ
વારાંગના. ૨૦૫

ધનિક અરણ્યે સપડાયે
તો ધનિકપણું જેમ ગોપવે,
અથવા કુળવધૂ જેમ લપવે
નિજ દેહને. ૨૦૬

જેમ ખેડૂત પોતાનાં
ઢાંકે બીજ વાવેલાં,
તેમ કળવા ન દે કરેલાં
દાનપુણ્ય. ૨૦૭

દેહને જે ન શૃંગારે,
જે ન લોકરંજન કરે,
સ્વધર્મને વાણીના ધ્વજે
બાંધે નહીં. ૨૦૮

પરોપકાર ન બોલે,
વિદ્યાભ્યાસને ન ગજવે,
મેળવેલું પુણ્ય ન વેચે
પ્રતિષ્ઠા કાજે. ૨૦૯

શરીરના ભોગ ભણી
જોવાયે કૃપણતા થકી,
પણ ધર્મને વિશે કદી
કૃપણતા ન રાખે. ૨૧૦

ઘરે દેખાય દરિદ્રતા,
દેહે દેખાય ક્ષીણતા,
પણ દાનપ્રસંગે કરે સ્પર્ધા
કલ્પતરુથી. ૨૧૧

કિંબહુના સ્વધર્મે શ્રેષ્ઠ,
અવસરે ઉદાર,
આત્મચર્ચાએ ચતુર
બાકી ગાંડો. ૨૧૨

કેળનાં અંગ-ઉપાંગ
દેખાયે પોકળ ને કોમળ,
પણ ફળો તેનાં ગાઢ
રસાળ જેવાં. ૨૧૩

કાં મેઘ દેખાય હળવા-
પવનથી ઊડી જાય એવા,
પણ વર્ષાએ એવા નવલા
સઘન હોયે. ૨૧૪

તેવા જે પૂર્ણતાએ
જોતાં દૃષ્ટિને ઠારે,
અને વાણીને એક જ હોયે
વિષય એ જ. ૨૧૫

હવે આ લક્ષણો જ્યારે
જ્યાં મૂર્તિમંત દેખાયે,
જાણ જ્ઞાન ત્યાં થયેલું છે
હસ્તગત. ૨૧૬

એટલે ભા અદંભપણું
કહ્યું તે આને જાણવું,
હવે સાંભળ લક્ષણો કહું
અહિંસાનાં. ૨૧૭

પણ અહિંસા ઘણા પ્રકારે
કહેવાઈ છે તે અવધારે,
પોતપોતાના મતાંતરે
નિરૂપાઈ છે. ૨૧૮

પણ તે એવું દેખાયે—
જેમ શાખાઓ તોડીને
તેની વૃક્ષના થડને
વાડ કરાયે. ૨૧૯

કાં બાહુ તોડીને રાંધીએ-
ભૂખની પીડા શમાવીએ,
કે દેવળ તોડીને કરીએ
સિંહાસન દેવનું. ૨૨૦

તેમ હિંસા કરીને અહિંસા
નિપજાવવી એવા—
કરે છે પૂર્વમીમાંસા
નિર્ણય બાપ. ૨૨૧

જેમ અનાવૃષ્ટિને ઉપદ્રવે
સર્વ જગ ત્રસ્ત થાયે,
ત્યારે પર્જન્ય કાજે કરાયે
યજ્ઞો વિવિધ. ૨૨૨

અને તે યજ્ઞો માંહે
પશુહિંસા પ્રત્યક્ષ થાયે,
પછી અહિંસાને સામે તીર
કેમ દેખાયે. ૨૨૩

વાવીએ કેવળ હિંસા
ત્યાં કેમ ઊગશે અહિંસા,
પણ નવલ બાપ સાહસ
આ યાજ્ઞિકોનું. ૨૨૪

અને આયુર્વેદ સકળ
તે આ જ માર્ગે પાંડવ-
કરાવે જીવ કારણ
જીવઘાત. ૨૨૫

નાના રોગે પીડાયે,
રોળાતાં પ્રાણી દેખાયે,
ત્યારે હિંસા નિવારવા કાજે
પ્રયોજે ચિકિત્સા. ૨૨૬

પણ તે ચિકિત્સા પહેલાં
એકનાં મૂળ ઉખેડવાં-
અને એકને તોડવાં
સમૂળ પાત્ર સહિત. ૨૨૭

એકને વચ્ચે તોડે,
નિર્જીવની છાલ કાઢે,
અને સગર્ભ જીવને ઉકાળે
તે છાલ મહીં. ૨૨૮

અજાતશત્રુ તરુવરે
સર્વાંગે ઘા કરે,
આમ જીવ લઈને ધનુર્ધર
કરે રસહીન. ૨૨૯

જંગમ જીવના શરીરે
હાથ નાખી પિત્ત કાઢે,
પછી તેના વડે રક્ષણ કરે
અન્ય જીવોનું. ૨૩૦

અરે રાચતા મહાલયો
ભાંગીને કરે દેવાલયો,
લૂંટીને વણિક શ્રેષ્ઠિયો
કરે અન્નક્ષેત્ર. ૨૩૧

મસ્તકે ઓઢવા જતાં
ઉઘાડી પડી સર્વ કાયા,
ઘર તોડીને કરાયે
માંડવો આંગણે. ૨૩૨

અથવા ઘરનાં પાથરણાં
બાળીને કરાયે તાપણાં,
કાં કોડે કરાયે પ્રક્ષાલન
કુંજર તણું. ૨૩૩

બળદો વેચી ગભાણ બાંધે,
પોપટ ઊડાવી પિંજરું લાવે,
આ તો મર્કટ-ચેષ્ટા થાયે
એને શું કરીએ. ૨૩૪

કોઈ એક ધર્મને માર્ગે
ગાળીને પાણી પીએ,
પણ ત્યારે ગાળતાં મરે
અસંખ્ય જીવો. ૨૩૫

એક ન રાંધે અન્ન
જે ભયભીત તેમનું મન,
ત્યાં વ્યાકુળ થાયે પ્રાણ
તે હિંસા જ હોયે. ૨૩૬

એટલે હિંસા એ જ અહિંસા,
આ સિદ્ધાંત કર્મકાંડમાં,
પ્રસન્ન મન પાર્થા
ઓળખે તું. ૨૩૭

પહેલાં અહિંસાનું નામ
અમે લીધું જવ પાર્થ,
તવ મનમાં હતી હામ
આમ કહેવા. ૨૩૮

ત્યારે કેમ એને ત્યજીએ,
એટલે પહેલાં બોલીએ,
એ તું પણ તે જાણી લે
ભાવ એવો. ૨૩૯

ઘણું કરીને કિરીટી
આ જ વિશે અહીં ગોષ્ટિ,
નહીં તો આડમાર્ગે
જશે કોણ. ૨૪૦

અને સ્વમતનો નિર્ધાર
કરવા કાજે હે ધનુર્ધર,
વિચારવા પડે મતમતાંતર
જે ઉપલબ્ધ હોય. ૨૪૧

આવા હે અવધાર,
નિરૂપણના પ્રકાર,
હવે એમાં જે મુખ્ય
તે પણ કહું. ૨૪૨

તે સ્વમત નિરૂપીશું,
અહિંસાનું રૂપ કથીશું,
જે જાગતાં સ્પષ્ટ દેખાશે
જ્ઞાન અંતરનું. ૨૪૩

થતાં જ્ઞાનની પ્રતિષ્ઠા,
આચરણે ઝળકે પ્રતિમા,
જેમ હેમનો કસ કાઢતાં
જણાયે મૂલ્ય. ૨૪૪

તેમ જ્ઞાન-મનના મિલને
અહિંસાનું બિંબ ઊમટે,
તે થાય છે કેવી રીતે
સાંભળ હવે. ૨૪૫

તો તરંગો ડહોળાય ના,
લહેરો મોડાય ના,
સ્થિરતા ભંગાય ના
પાણીની સહજ. ૨૪૬

વેગથી હળવે રહીને
માછલી પર મીટ માંડીને—
જળે પગલું ભરે
બગલો જેમ. ૨૪૭

કાં કમળ ઉપરે ભ્રમર
પગ મૂકે સુકુમાર,
કચડશે જે કેસર
પગ માંડતાં. ૨૪૮

તેમ પરમાણુ પથરાયેલ
જાણીને જીવ સાન માટે,
કરુણાથી નીતરતા ચરણે
મૃદુ મંદ ચાલે. ૨૪૯

કૃપામય બનાવે પંથ,
દિશાઓ સ્નેહભરિત,
જીવ કાજે પાથરતા હોયે
જીવ નિજનો. ૨૫૦

એવું કરીને જતન
જેમનું ચાલવું અર્જુન,
તેમનું અનિર્વાચ્ય પરિમાણ
અહિંસા તણું. ૨૫૧

માયાના આવેગે
બિલાડી બચ્ચું ધરી મુખે,
ત્યાં દાંતના કદી ન પડે
ઉઝરડા જેમ. ૨૫૨

કાં સ્નેહમયી માતા
બાળકની વાટ જોતાં—
સમાયે તેની દૃષ્ટિમાં
સુકુમાર સ્નેહ. ૨૫૩

અથવા કમળના દળે
પવન વીંઝાયે જ્યારે—
આંખની કીકીને જેવું
સૌખ્ય થાયે. ૨૫૪

તેની મૃદુતાએ ચરણ
ધરતી ઉપરે મૂકતો જાય,
જેથી ત્યાં વસતા જીવો
સુખી થાયે. ૨૫૫

એવી કોમળતાએ ચાલતાં
જો જીવજંતુ પાંડુસુતા—
દેખાયે તો હળવે પાછા
ફરે સહજ ભાવે. ૨૫૬

કહે પગ જો પટકાશે—
સ્વામીની નિદ્રા ભાંગશે,
પ્રકૃતિ કદાચ બગડશે
પળવારમાં. ૨૫૭

આ કૂણી લાગણીએ
પાછો જ ફરતો હોયે,
કોઈ પણ વ્યક્તિને
ઓળંગે ના. ૨૫૮

જીવનાશને ભયે,
તૃણને પણ ન ઓળંગે,
જીવની અવજ્ઞા કરે
એ કેમ સંભવે. ૨૫૯

કીડી ન ઓળંગે મેરુ,
મશક ન તરે સિંધુ,
જે મળે તેનો ન કરે
અતિક્રમ તેમ. ૨૬૦

એવો જેહનો વ્યવહાર—
કૃપાફળોએ સફળ,
જેહની વાણીમાં જીવે
સાક્ષાત્ દયા. ૨૬૧

તેનું શ્વસન પણ સુકુમાર,
સુખ જાણે પ્રેમનું પિયર,
માધુરીમાં ઊગ્યા અંકુર
તેવા દશન તેના. ૨૬૨

પહેલાં સ્નેહ નીતરે,
પાછળ અક્ષરો ઝરે,
શબ્દ પછી અવતરે,
પહેલાં કૃપા. ૨૬૩

આમ તો તે ન બોલે,
પણ જો બોલે ત્યારે—
ખૂંચશે શું કોઈને
એવું વિચારે. ૨૬૪

બોલતાં અધિક નીકળે,
કોઈનું દિલ ન દુભાયે,
કોઈના મને ન ઊપજે
શંકા કાંઈ. ૨૬૫

કોઈનો સંકલ્પ તૂટશે,
કોઈની નિદ્રા ભાંગશે,
કોઈ તિરસ્કાર કરશે
કદાચ જો. ૨૬૬

કોઈને પીડા ન થાઓ,
કોઈની આંખ ન ચડો,
તેના મનમાં ભાવ એવો
એટલે સેવે મૌન. ૨૬૭

કોઈ જો પ્રાર્થના કરે,
પ્રેમથી બોલવા માંડે,
તો સાંભળનારને લાગે
પોતાનાં માબાપ. ૨૬૮

જાણે નાદબ્રહ્મ થયા સાકાર
કે ઊછળ્યાં ગંગાનાં નીર,
અથવા પતિવ્રતાને લાધ્યું
વાર્ધક્ય. ૨૬૯

તેવા સત્ય પણ મધુર
પરિમિત અને રસાળ,
શબ્દ જાણે કલ્લોલ
અમૃત તણા. ૨૭૦

જે વિરોધવાદ ઊપજાવે,
જે પ્રાણીઓને સંતાપ આપે,
જે ઉપહાસ-છળથી ભરેલા
મર્મસ્પર્શી હોયે. ૨૭૧

અટકવું વેગ અવસાન,
આશા-શંકા પ્રતારણ–
આ ત્યજ્યા છે ગુણ
જેની વાણીએ. ૨૭૨

તે જ પ્રકારે અર્જુન
દૃષ્ટિ જેની રહે સ્થિર,
ભ્રુકુટિ મોકળી કોમળ
કરચલી વિના. ૨૭૩

કાં જે દરેકમાં બ્રહ્મ વસે
તેને કદાચ કષ્ટ થાયે,
એટલે જે જોતા નથી
કોઈને સહસા. ૨૭૪

એવું છતાં કોઈ ક્ષણે
આંતરિક કૃપાને બળે,
ઉઘાડીને જો ડોળે
દૃષ્ટિ ફેંકે— ૨૭૫

તો ચંદ્રબિંબથી ઝરતી ધારા
લાગે ભલે ન ગોચરા,
પણ તે જણાયે ચકોરને
એટલે પ્રસન્ન હોયે. ૨૭૬

તેવું પ્રાણીઓને થાયે,
જો તે ક્યાંયે બહાર જુએ,
તેના અવલોકનનો કીમિયો
કૂર્મિ પણ ન જાણે. ૨૭૭

કિંબહુના એવી
દૃષ્ટિ જેની ભૂતો ભણી,
દેખાય અવસ્થા કરોની
તેની જ પાર્થ. ૨૭૮

જેમ થઈને કૃતાર્થ
રહે સિદ્ધોના મનોરથ,
તેમ તેઓના હાથ
નિર્વ્યાપાર. ૨૭૯

અંધ અને દૃષ્ટિસંન્યાસ,
કાં ઈંધનરહિત અગ્નિનું શમન,
અથવા મૂગાએ લીધેલું મૌન
જેમ અરે. ૨૮૦

એ પ્રમાણે કાંઈ
જેના હાથને કર્તવ્ય નાહીં;
જે અકર્તાપણું લઈ
બેસી રહે. ૨૮૧

પવનને આંચકો આવશે,
અંબરને નખ ખૂંચશે,
એ બુદ્ધિથી હાથને
હાલવા ન દે. ૨૮૨

ત્યાં દેહે બેઠેલાં ઉડાડવાં,
કાં આંખોએ પ્રવેશતાં રોકવાં,
કે પશુપક્ષીઓને બિવડાવવાં
ત્રાસમુદ્રાએ. ૨૮૩

આ વાત જ કેમ કરાયે,
જેને દંડલાકડી લેવી ન ગમે,
ત્યાં શસ્ત્રની વાત કિરીટી
કેમ કરવી. ૨૮૪

લીલા કમળે ક્રીડા કરવી,
કાં પુષ્પમાળા ઝીલવી,
એ પણ ન કરે બીકથી
ગોફણચેષ્ટાની. ૨૮૫

કદાચ રોમાવલિ હાલશે
એટલે દેહને ન પંપાળે,
નખને જે વધવા દે
આંગળી પરે. ૨૮૬

એટલે કર્મ કરવાનો અભાવ
એવો જો પડે પ્રસંગ,
તો હાથનો સહજ સ્વભાવ
નમન કરે. ૨૮૭

કાં અભય આપવા ઊંચકાયે,
પડેલાને હાથ અપાયે,
અથવા આર્ત્તને અડકાયે
હળવે રહી. ૨૮૮

આટલું પણ ઉપરોધે કરાયે,
જે દુઃખીના ભયને હરાયે,
એ તો ચંદ્રકિરણ પણ ન જાણે
આર્દ્રતા તેવી. ૨૮૯

પામીને તે સ્પર્શ,
મલયાનિલ સદૃશ,
પ્રાણીજાત થાય પ્રસન્ન
એમ પંપાળે જે. ૨૯૦

જે સદા રહે મોકળા,
જે ચંદનાંગો શીતળાં,
ન ફળવા છતાં નિષ્ફળા
લાગે નહીં. ૨૯૧

રહેવા દે આ વાગ્જાળ,
જાણવા તેમના કરતળ,
જેવાં સ્વભાવ-શીલ
સજ્જનોનાં. ૨૯૨

હવે મન કેવું તેમનું—
એવું જો તારું પૂછવું,
તો કોનો આ બધો કહો
વિલાસ આંહીં. ૨૯૩

કાંઈ શાખા ન હોયે વૃક્ષ,
જળ વિના ન હોયે સાગર,
તેજ અને તેજાકાર
જુદાં હોયે. ૨૯૪

અવયવ અને શરીર
શું ભિન્ન કંઈ ખરેખર,
કે રસ અને નીર
જુદાં હોયે. ૨૯૫

એટલે આ જે સર્વ
કહ્યા તને બાહ્ય ભાવ,
તે મન જ અવયવ સહિત
એમ જાણવું. ૨૯૬

જે ભૂમિએ બીજ વવાયે
તે જ વૃક્ષ થઈને પાંગરે,
તેમ ઇન્દ્રિયો દ્વારા વિસ્તરે
આંતરમન. ૨૯૭

પણ જો માનસ માંહે
અહિંસાનો અભાવ હોયે,
તો કેમ કરીને નીતરે
પાર્થ વ્યવહારે. ૨૯૮

ગમે તે વૃત્તિ કિરીટે
પહેલાં મનમાં જ ઊઠે,
પછી વાચા ને દૃષ્ટિએ-
કરો સુધી ઊતરે. ૨૯૯

એટલે જે મનમાં ન હોયે
તે વાચાએ કેમ ઊમટશે,
શું બીજ વિણ ભૂમિએ
ઊગશે અંકુર. ૩૦૦

એટલે મન જ્યારે મોડે
ત્યારે ઇન્દ્રિયો નિર્બળ થાયે,
સૂત્રધાર વિના કઠપૂતળીઓ
જેમ વ્યર્થ. ૩૦૧

ઉદ્‌ગમમાં જે સુકાઈ જાયે
તે જળ કેમ પ્રવાહિત થાયે,
પ્રાણાંત થયે કેમ પ્રવર્તે
વ્યવહાર દેહે. ૩૦૨

તેમ મન જ હે પાંડવ
ઇન્દ્રિયવૃત્તિનું મૂળ કારણ,
તે જ ચેષ્ટા કરતું હોયે
ઇન્દ્રિયો દ્વારા. ૩૦૩

જે ઘડીએ અરે જેવું
થઈને મહીં તે જીવતું,
તેવું જ બહાર પ્રગટે
વ્યવહારરૂપે. ૩૦૪

એટલે સાચેસાચ,
મને જો અહિંસા સુદૃઢ,
તો પક્વ ફળોની સુગંધ
જેવી પ્રસરે સર્વત્ર. ૩૦૫

તેથી ઇન્દ્રિયો તે સંપદા
વેચવાના કરે ધંધા,
આપલે રહે કરતા
અહિંસાની. ૩૦૬

સાગરે ભરતી ઊમટે
ત્યારે ખાડીએ સમુદ્ર સમાયે,
તેમ ચિત્તની સંપદા ઊતરે
ઇન્દ્રિયો મહીં. ૩૦૭

એ ભલે પણ શિક્ષક
ધરીને બાળકનો હાથ,
લખાવે અક્ષરો વ્યક્ત
પોતે જ કરે. ૩૦૮

તેમ દયાળુતા પોતાની
મનહાથેપગે ઉતારી,
પછી ત્યાં ઊપજાવે તે
અહિંસાચાર. ૩૦૯

આ કારણે હે પાર્થ
ઇન્દ્રિયોની કરી જે વાત,
તેથી વ્યક્ત કર્યું જાણ
મનનું સ્વરૂપ. ૩૧૦

કાયા-વાચા-મનસા એવો
કર્યો છે સંન્યાસ હિંસાનો,
દેખાશે જેહના જીવનમાં
તુજને અરે. ૩૧૧

તે જાણવો જ્ઞાનવિલાસ,
તે જ જ્ઞાનનો નિવાસ,
કિંબહુના અંતરબાહ્ય
જ્ઞાનરૂપ તે. ૩૧૨

જે અહિંસાનું શ્રવણ કરીએ,
જે ગ્રંથાધારે નિરૂપીએ,
તે જોવા મન ઊછળે ત્યારે
કરવાં જ્ઞાનીનાં દર્શન. ૩૧૩

એવું કહ્યું શ્રીહરિએ,
નિરૂપવું હતું તે એક શબ્દે,
ત્યાં લપસ્યો અતિ વિસ્તારે
એટલે ક્ષમસ્વ. ૩૧૪

કહેશો કે લીલા તૃણે પશુ
વીસરે પાછળનું ભાન રાખવું;
અથવા પવનવેગે પંખીડું
ગગનમાં વિહરે. ૩૧૫

તેમ પ્રેમની સ્ફૂર્તિવશે
ડૂબી જતાં પ્રેમવૃત્તિએ,
તણાયો હું વિવશતાએ
કેમ ન કળે. ૩૧૬

પણ સાંભળો: નથી તેવું,
પ્રયોજન છે વિસ્તારનું;
નહીં તો અક્ષરો ત્રણ છે
અહિંસાપદે. ૩૧૭

આમ કહી શકાશે સંક્ષેપે,
પણ ત્યારે જ, જ્યારે ખોલીએ
અસંખ્ય મતો, પાર્થ,
ખંડન કરીને. ૩૧૮

નહીં તો પ્રાપ્ત મતાંતરે,
જેમના તેમ રાખીને બળે,
કહીશ તો તને ન ગમશે
વાત મારી. ૩૧૯

રત્નપારખુઓને ગામે
જો શાલિગ્રામ વેચાયે—
તો જ ગાંસડી ખોલીએ,
અન્યથા પ્રશંસા વ્યર્થ. ૩૨૦

કોણ પરખશે કપૂરગંધ
જ્યાં મુદ્દલ છે મંદ—
લોટનો વકરો પણ
જે ગામમાં. ૩૨૧

એટલે આ સભા માંહે
વકતૃત્વના ભારી ક્ષોભે-
બોલીશ તો ના ચાલશે
હે શ્રોતાગણ. ૩૨૨

સામાન્ય અને વિશેષ,
એકસામટું જો કહીશ,
પહોંચવા ન દેશો વાત
શ્રુતિપર્યંત. ૩૨૩

જ્યાં સંદેહના કાદવે
શુદ્ધ પ્રમેય મલિન થાયે,
ત્યાં પાછળ પગલું ભરે
અવધાન પાર્થ. ૩૨૪

અથવા લીલના આવરણે
જ્યાં જળ સંતાઈ રહે,
તે સ્થાન ભણી જાયે
હંસ શું કદી. ૩૨૫

અથવા અભ્રને પેલે પાર
જ્યોત્સ્નાની હો પુરબહાર,
તોયે ચાંચ વડે ચકોર
પ્રાશન ન કરે. ૩૨૬

તેમ તમે સામું ન જોશો,
ગ્રંથ ઉપેક્ષીને કોપશો,
જો વાદાતીત રહેશે નહીં
નિરૂપણ મારું. ૩૨૭

વિભિન્ન મતો ન સમજાવતાં
આક્ષેપોનું નિવારણ ન કરતાં—
કરેલું વ્યાખ્યાન રાખશે મને
તમ સ્નેહથી વંચિત. ૩૨૮

અને મારું તો સઘળું
ગ્રંથન આ ભાવે કરું—
જે તમે સંતો થાઓ
પ્રસન્ન મુજથી. ૩૨૯

આમ પણ ખરેખરે
ગીતાર્થના ભોક્તા તમે,
જાણીને ગીતા પ્રેમે
હાથે ધરી મેં. ૩૩૦

પોતાનું સર્વસ્વ આપશો
અને ગીતાને સ્વીકારશો,
એટલે ગ્રંથ ન હોયે જામીન
તમારી કૃપાનો. ૩૩૧

સર્વસ્વનો મોહ રાખશો,
ગીતાની ઉપેક્ષા કરશો-
તો જે ગીતાની તે મારી
થાશે ગતિ. ૩૩૨

કિંબહુના જી મને
તમારી કૃપા ઇષ્ટ છે,
કર્યું નિમિત્ત તે માટે
આ ગ્રંથનું. ૩૩૩

તમ રસિકોને યોગ્ય
શોધવું ઘટે વ્યાખ્યાન,
એટલે નિરૂપવા ગયો
મતમતાંતરો. ૩૩૪

ત્યાં કથાનો ફેલાવ થયો,
શ્લોકાર્થ આઘો રહ્યો,
એની ક્ષમા તમે આપજો
નિજ અપત્યને. ૩૩૫

ચાસમાં આવતાં કાંકરી
કાઢવા કાજે ક્ષણ ખર્ચવી,
તે ન દોષ, અનિવાર્ય છે,
ત્યાગ વિક્ષેપનો. ૩૩૬

અથવા ચોરોને ચૂકવતાં
વિલંબ થાય તો માતા–
કોપે કે ન્યોછાવર કરે
પ્રેમભાવે. ૩૩૭

પણ આ સઘળું અનાવશ્યક,
તમોએ ક્ષમા આપી સગૌરવ,
એટલે હવે કરજો શ્રવણ,
શું દેવે કહ્યું. ૩૩૮

કહે, હે ઉન્મેષ સુલોચન,
સાવધ થાજે અર્જુન,
કરાવું તને ઓળખાણ
જ્ઞાનની હવે. ૩૩૯

તો જ્ઞાન કહેવાય જે
ઓળખે નિ:સંદેહ તે,
આક્રોશરહિત પ્રવર્તે
ક્ષમા જેહમાં. ૩૪૦

અગાધ એવા સરોવરે
કમલિની જે પ્રકારે,
કાં સુભાગીને ઘરે
સંપદા જેમ. ૩૪૧

પાર્થ તે જ પ્રમાણે
ક્ષમા જેથી ઓજ પામે,
તે કહીશ લક્ષણો તને
ઓળખ આપવા. ૩૪૨

તો અપત્ય જેમ અલંકાર
પહેરાવવા દે દેહ ઉપર,
તેમ જે ભોગ કરે સહન
સદા સર્વત્ર. ૩૪૩

મુખ્ય ત્રિવિધ સહિત સકળ
ઉપદ્રવો કરે આક્રમણ,
તોયે જે ન થાયે પાર્થ
ક્ષુબ્ધચિત્ત. ૩૪૪

અપેક્ષિત જવ પામે
તવ જે સંતોષ અનુભવે,
અનપેક્ષિતનેય સ્વીકારે
તે જ ભાવે. ૩૪૫

જે માન-અપમાન સહે
સુખદુ:ખ સમાવી લે,
નિંદાસ્તુતિથી ન હોયે
દુ:ખી કદી. ૩૪૬

ઉનાળાથી તપ્ત ન થાયે,
શિયાળાથી કંપિત ન હોયે,
કશાની પણ બીક ન રાખે
કોઈ કાળે. ૩૪૭

નિજ શિખરોનો ભાર
ન જાણે મેરુ પર્વત,
કે ધરા ન માને બોજો
વરાહ પ્રભુનો. ૩૪૮

અથવા ચરાચરે ભૂતોએ
પૃથ્વીને ભાર ન થાયે,
તેમ વિવિધ દ્વંદ્વો પ્રાપ્ત થયે
ગભરાતો નથી. ૩૪૯

લઈને જળના પ્રવાહો
આવતા નદીનદસમૂહો,
વિશાળ ઉદરે કરે સ્વીકાર
સમુદ્ર જેમ. ૩૫૦

તેમ જેહના ચિત્તે
સહેવું એમ ન હોયે–
અને સહું છું એવું પણ
સ્મરણ ન રહે. ૩૫૧

પ્રારબ્ધપ્રાપ્ત જે હોયે
તેમાં તે નિજ રૂપ જુએ,
એટલે સહેવાનો ભાવે
સ્પર્શતો નથી. ૩૫૨

આવી અનાક્રોશ ક્ષમા
જેમની પાસે પ્રિયોત્તમા,
તેનાથી વાધે મહિમા
જ્ઞાન તણો. ૩૫૩

તે પુરુષ હે પાંડવ–
જ્ઞાનનો પ્રાણ જાણ,
હવે લક્ષણો સાંભળ
આર્જવ તણાં. ૩૫૪

હવે તે જાણ આર્જવ—
જેમ પ્રાણે વસતું સૌજન્ય
રુચે કે ન રુચે સૌને
સહાય કરે. ૩૫૫

સુખ જોઈને પ્રકાશ
ન આપે ક્યારે આદિત્ય,
સર્વ જગતને અવકાશ
સમાન આપે ગગન. ૩૫૬

તેવું જેમનું મન–
ભૂતો પ્રતિ આનઆન–
ન હોયે, અને વર્તન
એવું રહે કે— ૩૫૭

જગતથી પરિચય પુરાણો,
જગતથી સંબંધ જૂનો,
પોતીકા-પારકાનો ભેદ
જાણતો નથી. ૩૫૮

ગમે તેની જોડે મિત્રતા
જળની જેમ, પ્રવાહિતા,
કોઈને વિશે ન રાખે
પ્રતિબંધ ચિત્ત. ૩૫૯

પવનની ગતિ જેમ,
જેવા ઋજુ ભાવ તેમ,
શંકા અને અભિલાષ
સદંતર નથી. ૩૬૦

માતા પાસે બાળક
પ્રવેશતાં ન રાખે સંદેહ–
તેમ લોકો પ્રતિ વિશ્વાસ—
રાખતાં ન અચકાયે. ૩૬૧

પ્રફુલ્લતાં ઇંદિવર
સૌરભ પ્રસરે સકળ,
ખૂણાખાંચરા નથી તેમ
જેહના ચિત્તે. ૩૬૨

મુરેખપણું રત્ન તણું,
કે પ્રસર્યું તેજ રશ્મિ તણું;
તેમ મનની ગતિ પછી
કર્મ જે કરે. ૩૬૩

ચિંતવવું જે ન જાણે,
જે અનુભવરૂપ થઈ રહે,
અંતઃકરણ સદા પ્રવર્તે
મોકળાશથી. ૩૬૪

દૃષ્ટિ નથી ઓશિયાળી,
વાણી નથી સંદિગ્ધ કદી,
કોઈ પણ પ્રતિ હીનબુદ્ધિ
રાખતો નથી. ૩૬૫

દશેય ઇન્દ્રિયો પ્રાંજળ,
નિષ્કપટ અને નિર્મળ,
પાંચેય પ્રાણ અનાવિલ
અહોરાત્ર. ૩૬૬

અમૃત તણી ધારા જેમ
ઋજુ અંતરબાહ્ય તેમ,
કિંબહુના સદેહે પિયર
આ લક્ષણોનું. ૩૬૭

તે પુરુષ હે સુભટ,
આર્જવની મૂર્તિ પ્રત્યક્ષ,
ત્યાં જ કરે છે જાણ
જ્ઞાન ચિરનિવાસ. ૩૬૮

હવે આ ઉપરાંત
ગુરુભક્તિની રીત
કહીશ, થઈ એકચિત્ત
સાંભળી લે. ૩૬૯

સકળ સૌભાગ્ય કાજે
ગુરુસેવા જ કારણ જાણે,
જે બ્રહ્મરૂપ કરાવી દે
શોકગ્રસ્તને. ૩૭૦

તે આચાર્યની ઉપાસના
નિરૂપીશ તને પ્રગલ્ભા,
રહેવા દે એકાગ્રતા
ચિત્તની પાર્થ. ૩૭૧

તો સકળ જળસમૃદ્ધિ
લઈ ગંગા પ્રવેશે ઉદધિ,
કે બ્રહ્મપદે જઈને શ્રુતિ
થાય પ્રતિષ્ઠિત. ૩૭૨

અથવા એકાગ્ર કરી જીવન,
અને સર્વ ગુણ-અવગુણ—
પતિવ્રતા કરે સમર્પિત
નિજ નાથને. ૩૭૩

તેમ બાહ્યાંતર પોતાનું
ગુરુકુળે જેણે સમર્પ્યું,
અને નિજ જીવન કર્યું
ભક્તિધામ. ૩૭૪

જે દિશાએ ગુરુનું ધામ
તેનું મનમાં ધરે ધ્યાન,
વિરહિણી તરસે જેમ
વલ્લભ કાજે. ૩૭૫

તે દિશાથી આવે પવન
તો ધાયે વધાવે આગમન,
કહે કરો જી નિવાસ
મારે ગૃહે. ૩૭૬

સાચા પ્રેમની ઘેલછાએ
તે દિશા જોડે સંવાદ માંડે—
પોતાનો જીવ ગુરુધામે
જામીન રાખે. ૩૭૭

પણ ગુરુઆજ્ઞાનું અંકિત
શરીર એકલું ગામે વસત,
જાણે બાંધ્યું વાછરડું
દોરડી વડે. ૩૭૮

કહે ક્યારે સંકટ ટળશે,
ક્યારે મુજ સ્વામી ભેટશે,
યુગ થકી દીર્ઘ જણાયે
નિમિષ તેને. ૩૭૯

એવામાં ગુરુગ્રામથી આવે
કે ગુરુ કોઈને મોકલે,
તો ગતાયુષ્યને જાણે મળે
સંજીવન. ૩૮૦

કાં શુષ્ક થયેલા અંકુરે
અમૃતની વર્ષા થાયે,
અથવા ખાબોચિયાથી આવે
માછલી સાગરે. ૩૮૧

અથવા રંકને દ્રવ્ય દેખાયે,
કાં અંધની દૃષ્ટિ ઊઘડે,
ભિખારીને મળી આવે
ઇન્દ્રનું પદ. ૩૮૨

તેમ ગુરુકુળના ઉલ્લેખે
મહાસુખે નખશિખ ભરાયે,
જાણે આકાશને સમાવશે
આલિંગને. ૩૮૩

અરે ગુરુકુળે એવી
દેખાશે તને પ્રીતિ,
જાણે તેની કરે ચાકરી
જ્ઞાન પોતે. ૩૮૪

અને હૃદયને ગર્ભગૃહે
ભરાઈને શુદ્ધ પ્રેમે,
ધ્યાનમય ઉપાસના કરે
શ્રીગુરુમુખની. ૩૮૫

હૃદયશુદ્ધિ જાણે પ્રાંગણ,
ત્યાં આરાધ્યને કરી સ્થાપન,
પોતે જ થાયે પરિવાર
સર્વ ભાવે. ૩૮૬

ચૈતન્યને ગર્ભગૃહે
રચેલા આનંદના મંદિરે,
શ્રીગુરુલિંગ સ્થાપીને
ધ્યાનાભિષેક ધરે. ૩૮૭

ઉદય પામતાં બોધસૂર્ય,
બુદ્ધિ-કરંડિકાએ અષ્ટ ભાવ
ભરીને સમર્પે લક્ષાવધિ
ત્ર્યંબકેશ્વરને. ૩૮૮

ત્રણેય કાળ જાણીને શુદ્ધ
બાળે જીવદશાનો ધૂપ,
ઓવારે જ્ઞાનદીપ
નિરંતર. ૩૮૯

સામરસ્યનું નૈવેદ્ય ધરે,
અને અખંડ અર્પણ કરે,
પોતે જ પૂજારી થાયે,
માને ગુરુને શિવલિંગ. ૩૯૦

અથવા જીવની શય્યાએ
કાંતભાવે ગુરુને ઉપાસે,
એવી પ્રેમમય લીલા કરે
બુદ્ધિયુક્ત. ૩૯૧

કોઈ એક અવસરે
અનુરાગસભર અંતરે,
પ્રીતિને જ નામ અર્પે
ક્ષીરાબ્ધિનું. ૩૯૨

ધ્યેય-ધ્યાનનું જે સુખ
તે શેષશય્યા સકૌતુક,
ત્યાં કરાવે જળશયન
ગુરુરૂપ વિષ્ણુને. ૩૯૩

પછી ચરણસેવા કરતી
થાય પોતે લક્ષ્મી સતી,
અને પોતે જ ઊભો રહે
ગરુડભાવે. ૩૯૪

પોતે જ નાભિએ જન્મે-
એવું બધું ગુરુમૂર્તિ પ્રેમે
અનુભવે નિજ મનોધર્મે
ધ્યાનનું સુખ. ૩૯૫

કોઈ એક વેળાએ
ગુરુને માતા માને ભાવબળે,
પછી સ્તન્યસુખાર્થે ડોલે
ખોળા મહીં. ૩૯૬

અથવા સાંભળ પાર્થ-
ચૈતન્યતરુની હેઠળ,
ગુરુને ધેનુ કરી પાછળ
પોતે જ વત્સ થાય. ૩૯૭

ગુરુકૃપા-સ્નેહસલિલે
પોતે જ માછલી થાયે,
વળી કોઈ એક ઘડીએ
એવું એવું માને. ૩૯૮

ગુરુકૃપામૃતની વૃષ્ટિએ
સેવાવૃત્તિનો છોડ થાયે,
એવા સંકલ્પો વિવિધ સેવે
નિજ અંતરે. ૩૯૯

આંખ-પાંખ વિનાનું
પોતે જ થાય બચ્ચું,
કેવું એ અપારપણું
પ્રીતિ તણું. ૪૦૦

ગુરુને ભાવે પંખિણી
ચારો લે ચાંચથી તેની,
ગુરુને તારક માની
પકડે કટિ તેમની. ૪૦૧

એમ પ્રેમના પ્રભાવે
ધ્યાન જ ધ્યાનને પ્રસવે,
પૂર્ણ સિંધુએ જેમ ઊછળે
કલ્લોલ ડાળના. ૪૦૨

કિંબહુના આ પ્રકારે
શ્રીગુરુમૂર્તિ ધ્યાયે અંતરે,
હવે સાંભળ કેમ ભોગે
બાહ્યસેવા. ૪૦૩

તો જીવે હોંશ એવી
કે કરીશ સેવા ગરવી.
કહેશે કૌતુકે ગુરુ જેથી
વરદાન માગ. ૪૦૪

તેવી સાચી ઉપાસનાએ
પ્રસન્ન થાશે સ્વામી જ્યારે—
હું વિનંતી કરીશ ત્યારે
આ પ્રકારે. ૪૦૫

કહીશ તમારો હે દેવ
પરિવાર જેટલો સકળ—
તેટલો થાઓ હું એક
વિવિધ રૂપે. ૪૦૬

અને કરવા તમારી સેવા
ઉપકરણો આ છે જેટલાં—
તેટલાં જ થાઓ રૂપ
મારાં પ્રભો. ૪૦૭

વરદાન માગીશ એવું,
ત્યાં સ્વીકારશે શ્રીગુરુ,
પછી સકળ પરિવાર
થઈ રહીશ હું. ૪૦૮

ઉપકરણજાત સકળ
હું જ થઈશ એકેક,
ત્યારે ઉપાસનાનું કૌતુક
દેખાશે સૌને. ૪૦૯

શ્રીગુરુ માતા ઘણાની
પણ થઈ રહે મુજ એકલાની—
ભક્તિએ દઈશ આણ એવી
ગુરુકૃપાને. ૪૧૦

ગુરુપ્રેમને મુજ છંદ લગાડીશ,
એકપત્નીવ્રત લેવડાવીશ,
ક્ષેત્રસંન્યાસ કરાવીશ,
તેમના સ્નેહ પાસેથી. ૪૧૧

ચતુર્દિશાએ વહેતો પવન
જઈ ન શકે દિશાતીત,
તેમ ગુરુકૃપા માટે થઈશ
પાંજરું હું. ૪૧૨

નિજ ગુણોના અલંકારે
શૃંગારીશ ગુરુસેવા-દેવીને,
એ ઓઢણી થઈશ ભલે
ગુરુભક્તિની. ૪૧૩

ગુરુસ્નેહની વૃષ્ટિ કાજે
હું રહીશ પૃથ્વી થઈને,
એવા મનોરથોની રચે
અનંત સૃષ્ટિ. ૪૧૪

કહે શ્રીગુરુનું ભવન
થઈશ હું જ આપણ,
દાસ થઈને કરીશ
સેવા તેમની. ૪૧૫

જતાં-આવતાં દાતાર
વટાવે જે ઉંબર—
તે થઈને હું જ થઈશ
દ્વારપાળ. ૪૧૬

હું જ પાદુકા થઈશ
પોતે જ પહેરાવીશ,
છત્ર પણ થઈને પોતે
ધરીશ ગુરુમસ્તકે. ૪૧૭

ઊંચીનીચી જગા જણાવનારો,
ચમર ધરીને હાથ દેનારો,
સ્વામી આગળ દીપ ધરનારો
થઈશ હું. ૪૧૮

પાણીની ઝારી થઈશ,
કોગળા હું જ કરાવીશ,
પિકદાની થઈને પોતે
રહીશ હું. ૪૧૯

પાનદાની હું જ સંભાળીશ,
આવેલું બીડું હું જ લઈશ,
બધી સેવા હું જ કરીશ
સ્નાન તણી. ૪૨૦

થઈને ગુરુનું આસન,
અલંકાર પરિધાન,
ચંદનાદિ થઈશ
ઉપચાર સર્વે. ૪૨૧

હું જ સ્વયંપાકી થઈશ,
હું જ ભોજન પિરસીશ,
શ્રીગુરુ પરથી કરીશ
નિજને ન્યોછાવર. ૪૨૨

જે વેળા ગુરુ આરોગશે
ત્યારે પંક્તિમાં બેસી જમાશે,
હું જ સન્મુખ આવીને
બીડું આપીશ. ૪૨૩

જમેલો થાળ હું કાઢીશ,
પોતે શય્યાને સમારીશ,
ચરણો હું જ દબાવીશ,
કરીશ બધું. ૪૨૪

સિંહાસન થઈશ આપણ,
ઉપર કરશે ગુરુ આરોહણ,
થઈશ પૂર્ણસ્વરૂપ
સેવા તણું. ૪૨૫

શ્રીગુરુનું મન
જ્યાં દેશે અવધાન,
તે રૂપ કરીને ધારણ
સર્જીશ ચમત્કાર. ૪૨૬

તેમના શ્રવણને આંગણ
અક્ષૌહિણી શબ્દો થઈશ,
સ્પર્શ થઈશ જ્યાં જ્યાં
સ્પર્શશે તેમની કાયા. ૪૨૭

શ્રીગુરુના ડોળા
અવલોકને સ્નેહાળા,
જોશે તે સઘળાં
રૂપો થઈશ હું. ૪૨૮

જે જે રુચશે તેમની રસનાને
તે તે રસ હું જ થઈશ,
સૌરભ રૂપે કરીશ
ઘ્રાણસેવા. ૪૨૯

આમ બાહ્ય મનોગત
શ્રીગુરુસેવા સમસ્ત,
વ્યાપીને વસ્તુજાત
થઈ રહીશ. ૪૩૦

જ્યાં સુધી દેહ રહેશે
ત્યાં સુધી સેવા થાશે,
પછી નવાઈ દેહાન્તે જો રહેશે
સેવાબુદ્ધિ. ૪૩૧

આ શરીરની માટી
મેળવીશ તે ધરતી—
જ્યાં શ્રીચરણ ઊભા હોયે
શ્રીગુરુના. ૪૩૨

મારા સ્વામી સકૌતુકે
સ્પર્શ કરશે જે ઉદકે—
તેમાં લય કરીશ સ-રસ
મુજ જળતત્ત્વ. ૪૩૩

જે દીપે ગુરુને ઓવારાશે,
કાં જેનાથી ભુવનને ઉજાળાશે,
તે દીપકની દીપ્તિમાં ભેળવીશ
મુજ તેજતત્ત્વ. ૪૩૪

ચમર અને વીંજણે
લય કરીશ પ્રાણને,
પછી વાયુ ઢાળનારો
થઈશ પોતે. ૪૩૫

જે જે અવકાશે
શ્રીગુરુ રહે સપરિવારે,
આકાશતત્ત્વ તે આકાશે
લય કરીશ. ૪૩૬

જીવતાં-મરતાં સેવા ન છોડીશ,
નિમેશ પણ અન્યને ન સોંપીશ,
એમ સેવતો રહીશ
કલ્પો સુધી. ૪૩૭

આ ઉપરાંત આટલું સાહસ
સેવે જેનું માનસ,
તે કરીને અપાર
પ્રત્યક્ષ સેવા. ૪૩૮

રાત્રિદિવસ ન જાણે,
થોડુંઘણું ન કહે,
સેવા મળતાં સ્ફૂર્તિ પામે
વારંવારે. ૪૩૯

મળે ગુરુસેવાનો આદેશ
ત્યારે થાય ગગનથીય વિસ્તૃત,
એકલો સેવા કરે સર્વ
એકેકાળે. ૪૪૦

હૃદયવૃત્તિની આગળે
શરીર ધાઈ જાયે,
અને કાજ કરે હોડે
માનસ સાથે. ૪૪૧

કોઈ એક વેળાએ
શ્રીગુરુની લીલા ઉપરે-
ન્યોછાવર સઘળું કરે
નિજ જીવિત. ૪૪૨

જે ગુરુસેવાએ કૃશ,
જે ગુરુપ્રેમ વડે પુષ્ટ,
જે ગુરુઆજ્ઞાને નિવાસ
પોતાનો કરે. ૪૪૩

જે ગુરુકુળે સુકુલીન,
જે ગુરુબંધુ સૌજન્યે સુજન,
ગુરુસેવા જેને વ્યસન
નિરંતર. ૪૪૪

ગુરુ સંપ્રદાય ધર્મ,
તે જ જેનાં વર્ણાશ્રમ-
ગુરુ પરિચર્યા નિત્યકર્મ
જેનાં હોયે. ૪૪૫

ગુરુ ક્ષેત્ર ગુરુ દેવતા,
ગુરુ માતા ગુરુ પિતા,
જે ગુરુસેવા કરતાં
બીજો માર્ગ ન જાણે. ૪૪૬

શ્રીગુરુનાં દ્વાર
તે જેનો સર્વસ્વ સાર,
ગુરુસેવકને સહોદર
માને પ્રેમે. ૪૪૭

જેમના શ્રીમુખે
ગુરુનામ-મંત્ર ઝરે,
ગુરુવાક્ય વિના શાસ્ત્ર
સ્પર્શે ન હાથે. ૪૪૮

ગુરુચરણોથી સ્પર્શિત
ગમે તેવું રહે જો જળ,
ત્યાં તીર્થો આણે સકળ
ત્રૈલોક્યનાં. ૪૪૯

શ્રીગુરુનું ઉચ્છિષ્ટ
લાધે જો તેને હઠાત્,
તે લાભ આગળ તુચ્છ
માને સમાધિસુખ. ૪૫૦

કૈવલ્યસુખ કાજે
ચરણરજ લે કિરીટે—
ઊડતી પાદપદ્મે
ચાલતાં જે. ૪૫૧

કહે, કેટલું કહીએ—
ગુરુભક્તિનો પાર ન આવે,
પણ મારી ઉત્ક્રાંત મતિ હોયે
કારણ તેનું. ૪૫૨

જેને આ ભક્તિની ઇચ્છા થાયે,
જેને આ વિષયના કોડ હોયે,
જેને સેવા વિણ મધુર ક્યાંયે
ન લાગે કાંઈ. ૪૫૩

તે તો તત્ત્વજ્ઞાનનું ધામ,
જ્ઞાન તેનાથી શોભાવંત,
તે તો સદેહ ભગવંત
જ્ઞાન દાસ તેનું. ૪૫૪

આ જાણવું ખરેખરે
જ્ઞાન ત્યાં ઉઘાડે બારણે-
કરે ક્રીડા આ પ્રકારે
વિશ્વ કાજે. ૪૫૫

આ ગુરુસેવા વિશે
અભિલાષ મુજ ચિત્તે,
વીસરીને મર્યાદા એટલે
બોલ્યો અપાર. ૪૫૬

આમ હાથ હોવા છતાં ઠૂંઠો,
ભજન-પ્રસંગે આંધળો,
પરિચર્યા કાજે પાંગળો
પંગુ કરતાંય. ૪૫૭

ગુરુના વર્ણને મૂંગો,
પોષણ લઉં હું નકામો,
પણ મનમાં ઘણો ઊંડો
અનુરાગ છે. ૪૫૮

આ એક જ કારણે
પોષણ આપવું સ્થૂળને-
અનિવાર્ય લાગે મુજને,
જ્ઞાનદેવ કહે. ૪૫૯

મારો અવિવેક અવગણજો,
સેવાનો અવસર આપજો,
હવે હું નિરૂપીશ ગરવો
ગ્રંથાર્થ. ૪૬૦

સાંભળો જી સાંભળો શ્રીકૃષ્ણ,
જે ભૂતભાર સહિષ્ણુ,
તે નિરૂપણ કરે વિષ્ણુ,
શ્રવણ કરે પાર્થ. ૪૬૧

કહે શુચિતા આ પ્રકારે
જેના જીવને દેખાયે,
કાયા અને મન જણાયે
કર્પૂર તણું. ૪૬૨

કાં રત્નોના સમુદાય
જેમ સબાહ્ય ઊજળા હોય,
એક્સરખું અંતરબાહ્ય
સૂર્યની જેમ. ૪૬૩

કર્મે બાહ્યાંગ પખાળેલું,
જ્ઞાને અંતરંગ અજવાળેલું;
આ ઉભય પ્રકારે થયેલું
પ્રક્ષાલન. ૪૬૪

માટીએ અને જળે
બાહ્ય જેમ પખાળાયે,
તેમ બાહ્યાંતર વેદજ્ઞાએ
અજવાળાયે. ૪૬૫

બુદ્ધિને બળપ્રયોગે,
રજ વડે અરીસો ધોવાયે,
ધોબીની કુંડિયે શુદ્ધ કરાયે
મલિન વસ્ત્ર. ૪૬૬

કિંબહુના આ પ્રકારે
બાહ્ય નિર્મળ કરાયે,
જ્ઞાનદીપ પ્રજવળે અંતરે
તેથી અંતર શુદ્ધ. ૪૬૭

નહીં તો રહે પાંડુસુત
હૃદયની શુદ્ધિ વિણ—
બાહ્ય કર્મ તું જાણ
શુદ્ધ વિટંબણા. ૪૬૮

મૃતદેહ શૃંગારવો,
ગર્દભ તીર્થે નવાડવો,
કડવી દૂધીને કરવો
લેપ ગોળનો. ૪૬૯

નિર્જન ગૃહે તોરણ બાંધવું,
ઉપવાસીને અન્ને લીંપવું,
કુંકુમસિંદૂરે અલંકારવું
પતિહીનાને. ૪૭૦

કળશ ધાતુનો પોકળ
તો નિરર્થક સુવર્ણનો ઢાળ,
શું કરીએ લઈ ચિત્રિત ફળ
છાણનાં. ૪૭૧

તેવું જ ઉપરછલું શુદ્ધ કર્મ,
મોલ ન પામે પદાર્થ ક્ષુદ્ર,
ઘડો ન રખાયે મદયુક્ત
ગંગાજીમાં. ૪૭૨

એટલે જોઈએ અંતરે જ્ઞાન,
પછી લાધશે બાહ્ય સહજ,
પણ જ્ઞાનમાત્રથી કર્મ
ક્યાંયે ન સંભવે. ૪૭૩

એટલે બાહ્ય વિભાગ
કર્મે પખાળવો સુરેખ,
અને અંતર કરવું નિર્મળ
જ્ઞાન વડે. ૪૭૪

અંતર-બાહ્ય ભેદ શમ્યો,
એક નિર્મળતાપુંજ રહ્યો,
કિંબહુના શેષ એક
શુચિતા રહી. ૪૭૫

એટલે જીવગત સદ્વાસના
બાહરે ઝળકે પાંડુસુતા,
સ્ફટિકગૃહના ડોલતા
દીપ જાણે. ૪૭૬

જેના થકી વિકલ્પ ઊપજે;
ન હોય તે વિકૃતિ નીપજે;
અપ્રવૃત્તિના જેથી પાંગરે
અંકુરો પાર્થ. ૪૭૭

તે જોવાયે કાં સંભળાયે
તોયે ચિત્તે તે ન સ્પર્શે;
મેઘરંગો મલિન ન કરે
ગગનને જેમ. ૪૭૮

આમ ઇન્દ્રિયોના સમુદાય
વિષયસાગરે આળોટતા,
છતાં વિકારોના દોષ
સ્પર્શતા નથી. ૪૭૯

માર્ગે ચાલતાં ઓચિંતા
ભેટે પવિત્ર કે પાપી વનિતા,
પણ વિકાર ચિત્તે ન ઊઠે
વટેમાર્ગુના. ૪૮૦

અથવા પતિપુત્ર ઉભયને
એક તરુણાંગી આલિંગે,
ત્યાં પુત્રભાવે ન પ્રવેશે
કામ જેમ. ૪૮૧

તેવું હૃદય નિર્મળ
ઓળખે સંકલ્પ-વિકલ્પ,
કૃત્યાકૃત્યની સવિશેષ
જાણ રાખે. ૪૮૨

પાણીમાં ન પલળે હીરો,
આંધણે ન ચડે કાંકરો,
તેમ જ ન ચોંટે વિકારો
ચિત્તવૃત્તિ. ૪૮૩

તે જ કહેવાયે શુચિતા
સંપૂર્ણપણે ભા પાર્થા,
તે દેખાયે ત્યાં પ્રવર્તે
જ્ઞાન જાણ. ૪૮૪

અને સ્થિરતા ખરેખર
પ્રવેશતી હોયે જેને ઘર,
તે પુરુષથી લાધે જ્ઞાનને
જીવન અરે. ૪૮૫

દેહ તો બાહ્ય દૃષ્ટિએ
પ્રારબ્ધવશ ફરતો રહે,
પણ અધિષ્ઠાન ન છોડે
માનસ જેનું. ૪૮૬

વત્સ વિશે ધેનુ તણો
સ્નેહ ન લોપે જોકે વને,
ન હોયે ભોગ સતીના ચહે
નિજ સુખાર્થે. ૪૮૭

અથવા લોભી દૂર જાયે
પણ જીવ ધનમાં રહે,
તેમ દેહભ્રમણે ન ભમે
ચિત્ત જેનું. ૪૮૮

વહેતા મેઘોની સાથે
આકાશ જેમ ન ધાયે,
નક્ષત્રો સંગે જેમ ન ફરે
ધ્રુવનક્ષત્ર. ૪૮૯

પથિકોની અવરજવરે
પાર્થ પંથ ન ચલિત થાયે,
અથવા વૃક્ષોને જેમ ન હોયે
આવાગમન. ૪૯૦

તેમ હલનચલનાત્મકે
વર્તતા આ પંચભૂતાત્મકે,
મન ન ચળે કોઈ ઊર્મિએ
ક્યારેય કદી. ૪૯૧

વાવંટોળને આવેગે
પૃથ્વી જેમ ક્યારેય ન ડગે-
તેમ વિકારોના પુરપ્રહારે
જે ન ક્ષોભે. ૪૯૨

દૈન્યદુઃખે ન સંતપ્ત,
ભયશોકે ન કંપિત,
દેહમૃત્યુ જોતાં નિકટ
જે ન ભયભીત. ૪૯૩

આરત આશાને આવેશે,
વયસ વ્યાધિ આસક્તિએ,
આક્રમણ કરતાં ન ડોલે
ચિત્ત પળવાર. ૪૯૪

નિંદા અપમાન દંડ
કામ લોભ પ્રબળ—
જાગે તોપણ ન ડગે
મનની શાંતિ. ૪૯૫

આકાશ તૂટી પડો
કે પૃથ્વી સર્વ ઓગળો,
છતાં ન કદી પાછી ફરે
ચિત્તવૃત્તિ. ૪૯૬

હાથીને પુષ્પનો પ્રહાર
આંચ ન આણે પળવાર,
તેમ ન ક્ષોભે માનસ
દુર્વચન-પ્રહારે. ૪૯૭

ક્ષીરાર્ણવને કલ્લોલે
કંપ ન આવે મંદરાચળે,
ગગન ન બળે જ્વાળાએ
દાવાનળની. ૪૯૮

તેમ ઊઠે-મટે ઊર્મિઓ
પણ મનોધર્મે ક્ષોભ ન હોયે,
કિંબહુના ધૈર્ય ટકે
કલ્પાન્તે પણ. ૪૯૯

અથવા સ્થૈર્ય આ સંજ્ઞા
અપાયે જેને સવિશેષા,
તે જીએ આ જ દશા
હે સુલોચન. ૫૦૦

આ અવિનાશી સ્થૈર્ય
જ્યાં દેહેપ્રાણે ઉપલબ્ધ,
તે જાણ પ્રત્યક્ષ નિધાન
જ્ઞાન તણું. ૫૦૧

અને સર્પ જેમ નિજ ગૃહ,
સુભટ પોતાનું હથિયાર,
અથવા કૃપણ નિજ નિધાન
વીસરે ન કદી ૫૦૨

કાં એકના એક પુત્રે
માતા આસક્ત જીવપ્રાણે,
મધમાખ મોહ રાખે
નિજ મધપૂડે. ૫૦૩

હે પાર્થ, આ પ્રકારે
જે મનનું જતન કરે,
ન રહેવા દે ઇન્દ્રિયદ્વારે
ચોભવા કદી. ૫૦૪

કહે, કામ ચાડિયો સાંભળશે,
આશા ડાકણ જો દેખશે-
તો જીવ સંકટે પડશે
એટલે બીએ. ૫૦૫

જેમ છિનાળ ધીટ સ્ત્રીને
પતિ નિત્ય બાંધી રાખે,
તેમ અખંડ પ્રતિબંધ મૂકે
પ્રવૃત્તિ ઉપર. ૫૦૬

જીવતાં નિર્ભયપણે
દેહ હાડકાં રગડે,
ઇન્દ્રિયોને સદા વાળે
સંયમ ભણી. ૫૦૭

મન તણા મહા દ્વારે
પ્રત્યાહારના પાવન ક્ષેત્રે,
યમદમને ઊભા રાખે
અખંડ પ્રહરી. ૫૦૮

આધારચક્રે નાભિએ કંઠે
બંધ ત્રયોનાં ઘર બાંધે,
ઇડાપિંગળાના સંપુટે
ચિત્ત લય કરે. ૫૦૯

સમાધિની સેજ પાસે
ધ્યાનને બંદી રાખે,
ચિત્ત સમરસ થવા ચૈતન્યે
આતુર રહે. ૫૧૦

અરે જે અંતઃકરણ-નિગ્રહ
તે આ જ એવું જાણ,
આ છે ત્યાં વર્તે વિજય
જ્ઞાનનો સદા. ૫૧૧

જેહની આજ્ઞા આપણ
માથે ધરે અંતઃકરણ,
હોવા છતાં મનુષ્યાકાર
જ્ઞાનરૂપ તે. ૫૧૨

અને વિષયો વિશે
વૈરાગ્યના સુદૈવે,
મનને સાથ લાભે
જીવંત જાગ્રત. ૫૧૩

વમન કરેલું અન્ન
રસના ન કરે સેવન,
અપાયે ન આલિંગન
મૃતદેહને. ૫૧૪

વિષ સેવવું ન રુચે,
બળતા ઘરે ન જવાયે,
વ્યાઘ્રકુહરે ન કરાયે
વસવાટ જેમ. ૫૧૫

ભડભડતા લોહરસે
ભૂસકો ના મરાયે,
ઓશીકું ન કરાયે
અજગર તણું. ૫૧૬

અર્જુન, તે પ્રકારે
જેને વિષયવાર્તા ન ગમે,
ન જવા દે ઇન્દ્રિયોને સુખે
વિષય કોઈ. ૫૧૭

વિષયસેવને મનમાં આળસ,
વિષયો વિષે દેહમાં દ્વેષ,
શમદમે અતિ ઉત્સાહ
જેહને હોયે. ૫૧૮

તપવ્રતો ભેગાં થાય
જેના દેહમાં હે પાંડવ,
જે અનુભવે યુગાંતદુઃખ
ગ્રામનગરે પ્રવેશતાં. ૫૧૯

યોગાભ્યાસની હોંશ,
વિજનવાસે બહુ પ્રેમ,
ન સહે જે ઉલ્લેખ
લોકસંપર્કનો. ૫૨૦

બાણોની શય્યાએ ઊંઘવું,
કાદવની ગતિએ આળોટવું,
તેમ ગણે જે ભોગવવાં
ઇહલોકનાં સુખ. ૫૨૧

સાંભળતાં સ્વર્ગનું વર્ણન
ઊબ અનુભવે જેનું મન,
ગણે તેને કોહેલું માંસ
શ્વાન તણું. ૫૨૨

આ તે વિષય-વૈરાગ્ય
જે આપે આત્મલાભનું ભાગ્ય,
એથી યોગ્યતા પામે જીવ
બ્રહ્માનંદ સાધવા. ૫૨૩

આવો ઇહપરભોગે ત્રાસ
દેખાશે જ્યાં સંપૂર્ણ,
ત્યાં જાણવો નિવાસ
જ્ઞાન તણો. ૫૨૪

સકામને પ્રમાણે,
ઇષ્ટ કર્મો આચરે,
પણ કર્તાનો ભાવ દેહે
વરતાવા ન દે. ૫૨૫

વર્ણાશ્રમને પોષક
કર્મો નિત્યનૈમિત્તિક,
એમાંથી કાંઈ ન કરે વર્જ્ય
નિજ જીવને. ૫૨૬

પણ આ મેં કર્યું
કે મારે લીધે સિદ્ધ થયું-
લવ ન માને એવું
નિજ માનસે. ૫૨૭

જેમ સહજ ભાવે
પવન સર્વત્ર વિહરે,
કાં નિરભિમાન ઊગે
દિનમણિ જેમ. ૫૨૮

કાં શ્રુતિ સ્વભાવે બોલે,
ગંગા નિષ્પ્રયોજન વહે,
તેવું નિરભિમાન હોયે
વર્તન જેનું. ૫૨૯

અનુકૂળ ઋતુએ ફળે
પણ ફળવાપણું ન જાણે,
તે વૃક્ષો જેવી વૃત્તિએ
કર્મો કરે જે. ૫૩૦

એમ મને-કર્મે-વચને
જ્યાં હુંપણું ઓગળે,
ગળાની સેરનું કાઢીએ
સૂત્ર જેમ. ૫૩૧

સંબંધો વિના જેમ
વર્તે ગગને મેઘ,
દેહે કર્મો તેમ
જેહનાં હોયે. ૫૩૨

મદ્યપીને દેહે વસ્ત્ર
કાં ચિત્રને હાથે શસ્ત્ર,
બળદ ઉપરે શાસ્ત્રગ્રંથ
બાંધ્યા જેમ. ૫૩૩

તે પ્રમાણે દેહે
હું શું એ જ સાંભરે,
તેને પાર્થ કહીએ
નિરહંકારતા. ૫૩૪

જ્યાં દેખાય આ સંપૂર્ણ
ત્યાં જ પ્રવર્તે જ્ઞાન,
આ વાત તું જાણ
નિઃસંશય. ૫૩૫

જન્મમૃત્યુ જરાદુઃખ,
વ્યાધિ વાર્ધક્ય કલુષ,
દેહે સ્પર્શતાં પહેલાં જ
સાવધાન જે. ૫૩૬

સાધક ભૂતપ્રેત વિશે,
કાં યોગી ઉપસર્ગ સંબંધે,
કાં ભીંતના સંરક્ષણે
કડિયો ઓળંબો આપે. ૫૩૭

જન્માંતરોના વેરને
સર્પ મનથી ન વીસારે,
તેમ જે સ્મરણે રાખે
અતીતનાં દુઃખો. ૫૩૮

કાંકરી આંખે ન ઓગળે,
ઘામાં પ્રહાર ન સહેવાયે,
તેમ આ જન્મનું ન વીસરે
કોઈ દુઃખ. ૫૩૯

કહે કાદવગર્તે પ્રવેશ્યો,
અને મૂત્રરંધ્રેથી નીકળ્યો,
અરે પ્રસ્વેદ પણ ચાટ્યો
સ્તનપાને. ૫૪૦

આવા આવા પ્રકારે
જન્મવાનો કંટાળો કરે;
કહે હું ન કરીશ હવે
જન્મ આપે એવું કર્મ. ૫૪૧

હારેલા જુગારી જેમ
રમે પાછો અવધાને તેમ;
કે બાપનું વેર વાળવા
પુત્ર મથે. ૫૪૨

કોઈને માર પડતાં ક્રોધે
તેનો સાથી બદલો વાળે,
તેમ જન્મ પાછળ પડે
દાક્ષિણ્યભાવે. ૫૪૩

પણ જન્મ પામ્યાની લાજ
ન છાંડે જેનું માનસ,
સંભાવિતથી અપમાન
ભુલાયે ન જેમ. ૫૪૪

અને મૃત્યુ સામે દેખાયે,
ભલે કલ્પાન્તે થવાનું હોયે,
પણ આજથી તેને વિશે
સાવધાન જે. ૫૪૫

મધ્યપ્રવાહે અથાગ કહેતાં
કિનારે ઊભેલો પાંડુસુતા,
તરવૈયો તત્પર થાયે
કચ્છ કસીને. ૫૪૬

સમરાંગણે પહોંચતાં પહેલાં
પોતાનું અવસાન સાચવે,
અથવા ઢાલને આગળ ધરે
પ્રહાર પહેલાં. ૫૪૭

કાલે દગો થશે સાંભળીને
જે આજે જ સાવધાન રહે,
પ્રાણાંત પહેલાં મેળવી રાખે
ઔષધિ જે. ૫૪૮

નહીં તો એવું બને,
જે સળગતા ગ્રહે સાંપડે,
પછી સર્વથા વ્યર્થ જાયે
કૂપ ખોદવો. ૫૪૯

ગહન વમળે પાષાણ બૂડે
તેમ જે ભવસાગરે ડૂબે,
તે આક્રંદ સહિત લોપે
કથન કોણ કરશે. ૫૫૦

એટલે સમર્થ સાથે વેર
જેને પડે હાડોહાડ,
તે જેમ આઠે પ્રહર
શસ્ત્રસજ્જ રહે. ૫૫૧

પિતા ઉપવર કન્યા વિશે,
કે સંન્યાસી જીવન વિશે,
તેમ મરણ પહેલાં જે સ્વીકારે
મૃત્યુસૂચના. ૫૫૨

અરે જો આ પ્રમાણે
જન્મ વડે જન્મ નિવારે,
મરણથી મૃત્યુને મારે
રહે શેષ પોતે. ૫૫૩

તેના ઘરે જ્ઞાન તણી
નથી ઊણપ કોઈ જાતની,
જેનો જન્મમરણનો
શમ્યો ભય. ૫૫૪

અને તેવા જ પ્રકારે
જરા સ્પર્શતાં પહેલાં દેહે-
યૌવનના પુરબહારે
રહે સાવધ. ૫૫૫

કહે આજના અવસરે
પુષ્ટિ ભલે હોય શરીરે,
તે શુષ્ક થવાની છે
વય વીતતાં. ૫૫૬

હતભાગીનો વ્યવસાય,
તેવાં નિર્બલ થશે હાથપાય,
મંત્રીહીન રાજાની જેમ
હું થઈશ શક્તિહીન. ૫૫૭

પુષ્પવતીને ભોગવવા,
પ્રેમ જાંઘે નિત્યનવા,
તે જાંઘો થશે બાપ
ઘૂંટણ ઊંટનાં. ૫૫૮

રખડનારા પશુની ખરી
ખૂંદે અષાઢની ગારામાટી,
તે દશા આ મસ્તકની
થશે નિશ્ચિત. ૫૫૯

પદ્મદેવીની સ્પર્ધા
કરે આજે મારા ડોળા,
તે થશે રે પંડોળાં
જેમ પકવ. ૫૬૦

ભવાંનાં પટલ
લબડશે આંખ ઉપર,
વક્ષ કોહવાશે બાપ
અશ્રુજળે. ૫૬૧

જેમ બાવળનાં થડો
ચીકણાં કરે કાચંડો,
તેમ ખરડાશે મુખ
થૂંકલાળે. ૫૬૨

રસોડામાં ચૂલા આગળે
મોરીએ જળે પરપોટા ઊઠે,
તેમ જ આ નાકમાં
લીંટ ભરાશે. ૫૬૩

તાંબૂલે હોઠ લાલ કરું,
હસી હસી દાંત દેખાડું,
જે દાંત વડે હું બોલું
સુંદર બોલ— ૫૬૪

તે જ મારા મુખે
લાળનો પ્રવાહ વહેશે,
અને દાઢો સર્વ પડશે
દાંત સહિત. ૫૬૫

કરજમાંથી કૃપિક ન છૂટે,
ચોમાસે બેહાં ઢોરો ન ઊઠે,
તેમ આ જીભ ન હાલશે
કોઈ રીતે. ૫૬૬

તૃણઅણિઓ કોરડી
વાયુથી જાય ઊડી ઊડી,
તેવી આવશે મુખે આપત્તિ
દાઢી તણી. ૫૬૭

આષાઢ માસનાં જળે
પર્વત-શિખરો જેમ ઝરે,
તેમ પૂર લાળ તણું વહેશે
મુખના પોલાણે. ૫૬૮

વાણીએ ન બોલાશે,
કાને ન સંભળાશે,
આ પિંડ થઈ જશે
વૃદ્ધ મર્કટ. ૫૬૯

ચાડિયો તૃણઘાસનો
પવનથી રહે ડોલતો,
તેમ રહેશે સર્વાંગે
નિત્ય ધ્રુજારી. ૫૭૦

વાંકાચૂકા પગ પડશે,
હાથની મુઠ્ઠીઓ વળશે,
મદારી સાંગ નચાવશે
વિવિધ પ્રકારે. ૫૭૧

મળમૂત્ર વિસર્જનદ્વાર
થઈ જશે ઘણાં જીર્ણ,
સગાં-સ્વજન ઇચ્છશે
મારું મરણ. ૫૭૨

જોઈને જગત હસશે,
મૃત્યુ આવતાં વિલંબ થશે,
સગાંઓને ઉદ્વેગ થશે
મારો જ બાપ. ૫૭૩

સ્ત્રીઓ માનશે મને પિશાચ,
જોઈને બાળકો થશે મૂર્ચ્છિત,
કિંબહુના સહુને આવશે
કંટાળો મારો. ૫૭૪

ખાંસીના ખોંખારાને લીધે
પાડોશીઓની ઊંઘ તૂટશે,
ઘણાંને આ વૃદ્ધ પજવશે
કહેશે લોક. ૫૭૫

એવી વાર્ધક્યની કહાણી
યૌવનકાળે મને આણી-
અનુભવે બહુ ત્રાસ પછી
પોતાના હૈયે. ૫૭૬

કહે, આ બધું આવશે,
ભોગ ભોગતાં યૌવન જશે,
પછી બાકી શું રહેશે
આત્મહિત કાજે. ૫૭૭

એટલે કાન જતાં પહેલાં
સાંભળી લઉં હરિકથા,
અને પંગુ થતાં પહેલાં
કરું તીર્થાટન. ૫૭૮

છે જ્યાં સુધી દૃષ્ટિ
ત્યાં સુધી જોઉં સૃષ્ટિ,
મૂક થતાં પહેલાં બોલું
સર્વ સુભાષિતો. ૫૭૯

આ હાથ લૂલા થશે
એ જાણું છું હું નિશ્ચયે,
ત્યાં સુધી સર્વ દાનાદિકે
માણી લઉં. ૫૮૦

જ્યારે આવી દશા થશે
ત્યારે મન પાગલ થશે,
તે પહેલાં રહું ચિંતવને
આત્મજ્ઞાનના. ૫૮૧

ચોર કાલે લૂંટશે,
આજે જ ધનને ત્યાગીએ,
કામો પૂરાં કરી લઈએ
દીવો હોલવતાં પહેલાં. ૫૮૨

તેમ વાર્ધક્ય આવશે
ત્યારે જે નિરર્થક થશે—
તે અત્યારે જ સઘળે
વાપરીએ સત્કર્મે. ૫૮૩

હવે અનેક દુર્ગો જે માર્ગે
કે પક્ષીઓ માળા ભણી નીકળે,
ત્યાં એકલો સડો જે નીકળે
તેને કોણ લૂંટશે. ૫૮૪

તેમ વૃદ્ધત્વ આવશે,
જાણો આવ્યું એળે જશે-
એ જાણીને જે જીવે
તે જ શતવૃદ્ધ. ૫૮૫

ઝાડેલું તલનું ઝાડ ઝાડે
તો તેમાં તલ ન સાંપડે,
અગ્નિ બાળનાર ભલે હોયે
રાખને બાળી ન શકે. ૫૮૬

એટલે વાર્ધક્યના સાનભાને
જે વાર્ધક્યે કંઈ ના ગુમાવે-
તેનામાં જાણવું કે નિવસે
આત્મજ્ઞાન. ૫૮૭

તેમ જ નાના રોગ
દેહે ન કરતા પ્રવેશ,
ત્યાં સુધી આરોગ્યનો કરે
આત્માર્થે વિનિયોગ. ૫૮૮

સર્પને મુખે
જે ગ્રાસ પડે—
તેને ફરી ન સ્પર્શે
પ્રબુદ્ધ જેમ. ૫૮૯

તેમ જેના વિયોગે દુઃખ
અથવા થશે વિપત્તિ-શોક,
તે સુખ છાંડી સુખપૂર્વક
વરતે ઉદાસ ભાવે. ૫૯૦

અને જે જે દ્વારે
દોષો પ્રવેશી શકશે,
તે કર્મેન્દ્રિયો અવરોધે
નિયમો વડે. ૫૯૧

આવી આવી યુક્તિએ
જે વ્યવહાર ચલાવે,
તે જ સ્વામી હોયે
જ્ઞાનધનનો. ૫૯૨

હવે બીજું પણ એક
લક્ષણ જે અલૌકિક,
કહીશ તને સાંભળ
હે ધનંજય. ૫૯૩

તો જે આ શરીરે
ઉદાસીન આ પ્રકારે,
કે વટેમાર્ગુ બેસી રહે
ધર્મશાળામાં. ૫૯૪

અથવા વૃક્ષની છાંયડી
માર્ગે ચાલતાં મળી આવી,
નિજ ઘર વિશે તેટલી
આસ્થા ન રાખે. ૫૯૫

નિજ છાયા રહે નિત્ય સંગે
પણ તેનું ભાન ન વરતાયે,
તેમ જ ન રહે લોલુપતા
નિજ સ્ત્રી વિશે. ૫૯૬

અને જે સંતતિ હોયે
તે વટેમાર્ગુ સમ માને,
અથવા ગોવત્સ બેઠાં જાણે
વૃક્ષો તળે. ૫૯૭

જે ધન વિશેના વ્યવહારે
પાંડુસુત એમ જ વરતે,
જેમ અન્યના ધનનો
સાક્ષી પોતે. ૫૯૮

કિંબહુના પોપટ
પાંજરામાં વર્તે તેમ-
વેદાજ્ઞામાં આધીન
જીવભાવે. ૫૯૯

આમ પણ દારા-ગૃહ-પુત્રે
મિત્રભાવ જેનો ન હોયે,
તે જાણ અધિષ્ઠાન
જ્ઞાન તણું. ૬૦૦

મહાસિંધુ જેમ
ગ્રીષ્મવર્ષાએ સમાન,
ઇષ્ટાનિષ્ટે તેમ
સમચિત્ત જે. ૬૦૧

અથવા ત્રણેય કાળે
સવિતા ત્રિધા ન હોયે,
તેમ સુખદુઃખ અભેદ
ચિત્તે જેના. ૬૦૨

જ્યાં ગગનને તોલે
સમત્વે ન્યૂન ન પડે,
ત્યાં છે જ્ઞાન રોકડે
જાણ પાર્થ. ૬૦૩

અને મારા વિના કાંઈ
અન્ય વાંછનીય નાહીં,
નિર્ણય એવો ત્રિ વાર
જેનો થયો. ૬૦૪

કાયા-વાચા-માનસ
કૃતનિશ્ચયનું પ્રાશે અમૃત,
એક મારા વિણ અન્ય
જોવા ન ઇચ્છે. ૬૦૫

કિંબહુના નિજ માનસ
મુજ સ્વરૂપે વિલીન,
અને મુજ રૂપે જ શયન
ઐક્યભાવે. ૬૦૬

પગલું ભરતાં વલ્લભ ભણી
દેહપ્રાણે સંકોચે ન રમણી,
તેમ કાંતભાવે અનુસરે
સમરસ થઈને. ૬૦૭

મળ્યા છતાં મળતું રહે
ગંગાનું જળ જેમ સાગરે,
મદ્રૂપ થઈને મુજ ભાવે
મુજને ભજે. ૬૦૮

સૂર્યોદયે ઉદય પામવું,
કાં સૂર્યાસ્તે આથમવું,
આ સમર્પણ જેમ છાજે
સૂર્યપ્રભાને. ૬૦૯

અથવા જળની સપાટીએ
જળ ચળકે કૌતુકે,
તે લહર કહેવાય લૌકિકે
પણ યથાર્થે જળ. ૬૧૦

જે આ પ્રમાણે અનન્ય
મદ્રૂપ થઈને કરે ભજન,
તે સદેહે મૂર્તિમંત
જાણવું જ્ઞાન. ૬૧૧

અને તીર્થક્ષેત્રે નદીતટે
તેમ જ તપોવને શ્રેષ્ઠે,
અથવા વસવું ગિરિકંદરે
જેને પ્રિય. ૬૧૨

પર્વતોની ગુફાઓમાં,
જળાશયના પરિસરોમાં,
નિવસે જે આદરભાવે,
નગરે ન જાયે. ૬૧૩

એકાંત વિશે બહુ પ્રીતિ,
જનપદ અંગે સાવ અરુચિ,
તે મનુષ્યાકારે મૂર્તિ
જ્ઞાન તણી. ૬૧૪

બીજાં ઘણાં અન્ય
હે સુમતિ જ્ઞાનલક્ષણ—
કહીશ તને આગળ
સાંભળ હવે. ૬૧૫

તો પરમાત્મા નામે
જે એક વસ્તુ વરતે—
તે જેના થકી જણાયે
તે જ જ્ઞાન. ૬૧૬

તે એક વિના અન્ય
જે ભવસ્વર્ગાદિ જ્ઞાન,
તે અજ્ઞાન એવો નિશ્ચય
જેના મને. ૬૧૭

સ્વર્ગની વાત છાંડે,
ભવની વાત કાને ન લે,
અધ્યાત્મજ્ઞાને મગ્ન રહે
સદ્‌ભાવયુક્ત. ૬૧૮

દેખાતાં વિવિધ માર્ગ
જે ત્યજીને આડમાર્ગ—
નીકળે રાજમાર્ગે
કરીને વિવેક. ૬૧૯

તેમ જ્ઞાનજાત ચકાસે,
પછી સકળ બાજુએ મૂકે,
અને મનબુદ્ધિ પ્રયોજે
અધ્યાત્મજ્ઞાને. ૬૨૦

કહે એક આ જ સત્ય,
અન્ય બધું ભ્રાંતિમૂલક,
આ નિશ્ચયે રહે સ્થિર
મેરુ પ્રમાણે. ૬૨૧

આવો જેનો નિશ્ચય
અધ્યાત્મજ્ઞાનવિષયક—
તે ગગને ધ્રુવ સમાન
રહે સ્થિર. ૬૨૨

તેનામાં નિવસે જ્ઞાન
આમાં નથી સંદેહ,
મન થતાં જ્ઞાને રત
તે થયો મદ્રૂપ. ૬૨૩

ભોજને બેસવું કહેવાયે,
પણ બેસવાથી ભોજન ન હોયે,
તોયે જ્ઞાની કહેવાયે
જ્ઞાનની ઇચ્છા થતાં. ૬૨૪

જે તત્ત્વજ્ઞાન નિર્મળ
આપે એક જ બ્રહ્મફળ,
તે જ્ઞેય તણી સરળ
દૃષ્ટિ જેની. ૬૨૫

બોધરૂપ થયે જ્ઞાન,
જો જ્ઞેય નથી ઉપલબ્ધ,
તો જ્ઞાનલાભે વ્યર્થ
ગણીએ અમે. ૬૨૬

અંધને હાથે દીપક
આપવો જ નિરર્થક,
તેમ જ્ઞાનનિશ્ચય સકળ
વ્યર્થ જાયે. ૬૨૭

જો જ્ઞાનના અજવાળે
પરતત્ત્વે દૃષ્ટિ ન પ્રવેશે,
તો તે જ્ઞાનસ્ફૂર્તિ હોયે
આંધળી આપ. ૬૨૮

એટલે જ્ઞાન જે જે દેખાડે
તે સર્વ બ્રહ્મરૂપ હોયે,
બ્રહ્મ જુએ એવી જોઈએ
શુદ્ધ બુદ્ધિ. ૬૨૯

અને જ્ઞાને નિર્દોષે
દેખાડયું જ્ઞેય દેખે,
એવા નિર્દોષ જ્ઞાન વડે
ઓતપ્રોત જે. ૬૩૦

જેટલી જ્ઞાનમાં વૃદ્ધિ
તેટલી પ્રગલ્ભા બુદ્ધિ,
જ્યાં વસે તે છે જ્ઞાની
એ કહેવું ન પડે. ૬૩૧

જ્ઞાનની પ્રભા સંગે
જેની મતિ પ્રવેશે જ્ઞેયે,
તેના હસ્તગત કહેવાયે
પરબ્રહ્મ. ૬૩૨

તો જ્ઞાનરૂપ કહેતાં
શેનો વિસ્મય પાંડુ સુતા,
શું સવિતાને સવિતા
કહેવું પડે. ૬૩૩

ત્યારે શ્રોતા કહે એ ભલે,
કેમ અતિશયોક્તિ કરે,
ગ્રંથોક્તિને ખોળંભે
કેમ નાખે. ૬૩૪

તારો અમ કાજે ઉપકાર,
વક્તૃત્વનો આતિથ્યાચાર,
જે જ્ઞાન વિશે અપાર
નિરૂપણ કર્યું. ૬૩૫

નિરૂપણે રસાતિરેક,
આ પ્રસિદ્ધ કવિમંત્ર,
તેને આપે તું નિમંત્રણ
શા કાજે. ૬૩૬

થાળે બેસવાની પળે
જે રસોઈને સંતાડે,
તેના અન્ય સત્કારાદરે
અર્થ કેવો. ૬૩૭

સકળ વિષયે સુલક્ષણી
પણ દોહતાં લાતો મારી,
એવી ગાય જે મારકણી
તે કોણ પોષે. ૬૩૮

તેમ જ્ઞાને મતિ ન પ્રવેશે,
અવાંતર બોલે સકૌતુકે,
તેવું ન કરતાં નિવેદને
ઉચિત કર્યું તેં. ૬૩૯

જે જ્ઞાનાંશ પામવા કાજે
યોગીજન રત રહે પ્રયાસે,
તે સંતૃપ્તિ આપનાર મતિને
વર્ણવી તેં. ૬૪૦

અમૃતની વરસંતી ઝડી
જો અહર્નિશ રહે થતી,
સુખ લાધતાં દિવસમાસે
કોણ ગણશે. ૬૪૧

પૂનમની ખીલેલી રાત
જો ટકી રહે યુગપર્યંત–
તો શું જોતાં સુધાકરને
કંટાળશે ચકોર. ૬૪૨

તેમ આ જ્ઞાનની વાત
એવા રસાળપણે યુક્ત–
હવે કોણ કહેશે કહો
ધરાયા અમે. ૬૪૩

ભાગ્યવંત અતિથિ પધારે,
ભાગ્યશીલા પીરસતી હોયે,
ત્યારે વાનગીઓ કદી ન સરે
એવું થાયે. ૬૪૪

તેવો આજનો પ્રસંગ,
જે જ્ઞાને અમને પ્રેમ,
અને તું તો અનુરાગ-સભર
નિરૂપણે. ૬૪૫

એટલે આ વ્યાખ્યાને
જ્ઞાનબળ પામે ચોગુણે,
કહ્યા વિના કેમ રહેવાયે
કે તું જ્ઞાની છું. ૬૪૬

એટલે આ ઉપરાંત
પ્રજ્ઞામાં થઈ પ્રતિષ્ઠિત,
જ્ઞાનવિરોધી અજ્ઞાનનું
કરજે નિરૂપણ. ૬૪૭

આ સંતવાણી સાંભળીને
બોલ્યા નિવૃત્તિદાસ વિનયે,
એવું જ હતું માનસે
મારા પણ. ૬૪૮

અને હવે જી આપણ
કરો છો મને આજ્ઞાપન,
તો વ્યર્થ વધારું કેમ
વાગ્જાળ હવે. ૬૪૯

એટલે હવે સાંભળો:
અઢાર જ્ઞાનલક્ષણો–
જે નિરૂપ્યાં શ્રીહરિએ
ધનુર્ધરને. ૬૫૦

પછી કહે આ લક્ષણોયે
જ્ઞાનનો નિવાસ ઓળખાયે,
એવો મારો મત અને સકળ
જ્ઞાનીઓ તણો. ૬૫૧

કરતળે વર્તુલાકાર,
આમળો ડાલતો દેખાય,
તેમ દેખાડયું છે જ્ઞાન
ચક્ષુ પ્રત્યક્ષ. ૬૫૨

હવે મહામતિ ધનંજય
અજ્ઞાન જે કહેવાય—
તે કરીશ અભિવ્યક્ત
લક્ષણો સહિત. ૬૫૩

જ્ઞાનની થતાં ઓળખાણ
અજ્ઞાનની થાય સહજ જાણ,
જે જ્ઞાન નથી તે જાણ
અજ્ઞાન તું. ૬૫૪

દિવસ આખો આથમે
ત્યાં રાત્રિનો વારો આવે,
આ ઉભય વિણ ન સંભવે
ત્રીજું કાંઈ. ૬૫૫

તેમ જ્ઞાન જ્યાં નથી
ત્યાં અજ્ઞાનની વસતિ,
છતાં કહું થોડાંઘણાં
લક્ષણો તેનાં. ૬૫૬

જે જીવે પ્રતિષ્ઠા કાજે,
જે સન્માનને ઝંખતો રહે,
સત્કાર પામતાં થાયે
સંતોષ જેને— ૬૫૭

ગર્વે જાણે પર્વતશિખર,
છાંડે ન ક્યારે નિજ મહત્ત્વ,
તેનામાં વસે ભરપૂર
અજ્ઞાન પાર્થ. ૬૫૮

સ્વધર્માચરણનું પોટલું
વાચાને પીપળે બાંધવું,
ઊલી રાખેલી દેવળે
સાવરણી જાણ. ૬૫૯

માંડે નિજ વિદ્યાનો પસારો,
પીટે સુકૃત્યોનો ઢંઢેરો,
નિજ કર્મ ગાયે ફુલાવીને
કીર્તિ કાજે. ૬૬૦

બાહ્યાંગે ચંદન ચર્ચે,
જનોને કદી ન વંદે,
અજ્ઞાનની ત્યાં જણાયે
ખાણ પાર્થ. ૬૬૧

અને વહ્નિ વને સળગે
ત્યાં સ્થાવર-જંગમ બળે,
તેમ જેના દુર્વ્યવહારે
દુઃખી સર્વ જગ. ૬૬૨

સહજ ભાવે જે બોલે
તે ભાલા કરતાંય ઊંડું ધસે,
વિષ કરતાં વધારે મારક
સંકલ્પ જેના. ૬૬૩

તેનામાં બહુ અજ્ઞાન,
તે અજ્ઞાનનું નિધાન,
અરે હિંસાનું આયતન
જીવવું જેનું. ૬૬૪

ફૂંક મારતાં ધમણ ફુલાયે,
હવા નીકળતાં સાવ બેસે—
તેમ જે સંયોગ-વિયોગે
દુઃખીસુખી. ૬૬૫

સાંપડતાં પવનને વંટોળે
ધૂળ જેમ ગગને ચડે—
તેમ હર્ષિત થઈ ફુલાયે
સ્તુતિ પામતાં. ૬૬૬

ક્યાંક જરા નિંદા સાંભળે
ત્યાં કપાળ કૂટવા માંડે,
પવને સૂકે, જળથી ભીંજાયે
કાદવ જેમ. ૬૬૭

તેવો માનાપમાને થાયે,
જે કોઈની ઊર્મિ ન સહે—
તેના જીવને પ્રવર્તે
અજ્ઞાન પૂર્ણ. ૬૬૮

આંટી હોયે જેને ચિત્તે
પણ વાણી મોકળી રાખે,
એકને મળે, અન્યને સહાય કરે
નિઃસંકોચ. ૬૬૯

વ્યાધ મૃગને ચારો આપે,
તેમ પ્રાંજળ દેખાય વર્તને,
પણ અંદરથી વિરોધ કરે
સજ્જનોનો. ૬૭૦

શેવાળે સ્ફટિક ખરડાયે,
કાં પક્વ લિંબોળી ચમકે—
તેમ જેની શુભ દેખાયે
બાહ્ય ક્રિયા. ૬૭૧

તેને ચિત્તે અજ્ઞાન
હોય નિશ્ચય જાણ,
આ નથી મિથ્યા વાત
સત્ય જાણ. ૬૭૨

ગુરુકુળની લાજ લાગે,
ગુરુભક્તિનો કંટાળો કરે,
ગુરુ પાસેથી વિદ્યા મેળવે
છતાં તેમને ગણે તુચ્છ. ૬૭૩

તેનું ઉલ્લેખન કરવું,
વાણીને શૂદ્રાન્ન આપવું,
પણ કહેતાં અજ્ઞાન-ચિહ્નો
બોલવું પડ્યું. ૬૭૪

હવે ગુરુભક્ત વિશે બોલીશ,
વાણીને પ્રાયશ્ચિત્ત આપીશ,
ગુરુસેવકનું નામ પાવન
સૂર્યની જેમ. ૬૭૫

તેથી પાપ વિલોપશે,
વાચા પાપમુક્ત થશે,
જે ગુરુનિંદકોની વાત
બોલવી પડી. ૬૭૬

આ કરવા માત્રથી,
પાપનું નિરાકરણ કરી,
પછી કહે સાંભળ હવે
ચિહ્ન અન્ય. ૬૬૭

કર્મ કરવામાં દેહે ઢીલા,
મને વિકલ્પો ભરેલા,
અરણ્યે અવડ પડેલા
કૂપની જેમ. ૬૭૮

તેનું મુખ જેમ કાંટાળું—
ઉદર હાડકાંથી ભરેલું,
તેવા જે અંતર્બાહ્ય
અપવિત્ર પાર્થ. ૬૭૯

જેમ પેટ માટે શ્વાન
ઉઘાડું-ઢાંક્યું અન્ન-
ખાયે તેમ જુએ ધન
પોતીકું-પરાયું. ૬૮૦

શ્વાનો સંભોગ કાજે
એકાંત-લોકાંત ન જુએ,
તેમ જ સ્ત્રીસમાગમે
અવિવેકી જે. ૬૮૧

ધર્મકર્મની વેળા ટળે,
નિત્યનૈમિત્તિક ભુલાઈ જાયે,
તેની લવ ન પીડા જણાયે
ચિત્તમાં જેના. ૬૮૨

પાપાચરણે હોય નિર્લજ્જ,
પુણ્યાચરણે ઉદાસીન,
આવેગે ઊછળે માનસ
વિકલ્પોથી. ૬૮૩

તે જાણ નિખિલ
અજ્ઞાન મૂર્તિમંત,
ચોંટેલી જેની નજર
ધન ઉપરે. ૬૮૪

આપ સ્વાર્થને કાજે
જે ધૈર્યથી ચલિત થાયે,
જેમ તૃણબીજ ઢળી પડે
ક્ષુદ્ર કીડીથી. ૬૮૫

પગ પડતાં ઓચિંતે
ઓબોચિયું જેમ ડહોળાયે,
તેમ પળમાં જે ગભરાયે
ભયને નામે. ૬૮૬

મનોરથોને પ્રવાહે
જેનું મન વહેતું રહે,
પૂરમાં પડેલો તણાયે
દૂધીની જેમ. ૬૮૭

પવનગતિને આશ્રયે
દિગંતે ધૂળ વિહરે,
તેમ દુઃખવાર્તા સાંભળીને
થાય વેવલો. ૬૮૮

વાવંટોળની પેરે
જે ક્યાંયે ન સ્થિર થાયે,
ક્ષેત્રે, તીર્થે કે નગરે
રહેવું ન જાણે. ૬૮૯

કાં માતેલો કાચિંડો
ઊંચો ચડે નીચે પડે,
એનો વ્યવહાર વ્યર્થ
તેવો જ પાર્થ. ૬૯૦

જેમ ખોડ્યા વિના
કોઠીને ન સ્થિરતા,
તેમ નિદ્રા વિના
ક્યાંયે ન સ્થિર તે. ૬૯૧

તેનામાં અરે ઉદ્દંડ
વસે અજ્ઞાનનું વિતંડ,
ચાંચલ્યે તો મર્કટ
જાણ બીજો. ૬૯૨

અને જુએ ધનુર્ધર
જેહનું હૃદયાંતર,
સર્વથા હોય અસ્પષ્ટ
સંયમ થકી. ૬૯૩

ઝરણામાં ચડતાં પૂર
ન માને રેતીનું બંધન,
તેમ ન ગણે વિધિનિષેધ
કોઈ કાળે. ૬૯૪

વ્રતને અધવચ્ચે તોડે,
સ્વધર્મને ઠોકરે મારે,
નિયમોને સદા અવગણે
જેનું વર્તન. ૬૯૫

પાપથી ન કંટાળે,
પુણ્યનો પ્રેમ ન જાણે,
મર્યાદા સકલ સંકોચ તણી
ઊખેડી નાખે. ૬૯૬

કુળાચારથી વિમુખ,
વેદાજ્ઞાથી સદા ચ્યુત,
કૃત્યાકૃત્યનો ન જાણે
વિવેક કદી. ૬૯૭

સ્વચ્છંદે સાંઢ સમો,
અફાટ પવન સમો,
અમર્યાદ રેલા સમો
જે વહે અરણ્યે. ૬૯૮

માતેલો હાથી અંધ,
કાં ડુંગરે સળગ્યો દવ—
તેવું અનાવર જેવું ચિત્ત
વિષયો વિશે. ૬૯૯

ઉકરડે શું ન ફેંદાયે,
સાંઢને શું કોઈ આવરે,
ગામના ગોંદરે ડાકિયું
કોણ ન કરે. ૭૦૦

અન્નછત્રે ગમે તે જમે,
સામાન્યને સત્તાનો મદ ચડે,
અથવા વણિકની દુકાને
કોણ ના ચડે. ૭૦૧

તેવું જેનું અંતઃકરણ
તેના હૃદયે સંપૂર્ણ—
અજ્ઞાન તણી જાણ
ઋદ્ધિ હોયે. ૭૦૨

અને વિષયોની આસક્તિ
જીવતાં-મરતાં જે ન છાંડી—
સ્વર્ગભોગની કરે મેળવણી
ઇહલોકમાં જે. ૭૦૩

જે ભોગમાં અખંડ રાચે,
સકામ કર્મનું વ્યસન જેને,
મુખ વિરક્તનું દેખીને
જે સર્વાંગ સ્નાન કરે. ૭૦૪

વિષયો પોતે જ ક્ષીણ થાયે,
છતાંયે ક્ષીણ ન સાવધ થાયે,
કોઢભર્યા હાથે જ ખાયે
કોઢિયો જેમ. ૭૦૫

ગર્દભી લાતો ઝાડે,
ઠોકરે નાક પણ તોડે,
તોય સમાગમ-ભૂખ્યો
ખર ન પાછો ફરે. ૭૦૬

તેમ જે વિષયભોગાર્થે
બળતા અગ્નિમાં કૂદી પડે,
વ્યસનોને ભ્રમથી ગણે
નિજ ભૂષણ. ૭૦૭

છાતી ફાટશે ત્યાં સુધી
મૃગજળે લાલચ ત્યાં સુધી,
પણ ન કહે તે મૃગજળને
મિથ્યા અરે. ૭૦૮

તેમ જન્મથી મૃત્યુ સુધી
વિષયો કાજે શ્રમ કરી,
છતાં ન ગણે મનથી
કંટાળો તેનો. ૭૦૯

પ્રથમ બાળદશાએ
માત તણી ઘેલછાએ,
તે ઓસરતાં રમણીએ
આસક્ત થાયે. ૭૧૦

ઓસરતાં સ્ત્રીભોગ,
ડોકિયું કરે વાર્ધક્ય,
ત્યારે તે જ મોહભાવ
અપત્યો પ્રતિ. ૭૧૧

જન્માંધ જેમ રહે ગૃહે,
તેમ જે ફસાયે પરિવારે,
જીવતાં-મરતાં ના કંટાળે
વિષયોથી જે. ૭૧૨

તેના જીવને જાણ
અજ્ઞાનને નથી પાર,
છતાં કહીશ અન્ય
લક્ષણો તને. ૭૧૩

તો દેહ જ છે આત્મા—
મનોધર્મ જેના એવા,
વળગીને દેહભાવા
કર્મો આદરે. ૭૧૪

અને ઊણે કે પૂરે,
જે જે પોતે આચરે,
તેના જ અહંકારે
ફુલાયે અરે. ૭૧૫

માથે મૂકતાં પ્રસાદ
દેવત્વનો ચડે ઉન્માદ,
તેમ વિદ્યાવયના દર્પે
મત્ત થઈ જીવે. ૭૧૬

કહે હું જ એક સુજ્ઞ,
મુજ પાસે જ ધનવૈભવ,
મારા જેવો સદાચાર
કોઈનો નથી. ૭૧૭

નથી કોઈ મુજ સમાન,
હું જ સર્વજ્ઞ સંભાવિત—
એવી ગર્વભરી ગ્રંથિ
રાખે ચિત્તે. ૭૧૮

રોગી જે વ્યાધિગ્રસ્ત
તે ન સહે અન્યનું સુખ,
તેમ ન સહે કોઈનું શુભ
કોઈ કાળે. ૭૧૯

વાટને કરે ભક્ષણ,
સ્નેહને કરે વિનષ્ટ,
રાખીએ ત્યાં પાથરે
કાળું કાજળ. ૭૨૦

જીવન સ્પર્શે તડતડે,
વીંજણે પ્રાણ છોડે,
પ્રજવળતાં બાળી મૂકે
પોતાનું ગૃહ. ૭૨૧

જરા થોડો પ્રકાશ આપે
તેનાથી વધારે ઉષ્મા કરે,
તે દીપની પેરે હોયે
અલ્પ ગુણ, બહુ દોષ. ૭૨૨

ઔષધિરૂપે આપતાં દૂધ
નવજ્વરે તે વિષરૂપ,
કે સર્પને પાતાં દુગ્ધ
પરિણમે વિષે. ૭૨૩

તેમ સદ્ગુણીઓની ઈર્ષા
નિજ વ્યુત્પત્તિની મહત્તા,
તપ-જ્ઞાનનો જેનામાં
દર્પ દેખાયે. ૭૨૪

અંત્યજને આપતાં સિંહાસન
ગર્વથી ફુલાયે આપણ,
અજગરે ગળી જતાં સ્તંભ
તે જેમ અકડાયે. ૭૨૫

વેલણ પ્રમાણે જે અણનમ,
ન દ્રવે પાષાણની જેમ,
માંત્રિકનેય ન ગાંઠે
વિષસર્પ. ૭૨૬

કિંબહુના તેના જીવને
અજ્ઞાન વધતું હોયે,
એ કહું છું પાર્થ તને
નિ:સંશય. ૭૨૭

અને બીજું ધનંજય,
જે ગૃહે દેહસાધન—
ન દેખે ભૂતભવિષ્ય
કોઈ કાળે. ૭૨૮

કૃતઘ્નને કરતાં ઉપકાર,
કાં ચોર સંગે ધનવ્યવહાર,
અથવા નિર્લજ્જની પ્રશસ્તિ
તેઓ જેમ વીસરે. ૭૨૯

હાંકીને કાઢી મૂકતાં,
કાનપૂંછ કાપી નાખતાં,
શ્વાન જેમ પાછો પ્રવેશે
તે જ ગૃહમાં. ૭૩૦

દેડકો સાપને મુખે
સરતો જાયે તોયે—
માખીઓની રાખે
લાલચ જીવે— ૭૩૧

તેમ નવેય દ્વારે સ્રવે
સર્વાંગે ત્વચારોગ દીસે—
છતાં આ દશાનું તેને
દુ:ખ ના સાલે. ૭૩૨

માતાના ગર્ભાશયે—
પડી વિષ્ટાના આવરણે,
નવ માસ સુધી જઠરે
ઊકળ્યો જે. ૭૩૩

તે ગર્ભકાળની વ્યથા
કાં જે થઈ જન્મ લેતાં;
તે કાંઈ પણ સર્વથા
ન સ્મરે જે. ૭૩૪

મળમૂત્રને પંકે
આળોટતો બાળ અંકે,
દેખવા છતાં ન માને
ત્રાસ ચિત્તે. ૭૩૫

વ્યતીત થતો જન્મ,
કે જન્મ જે અનાગત,
તેના વિશે ન ઊઠે
વિચાર કાંઈ. ૭૩૬

અને તે જ પ્રમાણે
જીવનની ગતિ જોઈને,
ઊઠે ન જેને હૈયે
મૃત્યુચિંતા. ૭૩૭

જીવને રાખે વિશ્વાસ,
મૃત્યુને ન ગણે સાચ,
મરણની સત્યતા વિશે
રાખે ભ્રમ. ૭૩૮

અલ્પોદકની માછલી
તે ન મૂકે એ આશાથી
પ્રવેશે ન મહોદધિ
જેમ પાર્થ. ૭૩૯

કાં વ્યાધ ગાને લુબ્ધ
વ્યાધ ભણી ન કરે નજર,
કાંટો ન જોતાં જેમ
લોટ ગળે માછલી. ૭૪૦

જોઈને દીવાની ઝગમગ
બળીને મરીશ એમ પતંગ—
યાદ ન કરે જેમ પાર્થ
પળવાર પણ. ૭૪૧

ગમાર જેમ નિદ્રાસુખે
ઘર બળે તે ન દેખે,
ન જાણતાં કે જમાયે
વિષયુક્ત અન્ન. ૭૪૨

તેમ જીવનને મિષે
મરણનું આગમન થાયે,
એ ન જાણે રાજસ્ સુખે
મગ્ન થઈને. ૭૪૩

નિજ શરીરનો વિકાસ,
અહોરાત્રિનું આવાગમન,
વિષયસુખના ઉપભોગ
સત્ય માને. ૭૪૪

બાપડા એવું ન જાણે-
વારાંગના જે તનમન અર્પે—
તે સમર્પણ નથી, લૂંટાયે
નિજનું જ સર્વસ્વ. ૭૪૫

પ્રવાસે ચોરોનો સંગાથ
એ જ પ્રાણઘાતે કારણ,
માટીની મૂર્તિને સ્નાન
કરાવવું તે જ નાશ. ૭૪૬

પાંડુરોગે દેહની પુષ્ટતા
નોતરે આયુષ્યની અલ્પતા,
તેમ જીવનનાશ ન ઓળખે
આહારનિદ્રાએ. ૭૪૭

શૂળી દેખાતાં સન્મુખ
દોડે જે કરી ઉતાવળ,
પ્રત્યેક પગલે આણે મરણ
પોતાની નિકટ. ૭૪૮

દેહ જેમ જેમ વાધે,
જેમ આયુનાં ગીત ગવાયે,
જેમ જેમ સૌખ્ય મનાયે
વિષયભોગોનું. ૭૪૯

તેમ તેમ અધિકાધિક
મૃત્યુ કરે આયુનું હરણ,
જેમ સર્વથા ઓગળે લવણ
મેળવતાં જળે. ૭૫૦

જેમ જીવન વીતતું જાયે
તેમ મરણના ભણકારા વાગે,
જે હાથોહાથ લઈ જશે
એ જે ન સમજે. ૭૫૧

કિંબહુના હે પાંડવ,
દેહે નિત્ય રમતું મરણ,
જે ન દેખે મોહવશ
વિષયો તણા. ૭૫૨

તે અજ્ઞાન દેશનો નૃપ,
મહાબાહો આ બોલ
અન્યથા ન હોયે, જાણ
સત્ય તું. ૭૫૩

જીવિતને સંતોષે
જેમ તે મૃત્યુને વીસરે,
તેમ જ યૌવનને મદે
જરાને અવગણે. ૭૫૪

કાળ ઉપરે ગાડું ગબડે,
કે શિખરથી શિલા ઢળે,
તેમ ન જુએ કે આગળે
વૃદ્ધત્વ છે ઊભું. ૭૫૫

આડ ઝરણે પાણી આવે,
મત્ત પાડાઓનું જુદ્ધ જામે,
તેમ યૌવનનો ચડે
નશો જેને. ૭૫૬

પુષ્ટિ પાંખી થવા માંડે,
કાંતિ ઓસરવા લાગે,
માથું ડોક સહિત
કંપ અનુભવે. ૭૫૭

દાઢી ધોળી થાયે,
ડોક હાલતી રહે,
તોયે જે વધારે
માયાનો પ્રપંચ. ૭૫૮

સ્તંભ ઉરે અથડાયે
ત્યાં સુધી અંધ ન દેખે,
કે પાસેનું ન ખાયે
આળસુ જેમ. ૭૫૯

તેમ આજનું યૌવન
ભોગતાં કાલનું વૃદ્ધત્વ,
જે ન દેખે તે સાચ
અજ્ઞાની. ૭૬૦

લૂલા-લંગડા-કૂબડા દેખે-
ગર્વભેર તેમની હાંસી ઊડાવે,
ન વિચારે કે પોતાના થશે
તે જ હાલ. ૭૬૧

દેહે વૃદ્ધત્વ ડોકાયે
તે મરણનું એંધાણ હોયે,
તોયે નશો ન ઊતરે
યૌવનનો જેનો. ૭૬૨

તે પ્રત્યક્ષ અજ્ઞાનનું ઘર-
એ જાણી લે સાચો ઉત્તર,
બીજાં પણ હવે સાંભળ
લક્ષણો તેનાં. ૭૬૩

તો વાઘની બોડમાંથી
જે ચરી આવ્યો સુભાગ્યથી,
તોય પાછો ત્યાં બળદ જાયે
વિશ્વાસપૂર્વક. ૭૬૪

કાં સર્પના ઘરમાંથી
અકસ્માત્ ધન લાવે કોઈ,
તેટલાથી નચિંત થાયે
કોઈ નાસ્તિક. ૭૬૫

તેમ દૈવયોગે દેહે
દીર્ઘકાળ સ્વાસ્થ્ય લાભે,
એટલે રોગ સંભવશે અત્રે
એવું ન માને. ૭૬૬

શત્રને નિદ્રા લાગી
એટલે દ્વંદ્વો ગયાં ઓસરી–
એવું માને તે ગુમાવે
સકુટુંબ નિજને. ૭૬૭

આહાર-નિદ્રાની સ્વસ્થતાએ
શરીરે વ્યાધિ ન પ્રવેશે,
એટલે તે ક્યારેય ન ઉદ્ભવશે
એવું માની લે જે. ૭૬૮

સ્ત્રીપુત્રાદિને મેળાપે,
જવ જવ સંપત્તિ વાધે,
તેથી જેની આંખ ચડે
ગર્વસભર. ૭૬૯

કોઈક દિવસે વિયોગ થશે,
પળવારમાં વિપત્તિ ઊતરશે—
એ અનાગતનું દુઃખ
ન કલ્પે જે. ૭૭૦

તે છે અજ્ઞાની પાંડવ,
અને તે પણ ગણવો અજ્ઞાન,
જે ઇન્દ્રિયો વડે સેવે
વિષયો સદા. ૭૭૧

યૌવનની મદખુમારીયે,
સંપત્તિની અનુકૂળતાયે–
જે સેવ્યાસેવ્યનો વીસરે
વિવેક પાર્થ. ૭૭૨

ન થાય તે જ કરે,
અસંભાવ્ય મને ધરે,
ન ચિંતવવું તે વિચારે
જેની મતિ. ૭૭૩

ન જવાય ત્યાં પ્રવેશે,
ન લેવાય તે જ માગે,
ન સ્પર્શાય તે જ સ્પર્શે
દેહે-મને. ૭૭૪

ન જવું ત્યાં જ જાયે,
ન જોવું તે જ જુએ,
અભક્ષ્ય ભક્ષણ કરે
ખુશી થઈને. ૭૭૫

ન ધરવો તે સંગ,
ન કરવો તે સંબંધ,
ન આચરાય તે માર્ગ
સ્વીકારે જે. ૭૭૬

શ્રવણને અયોગ્ય તે સાંભળે,
ન બોલાય તેવું બડબડે,
દોષ લાગશે તે ન દેખે
વ્યવહારમાં. ૭૭૭

જે શરીર-મનને રુચે,
તેનું કર્તવ્યાકર્તવ્ય વીસરે,
એક કરવાને બદલે
બીજું જ આચરે. ૭૭૮

મારાથી પાપ થાશે,
નરકયાતનામાં સપડાશે,
આ કંઈ પણ ન વિચારે
ભાવિનું. ૭૭૯

તેના જ સહવાસે
અજ્ઞાન જગે વાધે,
જે સજ્ઞાનને પણ વળગે
પ્રસંગવશે. ૭૮૦

પણ હવે તું સાંભળ
અજ્ઞાનનાં અન્ય લક્ષણ—
જેથી તને તે સમ્યક્
ઓળખાશે. ૭૮૧

તો જેહની પ્રીતિ પૂર્ણ
બંધાયેલી ઘરની સાથે,
નવગંધ કેસરે લોભાયે
ભ્રમરી જેમ. ૭૮૨

સાકરના જેમ રાશિએ
બેસતાં માખી ન ઊડે,
તેમ સ્ત્રીમાં આસક્ત રહે
જેનું મન. ૭૮૩

જેમ દેડકો કુંડે રહે,
કે મચ્છર લીંટમાં રહે,
ઢોર જેમ કાદવે ફસાયે—
તેવું જેનું મન. ૭૮૪

તેમ ઘરમાંથી ન નીકળે
જીવે-મને-પ્રાણે ક્યારે—
એટલે જે સાપ થઈ રહે
ઘરની પાછળે. ૭૮૫

જેમ પ્રિયોત્તમ ન ગળે,
પ્રમદા સદા વળગે,
તેમ આસક્ત જીવભાવે
નિજ ગૃહે જે. ૭૮૬

મધુરસને ઉદ્દેશે
મધમાખીઓ શ્રમ કરે-
તેમ ગૃહસંગોપને મથે
જે નિરંતર. ૭૮૭

વૃદ્ધાવસ્થાએ પુત્ર
જન્મે એકનો એક,
તેનો જેટલો હર્ષ
માતાપિતાને— ૭૮૮

તેના જ જેવી પાર્થા,
ઘરમાં જેને પ્રેમઆસ્થા,
અને સ્ત્રી વિના સર્વથા
રહી ન શકે જે. ૭૮૯

સ્ત્રીદેહે જે પ્રાણે-મને
આસક્ત રહે સર્વભાવે,
કોણ હું ને શું કરાએ
જાણે ન કાંઈ. ૭૯૦

મહાપુરુષનું ચિત્ત
થઈ રહે આત્મગત,
વિરમે વ્યવહારજાત
જે પ્રમાણે. ૭૯૧

હાનિ-લજ્જા ન દેખે,
લોકાપવાદ ન સાંભળે,
જેની ઇન્દ્રિયો પૂજન કરે
એક સ્ત્રીનું. ૭૯૨

સ્ત્રીનું ચિત્ત સાચવે,
તેના જ છંદે નાચે,
વાંદરીઓ જેમ રમે
મદારીની. ૭૯૩

પોતાને જ દુભાવે,
ઇષ્ટમિત્રને દુઃખ આપે,
પછી સંપત્તિ વધારે
ધનલોભી જેમ. ૭૯૪

તેમ દાનપુણ્ય ન કરે,
ગોત્ર-કુટુંબને પણ ઠગે,
સ્ત્રીની પૂરી કરે
વિષયેચ્છા. ૭૯૫

કુળદેવતાને પૂજે,
ગુરુને સહજ છેતરે,
માતપિતાને દેખાડે
દરિદ્રતા. ૭૯૬

સ્ત્રી માટે સવિશેષ
ભોગસંપત્તિ અનેક,
અને વસ્તુઓ સુંદર
જે જે દેખે. ૭૯૭

પ્રેમયુક્ત ભક્તિભાવે
જેમ ભજીએ ઇષ્ટદેવને—
તેમ એકાગ્ર ચિત્તે
આરાધે સ્ત્રીને. ૭૯૮

સાચું અને સુંદર
તે સ્ત્રી કાજે અશેષ,
બીજા જોડે વ્યવહાર
ગમે તેવો કરે. ૭૯૯

સ્ત્રીને કોઈ દુઃખ આપશે
તેની વિરુદ્ધ કાંઈ કરશે,
તો યુગાંત જ થાશે
એવું લાગે. ૮૦૦

ત્વચારોગ થવાની બીકે
નાગ તણું પૂજન કરાયે,
સ્ત્રીની ઇચ્છા તે પ્રમાણે
પાળે ભયપૂર્વક. ૮૦૧

કિંબહુના ધનંજય
સ્ત્રી જ જેનું સર્વસ્વ,
અને રાખે પ્રેમ
પુત્રો પ્રતિ. ૮૦૨

અને સ્ત્રીનાં જે સમસ્ત
સગાં-સંબંધીઓ આપ્ત,
તેમનું પ્રાણપણે જતન
કરે છે જે. ૮૦૩

તે અજ્ઞાન તણું મૂળ,
અજ્ઞાનને તેનું જ બળ,
કિંબહુના તે કેવળ
અજ્ઞાનરૂપ. ૮૦૪

અને માતેલા સાગરે
જો નૌકા ઝુકાવાયે,
તો મોજાંના ઉછાળે
આંદોલે જેમ. ૮૦૫

તેમ પ્રિય વસ્તુ લાધે
ત્યારે જે સુખમગ્ન થાયે,
અને અપ્રિયના મેળાપે
હતાશ હોયે. ૮૦૬

એવા જેના ચિત્તે
સામ્યવૈષમ્ય ડોલે,
તે અજ્ઞાની હોયે
હે મહામતે. ૮૦૭

દેખાડે મુજમાં ભક્તિ
પણ અંતરે સુખની આર્ત્તિ,
વૈરાગ્ય દેખાડે કોઈ
ધનોદ્દેશે જેમ. ૮૦૮

અથવા કાંતને રાખી પ્રસન્ન,
સ્વૈરિણી કરે સ્વૈરાચરણ,
યાર જોડે ફરવા
સ્વચ્છંદ ભાવે. ૮૦૯

તેમ મને હે પાર્થ
આરાધે રાખીને નિરંતર-
વિષયો ભણી સર્વત્ર
સર્વકાળ. ૮૧૦

અને ભજન કરવા છતાં
વિષય ન લાધે સર્વથા,
તો ભજન છાંડે, કહે,
મિથ્યા ભજનપૂજન. ૮૧૧

કણબી કરે ખેતીવાડી
તેમ જુદાં દેવદેવી માંડી-
પહેલાંની જેમ તેમની
કરે અવજ્ઞા. ૮૧૨

તે જ ગુરુને સ્વીકારે
જેનો આડંબર હોયે,
તેનો જ મંત્ર સ્વીકારે
અન્યનો નહીં. ૮૧૩

ભૂતજાત પ્રતિ નિષ્ઠુર,
પાષાણ-વિગ્રહે અતિ પ્રેમ,
તેમ જ ન રહે સ્થિર
એકનિષ્ઠ. ૮૧૪

મારી મૂર્તિને પ્રતિષ્ઠે-
ઘરને ખૂણે બેસાડે,
પોતે યાત્રાએ નીકળે—
દેવદેવીની. ૮૧૫

નિત્ય મને આરાધે,
પર્વકાળે કુળદૈવત ભજે,
તેની જ પૂજા કરે
અહોભાવે. ૮૧૬

ઘરમાં મારું અધિષ્ઠાન,
માનતા રાખવા દેવ અન્ય,
શ્રાદ્ધકાળે પિતૃપિંડ
પિતરોના થાય. ૮૧૭

એકાદશીને દિવસે
જેટલો મને સન્માને,
તેટલું નાગપંચમીએ
નાગનું કરે. ૮૧૮

ગણેશની ચતુર્થીએ
તે ગણેશના જ થાયે,
ચૌદશે માતને કહે
તારું જ શરણ. ૮૧૯

નિત્યનૈમિત્તિક કર્મો છાંડે,
પછી નવચંડી આદરે,
આદિત્યવારે પીરસતો હોયે
ભૈરવને ખીચડો. ૮૨૦

પછી આવતાં સોમવાર,
બિલ્વપત્રે શિવલિંગ,
એમ એકલો જ આરાધે
સકળ દેવતા. ૮૨૧

એવું અખંડ કરે ભજન,
શાંત ન હોયે એક ક્ષણ,
સકળ ગાત્ર રાખે સ્વવશ-
જેમ વારાંગના. ૮૨૨

એવો જે ભક્ત
દેખાશે અસ્તવ્યસ્ત,
તે જાણ મૂર્તિમંત
અવતાર અજ્ઞાનનો. ૮૨૩

અને એકાન્તે અનાવિલે,
તપોવને તીર્થે સરિતાતટે,
જેનું મન અરુચિ રાખે-
તેય અજ્ઞ. ૮૨૪

જેને જનપદે સુખ,
ઘોંઘાટ-ભીડનું કૌતુક,
પ્રશંસવું ગમે લૌકિક-
તેય અજ્ઞ. ૮૨૫

અને આત્મા થાયે ગોચર
એવી જે વિદ્યા પાવન,
તેનું ન કરે શ્રવણ-
ઉપહાસ બુદ્ધિયે. ૮૨૬

ન જુએ ઉપનિષદાદિ,
યોગશાસ્ત્રે નથી રુચિ,
જેનું મન ન લાગે
અધ્યાત્મજ્ઞાને. ૮૨૭

આત્મચર્ચા કરે એવી
છોડી દે જે વિમલ મતિ,
રખડતી ફરે જેની બુદ્ધિ
અવાંતરે. ૮૨૮

જાણે સર્વ કર્મકાંડ,
મુખપાઠ સકળ પુરાણ,
જ્યોતિષમાં તો જાણ
વાચાસિદ્ધ. ૮૨૯

શિલ્પકલામાં નિપુણ,
સૂપકર્મે અતિ પ્રવીણ,
ઉચ્ચારણ વશીકરણ
હસ્તગત જેને. ૮૩૦

સઘળું કામશાસ્ત્ર જાણે,
મહાભારત ભણ્યું ગણાયે,
શાસ્ત્રોમાં પારંગત એવા
કે સત્પુરુષ ઊભા. ૮૩૧

નીતિશાસ્ત્ર બૂઝે,
વૈદ્યશાસ્ત્ર સમજે,
કાવ્યનાટક ચાતુર્યે
અદ્વિતીય. ૮૩૨

સ્મૃતિઓની ચર્ચા કરે,
ગારુડી વિદ્યાય જાણે,
નિઘંટુ તો સેવા કરે
એની પ્રજ્ઞા તણી. ૮૩૩

વ્યાકરણે અતિ કુશળ,
તર્કશાસ્ત્રે બહુ નિપુણ,
પણ આત્મજ્ઞાને અંધ
જન્મથી જે. ૮૩૪

આત્મજ્ઞાન વિના સકળ
સિદ્ધાંતશાસ્ત્રે કુશળ,
પણ બળ્યું તે સર્વ જ્ઞાન
મૂળ નક્ષત્રનું સંતાન. ૮૩૫

મયૂરને દેહે અશેષ
પીંછાંમાં નેત્રો સવિશેષ,
દૃષ્ટિ નથી એકમાં પણ
તેવું જ્ઞાન તે. ૮૩૬

જો પરમાણુ જેટલી
હોયે પાસે સંજીવની—
તો ઢેર સારી ઔષધિ
કોણ ઇચ્છે. ૮૩૭

અલ્પાયુષીના સુંદર ગુણ-
મસ્તક વિના અલંકાર,
વરઘોડો વરવધૂ વિણ
વિટંબણા સમો. ૮૩૮

તેમ શાસ્ત્રજાત સકળ
જાણ સર્વથા અપ્રમાણ,
એક અધ્યાત્મજ્ઞાન વિણ,
હે ધનુર્ધર. ૮૩૯

દેખ અર્જુન એટલે
અધ્યાત્મજ્ઞાનને વિશે—
નિત્યાવબોધ ન હોયે
જે શાસ્ત્રમૂઢને. ૮૪૦

તેનું જે શરીર
તે અજ્ઞાનનો અંકુર,
અને વ્યુત્પન્નતા જાણ
અજ્ઞાનવેલી. ૮૪૧

તે જે જે બોલે
તે અજ્ઞાન ફુલાયેલે,
તેનું પુણ્ય પણ જે ફળે
તે અજ્ઞાન સર્વ. ૮૪૨

અને અધ્યાત્મજ્ઞાનને
જે સાવ મિથ્યા ગણે,
તે જ્ઞાનાર્થ ના જાણે-
એ શું કહેવું પડે. ૮૪૩

આ તીરે પણ ન પહોંચે,
પહોંચતાં પહેલાં પાછો ફરે,
પેલે પારની વારતા તેને
કેમ જણાયે. ૮૪૪

ઉંબરે પ્રવેશતાં જેનું
કપાઈ ગયું છે માથું,
તે કેમ જોશે ઘરનું
પૂર્ણ સ્વરૂપ. ૮૪૫

તેમ અધ્યાત્મજ્ઞાને પાર્થ
અનોળખ જેને યથાર્થ-
તે કેમ કરી તત્ત્વાર્થ
જોઈ શકશે. ૮૪૬

એટલે હવે સવિશેષ
તે ન જાણે બ્રહ્મજ્ઞાન,
એ કહેવું ન પડે તને
વિસ્તાર કરી. ૮૪૭

સગર્ભાને પીરસતાં ભોજન
ગર્ભને મળે સહજ પોષણ,
તેમ જ્ઞાનવિરોધી લક્ષણ
તે જ અજ્ઞાન. ૮૪૮

એ વિણ આનઆન
કહેવાં અસંભવ લક્ષણ,
અંધને આપતાં આમંત્રણ
બીજો સમાયે. ૮૪૯

આ પ્રકારે વિપરીત
કહ્યાં અજ્ઞાન તણાં ચિહ્ન—
અમાનિત્વના જે વિરોધી
નિરૂપ્યા તે. ૮૫૦

જે જ્ઞાન-લક્ષણો અઢાર
તેના કહ્યા હતા પ્રકાર,
તેથી વિરુદ્ધ જે આકાર
તે જ અજ્ઞાન. ૮૫૧

પહેલા શ્લોકને અર્ધાર્ધે
એવું કહ્યું હતું મુકુન્દે,
જ્ઞાનવિરોધી જે લક્ષણો
તે જ અજ્ઞાન. ૮૫૨

એટલે આ પ્રમાણે
કહેવું પડ્યું વિસ્તારે,
નહીં તો દૂધમાં મેળવી જળ
કેમ વધારીએ. ૮૫૩

તેમ અડબડ ન કરતાં,
પદને લવ ન છોડતાં,
મૂળ ધ્વનિનો વિસ્તાર
કર્યો છે મેં. ૮૫૪

તવ શ્રોતા કહે ભલે,
તને કોણ ઠપકો આપે,
કેમ તું વ્યર્થ બીએ
કવિપોષક. ૮૫૫

તને શ્રીમુરારિએ
કહ્યું કે પ્રગટ કરે,
અભિપ્રાય હતો તે
ગુપ્ત રાખ્યો. ૮૫૬

શ્રીદેવનું તે મનોગત
તું કરે છે અભિવ્યક્ત,
એવું કહીયે તો ચિત્ત
ગદ્ગદ થશે તારું— ૮૫૭

એટલે કાંઈ ન કહીયે,
સાચે જ સંતોષ અમને,
જે જ્ઞાનનૌકા મળી આવી
શ્રવણ કરતાં. ૮૫૮

હવે આ ઉપરાંત
જે બોલ્યા શ્રીમુકુન્દ—
તે કરે તું કથન
સત્વરે બાપ. ૮૫૯

આ સાંભળી સંતવાક્ય
બોલ્યા શ્રીનિવૃત્તિદાસ—
સાંભળો જી શ્રીદેવ,
એવું બોલ્યા. ૮૬૦

કહે કે હે પાંડવ,
આ ચિહ્ન-સમુદાય સકળ—
સાંભળ્યો તે જાણવો
અજ્ઞાનભાગ. ૮૬૧

આ અજ્ઞાન વિભાગ
ઉપેક્ષીને ભા પાર્થ,
થાજે જ્ઞાનને વિશે
સુદૃઢ તું. ૮૬૨

પછી તે વિશુદ્ધ જ્ઞાને
જ્ઞેય પ્રગટ થાશે મને,
એ સાંભળી શ્રીઅર્જુને
દેખાડી ઇચ્છા. ૮૬૩

ત્યારે સર્વજ્ઞ શિરોમણિ
કહે હૃદયનો ભાવ જાણી,
સાંભળ જ્ઞેયનો અભિપ્રાય
કહું તને. ૮૬૪

તો જ્ઞેય કહેવા કારણ
પરમાત્મ વસ્તુને જાણ–
કે તે જ્ઞાન વિણ
ઉપલબ્ધ ન હોયે. ૮૬૫

અને તે જાણ્યા પછી
કંઈ પણ કરવું નથી,
કેમ કે જાણવું બનાવે
તદ્રૂપ સાચ. ૮૬૬

તે જણાયા પછી
સંસારનો તીર છોડી,
વિલીન થવું સાગરે
નિત્યાનંદના. ૮૬૭

તે જ્ઞેય બાપ એવું
કારણ નથી જેનું,
પરબ્રહ્મ એવું
કહેવાય જે. ૮૬૮

જે નથી કહેવા જઈએ,
વિશ્વાકારે તે દેખાયે,
વિશ્વને પરબ્રહ્મ કહીયે
તો તે માયા. ૮૬૯

નથી રૂપ-વર્ણ-વ્યક્તિ,
નથી દૃશ્ય-દ્રષ્ટા-સ્થિતિ,
એટલે કોણ કેવું કેમ–
કહેવાય નહીં ૮૭૦

અને સાચે જ ન હોયે
તો મહદાદિ કયે સ્થાને,
કેમ કરી સ્ફુરતું રહે
પરબ્રહ્મ વિણ. ૮૭૧

એટલે આસ્તિ-નાસ્તિ ભાષા
શાંત થઈ તત્ત્વ દેખાતાં,
વિચારો કુંઠિત થયા
સદંતર જ્યાં. ૮૭૨

જેમ વાસણ ઘડો માટલી–
એમાં તદાકાર હોયે માટી,
તેમ સર્વ થઈ સર્વે હોઈ
પરતત્ત્વ જે. ૮૭૩

સકળ દેશે સર્વ કાળે
દેશકાળથી જુદું ન હોયે,
એટલે જે ક્રિયા સ્થૂળસૂક્ષ્મે
તે બાહુ તેના. ૮૭૪

આ કારણે તેને
વિશ્વબાહુ કહેવાયે,
જે સર્વ જ સર્વપણે
કરે સર્વદા. ૮૭૫

અને જે સમસ્તે
એક સમયે પ્રવર્તે,
માટે જેને કહે
વિશ્વાંઘ્રિ બાપ. ૮૭૬

જેમ સવિતાને અંગડાળા
ન હોયે વેગળા વેગળા,
તેમ સર્વદ્રષ્ટાપણું હોયે
સ્વરૂપ જેનું. ૮૭૭

એ કારણે વિશ્વનાં ચક્ષુ
કહેવાયે આ ચિર અચક્ષુ,
એવો સ્થાપવા પક્ષ
દક્ષ વેદ. ૮૭૮

જે સર્વોચ્ચ સર્વશ્રેષ્ઠ
વસે સર્વકાળ સર્વત્ર,
એ સ્થિતિને અપાયે સંજ્ઞા
વિશ્વમૂર્ધા તણી. ૮૭૯

મૂર્તિ તેજ મુખ
હુતાશનનું દેખ,
તેમ સર્વપણે અશેષ
ભોક્તાપણું જે. ૮૮૦

આ કારણે તેને પાર્થ
વિશ્વતોમુખ બિરુદ-
આપ્યું છે દેખ
શ્રુતિઓએ. ૮૮૧

અને વસ્તુમાત્રે ગગન
જેમ રહે છે સંલગ્ન,
તેમ શબ્દ જાતે શ્રવણ
સર્વત્ર જેને. ૮૮૨

એટલે અમે તેને
સર્વ સાંભળનારા કહીયે,
એવું જે સર્વે રહે
ઓતપ્રોત. ૮૮૩

આમ પણ મહામતિ-
વિશ્વતશ્ચક્ષુ કહીને શ્રુતિ
સૂચિત કરે બ્રહ્મની વ્યાપ્તિ
શબ્દાકારે. ૮૮૪

અરે, હાથ-નેત્રો-પગ
આ ભાષા જ સંભવે કેમ,
જે ન સાહે નિષ્કર્ષ
સર્વ શૂન્ય તણો. ૮૮૫

દેખ કલ્લોલને કલ્લોલ
ગ્રસે કદાચ એક વેળ,
પણ ગ્રસનારથી ગ્રસિત
ભિન્ન છે કાંઈ. ૮૮૬

તેમ યથાર્થમાં એક
ત્યાં કેવા વ્યાપ્ય-વ્યાપક,
પણ બોલવા પૂરતું દ્વૈત
સ્વીકારવું રહ્યું. ૮૮૭

શૂન્ય દેખાડવા કાજે
બિંદુનો આકાર કરાયે,
તેમ અદ્વૈતના પ્રતિપાદને
દ્વૈતની ભાષા. ૮૮૮

નહીં તો હે પાર્થ,
ગુરુ-શિષ્યનો સુપથ—
થશે કુંઠિત, વિરમશે
સકળ વાચા. ૮૮૯

એટલે શ્રુતિઓએ
અદ્વૈતનું દ્વૈતભાવે-
નિરૂપણ કરવાનો પથ
ખોલી આપ્યો. ૮૯૦

તે જ હવે સાંભળો
આ નેત્રગોચર આકારે,
જ્ઞેય કયા પ્રકારે
વ્યાપી રહે. ૮૯૧

તો તે છે આ પ્રમાણે
આકાશ જેમ અવકાશે,
પટમાં પટ થઈ વિલસે
તંતુ જેમ. ૮૯૨

ઉદક થઈને ઉદક
રસ જે પ્રકારે દેખ,
દીપકે દીપપણે તેજ
મહાલે જેમ. ૮૯૩

કર્પૂરતત્ત્વ થઈ કર્પૂરે
સૌરભ વસે જે પ્રકારે,
શરીર રૂપે જેમ શરીરે
કર્મ પ્રવર્તે. ૮૯૪

કિંબહુના હે પાંડવા,
સુવર્ણ જેમ સોનાના રવા,
તેમ જે આ સર્વમાં
સર્વાંગ થઈ વસે. ૮૯૫

રવો લઈને જોઈએ
તો રવાપણું દેખાએ,
હેમની દૃષ્ટિયે જોતાં
હેમ સઘળું. ૮૯૬

જોકે પ્રવાહ હોય વાંકો
જળ વાંકુંચૂકું ન હોયે,
તપ્ત લોઢું અગ્નિ સમું ભાસે
પણ અગ્નિ ન લોઢું. ૮૯૭

ઘટાકારે વીંટળાયે
નભ ગોળાકાર દીસે,
ઘરના ચોકમાં ભાસે
ચતુષ્કોણાકાર. ૮૯૮

પણ તે અવકાશ જેમ
ક્યારેય ન થાય આકાશ,
તેમ વિકારે ભાસવા છતાં
બ્રહ્મ નથી વિકારી. ૮૯૯

મનાદિ મુખ્ય ઇન્દ્રિયોમાં,
અને સત્ત્વાદિ ગુણોમાં-
ભાસે છે તદાકાર
પરબ્રહ્મ. ૯૦૦

પણ ગોળની મધુરતા
નથી ઢેફાના આકારમાં,
તેમ ગુણ ઇન્દ્રિયોના આકારે
ન વસે બ્રહ્મ. ૯૦૧

અરે દૂધની સ્થિતિએ
ઘૃત ક્ષીરાકારે દેખાએ,
પણ ક્ષીર ન હોયે ઘૃત
જેમ પાર્થ. ૯૦૨

તેમ જે આ વિકારોમાં
વિકાર ન હોયે પાર્થા,
ઘાટ થકી નામો જુદાં
પણ હેમ તો હેમ. ૯૦૩

આવું વિશદ મરાઠીમાં
દેખાડું ભિન્નત્વ ધનંજયા,
જાણ ગુણ ઇન્દ્રિયોથી
જ્ઞેય ભિન્ન. ૯૦૪

નામ-રૂપ-સંબંધ,
જાતિ-ક્રિયા-ભેદ,
એ આકારે જ પ્રવાદ
વસ્તુજોગ નથી. ૯૦૫

તે ગુણ ન હોયે કદી,
ગુણ થકી સંબંધ નથી,
પણ તેની જ સત્તાયે
ગુણો આભાસે. ૯૦૬

આ જ એક કારણે
ભ્રાંત વ્યક્તિને ચિત્તે—
એવું અર્જુન ઉદ્ભવે
કે ગુણરૂપ બ્રહ્મ. ૯૦૭

તો તે માન્યતા કેવી—
અભ્ર ને આકાશ જેવી,
કાં પ્રતિબિંબને માનવું
દર્પણ તણું. ૯૦૮

અથવા સૂર્યનું પ્રતિબિંબ
ધારણ કરે સલિલ,
કાં કિરણોમાં મૃગજળ
એવું માનવું. ૯૦૯

તેમ સંબંધો વિણ
સર્વને ધારે નિર્ગુણ,
એ માનવું જાણ
સાવ મિથ્યા. ૯૧૦

આ પ્રમાણે નિર્ગુણનું
ગુણોને ભોગવવું,
રંકનું રાજ્ય ચલાવવું
સ્વપ્ને જેમ. ૯૧૧

એટલે ગુણોનો સંગ,
અથવા ગુણોનો ભોગ,
નિર્ગુણે આ સંબંધ
કલ્પાય નહીં. ૯૧૨

સચરાચરે ભૂતમાત્રે
વ્યાપક પાંડુસુત જે,
અગ્નિ ને ઉષ્ણતા માંહે
અભેદ જેમ. ૯૧૩

તેમ જે અવિનાશ ભાવે
સૂક્ષ્મ દશાએ સઘળે-
વ્યાપી રહે તે કહેવાયે
જ્ઞેય અહીંયાં. ૯૧૪

અંદર-બહાર જે એક,
જે દૂર ને નિકટ,
જે વિના બીજું અન્ય
વર્તતું નથી. ૯૧૫

ક્ષીરસાગરની મધુરતા
મધ્યે બહુ, કિનારે અલ્પ,
એવું ન હોયે તેમ જે સંપૂર્ણ
સર્વવ્યાપક. ૯૧૬

સ્વેદાદિ પ્રભૃતિ માંહે,
આન આન ભૂતો માંહે,
જેની અનુસ્યૂતિને
નથી વધઘટ. ૯૧૭

હે શ્રોતાસુખ તિલક,
ઘટ સહસ્રોમાં અનેક
હોવા છતાં ચંદ્રબિંબ
ચંદ્ર હોયે એક. ૯૧૮

કાં લવણકણોના રાશિએ
ક્ષારત્વ જેમ સરખું હોયે,
એક સાંઠે કે શેરડીભારે
ગળપણું એક. ૯૧૯

તેમ અનેકે ભૂતજાતે
એકની જ વ્યાપ્તિ હોયે,
વિશ્વકાર્યનું આદિ કારણ જે
હે સુમતિ. ૯૨૦

એટલે આ ભૂતાકાર
જ્યાંથી ઊપજે તે જ આધાર,
જળકલ્લોલે સાગર
જેવી રીતે. ૯૨૧

બાલ્યાદિ ત્રણેય વયે
કાયા જેમ એક હોયે,
ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયે
જે અખંડ. ૯૨૨

સાયં-પ્રાતઃ-મધ્યાહ્ન
ફરતું રહે દિનમાન,
તોયે જેમ ગગન
બદલતું નથી. ૯૨૩

સૃષ્ટિ ઉત્પત્તિયે પ્રિયોત્તમ
બ્રહ્મા જેને અપાય નામ,
અને સ્થિતિકાળે વિષ્ણુ
કહેવાય જે. ૯૨૪

આકાર જ્યારે વિલાયે
ત્યારે રુદ્ર કહેવાયે,
ગુણત્રયોના લોપે
કહેવાયે શૂન્ય. ૯૨૫

ગગનનું શૂન્યત્વ ગળે,
ગુણત્રયોને ગળી રહે,
તે મહાશૂન્ય જ્ઞેય જણાયે
શ્રુતિવચનસંમત. ૯૨૬

જે અગ્નિ તણું દીપન
જે ચંદ્ર તણું જીવન,
સૂર્યને લાધે નયન
જેના થકી. ૯૨૭

જેના જ અજવાળે
તારાગણને તેજ મળે,
મહાતેજ ઓજ પામે
જેના થકી. ૯૨૮

જે આદિનું આદિ,
વૃદ્ધિ તણી જે વૃદ્ધિ,
ને બુદ્ધિ તણી બુદ્ધિ,
જીવનો જીવ. ૯૨૯

જે મન તણું મન,
જે નેત્રોનાં નયન,
કાનોના જે કાન,
વાણીની વાચા. ૯૩૦

જે પ્રાણોના પ્રાણ,
ગતિ તણાં જે ચરણ,
ક્રિયાનું કર્તાપણ
જેને લીધે. ૯૩૧

આકાર પામે આકાર,
વિસ્તાર લાધે વિસ્તાર,
સંહાર લાભે સંહાર
પાંડુકુંવર જેથી. ૯૩૨

જે મેદિનીની મેદિની,
જે પાણીઆંનું પાણી,
તેજસ્વિતા તેજની
જેને કારણે. ૯૩૩

જે વાયુનો શ્વાસોચ્છ્વાસ,
જે ગગન તણો અવકાશ,
એ ભલે સઘળો આભાસ
આભાસે જેનાથી. ૯૩૪

કિંબહુના પાંડવ,
સકળનું તે સર્વપણ,
જ્યાં નથી પ્રવેશ
દ્વૈતભાવને. ૯૩૫

જેનાં થતાં દર્શન
દૃશ્ય-દ્રષ્ટા સકળ–
થઈને રહે એકરસ
ઐક્યભાવે. ૯૩૬

પછી તે જ થાય જ્ઞાન
જ્ઞાતા અને જ્ઞેય સકળ,
જ્ઞાનથી પમાય તે સ્થાન
તે પણ તે જ. ૯૩૭

પૂરી થતાં ગણના જેમ,
આંખ થઈને રહે એક,
તેમ સાધ્ય-સાધનાદિક
એકરૂપ જ્યાં. ૯૩૮

અર્જુન જે ધામમાં
ન રહે દ્વૈતની કલ્પના,
એ ભલે જે રહે હૃદયે
સર્વ જગતને. ૯૩૯

આ પ્રમાણે તુજ આગળે,
પ્રિય મિત્ર ક્ષેત્ર વિસ્તારે–
દેખાડયું ફોડ પાડીને
વિગતવાર. ૯૪૦

તે પ્રમાણે જ ક્ષેત્ર પછી
જોઈ શકશે તારી દૃષ્ટિ,
તે જ્ઞાન પણ તને કિરીટી
કહ્યું છે મેં. ૯૪૧

અજ્ઞાન તણું સવિશેષ
રૂપ વર્ણવ્યું સકૌતુક,
જેથી ધરાઈને તું કહે:
બસ કરો પ્રભુ. ૯૪૨

અને હમણાં જ રોકડે
ઉપપત્તિયોને વિસ્તારે,
નિરૂપ્યું વિશદ રીતે
જ્ઞેય પણ. ૯૪૩

આ સઘળી જ વિચારણા
બુદ્ધિ વડે કરીને અર્જુના,
મત્પરાયણ ભક્તો આવે
મદ્રૂપમાં. ૯૪૪

દેહાદિક પરિગ્રહ
ત્યજીને જે જીવ—
નિજ ચિત્ત કરે સ્થિર
મુજ રૂપમાં— ૯૪૫

અર્જુન તે મુજને
આમ જાણીને, છેવટે
મારું ચિત્ત હરણ કરીને
થાય છે મદ્રૂપ. ૯૪૬

મદ્રૂપ થવા માટે
આ મુખ્ય માર્ગ સાંભળે,
સોપાન સુલભ સર્વ કાજે
પ્રયોજ્યો મેં. ૯૪૭

ટોચે જવા પગથિયાં
અંતરાળે માંચ પાર્થા,
કાં ગહન જળે નૌકા
મદદરૂપ જેમ. ૯૪૮

સઘળું છે આત્મરૂપ
એમ જો કહું વીરોત્તમ,
તો તારા મનોધર્મ
ગ્રહણ ના કરે. ૯૪૯

એટલે જે સર્વવ્યાપ્ત
તેના કરીને ચાર ભાગ,
સંતુષ્ટ કરી જડતા
તુજ પ્રજ્ઞાની. ૯૫૦

બાળકને જ્યારે જમાડીએ—
એકના વીસ ગ્રાસ કરીએ,
તેમ એક બ્રહ્મ ચતુર્વિધે
નિરૂપ્યું અમે. ૯૫૧

એક ક્ષેત્ર, એક જ્ઞાન,
એક જ્ઞેય, એક અજ્ઞાન—
એવા ભાગ પાડ્યા, અવધાન
મંદ જાણી તારું. ૯૫૨

પણ આમ છતાંય પાર્થ,
જો આ મારો અભિપ્રાય—
ન સમજાય તો કહું
બીજી રીતે. ૯૫૩

હવે ન કરું ચાર રૂપ,
ન સ્વીકારું એક રૂપ,
આત્મા-અનાત્મા વિવેક
કહીશ વિશદ. ૯૫૪

પણ તારે એક કરવું
અમે માગીએ તે આપવું-
સર્વાંગે કરીને શ્રવણ
સાંભળવી વાત. ૯૫૫

આ શ્રીકૃષ્ણના બોલે
પાર્થ રોમાંચોથી ઊછળે,
ત્યાં દેવ કહે, બોધ
થયો એને. ૯૫૬

આવો સ્નેહનો આવેગ
સંભાળી બોલ્યા શ્રીરંગ,
પ્રકૃતિ-પુરુષ વિભાગ
સાંભળ હવે. ૯૫૭

જે માર્ગને જગે
યોગીઓ સાંખ્ય કહે,
જે પ્રકટ કરવા કાજે
લીધો કપિલાવતાર— ૯૫૮

તે સાંભળ નિર્દોષ
પ્રકૃતિ-પુરુષ વિવેક,
કહે છે આદિપુરુષ
ધનંજયને. ૯૫૯

પુરુષ હોયે અનાદિ,
તેવી જ પ્રકૃતિ જાણવી,
સંસારમાં અહોરાત્રિ
ચિરસંગી જેમ. ૯૬૦

રૂપમાં નથી છાયા
પણ રૂપ સંગે જ છાયા,
કણ સાથે વાધે છોડાં–
જેમ અર્જુન– ૯૬૧

તેમ જાણ આ યુગલ
બન્ને વસે છે એકત્ર,
પ્રકૃતિ-પુરુષ પ્રકટ
અનાદિસિદ્ધ. ૯૬૨

ક્ષેત્ર નામ સંજ્ઞાયે
જે કહ્યું હતું સઘળે,
તે જ અહીં જાણવું
પ્રકૃતિરૂપે. ૯૬૩

અને જેને ક્ષેત્રજ્ઞ
કહ્યું હતું સહજ,
તે જ અહીં પુરુષ
જાણ નિઃસંશય. ૯૬૪

નામ ભિન્ન ભિન્ન હોયે
પણ નિરૂપ્ય એક જ રહે,
આ લક્ષણ તું ન ભૂલે
ફરી ફરીથી. ૯૬૫

જે છે કેવળ સત્તા
તે પુરુષ પાંડુસુતા,
પ્રકૃતિ જાણ સમસ્તા
ભાસે ક્રિયારૂપે. ૯૬૬

બુદ્ધિ-ઇન્દ્રિયો-અંતઃકરણ
ઇત્યાદિ વિકારભરણ,
અને તે ત્રણેય ગુણ
સત્ત્વાદિક. ૯૬૭

આ સઘળો સમુદાય
પ્રકૃતિથી નીપજ્યો જણાય,
નીપજે તેમાંથી કર્મ
એવું જણાયે. ૯૬૮

ત્યાં ઇચ્છા અને બુદ્ધિ
હોયે અહંકારનાં આદિ,
તે જ જગાડે છંદ
પ્રવૃત્તિ તણો. ૯૬૯

ફળ પામવા કારણે
જે ઉપાયો કરાયે,
તે જ કાર્ય કહેવાયે
હે ધનંજય. ૯૭૦

ઇચ્છા થઈને પ્રબળ
કરે છે મનને જાગ્રત,
ઇન્દ્રિયોથી કર્મવ્યાપાર
તે કર્તૃત્વ કહેવાયે. ૯૭૧

એટલે આ ત્રણેયને—
કાર્ય, કર્તૃત્વ, કારણ-ને,
પ્રકૃતિ જ મૂળ, કહે
સિદ્ધશિરોમણિ. ૯૭૨

આ ત્રણેયના સમવાયે
પ્રકૃતિ કર્મરૂપ થાયે,
ત્યારે જે ગુણ પ્રબળ હોયે
તે રૂપ ધારે. ૯૭૩

સત્ત્વગુણે જે અધિષ્ઠિત
તે કહેવાયે સત્કર્મ,
રજોગુણે નીપજે
તે મધ્યમ જાણ. ૯૭૪

કેવળ તમથી નીપજે
એવું જે કર્મ હોયે,
તે નિષિદ્ધ અધર્મ
જાણ પાર્થ. ૯૭૫

એવાં શુભાશુભ
પ્રકૃતિથી થાય કર્મ,
જેમાંથી સુખદુઃખ
જન્મે અરે. ૯૭૬

અશુભથી દુઃખ ઊપજે,
સત્કર્મે સુખ નીપજે,
તે બન્ને ભોગવવા પડે
ભોગ પુરુષને. ૯૭૭

સુખદુઃખો જ્યાં સુધી
નીપજે છે ત્યાં સુધી—
પ્રકૃતિ ઉદ્યમ કરી
ભોગવે પુરુષ. ૯૭૮

પ્રકૃતિ-પુરુષની જોડી
કહેવાય કેવી એઢંગી,
જે કમાણી સર્વ સ્ત્રીની
પુરુષ ભોગવે. ૯૭૯

પુરુષ અને સ્ત્રી,
સંગ ન કરે કદી,
પણ પ્રકૃતિ પ્રસવે જગ
આશ્ચર્ય એક. ૯૮૦

જે અનંગ ને અપંગ,
જે સર્વથા નિર્ધન,
જે જીર્ણ અતિ વૃદ્ધ
અનાદિ બાપ— ૯૮૧

તે કહેવાયે પુરુષ,
જે નથી સ્ત્રી કે નપુંસક,
કિંબહુના નથી નિશ્ચય
કે તે છે શું. ૯૮૨

તે અ-ચક્ષુ અ-શ્રવણ,
તે અ-હસ્ત આચરણ,
રૂપ નથી, ના વર્ણ,
નામ પણ નથી. ૯૮૩

પાર્થ જ્યાં કશું ન હોયે
તે પ્રકૃતિનો પતિ હોયે,
અને તેને ભોગવવાં પડે
સુખદુઃખો. ૯૮૪

તે તો અકર્તા,
ઉદાસીન અભોક્તા,
પણ તેને આ પતિવ્રતા
ભોગવાવે. ૯૮૫

જેમાં થતાં લવ માત્ર
રૂપગુણની હિલચાલ,
ત્યાં આદરે વિલક્ષણ
ક્રીડા પ્રકૃતિ. ૯૮૬

એટલે જ આ પ્રકૃતિ
કહેવાયે આપ ગુણમયી,
કિંબહુના અવયવ સહિત
ગુણરૂપી તે. ૯૮૭

પ્રતિપળે નિત્ય નૂતન
ધારણ કરે રૂપ ને ગુણ;
જડમાંયે પ્રવેશ કરાવે
નિજ પ્રવૃત્તિનો. ૯૮૮

નામો એનાથી પ્રસિદ્ધ,
સ્નેહ એનાથી જ સ્નિગ્ધ;
ઇન્દ્રિયો એનાથી પ્રબુદ્ધ
જાણ પાર્થ. ૯૮૯

મન તો સાચે જ નપુંસક;
તેનાથી ભોગવાવે ત્રણે લોક;
એવાં એવાં અલૌકિક
કરે કર્મ. ૯૯૦

તે ભ્રમોનો મહાદ્વીપ,
વ્યાપ્તિ તેનું સ્વરૂપ,
વિકારો અમર્યાદ
કરે ઉત્પન્ન. ૯૯૧

આ કામની માંડવી,
કે મોહવનની માધવી,
પ્રસિદ્ધ છે આ દેવી
માયા નામે. ૯૯૨

વાઙ્મયનો કરે વિસ્તાર,
નિરાકારને આપે આકાર,
પ્રપંચ પર કરે અભંગ
હુમલો સદા. ૯૯૩

કળાઓ જન્મે અહીંથી,
વિદ્યાઓ પ્રગટે અહીંથી,
ઇચ્છા-જ્ઞાન-ક્રિયા તણી
ધાત્રી જ એ. ૯૯૪

એ નાદની ટંકશાળ,
ચમત્કારોનું આ ધામ,
કિંબહુના છે સકળ
ક્રીડા જ એની. ૯૯૫

જે ઉત્પત્તિ-પ્રલય
તે એનાં સાયં-પ્રાતઃ,
સાચે જ એ અદ્ભુત
મોહિની પાર્થ. ૯૯૬

એ અદ્વયનું સ્વરૂપ,
એને નિઃસંગનો સંગાથ,
શૂન્ય જ એનું ગૃહ-
જ્યાં વસે તે. ૯૯૭

આ પ્રકારના એના
સૌભાગ્યનો મહિમા,
એટલે તે સંભાળે
અનાવરને. ૯૯૮

પરતત્ત્વ માંહે ક્યાંયે
કશું જ મુદ્દલ ન હોયે,
ત્યાં સર્વરૂપ થઈને
પોતે જ રહે. ૯૯૯

તે સ્વયંભૂની ઉત્પત્તિ,
તે અમૂર્તની મૂર્તિ,
પોતે જ બને સ્થિતિ
સ્થાન તેનું. ૧૦૦૦

તે અનાર્તની આર્તિ,
તે પૂર્ણ તણી તૃપ્તિ,
તે અકુળની જ્ઞાતિ
પોતે જ થાય. ૧૦૦૧

તે અનિર્વચનીયતનું લક્ષણ,
તે અપારનું પ્રમાણ,
તે અમનસ્કનું મન,
બુદ્ધિ પણ બને. ૧૦૦૨

તે નિરાકારનો આકાર,
તે નિર્વ્યાપારનો વ્યાપાર,
નિરહંકારનો અહંકાર
થઈને રમે. ૧૦૦૩

તે અનામીનું નામ,
તે અજ તણો જન્મ,
પોતે જ ક્રિયા-કર્મ
બને તેનાં. ૧૦૦૪

તે નિર્ગુણના ગુણ,
અચરણના ચરણ,
તે અશ્રવણના શ્રવણ,
અચક્ષુનાં બને ચક્ષુ. ૧૦૦૫

તે ભાવાતીતના ભાવ,
તે નિરવયવના અવયવ,
કિંબહુના એ થાય
પુરુષનું સર્વ કાંઈ. ૧૦૦૬

આ પ્રકારે પ્રકૃતિ
સ્થાપીને નિજની વ્યાપ્તિ,
તે અવિકારીમાં વિકૃતિ
પેદા કરે. ૧૦૦૭

ત્યાં પુરુષત્વ જે હોયે
તે આ પ્રકૃતિ દશાયે,
લોપે જેમ ચંડ લોપાયે
અમાની રાતે. ૧૦૦૮

બહુ શુદ્ધ સુવર્ણ માંહે
એક વાલ ધાતુ મેળવાયે,
કસ જેમ ઊતરી જાયે
સકળ હેમનો. ૧૦૦૯

પ્રવેશતાં સજ્જનમાં પિશાચ
કરાવે કુકર્મોનો નાચ,
અથવા વાદળો દુર્દિન
સુદિન બનાવે. ૧૦૧૦

પય જેમ ગાયને ઉદરે,
કે અગ્નિ સંતાયે કાષ્ઠે,
વસ્ત્રોમાં વીંટળાયે
રત્નદીપ જેમ. ૧૦૧૧

પરાધીન થયેલો નૃપ,
કે સિંહ વ્યાધિગ્રસ્ત,
તેમ પ્રકૃતિ-આધીન પુરુષ
હોયે નિસ્તેજ. ૧૦૧૨

જાગ્રત નર અકસ્માત્
થાય જેમ નિદ્રાધીન,
અને ભોગવે સુખદુઃખ
સ્વપ્નદશામાં— ૧૦૧૩

તેમ થતાં પ્રકૃતિ-આધીન
પુરુષને ભોગવવા ગુણ,
ઉદાસીન નર સ્ત્રી-આધીન
થાય જેમ ઘેલો. ૧૦૧૪

તેવું જ અજ-નિત્યને થાયે,
જન્મ-મૃત્યુથી આહત હોયે,
જ્યારે તે લાધે ગુણસંગ
પ્રકૃતિને લીધે. ૧૦૧૫

પણ તે એવું પાંડુસુત—
જેમ ઘડાતાં લોખંડ તપ્ત,
ઘા પડે અગ્નિ ઉપર
એમ ભાસે. ૧૦૧૬

કાં આંદોલતાં ઉદક
પ્રતિબિંબો થાય અનેક,
તે નાનાત્વ આરોપે લોક
ચંદ્ર ઉપરે. ૧૦૧૭

દર્પણને સન્નિકટે
મુખ શોભે ઉભય રૂપે,
કાં કેસરથી સ્ફટિકે
લાલાશ દેખાયે. ૧૦૧૮

તેવા જ ગુણસંગમે
અજન્મા જન્મ પામે,
પામે એમ દેખાયે
યથાર્થે નથી. ૧૦૧૯

અધમ-ઉત્તમ યોનિ
પુરુષને ગ્રસે એવું માની,
જેમ સ્વપ્નમાં થાય સંન્યાસી
અંત્યજાદિ. ૧૦૨૦

એટલે એકાકી પુરુષને
ભોગ ભોગવવા ન હોયે,
અહીં ગુણસંગ જ મૂળ
કારણ જાણ. ૧૦૨૧

પ્રકૃતિમાં આ ઊભો કેવો
જાઈને મંડપે સ્તંભ જેવો,
હોય ભેદ પ્રકૃતિ-પુરુષે
પૃથ્વી-નભ સમો. ૧૦૨૨

પ્રકૃતિ-સરિતાને તટે
આ મેરુ સમ ખરેખરે—
પ્રતિબિંબિત છતાં જળે
તણાયે નહીં. ૧૦૨૩

પ્રકૃતિ કરે આવાગમન,
આ ચિર સ્થિર ચિરકાળ,
એટલે કરે શાસન
આ બ્રહ્મનું. ૧૦૨૪

પ્રકૃતિ જીવે એને લીધે,
એની સત્તાએ જગત પ્રસવે,
એટલે પ્રકૃતિનો કહેવાયે
ભર્તા અરે. ૧૦૨૫

અનંત કાળમાં કિરીટી,
સૃષ્ટિ પછી જે થાય સૃષ્ટિ—
તે કલ્પાંતે પ્રવેશ કરી
એના જ ઉદરે. ૧૦૨૬

આ મહદ્ બ્રહ્મ ગોસ્વામી
બ્રહ્માંડ ગોલક ચલાવી—
પારાવાર બળે આવરી
પ્રપંચને આ. ૧૦૨૭

અને આ દેહ માંહે
પરમાત્મા જે કહેવાયે,
તે આ જ ખરેખરે
જાણ પાર્થ. ૧૦૨૮

પ્રકૃતિને પેલે પાર
એક તત્ત્વ પાંડુસુત,
એવો જે પ્રવાહ તે તત્ત્વ
આ જ પુરુષ. ૧૦૨૯

જે વિશુદ્ધપણે જાણે
પુરુષનું સ્વરૂપ એ પ્રકારે,
અને ગુણકર્મ જાણે
પ્રકૃતિ તણાં. ૧૦૩૦

આ રૂપ આ છે છાયા,
આ જળ ને પણ માયા,
એવો નિર્ણય ધનંજયા
જે જાણી લે. ૧૦૩૧

તે પ્રમાણે અર્જુન,
પ્રકૃતિ-પુરુષ વિવેચન-
કરી જાણે જેનું મન
સહજ ભાવે. ૧૦૩૨

તે શરીરને સંયોગે
કરો સકળ કર્મો ભલે,
ગગન જેમ મલિન ન થાયે
તેમ જ તે. ૧૦૩૩

જીવિત હોય જ્યારે દેહે
દેહનો મોહ ન ગ્રસે તેને,
દેહાંત થયે ન પામે
પુનર્જન્મ તે. ૧૦૩૪

એવો તેને એક
પ્રકૃતિ-પુરુષ-વિવેક,
ઉપકાર અલૌકિક
કરે પાર્થ. ૧૦૩૫

પણ એ જ અંતરે,
વિવેક સૂર્ય પ્રમાણે—
ઉદય પામશે કેવી રીતે,
સાંભળ હવે. ૧૦૩૬

કોઈ એક હે પાર્થ
વિચારનો પ્રજવળી પાવક—
નાશે આત્માનાત્મનો મળ
શુદ્ધિ સાધવા. ૧૦૩૭

છત્રીસ પ્રકારના ભેદ
તોડીને નિર્વિવાદ,
ગ્રહણ કરે શુદ્ધ તત્ત્વ
પોતે અરે. ૧૦૩૮

પછી આત્મસ્વરૂપે પોતે
આત્મધ્યાનની દૃષ્ટિયે—
નિજ સ્વરૂપ જોતાં થાયે
તેઓ અરે. ૧૦૩૯

અન્ય કોઈ ભક્તિમાર્ગે,
કોઈ ચાલે સાંખ્યમાર્ગે,
કોઈ જાયે કર્મમાર્ગે,
નિજ સ્વરૂપ જોવા. ૧૦૪૦

એવા એવા પ્રકારે
તરે ભવસાગર ખરેખરે,
આ ભ્રાંતિકારી ભવ છે
જાણ સકળ. ૧૦૪૧

પણ તે કરે એમ
થઈને અભિમાનરહિત,
મૂકે સર્વ વિશ્વાસ
કોઈ એકમાં. ૧૦૪૨

જે હિતાહિત ઓળખે,
હાનિ સર્વથા ન થવા દે,
વ્યથા-પીડા દૂર કરે
પ્રેમભાવે. ૧૦૪૩

જે નીકળે તેમની વાણીએ
તે સર્વશ્રેષ્ઠ આદરભાવે—
શ્રવણ કરીને દેહપ્રાણે
તદ્રૂપ થાયે. ૧૦૪૪

તેનું કરતાં શ્રવણ
ન્યોછાવર મનપ્રાણ,
તેમના શબ્દો ઉપર
સર્વસ્વ સમર્પે. ૧૦૪૫

તે પણ અંતે કપિધ્વજ
તરીને જન્મમરણાર્ણવ
નીકળે સર્વાંગ સંપૂર્ણ
બહાર અરે. ૧૦૪૬

આવા આવા ઉપાય
અનેક અત્રે ધનંજય,
જાણવા તે એક
પરમ વસ્તુ. ૧૦૪૭

હવે રહેવા દે વિસ્તાર
સર્વાર્થનું જે મથિત,
તે સિદ્ધાંત-નવનીત
આપું તને. ૧૦૪૮

એમ કરતાં પાંડુસુત
અનુભવ લાધશે સહજ,
તત્ત્વ થશે બુદ્ધિગત
વિના પરિશ્રમે. ૧૦૪૯

એટલે બુદ્ધિથી તે માંડી
મતવાદીઓનું ખંડન કરી—
કહું તને વિશુદ્ધ
ફલિતાર્થ. ૧૦૫૦

તો ક્ષેત્રજ્ઞને નામે
દેખાડ્યું જે તને,
અને ક્ષેત્ર પણ કહ્યું
સઘળું જે. ૧૦૫૧

તેમના પરસ્પર મેળાપે
નીપજે ભૂતજાત સઘળે,
અનિલ સંગે સલિલે
કલ્લોલ જેમ. ૧૦૫૨

સૂર્યરશ્મિ પડતરે
જ્યારે પડે ઓચિંતે—
ત્યારે પૂર ચડે
મૃગજળમાં. ૧૦૫૩

અથવા પર્જન્યની ધારા
ઝડી વરસાવે ત્યારે વસુંધરા—
પ્રસવે અંકુરો નાના
પ્રફુલ્લિત થઈ. ૧૦૫૪

તેમ સચરાચર સકળ
ધારણ કરે જીવ નામ,
તે સંભવે ઉભય સંયોગે
એવું જાણ. ૧૦૫૫

આ કારણે હે અર્જુન,
ક્ષેત્રજ્ઞ ક્ષેત્રથી ભિન્ન—
નથી આ ભૂતજાત
એવું જાણ. ૧૦૫૬

વસ્ત્ર જોકે ન હોયે તંતુ
પણ બનેલું હોય તંતુનું,
એમ જો દેખે ગંભીર ભાવે
દૃષ્ટિ ખોલીને. ૧૦૫૭

ભૂતો સકળ નીપજે,
એકમાંથી બીજું થાયે,
પણ તેમાં તું સાધજે
પ્રત્યય એમનો. ૧૦૫૮

તેમનાં નામો ભિન્ન,
વ્યવહાર આનઆન,
જુદાં તેમનાં પરિધાન
સકળનાં. ૧૦૫૯

અર્જુન આવું જોઈને
જો ભેદ રાખીશ મને—
તો જન્મજન્માંતરે પણ
પામીશ ન મુક્તિ. ૧૦૬૦

નાના પ્રયોજન પરત્વે
દીર્ઘ વક્ર વર્તુળાકારે—
ફળો નીપજતાં હોયે
એક જ વેલીએ. ૧૦૬૧

રહે સીધાં કે વાંકાં
બોરડીનાં ફળો સઘળાં,
તેમ સર્વ ભૂતમાત્રે
તત્ત્વ વિશુદ્ધ. ૧૦૬૨

અંગારા નાનામોટા
પણ એકસરખી ઉષ્ણતા,
તેમ ભૂતજાત નાના
પણ પરેશ એક. ૧૦૬૩

ગગન ભરીને ધારા
પાણી એક જ વીરા,
તેમ ભૂતાકારમાં
સર્વાંગે પ્રભુ. ૧૦૬૪

આ ભૂતગ્રામ વિષમ
પણ તેમાંની વસ્તુ સમ,
ઘટે કે મઠે વ્યોમ
એક જેમ. ૧૦૬૫

આ નાશે ભૂતાભાસ
પણ આત્મા તે અવિનાશ,
જેમ અલંકારે કસ એક
સુવર્ણનો. ૧૦૬૬

એવું જીવધર્મહીન
જે જીવોથી અભિન્ન—
દેખે તે જ સુનયન
જ્ઞાનીઓમાં. ૧૦૬૭

તે ચક્ષુ જ્ઞાનીઓ તણાં,
જ્ઞાનીઓમાં પણ વીરેશા,
આ નથી નથી રે પ્રશંસા
પરમ સુભાગી તે. ૧૦૬૮

આ ગુણેન્દ્રિયોની પોટલી
દેહ ધાતુઓની ત્રિપુટી,
પંચતત્ત્વોની અરે અશુચિ
દારુણ ખરી. ૧૦૬૯

પંચડંખધારી વીંછુડો દેહ
ત્યાં સળગેલા અગ્નિ પંચ,
જાણે જીવપંચાનન સાંપડયો
હરણની બખોલે. ૧૦૭૦

એવું હોવા છતાં દેહે
નિત્યબુદ્ધિના શસ્ત્રે,
અનિત્યભાવને ઉદરે
કોઈ પ્રહાર ન કરે. ૧૦૭૧

પણ રહેવા છતાં દેહે
જે આત્મઘાત ન કરે,
અને પાંડુસુત છેવટે
સ્વરૂપે ભળે. ૧૦૭૨

યોગજ્ઞાનની પ્રૌઢિએ
જન્મ શતે ઓળંગીને,
આવાગમન જ વિસર્જે
યોગીજન. ૧૦૭૩

જે આકારનું પેલું તીર,
જે નાદને પેલે પાર,
તુર્યા તણું જે પિયર
એવું પરબ્રહ્મ. ૧૦૭૪

મોક્ષસહિત સર્વ ગતિ
આવે પામવા વિશ્રાંતિ,
સાગરે જેમ ગંગાદિ
સરિતા ભળે. ૧૦૭૫

તે સુખ આ જ દેહે
પગ પખાળવા લાધે,
ભૂતવૈષમ્યે ન હોયે
જેમની વિષમ બુદ્ધિ. ૧૦૭૬

દીપ સહસ્રે જેમ
તેજ એકસમાન,
તેમ વિલસે સર્વત્ર
સત્તારૂપે ઈશ. ૧૦૭૭

આ સમત્વે પાંડુસુત
વૈષમ્યે જે વર્તત,
તેને જન્મ ને મરણ
ન સ્પર્શે ફરી. ૧૦૭૮

એટલે તે ભાગ્યશાળી
વખાણીએ ફરી ફરી,
સમત્વ-શય્યાએ જે
પોઢ્યો રહે. ૧૦૭૯

અને મનબુદ્ધિ પ્રમુખે
કર્મેન્દ્રિયોએ અશેષે-
પ્રકૃતિ જ ક્રીડા કરે
એમ જાણે જે. ૧૦૮૦

ઘરના વિચરે ઘરે,
ઘર કાંઈ ન કરે,
અભ્ર ધાયે ગગને
પણ ગગન સ્વસ્થ. ૧૦૮૧

તેમ આત્મપ્રભાએ પ્રકૃતિ
ક્રીડા કરે વિવિધ ગુણી,
આત્મા નિર્વિકાર નિશ્ચલ
જાણે ન કોઈ. ૧૦૮૨

એવા અનુભવે જેણે
મેળવ્યો પ્રકાશ હૃદયે,
જાણ્યો આત્મા તેણે
અકર્તા-અભોક્તા. ૧૦૮૩

આમ પણ અર્જુન,
ત્યારે થવાય બ્રહ્મસંપન્ન—
જ્યારે ભૂતાકૃતિ ભિન્ન
દેખાયે એક. ૧૦૮૪

તરંગો જેમ જળે,
પરમાણુકણ પૃથ્વીએ,
રશ્મિકર સૂર્યમંડળે
જેમ એક. ૧૦૮૫

અથવા દેહમાં અવયવ,
મનના સકળ ભાવ,
વિસ્ફુલિંગ ભિન્ન
જેમ અગ્નિનાં. ૧૦૮૬

ભૂતાકારે એક બ્રહ્મ,
એવા પ્રત્યયે દૃષ્ટિસંપન્ન-
થાય ત્યારે લાધે નિધાન
બ્રહ્મસંપત્તિનું. ૧૦૮૭

પછી જ્યાં જ્યાં નજર પડે
ત્યાં બ્રહ્મમય વિશ્વ દેખાયે,
કિંબહુના મળી આવે
અપાર સુખ. ૧૦૮૮

આ પ્રકારે પાર્થ
પ્રકૃતિ-પુરુષ વિચાર-
કહ્યો દાખલા સહિત
સમજ્યો કે તું. ૧૦૮૯

અમૃત આવે અંજલિયે
કે નિધાન દેખાયે આંખે,
તેવો જ પરમ ગણાયે
લાભ આ. ૧૦૯૦

થઈ આવતાં પ્રતીતિ
ચિત્ત સ્થિર થવાની,
ઇચ્છા ઊઠે તો સુભદ્રાપતિ
થોભશો જરા. ૧૦૯૧

હજીય એકએ વાત
કહેવી છે તને ગહન,
જો આપીશ જામીન
ચિત્ત તારું. ૧૦૯૨

દેવ એવું બોલ્યા,
પછી કહેવા લાગ્યા,
ત્યાં અવધાનમય થયા
સર્વાંગે પાર્થ. ૧૦૯૩

તો પરમાત્મા કહેવાયે
તે એવા જાણ સ્વરૂપે-
જળે જળથી ન લીંપે
સૂર્ય જેમ. ૧૦૯૪

જળ કરતાં પ્રથમ પાછળ
હતો ને રહેશે પાછળ,
જળમાંનું દેખે પ્રતિબિંબ
નજર લોકોની. ૧૦૯૫

તેમ આત્મા દેહે
વસે એવું જે ગણાયે,
નથી યથાર્થ તે
આત્મા નિજ સ્થાને. ૧૦૯૬

દર્પણે મુખ દેખાયે
પ્રતિબિંબ નામ અપાયે,
તેવું જ વસવું દેહે
આત્મતત્ત્વનું. ૧૦૯૭

દેહ-આત્મા-સંબંધ
આ વાત જ વ્યર્થ,
વાયુ-રેતીની બંધાયે
શું ગાંઠ કાંઈ. ૧૦૯૮

અગ્નિ-કપાસે એક સંગે
કેમ દોરો પરોવાયે,
કેમ પાષાણ સંધાશે
ગગન સંગે. ૧૦૯૯

એક નીકળે પૂર્વ ભણી,
બીજો જાયે પશ્ચિમ ભણી,
તેમના મિલન જેવો
દેહાત્મ-સંબંધ. ૧૧૦૦

અંધાર અને પ્રકાશ,
મૃત અને જીવિત,
તેવો જાણ રે સંબંધ
દેહ-આત્માનો. ૧૧૦૧

રાત્રિ અને દિવસ,
કનક અને કપાસ,
જેમ પરસ્પરે અસમ
તેમ દેહ-આત્મા. ૧૧૦૨

દેહ પંચમહાભૂતોના
ગૂંથાયો દોરે કર્મના,
ફરે છે જન્મમરણના
ભવચક્રે. ૧૧૦૩

કાલાનલને મુખે
માખણનો ગોળો જાણે,
માખી પાંખ ફફડાવે
તેટલામાં એ સરે. ૧૧૦૪

એ જો અગ્નિયે પડે
તો ભસ્મ થઈને ઊડે,
શ્વાનમુખે જો સાંપડે
તો થાય વિષ્ટારૂપ. ૧૧૦૫

બન્નેમાં ન સપડાયે
તોયે કૃમિનો પુંજ બને,
કે કપિધ્વજ આ પ્રકારે
પરિણામ વસમું. ૧૧૦૬

આ દેહની એ દશા,
અને આત્મા તો કેવા,
નિત્ય સિદ્ધ સ્વભાવત:
અનાદિપણે. ૧૧૦૭

ના સકળ, ના નિષ્કળ,
ના અક્રિય કે ક્રિયાશીલ,
નથી કૃશ કે સ્થૂળ
હોઈ નિર્ગુણ. ૧૧૦૮

નથી સાભાસ કે નિરાભાસ,
નથી પ્રકાશ કે અપ્રકાશ,
નથી ભૂમા કે અલ્પ
અરૂપ હોઈ. ૧૧૦૯

નથી રિક્ત કે સંપૂર્ણ,
નથી કશાથી રહિત કે સહિત,
નથી મૂર્ત કે અમૂર્ત
શૂન્ય હોઈ. ૧૧૧૦

નથી આનંદ કે નિરાનંદ,
નથી એક અથવા વિવિધ,
નથી મુક્ત કે નથી બદ્ધ
આત્મપણે. ૧૧૧૧

આટલો ના તેટલો,
નથી સ્વયંભૂ કે રચેલો,
ના બોલકણો કે મૂગો
અલક્ષપણે. ૧૧૧૨

આ ન જન્મે સૃષ્ટિ સંગે,
ન નાશે આ સર્વસંહારે,
આસ્તિ-નાસ્તિ ઉભયનું છે
લયસ્થાન આ. ૧૧૧૩

ન મપાયે કે ચર્ચાયે,
ન વધે કે કયારે ઘટે,
ન વણસે કે ના ખૂટે
અવ્યયપણે. ૧૧૧૪

એકરૂપે જે આત્મા
વસે દેહે હે પ્રિયોત્તમા,
તે મઠાકારે અપાય જેમ
વ્યોમને નામ. ૧૧૧૫

તેમ તેની સત્તાએ
દેહાકૃતિ આવે ને જાયે,
તે ન લે કે પાર્થ છાંડે
રહે અચ્યુત અભંગ. ૧૧૧૬

અહોરાત્રિનું જેમ
આકાશે આવાગમન,
આત્મસત્તામાં જાણ તેમ
દેહાંતરો. ૧૧૧૭

એટલે આ દેહે
તે ન કરે, ન કરાવે,
કર્તા ન થાયે વ્યાપારે
પ્રકૃતિ તણા. ૧૧૧૮

...ग्रन्थालय,
भारतनिधि. करौंदी
वाराणसी-5

માટે જ પૂર્ણ સ્વરૂપે
વધવું-ઘટવું ન સંભવે,
હોવા છતાં તે દેહે
રહે અલિપ્ત. ૧૧૧૯

બાપ ગગન ક્યાં ન હોયે,
કયે સ્થાને તે ન પ્રવેશે,
પણ કદી કશાથી ક્યાંયે
થાયે ન મલિન. ૧૧૨૦

તેમ સર્વત્ર સર્વ દેહે
સત્તાસ્વરૂપે આત્મા વસે,
પણ ક્યાંયે સંગદોષે
નથી લિપ્ત. ૧૧૨૧

વારંવાર આ કાજે
આ જ લક્ષણ જાણ સાચે,
જે ક્ષેત્રજ્ઞને જાણીએ
ક્ષેત્રથી જુદા. ૧૧૨૨

સંસર્ગે લોઢું હાલે
તે લોહચુંબક ન હોયે,
ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ જાણીએ
તે પ્રમાણે. ૧૧૨૩

દીપકની પ્રભાએ
ઘરમાં વ્યવહાર થાયે,
પણ ભિન્નતા પ્રચંડ છે
દીપ અને ઘરમાં. ૧૧૨૪

અરે કાષ્ઠને ઉદરે
પાર્થ અગ્નિ નિવસે.
પણ તે કાષ્ઠ ન હોયે
એમ જોવું. ૧૧૨૫

નભથી જેમ ગગન,
કે રવિથી મૃગજળ,
તેટલા જાણવા ભિન્ન
દેહ ને આત્મા. ૧૧૨૬

રહેવા દે આ સઘળું,
ગગને જેમ ભાનુ—
અજવાળે સર્વ લોક
હળવે હળવે. ૧૧૨૭

અહીં તેમ જ ક્ષેત્રજ્ઞ
અજવાળતો હોય ક્ષેત્ર,
હવે ન ફરીથી કરીશ
શંકા આ વિશે. ૧૧૨૮

હે શબ્દતત્ત્વ-સારજ્ઞ
પ્રજ્ઞા કહેવી તે જ સુજ્ઞ,
જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ
જોઈ શકે ભિન્ન. ૧૧૨૯

આ ઉભયનું અંતર
જોવા કાજે ચતુર,
જ્ઞાનીઓનાં દ્વાર
આરાધે પાર્થ. ૧૧૩૦

આ કારણે જ સુમતિ
મેળવે શાંતિસંપત્તિ,
શાસ્ત્રોની ગાયો દૂઝતી
રાખે ઘરે. ૧૧૩૧

યોગના ગગને
બાથ ભીડે સાહસે—
એક એની જ આશાએ
લોક પાર્થ. ૧૧૩૨

શરીરાદિ સમસ્ત
માને જે તૃણવત્—
સંતોની વાહે માથે
ચરણપાદુકા. ૧૧૩૩

આવા આવા પ્રકારે
જ્ઞાનના સભર બળે,
પ્રત્યય પામે અંતરે
સુનિશ્ચયે. ૧૧૩૪

પછી ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું
જુએ તે અંતર સાચું,
એટલે તેમના જ્ઞાનનું
લઉં ઓવારણું. ૧૧૩૫

અને મહાભૂતાદિકે
પ્રભેદેલાં જે અનેકે,
પ્રસરી કારણ વિના જે
પ્રકૃતિ આ. ૧૧૩૬

જે શુકનલિકા ન્યાયે
ન વળગતાં વળગેલી લાગે,
આ પરિસ્થિતિ જેમ હોયે
તેમ જાણે જે. ૧૧૩૭

જેમ માળા તે માળા
હોય તેવી દેખાય ડોળા,
જ્યારે સર્પબુદ્ધિ મિથ્યા
થાય નષ્ટ. ૧૧૩૮

કાં છીપલી તે છીપલી
એવી સાચી થાય પ્રતીતિ,
રૂપાની થયેલી ભ્રાંતિ
નષ્ટ થઈને. ૧૧૩૯

તેમ વેગળી વેગળેપણે
પ્રકૃતિ જે અન્તઃકરણે,
જુએ તે બ્રહ્મરૂપ હોયે
એમ હું કહું. ૧૧૪૦

જે આકાશથી વિશાળ,
જે અવ્યક્તને પેલે પાર,
જે ભેટતા નથી વિયોગ
નિજ રૂપથી. ૧૧૪૧

આકાર જ્યાં ઓસરે,
જીવત્વ જ્યાં ઓગળે,
દ્વૈત જ્યાં વિરમે
એવું અદ્વય જે. ૧૧૪૨

પરમતત્ત્વ તે પાર્થ
થાય પૂર્ણપણે આપ,
જે આત્માનાત્મવિવેકે
રાજહંસ. ૧૧૪૩

આમ આ સકળ
પાંડવને કહે શ્રીકૃષ્ણ,
અંતરનું ખોલે રહસ્ય
પ્રિયોત્તમ આગળે. ૧૧૪૪

એક કળશનું જળ
રેડીએ બીજા કળશે—
તેમ નિજ રહસ્ય આપે
પાર્થને શ્રીહરિ. ૧૧૪૫

અને કોને આપે કોણ,
એક નર, બીજા નારાયણ,
ઉપરાંત પાર્થને શ્રીકૃષ્ણ
કહે હું જ તું. ૧૧૪૬

પણ રહેવા દઉં સઘળે,
પૂછ્યું નથી તે બોલાયે,
કિંબહુના આપ્યું પ્રભુએ
નિજ સર્વસ્વ. ૧૧૪૭

પણ પાર્થ તો નિજ મને
હજીયે સંતૃપ્ત ન થાયે,
અધિકાધિક વાધે
ઉત્કંઠા મને. ૧૧૪૮

જેમ તેલ વધારાયે
તેમ દીપજ્યોતિ ઝળકે,
સાંભળતાં પાર્થને અંતરે
વધે ઇચ્છા તેમ. ૧૧૪૯

સ્ત્રી કુશળ અને ઉદાર,
જમનારા રસજ્ઞ ચતુર,
મળી આવે ત્યાં બેવડાયે
ઉભયની હોંશ. ૧૧૫૦

તેવું જ દેવને થાયે
અવધાનનો ઉમંગ જોઈને,
વ્યાખ્યાનમાં બળ સંચરે
ચારગણું. ૧૧૫૧

સુવાયુએ મેઘ વરસે,
સુધાકરે સિંધુ ઊછળે,
તેમ રસ સળવળે આદરે
શ્રોતા તણો. ૧૧૫૨

હવે આનંદમય સકળ
વિશ્વ કરશે દેવ,
તે સાંભળો ધૃતરાષ્ટ્ર
સંજય કહે. ૧૧૫૩

એવં જે મહાભારતે
શ્રીવ્યાસે અસીમ મતે,
ભીષ્મપર્વ સંગતિયે
કહી જે કથા— ૧૧૫૪

તે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદ
નાગરી ભાષાએ વિશદ—
કહીશ ગ્રથિત પ્રબંધ
એવી છંદે. ૧૧૫૫

આ હશે શુદ્ધ શાંતિકથા
આણીશ સરળ વાકયપંથા,
જે શૃંગારરસને માથે
ચડી બેસશે. ૧૧૫૬

વ્યક્ત કરીશ દેશી નવી
જે સાહિત્યને સમૃદ્ધ કરી—
અમૃતને જશે ઠેકવી
માધુર્યમાં. ૧૧૫૭

બોલ આર્દ્રતાને ગુણે
ચંદ્રથી સ્પર્ધા કરે,
તેમના રસરંગે લાજશે
નાદબ્રહ્મ. ૧૧૫૮

ભૂતપ્રેતોના માનસે
સાત્ત્વિકનો પાનો ચડશે,
શ્રવણ કરતાં રસિક મન
થાશે સમાધિસ્થ. ૧૧૫૯

એવો વાગ્વિલાસ વિસ્તારું,
ગીતાર્થે વિશ્વ ભરું,
આનંદનો કોટ રચું
વિશ્વને ફરતો. ૧૧૬૦

વિવેકનું દૈન્ય ઓસરો,
શ્રવણ મન કૃતાર્થ થાઓ,
ગમે તે આજે દેખો
ખાણ બ્રહ્મવિદ્યાની. ૧૧૬૧

પરતત્ત્વ ડોળે દેખાઓ,
સુખનો મહોત્સવ પ્રગટો,
મહાબોધનો સુકાળ થાઓ
નિખિલ વિશ્વે. ૧૧૬૨

આ નીપજશે સર્વ હવે,
ગરવી વાણી હવે બોલશે,
અનુગૃહીત કર્યો નિવૃત્તિદેવે
મુજને અહો. ૧૧૬૩

એટલે અક્ષરે અક્ષરે
ઉપમા-શ્લોકોની ઝડી વરસે,
પદે પદે અર્થ પ્રગટશે
ગહન ગ્રંથનો. ૧૧૬૪

આ કરવા કાજે
કુશળ શ્રીસારસ્વતે—
બનાવ્યો મને શ્રીમંતે
શ્રીગુરુરાયે. ૧૧૬૫

તેમની કૃપાને બળે
હું બોલું તે માન્ય થાયે,
અને આ વિદ્વત્સભાયે
ગીતાર્થ કરું છું. ૧૧૬૬

વળી તમ સંતોનાં ચરણ
લાધ્યાં છે નજરેનજર,
એટલે જણાયે ન ઊણપ
કોઈ પણ મને. ૧૧૬૭

શારદાને ઉદરે મૂક,
ન જન્મે એનું શું કૌતુક,
ન સામુદ્રિકે અછત
લક્ષ્મીને કદી. ૧૧૬૮

તેમ તમ સંતો નિકટે
શું અજ્ઞાન ક્યારે ફરકે,
એટલે હવે નવ રસે
વરસીશ હું. ૧૧૬૯

કિંબહુના હવે દેવ
આપશો મને અવસર,
જ્ઞાનદેવ કહે ગરવો
નિરૂપીશ ગ્રંથાર્થ. ૧૧૭૦

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञयोगो नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

ગુણાતીતયોગ

આ અધ્યાયનો આરંભ કરતાં પ્રભુ કહે છે કે, જ્ઞાન કંઈ બહારથી પ્રગટતું નથી; એ તો જેનું તેની પાસે જ છે. અરે ! તેનું મૂળ સ્વરૂપ જ જ્ઞાન છે. પરંતુ જીવને ભવમાં સ્વર્ગના નાશવંત વિષયોનો ચટકો લાગ્યો છે તેટલા માટે તે પોતાની અંદર સ્વરૂપસ્થ રહેલા જ્ઞાનને વીસર્યો છે. વિષયોમાં ગૂંચવાયેલા મનને જો જીવ અંતર્મુખ કરીને સર્વોત્કૃષ્ટ જ્ઞાન ભણી વાળે તો તેના જન્મમરણના દુઃખની પરંપરા કાયમની છૂટી જાય. આ પરંપરામાંથી છુટકારો થતાં જ તે પ્રભુના અનંત અને આનંદમય સ્વરૂપને પામે છે. જીવ પોતાના આ સ્વરૂપને વીસરે છે તેને જ શાસ્ત્ર અજ્ઞાન કહે છે. આ અજ્ઞાનની સ્થિતિમાં તેને જેમ પોતાની મૂળ જ્ઞાનસ્થિતિનું ભાન નથી રહેતું તેમ 'હું દેહ' એવી વિપરીત અવસ્થાનું ભાન પણ નથી હોતું. આ અજ્ઞાન ચિદ્પ્રકાશ ઉપર આવરણ નાખે છે. આ આવૃત પ્રકાશને જ ક્ષેત્ર કહેવાય છે. પોતે કોણ છે તે વીસરીને અજ્ઞાનનું રૂપ વધારવું એ ક્ષેત્રનો સ્વભાવ છે. તે પોતાને જ જુદે જુદે રૂપે જુએ છે. મન, બુદ્ધિ, અહંકાર ઇત્યાદિ આઠ વિકારોની સહાયથી ત્રિગુણાત્મક એવાં અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. આપણું જગત તેનો જ એક ભાગ છે.

ભગવાન આગળ કહે છે કે આ દશ્યમાન વિશ્વનાં રૂપોમાં તેઓ પોતે જ ઓતપ્રોત થઈને વસી રહ્યા છે. આ જગતમાં ચિત્રવિચિત્ર પ્રાણીઓનું પ્રકાશન પણ તેઓ જ કરે છે. જીવને જ્યારે પોતાના મૂળ સ્વરૂપની યથાર્થ પ્રતીતિ થાય છે ત્યારે આ જગત અસ્ત થાય છે. જે વેળા જીવ પોતાને ઓળખતો નથી તે વેળા તે અજ્ઞાનને વશ થઈ હું દેહ છું, અને જન્મમરણાદિ દેહના ધર્મ મારા છે, એવું વિપરીતપણે માનવા લાગે છે. પછી તે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને કારણે પુનર્જન્મ માટે બંધાય છે. દેહમાં સત્ત્વગુણની વૃદ્ધિ થતાં વિષયો ભણી દોડવાની હોંશ ઓછી થાય છે. વિવેક જાગ્રત રહે છે. પણ 'હું સુખી અને જ્ઞાની' એવો એને ગર્વ રહે છે. એટલે સત્ત્વગુણનાં સુખ અને જ્ઞાન એ બન્ને પાશથી તે બંધાય છે માટે મૃત્યુ પછી તેને પુનર્જન્મ લેવો પડે છે. પરંતુ તેમાં સત્ત્વગુણના ઉત્કર્ષને કારણે તે એવા કુળમાં જન્મ લે છે કે જ્યાં પ્રભુપ્રાપ્તિ સુલભ થાય છે. રજોગુણની વૃદ્ધિ જેમાં હોય છે તેની બુદ્ધિ સ્વૈરપણે વિષયસેવન તરફ પ્રવૃત્ત હોય છે. ઇહલોક અને પરલોકના ભોગ પ્રાપ્ત કરવા માટે તે દોડાદોડ કરે છે. આવો પુરુષ મૃત્યુ પામતાં ફરીથી કામ્યકર્મો કરનારા ઘરમાં જન્મ પામે છે. ત્રીજો તમોગુણ છે. એની અધિકતા થતાં માણસ મોહગ્રસ્ત, અતિશય આળસુ, વિચારશૂન્ય અને બુદ્ધિમાં તો પથ્થર જેવો કઠોર હોય છે. ભ્રષ્ટાચરણમાં તેનું આયુષ્ય વીતે છે. અને પ્રમાદ,

આળસ તથા નિદ્રામાં બદ્ધ થઈને મરણ પછી પશુપક્ષી કે ઝાડ અને કીડા જેવા નિકૃષ્ટ જન્મને પામે છે.

સાત્ત્વિક ગુણવાળા પુરુષને હાથે થનારાં પુણ્યકર્મોનું ફળ સુખ હોય છે. રજોગુણવાળાથી થનારાં કર્મો આરંભમાં સુખની પ્રાપ્તિ કરતાં દેખાય છે પણ અંતે દુ:ખ જ પરિણામ આવે છે. તમોગુણનાં કર્મો વિશે તો બોલવા જેવું જ નથી. મોહ, અજ્ઞાન અને પ્રમાદ — આ ત્રણેને કારણે તમોગુણભર્યો માણસ દુ:ખ વિના બીજું કશું પામતો નથી. જ્ઞાની પુરુષને આ ત્રણ ગુણોની જાણ હોવાને કારણે તે જન્મભર સત્ત્વસ્થ વૃત્તિમાં સ્થિર રહે છે અને સુખલાભ કરે છે.

વસ્તુ તો કોઈ પણ અવસ્થામાં, વસ્તુત્વને પોતાને ઠેકાણે પૂર્ણ છે. પરંતુ પોતાનું સ્વરૂપ જો વીસારે પડ્યું ત્યારે તે પોતાને વસ્તુરૂપે ન જોતાં નાના પદાર્થ અને તેમાં રહેલા ગુણો પ્રમાણે જુએ છે. આત્મા તો આવી સ્થિતિમાં પણ મુક્ત જ હોય છે. સાક્ષીરૂપે આ ગુણો તરફ નિહાળીને એ ગુણોની પેલે પાર રહેલા, સ્વતઃ સિદ્ધ સ્વરૂપને ઓળખીને આ દેહમાં જ મુક્ત અવસ્થાનો અનુભવ કરે છે. પછી ગમે તે ગુણનો આવિષ્કાર દેહમાં થાય તોપણ તેનો અંતર્યામીનો બોધ, યત્કિંચિત્ પણ અસ્ત નહીં થાય. જન્મમરણ એ દેહના ધર્મ છે. એમનો સંબંધ એવા આત્મજ્ઞાની સાથે રહેશે નહીં. એટલે જ ગુણોને કારણે ઉત્પન્ન થનારાં સુખદુઃખ તેને સ્પર્શ પણ કરી શકશે નહીં.

ગુણાતીત પુરુષને કેમ ઓળખવો એવા અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે, ત્રણે ગુણોનો આવિષ્કાર આવા પરમ પુરુષમાં થાય તોપણ તેના ચિત્ત પર કોઈ પણ ગુણનું વિશિષ્ટ પરિણામ થતું નથી. ગુણાતીત પુરુષનું મુખ્ય લક્ષણ, દેહના તાદાત્મ્યનો સંપૂર્ણ અભાવ છે. તેને કારણે સુખદુઃખ, માનાપમાન, નિંદાસ્તુતિ અને સોનુંમાટી વગેરે દ્વંદ્વોની તેને કશી જ બાધા આવતી નથી. ગુણોમાંથી છુટકારો મેળવવાનો એકમાત્ર ઉપાય પ્રભુની અવ્યભિચારિણી ભક્તિ છે. પ્રભુએ અર્જુનને છેવટની સમજણ આપી કે નિત્ય, અચલ સુખરૂપ બ્રહ્મ વાસુદેવ પોતે જ છે.

અધ્યાય ચૌદમો

ગુણાતીતયોગ

જય જય હે આચાર્ય,
સમસ્ત સુરવર્ય,
પ્રજ્ઞાપ્રભાતસૂર્ય,
હે સુખોદય. ૧

જય જય હે સર્વવિશ્રામ,
સોહંભાવસર્જક,
નાના લોકસાગર,
ચિરસ્પંદિત હે. ૨

સાંભળો હે આર્ત્તબંધુ,
નિરંતર કારુણ્યસિંધુ,
વિશદ વિદ્યાવધૂ તણા
વલ્લભ હે. ૩

તું જેમનાથી નિજને સંતાડે
તેમને આ જગત દેખાડે,
જેમની સામે પ્રગટ થાયે
તેમને સર્વરૂપ તું. ૪

બીજાની દૃષ્ટિ ચોરીએ—
અને દૃષ્ટિબંધ નીપજાવીએ,
પણ કેવી નવાઈ કે પોતે
પોતાનાથી જ સંતાઈએ. ૫

તમે જ પોતે સર્વ આ,
કોઈને બોધ કોઇ માયામાં,
એવી સહજ લીલા કરનારા
તમને વંદું હું. ૬

જળ આર્દ્ર કહેવાયે જગે
તેની દ્રવતા તુજ કારણે,
તુજ કારણે જ આવ્યું હશે
ક્ષમત્વ ધરતીએ. ૭

રવિ-ચંદ્રાદિ શુક્તિ
તેજોમય ત્રણે લોકે,
તેમનું તેજ તુજ કારણે
દીપ્તિ તુજ દીપ્તિયે. ૮

અનિલ સંચાર કરે જે
તે તમારા જ દિવ્ય બળે,
નભ રમે તુજ અંતરાળે
સંતાકૂકડી. ૯

કિંબહુના માયા અશેષ,
વિપરીત જ્ઞાન તુજ પ્રકાશ,
વર્ણવવાનો વ્યર્થ પ્રયાસ,
વેદ મૌન જ્યાં. ૧૦

ત્યાં સુધી વેદ વર્ણવે
જ્યાં સુધી ન દર્શન પામે,
દર્શન થતાં મૌન રહે
અમારી જોડે. ૧૧

પ્રલયકાળને મહાસાગરે
બિંદુ ક્યાં તે ન જણાયે,
મહાનદી ઓળખાશે
કેમ કરીને. ૧૨

કાં ઉદય થતાં આદિત્ય
ચંદ્રમા ભાસે ખદ્યોત,
શ્રુતિઓની કે અમારી
તે દશા તુજ સામે. ૧૩

દ્વૈત જ્યાં સમૂળ વિરમે,
પરાસહિત વૈખરી શમે,
ત્યાં વર્ણન કઈ વાચાયે
થાય તારું. ૧૪

એટલે જી હવે
સ્તવન છોડી નિરાંતે—
માથું મૂકીએ ચરણે
એ જ ઇષ્ટ. ૧૫

આ કારણે એવા તમોને
વંદન રહો ગુરુરાયને,
ગ્રંથાર્થ ઉદ્યમે મુજને
આપશો સફળતા. ૧૬

કૃપારૂપ ઘન વરસાવો,
મુજ મતિને સમૃદ્ધ કરો,
જ્ઞાનપદ્મ સત્વરે આપો
પૂર્ણતા કાજે. ૧૭

તેનાથી સાવધાન થઈશ,
સંતોને કર્ણભૂષણો દઈશ—
વિવેકના સુલક્ષણે યુક્ત
પહેરવા કાજે. ૧૮

જી ગીતાર્થ નિધાન
જોઈ શકો મારું મન,
આપો એવું સ્નેહાંજન
બુદ્ધિ-ચક્ષુએ. ૧૯

એક વેળા આ વાક્સૃષ્ટિ
જુએ મારી બુદ્ધિની દૃષ્ટિ-
તેવી રીતે નિર્મળ પ્રકાશો
હે કારુણ્ય-સૂર્ય. ૨૦

મારી પ્રજ્ઞા-લતા સુકુમાર
થાયે કાવ્યફળે સફળ,
તે વસંત થાજો હેતાળ
હે સ્નેહશિરોમણિ. ૨૧

પ્રમેયોનાં મહાપૂરે
મતિગંગા મારી વિસ્તરે-
તેવા વરસો ઉદાર ભાવે
કૃપાદૃષ્ટિ હે. ૨૨

અહો હે વિશ્વૈકધામા
તમારો પ્રસાદ ચંદ્રમા—
કરો સ્ફૂર્તિની પૂર્ણિમા
મુજ હૃદયમાં. ૨૩

જો અવલોકશો કૃપાદૃષ્ટિએ-
ભરતી ચડશે ઉન્મેષ-સમુદ્રે,
સ્ફૂર્તિનાં મોજાં ઊછળશે
રસવૃત્તિમાં. ૨૪

ત્યારે સંતોષીને શ્રી ગુરુરાજે
કહ્યું વીનવવાને નિમિત્તે,
સ્તવન રચવાને બહાને
સૂચવે દ્વૈત. ૨૫

હવે વ્યર્થ બોલવું મૂકીને
જ્ઞાનાર્થ સુંદર તું આદરે,
ગ્રંથશ્રવણની ઉત્કંઠાને
ન ચડાવ ખોળંબે. ૨૬

અહો જી, અહો સ્વામી
વાટ જોતો હતો આપની,
જે શ્રીમુખે ગ્રંથકથનની
આપશો આજ્ઞા. ૨૭

સહજ દુર્વાના અંકુર
સ્વભાવે હોયે અમર,
તેમાં લાધ્યું પૂર
અમૃત તણું. ૨૮

હવે આ કૃપાપ્રસાદ વડે
વિન્યાસે અને વિદગ્ધે,
ગ્રંથોમાંનાં મૂળ પદોને
વર્ણવીશ હું. ૨૯

અને જીવને અંતરે
સંદેહની તરિ ડૂબે,
શ્રવણમાં ઇચ્છા વહે
સાંભળવાની. ૩૦

તેવી વાણી ખરેખરે
માધુર્યભરી અવતરે.
ગુરુકૃપાની આ કારણે
યાચ્યું ભિક્ષા. ૩૧

તો ત્રયોદશ અધ્યાયે
વાત એવા પ્રકારે—
શ્રીકૃષ્ણ ધનંજયને
કહેતા થયા. ૩૨

જે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ સંયોગે
આ સકલ વિશ્વ ઊપજે,
અને આત્મા સંસારી બને
ગુણોને સંગે. ૩૩

પછી આત્મા પ્રકૃતિગત
ભોગવે છે સુખદુઃખ,
હોવા છતાં ગુણાતીત
વિશુદ્ધ સદા. ૩૪

તો કેવો અસંગને સંગ,
કેવો ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોગ,
સુખદુઃખાદિ ભોગ
આત્માને કેવા. ૩૫

ગુણ તે કેવા ને કેટલા,
કઈ રીતે બાંધતા થયા,
અને કયાં લક્ષણે જાણીએ
ગુણાતીતને. ૩૬

એવા આ સકળને
અર્થરૂપ કરવા કારણે,
જાણ ચૌદમા અધ્યાયે
પ્રતિપાદ્ય વિષય. ૩૭

એટલે હવે આ પ્રકારે
સાંભળો વિશદ કરાયે,
વિશ્વેશના અભિપ્રાયને
વૈકુંઠ તણા. ૩૮

પ્રભુ કહે, હે અર્જુન,
કરીને એકાગ્ર અવધાન,
સકળ ઇન્દ્રિયો વડે સાંભળ
જ્ઞાન આપ. ૩૯

અમે પહેલાં બહુ પ્રકારે
દેખાડ્યું ઉપપત્તિઓ વડે,
પણ પ્રતીતિ હજીયે તને
થયેલી ન લાગે. ૪૦

એટલે ફરી એક વાર
કરાશે તુજ કને કથન—
પરશબ્દે શ્રુતિઓએ
વર્ણવ્યું જે. ૪૧

જ્ઞાન આપણું સ્વરૂપ,
પણ આમ જણાયું પર;
જે આકર્ષિત થયું મન
ભવ-સ્વર્ગાદિથી. ૪૨

અરે સાંભળ આ કારણે
સર્વોપરી હું કહું એને,
જે વહ્નિરૂપ અને બીજાં
તૃણ સમાં હોયે. ૪૩

જે ભવ-સ્વર્ગને ઓળખે,
યજ્ઞોને શ્રેષ્ઠ સમજે,
દ્વૈતભાવ દૃઢ રાખે
ચિત્તમાં જે. ૪૪

તેવાં સકળ જે જ્ઞાન
સ્વપ્ન સમાં કરે આ જ્ઞાન,
જેમ ગગનમાં પવન
વિલય પામે. ૪૫

કાં ઉદિતે રશ્મિરાજે
ચંદ્રાદિનું તેજ લોપે,
અથવા પ્રલયને મહાપૂરે
સમાયે નદીનદ. ૪૬

તેમ આત્માનું થતાં જ્ઞાન
લય પામે અન્ય જ્ઞાન,
એટલે જ હે ધનંજય
શ્રેષ્ઠતમ આ. ૪૭

અનાદિ જે મુક્તતા
આપણી હોયે પાંડુસુતા,
તે મુક્તિ ચડે હાથમાં
આત્મજ્ઞાને. ૪૮

જેહનો થતાં પ્રત્યય
વિચારવીરો સકળ-
સંસારને ઊંચકવા ના દે
માથું કદી. ૪૯

મન વડે મનને હઠાવે,
બ્રહ્મરૂપ દેહે થાયે,
દેહે હોવા છતાં તે
નથી દેહબદ્ધ. ૫૦

ઓળંગીને સ્થૂળસૂક્ષ્મ
એક જ ઘડીએ પાર્થ,
તુલનામાં મુજ સમાન
થાય નિશ્ચયે. ૫૧

જે મારી નિત્યતા,
તે વડે તે નિત્ય, પાર્થા,
પરિપૂર્ણ મુજ પૂર્ણતાએ
થાય સર્વદા. ૫૨

હું જેવો અનંત આનંદ-
જેવો સત્યનો સમુદ્ર,
તેવા જ તે નથી લેશ
ભેદ અમારામાં. ૫૩

જે હું જેવડો જેવો,
તે જ તે સર્વ પ્રકારે,
ઘટ ભાંગતાં આકાશે
ઘટાકાશ જેમ. ૫૪

અથવા દીપની મૂળ જ્યોતિયે
વિવિધ દીપશિખા મેળવાયે,
ત્યારે જેમ તેજ દેખાયે,
તેવું એ જાણ. ૫૫

ધનંજય તે પ્રમાણે
દ્વૈતનો ફેરો લોપાયે,
નામાર્થને નિજ ધામે
વસે ભેદરહિત. ૫૬

આ જ એક કારણે
સૃષ્ટિ જ્યારે ઉત્પન્ન થાયે-
ત્યારે પણ જન્મવું ન પડે
તે ભક્તને. ૫૭

સૃષ્ટિને આરંભે
જેને જન્મવું ન પડે-
પ્રલયકાળે કેવી રીતે
મરણ પામશે તે. ૫૮

એટલે જન્મક્ષયાતીત
તે થાય છે ધનંજય,
અનુસરીને આત્મજ્ઞાન
જે થયા મદ્રૂપ. ૫૯

એવું જ્ઞાન તણું ગૌરવ
શ્રીહરિ વર્ણવે પ્રેમસભર,
પાર્થને લગાડવા છંદ
આત્મજ્ઞાનનો. ૬૦

તવ તેને થયું આન,
સર્વાંગે ફૂટ્યા કાન,
સદેહે મૂર્ત અવધાન
થયો પોતે. ૬૧

જવ જણાયું દેવને
કે ગ્રહણ થાય છે પાર્થને,
ત્યારે ગગને ન સમાયે
એવું અપાર બોલાયે. ૬૨

પછી કહે હે પ્રજ્ઞાકાન્ત,
વક્તૃત્વ થયું છે કૃતાર્થ–
જે શ્રોતા સમાન સમર્થ
મળી આવ્યો. ૬૩

એક હોવા છતાં અનેકે
બંધાયે કેમ દેહપાશે,
ત્રિગુણરૂપ લુબ્ધ કે
કેવી રીતે. ૬૪

તેમ જ ક્ષેત્રયોગે
પ્રસવું કેમ આ સઘળે,
તે સાંભળ તું હવે
નિરૂપણ. ૬૫

ક્ષેત્ર એ સંજ્ઞાએ
આ કારણે ઉલ્લેખાયે,
જે પામતાં મદ્સંગ બીજ
પ્રસવે પ્રાણીઓને. ૬૬

આમ જોતાં મહદ્‌બ્રહ્મ
એવું અપાયું છે નામ,
જે મહદાદિનું વિશ્રામ-
સ્થાન આ. ૬૭

વિકારોને બહુ વધારે,
અર્જુન, આ પ્રકૃતિ પ્રસવે,
એટલે સાંભળ કહેવાયે
મહદ્‌બ્રહ્મ. ૬૮

અવ્યક્તવાદીઓને મતે
એ અવ્યક્ત કહેવાયે,
સાંખ્યોની દૃષ્ટિએ
આ જ પ્રકૃતિ. ૬૯

એને જ માયા વેદાંતે
હે પ્રજ્ઞાવંત કહેવાયે,
કેટકેટલું રે કહીએ
અજ્ઞાન વિશે. ૭૦

આપણું જ આપણને
વિસ્મરણ જે થાયે,
તે જાણ સ્વરૂપ પાર્થ
અજ્ઞાન તણું. ૭૧

બીજી પણ છે એક વાત
વિચાર કરતાં ન દેખાય,
દીપક વડે જેમ
ન દેખાય અંધાર. ૭૨

હલાવતાં લોપાયે,
નિશ્ચલ રાખતાં દેખાયે,
જેમ મલાઈ દૂધ માંહે
દૂધની અરે. ૭૩

નથી જાગૃતિ કે સ્વપ્ન,
નથી સ્વરૂપ કે અવસ્થાન,
તે સુષુપ્તિ સઘન
હોય જેવી. ૭૪

ન ઊપજાવે પવન
જો વાંઝણું ગગન,
તેવું સર્વથા રિક્ત
અજ્ઞાન આ. ૭૫

પણ સ્તંભ છે કે પુરુષ
એનો નિશ્ચય નથી એક,
પણ ન જાણે કંઈ એક
દેખાયે ખરું. ૭૬

તેમ આત્મવસ્તુ જેવી હોયે
તેવી વિશદ ના દેખાયે,
અને વિપરીત પણ ન દીસે
નિશ્ચયે કાંઈ. ૭૭

ના રાત્રિ, ના દિવસ
તે સંધિ જેમ સાંજ,
તેમ ન વિરોધી, ન યથાર્થ
અજ્ઞાન જાણ. ૭૮

એવી જે કોઈ એક દશા
તે કહેવાય અજ્ઞાનદશા,
તેનાથી વીંટળાયેલું તે જ
ક્ષેત્રજ્ઞ કહેવાય. ૭૯

અજ્ઞાનને વધવા દે,
નિજ સ્વરૂપને ન જાણે,
તે રૂપ જાણવું સાચે
ક્ષેત્રજ્ઞનું. ૮૦

આ ઉભયનો સંયોગ
જાણી લે રે યથાર્થ,
સત્તાનો નિસર્ગસિદ્ધ
સ્વભાવ જે. ૮૧

હવે અજ્ઞાનને રૂપે
આત્મવસ્તુ નિજને દેખે,
પણ કેટકેટલાં રૂપે જુએ
કોઈ જાણે ના. ૮૨

જેમ ભ્રમિત દશાએ રંક
કહે હું જ આવ્યો નૃપ,
અથવા જાયે જેમ મૂર્ચ્છિત
સ્વર્ગલોકે. ૮૩

તેમ ચલિત થતાં દૃષ્ટિ
દેખાય દૃશ્ય જે કાંઈ—
તેનું જ નામ સૃષ્ટિ
જે મુજથી ઊપજે. ૮૪

જેમ સ્વપ્નથી મોહિત
દેખે એકાકી બહુવિધ,
તેવું જ આત્મવિસ્મરણ
કરાવે જીવને. ૮૫

આ જ અન્ય પ્રકારે
પ્રમેય નિરૂપીશ તને,
પણ પ્રતીતિ રાખ અંતરે
દૃઢ ભાવથી. ૮૬

તો મારી એ ગૃહિણી
જે છે અનાદિ તરુણી,
અનિર્વાચ્ય ગુણે થયેલી
સંપન્ન અવિદ્યા. ૮૭

ન હોવું એ જ સ્વરૂપ
અમર્યાદ સર્વે વ્યાપ્ત,
નિદ્રિતોને રહે નિકટ
જાગ્રતોને બહુ દૂર. ૮૮

હું જ્યારે પોઢું ત્યારે
એ જાગ્રત રહે પોતે,
મુજ સત્તાને સંભોગે
થાય સગર્ભા. ૮૯

મહદ્બ્રહ્મને ઉદરે
પ્રકૃતિ આઠ વિકારે,
જગદ્રૂપ ગર્ભને પોષે
વૃદ્ધિ કરે. ૯૦

ઉભય સંગે પ્રથમે
બુદ્ધિતત્ત્વ પ્રગટે,
બુદ્ધિ થતાં પરિપુષ્ટ
મન થાયે વ્યક્ત. ૯૧

મનની પત્ની મમતા
અહંકારની કરે રચના,
તેમાંથી પ્રગટ થાયે
પંચમહાભૂતો. ૯૨

વિષયેન્દ્રિયો સ્વભાવે
મહાભૂતોમાં સમાયે,
એટલે તે પણ સાથે
વ્યક્તરૂપ ધારે. ૯૩

વિકારોમાં ક્ષોભ ઊમટે
ત્રિગુણોના બનેલા પિંડે,
પોષેલો વાસનાને ગર્ભે
પામે પ્રવેશ. ૯૪

વૃક્ષ તણો આકાર પિંડ
બાંધવા માંડે બીજકણ,
જે પળે થાય સંયોગ
ઉદક સાથે. ૯૫

તે પ્રમાણે મુજ સંગે
અવિદ્યા જગ ઊપજાવે,
અનેકવિધ પ્રકારે
અંકુર ભર્યા. ૯૬

પછી તે ગર્ભગોળાને
કેવાં રૂપ કેમ લાભે,
પાર્થ તે સાંભળ હવે,
સુજનશ્રેષ્ઠ. ૯૭

ત્યારે અંડજ, સ્વેદજ,
ઉદ્ભિજ ને જારજ,
ઉદ્ભવે અરે સહજ
અવયવો આ. ૯૮

વ્યોમ-વાયુ સંબંધે
વૃદ્ધિ થાયે ગર્ભરસે—
ત્યારે અંડજ નીપજે
અવયવો સકળ. ૯૯

તમસ-રજસ રાખી ઉદરે
ઉદક અને તેજ પોષે—
તેમાંથી જન્મતું હોયે
સ્વેદજ સર્વ. ૧૦૦

આપપૃથ્વી ઉત્કટ,
તમસ માત્ર નિકૃષ્ટ,
તેમાં જે પ્રગટે સ્થાવર
તે ઉદ્ભિજ. ૧૦૧

પંચમહાભૂતો પરસ્પર
મળી મનબુદ્ધિને આપે પોષણ,
તેમાંથી નીપજે જારજ
એવું જાણ. ૧૦૨

એવા ચાર આ સરળ
હોયે કર-ચરણ-તળ,
મહાપ્રકૃતિ જે સ્થૂળ
તે મસ્તક. ૧૦૩

પ્રવૃત્તિ છે વિશાળ ઉદર,
નિવૃત્તિ પૃષ્ઠભાગ સુંદર,
અષ્ટ દેવયોનિ જાણ
ઊર્ધ્વાંગ તેનાં. ૧૦૪

કંઠ ઉલ્લસિત સ્વર્ગ,
મૃત્યુલોક મધ્ય અર્ધભાગ,
અને પાતાળ સુદઢ
કટિપ્રદેશ જાણ. ૧૦૫

આવા બાળકને એક
તે જન્મ આપે દેખ,
જેનાં ત્રણેય લોક
પુષ્ટ અંગો. ૧૦૬

ચોરાસી લાખ યોનિ
તે કાંડાં-પગ-સાંધા હોઈ,
વધતું હોય પ્રતિદિવસે
બાળક એ. ૧૦૭

દેહને નાના અવયવે
નામોનાં ઘરેણાં પહેરાવે,
મોહનું સ્તન્ય પીવડાવે
નિત્યનૂતન. ૧૦૮

નિરનિરાળી સૃષ્ટિઓ
તે હાથે-પગે-આંગળીઓ-
ભિન્ન અભિમાનની વીંટીઓ
પહેરે જ્યાં. ૧૦૯

સ્થાવર-જંગમ-ચરાચર
અવિચાર કાળે સુંદર,
પ્રસવીને એકનું એક
થઈ તે શ્રેષ્ઠ. ૧૧૦

અરે બ્રહ્મદેવ પ્રાતઃકાળ,
વિષ્ણુ તે મધ્યાહ્ન વેળ,
સદાશિવ સાયંકાળ
આ અપત્ય કાજે. ૧૧૧

મહાપ્રલયની સેજે
રમીને આવતાં પોઢે,
વિપરીત જ્ઞાને જાગે
કલ્પારંભે. ૧૧૨

અર્જુન આ પ્રમાણે
મિથ્યા દૃષ્ટિને ઘરે-
યુગાનુવૃત્તિ કૌતુકે
પગલાં કરે. ૧૧૩

સંકલ્પ એનો લાડીલો,
અહંકાર ભેખ સદાનો,
મરણ પામે આ અંતમાં
આત્મજ્ઞાને. ૧૧૪

રહેવા દઈએ બહુ બોલવું,
માયામાંથી વિશ્વ જન્મ્યું,
મારું અધિષ્ઠાન થયું
જેને મહદ્રૂપ. ૧૧૫

આ કારણે હું પિતા,
મહદ્બ્રહ્મ છે માતા,
અપત્ય પાંડુસુતા
જગડંબર. ૧૧૬

હવે ભિન્ન શરીરો જોઈને
રાખીશ મા ભેદ ચિત્તે,
મનબુદ્ધિ આદિ ભૂતો જે
એક જ અત્રે. ૧૧૭

અરે શું એક જ શરીરે
અવયવો ભિન્ન ન હોયે-
તેવું વિચિત્ર વિશ્વ જાણ
એક તું આ. ૧૧૮

જેમ નીચીઊંચી ડાળીઓ
ભિન્ન આકારે વેગળીઓ—
એકબીજામાંથી હોયે
પ્રગટતાં. ૧૧૯

અને સંબંધ તો એવો-
ઘટ માટીના બાળક જેવો,
કાં પટ કપાસનો ગણવો
પૌત્ર જેમ. ૧૨૦

નાના કલ્લોલ પરંપરા
સંતતિ જેમ સાગરા,
અમને અને ચરાચરા
સંબંધ તેવો. ૧૨૧

એટલે જ્વાળા અને વહ્નિ
ઉભય હોય કેવળ અગ્નિ,
તેમ હું જ છું સઘળે
સંબંધ મિથ્યા. ૧૨૨

જગ પ્રગટતાં જો હું લોપાઉં
તો જગરૂપે કોણ પ્રગટ્યું,
શું માણેકને તેજે લોપે
માણેક પોતે. ૧૨૩

અલંકાર દશાએ આવે
ત્યારે શું હેમપણું નાશે,
શું કમળત્વને ગુમાવે
કમળ ખીલતાં. ૧૨૪

કહે અરે તું ધનંજય
અવયવો વડે આ દેહ—
ઢંકાયે કે તે જ હોયે
રૂપ દેહ તણું. ૧૨૫

અથવા જુવાર વાવીએ
તેના દાણા ઠૂંડે પ્રગટે,
મૂળ દાણો લોપાયો કે
થયો અનંતગણો. ૧૨૬

એટલે જગ બાજુએ
મૂકીને મને નીરખીએ,
તેવું નથી રે સઘળે
હું જ વ્યાપ્ત. ૧૨૭

આ તું સાચેસાચ
કરી દૃઢ નિશ્ચય,
જીવે બાંધ ગાંઠ,
વીર પાર્થ. ૧૨૮

હવે મુજથી જ હું પ્રકાશિત,
વેગળાં શરીરોમાં વ્યાપ્ત,
ગુણોમાં દેખાડું બદ્ધ
હું જ પોતે. ૧૨૯

જેમ સ્વપ્ને આપણ
કલ્પીએ પોતાનું મરણ,
ભોગવીએ દુઃખ જાણ
હે કપિધ્વજ. ૧૩૦

કાં કમળો થતાં આંખે
ધોળો પ્રકાશ પીળો દેખાયે,
પણ આંખ વડે જ જણાયે
પીળાપણું. ૧૩૧

અથવા સૂર્યના પ્રકાશે
વાદળો થતાં દેખાયે,
અને ઢંકાયે એવું ભાસે
તે પણ સૂર્યપ્રકાશે. ૧૩૨

અરે આપણે જ લીધે
આપણી છાયા નીપજે,
તેનાથી જો બિવાયે
તો બિવાડે કોણ. ૧૩૩

તેમ આ વિવિધ દેહે
મારો જ ભાસ થાયે,
અને દેખાડું બંધાયો તે
મારી જ સત્તાએ. ૧૩૪

બંધન છતાં ન બંધાયો—
એ જાણવું આત્મબોધ ગણાયે,
ન જાણવું પોતાને પોતે
પરિણામે બંધમાં. ૧૩૫

તો કયા ગુણે કેવા,
હું જ મને બાંધું એવા,
ભાસ થાયે તે નરશ્રેષ્ઠ
સાંભળ હવે. ૧૩૬

ગુણ કેટલા, ધર્મ કેવા,
શાં રૂપ, શાં નામ તેનાં,
અને ઊપજે ક્યાં કયે પ્રકારે
તે સાંભળ. ૧૩૭

તો સત્ત્વ-રજ-તમ—
ગુણ ત્રણેયનું નામ,
અને પ્રકૃતિ જાણ
જન્મસ્થાન. ૧૩૮

સત્ત્વ ગણાય ઉત્તમ,
રજસ્ તે મધ્યમ,
ત્રણેમાં કનિષ્ઠતમ
સહુજે ઘટે. ૧૩૯

એક જ વૃત્તિ માંહે
આવું ત્રિગુણત્વ દેખાયે,
જેમ અવસ્થાત્રય જણાયે
એક દેહે. ૧૪૦

હીન ધાતુ મેળવાયે
તવ સોનાનું વજન વાધે,
પણ તે કસમાં હીન પડે
પાંચે તોલે. ૧૪૧

અથવા સાવધપણું
આળસે નષ્ટ થયું,
પછી થાયે સુષુપ્તિ
પ્રગાઢ જેમ. ૧૪૨

તેમ અજ્ઞાનને સ્વીકારે
વૃત્તિ ઇન્દ્રિયોમાં પ્રસરે,
તે સહજે પછી થાયે
સત્ત્વરજતમાકાર. ૧૪૩

એને જ અર્જુન જાણ
નામ અપાયે ગુણ,
હવે દેખાડું ચિહ્ન
બંધન તણાં. ૧૪૪

જવ ક્ષેત્રજ્ઞદશાએ
આત્મા જરીકે પ્રવેશે—
તવ હું છું દેહ એવું
વદતો થાયે. ૧૪૫

આજન્મ મરણ પર્યંત
દેહધર્મોમાં સમસ્ત—
રાખે મમત્વનો ભાવ
તે કારણે. ૧૪૬

પડતાં માછલીને મુખે
આમીષનો કોળિયો દેખે—
ત્યાં માછી ગલ ખેંચી લે
તેવું થાયે. ૧૪૭

તેમ સત્ત્વગુણનો પારધી
બાંધે સુખજ્ઞાનના પાશથી,
અને તેમાં તડફડે વેદનાથી
હરણુ જેમ. ૧૪૮

પછી જ્ઞાનને અભિમાને
હુંપદની લાતો ઝાડે,
અને આત્મસુખ વીસારે
જે સ્વયંસિદ્ધ. ૧૪૯

વિદ્યા માનથી સંતોષે,
દરેક લાભે હર્ષ માને,
પોતાનો સંતોષ જોઈને
કરે આત્મશ્લાઘા. ૧૫૦

કહે મારું સૌભાગ્ય જુઓ,
સુખી ન કોઈ મારા જેવો,
અષ્ટસાત્ત્વિકે પછી ફુલાયે
ગર્વભાવે. ૧૫૧

એનાથીય સંકટ ન સરે,
બંધન બીજું વળગે તેને,
જે વિદ્વત્તાનું સંચરે
ભૂત અંગે. ૧૫૨

પોતે જ જ્ઞાનરૂપ હોયે
તેના વિસ્મરણનું દુઃખ ન હોયે,
અને વિષયજ્ઞાને તણાઈને
થાયે ગગન જેવડો. ૧૫૩

રાજા જેમ સ્વપ્ન માંહે
રંક થઈ ભિક્ષા માગે,
મળતાં થોડા દાણા, માને
નિજને ઇન્દ્ર સમાન. ૧૫૪

તેવું જ દેહાતીતને
દેહવંત થાય ત્યારે—
થવા માંડે વિષમતાને
હે પાંડુસુત. ૧૫૫

પ્રવૃત્તિનાં શાસ્ત્ર જાણે,
યજ્ઞવિદ્યા સઘળી સમજે,
કિંબહુના પહોંચ તેની
સ્વર્ગ સુધી. ૧૫૬

પછી કહે : આજે અન્ય
જ્ઞાની નથી મારા વિણ,
ચાતુર્યચંદ્ર કાજે ગગન
ચિત્ત મારું. ૧૫૭

આમ સત્ત્વસુખ જ્ઞાને
જીવને પાશે બાંધીને,
બળદ જેવો કરી મૂકે
અપંગ તેને. ૧૫૮

હવે આ જ શરીરે
રજસ્ બાંધે જે પ્રકારે—
જે સઘળું કહીશ તને
સાંભળ પાર્થ. ૧૫૯

રજ કહેવાયે આ કારણે
જે રંજન કરવું જાણે,
અભિલાષનું જાણવું એને
ચિરયૌવન. ૧૬૦

જીવમાં પ્રવેશે જ્યારે
કામનો મદ જાગે ત્યારે,
પછી વિષયોના ચિંતને
થાય આરૂઢ. ૧૬૧

અગ્નિકુંડે ઘૃત છંટાયે
વજ્રાગ્નિથી પછી તે ભડકે,
ત્યારે બહુ કે થોડું
કેમ કહેવાયે. ૧૬૨

તેવી તૃષ્ણા ખળભળે-
દુઃખ પણ મધુર લાગે,
ઇન્દ્રનો વૈભવ જણાયે
ઊણો તેને. ૧૬૩

તૃષ્ણા વધે સળવળે
ત્યાં મેરુય આવતાં હાથે-
વધારે મેળવવા મથે
દારુણ પરિશ્રમે. ૧૬૪

પાસે છે તે જો ખર્ચાયે
તો ભાવિમાં શું કરાયે—
એવું કલ્પી પછી માંડે
વ્યવસાય મોટો. ૧૬૫

જીવિતને ઓવારી નાખે
જો એક કોડી મળે તેને,
તૃણ એકની થતાં પ્રાપ્તિ
માને કૃતાર્થતા. ૧૬૬

કહે સ્વર્ગે જો જવાયે
તો ઉપભોગો કદાચ ન મળે,
એટલે આવેગે આદરે
યજ્ઞકર્મો. ૧૬૭

વ્રતો પછી વ્રતો કરે,
ઇષ્ટ પૂર્ત કર્મો કરે,
કામ્યકર્મ વિણ હાથે
ન સ્પર્શે કાંઈ. ૧૬૮

જેમ ગ્રીષ્માન્તનો પવન
વિસામો ન લે એક પળ,
તેમ અહોરાત્રિ રહે રત
વ્યવસાય-ઉદ્યમે. ૧૬૯

માછલીની ચંચળતા,
કે રમણી કટાક્ષ કરતાં,
ઓછી પડે વિદ્યુલ્લતા
તેના વેગ આગળે— ૧૭૦

તેટલા અરે વેગે
સ્વર્ગ-સંસારની ઇચ્છાયે-
અગ્નિમાં પ્રવેશતો થાયે
ક્રિયાઓ તણા. ૧૭૧

દેહથી હોવા છતાં વેગળો
પહેરી લે તૃષ્ણાની બેડીઓ,
ખટાટોપ બાંધી લે ગળે
કર્મ-વ્યાપારનો. ૧૭૨

આ રજોગુણનું દારુણ
દેહીને દેહમાં બંધન,
સાંભળ હવે લક્ષણ
તમોગુણના. ૧૭૩

વ્યવહારની દૃષ્ટિને પણ
મંદ પાડે જે પડળ,
મોહરાત્રિનો કાળો જે
મેઘ જાણ. ૧૭૪

જે અજ્ઞાને જન્મે,
જેના એકના છંદે—
ભ્રમિત થઈ નાચે
વિશ્વ સકળ. ૧૭૫

અવિવેકનો મહામંત્ર,
જે મૌઢ્ય મેઘનું પાત્ર,
કિંબહુના જે મોહનાસ્ત્ર
જીવ કાજે. ૧૭૬

પાર્થ તે હોયે તમ,
રચીને આવો મર્મ—
દેહાત્મવાદીઓને સુદૃઢ
બાંધે જે. ૧૭૭

આ એક જ જવ શરીરે
પ્રસરવા માંડે સચરાચરે—
તવ ત્યાં અન્ય ન હોયે
સંભવ કાંઈ. ૧૭૮

સર્વેન્દ્રિયોમાં જાડ્ય,
મનમાં વ્યાપે મૌઢ્ય-
પછી તે માણે આલસ્ય
સર્વાંગોમાં. ૧૭૯

અંગેઅંગ મરોડે,
કાર્ય કરવું જરી ન ગમે,
એક માત્ર તેને પરવડે
બગાસાં ખાવાં. ૧૮૦

આંખો હોય ઉઘાડી
તોય ન દેખે દૃષ્ટિ,
સાદ ન પાડતાં ઊઠે
જી હાં કહી. ૧૮૧

ધરતીએ પડેલો પથરો
આપમેળે ક્યારે ન ખસે,
તેમ સૂતેલો તે આળસે
ન ઊઠે કદી. ૧૮૨

પૃથ્વી ભલે પાતાળે ધસો,
કે આકાશ તૂટીને પડો,
પણ ન ઊપજે ઊઠવાનો
ભાવ હૃદયે. ૧૮૩

ઉચિત-અનુચિત સઘળું
આળસે રાચતાં ન જોયું—
જ્યાં હોય ત્યાં પડી રહેવું
બુદ્ધિ એવી. ૧૮૪

ઉભય હાથ ઊંચકે
અને બન્ને ગાલે ધરે,
પછી પગનાં ઘૂંટણે
મૂકે માથું. ૧૮૫

અને નિદ્રા વિશે પ્રેમ
જીવમાં ઊછળે નિત્ય,
નિદ્રા મળતાં સ્વર્ગ
તુચ્છ જણાયે. ૧૮૬

બ્રહ્માનું આયુષ્ય મળો
પછી ઊંઘવા સાંપડો,
એ વિના અન્ય ન હોયે
વ્યસન તેને. ૧૮૭

વાટે ચાલતાં ઓચિંતાં,
આંખ લાગે ધકેલાઈ પડતાં—
તુચ્છ ગણે તે અમૃતને
નિદ્રા સમયે. ૧૮૮

તેમ જ આવેશને બળે
કામ કરવા નીકળે એકે વેળે,
તો અંધ સમો ભરેલા રોષે
રખડી પડે. ૧૮૯

ક્યારે કેમ વરતાયે,
કોની સાથે શું બોલાયે,
શું સાધ્ય, શું અસાધ્યે,
કાંઈ ન જાણે. ૧૯૦

વનદવ હું જ સઘળો
પાંખોયે હોલવીશ જુઓ,
આ હોંશે પતંગિયું જેમ
દવમાં પડતું મૂકે. ૧૯૧

તેવો વળગી પડે કયારે,
ન કરવાનું તે કરતો થાયે,
કિંબહુના તેને સદા રુચે
પ્રમાદ કરવો. ૧૯૨

એમ નિદ્રા-આળસ-પ્રમાદે
તમસ્ આવા ત્રિવિધ બંધે-
બાંધે નિરૂપાધિકને
આત્મતત્ત્વને. ૧૯૩

જેમ વહ્નિ કાષ્ઠે સંચરે
તવ તે કાષ્ઠાકારે દીસે,
વ્યોમ સાંપડતાં ઘડે
દીસે ઘટાકારે. ૧૯૪

અથવા છલકાતા સરોવરે
ચંદ્રત્વ બિંબિત થાયે-
તેમ ગુણો સંગે ભાસે
આત્મા બંધાયલો. ૧૯૫

પણ હરીને કફવાત
જવ દેહે વ્યાપે પિત્ત,
તવ તે દેહને સંતપ્ત
કરે જેમ. ૧૯૬

કાં વર્ષા અને આતપ
જીતીને છવાયે શીત,
ત્યારે થાયે શીતમય
આકાશ સર્વ. ૧૯૭

અથવા સ્વપ્ન ને જાગૃતિ
ઓળંગીને આવે સુષુપ્તિ,
ત્યાં ક્ષણ એક ચિત્તવૃત્તિ
થાય જડમૂઢ. ૧૯૮

જેમ રજ તમને હરાવે,
અને સત્ત્વગુણ બળ ધરાવે,
ત્યારે જીવમાં ગર્વ સંચરે
નિજ સૌખ્યનો. ૧૯૯

તે પ્રમાણે સત્ત્વ-રજ
લોપીને તમનું કૌતુક,
પ્રસરે ત્યાં મનુષ્ય થાય
પ્રમાદી સહજ. ૨૦૦

તે જ રીત અનુસરીને
સત્ત્વ તમને ગળી જઈને—
પાંગરી ઊઠે જ્યારે
રજોગુણ — ૨૦૧

ત્યારે કર્મ વિના કાંઈ
બીજું સુંદર નાહીં—
એવું માને દેહ માંહીં
દેહરાજ. ૨૦૨

ત્રિગુણ વિકાસ નિરૂપણ
ત્રણ શ્લોકમાં કર્યું જાણ,
હવે સત્ત્વાદિ વૃદ્ધિ-લક્ષણ
સાંભળ સાદરે. ૨૦૩

તો રજતમના વિજયે
સત્ત્વ અરે આ દેહે
વધતાં — તેનાં લક્ષણો
આવાં હોયે. ૨૦૪

જે પ્રજ્ઞા અંતરે
ન સમાતાં છલકે બાહરે,
કમળદળે જેમ વસંતે
સમાયે ન સૌરભ. ૨૦૫

સર્વેન્દ્રિયોને આંગણે
વિવેક ચોકી સદા રાખે,
કરચરણે ખરોખરે
દૃષ્ટિ ફૂટે. ૨૦૬

રાજહંસને સન્મુખે,
ચાંચને અગ્રભાગે,
જેમ વિવેક થતો હોયે
નીરક્ષીરનો. ૨૦૭

તેમ દોષાદોષ વિવેકે
ઇન્દ્રિયો જ પરીક્ષા કરે,
યમનિયમ પોતે આદરે
ચાકરી તેની. ૨૦૮

ન સૂણવું તે કાન ટાળે,
ન જોવું તે દૃષ્ટિ વાળે,
અવાચ્ય તે જીભ ન બોલે
આપમેળે. ૨૦૯

જેમ દીપકને અજવાળે
અંધારું નહીંવત્ થાયે,
તેમ નિષિદ્ધ વિષયો પળે
ઇન્દ્રિયો થકી. ૨૧૦

જેમ ચોમાસાની ઋતુએ
મહાનદીમાં પૂર ઊછળે—
તેમ બુદ્ધિમાં પાંગરે
શાસ્ત્રજાત. ૨૧૧

અરે પૂનમને દિવસે
ચંદ્રપ્રભા ગગને પ્રસરે,
જ્ઞાનમાં વૃત્તિ પ્રકાશે
તેવી રીતે. ૨૧૨

વાસના થાય એકાગ્ર,
પ્રવૃત્તિબળ સરતું થાય,
માનસે ઊપજે ઉદ્વેગ
વિષયો વિશે. ૨૧૩

એમ સત્ત્વગુણ પાંગરે
તવ આ ચિહ્નો ઊમટે,
અને જો મરણ પામે
તે કાળમાં— ૨૧૪

તો જેમ ઘરની સંપદા
અને ઔદાર્ય-ધૈર્ય ચિત્તા,
પછી ઇહલોકે કીર્તિ અને
પરલોકે સુખ કેમ ન મળે. ૨૧૫

મબલક અન્ન ઘરમાં હોયે
તેમાં વળી ઉજાણી ઊજવાયે,
અને પ્રિયજન ત્યાં પધારે
સ્વર્ગથી અતિથિરૂપે. ૨૧૬

પછી તેના કરતાં ઉત્તમ
બીજું શું હોયે ધનંજય,
તેમ સત્ત્વકાળે દેહ પડે
તો અન્ય કયાં જશે. ૨૧૭

જે સ્વગુણોથી શ્રેષ્ઠ
લઈને સત્ત્વ વિશુદ્ધ—
નીકળે છોડીને શરીર
ભોગક્ષમ એ. ૨૧૮

એવો અકસ્માત જો જાયે
તો સત્ત્વમય જન્મ પામે,
કિંબહુના જન્મે આવે
જ્ઞાનીને કુળે. ૨૧૯

કહે ભા તું ધનુર્ધર
રાજા જો ચડે ડુંગર,
તો શું આવશે આંચ
રાજાપણામાં. ૨૨૦

અથવા એક ગામનો દીપ
લઈ જઈએ બીજે ગામ,
તો તે ગામે પણ પાંડવ
દીપક જ રહે. ૨૨૧

તેવી તે સત્ત્વશુદ્ધિ
જ્ઞાનસહિત પામે વૃદ્ધિ,
અને તરવા લાગે બુદ્ધિ
વિવેકસાગરે. ૨૨૨

મહદાદિ ઉપક્રમ
વિચારીને સાદ્યંત,
વિચારો સહિત જાયે
ઓગળીને. ૨૨૩

છત્રીસમાં સાડત્રીસમું,
ચોવીસમાં પચીસમું,
ત્રિગુણોમાં નિર્ગુણ રૂપે
ચતુર્થ જે. ૨૨૪

એમ સર્વ જે સર્વોત્તમ
થયું જેને માટે સુગમ,
તેવા કુળે નિરુપમ
દેહ લાધે. ૨૨૫

આ પ્રમાણે જ દેખ
તમ-સત્ત્વ જવ અધોમુખ,
તવ પ્રબળ થાય સવિશેષ
રજોગુણ. ૨૨૬

પોતાનાં કાર્યો તણા
દેહે મચાવે ઉધામા,
ત્યારે આ લક્ષણોનો
ઉદય એવો. ૨૨૭

જ્યારે વાવંટોળ ફેલાયે-
બધાંને વીંટાળી એક કરે,
તેમ વિષયોમાં સ્વૈર ધાયે
ઇન્દ્રિયો સકળ. ૨૨૮

પરદારાદિકે દૃષ્ટિ પડે
તો હિતવિરોધી ન ગણે,
પછી બકરીના મુખ પ્રમાણે
સ્વૈર ચરે. ૨૨૯

આ લોભ એટલા સુધી
સ્વેચ્છાચારે રત રહે—
જ્યાં સુધી શેષ ન રહે
અલભ્ય કેવળ. ૨૩૦

અને જો આવી પડે
ભલાબૂરા ઉદ્યમો અરે,
પ્રવૃત્તિમાંથી તોયે તે
પાછો ન ફરે. ૨૩૧

તેમ જ બાંધવો પ્રાસાદ,
અથવા કરવો અશ્વમેધ,
એવા એવા વિચિત્ર છંદ
ચિત્તે ધરે. ૨૩૨

નગરો વસાવવાં,
જળાશયો નિર્માવવાં,
કે મહાવનો રચવાં
નાનાવિધ- ૨૩૩

એવાં એવાં અફાટ કર્મો,
સમારંભો કે ઉપક્રમો,
અને દૃષ્ટાદૃષ્ટ કર્મો
કરતો રહે. ૨૩૪

દુર્ભર સાગર હાર માને,
અગ્નિની દુર્ભરતા લાજે,
એવો તેનો અભિલાષ
મહાદુર્ભર. ૨૩૫

સ્પૃહા દોડે મન આગળે
અને આશા સ્વપ્ન સેવે,
વિશ્વને કચડવા પગ તળે
ઇચ્છા તણા— ૨૩૬

ઇત્યાદિકે રજોગુણ વધે
ત્યારે આ લક્ષણો પ્રગટે,
અને એવા સંયોગે
દેહ જો પડે— ૨૩૭

તો આ સર્વ ગુણો સાથે
પાછો જન્મે દેહ માંહે,
પણ જન્મ નિશ્ચયે પામે
માનવ-યોનિએ. ૨૩૮

સુખપૂર્વક જો ભિખારી
જઈને બેસે રાજમંદિરે-
તો શું તે કહેવાશે
રાજા અરે. ૨૩૯

બળદને ભાગે કડબ
તે ન ચુકાયે ક્યારે પણ—
ભલે જાનમાં જોડાયે
શ્રીમંતોની. ૨૪૦

એટલે વ્યાપારને કારણે
અહોરાત્રિ વિસામો ન હોયે,
તેવાની પંક્તિએ બેસે
જઈને પછી. ૨૪૧

કર્મજડોના સમુદાયે
કિંબહુના આવે દેહે,
જે રજોગુણના ઉત્કર્ષે
ડૂબી મરે. ૨૪૨

પછી તેમ જ આગળે
રજ-સત્વ-વૃત્તિને—
ગળીને ઉન્નતિ પામે
તમોગુણ. ૨૪૩

તેનાં જે લક્ષણો ઊગે
દેહને સબાહ્ય અંગે-
તે કહું સાંભળ હવે
ધ્યાન દઈને. ૨૪૪

ત્યારે એવું હોયે મન-
જેવું કે રવિચંદ્રહીન—
રાત્રિ સમયનું ગગન
અમાવાસ્યાએ. ૨૪૫

તેવું અંતઃકરણ અશેષ
હોયે સ્ફૂર્તિહીન શૂન્ય,
અને વિચારો સદંતર
લોપાયે ત્યાં. ૨૪૬

બુદ્ધિ પાષાણ સમી થાયે,
પોતાની સુકુમારતા ગુમાવે,
અને સ્મૃતિ લઈને નાસે
દેશવટો. ૨૪૭

અવિવેકને મદે
સબાહ્ય શરીર ગાજે,
એકલી આપ-લે ચાલે
મૂઢતાની. ૨૪૮

આચારભંગનાં હાડકાં
ઇન્દ્રિયોને દ્વારે રોપાયલાં,
મરતાં સુધી ક્રિયાઓ જાયે
આચારભ્રષ્ટતા ભણી. ૨૪૯

બીજું પણ એક દેખાયે-
દુષ્કર્મ કરવામાં ચિત્ત ઉલ્લાસે,
જેમ અંધારે જ જોઈ શકે
ઘુવડ સર્વદા. ૨૫૦

તેમ નિષિદ્ધ કર્મને નામે
ગમે તે કરવાની હામે-
તે જ વિષયોમાં પ્રવર્તે
કર્મેન્દ્રિયો. ૨૫૧

મદ્યપાન વિના ડોલે,
સન્નિપાત વિના બબડે,
પ્રેમસ્પર્શ વિના વીસરે-
ગાંડો જેમ નિજને. ૨૫૨

ચિત્ત તો સહજ લોપાયે
પણ ઉન્મની અવસ્થા ન હોયે,
એવો મોહના મદ વડે
થાયે આવૃત. ૨૫૩

કિંબહુના આ પ્રકારે
આ લક્ષણોયે તમ પોષે,
જે વધે સામગ્રી સહિતે
આપમેળે. ૨૫૪

અને જો આ જ પ્રસંગે
મરણ આવીને ઊભું રહે—
તો બધાં લક્ષણો સહિત તે
નવો જન્મ પામે. ૨૫૫

રાઈ પણ સમાવી નિજ બીજે
રાઈ જો નિજ દેહ ત્યજે—
તો અંકુર ફૂટે ત્યારે
તેમાં દેખાશે ન અન્ય. ૨૫૬

પ્રગટાવીને દીપશિખા
અગ્નિ સુખે બુઝાયે કાં,
જ્યોત જ્યાં છે ત્યાં તેમાં
અગ્નિ રહે જીવતો. ૨૫૭

એટલે તમની પોટલીએ
સંકલ્પો બાંધી લઈને—
દેહ પડે તો ફરી લાધે
તમોમય દેહ. ૨૫૮

બહુ બોલ્યે શું થાયે
જે તમોવૃદ્ધિમાં મૃત્યુ પામે,
તે પશુ કે પક્ષી થાયે
અથવા ઝાડ કે કૃમિ. ૨૫૯

પાર્થ આ જ કારણે
જે નીપજે સત્ત્વગુણે—
તેને સુકૃત કહેવાયે
શ્રુતિયો વદે. ૨૬૦

એટલે તે નિર્મળે
સુખજ્ઞાન સરળે—
અપૂર્વ ફળો બેસે
સાત્ત્વિક જાણ. ૨૬૧

પછી રાજસ જે કર્મ
તે ઇન્દ્રારણું પરિપક્વ—
બહિરંગે હોવા છતાં સુંદર
દુઃખ સેવને. ૨૬૨

કાં પાકેલી લિંબોળી
મધુર હોવા છતાં કડવી,
તેમ રજસનાં હોયે
સર્વ ક્રિયાફળ. ૨૬૩

તામસ કર્મો જેટલાં હોયે
તેટલાં અજ્ઞાનફળે પાકે,
વિષના અંકુરે સાંપડે
વિષ જ જેમ. ૨૬૪

એટલે અરે અર્જુન,
સત્ત્વગુણે જ નીપજે જ્ઞાન,
જેમ સૂર્ય છે કારણ
દિનમાનનું. ૨૬૫

અને તેવું જ જાણ
લોભનું રજ કારણ,
પોતાનું જ વિસ્મરણ
જેમ દ્વૈત આણે. ૨૬૬

મોહ, અજ્ઞાન, પ્રમાદ ને
એમાંથી થતા દોષોને—
વારંવાર તમ જ હોયે
મૂળ કારણ. ૨૬૭

એમ વિચારની દૃષ્ટિયે
ત્રણેય ગુણો નિરનિરાળે,
દેખાડ્યો જેમ હથેલીએ
આમળો પાર્થ. ૨૬૮

તવ રજતમ બન્ને
દોરે છે ગૂઢ પતને,
સત્ત્વ વિના લઈ ન જાયે
જ્ઞાન ભણી કોઈ. ૨૬૯

એટલે સાત્ત્વિક વૃત્તિયે
એકનિષ્ઠ જન્મવ્રતી થાયે,
સર્વ ત્યાગે ભક્તિ કરે
ચતુર્થી જેમ. ૨૭૦

તેમ સત્ત્વગુણને ઉત્કર્ષે
જેમનું હોવું-જવું સમાયે—
તે તનુત્યાગે થાયે
સ્વર્ગ તણા સ્વામી. ૨૭૧

આ પ્રમાણે જ રજે
જે જીવે અને મરે—
તે મનુષ્યદેહે જન્મે
મૃત્યુલોકે. ૨૭૨

ત્યાં સુખદુ:ખની ખીચડી
સેવાયે એક જ થાળીએ,
જ્યાં સપડાતાં મરણપંથે
નીકળાયે ના. ૨૭૩

અને તે જ પ્રમાણે તમે
જે ભોગ ભોગવતાં મરે—
તે નરકભૂમિએ જાયે
અધિકારપત્ર લઈને. ૨૭૪

આમ મૂળતત્ત્વની સત્તાએ
ત્રણ ગુણો ગતિ પામે,
એ સમજાયું વિશદ રૂપે
સઘળું તને. ૨૭૫

વસ્તુ તો વસ્તુત્વે વર્તે
પણ ગુણો સરીખે પોતાને—
જોઈને કાર્ય વિશેષે
પ્રવર્તે પોતે જ. ૨૭૬

જેમ રાજા સ્વપ્ન માંહે
પરશત્રુનું આક્રમણ જુએ,
હારજીત પોતે જ બને
પોતાનામાં. ૨૭૭

તેમ મધ્ય, ઊર્ધ્વ ને અધ—
આ જે ગુણવૃત્તિભેદ,
તે દૃષ્ટિ સહિત શુદ્ધ
વસ્તુ હોયે. ૨૭૮

પણ રહેવા દઈએ આ પ્રવાહ,
જોકે થયું નથી વિષયાંતર,
સાંભળ હવે જે કહીશ
આગળની કથા. ૨૭૯

આ પ્રકારે નિજ નિજ બળે
ત્રણેય ગુણો આપમેળે,
દેહરૂપ ધારણ કરે,
જાણ પાર્થ. ૨૮૦

ઇંધણ તણા આકારે
અગ્નિ જેમ અવતરે,
કાં સંચારે તરુવરે
ભૂમિરસ એક. ૨૮૧

અથવા દહીંને સ્વરૂપે
દૂધ પોતે જ પરિણમે,
કાં શેરડીને રૂપે
માધુર્ય અવતરે. ૨૮૨

તેમ અંતઃકરણ સહિત
દેહરૂપ ધારે ત્રણે ગુણ;
પછી બંધનું કારણ
તે જ થાયે. ૨૮૩

પણ નવલ એક પાર્થ
હોવા છતાં એવું ગુંફન—
મુક્તિમાં નથી ઊણપ
જીવ તણી. ૨૮૪

ગુણ પોતપોતાના ધર્મે
દેહની આગળપાછળ દોરે,
છતાંયે ન ભંગ પામે
ગુણાતીતતા. ૨૮૫

એવી હોયે મુક્તિ સહજ;
તે હવે સંભળાવું સહજ;
જે તું જ્ઞાનકમળનો ભ્રમર
પાર્થ સ્વભાવે. ૨૮૬

અને ગુણોમાં ગુણવશ
થતું નથી ચૈતન્ય,
કહ્યું હતું જે પહેલાં
તેવું જ આ. ૨૮૭

તો પાર્થ એવું જ્યારે
સમજાય છે જીવને ત્યારે—
સ્વપ્ન જેમ મિથ્યા લાગે
જાગ્રત થતાં. ૨૮૮

અથવા આપણે જળે
પ્રતિબિંબ કાંઠેથી નિહાળીએ,
કટકેકટકા થતાં કલ્લોલે
જેમ પાર્થ. ૨૮૯

કાં વેશાંતર કરવાની કળાયે
નટ પોતે જેમ ન ઠગાયે,
તેમ ગુણરૂપ ન થતાં જોવાયે
સર્વ ગુણો. ૨૯૦

અથવા ત્રણેય ઋતુ ગગન
સમાવીને રહે અલિપ્ત,
આવવા ન દે ઊણપ
નિર્લેપતાને. ૨૯૧

તેવું ગુણોમાં જે ગુણાતીત,
જે નિજ સ્વરૂપે સ્વયંસિદ્ધ—
તે વિશુદ્ધ અહંને આસને
બેસે દેહની અહંતા. ૨૯૨

અને ત્યાંથી પછી જોતાં,
કહે કે હું સાક્ષી અકર્તા,
આ ગુણો જ કારણભૂત
સર્વ કર્મને. ૨૯૩

સત્ત્વ, રજ ને તમ
ભિન્ન થઈ પ્રસારે કર્મ,
ત્યારે પ્રગટે આ સકળ
ગુણવિકાર. ૨૯૪

આ બધામાં હું કેવો—
ઉપવને વસંત જેવો,
જે વનલક્ષ્મી-વિલાસે
મૂળ કારણ. ૨૯૫

કાં તારાગણે લોપવું,
સૂર્યકાંતે પ્રદીપ્ત થવું;
કમળોયે વિકસવું-
લોપવું તેમ. ૨૯૬

આ કોઈ પણ કાર્યે
સવિતા જેમ ન હોયે,
તેવો અકર્તા દેહે
સત્તારૂપ હું. ૨૯૭

ગુણ પ્રકાશીને હું જોઉં,
ગુણોની ગુણતા પોષું,
એટલે છેવટે શેષ રહું
હું જ એકલો. ૨૯૮

એવો વિવેક જેમાં
ઉદય થાયે ધનંજયા,
તેને ગુણાતીતતા લાભે
ઊર્ધ્વપંથે. ૨૯૯

હવે નિર્ગુણ હોય અધિક
તે જાણે તે અચૂક,
જે જ્ઞાને સ્થાપ્યું ધામ
પોતાનું તેહમાં. ૩૦૦

કિંબહુના પાંડસુત,
મારી સત્તા તેને પ્રાપ્ત,
જેમ સરિતાને ઉપલબ્ધ
સિંધુત્વ સિંધુનું. ૩૦૧

જેમ કાંઠલેથી ઊડયો
શુક ડાળીએ જઈ બેઠો,
તેમ મૂળ અહંતે પેસતાં
મુજ સ્વરૂપ તે. ૩૦૨

જે અજ્ઞાનની નિદ્રાએ
ઘોરતો હતો નિરંતરે,
તે જાગ્યો સ્વસ્વરૂપે
પ્રબુદ્ધ થઈને. ૩૦૩

અરે બુદ્ધિભેદનો અરીસો
નિજ હાથેથી પડતો મૂક્યો,
એટલે તે મુક્ત થયો
પ્રતિમુખાભાસથી. ૩૦૪

દેહાભિમાનનો પવન
હવે બંધ થયો પાર્થ,
ત્યાં વિચિસાગર-ઐક્ય
જીવશિવનું થયું. ૩૦૫

એટલે મુજ ભાવની
તત્ક્ષણે થાય પ્રાપ્તિ,
વર્ષાન્તે જેમ ગગને
મેઘ સમાયે. ૩૦૬

મદ્રૂપ થાય છે ખરેખર
પછી રહેવા છતાં દેહબદ્ધ,
ન ફસાયે દેહસંભૂતે
ગુણ સમુચ્ચયે. ૩૦૭

જેમ અભ્રકનું ફાનસ
રોકતું નથી દીપપ્રકાશ,
કે સાગર હોલવતો નથી
વડવાનળ. ૩૦૮

તેમ ગુણોની અવરજવર
બોધને ન કરે મલિન,
તે દેહે વર્તે જેમ ચંદ્ર
ભાસે જળે. ૩૦૯

ત્રિગુણો પોતપોતાને બળે
વિવિધ ચેષ્ટા કરે દેહે,
તે જોવા પણ ન મોકલે
અહંતાને. ૩૧૦

આ હદ સુધી રહે
દૃઢ નિશ્ચયે અંતરે,
એટલે શું વરતે છે દેહે
તે ન જાણે. ૩૧૧

છાંડીને અંગની કાંચળી
સર્પ પ્રવેશે તેના દર મહીં,
હવે કોણ સંભાળે કાંચળી
તેવું થયું. ૩૧૨

અથવા સૌરભભર્યો જેમ
ગગને સમાયે પરિમલ,
તે પાછો ન આવે કદી
કમળકોશમાં. ૩૧૩

તેમ સ્વરૂપમાં સમરસ
થતાં ઐક્ય પામે પુરુષ,
પછી કયા કેવા દેહધર્મ
તે ન જાણે. ૩૧૪

એટલે જન્મ-જરા-મરણ
ઇત્યાદિ જે ષડ્ગુણ,
તે ન સ્પર્શે સદંતર
દેહમાં રહેવા છતાં. ૩૧૫

ઘટના કટકેકટકા
ઘટભંગે ફેંકાઈ જતાં,
ઘટાકાશ હોયે આપમેળે
મહદાકાશ. ૩૧૬

તેમ દેહબુદ્ધિ લોપાયે
આત્મસ્મરણ અખંડ રહે,
ત્યારે શેષ કાંઈ ન હોયે
સ્વરૂપ વિણ. ૩૧૭

એવા શ્રેષ્ઠ બોધથી યુક્ત
તે દેહમાં કરે નિવાસ,
એટલે જ તેને હું કહું
ગુણાતીત. ૩૧૮

આ શ્રીહરિના બોલે
પાર્થ મહાસુખે ડોલે,
મેઘગર્જનાયે જેમ
નાચે મયૂર. ૩૧૯

તે સંતોષે પાર્થ પૂછે,
કયાં ચિહ્નોથી યુક્ત હોયે—
તે પુરુષ જેમાં પ્રવર્તે
આત્મબોધ. ૩૨૦

તે નિર્ગુણ કેમ આચરે,
ગુણોનું નિવારણ કેમ કરે,
તે કહેજો આપ હવે
હે કૃપાસાગર. ૩૨૧

એવા પાર્થના પ્રશ્નને,
ષડ્ગુણોના તે ઈશ્વરે,
જે ઉત્તર વાળ્યો તે હવે
સાંભળો તમે. ૩૨૨

પાર્થ કેવી તારી નવાઈ
આટલું જ પુછાય કાંઈ,
તારું પૂછવું સાચું છે
કે છે ખોટું. ૩૨૩

ગુણાતીત જે કહેવાયે
તે ગુણાધીન કદી ન હોયે,
ગુણોમાં હોવા છતાં તે
બંધાતો નથી. ૩૨૪

પણ ગુણાધીન કે સ્વાધીન
એની કેમ થાય છે જાણ,
ગુણોને ગૂંચવાડે જ્યારે
વર્તતો રહે. ૩૨૫

આ જો સંદેહ હશે તને
તો સુખેથી પૂછી શકાશે,
સાંભળ હવે કહું છું તને
વિશદ રૂપે. ૩૨૬

તો રજોગુણને ઉત્કર્ષે
કર્મના અંકુર ફૂટે દેહે,
વીંટળાઈ જાય તે જ્યારે
રજોગુણથી. ૩૨૭

ત્યારે હું જ કર્મનિષ્ઠ
એવો ન થાય અહંકાર,
અથવા કર્મો ન થતાં તેને
ન થાય ખેદ. ૩૨૮

અથવા સત્ત્વગુણને ઉત્કર્ષે
સર્વેન્દ્રિયોમાં જવ જ્ઞાન જાગે,
તવ સુવિદ્યાને તોષે કે ખેદે
ન થાય ગ્રસિત. ૩૨૯

મોહ જવ પ્રબળ થાયે
તવ ન ગ્રસાયે મોહભ્રમે,
અજ્ઞાન જણાતાં ખેદ ન હોયે
કે ન સ્વીકાર. ૩૩૦

તેમ જ મોહને અવસરે
જ્ઞાનની ઇચ્છા ન ધરે,
મોહજ્ઞાને કર્મ ન આદરે
દુઃખી થયા વિના. ૩૩૧

સંધ્યા, સવાર કે મધ્યાહ્ન
આ ત્રણે કાળની જાણ—
હોતી નથી સૂર્યને જેમ
તેવો તે રહે. ૩૩૨

શું બીજા કોઈ પ્રકાશે
જ્ઞાનીપણું પ્રકાશિત થાયે,
શું સાગર જળે ઊભરાયે
માત્ર વરસાદથી. ૩૩૩

અથવા કર્મપ્રવૃત્તિયોગે
શું તેનામાં અહંતા જાગે,
કહે શું હિમાલય હિમે
ધ્રૂજી ઊઠે. ૩૩૪

અથવા મોહ પ્રકટ થયે
શું આત્મજ્ઞાન ગુમાવશે,
ઉનાળાથી શું બળી ઊઠે
મહાઅગ્નિ. ૩૩૫

તેવું આ ગુણાગુણ કાર્ય
તે પોતે જ છે આપણ,
એટલે કોઈને ઉત્કર્ષે
ચલિત ન થાય. ૩૩૬

આટલી આ પ્રતીતિએ
તે દેહમાં નિવાસ કરે—
વટેમાર્ગુ સપડાતાં સંકટે
જેમ આશ્રય કરે. ૩૩૭

તે જીતે કે ન હારે,
ગુણે ન પ્રવર્તે, ન પ્રવર્તાવે,
જેવી ઉદાસીન રહે
યુદ્ધભૂમિ. ૩૩૮

કાં શરીરમાંનો પ્રાણ
ઘરમાંનો અતિથિ બ્રાહ્મણ,
અથવા ચૌટે રોપેલો સ્તંભ
ઉદાસ જેમ. ૩૩૯

થતાં ગુણોનું આવાગમન
તે ન ચળે, ન ઢળે પાંડવ,
મૃગજળના હેલે ચડવાથી
મેરુ જેમ. ૩૪૦

હવે બહુ શું બોલાયે—
વાયુથી વ્યોમ ન હલાયે,
અને અંધકાર સૂર્યને
ગળે ન ક્યારે. ૩૪૧

સ્વપ્ન અરે જેણી પેરે
જાગ્રતને કદી ન છેતરે,
ગુણોથી તે જ પ્રકારે
તે ન બંધાયે. ૩૪૨

ગુણોમાં કદી ન સપડાયે
પણ દૂરથી જુએ કૌતુકે,
સભ્ય જેમ સાક્ષીભાવે
કઠપૂતળીઓને. ૩૪૩

સત્ત્વ કરે સાત્ત્વિક કર્મ,
રજ કરે રજોવિષયક,
તમ જગાવે મોહાદિક
કર્મ જાણ. ૩૪૪

સાંભળ તેની જ સત્તાએ
સમસ્ત ગુણક્રિયા થાયે,
સવિતાની જેમ સત્તાએ
લોકવ્યવહાર. ૩૪૫

સમુદ્રે જ ભરતી આવે,
એક સોમકાન્ત મણિ દ્રવે,
કુમુદિની કેવળ પ્રફુલ્લે
ચંદ્રોદય થતાં. ૩૪૬

અથવા વાયુ વાયે કે શમે—
ગગન ગગને સ્થિર હોયે,
તેમ ગુણોના વાવંટોળે
અવિચળ રહે. ૩૪૭

આવાં લક્ષણોએ અર્જુન
ગુણાતીતની થાયે જાણ,
આચરણ વિશે સાંભળ
હવે તેના. ૩૪૮

તો અંબરની અંદર-બાહરે
સુતર વિના કાંઈ ન હોયે,
તેમ મદ્રૂપ દેખાયે તેને
સચરાચર. ૩૪૯

એટલે સુખદુ:ખ સમાન
જાણીને કરે આચરણ,
જેમ શત્રુમિત્રને સમાન
ફળ આપે પ્રભુ. ૩૫૦

આમ પણ સહજે
સુખદુઃખ તવ જ સેવીએ—
જવ દેહજળે લીન રહીએ
માછલી થઈને. ૩૫૧

તેણે તો બધું છોડયું,
સ્વસ્વરૂપે ઐક્ય સાધ્યું,
છોડાંમાંથી જેમ કઢાયું
ધાન પાર્થ. ૩૫૨

વહેણ છોડી ગંગાનાં નીર
પ્રવેશે જ્યારે સમુદ્રને અંગ,
ત્યારે છોડે સઘળી ખળભળ
આવેગની. ૩૫૩

તેમ જેણે નિજ સ્વરૂપે
નિવાસ કર્યો સહજ ભાવે,
તેને દેહનાં સુખદુઃખ થાયે
એકસમાન. ૩૫૪

રાત્રિ તેમ જ પ્રભાત
સ્તંભ કાજે એક સમાન,
આત્મારામને સકળ દ્વંદ્વ
તેવાં જ જાણ. ૩૫૫

જેમ નિદ્રિતની કાયા પાસે
ઉર્વશી કે સર્પ હોયે,
તેમ સ્વરૂપસ્થની નિકટે
દેહનાં દ્વંદ્વો. ૩૫૬

એટલે તેને ચિત્તે
છાણ-સુવર્ણ એક હોયે,
રત્નો અને ગારમાં ક્યાંયે
ભેદ ન હોયે. ૩૫૭

ઘરે ઊતરો અરે સ્વર્ગ,
કાં આવી ચડો વાઘ,
પણ આત્મબુદ્ધિએ ભંગ
પડતો નથી. ૩૫૮

મૃત ન કદી જીવિત થાયે,
બળેલાં બીજ ક્યારેય ન ઊગે,
સામ્યબુદ્ધિ તેની ન ડગે
તે પ્રમાણે. ૩૫૯

બ્રહ્મા કહીને વખાણાયે,
કે નીચ કહીને નિંદાયે,
પણ સળગવું-બૂઝવું ન જાણે
રહ્યા જેમ. ૩૬૦

તેમ નિંદા અથવા સ્તુતિ
અભડાવે ના ચિત્તવૃત્તિ,
નથી અંધારું કે દીપજ્યોતિ
સૂર્યને ઘરે. ૩૬૧

ઈશ્વર માનીને પૂજાયે,
કે ચોર કહીને સતાવાયે,
વૃષભ ગજે વીંટળાયે
નૃપ કહીને. ૩૬૨

સુહૃદ નિકટે પધારે,
કે શત્રુ હુમલો કરે,
પણ સૂર્ય જેમ ન જાણે
રાત્રિદિવસ. ૩૬૩

છયે ઋતુ આવતાં આકાશે
આકાશ ન કદી લિપ્ત થાયે,
તેમ વૈષમ્ય જેના માનસે
સ્પર્શતું નથી. ૩૬૪

બીજું પણ એક દેખાયે
ગુણાતીતના આચરણે,
જાણે વ્યવહાર જ ન કરે
એવું લાગે. ૩૬૫

સર્વ વિષયારંભો વિરમે,
સકળ પ્રવૃત્તિઓ આથમે,
સઘળાં કર્મફળો દહે—
એવો અગ્નિ તે. ૩૬૬

ઇહ-પર ભોગોને નામે
ઇચ્છા જ જીવે ન થાયે,
તે તો સેવે સ્વભાવે
પ્રારબ્ધપ્રાપ્ત. ૩૬૭

સુખાવે ના દુભાવે
પાષાણ જે પ્રમાણે,
તેમ ભોગત્યાગ ચિત્તે
ઊઠતા નથી. ૩૬૮

કેટલો કરીએ વિસ્તાર,
જાણજે આવો આચાર,
દેખાય તે છે ખરેખર
ગુણાતીત. ૩૬૯

હવે ગુણોનું અતિક્રમણ
કરવા કાજે શો ઉપાય,
તે વધારે કહે સાંભળ
શ્રીકૃષ્ણનાથ. ૩૭૦

વ્યભિચારરહિત ચિત્તે
ભક્તિયોગ વડે મુજને—
આરાધે તે ગુણોને
જીતી શકે. ૩૭૧

કોણ હું ને કેવી ભક્તિ,
અવ્યભિચારની વ્યાખ્યા કેવી,
કરવી પડશે આ સર્વની
વિશદતા હવે. ૩૭૨

તો હવે સાંભળ પાર્થ,
હું તો વિશ્વમાં સ્થિત,
રત્ને વસે જેમ તેજ
રત્ન થઈ ને. ૩૭૩

કાં દ્રવપણું જ નીર,
અવકાશ તે જ અંબર,
મધુરતા જ સાકર
ભિન્ન નાહીં. ૩૭૪

વહ્નિ તે જ જ્વાળા,
કમળ કહેવાય દળા,
વૃક્ષ જ ડાળાંફળાં
કહેવાય જેમ. ૩૭૫

અરે હિમ જે સઘન થયું
તે જ હિમાલય કહેવાયું,
અથવા દૂધ જે મેળવાયું
તે જ દહીં. ૩૭૬

તે વિશ્વ એ સંજ્ઞાએ
હું જ હોઉં સઘળે,
ચંદ્રબિંબ છોલવું ન પડે
ચંદ્રને જોવા. ૩૭૭

ઘૃત તણું થિજેલાપણું
ન ભાંગતાં ઘૃત જાણવું—
સુવર્ણને જેમ ઓળખવું
કંકણ ન તોડતાં. ૩૭૮

ન ઉકેલતાં પટ
તંતુ દેખાયે સ્પષ્ટ,
ન ઓગાળતાં ઘટ
દેખાય માટી. ૩૭૯

એટલે વિશ્વપણું ભાંગીએ,
પછી મુજ રૂપને જોઈએ,
તેવું નથી, સદા સર્વત્રે
સકળ હું છું. ૩૮૦

એવા મને એમ જાણીએ,
તે અવ્યભિચારી ભક્તિ હોયે,
ત્યાં ભેદ જોવો કહેવાયે
વ્યભિચાર પાર્થ. ૩૮૧

આ કારણે ભેદને
છાંડીને અભેદ ચિત્તે,
પોતાનાથી અભિન્ન મને
જાણવો બાપ. ૩૮૨

પાર્થ સોનાની ટીલડી
સુવર્ણ ઉપરે લગાડી,
તેમ પોતાને ભિન્ન મુજથી
માનવું નહીં. ૩૮૩

તેજમાંથી તેજમય નીકળે
પણ તેજથી રહે સંકળાયલે,
તે રશ્મિ સૂર્ય જેવો હોયે
આત્મબોધ. ૩૮૪

જેમ પરમાણુ ભૂતળે,
હિમકણો હિમાચળે,
મુજ મહીં તેમ નિવસે
અહં પાર્થ. ૩૮૫

ભલે નાનો હોયે તરંગ
પણ સિંધુનું અભિન્ન અંગ,
મારા ઈશ્વરરૂપે તેમ જ
નથી દ્વૈત. ૩૮૬

એવા સામરસ્ય ભાવે
દૃષ્ટિ જ્યારે ઉલ્લાસે,
તે ભક્તિ એમ જાણીએ
કહીએ અમે. ૩૮૭

અને શ્રેષ્ઠતા જ્ઞાન તણી
કહેવાય તે આ જ દૃષ્ટિ,
યોગનું સર્વ કહેવાયે
સર્વસ્વ આ. ૩૮૮

સાગર અને જલધારા
માંહે વર્ષાની અખંડ ધારા,
તેવી બ્રહ્મમયી વૃત્તિ સદા
પ્રવર્તે ત્યાં. ૩૮૯

કાં કૂપને મુખે આકાશ
તે જ સહજે મહદાકાશ,
તેમ પરમરસે રસળેલ
રહે ભક્ત. ૩૯૦

પ્રતિબિંબથી બિંબ સુધી
પ્રભા રહે અજવાળું પાથરી,
તેવી જ તેની સોહંવૃત્તિ
રહે અખંડિત. ૩૯૧

એવામાં પછી પરસ્પરે
તે સોહંવૃત્તિ અવતરે,
તે ભક્તિને લીધે શમે
આપમેળે. ૩૯૨

જેમ સિંધવનો રવો
પાર્થ સિંધુ માંહે પડ્યો--
ત્યાં ઓગળવાપણું તેનું
કેમ ટકશે. ૩૯૩

અથવા બાળીને તૃણ
વહ્નિ શમે પોતે પણ,
તેમ ભેદ નાશીને જ્ઞાન
પોતે જ શમે. ૩૯૪

મારું પેલે પાર હોવું,
ભક્તનું આ તીરે રહેવું;
ઉભય મટી શેષ રહે
અનાદિ ઐક્ય. ૩૯૫

હવે ગુણોને તે પાર્થ
જીતે એ ન રહી વાત,
જે એકતાનો ભાવ પણ
ઓસરી ગયો. ૩૯૬

કિંબહુના એવી દશા
તે જ બ્રહ્મત્વ સુદશા,
તે પામે જે એવા
આરાધે મને. ૩૯૭

અને આમ આવાં લક્ષણે
ભક્ત મારો વર્તે જગે,
તેને કાજે બ્રહ્મતા રહે
પતિવ્રતા ભાવે. ૩૯૮

જેમ ગંગાના પ્રવાહે
ખળખળતું જળ વહે,
સિંધુપદ વિના તેને
આરો નથી. ૩૯૯

તેમ જ્ઞાનની દૃષ્ટિયે
પાર્થ જે મને આરાધે,
તે હોય બ્રહ્મત્વને માથે
મુગટમણિ. ૪૦૦

આ બ્રહ્મત્વને જ પાર્થ
કહેવાયે છે સાયુજ્ય,
આને જ જાણવો ચતુર્થ
પુરુષાર્થ પણ. ૪૦૧

પણ મારું આરાધન
બ્રહ્મત્વ કાજે સોપાન,
એટલે હું છું સાધન
એવું જો માનીશ— ૪૦૨

તો સત્વરે જ એવું
મનમાંથી પાર્થ કાઢવું,
કેમ બ્રહ્મ નથી ભિન્ન
મુજથી અરે. ૪૦૩

બ્રહ્મ આ નામે પણ
હું જ હોઉં અભિપ્રેત
મારા વિશે જ બોલાયે
શબ્દ જાતે. ૪૦૪

ચંદ્રમંડળ અને ચંદ્રમા
ભિન્ન ન હોયે સુવર્મા,
તેમ મુજમાં ને બ્રહ્મમાં
ભેદ નાહીં. ૪૦૫

અરે નિત્ય જે નિષ્કંપ,
અનાવૃત જે ધર્મરૂપ,
સુખ જે જે અમાપ
અદ્વિતીય. ૪૦૬

વિવેક પોતાનું કામ
કરીને રહે તે ઠામ,
નિષ્કર્ષોનું નિ:સીમ
કિંબહુના રૂપ. ૪૦૭

એવું એવું અહો સાંભળો,
તે અનન્ય ભક્તનો સગો,
નિરૂપણ કરે પાર્થને
વીરશ્રેષ્ઠને. ૪૦૮

અહીં ધૃતરાષ્ટ્ર કહે :
તને આ પૂછ્યું કોણે,
પૂછ્યા વિના નિરર્થકે
કેમ બોલે. ૪૦૯

મારા સંશયને નિવારે,
વિજય કોનો તે કહે,
બાકી બધું છોડી વદે
એ જ વાત તું. ૪૧૦

સંજયને મને વિસ્મય,
અને ક્રોધભર્યો વિષાદ,
કહે કેમ ભાગ્ય જોડે
આ વેર આદરે. ૪૧૧

કૃપાળુ કૃષ્ણ તુષ્ટ થાઓ,
ધૃતરાષ્ટ્રમાં વિવેક જાગો,
અને મોહનો એનો ફીટો
મહારોગ. ૪૧૨

સંજય એવું ચિંતવે
અને સંવાદ સાંભળે,
હર્ષનું આવે તેને ચિત્ત
મહાપૂર. ૪૧૩

એટલે હવે સંજય
ઉત્સાહથી થઈ સભર,
શ્રીહરિનું કથન
સંભળાવશે. ૪૧૪

તેમના શબ્દોનો અભિપ્રાય
તમ સુધી હું આણીશ,
સાંભળો કહે જ્ઞાનદેવ
નિવૃત્તિ તણા. ૪૧૫

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

પુરુષોત્તમયોગ

શ્રીજ્ઞાનેશ્વર મહારાજની દૃષ્ટિએ ગીતાશાસ્ત્રનો આ છેવટનો અને મહત્ત્વનો અધ્યાય ગણાય છે. સંસારનું મિથ્યાત્વ દેખાડીને, જીવને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપી, તેના જન્મમરણનું આવાગમન પૂરું કરવું તે આ અધ્યાયનો વિષય છે. જ્ઞાનથી મોક્ષ મળે છે એવો સિદ્ધાંત ગયા અધ્યાયની છેવટે ભગવાને કહ્યો છે. પરંતુ તે જ્ઞાન કાયમ ટકાવવા માટે વૈરાગ્યનું ઘણું બળ હોવું અત્યંત આવશ્યક છે. જો આ સંસાર અનિત્ય અને ક્ષણભંગુર છે એવી ખાતરી મનને થાય તો જ તે વૈરાગ્યશીલ થશે. એટલે આ સંસાર કેવો છે તે આ અધ્યાયના આરંભમાં અશ્વત્થ વૃક્ષના રૂપક વડે ભગવાન અર્જુનને સમજાવે છે.

આપણા સ્વરૂપની પ્રાપ્તિની આડે જો કોઈ પણ મોટો અંતરાય હોય તો તે આ પ્રપંચ છે. આ પ્રપંચ એક બળવાન વૃક્ષ છે. બીજાં સામાન્ય લૌકિક વૃક્ષોને નીચે મૂળ અને ઉપર શાખાઓ હોય છે. એટલા માટે તેનો અંત હોય છે. મૂળમાં ઘા મારીને તેને તોડી શકાય છે. પણ આ પ્રપંચનું અશ્વત્થ વૃક્ષ તેનાથી ઊલટું છે. આ વૃક્ષનું મૂળ ઉપર અને શાખાઓ નીચે છે. એટલા માટે તેનો અંત દેખાતો નથી ને તેને તોડી પણ શકાતું નથી. આ વૃક્ષને ઊર્ધ્વમૂળ અને અધોશાખા કેમ કહેવાય છે, તેની વાત વાસુદેવ અર્જુનનાં ઉમંગ, શ્રવણ-ભક્તિ અને શ્રદ્ધા જોઈને સ્નેહથી કહે છે.

અદ્વય, આનંદ અને નિરાકાર બ્રહ્મ તે આ વૃક્ષનું ઊર્ધ્વ છે, અને અનાદિ સદ્સદ્ વિલક્ષણ અનિર્વચનીય પણ અસદ્ એવી જે માયા તે આ વૃક્ષનું મૂળ છે. માયાનો બ્રહ્મ સાથે સંબંધ હોવો એટલે જ સ્વરૂપવિષયક અજ્ઞાનનું ઉત્પન્ન થવું, અને આ સંસારવૃક્ષનું વિસ્તરવું છે. પછી પ્રથમ મઘમઘતું એક પાન મહતત્ત્વ રૂપે પ્રગટે છે. તે પાનને ત્રિગુણાત્મક અહંકારનો અંકુર ફૂટે છે. તેમાંથી અંતઃકરણ ચતુષ્ટયની નાની શાખાઓ નીકળે છે. પંચ મહાભૂતો, પંચજ્ઞાનેન્દ્રિયો અને સૂક્ષ્મ વિષય પછી ઉત્પન્ન થાય છે. આવી રીતે એક બ્રહ્મમાંથી સંપૂર્ણ સંસારની યોજના તૈયાર થાય છે. એને અશ્વત્થ કહેવાનું કારણ કે તે ક્ષણભંગુર છે. એ પ્રતિક્ષણે નાશ પામે છે, પણ તે સામાન્ય દૃષ્ટિને દેખાતું નથી. એનું કારણ આ વૃક્ષનું ઉત્પન્ન થવું અને નહીંવત્ થવું એટલા વેગથી થાય છે કે એક શાખા ક્યારે નાશ પામી અને તેને ઠેકાણે અનેક નવી શાખાઓ ક્યારે ઉત્પન્ન થઈ તે સમજાતું જ નથી. મહાપ્રલયને કાળે સંહારક પવન ફૂંકાય છે ત્યારે આ વૃક્ષની છાલ ગળી પડે છે. પછી કલ્પને આરંભે નવીન સૃષ્ટિઓનો સમુદાય ઉત્પન્ન થાય છે. અજ્ઞાની લોકોને આ વૃક્ષ સદાસર્વદા હરિયાળું લાગે છે. પણ જ્ઞાની લોકો એનો વેગ ઓળખે

છે, તેની ક્ષણભંગુરતા જાણે છે. એઓ જાણે છે કે એનું મૂળ અજ્ઞાનમાં છે. એટલે જે દેખાય છે તે મિથ્યાભાસ છે. આવા જ્ઞાની પુરુષો પ્રભુને ઘણા પ્રિય છે.

આવા મિથ્યા અને ક્ષણભંગુર વૃક્ષને ઉખેડી નાખવું અશક્ય લાગે છે પણ અશક્ય નથી. દેહાદિ અનાત્મ પ્રપંચોને મિથ્યા જાણીને તેનું નિરસન થાય છે, ત્યારે 'અહં' અને 'ઇદં' વૃત્તિવિરહિત આપણું સ્વરૂપ છે તેનું દર્શન કરવું રહ્યું. પરંતુ તે અરીસામાં જોઈએ છીએ તેવી રીતે નહીં. તે 'હું' નથી એવા અદ્વૈતરૂપે તેને જોવું જોઈએ. વિરક્ત મુમુક્ષુ આવું દર્શન કરવા નીકળે છે અને સંસારથી માંડીને બ્રહ્મલોકની યાત્રા પર્યંત સર્વ પદાર્થો તેને અડચણો પેદા કરીને રોકે છે. પણ ભક્ત-સાધક, પ્રભુ સર્વત્ર છે અને સર્વમાં છે એનો અનુભવ લઈને આગળ ચાલે છે અને આત્મસ્વરૂપને ભેટે છે. અહીં દ્વંદ્વ અને દ્વૈત એ બધું કશું જ રહેતું નથી. એને જે બ્રહ્મપ્રાપ્તિ થાય છે તેનું વર્ણન થાય તેમ નથી. તે શબ્દાતીત છે. છતાં પ્રભુ સંકેત કરે છે.

આ જગતમાં ક્ષર અને અક્ષર બે પુરુષ છે. ક્ષર પુરુષ જ્ઞાનદૃષ્ટિહીન, દેહાસક્ત અને ઉપાધિતંત્રવાળો હોય છે. અક્ષર પુરુષ સર્વાંગે સંપૂર્ણ છે. આ બન્ને એક જ ઠેકાણે રહે છે. નાશવંત પદાર્થોની સાથે તાદાત્મ્ય હોવાથી તે પોતાને ક્ષર પુરુષ સમજે છે. હું બ્રહ્મ છું એ યથાર્થ જ્ઞાન, અથવા હું દેહ છું એવું વિપરીત જ્ઞાન એ બન્ને અક્ષર પુરુષમાં નથી. સંસારવૃક્ષનું મૂળ જે અજ્ઞાન કહેવાયું છે તે આ જ છે. માયાની આવી સંગતિ કરનાર અક્ષર પુરુષ સમજવા.

આ ક્ષર અને અક્ષર બન્નેથી વેગળા, શ્રેષ્ઠ અને ઉપાધિરહિત એકાકી ત્રીજા ઉત્તમ પુરુષ છે. તે પ્રગટ થતાં આ બન્ને પુરુષોને ઉપાધિસહિત નહીંવત્ કરે છે. 'હું બ્રહ્મ છું' એ જ્ઞાન વડે, 'હું દેહ છું' એ અજ્ઞાન અને પછી 'હું બ્રહ્મ છું' એ જ્ઞાન પણ જ્યાં અસ્ત થાય છે તે આ ઉત્તમ પુરુષનું રૂપ છે. અહીં દ્વૈતઅદ્વૈત બન્ને નષ્ટ થાય છે. એઓશ્રીને લૌકિકમાં પરમાત્મા કહેવાય છે. આ પરમાત્માનું સ્વરૂપ વર્ણવવા પુરુષોત્તમયોગનો પંદરમો અધ્યાય કહેવાયો છે. આ યોગ સાધીને ભક્તો કેવી રીતે પ્રભુના થાય છે તેનો મર્મ વાસુદેવ ભગવાને અર્જુનને સમજાવ્યો છે. મિથ્યા અને સત્યનું આવું જીવનકાવ્ય શાંત રસની શ્રેષ્ઠતા વડે જ્ઞાનેશ્વર મહારાજે સરજીને અદ્ભુત જીવનયોગસિદ્ધિ પ્રગટ કરી છે.

અધ્યાય પંદરમો

પુરુષોત્તમયોગ

હવે પોતાના હૃદયને
વિસ્તારી તે સિંહાસને—
પ્રેમભાવે પધરાવીએ
શ્રીગુરુચરણ. ૧

ઐક્યભાવની અંજલિયે,
સર્વેન્દ્રિયોની કળીઓએ,
ઝલકતી પુષ્પાંજલિયે,
આપીએ અર્ઘ્ય. ૨

અનન્યોદકે પ્રક્ષાલિત,
વાસના જે પ્રભુનિષ્ઠ-
તે ચર્ચ્યું મેં ચંદન
ગુરુચરણમાં. ૩

પ્રેમના સુવર્ણે
નુપૂરો ઘડાવીને,
પહેરાવીએ સુકુમારે
પદે પ્રભુના. ૪

સઘન પ્રીતિ તણી
શુદ્ધ અવ્યભિચારિણી—
અર્પીએ વીંટીની જોડી
પદાંગુલિયે. ૫

આનંદમોદ પ્રબળ,
અષ્ટ સાત્ત્વિકનું મુકુલ,
જાણે ખીલેલું કમળ
ધરું ઉપરે. ૬

ત્યાં અહંનો ધૂપ ધરું,
નાહં તેજે ઓવારું,
સામરસ્યે આલિંગું
નિરંતર. ૭

તનુ અને પ્રાણ બન્ને
પાદુકા કરું શ્રીચરણે,
ભોગમોક્ષ તેમને ચરણે
ન્યોછાવર કરું. ૮

શ્રીગુરુચરણ-સેવા વડે
થાઉં પાત્ર એવા સુદૈવને—
જે સકળ પુરુષાર્થસિદ્ધિયે
સહજ લાધે. ૯

બ્રાહ્મી સ્થિતિ પર્યંત
પ્રજ્ઞાનો પ્રસરે પ્રકાશ,
ગુરુસેવાએ વાણી થશે
સુધાસિંધુ. ૧૦

પૂર્ણચંદ્રની સુષમાને
માત કરે જે સ્વભાવે,
એવું મધુર વક્તૃત્વ ઝરશે
અક્ષરે અક્ષરે. ૧૧

સૂર્યે ઉઘાડી દ્વાર પ્રાચીનું
જગતને સામ્રાજ્ય દીધું પ્રકાશનું,
તેમ વાચા શ્રોતાને જ્ઞાનનું
દેશે દીપપર્વ. ૧૨

નાદબ્રહ્મ ઊણું ભાસે,
કૈવલ્ય પણ તેવું ન શોભે,
એવા શબ્દો નીતરતા હોયે
ગુરુકૃપાયે. ૧૩

શ્રવણસુખને માંડવે
વિશ્વ વસંત અનુભવે,
એવી ગરવી પાંગરે
વાચાવલ્લિ. ૧૪

ભાળ ન પામતાં જેની
મનસહિત પરતે વાણી,
તેવો દેવ શબ્દે પ્રગટે
ચમત્કાર કેવો. ૧૫

જે જ્ઞાને ન સાંપડે,
જે ધ્યાનેય ન મળે,
તે અગોચર ઝળકે
વાચાએ તેની. ૧૬

આવડું અપૂર્વ સૌભાગ્ય
વળગે વાચાને પ્રત્યંગ,
શ્રીગુરુપદપદ્મ-પરાગ
લાધે ત્યાં. ૧૭

શા કાજે બહુ બોલાયે
તેવું સૌભાગ્ય અહીં આજે,
મુજ વિના ક્યાંય ન દેખાયે
જ્ઞાનદેવ કહે. ૧૮

હું બાળાનો ખૂંદનારો
એકનો એક મુજ ગુરુનો,
એટલે ગુરુકૃપા વરસી
મુજ ઉપરે. ૧૯

જુઓ જળ ભરીને જળધર
વરસાવે ચાતક ઉપર,
તેવું જ આપ્યું વરદાન
ગુરુએ મને. ૨૦

એ કારણે નકામી મુખ
કરવા મથે આ ગરબડ,
તોયે પ્રગટે ગીતાર્થ
મધુ મધુર. ૨૧

હોયે જવ અદૃષ્ટ અનુકૂળ
તવ રત્ને પરિણમે રજકણ,
આયુ હોતાં સાનુકૂળ
મારક જ રક્ષા કરે. ૨૨

આવર્ણે મુકાયે તૃણ
તે થાય અમૃતમય અન્ન,
જે ક્ષુધા સમયે સહાય
શ્રીજગન્નાથ. ૨૩

તે પ્રમાણે શ્રીગુરુ
કરે જ્યારે અંગીકાર-
થાય ત્યારે સંસાર
મોક્ષમય પર્વ. ૨૪

જુઓ શ્રીનારાયણે
દરેક કાજે પાંડવોને—
લીધા ઉગારી સનાતને
વિશ્વવંદ્યે. ૨૫

તેમ શ્રીનિવૃત્તિરાજે
મારા અજ્ઞાનપણાને—
પલટાવ્યું જી જ્ઞાનપણે
સ્વાભાવિકે. ૨૬

પણ આ રહેવા દઈએ,
ક્ષીણ થાયે જેમ બોલ્યે,
અને ગુરુગૌરવ વર્ણવે
એવું જ્ઞાન ક્યાં. ૨૭

હવે શ્રીગુરુના પ્રસાદે
હું તમ સંતોના ચરણે—
નિરૂપીશ અભિપ્રાય
શ્રીગીતાનો. ૨૮

તો એટલે પ્રસ્તુતે
ચૌદમા અધ્યાયને અંતે—
નિર્ણય કૈવલ્યપતિયે
એવો કર્યો. ૨૯

જે જ્ઞાન થતાં બુદ્ધિગત
થવાયે મોક્ષાર્થે સમર્થ,
જેમ પમાયે ઇન્દ્રપદ
શત યજ્ઞ કરતાં. ૩૦

કાં શત જન્મ પર્યંત
પામીને બ્રાહ્મણદેહ—
જે કરે બ્રહ્મકર્મ
તે થાય બ્રહ્મા. ૩૧

અથવા સૂર્ય તણો પ્રકાશ
દેવતાને ફાળે જાય,
તેમ જ્ઞાને જ યોગ્યતા મળે
મોક્ષ તણી. ૩૨

હવે આ જ્ઞાન કાજે
કોનામાં પાત્રતા હોયે,
જોવા જતાં જગે
દેખાયો એક. ૩૩

પાતાળે સંતાડયું ધન
દેખાડશે ખચીત લોચન,
જો લગાડશે અંજન
પાયાળુને. ૩૪

તેમ મોક્ષ લાભશે જ્ઞાને
એમાં અન્યથા કાંઈ ન હોયે,
પણ જ્ઞાન ઠરે એવું જોઈએ
શુદ્ધ ચિત્ત. ૩૫

હવે વિરક્તિ વિના કયાંયે
જ્ઞાનને આધાર ન હોયે,
એ વિશદ કર્યું દેવે
ત્યાં જ નિશ્ચયે. ૩૬

હવે કેવી રીતે વિરક્તિ
મનને વરશે પોતે આવી,
એ પણ સર્વજ્ઞ શ્રીહરિ
કહે છે સ્પષ્ટ. ૩૭

વિષે રંધાઈ છે રસોઈ
જમનારને જાણ થાય એવી—
ત્યાં છોડીને જાય થાળી
જે પ્રકારે. ૩૮

તેમ સંસાર આ સમસ્ત
જાણીએ જ્યારે અનિત્ય,
ત્યાં ટાળીએ તોયે વૈરાગ્ય
કેડ ન મૂકે. ૩૯

હવે અનિત્વ કેમ ને કેવું
તે વૃક્ષાકારનું કરી બહાનું—
કહે છે વિશ્વંભર
પંચદશ અધ્યાયે. ૪૦

ઉખેડતાં સકૌતુક
ઝાડનાં મૂળ દેખાય,
ને સત્વરે સુકાઈ જાય
તેવું આ નથી. ૪૧

આ જ એક પ્રકારે
રૂપકની કુશળતાએ—
આવાગમન નિવારે
સંસાર તણું. ૪૨

કરીને સંસાર મિથ્યા
અહંની સ્વરૂપે પ્રતિષ્ઠા—
કરવા પંચદશ આ
નિરૂપાયો. ૪૩

હવે આ સર્વ
ગ્રંથગર્ભનો અર્થ,
સાંભળો ઉકેલીશ
એકાગ્ર ચિત્તે. ૪૪

તો મહાઆનંદ-સમુદ્ર
જે પૂનમો પૂર્ણચંદ્ર-
તે દ્વારિકાના નરેન્દ્ર
એવું કહે. ૪૫

અરે ભાઈ પાંડુકુમાર,
લાધતાં સ્વરૂપનું ઘર,
કરે જે પ્રતિબંધ
વિશ્વાભાસ. ૪૬

તે આ જગડંબર
ન હોય સાચ સંસાર;
એ તો એક મહાવૃક્ષ
પ્રબળ જાણ. ૪૭

પણ અન્ય વૃક્ષો સમ
તળે મૂળિયાં ઊર્ધ્વશાખ—
એવું નથી એટલે શક્ય
નથી માપવું. ૪૮

અગ્નિએ કે કુહાડીએ
ઘા કરીએ જો મૂળીએ—
તો તૂટી પડે શાખા સહિત
સહજ વૃક્ષ. ૪૯

જો મૂળમાં ઉખેડાયે
તો ડાળીઓ ભાંગી પડે,
પણ તેવી ન હોયે
એની દશા. ૫૦

અર્જુન એ કૌતુક
ખરેખર અલૌકિક,
જે વધે છે અધોમુખ
સંસારવૃક્ષ. ૫૧

જણાયે ન ભાનુની ઊંચાઈ
છતાં રશ્મિજાળ દે પાથરી,
સંસારવૃક્ષની રીત તેવી
અતિ વિચિત્ર. ૫૨

અને જે છે કે નથી
તે ઓતપ્રોત વ્યાપ્ત તેથી—
કલ્પાન્તે જેમ ઉદકે
વ્યોમ સકળ. ૫૩

અથવા સૂર્ય આથમ્યે
નિશાનો અંધાર વ્યાપે,
તેવું જ આ ગગને
મંડાયું જાણ. ૫૪

ચાખવાં નથી રે ફળ,
સૂંઘવાં નથી કે ફૂલ;
છે સઘળું વૃક્ષ કેવળ
પાંડુસુત. ૫૫

વૃક્ષ છે ઊર્ધ્વમૂળ,
થયું નથી ઉન્મૂલન,
એટલે જ લીલુંછમ
દેખાય સર્વદા. ૫૬

અને ઊર્ધ્વમૂળ એવું
સાચે જ કહેવાયું,
પણ અધે હોય અસંખ્ય
મૂળ એનાં. ૫૭

વિસ્તર્યું છે ચોમેર—
જાણે વડ કે પીપળ,
વડવાઈઓમાં જેની
શાખા પાંગરે. ૫૮

તે જ રીતે ધનંજય
આ છે સંસારવૃક્ષ,
અધે જ હોય શાખાઓ
એવું નથી. ૫૯

ઊર્ધ્વગામી પણ દેખાય
ડાળીઓના સમુદાય-
પાંગરેલા અપાર
જાણ પાર્થ. ૬૦

જાણે ગગન અંકુરિત થયું;
કે પવન પોતે વૃક્ષ થયું;
કે ત્રણેય અવસ્થા જાણે
આકારે ઊતરી. ૬૧

એવું આ એક
વિશ્વાકાર સઘન-
ઊગ્યું છે વિશ્વવૃક્ષ
ઊર્ધ્વમૂળ. ૬૨

હવે ઊર્ધ્વ કોને કહીએ,
મૂળનાં લક્ષણો કે હોયે,
અધોમુખી કેમ થાયે
ડાળીઓ એની. ૬૩

અથવા આ દ્રુમ તણાં
નીચે જે મૂળિયાં,
તે કોણ અને કેવાં,
કેવી ઊર્ધ્વ શાખા. ૬૪

અને અશ્વત્થ એવી
પ્રસિદ્ધિ છે એની,
તે કેમ હશે કરી
આત્મવિદ્વિલાસીએ. ૬૫

આ સકળ સુંદર
થાય તને હૃદયંગમ,
કરીશ એવું નિરૂપણ
વિશદ રૂપે. ૬૬

હવે સાંભળ હે સુભગ,
પ્રસંગ છે તુજ જોગ,
કાન થવા દે સર્વાંગ
એકભાવે. ૬૭

એવું પ્રેમરસ-સભર
બોલિયા જ્યાં યાદવવીર—
ત્યાં અવધાન થયું મૂર્ત
અર્જુનાકારે. ૬૮

દેવ નિરૂપે તે સમાવે
એવડું શ્રોતાપણું વિસ્તરે,
જેમ ગગનને દિશા આલિંગે
દસ હાથે. ૬૯

શ્રીકૃષ્ણ વચનસાગરે
બીજો અગસ્ત્ય જાણે,
એક ઘૂંટે પ્રાશન કરે
કથન સઘળું. ૭૦

એવી અમર્યાદ જાગેલી
શ્રવણેચ્છા દેવને દેખાઈ,
તે આનંદે ગયા ઓવારી
અર્જુને પ્રભુ. ૭૧

પછી કહે ધનંજય,
બ્રહ્મ જ વૃક્ષનું ઊર્ધ્વ,
તે કારણે જ ઊર્ધ્વત્વ
બ્રહ્મને લીધે. ૭૨

નહીં તો મધ્ય-ઊર્ધ્વ-અધ
એવા નથી ત્યાં ભેદ,
અદ્વૈતરૂપે વ્યાપક
પરબ્રહ્મ જે. ૭૩

જે છે અવ્યક્ત નાદ,
જે અસૌરભ્ય મકરંદ,
સ્વયંસિદ્ધ જે આનંદ
રતિક્રિયા વિના. ૭૪

વૃક્ષને આગળપાછળ,
આ પાર ને પેલે પાર,
દૃશ્યરહિત તેજરૂપ
અદૃશ્ય જે. ૭૫

ઉપાધિનું અન્ય
ચડાવતાં તેને આપ-
નામરૂપનો સંસાર
ભાસે અરે. ૭૬

જ્ઞાતજ્ઞેયવિહીન
જે હોય કેવળ જ્ઞાન,
સુખે ભરેલું ગગન
અનાવિલ જે. ૭૭

જે કાર્યનાં કારણ,
જ્યાં નથી દ્વૈત કે એક પણ,
પોતાને જાણે આપણ
એવું અદ્વય જે. ૭૮

એવું તત્ત્વ જે સત્ય
તે વૃક્ષનું ઊર્ધ્વ,
મૂળ થાય અંકુરિત
આ પ્રકારે. ૭૯

માયા એવી જેની ખ્યાતિ,
અભાવરૂપે પણ જે નથી,
વાંઝણીની સંતતિ
વખણાયે જેમ. ૮૦

તેમ જે ના સત્ કે અસત્,
વિચારનો જે ન સહે સ્પર્શ,
એવું છે જેનું સ્વરૂપ
અનાદિત્વે. ૮૧

જે વિવિધ તત્ત્વોની સંદૂક,
જગદભ્ર કાજે આકાશ,
આકારજાત તું જાણ
વાળીને મૂક્યા. ૮૨

જે ભવદ્રુમબીજિકા,
જે પ્રપંચચિત્રભૂમિકા,
વિપરીતજ્ઞાનદીપિકા,
પ્રજ્વલિત જે. ૮૩

તે પરબ્રહ્મે માયા
લવ નથી ધનંજયા,
વસ્તુપ્રભાવ જ ત્યાં
પ્રગટ થાયે. ૮૪

આપણને નિદ્રા આવે,
અને જેમ મુગ્ધ બનાવે,
મોગરો મંદતા આણે
દીપપ્રભાને. ૮૫

સ્વપ્ને જોઈને પ્રિયતમા
આલિંગન તેને આપતાં-
નિદ્રિતને કરે જાગ્રત
સકામ બનાવી તે. ૮૬

તેવી જ સ્વરૂપે માયા
ન જાણવું સ્વરૂપ તે પાર્થા,
થાય છે વૃક્ષને આ
મૂળ પ્રથમ. ૮૭

વસ્તુને પોતાનો અબોધ
તે ઊર્ધ્વમાં જાણ તું કંદ,
વેદાંતે આ જ પ્રસિદ્ધ
બીજભાવ નામે. ૮૮

ઘન અજ્ઞાન સુષુપ્તિ,
બીજાંકુરભાવે ખ્યાતિ,
સ્વપ્ન અને જાગૃતિ
ફળરૂપે ત્યાં. ૮૯

એમ આ વિષયે વેદાંતે
નિરૂપણની ભાષા હોયે,
પણ સાંભળ હવે પ્રસ્તુતે
અજ્ઞાનમૂળ. ૯૦

આત્મા જ ઊર્ધ્વ નિર્મળ,
અધ-ઊર્ધ્વ બન્ને મૂળ—
જ્યાં બંધાય પ્રબળ
માયાયોગ. ૯૧

પછી નીચે નાના દેહાંતર,
ઊઠતા હોય જે અપાર,
ચાર પ્રકારના લઈ અંકુર
જાય વધુ નીચે. ૯૨

એવું ભવદ્રુમનું મૂળ
ઊર્ધ્વમાં થાય પ્રબળ.
ત્યાં અંકુરો સંખ્યાબંધ
લટકે અધોમુખી. ૯૩

ત્યાં ચિરવૃત્તિ પ્રથમ
પાંગર્યું મહત્તત્ત્વ,
સંસારતરુએ કુમળું
પાંદડું. ૯૪

પછી સત્ત્વરજતમાત્મક,
અહંકાર જે ત્રિવિધ એક,
તે ત્રિપર્ણી અધોમુખ
અંકુર ઊગે. ૯૫

બુદ્ધિશાખાને આશ્રયે
ભેદભાવને વધારે,
ત્યાં મનડાળી પાંગરે
હરિત તાજી. ૯૬

આમ મૂળની સુદૃઢતાએ,
અને કુમળા વિકલ્પરસે—
ચિત્ત ચતુષ્ટય ખીલે
અંકુરો લઈ. ૯૭

પછી આકાશ વાયુ દ્યોતક
આપ પૃથ્વી આ પંચક-
મહાભૂતરૂપે સરળ
પ્રગટ થાયે. ૯૮

શ્રોત્રાદિ તન્માત્રા તેમ
અંગે ઊપસ્યા ગર્ભપત્ર,
લળી પડતા વિચિત્ર
કોમળપણે. ૯૯

શબ્દાંકુરે મિલન થાયે
ત્યાં શ્રોત્રેન્દ્રિયો વાધે,
અને કાંડું પ્રગટે
આકાંક્ષાનું. ૧૦૦

અંગત્વચાની રોમવલ્લિ
સ્પર્શાંકુરે દોટ મૂકી-
વધારે નિત્યનૂતન
વિકારો પાર્થ. ૧૦૧

પછી રૂપપત્રો વિસ્તરે,
ચક્ષુને આંગળી ફૂટે,
ત્યારે વ્યામોહ વધે
બુદ્ધિ માંહે. ૧૦૨

અને રસવિષયનાં પત્ર
વેગે વધતાં નાનાવિધ,
જીભમાં આરતના વિશેષ
અંકુરો ઊગે. ૧૦૩

તેમ ઊગેલા ગંધાંકુરે
ઘ્રાણેન્દ્રિય પ્રગટ થાયે-
ત્યારે પ્રલોભને પતન હોયે
સુગંધાસક્તિએ. ૧૦૪

આમ મહત્, અહં, બુદ્ધિ,
મન મહાભૂત સમૃદ્ધિ-
વિસ્તરે સંસાર સુધી
વ્યક્તરૂપે. ૧૦૫

કિંબહુના આ આઠે
અંગોએ પ્રસરતો રહે,
છીપને આકારે ભાસે
રૂપું જેમ. ૧૦૬

અથવા સમુદ્રને વિસ્તારે
જળ તરંગાકારે થાયે,
તેમ બ્રહ્મ હોયે વૃક્ષાકારે
અજ્ઞાનરૂપ. ૧૦૭

હવે એનો જ આ વિસ્તાર,
પોતાનામાં પોતાનો પ્રસાર,
જેમ પોતે જ સ્વપ્ને પરિવાર
થાય એકલો. ૧૦૮

પણ ભલે એ આવું
ભ્રાંતિજન્ય વૃક્ષ ઊપજ્યું,
મહદાદિ જેમાં હોયે
અધોશાખા. ૧૦૯

અને અશ્વત્થ એવા નામે
વિદ્વાનો સંબોધે એને,
તેય તું સાંભળ હવે
કહું છું તને. ૧૧૦

તો અશ્વત્થ તે કહેવાયે
જે કાલ સુધી સ્થિર ન હોયે--
સ્વરૂપ પ્રપંચનું ક્યાંયે
એકસરખું. ૧૧૧

જેમ ન વીતતાં ક્ષણ
મેઘ હોય નાનાવર્ણ,
કાં વીજળી ન ટકે પૂર્ણ
નિમેષ એક. ૧૧૨

ચિર કંપતા પદ્મદલે
જળ ક્યારે સ્થિર ન હોયે,
કાં ચિત્ત અસ્થિર રહે
વ્યાકુળ જનનું. ૧૧૩

તેવી જ આની દશા
ક્ષીણ થાયે ક્ષણોક્ષણા,
એટલે કહેવાય છે આ
અશ્વત્થ બાપ. ૧૧૪

હવે અશ્વત્થ એ નામે
પીપળો જણાય સ્વભાવે,
પણ તે અભિપ્રાય ન હોયે
શ્રીહરિનો. ૧૧૫

વૃક્ષને પીપળ કહેવામાં
જણાય છે અર્થ ઘેરા,
પણ શું છે અહીં પ્રયોજન
લૌકિક અર્થનું. ૧૧૬

એટલે હવે પ્રસ્તુત
ગ્રંથ સાંભળો અલૌકિક,
ક્ષણિકત્વે જ અશ્વત્થ
કહેવાય આ. ૧૧૭

અન્ય આરોપ પણ એક
અવ્યયત્વનો ગંભીર-
હોવા છતાં તે ભીતર
એવો છે પાર્થ. ૧૧૮

જેમ મેઘોને મુખે
સિંધુ ખાલી થતો જાયે,
પણ નદીઓ સદા નાખે
જળ સાગરે. ૧૧૯

તે ભરે ન ખાલી થાયે,
એવો પરિપૂર્ણ કહેવાયે,
જ્યાં સુધી સંયોગ રહે
નદીમેઘનો. ૧૨૦

એવું વૃક્ષનું હોવું-જવું
એમાં ભાસે અખંડપણું,
એ કારણે લોકો કહે
અવ્યય તેને. ૧૨૧

આમ દાનશીલ પુરુષ
વ્યય કરીને સાધે સંચય,
તેમ અખંડ નાશે વૃક્ષ
ભાસે અવ્યય. ૧૨૨

ચાલતાં અતિશય વેગે
દીસે ભૂમિએ ખૂંચાયેલે-
રથનું ચક્ર જે પ્રકારે
તેવું આ છે. ૧૨૩

કાલાતિક્રમે જે સુકાયે,
અને ભૂતશાખા ખરી પડે.
ત્યાં કોટ્યાવધિ પ્રગટ થાયે
અન્ય શાખા. ૧૨૪

એક ક્યારે સુકાઈ,
બીજી ક્યારે પાંગરી-
ન જણાયે જેમ છવાતી
મેઘાવલિ આષાઢે. ૧૨૫

મહાકલ્પને અંતે
સૃષ્ટિનું ઉન્મૂલન થાયે,
પણ ત્યાં જ અન્ય પ્રગટે
સૃષ્ટિનાં અરણ્યો. ૧૨૬

સંહાર વાયુએ પ્રચંડ
પ્રલયાન્તની છાલ ઊતરે,
ત્યાં અન્ય કલ્પો પાંગરે
તાજગીભર્યા. ૧૨૭

મન્વન્તરો હોયે-જાયે,
વંશો પછી વંશ પ્રગટે,
જેમ શેરડી વધતી હોયે
સાંઠે સાંઠે. ૧૨૮

કલિયુગાન્તે સુકાયેલી
ચાર યુગોની છાલ ઉતારી—
ધારણ કરે કૃતયુગની
નવલી કાયા. ૧૨૯

વર્તતું વર્ષ વીતે
ત્યાં નવાનું મૂળ પડે—
દિવસ જાયે કે આવે
જણાય ન ક્યારે. ૧૩૦

પવનની મંદ ગતિયે
જોડ ક્યાંયે ન દેખાયે,
ઊગતી-મટતી ન ગણાયે
શાખાઓ જેમ. ૧૩૧

એક દેહરૂપી ડાળી તૂટે
ત્યાં અસંખ્ય દેહાંકુર ઊગે,
આ કારણે ભવતરુ ભાસે
અવ્યયરૂપ. ૧૩૨

વહેતું પાણી વહે વેગે
ત્યાં બીજું આવી ચડે પ્રવાહે,
તેમ અસ્થિરતાને તીવ્ર વેગે
મનાયે અવ્યય. ૧૩૩

આંખ મીંચીને ઊઘડાયે
ત્યાં કોટિ તરંગો જન્મેમરે,
પણ અજ્ઞાનીને દેખાયે
એક લહર. ૧૩૪

એક કીકીને ઉભય આંખે
કાગડો ચપળતાથી ફેરવે,
તેમાં જગને ભ્રમ ઊપજે
બે આંખનો. ૧૩૫

ભમરડો ગતિયે ચડે
ભૂમિએ ચોંટેલો લાગે,
તેમ અતિશય વેગે નીપજે
ભ્રમ સ્થિરતાનો. ૧૩૬

કિંબહુના ઉગ્ર ગતિયે
અંધારે મશાલ ફેરવાયે—
તે સહજે જ દેખાયે
ચક્રાકાર. ૧૩૭

આ સંસારવૃક્ષ તેમ
મંડાયે-મોડાયે સહજ,
તે ન જાણી અજ્ઞાનવશ
માને અવ્યય. ૧૩૮

પણ એનો વેગ દેખે,
એની ક્ષણિકતાને ઓળખે,
કે કોટિ વેળા એક નિમિષે
હોય ને જાય. ૧૩૯

નથી અજ્ઞાન વિણ મૂળ,
એનું હોવાપણું ભ્રમમૂલક—
એવું સંસારવૃક્ષ નશ્વર
જોયું જેણે— ૧૪૦

તેને જ હે પાંડુસુત,
હું સર્વજ્ઞ કહું છું સુજ્ઞ,
વાગ્બ્રહ્મ સિદ્ધાંત તજ્જ્ઞ
વંદ્ય પણ તે. ૧૪૧

યોગજાતની સર્વ સિદ્ધિઓ
તેને જ ઉપલબ્ધ એમ જાણો,
કિંબહુના જ્ઞાન જીવે
તેને જ લીધે. ૧૪૨

રહેવા દઈએ બહુ બોલવું,
કોણ શકશે તેને વર્ણવવું—
જે ઓળખે ભવતરુનું
નશ્વરત્વ. ૧૪૩

પછી આ જ પ્રપંચરૂપની
અધોશાખ પાદપાતળી,
ડાળીઓ ચડે અસંખ્ય
ઊર્ધ્વગતિયે. ૧૪૪

અર્ધ ખીલેલી ડાળીએ
મૂળિયાં ઊગી નીકળે,
તેના પણ હેઠળ પ્રસરે
વેલપલ્લવ. ૧૪૫

એવું જે અમે
કહ્યું હતું ઉપક્રમે--
તે કહું સુગમ શબ્દે,
સાંભળ હવે. ૧૪૬

તો બદ્ધમૂલ અજ્ઞાને,
મહદાદિકી ઉપકરણે,
વેદોનાં ગહન લઈને
વનઉપવનો. ૧૪૭

પ્રથમ તો સ્વેદજ,
જારજ, ઉદ્ભિજ, અંડજ,
મૂળમાંથી આ મહાભુજ
ઊઠે ચાર. ૧૪૮

એક એક શાખાએ
ચોરાસી લાખ જીવ જન્મે,
તે વેળા જીવો પ્રસરે
અસંખ્યવિધ. ૧૪૯

સરળ શાખાઓ પ્રસરે
નાના સૃષ્ટિઓને રૂપે,
ત્યાં આડનીપજ થાયે
જાતજાતની. ૧૫૦

સ્ત્રી-પુરુષ-નપુંસક
ઇત્યાદિ વ્યક્તિભેદ--
અથડાયે પરસ્પર
વિકારવેગે. ૧૫૧

જેમ વર્ષાકાળે ગગન
આચ્છાદે મેઘો નવીન,
તેમ અજ્ઞાનકાળે આકાર
વધતા રહે. ૧૫૨

પછી શાખાઓ નિજ ભારે
નમીને ગૂંચવાયે પરસ્પર,
ત્યાં ગુણક્ષોભના ઊપજે
વાવંટોળ. ૧૫૩

ત્યારે તે પ્રબળે
ગુણોના ઉગ્ર શોભિ-
ફાંટે ત્રણ વિભાગે
ઊર્ધ્વમૂળ આ. ૧૫૪

એમ જ રજસની લહેરે
વૃદ્ધિ પામતાં સત્વરે-
મનુષ્યજાતિની પાંગરે
વિવિધ શાખા. ૧૫૫

તે ન જાય નીચે કે ઉપરે,
મધ્યભાગે ઘન ગાઢ થાયે,
ત્યાં આડશાખાઓ ઊગે
ચાર વર્ણની. ૧૫૬

ત્યાં વિધિનિષેધ સપલ્લવ
વેદવાક્યોના અભિનવ,
ડોલતા થાયે સુંદર
નિજ વૈશિષ્ટ્યે. ૧૫૭

પ્રસરતા અર્થ ને કામ,
ઇહલોકના વિવિધ ભોગ—
આપનારા ક્ષણિક પદાર્થ
પામે મહત્તા. ૧૫૮

પ્રવૃત્તિ વધારવાને લોભે
શુભાશુભ વધતા જાયે,
વિવિધ કર્મોના ન ગણાયે
તેટલા પ્રકારો. ૧૫૯

તેમ થતાં પ્રારબ્ધક્ષય
ખરી પડે જીર્ણ દેહ,
ત્યાં તત્ક્ષણે જન્મે આવે
દેહો નૂતન. ૧૬૦

અને શબ્દાદિક મનોરમ
સહજે જ ચિત્તરંજક—
નવા નવા વિષયપલ્લવ
નિત્ય પાંગરે. ૧૬૧

એમ પ્રચંડ રજસવેગે
મનુષ્યશાખા અનેકે—
વધે ત્યારે તે કહેવાયે
મનુષ્યલોક. ૧૬૨

તેમ તે રજનો પવન
ઓસરે જ્યાં પળ એક,
ત્યાં વાયે રે ભયંકર
તમ-વાદળ. ૧૬૩

આ જ મનુષ્યશાખાએ
અધોગામી ક્ષુદ્ર વાસના-
ડાળે ડાળે પ્રગટે પાર્થા
કુકર્મો તણી. ૧૬૪

અપ્રવૃત્તિના અતિ તીક્ષ્ણ
અંકુર ફૂટે ત્યાં સરળ,
ત્યાં ઊગે પત્રપલ્લવ
પ્રમાદોનાં. ૧૬૫

જે કહેવાયે નિષેધનિયમ,
જેની ઋચા યજુ ને સામ,
તે પલ્લવ મજાથી ડોલે
અગ્રભાગે. ૧૬૬

જેમ અભિચાર પ્રતિપાદે
આગમો જારણે-મારણે,
તે ત્યાં પ્રસરવા માંડે
વાસના-વેલીએ. ૧૬૭

તેમ તેમ પ્રબળ બને
પાપકર્મોનાં મૂળ તળે,
જન્મશાખા દોટ મૂકે
આગળ ને આગળ. ૧૬૮

ત્યાં ચાંડાલાદિ નિકૃષ્ટ
દોષજાતિયો થાય પુષ્ટ,
તે જાળે ફસાયે કર્મભ્રષ્ટ
અનાયાસે. ૧૬૯

પશુ-પક્ષી-સૂકર,
વ્યાઘ્ર-વૃશ્ચિક-સર્પ,
કે આડશાખા-વિસ્તાર
બને બળવાન. ૧૭૦

પણ આ શાખાએ પાંડવ
સર્વાંગે નિત્યનૂતન
ભોગવવા રહ્યા નરકભોગ
ફળરૂપે. ૧૭૧

અને મુખ્યત્વે હિંસાત્મક
જે કરાવે કુકર્મસંગ-
વધતા રહે જન્મોજન્મ
અંકુર એવા. ૧૭૨

એમ પ્રગટે તરુ ને તૃણ,
લોહ, લોષ્ઠ અને પાષાણ,
તે સર્વ શાખારૂપ જાણ
ફળ પણ તે જ. ૧૭૩

સાંભળ અરે અર્જુન,
મનુષ્યથી માંડીને આગળ-
સર્વ સ્થાવરે એવી થાય
અધોશાખાની વૃદ્ધિ. ૧૭૪

એટલે શાખારૂપ જે મનુષ્ય
તે જ અધોમુખી મૂળ–
જે મનુષ્યમાંથી પ્રસરે
સંસારતરુ. ૧૭૫

આમ ઊર્ધ્વ જોતાં પાર્થ,
અજ્ઞાન તેનું હોય મૂળ,
અને અધોમુખી મધ્યસ્થ
શાખા મનુષ્ય. ૧૭૬

પણ તમસ્ અને સાત્ત્વિક,
સુકૃત કે દુષ્ટતાત્મક,
ઊગી નીકળે આ શાખાએ
અધઊર્ધ્વ બન્ને. ૧૭૭

અને ત્રણે વેદોનાં પલ્લવ
અન્યત્ર ન લાગે અર્જુન,
મનુષ્ય વિના નથી વિષય
તેમના વિધાને. ૧૭૮

એટલે મનુષ્યને શરીરે
ઊર્ધ્વની શાખાઓ પાંગરે,
છતાં ત્યાં જ મૂળિયાં ઊગે
કર્મવૃદ્ધિનાં. ૧૭૯

અને જેમ લૌકિક વૃક્ષે
શાખા વધતાં મૂળ ઊંડે,
ઊંડાં મૂળે શાખા વધે
એવું ચાલે. ૧૮૦

તેમ જ આ દેહવૃક્ષે
દેહસંસાર કર્મને લીધે,
અને વ્યાપાર થઈ આવે
દેહને લીધે. ૧૮૧

એટલે મનુષ્યને દેહે
મૂળ ઊગ્યા વિણ ન રહે–
એવું કહ્યું ધનંજયને
શ્રીજગન્નાયકે. ૧૮૨

પછી તમનું જે દારુણ
શમી જતાં ઉગ્ર તોફાન–
સત્ત્વના છૂટે વાવંટોળ
અતિ અનાવર. ૧૮૩

ત્યારે આ જ આકારે
સુવાસના અંકુર ઊગે–
જેમાંથી પ્રગટવા માંડે
સુકૃતો પાર્થ. ૧૮૪

જ્ઞાનના ઉન્મેષ પ્રગટે,
પ્રજ્ઞાની કુશળતા ઝળકે,
એક પળમાં બધું થાયે
જોતજોતાં. ૧૮૫

સુદૃઢ થાયે સુમતિ,
ઓપ આપે સ્ફૂર્તિ,
બુદ્ધિપ્રકાશ વિવેક ભણી
ધાય વેગે. ૧૮૬

ત્યાં મેધારસે સગર્ભ,
શ્રદ્ધાને પત્રે સરળ,
ઊગી નીકળે અંકુર
સદ્‌વૃત્તિના. ૧૮૭

સદાચારના સહસા
પ્રગટે પ્રકાર ઘણા,
વેદઘોષને રણકારે
વિશ્વ ગુંજે. ૧૮૮

શિષ્ટાગમવિધાને
વિવિધ યાગવિતાને–
જાણે આ પાંગરે
પત્રસમુદાય. ૧૮૯

એવાં યમદમોનાં ઝૂમખાં
તપની ડાળીએ દેખાં,
વૈરાગ્યશાખા આલિંગન
આપે જેને. ૧૯૦

વિશિષ્ટ વ્રતોના ફણગા,
ધૈર્યાંકુરે શોભે તીણા—
સત્વરે થઈને ઊર્ધ્વમુખા
જાય ઉપરે. ૧૯૧

મોહ વેઢાનો પાલો સઘન,
વાગે સુવિદ્યાથી રણઝણ,
જ્યાં સુધી વાયે પ્રબળ
સત્ત્વાનિલ. ૧૯૨

ત્યાં ધર્મની ડાળ વિસ્તરે,
જન્મશાખાઓ સરળ ચડે,
પછી સ્વર્ગફળે જઈ ફાંટે
આડમાર્ગે. ૧૯૩

પછી આસક્તિએ રક્તવર્ણ
ધર્માચરણની ઊગે ડાળ,
ઉપરતિયે મોક્ષાચરણ
પણ ત્યાં વધે. ૧૯૪

રવિચંદ્રાદિ ગ્રહશ્રેષ્ઠ,
પિતૃ ઋષિ વિદ્યાધર,
આ આડશાખાના પ્રકાર
વિસ્તાર પામે. ૧૯૫

એના કરતાંય ઊંચાં
ફળોએ મૂળ ઢાંકેલાં—
ઈન્દ્રાદિક ગહન શાખા
દેખાય પાર્થ. ૧૯૬

પછી તેના ઉપરની ડાળે
તપોધનથી ઉચ્ચ ગણાયે,
મરીચિ-કશ્યપાદિ શાખા
દેખાય જાણ. ૧૯૭

એમ પરસ્પર ઉત્તરોત્તર
ઊર્ધ્વ શાખાઓનો વિસ્તાર,
મૂળે નાનાં, અગ્રે વિશાળ
ફેલફૂપ તરુ. ૧૯૮

વળી ઉપરની શાખા ઉપરે
પાર્થ જે ફળભાર આવે—
તે બ્રહ્મેશ રૂપી તીક્ષ્ણે
અંકુર શોભે. ૧૯૯

ફળોના ભાર વડે
ઉપરથી નીચે નમે—
ત્યાં ફરી સ્પર્શતાં હોયે
વૃક્ષમૂળને. ૨૦૦

પ્રાકૃત વૃક્ષે પણ
ફળોએ લચેલી ડાળ—
નીચે નમીને લટકે
મૂળિયે અરે. ૨૦૧

તેમ જ્યાંથી આ સઘળો
સંસારતરુનો ફેલાવો—
ત્યાં જ આવે પાછો
બ્રહ્મજ્ઞાને. ૨૦૨

એટલે બ્રહ્મેશથી પરે
જીવની ગતિ ન હોયે,
ત્યાંથી પછી આગળે
બ્રહ્મરૂપ. ૨૦૩

ભલે એ એમ હોયે
બ્રહ્માદિક લોક જે—
ન આવે પાર્થ તોલે
ઊર્ધ્વમૂળને. ૨૦૪

અને ઉપરે જે શાખા,
સનકાદિકે વિખ્યાતા,
તે છે ફળમૂળરહિતા
બ્રહ્મસભર. ૨૦૫

એવી મનુષ્ય થકી જાણવી
ઊર્ધ્વે બ્રહ્માદિ પલ્લવી,
શાખાઓની થાય વૃદ્ધિ
પાર્થ ભરપૂર. ૨૦૬

પાર્થ ઊર્ધ્વે બ્રહ્માદિને
મનુષ્યત્વ આદિ જે—
નીચેનાં મૂળો એટલે
કહ્યાં તને. ૨૦૭

એમ તને અલૌકિક
આ અધઊર્ધ્વ શાખ—
નિરૂપ્યું મેં ભવવૃક્ષ
ઊર્ધ્વમૂળ જે. ૨૦૮

નીચેનાં આ મૂળો વિશે
ઉપપત્તિ સહિત કહ્યું તને,
હવે સાંભળ કેમ ઉખેડાયે
અશ્વત્થ એ. ૨૦૯

પણ જો તારા ચિત્તે
કદાચ પાર્થ એવું થાયે—
કે આવડું તરુ ઉખેડાયે
કઈ રીતે. ૨૧૦

કે બ્રહ્મલોક પર્યંત
શાખાઓ ઊર્ધ્વે જાય,
અને મૂળ પણ હોય
નિરાકાર ઊર્ધ્વે. ૨૧૧

આ સ્થાવરનીય તળે
ફેલાવે મધ્યસ્થ ડાળે,
માંહે મૂળ બીજું પ્રગટાવે
મનુષ્યરૂપે. ૨૧૨

એવું ગાઢ અને અફાટ
કોણ એનો આણશે અંત—
આવી ઊઠશે શંકા કદાચ
તારા ચિત્તે. ૨૧૩

આને ઉખેડવા કાજે
શા પ્રયાસ કરવા પડશે,
ચાડિયાને મોકલવો દેશવટે
શું ગીગા કાજે. ૨૧૪

ગંધર્વદુર્ગ શું ભાંગવા,
શું સસલાનાં શિંગડાં તોડવાં,
પ્રફુલ્લે તો જ તોડાયે
ખપુષ્પ કે. ૨૧૫

તેવો સંસાર આ પાર્થ,
નથી વૃક્ષ સાચે જ,
પછી ઉખેડવાનો ભય
સેવીએ કેમ. ૨૧૬

અમે નિરૂપી જે વાત—
મૂળ શાખાની સમસ્ત
તે વાંઝણીનાં અપત્ય
ઘર ભરીને. ૨૧૭

શું કરીએ જાગૃતિએ
સ્વપ્નનું સ્મરણ કરીને—
તેમ જાણ કહાણી એ
સંસારતરુની. ૨૧૮

અમે નિરૂપણ કર્યું તેમ
જો હોયે એ અચળ મૂળ,
જો હશે એ સાચેસાચ
કહ્યું તેવું— ૨૧૯

તો કોણ હશે સમર્થ
કરવા એનું ઉન્મૂલન,
શું ફૂંકણીએ ફૂંકાયે
ગગનનાં અભ્રો. ૨૨૦

એટલે હે ધનંજય,
અમે વર્ણવ્યું મિથ્યારૂપ,
કાચબીનું જેમ ઘૃત
ચીરસીએ પાર્થ. ૨૨૧

અરે મૃગજળનાં તળાવ
દૂરથી નિહાળવા લાયક—
તે જળે ધાન્ય કે કેળ
પાકશે શું. ૨૨૨

મૂળ અજ્ઞાન જ મિથ્યા,
તેના કાર્યની કેવી સત્યતા,
એટલે સંસારતરુ અસત્ય
જાણ પાર્થ. ૨૨૩

અને એનો નથી અંત
એ અર્થ જે કહેવાય—
તે પણ હોયે સત્ય
એક દૃષ્ટિયે. ૨૨૪

જ્યાં સુધી ન જાગૃતિ
નિદ્રા-સત્ય ત્યાં સુધી,
શું નિશાના અંત પહેલાં
ફૂટે પરોઢ. ૨૨૫

તેમ જ્યાં સુધી પાર્થ
વિવેકે ન ભરે ચિત્ત,
ત્યાં સુધી ન થાય અંત
ભવરૂપ અશ્વત્થનો. ૨૨૬

વાતો વાયુ ન શાંત
થઈને રહે નિરાંત—
ત્યાં સુધી અનંત
તરંગિતા જેમ. ૨૨૭

એટલે સૂર્ય જવ આથમે—
મૃગજળનો આભાસ લોપે,
કાં પ્રભા વિલીન થાયે
દીપ હોલવતાં. ૨૨૮

મૂળબીજ અવિદ્યા જાયે
એવું જ્ઞાન જ્યારે પ્રગટ થાયે,
ત્યારે જ અશ્વત્થ લોપે
અન્યથા નહીં. ૨૨૯

તેમ જ આ અનાદિ
અમે કહીએ જે ખ્યાતિ,
તે મિથ્યા પણ નથી
અનુસંધાને. ૨૩૦

જે આ સંસારવૃક્ષે
લવ ન સત્યતા હોયે,
જે નથી તેનું આદિ
કોણ કેવું. ૨૩૧

જે સાચે જ જ્યાંથી ઊપજે
તેને આદિ કહેવું છાજે,
હવે જે છે નહીં તેને
ઉત્પત્તિસ્થાન કેવું. ૨૩૨

એટલે જે ન જન્મે, ન હોયે—
તેની માત કોને કહેવાયે,
એટલે ન હોવાપણાને કારણે
અનાદિ એ. ૨૩૩

વાંઝણીના પુત્રને
જન્મોત્રી કેમ અપાયે,
નભે ભૂમિ નીલવર્ણી
કલ્પાયે કંઈ. ૨૩૪

વ્યોમકુસુમોનું પાંદડ
ડીંટું તોડાય કેમ—
એટલે જે નથી તે ભવને
આદિ કોણ. ૨૩૫

જેમ ઘટનો અભાવ,
ઉત્પત્તિ વિણનો સ્વભાવ,
તેવું સમૂળ વૃક્ષ જાણ
અનાદિ એ. ૨૩૬

અર્જુન આ પ્રકારે
આદિ-અંત નથી એને,
મધ્યે જ આભાસ ભાસે
તે સર્વ મિથ્યા. ૨૩૭

બ્રહ્મગિરિથી ન નીકળે,
જઈને સમુદ્રે ન ભળે,
તોયે વ્યર્થ ચળકયા કરે
મૃગજળ જેમ. ૨૩૮

તેમ આદિ-અંત જેને નથી,
અને ક્યાંયે સત્યતા નથી,
છતાં હોવાપણે ભાસવાની
નવાઈ અહીંયાં. ૨૩૯

નાના રંગે ઓતપ્રોત
દેખાય જેમ ઇન્દ્રધનુષ,
તેમ દેખાય આ સંસાર
અજ્ઞાનીને. ૨૪૦

આમ સ્થિતિની દશાએ
અજ્ઞાનીમાં ભ્રમ ઊપજાવે,
દેખાડે સાપ દોરડીએ
જેમ ગારુડી. ૨૪૧

અને અભાવરૂપ નીલિમા
નભે દેખાય તે દીસે કાં—
તે દેખાવવું પામે અસ્ત
એક પળમાં. ૨૪૨

સ્વપ્નેય ભાસ્યું ખોટું
તે પણ ન રહે એકસરખું;
તેમ ક્ષણિક આભાસ આ
નિરર્થક જાણ. ૨૪૩

જોવા જતાં દેખાયે,
ધરવા જતાં વિલાયે,
વાંદરો સ્થિર ન હોયે
જેમ જળમાં. ૨૪૪

તરંગોનું ઊઠવું-શમવું,
વીજળીનું ઝબૂકવું-મટવું,
એનાથીય ક્ષણિકપણું
ભવાભાસનું. ૨૪૫

જેમ ગ્રીષ્માન્તનો પવન
ન જણાય સન્મુખ કે વિમુખ,
તેવી ન કળાય અવસ્થા
ભવતરુની. ૨૪૬

નથી આદિ, અંત કે સ્થિતિ,
નથી એને રૂપ કાંઈ,
હવે ખટપટ શાની કેવી
ઉન્મૂલને. ૨૪૭

આપણા અજ્ઞાનને કારણે
ભવવૃક્ષ બળવાન દેખાયે,
હવે આત્મજ્ઞાનના ખડગ વડે
કાપી નાખો. ૨૪૮

એક આત્મજ્ઞાન વિના
ઉપાય કરીશ જે નાના,
તે વડે ગૂંચવાઈશ પાર્થ
અધિકાધિક. ૨૪૯

પછી કેટલીય શાખોશાખે
ભમવું પડશે અધોઊર્ધ્વે,
એટલે અજ્ઞાન-મૂળ છેદજે
સમ્યક્જ્ઞાને. ૨૫૦

નહીંતર દોરડીના સર્પને
હણવા લાકડીઓ મેળવાયે--
તે પરિશ્રમ વ્યર્થ જાયે
જે પ્રકારે. ૨૫૧

તરી જવા મૃગજળની ગંગા
નાવડી કાજે લાકડાં મેળવવા--
જતાં ડૂબી જવાય વહેળામાં
ખરેખરના. ૨૫૨

તેમ અભાવરૂપ સંસારને
નિવારવા જતાં પાર્થ જોને—
આત્મવિસ્મરણે ક્રોધ જાગશે
સાધનાના દર્પનો. ૨૫૩

એટલે સ્વપ્નમાંના ઘા કાજે
જાગૃતિ ઔષધ જાણજે,
તેમ અજ્ઞાન-મૂળ ભવ માટે
ખડગ આત્મજ્ઞાન. ૨૫૪

પણ તે વીંઝવા કાજે
વૈરાગ્ય એવો પ્રબળ જોઈએ,
અભંગ અવ્યય બળ
બુદ્ધિમાં. ૨૫૫

આવો વૈરાગ્ય જાગી ઊઠે
ત્યારે ધર્મઅર્થકામ છૂટે,
જેમ શ્વાનનું વમન ત્યજાયે
દૃષ્ટિએ આવતાં. ૨૫૬

આ હદ સુધી પાંડવ
પદાર્થજાત સકળ--
તુચ્છ જણાયે સદંતર
એવો વૈરાગ્ય જોઈએ. ૨૫૭

પછી દેહ અહંતાનાં ત્રિદળ
છૂટતાં લાગે પળ એક--
પ્રત્યક્ બુદ્ધિ ત્યાં પ્રત્યક્ષ
થાયે સ્થિર. ૨૫૮

નિર્દોષ વિવેકસરાણીએ
બ્રહ્માસ્મિ બોધ દૃઢ કરાયે,
પછી પૂર્ણ બોધે રહેવાયે
નિશ્ચળ ભાવે. ૨૫૯

પણ નિશ્ચયનું સુષ્ઠિબળ
જોવું ઘટે એકબે વેળ,
પછી તોળાયે અતિ નિર્મળ
મનન વડે. ૨૬૦

પછી ખડગ અને આપણ
નિદિધ્યાસે થતાં એક,
ઘા કરવા મળે ન અન્ય
આપણા વિના. ૨૬૧

તે આત્મજ્ઞાનનું ખડગ
અદ્વૈત બુદ્ધિ વડે તીક્ષ્ણ-
રહેવા ન દેશે શેષ
ભવતરુને. ૨૬૨

શરદના આગમને પવન
અંબરને કરે નિરભ્ર,
કે ઉદય થતાં સૂર્ય
ગળી જાયે તમ. ૨૬૩

અથવા જાગૃતિની પળે
સ્વપ્ન-સંભ્રમ ઓગળે,
સ્વપ્રતીતિને તીવ્ર પ્રવાહે
લોપશે સંસાર. ૨૬૪

ત્યારે ઊર્ધ્વ કે અધોમૂળ,
કે અધોમુખી શાખાડાળ-
દેખાશે નહીં જેમ મૃગજળ
ચંદ્રપ્રકાશે. ૨૬૫

આ પ્રકારે હે વીરનાથ
આત્મજ્ઞાનનું લઈને ખડગ—
છેદજે આ ભવ-અશ્વત્થ
ઊર્ધ્વમૂળ. ૨૬૬

પછી 'ઇદં'તા જ્યાં ન સ્પર્શે,
જ્યાં 'હું-પણ' સંભવ ન હોયે—
તે રૂપ પોતાનું જોઈએ
પોતે જ આપણ. ૨૬૭

પણ દર્પણને આધારે
એકને બે બનાવાયે,
પછી તેને મૂર્ખો જુએ
તેવું ન કરવું. ૨૬૮

આ જોવું એવું છે વીર
જેમ ન ભાંગતાં કૂપ—
જળનો મૂળ ઉદ્ગમ
જણાય સ્વયંસિદ્ધ. ૨૬૯

અથવા જળ જ્યારે સુકાયે
પ્રતિબિંબ બિંબે સમાયે,
ઘટાભાવે ઘટાકાશ રહે
મહદાકાશે. ૨૭૦

અથવા ઈંધણઅંશ પૂરો થયે
વહ્નિ પોતાનામાં પરતે,
તેવું પોતે જ પોતાને
નીરખવું પાર્થ. ૨૭૧

રસના પોતાનો સ્વાદ ચાખે,
કે ચક્ષુ પોતાની કીકી જુએ,
તેના જેવું જ આ હોયે
આત્મનિરીક્ષણ. ૨૭૨

કાં પ્રભામાં પ્રભા જઈ મળે,
ગગન ગગને જ આળોટે,
અથવા જળને ખોળે રમે
જળ જ પોતે. ૨૭૩

આપણે જ આપણને
જોઈએ અદ્વૈતભાવે,
તે એવું જ ખરેખરે
સાંભળ હવે. ૨૭૪

જે જોયા વિણ જોવાયે,
જાણવા વિના ઓળખાયે,
તે નિજ રૂપ કહેવાયે
આદ્યપુરુષ. ૨૭૫

ત્યાં પણ ઉપાધિને આશ્રયે,
શ્રુતિઓ રસાળ વર્ણન કરે,
અને નામરૂપને આડંબરે
વ્યર્થ શૃંગારે. ૨૭૬

તુચ્છ માની ભવસ્વર્ગને
મુમુક્ષુ વળગે યોગજ્ઞાનને,
આવીશું ન ફરીથી ભવે
એવી પ્રતિજ્ઞા કરી. ૨૭૭

સંસારને ઓળંગીને
વીતરાગ આગળ નીકળે,
વટાવી બ્રહ્મપદને
દોડે આગળે. ૨૭૮

અહંતાદિ ભાવ પોતાના
નિઃશેષ છોડીને સઘળા,
જ્ઞાનીઓ મેળવે સનદ
બ્રહ્મપદની. ૨૭૯

જ્યાંથી આ આવડી
વિશ્વપરંપરા વિસ્તરી,
જેમ આશા અભાગિણી
પાંગરે વ્યર્થ. ૨૮૦

જે વસ્તુ વિશેનું અજ્ઞાન
જગાવે જગતનું જ્ઞાન,
જે જિવાડે અકારણ
હું-તુંનો ભેદ. ૨૮૧

પાર્થ તે વસ્તુ જાણ
આપણું જ મૂળ સ્વરૂપ,
જેમ ઠંડને લાગી ઠંડ,
ઠરી જાય તે. ૨૮૨

હજીયે તેની એક
ઓળખાણ હોયે પાર્થ,
જેનું થતાં એકદા મિલન
પુનર્જન્મ ન સંભવે. ૨૮૩

પણ તેને તેઓ જ મળે
જે જ્ઞાને સર્વત્ર સમ વર્તે,
મહાપ્રલયે જેમ ભરાયે
જળ સર્વત્ર. ૨૮૪

જે પુરુષનું મન
ત્યજી દે મોહમાન,
વર્ષાન્તે જેમ ઘન
ત્યજે ગગનને. ૨૮૫

જેમ દરિદ્ર અને નિષ્ઠુરને
સગાંવહાલાં સદા ઉપેક્ષે,
તેમ વિકારો કદી ન ઢૂંકે
જેના ચિત્તે. ૨૮૬

ફળેલી કેળ પોતે ઉન્મૂલે
તેમ પ્રબળ આત્મલાભે—
જેમનાં કર્મ હળવે હળવે
ખરવા માંડે. ૨૮૭

આગ લાગતાં વૃક્ષે
પક્ષી આમતેમ નાસે,
તેમ વિકલ્પો વિલાયે
નિ:શેષ જ્યાંથી. ૨૮૮

સકળ દોષરૂપી તૃણ
જ્યાં અંકુરે ત્યાં ભૂતળ,
એવી ભેદબુદ્ધિનો સ્પર્શ
નથી જે ચિત્તે. ૨૮૯

થતાં સૂર્યનો ઉદય
નિશા સહજે થાય અસ્ત,
દેહની અહંતા લોપે
તેમ અવિદ્યા નાશે. ૨૯૦

જેમ આયુષ્યહીન જીવને
શરીર છોડી દે ઓચિંતે,
તેમ અજ્ઞાનજન્ય દ્વૈતે
ત્યજાયું જે. ૨૯૧

પારસને ન લોહનું સંકટ,
સૂર્યને ન દીસે અંધકાર,
તેમ દ્વૈતબુદ્ધિનો દુકાળ
સદા જ જ્યાં. ૨૯૨

અરે જે સુખદુ:ખાકાર
દ્વંદ્વો દેહે થાય ગોચર,
તે કદી ન ફરકે નિકટ
જેની કદી. ૨૯૩

સ્વપ્નમાંનું રાજ્ય કે મરણ
ન હોયે હર્ષશોકને કારણ,
જાગ્રત થતાં જેમ
તેમ જાણવું. ૨૯૪

સુખ કે દુ:ખને રૂપે
દ્વંદ્વે પુણ્યપાપ દેખાયે,
તે ન સ્પર્શે, ગરુડને
જેમ સર્પ. ૨૯૫

અને અનાત્મવર્ગનાં નીર
છાંડીને આત્મરસનાં ક્ષીર,
ચરે જે સવિવેક
રાજહંસ તે. ૨૯૬

જેમ વરસાવીને ભૂતળે
પોતાનો જીવનરસ પોતે—
આણે પાછો રશ્મિજાળે
બિંબમાં ભાનુ. ૨૯૭

તેમ આત્મભ્રાંતિને કારણે
વસ્તુ વીખરાયલી બાર વાટે,
તે એકત્ર કરે જ્ઞાનદૃષ્ટિયે
જે અખંડિત. ૨૯૮

કિંબહુના કેવળ આત્મ તણો
નિર્ધાર કરી વિવેક જેમનો—
થાય આત્મે લીન જેમ ગંગા
સિંધુ માંહે. ૨૯૯

સકળે ઊપજતાં આત્મભાવ
લોપાયે સકળ અભિલાષ,
જેમ આકાશ ગતિ ના કરે
નિજ સ્થાનેથી. ૩૦૦

જેમ અગ્નિને ડુંગરે
બીજાંકુર ન નીકળે,
તેમ જેમને મને
વિકાર ન ઊગે. ૩૦૧

જેમ કાઢતાં મંદરાચળ
ક્ષીરાબ્ધિ રહે નિશ્ચળ,
તેમ ન પડે મને સળ
કામોર્મિના. ૩૦૨

સોળે કળાયે સંપૂર્ણ
ચંદ્રમા હોયે પરિપૂર્ણ,
તેમ અપેક્ષાની ઊણપ
ન દેખાય જ્યાં. ૩૦૩

કેટલું કહું, તે અદ્વિતીય,
પવન સામે જેમ રજકણ
ન ટકે, તેમ સર્વ વિષય
ન સ્પર્શે જ્યાં. ૩૦૪

એવા કોઈ જે જે
પાવન થયા જ્ઞાન-હુતાશને,
તે જાયે સમાઈ પરમપદે
હેમમાં જેમ હેમ. ૩૦૫

પરમપદ ક્યાં કયું
પૂછવા ઇચ્છે જો એવું,
તો નાશ નથી એવું
અવિનાશી તે. ૩૦૬

દૃશ્યપણે જોવાયે,
કાં જ્ઞેયત્વે જણાયે,
શબ્દ વડે ચિંધાયે
એવું તે નથી. ૩૦૭

અનેક દીપોને પ્રકાશે,
અથવા ચંદ્રને અજવાળે,
કિંબહુના સૂર્યનાં પણ તેજ
ન દેખાય જે. ૩૦૮

આ સઘળું દેખાવવું
એ જ તેને ન દેખવું,
વિશ્વભાસે, જવ સંતાયે
તે નિજ રૂપમાં. ૩૦૯

જવ છીપપણું વિલાયે
તવ સાચું રૂપું દેખાયે,
કાં દોરડી લોપતાં લાગે
સાપ સત્ય. ૩૧૦

તેમ ચંદ્રસૂર્યાદિ મહાન,
જેનાં તેજ વડે પ્રકાશમાન,
જેનું તેજ છે આધાર
પ્રકાશકત્વે. ૩૧૧

તે વસ્તુ તેજનો રાશિ
સર્વ ભૂતો પ્રતિ સરખો-
ચંદ્રસૂર્યોને અંતરંગે
ઝળકે સદા જે. ૩૧૨

એટલે ચંદ્રસૂર્ય તેજોહીન,
વસ્તુકારણે બને તેજોમય,
એટલે તેજસોમાં જે તેજ
તે વસ્તુનું સ્વરૂપ. ૩૧૩

અને જેના અજવાળે
વિશ્વસહિત ચંડાર્ક લોપે,
સચંદ્ર નક્ષત્રો જેમ
સૂર્યોદય થતાં. ૩૧૪

અથવા પામતાં જાગૃતિ
નાશે શૃંખલા સ્વપ્નની,
કાં સાંજટાણે ઓસરે
મૃગજળ સઘળું.— ૩૧૫

તેમ જે વસ્તુ માંહે
કોઈ પણ આભાસ ન હોયે,
તે મારું નિજ ધામ ગણાયે
સર્વોચ્ચ, પાર્થ. ૩૧૬

જે જે ત્યાં સુધી ગયા
તે ક્યારે ન પાછા ફર્યા,
મહોદધિએ જેમ સમાયાં
જલસ્રોત સઘળાં. ૩૧૭

કાં લવણની કુંજરી
બુડવિયે લવણ-સાગરે;
તે પાછી કદી ન ફરે
ક્યારેય પણ. ૩૧૮

અથવા પ્રવેશતાં અંતરાળે
વહ્નિજ્વાળા ન પાછી ફરે,
કે તપ્ત લોહથી જળ ન પડે
વિખૂટું કદી.— ૩૧૯

તેમ મુજ માંહે સમરસ
જે થયાં જ્ઞાને એકરસ,
તેમનું પુનરાવર્તન
સંભવિત નથી. ૩૨૦

ત્યાં પ્રજ્ઞા પૃથ્વીનો પતિ
પાર્થ કહે જી શ્રીપતિ,
મારી છે એક વિનંતી
પ્રસાદ લાધ્યા પછી. ૩૨૧

દેવ જોડે એકરૂપ થાયે
અને જે પાછા ન ફરે,
તે દેવ થકી ભિન્ન હોયે
કે અભિન્ન. ૩૨૨

જો ભિન્ન તે અનાદિ સિદ્ધ
તો ન પરતે એ અસંબદ્ધ,
પુષ્પે રમનારા ષટ્પદ
શું થાય પુષ્પ. ૩૨૩

લક્ષ્યથી જે ભિન્ન હોયે,
લક્ષ્યને સ્પર્શીને જે પડે,
તે બાણ જેવાં ફરતાં હશે
નિશ્ચયે પાછાં. ૩૨૪

અથવા તું જ તે સ્વભાવે,
ત્યાં કોનામાં કોણ પ્રવેશે,
શસ્ત્ર કેમ ખોસી લેશે
પોતાને જ પોતે. ૩૨૫

એટલે જે તુજથી અભિન્ન
તેમને ન સંયોગ-વિયોગ,
જેમ અવયવો નથી ભિન્ન
દેહથી કદી. ૩૨૬

અને જે તુજથી સદા ભિન્ન
તેમનું શક્ય નથી મિલન,
એટલે મળીને પાછા ન ફરે
એ વાત વ્યર્થ. ૩૨૭

તો કોણ છે જે તુજને
પાછા ન ફરે મળીને,
એ વિશ્વતોમુખ મુજને
સમજાવશો જી. ૩૨૮

અર્જુનના આ આક્ષેપે
સર્વજ્ઞ શિરોમણિને—
તોષ થયો જોઈને
બોધ શિષ્યનો. ૩૨૯

પછી કહે હે મહામતિ,
મને મળતાં નથી અન્ય ગતિ,
તે ભિન્નાભિન્ન પ્રકારથી
યુક્ત મુજથી. ૩૩૦

જવ વિવેકે સૂક્ષ્મ જોઈએ
તવ હું તે જ તે સ્વભાવે,
જોવાય જો છીછરી દૃષ્ટિએ
તો અભિન્ન ભાસે. ૩૩૧

જેમ જળાશયે અળગા
દેખાય તરંગો કલ્લોલતા,
પણ હોય તે વસ્તુતઃ
જળ જ સર્વ. ૩૩૨

કાં સુવર્ણથી ભિન્ન
દેખાયે અલંકાર આન,
પણ વિચારતાં સુવર્ણ
સકળ શુદ્ધ. ૩૩૩

તેમ જ્ઞાન તણી દૃષ્ટિયે
પાર્થ મુજથી અભિન્ન તે,
ભિન્નતાનો ભાસ ઊમટે
અજ્ઞાન વડે. ૩૩૪

અને કરીયે જો વસ્તુવિચાર–
કેમ સંભવે બીજો પ્રકાર,
ક્યાંથી ભિન્નાભિન્ન વ્યવહાર
થાશે એકમાં. ૩૩૫

સકળ આકાશ ગળીને ઉદરે
એક બિંબ જો સર્વમાં વ્યાપે,
તો પ્રતિબિંબ ક્યાં ઊમટશે
સંચરશે રશ્મિ. ૩૩૬

કલ્પાંતના જળબંબાકારે
શું જળપ્રવાહો જળ નાખે,
કેવા મુજ અવયવરહિતે
અંશ પાર્થ. ૩૩૭

જેમ પ્રવાહને કારણે
જળ વાંકુંચૂકું દેખાયે,
સૂર્યને બીજાપણું આવે
જળસંયોગે. ૩૩૮

વ્યોમે વર્તુળ કે ચતુષ્કોણ–
એ કેમ સંભવશે આકાર,
પણ ઘટે કે મઠે વીંટળાયે
તવ ભાસે તેવું તે. ૩૩૯

અરે શું નિદ્રાને આધારે
એકલો જ જગે ન વ્યાપે,
સ્વપ્નમાં નિજને જુએ જ્યારે
સમ્રાટરૂપે. ૩૪૦

કાં મેળવતાં હીન ધાતુ
વિવિધ કસનું થાય સોનું,
તેમ નિજ માયાએ વીંટળાઉં
સ્વયંશુદ્ધ હું. ૩૪૧

ત્યારે અજ્ઞાન રૂઢ થાયે,
હું કોણ–નો વિકલ્પ ઊઠે,
પછી વિવરણ કરીને કહે
હું દેહ છું. ૩૪૨

એમ દેહ-અહંતાને લીધે
જ્ઞાનરૂપ આત્મા વિખૂટો પડે,
ત્યારે દેખાયે મર્યાદાવશે
મુજ અંશ સમો. ૩૪૩

અથવા સમુદ્ર વાયુવશે
તરંગાકાર થઈ ઉલ્લસે,
તવ સમુદ્રનો અંશ ભાસે
તરંગ નાનો. ૩૪૪

તેમ જડને જિવાડતો,
દેહની અહંતા નીપજાવતો,
હું જ ભાસું જીવ સમો
જીવલોકે. ૩૪૫

એટલે જીવનો બોધ કરનારો
ઇન્દ્રિય-વ્યવહાર આ જેટલો,
તે જીવલોક શબ્દનો
જાણવો અભિપ્રાય. ૩૪૬

અરે ઊપજવું ને મટવું
એને જ સત્ય સમજવું,
તે જીવલોકને હું કહું
સંસાર પાર્થ. ૩૪૭

એ રીતે જીવલોકે
તું જોજે એવો મને,
હોવા છતાં ચંદ્ર ઉદકે
જેમ ઉદકાતીત. ૩૪૮

અરે સ્ફટિકનો કટકો
જો કુમકુમે નખાયો,
તો ભાસવા છતાં લાલ
યથાર્થે નથી. ૩૪૯

તેમ અનાદિતા ન ભાંગે,
અક્રિયતા જરા ન મોડે,
કર્તાભોક્તાપણું જે દેખાયે
તે જાણ ભ્રાંતિ. ૩૫૦

કિંબહુના આમાં વિશુદ્ધ
થઈને પ્રકૃતિથી અભિન્ન,
લગાડે પ્રકૃતિધર્મ જંજાળ
પોતાની પાછળ. ૩૫૧

મનસહિત સકળ ઇન્દ્રિયો
કરે શ્રોત્રાદિ પ્રકૃતિનાં કાર્યો,
તે પોતાનાં માનીને થાયે
વ્યાપારારૂઢ. ૩૫૨

સ્વપ્ને જેમ પરિવ્રાજક
પોતે જ થાય પરિવાર,
થઈને તેમના મોહે અંધ
સ્વપ્ને જ દોડે. ૩૫૩

તેમ પોતાની વિસ્મૃતિએ
પોતે જ પ્રકૃતિરૂપ થાયે,
અને પોતે જ તેને આરાધે
આસક્તભાવે. ૩૫૪

મનના રથે આરૂઢે,
શ્રવણને દ્વારે નીકળે,
પછી શબ્દોના પ્રવેશે
ઘોર અરણ્યે. ૩૫૫

ધારે પ્રકૃતિરૂપ લગામ,
પકડે ત્વચેન્દ્રિયનો માર્ગ,
અને સ્પર્શ તણા પ્રવેશ
સઘન બને. ૩૫૬

કોઈ એક વેળાએ
પ્રવેશે નેત્રોનાં દ્વારે,
પછી રૂપના પર્વતશિખરે
રઝળ્યા કરે. ૩૫૭

અથવા રસનાને માર્ગે
હે સુભટ તે નીકળે,
રસની ભરવા મથે
અતલ ખીણ. ૩૫૮

અથવા આ ઘ્રાણેન્દ્રિયે
મદાંશ નીકળવા માંડે,
અને દારુણ વટાવે
ગંધનાં વનો. ૩૫૯

એ રીતે દેહેન્દ્રિય-નાયક
પંપાળીને મનને નિકટ,
શબ્દાદિ ભોગવે વિષય
દેહને પોષવા. ૩૬૦

પણ કર્તાભોક્તાપણે
જીવત્વ ત્યારે દેખાયે—
જ્યારે શરીરમાં પ્રવેશે
કોઈ એકે. ૩૬૧

જેમ ધનિક અને વિલાસી
રાજા છે એવી માહિતી—
રાજનગરીએ વસતાં થાયે
અચૂક પાર્થ. ૩૬૨

તેમ અહંકર્તૃત્વનો મદ,
કાં વિષયેન્દ્રિયોનો દર્પ—
ત્યારે જ જણાય સુનિશ્ચિત
જ્યારે અવાય દેહે. ૩૬૩

અથવા શરીરને જ્યારે ત્યજે
ઇન્દ્રિયોના સમુદાય ત્યારે,
પોતાને જ સંગે
લઈને જાય. ૩૬૪

જેમ અપમાનિત અતિથિ
હરણ કરે સુકૃત-સંપત્તિ,
કાં કઠપૂતળીઓની ગતિ
હોય સૂત્રાધીન. ૩૬૫

અથવા આથમતો આદિત્ય
હરણ કરે જનોનાં દર્શન,
કિંબહુના હરે પવન
સૌરભ જેમ. ૩૬૬

તેમ મનસહિત સકળ
ઇન્દ્રિયોનું કરે હરણ,
દેહરાજ પોતે જાણ
પ્રયાણકાળે. ૩૬૭

પછી ઇહલોકે કે સ્વર્ગે—
જ્યાં જ્યાં જેવો દેહ મળે,
ત્યાં ત્યાં ઇન્દ્રિયો સ્વીકારે
મનસહિત સર્વ. ૩૬૮

જેમ હોલવતાં દીપક
પ્રકાશ જાયે પ્રભાસહિત,
અજવાળતાં ફરે પાછો
પ્રભાને લઈને. ૩૬૯

આવાં આવાં કારણોથી
અવિવેકી લોકોની દૃષ્ટિ-
આ પ્રમાણે થાય માનતી
હે પાંડવ— ૩૭૦

કે આત્મા દેહમાં જન્મે,
અને આત્મા વિષય ભોગવે,
અથવા દેહમાંથી આત્મા જાયે-
એ બધું સાચું. ૩૭૧

વસ્તુતઃ આવવું કે જવું,
કરવું અથવા ભોગવવું,
પ્રકૃતિગત આ સઘળું
માની લે પોતાનું. ૩૭૨

પણ દેહ તૈયાર થયે
ચેતના ત્યાં સળવળે,
તે સળવળવાને લીધે
કહે 'આવ્યો.' ૩૭૩

તેમ તેની સંગતિએ
ઇન્દ્રિયો નિજ અર્થે પ્રવર્તે,
સુભદ્રાપતિ તે કહેવાયે
ચેતનનું ભોગવવું. ૩૭૪

પછી ભોગક્ષીણ આપમેળે
દેહ પડે, ચેતના ન દીસે-
ત્યારે ગયો ગયો કહીને
રડવા માંડે. ૩૭૫

વૃક્ષ ડોલતું દેખાયે
ત્યારે જ વાયુ વાતો હોયે,
તરુનું ડોલવું શમતાં ન હોયે
પવન શું પાંડવ. ૩૭૬

કાં અરીસો સન્મુખ રાખીએ
અને પોતાને તેમાં જોઈએ,
ત્યારે જ જન્મ્યા એવું માનીએ
તે પહેલાં નથી. ૩૭૭

અથવા તે બાજુએ મૂકતાં,
લોપ થયાનો ભાસ થતાં,
આપણે નથી શું એવો
કરીએ નિર્ણય. ૩૭૮

શબ્દગુણ આકાશનો
કહેવાય છે મેઘનો,
કે આરોપીએ વેગ અભ્રનો
ચન્દ્ર ઉપરે. ૩૭૯

તેમ દેહ જન્મે ને મરે
ત્યાં અવિભાજ્ય આત્મસત્તાએ-
આરોપ કરે તે અવિચારે
થયા છે અંધ. ૩૮૦

અરે આત્મા આત્મસત્તામાં;
દેહના ધર્મો દેહમાં;
એ જે જોવું તે જ સાચું
સમજવું પાર્થ. ૩૮૧

જેમની દૃષ્ટિ આત્મજ્ઞાને;
દેહની ખોળે ન અટવાયે;
સૂર્યરશ્મિ અણિયાળાં
જેમ ગ્રીષ્મે. ૩૮૨

તેમ આત્માનાત્મ-વિવેકે
જેમની સ્ફુરણા સ્વરૂપે રહે,
તે જ્ઞાની આત્માને જુએ
આ પ્રકારે. ૩૮૩

જેમ તારાંગણે ભર્યું
ગગન સમુદ્રે દેખાયું,
તોયે નથી તૂટી પડયું
એમ જાણે. ૩૮૪

ગગન ગગને જ રહે,
જળમાંનું મિથ્યા હોયે,
તેમ દેખાવા છતાં દેહે
આત્મા છે ભિન્ન. ૩૮૫

ખળખળતા પ્રવાહને સ્પંદને
ચાંદની હાલતી દેખાયે,
સ્પંદનો ચીરીને જોવાયે
તો ચાંદની સ્થિર ચંદ્રમાં. ૩૮૬

ખાબોચિયું ભરાયે ને સુકાયે,
સૂર્ય જેમનો તેમ હોયે,
દેહ તેમ જન્મે ને મરે
આત્મા અવિનાશી. ૩૮૭

ઘટ કે મઠ ઘડાયે,
અને પછી તે ભંગાયે,
પણ ગગન રહે ગગને
ભાવરૂપે. ૩૮૮

તેમ અખંડ આત્મસત્તાએ,
અજ્ઞાનદૃષ્ટિની કલ્પનાએ,
દેહો જન્મે અને લોપે
એવું તે જાણે. ૩૮૯

ચૈતન્ય વધે ન તે ઘટે,
કાંઈ ન કરે કે કરાવે,
એવું નિર્મળ આત્મજ્ઞાને
જાણે જ્ઞાની. ૩૯૦

અને જ્ઞાન પ્રાપ્ત થશે,
પ્રજ્ઞા પરમાણુ પણ ગણશે,
સકળ શાસ્ત્રોનો આવશે
સાર હાથે. ૩૯૧

પણ સાધવા છતાં વ્યુત્પત્તિ
જો ચિત્તે ન ઊગે વિરક્તિ,
તો મુજ સર્વાત્મકથી
થાયે ન મિલન. ૩૯૨

મુખેથી વદે બ્રહ્મવિચાર,
અંતઃકરણ વિષયોથી સભર,
તો હું ન મળું ધનુર્ધર
ત્રિ વાર સત્ય. ૩૯૩

સ્વપ્ને ગ્રંથનો પાઠ કરાયે
તેથી શું ભવનાં બંધન તૂટે,
કે પોથીએ હાથ ફેરવતાં
થાયે અધ્યયન. ૩૯૪

અથવા આંખે પાટો બંધાયે
અને ઘ્રાણે મુક્તાફળો મુકાયે,
તેનાથી શું ભાન થશે
મુક્તાના મોલનું. ૩૯૫

તેમ અહંકાર ભર્યો ચિત્તે
ને સકળ શાસ્ત્રો ગોખાય વાચે,
એવા કોટિ જન્મો ભલે જાયે
તે ન પામે મને. ૩૯૬

જે હું એક જ સમસ્તે
વ્યાપક રહું ભૂતજાતે,
તે હવે સમજાવું તને
વ્યાપ્તિ મારી. ૩૯૭

તો સૂર્યસહિત સકળ
જે વિશ્વરચના દેખાય,
તે જાણવું મારું તેજ
આદિઅંતરહિત. ૩૯૮

જળ શોષી લે સવિતા
ત્યાં સિંચે જે આર્દ્રતા—
તે ચંદ્રમાની ચિરસુધા
દીપ્તિ મારી. ૩૯૯

અને દહન-પાચન-સિદ્ધિ
કરાવી રહે જે નિરવધિ—
તે હુતાશને તેજોવૃદ્ધિ
મારી જ જાણ. ૪૦૦

હું પ્રવેશ્યો છું ભૂતળે
એટલે સમુદ્રના મહાજળે—
માટીના ઢેફા સમી ન ઓગળે
આ વસુંધરા. ૪૦૧

અને ભૂતજાત ચરાચર
ધારણ કરે જે અપાર—
તે હું જ કરું ધારણ
ભૂમિએ પ્રવેશીને. ૪૦૨

ગગને હું પાંડુસુત
ચંદ્રને રૂપે અમૃત-
તણું છું સરોવર
ચાલતું અરે. ૪૦૩

ત્યાંથી પ્રસરે રશ્મિકર
અનેકવિધ ને અપાર,
સર્વ ઔષધિનો ભંડાર
જે ભરી રહે. ૪૦૪

આમ જ ધાન્યાદિકે
કરું વિપુલતા હું સઘળે,
આપું જીવન અન્ન દ્વારા
ભૂતજાતને. ૪૦૫

અને નીપજેલું અન્ન
તેનું કેવું દીપન-પાચન,
જે આરોગી સમાધાન
ભોગવે જીવ. ૪૦૬

એટલે પ્રાણીજાતને ઘટે
પ્રગટાવી અગ્નિકુંડ નાભિકંદે—
જઠરાગ્નિએ દીપ્તિરૂપે
હું જ પ્રવર્તું. ૪૦૭

પ્રાણાપાનની ફૂંકણીએ
ફૂંકી ફૂંકીને અહોરાત્રે—
પચન કરું અગણિતે
ઉદર માંહી. ૪૦૮

શુષ્ક અથવા સ્નિગ્ધ,
સુપક્વ કે વિદગ્ધ,
પણ હું જ ચતુર્વિધ
પચાવું અન્ન. ૪૦૯

આમ હું જ સકળ જન,
તેમને જિવાડતું હું અન્ન,
જીવનનું મુખ્ય સાધન
અગ્નિ પણ હું. ૪૧૦

એથી વધારે કાંઈ
કહેવી વ્યાપ્તિની નવાઈ,
અહીં અન્ય ન કોઈ
હું જ સર્વત્ર. ૪૧૧

તો પછી કયા કારણે
એક સદા સુપ્ત દેખાયે,
એક નિત્ય દુઃખમાં હોયે
પીડિત પ્રાણી. ૪૧૨

જેમ સંપૂર્ણ નગરે
એક દીપે દીવાઓ પ્રગટાયે,
તો કોઈ પ્રગટે, કોઈ રહે
એવું થાય શું. ૪૧૩

એવો કદાચ ઊહાપોહ
કરે તારું માનસ—
તો કરું નિરસન
સાંભળ હવે. ૪૧૪

સર્વ કાંઈ હું જ હોઉં
એને ન મિથ્યા માનવું,
પણ પ્રાણીઓને દેખાઉં
તેમની બુદ્ધિ પ્રમાણે. ૪૧૫

જેમ એક જ આકાશધ્વનિ
ભિન્ન ભિન્ન બને વાદ્યવિશેષી—
વગાડતાં પ્રગટાવે પાર્થ
નાદનાદાંતરે. ૪૧૬

વિવિધ લોકચેષ્ટા કરાવે
જોકે ભાનુ એક જ ગગને-
તે જુદા જુદા હેતુ પૂરે
સકળ લોકના. ૪૧૭

નાનાં બીજ ધર્માનુરૂપ
વૃક્ષો ઊપજાવે આપ,
તેવું પરિણમે મારું સ્વરૂપ
જીવમાત્રને. ૪૧૮

અરે અજ્ઞ અને સુજ્ઞને
બે સરી નીલમણિ દેખાયે,
અજ્ઞ સર્પભાસે દુઃખી,
સુખી સુજ્ઞ સત્ય જાણીને. ૪૧૯

એ ભલે સ્વાતિનું ઉદક,
છીપે મોતી, સર્પમાં વિષ,
તેવો સુજ્ઞને હું સુખરૂપ,
દુઃખમય અજ્ઞાનીને. ૪૨૦

આમ સર્વને હૃદયપ્રદેશે
હું અમુક છું એ સ્વરૂપે--
જે બુદ્ધિ અખંડ સ્ફુરે
તે વસ્તુ હું છું. ૪૨૧

પણ સંત સંગે બેસીને
યોગજ્ઞાને પ્રવેશીને,
ગુરુચરણ ઉપાસીને--
વૈરાગ્યભાવે. ૪૨૨

એ જ સર્વ સત્કર્મે
અશેષ અજ્ઞાન વિરમે,
જેમનું હુંપણું વિસામે
આત્મરૂપે. ૪૨૩

તે પોતે જ પોતાને જુએ
ત્યાં આત્મરૂપ મુજને પામે,
અહીં મુજ વિણ ન હોયે
અન્ય હેતુ. ૪૨૪

અરે સૂર્યનો ઉદય થતાં
સૂર્ય વડે જ સૂર્ય જોવા,
તેમ મુજ વડે મને જાણવા
હું જ હેતુ. ૪૨૫

દેહાસક્તને સેવતા,
સંસાર-ગૌરવ સાંભળતા,
દેહમાં જેમની અહંતા
ડૂબી રહે. ૪૨૬

તે સ્વર્ગ-સંસાર કાજે
દોડતા રહે કર્મમાર્ગે,
દુઃખની પરાકાષ્ઠા ભોગવે
અનાયાસે. ૪૨૭

આ પણ થવું હે અર્જુન,
મારે લીધે જ છે અજ્ઞાન,
જેમ જાગ્રત જ કારણ
નિદ્રા કે સ્વપ્નનું. ૪૨૮

વાદળાં છવાતાં દિવસ ડૂબે
તે જણાયે દિવસને કારણે,
તેમ મને ભૂલીને વિષય જોવાયે
મારે લીધે જ ભૂતો. ૪૨૯

આમ નિદ્રા કે જાગૃતિને
પ્રબોધ મૂક કારણ જણાયે,
તેમ જીવોનાં જ્ઞાન કે અજ્ઞાને
હું જ મૂળ. ૪૩૦

જેમ સર્પત્વે કે દોરડીએ
દોરો જ મૂળ કારણ હોયે,
તેમ જ્ઞાન કે અજ્ઞાનને
હું જ નિમિત્ત. ૪૩૧

એટલે જેવો હું તેવાને
ધનંજય મને ન જાણીને,
વેદ જ્યારે કહેવા ગયા
ત્યારે થયા વિવિધ. ૪૩૨

તો તે શાખાભેદો વડે
ત્રિ વાર હું જ જણાયે,
જેમ પૂર્વાપર નદીઓ મળે
એક સાગરે. ૪૩૩

અને મહાસિદ્ધાંત પાસે
શ્રુતિની વાણી ખોવાયે,
જેમ ગંધયુક્ત લોપાયે
પવન ગગને. ૪૩૪

તેમ સકળ શ્રુતિજાત
લજ્જાવશ થાયે શાંત,
ત્યારે હું જ પાછો યથાવત્
કરું પ્રગટીને. ૪૩૫

પછી અશેષ શ્રુતિ સહિત
જગ લોપાયે જ્યાં નિઃશેષ,
તે વિમલ આત્મજ્ઞાન
જાણું પણ પોતે જ. ૪૩૬

જેમ સૂતેલો જાગી ઊઠે
ત્યાં સ્વપ્નનું દ્વૈત લોપે,
પણ પોતાનું એકત્વ જુએ
પોતે જ તે. ૪૩૭

તેમ પોતાનું અદ્વયપણ
હું જાણું દ્વિતીયત્વ વિણ,
અને તે બોધને પણ
હું જ જાણું. ૪૩૮

કર્પૂરને અડતાં અગ્નિ,
વૈશ્વાનર કે કાજળી,
ન રહે શેષ પાર્થ,
તે પ્રકારે. ૪૩૯

જવ સમૂળ વિદ્યા ખાયે
તવ જ્ઞાન નિઃશેષ થાયે,
ત્યારે ન હોવું જેમ ન હોયે
તેમ ન રહે હોવાપણું. ૪૪૦

માર્ગસહિત વિશ્વને લૂંટે
તે ચોરને કોણ ક્યાં પકડે,
તેવી જે દશા હોયે
તે શુદ્ધ સત્ત્વ હું. ૪૪૧

એવી જડાજડ વ્યાપ્તિ
વર્ણવવા જતાં શ્રીપતિ—
પોતાના નિરૂપાધિક રૂપે
પ્રતિષ્ઠા કરે. ૪૪૨

તે સકળ બોધ સહજે
અર્જુનમાં કેવો પ્રગટે,
વ્યોમ તણો ચંદ્ર ઊમટે
જેમ ક્ષીરસાગરે. ૪૪૩

કાં સામેની નિર્મળ ભીંતે
આ ભીંત તણું ચિત્ર ઊમટે,
તેમ અર્જુને અને વૈકુંઠે
બોધ વિલસે. ૪૪૪

આવો છે વસ્તુસ્વભાવ
કે ભાવતાં ચિત્ત સ્થૈર્ય—
એટલે અનુભવીઓમાં શ્રેષ્ઠ,
અર્જુન કહે. ૪૪૫

જી, વર્ણવતાં વ્યાપકપણ
જે હમણાં જ નિરૂપાધિક-
સ્વરૂપ કહ્યું દેવ,
પ્રસંગવશ. ૪૪૬

તે એક વેળા અવ્યંગ,
કરજો પ્રભુ વિશદ,
ત્યાં કહે દ્વારકાનાથ
ભલું પૂછ્યું. ૪૪૭

પાર્થ અમનેય લાડકૌતુકે
નિજ રૂપ વર્ણવવું ગમે,
પણ શું કરીએ ના મળે
પૂછનાર કોઈ. ૪૪૮

આજે મનોરથ સફળ—
તું મળી આવ્યો એક વેળ,
જે હૈયાદાઝે નિર્મળ
પૂછતો થયો. ૪૪૯

અદ્વૈત લાધ્યા પછી ભોગવાયે,
અનુભવ માણવામાં સહાય કરે,
તે પૂછીને તું મારું મને
આપે છે સુખ. ૪૫૦

જેમ અરીસો રાખતાં સન્મુખ
આપણને દેખાય આપણાં નયન,
તેમ સંવાદ આપનારાઓનો
તું શિરોમણિ. ૪૫૧

અજ્ઞાનવશ તારે પૂછવું,
મારે સમજાવવા બેસવું,
આ પ્રયોજન નથી એવું,
સ્વજન મારા. ૪૫૨

એવું કહીને આપ્યું આલિંગન,
કૃપાદૃષ્ટિયે કર્યું અવલોકન,
પછી શું કહ્યું હવે
અર્જુન પ્રતિ. ૪૫૩

બે અધરે એક જ બોલવું,
બે ચરણે એક ચાલવું,
પૂછવું-નિરૂપવું તેવું
તારું-મારું. ૪૫૪

આમ અહીં તારે-મારે
જોવો રહ્યો અર્થ એક જે—
વક્તા ને શ્રોતા હોયે
બન્ને એક જ. ૪૫૫

એવું બોલતા થયા સ્નેહવશ
મનમાં જ આપીને ફરી આલિંગન,
પછી કહે સમયે અનુચિત
આવો પ્રેમ. ૪૫૬

જો ઇષ્ટ હશે શેરડીરસનો ઉતાર
તો તેમાં લવણ ન નખાય,
તેમ સંવાદસુખે પ્રગટતાં પ્રેમ
રસભંગ થાશે. ૪૫૭

મૂળમાં જ અમારે અને એને
ભેદ નથી નર-નારાયણને,
પણ હવે શમો મુજ માંહે
વેગ મારો. ૪૫૮

આ બુદ્ધિની જાગૃતિએ
શ્રીકૃષ્ણ કહે પાર્થને,
કેવો હતો તારો કહે
પ્રશ્ન હવે. ૪૫૯

શ્રીકૃષ્ણે ઐક્ય પામતો હતો
તે અર્જુન સહસા ફર્યો પાછો,
એકાગ્ર થઈ સાંભળવા લાગ્યો
પ્રશ્નાવલિ. ૪૬૦

ગદ્‌ગદ થઈને તે બોલે,
અહો જી જી કહ્યું પાર્થે,
નિરૂપાધિક તમારું જે
તે રૂપ કહેજો. ૪૬૧

ત્યારે શ્રીસારંગધરે
તે જ નિરૂપવા કાજે,
ઉપાધિ જે ઉભય ભાગે
તે કરી વિશદ. ૪૬૨

પૂછયું હતું નિરૂપાધિક
ત્યાં કેમ ઉપાધિ-નિરૂપણ,
એવું જો થાય પ્રસ્તુત
માનસે કોઈના. ૪૬૩

છાશને જુદી પાડવી
માખણ કાઢવાની ક્રિયા કહેવી,
સુવર્ણની કરવા શુદ્ધિ
વીણાયે હીન. ૪૬૪

શેવાળ કરતાં દૂર
જળ સ્વભાવે જ નિર્મળ,
અભ્રો વિલાતાં સહજ
ચિરશુદ્ધ ગગન. ૪૬૫

ઉપરનાં છોડાંનાં આવરણ
ઝાપટીને કરાતાં અલગ,
ધાન્ય થાયે હસ્તગત
પ્રતિબંધ વિના. ૪૬૬

તેમ ઉપાધિ કે તેનો આધાર
સિદ્ધ ન થાયે કરતાં વિચાર,
તે અંતિમ દશા હોય સહજ
નિરૂપાધિક. ૪૬૭

જેમ કશું જ ન બોલીને
નવવધૂ પતિનો સંકેત કરે,
શુદ્ધ મૌન થઈને વર્ણન કરે
અનિર્વચનીયનું. ૪૬૮

જે વાણીનો વિષય ન હોયે
તેનું નિરૂપણ આવું હોયે,
ઉપાધિનું લક્ષણ એટલે
કહ્યું પ્રથમ. ૪૬૯

પડવાની સૂક્ષ્મ ચંદ્રરેખા
દેખાડવા દેખાડે શાખા,
તેમ નિરૂપાધિક દેખાડવા
વર્ણન ઉપાધિનું. ૪૭૦

પછી પ્રભુ કહે સવ્યસાચી
જુએ આ સંસારનગરની—
વસતિ ખરેખર નાની
માત્ર બે પુરુષની. ૪૭૧

જેમ સંપૂર્ણ ગગને
દિવસ ને રાત્રિ મહાલે—
સંસાર-રાજધાનીએ
તેમ આ બન્ને. ૪૭૨

ત્રીજો પણ પુરુષ રહે
જે બન્નેનું નામ ન સહે,
જાગ્રત થતાં ગળી જાયે
જે ઉભયને. ૪૭૩

પણ તેની વાત રહેવા દઈએ,
પ્રથમ બન્નેની કથા કહીએ,
જે આવ્યા સંસારગામે
નિવાસ કરવા. ૪૭૪

એક આંધળો પંગુ અજ્ઞ,
બીજો સર્વાંગે જ સંપૂર્ણ,
પણ ગ્રામનિવાસે સંગ
ઘડે ઉભયનો. ૪૭૫

તેમાં એકનું નામ ક્ષર,
બીજો કહેવાયે અક્ષર,
આ બન્ને વડે જ સંસાર
ભર્યોભાદર્યો. ૪૭૬

હવે ક્ષર તે કવણ,
અક્ષરનાં શાં લક્ષણ,
આ અભિપ્રાય સંપૂર્ણ
કહીશ તને. ૪૭૭

મહત્ અહંકારથી માંડીને
તૃણના અગ્ર પર્યંતે—
ધનુર્ધર જે જે પ્રવર્તે
ઇહલોકમાં. ૪૭૮

જે જે લઘુ કે વિશાળ,
જંગમ અથવા સ્થાવર,
કિંબહુના જે ગોચર
મનબુદ્ધિને. ૪૭૯

જે પંચમહાભૂતોથી ઉત્પન્ન,
જે નામરૂપે થયું કેદ,
જે ગુણત્રયોની સાંપડયું
ટંકશાળમાં. ૪૮૦

ભૂતાકૃતિનાં નાણાં
જે સુવર્ણથી ઘડાયાં,
કાળ જોડે રમાયે દ્યૂત
જે કોડિયો વડે. ૪૮૧

વિપરીત જ્ઞાને જ જણાયે
જે હોય જાણવા જોગે,
જે જન્મે અરે પ્રતિક્ષણે
અને નાશે. ૪૮૨

નષ્ટ કરી ભ્રાંતિનાં વન
ઘડાય જે સૃષ્ટિનું રૂપ,
કિંબહુના કહેવાયે જગ
જેને અરે. ૪૮૩

જે અષ્ટવિધ ભિન્ન
પ્રકૃતિરૂપે કર્યું કથન,
છત્રીસ વિભાગમય ક્ષેત્ર
જે કહ્યું અમે. ૪૮૪

તે ફરી કહેવાય કેટલું
અરે હમણાં જે અમે કહ્યું,
વૃક્ષાકાર રૂપક લઈ
વિગતવાર. ૪૮૫

તે સઘળું જ સાકાર
કલ્પીને પોતાનું નગર—
થયું તેમ તદનુસાર
ચૈતન્ય પોતે. ૪૮૬

જેમ કૂવામાં નિજ બિંબ
જોઈને પ્રતિબિંબિત સિંહ—
ક્ષોભવશે મારે છલાંગ
પોતે જ ત્યાં. ૪૮૭

કાં જળે જે સહજ આકાશ
તેમાં જ પ્રતિબિંબિત ગગન—
અદ્વય હોવા છતાં દ્વૈત
સ્વીકારે આત્મા. ૪૮૮

આ પ્રમાણે અર્જુન,
નગર કલ્પીને આકાર—
આત્મા વિસ્મૃતિની સેવે
નિદ્રા ત્યાં. ૪૮૯

સ્વપ્ને જેમ શય્યા જોઈએ,
પછી તેમાં જઈને પોઢીએ,
તેમ આ નગરે શયન કરે
આત્મા પાર્થ. ૪૯૦

પછી નિદ્રાના ભરણમાં તે
સુખીદુ:ખી થઈને ઘોરે,
અહંમમતાના બરાડા પાડે
મોટે સાદે. ૪૯૧

આ જનક, આ માતા,
હું ગૌર, હાય હું અભાગી,
પુત્ર, વિત્ત, કાન્તા
મારાં જ છે ને. ૪૯૨

આવાં સ્વપ્નોને વળગીને
દોડે ભવસ્વર્ગને રાને,
તે ચૈતન્યનું નામ પાર્થ
ક્ષર પુરુષ. ૪૯૩

હવે સાંભળ ક્ષેત્રજ્ઞ નામે
જે પુરુષને સંબોધાયો,
જગત એ દશાને કહે
જીવ પાર્થ. ૪૯૪

જે પોતાને વિસ્મરણે
સકળ ભૂતોને અનુસરે,
તે આત્મા જ સંબોધાયે
ક્ષર પુરુષ નામે. ૪૯૫

તે હોયે વસ્તુસ્થિતિ યથાર્થ,
એટલે જ આવ્યું પુરુષત્વ,
વળી દેહને પૂરે કરે શયન
એટલે પણ પુરુષતા. ૪૯૬

અને ક્ષરપણાનો આરોપ
એની ઉપરે જે અયથાર્થ,
તે થયો છે ઉપાધિગ્રસ્ત
એટલે અરે. ૪૯૭

જેમ પાણી ખળખળતું વહે
ત્યાં ચાંદની ઊછળતી ભાસે,
તેમ વિકારોના ખળભળાટે
આત્માની વિકારિતા. ૪૯૮

ખળખળ સદંતર શમે
ત્યાં ચાંદનીનો ઉછાળ લોપે—
તેમ ઉપાધિનાશે લોપાયે
ઔપાધિકપણું. ૪૯૯

એમ જ ઉપાધિને લીધે
ક્ષણિકત્વનો ભાસ થાયે,
તે ક્ષણિકતાને કારણે
ક્ષર એ નામ. ૫૦૦

આમ જીવચૈતન્ય સકળ
જાણવું અરે ક્ષર પુરુષ,
હવે કરું વિશદ
અક્ષર પુરુષ. ૫૦૧

તો અક્ષર જે બીજા
પુરુષ હોયે ધનુર્ધરા,
તે મધ્યસ્થ જેમ ગિરિવરા
મેરુ પર્વત. ૫૦૨

જે પૃથ્વી-પાતાળ-સ્વર્ગે
ન પડે આ ત્રણેય વિભાગે,
તેમ ન સાંપડે જ્ઞાન-અજ્ઞાને
જે અરે. ૫૦૩

યથાર્થ જ્ઞાને એક ન થાયે,
જે અનેકત્વે ભેદ ન પામે,
એવું વિશુદ્ધ ન જાણવાપણું
છે રૂપ તેનું. ૫૦૪

રજકણનું કણપણું ઓગળે,
પણ ઘટરૂપે પ્રગટ્યું ન હોયે,
તે મૃત્પિંડની જેમ હોયે
મધ્યસ્થ તે. ૫૦૫

સંપૂર્ણ સુકાયે સાગર
ત્યાં ન રહે તરંગ કે નીર,
તેના જેવી જ અનાકાર
જે દશા. ૫૦૬

જાગૃતિ થઈ છે લીન,
પણ સ્વપ્નનો નથી ઉદય,
તે નિદ્રાવસ્થાની જેમ
દશા જેની. ૫૦૭

વિશ્વ સકળ વિલાયે
પણ આત્મબોધ ન પ્રગટે,
તે અજ્ઞાનદશા વિશુદ્ધ
કહેવાયે અક્ષર. ૫૦૮

સર્વ કળાએ ત્યાગ કરેલો
ચંદ્ર રહે જેમ અમાસનો,
તેવું જ જાણવું રૂપ
અક્ષર પુરુષનું. ૫૦૯

જેમ સર્વ ઉપાધિ વિનાશે
આ જીવદશા જ્યાં પ્રવેશે,
ફળ પાકતાં જે પ્રકારે
વૃક્ષ રહે બીજમાં. ૫૧૦

તેમ ઉપાધિ અને ઉપહિત
જ્યાં વસે થઈને લીન,
તે દશાને અવ્યક્ત
કહેવાયે. ૫૧૧

ઘન અજ્ઞાન સુષુપ્તિને
બીજભાવ એવું કહે,
સ્વપ્ન અને જાગૃતિને
કહે ફળભાવ. ૫૧૨

બીજભાવ એવું જેને
કહેવાય છે વેદાંતે—
તે જાણીએ ધામ
અક્ષર પુરુષનું ૫૧૩

જેમાંથી વિપરીત જ્ઞાન
પ્રસરીને જાગૃતિ-સ્વપ્ન,
અથવા બુદ્ધિનાં વન
ચડાયે પાર્થ. ૫૧૪

જીવત્વ જ્યાંથી પાર્થ
લઈ ઊઠે વિશ્વનું રૂપ,
જ્યાં વિરમે અને ઉભય ભેદ
તે જાણ અક્ષર પુરુષ. ૫૧૫

અથવા ક્ષર પુરુષ જગતે
સ્વપ્નજાગૃતિની રમત રમે,
તે ઉભય અવસ્થાને જે
જન્મ આપે. ૫૧૬

અરે અજ્ઞાન-ઘન-સુષુપ્તિ
એવી એવી જેની ખ્યાતિ,
જ્યાં એક હોય છે ઊણી
બ્રહ્મપ્રાપ્તિ. ૫૧૭

સાચે જ પછી જો પાર્થ
ન આવે જાગૃતિ કે સ્વપ્ન—
તો તે જ બ્રહ્મભાવ
હોત કહેવાયો. ૫૧૮

પણ પ્રકૃતિ-પુરુષ બન્ને
અભ્રો છવાયાં જે ગગને,
અને ક્ષેત્રક્ષેત્રજ્ઞ સ્વપ્ને
દેખાયાં જ્યાં. ૫૧૯

એ ભલે જે અધોશાખા
સંસારરૂપ તરુની આ,
તેનું મૂળ જાણ પાર્થ
અક્ષર પુરુષ. ૫૨૦

આ પુરુષ કેમ કહેવાયે
જે પૂર્ણત્વે પૂર્ણરૂપે પોઢે,
અને માયાપુરીએ રહે
એ કારણે. ૫૨૧

અને વિકારોનો ઉદ્ભવ
છે વિપરીત જ્ઞાનનો પ્રકાર,
એનું પણ છે જ્યાં અજ્ઞાન
તે જ સુષુપ્તિ. ૫૨૨

એટલે એ આપમેળે
કદી ના ક્ષીણ થાયે,
અને તે નાશ ન પામે
એક જ્ઞાન વિના. ૫૨૩

આ કારણે જ અક્ષર
એમ વેદાંતે સુપ્રસિદ્ધ,
અને પ્રાકૃતે પણ
તે જ સિદ્ધાંત. ૫૨૪

એવા જીવ કાર્યકારણ,
જેનું માયા સંગ લક્ષણ,
તે અક્ષર પુરુષ જાણ
ચૈતન્યમય. ૫૨૫

હવે વિપરીત જ્ઞાને
જાગૃતિ-સ્વપ્ન જે બન્ને—
સઘન નિદ્રાયે વિલાયે
તે અજ્ઞાનતત્ત્વ. ૫૨૬

અજ્ઞાન જ્ઞાને ડૂબે,
જ્ઞાને કીર્તિસુખત્વ લાધે,
જેમ વહ્નિ પોતે બળે
કાષ્ઠ બાળીને. ૫૨૭

તેમ જ્ઞાને અજ્ઞાન હર્યું
વસ્તુ આપીને જ્ઞાન પણ શમ્યું,
એમ જાણવાપણાથી અળગું
બોધરૂપ જે. ૫૨૮

તે જ જાણ ઉત્તમ પુરુષ
જે તૃતીય એવો નિષ્કર્ષ,
ક્ષર-અક્ષરથી જે પર
કહ્યો અમે. ૫૨૯

સુષુપ્તિ અને સ્વપ્ન
એનાથી પણ ભિન્ન,
જાગૃતિ છે અન્ય
બોધરૂપ. ૫૩૦

કાં રશ્મિ અને મૃગજળ,
એના કરતાંયે સૂર્યમંડળ—
અફાટ અને સ્વતંત્ર
તેમ ઉત્તમ પુરુષ. ૫૩૧

અથવા કાષ્ઠે જ કાષ્ઠથી
ભિન્ન જેમ રહે વહ્નિ,
તેમ ક્ષર-અક્ષરથી
ભિન્ન તે પુરુષ. ૫૩૨

ઓળંગીને નિજ મર્યાદા
એક કરે સર્વ નદીનદ,
કલ્પાંતે જેમ ક્ષોભેલા
મહાર્ણવ. ૫૩૩

તેમ નથી સ્વપ્ન કે સુષુપ્તિ,
ત્યાં વાત કેવી જાગૃતિની,
જેમ ગળે અહોરાત્રિ
પ્રલય તેની. ૫૩૪

પછી ન રહે દ્વૈત કે અદ્વૈત,
અસ્તિ-નાસ્તિ પણ ના જણાય,
વ્યાકુળ થઈને જ્યાં અનુભવ
વિલાય પોતે. ૫૩૫

એવું જે કાંઈ હોયે
તે ઉત્તમ પુરુષ કહેવાયે,
જે પરમાત્માને નામે
પણ ઓળખાયે. ૫૩૬

ક્યાંયે ન સંડોવાતાં
જીવત્વ માની લે પાંડુસુતા—
જેમ પોતે ડૂબ્યાની વાર્તા
કાંઠેથી કહે. ૫૩૭

તેમ ઊભીને વિવેકને કાંઠે
પારાવારની વાતો કર્યા કરે,
જેમ વેદ ચારેય પાર્થ
નિરર્થક. ૫૩૮

એટલે પુરુષ ક્ષરાક્ષર,
ઉભય જોઈને આ તીર,
ઉત્તમને વેદો કહે પર
આત્મરૂપ. ૫૩૯

આ પ્રમાણે હે અર્જુન
પ્રયોજી પરમાત્મા-વચન—
સૂચિત કરાયે જાણ
પુરુષોત્તમ. ૫૪૦

ન બોલવું જ જ્યાં બોલવું,
ન જાણવું જ જેને જાણવું,
કંઈ જ ન હોવું હોવાપણું
તે વસ્તુનું. ૫૪૧

સોહંપણું જ્યાં આથમે
વક્તા પોતે જ કથન બને,
દૃષ્ટત્વે જ્યાં પરિણમે
દૃશ્યજાત. ૫૪૨

आ... -ग्रन्थालय,
... करौंदी
वाराणसी

હવે બિંબે કે પ્રતિબિંબે
પ્રભા સમાવી કેવી રીતે,
એ ન પૂછવું જોકે ન હોયે
તેનો કશો લાભ. ૫૪૩

કાં ઘ્રાણે અને પુષ્પે—
સુગંધ રહે ઉભય માંહે,
ન દીસે એટલે ન હોયે
કહેવું ન ઘટે. ૫૪૪

તેમ દ્રષ્ટા ને દૃશ્ય જાયે,
પછી કોણ રહે શું હોયે,
આવો અનુભવ જ હોયે
જેનું સ્વરૂપ. ૫૪૫

જે પ્રકાશ્ય વિનાનો પ્રકાશ,
જે ઈશીતવ્ય વિનાના ઈશ,
પોતાના જ રૂપે અવકાશ
વ્યાપી રહે જે. ૫૪૬

નાદને જ સંભળાયે એવો નાદ,
સ્વાદ જ ચાખી શકે એવો સ્વાદ,
આનંદ જ ભોગવી શકે જે
એવો આનંદ. ૫૪૭

જે પૂર્ણતાનાં પરિણામ
તે પુરુષ પાર્થ સર્વોત્તમ,
વિશ્રાંતિનો પણ વિરમે જ્યાં
વિશ્રામ અરે. ૫૪૮

સુખને જ લાધ્યું સુખ,
તેજને સાંપડ્યું તેજ,
શૂન્ય પણ વિલીન થયું
જે મહાશૂન્યે. ૫૪૯

કાર્યની પરે જે કાર્યરહિત,
સંહાર સમાવીને સંહારાતીત,
જે બહુ પ્રકારે બહુને તોલે
જણાય શ્રેષ્ઠ. ૫૫૦

અરે અજ્ઞ તણી દૃષ્ટિને
રૂપાનો પ્રત્યય આપે,
પણ પોતે રૂપું ન બને
છીપ જેમ. ૫૫૧

કાં આવતાં અલંકાર દશાએ
સોનું છુપાયેલું છતાં ન છુપાયે,
વિશ્વ ન હોતાં તે જ પ્રકારે
વિશ્વ ધારણ કરે. ૫૫૨

જેમ જળ અને તરંગ
નથી પળવાર પણ ભિન્ન,
તેમ પોતે સત્તા ને પ્રકાશ
થઈ રહે જગે. ૫૫૩

પોતાના સંકોચ કે વિસ્તારને
પોતે જ જે કારણ હોયે,
ચંદ્ર જેમ જળે દેખાયે
નાનોમોટો. ૫૫૪

તેમ વિશ્વપણે બનતું હોયે,
કે વિશ્વ લોપે નાશ થાયે,
એવું નથી જેમ રવિ ન જાણે
રાત્રિ કે દિવસ. ૫૫૫

તેમ જ ક્યાંયે ને કશાથી
જેમાં ઊણપ નથી આવતી,
તેની તુલના કેવળ થાયે
તેનાથી જ. ૫૫૬

જે પોતે જ પોતાને
ધનંજય પ્રકાશી રહે,
શું બહુ હવે બોલાયે
અદ્વિતીય જે. ૫૫૭

તે હું પોતે નિરૂપાધિક,
ક્ષરાક્ષરોત્તમ એક,
એટલે વેદ અને લોક
કહે પુરુષોત્તમ. ૫૫૮

પણ એ બધું રહેવા દે
પાર્થ જે મુજ પુરુષોત્તમને—
જ્ઞાનસૂર્યે જોઈને ઓળખે
આવા પ્રકારે. ૫૫૯

જાગૃતિયે થતાં નિજ જ્ઞાન
જેમ લેશ ન રહે સ્વપ્ન,
તેમ સ્ફુરણામય ત્રિભુવન
થયું જેને મિથ્યા. ૫૬૦

અથવા માળા હાથે લઈ એ
ત્યાં સર્પાભાસ લોપાયે,
તેમ મુજ બોધે ન ફસાયે
જગદાભાસમાં. ૫૬૧

અહંકારે જે સુવર્ણ જુએ
તે અલંકારને મિથ્યા કહે,
તેમ નિવાર્યા મને જાણીને
જેણે સર્વ ભેદ. ૫૬૨

પછી કહે સર્વત્ર સચ્ચિદાનંદ
હું પોતે જ છું સ્વયંસિદ્ધ,
જે મુજ થકી ન માને ભિન્ન
કદી પોતાને. ૫૬૩

તેણે સર્વ કાંઈ જાણ્યું
એમ કહેવું પણ લાગે અધૂરું;
જે ક્યાંયે ન દ્વૈત રહ્યું
તેને માટે. ૫૬૪

એટલે કરવા મારું ભજન
યોગ્ય તે જ એક અર્જુન,
ગગનને આલિંગવા જેમ
યોગ્ય ગગન. ૫૬૫

ક્ષીરસાગરનું આતિથ્ય
ક્ષીરસાગરથી જ કરાય,
અમૃતે ભળી જવા થવું પડે
અમૃત જેમ. ૫૬૬

સુવર્ણે ભળી જવા કાજે
જેમ પોતે સુવર્ણ થવું ઘટે,
તેમ મદ્રૂપ થવાથી જ સંભવે
ભક્તિ મારી. ૫૬૭

જો હોત સિંધુથી ભિન્ન
તો ગંગા કેમ થાત અભિન્ન,
એટલે મુજમાં ભળ્યા વિણ
અન્વય ભક્તિ નથી. ૫૬૮

એ માટે સર્વ પ્રકારે
કલ્લોલ જેમ અનન્ય સાગરે,
તેમ મને જે આરાધે
સર્વભાવે. ૫૬૯

સૂર્યને અને પ્રભાને
ઐક્ય પાર્થ જે પ્રમાણે—
તેની તોલે જ મનાયે
ભજન તેનું. ૫૭૦

આમ કથાના પ્રારંભથી
લાધ્યું સર્વ શાસ્ત્રોના ઐક્યથી—
જે ઉપનિષદોરૂપ કમલદલની
સૌરભ સમું. ૫૭૧

આ શબ્દબ્રહ્મનું નવનીત
શ્રીવ્યાસ-પ્રજ્ઞાએ મથિત,
તે આપ્યું આઈતે સાર
અહો અમે. ૫૭૨

જે જ્ઞાનામૃતની જાહ્નવી,
આનંદચંદ્રની કળા સત્તરમી,
વિચારક્ષીરાર્ણવની નવી
લક્ષ્મી જે આ. ૫૭૩

એટલે પોતાના પદે-વર્ણે,
અર્થ વડે કે જીવે-પ્રાણે,
મુજ વિના હોવું ન જાણે
બીજું કાંઈ. ૫૭૪

ક્ષરાક્ષરરૂપે થયો સન્મુખ
તેના પુરુષત્વને થઈ વિમુખ—
જેણે સમર્પ્યું નિજ સર્વસ્વ
મુજ પુરુષોત્તમે. ૫૭૫

એટલે જગે ગીતા—
મુજ આત્માની પતિવ્રતા,
જે તેં હવે પ્રસ્તુતા
સાંભળી અરે. ૫૭૬

આ નથી કેવળ શબ્દશાસ્ત્ર,
સંસાર જીતવાનું આ શાસ્ત્ર-
આત્માને પ્રગટાવે એવા મંત્ર
પ્રતિ અક્ષરે. ૫૭૭

તુજ કને નિરૂપણ કર્યું
તે તો અર્જુન એવું થયું—
કે ગુપ્ત ધન મારું કાઢયું
તેં પાર્થ આજે. ૫૭૮

મુજ ચૈતન્યને મસ્તકે
જે જ્ઞાનગંગા હતી પોતે-
આસ્થારૂપ ગૌતમ થઈ તેં
ઉતારી આજે. ૫૭૯

પોતાનું વિશુદ્ધ સ્વરૂપ
અનુભવે જોવા આજ,
ધનંજય તું દર્પણરૂપ
થયો જાણે. ૫૮૦

કાં ચંદ્રતારાંગણે ભરેલું
નભ હૃદયે સમાવે સિંધુ,
તેમ ગીતાસહિત મુજને
તેં રાખ્યો નિજ હૃદયે. ૫૮૧

જે ત્રિવિધ ગુણોનો મળ
છાંડીને થયો તું નિર્મળ,
એટલે થઈ શકયો ધામ
ગીતાસહિત મારું. ૫૮૨

વધુ શું કહું આ ગીતા
જે મારી ઉન્મેષલતા—
સમજે તે પણ મુક્ત થાયે
સકળ મોહથી. ૫૮૩

સેવાય જો અમૃતસરિતા
તો રોગ મટાડીને સર્વથા—
આપશે અમરપણ પાર્થા
નિશ્ચયે જાણ. ૫૮૪

તેમ ગીતાશાસ્ત્ર સમજાયે
તો વિસ્મય શું કે મોહ મટે,
પણ આત્મજ્ઞાને સ્વસ્વરૂપે
થાય ઐક્ય. ૫૮૫

જે આત્મજ્ઞાન થયે
કર્મ પોતાના જીવનને-
સહજ ન્યોછાવર કરીને
લીન થાય. ૫૮૬

ખોવાયલું ધન દેખાડીને
શોધવું જેમ થંભી જાયે,
તેમ જ્ઞાનરૂપ કળશ ચડે
કર્મને પ્રાસાદે. ૫૮૭

એટલે આત્મજ્ઞાની પુરુષને
કર્મનું કરવાપણું ન રહે,
એવું અનાથોના સખા
કહેતા થયા. ૫૮૮

તે શ્રીકૃષ્ણ વદનામૃત
પાર્થે છલકાઈને સર્વત્ર—
નીતર્યું તે વ્યાસકૃપાએ પ્રાપ્ત
થયું સંજયને. ૫૮૯

તે ધૃતરાષ્ટ્ર સમ્રાટને
પાતા હતા સંજય જોને,
એટલે જીવિતાંતે તેને
કષ્ટ ન થયું. ૫૯૦

આમ ગીતાશ્રવણને અવસરે
લાગતા હતા અનધિકારી તે,
પણ સદ્દગતિ અપાવી છેવટે
શ્રવણે જ તે. ૫૯૧

જ્યારે દ્રાક્ષલતાએ દૂધ આપીએ
ત્યારે વ્યર્થ જ ગયું એમ ભાસે,
પણ ફળ પાકે બમણું દેખાયે
માધુર્યે જેમ. ૫૯૨

તેવાં શ્રીહરિમુખનાં વેણ
નિરૂપ્યાં સંજયે ભક્તિપૂર્વક,
તે સાંભળી સુખી થયો અંધ
દેહાંત પ્રસંગે. ૫૯૩

તે જ મરાઠી ભાષાએ
મને આવડયું તેવા રૂપે—
સમજીને કે અણસમજે
કહ્યું છે મેં. ૫૯૪

અરસિક જુએ સેવંતીપુષ્પ,
જોતાં ન જણાયે કંઈ વિશેષ,
પણ ભ્રમર લૂંટે તેની સૌરભ
હે શ્રોતાગણ. ૫૯૫

તેમ સ્વીકાર્ય તે સ્વીકારજો,
ન્યૂન તે પાછું વાળજો,
ને સમજવું સર્વ એ તો
બાળકનું શીલ. ૫૯૬

અજ્ઞ હોવા છતાં બાળક
જોઈને જ તેનાં માબાપ—
હર્ષ પામે સવિશેષ
કરે કૌતુક. ૫૯૭

તેમ તમે પિયર મારું,
તમે મળતાં જ લાડ કરું,
આ ગ્રંથને કરીને નિમિત્ત
એવું જાણજો. ૫૯૮

હવે મારા વિશ્વાત્મક
સ્વામી શ્રીનિવૃત્તિદેવ-
સ્વીકારો આ વાઙ્મય પૂજન
જ્ઞાનદેવ કહે. ૫૯૯

इति श्रीमद्‍भगवद्‍गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे पुरुषोत्तमयोगो नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

દૈવાસુરસંપદાવિવરણ

જ્ઞાનસૂર્યનો ઉદય થયો કે પુરુષોત્તમનું યથાર્થ સ્વરૂપ અનુભવમાં આવે છે, એવું પ્રભુએ ગયા અધ્યાયમાં કહ્યું, તે જ ચિત્તસૂર્યનું રૂપક લઈને આ અધ્યાયના આરંભમાં શ્રીજ્ઞાનદેવ પોતાના ગુરુની અલૌકિક આધ્યાત્મિક સામર્થ્યની લૌકિક સૂર્યના સામર્થ્ય સાથે તુલના કરીને વંદના કરે છે. આ ચિત્તસૂર્યનું રૂપક એટલું ઉત્કૃષ્ટ અને અનન્ય છે કે અધ્યાત્મિક વાઙ્‌મયમાં તેની જોડ જડે તેમ નથી.

જ્ઞાની પુરુષને આત્મસ્વરૂપનો લાભ થયો કે તેને નિરતિશય પરમાનંદની પ્રાપ્તિ થાય છે. પછી તેને કશું જ મેળવવાનું બાકી રહેતું નથી. પરંતુ જે જ્ઞાનને કારણે કૃતકૃત્યતાની પ્રાપ્તિ થાય છે તે જ્ઞાન કેવી રીતે અને શામાંથી મળે? પછી તે જ્ઞાનને કાયમ માટે કેવી રીતે ટકાવવું કે આડમાર્ગે કદી જવાય જ નહીં અને સાધકનું ક્ષેમકુશળ થાય? આની સમજણ અર્જુનને આપવા માટે ભગવાન વાસુદેવ જ્ઞાનને અનુકૂળ એવી દૈવી સંપદાનું અને જ્ઞાનને પ્રતિકૂળ એવી આસુરી સંપત્તિનું વર્ણન કરે છે. આ જ દૈવી સંપદાના વર્ણનનો આરંભ પ્રભુએ નવમા અધ્યાયમાં આરંભ્યો હતો, પણ બીજો પ્રસંગ નીકળતાં તે પડતો મૂકીને પ્રભુએ પોતાના હૃદયનું ગોપ્ય અર્જુનને સમજાવ્યું હતું.

મોક્ષની અચૂક પ્રાપ્તિ કરાવનાર દૈવી સંપદાના છવ્વીસ ગુણોનું વર્ણન પ્રભુ કરે છે. સર્વમાં શ્રેષ્ટ ગુણ અભય છે. મૃત્યુનો ભય તેથી નાશ પામે છે. અંતઃકરણમાં સંકલ્પ-વિકલ્પ ઊઠવા શમી જઈને જેની બુદ્ધિ સત્સ્વરૂપને સેવે છે ને જેમાં તે અનન્ય ભાવે રત રહે છે, તે સત્ત્વશુદ્ધિ. આત્મલાભ થાય તે માટે જ્ઞાન અને યોગમાં ચિત્તવૃત્તિ સ્થિર થવી તે જ્ઞાનયોગ વ્યવસ્થિતિ. ફલત્યાગની વૃત્તિ વડે જે કર્મ કરવું તે યજ્ઞ. પ્રભુદર્શન માટે શ્રુતિનો અભ્યાસ કરવો તે સ્વાધ્યાય. આત્મ-અનાત્મ વિવેકથી જીવવું તે તપ. સર્વની સાથે સૌજન્યથી વર્તવું તે આર્જવ. કાયા, વાચા, મનસા થનારી સર્વ ક્રિયા વિશ્વના કલ્યાણ માટે કરવી તે અહિંસા. સર્વ સંદેહનો નાશ કરનાર સત્ય. ગમા-અણગમાની વૃત્તિ જ ન ઊઠવી તે અક્રોધ. દેહ-અહંતા ઉતારી નાખવી તે ત્યાગ. અજ્ઞાન અને જ્ઞાન બન્ને જ્યાં શાંત થાય તે શાંતિ. બીજાના દોષ ન જોતાં ગુણ જોવાની વૃત્તિ તે અપૈશુન્ય. પારકા-પોતાના ન જોતાં સહાય કરવાની વૃત્તિ તે દયા. ગમે તેવા ભોગ માટેનો કંટાળો તે અલોલુપ્ય. સર્વની સાથે પ્રેમની હળવાશથી વર્તવું તે માર્દવ. દેહમાં નામરૂપે જિવાય છે તેનો અણગમો તે લજ્જા. એકાદશ ઇન્દ્રિયોનું ઈશ્વરપ્રીત્યર્થ શાંત થવું તે અચાપલ્ય. ઈશ્વર ભણી જતાં માર્ગમાં આવતી નડતરોને નહીંવત્ કરવી તે તેજ. લોકોના અપરાધ સહન કરવા છતાં તેનું અભિમાન ન પ્રકટવું તે ક્ષમા. ત્રિવિધ તાપ ઉત્પન્ન થવા છતાં

તેનો પ્રતિકાર કરનાર ધૈર્ય. અંતરમાં નિર્મળ આત્મજ્ઞાન અને બહાર શુદ્ધ કર્માચરણ તે શુચિતા. પોતાની મુશ્કેલીમાં પણ બીજાનું કલ્યાણ કરવું તે અદ્રોહત્વ અને માનાપમાનની પર જવું તે અમાનિત્વ.

ઉપર્યુક્ત દૈવી સંપદા કહીને ભગવાને આસુરી સંપત્તિનો પણ ટૂંકામાં નિર્દેશ કર્યો. આસુરી સંપદામાં પ્રથમ દંભ, બીજું દર્પ, ત્રીજું અભિમાન, પછી ક્રોધ. ત્યાર બાદ પારુષ્ય. પારુષ્ય એટલે પથ્થર જેવી અંતઃકરણની નિર્દય સ્થિતિ. પછી અજ્ઞાન. આસુરી સંપત્તિ ભલે છ ગુણોની રહી, પણ તેનાં પરાક્રમો ઘણાં વિદારક છે. જીવનો સર્વ પ્રકારે નાશ કરીને તેને નરક સુધી પહોંચાડવાની તેની શક્તિ છે.

સોળમા અધ્યાયનો સમારોપ કરતાં ભગવાન કહે છે કે આસુરી સંપદાના છ ગુણો કહ્યા. પણ તેમાંથી કામ, ક્રોધ અને લોભ એ ત્રણ જ મુખ્ય રૂપે સાધકમાં વિકારો જન્માવે છે. એ ત્રણમાંથીય કામને જો બરાબર ઓળખાય ને સંભાળાય તો ઘણી આપદા ટાળી શકાય છે. આમ આ આસુરી સંપદાને ટાળીને જો સાધક પ્રભુપ્રાપ્તિને માર્ગે દિવ્ય સંપદાને ઓળખતો ઓળખતો અને જીવતો જીવતો આગળ ચાલ્યો જશે તો તેનો વાળ વાંકો થવાનો નથી, એવી ભગવાન આ અધ્યાયમાં હૈયાધારણ આપે છે. પછી અર્જુનને કહે છે કે હે સુમતિ, તારા ઉપર લોકસંગ્રહની દૃષ્ટિએ ઘણી મોટી જવાબદારી છે. કારણ કે આ જે તું કરીશ તે પ્રમાણે ઇતર લોકો વર્તશે. એટલે આસુરી સંપત્તિ ભણી કદી દૃષ્ટિ કરીશ નહીં. દૈવી સંપદાને જીવનમાં ઓતપ્રોત કરીને જ બ્રહ્મને પામજે.

અધ્યાય સોળમો

દેવાસુરસંપદ્વિભાગયોગ

વિશ્વાભાસનો અસ્ત કરાવે
તે જ્ઞાનસૂર્ય ઉદય પામે,
અદ્વય કમલિની વિકાસકને
વંદું હવે. ૧

અવિદ્યા રાત્રિનો લોપ કરે,
જ્ઞાનાજ્ઞાન ચાંદરણાં ગળે,
જે જ્ઞાનીઓને સુદિન અપાવે
અખંડ આત્મબોધનો. ૨

જે પ્રકાશતાં જ સત્વરે
આત્મજ્ઞાનની દૃષ્ટિ આપે,
ત્યાં દેહ અહંતાનો માળો છોડે
જીવપક્ષી. ૩

લિંગદેહ કમળને
ઉદરે ફસાયો હતો જે—
તે ચિદ્‌ભ્રમરની મુક્તિનો
ઉદય જાણ. ૪

શબ્દાર્થોના ગિરિગહ્વરે,
ભેદનદીના ઉભય તીરે,
વિરહવ્યાકુળ થઈ આક્રંદે
બુદ્ધિ ને બોધ. ૫

તે ચક્રવાકના મિથુનને
સામરસ્યનું સમાધાન જે,
ભોગવાવે ચિદ્‌ગગને તે
ત્રિભુવનદીપક. ૬

જ્ઞાનના ઊગતા પરોઢે,
ભેદની ચોરવેળા મટે,
નીકળે આત્માનુભવની વાટે
વટેમાર્ગુ યોગી. ૭

જેનાં વિવેકકિરણ સંગે
ઉન્મેષ સૂર્યકાંત પ્રજ્વળે,
તેના વડે અરણ્યો બળે
સંસારનાં સહુ. ૮

જેનો રશ્મિપુંજ પ્રખર—
સ્વરૂપ ધરતીએ થતાં સ્થિર,
ત્યાં મહાસિદ્ધિએ આવે પૂર
જગદ્‌રૂપ મૃગજળનું. ૯

જે પ્રત્યકબોધને માથે
સોહંસૂર્યનો મધ્યાહ્ન તપે,
ત્યાં આત્મભ્રાંતિછાયા લોપે
પોતાના પગ તળે. ૧૦

તે વેળા વિશ્વરૂપસ્વપ્ન સહિત
અન્યથા મતિ નિદ્રાને કોણ—
સાચવશે, જ્યાં સમૂળ નાશે
માયારાત્રિ. ૧૧

એટલે અદ્વૈતબોધને નગરે
એક મહાનંદ ઊછળે-છલકે,
પછી સુખાનુભવની આપ-લે
થવા માંડે ક્ષીણ. ૧૨

કિંબહુના આ પ્રમાણે
મુક્ત કૈવલ્યને સુદિવસે,
સર્વદા તે પ્રકાશતો રહે
જેના વડે. ૧૩

જે નિજ ધામ વ્યોમનો પતિ
ઉદય થતાં નિજ ઉદય થકી,
પૂર્વાદિ દિશાઓનાં સર્વ ફેડી
ઉદયઅસ્ત. ૧૪

ન દેખવું દેખવા સહિત આથમે,
ઉભયથી આવૃત હતું તે ઊપસાવે,
બહુ શું બોલવું, પ્રવર્તે સકળે
અનેરી ઉષા. ૧૫

તે અહોરાત્રને પેલે તીર
કોનાથી જોવાયે જ્ઞાનમાર્તંડ,
જ્યાં પ્રકાશ્ય વિણ સુકાળ
ચિરપ્રકાશનો. ૧૬

તે ચિત્સૂર્ય શ્રીનિવૃત્તિને
પુનઃ પુનઃ વંદું હવે,
જે સ્તુતિ તેમને બાધક થશે
શબ્દો તણી. ૧૭

ગુરુદેવનો મહિમા પામીને
સુયોગ્ય સ્તુતિ કરવા કાજે,
સ્તવ્યબુદ્ધિ અહંબુદ્ધિ સહિતે
થવી ઘટે શાંત. ૧૮

ન જાણવાથી જેને જાણવું,
મૌનને આશ્લેષે વર્ણવવું,
કશું જ ન થઈને સાધવું
ઐક્ય જ્યાં. ૧૯

તને જ પામવા કાજે
પશ્યન્તિ-મધ્યમા ઉદરે—
સમાવી પરા સહિત પામે
લય વૈખરી. ૨૦

એવા તને હું સેવકભાવે
શૃંગારું સ્તોત્રરૂપ અલંકારે,
એ સહી લેજો, કહેવું ન ઘટે
હે અદ્વયાનંદ. ૨૧

રંક જુએ અમૃતનો સાગર,
જોતાં જ પડે ઉચિતનો વીસર,
અને કરવા દોડે આતિથ્ય
શાકભાજીથી. ૨૨

ત્યાં શાક પણ બહુ કહેવાયે,
તેનો હર્ષવેગ જ ગ્રહણ કરાયે,
દિવ્ય સૂર્યને ઓવાળાયે,
ત્યાં જોવી ઘટે ભક્તિ. ૨૩

બાળક જો ઉચિત જાણે
તો બાળકપણું ન કહેવાયે,
પણ જન્મદાત્રી હોઈ પામે
સંતોષ માતા. ૨૪

અરે લઈને ગામભરનું જળ
ઊછળતું આવે નાનું વહેળ,
શું તેને કહેશે આઘું સર
ગંગામૈયા. ૨૫

ભૃગુનો કેવો હતો અપકાર
પણ તે માની પ્રિયોપસાર,
સંતોષ્યા નથી શું સારંગધર
ભૂદેવથી. ૨૬

કાં અંધારે ઘેરાયલું અંબર
આવે દિવસનાથની સન્મુખ—
તેને થવા કાજે દૂર
શું કહેવાય છે? ૨૭

તેમ ભેદબુદ્ધિને ત્રાજવે
કાટલાં સૂર્યાદિનાં મૂકીને—
તુલના કરી તે સહી લેજો
એક વેળા. ૨૮

જેમણે ધ્યાનદૃષ્ટિયે જોયા,
વેદવાણીએ તમને વર્ણવ્યા,
તેમના અપરાધો સહ્યા,
મારો પણ સહેજો. ૨૯

પણ આજે તમારા ગુણે
લુબ્ધ થયો તે ગુનો ન ગણાયે,
ગમે તે માનશો તોયે
ન ઊઠું અતૃપ્ત ભાવે. ૩૦

આ ગીતાને નિમિત્તે
તમારા પ્રિય પ્રસાદામૃતે,
વર્ણવવા જતાં તે સૌભાગ્યે
ભાગ્ય થયું દ્વિગુણિત. ૩૧

પ્રભો સત્ય વદવાનું તપ
વાણીએ કર્યું હશે બહુ કલ્પ—
તેના ફળરૂપે મહાદ્વીપ
લાધ્યો ગીતા તણો. ૩૨

કર્યાં હશે પુણ્યો અસાધારણ
તેથી તારા ગુણોનું વર્ણન—
કરાવી મુજથી, ઉત્તીર્ણ
થયાં તે આજ. ૩૩

જી જીવભાવને અરણ્યે
સપડાયો હતો મરણગામે,
તે દૂર કરી દુર્દશા આજે
સમૂળી આપે. ૩૪

જે ગીતા નામે સુવિખ્યાત,
અવિદ્યા હણવાથી બળવાન,
તે કીર્તિનું કરવા વર્ણન
મળ્યો અવસર. ૩૫

ઓચિંતાં નિર્ધનને ઘરે
જો મહાલક્ષ્મી પધારે—
તો તેને કેમ કહેવાશે
નિર્ધન અરે. ૩૬

કાં અંધકારને આવાસે
સદ્‌ભાગ્યે સૂર્ય આવી ચડે,
તો તે અંધાર સકળ જગે
શું ન પ્રકાશ બને. ૩૭

જે દેવની શ્રેષ્ઠતા સામે
વિશ્વ પરમાણુથી ઊણું હોયે,
તે શું ભક્તને ભાવબળે
ન થાય સાનુકૂળ. ૩૮

તેમ મારું ગીતા વર્ણવવું
જાણે આકાશપુષ્પ સૂંઘવું,
પણ ગુરુદેવે કરી પૂર્ણ
હોંશ મારી. ૩૯

એટલે શ્રીગુરુપ્રસાદે
ગીતાપદ્ય અગાધ જે—
તે નિરૂપીશ વિશદરૂપે
જ્ઞાનદેવ કહે. ૪૦

તો પંદરમે અધ્યાયે
શ્રીકૃષ્ણે તે પાર્થને—
સકળ શાસ્ત્રસિદ્ધાંતો
કહ્યા વિશદ. ૪૧

જે વૃક્ષરૂપક પરિભાષાથી
વર્ણવી હતી અશેષ ઉપાધિ,
સદ્‌વૈદ્ય જેમ નિદાન કરે
અંગલીન દોષોનું. ૪૨

અને કૂટસ્થ જે અક્ષર
તે દેખાડ્યા પુરુષપ્રકાર,
વર્ણવ્યો આકારે ઉપહિત
ચૈતન્ય સ્પષ્ટ. ૪૩

પછી ઉત્તમ પુરુષ
શબ્દનું કરીને મિષ,
દેખાડ્યું પરમ વિશુદ્ધ
આત્મતત્ત્વ. ૪૪

આત્મપ્રાપ્તિની અતિ નિકટ
સાધન જે સ્વભાવે દૃઢ—
તે જ્ઞાનરૂપ સ્પષ્ટ
દેખાડ્યું અરે. ૪૫

એટલે આ અધ્યાયે
નિરૂપવા કાંઈ ન હોયે,
હવે ગુરુશિષ્ય ઉભયે
સ્નેહરમણે ચડ્યા. ૪૬

આ પ્રમાણે આ વિષયે
સંતોષ્યા જ્ઞાની સકળે,
પણ મુમુક્ષુ જનો માંહે
આકાંક્ષા સળવળી. ૪૭

તે મુજ પુરુષોત્તમને
પાર્થ જે જ્ઞાન વડે ભેટે—
તે સર્વજ્ઞ, પરાકાષ્ઠા તે
મુજ ભક્તિની. ૪૮

આ પ્રમાણે ત્રૈલોક્યનાયકે
કર્યું અધ્યાયના અંતશ્લોકે—
જ્ઞાનનું વર્ણન સવિશેષે
સંતોષે કર્યું. ૪૯

પ્રપંચનો ઘૂંટ ભરીને
પોતાને દૃશ્ય બનાવીને,
વિરાજે આનંદ-સામ્રાજ્યે
જીવ પોતે. ૫૦

આવડો સમર્થ ઉપાય
અન્ય નથી કહે દેવ,
સમ્યક્ જ્ઞાન છે શ્રેષ્ઠ
સકળ ઉપાયે. ૫૧

એવા આત્મજિજ્ઞાસુ જે હતા
તે નિજ ચિત્તે તુષ્ટ થયા,
પછી આદરભાવે ત્યાં ગયા
ન્યોછાવર થઈ. ૫૨

હવે પ્રીતિ જ્યાં સળવળે
ત્યાં ફરી ફરી જાગી ઊઠે,
સંદેહ તે પદાર્થ વિશે
પ્રેમને કારણે. ૫૩

એટલે જિજ્ઞાસુઓમાં જેને
જ્ઞાનની પ્રતીતિ ન થયે,
તેને જ્ઞાનના યોગક્ષેમ વિશે
સ્ફુરે શંકા. ૫૪

એટલે તેવું સમ્યક્ જ્ઞાન
કેવી રીતે થાય સ્વાધીન,
પ્રાપ્ત થતાં કેવા પ્રયત્ન
કરવા વૃદ્ધિ કાજે. ૫૫

કાં જે જ્ઞાનને ઊપજવા ન દે,
ઊપજતાં આડમાર્ગે વીખરાવે,
તે જ્ઞાનવિરોધી પ્રતિબંધો
જાણવા ઘટે. ૫૬

પછી જ્ઞાનની વિરુદ્ધ જે
તે દૂર કરું પ્રતિબંધ વેગે,
જ્ઞાનને હિતકર શું, વિચારીએ
સર્વભાવે. ૫૭

એવા તમે જ્ઞાન-જિજ્ઞાસુઓએ
જે ભાવ ધર્યો હશે ચિત્તે—
તે પૂર્ણ કરવા બોલશે હવે
કમલાપતિ. ૫૮

જે વડે આત્મજ્ઞાન પ્રગટે,
ચિત્તને નિજ વિસામો લાધે,
તે દૈવી સંપત્તિનો હવે
નિરૂપશે મહિમા. ૫૯

અને અજ્ઞાનજનિત વાસનાએ
રાગદ્વેષને જે આશ્રય આપે,
તે આસુરી સંપત્તિ વર્ણવશે
ઘોરરૂપિણી. ૬૦

સહજ પ્રસ્તાનિષ્ટ કરે.
કૌતુકરૂપે આ જ બન્ને,
કરી હતી નવમે અધ્યાયે
એની માંડણી. ૬૧

ત્યાં જ કરવો હતો વિસ્તાર
પણ ઊભો થયો અન્ય વિચાર,
રહી ગયું જે વિવરણ ત્યાં
તે કહેશે પ્રભુ. ૬૨

તે નિરૂપણને જ નામ
અપાયું સોળમો અધ્યાય,
જે જાણવો આધારિત
પંદરમે અહો. ૬૩

પણ તાત્પર્ય હવે પ્રસ્તુતે,
કે જ્ઞાનના હિત કે અહિતે—
સમર્થ સંપત્તિ આ બન્ને
જાણવી ઘટે. ૬૪

જે મુમુક્ષુની માર્ગદર્શિકા,
જે મોહરાત્રિયે ધર્મદીપિકા,
તે સાંભળો દૈવી સંપદા
પહેલાં હવે. ૬૫

જે એકબીજાને પરિપોષે
એવા બહુ પદાર્થો મેળવાયે,
જે એક પદાર્થે, તે કહેવાયે
સંપત્તિ પાર્થ. ૬૬

તે દૈવી સુખસંભવી,
દૈવગુણે જે એકોપજીવી,
તે કારણે કહેવાય દૈવી
સંપત્તિ આ. ૬૭

હવે તે દૈવી ગુણોમાં
અગ્રણી જે કહેવાયે—
તે અભયનાં સાંભળો
લક્ષણ તમે. ૬૮

મહાપૂરે ન ઝંપલાવે
તેને મરવાનો ભય ન હોયે,
ક્યાં વ્યાધિ કદી ન સંભવે
પથ્ય પળાય જ્યાં. ૬૯

તેમ કર્માકર્મને માર્ગે
જવા ન દઈએ અહંકારને,
સંસારનો સર્વ છાંડીએ
ભય અહીંયાં. ૭૦

અથવા ઐક્યભાવને આધારે
આત્મા ભિન્ન માનવાથી ઊપજે;
તે ભયને મોકલીએ
દેશવટે. ૭૧

લવણને બૂડવવા જળ મધે
ત્યાં જળરૂપ લવણ થાયે,
તેમ પોતે સમાતાં અદ્વૈત ભાવે
નાશે સમૂળો ભય. ૭૨

અરે અભય એ નામે
જાણવું આ જ કહેવાયે,
જે સમ્યક્ જ્ઞાનના હોયે
સંરક્ષક. ૭૩

હવે સત્યશુદ્ધિ જે કહેવાયે
તે આ લક્ષણોથી ઓળખાયે,
જે ન સળગે, ના બુઝાયે
રાખોડી જેમ. ૭૪

કાં પડવાની કલા ન દેખાયે
જે અમાસને મૂકે પાછળે,
કેમ કે અતિ સૂક્ષ્મ અંગે
ચંદ્રમા વસે. ૭૫

કાં વર્ષાઋતુએ ત્યજેલી,
ગ્રીષ્મે હજી ન પાંગરેલી,
નિજ રૂપે સ્થિર થયેલી
જેમ ગંગા. ૭૬

તેમ સંકલ્પવિકલ્પનું ખેંચાણ
ત્યજીને રજતમસનો ભાર,
થઈને નિજ ધર્મે પ્રતિષ્ઠિત
રહે બુદ્ધિ. ૭૭

ઇન્દ્રિયવર્ગ જ્યારે દેખાડે
અનુકૂળ કે પ્રતિકૂળ સામે,
ત્યારે જરીકે ન ઊઠે ચિત્તે
વિસ્મય અરે. ૭૮

પરગામે જાય જો વલ્લભ—
પતિવ્રતાને થાયે વિરહક્ષોભ,
ગમે તેવા થતાં હાનિલાભ
મને ન આણે. ૭૯

તેમ સત્સ્વરૂપને પ્રેમે
બુદ્ધિ તેમાં અનન્ય થાયે,
તે આસ્થા, કેશવ કહે
સત્ત્વશુદ્ધિ. ૮૦

હવે આત્મપ્રાપ્તિ કાજે
જ્ઞાનયોગે કે યોગમાર્ગે—
પોતાની ઇચ્છા પ્રમાણે
મંડી પડે જે. ૮૧

ત્યાં સકળ ચિત્તવૃત્તિ
નિષ્કામ ભાવે અર્પણ કરવી,
જેમ સમર્પીએ પૂર્ણાહુતિ
અગ્નિ માંહે. ૮૨

કાં સુકુલીને આપણી
આત્મજા સત્કુલમાં આવી,
કિંબહુના લક્ષ્મી સ્થિર થઈ
મુકુંદને ગૃહે. ૮૩

તેમ નિર્વિકલ્પ ભાવે
યોગજ્ઞાને એકચિત્તે—
સ્થિર થવું શ્રીકૃષ્ણ કહે
તે ત્રીજો ગુણ. ૮૪

હવે કાયા-વાચા-ચિત્તે
યથાપ્રાપ્ત સંપત્તિએ—
શત્રુ પણ જો સંકટે પડે
ન છેતરવો તેને. ૮૫

ફૂલો, ફળો કે છાયા વડે,
પાર્થ મૂળો કે પત્રો વડે,
વટેમાર્ગુને આપતાં ન ચૂકે
વૃક્ષ જેમ. ૮૬

તેમ મન થકી ધન સુધી
અવસર આવ્યે યથાશક્તિ—
શ્રાંતો કાજે મનોહારી
સેવા સમર્પવી. ૮૭

તેનું જ નામ દાન
જે મોક્ષનિધિનું અંજન;
હવે તું ચિહ્નો સાંભળ
દમ તણાં. ૮૮

તો વિષયેન્દ્રિયોના મિલને
સંબંધયોગ ન થવા દે,
જેમ ફટકડીએ શુદ્ધ થાયે
મલિન જળ અરે. ૮૯

તેમ વિષયજાતનો પવન
ન સ્પર્શે ઇન્દ્રિયોનાં દ્વાર,
એટલે બાંધીને સકળ સોંપે
પ્રત્યાહારને. ૯૦

ભીતરના ચિત્ત સુધી
ધકેલીને સકળ પ્રવૃત્તિ,
દશેન્દ્રિયોને દ્વારે અગ્નિ
ચેતવે વૈરાગ્યનો. ૯૧

શ્વાસોચ્છ્વાસથી અધિક
વ્રતો આચરે બહુ કઠણ,
એટલે ન અહોરાત્ર
વિસામો જેને. ૯૨

દમ નામે ઓળખાયે
તેનું સ્વરૂપ આવું હોયે,
યજ્ઞનો અર્થ સંક્ષેપે
કહીશ હવે. ૯૩

તો બ્રાહ્મણથી માંડીને
સ્ત્રીઆદિકો સુધી પેલે તીરે,
પોતપોતાના અધિકારે
દેવતાદેશે. ૯૪

ग्रन्थालय,

જેને કાજે જે ઉત્તમ,
ભજનીય દેવતાધર્મ,
તે તેમણે યથા આગમ
યજવા વિધિપૂર્વક. ૯૫

જેમ દ્વિજ કરે ષટ્કર્મ,
શુદ્ર કરે તેને વંદન,
પણ ઉભય કર્મથી નીપજે
યજ્ઞ જાણ. ૯૬

તેમ અધિકાર-ભિન્નતા પ્રમાણે
સકળે જ યજ્ઞ કરવા ઘટે,
પણ ફળાશાના વિષનો અરે
સ્પર્શ ના થવો. ૯૭

અને હું કર્તા એવો ભાવ
ન જવા દઈએ દેહને દ્વાર,
વેદાજ્ઞાનો થઈએ કેવળ
આશ્રય પોતે. ૯૮

અર્જુના એમ યજ્ઞ
સર્વત્ર જાણ સાજ્ઞ,
કૈવલ્યમાર્ગે અભિન્ન
સંગાથી તે. ૯૯

હવે ધરતીએ દડો ફેંકીએ
ફરી હાથમાં લેવા કાજે,
કે ખેતરે બીજ વાવીએ
પાક લેવા માટે. ૧૦૦

અથવા અંધારે જોવા કાજે
દીપકનું સન્માન કરીએ,
કાં શાખાએ ફળો બેસશે
એટલે સિંચાય મૂળ. ૧૦૧

કિંબહુના અરે દર્પણ
હોતાને જોવા આપણ—
કરીએ વારંવાર નિર્મળ
જેમ પ્રેમે. ૧૦૨

તેમ પ્રતિપાદ્ય જે ઈશ્વર
તે થવા કાજે ગોચર—
શ્રુતિઓનો નિરંતર
અભ્યાસ કરવો ઘટે. ૧૦૩

દ્વિજો કાજે બ્રહ્મસૂત્ર,
બીજા માટે સ્તોત્ર નામમાત્ર,
આવર્તનો કહ્યાં પરમ પવિત્ર
પામવા પરમતત્ત્વ. ૧૦૪

જે કહેવાયે પાર્થ સ્વાધ્યાય
તે આ જાણવો કહે દેવ,
હવે તપ શબ્દનો અભિપ્રાય
કહીશ તને. ૧૦૫

તો દાને સર્વસ્વ આપવું,
નિજાર્થે કંઈ ન રાખવું,
જે ફળ અર્પી પોતે સુકાયે
ઔષધિજાત. ૧૦૬

અથવા ધૂપનો અગ્નિપ્રવેશ
શુદ્ધીકરણે સુવર્ણનું ક્ષીણત્વ,
પિતૃપક્ષ પરિપોષે ચંદ્રનો હ્રાસ
જેમ પાર્થ. ૧૦૭

તેમ સ્વરૂપપ્રાપ્તિ કાજે
પ્રાણેન્દ્રિયો સહિત શરીરને-
શોષવું એ જ કહેવાયે
તપ જાણ. ૧૦૮

અથવા અનાયાસે
તપનું અન્ય લક્ષણ કરાયે,
તે જાણ દૂધમાં હંસે
ચાંચ નાખવા જેવું. ૧૦૯

તેમ દેહજીવના ઐક્યભાવે
ઊપજતાં જ વિશ્લેષણ કરે,
એવો વિવેક અખંડ જાળવે
ચિત્તમાં જે. ૧૧૦

આત્મસાક્ષાત્કાર થાયે
ત્યારે બુદ્ધિનો પ્રપંચ મટે,
સનિદ્ર જેમ સ્વપ્ન બૂડે
જાગૃતિ આવતાં. ૧૧૧

એવો આત્મવિચાર
પ્રવર્તે જવ સાચેસાચ,
તવ તે તપ કહેવાય
હે ધનુર્ધર. ૧૧૨

જેમ શિશુ કાજે સ્તન્ય,
ભૂતજાત અર્થે ચૈતન્ય,
તેમ પ્રાણીઓ પ્રતિ સૌજન્ય
કહેવાય આર્જવ. ૧૧૩

અને જગતને સુખોદ્દેશે
શરીર, વાચા કે માનસે,
વ્યવહાર કરવા તે કહેવાયે
અહિંસા જાણ. ૧૧૪

હવે તીક્ષ્ણ હોવા છતાં કોમલ,
જેમ હોયે જાઈનું મુકુલ—
કાં તેજસ્વી છતાં શીતળ
શશાંક-તેજ. ૧૧૫

દેખાડવાથી જ રોગ નિવારે
અને સ્વાદમાં કડવું ન હોયે—
એવું ઔષધ નથી, એટલે
અપાયે ન ઉપમા. ૧૧૬

કોમલતાએ કીકીઓને
અથડાવા છતાં ઘા ન કરે,
અને આમ જળ પર્વત ફોડે
નિજ પ્રવાહે. ૧૧૭

તેમ સંશયને નિવારણે
લોહ જેવું તીક્ષ્ણ હોયે,
શ્રવણ કરવા મધુર હોયે
માધુર્ય કરતાં. ૧૧૮

સાંભળવા જતાં કૌતુકે
મુખો નીકળે બન્ને કાને,
જે પરબ્રહ્મને પ્રગટાવે
એવું સત્યનિષ્ઠ. ૧૧૯

કિંબહુના મધુરપણે
છેતરે ના કોઈને,
યથાર્થ હોવા છતાં તે
દુભાવે ન કોઈને. ૧૨૦

વ્યાધનું ગાન પણ લોભાવે
પણ હેતુ શુદ્ધ ન હોયે,
અગ્નિ પ્રગટ બાળી મૂકે
બળ્યું સત્ય તેવું. ૧૨૧

કાનને ભાસે મધુર
પણ હૃદયે કરે પ્રહાર,
એવી વાચા નથી સુંદર
ડાકિની જ તે. ૧૨૨

જે અહિતભયે ખોટું કોપે,
લીલને મૃદુ પુષ્પ હોયે,
તે માતાની જેમ સ્વરૂપે
જાણ પાર્થ. ૧૨૩

તેમ શ્રવણસુખ ચતુર
પરિણામે સત્ય નિરંતર,
બોલવું જે નિર્વિકાર
તે સત્ય જાણ. ૧૨૪

ગમે તેટલું પાણી પાઈએ
પાષાણે અંકુર ન ઊગે તોયે,
કાં કાંજીનું મંથન કરીએ
છતાં ન મળે માખણ. ૧૨૫

કાંચળીએ જો પાય પડે
તો ફેણ ન ઊંચી થાયે,
વસંતઋતુએ પણ અંબરે
ન પાંગરે પુષ્પો. ૧૨૬

અથવા રંભાને પણ સૌન્દર્યે
કંદર્પ ન જાગે શુકદેવે,
કાં ભસ્મે અગ્નિ ન પ્રગટે
ઘૃત નખાયે. ૧૨૭

કુમારચિત્તે પણ ક્રોધ જાગે,
તેવા પ્રયોજતાં મંત્ર બીજાક્ષરે—
અન્ય નિમિત્તો ઉપસ્થિત થાયે
તોયે પણ. ૧૨૮

અરે બ્રહ્માને પાયે પડાયે
તોયે ગતાયુ ફરી ન જીવે,
ઉપજાવવા છતાં ન ઊપજે
ક્રોધોર્મિ તેમ. ૧૨૯

અક્રોધત્વ એવું
નામ તે દશાનું,
જાણ શ્રીનિવાસે કહ્યું
ધનંજયને. ૧૩૦

હવે માટી ત્યાગે ઘટ,
કે તંતુ ત્યાગે પટ,
ત્યજાયે જેમ વટ
બીજત્યાગે. ૧૩૧

કાં ત્યજતાં ભીંત માત્ર
ત્યજાયે પૂર્ણ ચિત્ર,
કાં નિદ્રાત્યાગે વિચિત્ર
સ્વપ્નજાળ તે. ૧૩૨

અથવા જળ ત્યાગે તરંગ,
કે વર્ષા ત્યાગે મેઘ,
ત્યજાયે સર્વ ઉપભોગ
ધનત્યાગે જેમ. ૧૩૩

તેમ બુદ્ધિમંતે દેહે
અહંતા ત્યજીને અરે—
છાંડવા અશેષપણે
સંસારજાત. ૧૩૪

તેનું જ નામ ત્યાગ
એવું કહે યજ્ઞાંગ,
તે સ્વીકારી સુભગ
પાર્થ પૂછે. ૧૩૫

હવે જી શાંતિનું સ્વરૂપ
કહો મને કરીને વિશદ,
ભલે કહે દેવ સાંભળ
અવધાન દઈને. ૧૩૬

એટલે ગળીને જ્ઞેય
પાછું ફરે જ્ઞાનાજ્ઞાન,
તવ જે રહે નિરાંત
તે જાણ શાંતિ. ૧૩૭

જેમ પ્રલયજળ પ્રબળ
ડુબાડે વિશ્વનો વિસ્તાર,
થાય ઓતપ્રોત સર્વત્ર
પછી પોતે. ૧૩૮

પછી ઊગમ ઓઘ સમુદ્ર
એ ન રહે વ્યવહાર-ભેદ,
ત્યાં જળના ઐક્યનો બોધ
રહેશે કોને. ૧૩૯

તેમ જ્ઞેયથી ઐક્ય થાયે,
જ્ઞાતૃત્વ તણો લય હોયે,
પછી પાર્થ જે શેષ રહે
તે જ શાંતિ. ૧૪૦

જોતાં કોઈ વ્યાધિ-જર્જર,
વ્યાધિ થતાં પહેલાં પ્રબળ,
જુએ ન પોતીકું-પારકું
જેમ સાચો વૈદ્ય. ૧૪૧

કાં કાદવે ફસાતાં ગાય
દૂઝણી કે ઘરડી ન જોવાય,
જે જોઈને તેનાં કષ્ટ
જીવ થાય વ્યાકુળ. ૧૪૨

બૂડતાને ન પૂછે કરુણાવંત
છે અંત્યજ કે તે બ્રાહ્મણ,
કાઢીને બચાવવા પ્રાણ
એ જ જાણે. ૧૪૩

અથવા પાપીએ કુલીન સ્ત્રીને
નિર્વસ્ત્ર કરી હોય ઓચિંતે—
તેને સવસ્ત્ર કરાવી જંપે
સજ્જન જેમ. ૧૪૪

તેમ અજ્ઞાન પ્રમાદાદિયે,
કાં પ્રારબ્ધગત દોષોયે,
નિંદ્યત્વની દશા પામ્યા જે
અભાગી જન. ૧૪૫

તેમને પોતાના અંગભૂત
આપીને સકળ સદ્ગુણ,
વીસરાવે વેદના દારુણ
સાલતી અંતરે. ૧૪૬

સામેની વ્યક્તિના દોષ
પખાળીને નિજ દષ્ટિએ શુદ્ધ,
પછી જ કરે અવલોકન
સુજન જેમ. ૧૪૭

પૂજા કરીને દેવને જોવાયે,
ખેડીને પછી ખેતરે જઈએ,
સંતોષ આપીને અતિથિને
લેવાય આશિષ. ૧૪૮

તેમ પોતાના ગુણો વડે
બીજાની ઊણપ ફેડીને,
પછી જ જે જોવાયે
તેના ભણી. ૧૪૯

કોઈનું મરમ ન વીંધાયે,
નિંદ્ય કર્મ ન ફસાવાયે,
વાણીએ ઉલ્લેખ ન કરાયે
કોઈના દોષનો. ૧૫૦

વળી કોઈ એક ઉપાયે
પડેલાને ઊભા કરાયે,
પણ એવું ન કરાયે કે
વીંધાય મર્મ. ૧૫૧

ઉત્તમ વ્યક્તિને માટે
સાથેના નીચને સન્માનીએ,
દષ્ટિએ કોઈના ન દેખાયે
દોષ કદી. ૧૫૨

અરે અપૈશુન્યનું લક્ષણ
અર્જુન આ સ્પષ્ટ જાણ,
મોક્ષમાર્ગે આ સુખાસન
પ્રમુખ હોયે. ૧૫૩

હવે દયા તે એવી
પૂર્ણચંદ્રિકા જેવી,
પ્રકાશતા ભેદ ન કરી
નાનામોટાનો. ૧૫૪

તેમ દુઃખીઓનું દુઃખ
કરુણાવશ કરતાં દૂર—
ન જુએ ઉત્તમઅધમ
ભેદ કદી. ૧૫૫

અરે જગે જીવન સરીખે
તત્ત્વ પોતે પોતાને નાશે,
સુકાઈ જતું જીવન રાખે
તૃણનું પણ. ૧૫૬

તેમ સામેનાનું દુઃખ
જોઈને થવાય સકૃપ,
સમર્પી પોતાનું સર્વસ્વ
ન ધરાય જે. ૧૫૭

જો રિક્ત ખાડો દેખાયે
તે ભરીને જળ આગળ વધે,
તેમ શ્રાંતને સંતોષ આપીને
વધે જે આગળ. ૧૫૮

જેમ પગે કાંટો વાગે
તે વ્યથા જીવે ઊમટે,
તેમ આકુળવ્યાકુળ થાયે
બીજાનાં સંકટે. ૧૫૯

પગને શીતળતા લાધે
તો આંખોને સુખ થાયે,
તેવા પરસુખે જ ભોગવે
પોતે સુખ. ૧૬૦

કિંબહુના તરસ્યાને કાજે
જળ નિર્માયું હશે જગે,
તેમ દુઃખીજનો માટે
જીવન જેનું. ૧૬૧

તો પુરુષ હે વીરશ્રેષ્ઠ
જાણવો દયા મૂર્તિમંત,
જે દયાનો થતાં જન્મ
હું ઋણી તેહનો. ૧૬૨

હવે સૂર્યને મનોભાવે
પંકજ સદા અનુસરે,
તોયે સૂર્ય ન સ્પર્શે
સૌરભ પંકજ તણી. ૧૬૩

કાં વસંતને આગમને
વનશ્રીનાં અક્ષૌહિણી પ્રગટે,
પણ ઉપભોગ ન કરતાં જાયે
વસંત જેમ. ૧૬૪

એ ભલે મહાસિદ્ધિ સહિત
લક્ષ્મી પોતે આવતાં નિકટ,
મહાવિષ્ણુ ન કરે અવલોકન
જેમ પાર્થ. ૧૬૫

તેમ ઇહલોકના કે પરલોકના
ભોગ આધીન થાય ઇચ્છાના,
તોયે ન જન્મે ભોગેચ્છા
ચિત્તે જેના. ૧૬૬

શું કહીએ બહુ કૌતુકે—
જ્યાં વિષયાભિલાષ ન હોયે
ત્યાં અલોલુપત્વતા હોયે
ચિત્તમાં સદા. ૧૬૭

હવે મધપૂડો માખી કાજે
કે જળાશય જળચરો માટે—
અથવા પક્ષીઓને મોકળે
અંતરાળ જેમ. ૧૬૮

અથવા અપત્યને ઉદ્દેશે
માવડીને હેત હૈયે,
કાં વસંતને સુસ્પર્શે
મૃદુતા મલયાનિલે. ૧૬૯

આંખોને પ્રિયનું મિલન,
કાં કૂર્મદૃષ્ટિયે અવલોકન,
તેમ ભૂતમાત્રે આચરણ
સૌમ્ય જેનું. ૧૭૦

સ્પર્શ માટે અતિ મૃદુ
મુખે નાખતાં સુસ્વાદુ,
ઘ્રાણ કાજે સુગંધભર્યું
શરીરે ઉજ્જવળ. ૧૭૧

ગમે તેટલો જો લેવાતો,
સ્વાસ્થ્ય પ્રતિકૂળ ન હોત જો—
તો ઉપમા આપી શકાતી
કર્પૂરની. ૧૭૨

મહાભૂતોને ઉદરે રાખે
તેમ જ પરમાણુએ સમાયે,
અને વિશ્વાનુસાર થાયે
ગગન જેમ. ૧૭૩

શું કહું આમ જિવાયે
જગતના જીવપ્રાણ થઈને,
તેને જ નામ અપાયે
માર્દવ એવું. ૧૭૪

હવે પરાજય થતાં નૃપ
જેમ દુખિત ને લજ્જિત,
અથવા માની પુરુષ નિસ્તેજ
નિકૃષ્ટ દશાએ. ૧૭૫

અથવા ચાંડાલને ગૃહે
સંન્યાસી અકસ્માત્ આવે,
અને જાણ થતાં લજ્જા પામે
પરાકાષ્ઠાની. ૧૭૬

ક્ષત્રિય રણથી પાછો ફરે
તવ શરમભર્યું ના સહેવાયે—
કાં મહાસતીને સંબોધાયે
વિધવા કહીને. ૧૭૭

રૂપવાનને કોઢ થાયે,
સજ્જનની નિંદા પ્રસરે,
તવ મરણપ્રાય અનુભવે
સજ્જન જેમ. ૧૭૮

તેમ સાડા ત્રણ હાથ દેહે
શબરૂપ થઈને જિવાયે,
પુનઃ પુનઃ જન્મીને મરાયે
જેમ પાર્થ. ૧૭૯

તે ગર્ભે મેદમાંસે,
રક્ત ને મૂત્રરસે,
રસળાયા કરાયે
લજ્જાભર્યું. ૧૮૦

એ ભલે પણ દેહપણે
આવવું જે નામરૂપે,
એનાથી અન્ય ન હોયે
લજ્જાજનક. ૧૮૧

આવી અવકળા કારણે
દેહનો કંટાળો ઊપજે,
નિર્મળને લજ્જા આવે
પણ નિર્લજ્જને પ્રિય. ૧૮૨

જેમ સૂત્રનો તંતુ તૂટે
કઠપૂતળીની ગતિ થંભે,
તેમ કર્મેન્દ્રિયો શાંત પડે
પ્રાણજય થતાં. ૧૮૩

કે આથમતાં દિનકર
શમે કિરણોનો પ્રસાર,
તેમ બુદ્ધિ-ઇન્દ્રિયોનું થાય
મનોજય થતાં. ૧૮૪

એવં મનપવન નિયમને
દશ ઇન્દ્રિયોની ગતિ વિરમે,
તે જ અચાપલ્ય નામે
ઓળખાયે. ૧૮૫

હવે ઈશ્વરપ્રાપ્તિ કાજે
જ્યારે જ્ઞાનયોગે પ્રવર્તે,
ત્યારે ધૈર્યની જરીકે ન હોયે
ઊણપ ચિત્તે. ૧૮૬

મરણ કહેવાયે ભયંકર,
અગ્નિપ્રવેશે તેનો સ્વીકાર,
કરે પ્રાણેશ્વરને ઉદ્દેશે
પતિવ્રતા જેમ. ૧૮૭

તેમ આત્મનાથને કાજે
વિષયવિષને બાંધ બાંધે,
અને ઉમંગભેર દોડે
મહાશૂન્યે. ૧૮૮

નિષેધો ન રોકે તેને,
વિધિઓની ભીડ ન પડે,
ચિત્તે અભિલાષ ન ઊપજે
મહાસિદ્ધિઓનો. ૧૮૯

આ પ્રકારે ઈશ્વર પ્રત્યે
જે આપમેળે પ્રેમ નીપજે,
તે જ તે કહેવાયે
આધ્યાત્મિક. ૧૯૦

સર્વ સહેવાની ગરિમા,
ગર્વ ન જગાડે તે ક્ષમા,
જેમ દેહ વાહે રોમકેશ
પણ જાણે નહીં. ૧૯૧

અને ઉન્મત્ત ઇન્દ્રિયોના વેગ,
કાં પ્રારબ્ધે ઊભરેલા રોગ,
અથવા યોગ ને વિયોગ
પ્રિય-અપ્રિય તણા. ૧૯૨

આ સકળનો સમુદાય
એક જ વેળે પ્રાપ્ત થાય,
ત્યાં અગસ્ત્ય થઈને ધીર
અડીખમ રહે. ૧૯૩

આકાશે ધૂમ્ર દેખાયે
પ્રચંડ પ્રબળ પ્રવર્તે,
એક જ લહરે તેને ગળે
પવન જેમ. ૧૯૪

તેમ અધિભૂત આધિદૈવ,
કે આધ્યાત્મિક ઉપદ્રવ,
આવી ચડતાં તે પાંડવ
સાવ અવગણે. ૧૯૫

એમ ચિત્તક્ષોભને અવસરે
ધારીને ધૈર્ય અચલ કરે,
તે ધૃતિ નામે ઓળખાયે
સાંભળ સખા. ૧૯૬

હવે શુદ્ધ સોનાનો ઘટ
ગંગામૃતે ભરાયે દેખ,
તે કળશની જેમ જાણ
શૌચ હોયે. ૧૯૭

દેહે નિષ્કામ આચરણ,
ચિત્તે વિવેકનું અધિષ્ઠાન,
તે જાણ સબાહ્ય સાકાર
શુચિત્વ પાર્થ. ૧૯૮

કાં લોપ કરે પાપતાપ,
પોષે ઉભય તીરનાં પાદપ,
જ્યારે સાગર ભણી વહે આપ
ગંગા તણું. ૧૯૯

જગતનું અંધારું હરે,
ઐશ્વર્યનાં મંદિરો ખોલે,
જ્યારે દિવ્ય દિનકર નીકળે
પૃથ્વીની પ્રદક્ષિણે. ૨૦૦

તેમ બદ્ધોને મુક્ત કરે,
પતિતોને ઉદ્ધરે,
આર્ત્તોનાં સંકટ હરે
જે જન. ૨૦૧

કિંબહુના અહોરાત્ર
બીજાંને આપે સુખ,
તે સુખ દ્વારા સ્વાર્થ
સાધે નિજનો. ૨૦૨

સાધવા પોતાનો સ્વાર્થ
ચિંતવું અન્યોનું અહિત,
એવો ન ઊપજે સંકલ્પ
ચિત્તમાં જેના. ૨૦૩

અદ્રોહતાને નામે
પાર્થ જે ઓળખાયે,
સગી આંખે જોઈ શકાયે
એવું કહ્યું તને. ૨૦૪

શંભુને માથે ગંગા
આરૂઢતાં સંકોચે પાર્થા,
માન-સન્માને તેમ સર્વથા
લાજી મરે. ૨૦૫

તે જ આ વારંવાર
અમાનિત્વ જાણ પાર્થ,
કહેલું જ હવે કહેવું
કેમ કરીને. ૨૦૬

એવા છવ્વીસ ગુણોએ
બ્રહ્મસંપદા સદા શોભે,
મોક્ષ ચક્રવર્તીનું હોયે
અગ્રહાર પાર્થ. ૨૦૭

અથવા આ સંપત્તિ દૈવી
ગુણતીર્થોની નિત્ય નવી,
વિરક્તિ સગરોએ આણી
ગંગા જ જાણ. ૨૦૮

અથવા ગુણ-કુસુમોની માળા
હાથમાં લઈને મુક્તિબાળા-
શોધે વૈરાગ્ય નિરપેક્ષ
આરોપવા ગળે. ૨૦૯

અથવા છવ્વીસ ગુણજ્યોતિ
સહિત પ્રજ્વળીને આરતી—
ઓવાળી આત્મારૂપ નિજપતિ
ગીતા જ પોતે. ૨૧૦

તેજસ્વી અને નિર્મળ
આ ગુણરૂપી મુક્તાફળ-
દૈવી છીપે નીકળ્યાં પાર્થ
ગીતાર્ણવે. ૨૧૧

બહુ વર્ણન શું કરાયે,
અભિવ્યક્ત થાય આપમેળે,
દૈવી ગુણરાશિ સહજ ભાવે
એવું બોલાયું છે. ૨૧૨

હવે દુઃખની અંતરવેલ
દોષ-કાંટાથી ભરેલ,
તે આસુરી સંપત્તિ સાંભળ
અવધાન દઈને. ૨૧૩

ત્યાજ્ય હોય ત્યાગવા કાજે,
અનુપયોગી પણ જો હોયે-
તોયે જાણવી એકચિત્તે,
સાંભળ એટલે. ૨૧૪

નરક વ્યથાએ ભયંકર
આણવા કાજે દોષ અઘોર,
ભેગા થાય તે જાણ
સંપત્તિ આસુરી. ૨૧૫

નાના વિષવર્ગ એકત્ર
થયે કહેવાયે કાળકૂટ—
આસુરી સંપદા સમુચ્ચય
તેમ દોષોનો. ૨૧૬

તો તે આસુરીએ,
સકળ પાર્થ દોષ માંહે,
નેતૃત્વનું લૌકિક હોયે
તે કહેવાયે દંભ. ૨૧૭

પોતાની જનની જેમ
લોકોને દેખાડાય નગ્ન—
તો હોવા છતાં તીર્થસ્થાન
થાય પતનનું મૂળ. ૨૧૮

કાં વિદ્યા ગુરુપદિષ્ટા
ચૌટે જાહેર કરતા,
ઇષ્ટદા હોવા છતાં અનિષ્ટા
પરિણમશે પાર્થ. ૨૧૯

કાં સદેહે બૂડતાં મહાપૂરે
જે લઈ જાય પેલે તીરે,
તે નાવડી બાંધતાં શિરે
ડૂબવી નાખશે. ૨૨૦

જે જીવનનું કારણ
તેનું પીરસતાં વખાણ—
કરાય તો તે અન્ન
થાય વિષરૂપ. ૨૨૧

તેમ દૃષ્ટ-અદૃષ્ટના સખા
પ્રચાર કરીને આચરતા,
તારકધર્મ થશે મારક
દોષરૂપ થઈ. ૨૨૨

એટલે વાણીને ચૌટે
ધર્મનો મહિમા ગવાયે,
તો ધર્મ જ અધર્મ થાયે
અને દંભ. ૨૨૩

હવે મૂર્ખની જીભલડીએ
અલ્પ જ્ઞાનના છાંટા ઊડે—
તો બ્રહ્મસભાએ પણ તે
રહે અસંતુષ્ટ. ૨૨૪

અથવા રાવતનો ઘોડો
ઐરાવતને કહે ઓછો,
કૂંપળ પરનો કાચિંડો
સ્વર્ગને તુચ્છ માને. ૨૨૫

તૃણ તણાં ઇંધને
અગ્નિ ધાયે ગગને,
ખાબોચિયાનાં અવગણે
મીન સિંધુને. ૨૨૬

તેમ છાકે સ્ત્રી અને ધને
વિદ્યા-સ્તુતિ બહુ માને,
એક દિવસના પરાન્ને
દરિદ્રી જેમ. ૨૨૭

અભ્રની છાયા જોઈને
અભાગી નિજ ઘર તોડે,
મૃગજળ જોઈને ફોડે
પોતાનું પાણિયારું. ૨૨૮

કિંબહુના આ પ્રમાણે
સંપત્તિ મિષે છકી જવાયે,
તે જ દંભ અનાયાસે
જાણ પાર્થ. ૨૨૯

જગતને વેદોમાં વિશ્વાસ,
તે વિશ્વાસે પૂજ્ય હોયે ઈશ,
આ જગે એક જ તેજસ્—
સૂર્ય પાર્થ. ૨૩૦

જગ સ્પૃહે આસ્પદ,
એક સાર્વભૌમ પદ,
ન મરવું નિર્વિવાદ
જગતને રુચે. ૨૩૧

એટલે જો ઉત્સાહે
કોઈ પ્રશંસા કરવા જાયે,
તો સાંભળી મત્સર વધારે
માંડે ફૂલવા. ૨૩૨

કહે ઈશ્વરને ભક્ષણ કરું,
વેદોને વિશે નાશું,
મોટાઈના અભિમાને
વ્યવહાર કચડે. ૨૩૩

પતંગને ન ગમે જ્યોતિ,
ખદ્યોતને અણગમો સૂર્ય પ્રતિ,
ટિટોડીને વેરની લાગણી
સાગર પ્રત્યે. ૨૩૪

તેમ અભિમાને મોહે
ઈશ્વર તણું નામ ન સહે,
પ્રત્યક્ષ પિતાને હરીફ ગણે
માન-સન્માને. ૨૩૫

એવો માન્યતાએ ઉદ્દંડ
તે અભિમાની અધમાધમ,
રૌરવ નરકનો રૂઢ
માર્ગ પાર્થ. ૨૩૬

અને સામેનાનું સુખ
જોવાનું મળતાં નિમિત્ત,
ચડે ક્રોધાગ્નિનું વિષ
મનોવૃત્તિએ. ૨૩૭

શીતળ જળ જો સ્પર્શે
તો ઊકળતા તેલે આગ પેટે,
ચંદ્ર જોઈને બળે ચિત્તે
શિયાળ જેમ. ૨૩૮

જે વિશ્વનું જીવન ઉજાળે
તે સૂર્યોદય જોઈને સવારે-
ઘુવડના ડોળા ફૂટે
પાપીના અરે. ૨૩૯

જગનું સુખ પરોઢ—
ચોરોને મરણથી નિકૃષ્ટ,
દૂધનું બને કાળકૂટ
પાતાં વ્યાળને. ૨૪૦

અગાધ સમુદ્રજળ
પ્રાશીને બને પ્રબળ,
થાયે ન વડવાનળ
શાંત ક્યાંયે. ૨૪૧

તેમ વિદ્યા-વિનોદ-વિભવ
દેખાતાં બીજાનું સૌભાગ્ય,
બેવડાવે જે રોપ
તે ક્રોધ જાણ. ૨૪૨

જેનું મન સાપનું દર,
આંખો જેની તીક્ષ્ણ બાણ,
બોલે બોલે વરસાદ
અંગાર તણો. ૨૪૩

અન્ય જે ક્રિયાજાત
તે તીખી પોલાદી કરવત,
એવું જેનું બાહ્યાંતર
હોય નિર્મમ. ૨૪૪

તે મનુષ્યોમાં અધમ જાણ,
કઠોરતાનું અવતરણ,
હવે સાંભળ લક્ષણ
અજ્ઞાન તણાં. ૨૪૫

જેમ શીતોષ્ણ સ્પર્શ
નિવેડો ન જાણે પાષાણ,
કાં રાત્રિ અને દિવસ
ન જાણે જાત્યંધ. ૨૪૬

અગ્નિ આરોગવા ઊઠે
પણ ખાદ્યાખાદ્ય ન જાણે,
અથવા પારસ ભેદ ન કરે
સુવર્ણ-લોખંડમાં. ૨૪૭

અથવા વિવિધ રસે
પળી જેમ ફરી વળે,
પણ ચાખવું ન જાણે
રસાસ્વાદ. ૨૪૮

કાં પવનને પરખ નથી
માર્ગામાર્ગ વિષયની,
તેમ કૃત્યાકૃત્ય વિવેકે
અંધત્વ જે. ૨૪૯

આ શુદ્ધ આ અશુદ્ધ
એમ ન જાણે બાળક,
જે દેખે તે કેવળ
નાખે મુખે. ૨૫૦

તેમ પાપપુણ્યની ખીચડી
ખાવાની ચેષ્ટા કરે બુદ્ધિ,
કડવું-મધુરું જણાય નહીં
એવી જે દશા. ૨૫૧

તેનું નામ અજ્ઞાન,
આ નથી અન્યથા વેણ,
આમ પડ્ દોષોનાં ચિહ્ન
નિરૂપ્યાં તને. ૨૫૨

આ જ પડ્ દોષાંગોએ
આસુરી સંપદા પ્રબળ હોયે,
જેમ ભયંકર વિષ ભુજંગે
સમાયે લઘુ કાયે. ૨૫૩

કાં ત્રણ અગ્નિઓની પંગતે
જગ્યા તો ઘણી થોડી લાગે,
છતાં વિશ્વ પણ ઓછું પડે
પ્રાણાહુતિએ. ૨૫૪

વિધાતાનેય જાતાં શરણ
ત્રિદોષે ન ચૂકે મરણ,
તેનાથી બમણા જાણ
છ દોષો આ. ૨૫૫

આ ષડ્ દોષે પૂર્ણપણે
એની માંડણી થાયે,
એટલે ઊણી ન ગણીયે
આસુરી સંપદા. ૨૫૬

પણ ક્રૂર ગ્રહોનું જેમ
એક રાશીયે મળે જૂથ,
અથવા નિંદકો પાસે આવે
અશેષ પાપ. ૨૫૭

કાં મરનારને શરીરે
સકળ રોગ ભેગા થાયે,
કાં કુમુહૂર્તે એકત્ર મળે
સર્વ દુર્યોગ. ૨૫૮

વિશ્વાસુ પડે ચોરને પનારે,
કે થાકેલો તણાયે મહાપૂરે,
તેમ આ દોષો માણસનું
કરે અકલ્યાણ. ૨૫૯

કાં આયુષ્યની અંત વેળાયે
બકરીને હિંસક પશુ મળે,
તેમ આ છયે દોષ સકળે
વ્યાપે તેને. ૨૬૦

મોક્ષમાર્ગ ભણી જાતાં
અરે જેના છાંટા ઊડતા—
ન જવાય કહી તે ઊતરે
સંસારે ઊંડા. ૨૬૧

અધમ યોનિને પગથિયે
પાર્થ જે ઊતરતો રહે,
સ્થાવરનીય તળેટિયે
આવી પડે જે. ૨૬૨

એ ભલે તેના જીવને
છયે દોષો મળીને—
આસુરી સંપત્તિ જુએ
વધારતાં હોયે. ૨૬૩

એવી આ બન્ને
સંપત્તિ પ્રસિદ્ધ લોકે,
કહી ચિહ્નો વડે
નિરનિરાળી. ૨૬૪

આ બન્નેમાં પહેલી
દૈવી સંપત્તિ જે કહી—
તે મોક્ષસૂર્યે ઉજાળેલી
ઉષા જ જાણ. ૨૬૫

અન્ય જે બીજી
સંપત્તિ તે આસુરી—
તે મોહની લોખંડી
બેડી જાણ જીવે. ૨૬૬

પણ આ બધું સાંભળીને
ભય ન ધરે પાર્થ ચિત્તે,
શું રાત્રિનો દિવસને
ભય રહે. ૨૬૭

આસુરી સંપત્તિ તેમને
પાર્થ બંધનકારક હોયે,
જે છયે દોષોને આપે
આશ્રય ચિત્તે. ૨૬૮

તું તો હે પાંડવ
ગુણનિધિ ઉત્તમ,
દૈવી ગુણોના કથિત—
જન્મ્યો છું બાપ. ૨૬૯

એટલે તું તો પાર્થ
દૈવી સંપત્તિનો નાથ,
થઈને કરે ઉપલબ્ધ
કૈવલ્યદશા. ૨૭૦

અને દૈવી કે આસુરી
સંપત્તિવંત નરનારી,
એવી પ્રસિદ્ધ પરિપાટી
છે અનાદિ સિદ્ધ. ૨૭૧

જેમ રાત્રિને અવસરે
નિશાચરો વ્યવહાર કરે,
સુવ્યવહાર કરે દિવસે
મનુષ્યાદિકે. ૨૭૨

તેમ પોતપોતાની પદ્ધતિયે
બન્ને સૃષ્ટિઓ પ્રવર્તે,
દૈવી અને આસુરી અત્રે
જાણ પાર્થ. ૨૭૩

તેમાંથી દૈવી વિગતવારે
જ્ઞાનકથનને નિરૂપણે—
પહેલાં જ વિશદરૂપે
કહી છે તને. ૨૭૪

હવે આસુરી જે સૃષ્ટિ
તેની નિરૂપું કાર્યપદ્ધતિ,
બધું અવધાન એક કરી
સાંભળ પાર્થ. ૨૭૫

જેમ વાદ્ય વિના નાદ,
નાદ વિના ન પ્રતિસાદ,
કે પુષ્પ વિના મકરંદ
લાભે ન કદીં. ૨૭૬

તેવી પ્રકૃતિ આ આસુરી
ન થાયે ગોચર એકલી,
શરીર ન પામે જ્યાં સુધી
પ્રગટ થવા. ૨૭૭

પછી પ્રગટ થયે કાષ્ઠે
પાવક જેમ દેખાયે,
તેમ પ્રાણીને દેહે સમાયે
ત્યારે જ પ્રગટે. ૨૭૮

તે વેળા જે વિકાસ શેરડીનો
તે જ અંદરના સર્વ રસનો,
તેમ પ્રાણીઓના દેહાકારે
રસ અંતરના. ૨૭૯

હવે તે જ પ્રાણીઓનું
ધનંજય હું વર્ણન કરું,
જેમનું અંતર ભર્યું
દોષસમુચ્ચયે. ૨૮૦

તો પુણ્ય કાજે પ્રવૃત્તિ,
કાં પાપ વિશે નિવૃત્તિ,
એનો ન નિવેડો ચિત્તે
તેના કદી. ૨૮૧

નીકળવામાં કે પ્રવેશે
ધ્યાન ન રાખે આવેશે,
એટલે કોશકીટ ફસાયે
આપમેળે. ૨૮૨

કાં આપેલું પાછું મળશે,
કે ન મળે ભવિષ્યકાળે,
એ જોયા વિણ ચોરને આપે
મૂડી જેમ મૂર્ખ. ૨૮૩

તેમ પ્રવૃત્તિ-નિવૃત્તિ બન્ને
આસુરી લોક ના જાણે,
અને શુદ્ધિ તેમને સ્વપ્ને
ન દેખાયે કદી. ૨૮૪

કોલસો કાળાશ છાંડશે,
કાગડો શ્વેત વર્ણ થાશે,
રાક્ષસને કંટાળો આવશે
માંસાહારનો. ૨૮૫

પણ આસુરી પ્રાણીઓને
શુદ્ધિની ક્યારેય ન પડે,
પવિત્રતા જેમ પાત્રને
મદ્ય તણા. ૨૮૬

વિધિવિધાન જોવા-જાણવા,
કે વડીલોનાં જીવન દેખાવા,
અથવા ક્રમે આચરવા એ ભાષા
આસુરી ન જાણે. ૨૮૭

જેમ બકરીનું ચરવું,
કાં પવનનું અખંડ ઊડવું,
અથવા અગ્નિનું બાળવું
સ્વૈર હોયે. ૨૮૮

તેમ દૃષ્ટિયે સ્વૈરાચાર
આચરે તે જ અસુર,
સત્ય સાથે તેમનું વેર
હોયે સદા. ૨૮૯

જો પોતાને ડંખે
વીંછી ગલીપચી કરે,
તો જ મનાયે કે બોલે
અસુરજનો સત્ય. ૨૯૦

જો અપાનને મુખે
સુગંધ આવે કયારે,
તો જ અસુરોનો થાયે
સંબંધ સત્ય સાથે. ૨૯૧

આ પ્રમાણે તે કરે ન કાંઈ,
અને સર્વાંગે અશુભ સદા જી,
છતાં તે બોલે તેની નવાઈ
કહું હવે. ૨૯૨

ઊંટનું કયું અંગ સરળ,
હોય કયું સુંદર નિર્મળ,
તેવો છે અસુર પ્રસંગ
સાંભળ પ્રસંગે. ૨૯૩

જેમ ચીમનીને મુખે
કેવળ ધુમાડો જ નીકળે,
તેવા અસુરોના શબ્દ જે
તે કહું સ્પષ્ટ. ૨૯૪

કહે વિશ્વ અનાદિ હોયે
ત્યાં નિયંતા ઈશ્વર થાયે,
ન્યાય-અન્યાયનો નિર્ણય કરે
વેદ ચૌટે. ૨૯૫

વેદ જેને અન્યાયી કહે
તેને નરકનો દંડ મળે,
ન્યાયી કહે જેને, તે સ્વર્ગે
સુખ ભોગવે. ૨૯૬

આવી આ વિશ્વવ્યવસ્થા
અનાદિ જે હોયે પાર્થા,
તેને કહે છે વૃથા
સર્વ અસુર. ૨૯૭

યજ્ઞમૂઢ ઠગાયા યજ્ઞો વડે,
દેવઘેલા ફસાયા પ્રતિમાપૂજને,
યોગી અટવાયા ભગવા વસ્ત્રે
સમાધિક્રમે. ૨૯૮

અહીં આપણા શરીરબળે
ભોગવવું જે જે મળે,
એ વિના શું જુદું હોયે
પુણ્ય કાંઈ. ૨૯૯

જો શરીર હોયે નિર્બળ
તો મેળવાયે ન ભોગ સકળ,
એટલે સુખભોગ વિણ જીવન
તે જ પાપ. ૩૦૦

ધનિકોના પ્રાણ લેવાયે
એ જો પાપ હોય સાચે—
તો તેમનું સર્વસ્વ મળી આવે
છે પુણ્યનું ફળ. ૩૦૧

બળવાન નિર્બળને ભક્ષે,
એ જો બાધક થતું હશે—
તો માછલી કેમ ન હોયે
નિસંતાન. ૩૦૨

અને ઉભય કુળો શોધીને
વધૂવરોનાં લગ્ન કરાયે,
એમ પ્રજાસાધન જોડાયે
જો હેતુપૂર્વક. ૩૦૩

તો પશુપક્ષી આદિ જાતિ,
જેમની અગણિત સંતતિ,
તેમનાં કઈ શાસ્ત્રરીતિએ
થયાં લગ્ન. ૩૦૪

ચોરીથી ધન મેળવાયે
તે શું કોઈને વિષરૂપ થાયે,
મોહિત થઈ પરદાર કરાયે
શું થવાય કંઈ કોઢી. ૩૦૫

એટલે ઈશ્વર જગનો સ્વામી,
તે જ ધર્માધર્મ ભોગવાવી—
અને પરલોકે ફળ આપી
કરાવે ન્યાય. ૩૦૬

ન દેખાયે દેવ કે પરલોક,
ન દીસે એટલે નિરર્થક,
અને કર્તા મરે ત્યાં કેમ ટકે
ભોગ્ય પદાર્થો. ૩૦૭

જેમ ઇન્દ્ર સુખી ઉર્વશી સંગે
નિવાસ કરે સ્વર્ગલોકે,
તેમ કીડા પણ સુખી રહે
નરકે અરે. ૩૦૮

એટલે નરક અને સ્વર્ગ
ન હોયે પાપપુણ્ય-ભાગ,
ઉભય સ્થાને સુખભોગ
એક વિષયનો. ૩૦૯

આ કારણે જ કામે
જ્યાં સ્ત્રીપુરુષ યુગ્મે—
મળે ત્યાં જન્મે
જગત સકળ. ૩૧૦

અને જે જે અભિલાષ
સ્વાર્થ કાજે પોષાય,
તે નષ્ટ કરે કામ
પરસ્પર દ્વેષે. ૩૧૧

આમ કામ વિના ક્યાંયે
જગતનું મૂળ ન હોયે,
એવું બોલતા હોયે
અસુર લોક. ૩૧૨

હવે રહેવા દઈએ આ બધું,
નિંદ્યનો વિસ્તાર ન કરું,
વર્ણન કરીને કેમ શ્રમિત
કરાયે વાણી. ૩૧૩

અને ઈશ્વર વિશે ચિત્તે
વૃથા તિરસ્કારે બોલે,
કેમ કે ન કોઈ હોયે
નિર્ણય એક. ૩૧૪

કિંબહુના પ્રગટ રૂપે,
પાખંડ સ્વીકારી ચિત્તે,
નાસ્તિકતાનું આરોપે
બીજ પ્રાણે. ૩૧૫

તે વેળા સ્વર્ગનો આદર,
કે નરકનો ભય વિચાર,
આ વાસના તણા અંકુર
હોયે ભસ્મીભૂત. ૩૧૬

પછી કેવળ આ દેહથડે,
વિષયોના ગહન પંકે,
અમેધ્યોદકનો જીવે
પરપોટો અરે. ૩૧૭

જળચરો જ્યારે વૃદ્ધ થાયે
ત્યારે માછીમારો જળે ઊતરે,
કાં પ્રાણત્યાગને સમયે દેહે
રોગો ચડી આવે. ૩૧૮

કેતુનો ઉદય જે પ્રમાણે
વિશ્વનું અનિષ્ટ સૂચિત કરે,
તેમ તે અસુરો જન્મે
લોકવિનાશાર્થે. ૩૧૯

પાપકર્મો જવ પાંગરે
તવ અસુરોના અંકુર ઊગે,
અથવા કીર્તિસ્તંભ ચાલતા તે
પાપો તણા. ૩૨૦

અને આગળ-પાછળ બાળવું,
એ વિના અગ્નિને બીજું ન કરવું-
તેમ ગમે તે વિરુદ્ધ કરવું
ગમે તેના. ૩૨૧

પણ તે જ કર્મો પાર્થ
જે ઉત્સાહે તે કરવા જાય,
તે હવે તું સાંભળ, કહે
શ્રીનિવાસ. ૩૨૨

જાળ પાણીથી ન ભરાયે,
અગ્નિ ઇંધને કદી ન ધરાયે,
તેમ દુર્ભર ક્ષુધાર્તો માંહે
અગ્રેસર જે. ૩૨૩

તે કામ તણું આસન,
જીવે કરીને સુદૃઢ,
દંભ-માનનો સમુદાય
કરે ભેગો. ૩૨૪

જેમ ઉન્મત્ત કુંજર
મદ્યથી વધુ મદાતુર,
તેમ વૃદ્ધ થતાં મદોન્મત્ત
થાય તે અરે. ૩૨૫

અને દુરાગ્રહનું ને ધામ,
વળી મૂઢતાનું પ્રિય સ્થાન,
પછી કેમ કરી નિર્વાહ
થાય નિશ્ચયનો. ૩૨૬

જે બીજાને સંતાપે,
બીજાનો નાશ થાયે—
તેવાં કર્મે જેમનું મન રમે
મૃત્યુ પર્યંત. ૩૨૭

પછી પોતાનું કર્યું વખાણે
અને જગતને અવગણે,
દશ દિશાએ પ્રસરતી હોયે
સ્પૃહાજાળ. ૩૨૮

આ પ્રમાણે આવેશે
પાપો વધારતા હોયે,
ધર્મધેનુ જેમ ચરી જાયે
ખેતર આખું. ૩૨૯

આ જ એક સિદ્ધિ કાજે
તેમની કર્મપ્રવૃત્તિ ચાલે,
જીવનના પણ પેલે પારની
વાહે ચિંતા. ૩૩૦

પાતાળથી પણ નિમ્ન
જેની તોલે ઠીંગણું ગગન,
જેની સામે અણુ સમાન
સર્વ ત્રિભુવન. ૩૩૧

જેમ સંન્યાસીને ચિત્તે
અનિયમની બીક રહે,
કે પતિવ્રતા છોડવા ન ઇચ્છે
પતિને મરણે. ૩૩૨

તેવી ચિંતા અપાર
વધારે તે નિરંતર,
જીવે વધારી મોહ
અસાર વિષયોનો. ૩૩૩

સ્ત્રીનું સંગીત સાંભળવું,
સ્ત્રીરૂપ નેત્રોથી જોવું,
કે સર્વેન્દ્રિયે આલિંગવું
સ્ત્રીને જ એક. ૩૩૪

અમૃત ન્યોછાવર કરીએ
એક સ્રીસુખની સામે,
એવો નિશ્ચય ચિત્તે
થયો જેના. ૩૩૫

પછી તે સ્રીભોગ કાજે
સ્વર્ગપાતાળ એક કરે,
દશ દિશાઓની પરે
ફેરવે દૃષ્ટિ. ૩૩૬

તીવ્ર આશાએ આમીષ કેવળ
ન વિચારતાં માછલી ગળી જાય,
તેવી તેમની દશા થાય
વિષયતૃષ્ણાએ. ૩૩૭

વાંછિત જ્યારે ન પામે,
વૃથા આશાની સંતતિ વાધે,
વધતાં વધતાં તેમાં ફસાયે
કોશેટો જેમ. ૩૩૮

અને પ્રસારેલો અભિલાષ
અપૂર્ણ રહેતાં બને દ્વેષ,
એટલે નથી અન્ય પુરુષાર્થ
કામક્રોધ વિના. ૩૩૯

દિવસે પહેરો, રાતે ઉજાગરો
જેવો પાર્થ પ્રહરીને કરવો,
તેવો જ ન મળે વિસામો
અહોરાત્ર તેને. ૩૪૦

કામ ઊંચેથી ગબડાવી દે,
ક્રોધને અથડાવે ખડકે,
તોયે રાગદ્વેષ ન સમાયે
ક્યાંય તેનો. ૩૪૧

તેમ જ મનની હોંશે
વિષયવાસના પ્રસારે,
પણ બધું ભોગવવા કાજે
જોઈએ ધન પાસે. ૩૪૨

એટલે ભોગવવા કાજે,
પર્યાપ્ત ધન રળવા માટે,
ગમે તેવું સ્વૈર વિહરે
વિશ્વમાં તે. ૩૪૩

કોઈને સાધીને મારે,
કોઈનું સર્વસ્વ હરણ કરે,
કોઈને માટે બનાવે
અપાય યંત્રો. ૩૪૪

જેમ પાશ, થેલી, જાળ,
શિકારી કૂતરા, ભાલા, ઢાલ,
લઈને સાથે પહાડે વિચરે
પારધી જેમ. ૩૪૫

પાળવા પોતાનું પેટ
હણીને આણે પ્રાણીજાત,
એવાં જ કર્મો નિકૃષ્ટ
તે પણ કરે. ૩૪૬

કરીને પરપ્રાણઘાત
રળીને આણે ધનદોલત,
અને જોઈને તે વિત્ત
સંતોષ પામે. ૩૪૭

કહે મેં તો આજે
અનેકોનું ધન લૂંટીને–
હસ્તગત કર્યું, કેટલો
ધન્ય છું હું. ૩૪૮

એવી આત્મશ્લાઘા કરે,
ત્યાં મને વાસના એવડાવે,
પછી તત્ક્ષણે ફરીથી કહે
લાવીશ વધુ પણ. ૩૪૯

આ જેટલું કમાવ્યું છે
તે બધું જ વાપરીને—
મેળવીશ સચરાચરે
શેષ જે છે. ૩૫૦

એમ વિશ્વના ધન વડે
હું થઈશ સ્વામી સર્વત્ર,
પછી દૃષ્ટિ પડશે તેને
કરીશ નષ્ટ. ૩૫૧
થોડા વૈરીઓ હણ્યા છે,
હજી બીજાને હણવા છે,
પછી રહીશ હું સઘળે
કીર્તિ પામીને. ૩૫૨
સર્વ મારા સેવકો થશે,
ન થશે તે માર્યા જશે,
કિંબહુના સચરાચરે
હુ થઈશ ઈશ્વર. ૩૫૩
હું યોગભૂમિનો સમ્રાટ,
સર્વ સુખોનું નિજ ધામ,
મને જોતાં થશે નિસ્તેજ
ઇન્દ્રપદ અરે. ૩૫૪
હું મન-વચન-દેહે
કરું તે કેમ ન થાયે,
મારા વિના કોણ જગે
આજ્ઞાસિદ્ધ. ૩૫૫
કાળ બળિયો ત્યાં સુધી–
હું મહાબળી ન દેખાઉં ત્યાં સુધી,
હું છું નિશ્ચયે નિખિલ
સુખોનો રાશિ. ૩૫૬
કુબેર હશે સંપન્ન
તે ન જાણે મારું ધન,
નથી મુજ જેટલો વૈભવ
લક્ષ્મીપતિ પાસે. ૩૫૭
મારા કુળની કીર્તિ-પ્રતિષ્ઠા,
કાં જ્ઞાતિ-ગોત્રની મહત્તા,
જોતાં બ્રહ્મા જણાશે ઊણા
સ્પષ્ટ રૂપ. ૩૫૮

એટલે નામના ખ્યાતિયે મહાલે
તે ઈશ્વરાદિ વ્યર્થ કહેવાયે,
મારી તોલે આવી શકે
એવો કોઈ નથી. ૩૫૯
લોપ્યો છે જે અભિચાર
તેનો કરીશ જીર્ણોદ્ધાર,
પ્રતિષ્ઠા કરીશ યાગોની
જારણ-મારણાદિ. ૩૬૦
મારો યશ ગાશે-વખાણશે,
નટનાચે મને રીઝવશે,
આપીશ જે જે માગશે
તે તે સર્વ. ૩૬૧
માંસ-મદ્યાદિ સેવને,
પ્રમદાઓનાં આલિંગને,
હું થઈશ ત્રિભુવને
આનંદાકાર. ૩૬૨
શું બહુ આ વર્ણવાયે
આસુરી પ્રકૃતિને મદે,
તે સૂંઘવા ઝંખે
આકાશપુષ્પ. ૩૬૩
જ્વર તણા આવેગે
રોગી ગમે તે જલ્પે,
સંકલ્પો ગણગણે,
તેવી દશા આ. ૩૬૪
અજ્ઞાન તણી ધૂળમાં સપડાયે,
આશાના વાવંટોળે અટવાયે,
ચકરાવે ચડે અંતરાળે
મનોરથોના. ૩૬૫
આષાઢ મેઘોનો અનિયમ
કે સમુદ્રની ઊર્મિઓ અભંગ,
તેમ કામવાસના નિરંતર
ઊઠતી રહે. ૩૬૬

પછી તે કામના જ ચિત્તે
ઉઝરડા કરી વલ્લરી બને,
જેમ કાંટાએ વીંધાયે
કમળનાં ફૂલો. ૩૬૭

કાં પાષાણને માથે
પાર્થ જ્યારે હાંડલાં ફૂટે,
તેવા તેમના જીવ થાયે
કટકેકટકા. ૩૬૮

જ્યારે રજની ચડવા માંડે
તમનું ત્યારે સામ્રાજ્ય વ્યાપે,
તેમ જ મોહ અંતઃકરણે
માંડે વધવા. ૩૬૯

અને મોહ જેમ જેમ વધે
તેમ તેમ વિષયે પ્રેમ વાધે,
અને જ્યાં વિષય ત્યાં પ્રવેશે
પાપો પાર્થ. ૩૭૦

પાપો જ્યારે પ્રબળ થાયે,
અને તે બધાં ભેગાં હોયે—
ત્યારે જીવતાં જ તે લાધે
નરકયાતના. ૩૭૧

એટલે હે બુદ્ધિમંત
જે પાળે કુમનોરથ,
તે અસુરો કરે વાસ
આ નરકલોકે. ૩૭૨

જ્યાં અસિપત્ર જેવાં તરુવર,
ખદિરાંગારના ડુંગર,
ઊકળતા તેલના સાગર
ઊછળતા રહે. ૩૭૩

જ્યાં યાતનાઓની શૃંખલા
નિત્ય નૂતન યમવેદના,
એવા દારુણ નરકલોકમાં
જઈ પડે આસુરીજન. ૩૭૪

આવા નરક માટે યોગ્ય
જે જે જન્મે ધનંજય,
તેમને લાગે છે છંદ
યજ્ઞયાગાદિનો. ૩૭૫

આમ તો યાગાદિક કર્મ
આચરણીય ગણાયે પાર્થ,
પણ નાટકીય મિથ્યાચાર
બનાવે યાગાદિને વિફળ. ૩૭૬

નિજ વલ્લભને આશ્રયે
જે પરપુરુષો ભોગવે,
અને સૌભાગ્યવતી કહેવાયે
પરમ સંતોષે. ૩૭૭

તેમ પોતે પોતાની મેળે
પોતાને મહંત ગણાવે,
પછી અસાધારણ ગર્વે
પોતે જ ફુલાયે. ૩૭૮

તે નમ્ર થવું ન જાણે,
ઢાળેલા લોહસ્તંભ જાણે,
કાં રચેલી ઊંચે આકાશે
શિલારાશિ. ૩૭૯

તેમ પોતાના સ્તવને
પોતે જ રીઝતા જાયે,
તૃણથીય સહુને માને
નીચા તે. ૩૮૦

વળી ધનની મદિરાયે
પાર્થ તે મદમત્ત થાયે,
કૃત્યાકૃત્ય વિચારનો કરે
મત્સર સદા. ૩૮૧

જેમની આવી દશા હોયે
તે યજ્ઞાનુષ્ઠાન શેનું કરે,
પણ ભ્રાંતિમાં શું ન કરે
પાર્થ લોકો. ૩૮૨

એટલે કોઈ વેળાયે
મૂઢતા-મદ્યને બળે,
યજ્ઞયાગોની કરે
નકલ તેઓ. ૩૮૩

નથી કુંડ, મંડપ કે વેદી,
નથી ઉચિત સાધનસામગ્રી,
અને તેઓ ન જાણે વિધિ-
શાસ્ત્ર કોઈ. ૩૮૪

દેવ બ્રાહ્મણોને નામે
તેમની હવા પણ ન સહે,
એવી દશા જ્યાં વર્તે
ત્યાં આવશે કોણ. ૩૮૫

અરે મરેલું વાછરડું લાવે
અને તેને ગાય પાસે મૂકે,
પછી જેમ દૂધને દુહે
બુદ્ધિમંત. ૩૮૬

તેમ યજ્ઞયાગને નામે
જગતને હોંશે નિમંત્રે,
સહુને ઠગીને મેળવે
ભેટસોગાદ. ૩૮૭

એવાં કાંઈ નિજ સ્વાર્થે
હવન કરાવે ઉઘાડે છોગે,
અને કામના કરતા હોયે
લોકનાશની. ૩૮૮

પછી વગાડી ડંકાનિશાન
પ્રગટ દેખાડે દીક્ષિતપણું,
જગે પોકારાવે મોટાપણું
વ્યર્થ પોતાનું. ૩૮૯

તે મહત્તાયે તે અધમને
ગર્વ ચડે બેવડો થઈને,
જાણે અંધારાને લેપ કરાયે
કાજળ તણો. ૩૯૦

તેમ મૂઢતા ઘન થાયે,
ઉદ્દંડતા ઉત્કટ બને,
અહંકાર બેવડાયે
અવિવેક સાથે. ૩૯૧

પછી બીજાઓની મહત્તા
શેષ ન રહે સર્વથા,
આ હેતુથી વિકસાવવા મથે
અધિક બળતે. ૩૯૨

એવી રીતે અહંકાર પ્રબળ
એક વાર પાર્થ થાય,
ત્યાં મર્યાદા ત્યજી દર્પસાગર
ઊછળે અનાવર. ૩૯૩

પછી અમર્યાદ દર્પે
કામનું પિત્ત કોપે,
તેની ઉષ્ણતાયે સળગે
ક્રોધાગ્નિ તે. ૩૯૪

ત્યાં ઉનાળે અગનઝાળે
તેલ-ઘીના કોઠારો સળગે,
અને ઉપરથી વાયુ વાયે
ઉચ્છૃંખલ. ૩૯૫

તેમ અહંકાર પ્રબળ થાયે
દર્પને કામક્રોધ વ્યાપે,
આ બન્નેનો મેળ જામે
જેમને ચિત્તે— ૩૯૬

તે પોતાની ઇચ્છા પ્રમાણે
કઈ કઈ હિંસક રીતે—
પ્રાણીઓને ન મારે
હે વીરેશ. ૩૯૭

પહેલાં તો ધનુર્ધર
પોતાનાં માંસરુધિર—
વાપરીને અભિચારકર્મ
કરવા લાગે. ૩૯૮

ત્યાં જે દેહને કષ્ટ આપે
તે દેહ મારો નિવાસ હોયે,
એટલે મુજ આત્માને થાયે
ઘણાં કષ્ટ. ૩૯૯

અને અભિચાર-કર્મો વડે
જેમને જેમને દુઃખ થાયે,
તેમનામાં વસતા ચૈતન્યને
દુઃખ પહોંચે. ૪૦૦

અને અભિચારથી મુક્ત
રહી ગયા જે અકસ્માત્—
તેમના વિશે વિવિધ આરોપ
કરે નિંદ્યકર્મનો. ૪૦૧

સતી અને સત્પુરુષ,
દાનશીલ યાજ્ઞિક,
તપસ્વી અલૌકિક
સંન્યાસીઓ જે. ૪૦૨

કાં ભક્ત અને મહાત્મા—
જે નિજ ધામ મારાં,
હોમધર્મે જે શુદ્ધ થયાં
શ્રોતાદિકી. ૪૦૩

તેમને દ્વેષના કાળકૂટે
મર્મભેદી તીક્ષ્ણ બાણે,
કુશબ્દોના પ્રહાર કરે
વારંવાર. ૪૦૪

આવા જે સર્વ પ્રકારે
મારું વેર બાંધવા પ્રવર્તે,
તે પાપીઓ જોડે હું કરું
આવો વ્યવહાર. ૪૦૫

તો મનુષ્યદેહને આધારે
જે જગતને અપકાર કરે,
તે મનુષ્યતા ઝૂંટવીને
રાખું આ પ્રકારે. ૪૦૬

જે કલેશગ્રામનો ઉકરડો,
જે ધોબીઘાટ ભવપુરીનો—
તે તમો યોનિયે જન્મે
નિરંતર. ૪૦૭

પછી આહારને નામે
તૃણ પણ જ્યાં ન ઊગે,
ત્યાં વ્યાઘ્ર-વીંછી રૂપે
આપું જન્મ. ૪૦૮

ત્યાં દારુણ ક્ષુધા-દુઃખે
પોતાને જ તોડી ખાયે,
મરી મરીને પાછા જન્મે
વારંવાર તે. ૪૦૯

કાં પોતાના વિષયાગ્નિયે
પોતાની જ ત્વચા બાળે,
એવા સર્પ બનાવીને દરે
ગોંધી રાખું. ૪૧૦

લીધેલો શ્વાસ વિરમે
તેટલો પણ સાપે—
વિસામો ન આપું તેને
દુર્જન જીવને. ૪૧૧

એવા કોટિ કલ્પો સુધી
ગણના ન કરાયે જેની,
ન કાઢું તેટલા કાળ સુધી
દુઃખમાંથી. ૪૧૨

પણ તેમને જ્યાં જવું
તેનું આ પહેલું પગલું,
જે પામ્યા પછી ન લાગે
કોઈ દુઃખ દારુણ. ૪૧૩

આ હદ સુધી ઘોરે
આસુરી સંપત્તિયે,
અધોગતિ પ્રાપ્ત કરે
પાર્થ તેઓ. ૪૧૪

પછી વ્યાઘ્રાદિ તામસ
યોનિયે આવીને સહજ,
દેહાધારનો વિશ્રામ
મળતો હોય જે— ૪૧૫

તે આધાર પણ ઝૂંટવાયે,
પછી તમરૂપ થતા જાયે,
જ્યાં અંધારાને પુટ અપાયે
કાળાશના. ૪૧૬

પાપને પણ વમન આવે,
નરકને પણ બીક લાગે,
દુઃખને પણ મૂર્ચ્છા આવે
જે જોઈને. ૪૧૭

મળ જેથી મલિન થાયે,
તાપ જેથી દાઝી ઊઠે,
જેના નામે કંપી ઊઠે
મહાભય પોતે. ૪૧૮

પાપને જેનો કંટાળો ઊપજે,
અમંગલતા અમંગલ અનુભવે,
આભડછેટને બીક લાગે
અભડાવાની. ૪૧૯

આમ વિશ્વના જે દુઃખપ્રદ
અધમાધમ જે ધનંજય,
તે રૂપ થાયે, તામસ યોનિ
ભોગવ્યા પછી. ૪૨૦

અહો કહેતાં વાણી રડે,
સંભારતાં ખિન્નતા થાયે,
કેવું કેવું પતન મૂર્ખોએ
કમાવ્યું છે. ૪૨૧

શા કાજે તે અસુર
સંપત્તિ સંઘરે મૂઢ,
જેને લીધે પતન ઘોર
નિષ્પન્ન થાયે. ૪૨૨

એટલે તું ધનુર્ધર
ન જાયે તેની સન્મુખ,
જ્યાં કરે છે વાસ
સંપત્તિ આસુરી. ૪૨૩

અને દંભાદિ છયે દોષ
જેમનામાં વસે પૂર્ણ,
તેમનો કરાયે ત્યાગ
એ શું કહેવું પડે. ૪૨૪

પણ કામક્રોધલોભ
આ ત્રણેયનો યોગ,
થાય ત્યાં ઊપજે અચૂક
અશુભ જાણ. ૪૨૫

પોતાનાં સર્વ દુઃખો પોતે
જોવા માટે ધનંજય એ,
લોભિયા જાણ નીમ્યા છે
વાટ ચીંધવા. ૪૨૬

કાં પાપીઓને નરકભોગ
અપાવવા કાજે એક,
પાતકોની સમર્થ સહજ
સભારૂપ આ. ૪૨૭

તે રૌરવાદિ ત્યાં સુધી
રહેશે પરોક્ષ શાબ્દિકી—
આ ત્રણેય જ્યાં સુધી
પ્રગટે ન અંતરે. ૪૨૮

તેમના વડે અપાય સુલભ
યાતના સહજ સસ્તી જાણ,
એટલે એ ત્રણેને માર,
માર ફરી ફરી. ૪૨૯

શું બહુ કહું હે સુભટ,
કહ્યાં હતાં તને નિકૃષ્ટ—
તે નરક તણા જાણ
ઉંબરા આ ત્રિશંકુ. ૪૩૦

આ કામક્રોધલોભે
જે જીવપ્રાણે ઊભા હોયે—
તે યમપુરીની સભા પામે
ઇહલોકમાં. ૪૩૧

એટલે પુન: પુન: કિરીટી
આ કામાદિ દોષ ત્રિપુટી—
ત્યજવી રે અશુભકારિણી
સર્વ વિષયે. ૪૩૨

ધર્માદિ ચારેય મધ્યે
પુરુષાર્થ ત્યારે જ લાધે—
ત્રિપુટીનો સાથ છોડાયે
પાર્થ જ્યારે. ૪૩૩

ત્રણે દોષ જાગ્રત હોયે
ત્યારે કલ્યાણ પ્રાપ્ત થાયે,
એવું સાંભળ્યું નથી કાને
દેવ પોતે કહે. ૪૩૪

જેને આત્મરૂપનો પ્રેમ,
આત્મનાશનો જેને ભય—
તેણે ન કરવો આશ્રય
રહેવું સાવધ. ૪૩૫

પેટે બાંધીને પાષાણ
બાહુ વડે સમુદ્રતરણ,
કાં જીવવા કરવું ભક્ષણ
કાળકૂટનું. ૪૩૬

આ કામક્રોધલોભ વડે
કાર્યસિદ્ધિની જાણ દશા તે,
એટલે ભૂંસવા સમૂળે
ચિત્તમાંથી. ૪૩૭

જો ક્યારેક કદાચિતે
આ ત્રણેયની સાંકળ તૂટે—
તો સુખે પોતાની વાટે
ચાલી શકાયે. ૪૩૮

ત્રિદોષની શાંતિયે શરીર
ત્રિકુટિને લોપે નગર,
કે ત્રિદાહ શમને અંતર
હોય જેવું. ૪૩૯

તેમ કામાદિ ત્રણે જણ
જેને તજે તે પામે સુખ,
અને મેળવે સત્સંગ
મોક્ષમાર્ગી જનોનો. ૪૪૦

પછી પ્રબળ સત્સંગે,
સત્શાસ્ત્રોને બળે,
જન્મમૃત્યુનાં વટાવે
દારુણ અરણ્યો. ૪૪૧

તે વેળા આત્માનંદે સભર,
જે સદાસર્વદા સુંદર,
તે મળી આવે નગર
ગુરુકૃપાનું. ૪૪૨

ત્યાં પ્રિય તણી પરમ સીમા,
એવા ભેટે માબાપ આત્મા,
તેને આલિંગને વિરમે નાદ
સંસાર ડિંડિમનો. ૪૪૩

એવા જે કામક્રોધલોભને
ખંખેરી નાખી ઊભા રહે—
તેને જ આવડો લાધે
લાભ ધનંજય. ૪૪૪

અથવા એ કાંઈ ન રુચે,
કામાદિકોમાં સદા પ્રવર્તે,
પોતાનું માથું વિષયે ખૂંપાવે
જે આત્મચોર. ૪૪૫

જે જગે સમાન સકૃપ,
હિતાહિત દેખાડતા દીપ,
તે અમાન્ય કર્યા બાપ
વેદ જેણે. ૪૪૬

ન રાખે વિધિની પરવા,
ન કરે પોતાની ચિંતા,
માત્ર વધારે ઇન્દ્રિયોનાં
લાડકોડ. ૪૪૭

કામક્રોધલોભનો કેડો
ન મૂકે, થાય દાસ તેમનો,
ખૂંદી વળે અફાટ રાનો
સ્વૈરાચારનાં. ૪૪૮

તે મુક્તિને ઝરણે
પછી જળ ન પ્રાશન કરે,
સુખની કથા દૂર રહે
સ્વપ્નમાં પણ. ૪૪૯

અને પરલોક નાશ પામે
એ તો નિર્વિવાદ ગણાયે,
પણ સુખ ન ભોગવી શકે
ઇહલોકેય તે. ૪૫૦

જેમ મત્સ્યાહારની લાલચે
બ્રાહ્મણ માછીઓમાં પ્રવેશે,
પછી ત્યાં રહીને બડબડે
નાસ્તિકવાદ. ૪૫૧

તેમ વિષયોનાં લાડકોડે
જે પરલોક ખોઈ નાખે,
તે મરણાંતરે તણાયે
ગમે તે દિશાએ. ૪૫૨

એટલે ન પરલોક કે સ્વર્ગ,
ના ઇહલોકે વિષયભોગ,
ત્યાં કેમ પામશે પ્રસંગ
મોક્ષનો તે. ૪૫૩

એટલે કામાદિની હઠે
જે વિષયસેવને રમે,
ન મળે વિષય કે સ્વર્ગ
ના ઉદ્ધરે તે. ૪૫૪

આ કારણે હે પાર્થ
જે નિજ કાજે કૃપાવંત,
તે ન તોડે વિધિવિધાન
વેદો તણાં. ૪૫૫

પતિમતને સર્વથા
અનુસરીને પતિવ્રતા—
અનાયાસે મેળવે છે
આત્મહિત. ૪૫૬

અથવા શ્રીગુરુવચને
દૃષ્ટિ રાખી એકચિત્તે,
શિષ્ય જેમ પ્રવેશે
આત્મભુવને. ૪૫૭

એ ભલે, પોતાનું નિધાન
કરવું હશે જો પોતે પ્રાપ્ત,
તો આદરે ધરવો દીપક
નિજ હાથે. ૪૫૮

તેમ અશેષ પુરુષાર્થ
કરવા હશે જો પ્રાપ્ત,
તો શ્રુતિસ્મૃતિને ગણવાં
શિરસાવંદ્ય. ૪૫૯

શાસ્ત્ર કહે જે ત્યજવું,
તે રાજ્ય તૃણ સમું ગણવું;
શાસ્ત્રે સ્પષ્ટ ગ્રાહ્ય કહ્યું
તે વિષ પણ સેવવું. ૪૬૦

એવી જો વેદ નિષ્ઠા
જાગશે હે સુભટા,
તો કેમ કરી થાશે
કોઈ અનિષ્ટ. ૪૬૧

સકળ અહિતથી બચાવે,
હિત વધારે સર્વ પ્રકારે,
શ્રુતિ સિવાય અન્ય ન હોયે
તારણહાર. ૪૬૨

એટલે બ્રહ્મૈક્ય સુધી
ન છોડાયે બાપ શ્રુતિ,
તારે પણ એમ જ ભજવી
સવિશેષ. ૪૬૩

જે અર્જુન તું આ જગે
સાર્થ કરવા શાસ્ત્ર સકળે—
ધર્માચરણને બળે
જન્મ્યો છું. ૪૬૪

અને તું છું ધર્માનુજ
આપોઆપ અને સહજ,
એટલે મા કરીશ કદા
અનુચિત કાંઈ. ૪૬૫

કાર્યાકાર્ય વિવેકે
શાસ્ત્રાધારે પરખ કરાયે,
અકૃત્યોનો સહેજે લોકે
કરવો ત્યાગ. ૪૬૬

પછી જે કૃત્ય કહેવાયે
તે પોતાનાં મનેપ્રાણે—
આદરભાવે આચરીને
કરવું પૂર્ણ. ૪૬૭

જે વિશ્વપ્રામાણ્યનું હાર્દ
તારા હાથમાં છે પાર્થ—
તેથી કરવા લોકસંગ્રહ
યોગ્ય તું જગે. ૪૬૮

એવં આસુરવર્ગ સકળ
કથીને મુક્તિનો માર્ગ,
દેવે કર્યો અતિ વિશદ
પાંડવ કાજે. ૪૬૯

આ પછી તે પાંડુકુંવર
સદ્ભાવે અંતરનો પ્રશ્ન
પૂછશે, અવધાનપૂર્વક
સાંભળો હવે. ૪૭૦

વ્યાસની આજ્ઞાયે સંજયે
તે કથા કહી ધૃતરાષ્ટ્રને,
તેમ હું પણ નિવૃત્તિકૃપાયે
કહીશ તમને. ૪૭૧

તમ સંતો મુજ ભણી
કરશો કૃપાની દૃષ્ટિ,
તો જ થઈશ પોતે
તમ લાયક. ૪૭૨

એટલે નિજ અવધાન
આપો મને કૃપાનું દાન,
જેથી થઈશ ભાગ્યવાન
જ્ઞાનદેવ કહે. ૪૭૩

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे दैवासुरसम्पद्विभागयोगो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

आम्नाय–ग्रन्थालय,
भारतनिधि, करौंदी
वाराणसी-5

ૐ તત્ સત્

અર્જુને ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે શાસ્ત્ર જાણીને શાસ્ત્રાનુસાર શ્રદ્ધાપૂર્વક કર્મો કરનાર એક વર્ગ છે. શાસ્ત્રને અવગણીને કામ્યકર્મો કરનાર બીજો વર્ગ છે. પરંતુ આ બન્ને ઉપરાંત એક ત્રીજો વર્ગ છે, એ વર્ગને શાસ્ત્ર પ્રત્યે આદર છે; પરંતુ શાસ્ત્રવચન સમજવાની બુદ્ધિ નથી. શાસ્ત્રોમાં એકવાક્યતા હોતી નથી. જુદા જુદા મતમતાંતરો દેખાય છે. તેનો સમન્વય કરનારી બુદ્ધિ સર્વમાં હોતી નથી. આવી સ્થિતિમાં જેમનામાં શ્રદ્ધા છે પણ જેઓ અજ્ઞાની છે તેઓ જે કર્મો કરે તેમની શી ગતિ થાય છે? આ સત્તરમા અધ્યાયને પ્રભુએ આ પ્રશ્નના વિસ્તૃત ઉત્તરમાં માંડ્યો છે.

કેવળ શ્રદ્ધાની સૂડી વડે મોક્ષ મેળવવો સરળ નથી. શ્રદ્ધા જો પ્રગટ રૂપે દેખાતી હોય તોપણ તે કયા પ્રકારની છે તે મહત્ત્વનું છે. જગતમાં પ્રાણીમાત્ર ત્રણ ગુણોનાં બનેલાં છે. આ ત્રણ ગુણો પૈકી કયો એક ગુણ, બીજા બે ગુણો કરતાં અધિક પ્રમાણમાં છે તેના પ્રભાવ પ્રમાણે શ્રદ્ધા બનતી હોય છે. સાત્ત્વિક પુરુષની શ્રદ્ધા વિદ્યા સંપાદન કરવી અને યજ્ઞાદિ કર્મો કરવામાં ગૂંથાયેલી હોય છે. રાજસિક શ્રદ્ધાના લોક રાક્ષસો અને યક્ષોનું ભજન કરે છે. તામસિક લોકોની શ્રદ્ધા પ્રાણીમાત્રના ઘાતપાતકમાં રચેલીપચેલી હોય છે. આ ત્રણ શ્રદ્ધારૂપો પૈકી રાજસ અને તામસ પ્રકારને છોડી સાત્ત્વિક શ્રદ્ધાનો જ મુમુક્ષુએ અંગીકાર કરવો. સાત્ત્વિક શ્રદ્ધા જેનામાં હોય તેવો પુરુષ જો અજ્ઞાની હોય ને તેને શાસ્ત્રવચન સમજાતું ન હોય તોપણ તેનાથી મોક્ષ દૂર નથી રહેતો. જેમને શાસ્ત્ર અવગત છે તેમને પગલે ચાલીને સાત્ત્વિક શ્રદ્ધાન્વિત પુરુષ જીવનયાત્રા કરશે તો તે પણ મોક્ષને મુકામે પહોંચશે.

પ્રત્યેક મનુષ્યનો આહાર તેની રુચિ પર અવલંબે છે. આ રુચિ તેના ગુણો પર અવલંબિત હોય છે. સત્ત્વગુણી પુરુષને મધુર, ગળ્યો, રસભર અને સ્નિગ્ધ આહાર ગમે છે. સાત્ત્વિક આહાર સેવનાર નીરોગી ને નિરામય હોય છે. રાજસ પુરુષો કડવો, ખાટો, ખારો, તીખો અને અતિ ગરમ આહાર લે છે. તેનું શરીર રોગમય અને દુઃખી હોય છે. તમોગુણી માણસનો આહાર કંટાળો ઉપજાવે તેવો હોય છે. તેને દાઝેલો, સડેલો અને વાસી આહાર ગમે છે. તેનાથી તેને યાતના, દુઃખ અને ક્લેશ જ મળે છે.

આહારની જેમ પ્રાણીમાત્રનાં તપ, દાન અને યજ્ઞકર્મોના પણ ત્રણ પ્રકાર પ્રભુએ વર્ણવ્યા છે, અને અર્જુનને બોધ કર્યો છે કે રજસ અને તમસનો ત્યાગ કરીને સાત્ત્વિક ગુણનો જ અંગીકાર કરવો. એટલે શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાન એ

સર્ગના ત્રણ પ્રકાર કહીને છેવટે શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત થવાનું કહ્યું છે. છતાં એકલું સ્વતંત્ર સાત્ત્વિક કર્મ મોક્ષને મુકામે પહોંચાડશે નહીં. આ સાંભળીને અર્જુનને ઉત્કંઠા જાગી કે તો કઈ વસ્તુ મોક્ષ આપશે? આ ઉત્કંઠા જાણીને પ્રભુએ કહ્યું :

'ૐ તત્ સત્' એ જે પરબ્રહ્મનું નામ છે તે લઈને જો સાત્ત્વિક કર્મો કરાય તો મોક્ષને મુકામે લઈ જવાનું સામર્થ્ય, કર્મોમાં મૂકવાની શક્તિ આ નામમાં છે. વાસ્તવિક રીતે તો અનાદિ, નિર્ગુણ ને નિરાકાર બ્રહ્મને નામ ક્યાંથી હોય? પરંતુ શ્રુતિમાતાએ સંસારનામથી પિડાયેલા દુઃખી લોકોની દયા આણી એ દુઃખમાંથી જીવોને છોડાવવા આ નામ બ્રહ્માને આપ્યું. ખુદ બ્રહ્મદેવમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની શક્તિ પણ આ નામના આવર્તનને કારણે આવી. સાત્ત્વિક કર્મ, જો આ બ્રહ્મનામથી યુક્ત કરીને કરાય તો મોક્ષ સહજ ભાવે તેની નિકટ આવે છે. આ નામ કેવી રીતે લેવું તે માત્ર કળાવું જોઈએ. નહીંતર સાત્ત્વિક કર્મ કરીને અથવા નામજપ કરીને પણ કંઈ વળશે નહીં.

કર્મને આરંભે ધ્યાનપૂર્વક 'ૐ'ને અર્થવૃત્તિ પર આરૂઢ કરીને પછી તે વાચાએ ૐ એવો સ્પષ્ટ ઉચ્ચાર કરવો. ૐની સહાયથી વિધિયુક્ત ક્રિયા થયા પછી, આગળ ફળ આવવા માંડે કે 'તત્' શબ્દનો વિનિયોગ કરવો. એટલે તત્ શબ્દના વાચક જે બ્રહ્મ, તે બ્રહ્માને, તે કર્મ અને ફળ બન્ને પોતાને માટે ભોગવવા ન રાખતાં અર્પણ કરી દેવાં. આ પ્રમાણે કર્મ બ્રહ્મરૂપ થાય છે. છતાં બ્રહ્માર્પણ કરનાર બાકી રહે છે. કર્તા જ્યાં સુધી જુદો રહે છે ત્યાં સુધી સંસારમાંથી તેનો છુટકારો થતો નથી. એટલે તેણે 'સત્' શબ્દનો વિનિયોગ કરવો. સત્પણાના સામર્થ્યથી કર્મમાંથી ન્યૂનતાના અસત્પણાનો દોષ નહીંવત્ કરીને 'સત્' શબ્દ કર્મમાં યોગ્યતા આણે છે અને બ્રહ્મરૂપની પ્રાપ્તિ કરાવી આપે છે.

જીવને બ્રહ્મપ્રાપ્તિ કરી આપવા માટે નામનાં મહત્ત્વ અને મહિમા, શ્રીકૃષ્ણનાથના મુખેથી સાંભળીને, અર્જુન બ્રહ્માનંદમાં લીન થઈ ગયા.

અધ્યાય સત્તરમો

શ્રદ્ધાદિ-નિરૂપણયોગ

વિશ્વવિકસિત મુદ્રા
છોડાવે તારી યોગનિદ્રા,
એવા શ્રીગુરુરાજ ગણેન્દ્રા,
કરું નમન. ૧

ત્રિગુણ ત્રિપુટે ઘેરાયેલો,
જીવત્વ દુર્ગે અટવાયેલો,
તે આત્મશંભુ મુક્ત કર્યો
તારી સ્મૃતિએ. ૨

એટલે શિવની તુલનાયે
ગુરુત્વે તું શ્રેષ્ઠ હોયે,
માયાજળેથી તારવાથી
હળવો પણ તું. ૩

જે તારે વિશે મૂઢ
તેમને માટે વક્રતુંડ,
જ્ઞાનીઓને અખંડ
ઋજુરૂપ તું. ૪

આંખો તમારી દેખાય નાની
છતાં મિલન ઉન્મીલનમયી,
લીલા ઉત્પત્તિ-પ્રલયની
કરો છો પ્રભુ. ૫

પ્રવૃત્તિનો કર્ણ હલાવાયે
ત્યાં મદગંધ અનિલ વાયે,
અને જીવભૃંગો પૂજા કરે
નીલકમલો વડે. ૬

પછી નિવૃત્તિનો કર્ણ હાલે,
અને બાંધેલી પૂજા વીખરાયે—
ત્યારે વિશુદ્ધ રૂપ પ્રગટે
તમારું પ્રભો. ૭

વામાંગીનો લાસ્યવિલાસ
જે આ જગદ્રૂપ આભાસ,
ત્યાં તાંડવનૃત્યે પ્રગટાવો છો
કલાઓ વિવિધ. ૮

એ ભલે દાતાર મોટી નવાઈ,
તું થાય જેમનો સગોસોઈ,
તેમના લોપે બધા વ્યવહાર
સગપણના. ૯

તું ભવબંધ સકળ નાશે
છતાં જગબંધુ કહેવાયે,
એવો મિથ્યા ભાવ ખરેખરે
તમને જ શોભે. ૧૦

દ્વૈતને નામે તેમનો
દેહ પણ ન રહે પ્રભો,
જે તમને માની ભિન્ન
કરે અર્ચના. ૧૧

તને રાખી સન્મુખ
ઉપાયો કરે નાનાવિધ,
તેમનાથી રહે વિમુખ
બહુ દૂર તું. ૧૨

જે ધ્યાન ધરે મન માંહે
તેની પાસે કદી ન ફરકે,
ધ્યાન ધરવું પણ જે વીસરે
તે પ્રિય તને. ૧૩

જે ન જાણે કે તું સિદ્ધ
તે કહેવાય છે સર્વજ્ઞ,
જેમનો એક પણ શબ્દ
ન સાંભળે તું. ૧૪

મૌન તારું રાશી નામ
કેમ ગવાયે સ્તવન-સ્તોત્ર,
દેખાયે તે મિથ્યા સર્વ
પૂજન કરાય કેમ. ૧૫

જો સેવક થવા જઈયે
તો ભેદરૂપી દ્રોહ કરાયે,
એટલે સંબંધો ન કલ્પાયે
આપણા પ્રભુ. ૧૬

સર્વથા સર્વ સંબંધ ત્યજાયે
તવ તને અદ્વૈતને પમાયે,
આ મર્મ તમારું જાણીયે
હે આરાધ્યલિંગ. ૧૭

તો નિરાળાપણું કરીને નષ્ટ
લવણ સાધે નીરનું ભજન,
તેવું જ આ મારું નમન
શું બહુ બોલવું. ૧૮

ખાલી ઘડો સાગરે પ્રવેશે
તો છલકાતો બહાર નીકળે,
કાં દીપ સંગે વાટ થાયે
દીપરૂપ. ૧૯

તમારી પ્રણતિયે તેમ
શ્રીનિવૃત્તિ હું પૂર્ણકામ,
એટલે હવે ગીતાર્થ
કરીશ પ્રગટ. ૨૦

તો ષોડશાધ્યાયને અંતે
તેની સમાપ્તિને શ્લોકે—
જે એવો નિર્ણય દેવે
કર્યો સ્પષ્ટ. ૨૧

કૃત્ય-અકૃત્ય વ્યવસ્થા
અનુષ્ઠાવા કાજે પાર્થા,
શાસ્ત્ર એક જ સર્વથા
માનવું પ્રમાણ. ૨૨

ત્યાં અર્જુન નિજ મને
કહે એમ તો કેમ હોયે,
કે શાસ્ત્ર વિણ ન હોયે
માર્ગ બીજો. ૨૩

તો તક્ષકની ફણાયે
ચડીને જ મણિ કઢાયે,
સિંહના નાકેથી લેવાયે
વાળ અથવા. ૨૪

તેમ શાસ્ત્રોના નિરનિરાળા
મતો કોણ કરશે ભેગા,
અને સાધશે એકવાકયતા
તે મતોમાં. ૨૫

કદી જો એકવાકયતા સધાયે
તો અનુષ્ઠાને સમય ન હોયે,
દીર્ઘાયુષ્ય કયાંથી લાવીયે
એટલું અરે. ૨૬

શાસ્ત્રે, અર્થે, દેશે, કાળે—
આ ચારેયથી જે સધાયે,
તે ઉપાય કઈ રીતે મળે
સર્વ જનને. ૨૭

એટલે શાસ્ત્રને અનુકૂળ
બની ન શકે વ્યવહાર,
પછી શી ગતિ અહીં થાય
મૂર્ખ મુમુક્ષુની. ૨૮

એ પૂછવા અભિપ્રાય
અર્જુન જે કરે પ્રસ્તાવ,
તે સત્તરમાનો આશય
જાણવો અહીં. ૨૯

જે સર્વ વિષયે વિતૃષ્ણ,
જે સકલ કલામાં પ્રવીણ,
કૃષ્ણસખા બીજા કૃષ્ણ
અર્જુન રૂપે. ૩૦

શૌર્યનો જે આધાર,
જે સોમવંશનો શૃંગાર,
કરવા સુખાદિ ઉપકાર
લીલા જેની. ૩૧

જે પ્રજ્ઞાનો પ્રિયોત્તમ,
બ્રહ્મવિદ્યાનો વિશ્રામ,
સદેહે સહચર મનોધર્મ
દેવના જે. ૩૨

તે અર્જુન કહે તમાલશ્યામ,
હે ઇન્દ્રિયગોચર પરબ્રહ્મ,
તમારાં વેણ અમોને
જણાય સંશયભર્યાં. ૩૩

જે શાસ્ત્ર વિના અન્યે
પ્રાણીને ન મોક્ષ મળશે—
એવો પક્ષ કેમ કરીને
માંડો છો અહો. ૩૪

જો ન મળે તેવો પ્રદેશ,
ન રહે સમય કે અવકાશ,
જે કરાવશે શાસ્ત્રાભ્યાસ
તે ગુરુ પણ ન મળે. ૩૫

અને અભ્યાસને આવશ્યક
જે હશે સામગ્રી-સાધન,
તે પણ ન થાયે પ્રાપ્ત
અનુષ્ઠાન સમયે. ૩૬

પ્રારબ્ધ ન હોય સાનુકૂળ,
પ્રજ્ઞા જો શાસ્ત્રાર્થે નિર્બળ,
એટલે જો ન થયું અધ્યયન
શાસ્ત્રો તણું. ૩૭

કિંબહુના શાસ્ત્રોને વિશે
સ્પષ્ટ નિશ્ચય ન થાયે,
એટલે પડતો મૂક્યો જેણે
શાસ્ત્રવિચાર. ૩૮

પણ સ્વીકારીને શાસ્ત્રનિર્ધાર,
કરીને તેમનું શુદ્ધ અનુષ્ઠાન—
જે રહે છે પરલોકમાં
સુખપૂર્વક. ૩૯

તેમના જેવા થઈએ
એવી ઇચ્છા રાખીને જીવે,
ચાલે જે તેમને પગલે
નિજ જીવને. ૪૦

જેમ જોઈને ગ્રંથાક્ષર
બાળક લખે, પ્રભુવર
કે દેખતાનો આશ્રય
ગ્રહે અંધ. ૪૧

તેમ જે સર્વશાસ્ત્રનિપુણ,
તેમનું જે જે આચરણ,
તેને માની લે પ્રમાણ
નિજ શ્રદ્ધા વડે. ૪૨

પછી શિવાદિકોનું પૂજન,
ભૂમિદાનાદિ મહાદાન,
અગ્નિહોત્રાદિ યજન
કરે શ્રદ્ધાપૂર્વક. ૪૩

તેમને હે પુરુષોત્તમ,
આ જે સત્ત્વ, રજ, તમ—
તેમાંથી કઈ ગતિ પ્રાપ્ત
થાશે કહો. ૪૪

ત્યાં વૈકુંઠપીઠના આરાધ્ય
જે નિગમપદ્મના પરાગ,
જેમની સત્તાયે આ જગ
છાયરૂપ. ૪૫

કાળસ્વભાવે અમર્યાદ,
લોકોત્તર અને પ્રૌઢ,
અદ્વિતીય નિગૂઢ,
આનંદઘન. ૪૬

જે પ્રશંસાયે આ પ્રકારે,
જે સકળ ગુણસંપન્ન હોયે,
તે શ્રીકૃષ્ણ પોતે નિજ મુખે
કહેતા થયા. ૪૭

કહે, પાર્થ તારો ઝોક ક્યાં છે
તે તો અમે જાણીયે છીએ,
શાસ્ત્રાભ્યાસ જણાયે તને
આડખીલી. ૪૮

કેવળ શ્રદ્ધાને આશ્રયે
પરમ પદને પામવા ઇચ્છે,
પણ નથી તેવું સુલભ રે
જાણ પ્રબુદ્ધ તું. ૪૯

અરે શ્રદ્ધાને નામે
શાસ્ત્રત્યાગ ન કરાયે,
શું દ્વિજ અંત્યજ સંગે
ન થાશે તેના જેવો. ૫૦

ગંગોદક પણ જો હોયે
અને મદ્યને પાત્રે મુકાયે—
તો તેનું સેવન ન થાયે
વિચારજે તું. ૫૧

ચંદન હોયે શીતળ
પણ પામે અગ્નિથી મેળ—
તો શું ન બાળશે હાથ
સ્પર્શ કરતાં. ૫૨

સોનું ગાળતાં હીણ સાંપડે,
જ્યાં ઓચિંતા શુદ્ધ સોનું પડે,
તે શુદ્ધ ગણી બધું લેવાયે
તો નુકસાન કોનું. ૫૩

તેમ શ્રદ્ધા મૂળમાં
હોઈ શકે વિશુદ્ધ,
પણ પ્રાણીઓમાં વહેંચાયે
વિધ વિધ જ્યારે. ૫૪

હવે પ્રાણીઓ તવ સ્વભાવે,
અનાદિ માયાને પ્રભાવે,
ત્રિગુણાત્મક જ હોયે
જાણ પાર્થ. ૫૫

ત્યાં બે ગુણોમાં ન્યૂન રહે-
પછી એક ગુણ પ્રબળ થાયે,
તેના જેવી વૃત્તિ પ્રગટે
પ્રાણીઓમાં. ૫૬

વૃત્તિરૂપ મન થાયે,
મન જેવી ક્રિયા નીપજે,
ક્રિયાનુસાર દેહ મળે
મરણોત્તરે. ૫૭

બીજ મોડે ઝાડ થાયે,
ઝાડ મોડીને બીજે સમાયે,
એવું થતાં કલ્પો વીતે
છતાં જાતિ ન નાશે. ૫૮

તે પ્રમાણે અહીં અપાર,
થતા રહે જન્મજન્માંતર,
પણ ત્રિગુણત્વ રહે અભંગ
પ્રાણીઓનું. ૫૯

એટલે પ્રાણીઓને ભાગે
જે શ્રદ્ધા સહેજે આવે,
તે ગુણો સરીખી થાયે
ત્રણે જુઓ. ૬૦

જો વધે સત્ત્વ શુદ્ધ
તો જ્ઞાનને કરે સિદ્ધ,
પણ જો વાધે રજતમ
વધવા ન દે જ્ઞાન. ૬૧

સત્ત્વને અંગભૂત બળે
તે શ્રદ્ધા મોક્ષફળ પામે,
પછી રજતમ કેમ બેસે
ક્રિયાહીન. ૬૨

સત્ત્વની શક્તિ તોડે,
રજોગુણ આકાશે ચડે,
પછી તે શ્રદ્ધા થાયે
કર્મની સાવરણી. ૬૩

ત્યાં તમનો અગ્નિ ભભૂકે
ત્યારે તે શ્રદ્ધા ભાંગી પડે,
અને ભોગ ભોગવવા માંડે
ગમે તેવા. ૬૪

એવં સત્ત્વરજતમથી
સુવર્મા, શ્રદ્ધા ન વેગળી,
સાંપડશે જીવગ્રામે
ક્યાંયે જગે. ૬૫

એટલે શ્રદ્ધા સ્વાભાવિક
હોયે ત્રિગુણાત્મક;
રજ, તમ, સાત્ત્વિક
ભેદાનુસારી. ૬૬

જેમ જીવન જ ઉદક
પણ વિષમાં તે મારક,
કાં મરીમાં તીક્ષ્ણ
શેરડીએ મધુર. ૬૭

તેમ પ્રબલ તમોગુણે
જે સદા મરે ને જન્મે,
તેની શ્રદ્ધા પરિણમે
તમોરૂપે. ૬૮

પછી કાજળે અને મશીએ
જેમ ન કોઈ ભેદ દીસે,
તેમ શ્રદ્ધા ન વેગળી કરાયે
તમોગુણથી. ૬૯

તેમ જ જીવે રાજસી
શ્રદ્ધા રજોમય જાણવી,
સાત્ત્વિકી સત્ત્વગુણથી
જાણવી શ્રદ્ધા. ૭૦

આ પ્રકારે સકળ
જગડંબર નિખિલ—
શ્રદ્ધા થકી કેવળ
હોય ઢાંકેલું. ૭૧

પણ ગુણત્રયોના આવેશે
ત્રિવિધપણાના ડાઘ પડે-
શ્રદ્ધામાં, તે જાણી લે
હવે પાર્થ. ૭૨

વૃક્ષ ઓળખાયે પુષ્પ વડે,
માનસ જાણીયે શબ્દ વડે,
પૂર્વસુકૃત જણાયે
ભોગ વડે સુખદુઃખના. ૭૩

તેમ જે જે ચિહ્નને
શ્રદ્ધાનાં રૂપ ત્રણે—
ઓળખાશે કહું તે
સાંભળ હવે. ૭૪

તો સાત્ત્વિક શ્રદ્ધાયે
જેમનું બંધારણ થાયે,
તેમને બહુધા રુચિ હોયે
સ્વર્ગ તણી. ૭૫

તે વિદ્યાજાત ભણે
યજ્ઞક્રિયાઓ કરે,
કિંબહુના તે જાયે
દેવલોકે. ૭૬

અને રાજસ શ્રદ્ધાયે
જેઓ ઘડેલા હોયે—
તે રાક્ષસોને ભજે
ખેચરાદિને. ૭૭

શ્રદ્ધા જે કાં તામસી
કહીશ તેની કહાણી,
જે કેવળ પારાશીશી,
અતિ કર્કશ નિર્દયત્વે. ૭૮

જીવ વધે બલિ સાથે,
ભૂતપ્રેમ ફળે સ્મશાને,
સંધ્યાકાળે કરતા હોયે
પૂજનવિધિ. ૭૯

તે તમોગુણનો સાર
કાઢીને નિર્માયો જે નર—
તે જાણ તમનું ઘર
શ્રદ્ધા તણું. ૮૦

એવાં આ ત્રણ લક્ષણે
ત્રિવિધ શ્રદ્ધા જગે—
વર્ણવી છે આ પ્રમાણે
કારણવશ. ૮૧

જે આ સાત્ત્વિક શ્રદ્ધા
જતન કરવી હે સુબુદ્ધા,
બીજી બન્ને જે વિરુદ્ધા
તજવી તે. ૮૨

આ સાત્ત્વિક શ્રદ્ધા જેમાં
ટકીને રહે ભા ધનંજયા,
તેમને ભય ન લાગે કદા
કૈવલ્યનો. ૮૩

તે ભલે ન ભણે બ્રહ્મસૂત્ર,
કાં ન અભ્યાસે સકળ શાસ્ત્ર,
સિદ્ધાંત ભલે ન હો જ્ઞાત
સ્વતંત્ર કોઈ. ૮૪

પણ શ્રુતિસ્મૃતિ તણા અર્થ
પોતે થઈને જે મૂર્તિમંત—
અનુષ્ઠાન રૂપે ગુરુજન
જીવી રહ્યા. ૮૫

તેમના આચરણને પગલે
સાત્ત્વિકી શ્રદ્ધા સહજ ચાલે,
એટલે તે નિશ્ચયે પામે
તેવાં ફળ. ૮૬

કોઈ પ્રગટાવે દીપ સાયાસે,
બીજો નિરાંતે ત્યાં જ વિરાજે—
તો તેને શું વંચિત રાખે
કહે પ્રકાશ. ૮૭

કોઈએ ધન અપાર
ખર્ચીને બાંધ્યો મહેલ,
તો ન ભોગવે તેનું સુખ
શું કોઈ અતિથિ. ૮૮

એ ભલે જે સરવર બંધાવે,
શું તેની જ તરસ તે છિપાવે,
કે રસોઇયાની જ ક્ષુધાને
કેવળ અન્ન. ૮૯

બહુ શું બોલવું હવે,
એક ગૌતમને ગંગા હોયે,
અને અન્ય સકળ જગને
શું થઈ વહેળ. ૯૦

એટલે પોતાની શક્તિ પ્રમાણે
શાસ્ત્રોને અનુસરે વિવેકે,
શાસ્ત્ર નથી શ્રદ્ધા જોવાયે
અને તે મૂર્ખ તરે. ૯૧

નહીં તો શાસ્ત્રને નામે
તુચ્છ ભાવ ચિત્તે જાગે,
શાસ્ત્રજ્ઞોને જે અવરોધે
સીમાપ્રવેશે. ૯૨

વડીલોનો શાસ્ત્રાચાર
ગણે માત્ર મિથ્યાચાર,
પંડિતોનો ઉપહાસ
જે કરે સદા. ૯૩

પોતાના બુદ્ધિબળે
ધનિકતાને દર્પે—
ખોટાં જ તપો તપે
પાખંડમય. ૯૪

પોતાનાં કે બીજાનાં
અંગે ખોસીને દાતરડાં—
રક્તમાંસ પ્રાણી તણાં
ભરી ભરીને— ૯૫

આપે આહુતિ યજ્ઞકુંડે,
ખવડાવે તાંત્રિકોને,
માનતા માની બલિ આપે
બાળકોનાં. ૯૬

આગ્રહ તણા આવેશે
ક્ષુદ્ર દેવતાને ઉપાસે,
સપ્તાહો સુધી અન્ન ત્યાગે
ખોટી કલ્પનાયે. ૯૭

અરે આત્મ પર પીડાનાં
બીજ વાવે તમ ક્ષેત્રમાં,
પછી ફળે જીવનમાં
તેવો જ પાક. ૯૮

પોતાના બાહુ ન હોયે—
નૌકાનો આશ્રય ન કરે—
તેની જેવી દશા થાયે
સાગરે પાર્થ. ૯૯

કાં વૈદ્ય સાથે દ્વેષ રાખે,
રસ રગદોળે પગ તળે,
તે રોગી વ્યાધિ વધારે
પોતે જ પોતાનો. ૧૦૦

સુંદર નેત્રોની ઈર્ષાએ
પોતાની જ આંખો ફોડે,
તે આંધળો પડ્યો રહે
રડતો નિજ ઘરે. ૧૦૧

તેવું જ અસુરોનું થાયે,
જે શાસ્ત્રોપદેશ અવગણે,
અવિવેકે સ્વચ્છંદે ફરે
મોહને અરણ્યે. ૧૦૨

કામ કરાવે તે કરે,
ક્રોધ મરાવે તવ મારે,
કિંબહુના મને પૂરી રાખે
દુઃખને પાષાણ તળે. ૧૦૩

પોતાના કે પરાયા દેહે
જે જે દુઃખ આપતા હોયે,
તે બધું ગ્લાનિરૂપ થાયે
મુજ આત્માને. ૧૦૪

અરે વાણીના પણ પાલવે
પાપીઓને સ્પર્શ ન કરાયે,
પણ રજતમના ત્યાગ અર્થે
કહેવું પડ્યું. ૧૦૫

ઘરથી પ્રેત કાઢવા કાજે,
અંત્યજને આજ્ઞા આપવા માટે,
કે શરીરની શુદ્ધિ કાજે
સ્પર્શ કરવો ઘટે. ૧૦૬

શુદ્ધિની આશાને કારણે
તે નિષિદ્ધ ન ગણાયે,
તેમ ત્યાગહેતુએ કરાયો
અનુવાદ આ. ૧૦૭

એટલે પાર્થ તેઓ દેખાયે
તો મારું સ્મરણ કરજે,
તે વિના અન્ય પ્રાયશ્ચિત્તે
થાય નહીં શુદ્ધિ. ૧૦૮

એટલે શ્રદ્ધા જે સાત્ત્વિક
તે જ વારંવાર એક—
જતન કરાયે ધ્યાનપૂર્વક
સર્વ પ્રકારે. ૧૦૯

અરે કરવો એવો સંગ
જેથી પોષાયે સત્ત્વગુણ,
સત્ત્વગુણ વધારે તે
લેવો ઘટે આહાર. ૧૧૦

આમ પણ પાર્થ જોઈએ
સ્વભાવવૃદ્ધિને કાજે,
અહાર વિણ ન હોયે
અન્ય પ્રબળ હેતુ. ૧૧૧

પ્રત્યક્ષ જોને વીરા
સાવધાન સેવે મદિરા,
તે પળે ચડે ઉન્મત્તતા
તીવ્ર વેગે. ૧૧૨

કાં જે અન્નરસ સેવે,
વાતશ્લેષ્મ સ્વભાવે વ્યાપે,
શું જ્વરમાં શાંતિ આપે
દૂધ કદી. ૧૧૩

અથવા અમૃત જે પ્રમાણે,
સેવન કરતાં મરણ વારે,
કાં પોતાની જેમ બનાવે
સેવતાં વિષ. ૧૧૪

જેમને સેવીયે આહાર
ધાતુ થાયે તદાકાર,
તેના જેવો થાય ભાવ
આપમેળે. ૧૧૫

જેમ પાત્રની ઉષ્ણતાયે
અંદરનું ઉદક તપે,
તેમ ધાતુવશે ક્ષોભે
ચિત્તવૃત્તિ. ૧૧૬

એટલે સાત્ત્વિક રસ સેવીયે
તો સત્ત્વની વૃદ્ધિ થાયે,
રાજસ-તામસ પણ વિકસે
તે તે રસસેવને. ૧૧૭

હવે કયો આહાર સાત્ત્વિક,
રાજસ-તામસનો કેવો આકાર—
તે કહું ધ્યાનપૂર્વક,
પાર્થ સાંભળ. ૧૧૮

અને એક જ આહારે
ત્રણ ભેદો શેં થાયે,
તે કહીશ વીર તને
સ્પષ્ટ રૂપે. ૧૧૯

જમનારાની રુચિ પ્રમાણે
વાનગીઓ સહજ રંધાયે,
જમનારો આધીન હોયે
પ્રકૃતિગુણોને. ૧૨૦

જે જીવ કર્તા-ભોક્તા
ગુણોને લીધે સ્વભાવતા—
પામીને અરે ત્રિવિધતા
વર્તે તે પ્રમાણે. ૧૨૧

એટલે ત્રિવિધ આહાર,
યજ્ઞોના ત્રણ પ્રકાર,
તપ, દાન કે વ્યાપાર
ત્રણ પ્રકારના. ૧૨૨

પ્રથમ આહાર લક્ષણ,
કહ્યું હતું કરીશ વર્ણન,
તે કરું હવે વિશદ
સાંભળ પાર્થ. ૧૨૩

તો સત્ત્વગુણ વિશે
પ્રારબ્ધે જો વળાયે—
મધુર રસે રુચિ વાધે
પુષ્કળ તેની. ૧૨૪

જે મૂળમાં જ સુરસ,
જેમનો મધુર છે સ્વાદ,
સ્વભાવે જ જે સ્નિગ્ધ,
સુપક્વ પણ તે. ૧૨૫

આકાર જ હોયે વિરાટ,
સ્પર્શે જે અતિ નિર્મળ,
જીભ કાજે હોય સ્નેહાળ,
સ્વાદિષ્ટ પણ જે. ૧૨૬

રસે ગાઢાં બહિરંગે ઢીલાં
દ્રવભાવે જે રસાયેલાં,
પરિપક્વ હોય થયેલાં
અગ્નિતાપ વિના. ૧૨૭

લઘુકાય પણ પરિણામે મહાન,
અરે જેવાં ગુરુમુખનાં વચન,
તેમ અલ્પમાત્રામાં કરતાં સેવન
તૃપ્તિ અપાર આપે. ૧૨૮

મુખે મધુર લાગે,
ઉદરમાં સુખદ હોયે
તે આહારે પ્રેમ વાધે
સાત્ત્વિકોનો. ૧૨૯

આ ગુણોને લક્ષણ
સાત્ત્વિક આહારનાં જાણ,
જીવનને આપે ત્રાણ
નિત્યનૂતન. ૧૩૦

આવા સાત્ત્વિક રસે
જવ દેહે મેહ વરસે,
તવ જીવનનદી ઊભરે
દિવસદિવસે. ૧૩૧

સત્ત્વગુણને સંરક્ષણે
કારણ જાણ આહારને,
દિવસની ઉન્નતિયે
જેમ ભાનુ. ૧૩૨

અને શરીરે કે મને
અન્નબળનો આશ્રય હોયે,
ક્યાંથી સાત્ત્વિક આહારે
પ્રવેશે રોગ. ૧૩૩

સાત્ત્વિકરસ બને ભોગ્ય
તો ભોગવવા આરોગ્ય,
શરીર તણું સૌભાગ્ય
ઊગ્યું જાણે. ૧૩૪

વ્યવહાર થાયે સુખમય
એ સ્પષ્ટપણે દેખાય,
કિંબહુના સખ્ય જોડાય
આનંદ સાથે. ૧૩૫

એવો સાત્ત્વિક આહાર
પરિણામે કરે ઉપકાર,
બાહ્યાંતર નિર્વિકાર
એને લીધે. ૧૩૬

હવે રાજસને પ્રીતિ
થઈ આવે જે રસોથી—
તેની કરું અભિવ્યક્તિ
પ્રસંગવશે. ૧૩૭

પ્રાણહરણે ઊણું કાળકૂટ,
એટલું જે કડવું તિક્ત,
ચૂના થકી જે આમ્લ
દાહક અરે. ૧૩૮

કણક બાંધવા જેટલું જળ
તેટલું જ મેળવાયે લવણ,
અને તેટલા જ બીજા રસ
મેળવાયે. ૧૩૯

આવો ખારો અપાર
રાજસને ભાવે આહાર,
ઊનું ખાવાને બહાને
અગ્નિ ગળે તે. ૧૪૦

જેની વરાળને યોગે
દીવાની વાટ પ્રગટાવાયે,
તેવું ઊનું ઊનું માગે
રાજસી તે. ૧૪૧

વાવંટોળ પડી જાયે,
ઘા નથી પણ દુઃખ થાયે,
તેવું તીણું ખાતો હોયે
જે ખૂંચે ઘા વિના. ૧૪૨

રાખોડી કરતાંય રૂખું,
સબાહ્ય સરખું લૂખું,
જીભને ડંખે એવું તીખું
તેને ગમે. ૧૪૩

દાંત પરસ્પર ઉપરે
ભોજન કરતાં આથડે,
તેવું સેવતા મુખે
સંતોષે જે. ૧૪૪

તમતમતો પદાર્થ હોયે
તેમાં વાટેલી રાઈ મેળવે,
જે આરોગતાં વરાળ નીકળે
નાકેમુખે. ૧૪૫

એ ભલે ઊણપ અગ્નિને
એવાં તીખાં રાયતાં હોયે-
તેને પ્રાણથી પ્રિય ગણે
રાજસી પુરુષ. ૧૪૬

મુખ ક્યારે ન સંતોષે
જીભનો જે લોલુપ હોયે,
ભભકતો અગ્નિ અન્નને મિષે
પેટમાં નાખે. ૧૪૭

પછી શરીરે દાહ સળગે,
ભોંયે કે સેજે સૂઈ ન શકે,
પાણીનું પાત્ર કરી ન શકે
મુખથી અળગું. ૧૪૮

એ ન કહેવાયે આહાર
એ તો સુપ્ત જે વ્યાધિવ્યાળ—
તેમને જગાડવા માદક પદાર્થ
નાખવા પેટે. ૧૪૯

ત્યારે પરસ્પર સ્પર્ધા કરે
વ્યાધિઓ એકસાથે પ્રગટે,
એવો રાજસ-આહાર ફળે
કેવળ દુઃખરૂપે. ૧૫૦

આ પ્રમાણે રાજસ-આહાર
સ્પષ્ટ કર્યો હે ધનુર્ધર,
પરિણામો કહ્યાં વિગતવાર
તને પાર્થ. ૧૫૧

હવે તે તામસીને
કેવો આહાર ગમે,
તે સાંભળીને ઊબ
આવશે કદાચ. ૧૫૨

કોહ્યલું એઠું ખાયે,
હિતાહિત કદી ન વિચારે,
જેમ ગમે તે પીરસ્યું ખાયે
ભેંસ સુખે. ૧૫૩

રાંધેલું હોય સવારે
તે બપોરે કે બીજે દિવસે—
અતિ કાળ ગયે ખાયે
તામસી પુરુષ. ૧૫૪

અથવા અડધું રાંધેલું,
કાં સાવ દાઝી ગયેલું—
ખાયે જે થયું હોયે
રસહીન જે. ૧૫૫

પૂર્ણ રાંધેલું સુપક્વ હોયે,
જેમાં રસો રસળતા હોયે,
તે અન્ન રુચિકર ન ગણે
તામસી કદી. ૧૫૬

જો કદી યોગાનુયોગે
સદન્ન તાજું મળી આવે,
તો દુર્ગંધ છૂટવાની વાટ જુએ
વ્યાઘ્રની જેમ. ૧૫૭

અથવા ઘણા દિવસથી રાંધેલું,
સ્વાદ ઊડી ગયો હોય એવું,
શુષ્ક અથવા હોય સડેલું
કીડીઓ વડે— ૧૫૮

તે પણ બાળકોને હાથે
કાદવ જેવું કરીને ખાયે,
અથવા સહપરિવારે જમે
એક થાળીયે. ૧૫૯

આવું મલિન ગંદું જ્યારે જમે
ત્યારે જ ભોજનનું સુખ પામે,
પણ એથીય તૃપ્ત ન થાયે
પાપીઓ તે. ૧૬૦

પછી ચમત્કાર દેખાયે,
નિષેધનો આદેશ હોયે,
જે જે દોષભર્યાં
કુદ્રવ્ય માટે. ૧૬૧

તેવા અપેયોના પાને,
અખાદ્યોના ભોજને,
વધારે તે ઇચ્છાને
તામસી અરે. ૧૬૨

આવું તામસી જમનારાને
આવી આવી વાસના ઊપજે,
તેનું ફળ તે ક્ષણે જ મળે
વાર ન લાગે. ૧૬૩

જ્યારે જે કાંઈ અપવિત્ર
સ્પર્શે તેહનું વક્ત્ર,
ત્યારે જ પાપને પાત્ર
થયો તે. ૧૬૪

ઉપરાંત અન્નસેવન થાયે
તે ભોજન કેમ કહેવાયે,
પેટ ભરવાની યાતના તે
સ્પષ્ટરૂપે. ૧૬૫

શિરચ્છેદે શું ઘટિત થાયે,
કે અગ્નિપ્રવેશથી શું નીપજે,
તે કંઈ જાણવા લાયક હોયે
છતાં તામસી લહે તે. ૧૬૬

એટલે તામસી અન્નેં
કેવું પરિણામ નીપજે—
એ હવે વિવિધ રૂપે
ન કહું, કહે દેવ. ૧૬૭

હવે આ ઉપરાંત
આહાર પ્રમાણે જાણ,
યજ્ઞો પણ ત્રિવિધ
હોય પાર્થ. ૧૬૮

તે ત્રણેયમાં પ્રથમ
સાત્ત્વિક યજ્ઞનો મર્મ,
સાંભળ તું સુમહિમ
શિરોમણિ. ૧૬૯

એક પ્રિયોત્તમ વિણ
જવા ન પામે કામ,
એવો જે મનોધર્મ
પતિવ્રતાનો. ૧૭૦

સિંધુને મિલને ગંગા
ન જુએ આગળ દિશા,
કાં જોઈને જેમ આત્મા
મૌન થયા વેદ. ૧૭૧

તેમ જે પોતાના હિતે
ચિત્તવૃત્તિ એકાગ્ર કરે,
ફલાશા કાજે ન રાખે
અહંકાર શેષ. ૧૭૨

ઝાડનાં મૂળિયે પહોંચે
તવ જળ ત્યાં સમાયે,
વૃક્ષને અંગોએ જઈ લોપે
વૃક્ષ માટે. ૧૭૩

તેમ મને કે દેહે,
યજનને સુનિશ્ચયે,
વિલીન થાય ન ઇચ્છે
બીજું ફળ. ૧૭૪

ફળની ઇચ્છા ત્યજીને,
સ્વધર્મ વિણ વૈરાગ્ય સેવીને,
કરવા જે યજ્ઞ અલંકૃત
સર્વાંગે પાર્થ. ૧૭૫

જેમ દર્પણમાં પોતાને
પોતાની આંખે જોઈયે,
કાં હથેલીયે દીપપ્રકાશે
જોવાય રત્ન. ૧૭૬

અથવા સૂર્યોદય થયે
નિજ માર્ગ દૃષ્ટિયે પડે,
તેમ વેદોને આધારે
કરીને નિર્ધાર. ૧૭૭

કુંડ, મંડપ, વેદી રચે,
સંભારસમૃદ્ધિ ભેગી કરે,
વિધિપૂર્વક રચના આદરે
તે સર્વની. ૧૭૮

સકળ અવયવે ઉચિત
અલંકાર કરાયે ધારણ,
તેમ પદાર્થોનો વિનિયોગ
ઉચિત સ્થાને. ૧૭૯

શું વર્ણવીએ બહુ શબ્દે,
સર્વ શણગારે સજીને,
તે યજ્ઞવિદ્યા જ સદેહે
પ્રગટી યજન મિષે. ૧૮૦

એવો સાંગોપાંગ
નીપજે જો યાગ,
ન ઊઠતાં ભાવ
પ્રતિષ્ઠાનો. ૧૮૧

પ્રતિપાલન જેમ કરીયે
વૃક્ષોમાં તુલસીના છોડને,
જોકે આશ્રય તે ન આપે
ફળફૂલછાયાને. ૧૮૨

કિંબહુના ફલાશા વિણ
આવું યથાર્થ નિર્માણ—
થાય તો યાગ જાણ
સાત્ત્વિક પાર્થ. ૧૮૩

હવે યજ્ઞ જો વીરેશ
કરાયે સેવીને ભાવ,
કે શ્રાદ્ધપ્રસંગે નૃપ
નિમંત્ર્યો હોય. ૧૮૪

જો નૃપ આવશે ગૃહે
તો બહુવિધ લાભ થાયે,
વળી કીર્તિ પણ લાભે
સકળ જગે. ૧૮૫

તેવી આકાંક્ષા સેવીને,
કહે સ્વર્ગની પ્રાપ્તિ થશે,
દીક્ષિતરૂપે ખ્યાતિ લાધશે
યજ્ઞયાગ વડે. ૧૮૬

એમ કેવળ ફળને કાજે
પ્રતિષ્ઠા મેળવવા જગે,
પાર્થ જે નિષ્પન્ન થાયે
તે યજ્ઞ રાજસ. ૧૮૭

અને પશુપક્ષીઓને વિવાહે
કામ વિણ જોશી ન હોયે,
તેમ તામસ યજ્ઞ કાજે
આગ્રહ જ મૂળ. ૧૮૮

વાયુ વાટ ન વાહે,
મૃત્યુ ક્યારે મુહૂર્ત જુએ,
નિષિદ્ધને બાળતાં બીએ
શું અગ્નિ કદી. ૧૮૯

તેમ તામસનાં આચરણે
વિધિનું નિયમન ન હોયે,
એટલે જ પાર્થ કહેવાયે
ઉચ્છૃંખલ તે. ૧૯૦

નથી વિધિની ચિંતા જરીકે,
ન મંત્રાદિક આવે તેની પાસે,
ગમે તે અન્ને જઈને બેસે
માખીઓ જેમ. ૧૯૧

બ્રાહ્મણ માટે વેર હોયે
ત્યાં દક્ષિણા શેની મળે,
અગ્નિને ઓચિંતો સાંપડે
સાથ વાવંટોળનો. ૧૯૨

તેમ વ્યર્થ સર્વસ્વ વેચે,
શ્રદ્ધા તો લેશ ન હોયે,
નિ:સંતાનનું જેમ લૂંટાયે
ઘર સંપૂર્ણ. ૧૯૩

એવો જે યજ્ઞાભાસ
તે જ યાગ તામસ,
સાંભળ કહે નિવાસ
લક્ષ્મી તણા. ૧૯૪

હવે ગંગાનું પાણી એક
વહે વહેળામાં અનેક;
એકમાં થાયે મલિન
શુદ્ધ રહે અન્યે. ૧૯૫

તેમ ત્રણેય ગુણે તપ
થઈ જાયે છે ત્રિરૂપ,
એક ગુણે પાપરૂપ
ઉદ્ધરે અન્ય વડે. ૧૯૬

તો તે ત્રણેય ભેદ
થાય છે કેમ નિષ્પન્ન—
જાણવા ઇચ્છે તો તપ
જાણવું ઘટે પ્રથમ. ૧૯૭

અહીં તપ કોને કહેવાયે
તેનું સ્વરૂપ તને વર્ણવાયે,
પછી ત્રિવિધ કેમ કરી થાયે
વર્ણવીશ તે. ૧૯૮

તો તપ જે સમ્યક્
સાંભળ તે ત્રિવિધ,
શારીરિક અને માનસિક,
શાબ્દિક અંતે. ૧૯૯

હવે આ ત્રણે માંહે
શારીર તે સાંભળી લે,
તો શંભુ કે શ્રીહરિ
પ્રિય હોય જે. ૨૦૦

તેના પ્રિય મંદિરે
કરવા યાત્રાદિકે,
આઠે પ્રહર પગે
ચક્ર જાણે. ૨૦૧

દેવાંગણ સંમાર્જને
અંગોપચારને શૃંગારે;
નિત્ય ઉત્સુક રહે
હાથ જેના. ૨૦૨

શિવલિંગ પ્રતીમા દર્શને
સર્વાંગો જેનાં સહજે નમે,
હાથની લાકડી જેમ પડે
ભૂમિયે કદી. ૨૦૩

અને વિધિવિનયાદિકે
ગુણી વડીલ જે લોકે,
તેમની સેવા કરે
સહજ ભાવે. ૨૦૪

અથવા પ્રવાસે કાં પીડાયે
શ્રમિત સંકટે સપડાયે,
તે જીવને સુખ પહોંચાડે
પ્રેમભાવે. ૨૦૫

સકળ તીર્થોમાં શ્રેષ્ઠ
એવાં જે પિતામાત,
તેમની સેવાએ ન્યોછાવર
કરે દેહ. ૨૦૬

અને સંસાર જેવું દારુણ
દુઃખ મળતાં કરે જે હરણ—
તે જ્ઞાનદાને સકરુણ
ગુરુને ભજે. ૨૦૭

સ્વધર્મને અગ્નિ વડે
દેહના જડત્વને—
નિત્ય અભ્યાસને બળે
ખંખેરી નાખે. ૨૦૮

ભૂતમાત્રે તત્ત્વને નમે,
પરોપકારે આરાધે,
સ્ત્રીસંગને નિયમ વડે
શાંતવે જે. ૨૦૯

જન્મવાને પ્રસંગે
સ્ત્રીદેહે સ્પર્શ થાયે,
પછી મરણ પર્યંતે
સ્પર્શમુક્ત રહીયે. ૨૧૦

ભૂતમાત્રને નામે
તૃણનેય ન છંછેડાયે,
કિંબહુના સર્વ ત્યજીયે
છેદભેદ. ૨૧૧

આ પ્રકારે શરીરે
વૃત્તિવલણ થાય ત્યારે—
શરીરતપ પાંગરે
એવું જાણવું. ૨૧૨

પાર્થ આ સમસ્ત થાયે
મુખ્યત્વે શરીર વડે,
એટલે હું કહું તને
શારીર તપ. ૨૧૩

એવં જે શારીર તપ
તેનું દેખાડ્યું સ્વરૂપ,
હવે સાંભળ નિષ્પાપ
વાઙ્મય તપ. ૨૧૪

લોખંડને રાખે અખંડ
છતાં કરે કનકરૂપ,
પારસમણિ જેમ જાણ
તપ આ. ૨૧૫

દુભાવે ન કોઈ પ્રકારે
અંતેવાસીને સુખ થાયે,
એવું સાધુત્વ જ્યાં દેખાયે
વાણીમાં જેનું. ૨૧૬

પાણી તો અપાયે વૃક્ષને
પણ તેનાથી તૃણ જીવે,
તેમ બોલતાં એકને ઉદ્દેશે
થાય સહુનું હિત. ૨૧૭

અમૃતની ગંગા જો સાંપડે,
પ્રાણોને અમરતા મળે,
સ્નાને પાપતાપ નિવારે
આપે મધુરતા વળી. ૨૧૮

તેમ અવિવેક ઓગળે,
પોતાની અનાદિતા સાંપડે,
સાંભળતાં રુચિ ન ધરાયે
પીયૂષે જેમ. ૨૧૯

જો કોઈ પૂછવા આવે
તો આ પ્રકારે બોલાયે—
નહીં તો જપ કરાયે
વેદ કે હરિનામનો. ૨૨૦

ઋગ્વેદાદિ ત્રણે
પ્રતિષ્ઠાયે વાગ્ભુવને,
રચાઈ વદને જાણે
બ્રહ્મશાળા. ૨૨૧

નહીં તો કોઈ એક નામ
હોય શૈવ કે વૈષ્ણવ,
વસે તે જાણવું વાચિક
તપ પાર્થ. ૨૨૨

હવે તપ જે માનસિક
કહીશ તને તે સાંભળ,
કહે લોકનાથ નાયક
નાયકો તણા. ૨૨૩

તો તરંગો સરોવરને,
કે મેઘો આકાશને,
અથવા સર્પો ચંદનવનને—
ત્યજે જેમ. ૨૨૪

કળાવૈષમ્યે ત્યજ્યો ચંદ્ર,
કે ચિંતાએ છોડયો નરેન્દ્ર,
મંદરાચળે ક્ષીરસમુદ્ર
અથવા છોડયો. ૨૨૫

તેમ નાના વિકલ્પ જાળ
છોડીને નીચે સકળ,
પછી મન રહે કેવળ
નિજ સ્વરૂપે. ૨૨૬

ઉષ્ણતા વિના પ્રકાશ
જડતા વિનાનો રસ,
પોલાણ વિના આકાશ
હોય જેમ. ૨૨૭

તેમ પોતાનો આધાર જુએ,
અને પોતાનો સ્વભાવ ત્યજે,
શીત જયમ નિજ ઠંડકે
ધ્રૂજે નહીં. ૨૨૮

પછી અચલ કલંકમુક્ત
શશીબિંબ નિત્ય સંપૂર્ણ,
તેવું બ્રહ્મભાવે શૃંગારિત
મન સદા રહે. ૨૨૯

રુઝાયે વૈરાગ્યના ઉઝરડા,
વિલાયે મનની ચંચળતા,
પછી રહે શુદ્ધ ભૂમિકા
નિજ બોધની. ૨૩૦

એટલે શાસ્ત્રોના અભ્યાસે
મુખે વ્યાપાર કરવો પડે,
તે વાણીનું સૂત્ર ન ધરે
હાથમાં જે. ૨૩૧

સ્વરૂપલાભનો લાભ થયે
મનપણું જ મન વીસરે,
જળસ્પર્શે જેમ ઓગળે
લવણ પોતે જળે. ૨૩૨

ક્યાંથી ત્યાં ભાવ ઊઠશે,
જે ઇન્દ્રિયોને માર્ગે ધાશે,
પછી દોડીને જઈ પકડશે
વિષયો વિવિધ. ૨૩૩

એટલે તે માનસે
વિશુદ્ધ ભાવશુદ્ધિ વસે—
હથેલીયે જેમ ન ઊગે
વાળ પાર્થ. ૨૩૪

શું બહુ બોલવું અર્જુન,
આવી દશાયે આવે મન—
તવ તે થાયે સુપાત્ર
મનસ્તપોભિધાને. ૨૩૫

પણ એ ભલે તું જાણ
માનસિક તપનાં લક્ષણ,
દેવ કહે સંપૂર્ણ
નિરૂપ્યાં તને. ૨૩૬

એવં કાયાવાચાચિત્તે
જે પામે ત્રિવિધપણાને—
તે સામાન્ય તપ તને
કહ્યું પાર્થ. ૨૩૭

હવે ગુણત્રય સંગે
ત્રિવિધ રૂપે પ્રવેશે,
તે પણ પ્રજ્ઞાને બળે
સાંભળજે તું. ૨૩૮

તો આ જ તપ ત્રિવિધ
તને દેખાડયું હે પ્રબુદ્ધા,
કરે તે શ્રદ્ધાસહિત
છાંડી ફલાશા. ૨૩૯

જ્યારે પૂર્ણ સત્ત્વશુદ્ધિયે
આચરિયે આસ્તિક્ય બુદ્ધિયે,
ત્યારે પ્રબુદ્ધો તેને કહે
સાત્ત્વિક તપ. ૨૪૦

નહીં તો તપસ્થાપના કાજે
દ્વૈતભાવ માંડીને જગે—
મહત્તાના ઉત્તુંગ શિખરે
બેસવા માટે. ૨૪૧

ત્રણે ભુવનનું સન્માન
ન શોધે અન્ય સ્થાન,
અગ્રણીનું મળવા સ્થાન
ભોજનપ્રસંગે. ૨૪૨

સકળ વિશ્વના સ્તવને
પોતે લાયક હોવા કાજે,
વિશ્વને પોતાના દર્શને
લાવવા માટે. ૨૪૩

લોકોનાં વિવિધ પૂજન
ન કરે બીજાનો આશ્રય,
પોતે જ ભોગવવા ભોગ
સર્વ મહત્ત્વના. ૨૪૪

નિજ તપનાં વર્ણન કરાવે,
પોતાને વેચવા નીકળે,
અંગહીન ન્યૂન ઢાંકે
જેમ પાર્થ. ૨૪૫

અરે ધનમાનની આશાયે
તપ કરાયે બહુ સાયાસે,
તે રાજસ તપ કહેવાયે
જાણ પાર્થ. ૨૪૬

દૂધ શોષણને રોગે પીડાયે,
ગાય વિયાયે છતાં દૂધ ન આપે,
કાં અધપાકયા ખેતરે પશુ ચરે
તો મળે ન પાક. ૨૪૭

તેમ આગ્રહે કરેલું તપ
કરાયે રાખી સાક્ષેપ,
તોયે તે સાવ નિષ્ફળ
જાય નિઃશેષ. ૨૪૮

એમ નિષ્ફળ જોઈને મૂકે
પાંડુસુત તપસ્યા અધવચ્ચે,
એટલે સ્થિરતા ન હોયે
તે તપને કદી. ૨૪૯

જે આકાશને વ્યાપે,
ગરજીને બ્રહ્માંડ ફોડે,
તે અકાળ મેઘ ટકે
શું એક ઘડી. ૨૫૦

તેમ રાજસતપ હોયે
તે ફળે વાંઝિયું ગણાયે,
અને આચરણે ન ટકે
દીર્ઘકાળ. ૨૫૧

હવે એ જ તપ સાંભળે
તામસ કરે આ પ્રકારે—
જે ઇહલોક-પરલોકને
ગણકારે નહીં. ૨૫૨

કેવળ મૂર્ખતાયે ચડીને,
જીવે આગ્રહ સેવીને,
શરીરને તેઓ ગણે
પોતાનો શત્રુ. ૨૫૩

પંચાગ્નિની જ્વાળાયે
શરીરને તે દઝાડે,
જાણે તે ઇંધન હોયે
અગ્નિ સળગાવવા. ૨૫૪

માથે ગૂગળ બાળે,
પીઠમાં કાંટા ખોસે,
કાયા બાળે અંગારે
જે ભય ઊપજાવે. ૨૫૫

વેડફે શ્વાસોચ્છ્વાસ,
કરે વ્યર્થ ઉપવાસ,
સેવે ધૂમ્રના ગ્રાસ
અધોમુખ રહી. ૨૫૬

હિમોદકે આકંઠ ઝૂએ,
તીરે કે ખડકે વસે,
પોતાનું માંસ તોડે
લચકેલચકા. ૨૫૭

વિવિધ પ્રકારે કાયાને
ધનંજય તે પ્રહાર કરે,
તપ કરે બીજાઓને
નષ્ટ કરવા. ૨૫૮

નિજ ભારે શિલા ગબડે,
તૂટીને ખંડ ખંડ થાયે,
આડે આવનારને રગડે
ચૂરો કરે. ૨૫૯

તેમ શરીરને દુ:ખ આપીને
જે સુખી હોય તેને—
સંહારવાની વાસનાને
પૂરી કરે. ૨૬૦

કિંબહુના આ અમંગલ
ક્લેશ સ્વીકારવાની રીત,
નીપજાવે પાર્થ જે તપ
તે જાણ તામસ. ૨૬૧

એવં સત્વાદિકોને કારણે
તપનું ત્રિવિધરૂપ હોયે,
વર્ણવી તે વિશદ રૂપે
દેખાડયું તને. ૨૬૨

હવે બોલતાં પ્રસંગવશ
સહજ ભાવે જ પાર્થ—
દાનનાં ત્રિવિધ લક્ષણ
કહું સ્પષ્ટ. ૨૬૩

અહીં ગુણોને આધારે
દાન પણ ત્રિવિધ થાયે,
તેમાં પ્રથમ સાંભળી લે
સાત્વિક જે. ૨૬૪

તો પ્રવર્તતાં નિજ ધર્મે
જે જે મળે આપણને,
તે તે આપવું સ્નેહભાવે
સન્માન કરીને. ૨૬૫

પ્રસંગે સુબીજ સાંપડે,
ખેડાયલા ચાસ ન મળે,
તેવી જ દશા થાયે
દાનને વિશે. ૨૬૬

અમૂલ્ય રત્ન હાથે ચડે
પણ સુવર્ણની ખોટ પડે,
બન્ને મળે પણ ના જડે
સુયોગ્ય કાયા. ૨૬૭

તહેવાર, સુહૃદ ને ધન
એક સાથે મળે ત્રણ—
ભાગ્યનો થાય ઉદય
જવ આપણા. ૨૬૮

તેમ નિપજાવવા દાન
સહાય કરે સત્વગુણ,
તવ દેશકાળ ભાજન
હોય સાનુકૂલ. ૨૬૯

તો પહેલા પ્રયત્ન કાજે
કુરુક્ષેત્ર કે કાશી મળે,
નહીં તો દેશ સાંપડે
જે તોલે આવે. ૨૭૦

ત્યાં રવિચંદ્રરાહુનો મેળ,
કાં મળવો બીજો પુણ્યકાળ,
જે હશે સમાન નિર્મળ
તેમના જેવો. ૨૭૧

તેવા કાળે તેવા દેશે
પાત્ર સંપત્તિ મળી આવે—
જે મૂર્તિમંત સદેહે
હોયે શુચિત્વ. ૨૭૨

ધર્માચારની મૂળ પીઠ,
વેદોનું વિશ્રામસ્થાન,
એવા વિશુદ્ધ દ્વિજરત્ન
પામ્યા પછી. ૨૭૩

તેને સમર્પીને વિત્ત,
સ્વસત્તાનો કરીયે અંત—
જેમ નિજ પતિ સન્મુખ
જાય કાન્તા. ૨૭૪

કાં જેનું હોય તેને
આપીને ઋણમુક્ત થવાયે,
જેમ રાજાનું જ અપાયે
બીડું તેને. ૨૭૫

તેવા નિષ્કામ ભાવે
ભૂમિ આદિ અર્પાયે,
કિંબહુના સર્વ કરાયે
નિષ્કામ ભાવે. ૨૭૬

અને જેને દાન અર્પાયે
તેની સ્થિતિ એવી જ હોયે,
કે ક્યારે પણ વાળી ન શકે
પ્રતિદાન તે. ૨૭૭

આકાશે સાદ કરાયે
તો પ્રતિસાદ ન સંભળાયે,
અરીસો પાછળથી જોવાયે
તો ન મળે પ્રતિબિંબ. ૨૭૮

અથવા ઉદકની સપાટીયે
દડો ફેંકાયે સકૌતુકે,
તો ઊછળીને ન આવે તે
હાથમાં પાછો. ૨૭૯

અથવા આખલાને ચારો નખાયે,
કે કૃતઘ્નને માથે ઊંચકાયે—
તોયે પ્રતિઉપકાર ન કરે,
જે પ્રમાણે તે. ૨૮૦

તેમ દાતાનું દીધેલું દાન
આપી ન શકે પાછું જાણ,
એવાને સમર્પણભાવે દાન
કરાય જ્યારે. ૨૮૧

ત્યારે જે સામગ્રી વડે
તેવું દાન પાર્થ કરાયે,
તે સાત્વિક શ્રેષ્ઠ ગણાયે
વીરોત્તમ. ૨૮૨

અને તેવો જ દેશકાળ,
વળી તેવો જ પાત્રમેળ,
દાનભાગ પણ નિર્મળ
ન્યાયોચિત. ૨૮૩

મને દૂધની આશા સેવીયે,
પછી ગાયની સેવા કરીયે,
કાં પહેલાં કોઠાર બાંધીને
પછી વાવણી કરીયે. ૨૮૪

ભેટસોગાદે દૃષ્ટિ રાખીયે
અતિથિયોને પછી નોતરીયે,
કાં એવીને લાણી આપીયે,
જે ફેરવે પાછી. ૨૮૫

પહેલાં વ્યાજ ગાંઠે બાંધીયે,
પછી પીડિતનું કામ કરીયે,
સન્માન કરાવી પછી આપીયે
ઔષધિ રોગીને. ૨૮૬

आम्नाय-ग्रन्थालय,

તેમ જેઓ જે દાન આપે
તેને નિર્વાહ-સાધન બનાવે,
એવડું થઈને પાછું આવશે
એ જ આશાયે. ૨૮૭

અથવા વાટે ચાલતા હોઈયે
ત્યારે પ્રતિદાન આપી ન શકે,
એવો જો કોઈ મળી આવે
દ્વિજોત્તમ પાર્થ. ૨૮૮

તો એક કોડી દાન દઈ ને
અશેષ ગોત્રજોના અશેષે—
પાપોનું પાણી છોડાયે
તેની અંજલિયે. ૨૮૯

તેમ જ પારલૌકિક
ફળો વાંછે અનેક,
પણ અપૂરું રહે દાન
એક ટંક માટે. ૨૯૦

તેય બ્રાહ્મણ લઈને જાયે
ત્યાં દુઃખી થઈ ને ઝૂરે,
જાણે સર્વસ્વ ચોરે
લૂંટી લીધું. ૨૯૧

શું બહુ કહું હે સુમતિ,
જે આપતાં એવી મનોવૃત્તિ,
તે ગણાય ત્રણે લોકે
રાજસ્ દાન. ૨૯૨

પછી મ્લેચ્છોના વસવાટે,
અરણ્યે કે અપવિત્ર સ્થાને,
કે શિબિરે અને ચૌટે
નગરો તણાં. ૨૯૩

એવાં એવાં સ્થાને પહોંચે
સાંજ વેળા કે રજનીએ,
પછી ધન વિશે ઉદાર થાયે
ચોરી કરેલા. ૨૯૪

ભાટ, ચારણ કે મદારી,
વારાંગનાઓ કે જુગારી—
જે મૂર્તિમંત કહેવાયે
ઠગ દેહ ધારી. ૨૯૫

રૂપ, નૃત્યો વળી હોયે
જે આંખોમાં ભૂરકી નાખે,
ગીત-ભાટાઈ તો જણાયે
મનોરમ જપ. ૨૯૬

તે ઉપરે જો કદાચિતે
પુષ્પગંધ ગૂગળ હોયે,
તો ભ્રમનો ત્યાં અવતરે
વૈતાળ પ્રત્યક્ષ. ૨૯૭

ત્યાં જગતને છેતરીને
લાવ્યા હશે પદાર્થો જે,
તેથી અન્નક્ષેત્રો ખોલે
ભિક્ષાર્થીઓ કાજે. ૨૯૮

એવું આવું જે દાન
તે કહું પાર્થ તામસ,
અથવા દૈવયોગે બને
એવું પણ પાર્થ— ૨૯૯

લક્કડખોદથી અક્ષરો પડાયે,
વગાડતાં તાળી કાગડા આવે,
તેમ તામસોને જવલ્લે સાંપડે
પુણ્યદેશે પુણ્યપર્વ. ૩૦૦

તે સંપન્ન દાતાને જોઈ ને
સુયોગ્ય યાચક માગવા આવે,
તો દર્પને આવેશે ગુમાવે
સાનભાન. ૩૦૧

ન ધરે શ્રદ્ધા જીવે,
ન માથું પણ નમાવે,
ન કરે કે તે કરાવે
અર્ઘ્યાદિક. ૩૦૨

બેસવા ન આસન આપે,
ગંધાક્ષતની વાત ન હોયે,
આવું અયોગ્ય વર્તન કરે
તામસી પુરુષ. ૩૦૩

કરજદારને પાછા ફેરવે,
તેવું તેનું અપમાન કરે,
તુચ્છ ભાવે તું-તા કરે
વ્યર્થ પાર્થ. ૩૦૪

અને જેને જે કાંઈ આપે
તેટલી જ તેની કિંમત કરે,
પછી કુવાક્યો બોલીને કાઢે
ઘર બાહરે. ૩૦૫

એ ભલે, જે આ પ્રકારે
દ્રવ્ય ખર્ચાયે પાર્થ તેને—
કહેવાય સચરાચરે
તામસ દાન. ૩૦૬

આમ પોતપોતાનાં લક્ષણે
અલંકૃત કરીને ત્રણે—
દાનો વર્ણવ્યાં અભિધાને
રાજકુંવર. ૩૦૭

મને અહીં એવું જણાયે
કે કદાચ એવું માનસે—
કલ્પીશ તું સહજ ભાવે
હે વિચક્ષણ. ૩૦૮

જો ભવબંધમોચક
એકલું કર્મ સાત્ત્વિક,
તો વ્યર્થ સદોષ અન્ય
કેમ વર્ણવ્યા. ૩૦૯

પિશાચ દૂર કર્યા વિણ
હાથ ન લાગે નિધાન,
કે ધુમાડો સહ્યા વિણ
વાટ ન પ્રગટાયે. ૩૧૦

તેવું શુદ્ધ સત્ત્વની આડે
રજતમનાં કમાડ હોયે,
તેની મોડતોડ ગણાયે
કેમ વ્યર્થ. ૩૧૧

એમ જે શ્રદ્ધાદિ દાને
કે સમસ્ત ક્રિયાજાતે—
વર્ણવ્યું ગુણોની ત્રણે
વ્યાપ્તપણું. ૩૧૨

ત્રણેય કરવાના નથી,
કરવા કાજે કહ્યા નથી,
વિશદતા કહેવા સત્ત્વની
વર્ણવ્યા અન્ય. ૩૧૩

ઉભયમાં જે ત્રીજું વસે
તે ઉભયને ત્યાગે પ્રગટે,
અહોરાત્ર ત્યાગે નિખરે
સંધ્યાનું રૂપ. ૩૧૪

તેમ રજતમને વિનાશે
ત્રીજું જે ઉત્તમ પ્રગટે,
તે સત્ત્વ એમ આપમેળે
જણાયે સહજ. ૩૧૫

તને સત્ત્વ દેખાડવા કાજે
રજતમ નિરૂપ્યા મેં,
તે છાંડીને, સત્ત્વે સાધજે
પોતાનું કાજ. ૩૧૬

આ વિશુદ્ધ સત્ત્વને યોગે
સકળ યજ્ઞાદિકો કરે—
પામીશ ત્યારે હથેલીયે
નિજ રૂપ પાર્થ. ૩૧૭

સૂર્ય નિજ પ્રકાશે દેખાડે
ત્યારે ન દેખાય એવું શું છે,
તેમ સાત્ત્વિક કર્મ ના આપે
એવું ફળ નથી. ૩૧૮

ઇચ્છિતની પ્રાપ્તિ માટે
સત્ત્વમાં સર્વ શક્તિ હોયે,
પણ જે મેળવે મોક્ષરૂપે
પોતાના બળે. ૩૧૯

તે પ્રકાર ભિન્ન હોયે,
જ્યારે તેની સહાય મળે,
ત્યારે સહેજે પહોંચાયે
મોક્ષને ગામે. ૩૨૦

જોકે સુવર્ણ શુદ્ધ હોયે
પણ જવ રાજાનો સિક્કો બને--
ત્યારે જ તેને મૂલ્ય મળે
સિક્કા તણું. ૩૨૧

સ્વચ્છ શીતળ સુગંધમય
જળ હોઈ શકે સુખપ્રદ,
પણ તે પામે પવિત્રપણ
તીર્થને સંબંધે. ૩૨૨

ગમે તેટલી નદી મોટી હોયે,
પણ ગંગા જ્યારે અંગીકારે—
ત્યારે જ તેનો સાગરે
પ્રવેશ થાયે. ૩૨૩

તેમ જે સાત્ત્વિક કર્મે
મોક્ષની પ્રાપ્તિ થાયે,
કોઈ જાતનું વિઘ્ન ન આવે
તે પ્રાપ્તિમાં. ૩૨૪

આ શબ્દ સાંભળતાંની ક્ષણે
પાર્થની આતુરતા ઊભરાયે,
કહે દેવ કૃપા કરીને
કહો સત્વરે. ૩૨૫

ત્યારે કૃપાળુ ચક્રવર્તી
કહે સાંભળ અભિવ્યક્તિ,
જે સાત્ત્વિક કર્મે દેખાશે
મુક્તિ તણું રત્ન. ૩૨૬

તો અનાદિ પરબ્રહ્મ
જે જગદાદિ વિશ્રામધામ,
તેનું એક જ હોયે નામ
ત્રિવિધ પ્રકારે. ૩૨૭

તે તો અનામ અજાતિ,
પણ રાત્રિયે અવિદ્યાવર્ગની,
ઓળખવા કાજે કરે શ્રુતિ
એક સંકેત. ૩૨૮

સદ્ય જાત બાળકને
નથી હોતું નામ પાસે,
છતાં આપેલા નામે બોલાવીયે
તો આપે હોંકાર. ૩૨૯

સંસારનાં કષ્ટ વેઠે,
પ્રભુ પાસે ફરિયાદ આણે,
તવ જે નામે પ્રતિસાદ મળે
તેનો સંકેત આ. ૩૩૦

બ્રહ્માના અબોલા શમે,
અદ્વૈતરૂપે તેને મળાયે,
એવો મંત્ર જોયો વેદ
કરુણાશીલે. ૩૩૧

પછી તે દેખાડેલા નામે
બ્રહ્મને આરાધ્યે કૌતુકે,
પાછળ હોવા છતાં સન્મુખે
આવી ચડે. ૩૩૨

પણ નિગમ અચળ શિખરે,
ઉપનિષદ અર્થને નગરે,
જે રહે પરબ્રહ્મ સંગે
તેઓ જ જાણે. ૩૩૩

કિંબહુના પ્રજાપતિ
જે શક્તિયે રચે સૃષ્ટિ—
તે જાગે કરતાં આવૃત્તિ
જે નામની. ૩૩૪

સૃષ્ટિના ઉપક્રમ પહેલાં,
અરે સાંભળ વીરોત્તમા,
બ્રહ્મા હતા સાવ એકલા
અબૂજ સમા. ૩૩૫

મુજ ઈશ્વરને ન ઓળખે,
સૃષ્ટિ પણ ના રચી શકે,
તે સર્જનહાર થયો
આ જ નામે. ૩૩૬

જેનો અર્થ ધ્યાતાં જીવે
વર્ણત્રયના કરતા જપે,
વિશ્વસૃજન યોગ્યતા જાગે
તેના ચિત્તે. ૩૩૭

ત્યારે નિર્માણ કર્યાં બ્રહ્મજન,
તેમને આપ્યું વેદોનું શાસન,
યજ્ઞકર્મનું આચરણ
આપ્યું જીવકાર્યે. ૩૩૮

પછી કોણ જાણે કેટલા
અપાર લોક નિર્માયા,
ત્રણે ભુવનો જાણે થયાં
બ્રહ્મદત્ત અગ્રહાર. ૩૩૯

એવા જે નામમંત્રે
અચળ કર્યા બ્રહ્મદેવને,
તેનું સ્વરૂપ સાંભળ, કહે
શ્રીકાંત તે. ૩૪૦

તે સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ,
પ્રણવ આદિ વર્ણ વરિષ્ઠ,
તત્કાર જાણ વર્ણ દ્વિતીય,
ત્રીજો સત્કાર. ૩૪૧

એવં ઓમતત્ સદાકાર,
આ બ્રહ્મનામ ત્રિ પ્રકાર,
ઉપનિષદનું પુષ્પ સુંદર
સૂંઘી લે તું. ૩૪૨

એની સાથે થઈને એક
જ્યારે ચાલે કર્મ સાત્ત્વિક,
ત્યારે કૈવલ્ય બને સેવક
તેના ઘરે. ૩૪૩

પણ કર્પૂરના અલંકાર
આણીને આપે સુદૈવ,
ત્યાં વિનિયોગનું અજ્ઞાન
આડે આવે. ૩૪૪

તેમ આદરાશે સત્કર્મ,
ઉચ્ચારાશે બ્રહ્મનામ,
પણ જણાશે ન તેનો મર્મ
વિનિયોગ સમયે. ૩૪૫

સંત-મહંતોના સમુદાય
ઘરે આવતાં પ્રેમપૂર્વક—
જો ન કરાયે સેવા ઉચિત
તો પુણ્યક્ષય થશે. ૩૪૬

કાં પહેરવા કાજે સુંદર
મળ્યા જડતર ને કનક—
તો બાંધીને પોટલી નાખે
ગળે જેવી. ૩૪૭

તેવું મુખે બ્રહ્મનામ,
હાથે સાત્ત્વિક કર્મ,
વિનિયોગે વિના કામ
છતાં હોય વિફળ. ૩૪૮

અરે અન્ન અને ભૂખ
પાસે હોવા છતાં દેખ,
જમવું ન જાણતાં બાળક
ભૂખ્યું રહે. ૩૪૯

કાં સ્નેહસૂત્ર વૈશ્વાનર
મળવા છતાં અરે એકત્ર—
પ્રગટાવવાની ફાવટ વિણ
ન મળે પ્રકાશ. ૩૫૦

તેમ સવેળાયે કર્મ થાયે,
ઉચિત મંત્ર યાદ આવે,
પણ સઘળું જ વ્યર્થ જાયે
વિનિયોગ વિના. ૩૫૧

એટલે વર્ણ ત્રયાત્મક
જે પરબ્રહ્મ નામ એક,
તેનો તું સાંભળ પાર્થ
ઉચિત વિનિયોગ. ૩૫૨

આ નામના અક્ષર ત્રણે
કર્મારંભે મધ્યમાં અંતે—
પ્રયોજવા નિશ્ચિત સ્થાને
હે ધનંજય. ૩૫૩

આ જ એક રીતિ
સેવીને હે કિરીટી,
આવે બ્રહ્મવિદ ભેટવા
પરબ્રહ્મને. ૩૫૪

બ્રહ્મથી એકતા સાધવા કાજે
ક્યારેય ન ફસાયે યજ્ઞાદિકે,
જે જાણે શાસ્ત્રાદિ સકળે
સિદ્ધાંત સહિત. ૩૫૫

પ્રથમ તેઓ ઓંકાર
ધ્યાને કરી લે ગોચર,
પછી કરે ઉચ્ચાર
વાણી વડે. ૩૫૬

જ્યારે ધ્યાનમાં પ્રકટે
ઓંકાર ઉચ્ચારે ઊભરે,
ત્યારે પછી આદરે
ક્રિયાદિકે. ૩૫૭

અંધારે અભંગ દીપક,
કે અરણ્યે સમર્થ સહાયક,
તેવો પ્રણવ જાણવો પાર્થ
કર્મારંભે. ૩૫૮

ઉચિત દેવોદ્દેશે
દ્રવ્ય આપે ધર્મભાવે,
દ્વિજ દ્વારા હુતાશને
કરે યજન. ૩૫૯

આહ્‌વનીયાદિ અગ્નિયે,
નિક્ષેપરૂપી હવનોએ,
વિધાનો પ્રમાણે યજે
નિષ્ણાત થઈને. ૩૬૦

કિંબહુના નાના યાગ
પોતે કરીને નિષ્પન્ન,
કરે ઉપાધિનો ત્યાગ
અપ્રિય જે. ૩૬૧

કાં ન્યાયાર્જિત પવિત્ર
ભૂમિ ઇત્યાદિ સ્વતંત્ર,
દેશકાળ શુદ્ધ પાત્રે
આપે દાન. ૩૬૨

અથવા એકાંતરે કૃચ્છ્રે,
ચાંદ્રાયણે માસોપવાસે,
ધાતુરાશિના શોધનાર્થે
તપ કરે તે. ૩૬૩

એવં યજ્ઞે-દાને-તપે
જે બંધરૂપ કહેવાયે,
તેમના વડે સુલભ થાયે
મોક્ષપ્રાપ્તિ. ૩૬૪

ભૂમિ ઉપરે નાવ અટકાવે,
જળમાં તે જ તારક હોયે,
તેમ બંધક કર્મે છોડાવે
ઓંકાર પાર્થ. ૩૬૫

પણ ભલે આવા પ્રકારે
આ યજ્ઞદાનાદિ ક્રિયાઓએ-
ઓંકારની મદદ લઈ ને
પ્રવર્તે તે. ૩૬૬

ક્રિયા જ્યાં ફળરૂપ થાયે,
એનાં લક્ષણો સર્વ દેખાયે,
તે ઘડીયે વિનિયોગ કરે
તત્ શબ્દનો. ૩૬૭

જે સર્વ જગતથી પર,
જે એક સર્વે-દ્રષ્ટારૂપ,
જે તત્ શબ્દે નિર્દેશિત
પરમ તત્ત્વ. ૩૬૮

સર્વનું આદિ હોઈ ચિત્તે
તદ્રૂપ થવા ધ્યાન કરે,
પછી ઉચ્ચારણે વ્યક્ત કરે
તેને પાર્થ. ૩૬૯

કહે તત્રૂપ પરબ્રહ્મને
આ સર્વ ક્રિયાઓ ફળો,
ભોગવવા શેષ ન રહો
અમને કાંઈ. ૩૭૦

આમ તદાત્મકે બ્રહ્મે
સર્વ કર્મો સમર્પીને—
ન મમ શબ્દે થાયે
કર્મથી મુક્ત. ૩૭૧

હવે ઓંકારે આરંભાયું,
તત્કારે સમર્પિત થયું,
આ પ્રકારે દેખ આવ્યું
બ્રહ્મત્વ કર્મને. ૩૭૨

તે કર્મ સાચે જ બ્રહ્માકાર
થયું તેનાથી ન સરે અર્થ,
જે કર્તાથી રહ્યું ભિન્ન
કર્મ હજીયે. ૩૭૩

લવણ પોતે જળે ઓગળે
પણ ક્ષારપણું શેષ રહે,
તેમ બ્રહ્માકાર કર્મ રહે
દ્વૈત શેષ. ૩૭૪

અને જ્યાં સુધી દ્વૈત ભાસે
ત્યાં સુધી સંસારભય રહે,
એવું હવે કહ્યું શ્રીમુખે
વેદરૂપે. ૩૭૫

એટલે પરત્વે જે બ્રહ્મ વસે
તે આત્મતત્ત્વે અંતે પરિણમે,
સત્ શબ્દ આ હેતુ કાજે
પ્રયોજ્યો પ્રભુએ. ૩૭૬

તો ઓંકારે તત્કારે
કર્મ કરાયું બ્રહ્મશરીરે,
તે પ્રશસ્તાદિ શબ્દે
વખાણાયું. ૩૭૭

તેવા પ્રશસ્ત કર્મે
સત્ શબ્દનો વિનિયોગ હોયે,
તે કરાયે કેવી રીતે
તે હવે સાંભળો. ૩૭૮

તો આ સત્ શબ્દે
અસત્નો ભાવ વિલાયે,
અવ્યંગપણે પ્રગટ થાયે
સત્તાનું સ્વરૂપ. ૩૭૯

તે સત્ કોઈ કાળે દેશે
અસત્ ન થઈ શકે ક્યારે,
પોતાનામાં પોતે વસે
તે અખંડિત. ૩૮૦

આ જેટલું દૃશ્ય હોયે,
અસત્ હોઈ તે સત્ ન હોયે,
રૂપને પણ આશ્રય જણાયે
પાર્થ સત્નો. ૩૮૧

સત્ સહિત તે પ્રશસ્ત કર્મ
થઈ ગયું સર્વ બ્રહ્માત્મક,
ઐક્યબોધે તેનું સમરૂપ
જોવાય નિજથી. ૩૮૨

તો ઓંકારે અને તત્કારે
જે કર્મ દેખાય બ્રહ્માકારે,
તે દ્વૈત ત્યજીને તે જ પળે
રહીએ સન્માત્રે. ૩૮૩

એવો આ અંતરંગ,
સત્ શબ્દનો વિનિયોગ,
જાણી લો કહે શ્રીરંગ
હું નથી હોં. ૩૮૪

જો હું કહું એમ કહેવાયે
તો શ્રીરંગથી દ્વૈત નીપજે,
એટલે આ બધું પોતે કહે
વૈકુંઠનાથ. ૩૮૫

હવે બીજા એક પ્રકારે
સાંભળ આ સત્ શબ્દ વિશે,
જે સાત્ત્વિક કર્મ ઉપરે
કરે ઉપકાર. ૩૮૬

જો સત્કર્મો સુભગ રીતે
અનુષ્ઠાયે શક્તિ અનુસારે,
છતાં તેમાં વૈગુણ્ય રહે
કોઈ અંગે. ૩૮૭

તો ઊણું કોઈ અવયવે
શરીર આખું વ્યંગમય રહે,
કાં વૈગુણ્ય ગતિને રોધે
રથની જેમ. ૩૮૮

તેમ એક જ ગુણ વિના,
સત્ હોવા છતાં અસત્પણા,
તે કર્મે પ્રવેશે તે વેળા
એમ જાણવું. ૩૮૯

ત્યારે ઓંકાર તત્કારે
સુશોભિત સર્વ પ્રકારે,
સચ્છબ્દ કર્મનો કરે
જીર્ણોદ્ધાર. ૩૯૦

અસત્પણાને નિવારે,
સદ્‌ભાવે આરૂઢ કરે,
નિજ સત્ત્વની પ્રૌઢિયે
સત્ શબ્દ આ. ૩૯૧

દિવ્ય ઔષધિ જેમ રોગીને,
કે સહાય હતાશ વ્યક્તિને,
સચ્છબ્દ કર્મના વૈગુણ્યે
તેમ જાણ. ૩૯૨

અથવા કોઈ પ્રમાદે
કર્મ-મર્યાદા ઓળંગે,
ભૂલથી નિષિદ્ધ સાંપડે
કોઈ વેળા. ૩૯૩

ચાલતો જ માર્ગ ચૂકે,
પારખુ જ ભૂલમાં પડે,
વ્યવહારે શું શું ન ઘડે
ગમે તેવું. ૩૯૪

એટલે કયારેક કર્મ
સીમાનો ચૂકે મર્મ,
અસાધુત્વનું દુષ્ટ નામ
પામે અવચિત્ત. ૩૯૫

ત્યાં અરે આ સચ્છબ્દ
બીજાં બન્નેથી પ્રબુદ્ધ,
પ્રયોજતાં કરે વિશુદ્ધ
તે કર્મને. ૩૯૬

લોખંડ-પારસનું ઘર્ષણ,
વહેળાનું ગંગાથી મિલન,
કાં મૃત ઉપરે વર્ષણ
અમૃત તણું. ૩૯૭

અસાધુ કર્મને તેમ
સચ્છબ્દનો પાર્થ પ્રયોગ—
એવું છે અપાર ગૌરવ
આ નામનું. ૩૯૮

જાણીને આ સકળ મર્મ
ચિંતવીશ જ્યારે આ નામ,
ત્યારે આ છે કેવળ બ્રહ્મ
એમ જાણીશ તું. ૩૯૯

દેખ ૐ તત્ સત્ નામ
દેખાડે આપણને ધામ,
જ્યાંથી આ દૃશ્યજાત
થાયે પ્રકાશિત. ૪૦૦

તે તો નિર્વિશિષ્ટ,
પરબ્રહ્મ જ નિરામય,
જેનું અંતરંગ ભૂત
વ્યંજક આ નામ. ૪૦૧

પણ આકાશને આશ્રય
એક આકાશનો હોય,
નામ-નામીએ અભેદ
તેવો અહીં છે. ૪૦૨

સૂર્યોદય થતાં આકાશે
સૂર્ય પોતાને જ પ્રકાશે—
આ નામ તેમ વ્યક્ત કરે
પરબ્રહ્મને. ૪૦૩

એટલે ત્ર્યક્ષર નથી નામ
આ શબ્દબ્રહ્મ જાણ,
એને કાજે જે જે કર્મ
કરાયે પાર્થ. ૪૦૪

તે યજ્ઞયાગ કે દાન,
તપાદિ કર્મ ગહન,
નીપજતાં રહે ન્યૂન
કે રહે સર્વાંગ. ૪૦૫

જેમ પારસનો થતાં સ્પર્શ
શુદ્ધ અશુદ્ધ ન રહે સુવર્ણ,
તેમ કર્મો થતાં બ્રહ્માર્પણ
બ્રહ્મરૂપ ધારે. ૪૦૬

પૂર્ણ-અપૂર્ણની ભાષાને
કોઈ અવકાશ ન રહે,
જેમ સાગરે ન ઓળખાયે
નદીની ભિન્નતા. ૪૦૭

એવી પાર્થ તુજ પ્રતિ
આ બ્રહ્મનામની શક્તિ,
તથા તેની સર્વ ઉપપત્તિ
નિરૂપી અમે. ૪૦૮

એક એક અક્ષરનો અને
કેવો કેવો વિનિયોગ થાયે,
કહ્યું વીરશ્રેષ્ઠ તને
વિશદ રીતે. ૪૦૯

એવું આવું આ સુમહિમ,
જે છે અરે બ્રહ્મનામ,
જાણ્યો કે તેનો સુમર્મ
પાર્થ તેં હવે. ૪૧૦

આજથી એની શ્રદ્ધા
વધતી જશે સર્વદા,
તો સર્વ પ્રાપ્ત કર્મબંધા
કરશે વિનષ્ટ. ૪૧૧

જે જે કર્મે આ પ્રયોગ
અનુષ્ઠાશે સત્ય વિનિયોગ,
ત્યાં અનુષ્ઠાયા સાંગોપાંગ
વેદ સકળ. ૪૧૨

છાંડીને આ શુભ દાક્ષિણ્ય,
ભાંગીને શ્રદ્ધાનું શુચિ બળ,
વધારીને દુષ્ટ દુરાગ્રહ
પ્રવર્તે જે. ૪૧૩

તે કરો કોટિ અશ્વમેધ,
કરો રત્નો સહિત પૃથ્વીદાન,
તપો એક અંગૂઠે ઘોર તપ
હજારો વર્ષ. ૪૧૪

તે જળાશયોને નામે
નવા સમુદ્રો નિર્માણ કરે,
પણ તે સઘળું વ્યર્થ હોયે
અરે કિંબહુના. ૪૧૫

પાષાણે વર્ષા થાયે,
ભસ્મ વડે હવન કરાયે,
કાં આલિંગન અપાયે
નિજ છાયાને. ૪૧૬

અથવા હાથના પ્રહારે
ગગનને પાર્થ હણાયે,
તેમ સમારંભ વ્યર્થ જાયે
શ્રદ્ધા વિના. ૪૧૭

ઘાણીયે પથરા પિલાયે
તેલ કે ખોળ ના સાંપડે,
ઊલટું દારિદ્ર્ય રહે
જેમનું તેમ. ૪૧૮

ગાંઠે ફૂકાઓ બાંધીને
આ કે પેલે તીરે જવાયે,
ચલણ ન થતાં ભૂખે મારે
જેમ તે અરે. ૪૧૯

તેમ તેવા કર્મજાતે
ઇહભોગ પણ ન મળે,
ત્યાં પરલોકે કેમ રખાયે
અપેક્ષા કોઈ. ૪૨૦

એટલે બ્રહ્મનામ શ્રદ્ધા
છાંડીને કરાય જે ધંધા—
તે કેવળ પરિશ્રમ કોરા
ઇહપર લોકમાં. ૪૨૧

એવું કલુષ કરી કેસરી
ત્રણ તાપ-તિમિર-તમારી,
શ્રીવર-વીર-નરહરિ,
બોલતા થયા. ૪૨૨

ત્યાં ગહન નિજાનંદે
અર્જુન સહસા જઈ બૂડે,
જેમ ચંદ્ર જઈ લપાયે
નિજ જ્યોત્સ્નામાં. ૪૨૩

આ સંગ્રામ વાણિયો જણાયે,
બાણોની અણિયોએ માપે,
પ્રાણો સહ માંસ ઉલેચે
યોદ્ધાઓનું. ૪૨૪

એવા કર્કશ સમયે,
સ્વાનંદરાજ્ય કેવું ભોગવે,
આવો ભાગ્યોદય ન દેખાયે
અન્ય ક્યાંયે. ૪૨૫

સંજય કૌરવાધિપતિને કહે,
શત્રુના ગુણે પણ આનંદ થાયે,
અને અસારે હોઈ ગુરુસ્થાને
સુખપ્રાપ્તિ કાજે. ૪૨૬

તે ન જો પૂછતો પ્રશ્ન—
દેવ ન બોલતા રહસ્ય,
મળ્યો ન હોત પરમાર્થ
આપણને તો. ૪૨૭

હતા અજ્ઞાનને અંધારે,
જન્મમૃત્યુના ઘોર દુઃખે,
ત્યાં આત્મપ્રકાશના મંદિરે
લાવ્યો આપણને. ૪૨૮

એટલો આપણને મહાન
કર્યો અહો એણે ઉપકાર,
એટલે થયો વ્યાસસહોદર
ગુરુસ્થાને. ૪૨૯

તે પળે સંજય કહે ચિત્ત
અતિરેક આ ધૃતરાષ્ટ્રને,
ખૂંચશે એટલે ન બોલાયે
વધારે હવે. ૪૩૦

એટલે એણે વાત મૂકી
પછી બીજી જ આદરી—
જે પાર્થે હતી પૂછી
શ્રીકૃષ્ણને. ૪૩૧

તેમનું જેવું કરવું
તેવું જ મારું બોલવું,
સાંભળજો હવે કહે
નિવૃત્તિના જ્ઞાનદેવ. ૪૩૨

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

બ્રહ્મવિદ્યા નિધાન

સમુદ્રને મળતી વેળા જેમ ગંગાનું પાત્ર વિસ્તાર પામે છે, તે પ્રમાણે છેવટના અધ્યાયનું શ્રીજ્ઞાનદેવનું ભાષ્ય, કાવ્ય, ઉપમા અને અલંકાર વડે પૂર્ણપણે અને વિકસિત રૂપે મઢાયેલું છે. અધ્યાયનો આરંભ કરતાં પહેલાં મહારાજ પોતાના ગુરુ શ્રીનિવૃત્તિનાથના નિર્મળ, શુદ્ધ અને માયાને અગમ્ય એવા સ્વરૂપનું અદ્ભુત વર્ણન કરીને તેમનું સામર્થ્ય કહે છે. અઢારમા અધ્યાયની ગુરુવંદના, સર્વ અધ્યાયોમાં આવેલી સ્તુતિ કરતાં વિશેષ પ્રાસાદિક અને ચારુશીલા છે. ગુરુ-શિષ્યના સંબંધના મર્મનો એમાંથી જે અનન્ય પરિમલ ઊઠે છે, તે વાચકને મુગ્ધ તો કરે જ છે, પણ વિનમ્રતાની ભેટ પણ આપે છે. ગુરુની આજ્ઞા મળતાં શ્રીજ્ઞાનેશ્વર હવે આ અંતિમ અધ્યાયની માંડણી કરે છે.

વેદરત્નોના ડુંગર ઉપર, ઉપનિષદ્‌ના ભંડારમાંથી ઉત્તમ રત્નો વીણીને, શિલ્પજ્ઞ વેદવ્યાસે આ ગીતામંદિર તૈયાર કર્યું છે. આ અઢારમો અધ્યાય એ મંદિરનો સુવર્ણકળશ છે. મંદિરના કળશનું દર્શન થયું એટલે દેવળમાંની મૂર્તિનાં દર્શન કર્યાનું ફળ મળે છે. તે પ્રમાણે અઢારમા અધ્યાયના અધ્યયનથી સંપૂર્ણ ગીતાશાસ્ત્રના સ્વાધ્યાયનું શ્રેય મળે છે. આ અધ્યાય એટલે પહેલાંના બધા જ અધ્યાયોનું તાત્પર્ય કહેનાર એકાધ્યાયી ગીતા છે. આખી ગીતામાં સાતસો શ્લોકોમાં એક જ સિદ્ધાંત વિવિધ સ્વરૂપે નિરૂપવામાં આવ્યો છે. જીવોના સર્વ જન્મોનાં સંસારદુઃખો મટાડવાનું એકમાત્ર સાધન આત્મજ્ઞાન છે.

હવે અર્જુનને કશું પૂછવાનું બાકી નહોતું રહેતું. પરંતુ શ્રીકૃષ્ણની વાણી તેને એવી તો હૃદયંગમ અને મનોમંગલ લાગતી કે એ પરમ વાણી સાંભળવાના લોભથી પૂછ્યું કે, પ્રભુ, ત્યાગ અને સંન્યાસની છેવટની સ્પષ્ટતા કરી મને ધન્ય કરો. એટલે આનંદિત થઈ પ્રભુએ વિસ્તારપૂર્વક ઉત્તર આપ્યો. ત્યાગ અને સંન્યાસ એ બન્ને શબ્દો ત્યાગના જ સૂચક છે એ સાચું, પણ તેમાં એક સૂક્ષ્મ ભેદ છે. કર્મો ન કરતાં તેમને એકદમ છોડી દેવાં તેને સંન્યાસ કહે છે. અને કર્મ કરવાનાં ખરાં, પણ તેનું ફળ ત્યજવું તે ત્યાગ કહેવાય છે. હવે આ કયાં કર્મો કરવાનાં અને કયાં નહીં કરવાનાં? નિત્ય નૈમિત્તિક કર્મો અવશ્ય કરવાનાં. પણ તેનાં ફળ સ્વીકારવાં નહીં. કામ્યકર્મો એકદમ છોડી દેવાં એવો નિર્ણય શાસ્ત્રોએ કર્યો છે. કર્મો કરવાનો પ્રભુનો આગ્રહ છે. કારણ જે દેહ મળ્યો છે તે પહેલાંના જન્મોનાં ફળ ભોગવવા માટે મળ્યો છે. એટલે જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી કર્મો તો થતાં જ રહેવાનાં. કર્મોનો સંપૂર્ણ ત્યાગ અસંભવ છે. જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે જ કર્મો છૂટે છે; એટલે કર્મો સાથેનું તાદાત્મ્ય નષ્ટ થાય છે. કર્મોનું વિવરણ કરતાં કરતાં શ્રીકૃષ્ણનાથ અર્જુન ઉપરના અગાધ પ્રેમને કારણે પોતાને વીસરીને બોલતા હતા. અને અર્જુન પણ એ પ્રેમરસમાં ડૂબી જઈને દેહભાન વીસર્યા હતા.

પ્રભુ અને ભક્તના આ પ્રેમસંગમનું ચિત્રણ, જ્ઞાનદેવ મહારાજે અપૂર્વ અને નિરુપમ કલાછટાથી સરજીને જાણે પોતાના આંતરઐશ્વર્ય મધુરાદ્વૈતનો વાચકોને પ્રસાદ વહેંચ્યો છે.

પોતે સભાન થતાં અર્જુનને દેહભાનમાં આણીને પ્રભુ દિવ્ય વાણી આગળ ચલાવે છે. જેની સત્તાને આધારે કર્મોની નીપજ થાય છે તે આત્મા સર્વથી સર્વસ્વ રીતે અલિપ્ત છે. કર્મનાં પાંચ કારણો છે. પહેલું કારણ દેહ. બીજું કારણ પોતાના મૂળ સ્વરૂપને વીસરેલો જીવ. ત્રીજું કારણ પાંચ જ્ઞાનેન્દ્રિયો. એક જ પ્રાણવાયુના જુદા જુદા ભેદ થાય છે તે ચોથું કારણ. પાંચમું કારણ દશેય ઇન્દ્રિયો પર અનુગ્રહ કરનાર દેવતા મન. આ પાંચ કારણો કર્મના હેતુ પણ છે. દેહને જ કર્મકર્તા કહેનાર છે. આવા લોકો કલ્પને અંતે પણ જન્મમરણના ફેરમાંથી છૂટતાં નથી. છુટકારાનો કેવળ એક જ ઉપાય છે. કર્મો કરીને જેઓ કર્મોથી મુક્ત થયા છે તે પુરુષનું જીવન, દૃષ્ટિ સમક્ષ રાખીને તેનો નિરંતર વિચારવ્યવહાર જેઓ કરશે, તેઓ મુક્તિને પામશે. વાસ્તવિક રીતે દેહપાશથી પૂર્ણપણે છૂટનારને કોઈ પણ કર્મ બંધનકર્તા થશે નહીં. અજ્ઞાનને કારણે 'હું કર્મ કરું છું' એમ કહેવું એ જ બંધન છે. આ અજ્ઞાને જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એવી ત્રિપુટી નિર્માણ કરી છે. તાત્પર્ય કે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ કર્મોની પ્રવૃત્તિ કરનાર ત્રિપુટી છે. અને કર્તા, કરણ અને કાર્ય એ કર્મસંગ્રહ છે. પરંતુ આ સર્વ વ્યવહારમાંથી આત્મા અલિપ્ત છે.

આત્મપ્રાપ્તિ કાજે વિહિત કર્મોનો નિશ્ચય કરનારી બુદ્ધિ સાત્ત્વિક છે. આ જ બુદ્ધિ આગળ નૈષ્કર્મ્ય સ્થિતિને પહોંચાડે છે. રાજસ બુદ્ધિને પાપકર્મ અને પુણ્યકર્મનો વિવેક કરતાં આવડતો નથી. તામસ બુદ્ધિને શ્રુતિયે કરણીય કહેલાં સર્વ કર્મો વિપરીત દેખાય છે. દેહમાં સાત્ત્વિક ધૈર્યનો ઉદય થયો કે ઇન્દ્રિયો વિષયોથી પરાવૃત થઈને અંતર્મુખ થાય છે. મન સંકલ્પવિકલ્પ કરવાનું વીસરે છે. રાજસ ધૈર્ય દેહ ઉપર વધારે આસક્તિ રાખે છે. ઇહલોક અને પરલોકના ભોગ માટે નિરંતર ખટપટ કરે છે. તામસ ધૈર્ય, આળસ, નિદ્રા, ભય, શોક, ખેદ અને મદ એ દુર્ગુણો વધારે છે.

પ્રત્યેક મનુષ્યે પોતાનાં કર્મ સર્વાત્મક પ્રભુની સેવા માટે કરવાં. એ સેવાથી પ્રસન્ન થઈને પ્રભુ તેવા મનુષ્યને વૈરાગ્યનો પ્રસાદ આપે છે વૈરાગ્ય એટલે મોક્ષની પહેલાંનો પડાવ. આ અવસ્થામાં ઈશ્વરની લગની લાગતાં વિષયો નહિવત્ થઈ જાય છે. વિહિત કર્મો કરીને પ્રભુકૃપાએ વૈરાગ્ય પ્રાપ્ત થયો તો મનુષ્યનું દેહ તણું મમત્વ છૂટી જાય છે. આવી સ્થિતિ એકાદ ભાગ્યવંતને ગુરુકૃપાથી એકદમ લાધે છે. પરંતુ જેની બુદ્ધિ ઉપરના જ્ઞાનપ્રતિબંધો ગયા નથી, તેવાને આવી સ્થિતિની પ્રાપ્તિ શક્ય નથી. આવા પુરુષ કામ્યનિષિદ્ધ કર્મોનો ત્યાગ કરીને, નિષ્કામ બુદ્ધિ વડે આચરણ કરીને ક્રમે ક્રમે એ પદને પ્રાપ્ત કરી શકે છે. કારણ માર્ગમાં જે શત્રુઓનો સામનો કરવો પડે છે તેમાં દેહ-અહંતા પ્રથમ છે. બીજો શત્રુ બળ છે. ત્રીજો શત્રુ દર્પ છે. ચોથો કામ. છેવટનો શત્રુ પરિગ્રહ છે. આ સર્વ શત્રુઓને જીતી,

જેઓ વૈરાગ્ય અને ધ્યાન વડે શાંતિ પ્રાપ્ત કરે છે તેઓ સમગ્ર વિશ્વમાં પ્રભુની સત્તા વ્યાપ્ત છે, એવો અદ્વૈતબોધ પ્રાપ્ત કરે છે. એ જ પ્રભુની શ્રેષ્ઠ ભક્તિ છે. આર્ત્ત, જિજ્ઞાસુ અને અર્થાર્થી એ દૃષ્ટિએ આ ચોથી ભક્તિ કહેવાય છે. વાસ્તવિક રૂપે તો પ્રભુની એ જ સહજસ્થિતિ છે. આ સહજસ્થિતિને જ પ્રભુએ ભક્તિ નામ આપ્યું છે. આવો આત્મજ્ઞાની ભક્ત દેહથી જુદો હોવા છતાં તે પ્રભુના સ્વરૂપને જ વર્યો હોય છે. એવી અભિન્ન સ્થિતિમાં સ્વભાવવશ તેનાથી જે ક્રિયા થાય છે તે પ્રભુની મહાપૂજામાં જમા થાય છે. તેને જન્મમરણ ને જરા હોતાં નથી. આ અવસ્થા શબ્દાતીત છે. અર્જુનને આવો થઈ રહેવાની પ્રભુ સલાહ આપે છે.

હવે જો દેહરૂપની સાથે પોતાને યુક્ત કરીને બીજાને યુદ્ધમાં મારવા એ પાપ છે એવો અહંકાર ધારીશ, તો તું નિત્ય અવ્યય હોવા છતાં, જન્મમરણના ફેરામાં પડીશ. બીજી દૃષ્ટિએ જોતાં 'હું નહીં લડું' એવો તારો નિશ્ચય લાંબો કાળ ટકનાર નથી. કારણ, તારો ક્ષાત્રસ્વભાવ તારી પાસે યુદ્ધ કરાવશે. એટલે કેવળ તું એટલું કર કે અદૃષ્ટ જે ઈશ્વરને આધીન છે, તેને શરણે જા. આ ઈશ્વર તારા હૃદયમાં છે. પરંતુ માયાના પડદાના અંતરાયને કારણે તે દેખાતો નથી. 'હુંપદ'નો અહંકાર ગયો કે પછી જીવ ઈશ્વરસ્વરૂપે પ્રગટ થાય છે. ઈશ્વર એ સર્વ વિશ્વનો નિયંતા છે. તેની સત્તાને આધારે પ્રકૃતિ ચાલે છે. આ પ્રકૃતિ માણસ પાસે કર્મ કરાવી લે છે. કર્મ કરવાં અથવા ન કરવાં એ પ્રકૃતિને આધીન છે. એટલે મનુષ્ય, કર્મનું કર્તૃત્વ પ્રકૃતિને સોંપીને, હૃદયમા રહેલા ઈશ્વરને શરણે જો જશે, તો તેને અક્ષય સ્વરૂપશાંતિનો અમૂલ્ય લાભ થશે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે સર્વ જ્ઞાનનો સાર અને આજ સુધી કોઈને ન કહેલી ગુહ્ય વાત તારા પ્રેમને કારણે તને કહી છે. તેનો તું બરાબર વિચાર કર. અને તને યોગ્ય લાગે ને સમજાય તેમ કર. ભગવાનનાં આ વચન સાંભળીને અર્જુન કંઈ બોલ્યા નહીં. એટલે પ્રભુને લાગ્યું કે પોતે જે કંઈ કહ્યું છે તે સંક્ષિપ્તમાં પાછું સાંભળવાની એની ઇચ્છા છે. એટલે ભગવાને પાછું બોલવા માંડયું. મેં તને જે કંઈ કહ્યું છે તે કહેવા-સાંભળવાની પેલે પારનું છે. તેને કેવળ અદ્વૈત અવસ્થામાં ભોગવી શકાય છે. તું મારો પ્રાણ છે એટલે મારું બોલવું બીજા સાથે નહીં, પણ મારા પ્રાણ સાથે થાય છે. તું જે વ્યાપાર ઇન્દ્રિયો દ્વારા કરે તેની ઉપર તું પ્રભુની મહોર માર. તારે પોતાને માટે સેવકભાન રાખીને, તેને મને આપ. પછી દેહની ઉપાધિને કારણે જે દ્વૈત છે, તે દ્વૈત દેહનું નિરસન થતાં નહીંવત્ થઈ જશે અને તું મદ્રૂપ થઈશ. મારું સુખ અને મારો આનંદ ગમે તે અવસ્થામાં તું ભોગવી શકીશ. આ વાત હું તને ગદ્ગદ ભાવે શપથપૂર્વક કહું છું. હું સ્વભાવે જ સત્યવચની છું, એટલે શપથની વાત કરવી યોગ્ય નથી. પણ તું આજે તારાં સર્વ કર્મો મને અર્પણ કરીને મારો થયો છે, એટલે ઘનઘોર યુદ્ધને પ્રસંગે પણ તને ઉપદેશ કરવા તત્પર થયો છું.

જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે, આ રીતે પ્રભુએ ગીતારૂપે વેદો જ અર્જુનને ઉઘાડા કરીને દેખાડ્યા. કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણેય વેદકાંડોને ગીતામાં સમાવી લેવામાં આવ્યા છે. અર્જુનના પ્રેમને ખાતર ભગવાને પોતાના અંતરનું ગુહ્ય અર્જુનને અને અર્જુન દ્વારા જગતને સંભળાવ્યું છે. અનંત જન્મોનાં પુણ્ય હોય તો જ ગીતાશાસ્ત્ર સાંભળવા મળે છે. પણ જો તેને સમજણપૂર્વકના અનુષ્ઠાન વડે આચરણમાં ન ઉતારાય તો તેની સાચી સાર્થકતા થતી નથી.

વાચાને અગમ્ય એવો બ્રહ્મવિષયક સંવાદ શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે સમરાંગણમાં થયો હતો. તે સંવાદ સાતસો શ્લોકોમાં સુગ્રથિત કરીને જગતને ભગવાન બાદરાયણે સુલભ કરી આપ્યો. આ જ ગીતાના સાતસો શ્લોકોને પોતાની પરમ ઐશ્વર્યવંત દૃષ્ટિ વડે, નવ હજાર ઓવીમાં પ્રસાદ, રમણીયતા અને વિશદતા વડે જ્ઞાનેશ્વર મહારાજે પોતાની અભિનવ અભિવ્યક્તિથી મઢીને, મરાઠી ભાષામાં સામાન્ય જનસમુદાયને સુલભ કરી આપ્યો, તે એમનો આપણા ઉપર મહાન ઉપકાર છે. મહારાજ એનું બધું શ્રેય પોતાના ગુરુ શ્રીનિવૃત્તિનાથનાં પ્રેમ અને કૃપાને આપે છે; પ્રીતિથી એકાગ્ર ચિત્તે સાંભળનારા શ્રોતાઓને આપે છે. પોતાને કશું જ ન ગણવાની એમની ઉદાત્તતા અને વિનમ્રતા મહારાજની નિરહંકારિતાની પરમ શોભા છે.

જ્ઞાનેશ્વરી ગ્રંથની સમગ્ર ઓવીઓનું સંશોધન કરી, તેનો શુદ્ધ પાઠ તૈયાર કરવાનો પુણ્યયશ સંત શ્રી એકનાથ મહારાજનો છે. એટલે જ એમની ચાર પ્રમાણભૂત ઓવીઓને ગ્રંથને અંતે મૂકી છે.

અધ્યાય અઢારમો

સર્વગીતાર્થસંગ્રહયોગ

જય જય દેવ નિર્મળ,
નિજ જન અખિલ મંગળ,
જન્મજરાજલદજાળ,
પ્રભંજન હે. ૧

જય જય દેવ પ્રબળ,
વિદલિત અમંગલકુળ,
નિગમાગમદ્રુમફળ
ફળપ્રદ હે. ૨

જય જય દેવ સકળ,
વિગતવિષય વત્સલ,
કલિતકાલ કૌતુહલ
કલાતીત હે. ૩

જય જય દેવ નિષ્કુળ,
સ્ફુરદામંદ આનંદબહુલ,
નિત્યનિરસ્ત અખિલ મળ,
મૂળભૂત હે. ૪

જય જય દેવ સ્વપ્રભ,
જગદંબુદગર્ભનભ,
ભુવનોદ્‌ભવારંભસ્થંભ
ભવધ્વંસ હે. ૫

જય જય દેવ નિશ્ચલ,
ચલિતચિત્તપાનતુંદિલ,
જગદુન્મીલનાવિરલ,
કેલિપ્રિય હે. ૬

જય જય દેવ વિશુદ્ધ,
વિદુદયોદ્યાનદ્વિરદ,
શમદમમદનમદભેદ
દયાર્ણવ હે. ૭

જય જય દેવ એકરૂપ,
અતિકૃતકંદર્પસર્પદર્પ,
ભક્તભાવભુવનદીપ,
તાપાવહ હે. ૮

જય જય દેવ અદ્વિતીય,
પરિણતોપરમૈકપ્રિય,
નિજજનજિત ભજનીય,
માયાગમ્ય હે. ૯

જય જય દેવ શ્રીગુરો,
અકલ્પ અનાખ્ય કલ્પતરો,
સ્વસંવિદ્‌દ્રુમબીજપ્રરો-
હણાવની હે. ૧૦

એક એક એવા એવા
નાના પરિભાષા સહિતા,
સ્તોત્રો કરું નિર્વિશેષા
તને ઉદ્દેશીને. ૧૧

જે વિશેષણોએ વિશેષિયે
તે દૃશ્ય તારું રૂપ ન હોયે-
એ જાણીને લાજ લાગે
વર્ણવતાં તને. ૧૨

અહો સાગર મર્યાદશીલ,
એવો ટકે તેનું લૌકિક,
જ્યાં સુધી તે ન દેખે
સોમ ગગને. ૧૩

સોમકાન્ત નિજ નિર્ઝરે
ચંદ્રને અર્ધ્યાદિ ન આપે,
તે તો ચંદ્ર અપાવી લે
સાંભળો અહો. ૧૪

ન જાણે કેવી વસંત સંગે
અવચિતે વૃક્ષોની સમગ્ર-
કાયા પ્રફુલ્લે રોધવું તે
ન સંભવે કદી. ૧૫

પદ્મિનીને રવિકિરણ
સ્પર્શે ત્યાં લાજે કોણ,
કાં સ્પર્શતાં લવણને જળ
ઓગળે ન તે. ૧૬

એવા તમને જ્યારે સ્મરાયે
ત્યારે હું-પણું જ વીસરાયે,
પછી ધરાયેલો રોકી ન શકે
ઓડકાર જેમ. ૧૭

આપે મારી તે દશા કરી છે,
મારું હું-પણું દેશવટે ગયું છે,
સ્તુતિ મિષે ઘેલું લાગ્યું છે
વાણીને અહો. ૧૮

નહીં તો રહીને નિજ ભાને,
જ્યારે મારાથી સ્તુતિ થાયે-
ત્યારે જ સરખામણી કરાયે
ગુણાતીતની ગુણે. ૧૯

આપ તો એકરસનું લિંગ,
કેમ કરાયે ગુણાગુણે વિભાગ,
મોતી ફોડીને સંધાવવું શુભ
કે જોવું અભંગ. ૨૦

અને તમે પિતા, તમે માત,
આ શબ્દોથી સ્તવન ન થાય,
કેમ કે છે ડિંભોપાધિક
આભટછેટ ત્યાં. ૨૧

સેવક ભાવથી જે નિષ્પન્ન થાયે
તે સ્વામીત્વમાં શો માલ હોયે,
ઉપાધિના આવા એઠવાડે
શે સ્તવન કરાયે. ૨૨

તમે આત્મા સબાહ્ય એક
એવું કહેતાં અહો ઉદ્ધાર,
અંતઃસ્થિતિને ઘસડાશે
બાહરે અરે. ૨૩

એટલે સાચે જ તમો કાજે
સ્તુતિ યોગ્ય દેખાયે ના જગે,
મૌન વિના સ્વીકાર્ય તમને
નથી અન્ય અલંકાર. ૨૪

સ્તુતિ કાંઈ ન બોલવું,
પૂજા કાંઈ ન કરવું,
સાંનિધ્ય કાંઈ ન હોવું
તમ પાસે અહો. ૨૫

તોપણ ભ્રમને ઉન્માદે
જેમ પ્રલાપ સ્વૈર કરાયે,
તેમ મારું સ્તવન ગણાયે
સહી લેજો જી. ૨૬

હવે ગીતાર્થ મુક્ત મુદ્રિકા
આરોપજો મુજ વાણીમાં,
જેથી મળશે માન્યતા આ
સજ્જન સભામાં. ૨૭

ત્યારે કહે શ્રીનિવૃત્તિ,
વિનવવું નહીં ફરી ફરી,
પારસ સંગે કરીયે લોખંડનું
શું ઘર્પણ વારંવાર. ૨૮

ત્યારે વિનવે જ્ઞાનદેવ,
હવે મળ્યો મને પ્રસાદ,
એટલે આપશો અવધાન
ગ્રંથને સકળ. ૨૯

જી ગીતા રત્નપ્રાસાદનો
કળશ આ અર્થચિંતામણિનો;
સકળ ગીતાદર્શન તણો
માર્ગદર્શક જો. ૩૦

આવી માન્યતા વર્તે જગે
કે જો દૂરથી કળશ દેખાયે,
તો દેવતાનાં જ દર્શન ગણાયે
મંદિરે જે. ૩૧

તેવું જ અહીંયાં હોયે,
જે આ એક જ અધ્યાયે,
સઘળો અભિવ્યક્ત થાયે
ગીતાગમ. ૩૨

આ જ કારણે કળશ
કહેવાયે અઢારમો અધ્યાય,
રચ્યો છે બાદરાયણે
ગીતાપ્રાસાદે. ૩૩

શેષ કળશ વિના કાંઈ
પ્રાસાદે કામ નાહીં,
કહે છે ગીતા અહીં
સમાપ્તિસૂચક. ૩૪

વ્યાસે સહજ સૂત્રકારે,
નિગમ રત્નાચળે,
ઉપનિષદ અર્થની ભૂમિયે
ખોદવા માંડયું. ૩૫

ત્રણે પુરુષાર્થનો ચૂરો
જે અપાર ત્યાં નીકળ્યો,
તેના વડે ફરતો કોટ રચ્યો
મહાભારતનો. ૩૬

માંહે આત્મજ્ઞાનની અભંગ
શિલા કરી ચાતુર્યે વિશુદ્ધ,
ઘડયો કુશળતાપૂર્વક
શ્રીકૃષ્ણાર્જુન સંવાદ. ૩૭

નિવૃત્તિરૂપ ઓળંબો લગાવી
શાસ્ત્રાર્થરૂપ પૂરણી વાપરી,
આકાર સાધ્યો માંડણીનો
મોક્ષરૂપની. ૩૮

આવી કરતાં ઉભારણી
પંદર અધ્યાયો સુધી,
પંદરે ભૂમિ શુદ્ધ થઈ
પ્રાસાદ પૂરો થયો. ૩૯

ઉપરાંત સોળમો અધ્યાય
શ્રીવાઘંટ જાણે હોય,
સત્તરમો પોતે જ બેઠક
કળશ તણી. ૪૦

તેની ઉપરે અષ્ટાદશ
જાણે આપમેળે થયો કળશ,
ગીતાદિકે કહેવાયે ધ્વજ
શ્રીવ્યાસ પોતે. ૪૧

એટલે પ્રારંભથી જે અધ્યાય
તે ચડતી ભૂમિકા સાકાર,
તેમની પૂર્તિ પોતે સૂચવે
અષ્ટાદશ. ૪૨

થયાં કામો નથી અપૂર્ણ
એનું કળશ પોતે એંધાણ,
તેમ સંક્ષેપે કહે અષ્ટાદશ
સાદ્યંત ગીતા. ૪૩

આવી રીતે કલાકાર વ્યાસે
ગીતાનો પ્રાસાદ રચીને,
પ્રાણીઓને નાના પ્રકારે
આપ્યું સંરક્ષણ. ૪૪

કોઈ જપરૂપ પ્રદક્ષિણા કરે,
બહારથી જ આવર્તનો કરે,
કોઈ શ્રવણને મિષે સેવે
છાયા ગીતાની. ૪૫

કોઈ સંપૂર્ણ અવધાનરૂપે
બીડા પૈસા મંદિરે આપે,
પછી ગર્ભગૃહે પ્રવેશે
અર્થજ્ઞાન તણા. ૪૬

તે નિજ બોધે આલિંગે,
નિજ આત્મપ્રભુને ભેટે,
છતાં મોક્ષનો પ્રસાદ મળે
સૌને સરખો. ૪૭

સમર્થોને પંક્તિભોજને,
આદ્યંતે એક જ મિષ્ટાન્ન મળે,
તેમ શ્રવણે, જ્ઞાને, પઠણે
મોક્ષ જ લાભે. ૪૮

એવા ગીતા વૈષ્ણવપ્રાસાદ,
અઢારમો કળશ છે વિશદ,
એવું કહ્યું જાણીને ભેદ
હેતુપૂર્વક. ૪૯

હવે સપ્તદશ ઉપરાંતે
અધ્યાય કેવા વિકસે,
તે સંબંધે કહીશ તમને
દેખાય છે તેમ. ૫૦

ને મોડતાં ઉભય આકાર
ઘડાયું એક જ શરીર,
એવું દેખાય છે સ્વરૂપ
અર્ધનારીનટેશ્વરે. ૫૧

કાં ગંગાયમુના ઉદક
ઓઘરૂપે અલગ અલગ,
દેખાડે રહીને એક
પાણીપણે. ૫૨

અથવા દિવસેદિવસ વધે
નવનવી ચંદ્રમાં પ્રવેશે-
છતા ચંદ્રે ન ભિન્ન દેખાયે
કળાઓ કોઈ. ૫૩

તેમ જુદાં જુદાં ચાર પદે
શ્લોક અને અવચ્છેદ શ્લોકે-
અવચ્છેદે અધ્યાયો દીસે
ભિન્ન ભિન્ન. ૫૪

પણ પ્રમેયનો મૂળ અર્થ
ન ધરે રૂપ આન આન,
રત્નમણિયે જેમ રહે એક
સૂત્ર પાર્થ. ૫૫

ઘણાં મોતી ભેગાં મળે
એક સેરમાં પરોવાયે,
પણ તેમની રૂપશોભા હોયે
એક જ અરે. ૫૬

પુષ્પહારે પુષ્પો ગણાયે
સુગંધનાં લેખાં ન હોયે,
શ્લોક-અધ્યાય તેવા જણાયે
ગીતાગ્રંથે, ૫૭

સાત શત શ્લોક
અધ્યાય અઢાર જાણ,
તેમાં દેવ બોલ્યા તત્ત્વ
એકનું એક. ૫૮

ન છોડતાં તે સંગતિ
મેં કરી અભિવ્યક્તિ,
નિર્વાહ તેનો સાંભળો
પ્રસ્તુત અધ્યાયે. ૫૯

તો સત્તરમે અધ્યાયે
પૂર્ણ થવાની ઘડીયે
દેવ અંતિમ શ્લોકે
બોલ્યા એવું. ૬૦

અરે બ્રહ્મનામને વિશે
આસ્તિક બુદ્ધિ છાંડીને,
જેટલાં કર્મો કરાયે તે
સર્વ નિરર્થક. ૬૧

દેવની વાત સાંભળીને
હર્ષ થયો તવ અર્જુનને,
કહે ઠપકો આપ્યો પ્રભુએ
કર્મનિષ્ઠોને. ૬૨

તે અજ્ઞાન અંધ બાપડા
ઈશ્વરને ન દેખે આવડા,
તો નામ અને પ્રભુશ્રદ્ધા
જાગશે ક્યાંથી. ૬૩

અને રજતમ ઉભય
ન થાયે જ્યાં સુધી લય,
ત્યાં સુધી તે શ્રદ્ધા વ્યર્થ
બ્રહ્મને વિશે. ૬૪

શસ્ત્રાગ્રે આલિંગન આપવું,
દોરડી ઉપરે દોડવું,
કે નાગણ જોડે રમવું
મારક ન તેવું. ૬૫

અને તે દુષ્ટ કર્મોમાં
જન્માંતરોની સંભાવના,
કુયોગો એવા ઘણા
તે કર્મમાં. ૬૬

ઓંચિતે તે ઉચિત હોય
તો જ્ઞાનની યોગ્યતા આપે,
પણ અનુચિતે મેળવી આપે
નરકયોગ. ૬૭

જો કર્મમાં અનેકાનેક
પ્રવેશે વિઘ્ન વિક્ષેપ–
તો કર્મનિષ્ઠને મોક્ષ
ક્યાંથી મળે. ૬૮

એટલે કર્મનો મોહ શમો
સકળ કર્મત્યાગ થાઓ,
અવ્યંગ સંન્યાસનો થાઓ
હવે સ્વીકાર. ૬૯

કર્મબાધાનો જરાયે
જ્યાં લેશ ભય ન હોયે,
એવું આત્મજ્ઞાન સધાયે
જે યોગથી. ૭૦

જે જ્ઞાનના આવાહનમંત્ર,
જે જ્ઞાન પકવતું સુક્ષેત્ર,
જ્ઞાનને આકર્ષતું તંતુસૂત્ર
હોય જે. ૭૧

તે ઉભય સંન્યાસ-ત્યાગ,
અનુષ્ઠિને મુક્ત થાઓ જગ,
એટલે તે કરવા અભિવ્યક્ત
પૂછીશ પ્રશ્ન. ૭૨

એવું મનમાં કહીને પાર્થ,
ત્યાગ-સંન્યાસ વ્યવસ્થારૂપ,
પ્રગટાવવા કરે પ્રશ્ન
વ્યક્તરૂપે. ૭૩

ત્યાં પ્રત્યુત્તરરૂપે
શ્રીકૃષ્ણ જે બોલે,
તેમાંથી ઊપસી આવે
અષ્ટાદશ અધ્યાય. ૭૪

એવં જન્યજનક ભાવે
અધ્યાયને અધ્યાય પ્રસવે,
હવે સાંભળો નિરાકરણ
પાર્થના પ્રશ્નનું. ૭૫

તો ત્યાં પાંડુકુંવર
દેવની વાતનો અંત,
જોઈને થયા ખિન્ન,
અંતઃકરણે. ૭૬

આમ તત્ત્વ વિશે સહજ
થયો હતો તેને નિશ્ચય,
પણ દેવ રહે મૌન
સહેવાય ન તે. ૭૭

વત્સ હોવા છતાં તૃપ્ત
ધેનુ ન જાયે દૂર,
એવી છે જી રીત
અનન્ય પ્રીતિની. ૭૮

ત્યાં હેતુ વિણ બોલવું,
જોયેલું જ ફરી જોવું,
ભોગવતાં ન ધરાવવું
પ્રિયને વિશે. ૭૯

આવી જ પ્રેમની જાતિ,
પાર્થ તો પ્રેમની મૂર્તિ,
એટલે થાય છે દુઃખી
પ્રભુના મૌનથી. ૮૦

અને સંવાદને નિમિત્તે
જે અવ્યવહારી સ્વરૂપે-
તે જ ભોગવીએ દર્પણે
નિજ રૂપ જેમ. ૮૧

જો તે સંવાદ વિસર્જે
આનંદ ભોગવવો વિરમે,
કેવી રીતે તે સહેવાયે
લાલચુ અર્જુનથી. ૮૨

એટલે ત્યાગ-સંન્યાસ
પૂછવાનું કરીને મિષ,
ઉકેલ્યું ગીતાવસ્ત્ર
ફરી તેણે. ૮૩

અઢારમો અધ્યાય ન હોયે
એકાધ્યાયી ગીતા જ હોયે,
વાછરડું જવ સ્તને વળગે
તવ વાર કેવી. ૮૪

તેમ ઉપસંહારની ઘડીયે
ગીતાનો પ્રારંભ કરાવે,
ગુરુ-શિષ્યને અરે સંવાદે
શું શું ન થાયે. ૮૫

એ ભલે પણ આ રીતે
પૂછ્યું હતું અર્જુને,
કે વિનંતી વિશ્વેશે
સાંભળવી હો. ૮૬

હાં જી સંન્યાસ અને સંગ
આ ઉભયનો એક જો અર્થ,
જેમ સંઘ કે સંઘાત
સૂચવે સમુદાયને. ૮૭

ત્યાગે અને સંન્યાસે
ત્યાગ જ સૂચવાય છે,
એવું અમારે માનસે
થયું નિશ્ચિત. ૮૮

જો હોય કાંઈ અર્થભેદ
તો દેવ કરો જી વિશદ,
ત્યાં કહેતા થયા મુકુંદ
ભિન્ન બન્ને. ૮૯

આમ અર્જુન તારા મને
ત્યાગ ને સંન્યાસ બન્ને,
એકાર્થી જણાયે તે સાચે
માનું હું પણ. ૯૦

અરે આ ઉભય શબ્દે
ત્યાગ સાચે જ સૂચવાયે,
પણ ભિન્નતાનું હોયે
કારણ આટલું. ૯૧

નિઃશેષ કર્મ તજીયે
તે તજવું સંન્યાસ ગણાયે,
અને ફલ માત્ર તજીએ
તે ગણાયે ત્યાગ. ૯૨

તો કયા કર્મનું ફળ
છાંડવું, કયું કર્મ કેવળ-
તે કહીશ તને વિશદ
સાંભળજે તું. ૯૩

આપમેળે જે રાનવને
નિરૂપયોગી વૃક્ષો ઊગે,
તેમ ધાન કે બાગ થાયે
ન વાવતાં. ૯૪

ન વાવતાં તૃણ પાંગરે
તેમ ડાંગર કદી ન થાયે,
વાવણી ને ખાતર લાગે
ડાંગરને અરે. ૯૫

કાં દેહ ઉપલબ્ધ સહજ
પણ અલંકારો માગે ઉદ્યમ,
નદીના હોય સ્વયંભૂ પ્રવાહ
વાવ બાંધવી પડે. ૯૬

તેમ નિત્ય નૈમિત્તિક
કર્મ હોય સ્વાભાવિક,
પણ ન કામતાં કામિક
કયારે ન નીપજે. ૯૭

કામનાઓના સમુદાય
જેની ઉભારણીએ આવશ્યક,
જ્યાં અશ્વમેધાદિક
યજ્ઞયાગ. ૯૮

વાપિ કૂપ આરામ,
અગ્રહારે કે મહાગ્રામ,
અને અન્ય નાના સંભ્રમ
વ્રતોના જ્યાં. ૯૯

એવાં ઇષ્ટ પૂર્ત સકળ
હોય જ્યાં કામનાં મૂળ,
જે ભોગવાવે કર્મનું ફળ
કર્તાને બાંધીને. ૧૦૦

આવતાં દેહને ગ્રામે
જન્મમૃત્યુના ઉપક્રમે,
ભોગવતાં ના ન પડાયે
જેમ ધનંજય. ૧૦૧

કાં લખેલું પ્રારબ્ધે
કેમેય ના ભૂંસાયે,
શ્યામશ્વેત વર્ણ ના જાયે
કોઈ ઉપાયે. ૧૦૨

કરેલાં કામ્યકર્મ તેમ
ફળ ભોગવવા રોકે દ્વાર,
જેમ ન ચુકવીએ ઋણ
તો ટોકાય રે. ૧૦૩

અથવા જો કામના વિણ
થાય અકસ્માતે પાંડુસુત,
તો રણાંગણે વીંધે બાણ
ન ઝૂઝતાં પણ. ૧૦૪

ન જાણતાં ગોળ મુખે
નાખતાં મધુરતા આપે,
રાખ સમજીને પડે અગ્નિયે
તો દાઝે જેમ. ૧૦૫

કામ્યકર્મોમાં આ એક
સામર્થ્ય વસે સ્વાભાવિક,
ન રાખવું એટલે કૌતુક
મુમુક્ષુએ અહીં. ૧૦૬

કિંબહુના પાર્થ એવાં જે
કામ્યકર્મો સહજ હોયે,
તે વિષની જેમ ત્યજીએ
વમન કરી. ૧૦૭

પછી તે ત્યાગને જગે
સંન્યાસ એવી સંજ્ઞાએ—
સંબોધે અંતરંગી જે
સર્વદ્રષ્ટા. ૧૦૮

આ કામ્યકર્મ છોડવું
તે કામનાને ઉખેડવી,
ધનત્યાગે જેમ કાઢવો
ભયને સમૂળ. ૧૦૯

અથવા ચંદ્રસૂર્યગ્રહણે
પર્વ સંબંધી વ્રતો કરાયે,
કાં માતપિતરના મનાયે
શ્રાદ્ધદિવસ. ૧૧૦

અથવા જો અતિથિ આવે
ત્યારે જે જે કરવું પડે—
તે તે કર્મ કહેવાયે
નૈમિત્તિક કર્મ. ૧૧૧

વર્ષાઋતુએ શોભે ગગન
વસંતાગમે પ્રફુલ્લે ઉપવન,
કે દેહને શૃંગારે યૌવન
દશા જેવી. ૧૧૨

અથવા સોમકાન્ત સોમે પીગળે,
કમળો વિકસે સૂર્યના ઉદયે,
એમ જે હોય તે જ પ્રગટે
બીજું નાહીં. ૧૧૩

તેમ જે નિત્ય કર્મ હોયે
તે નિમિત્તે નિયમ પામે,
પ્રસરીને પછી તે કહેવાયે
નૈમિત્તિક. ૧૧૪

અને સાયંપ્રાતર્મધ્યાહ્ને
જે કરવા ઘટે પ્રતિદિને,
લોચનોને દૃષ્ટિનો ન હોયે
ભાર જેમ. ૧૧૫

ન મેળવતાં જેમ ગતિ
ચરણોમાં નિવસે મૂળથી,
અથવા પ્રવર્તે દીપ્તિ
દીપજ્યોતિયે. ૧૧૬

પુટ ન દેતાં સુગંધના
મહેકે સૌરભ ચંદનમાં,
તેમ જ નિત્ય કર્મના
અધિકાર સહજ. ૧૧૭

નિત્યકર્મ એવું લોકે,
એ જ પાર્થ સંબોધાયે,
એવં નિત્ય નૈમિત્તિક બન્ને
દેખાડ્યાં તને. ૧૧૮

આ નિત્ય ને નૈમિત્તિક
અનુષ્ઠેય આવશ્યક,
એટલે એને કહે કોક
વાંઝિયાં કર્મ. ૧૧૯

પણ ભોજને જેમ હોયે
તૃપ્તિ લાધે ભૂખ જાગે,
તેવું છે નિત્યનૈમિત્તિકે
ફળ સર્વાંગ. ૧૨૦

હલકું સોનું અગ્નિયે પડે
ભેગ બળે ને કસ વધે,
આ કર્મોનું તે પ્રમાણે
ફળ જાણવું. ૧૨૧

જે પ્રત્યવાયો ખરી પડે
સ્વાધિકાર અજવાળાયે,
એટલે તે સદ્ગતિ પામે
પાર્થ સત્વરે. ૧૨૨

આટલું હોવા છતાં સમર્થ
નિત્યનૈમિત્તિક કર્મે ફળ-
ત્યજવું જેમ જન્મેલું બાળક
મૂળ નક્ષત્રે. ૧૨૩

લતા પાંગરે સર્વાંગે
આમ્રમંજરી મઘમઘે,
છતાં વસંત વિદાય લે
સ્પર્શ ન કરતાં. ૧૨૪

સ્વધર્મરેખા ન ઓળંગાયે,
નિત્યનૈમિત્તિકે ચિત્ત અપાયે,
અશેષ કર્મફળ પછી ગણાયે
વમન સમું. ૧૨૫

આવા કર્મફળ-ત્યાગને
જ્ઞાનીઓ ત્યાગ કહેતા હોયે,
એવં સંન્યાસ-ત્યાગ તને
કહ્યા પાર્થ. ૧૨૬

આ સંન્યાસ જ્યારે સંભવે
કામ્યકર્મો તવ નવ બાંધે,
નિષિદ્ધ તો સહેજે લોપે
નિષેધને લીધે. ૧૨૭

અને નિત્યાદિક જે હોયે
તે આ ફલત્યાગે નાશે,
શિર છેદતાં ધરણીએ પડે
જેમ કાયા. ૧૨૮

ફળ પાકે ધાન નમે
તેવું કર્મજાત વિરમે,
આત્મજ્ઞાન સહજ પ્રફુલ્લે
ચિત્તમાં પાર્થ. ૧૨૯

આવી રીતે આ બન્ને
ત્યાગ-સંન્યાસ અનુષ્ઠાયે,
તો આત્મજ્ઞાને થઈ આવે
રાજ્યાભિષેક. ૧૩૦

જો આ કુશળતા ન સધાયે
તો અનુમાને ત્યાગ કરાયે,
ત્યાગ ન થતાં ઊલટું પડાયે
મૂંઝવણમાં. ૧૩૧

વ્યાધિ ન જાણતાં ઔષધ-
સેવન કરતાં પરિણમે વિષ,
ક્ષુધા સમયે અવગણતાં અન્ન
શું મરણ ન નીપજે. ૧૩૨

એટલે જે ત્યાજ્ય ન હોયે
તે ન ત્યાગવું કોઈ કાળે,
અને ત્યાજ્યમાં ન રખાયે
લોભ ક્યારે. ૧૩૩

જો ચુકાયે ત્યાગનો મર્મ
થાય બોજો તે સર્વ ત્યાગ,
સર્વત્ર ઝૂઝતો વીતરાગ
દેખે ન તે ભણી. ૧૩૪

કોઈથી ન છોડાયે ફળાભિલાષ,
તે કર્મને કહે બંધનકારક,
જેમ પોતે નગ્ન રહી ભાંડે
જગતને સાથે. ૧૩૫

જિહ્વાલંપટ રોગી જેમ
અન્નને આપે દૂષણ,
કુષ્ઠરોગી રિસાયે જેમ
માખીઓથી. ૧૩૬

તેમ ફળકામે દુર્બળ
કર્મમાં જુએ દોષ,
પછી કરે નિર્ણય
કર્મત્યાગનો. ૧૩૭

એક કહે યાગાદિક
કરવા રહ્યા આવશ્યક,
એ વિના શુદ્ધિકારક
અન્ય બીજું નાહીં. ૧૩૮

મનશુદ્ધિને માર્ગે
વિજયી થવું હોય વેગે,
તેણે શુદ્ધિકારક કર્મે
ન કરવી આળસ. ૧૩૯

સુવર્ણ શુદ્ધ કરવું હશે
તો અગ્નિથી ન કંટાળાયે,
કાં રજને ભેગી કરાયે
દર્પણ સ્વચ્છ કરવા. ૧૪૦

કાં વસ્ત્રો સ્વચ્છ જોઈએ
એવું જો મનમાં હોયે,
તો રજક પાત્રને ન મનાયે
મલિન જેમ. ૧૪૧

તેવાં કર્મો ક્લેશ આપે
એટલે ન અવગણાયે,
શું રંધનના શ્રમ વિના
રસ સિદ્ધ થાયે. ૧૪૨

આવા આવા કથન વડે
કોઈ કર્મે બુદ્ધિ બાંધે,
એટલે ન નિશ્ચય થાયે
ત્યાગને વિશે. ૧૪૩

હવે તે વિસંવાદ શમે,
ત્યાગ વિશે નિશ્ચય ભેટે,
તેને કહીશ વિશદ રૂપે
સાંભળ પાર્થ. ૧૪૪

તો ત્યાગ અહીં પાંડવ
જાણવો ત્રિવિધ રૂપ,
તે ત્રિવિધના વિભાગ
કહીશ તને. ૧૪૫

ત્યાગના ત્રણ પ્રકાર
કરાશે તને ગોચર,
પણ તે સકળનો સાર
જાણ આટલું. ૧૪૬

મુજ સર્વજ્ઞની બુદ્ધિને
જે ત્રિ વાર સત્ય જણાયે,
તે નિશ્ચય તત્ત્વ હવે
સાંભળ પ્રથમ. ૧૪૭

પોતાની મુક્તિ કાજે
જે મુમુક્ષુ જાગ્રત હોયે,
તેને કરવા યોગ્ય જે
સર્વસ્વભાવે. ૧૪૮

યજ્ઞદાન તપાદિક
જે જે કર્મો આવશ્યક,
ન છોડાય જેમ પથિક
છાંડે ન કેડી. ૧૪૯

ખોવાયલું ધન ન લાધે
ત્યાં સુધી પગેરું ન મુકાયે,
કાં ધરાતાં પહેલાં ન તજયે
ભાણું જેમ. ૧૫૦

તીર પામતાં પહેલાં નાવ,
ફળ લાધતાં પહેલાં કેળ,
કાં દેખાતાં પહેલાં નિધાન
જેમ દીપ. ૧૫૧

તેમ આત્મજ્ઞાનવિષયે
નિર્ણય પાકો ન થાયે-
ત્યાં સુધી ન યાગ તજાયે
ઉદાસીનતા ધરી. ૧૫૨

પોતાના અધિકાર પ્રમાણે
આવા દાને યાગે તપે-
અધિક દાક્ષિણ્ય રખાયે
અનુષ્ઠાને. ૧૫૩

ચાલવામાં વેગ વધારાયે
તેમાં વિશ્રાંતિનો હેતુ હોયે,
તેમ કર્માચરણે ઝોક અપાયે
નૈષ્કર્મ્ય સાધવા. ૧૫૪

ઔષધિના સેવને અધિક
જેમ જેમ રખાયે નિયમ-
તેમ તેમ થવાયે મુક્ત
વ્યાધિમાંથી. ૧૫૫

તેમ કર્મો કુશળતાયે
આચરાયે યોગ્ય પ્રકારે,
ત્યારે રજતમાદિ ખરે
સંપૂર્ણપણે. ૧૫૬

ક્ષારના પુટ વારંવારે
સુવર્ણને આપવા પડે,
તેથી ભેગ ઓગળીને
હેમ શુદ્ધ થાયે. ૧૫૭

તેમ નિષ્ઠાયે કર્યાં કર્મ
નષ્ટ કરે રજતમ,
સત્ત્વશુદ્ધિનું ધામ
દેખાડે આંખને. ૧૫૮

એટલે ધનંજય,
સત્ત્વને કરવા શુદ્ધ—
તીર્થને તોલે કર્મ
ગણવાં અરે. ૧૫૯

તીર્થો બાહ્ય મળ પખાળે,
કર્મો અભ્યંતર ઉજાળે,
સત્કર્મો જાણવાં એટલે
તીર્થ સમાં. ૧૬૦

તરસ્યાને મરુ પ્રદેશે
અમૃતની વૃષ્ટિ લાભે,
કે અંધની આંખે ઊતરે
સૂર્ય પોતે. ૧૬૧

બૂડતાને નદી જ બચાવે,
પડતા કાજે ધરતી ટળવળે,
કે મરતાને જીવન આપે
મૃત્યુ જ આપે. ૧૬૨

તેમ કર્મો જ કર્મબદ્ધને
પાર્થ મુક્ત કરે મુમુક્ષુને,
જેમ રસાયણે મરનારને
વિષ બચાવે. ૧૬૩

તેમ દક્ષ કુશળતાયે
ધનંજય જો કર્મો કરાયે,
હોવા છતાં બંધક, છોડવે
કરે મુક્ત. ૧૬૪

હવે તે જ રૂડી યુક્તિ
કહેવી છે તને કિરીટી,
જે વડે કર્મ કર્મોથી
નષ્ટ થાયે. ૧૬૫

તો મહાયાગાદિ પ્રમુખ
કર્મો નીપજતાં અચૂક,
કર્તાપણાનો લેશ ભાવ
ઊઠે ન ચિત્તે. ૧૬૬

પારકે ધને યાત્રા કરે
તેને યાત્રાનો ગર્વ ન હોયે,
અને તેને ચિત્તે ન રહે
કોઈ સંતોષ. ૧૬૭

અથવા રાજાની આજ્ઞાયે
શત્રુ જોડે એકલો ઝૂઝે,
વિજયનો તેના મને
ન રહે ઘમંડ. ૧૬૮

જે બીજાને આશ્રયે તરે
તેને તરવાનો દર્પ ન હોયે,
પુરોહિત કદી દાવો ન કરે
દાતૃત્વનો. ૧૬૯

તેમ કર્તૃત્વનો અહંકાર
ન લઈને યથા અવસર,
સર્વ કર્મોથી તે પરવારે
યુક્તિપૂર્વક. ૧૭૦

અને કર્યાં કર્મોએ પાંડવ
જો ફળોની પ્રાપ્તિ થાય,
તો થવા ન દેવી સન્મુખ
ઇચ્છા તેને. ૧૭૧

આરંભમાં ફળેચ્છા છોડીને
પાર્થ કર્મમાત્ર આદરાયે,
જેમ પારકું બાળ સંભાળે
ધાવ પ્રેમે. ૧૭૨

પીપળ-ફળોની આશાએ
પીપળાને જળ ન પવાયે,
તેમ ફળની આશા વિના
કરાયે કર્મો. ૧૭૩

દૂધની આશા ન કરે
છતાં ગોવાળ ગોધન રાખે,
તેવી જ દૃષ્ટિ રખાયે
કર્મોને ફળે. ૧૭૪

આવી આ યુક્તિ વડે
જો સઘળાં કર્મો કરાયે,
તો પોતાનો જ પોતાને
થાય લાભ. ૧૭૫

એટલે ફળેચ્છા છોડીને,
દેહાભિમાન ત્યાગીને,
કર્મો કરવાં નિરંતરે
સંદેશ મારો. ૧૭૬

જે જીવ બંધને શ્રમિત
મથામણ કરે થવા મુક્ત,
યાદ રાખીને આ વાત
કરે ન કાંઈ અન્ય. ૧૭૭

નહીં તો અંધકારને રોષે
નખ ખૂંપાયે જેમ આંખે,
તેમ કર્મદ્વેષે જે અશેષે
કર્મો ત્યાગે. ૧૭૮

તેનું તે કર્મ ત્યાગવું
થશે તામસ કર્મ કરવું,
આધાશીશીને રોષે તોડવું
નિજ મસ્તક. ૧૭૯

અરે જો માર્ગ દુર્ગમ હોયે
તો ચાલીને જ પાર કરાયે,
ઓછું કંઈ પગને કપાયે
માર્ગાપરાધે. ૧૮૦

ભૂખ્યા આગળ અન્ન આવે
સંયોગે જે અતિ ઉષ્ણ હોયે,
તો લંઘનનો વિચાર ન કરે
ઊડાવે ઠોકરે. ૧૮૧

તેમ કર્મનો બંધ કર્મ વડે
કુશલતાએ સહજ સંભવે,
એ તામસી ન જુએ સંભ્રમે
પ્રમત્ત હોઈ. ૧૮૨

અને સ્વભાવે જે પ્રાપ્ત થાયે
તે કર્મ તજી દે અવિચારે,
અભડાવનારા તામસ ત્યાગને
વેંઢાળીશ ના કદી. ૧૮૩

અથવા નિજ અધિકાર જાણે
નિજાર્થે વિહિત તે સમજે,
પણ તે આચરતાં કંટાળે
કષ્ટને ભયે. ૧૮૪

જે કર્મ તણો આરંભ
ક્યારેક હોયે કષ્ટપ્રદ,
ઊંચકતાં જેમ ભારે લાગે
ભાથું પ્રથમ. ૧૮૫

લીમડો જીભને કડવો લાગે,
હરડે ખાતાં તૂરી જણાયે,
તેવો કર્મનો આરંભ લાગે
સદા કષ્ટપ્રદ. ૧૮૬

ગાયને શિંગડાંનો દોષ,
શેવંતીનું કાંટાળું અંગ,
મોંઘું જણાયે ભોજનસુખ
રાંધવાના ત્રાસે. ૧૮૭

તેમ સર્વદા સર્વ કર્મ
આરંભે અતિ વિષમ,
એટલે માને પરિશ્રમ
કર્મ કરતાં. ૧૮૮

કર્મ વિહિત જાણી આદરે
પણ તે કલેશકર નીવડે,
તવ દાઝ્યો અગ્નિને મૂકે
તેમ અધવચ્ચે તજે. ૧૮૯

કહે વસ્તુ દેહ સમાન
મળી ભાગ્યવિશેષે આજ,
કેમ આપું કર્મ તણા કલેશ
પાપીની જેમ. ૧૯૦

કર્મ મને ફળ આપશે
તે તો ઉધાર ગણાશે,
આજે કેમ ના ભોગવાયે
હસ્તગત ભોગ. ૧૯૧

એમ શરીરને કલેશે
બીને વીરેશ કર્મ છાંડે,
સાંભળ તે કહેવાયે
ત્યાગ રાજસ. ૧૯૨

કર્મત્યાગ ત્યાં પણ થાયે
પણ ત્યાગનું ફળ ના મળે,
ઊભરાયેલું જો અગ્નિયે પડે
હોમ કહેવાય ના. ૧૯૩

કાં ડૂબીને પ્રાણ ખોવાયે
તે સમાધિસ્થ અર્ધોદકે,
એવું ન કહેવું, થયું તે
દુષ્ટ મરણ. ૧૯૪

તેમ દેહ તણા લોભે
કર્મો સકળ છોડે,
તેને કયારેય ન મળે
ત્યાગનું ફળ. ૧૯૫

કિંબહુના પોતાનું પોતાને
આત્મજ્ઞાન જ્યારે લાભે,
ત્યારે પરોઢે જેમ ગળે
નક્ષત્રો સકળ. ૧૯૬

તેમ સકારણ ક્રિયા
અસ્ત પામે ધનંજયા,
તે કર્મત્યાગે પ્રગટે ત્યાં
મોક્ષનું ફળ. ૧૯૭

અજ્ઞાનીને તે મોક્ષફળ
ત્યાગથી ન મળે અર્જુન,
એટલે તે ત્યાગ ગણવા
રાજસ ત્યાગ. ૧૯૮

તો હવે કયા ત્યાગે
તે મોક્ષફળ હાથ આવે,
તે કહું આ પ્રસંગે
સાંભળ પાર્થ. ૧૯૯

વર્ણાશ્રમ ધર્મ અનુસાર
સ્વભાવે જે થાય પ્રાપ્ત,
તે આચરવા વિધિ ગૌરવે
શૃંગારીને. ૨૦૦

પણ આ હું કરી રહ્યો છું
એવો ભાવ મને ન રાખે;
તેમ જ બધી ફળાશા તજે
સહજ ભાવે. ૨૦૧

અવજ્ઞા અને કામના
માતાને વિશે અર્જુના,
કરતા તે ઉભય પતના
થાય હેતુ. ૨૦૨

એટલે ઉભયને ત્યજાયે
પછી જ માતાને ભજાયે,
મુખને લીધે શું છોડાયે
ગાય આખી. ૨૦૩

મનગમતાં ફળો માંહે
છાલ-ઠળિયા અસાર હોયે,
એટલે શું અવગણાયે
ફળો સઘળાં. ૨૦૪

તેમ કર્તૃત્વનો મદ
ને કર્મફળનો આસ્વાદ—
બન્ને મળીને કર્મબંધ
કહેવાય છે. ૨૦૫

તો આ ઉભયને વિશે
પિતા પુત્રીમાં વાસના ન રાખે,
તેમ ન દુઃખી થાયે
વિહિત કર્મે. ૨૦૬

આ તો ત્યાગ-તરુવર
આપે મોક્ષનું ફળ ઉદાર,
સાત્ત્વિક એવું લૌકિક
એનું જગે. ૨૦૭

બાળીને જેમ બીજ
વૃક્ષને કરીયે નિર્વંશ,
ફળત્યાગે ત્યજે તેમ
સકળ કર્મ. ૨૦૮

પારસનો સ્પર્શ થતાંવેંત
લોખંડનાં કાટ-કાળાશ,
જાય રજ ને તમ ઉભય
તે જ રીતે. ૨૦૯

પછી વિશુદ્ધ સત્ત્વગુણે
આત્મબોધનાં નયનો ઊઘડે,
ત્યાં મૃગજળ સંધ્યાકાળે
જેમ વિલોપે. ૨૧૦

તેમ બુદ્ધિ આદિ ઇન્દ્રિયોને
આવડો વિશ્વાભાસ ન દેખાયે,
જેમ આવડું આકાશ ન દીસે
કોઈ પણ દિશાએ. ૨૧૧

એટલે પ્રારબ્ધ તણાં બળે
કર્મો શુભાશુભ લાધે,
તે ગગને વાદળો શમે
તેમ લોપે. ૨૧૨

તેની તેવી દૃષ્ટિયે
કર્મો પાર્થ પખાળાયે,
એટલે સુખે કે દુઃખે
ક્ષોભ ન પામે. ૨૧૩

જો શુભ કર્મ જણાયે
તો જ હર્ષભેર કરાયે,
કે અશુભ જણાતાં થાયે
વિષાદ પાર્થ. ૨૧૪

તેમ આ વિષયોમાં ક્યાંયે
તેને જરીકે સંદેહ ન હોયે,
જેમ સ્વપ્નમાંના મિથ્યા જણાયે
જાગ્રત થતાં. ૨૧૫

એટલે કર્મ અને કર્તા
આવા દ્વૈતભાવની વાર્તા,
ન જાણે તે પાંડુસુતા
ત્યાગ સાત્ત્વિક. ૨૧૬

આ પ્રકારે કર્મો પાર્થા
ત્યજતાં ત્યજાયે તે સર્વથા,
અધિક બાંધે તે અન્યથા
ત્યજનારને. ૨૧૭

અને હા રે સવ્યસાચી
મૂર્તિ થઈને જે દેહમચી,
કર્મ કરતાં કંટાળતી
તે અજ્ઞાની જાણ. ૨૧૮

અરે માટીનો અણગમો
રાખશે તે ઘટ કેવો,
કેમ છાંડશે સંગ તંતુનો
વસ્ત્ર કોઈ. ૨૧૯

વહ્નિતત્ત્વ હોય અંગે
પણ અગ્નિને કંટાળે,
તે દીપ શું પ્રભાને
જોશે રોપે. ૨૨૦

હિંગ કંટાળે ગંધની ઉગ્રતાને
તો કયાંથી સુવાસ ઉપજાવે,
દ્રવપણું છાંડીને કેમ રહેશે
કહો પાણી. ૨૨૧

તેમ શરીરાકારને ભાવે
જવ વ્યવહારે પ્રવર્તાયે,
તવ કર્મત્યાગનું કેમ રખાયે
ઘેલાપણું પાર્થ. ૨૨૨

આપણે કરીયે લલાટે તિલક
તે લૂછી શકાયે વારંવાર,
પણ ઓછું બદલી શકાય
નિજ લલાટ. ૨૨૩

તેમ પોતે સ્વીકારેલું વિહિત
ત્યજવું હોય તો ત્યજાયે કર્મ,
પણ દેહરૂપે અવતરિત
કેમ ત્યજાશે. ૨૨૪

જે શ્વાસોચ્છ્વાસને રૂપે
નિદ્રામાં પણ ચાલતું હોયે,
કાંઈ ન કરવા છતાં હોયે
જે નિત્ય ગતિશીલ. ૨૨૫

આ શરીરને નિમિત્તે
કર્મ જીવને વળગે,
જીવતાં-મરતાં ન છોડે
આ પ્રમાણે. ૨૨૬

આ કર્મને છોડવું હશે
તો સાંભળ, એક જ પ્રકારે,
જે કરવા છતાં મુક્ત રહીયે
ફળાશા થકી. ૨૨૭

કર્મફળ ઈશ્વરને સમર્પે,
તત્પ્રસાદે બોધ ઉદ્દીપે,
ત્યાં રજ્જુજ્ઞાને વિલોપે
વ્યાળની શંકા. ૨૨૮

તે આત્મબોધે તે પ્રમાણે
અવિદ્યા સહિત કર્મ નાશે,
પાર્થ આમ જે ત્યાગ કરાયે
તે જ સાચો. ૨૨૯

એટલે આ રીતે જગે
કર્મ કરનાર ત્યાગી મનાયે,
નહીં તો મૂર્ચ્છિત રોગીને
વિશ્રાંત કહેવાશે. ૨૩૦

એક કર્મે દુઃખી થાયે
તે બીજે વિસામો શોધે,
જેમ ડંડાના મારથી બચાયે
મુક્કાઓ ખાઈને. ૨૩૧

પણ આ બધું રહેવા દે
તે જ ત્યાગી ગણાય જગે—
જેણે ફળત્યાગે નૈષ્કર્મ્યે
કર્મને મૂક્યું. ૨૩૨

આમ પણ હે ધનંજય
ત્રિવિધ કર્મફળ જે હોય—
તે ભોગવવા થાય સમર્થ
જે આશા ન તજે. ૨૩૩

પોતે જન્માવીને દુહિતા
ન મમ કહે છે પિતા,
ત્યારે તે છૂટે પ્રતિગ્રહિતા
જમાઈ બંધાયે. ૨૩૪

વિષનાં ખેતરો ખેડે,
વેચીને સુખે લાભ ભોગવે,
પણ ખરીદીને જે ખાયે
તે મરણ પામે. ૨૩૫

તેમ કર્તાભાવે કર્મ કરાયે,
ફળાશા તજી અકર્તા થવાયે,
કોઈનેય કદી ન બાંધે
કેવળ કર્મ. ૨૩૬

વાટે વૃક્ષનાં પાકેલાં
ફળોની ધરે જે ઇચ્છા,
તેમ કર્મ તણી ફળેચ્છા
નાખે બંધને. ૨૩૭

કર્મ કરી ફળેચ્છા ન ધરે
તે જગનાં બંધને ન બંધાયે,
જે ત્રિવિધ જગ આ સઘળે
કર્મનું ફળ જણાયે. ૨૩૮

દેવ મનુષ્ય સ્થાવર
એ જ રે જગડંબર,
અને આ ત્રણ પ્રકાર
ત્રણું કર્મફળ જાણ. ૨૩૯

તેમાં એક છે અનિષ્ટ,
એક તે કેવળ ઇષ્ટ,
અને એક ઇષ્ટાનિષ્ટ
ત્રિવિધ એવાં. ૨૪૦

પણ વિષયાસક્ત બુદ્ધિ
પ્રવર્તાવે સ્વૈર અવિધિ,
એટલે આચરે નિષિદ્ધ
કુવ્યાપાર જે. ૨૪૧

ત્યાં કૃમિ કીટ લોષ્ટ
આવા લાધે દેહ નિકૃષ્ટ-
તે જ કહેવાયે અનિષ્ટ
કર્મનું ફળ. ૨૪૨

સ્વધર્મનું સન્માન કરીને,
પોતાનો અધિકાર જોઈને,
પુણ્યકર્મ જે જે કરાયે
વેદાજ્ઞા લઈને. ૨૪૩

તવ ઇન્દ્રાદિક દેવોના
પ્રાપ્ત થાય દેહો પાર્થા,
તે કર્મફળોને સંજ્ઞા
ઇષ્ટ એવી. ૨૪૪

અને મધુર ખાટા રસ મળે
ત્યાં રસ એક ભિન્ન નીપજે,
જે રુચિ સ્વાદમાં માત કરે
ઉભયને પણ. ૨૪૫

રેચક જ પોતે યોગવશે
કુંભકનું સ્થંભન સાધે,
તેમ સત્યાસત્ય સમરસે
અસત્ય જીતે. ૨૪૬

એટલે સમભાગે શુભાશુભે
મેળવીને આચરણ કરાયે,
તેથી મનુષ્યત્વનું લાભે
મિશ્ર ફળ. ૨૪૭

એવા ત્રિવિધ વિભાગે
કર્મફળ મંડાયાં જગે,
તે ન છોડે, જેઓ વળગે
ફળાશાને. ૨૪૮

જ્યાં જિહ્વાની રુચિ વાધે
ત્યાં જમવાનું મધુર લાગે,
પણ તે પરિણમે છેવટે
મરણમાં અરે. ૨૪૯

ચોરોની મિત્રતા ગમે
જ્યાં સુધી અરણ્ય ન આવે,
ગણિકાની કાયા ગમે
ન સ્પર્શાય ત્યાં સુધી. ૨૫૦

તેમ કર્મો કરતાં શરીરે
મહત્તાનું સુખ જણાયે,
પણ મરણ વેળા લાધે
સર્વ કર્મનાં ફળો. ૨૫૧

લેણદાર આવે દેવાદાર પાસે
ધન લઈને જ પાછો ફરે,
તેમ ભોગ ભોગવાવીને જ છોડે
કર્મનું ફળ. ૨૫૨

પછી ડાડામાંથી દાણો ખરે
તે અંકુરિત થઈ ડાડા બને,
ફરી પાછો ભૂમિયે પડે
અંકુરિત થવા. ૨૫૩

તેમ ભોગવતાં ફળ નીપજે
તે અન્ય ફળોને પ્રસવે,
પગ જેમ ચાલતાં થાયે
એકબીજા આગળ. ૨૫૪

ઉતારની નાવડી હોયે
જ્યાં લાંગરે તે આ તીર હોયે,
તેમ કર્મફળ અખંડ વળગે
ભોક્તાને અરે. ૨૫૫

અરે સાધ્ય-સાધન પ્રકારે
ફળભોગ સહેજે પ્રસરે,
એવં સંસારમાં અટવાયે
અત્યાગી જન. ૨૫૬

જાઈનાં પુષ્પોનું પ્રફુલ્લવું
એ જ તેમનું સુકાઈ જવું,
તેમ કર્મને નિમિત્તે થયું
ન કરવું તેમનું. ૨૫૭

જો બીજ નિર્વાહે ખર્ચાયે
તો ખેતી વધતી ખોટકાયે,
તેમ કર્મ જ ફળત્યાગે
થાય વિસર્જિત. ૨૫૮

તે સત્ત્વશુદ્ધિને સહકારે
ગુરુકૃપાના અમૃત તુષારે,
આત્મબોધ પાંગરે, ઓસરે
દ્વૈતદૈન્ય. ૨૫૯

ત્યારે જગદાભાસ મિષે
સ્ફુરનારું ત્રિવિધ ફળ નાશે,
ભોક્તા-ભોગ્ય આપમેળે
થાયે વિલીન. ૨૬૦

આવો જ્ઞાનપ્રધાન જેને
પાર્થ સંન્યાસ સધાયો તેને-
તે ફળભોગથી થાયે
મુક્ત પાર્થ. ૨૬૧

અને આવા શુદ્ધ સંન્યાસે
જવ આત્મરૂપે દૃષ્ટિ પેસે,
તવ કર્મ ક્યાં જણાયે
વેગળું અરે. ૨૬૨

ભાંગી પડે જવ ભીંત
ચિત્ર થાય માટીરૂપ,
કે પરોઢ થતાં અંધાર
લોપે અરે. ૨૬૩

જો શરીરાકાર ન હોયે
તો છાયા શાની શોભે,
દર્પણ વિના શેમાં થાયે
મુખ પ્રતિબિંબિત. ૨૬૪

નિદ્રાનો થાયે અંત
ત્યાં સ્વપ્નનો કેવો પ્રસંગ,
અને તે મિથ્યા કે સત્ય
કહે કોણ. ૨૬૫

તેમ જ્ઞાનપ્રધાન સંન્યાસે
મૂળ અવિદ્યા જ વિનાશે,
ત્યાં તેનું કાર્ય કોના વડે
કરાશે કે તજાશે. ૨૬૬

એટલે આવા સંન્યાસે
કર્મની વાત જ ના થાયે,
પણ અવિદ્યા પ્રવર્તે દેહે
આપણા જ્યાં સુધી. ૨૬૭

જવ કર્તાભાવથી પ્રવર્તે
આત્મા શુભાશુભ કર્મે,
દૃષ્ટિ દ્વૈત તણા સામ્રાજ્યે
મીટ માંડે. ૨૬૮

તે ઘડીયે પણ સુધર્મા
આત્મા અને કર્મની ભિન્નતા-
હોય જેમ પશ્ચિમ દિશા
ભિન્ન પૂર્વથી. ૨૬૯

અથવા આકાશને અભ્ર,
આદિત્ય અને મૃગજળ,
કે પૃથ્વી અને પવન
ભિન્ન જેવાં. ૨૭૦

ઓઢીને નદીનું ઉદક
વસે નદી માંહે ખડક,
પણ તેમનો મૂળ ફરક
જાણે જેમ તું. ૨૭૧

હોય ભલે ઉદકની પાસે
પણ લીલ તેથી જુદી હોયે,
શું સંગને લીધે કહેવાશે
દીપ કાળાશને. ૨૭૨

ચંદ્રમાં હોવા છતાં કલંક
ચંદ્રથી ન હોયે એકરૂપ,
અને દૃષ્ટિ નયનથી ભિન્ન
સદંતર જેમ. ૨૭૩

અથવા પથ અને પથિક
નદીનું પાત્ર અને જળ,
દેખનારો અને દર્પણ
ભિન્ન જેમ. ૨૭૪

પાર્થ તે જ પ્રમાણે
આત્માથી કર્મ વેગળે,
પણ અજ્ઞાને તે દેખાયે
આત્મરૂપે. ૨૭૫

નિજ વિકાસે સૂર્યોદય સૂચવે
ભ્રમરથી પરાગ ભોગવાવે-
તે સરોવરે સુંદર રહે
કમલિની જેમ. ૨૭૬

ફરી ફરીથી આત્મે ક્રિયા
સંભવે અન્ય કારણે અહા,
તે પાંચ કારણો હાવાં
વર્ણવીશ હું. ૨૭૭

આ પાંચ કારણો તને
કદાચ વિદિત પણ હશે,
જે બાહુઓ પ્રસારી કહે
સર્વ શાસ્ત્રો. ૨૭૮

વેદરાજાની રાજધાનીએ
સાંખ્ય વેદાંતના મહામંદિરે,
નિરૂપણનાં નિશાન-નોબતે
ગાજતાં જે. ૨૭૯

સર્વ કર્મસિદ્ધિને અર્થે
આ પાંચ કારણ મૂળ હોયે,
અહીં અભંગિયે ન સંડોવાયે
આત્મરાજને. ૨૮૦

આવા વર્ણનની દાંડી
પ્રસિદ્ધ શાસ્ત્રોએ પીટી,
એટલે વસો તે કિરીટી
તારા કર્ણપુટે. ૨૮૧

અને બીજા પાસેથી સાંભળવું
તને કેમ સંકટ આપું;
હું ચિદ્રત્ન તારો રહું
તુજ આધીન. ૨૮૨

જો દર્પણ સન્મુખ હોયે
તો કેમ પારકાં લોચનોને-
નિજ સૌંદર્ય જોવા અપાયે
પાર્થ સન્માન. ૨૮૩

ભક્ત જેમ જ્યાં વાંછે
ત્યાં તત્ક્ષણે તદ્રૂપ થાયે,
એવો હું થયો છું આજે
તુજ આધીન. ૨૮૪

એવું પ્રીતિના મહાવેગે
બોલતાં દેવ ભાન ભૂલે,
તવ પાર્થનું લોપે સ્વાનંદે
દેહભાન. ૨૮૫

થતાં જ્યોત્સ્નાનો વર્ષાવ
સોમકાન્ત મણિનો ડુંગર,
પીગળીને સરોવરરૂપ
થાય જેમ. ૨૮૬

તેમ સુખ ને સુખાનુભૂતિ
તોડીને દ્વૈતની ભિત્તી,
મૂર્તિમંત થયું અર્જુનાકૃતિ
સુખ જ પોતે. ૨૮૭

સમર્થ હોઈને શ્રીકૃષ્ણ
આવ્યા દેહભાનમાં પૂર્ણ,
કરવા અર્જુનને જાગ્રત
દોડી પડયા. ૨૮૮

અર્જુન જેવો પ્રજ્ઞાવંત
બૂડત હતો જ્ઞાનસહિત,
આનંદની એવી ભરતીમાંથી
ઉગાર્યો તેને. ૨૮૯

દેવ કહે હાં રે પાર્થ
ધારણ કર તું દેહભાન,
તવ નિઃશ્વાસ નાખી પાર્થ
ડોલવે માથું. ૨૯૦

કહે જાણે તું ઉદાર,
તારાથી હોઈ સદેહે ભિન્ન,
કંટાળીને થતો હતો નિમગ્ન
ઐક્યભાવે. ૨૯૧

તેમાં તમે આ પ્રકારે
લાલસા પૂરી કરો સત્વરે,
પછી આડખીલી કેમ નાખો
જીવદશાની. ૨૯૨

તવ શ્રીકૃષ્ણ વદે વાહવા,
હજીયે નથી જાણ કાં,
નથી ચંદ્ર ને ચંદ્રિકા
જુદાં કદી. ૨૯૩

આ પણ વ્યક્ત કરતાં ભાવ
અમને લાગે તારો ભય,
જે પ્રેમી રૂઠતાં બેવડાવે
એવો પ્રેમ આ. ૨૯૪

અહીં પરસ્પરના સંકેતે
જુદાઈમાં જીવન રહે,
એટલે હવે રહેવા દે
વાત એકતાની. ૨૯૫

પછી કેવી કેવી હમણાં
વાત ચાલતી હતી પાર્થા,
કે સર્વ કર્મોની ભિન્નતા
રહે આત્મા થકી. ૨૯૬

તવ અર્જુન ભણે, દેવે
મારા મનની જ સ્વભાવે—
વાત ઉપાડી છે હવે
મૂળભૂત. ૨૯૭

જે સકળ કર્મનું બીજ
કારણ પંચક સમૂળ—
કહીશ તને એવું પ્રણ
કર્યું પોતે. ૨૯૮

અને આત્માને અહીં કાંઈ
સર્વથા સંબંધ નાહીં,
એ કહ્યું તે વિશદ કરી
પ્રિય વિષય. ૨૯૯

આ બોલ સાંભળી વિશ્વેશે
કહ્યું ત્યારે બહુ સંતોષે,
આ વિશે હઠ ધરી બેસે
એવો કોણ ક્યાં મળે. ૩૦૦

અર્જુન નિરૂપણ કરાશે
સહજ સુલભ શબ્દો માંહે,
પણ આ પ્રેમનો તું થાશે
દેવાદાર. ૩૦૧

તવ અર્જુન કહે, દેવ
વીસર્યા શું પેલો ભાવ,
આ વાતે કેમ રાખો છો
હું-તુંપણું. ૩૦૨

શ્રીકૃષ્ણ કહે ભલે એમ,
હવે વિસ્તારીને અવધાન-
સાંભળજે સાવકાશ
કથન મારું. ૩૦૩

તો સાચે જ હે ધનુર્ધર
સર્વ કર્મોનો વિસ્તાર-
થાયે બહાર ને બહાર
પાંચ કારણો વડે. ૩૦૪

અને પાંચ કારણસમુદાયે
જે કર્મોનો આરંભ થાયે,
તે જ પાંચ સ્પષ્ટ હોયે
હેતુ તેહના. ૩૦૫

પેલું આત્મતત્ત્વ ઉદાસીન
તે ન હેતુ ન ઉપાદાન,
ના પોતે કરે સંવાહન
કાર્યસિદ્ધિનું. ૩૦૬

ત્યાં શુભાશુભ અંશે
કર્મો નીપજે આ પ્રકારે,
રાત્રિદિવસ આકાશે
જેમ પ્રગટે. ૩૦૭

તોય તેજ ને ધૂમ્ર
એમનો વાયુથી સંગમ-
થતાં થાય અભ્રાગમ
તે જાણે ન વ્યોમ. ૩૦૮

વિવિધ કાષ્ઠે નાવ બને
અને નાવિક તેને ચલાવે,
તે કર્મ થાય પવન વડે
ઉદક સાક્ષી તેનો. ૩૦૯

કોઈ એક મૃત્પિંડ
સંયોગે પાત્ર અવતરે,
પછી ભમે ચક્ર ઉપરે
ફેરવતાં ચક્રને. ૩૧૦

અને કુલાલનું કર્તૃત્વ હોયે
તેમાં પૃથ્વીનું શું જાયે,
એક આધાર થવું પડે તેને
વિચારજે તું. ૩૧૧

એ ભલે પણ લોકોને
થતાં સઘળાં વ્યવહારે-
કર્યું કર્મ સવિતાને
પ્રત્યક્ષ કરવું પડે. ૩૧૨

તેમ પંચ હેતુ મિલને
આ પાંચ કારણો વડે-
કર્મલતા રોપાયે પાંગરે
આત્મા રહે અળગો. ૩૧૩

હવે તે જ ભિન્ન ભિન્ન
પાંચેયનું કરીયે વિવરણ,
જેમ તોળીયે તંતોતંત
મૌક્તિક અરે. ૩૧૪

તેવાં યથાલક્ષણ
સાંભળ કર્મનાં કારણ,
તો દેહ હું કહું પ્રથમ
કારણ અહીં. ૩૧૫

એ અધિષ્ઠાન કહેવાયે
તે પાર્થ આ જ ઉદ્દેશે,
જે ભોગો સહિત વસે
ભોક્તા અહીં. ૩૧૬

ઇન્દ્રિયોના દસેય હાથે
શ્રમ વેઠીને દિવસરાતે,
સુખદુઃખો જે મેળવાયે
પ્રકૃતિ પાસેથી. ૩૧૭

તે ભોગવવા પુરુષ પાસે
બીજું સ્થાન ના દેખાયે,
એટલે અધિષ્ઠાન-સંજ્ઞાયે
ઓળખાયે દેહ. ૩૧૮

આ ચોવીસ તત્ત્વોનું
નિવાસસ્થાન કુટુંબનું,
ઉકેલાયે બંધમોક્ષ તણો
કોયડો અહીં. ૩૧૯

કિંબહુના અવસ્થાત્રયને
અધિષ્ઠાન ધનંજય એ,
એટલે નામ અપાયે
દેહ એવું. ૩૨૦

અને કર્તા એ બીજું
માનવું કારણ કર્મનું,
જેને પ્રતિબિંબ જાણવું
ચૈતન્યનું. ૩૨૧

આકાશ વરસાવે નીર
તે ધરતીએ બને સરોવર,
ત્યાં પ્રતિબિંબિત તદ્દાકાર
થાય આકાશ પોતે. ૩૨૨

કાં નિદ્રાભરે ગહને
રાજા પોતાને વીસરે,
પછી સ્વપ્ને રંકરૂપ થાયે
રંકાકાર. ૩૨૩

તેમ પોતાના વિસ્મરણે
ચૈતન્ય જ દેહાકારે,
આભાસે ને આવિષ્કારે
દેહભાવે. ૩૨૪

વિપરીત વિચારોને દેશે
તે થાય પ્રસિદ્ધ જીવ નામે,
જે દેહ જોડે સંધિ કરે
સર્વ વિષયે. ૩૨૫

પ્રકૃતિ કર્મો કરે,
મેં કર્યાં કહે ભ્રમે,
ત્યારે કર્તાને નામે
ઓળખાય જીવ. ૩૨૬

પછી પાંપણોનાં કેશદ્વારે
એક જ દૃષ્ટિ ઊઠતી હોયે,
પણ મોકળી ચમરી જેવી
ભાસે ચિરાયેલી. ૩૨૭

કાં ઘરમાંનો એક
દીપક છતાં આલોક-
ગવાક્ષભેદે અનેક
પ્રતીત થાયે. ૩૨૮

તેમ બુદ્ધિનું જાણવું
શ્રોત્રાદિ ભેદે સઘળું,
ઇન્દ્રિયો વડે વિસ્તરતું
જાય પાર્થ. ૩૨૯

તે ભિન્ન ભિન્ન કરણ
આ કર્મ તણું કારણ,
ત્રીજું તું જાણ
હે નૃપનંદન. ૩૩૦

અને પૂર્વપશ્ચિમ પ્રવાહે
નીકળેલા ઓઘમાં જઈ ભળે,
છતાં નદીનદે એક હોયે
જેમ પાણી. ૩૩૧

કાં એક જ પુરુષ જેમ
અનુસરવા લાગે નવ રસ,
ત્યારે ભાસે નવવિધ
સહજ ભાવે. ૩૩૨

તેમાં પવનની ક્રિયાશક્તિ
જે સ્વભાવે અનપાયિની,
તે વિવિધ સ્થાને ભળી
ભાસે વિવિધ. ૩૩૩

જવ તે વાણીએ પ્રગટે
તવ વાચા રૂપ ધારે,
હાથમાં અવતરતાં થાયે
આપવું-લેવું. ૩૩૪

અરે તે ચરણો માંહે
ગતિરૂપે પોતે પ્રગટે,
અધોદ્વારે બને
ક્ષરણરૂપ. ૩૩૫

નાભિકંદથી હૃદય સુધી
પ્રણવને વિશદ કરી,
શરીરે તે જ શક્તિ
કહેવાયે પ્રાણ. ૩૩૬

પછી ઊર્ધ્વગતિને લીધે
તે જ શક્તિ આગળ વધે,
ઉદાન એવું નામ પામે
જાણ પાર્થ. ૩૩૭

અધોરન્ધ્રેથી વહે
તેથી અપાન ગણાયે,
વ્યાપકપણે કહેવાયે
તે જ વ્યાન. ૩૩૮

આરોગેલા રસોને
દેહે સપ્રમાણ વહેંચે,
એક પણ ન છોડે
સંધિસ્થાન. ૩૩૯

એવા એવા વ્યવહારે
પછી તે જ ક્રિયા કરે,
સમાન નામે સંબોધાયે
હે કિરીટી. ૩૪૦

બગાસું છીંક ઓડકાર
એવા એવા થાય વ્યવહાર,
ત્યારે નાગ કૂર્મ કૃકર
કહેવાયે તે. ૩૪૧

એટલે વાયુની આ ચેષ્ટા
એકની હોવા છતાં સુભટ,
વ્યવહારભિન્નતાયે ભિન્ન
દેખાય તે. ૩૪૨

વૃત્તિપંથે ભિન્ન થયેલી
અહીં તે પાર્થ વાયુશક્તિ,
કર્મનું કારણ ચોથું
જાણ વિશદ. ૩૪૩

ઋતુઓ નરવી શરદ,
શરદે પણ શુક્લનો ચંદ્ર,
ચંદ્રનો જેવો સંબંધ
પૂર્ણિમા સંગે. ૩૪૪

કાં વસંતે ગરવું ઉદ્યાન,
ઉદ્યાને પ્રિયજન સંગમ,
સંગમે શુભ સંયોગ
ઉપચારોનો. ૩૪૫

અથવા કમળમાં પાંડવ
વિકાસનું જેવું ગૌરવ,
અને વિકાસે નિખાર
પરાગ તણો. ૩૪૬

વાણીએ શોભે કવિત્વ,
કવિત્વે ગરવું રસિકત્વ,
રસિકત્વે દીપે પરતત્ત્વ-
સ્પર્શ જેમ. ૩૪૭

તેમ સર્વ વૃત્તિવૈભવે
બુદ્ધિનો મહિમા ઝળકે,
બુદ્ધિ ઐશ્વર્યે મહાલે
ઇન્દ્રિય બળનાં. ૩૪૮

ઇન્દ્રિયોના પ્રૌઢિ મંડળે
એક નિર્મળ શૃંગાર શોભે,
જે અધિષ્ઠાતા દેવતા હોયે
સાનુકૂળ. ૩૪૯

એટલે ચક્ષુરાદિ દસેન્દ્રિયે
પીઠબળ પુરાતાં અનુગ્રહે-
સૂર્યાદિકોના હોયે
દેવતાવૃંદ. ૩૫૦

તે દેવવૃંદ સમર્થ
પાંચમું કર્મકારણ,
અર્જુન અહીં જાણ
ભણે શ્રીહરિ. ૩૫૧

એવં તુજ બુદ્ધિ સમજશે
તેવી કર્મજાતની ખાણે,
પંચવિધ કારણોની કથા
નિરૂપી તને. ૩૫૨

હવે આ જ ખાણ વિકસે
પછી કર્મોની સૃષ્ટિ પ્રગટે,
જે હેતુ વડે તે પાંચે
કરું વિશદ. ૩૫૩

યોગાનુયોગે વસંત અવતરે
તે નવપલ્લવોનો હેતુ બને,
પલ્લવે પુષ્પપુંજ પાંગરે
ફળો પુષ્પે. ૩૫૪

વર્ષાઋતુ મેઘ લાવે,
મેઘયોગે વર્ષા વરસે,
વર્ષા થકી સંભવે
ધાન્યનું સુખ. ૩૫૫

અથવા પ્રાચી પ્રસવે અરુણને,
અરુણોદયે સૂર્ય પ્રગટે,
સૂર્યોદયે સંસાર જુએ
દિવસ આખો. ૩૫૬

તેમ મનહેતુ પાંડવ
કર્મસંકલ્પનો ત્યાં સંભવ,
સંકલ્પ પ્રગટાવે દીપ
વાણી તણો. ૩૫૭

પછી વાચા તણી મશાલ
દેખાડે કર્મજાતની વાટ,
તવ કર્તા અટવાયે વ્યાપારે
કર્તૃત્વ તણા. ૩૫૮

ત્યાં શરીરાદિ સમુદાય
શરીરાદિનો હેતુ હોય,
લોહકામ લોખંડે થાય
જેમ પાર્થ. ૩૫૯

કાં તંતુઓના તાણે
તંતુનો વાણો પરોવાયે,
તવ તે તંતુ પોતે બને
વસ્ત્ર જેમ. ૩૬૦

તેમ મનવાચા દેહ તણા
હેતુ કર્મ મનાદિ પાર્થા,
રત્ને ઘડાયે રત્નો તણા
આકાર જેમ. ૩૬૧

અહીં શરીરાદિ કારણ,
હેતુ કેમ બને એનું જ્ઞાન—
જો ઇચ્છે તો સાવધાન
સાંભળે તે. ૩૬૨

સાંભળો સૂર્યના પ્રકાશને
સૂર્ય પોતે જ હેતુ હોયે,
કાં શેરડીનો સાંઠો બને
વૃદ્ધિનો હેતુ. ૩૬૩

વાગ્દેવતા વખાણવા કાજે
વાણીનો જ વિનિયોગ કરાયે,
કાં વેદો વડે જ વર્ણવાયે
વેદોની પ્રતિષ્ઠા. ૩૬૪

તેમ કર્મનાં શરીરાદિક
કારણો એ સહુને વિદિત,
પણ તેમને હેતુ કહેવું
નથી અનુચિત. ૩૬૫

અને દેહાદિક કારણે
દેહાદિ હેતુના મિલને,
હોય જેની ઉભારણી
તે કર્મજાત. ૩૬૬

શાસ્ત્રાર્થને અનુસરીને
પાર્થ જો તે આચરાયે,
તો ન્યાયમાર્ગ પોતે થશે
ન્યાય્ય કર્મનો હેતુ. ૩૬૭

જેમ પર્જન્યોદકનો પ્રવાહ
ડાંગરના ખેતરે અકસ્માત્—
પ્રવેશીને કરે અનંત
ઉપકાર જેમ. ૩૬૮

કાં અકસ્માત્ રોપે નીકળે
તે દ્વારિકાને પંથે અથડાયે,
તો ચાલવાનો પરિશ્રમે
જાયે ન વ્યર્થ. ૩૬૯

તેમ હેતુ કારણ મિલને
જે આંધળું કર્મ નીપજે-
તે લાધતાં શાસ્ત્રદૃષ્ટિ
ન્યાય્ય થઈ પડે. ૩૭૦

દૂધ પીરસવાની ઘડીયે
ઊભરાઈને તે નષ્ટ થાયે,
તો ખર્ચ હોવા છતાં ગણાયે
અન્યાય્ય તે. ૩૭૧

તેમ શાસ્ત્રસંમતિ વિણ
કરેલું જો ન ગણાય વ્યર્થ,
તો ચોરેલું ધન લખાશે
દાન લેખે. ૩૭૨

અરે બાવન વર્ણ વિરહિત
કયો મંત્ર છે પાંડુસુત,
અને બાવનનું ઉચ્ચારણ
કોણ ન કરે. ૩૭૩

પણ મંત્ર તણું રહસ્ય
જો ન જણાય ધનંજય,
તો ઉચ્ચારણનું ફળ
પામે ન વાણી. ૩૭૪

તેમ કારણ હેતુ યોગે
યદૃચ્છય જે કર્મ નીપજે,
તે શાસ્ત્રોને ન અનુસરે
જ્યાં સુધી પાર્થ. ૩૭૫

કર્મ તો ત્યારે પણ થાયે
પણ તે યોગ્ય ન કહેવાયે,
તે અન્યાય્ય માર્ગ હોયે
અન્યાય્ય કર્મનો હેતુ. ૩૭૬

એમ પંચ કારણાત્મક કર્મને
સુમહિમ આ પાંચ હેતુ હોયે,
અહીં કેવો ક્યાં સપડાયે
આત્મ પાર્થ. ૩૭૭

ભાનુ ન થતાં દૃશ્યરૂપ
પ્રકાશે ચક્ષુ અને રૂપ,
ન થતાં તેમ કર્મ
આત્મા પ્રકાશે તેને. ૩૭૮

જુએ પ્રતિબિંબ કે દર્પણ
બન્ને ન થતાં વીરેશ,
ઉભયને પ્રકાશે જેમ
ન્યાળનારો. ૩૭૯

કાં અહોરાત્ર સવિતા
ન થતાં પ્રકાશે પાંડુસુતા,
તેમ આત્મા કર્મકર્તા
ન થતાં દેખાડે ઉભય. ૩૮૦

પણ દેહ અહંતા મોહે
જેની બુદ્ધિ અટકે દેહે,
તેને રહે આત્મા વિશે
માઝમ રાત્રિ. ૩૮૧

જેણે ચૈતન્ય ઈશ્વર બ્રહ્મ
દેહમાં કર્યાં પરમ સીમિત,
તેને આત્મા કર્તા એવો ભ્રમ
સહેજે ઊપજે. ૩૮૨

આત્મા જ કર્તા હોયે
આ પણ નિશ્ચય ન હોયે,
કર્મકર્તા દેહને માને
અને પોતાને દેહ. ૩૮૩

જે આત્મા હું કર્માતીત
સર્વ કર્મ સાક્ષીભૂત,
એ પોતાની યથાર્થ વાત
સાંભળે ન ક્યારે. ૩૮૪

એટલે અપરિમિત આત્માને
દેહ થકી પરિમિત કરે;
શું ઘુવડ દિવસને ન માને
રાત્રિ કાંઈ. ૩૮૫

જેણે આકાશનો કદીએ
સાચો સૂર્ય જોયેલો ન હોયે–
તે ખાબોચિયાનું શું ન માને
પ્રતિબિંબ સૂર્ય. ૩૮૬

ખાબોચિયાનું હોવાપણું
ઉત્પત્તિસ્થાન સૂર્ય તણું,
તેના નાશે સૂર્યનાશ,
તેના કંપે કંપિતપણું. ૩૮૭

નિદ્રિતને જાગૃતિ ન લાવે
ત્યાં સુધી સ્વપ્ન સાચું લાગે,
રજ્જુ ના જાણે, સર્પને બીએ
નવાઈ શાની. ૩૮૮

જવ કમળો આંખને વ્યાપે
તવ ચંદ્રમા પીત દેખાયે,
શું મૃગજળ જોઈ મૃગોએ
મોહિત ન થવું. ૩૮૯

તેમ શાસ્ત્ર ગુરુને નામે
વાયુને ન ફરકવા દે સીમે,
કેવળ મૂઢતાને બળે
જીવતો જે. ૩૯૦

તે દેહાત્મ દૃષ્ટિને લીધે
આત્માને દેહજાળે નાખે,
જેમ શૃગાલ અભ્રની ગતિને
આરોપે ચંદ્રમાં. ૩૯૧

તે માન્યતાને લીધે
પાર્થ દેહની બંદીશાળે,
કર્મો તણી વજ્રગાંઠે
જકડાયે તે. ૩૯૨

જુએ દૃઢ બંધ ભાવનાએ
બાપડા પિંજરની નળીએ,
હોવા છતાં મોકળો માને
પોપટ બંદી નિજને. ૩૯૩

એટલે નિર્મળ આત્મસ્વરૂપે
પ્રકૃતિનાં કર્મો આરોપે,
તે કલ્પકોટિ વર્ષો રહે
કર્મબંધને. ૩૯૪

હવે કર્મોમાં વિચરે
પણ કર્મ ન તેને સ્પર્શે,
વડવાનળને ન અડકે
સમુદ્રજળ જેમ. ૩૯૫

એવા જે વેગળેપણે
કર્મો આચરતો રહે,
તેને જાણવો કયાં લક્ષણે
તે કહું હવે. ૩૯૬

જે મુક્તને જાણવા જતાં
લાધે પોતાની મુક્તતા,
જેમ દીપે દેખાય દેખતાં
નિજ નિધાન. ૩૯૭

અથવા દર્પણ સ્વચ્છ કરાયે
તવ પોતાનું જ મિલન થાયે,
કાં જળ પામતાં જળ થવાયે
લવણથી જેમ. ૩૯૮

એ ભલે પાછળ ફરીને
પ્રતિબિંબ જુએ બિંબને,
તવ જોવું મટીને શેષ રહે
બિંબ કેવળ. ૩૯૯

તેમ ખોવાયલું પામવું હશે
તે સંતોને શોધતાં પમાયે,
એટલે સર્વદા શ્રવણ કરવાં
સંતચરિતો. ૪૦૦

તો કર્મે હોવા છતાં કર્મે
જે ન સપડાયે સમવિષમે,
ચર્મચક્ષુએ જેમ ન લીપે,
દૃષ્ટિ ચામથી. ૪૦૧

તેવો જે મુક્ત હોયે
તેનું રૂપ હવે જોઈ લે,
ઉપપત્તિના બાહુ પ્રસારીને
કહીશ તને. ૪૦૨

તો અવિદ્યાની નિદ્રાએ,
વિશ્વસ્વપ્નના વ્યવહારે,
રાચતો અનાદિ કાલથી
હે પ્રબુદ્ધ જે. ૪૦૩

તેને મહાવાક્યને નામે,
ગુરુકૃપાને સામર્થ્યે,
માથે હાથ મૂકી જગાડયો
થાબડીને. ૪૦૪

ત્યારે વિશ્વસ્વપ્ન સહિત
માયાનિદ્રા તજીને પાર્થ,
સહસા થયો તે જાગ્રત
અદ્વયાનંદે. ૪૦૫

ત્યારે મૃગજળનાં પૂર
દેખાતાં જે નિરંતર,
આથમતાંવેંત ચંદ્રકર
લોપાયે જેમ. ૪૦૬

કાં બાળપણું અસ્ત થાય
તવ ચાડિયાનો ન રહે ભય,
અથવા ઇંધન બળતાં ન હોય
રંધનકર્મ. ૪૦૭

જાગૃતિ આવ્યા પછી
સ્વપ્ન ન દેખાય દૃષ્ટિ,
તેમ અહંમમતા કિરીટી
ન રહે શેષ. ૪૦૮

સૂર્ય અંધાર જોવા કાજે
ગમે તે ભોંયરે પેસે,
પણ તેને ભાગે ન આવે
અંધારું કદી. ૪૦૯

તેમ આત્મભાવે વ્યાપેલા હોયે
તે જે જે દૃશ્ય જોવા જાયે,
દૃષ્ટૃત્વ સહિત તે તે થાયે
તેનું જ રૂપ. ૪૧૦

જેમ વહ્નિ જેને અડકે
તે વહ્નિરૂપ થાય પોતે,
પછી ત્યાં સદંતર ન રહે
દાહ્યદાહક ભેદ. ૪૧૧

તેમ ભિન્ન કર્મને આકારે
જે કર્તાપણાનો આત્મરૂપે,
હતો આરોપ તે વિલાયે
પણ શેષ જે રહે— ૪૧૨

તે આત્મસ્થિતિનો સમ્રાટ
શું દેહને માનશે નિજ સ્થાન,
શું પ્રલયજળ પોતાને માને
વિશિષ્ટ ઓઘ. ૪૧૩

તેવી તે પૂર્ણ અહંતા
દેહપણે ઓછી પાંડુસુતા,
સીમિત રહે શું સવિતા
નિજ બિંબે. ૪૧૪

વલોવી માખણ કઢાયે,
છાશમાં પાછું નખાયે,
તોયે તે વેગળું રહે
છાશમાંયે. ૪૧૫

અથવા કાષ્ઠમાંથી વીરેશ
અળગો પાડીએ જો હુતાશન,
પાછો શું ખૂંચીને ભરાશે
કાષ્ઠમાં તે. ૪૧૬

અથવા નિશાના ઉદરથી
ભાનુ અવતરે જે નીકળી,
તે જાણે શું હસ્તી
કયારેય નિશાની. ૪૧૭

તેમ વેદકપણાસહિત વેદ્ય
કર્યું છે જેણે ગ્રસિત,
તેને હું દેહ એવું અભિમાન
રહે કયાંથી. ૪૧૮

અને આકાશ જયાં જયાંથી
જાય ત્યાં તેની જ વ્યાપ્તિ,
એટલે તે સર્વરૂપે સર્વત્ર
સઘન હોયે. ૪૧૯

તેમ તે જે જે કરે
તે પોતે જ છે સ્વભાવે,
પછી કયું કર્મ અભડાશે
તેના કર્તૃત્વભાવે. ૪૨૦

ગગન વિણ રિક્ત ન સ્થાન,
સાગર ન વર્તે પ્રવાહ,
ધ્રુવ ન થાય કયારે ચ્યુત
તેવી દશા. ૪૨૧

એવં અહંકૃતિ ભાવ
થયો આત્મબોધે લીન,
છતાં જયાં સુધી દેહનિર્વાહ
કર્મો થતાં જાયે. ૪૨૨

અરે પવન વહીને જંપે
છતાં વૃક્ષોએ કંપ વરતે,
કપૂર પૂરું થતાંયે રહે
સૌરભ કરંડિયે. ૪૨૩

સંગીત-સમારોહ વિખરે
છતાં નાદરસ મનમાં રસળે,
આળોટી જતાં ભૂમિએ જળ
શેષ ભિનાશ. ૪૨૪

અરે સૂર્ય જવ આથમે
તે સંધ્યાની ઘડીએ,
જયોતિની દીપ્તિ વિલસે
જેમ સહજે. ૪૨૫

લક્ષ્યભેદ થયા પછી
બાણ સંચરે ત્યાં સુધી,
ગતિ હોય શેષ ત્યાં સુધી
નિહિત તેમાં. ૪૨૬

અથવા ચાકે વાસણ ઊતરે
તે કુલાલ ઉતારી લે,
છતાં ચાક ભમે ગતિયે
આપેલી પહેલાં. ૪૨૭

તેમ દેહાભિમાન શાંત થાયે
તોય દેહને પૂર્વપ્રારબ્ધે-
પાર્થ કર્મની ચેષ્ટા ચાલે
આપમેળે. ૪૨૮

સંકલ્પ વિના જેમ સ્વપ્ન,
વાવ્યા વિણ જેમ અરણ્ય,
ન બાંધતાં ગંધર્વભુવન
ઉદ્ભવે જેમ. ૪૨૯

આત્માના ઉદ્યમ વિણ
તેવાં દેહાદિ પંચકારણ,
પ્રસવે પોતે જ આપણ
ક્રિયાજાત. ૪૩૦

પ્રાચીન શેષ સંસ્કાર
પાંચ કારણો હેતુસહિત—
પ્રસવતાં રહે અનેકાનેક
કર્મ પાર્થ. ૪૩૧

પછી તે કર્મો વડે
જગ સઘળું વિનષ્ટે,
અથવા નવું નીપજે
સાંગોપાંગ. ૪૩૨

કુમુદિની કેમ સુકાયે,
કેમ કમલિની પ્રફુલ્લે,
આ બન્ને રવિ જાણે
જેમ અરે. ૪૩૩

મેઘમાંથી વરસો વીજ,
કરો ધરતીને ચૂરેચૂર,
અથવા કરો પૃથ્વી હારિત
પર્જન્યવૃષ્ટિ. ૪૩૪

પણ આ ઉભયને
આકાશ જેમ ન જાણે,
તેમ દેહે જ હોયે જે
વિદેહ દૃષ્ટિ. ૪૩૫

તો દેહાદિને કર્મે
ઘડાયે કે સૃષ્ટિ મોડે,
ન દેખે સ્વપ્ન પાર્થ
જાગ્રત જેમ. ૪૩૬

આમ જે ચર્મચક્ષુયે
જે જુએ દેહબુદ્ધિયે,
તે માને કર્તા તેને
સાચેસાચ. ૪૩૭

અથવા તૃણ તણો ચાડિયો
મુકાયે ખેતરે જુઓ,
તેને શું શિયાળ ન માને
રખેવાળ પાર્થ. ૪૩૮

ગાંડો સવસ્ત્ર કે નાગો
એ આવીને જુએ લોકો,
રણ ચડયા યોદ્ધાના ઘાવો
ગણે બીજા. ૪૩૯

કાં મહાસતીનો શૃંગાર
જગ સઘળું જુએ ખરેખર,
પણ તે ન જાણે પળવાર
નિજદેહ, અગ્નિ કે લોક. ૪૪૦

તેમ નિજ રૂપે જાગ્રત
જ્યાં દ્રષ્ટા લોપે દૃશ્ય સહિત,
ત્યાં ન જણાયે વ્યવહાર
ઇન્દ્રિયગ્રામનો. ૪૪૧

વિરાટ કલ્લોલ અલ્પને સમાવે
એવું તીરે ઊભેલા માને,
એકને બીજા ગળે એમ કહે
બધાં જોનારાં. ૪૪૨

પણ પાણીની નજરે જોવાયે
તો કોણ કોને ક્યારે ગળે,
તેમ પૂર્ણ પુરુષે દ્વૈત ન હોયે
કોઈને મારવા. ૪૪૩

સુવર્ણની ચંદ્રિકાએ
જુઓ સુવર્ણને ત્રિશૂળે,
સુવર્ણના મહિષાસુરને
મારી નાખ્યો. ૪૪૪

આ પૂજારીની દૃષ્ટિયે
સત્ય વ્યવહાર જણાયે,
વસ્તુતઃ શૂળ, ચામુંડા, મહિષ હોયે
કનક એક. ૪૪૫

ચિત્રમાંનાં જળ હુતાશન
દૃષ્ટિને થનાર આભાસ,
ત્યાં નથી અગ્નિ કે ભિનાશ
ચિત્રને પટે. ૪૪૬

મુક્તા તણા દેહ તે રીતે
હાલેડોલે સંસ્કારવશે,
જોઈને અજ્ઞાની કહે
કર્તા તેને. ૪૪૭

અને તેનાં કર્મો વડે
ત્રણે લોકનો નાશ ઘડે,
પણ તેણે કરાવ્યો એવું
કહેવાય ના. ૪૪૮

સૂર્ય અંધકારને નિહાળશે
ત્યારે જ તેનો નાશ કરશે,
તેમ જ્ઞાની દ્વૈત ન દેખે
તો શું કરે. ૪૪૯

એટલે તેની બુદ્ધિ
ન જાણે પાપપુણ્ય કદી,
ગંગામાં ભળતાં નદી
થાય જેમ શુદ્ધ. ૪૫૦

અગ્નિને અગ્નિ વળગે
ત્યાં કોણ કોને દઝાડે,
કે શસ્ત્ર પોતાને ખોસે
પોતાના વડે. ૪૫૧

તેમ પોતાનાથી ભિન્ન
જો ન જાણે ક્રિયાજાત,
ત્યાં શું કરશે બુદ્ધિને લિપ્ત
તેની અરે. ૪૫૨

એટલે કાર્ય, કર્તા, ક્રિયા
એ જેનાં સ્વરૂપ થયાં,
નથી શરીરાદિનાં કર્મો
બંધન તેને. ૪૫૩

કર્તા જીવ કુશળતાયે
પાંચની ખાણો કાઢીને,
ઇન્દ્રિયાદી કરણોએ આદરે
કર્મજાત. ૪૫૪

ત્યાં ન્યાય અને અન્યાય
આ સાથીને દ્વિવિધ આકાર,
રચતાં ન લગાડે વાર
કર્મભુવનને. ૪૫૫

આવા મહાન કર્મને
આત્મા સહાય ન કરે,
પણ કહીશ કે ઉપક્રમે
સંમતિ આપે. ૪૫૬

તે સાક્ષી ચિદ્રૂપ,
કર્મપ્રવૃત્તિનો સંકલ્પ,
ઊઠે તેને શું સંકેત
આપે પોતે. ૪૫૭

તો કર્મપ્રવૃત્તિને માટે
આત્મા પરિશ્રમ ન કરે,
જે પ્રવૃત્તિની વેઠ વહે
દેહબુદ્ધિ આદિ. ૪૫૮

એટલે આત્મા તણું નિર્મળ
જે રૂપ થયો નિખિલ,
તેને ન હોયે બંદીશાળ
કર્મો તણી. ૪૫૯

પણ અજ્ઞાનને પટે
અન્યથા જ્ઞાન ઊમટે,
તેનો ચિતાર ત્રિપુટી કરે
પ્રસિદ્ધ જે. ૪૬૦

જે જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય
એ જગતનું બીજમય,
તે કર્મનો નિઃસંદેહ
મૂળ સ્રોત. ૪૬૧

હવે આ જ ત્રણને
અલગ અલગ કરીને,
સાંભળ કહીશ તને
હવે પાર્થ. ૪૬૨

તો જીવ સૂર્યબિંબને
શ્રોતાદિ પંચ રશ્મિ જે,
તે દોડીને વિષયપદ્મને
વિકસાવે કળીઓ. ૪૬૩

જીવનૃપના મોકળા અશ્વ
લઈને ઇન્દ્રિયોનું લશ્કર,
વિષયદેશોની લૂંટ
લાવે અરે. ૪૬૪

એ ભલે આ ઇન્દ્રિયોને દ્વારે
જીવને સુખદુઃખ લઈ આપે,
તે સુષુપ્તિકાળે લીન થાયે
જ્ઞાન જ્યાં. ૪૬૫

તે જીવ કહેવાયે જ્ઞાતા
અને મેં કહ્યું જે હમણાં–
તે જ અહીં પાંડુસુતા
જ્ઞાન જાણ. ૪૬૬

જે અવિદ્યાને ઉદરે
ઉપજતાંવેંત તત્ક્ષણે,
પોતાને વિભાજિત કરે
ત્રણ વિભાગે. ૪૬૭

પોતાની સીમા આગળે
જ્ઞેયના બંધ બાંધે,
અને પાછળ ઊભી કરે
જ્ઞાતૃત્વની ધ્વજા. ૪૬૮

પછી જ્ઞાતા જ્ઞેય ઉભય
પોતાનો ચલાવે વ્યવહાર,
વચ્ચે રહીને જ્ઞાન
વહે સહુને. ૪૬૯

જ્ઞેયની સીમા પામે
ત્યાં જ્ઞાનની દોડ શમે,
પછી સકળ પદાર્થોને આપે
વિવિધ નામ. ૪૭૦

પાર્થ તે સામાન્ય જ્ઞાન
એમાં નથી સંદેહ જાણ,
જ્ઞેય તણાં હવે લક્ષણ
સાંભળ પાર્થ. ૪૭૧

તો શબ્દ ને સ્પર્શ,
રૂપ, ગંધ ને રસ–
આવા પંચવિધ ભેદ
જ્ઞેયના જે. ૪૭૨

જેમ એક જ આમ્રફળે
નિરનિરાળી ઇન્દ્રિયોને,
રસે વર્ણે કે પરિમલે
ભેટાય સ્પર્શે. ૪૭૩

તેમ જ્ઞેય હોયે એક
પણ ઇન્દ્રિયો દ્વારે જ્ઞાન–
થતાં તેના પાંચ પ્રકાર
થયા પાર્થ. ૪૭૪

અને સાગરે ઓઘનું ભળવું,
મુકામે યાત્રિકનું વિરમવું,
કે ફળતાં વાઢ થંભે
ધાન્યની જેમ. ૪૭૫

તેમ ઇન્દ્રિયોને દ્વારે
દોડતું જ્ઞાન થંભે,
કિરીટી તે કહેવાયે
જ્ઞેય વિષય. ૪૭૬

એવં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય
વર્ણવ્યાં મેં ધનંજય,
આ ત્રિવિધને જાણ
મૂળ કર્મસ્રોત. ૪૭૭

જે શબ્દાદિ વિષય
ગણાય પંચવિધ જ્ઞેય,
તે જ પ્રિય કે અપ્રિય
જણાયે પાર્થ. ૪૭૮

જ્ઞાન જરા જ્ઞાતાને
ધનંજય વિષય દેખાડે–
તવ તે થાય પ્રવૃત્ત
ત્યજવા કે સ્વીકારવા. ૪૭૯

માછલી દેખીને બગ,
જેમ નિધાન જોઈ રંક,
કે સ્ત્રીને જોતાં કામુક
પ્રવૃત્ત થાયે. ૪૮૦

જેમ ઢાળે પાણી વહે,
ભ્રમર જેમ પુષ્પ-સૌરભે,
વત્સ ગોધૂલિ વેળાએ
જેમ દોડે. ૪૮૧

સ્વર્ગની ઉર્વશી વિશે
માણસો જવ સાંભળે,
સોપાન બાંધે ગગને
યજ્ઞયાગાદિનાં. ૪૮૨

પારેવો જેમ પાર્થ
ચડેલો ગગનને મધ્ય,
પારેવી જોતાં જ કાયા
લોટે તે ભણી. ૪૮૩

અથવા સાંભળી ઘનગર્જના
મયૂર મથે ગગને ઊડવા,
તેમ જ્ઞેય જોઈને જ્ઞાતા
દોડ નાખે. ૪૮૪

એટલે જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા
આ ત્રિવિધ પાંડુસુતા–
આપે કર્મ સમસ્તાં
મૂળ પ્રેરણા. ૪૮૫

ઓચિંતા તે જ જ્ઞેય
જો હશે જ્ઞાતાને પ્રિય,
તો ભોગવતાં વિલંબ
ન સાહે પળનો. ૪૮૬

અથવા જો અકસ્માત્
તે હશે તેને અપ્રિય,
તો ત્યજતાં યુગાંત
જણાયે તેને. ૪૮૭

વ્યાળ જો હાર જણાયે
તો સાંનિધ્યે હર્ષ થાયે,
હાર જો વ્યાળ નીકળે
તો દારુણ ભય. ૪૮૮

તેમ જ્ઞેયે પ્રિયાપ્રિય
જોઈને જ્ઞાતાને હોય,
કરવા ત્યાગ સ્વીકાર
મથે ત્યારે. ૪૮૯

ત્યાં પ્રતિમલ્લનો પ્રેમી,
ચતુરંગ સેનાનો સ્વામી,
મલ્લ જોતાં રથ છોડી
ઊતરે ભોંયે. ૪૯૦

તેમ જે જ્ઞાતાભાવે હોયે
તે કર્તાદશાને પામે,
જમનારો જાણે બેસે
રંધનકર્મે. ૪૯૧

ભ્રમર બનાવે બાગ,
સરાફ જ કસોટી થાય,
કાં દેવ જો બાંધે દેવળ
પોતે પાર્થ. ૪૯૨

તેમ જ્ઞેયને અભિલાષે,
જ્ઞાતા ઈન્દ્રિય સમુદાયે,
પાર્થ જવ પ્રવૃત્ત કરે
તવ થાય કર્તા. ૪૯૩

અને પોતે થઈને કર્તા
જ્ઞાનને આપે કરણતા,
તવ જ્ઞેય જ સ્વભાવતા
થાય કાર્ય. ૪૯૪

એમ જ્ઞાનની નિજ ગતિયે
હે સુમતિ, પલટો થાયે,
આંખની જ્યોતિ પલટાયે
જેમ રાત્રે. ૪૯૫

કાં પ્રારબ્ધ બનતાં ઉદાસ
શ્રીમંતોનો ઓસરે વિલાસ,
પૂર્ણિમા પછી થાય હ્રાસ
શીતાંશુનો. ૪૯૬

તેમ ઈન્દ્રિયોને પ્રવૃત્ત કરે
તવ કર્તાભાવે જ્ઞાતા વ્યાપે,
તે દશાનાં સાંભળ હવે
લક્ષણો પાર્થ. ૪૯૭

તો બુદ્ધિ અને મન,
અહંકાર અને ચિત્ત,
આ ચતુર્વિધ ચિહ્ન
અંતઃકરણનાં. ૪૯૮

બાહરે ત્વચા ને શ્રવણ,
ચક્ષુ, રસના ને ઘ્રાણ,
આ પંચવિધ જાણ
ઇન્દ્રિયો પાર્થ. ૪૯૯

ત્યાં અંદરનાં કરણો વડે
કર્તા કર્તવ્યે ઉમળકો ધરે,
પછી તે જો સુખ દેખે
કર્મ કરવામાં. ૫૦૦

તો બાહ્ય ઇન્દ્રિયોને,
ચક્ષુરાદિ દશેયને,
ઉઠાડીને અતિ વેગે
પરોવે કર્મે. ૫૦૧

પછી તે ઇન્દ્રિય સમુદાયે,
ત્યાં સુધી પરિશ્રમ કરાવે—
જ્યાં સુધી હાથે ન આવે
ઇષ્ટ ફળ. ૫૦૨

કર્મથી દુઃખ ઉપજશે
એવું જો તેને દેખાશે—
તો ત્યાગ કરવા પ્રેરશે
તે દશેયને. ૫૦૩

જ્યાં સુધી ન શમે દુઃખ
ત્યાં સુધી રિબાવે રાતદિવસ,
જેમ નૃપ રિબાવે અખંડ
નિર્ધન કૃષકને. ૫૦૪

તેમ ત્યાગે કે સ્વીકારે
વાહતાં ઇન્દ્રિયોના ભારને,
જ્ઞાતા જ કર્તા કહેવાયે
સાંભળ પાર્થ. ૫૦૫

અને કર્તાનાં સર્વ કર્મે
ઇન્દ્રિયો અખંડ શ્રમ કરે—
એટલે કહીએ તેમને
કરણ. ૫૦૬

અને આ જ કરણો વડે
કર્તા જે ક્રિયા ઉપજાવે,
તેથી જે વ્યાપ્ત થાયે
તે કહેવાયે કર્મ. ૫૦૭

સોનીની બુદ્ધિયે અલંકાર,
કે ચાંદનીને વ્યાપે ચંદ્રકર,
અથવા જેમ પામે વિસ્તાર
વેલ કોઈ. ૫૦૮

અથવા પ્રભા પ્રકાશને વ્યાપે,
કે મધુરતા શેરડીએ સંચરે,
એ અવકાશે વ્યાપ્ત ભલે
આકાશ જેમ. ૫૦૯

તેમ કર્તાની ક્રિયાએ
ધનંજય જે વ્યાપ્ત થાયે,
તે ત્રિવાર કર્મ કહેવાયે
સત્ય જાણ. ૫૧૦

આમ કર્તા, કર્મ, કરણ
આ ત્રણેયનાં લક્ષણ—
કહ્યાં તને હે વિચક્ષણ
શિરોમણિ. ૫૧૧

અહીં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય
એ કર્મના પ્રવૃત્તિત્રય,
તેમ જ કર્તા, કારણ, કાર્ય
એ કર્મસંચય. ૫૧૨

વહ્નિ ત્યાં ધૂમ્ર સમાયે,
બીજમાં વૃક્ષ લપાયે,
કાં મનમાં કામ હોયે
વ્યાપ્ત સર્વદા. ૫૧૩

તેમ કર્તા, ક્રિયા, કરણ
એ જ સર્વ કર્મનું જીવન,
સુવર્ણ જેમ જીવન
સોનાની ખાણનું. ૫૧૪

એટલે આ કાર્ય હું કર્તા
એવો જ્યાં ભાવ પાંડુસુતા,
ત્યાં પણ આત્મા સમસ્તા
ક્રિયાથી ભિન્ન. ૫૧૫

એટલે કહું પુન:
પાર્થ આત્મા સર્વથા-
ભિન્ન છે એ જાણ
તત્ત્વ તું અરે. ૫૧૬

પણ જે કહ્યું જ્ઞાન,
કર્મ અને કર્તા ત્રણ,
તે ત્રણે સ્થાને ભિન્ન
ગુણોને યોગે. ૫૧૭

એટલે જ્ઞાને, કર્મે કે કર્તાએ,
ધનંજય વિશ્વાસ ન રખાએ,
જે ઉભય બાંધે ને છોડાવે
માત્ર એક. ૫૧૮

તે સાત્ત્વિકની જાણ થાયે
એટલે ગુણભેદ નિરૂપાયે,
જે સાંખ્યશાસ્ત્રે દેખાયે
વિશદરૂપે. ૫૧૯

જે વિચારક્ષીર સમુદ્ર
સ્વબોધ કુમુદિની ચંદ્ર,
જ્ઞાનદૃષ્ટિયે નરેન્દ્ર
સર્વ શાસ્ત્રોના. ૫૨૦

કે પ્રકૃતિ-પુરુષ ઉભય,
જાણે ભળેલાં અહોરાત્ર,
ત્રિભુવને દેખાડે માર્તંડ
સાંખ્યશાસ્ત્ર તે. ૫૨૧

જ્યાં અપાર મોહરાશિ
ચોવીસ તત્ત્વોએ માપી,
રહેવાયે સંસારે સુખે
પરતત્ત્વ સહિત. ૫૨૨

અર્જુન તે સાંખ્યશાસ્ત્ર
વર્ણવે જેમનું સ્તોત્ર,
તે ગુણભેદચરિત્ર
એવું અરે. ૫૨૩

જે પોતાને અંગબળે,
ત્રિવિધતાની મુદ્રાએ,
દૃશ્યજાત સઘળે
અંકિત કરે. ૫૨૪

એવં સત્ત્વરજતમનો
પાર્થ મહિમા એવો,
જે ત્રૈવિધ્યે વ્યાપી રહે
આ બ્રહ્મકૃમિ. ૫૨૫

પણ વિશ્વે સકળ પદાર્થ
જેને ભેદતાં પામે ગુણભેદ,
તે હવે મૂળ જ્ઞાન
કહું તને. ૫૨૬

જો દૃષ્ટિ કરાયે નિર્મલ
તો ગમે તે દેખાયે વિમલ,
તેમ શુદ્ધ જ્ઞાને દીસે સકલ
વિશુદ્ધ પાર્થ. ૫૨૭

એટલે તે સાત્ત્વિક જ્ઞાન
કહીશ દેજે અવધાન,
એવું કૈવલ્યગુણનિધાન
શ્રીકૃષ્ણ ભણે. ૫૨૮

તો અર્જુન તે સાચેસાચ
ગણાય શુદ્ધ સાત્ત્વિક જ્ઞાન,
જેના ઉદયે વિલોપે જ્ઞેય
જ્ઞાતા સહિત. ૫૨૯

સૂર્યને ન દેખે અંધાર,
સરિતાને ન જાણે સાગર,
કાં અપાય ના આલિંગન
નિજ છાયાને. ૫૩૦

તે પ્રમાણે તે જ્ઞાનને
શિવ થકી તૃણ ન વેગળે,
ભૂતમાત્ર ન દેખાયે
ભિન્ન ભિન્ન. ૫૩૧

હાથ ફેરવતાં પાટીનું ચિત્ર
કે જળે ધોતાં લવણ,
અથવા જાગ્રત થઈ સ્વપ્ન
થાય નષ્ટ. ૫૩૨

તેવી રીતે જે જ્ઞાને
જાણવા જતાં જ્ઞાતવ્યને,
જ્ઞાત, જ્ઞાન કે જ્ઞેય
ન રહે શેષ. ૫૩૩

અલંકારો ગાળી સુવર્ણ
ન કાઢે જેમ બુદ્ધિમાન,
કાં તરંગ ગાળીને જળ
કોઈ ન લે. ૫૩૪

તે પ્રમાણે જે જ્ઞાને
દૃશ્યની કથા ન સ્પર્શે,
તે જ્ઞાન સર્વથા ગણાયે
સાત્ત્વિક પાર્થ. ૫૩૫

દર્પણે જોવા જતાં કૌતુકે
જોનારો જ તેમાં દેખાયે,
તેમ જ્ઞેયમાં અરે દેખાયે
જ્ઞાતા જ પોતે. ૫૩૬

અરે તે સાત્ત્વિક જ્ઞાન
જે મોક્ષલક્ષ્મીનું ભુવન—
એ ભલે સાંભળ ચિહ્ન
રાજસનાં હવે. ૫૩૭

તો હવે પાર્થ સાંભળ
તે જ્ઞાન ગણાય રાજસ-
જે ભેદનો કરી આશ્રય
જીવતું રહે. ૫૩૮

ભૂતોની વિચિત્રતાએ
પોતે જ ખંડિત થાયે,
એટલે ભ્રમિષ્ટતા આપે
જ્ઞાતાને જે. ૫૩૯

જેમ સત્યસ્વરૂપની આડે
વિસ્મૃતિનાં દ્વાર લગાડે,
પછી સ્વપ્નોનો ભાર માથે
વહે નિંદ્રા. ૫૪૦

તેમ સ્વજ્ઞાનને આંગણે
મિથ્યા સંસારને મેદાને,
ત્રણ અવસ્થાની દેખાડે
રમત જીવને. ૫૪૧

અલંકારથી આચ્છન્ન
ન જુએ બાળક સુવર્ણ,
તેમ નામરૂપે થાયે લુપ્ત
અદ્વૈત જેને. ૫૪૨

ઘટ મઠોને કારણે
પૃથ્વી ઢંકાઈ મૂઢને,
વહ્નિ થયો દુર્બોધ
દીપને લીધે. ૫૪૩

કાં પટત્વને આરોપે
મૂર્ખને તંતુ ન દેખાયે,
કાં ચિત્ર દેખાડી નિજાંગે
વસ્ત્ર લોપે. ૫૪૪

તે પ્રમાણે જે જ્ઞાને
ભૂતભિન્નતા જણાયે,
ઐક્યનો બોધ લોપાયે
જેને લીધે. ૫૪૫

પછી ઇંધને ખંડિત અનલ,
કે પુષ્પો ભેદિત સૌરભ,
કાં જળભેદે ચંદ્ર ખંડિત
અખંડ છતાં. ૫૪૬

તેમ પદાર્થભેદ સકળ
જાણીને તેમના ભિન્ન વેષ,
પામ્યું અનેકત્વ તે રાજસ
જાણ જ્ઞાન. ૫૪૭

હવે તામસનાં લક્ષણ
કહીશ તે ઓળખ પાર્થ,
ત્યાગવા જેમ માતંગસદન
દેખાડવું પડે. ૫૪૮

તો પાર્થ જે જ્ઞાન,
વિધિવસ્ત્રોથી વિહીન,
જેને જોઈને નગ્ન
શ્રુતિ થયાં વિમુખ. ૫૪૯

અન્ય શાસ્ત્રોએ બહિષ્કૃત,
નિંદિત અને તિરસ્કૃત,
વળાવ્યું જેને મ્લેચ્છધર્મે
આપીને દેશવટો. ૫૫૦

અરે જે એવું જ્ઞાન
તમોગુણથી ગ્રસિત,
થઈને સર્વથા ભ્રમિત
ફરતું રહે. ૫૫૧

ન ગણે સંબંધે પ્રતિબંધ,
ન કોઈ પદાર્થ નિષિદ્ધ,
ભમતું જાણે શ્વાન
નિર્જન ગ્રામે. ૫૫૨

તેને મુખે ન સપડાયે,
કે નાખતાં મુખ દાઝે,
તેને જ માત્ર ટાળે
અન્યને નહીં. ૫૫૩

સોનું ચોરતાં ઉંદર અરે
નકલી અસલી કદી ન જુએ,
માંસ ખાનારા ન ગણે
કાળુંધોળું. ૫૫૪

અથવા વનમાં વનદવ
બાળવામાં ન કરે વિવેક,
કાં ન વિચારે જીવિતમૃત
માખી અરે. ૫૫૫

અન્ન ઓકેલું કે પીરસેલું,
તાજું અથવા છે સડેલું,
એનો ન રાખે વિવેક
કાગડો જેમ. ૫૫૬

તેમ નિષિદ્ધને ત્યજવું,
કે વિહિત આદરે ગ્રહવું,
એ વિષયોને વિશે જાણે
ન તામસ. ૫૫૭

જેટલું નજરે ચડે
તેટલું ઉપભોગ કાજે—
લઈને પછી તે વહેંચે
શિશ્નોદરે. ૫૫૮

તીર્થાતીર્થ એ ભાવ
ન ઓળખે ઉદકે સર્વથા,
તરસ તે છિપાવે સુખે
સંતુષ્ટ જે. ૫૫૯

તે પ્રમાણે જ ખાદ્યાખાદ્ય
ન જાણે નિંદ્ય કે અનિંદ્ય,
મુખને ભાવે તે પવિત્ર
એવું ગણે. ૫૬૦

અને સકળ સ્ત્રીજાત
ત્વગેન્દ્રિયના ભોગ્યવિષય,
એવો એક જ સંબંધ
ઓળખે જે. ૫૬૧

નિજ સ્વાર્થે મદદ કરે
તેને સગાંસંબંધી ગણે,
દેહસંબંધોને અવગણે
તામસ જે. ૫૬૨

સર્વ જગ મૃત્યુનું અન્ન,
અગ્નિ માટે સઘળું ઇંધન,
તેમ જગતને માને ધન
પોતાનું જે. ૫૬૩

આ પ્રમાણે વિશ્વ સકળ
જે માને વિષય કેવળ,
તે પામે એક જ ફળ
દેહ ભરણનું. ૫૬૪

ગગનથી નીતરે નીર
તેને આશ્રય એક સાગર,
તેમ કૃત્યજાત સમર્પિત
ઉદર કાજે. ૫૬૫

આ વિના સ્વર્ગ-નરક
પ્રવૃત્તિ-નિવૃત્તિ કારણ,
આ બધાં વિશે અજ્ઞાન
તામસે રહે. ૫૬૬

દેહખંડને માને આત્મા
ઈશ્વરને પાષાણપ્રતિમા,
આ ઉપરાંત નથી તમા
બીજો બોધ. ૫૬૭

એટલે શરીરને અવસાને
કર્મો સહિત આત્મા લોપે,
પછી ભોગવવા કોણ રહે
કયા રૂપે. ૫૬૮

અથવા જો ઈશ્વર હોયે
અને કર્મોનાં ફળ ભોગવાવે—
તો તે દેવપ્રતિમાને
વેચી ખાયે. ૫૬૯

કહે ગામના દેવળેશ્વર
હોય નિયામક ખરેખર,
તો દેશના સર્વ ડુંગર
રહેશે કેમ મૌન. ૫૭૦

છતાં જો ઈશ્વરને માને
તો તેને પાષાણ ગણે,
અને આત્માને સમજે
દેહસ્વરૂપ. ૫૭૧

અન્ય પાપપુણ્યાદિક
મિથ્યા માને સકળ,
નિજને માની અગ્નિમુખ
ભક્ષે ગમે તે. ૫૭૨

ચર્મચક્ષુ જે દેખાડે
ઇન્દ્રિયોને મધુર જણાયે,
તેને જ સત્ય સમજે
પ્રતીતિપૂર્વક. ૫૭૩

કિંબહુના આવી પ્રથા
વધતી દેખાશે પાર્થા,
જેમ ધૂમ્રની વેલ વૃથા
વિસ્તરે ગગને. ૫૭૪

શુષ્ક હો કે હરિત
સર્વથા ઉપયોગહીન—
વધીને જેમ નષ્ટ થાયે
ભેંડવૃક્ષ. ૫૭૫

અથવા શેરડીના કણસો
કિંવા નપુંસક માણસો,
કે નકામાં અરે વનો
સાવરીવૃક્ષનાં. ૫૭૬

અથવા બાળકનું મન,
કાં ચોર પાસેનું ધન,
અથવા અજા ગળસ્તન
જેમ વ્યર્થ. ૫૭૭

તેવું જે નિરર્થક
સ્વૈર દેખાતું જ્ઞાન,
તે છે તામસ જ્ઞાન
જાણ પાર્થ. ૫૭૮

તેને જ્ઞાન શબ્દે વર્ણવવું
એમાં રહસ્ય એ જાણવું—
કે જન્માંધનાં વખણાયે
ભવ્ય ચક્ષુ. ૫૭૯

બધિરના વખાણવા કાન
અપેયને કહેવાય પાન,
તેવું તામસનું ઉપનામ
જ્ઞાન જાણ. ૫૮૦

એ ભલે કેટલું કહેવું
નજરે પડે જ્યારે એવું,
તેને જ્ઞાન ન કહેવું
તે તો તમોગુણ. ૫૮૧

આ પ્રમાણે ત્રણે ગુણે
વિભાજિત યથાલક્ષણે,
નિરૂપ્યું છે જ્ઞાન તને
હે શ્રોતાશિરોમણિ. ૫૮૨

હવે આ જ ત્રણ પ્રકારે
ધનુર્ધર જ્ઞાનને પ્રકાશે,
ક્રિયાઓ ગોચર થાયે
કર્તા તણી. ૫૮૩

એટલે કર્મ પણ પોતે
ત્રણ પ્રકારોને અનુસરે,
ભિન્ન વહેણોનું જેમ ભળે
પાણી પ્રવાહે. ૫૮૪

તે જ જ્ઞાનત્રય યોગે
કર્મ ત્રિવિધ થઈ આવે,
તેમાં જે સાત્ત્વિક કહેવાયે
તે સાંભળ પહેલાં. ૫૮૫

તો સ્વાધિકારને માર્ગે
આવ્યું તે આચર્યું સંતોષે,
જેમ પતિવ્રતાને પરિષ્વંગે
સંતોષે પ્રિય. ૫૮૬

શ્યામલ શરીરે ચંદન,
પ્રમદા લોચને અંજન,
તેવું સ્વાધિકારે ભૂષણ
નિત્યકર્મ જે. ૫૮૭

તે નિત્ય કર્મ ભલે
નૈમિત્તિકે થાય સવાયે,
જેમ સુવર્ણે મળી આવે
સૌરભ પાર્થ. ૫૮૮

જેમ દેહ પ્રાણને બળે
અપત્યનું સંગોપન કરે,
પણ ક્યારેય ન કંટાળે
માવડી જેમ. ૫૮૯

તેમ સર્વસ્વે કર્મ અનુષ્ઠે
પણ દૃષ્ટિ ન રાખે ફળે,
સઘળું જ કર્મ સમર્પે
પરબ્રહ્મે. ૫૯૦

અને પ્રિય જન આવે ઘરે
શું ખર્ચાયે શું શેષ રહે,
તેવું સત્સંગે થતાં ન હોયે
વિષાદ ચિત્તે. ૫૯૧

તેમ ન કરવાને વિષાદે
દ્વૈષને ન ચિત્ત બાંધે,
અને કર્મ થયાના આનંદે
ન ફુલાયે તે. ૫૯૨

આવી આવી કુશળતાયે
ધનંજય જે કર્મ કરાયે,
તેને સાત્વિક એવું અપાયે
ગુણવાચક નામ. ૫૯૩

આ પછી રાજસ તણાં
વર્ણવાશે ચિહ્નો સાચાં,
ન રાખીશ તું અવધાને
ઊણપ જરી. ૫૯૪

તો માતાપિતા સંગે ઘરે
યથોચિત વ્યવહાર ન કરે,
વિશ્વ સકળને સન્માને
મૂર્ખ જેમ. ૫૯૫

કાં તુલસીને છોડે
પાણીનો છાંટો ન આપે,
દ્રાક્ષની વેલને પાયે
દૂધ પુષ્કળ. ૫૯૬

તેમ નિત્ય નૈમિત્તિક
જે જે કર્મો આવશ્યક,
તેમને માટે કરી ન શકે
પરિશ્રમ જરા. ૫૯૭

ઇતર કામ્યકર્મ કાજે
દેહને સર્વસ્વ સઘળે-
ખર્ચ કરતાં ન સંકોચે
લવલેશ તે. ૫૯૮

જ્યાં દોઢું બેવડું લાધે
ધન ખર્ચતાં ન ધરાયે,
વાવણીએ જેમ ન મનાયે
વધારે પડતું. ૫૯૯

હાથે ચડતાં પારસમણિ
લોઢું લેવા સર્વ સંપત્તિ—
ખર્ચતાં ઉત્સાહે ભરતી
સાધકને જેમ. ૬૦૦

તેમ ફળોની આશાએ
કઠણ કામ્યકર્મ કરે,
કરવા છતાં ન માને
પર્યાપ્ત તે. ૬૦૧

તેવો ફળકામુક
યથાવિધિ સમ્યક્,
કરે કામ્ય સકળ
ક્રિયાજાત. ૬૦૨

અને કર્મ કર્યાની
મુખે પીટે તે દાંડી,
કર્મનાં વખાણ કરી
નષ્ટ કરે તે. ૬૦૩

ભરાયે કર્મ અહંકારે
પછી પિતાને કે ગુરુને,
તે ન માને જેમ ઔષધિને
કાળજ્વર. ૬૦૪

તેમ અહંકારે ભરીને
ફળ તણી અભિલાષાએ,
આદરપૂર્વક જે જે કરે
કર્મ પાર્થ. ૬૦૫

તે પણ કરવા કાજે
કષ્ટ વેઠી આયાસ કરે,
જીવનનિર્વાહે જેમ ફરે
મદારી અરે. ૬૦૬

એક કણ કાજે ઉંદર
ચડે-ઊતરે કોરે ડુંગર,
કાં લીલ કાજે મેંઢક
ડહોળે સમુદ્ર. ૬૦૭

ભિક્ષા વિના કંઈ ન લાધે
છતાં ગારુડી સર્પ વાહે,
શું કરીએ કોઈને લાગે
કષ્ટ જો પ્રિય. ૬૦૮

અરે પરમાણુને મોહે
ઊધઈ પાતાળ ઓળંગે,
તેમ સ્વર્ગસુખ-લોભે
મથતો રહે જે. ૬૦૯

તે સકલેશ કામ્યકર્મ
જાણવું અહીં રાજસ,
હવે સાંભળ લક્ષણ
તામસ તણાં. ૬૧૦

પાર્થ તે તામસ કર્મ
જે નિંદાનું કાળું ધામ,
નિષિદ્ધ કર્મનો જન્મ
સફળ જેથી. ૬૧૧

જે નીપજ્યા પછી
કંઈ ન દેખાય દૃષ્ટિ,
રેષા ખેંચતાં જળે
વિલાયે જેમ. ૬૧૨

કાંજીનું કરતાં મંથન
બળેલા કોલસાનું દીપન,
કે ઘાણીએ રેતીના કણ
પીલવા જેમ. ૬૧૩

સૂપડે ઝટકતાં છોડાં
કે ગગનને બાણે વીંધવા,
કિંવા જાળમાં પકડવા
વાયુને અરે. ૬૧૪

આ સઘળું જે રીતે
વ્યર્થ થઈ નાશ પામે,
જે કર્યા પછી તેમ થાયે
નિરર્થક પાર્થ. ૬૧૫

આમ પણ નરદેહ જેટલું
ધન વ્યર્થપણે ખર્ચવું,
અને જે કરતાં જગનું
લોપે સુખ. ૬૧૬

જેમ કમળવને કાંટાળો
ખેંચીને લઈ જતાં ફાંસો,
પોતે ઘસાયે નષ્ટ કરે
કમળોને અરે. ૬૧૭

કાં પોતે અંગે બળે
જગતને અંધાર આપે,
પતંગ જેમ દ્વેષભાવે
દીપજ્યોતિના. ૬૧૮

તેમ સર્વસ્વ નષ્ટ થાઓ,
દેહને ભલે હાનિ થાઓ,
પણ બીજાનું નીપજો
નુકસાન મોટું. ૬૧૯

માખી પોતાને ગળાવે,
ગળતાને વમન કરાવે,
તે કુકર્મની યાદ અપાવે
તામસ કર્મ. ૬૨૦

તે પણ કરવા કાજે
નિજનું બળ હોયે ન હોયે,
એ પણ તે ન વિચારે
કર્મ કરતાં. ૬૨૧

મારું સામર્થ્ય કેટલું,
કર્મનું પ્રયોજન કેવું,
અને કર્યા પછી ફળ શું
થશે નિષ્પન્ન. ૬૨૨

આ સભાનતાનો પથ
અવિવેક વડે વિનષ્ટ—
કરીને થાયે તત્પર
કર્મ કરવા. ૬૨૩

નિજ આધાર બાળીને
અગ્નિ જેમ પાર્થ પ્રસરે,
કે સ્વમર્યાદા ઓળંગીને
સાગર ક્ષોભે. ૬૨૪

પછી ન જાણે વિવેક,
ન જુએ આગળપાછળ,
ભૂંસી નાખે માર્ગામાર્ગ
પોતાને કર્મે. ૬૨૫

તેમ કૃત્યાકૃત્ય ભેળવે,
આપ-પર ના વિચારે,
તે કર્મ નિશ્ચિત ગણાયે
તામસ પાર્થ. ૬૨૬

આમ ગુણત્રયથી ભિન્ન
કર્મ તણી હે અર્જુન—
વિવેચના ઉપપત્તિ સહિત
કહી તને. ૬૨૭

હવે આવું કર્મ આચરતાં
કર્મનો અભિમાની કર્તા,
જીવ પોતે ત્રિવિધતા
પામતો હોયે. ૬૨૮

ચાર આશ્રમોને યોગે
એક પુરુષ ચતુર્વિધ દીસે,
તેવા કર્તા ત્રિવિધ થાયે
કર્મના ભેદે. ૬૨૯

પણ તે ત્રણેમાંથી
વાત હવે સાત્ત્વિકની,
કહીશ તું લે સાંભળી
એકચિત્તે. ૬૩૦

જેમ ફળાશા છોડીને
સરળ ઊર્ધ્વે વધતી જાયે—
બાવન ચંદન તણી પાર્થ
સકળ શાખા. ૬૩૧

ન ફળતાં પણ સાર્થક
નાગરવેલ હે પાર્થ,
તેમ કરે નિત્યાદિક
ક્રિયાઓ જે. ૬૩૨

પણ ફળત્વરહિતતા
ન ગણાયે વિફળતા,
ફળોને કેવાં પાંડુસુતા
ફળશે ફળો. ૬૩૩

સાદરે સર્વ કર્મો કરે
પણ કર્તાનો ભાવ ન સેવે,
વર્ષાઋતુએ જેમ વરસે
મેઘ પાર્થ. ૬૩૪

તેમ પરમાત્મ સ્વરૂપે
સમર્પવા જે યોગ્ય હોયે,
તેવો નિષ્પન્ન કરવા
કર્મસમુદાય. ૬૩૫

કર્મની વેળા ન ઓળંગે
સ્થળની શુદ્ધિ પણ સાધે,
અને શાસ્ત્રની દૃષ્ટિ જુએ
કર્મનિર્ણયે. ૬૩૬

વૃત્તિ એકનિષ્ઠ કરે
ચિત્તે ફળાશા ન રાખે,
નિયમોની શૃંખલા રાખે
અખંડ જે. ૬૩૭

આ નિગ્રહ સહેવા કાજે
નરવા ધૈર્યનું સહેજે—
જાગતું ચિંતન રાખે
હૃદયમાં જે. ૬૩૮

અને આત્માની પ્રીતિયે
જે વિહિત કર્મો પ્રાપ્ત થાયે,
તે કરતાં દેહસુખની ન કરે
ચિંતા કદી. ૬૩૯

એમ નિદ્રા દૂર જાયે
ક્ષુધા તેને ન જણાયે,
સુખ કદી મળી ન શકે
દેહને તેના. ૬૪૦

તવ અધિકાધિક
ઉમંગ વધે સાત્ત્વિક,
અગ્નિયે નાખેલું સુવર્ણ
વધે કસમાં તેમ. ૬૪૧

જો પ્રેમ હોયે સત્ય
પતિ વિણુ જીવિત તુચ્છ,
અગ્નિપ્રવેશે રોમાંચ
સતીને ન થાયે. ૬૪૨

પછી આત્મા વિશે પ્રેમ
સ્થિર થાયે ધનંજય;
દેહને થતાં તવ કષ્ટ
ખેદ શાનો. ૬૪૩

એટલે વિષયે રસ ઓસરે
દેહબુદ્ધિનું બળ શમે,
તવ આનંદ બેવડાયે
કર્મો કરતાં. ૬૪૪

એવી રીતે કર્મો કરે
અને જો કોઈ અવસરે—
કર્મ કરવું ખોરંભે પડે
પ્રસંગવશે. ૬૪૫

તો ચાલતું ગાડું તૂટે
તેથી નિજને સંકટે ન માને,
તેમ કર્મો અટકતાં ન થાયે
સંકોચ તેને. ૬૪૬

અથવા આદરેલું કર્મ
જો થાય સંપૂર્ણ સિદ્ધ,
તો તેને માનીને વિજય
મહાલે ન કદી. ૬૪૭

આવાં લક્ષણો કર્મ કરતાં
જ્યાં દેખાયે પાંડુસુતા,
તેમને કહીએ તત્ત્વતા
સાત્ત્વિક કર્તા. ૬૪૮

હવે રાજસ કર્તાને
આમ ધનંજય ઓળખાયે,
કે હોય આશ્રય તે જગે
સર્વ અભિલાષાને. ૬૪૯

જેમ ગામના કચરા માટે
ઉકરડો જ સ્થાન હોયે,
સકળ અમંગળ ભેગું થાયે
અથવા સ્મશાને. ૬૫૦

તેમ જે અશેષને
વિશ્વ તણા અભિલાષને,
પગ ધોવાનું થાયે
સ્થાન પાર્થ. ૬૫૧

એટલે ફળ તણો લાભ
દેખાય જ્યાં સહજ સુલભ,
તે કર્મ સાંગોપાંગ
કરવા માંડે. ૬૫૨

અને પોતે જોડેલું ધન
ખર્ચે ન કોડી પણ,
ક્ષણે ક્ષણે નિજ જીવ
ઓવારે ધન પરથી. ૬૫૩

કૃપણ ગોપવે નિજ વિત્ત
તેવો પારકે ધને સાવચ,
બગલો જેમ સાવધાન
માછલી કાજે. ૬૫૪

પાસેથી જતાં ગૂંચવે
અથડાતાં ઉઝરડા પાડે,
ફળો ખાતાં જીભે દઝાડે
બોટી બોરડી જેમ. ૬૫૫

તેમ કાયા વાચા મને
ગમે તેને દુભવતો રહે,
સ્વાર્થ સાધતાં ન સાચવે
અન્યનું હિત. ૬૫૬

કર્મો કરવા શરીરે
ક્ષમતા ન હોયે આચરણે,
છતાં અરુચિ ન થાયે
કર્મને વિશે. ૬૫૭

જેમ ધતૂરાનાં ફળોને
કેરબીજે કાંટા બાહરે,
તેમ બાહ્યાંતર રાંક હોયે
શુચિત્વે જે. ૬૫૮

અને કર્મજાત કરીને
જો વાંછિત ફળ પામે,
તો જગતની હાંસી ઉડાવે
હર્ષને વેગે. ૬૫૯

અથવા જે આદર્યું
તે સર્વ નિષ્ફળ ગયું,
તો શોકગ્રસ્ત થઈ માંડે
કર્મને ધિક્કારવા. ૬૬૦

જે કર્મોમાં આમ વરતે
એવો ક્યારે દેખાયે,
તે જાણ ખરેખરે
રાજસ કર્તા. ૬૬૧

હવે આના પછી અન્ય
જે કુકર્મોનું હોયે ક્ષેત્ર,
તેનું કરું આલેખન
તામસ કર્તાનું. ૬૬૨

તો પોતાના સંબંધે
સામાની કાયા બળે,
એ કદી ન જાણે
અગ્નિ જેમ. ૬૬૩

શસ્ત્ર પોતાની તીક્ષ્ણતાયે
ન જાણે કે જીવ હણાયે,
અથવા કાળકૂટ ન જાણે
પોતાનું પરિણામ. ૬૬૪

તેમ બીજાના અને પોતાના
ધનંજય ઘાત કરનારા,
અમંગલ કરવા માંડે
કર્મો જે. ૬૬૫

કર્મ કરવાની ઘડીએ
શું થયું એ ન વિચારે,
વાયુ ચડતાં વાવંટોળે
જેમ સ્વૈર ભટકે. ૬૬૬

કર્મને અને કર્તાને
ધનંજય મેળ ન બેસે,
તેનાથી જુદી ન હોયે
પાગલની દશા. ૬૬૭

અને ઇન્દ્રિયોને પ્રાપ્ત
વિષયો સેવીને જીવિત,
બળદને શરીરે રહે જેમ
બગાઈ પાર્થ. ૬૬૮

હાસ્ય-રુદનની વેળા
ન જાણી શિશુઓ રડતા,
તેવી ઉચ્છૃંખલ રીતે
જે વર્તે સ્વૈર. ૬૬૯

જે પ્રકૃતિને વશ થઈને
કૃત્યાકૃત્ય વિવેક ન જાણે,
કચરો ભેગો થયે ફૂલે
ઉકરડો જેમ. ૬૭૦

એટલે આમન્યાને નામે
ઈશ્વર પાસેય ન નમે,
સ્તબ્ધપણામાં જે ચડે
ડુંગર કરતાં. ૬૭૧

મન જેનું કપટભર્યું,
વર્તન જેનું ચોરટું,
દૃષ્ટિની સ્નિગ્ધતા મિથ્યા
ગણિકાની જેવી. ૬૭૨

કિંબહુના કપટમય
બનેલું તેનું શરીર,
જીવંત અડ્ડો જાણે
જુગાર રમવાનો. ૬૭૩

ન હોયે મનુષ્યાવતાર
જાણે અભિલાષનું ગામ,
એટલે ન ક્યારે ફરકવું
તેને માર્ગે. ૬૭૪

અને બીજાનું હિત થયે
સંકટ જણાયે નિજ ઉપરે,
જેમ દૂધ અપેય થઈ જાયે
લવણ મિલને. ૬૭૫

અથવા કોઈ ઠંડો પદાર્થ
અગ્નિમાં નાખતાંવેંત,
તે જ ક્ષણે અગ્નિરૂપ
ધારતો હોયે. ૬૭૬

અથવા સુસ્વાદુ ભોજન
ઉદરમાં નાખતાંવેંત,
થઈ રહે મળસ્વરૂપ
જેમ ધનંજય. ૬૭૭

તેમ બીજાનું નરવું હિત
તેની જો નજરે ચડત,
તત્ક્ષણે થાયે વિપરીત
વાણીએ તેને. ૬૭૮

ગુણ સેવીને દોષ આપે,
અમૃતને વિષરૂપ બનાવે,
દૂધ પાતાં વ્યાળ જેમ
ઓકે વિષ. ૬૭૯

ઇહલોકે સુખે જિવાયે,
પરલોકે સદ્‌ગતિ પમાયે,
તે ઉચિત કર્મનો પામે
અવસર જ્યારે— ૬૮૦

ત્યારે તેને આપમેળે
ઘોર નિદ્રા ઘેરી વળે,
દુર્વ્યવહારે તે જ છાંડે
અસ્પૃશ્ય દશાએ જેમ સ્ત્રી. ૬૮૧

જેમ દ્રાક્ષરસે કે આમ્રરસે
કાગડાનું મોઢું સડે,
કાં દિવસે ડોળા ફૂટે
ઘુવડ તણા. ૬૮૨

તેમ કલ્યાણમયી ઘડીએ
તેને આળસ ઘેરી વળે,
પ્રમાદ કરવાની વેળાએ
ઉત્સાહ સંચરે. ૬૮૩

જેમ સાગરને ઉદરે
અખંડ વડવાનળ બળે,
તેમ વિષાદ વાહે ચિત્તે
સર્વદા જે. ૬૮૪

અંત સુધી ધુમાડો લીંડીની આગે
અપાન વાયુએ સદા દુર્ગંધ હોયે,
તેમ મૃત્યુપર્યંત જે રહે
વિષાદગ્રસ્ત. ૬૮૫

અને કલ્પાંતને પેલે પારે
ફલપ્રાપ્તિની ઇચ્છા રાખે,
તે પ્રમાણે જે વ્યવહાર કરે
અભિલાષા સહિત. ૬૮૬

અને જગતને પેલે પારે
જે હશે તેની ચિંતા કરે,
જોકે તેને કાંઈ ન લાધે
તે વિષયોથી. ૬૮૭

એવા જે લોકો માંહે
મૂર્તિમંત પાપપુંજ હોયે,
તેને નિશ્ચિત જાણીએ
તામસ કર્તા. ૬૮૮

એવં કર્મ, કર્તા, જ્ઞાન
આ ત્રણેનાં ભિન્ન લક્ષણ,
દેખાડયાં તને હે સુજન-
ચક્રવર્તી. ૬૮૯

હવે અવિદ્યાને ગ્રામે
મોહનાં પરિધાન પહેરે,
સંદેહના સકળ ધારે
અલંકાર. ૬૯૦

આત્મનિશ્ચયનું સૌંદર્ય
જોવા જે દર્પણ સાવયવ,
તે બુદ્ધિની પણ ત્રિવિધ
હોયે ગતિ. ૬૯૧

અરે આ સત્ત્વાદિ ગુણે
ત્રણ વિભાગે જે ન ભેદાયે,
એવું જગમાં શું હોયે
કહે જોઉં. ૬૯૨

અગ્નિ ન હોયે ઉદરે
એવું કાષ્ઠ જગે ક્યાં હોયે,
તેમ દશ્યકોટિમાં શું રહે
ત્રિવિધ થયા વિના. ૬૯૩

એટલે ત્રણે ગુણોયે
બુદ્ધિ ત્રિગુણી થાયે,
ધૃતિનું વિભાજન હોયે
તે જ પ્રકારે. ૬૯૪

તે બુદ્ધિ અને ધૈર્ય
લક્ષણોથી અલંકૃત,
કહીશ તને વિશદ
ભેદો સહિત. ૬૯૫

પણ બુદ્ધિ અને ધૃતિ
પાર્થ આ બન્નેમાંથી,
વિશદ કરીશ પહેલાં
પ્રકાર બુદ્ધિના. ૬૯૬

તો ઉત્તમ, મધ્યમ, નિકૃષ્ટ
આ સંસારમાં સુભટ,
પ્રાણીઓ પામે ત્રણ પથ
સર્વ કાળે. ૬૯૭

અકરણ, કામ્ય, નિષિદ્ધ
આ ત્રણ માર્ગો પ્રસિદ્ધ,
એમનાથી રહે સંસારભય
સર્વ જીવોને. ૬૯૮

એટલે અધિકારને અનુરૂપ
જે વિધિને માર્ગે પ્રાપ્ત,
તે એક જ છે કરણીય
નિત્યકર્મ. ૬૯૯

તે આત્મપ્રાપ્તિનું ફળ
રાખીને દૃષ્ટિ સન્મુખ,
કરાયે પ્રાશે જળ
જેમ તૃષિત. ૭૦૦

એટલાથી તે કર્મ
છોડાવે જન્મભય વિષમ,
કરી આપે સહજ સુગમ
મોક્ષસિદ્ધિ. ૭૦૧

આવાં કર્મો જે કરે
તેનો સંસારભય લોપે,
વિહિત કર્મોએ લાભે
મુમુક્ષુતા તેને. ૭૦૨

ત્યાં જે બુદ્ધિ એવો
બાંધે પ્રબળ ભરોસો,
કે મોક્ષ મૂકી રાખ્યો
વિહિત કર્મે. ૭૦૩

એટલે નિવૃત્તિ જ નિવસે
કર્મ-પ્રવૃત્તિને તળે,
એટલે કર્મો કરવા માંડે
ન માંડે તો. ૭૦૪

તરસ્યાને જેમ પાણી,
પૂરે પડેલાને નાવડી,
કે અંધકૂપે સૂર્યરશ્મિ
લાધે જેમ. ૭૦૫

જો પથ્યે ઔષધ સેવાયે
તો રોગગ્રસ્ત જીવી જાયે,
અથવા માછલીને મળી આવે
જેમ જળાશય. ૭૦૬

તો તે રહેશે જીવિત
એ વાત જેમ નિશ્ચિત,
વિહિત કર્મે થતાં પ્રવૃત્ત
મોક્ષ તેવો. ૭૦૭

કરણીય કર્મ સંબંધે
જો શુદ્ધ જ્ઞાન હોયે,
અને અકરણીય વિશે
જાણે એવું. ૭૦૮

કે કર્મો કામ્યાદિક
સંસારભયદાયક,
અકૃત્યપણાના ડાઘા
જેમની ઉપરે. ૭૦૯

તે અકરણીય કર્મે
જન્મમરણ સમયે,
પ્રવૃત્તિને કરાવે
પરાવૃત્ત. ૭૧૦

અગ્નિમાં ન પ્રવેશાયે,
અથાગ જળે ન ઝંપલાવાયે,
કાં ધગધગતી ન પકડાયે
શૂળી જેમ. ૭૧૧

ફૂંફાડો મારતા કાળા નાગને
જોઈને ન ધરાયે હાથ વડે,
કે ગુફામાં ન જવાયે
વાઘની જેમ. ૭૧૨

તેમ કર્મો અકરણીય
જોઈને તત્ક્ષણે મહાભય,
ઊપજે પાર્થ નિઃસંદેહ
જે બુદ્ધિમાં. ૭૧૩

વિષમય પીરસાયે ભોજન
ત્યાં જેમ મરણ છે અટળ,
તેમ નિષિદ્ધ કર્મે બંધન
જુએ જે બુદ્ધિ. ૭૧૪

પછી તે બંધનભયે ભર્યાં
નિષિદ્ધ કર્મો પ્રાપ્ત થતાં,
ત્યાગનો વિનિયોગ જાણે
બુદ્ધિ જે. ૭૧૫

આ રીતે કાર્યાકાર્ય વિવેકે
જે પ્રવૃત્તિનિવૃત્તિ માપે,
ખરાંખોટાં રત્નો પારખે
પારખી જેમ. ૭૧૬

તેમ કૃત્યાકૃત્ય શુદ્ધિ
જાણે જે નિરવધિ,
તેને સાત્ત્વિક બુદ્ધિ
ગણાય પાર્થ. ૭૧૭

અને બકોને ગામે
ક્ષીરનીર ભેગું કરાયે,
કાં અહોરાત્રને ન જાણે
આંધળો જેમ. ૭૧૮

જે પુષ્પોના મકરંદ સેવે
તે કાષ્ઠ કોરવા પણ જાયે,
એ ભ્રમરને સ્વભાવે ન હોયે
વિસંગતિ જેમ. ૭૧૯

તેમ આ કાર્યાકાર્યે
ધર્માધર્મરૂપ જે,
તેમનો વિવેક ન કરે
આચરણે જે. ૭૨૦

પરખ વિના મોતી લેવાયે
તો યોગ્ય સોદો, છતાંયે
છલનાની ત્યાં પૂર્ણ હોયે
સંભાવના. ૭૨૧

તેમ અકસ્માત્ અકરણીય
ન આવે તો જ ન કરાય,
આ બન્નેને ગણે સમાન
બુદ્ધિ જે. ૭૨૨

તે બુદ્ધિ વિશદ રીતે
જાણ કે રાજસી હોયે,
જેમ બધાંને નિમંત્રાયે
જ્ઞાતિ-ભોજને. ૭૨૩

રાજા જે માર્ગે વિચરે
તે ચોરો કાજે વર્જ્ય હોયે,
કે રાક્ષસોને દિવસ લાગે
રાત્રિ સમાન. ૭૨૪

અથવા અભાગી પાસે નિધાન
થાયે કોલસાના રાશિ સમાન,
હોવા છતાં પાસે નથી લાભ
તેના જીવને. ૭૨૫

તેમ જ જેટલાં ધર્મજાત
તે બુદ્ધિને જણાયે પાતક,
સત્ય ભાસે તેને મિથ્યારૂપ
એવી જે બુદ્ધિ. ૭૨૬

તે સકળ અર્થજાત
માનીને ચાલે અનર્થ,
જે જે ગુણ વ્યવસ્થિત
તે માને દોષ. ૭૨૭

કિંબહુના શ્રુતિજાતે
માન્ય કર્યું સ્વીકારીને,
તે સકળને ઊંધું સમજે
જે બુદ્ધિ. ૭૨૮

તે કોઈનેય ન પૂછતાં
તામસી જાણવી પાંડુસુતા,
ધર્માર્થે વિશેનું અજ્ઞાન
લઈને શું કરવું. ૭૨૯

એવા બુદ્ધિના ભેદ
ત્રણેય તને વિશદ,
કહ્યા હે સ્વબોધ-
કુમુદચંદ્ર. ૭૩૦

હવે આ જ બુદ્ધિ વૃત્તિયે
આશ્રય લેતાં કર્મજાતે,
ધૈર્ય આધાર આપે
ત્રણ પ્રકારે. ૭૩૧

તે ધૃતિના વિભાગ
ત્રણે પણ યથાલિંગ,
કહીશ અવધાન
આપજે હવે. ૭૩૨

તો દિનકરના ઉદયે
ચૌર્યકર્મ અસ્ત પામે,
કાં રાજાજ્ઞા અવરોધે
દુર્વ્યવહાર. ૭૩૩

અથવા પવનનો નાદ
સંભળાયે જ્યાં વિશદ,
ત્યાં ગર્જના સહિત મેઘ
નાસે અરે. ૭૩૪

કિંવા અગસ્ત્યને દર્શને
સાગર મૌન ગ્રહણ કરે,
કમલિની જેમ ચંદ્રોદયે
સંકોચે નિજાંગે. ૭૩૫

એ ભલે ઊંચકેલો પગ
ધરતીયે ન મૂકે મદમુખ,
જો ગર્જના કરે સિંહ
આવીને સન્મુખ. ૭૩૬

તે રીતે જ્યાં ધૈર્ય
સહસા વ્યાપે અંતર—
ત્યાં મનાદિકે વ્યાપાર
છાંડી નાસે. ૭૩૭

ઇન્દ્રિયવિષયોનો સંબંધ
આપમેળે વિરમે પાર્થ,
દશેન્દ્રિયો કરે પ્રવેશ
મન માતાને ગર્ભે. ૭૩૮

અધ-ઊર્ધ્વની મર્યાદા વટાવે
નવ પ્રાણોને ભેગા બાંધે,
પછી એક છલાંગ ભરે
મધ્યમા માંહે. ૭૩૯

સંકલ્પ-વિકલ્પોનાં વસ્ત્ર
ફેંકીને મન અનાવૃત,
જઈ બેસે મૌન સ્તબ્ધ
બુદ્ધિ પાછળે. ૭૪૦

એવા જે ધૈર્યરૂપ નૃપ
મન પ્રાણાદિ અંતઃકરણ,
બનાવે સ્વકર્મથી મુક્ત
ઇન્દ્રિયો સહિત. ૭૪૧

પછી તે સર્વ ઇન્દ્રિયોને
ધ્યાન તણા ગર્ભગૃહે,
પૂરી રાખે યુક્તિ વડે
યોગ તણી. ૭૪૨

પણ પરમાત્મા ચક્રવર્તી
હાથમાં ના લે ત્યાં સુધી,
લાંચ ન લેતાં જે ધૃતિ
સાચવે તેમને. ૭૪૩

તે ધૃતિ આ જગે
સાત્ત્વિક હોય ખરેખરે,
સાંભળ એવું અર્જુનને
કહે શ્રીકાંત. ૭૪૪

પોતાને દેહરૂપ માને
સ્વર્ગસંસાર બન્ને ધરે,
જે રહે પૂર્ણ સંતોષે
ત્રિવર્ગોપાયે. ૭૪૫

તે મનોરથોને સાગરે
ધર્માર્થકામનાં વહાણે,
ક્રિયાવાણિજ્ય આદરે
જે ધૈર્યને બળે. ૭૪૬

જે કર્મની મૂડી મૂકે
તે ચોગુણી થવાની આશાયે,
આટલા સાયાસ સહે
જે ધૃતિને બળે. ૭૪૭

તે ધૃતિ ગણાય રાજસ
અહીં સાંભળ પાર્થ,
હવે નિરૂપીશ તામસ
ત્રીજી ધૃતિ. ૭૪૮

તો સર્વથી અધમ ગુણ
જેનું લે રૂપ આકાર,
કોલસામાં જેમ કાળાશ
વ્યાપીને રહે. ૭૪૯

અહો પ્રાકૃત અને હીન
તેને કેમ ગુણત્વનું માન,
રાક્ષસને શું પુણ્યજન
કહેતા નથી. ૭૫૦

ગ્રહોમાં જે અંગાર
તે કહેવાય મંગળ,
તેમ અવિચારે તમ
કહેવાયે ગુણ. ૭૫૧

સર્વ દોષોનું વસતિસ્થાન
તેને સંગોપીને હે સુભટ,
જેના શરીરનું બંધારણ
થયું અરે. ૭૫૨

તે આળસને સાથે રાખે
નિદ્રાને ક્યારે ન મૂકે,
પાપો પોષનારને ન તજે
દુઃખો જેમ. ૭૫૩

અને તનધનની પ્રીતિયે
તે સદા ભયભીત રહે,
કાઠિન્ય જેમ ન છોડે
પાષાણને કદી. ૭૫૪

અને પદાર્થજાતે સ્નેહ
બાંધે એટલે નિવસે શોક,
જેમ કદી ન છોડે પાપ
કૃતઘ્નને અરે. ૭૫૫

અને જીવે અસંતોષ
ધરી રાખે અહર્નિશ,
એટલે કરે વિષાદ
મિત્રતા તેની. ૭૫૬

ગંધ ન છોડે લસણને
કે વ્યાધિ અપથ્યશીલને,
તેમ મરણ સુધી ન છોડે
વિષાદ તેને. ૭૫૭

યૌવન, વિત્ત અને કામ
એમનો વધારે સંભ્રમ,
એટલે મદન આશ્રય
કરે તેનો. ૭૫૮

અગ્નિને ન છોડે તાપ
વેર પડતું ન મૂકે આપ,
કાં જગતનો શત્રુ થાય
ભય અખંડ. ૭૫૯

અથવા શરીરને કાળ
ન વીસરે કોઈ વેળ,
તેમ તામસમાં અકળ
રહે મદ. ૭૬૦

આમ આ પાંચ નિદ્રાદિક
તામસને જીવને દોષ,
જેધૃતિ વડે દેખ
ધારણ થયા. ૭૬૧

અરે તે જ ધૃતિને
તામસી સંજ્ઞા અપાયે,
એમ કહ્યું શ્રીનાથે
જગતના અરે. ૭૬૨

એવં જે ત્રિવિધ બુદ્ધિ
કરે કર્મનિર્ણય આગળથી,
તેને ધૃતિ અપાવે સિદ્ધિ
આ જગે. ૭૬૩

સૂર્ય માર્ગ ગોચર કરે
પણ પગ તે ઉપરે ચાલે,
અને ચાલવું શક્ય થાયે
જેમ ધૃતિયે. ૭૬૪

તેમ બુદ્ધિ કર્મ દેખાડે
કરણસમુદાય કર્મ કરે,
પણ તે નિપજાવવા કાજે
જે ધૈર્ય જોઈએ— ૭૬૫

તે આ પાર્થ તુજ પ્રતિ
નિરૂપી ત્રિવિધ ધૃતિ,
જેથી કર્મત્રયની નિષ્પત્તિ
થયા પછી— ૭૬૬

અહીં ફળ જે એક નીપજે
જે સુખ નામે ઓળખાયે,
તે પણ ત્રિવિધ જણાયે
કર્મવશે. ૭૬૭

તો ફળરૂપ તે સુખ
ત્રિગુણે ભેદાયે દેખ,
વર્ણવાયે હવે વિશદ
સ્પષ્ટ શબ્દે. ૭૬૮

પણ તે વિશદતા કેવી
કે શબ્દ વડે લેતા સાંભળી,
કર્ણસંપુટનો આભડે
મળ તેને. ૭૬૯

એટલે જેને યોગે
બાહ્ય અવધાન ત્યજાયે,
એવી અંતર્મુખ વૃત્તિએ
સાંભળ હવે. ૭૭૦

એવું કહીને દેવ
ત્રિવિધ સુખનો પ્રસ્તાવ—
માંડશે તે પ્રવાહ
કહું હવે. ૭૭૧

ત્રણ સુખોની સંજ્ઞા
કહીશ એવી પ્રતિજ્ઞા—
કરી હતી તે પ્રાજ્ઞા
સાંભળ હવે. ૭૭૨

હવે તે સુખ પાર્થ
કરીશ નયનગોચર,
જે આત્માના મિલને
જીવને થાય. ૭૭૩

પણ માત્રાને માપે
દિવ્ય ઔષધ લેવાયે,
કથીરનું રૂપું કરાયે
જેમ રસને પુટે. ૭૭૪

અથવા લવણનું જળ
કરવા બેચાર વેળ-
છાંટવું પડે જળ
જેમ પાર્થ— ૭૭૫

તેમ થયેલા સુખલેશે
જીવે કરેલા અભ્યાસે,
જીવપણાનું નાશે
દુઃખ જ્યાં. ૭૭૬

તે જગે આત્મસુખ
થઈ રહે ત્રિગુણાત્મક,
તેમનું હવે એક એક
વર્ણવું રૂપ. ૭૭૭

ચંદન વૃક્ષનું થડ
સર્પ થકી અવડ,
કાં ગુપ્ત ધનનું મુખ
રોધે પિશાચ. ૭૭૮

અરે સ્વર્ગ તણા સુંદર
ભોગે યજ્ઞોનું સંકટ,
કાં બાળપણ કલેશકારક
ત્રાસ કાળે. ૭૭૯

અરે દીપ તણી સિદ્ધિએ
ધુમાડાનો ત્રાસ હોયે,
કે ઔષધિ હિતકર છતાંયે
જીભને કષ્ટ દે. ૭૮૦

તે પ્રમાણે પાંડવ
જે સુખનો પ્રારંભ—
યમદમો વડે વિષમ
રહે સદા. ૭૮૧

સર્વ સ્નેહને શાંત કરે
એવો વૈરાગ્ય ઊપજે અંગે,
સ્વર્ગસંસારનાં તોડે
સર્વ બંધન. ૭૮૨

વિવેક શ્રવણને અતિ ક્લેશે
કર્કશ વ્રતોના આચરણે,
કટકેકટકા કરાયે
બુદ્ધિ આદિના. ૭૮૩

સુષુમણાને મુખે
પ્રાણાપાનનાં પૂર પ્રાશે,
પ્રારંભે જ ભોગવવાં પડે
કષ્ટ આટલાં. ૭૮૪

સારસ યુગલને તોડાયે
આંચળથી વાછરું કઢાયે,
કે ભૂખ્યાને ઉઠાડી મુકાયે
ભાણા પરથી. ૭૮૫

કે માત પાસેથી બાળક
કાળ ખૂંચવે એકનો એક,
અથવા થાયે વિયોગ
ઉદકથી માછલીનો. ૭૮૬

તેમ વિષયોનાં ઘર
છોડતાં ઇન્દ્રિયોને ઘોર—
યુગાંત થાયે તે ધીર
વિરાગે સહે. ૭૮૭

એવો જે સુખનો આરંભ
આપે કઠોરતાનો ક્ષોભ,
પછી ક્ષીરાબ્ધિએ લાભ
જેમ અમૃતનો. ૭૮૮

પહેલાં વૈરાગ્યનું ગરલ
ધૈર્ય શંભુ કરે પ્રાશન,
પછી પ્રગટે જ્ઞાનામૃત
આનંદ જ્યાં. ૭૮૯

ઉમાડિયાને માત કરે
એવી દ્રાક્ષની કચાશ કોરે,
પણ પરિપાકે તે લજાવે
મધુરતાને માધુર્યે. ૭૯૦

વૈરાગ્યાદિક તે પ્રમાણે
પક્વ થતાં આત્મપ્રકાશે,
વૈરાગ્ય સહિત નાશે
સકળ અવિદ્યા. ૭૯૧

ગંગા જેમ સાગરે
તેમ બુદ્ધિ આત્માએ—
ભળતાં ખાણ ઊઘડે
અદ્વયાનંદની. ૭૯૨

આવા સ્વાનુભવ વિશ્રામે
વૈરાગ્યમૂળ જે પરિણમે,
તે સાત્ત્વિક એવા નામે
ઓળખાયે સુખ. ૭૯૩

ઇન્દ્રિયો અને વિષય
જ્યાં મળે ધનંજય,
વહી નીકળે તે સુખ
બન્ને કાંઠે. ૭૯૪

સત્તાધીશ ગામે આવે
તવ જે ઉત્સાહ સંચરે,
કે કરજ કાઢી કરાયે
વિવાહોત્સવ. ૭૯૫

અથવા રોગીની જીભને
ખાંડકેળાં મધુર લાગે,
કાં વછનાગે જણાયે
મધુરતા પહેલાં. ૭૯૬

જેમ ચોરોનો સંગાથ,
વારાંગનાનો ખોટો ભાવ,
કાં બહુરૂપીનો વિનોદ
ચિત્રવિચિત્ર. ૭૯૭

તેમ વિષયેન્દ્રિય સંયોગે
જે સુખ જીવને પોષે,
પછી પછડાઈને ખડકે મરે
હંસ જેમ— ૭૯૮

તેમ કમાયેલું ધન ખૂટે
આયુષ્યનો નાશ થાયે,
સુકૃતનું પુણ્ય ખોવાયે
જાણ પાર્થ. ૭૯૯

જે કાંઇ ભોગવ્યું હોયે
તે સ્વપ્ન સમ ઊડી જાયે,
પછી હાનિના દુઃખમાં
આળોટાયે સદા. ૮૦૦

આવી આપત્તિએ જે સુખ
ઇહલોકે પરિણમે દેખ,
પરલોકે તે જ વિષ
થઈ ને ઊભરે. ૮૦૧

જો ઇન્દ્રિયોને સકૌતુકે
ધર્મ તણી વાડી અપાયે,
તે બાળીને સુખ ભોગવે
વિષયો તણું. ૮૦૨

ત્યાં પાતકોને બળ મળે
જે નરકે સ્થાન અપાવે,
એવો અપાય પરલોકે
જે સુખ વડે. ૮૦૩

વછનાગ મધુર કહેવાયે
પણ મારીને પોત પ્રકાશે,
તેમ જે મધુર આરંભે
અંતે કડુ. ૮૦૪

પાર્થ તે સુખ ખરેખરે
બનેલું રજસનું હોયે,
એટલે અડીશ ન તેને
કયારે કદી. ૮૦૫

અને અપેયને પાને,
અખાદ્યને ભોજને,
સ્વૈર સ્ત્રી સંભોગે
થાય જે સુખ. ૮૦૬

કાં બીજાના વિનાશે,
કે પરધન અપહરણે—
જે સુખ અવતરે
ચારણની સ્તુતિયે. ૮૦૭

જે આળસ વડે પોષાયે,
જે નિદ્રામાં અનુભવાયે,
જેને આદ્યંતે ભુલાયે
આત્મમાર્ગ. ૮૦૮

અરે તે સુખ પાર્થા
તામસ જાણ સર્વથા,
હવે બહુ ન કહું કથા
અસંભાવ્ય જે. ૮૦૯

એવા આમૂલ કર્મભેદે
ફળસુખ ત્રિવિધ થાયે,
તે આ યથાગમ તને
કરાવ્યું ગોચર. ૮૧૦

તે કર્તા, કર્મ, કર્મફળ
આ એક ત્રિપુટી કેવળ,
તેના વિના નથી સ્થૂળ-
સૂક્ષ્મ કાંઈ જગે. ૮૧૧

અને આ ત્રિપુટી
ત્રણેય ગુણે કિરીટી,
રહે તેમ ગૂંથાઈ
જેમ પટે તંતુ. ૮૧૨

એટલે પ્રકૃતિને આભાસે
સત્ત્વાદિકોયે ન બંધાયે,
એવી સ્વર્ગે કે મૃત્યુલોકે
નથી કોઈ વસ્તુ. ૮૧૩

ઊન વિના કામળો ન હોયે,
માટી વિના લોંદો ન હોયે,
જળ વિણ કયાં દેખાયે
તરંગો અરે. ૮૧૪

તેમ ગુણોથી ન બનેલું
સૃષ્ટિરચનાએ રચવું,
સંભવે ન તને કહું
પ્રાણીજાત. ૮૧૫

એટલે આ સકળ
ત્રિગુણોનું કેવળ,
બન્યું છે નિખિલ
જાણ પાર્થ. ૮૧૬

ગુણ થકી ત્રણ દેવ થયા
અને લોકે ત્રિભેદ થયા,
ચાર વર્ણ અરે નીપજ્યા
ચાર વ્યવસાય. ૮૧૭

અરે તે ચાર વર્ણ
પૂછીશ જો કોણ કોણ,
તો તેમાં મુખ્ય બ્રાહ્મણ
શ્રેષ્ઠ જાણ. ૮૧૮

અન્ય ક્ષત્રિય વૈશ્ય બન્ને
બ્રાહ્મણો સમા મનાયે,
જે તે વૈદિક વિધાના
ગણાય અધિકારી. ૮૧૯

ચોથો શૂદ્ર જે ધનંજય
તેનો વેદોથી ન સંબંધ,
છતાં ત્રિવર્ણને આધીન
તેમની વૃત્તિ. ૮૨૦

તે વૃત્તિની નિકટતાયે
બ્રાહ્મણાદિકોની સંગાથે,
શૂદ્ર પણ થઈ આવે
વર્ણ ચોથો. ૮૨૧

જેમ પુષ્પોની સંગતિયે
સૂતર સ્વીકારાયે શ્રીમંતે,
તેમ દ્વિજસંગે શૂદ્રને
સ્વીકારે શ્રુતિ. ૮૨૨

એવી એવી અરે પાર્થા
છે ચાતુર્વર્ણ્ય-વ્યવસ્થા,
હવે એમના કર્મપથા
વર્ણવીશ હું. ૮૨૩

જે ગુણોએ ચારે વર્ણ
જન્મમૃત્યુની કાતર—
ચૂકવીને પ્રભુ પાસે
પામે પ્રવેશ. ૮૨૪

જે આત્મપ્રકૃતિયે તેમને
સત્ત્વાદિકે ત્રણે ગુણે,
કર્મ વિભાગીને ચારેયને
વહેંચી આપ્યાં. ૮૨૫

જેવું પિતાનું ધન પુત્રને
રવિપ્રકાશે પંથ પથિકને,
કે વિવિધ કર્મો સેવકોને
સ્વામી વહેંચે. ૮૨૬

તેમ પ્રકૃતિને ગુણે
કર્મોનો વિસ્તાર જે,
કર્યો છે વર્ણોએ
ચારેય આ. ૮૨૭

ત્યાં સત્ત્વગુણે પોતાને
સમવિષમ ભાગ પ્રમાણે,
સર્જ્યા અધિકારી બન્ને
બ્રાહ્મણ ને ક્ષત્રિય. ૮૨૮

રજપ્રધાન પણ સાત્ત્વિક
ત્યાં મૂક્યા વૈશ્ય લોક,
જ્યાં રજ હોયે તમમિશ્રિત
ત્યાં શૂદ્ર જાણ. ૮૨૯

આમ એક જ પ્રાણીવૃંદે
ચતુર્વર્ણનો ભેદ ઊપજે,
તે ગુણો વડે જ થાયે
જાણ પ્રબુદ્ધ. ૮૩૦

પછી આપણું મૂકેલું હોયે
તે દીપક સહજ દેખાડે,
ગુણભિન્ન કર્મ તે પ્રમાણે
દેખાડે શાસ્ત્રો. ૮૩૧

તે જ હવે કોણ કોણ
વર્ણવિહિત કર્મનાં લક્ષણ,
એ કહું સાંભળ શ્રવણ—
સૌભાગ્યનિધિ. ૮૩૨

તો સર્વેન્દ્રિયોની વૃત્તિ
પોતાને હાથે ગ્રહી,
આત્માને ભેટે બુદ્ધિ
જેમ કાન્તને પ્રિયા. ૮૩૩

એવો બુદ્ધિનો ઉપરમ
તેનું જ નામ શમ,
તે ગુણે કરે ઉપક્રમ
કર્મ જેનું. ૮૩૪

અને બાહ્યેન્દ્રિયોનો સમુદાય
વિધિનિષેધનો વાપરી દંડ-
ન થવા દે અધર્મે પ્રવૃત્ત
કયારે કદી. ૮૩૫

તો શમને સદા સહાયક
જ્યાં દમ વર્તે ગુણ દ્વિતીય,
સ્વધર્મનું કરી અનુસરણ
જીવવું જે. ૮૩૬

તેમ જ છઠની નિશાયે
જેમ દીવો અખંડ રખાયે,
ઈશ્વરચિંતન સદા ચાલે
ચિત્તે જેને. ૮૩૭

તેનું જ નામ તપ,
ત્રીજા ગુણનું તે રૂપ,
અને શુચિતા નિષ્પાપ
દ્વિવિધ જ્યાં. ૮૩૮

મન ભાવશુદ્ધિયે ભર્યું,
તન વિહિત કર્મે શૃંગાર્યું,
એવું બાહ્યાંતર જીવવું
સુરુચિભર્યું. ૮૩૯

તેનું નામ શુચિતા પાર્થ
જે કર્મે તે ગુણ ચતુર્થ,
અને ધરતીના જેમ સર્વત્ર
સર્વ સહેવું સદા. ૮૪૦

તે ક્ષમા હે પાંડવ
ગુણ છે જ્યાં પંચમ,
સ્વરોમાં શ્રેષ્ઠતમ
પંચમ જેવો. ૮૪૧

અને વાંકા પ્રવાહે
ગંગા જેમ સરળ વહે,
કાં વાંકી શેરડીએ
મધુરતા સરળ. ૮૪૨

તેમ પ્રતિકૂલ પ્રાણીઓયે
જે ગરવી ઋજુતા હોયે,
તે આર્જવ ષષ્ઠમ ગણાયે
ગુણ જ્યાંનો. ૮૪૩

માળી પ્રયત્ને પાણી પાયે
ઝાડને મૂળે નિરંતર અરે,
પણ તે સકળ શ્રમ કરે
ફળ કારણે. ૮૪૪

તેમ શાસ્ત્રોના આચરણે
કેવળ પ્રભુપ્રાપ્તિ મેળવાયે,
એ જેને નિશ્ચિત સમજાયે
તે જાણવું જ્ઞાન. ૮૪૫

અરે તે જે કર્મે
સપ્તમ ગુણ હોયે,
અને વિજ્ઞાન દેખાયે
આવા રૂપે. ૮૪૬

તો સત્ત્વશુદ્ધિની ઘડીએ
શાસ્ત્ર વડે કે ધ્યાનબળે,
ઈશ્વરતત્ત્વમાં સમાયે
નિઃશંક બુદ્ધિ. ૮૪૭

આ વિજ્ઞાન નરવું
તે ગુણરત્ન આઠમું,
અને આસ્તિકય જાણવું
નવમો ગુણ. ૮૪૮

જો રાજમુદ્રા પાસે હોયે
તો પ્રજા માને ગમે તેને,
તેમ શાસ્ત્રોએ સ્વીકૃત જે
માર્ગ સકળ. ૮૪૯

તેમને આદરે ગ્રહવું
તેને હું આસ્તિકય કહું,
એવો નવમો ગુણ વિરાજે
તે કર્મ સાચ. ૮૫૦

એવં નવેય શમાદિક
ગુણો જ્યાં નિર્દોષ,
તે કર્મ જાણ સહજ
બ્રાહ્મણ તણું. ૮૫૧

તે નવ ગુણ રત્નાકર
આ નવ રત્નોનો હાર,
ન મૂકે જેમ દિનકર
પ્રકાશને પાર્થ. ૮૫૨

અથવા ચંપો ચંપાથી પૂજિત,
ચંદ્ર ચંદ્રિકાથી ધવલિત,
કે ચંદન જેમ ચર્ચિત
નિજ સૌરભે. ૮૫૩

તેમ નવ ગુણોથી જડિત
હોય તે અલંકારભૂષિત,
જે કદી ન છોડે દેહ
બ્રાહ્મણ તણો. ૮૫૪

હવે ક્ષત્રિયને ઉચિત
જે કર્મ હોયે ધનંજય,
કહું તે તું સાંભળ
પ્રજ્ઞાબળે. ૮૫૫

તો ભાનુ તેજને વિશે
સહાય કદી ન અપેક્ષે,
કાં સિંહ સંગાથ ન શોધે
શિકાર કરવા. ૮૫૬

એવો સ્વયંભૂ બળવંત
નિરપેક્ષ મહિમાવંત,
તે શૌર્ય જ્યાં શ્રેષ્ઠ
પ્રથમ ગુણ. ૮૫૭

અને આદિત્યને પ્રતાપે
કોટિ નક્ષત્રો આથમે,
પણ સૂર્ય ન ક્યારે લોપે
સચંદ્રનક્ષત્રોયે. ૮૫૮

તેમ પોતાની પ્રૌઢિયે
જગતને વિસ્મિત કરે,
પોતે કદી ન ક્ષોભે
કશાથી જે. ૮૫૯

તે પ્રગલ્ભતાભર્યું તેજ
જે કર્મનો દ્વિતીય ગુણ,
અને ધૈર્ય તે તૃતીય
ગુણ જ્યાં વસે. ૮૬૦

તૂટી પડો આકાશ,
બુદ્ધિનાં નયન માનસ
ઝાંખાં ન પાડે સાંભળ
ધૈર્ય તે. ૮૬૧

ગમે તેટલું ગહન ઉદક
કમળ વિકસે તેની ઉપર,
કાં ઊંચાઈયે આકાશ
ગણાયે સર્વોચ્ચ. ૮૬૨

તેવી વિવિધ અવસ્થા
આવતાં જીતે જે પાર્થા,
પ્રજ્ઞા ફળ તણા અર્થા
ભેદવા જાણે. ૮૬૩

તે દાક્ષિણ્ય વિશદ
જ્યાં ગુણ ચોથો દેખ,
અને યુદ્ધ અલૌકિક
પંચમ ગુણ. ૮૬૪

સૂર્યમુખીનાં વૃક્ષ
સૂર્યની સદા સન્મુખ,
તેમ શત્રુ વિશે તત્પર
રહે જે સદા. ૮૬૫

સગર્ભા પ્રયત્નપૂર્વક
ટાળે સહશય્યા અચૂક,
તેમ રિપુથી થવું વિમુખ
ટાળે રણે. ૮૬૬

ક્ષત્રિયોનાં આચરણે
આ પાંચમો ગુણેન્દુ હોયે,
ચાર પુરુષાર્થને માથે
જેમ ભક્તિ વિલસે. ૮૬૭

અને પુષ્પ ફળથી અલંકૃત
જેમ વહેંચવામાં ઉદાર,
કે પરિમલ અર્થે ઉદાર
કમલવૃંદ. ૮૬૮

અથવા નિજ રુચિ અનુસાર
ચંદ્રિકા ગમે તેનાથી સેવાય,
અન્ય જનોના સંકલ્પો જોઈ
કરાયે દાન. ૮૬૯

તે અપરિમિત દાન
જ્યાં ષષ્ઠમ ગુણરત્ન,
અને આજ્ઞાનું એકાયતન
જીવન જેનું. ૮૭૦

પોતાના અવયવ સંગોપે
તેમના વડે ધાર્યું કરાવે,
તેમ પાળીને પ્રેમ જગાડે
પછી ભોગવે. ૮૭૧

તેનું નામ ઈશ્વરભાવ
જે સર્વસામર્થ્યનું નિધાન,
તે ગુણોમાં સર્વશ્રેષ્ઠ
સાતમો જ્યાં. ૮૭૨

એવું જે શૌર્યાદિકે
આ સાત ગુણવિશેષે,
અલંકૃત સપ્તઋષિએ
ગગન જેમ. ૮૭૩

તેમ સપ્તગુણે વિચિત્ર
કર્મ જે જગે પવિત્ર,
તે સહજ જાણ ક્ષાત્ર
ક્ષત્રિય તણું. ૮૭૪

અથવા ક્ષત્રિય ન હોયે નર
સત્ત્વસુવર્ણનો મેરુ પર્વત,
એટલે ગુણસ્વર્ગનો આધાર
સાતેયનો. ૮૭૫

અથવા સપ્ત ગુણાર્ણવે
વીંટળાયલી જે હોયે-
તે ક્રિયારૂપ પૃથ્વી જાણે
ભોગવે તે. ૮૭૬

કાં ગુણોના સપ્ત પ્રવાહે
આ ક્રિયા જે ગંગા જગે,
ક્ષત્રિયરૂપ મહોદધિયે
વિલસે અરે. ૮૭૭

પણ બહુ થયું હવે દેખ
શૌર્ય આદિ ગુણાત્મક,
કર્મ હોયે નૈસર્ગિક
ક્ષાત્ર જાતિને. ૮૭૮

હવે વૈશ્યની જાતિને
ઉચિત જે મહામતે,
તે સાંભળ એકચિત્તે
ક્રિયા કહું. ૮૭૯

તો ભૂમિ, બીજ ને હળ
એવી મૂડીનો આધાર,
લઈને લાભ અપાર
મેળવવું જે. ૮૮૦

કિંબહુના ખેતીથી જીવવું,
ગોધન રાખીને વરતવું,
કે સસ્તાને વેચવું
મોંઘું કરીને. ૮૮૧

એટલે જ હે પાંડવ
વૈશ્યનો કર્મસમુદાય,
આ વૈશ્યજાતિ-સ્વભાવ
જાણ સહજ. ૮૮૨

અને વૈશ્ય ક્ષત્રિય બ્રાહ્મણ
આ દ્વિજન્મા ત્રણે વર્ણ,
એમની શુશ્રૂષા જાણ
શૂદ્રનું કર્મ. ૮૮૩

દ્વિજસેવા ઉપરાંત
શૂદ્રને નથી કર્તવ્ય,
એવં ચતુર્વર્ણોચિત
દેખાડયાં કર્મો. ૮૮૪

અને આ વિચક્ષણ
ભિન્ન વર્ણાનુસાર,
ઉચિત જેમ શબ્દ
શ્રોત્રાદિકે. ૮૮૫

નહીં તો જલદથી ચ્યુત
જળ કાજે સરિતા ઉચિત,
સરિતાને હે પાંડુસુત
ઉચિત સિંધુ. ૮૮૬

તેમ વર્ણાશ્રમ પ્રમાણે
જે કર્તવ્યકર્મ પ્રાપ્ત હોયે,
તે શોભે જેમ ગૌર અંગે
ગૌરવર્ણ. ૮૮૭

તે સ્વભાવ વિહિત કર્મે
વીરોત્તમ શાસ્ત્રોને મુખે,
પ્રવર્તવા કાજે કરાયે
પ્રમા અચળ. ૮૮૮

રત્ન પોતાનું જ હોયે
પારખી પાસે પરીક્ષાયે,
તેવું સ્વકર્મ સ્વીકારાયે
શાસ્ત્રસંમતિયે. ૮૮૯

જેમ દૃષ્ટિ હોય પાસે
પણ દીપ વિના ન જોવાયે,
માર્ગ જો ન નજરે પડે
પગનો ઉપયોગ શો. ૮૯૦

એટલે જ્ઞાતિવશે ખરેખર
સહજ હશે જે અધિકાર,
તે નિજ શાસ્ત્રે ગોચર
કરી લેવો. ૮૯૧

પછી ઘરમાંનું ગુપ્ત ધન
નયનને દેખાડે પ્રદીપ,
તો તે લેતાં પાંડવ
અવરોધ શાનો. ૮૯૨

તેમ સ્વભાવે પ્રાપ્ત થાયે
વળી શાસ્ત્રે પ્રમાણિત હોયે,
તે વિહિત પોતાનું જે
આચરે પાર્થ. ૮૯૩

પણ આળસ છાંડીને,
ફળની ઇચ્છા ત્યજીને,
દેહે પ્રાણે તે આદરીને
કરતો રહે જે. ૮૯૪

જળ પડે જેમ પ્રવાહે
તો ભિન્ન વહેવું ન જાણે,
તેમ આચરણે ગોઠવાયે
વ્યવસ્થાપૂર્વક. ૮૯૫

અર્જુન જે આ પ્રમાણે
વિહિત કર્મ પોતે કરે,
તે મોક્ષના પ્રથમ દ્વારે
પહોંચી રહે. ૮૯૬

અકારણીય અથવા નિષિદ્ધ
એમની જોડે નથી સંબંધ,
એટલે મોક્ષ વિરોધી ભવ
ટળે તેના. ૮૯૭

અને કામ્યકર્મ ભણી
જેની દૃષ્ટિ પડતી નથી,
તે ચંદનની પણ બેડીથી
બંધાય ના. ૮૯૮

બીજાં જે નિત્યકર્મ
ફળત્યાગે વિસર્જ્યાં સર્વ,
એટલે પામી શક્યો તે
મોક્ષદ્વાર. ૮૯૯

આમ શુભાશુભ સંસારે
તજેલો તે ઊભો રહે,
વૈરાગ્ય મોક્ષને દ્વારે
સહજ પાર્થ. ૯૦૦

જો સકળ ભાગ્યની સીમા
મોક્ષલાભની જે પ્રમા,
અથવા આવે અંત જ્યાં
કર્મમાર્ગનો શ્રમ. ૯૦૧

મોક્ષફળે આપેલું તારણ
જે સુકૃતતરુ તણું પુષ્પ,
તે વૈરાગ્યે મૂકે ચરણ
ભ્રમરની પેઠે. ૯૦૨

આત્મજ્ઞાન સુદિન તણો
વધાવો આપતાં અરુણનો,
ઉદય જેમ તેમ વિરાગનો
લાભ થાયે. ૯૦૩

કિંબહુના આત્મજ્ઞાન
જેના વડે લાધે નિધાન,
તે વૈરાગ્ય દિવ્યાંજન
પામે બુદ્ધિએ. ૯૦૪

એવી મોક્ષની યોગ્યતા
પ્રાપ્ત થાય તેને પાંડુસુતા,
જે અનુસરે વિહિત કર્મો
શ્રદ્ધાપૂર્વક. ૯૦૫

આ વિહિત કર્મ પાંડવ
પોતાનું અનન્ય જીવન,
અને આ જ સેવા પરમ
મુજ સર્વાત્મકની. ૯૦૬

જેમ સકળ ભોગો માંહે
પતિવ્રતા ક્રીડે પતિ સાથે,
તે ક્રીડા જ કહેવાયે
તપ સતીનાં. ૯૦૭

કાં માતા વિના બાળકને
અન્ય આધાર જ ન હોયે,
એટલે તેનો આશ્રય ગણાયે
બાળકનો ધર્મ. ૯૦૮

અથવા જળ કાજે માછલી
જેમ ગંગાને ન છોડી,
સર્વ તીર્થ સહવાસે તેથી
થાય અધિકારી. ૯૦૯

તેમ આપણાં વિહિત કર્મ
અખંડ આચરવાં એ જ ધર્મ,
તે એમ આચરાયે કે થાય
જગન્નાથ ઋણી. ૯૧૦

અરે જેનું જે વિહિત
તે ઈશ્વરનું મનોગત,
આચરતાં તે નિભ્રાંત
ભેટશે પ્રભુ. ૯૧૧

કપરી કસોટીયે ઊતરે
તે દાસી સ્વામીની બને,
શિર સાટે સેવા કરે
તે પામે ઇનામપત્ર. ૯૧૨

તેમ સ્વામીના મનોભાવો
રાખીએ તે જ પરમ સેવા,
બીજું બધું તે પાંડવા
વાણિજ્ય. ૯૧૩

એટલે વિહિત ક્રિયા કરવી
તે પ્રભુની આજ્ઞા પાળવી,
ભૂતમાત્ર જેની પાસેથી
આકાર પામે. ૯૧૪

જે અવિદ્યાનાં ચીથરાં વીંટાળી
બનાવે જીવરૂપી ઢીંગલી,
નચાવે બાંધીને ત્રિગુણોની
અહંકાર-દોરડી. ૯૧૫

જેના વડે જગ સમસ્ત
અંતરબાહ્ય પૂર્ણ વ્યાપ્ત,
જેમ હોયે દીપજાત
વ્યાપ્ત તેજે. ૯૧૬

તે સર્વાત્મક ઈશ્વરને
સ્વકર્મ-કુસુમો વડે,
પૂજતાં ઊપજાવે અરે
અપાર સંતોષ. ૯૧૭

પામતાં એવું પૂજન
તુષ્ટ થઈને આત્મરાજ,
વૈરાગ્યસિદ્ધિનું આપે
પ્રસાદદાન. ૯૧૮

જે વૈરાગ્યદશાએ
ચડતાં ઈશ્વરને છંદે,
સંસારસુખે વિરતિ ઊપજે
જેમ વમને. ૯૧૯

પ્રાણનાથના વિયોગે
વિરહિણીને જીવવું સાલે,
તેમ સર્વ સુખો જણાયે
કલેશકારક. ૯૨૦

સમ્યક્‌જ્ઞાન ન હોવા છતાં
પ્રભુછંદે ઊપજે તન્મયતા,
એવી ગરવી યોગ્યતા
લાધે બોધે. ૯૨૧

એટલે મોક્ષલાભ કાજે
જે વ્રતોનું પાલન કરે,
તેણે રાખવી આસ્થા સ્વધર્મે
અનુષ્ઠાન સમયે. ૯૨૨

અરે આપણો નિજ ધર્મ
આચરણે જણાય વિષમ,
તોપણ જોવું પરિણામ
ફળશે જે. ૯૨૩

જો આપણાં સુખ કાજે
લીમડો સુખકર હોયે,
કડવાશથી ન કંટાળાયે
તેની અરે. ૯૨૪

ફળવતી થતાં પહેલાં
કેળ જોતાં થાય નિરાશા,
પણ તેથી તેને ઉખેડતાં
કેળાં કેમ મળશે. ૯૨૫

તેમ જોઈને સ્વધર્મ કઠણ
કરાય જો તેનો ત્યાગ,
તો મોક્ષસુખે અંતરાય
ઊપજશે પાર્થ. ૯૨૬

અને આપણી માવડી
હોય જોકે કુબડી,
તોયે જિવાડે જેનાથી
તે પ્રેમ કુબડો નથી. ૯૨૭

હશે જો સ્ત્રી અન્ય
રંભા થકીયે સુંદર,
તોપણ શો ઉપયોગ
બાળકને તેનો. ૯૨૮

અરે પાણી કરતાં પુષ્કળ
ઘૃતે હોય ગુણ ખરેખર,
જીવી શકશે શું મીન
એટલે ઘૃતમાં. ૯૨૯

સકળ જગને જે વિષ
તે કીડીઓ કાજે પીયૂષ,
અને જગતને ગોળ મધુર
પણ કીડીનું મરણ ત્યાં. ૯૩૦

એટલે જેને જે વિહિત,
જેનાથી ફીટે સંસારબંધન,
તે કર્મ હોવા છતાં કઠોર
કર્તવ્ય તે જ. ૯૩૧

પરાચાર હોયે સુંદર
છતાં તેનું થતાં આચરણ,
પગનું ચાલવું કહેવાશે
કરાવ્યું મસ્તકે. ૯૩૨

એટલે પોતાનું કર્મ
જાતિસ્વભાવે જે વિહિત,
જે કરે તે જીતે
કર્મબંધને. ૯૩૩

અને સ્વધર્મ આચરવો,
પરધર્મ સદા ત્યજવો,
પાર્થ નિયમ એવો
જો ન કરાયે— ૯૩૪

તો આત્મા દૃષ્ટ ન હોયે
ત્યાં સુધી કર્મો ન થંભે,
અને સર્વ કર્મોને આરંભે
આયાસ નિશ્ચિત. ૯૩૫

એટલે ગમે તે કર્મે
આયાસ જો ઉપક્રમે,
તો શો દોષ સ્વધર્મે
કહે પાર્થ. ૯૩૬

અરે રાજમાર્ગે ચલાયે
તોપણ પગે શ્રમ પડે,
અને દોડતાં આડવાટે
શ્રમ જ પગને. ૯૩૭

દશમી હોયે કે શિલા
ભાર સરખો ધનંજયા,
પણ ઉપાડીએ જેના વડે
સુખ મળે અંતે. ૯૩૮

આમ છોડાં કે ચોખા
ખાંડતાં કષ્ટ સરખાં,
શ્વાન કાજે માંસ રાંધતાં
કે અગ્નિયે હવિ આપતાં. ૯૩૯

દધિ કે પાણી વલોવતાં
પાર્થ પરિશ્રમ સરખા,
રેતી કે તલ પિલાતાં
ઘાણીએ જેમ. ૯૪૦

હોમહવન કરતાં
કાં આગ સળગાવતાં,
ધુમાડો સરખો ધનંજયા
સહેવો પડે. ૯૪૧

ધર્મપત્ની કે રખાત
પોષતાં શ્રમ જો સમાન,
તો પોષીને રખાતને
અન્યાય શેં વહોરવો. ૯૪૨

જો પીઠમાં વાગે ઘાવ
તોયે ન ચૂકે મરણ,
તો કેમ થઈને સન્મુખ
ઘા ન ઝીલવો. ૯૪૩

કુલટા નિજ ઘર છોડે
પારકે પણ માર ખાયે,
તો છોડવું નિજ પતિને
શું વ્યર્થ ન ગયું. ૯૪૪

ગમે તે કર્મ ભલે હોયે
પરિશ્રમ વિના જો ન નીપજે,
તો કયે મોઢે વિહિતને
કહેવું કઠણ. ૯૪૫

ઉપરાંત મેળવતાં અમૃત
સર્વસ્વ ભલે ખર્ચાયે પાર્થ,
જે પ્રાપ્ત થતાં જીવિત
થાયે અક્ષય. ૯૪૬

શા કાજે ખર્ચીને ધન
વિષ કરાયે પ્રાશન,
જેનાથી નીપજે મરણ
આત્મહત્યાએ. ૯૪૭

તેમ ઇન્દ્રિયોને કષ્ટ આપીને,
આયુષ્યના દિવસો ખર્ચીને,
પાપ સંચય થતાં થાયે
દુઃખ નિષ્પન્ન. ૯૪૮

એટલે આચરવો સ્વધર્મ
જે આચરણે હરશે શ્રમ,
આપશે ઉચિત પરમ
પુરુષાર્થરાજ. ૯૪૯

આ કારણે પાર્થ
સ્વધર્મનું આચરણ—
ન વીસરાયે સંકટે જેમ
સિદ્ધિમંત્ર. ૯૫૦

કાં નાવ જેમ ઉદધિ,
કે મહારોગે દિવ્યૌષધિ—
ન વીસરાયે તે જ બુદ્ધિ
સ્વકર્મે જગે. ૯૫૧

પછી કપિધ્વજ તે કર્મ વડે
સ્વકર્મ તણી મહાપૂજાએ,
સંતુષ્ટ ઈશ્વર તમરજને
નષ્ટ કરીને. ૯૫૨

શુદ્ધ સત્ત્વને પંથે
આપણી ઉત્કંઠા વાળે,
ભવસ્વર્ગને દેખાડે
કાળકૂટ જેવાં. ૯૫૩

અરે વૈરાગ્યને નામે
જે સંસિદ્ધિ વખાણાયે,
કિંબહુના તે નિજ સ્થાને
પહોંચાડે પ્રભુ. ૯૫૪

પછી જીતેલી તે ભૂમિકાયે
સાધક સર્વત્ર જેમ પ્રવર્તે,
અને છતાંયે તે જે લાધે
વર્ણવું હવે. ૯૫૫

તો દેહાદિક આ સંસારે
સઘળે પ્રસરેલી મહાજાળે,
તે ન સપડાયે, જેમ પવન
પારધીની જાળે. ૯૫૬

પરિપક્વતાની ઘડીયે
ફળ ડીંટે કે ડીંટું ફળે—
ન ચોંટે તેમ મમતા લોપે
સર્વત્ર તેની. ૯૫૭

પુત્ર વિત્ત કલત્ર
વરતવા છતાં નિજ તંત્ર,
મારાં ન કહે જેમ પાત્ર
વિષયુક્ત પીરસેલું. ૯૫૮

એ ભલે સકળ વિષયે
દાઝીને બુદ્ધિ પાછી ફરે,
અને હૃદયને એકાંતે
પગલું ભરે. ૯૫૯

આવી રીતે અંતઃકરણ
બહાર ફરકતાં તેની આણ,
ન મોડે જેમ દાસી સભય
રાજાજ્ઞાને. ૯૬૦

તેવું એકાગ્ર કરીને
પાર્થ પોતાના ચિત્તને,
વેધ લગાડે ચડી છંદે
આત્મા તણો. ૯૬૧

તવા દષ્ટાદષ્ટની સ્પૃહા
આપમેળે વિલાયે પાર્થા,
અગ્નિની રાખે ધૂમ દબાતાં
જેમ લોપે. ૯૬૨

એટલે અંતર્મુખ માનસે
સ્પૃહા આપોઆપ વિલોપે,
કિંબહુના તે પામે
ભૂમિકા એવી. ૯૬૩

સઘળું અન્યથા જ્ઞાન
અસ્ત થઈને ત્યાં પાંડવ,
શુદ્ધ બોધે થાયે સ્થિર
ચિત્ત તેનું. ૯૬૪

સંઘર્યું પાણી ખર્ચાયે
તેમ ભોગવતાં પ્રારબ્ધ સરે,
અને નવું તો ન નિર્માયે
કેમે કરી. ૯૬૫

એવી કર્મસામ્યદશા
હોય ત્યાં વીરેશા,
શ્રીગુરુ તેને સહસા
આવીને મળે. ૯૬૬

રાત્રિના ચાર પ્રહર
જેમ થયે વિસર્જિત,
તમારી હોયે ગોચર
લોચનોને. ૯૬૭

ભૂમે ફળતાં કેળે
કેળ વધતી બંધ થાયે,
ગુરુમિલને તેવું હોયે
સાધક જીવને. ૯૬૮

પૂર્ણિમાને આલિંગને
ચંદ્રમા ઊણપો તજે,
ગુરુકૃપાને આશ્લેષે
તેવું થાય પાર્થ. ૯૬૯

જે જે અબોધ હોયે
તે તે ગુરુકૃપાએ નાશે,
જેમ નિશા સહિત ઓસરે
અંધકાર. ૯૭૦

તેમ અબોધની સંગાથે
કર્મ કર્તા કાર્ય ભાવે,
જે ત્રિપુટી રહે તે મરે
જેમ સગર્ભા. ૯૭૧

અબોધનો નાશ થાયે
તવ ક્રિયાજાત વિલાયે,
એવો સમૂળો સંભવે
સંન્યાસ આ. ૯૭૨

એવા મૂળ અજ્ઞાન સંન્યાસે
દશ્ય જવ નામશેષ હોયે,
તવ જાણવાનું તે તો સહજે
તેનું સ્વરૂપ. ૯૭૩

જાગ્રત થયે દેખ
સ્વપ્ને જોયેલું વમળ,
શોધીને શું કઢાયે
પોતાને વમળથી. ૯૭૪

હું ન જાણું હવે જાણીશ
એ લોપ્યું તેનું દુઃસ્વપ્ન,
થયો જ્ઞાતૃજ્ઞેયરહિત
ચિદાકાશ પોતે. ૯૭૫

પ્રતિબિંબ ધારી દર્પણ
બાજુએ મૂકતાં અર્જુન,
જોવાપણા વિનાનો જેમ
જોનારો રહે. ૯૭૬

તેમ જે અજ્ઞાન ઓસર્યું
સાપેક્ષ જ્ઞાનને લેતું ગયું,
પછી એક શેષ રહ્યું
ક્રિયામુક્ત ચિન્માત્ર. ૯૭૭

ત્યાં સ્વભાવે ધનંજય
ન રહે કોઈ જ કર્મ,
એટલે રહ્યો પ્રવાદ
નૈષ્કર્મ્યનો. ૯૭૮

તે પોતાનું પોતાનામાં
નિજ રૂપ વિલસે પાર્થા,
જેમ વાયુ લોપે વિલોપે
સાગરે તરંગ. ૯૭૯

તેમ જે ન હોવું નીપજે
તે નૈષ્કર્મ્યસિદ્ધિ મનાયે,
સર્વ સિદ્ધિઓમાં જે સહજે
પરમ સિદ્ધિ. ૯૮૦

મંદિરે પરમ કળશ
ગંગાને સિંધુ પ્રવેશ,
કાં સુવર્ણશુદ્ધિએ કસ
સોળમો અરે. ૯૮૧

તેમ આપનું અજ્ઞાન
ફેડી જે કાં જ્ઞાન,
તે ગળીને હોવાપણ
એવી જે દશા. ૯૮૨

તે દશાની પેલે પાર
નથી કાંઈ જ સંભવિત,
એટલે કહેવાય પાર્થ
પરમ સિદ્ધિ તે. ૯૮૩

પણ આ આત્મસિદ્ધિ
જે કોઈ ભાગ્યનિધિ,
શ્રીગુરુકૃપા ઉપલબ્ધિ-
વેળાયે પામે. ૯૮૪

ઉદય થતાં દિનકર
પ્રકાશરૂપ અંધાર,
કાં દીપ સંગે કપૂર
દીપરૂપ. ૯૮૫

અરે લવણની કણિકા
મળતાંવેંત ઉદકા,
પામે ઉદકરૂપા
જે પ્રમાણે. ૯૮૬

નિદ્રિતને જાગ્રત કરતાં
સ્વપ્ન સહિત તેની નિદ્રા—
લોપીને પામે નિજ રૂપા
જેમ તે. ૯૮૭

તેમ જે કોઈને સુભાગ્યે
ગુરુવાક્ય-શ્રવણની ઘડીયે,
દ્વૈત લોપીને વૃત્તિ નિવસે
આત્મરૂપે. ૯૮૮

કાન વચનને મિલને
સાહસા સાધક અરે,
સ્વસ્વરૂપે જઈને ભળે
ભાગ્યશાળી. ૯૮૯

તેને પછી કરવું રહે
એ કોનાથી કહેવાયે,
આકાશને શું હોયે
આવાગમન. ૯૯૦

એટલે તેને કાંઈ
ત્રિ વાર કર્તવ્ય નાહીં,
પણ આવું જે કાંઈ
ન થાય જેને. ૯૯૧

તે સ્વકર્મના અગ્નિયે
કામ્ય નિષિદ્ધના ઇંધને,
રજતમ આ બન્ને
બાળે પ્રથમ. ૯૯૨

પુત્ર વિત્ત પરલોક—
આ ત્રણેનો અભિલાષ,
આધીન હોય જેમ સેવક
એવું કરે. ૯૯૩

ઇન્દ્રિયો પદાર્થે સ્વૈર
રખડતાં અભડાઈ અપાર,
તેમને કરાવે સ્નાન
પ્રત્યાહાર તીર્થે. ૯૯૪

અને સ્વધર્મનું ફળ
ઈશ્વરે સમર્પીને બળ,
લઈને કર્યું અચળ
વૈરાગ્યપદ. ૯૯૫

આત્મસાક્ષાત્કાર કાજે
જે જ્ઞાન જરૂરી હોયે,
તે સામગ્રી ભેગી કરે
સર્વ રીતે. ૯૯૬

અને તે જ સમયે
જો સદ્‌ગુરુ આવી મળે,
અને જો કાંઈ ન કરે
પ્રતારણા તે. ૯૯૭

પણ ઔષધિ સેવતાંવેંત
શું આરોગ્ય મળે પરત,
કાં દિવસ ઊગતાં થાય
મધ્યાહ્ન અરે. ૯૯૮

ભીંજાયેલા સુંદર ખેતરે
બીજ પણ સારું વવાયે,
તો અપાર ફળ મળશે
કાળાંતરે. ૯૯૯

મળ્યો માર્ગ પ્રાંજળ
થયો સુસંગનો મેળ,
તો એ પામવા સુકામ
કાળ જોઈએ. ૧૦૦૦

તેવો વૈરાગ્યલાભ થયો
ઉપરાંત સદ્‌ગુરુ મળ્યો,
હૃદયે અંકુર ઊગ્યો
વિવેક તણો. ૧૦૦૧

તેથી બ્રહ્મ એક સત્ય
અન્ય સઘળું ભ્રાંત,
એવો પ્રત્યય યથાર્થ
સુદૃઢ થયો. ૧૦૦૨

પણ તે જે પરબ્રહ્મ
સર્વાત્મક સર્વોત્તમ,
મોક્ષ તણું પ્રયોજન
નિ:શેષ જ્યાં. ૧૦૦૩

જે ત્રણ અવસ્થા ઉદરે
હે પાર્થ જીરવી જાણે,
તે જ્ઞાનનેય નષ્ટ કરે
જે વસ્તુ. ૧૦૦૪

ઐક્યની એકતા ઓસરે
જ્યાં આનંદકણ ઓગળે,
નિ:શેષ થઈને રહે
જે કાંઈ પાર્થ. ૧૦૦૫

તે બ્રહ્મ ઐક્યભાવે
બ્રહ્મરૂપે જ રહેવાયે,
તે સાધકથી કરાયે
ક્રમશઃ અરે. ૧૦૦૬

જેમ બુભુક્ષિતને
ષડ્રસ ભોજન અપાયે,
તોયે તૃપ્તિ નીપજે
શ્વાસ પ્રતિશ્વાસે. ૧૦૦૭

તેમ વૈરાગ્યનું સ્નેહન
મળતાં વિચાર-પ્રદીપ—
પ્રજ્વલિત થઈ, મેળવે
તે આત્મનિધાન. ૧૦૦૮

તો ભોગવાયે આત્મઋદ્ધિ
એવી યોગ્યતાની સિદ્ધિ,
જેને દેહે નિરવધિ
અલંકારરૂપ. ૧૦૦૯

તે જે ક્રમે પરબ્રહ્મ
થઈ શકે તે સુગમ,
ક્રમનો હવે મર્મ
સાંભળ કહું. ૧૦૧૦

તો ગુરુ નિર્દેશિત પથે
આવીને વિવેકતીર્થને તટે,
બુદ્ધિનો મળ સર્વ ધોઈને
વિવેકબળે. ૧૦૧૧

પછી રાહુગ્રહણથી મુક્ત
નિજ પ્રભા આલિંગે નિશાકર,
તેવી શુદ્ધ બુદ્ધિ સ્થિર
આત્મરૂપે. ૧૦૧૨

ઉભય કુળ છાંડીને
કામિની અનુસરે પ્રિયને,
દ્વંદ્વત્યાગે નિજ ચિંતને
તેમ બુદ્ધિ. ૧૦૧૩

અને જ્ઞાન જેવું જીવન
લઈ જઈને નિરંતર,
ઇન્દ્રિયોએ આપ્યું મહત્ત્વ
શબ્દાદિકે. ૧૦૧૪

રશ્મિજાળ જવ આથમે
મૃગજળ લોપે આપમેળે,
તેમ કર્યું ઇન્દ્રિય નિરોધે
પંચવિષયે. ૧૦૧૫

ન જાણતાં અધમનું અન્ન
ખવાતાં કરાયે વમન,
તેમ વમે વાસના સહિત
ઇન્દ્રિયવિષયો. ૧૦૧૬

પછી વિષયવિમુખ તેમને
આણે આત્મવૃત્તિને ગંગાતટે,
પ્રાયશ્ચિત્ત કરે પ્રક્ષાલને
આ પ્રકારે. ૧૦૧૭

પછી સાત્ત્વિક ધૈર્યે તેણે
શુદ્ધ કરેલા કરણોને,
મનસહિત યોગધારણે
પ્રતિષ્ઠિત કર્યાં. ૧૦૧૮

તેમ પ્રારબ્ધે ઇષ્ટાનિષ્ટ
આવી ચડતા વિવિધ ભોગ,
ન કરે અનિષ્ટે પણ
કોઈ દ્વેષ. ૧૦૧૯

અથવા જો પ્રારબ્ધે
સાનુકૂળ સુખ થાયે,
તોયે તેમાં ન ઊપજે
અભિલાષ લેશ. ૧૦૨૦

આવી રીતે ઇષ્ટાનિષ્ટ,
અથવા પાર્થ રાગદ્વેષ-
ત્યજીને કરે નિવાસ
ગિરિકંદરે નિકુંજે. ૧૦૨૧

ત્યજીને જનકોલાહલ
વને એકાંતે નિવાસ,
દેહના અવયવો સહિત
સાધક કરે. ૧૦૨૨

તે શમાદિકે રમે
મૌન સંગે સંવાદે,
ગુરુવાક્યચિંતને ભૂલે
કાળ પણ તે. ૧૦૨૩

અને દેહે શક્તિ સંચરે,
ક્ષુધાનું શમન થાઓ,
કાં જીભના પૂર્ણ હોઓ
મનોરથ સકળ. ૧૦૨૪

ભોજન કરતી ઘડીયે
આ ત્રણેને અવગણે,
મિતાહારે સંતોષે
ન તોલે માપે. ૧૦૨૫

ભભકતા જઠરાગ્નિયે
ઓગળતા પ્રાણ જીવે,
એ પ્રયોજને અલ્પ સેવે
ભોજન તે. ૧૦૨૬

પરપુરુષ કામના કરે
તોયે કુળવધૂ ન સમર્પે,
નિદ્રા આળસે ન પરિણમે
તેમ ભોજન. ૧૦૨૭

દંડવત્ પ્રણામને પ્રસંગે
ધરતીને કાયા સ્પર્શે,
એ વિના ન આળોટે
અવિચારે કદી. ૧૦૨૮

દેહનિર્વાહને કાજે
હાથપગને તે હલાવે,
અંતર્બાહ્ય સ્વાધીન કરે
કિંબહુના તે. ૧૦૨૯

અને મનને ઉંબરે
વૃત્તિને આવવા ના દે,
ત્યાં વાણી વ્યાપારને
અવકાશ કયાંથી. ૧૦૩૦

આ દેહ વાચા માનસ
જીતીને આ બાહ્યપ્રદેશ,
સ્વાધીન કર્યું આકાશ
ધ્યાનનું તેણે. ૧૦૩૧

ગુરુવાક્યે જાગ્રત થયો
એવો આત્મબોધ પોતાનો,
ન્યાળે જેમ જોવાયે
પ્રતિબિંબ દર્પણે. ૧૦૩૨

જે પ્રકારે ધ્યાતા પોતાને
ધ્યાનસ્થ વૃત્તિને આધારે,
ધ્યેય બનાવે એ જાણી લે
ધ્યાનપદ્ધતિ. ૧૦૩૩

ત્યાં ધ્યાન ધ્યેય ધ્યાતા
આ ત્રણેયમાં એકરૂપતા—
થાયે ત્યાં સુધી પાંડુસુતા
કરવું ધ્યાન. ૧૦૩૪

એટલે તે મુમુક્ષુ
આત્મજ્ઞાને થયો દક્ષ,
પછી સ્વીકારીને પક્ષ
યોગાભ્યાસનો. ૧૦૩૫

અપાન રંધ્રદ્વયે
ધનંજય મધ્યભાગે,
જોર કરી એડી વડે
દબાવીને. ૧૦૩૬

ગુદાને સંકોચીને
ત્રણેય બંધ બાંધીને,
પછી ભેગા કરીને
ભિન્ન વાયુ. ૧૦૩૭

કુંડલિની જગાડીને,
મધ્યમા વિકસાવીને,
આધારાદિ ચક્ર ભેદીને
આજ્ઞાચક્ર સુધી. ૧૦૩૮

સહસ્રદળોના મેઘ
વરસાવે અમૃત સુભગ,
મૂળાધાર સુધી ઓઘ
આણીને તે. ૧૦૩૯

નાચતા પુણ્યગિરિયે
ચિદ્‌ભૈરવની ખોપરીએ,
મનપ્રાણ ઐકયની પીરસે
ખીચડી અરે. ૧૦૪૦

યોગાભ્યાસ દૃઢ કરે
બંધસમુદાય સામે ધરે,
પછી ધ્યાન સિદ્ધ કરે
પાછળની બાજુએ. ૧૦૪૧

અને ધ્યાન યોગ બન્ને
આ આત્મતત્ત્વને જ્ઞાને,
પ્રવેશવા નિર્વિઘ્ને તેણે
પહેલાંથી જ— ૧૦૪૨

વીતરાગતા સમાન
કર્યો છે સખા પ્રાપ્ત,
તે સર્વ ભૂમિકાએ ચાલે
તેની સાથે. ૧૦૪૩

જોવાનું જોવાયે ત્યાં સુધી
દૃષ્ટિને જો ન દીપ છાંડી,
તો વિલંબની વાત કેવી
તે અવસરે. ૧૦૪૪

તેમ પ્રવૃત્ત થતાં મોક્ષે
વૃત્તિ બ્રહ્મરૂપે વિલોપે,
ત્યાં સુધી વૈરાગ્ય જીવે
તેનો નાશ કેવો. ૧૦૪૫

એટલે વૈરાગ્ય સહિત
જ્ઞાનાભ્યાસે ભાગ્યવંત,
કરીને થયો છે યોગ્ય
આત્મલાભે. ૧૦૪૬

આમ વૈરાગ્યનું દેહે
દેખ બખ્તર ધારણ કરે,
પછી રાજયોગને તુરંગે
આરૂઢે તે. ૧૦૪૭

વળી જે દશ્ય નજરે પડે
તેમાંના સર્વભેદ નાશે,
એવી વિવેકમુષ્ટિયે ધારે
ધ્યાન-તલવાર. ૧૦૪૮

આમ સંસાર-સમરાંગણે
સૂર્ય જેમ અંધારે પ્રવેશે,
તેમ વિચરે નિર્ભયપણે
મોક્ષશ્રીને પરણવા. ૧૦૪૯

ત્યાં અંતરાય કરવા આવ્યા
તે દોષ વેરીને મારી ભગાડયા,
તેમાં પહેલો જાણ પાર્થા
દેહનો અહંકાર. ૧૦૫૦

મારીને જે ન સંતોષે
જન્માવીને જીવવા ના દે,
મૂંઝવી અસ્થિને ચોકઠે
જકડીને અરે. ૧૦૫૧

તેનો દેહદુર્ગ આશ્રય
તોડીને કબજે લેવાય,
અને કામાદિનું હણે બળ
જે વેરી બીજો. ૧૦૫૨

જે વિષયોને નામે
ચોગણી વૃદ્ધિ પામે,
સર્વ જગતને આપે
મૃતાવસ્થા. ૧૦૫૩

તે વિષયવિષનું વમળ
સર્વ દોષોનું મૂળસ્થાન,
તોયે સહેશે કેમ
ધ્યાનખડગનો પ્રહાર. ૧૦૫૪

અને પ્રિય વિષયપ્રાપ્તિ
કરે જે સુખની અભિવ્યક્તિ,
તેની જ પહેરીને કંથી
ગર્જના કરે જે. ૧૦૫૫

જે સન્માર્ગને ભુલાવે
અધર્મને અરણ્યે દોરે,
પછી લઈ જાયે વ્યાઘ્રમુખે
નરકાદિનાં. ૧૦૫૬

વિશ્વાસઘાતી રિપુ
તે હણી નાખ્યો દર્પ,
અને જેને નામે કંપ
ચડે તપસ્વીને. ૧૦૫૭

ક્રોધ જેવો મહાદોષ
દ્વેષ જેનો છે પરિપાક,
આપતાં ભોગ જે અધિક
રિક્ત થતો રહે. ૧૦૫૮

તે કામ કોઈ જ સ્થાને
ન રહે એવું કરાયે,
ક્રોધની પણ સહજે
દશા તે જ. ૧૦૫૯

વૃક્ષમૂળ જેમ તોડાયે
શાખા તોડવાને ઉદ્દેશે,
તેમ કામને નાશે લોપે
ક્રોધ સહજ. ૧૦૬૦

એટલે કામ વેરીને
ઠાર કરતાં જ યુદ્ધે,
આવાગમન થંભે
ક્રોધનું પાર્થ. ૧૦૬૧

જેમ રાજા પગની બેડી
માથે વહાવે પ્રતિજ્ઞા કરી,
તેમ ભોગોથી પામે વૃદ્ધિ
જે પરિગ્રહ. ૧૦૬૨

જીવને માથે જે ચડે
દેહે અવગુણો ભરાવે,
હાથે લાકડી લેવડાવે
મમતાની અરે. ૧૦૬૩

શિષ્ય શાસ્ત્રાદિ વિલાસે
મઠાદિ મુદ્રાને નિમિત્તે,
પાશ નાખીને ફસાવે
નિસંગોને જે. ૧૦૬૪

ગૃહપરિવારરૂપે સરે
વને વન્ય થઈ અવતરે,
નગ્ન શરીરે ચોંટેલો હોયે
જે પરિગ્રહ. ૧૦૬૫

એવો દુર્જય જે પરિગ્રહ
તેનો સમૂળ કરીને નાશ,
ભવવિજય તણો આનંદ
ભોગવે જે. ૧૦૬૬

ત્યાં અમાનિત્વાદિ સકળ
જ્ઞાન ગુણોના સમુદાય,
કૈવલ્ય દેશના નૃપગણ
પધાર્યા જેમ. ૧૦૬૭

સમ્યક્ જ્ઞાનનું ત્યારે
સામ્રાજ્ય અર્પીને તેને,
પોતે પરિવાર બનીને
રહ્યા તેની પાસે. ૧૦૬૮

રાજમાર્ગે પ્રવૃત્તિ તણા
અવસ્થાત્રયરૂપી પ્રમદા,
નિજ સુખનાં ઓવારણાં
કરે પદે પદે. ૧૦૬૯

બોધનો રાજદંડ લઈને
વિવેક દૃશ્યની ભીંસ હઠાવે,
યોગભૂમિકા આરતી ઉતારે
ઓવારણાં લઈ. ૧૦૭૦

ત્યાં ઋદ્ધિસિદ્ધિના અનેક
આવે તે પ્રસંગે સમુદાય,
તેમનાં પુષ્પ વર્ષાવે સ્નાન
કરે સાધક. ૧૦૭૧

એવું બ્રહ્મૈક્ય સમાન
સ્વરાજ્ય આવતાં નિકટ,
તે કરે હર્ષભરિત
ત્રણે લોક. ૧૦૭૨

તવ શત્રુને કે મિત્રને
મારા છે કહેવા પૂરતે,
દ્વૈત ત્યાં શેષ ન રહે
હે ધનંજય. ૧૦૭૩

અથવા ગમે તે નિમિત્તે
તે કહે કે મારું હોયે,
એટલું પણ દ્વૈત ન રહે
અદ્વિતીય થયો તે. ૧૦૭૪

પોતાની એક જ સત્તાયે
સઘળું પાંડસુત વ્યાપીને,
દેશવટો આપ્યો મમત્વને
તેણે અરે. ૧૦૭૫

એવો જીતીને રિપુવર્ગ
આત્મભાવે વ્યાપીને જગ,
આપમેળે તે યોગતુરંગ
થયો સ્થિર. ૧૦૭૬

અને વૈરાગ્યનું સુદૃઢ
હતું પહેરેલું કવચ—
તે કરે પળવાર
ઢીલું ત્યારે. ૧૦૭૭

અને ધ્યાનને ખાંડે હણવું
નથી સન્મુખ દ્વૈત એવું,
એટલે હાથ પાછો પડે
ધ્યાનવૃત્તિનો. ૧૦૭૮

જેમ સાચું રસૌષધ
થતાં પૂરું નિજ કાજ,
પોતે પણ પામે વિલય
તેવું અહીં. ૧૦૭૯

જોઈને ગંતવ્યસ્થાન
સ્થિર થાયે દોડતા પાય,
તેમ બ્રહ્મ સામીપ્યે ઘડે
અભ્યાસનું. ૧૦૮૦

ભળતાં મહોદધિયે
ગંગા જેમ ગતિ વિસર્જે,
કાં કામિની કાન્ત પાસે
થાયે સ્થિર. ૧૦૮૧

અથવા જવ કેળ ફળે
તવ તેની વાઢ કુંઠે,
કાં ગામ પાસે જ વિરમે
માર્ગ તેનો. ૧૦૮૨

તેમ આત્મસાક્ષાત્કાર
થશે એવું થાતાં ગોચર,
સકળ સાધન સંભાર
મૂકે હળવે. ૧૦૮૩

એટલે બ્રહ્મની સાથે
ઐક્ય થવાની વેળાયે,
ઉપાય આપમેળે થાયે
ઓછા અરે. ૧૦૮૪

પછી વૈરાગ્યની ગોરજ વેળે
જ્ઞાન અભ્યાસના વાર્ધક્યે,
યોગફળના પરિપાકે
હોય જે દશા. ૧૦૮૫

તે શાંતિ તવ હે પાર્થ
દેહે રમમાણ સંપૂર્ણ,
તવ બ્રહ્મ થવાને યોગ્ય
હોય તે પુરુષ. ૧૦૮૬

પૂર્ણિમા કરતાં ચૌદશે
જેટલો ઊણો શશી હોયે,
કાં સોળ કસના સુવર્ણે
પંદર કસનું. ૧૦૮૭

સાગરેય પાણી વેગે
સંચરે તે ગંગાનું હોયે,
અન્ય નિશ્ચળ જે રહે
તે સાગર પોતે. ૧૦૮૮

બ્રહ્મ અને બ્રહ્મસાધકે
યોગ્યતાનું અંતર હોયે,
પણ શાંતિને પરમ યોગે
થાયે બ્રહ્મરૂપ. ૧૦૮૯

પણ બ્રહ્મ થયા વિણ
પ્રત્યયે આવે જે બ્રહ્મપણ,
તે બ્રહ્મ થવાની જાણ
યોગ્યના પાર્થ. ૧૦૯૦

તે બ્રહ્મભાવ યોગ્યતા
પામેલો પુરુષ પાર્થા,
આત્મબોધ પ્રસન્નતા
પદે બેસે. ૧૦૯૧

જેનાથી નીપજે રસસોય
તે તાપ જવ શમી જાય,
તવ રસોઈ જેમ જણાય
પ્રસન્ન અરે. ૧૦૯૨

અથવા ભરતીનો કોલાહલ
શરદે ગંગાને ત્યજી જાય,
કાં ગીત શમતાં વિરમે
સંગીતના ઉપાંગો. ૧૦૯૩

તેમ આત્મબોધના ઉદ્યમે
જણાયો હતો શ્રમ જે,
તે પણ જ્યાં સમાયે
સહજ ભાવે. ૧૦૯૪

આત્મબોધ પ્રશસ્તિ
એવી તે દશાની ખ્યાતિ,
જે ભોગવે હે મહામતિ
તે યોગ્ય પુરુષ. ૧૦૯૫

આત્મભાવે શોક કરાયે
કે પામવા કાજે મથાયે,
આ બધું શમી જાયે
ઐક્યભાવને બળે. ૧૦૯૬

ઉદયે આવતાં ગભસ્તી
વિવિધ નક્ષત્ર વ્યક્તિ-
દીપ્તિ સહિત વિલોપે
જેમ પાર્થ. ૧૦૯૭

તેમ ઊગવતાં આત્મપ્રથા
આ ભૂતભેદ વ્યવસ્થા,
નાશ કરીને પાર્થા
જુએ નિજ સ્વરૂપ. ૧૦૯૮

પાટી પરના જેમ અક્ષર
હાથ વડે ભૂંસાય પાર્થ,
તેમ લય પામે ભેદાંતર
દષ્ટિયે તેની. ૧૦૯૯

તેમ જ અન્યથા જ્ઞાને
જે જાગૃતિ સ્વપ્ન જણાયે,
તે લીન થાય બન્ને
અવ્યક્તમાં. ૧૧૦૦

પછી તે પણ અજ્ઞાન
બોધ વધતાં ક્ષીણ,
પૂર્ણ બોધે સમસ્ત
ડૂબે અરે. ૧૧૦૧

જેમ ભોજનને અવસરે
ક્ષુધા ક્ષીણ થતી જાયે,
અને તૃપ્તિને અવસરે
લોપે સમગ્ર. ૧૧૦૨

અથવા ચાલવાની ગતિયે
વાટ પોતે ઘટતી જાયે,
પછી મુકામ પામતાં લોપે
સમૂળી અરે. ૧૧૦૩

કાં જાગૃતિ જવ પ્રગટે
તવ નિદ્રા લોપવા લાગે,
પછી પૂર્ણ જાગૃતિયે થાયે
સ્વરૂપ નાશ. ૧૧૦૪

પોતાની પૂર્ણતા પ્રગટાવે
તવ ચંદ્રકલા વધતી થંભે,
ત્યાં શુક્લપક્ષ વિલાયે
નિ:શેષ જેમ. ૧૧૦૫

તે રીતે બોધ બોધ્યજાત ગળે
પછી તે બોધે મુજમાં સમાયે,
જ્યાં ભળેગળે પૂર્ણરૂપે
ત્યાં અબોધ જાયે. ૧૧૦૬

અરે કલ્પાંતની વેળાયે
નદી સમુદ્રની મર્યાદા લોપે,
અમર્યાદ જળે વ્યાપે
આ બ્રહ્મ જેવું. ૧૧૦૭

અથવા ભાંગતાં ઘટમઠ
આકાશ રહે સમ સર્વત્ર,
કાં બળીને કાષ્ઠે કાષ્ઠ
શેષ વહ્નિ. ૧૧૦૮

અથવા અલંકારોના આકાર
ઓગળી જતાં ધનંજય,
સુવર્ણ નામરૂપભેદ
ત્રજે જેમ. ૧૧૦૯

એ ભલે જેમ જાગૃતિયે
સ્વપ્ન જેમ નહીંવત્ બને,
પોતે પોતાનામાં રહીયે,
જેમ શેષ. ૧૧૧૦

તેમ મુજ એક વિણ કાંઈ
તેને તેના સહિત નાહીં,
આ કહેવાય ચોથી ભક્તિ
જે પામે તે. ૧૧૧૧

અન્ય આર્ત્ત જિજ્ઞાસુ અર્થાર્થી
જે માર્ગે પાર્થ કરે ભક્તિ,
તે ત્રણેયથી ભિન્ન ચોથી
કહું તને. ૧૧૧૨

આમ ના ત્રીજી ના ચોથી,
ન કોઈ પહેલી કે છેવટની,
મારી જે સહજાસ્થિતિ
તે જ ભક્તિ. ૧૧૧૩

જે મજ વિશેનું અજ્ઞાન પ્રકાશે,
મને અન્યથા રૂપે દેખાડે,
પછી સર્વને સર્વ વિશે દોરીને
ભુલાવે પાર્થ. ૧૧૧૪

જે જ્યાં જેવું જોવા મથે
તેને ત્યાં તદ્રૂપ જ દીસે,
તે મારા અખંડ ચિત્પ્રકાશે
સંભવે અરે. ૧૧૧૫

સ્વપ્નનું દેખાવું ન દેખાવું
જેમ નિજ અસ્તિત્વે જ થવું,
વિશ્વનું હોવાપણું ન હોવાપણું
દીસે જે પ્રકાશે તેમ. ૧૧૧૬

એવો મારો આ સહજ
પ્રકાશ જે કપિધ્વજ,
તેને ભક્તિ એવું નામ
અપાયું જગે. ૧૧૧૭

એટલે આર્ત્તને હૃદયે
એ આર્તિ થઈને વસે,
અને આર્તિનો વિષય જે
તે મુજ સ્વરૂપ. ૧૧૧૮

જિજ્ઞાસુ હૈયે વીરેશ
તે જ થઈને જિજ્ઞાસ,
મને બનાવે જિજ્ઞાસ્ય
સહજ બનાવે. ૧૧૧૯

આ જ થઈને અર્થના
મને બનાવી અર્થી અર્જુના,
અર્થ અર્થાભિધાના
આણી મને. ૧૧૨૦

એવં અંગીકારી અજ્ઞાનને
જે મારી આ ભક્તિ પ્રવર્તે,
તે મને દ્રષ્ટાને જ દેખાડે
દૃશ્ય રૂપે. ૧૧૨૧

અરે મુખ જ મુખને દેખાયે
આ કહેવામાં અન્યથા ન હોયે,
પણ મિથ્યા દૂજાપણું તે
ઊપજાવે દર્પણ. ૧૧૨૨

દૃષ્ટિ સાચે જ ચંદ્રને જુએ
પણ તિમિર એટલું ઉમેરે,
કે એક છે તેને દેખાડે
બે કરીને. ૧૧૨૩

તેમ સર્વત્ર હું જ મુજ મારફત
ભક્તિ વડે થાઉં છું આકલિત,
ત્યાં દૃશ્યત્વનો ખોટો આભાસ
ઊપજે અજ્ઞાનને. ૧૧૨૪

તે અજ્ઞાન થયું વિસર્જિત
મારું દ્રષ્ટત્વ મને પ્રાપ્ત,
નિજબિંબી જાણે એકરૂપ
થયું પ્રતિબિંબ. ૧૧૨૫

અરે; હોવા છતાં હેમે હીણ
હેમનું સ્વરૂપ રહે શુદ્ધ,
પણ હીણ ઓગળતાં કેવળ
હેમ રહે જેમ. ૧૧૨૬

અરે હા, પૂર્ણિમા પહેલાંયે
ચંદ્ર શું સાવયવ ન હોયે,
પણ પૂર્ણિમાએ ભેટે તેને
તેની જ પૂર્ણતા. ૧૧૨૭

તેવો અન્યથા જ્ઞાનદ્વારે
હું જ દેખાઉં પણ હસ્તાંતરે,
દ્રષ્ટત્વે દૃશ્યજાત લોપે
હું જ થાઉં મને પ્રાપ્ત. ૧૧૨૮

એટલે દૃશ્યપથ
અતીત મારો પાર્થ,
ભક્તિયોગ ચતુર્થ
કહેવાય છે. ૧૧૨૯

આ જ્ઞાનભક્તિયે સહજ
જે ભક્ત મુજથી એક,
તે હું જ હોઉં નિખિલ
જાણે છે તું. ૧૧૩૦

જે પ્રસારી બન્ને ભુજા
જ્ઞાનીઓ જ આત્મા મારા,
એવું કહ્યું કપિધ્વજા
સપ્તમ અધ્યાયે. ૧૧૩૧

આ ભક્તિ કલ્પને આરંભે
ભાગવત મિષે બ્રહ્મદેવને,
ધનંજય ઉત્તમ કહીને
ઉપદેશી હતી. ૧૧૩૨

જ્ઞાની સ્વસંવિત્તિ કહે,
શૈવ શક્તિ નામ આપે,
પરભક્તિ કહીએ અમે
અમારી અરે. ૧૧૩૩

એ મુજને મળવાની વેળે
તે ક્રમયોગીઓને ફળે,
પછી સર્વત્ર શુદ્ધરૂપે
મુજને જુએ. ૧૧૩૪

ત્યાં વૈરાગ્ય વિવેક સહિત
બંધ ઓગળે મોક્ષ સહિત,
વૃત્તિ આવૃત્તિ સહિત
થાયે વિલીન. ૧૧૩૫

લઈને ઇહલોક ભાવ
વિલાયે પરલોકભાવ,
ગળીને ભૂતો ચાર
આકાશ જેમ. ૧૧૩૬

તે પ્રમાણે તીર મધ્ય પાર
સાધ્ય સાધનાતીત શુદ્ધ,
એમ થઈને મદ્રૂપ કેવળ
ભોગવે મુજને. ૧૧૩૭

ભળીને સાગરને અંગે
ગંગા સિંધુ ઉપરે વિલસે,
તેવો જ તે ભોગ ગણાયે
સાંભળ પાર્થ. ૧૧૩૮

કાં અરીસો અરીસાને
દેખાડાયે અજવાળીને,
દ્રષ્ટાપણાનો તેવો હોયે
ઉપભોગ ત્યાં. ૧૧૩૯

જાગૃતિયે સ્વપ્ન નાશે
પોતાનું ઐકય ભાસે,
તે દ્વૈત વિણ ભોગવાયે
જેવું પાર્થ. ૧૧૪૦

એ ભલે દર્પણ ખસેડતાં
તે મુખબોધ પણ લોપતાં,
દ્રષ્ટૃત્વ નિજનું એકાંતમાં
માણીએ જેમ. ૧૧૪૧

તદ્રૂપ થયે ભોગ તેનો
ન ઘડે એ ભાવ જેમનો,
તે શબ્દ વડે કેમ શબ્દનો
ઉચ્ચાર કરાયે. ૧૧૪૨

ન જાણે તેમને ગામે
દીવીથી રવિને પ્રકાશાયે,
કે વ્યોમ કાજે ઉભારાયે
માંડવો અરે. ૧૧૪૩

જો રાજવીપણું જ ન હોયે
તો રાજાપણું શેં ભોગાયે,
તમરૂપ રહીને શું આલિંગે
તમ સૂર્યને. ૧૧૪૪

અને જે આકાશ ન હોયે
તે આકાશને શાનું ઓળખે,
રત્નોના અલંકારોમાં શોભે
શું ચણોઠીના. ૧૧૪૫

એટલે જે મદ્રૂપ ન હોયે
તેને હું જ ક્યાં હોયે,
પછી તે ભજશે મને
કહેવું જ વ્યર્થ. ૧૧૪૬

એટલે તે ક્રમયોગી
મદ્રૂપ થઈને મને ભોગવે,
યુવતી યૌવન ભોગવે
જે પ્રમાણે. ૧૧૪૭

તરંગ સર્વાંગે જળને ચુંબે,
પ્રભા સર્વત્ર બિંબને વ્યાપે,
અથવા અવકાશ આળોટે
ગગને જેમ. ૧૧૪૮

તેમ મારું જ રૂપ થઈને
તે ક્રિયા વિણ ભજે મને,
અલંકાર જેમ સહજે
સુવર્ણને અરે. ૧૧૪૯

કાં ચંદનની સૌરભ જેમ
ભજે ચંદનને જ સહજ,
કાં ચંદ્રિકા ઉપાસે દેખ
ચંદ્રમાને. ૧૧૫૦

સાચેજ ત્યાં ક્રિયા ન હોયે
છતાં અદ્વૈતમાં ભક્તિ હોયે,
આ વાત અનુભવે સમજાયે
શબ્દોથી નહીં. ૧૧૫૧

ત્યારે પૂર્વસંસ્કાર છંદે
જે કંઈ તે અનુવાદે,
પ્રત્યુત્તર આપતો તેને
હોઉં પોતે જ હું. ૧૧૫૨

બોલનારને બોલનારો મળે
તવ બોલાયું એમ ન ગણાયે,
તે મૌન જ સાચું હોયે
સ્તવન મારું. ૧૧૫૩

એટલે તે બોલતો હોયે
બોલમાં જ મુજને ભેટે,
એટલે તે મૌને ખરેખરે
કરે મારું સ્તવન. ૧૧૫૪

તેમ બુદ્ધિ વડે કે દૃષ્ટિયે
પાર્થ તે જે જોવા જાયે,
તે દેખવું દૃશ્યને નાશે
અને દેખાડે દ્રષ્ટાને. ૧૧૫૫

દર્પણે જોતાં પહેલાંયે
મુખ પોતે રહે સહજે,
તેનું દેખવું તે જ રીતે
મેળવે દ્રષ્ટાને. ૧૧૫૬

દૃશ્ય લોપીને દ્રષ્ટા જ્યારે
દ્રષ્ટાને પોતાને મળે,
ત્યારે એકાકી અવસ્થાએ
દ્રષ્ટુત્વ પણ લોપે. ૧૧૫૭

સ્વપ્ને જોયેલી પ્રિયાને
વળગવા મથે જાગ્રત થઈને,
દ્વિય પ્રિયતમા વિલાઈને
શેષ રહે એકલો. ૧૧૫૮

અથવા બે કાષ્ઠને ઘર્ષણે
વહ્નિ એક જ સળગી ઊઠે,
તવ કાષ્ઠની ભાષા જઈને
અગ્નિ રહે શેષ. ૧૧૫૯

અથવા પ્રતિબિંબ હાથે
જો ગભસ્તિ લેવા મથે,
તો પ્રતિબિંબ સહિત લોપાયે
તેનું બિંબપણું. ૧૧૬૦

તેમ મદ્રૂપ થઈને જુએ
અને ગ્રહવા મથે દૃશ્યને,
તવ દૃશ્ય સહિત લોપે
દ્રષ્ટુત્વ તેનું. ૧૧૬૧

રવિ અંધકારને પ્રકાશે
અંધકારની પ્રકાશ્યતા નાશે,
દૃશ્ય સાથે દ્રષ્ટુતા લોપે
મદ્રૂપ થતાં પાર્થ. ૧૧૬૨

પછી દેખવું કે ન દેખવું
એવી દશાનું જે નીપજવું,
તે જ મારું દર્શન થવું
સાચેસાચ. ૧૧૬૩

ગમે તે પદાર્થને ભેટે
એવો પુરુષ પાર્થ જ્યારે,
દૃશ્યદ્રષ્ટાતીત દૃષ્ટિયે ત્યારે
ભોગવે મુજને સદા. ૧૧૬૪

અને આકાશ જ આકાશે
વ્યાપતાં ન ઢળે કે ચળે,
મુજ આત્મા વડે તેની થાયે
દશા તેવી. ૧૧૬૫

કલ્પાંતે ઉદક ઉદકે
વ્યાપતાં તેનું વહેવું થંભે,
તેમ મદ્રૂપ આત્મા વડે એકે
વ્યાપ્ત તો પૂર્ણ. ૧૧૬૬

પગ પોતાના પર શેં ચડે,
વહ્નિ પોતાને જ કેમ બાળે,
પાણી પોતાનામાં શેં પ્રવેશે
સ્નાન કરવા. ૧૧૬૭

એટલે સઘળું થતાં મદ્રૂપ
તેનું આવાગમન કુંઠિત,
એ જ યાત્રાનું સ્વરૂપ
મુજ અદ્વયની. ૧૧૬૮

અરે જળ ઉપરે તરંગ
દોડવા મથે જો સવેગ,
તોયે તે ન ભૂમિભાગ
આક્રમી શકે. ૧૧૬૯

ત્યાં છોડવું કે પકડવું
ચાલવું જેનાથી શક્ય થવું,
તે જળ જ હોયે સઘળું
એટલે અરે. ૧૧૭૦

ગમે ત્યાં ભલે ભટકે
તેના ઉદકપણે પાંડુસુતા,
તરંગની એકાત્મતા
ન ભંગે જેમ. ૧૧૭૧

તેવો મુજ ભાવે વ્યાપ્ત
તો સર્વસ્વે મુજને પ્રાપ્ત,
એવી યાત્રા વડે તે થાય
યાત્રિક મારો. ૧૧૭૨

અને શરીર-સ્વભાવ વશે
કંઈ પણ જો કરી નાખે,
તો હું જ તે નિમિત્તે
મળું તેને. ૧૧૭૩

ત્યાં કર્મ અને કર્તા
એ વિલાઈને પાંડુસુતા,
મુજ આત્માને જોતાં
તે થાય આત્મરૂપ. ૧૧૭૪

અરે દર્પણને દર્પણે
જોતાં જોવું ન ગણાયે,
કે હેમ ઢંકાતાં હેમ વડે
ઢંકાયું ન મનાયે. ૧૧૭૫

દીપને દીપે પ્રકાશીએ
ત્યાં ન પ્રકાશવું નીપજે,
તેમ મદ્રૂપ થઈ કર્મ કરાયે
કરવું કેમ ગણાયે. ૧૧૭૬

તે કર્મ કરતો દેખાયે
પણ કરવાની ભાષા ન હોયે,
તવ કરવું જ ન કરવું ગણાયે
તેનું અરે. ૧૧૭૭

ક્રિયાજાતે મદ્રૂપ જણાયે
જે કાંઈ ન કરવું ઘડે,
તે જ મારું પૂજન ગણાયે
મર્મભર્યું. ૧૧૭૮

એટલે કરવા છતાં ઉચિત
તે કાંઈ ન કરે કપિધ્વજ,
પછી જે મહાપૂજા નિષ્પન્ન
તે જ પૂજા સાચ. ૧૧૭૯

એવું તે બોલે તે સ્તવન,
તે જુએ ત્યાં જ દર્શન,
તે ચાલે તે જ ગમન
મુજ અદ્વયનું. ૧૧૮૦

તે જે કરે તે પૂજા,
તે કલ્પે તે જપ મારા,
તેની જે સ્થિતિ કપિધ્વજા
તે સમાધિ મારી. ૧૧૮૧

જેવું કનકથી કંકણ
સદા રહે છે અનન્ય,
તે ભક્તિયોગે મદ્રૂપ
મુજ થકી તેવો. ૧૧૮૨

ઉદકમાં કલ્લોલ
કર્પૂરે પરિમલ,
રત્નમાં નિજ તેજ
તેવો અનન્ય. ૧૧૮૩

કિંબહુના તંતુ સંગે પટ
કે માટી સંગે ઘટ,
તેવો તે એકરૂપ
મુજ થકી મારો. ૧૧૮૪

આવી અનન્ય સિદ્ધ ભક્તિયે
આ સકળ દૃશ્યજાતે,
મુજ દ્રષ્ટાને આત્મત્વે જાણે
હે સુમતિ તે. ૧૧૮૫

ત્રણે અવસ્થાને દ્વારે
ઉપાધિ ઉપહિતાકારે,
ભાવાભાવ રૂપ સ્ફુરે
દૃશ્ય જે આ. ૧૧૮૬

તે સકળ હું પોતે દ્રષ્ટા
એવા બોધના ઉન્માદમાં,
અનુભવબળે નાચે સુભટા
અણવર જેમ. ૧૧૮૭

રજ્જુ થયે ગોચર
આભાસિતા વ્યાળાકાર,
રજ્જુ જે એવો નિરધાર
થાય જેમ. ૧૧૮૮

સુવર્ણ વિના કાંઈ
અલંકારમાં ભિન્ન નાહીં,
એ ગાળીને જેમ કરાયે
નિશ્ચિત અરે. ૧૧૮૯

એક ઉદક વિણ
તરંગે ન કાંઈ અન્ય,
જાણીને ન મનાય જેમ
આકાર ભિન્ન. ૧૧૯૦

અથવા સ્વપ્નવિકાર સમસ્ત
જાગ્રત થઈ કરવા હસ્તગત,
આપણા વિણ ન ત્યાં અન્ય
દીસે કાંઈ. ૧૧૯૧

તેમ જે કાંઈ હોયે ન હોયે
આ ભાવે જ્ઞેયસ્ફૂર્તિ થાયે,
તે હું જ્ઞાતા આવી પ્રતીતિયે
ભોગવે તે. ૧૧૯૨

જાણે કે હું અજર અમર,
હું અક્ષય અને અક્ષર,
હું અપૂર્વ હું જ અપાર
આનંદરૂપ હું. ૧૧૯૩

અચળ હું ને હું અચ્યુત,
અનંત હું ને હું અદ્વૈત,
આદ્ય હું ને હું જ અવ્યક્ત
વ્યક્ત પણ હું. ૧૧૯૪

હું જ ઈશ્વર,
હું અનાદિ અમર,
હું જ અભય આધાર
આધેય પણ હું. ૧૧૯૫

સ્વામી હું સદોદિત,
હું સહજ ને સતત,
સર્વ હું ને સર્વગત
સર્વાતીત હું. ૧૧૯૬

નૂતન હું ને પુરાણ,
શૂન્ય હું ને સંપૂર્ણ,
હું સ્થૂળ ને અણુ પણ
જે સર્વ તે હું. ૧૧૯૭

હું એક ને અક્રિય,
હું અસંગ ને અશોક,
વ્યાપ્ત હું ને વ્યાપક
હું જ પુરુષોત્તમ. ૧૧૯૮

હું અશબ્દ અને અશ્રોત્ર,
અરૂપ હું ને અગોત્ર,
હું સમ છું ને સ્વતંત્ર
પરબ્રહ્મ પણ હું. ૧૧૯૯

એવા આત્મભાવે મુજ એકને
અદ્વય ભક્તિ વડે પાર્થ જાણીને,
અને આ બોધ જાણનારને
જાણે મદ્રૂપ. ૧૨૦૦

જાગ્રત થયા પછીયે
આપણું એકપણું રહે,
તે પણ પોતાનામાં સ્ફુરે
અલ્પ સમય. ૧૨૦૧

કાં પ્રકાશતાં અર્ક
તે પોતે જ પ્રકાશક,
ઉભયના અભેદનો દ્યોતક
અર્ક જ પોતે. ૧૨૦૨

તેમ વેદ્યને વિલયે
કેવળ વેદક શેષ રહે,
તે જ વેદકપણું જાણે
એ પણ જાણે તે. ૧૨૦૩

તે આપણું અદ્વયપણ
જાણનારું જ્ઞાન ધનંજય,
તે ઈશ્વર પણ હું પોતે
એવો બોધ તેને. ૧૨૦૪

પછી દ્વૈત દ્વૈતાતીત
હું જ આત્મા નિભ્રાંત,
એવું જાણીને જાણવું જ્યાં
પ્રવેશે અનુભવે. ૧૨૦૫

જાગ્રત થતાંનું એક પણ
દીસે આપણને જે સહજ,
તે લોપતાં જાણે કોણ
દશા આપણી. ૧૨૦૬

કાં લોચને જોવાની પળે
સુવર્ણપણું અરે સુવર્ણે,
ન ગાળતાં જેમ ગળાયે
અલંકાર સર્વ. ૧૨૦૭

અથવા લવણ જળે ગળે
પછી ક્ષારતા જળરૂપે રહે,
તે પણ નષ્ટ થતાં રહે
જળનું જળપણું. ૧૨૦૮

તેમ હું અને તે એવું દ્વૈત
સ્વાનંદાનુભવે થઈ સમરસ,
કાલવીને પછી તે પ્રવેશે
મદ્રૂપે મુજમાં. ૧૨૦૯

અને તે એ ભાષા જ્યાં લોપે
ત્યાં હું રૂપ કોણ શેષ રહે,
એવો ન હું ન તે થઈને ભળે
મુજ રૂપમાં. ૧૨૧૦

જવ કર્પૂર બળી રહે
તવ અગ્નિ પણ વિસર્જે,
પછી ઉભયાતીત રહે
આકાશ જેમ. ૧૨૧૧

એકમાંથી એક કઢાયે
તવ શૂન્ય વિશેષ વિસ્તરે,
તેમ અસ્તિ-નાસ્તિને શેષે
હું જ એક પોતે. ૧૨૧૨

ત્યાં બ્રહ્મ આત્મા ઈશ
આ શબ્દો ગુમાવે સૌરભ,
ન બોલવાને પણ અવકાશ
ન રહે ત્યાં. ૧૨૧૩

ન બોલવું પણ ન બોલાયે
ત્યારે જે મુખ ભરીને વદાયે,
જ્ઞાન-અજ્ઞાન ભાવ તજીને
ઓળખાય જે. ૧૨૧૪

ત્યાં બોધે જ બોધ સમજાયે,
આનંદે જ આનંદ મણાયે,
સુખ પોતે જ સુખ ભોગવે
સુખપણાનું. ૧૨૧૫

ત્યાં લાભને લાભ લાભે,
પ્રભાને પ્રભા આલિંગે,
વિસ્મય ઊભો જ સમાયે
વિસ્મયે અહો. ૧૨૧૬

સમભાવ સામ્યે સમાયે,
વિશ્રામ વિશ્રામે વિરાજે,
અનુભવ ઉન્મત્ત થાયે
અનુભૂતિ રૂપે. ૧૨૧૭

કિંબહુના એવું અનાવિલ
મદ્રૂપનું તેને મળે ફળ,
સેવીને વેલડી રસાળ
કર્મયોગની. ૧૨૧૮

અરે કર્મયોગ વડે 'પાર્થ
ચક્રવર્તીને મુકુટે સ્થિત,
મુજ ચિદ્રત્નને મેળવી થાય
તે સર્વસ્વે મારો. ૧૨૧૯

તે કર્મયોગ પ્રાસાદનો
કળશ જો આ મોક્ષનો,
તેમાં જે વિસ્તાર અવકાશનો
થાય તે સહજ. ૧૨૨૦

અથવા સંસાર-અરણ્યે
કર્મયોગને સુંદર માર્ગે,
મુજ ઐક્ય ગામે અવાયે
સહજ પાર્થ. ૧૨૨૧

એ ભલે કર્મયોગ પ્રવાહે
તેણે ભક્તિચિત્ત ગંગોદકે,
મુજ સ્વાનંદોદધિને વેગે
કર્યો પ્રાપ્ત. ૧૨૨૨

આટલા સુધી હે સુવર્મા
કર્મયોગનો ગરજે મહિમા,
એટલે તમને વેળવેળા
કહીએ અમે. ૧૨૨૩

અરે દેશે કાળે પદાર્થે
સાધીને પ્રાપ્ત કરાય મને,
તેવો નથી હું સકળે
સ્વયંસિદ્ધ સર્વને. ૧૨૨૪

એટલે મુજ કાજે
શ્રમ ન કરાયે ક્યાંયે,
હું ઉપલબ્ધ કર્મયોગે
સાચે જ. ૧૨૨૫

એક શિષ્ય એક ગુરુ
રૂઢ આ જે વ્યવહારુ,
તે મુજ પ્રાપ્તિ પ્રકારુ
જાણવા અરે. ૧૨૨૬

અરે વસુંધરાને ઉદરે
નિધાન સ્વયંસિદ્ધ હોયે,
વહ્નિ સ્વયંભૂ કાષ્ઠ માંહે
આંચળમાં દૂધ. ૧૨૨૭

જે હોય તે જ પ્રાપ્ત થાયે
પણ ઉપાય કરીએ પ્રાપ્તિ કાજે,
મુજ સ્વયંસિદ્ધની પ્રાપ્તિયે
ઉપાયો તેમ. ૧૨૨૮

ફળ કહ્યા પછી ઉપાય
કેમ પ્રસ્તુત કરે છે દેવ,
એ જાણવા, અભિપ્રાય
સાંભળો હવે. ૧૨૨૯

જે ગીતાર્થની શ્રેષ્ઠતા
મોક્ષોપાય પ્રતિપાદ્યતા,
અન્ય શાસ્ત્રોમાં જે કહ્યા
ન પ્રમાણસિદ્ધ તે. ૧૨૩૦

વાયુ વાદળોને વીખેરે
નવીન રવિને ન ઘડે,
કાં હાથ લીલને હઠાવે
પણ પાણી ન બનાવે. ૧૨૩૧

તેમ આત્મદર્શનની આડે
અવિદ્યાનો જે મળ હોયે,
તે અન્ય શાસ્ત્રો નષ્ટ કરે
હું નિર્મળ પ્રકાશું પોતે. ૧૨૩૨

એટલે સકળ શાસ્ત્ર
અવિદ્યા વિનાશને પાત્ર,
પણ તે નથી સ્વતંત્ર
આત્મબોધે. ૧૨૩૩

તે અધ્યાત્મશાસ્ત્રોને
નિજ સત્યતાના નિશ્ચય કાજે–
આવવું પડે જે એક સ્થાને
તે સ્થાન ગીતા. ૧૨૩૪

ભાનુભૂષિત થતાં પૂર્વદિશા
સતેજ થાયે સકળ દિશા,
તેમ શાસ્ત્રેશ્વરી ગીતાએ થયાં
શાસ્ત્રો સનાથ. ૧૨૩૫

એ ભલે આ શાસ્ત્રેશ્વરીએ
પહેલાં ઉપાયો બહુ વિસ્તારે–
કહ્યા જેથી આવે હાથવગે
આત્મા પોતે. ૧૨૩૬

પણ પ્રથમ શ્રવણ સમયે
અર્જુનને ભાગ્યે જ સમજાશે,
આ સકરુણ ભાવ ધરીને
હવે શ્રીહરિ. ૧૨૩૭

તે જ પ્રમેય એક વેળ
શિષ્યમાં કરવા અચળ,
મુકુલ મુદ્રાએ કથન
કરશે હવે. ૧૨૩૮

અને ગીતા આ પ્રસંગે
સમાપ્તિ દશાએ આવે,
એટલે આદ્યંતે દેખાડે
અર્થની એકતા. ૧૨૩૯

જે ગ્રંથને મધ્યભાગે
વિવિધ અધિકાર પ્રસંગે–
અનેક સિદ્ધાંત રૂપે
નિરૂપણ કર્યું. ૧૨૪૦

તો તે સર્વ સિદ્ધાંત
ગીતાશાસ્ત્રે પ્રસ્તુત,
ન જાણતાં પૂર્વાપર
એવું જો કોઈ માને. ૧૨૪૧

મહાસિદ્ધાંતને અભિપ્રાયે
સિદ્ધાંતકક્ષા ઘણી સમાયે,
એટલે આદ્યંત મેળવીને
કરે છે સમાપ્તિ. ૧૨૪૨

અહીં અવિદ્યાનાશ વિષય
અને મોક્ષોપાદાન ફળ,
ઉભયમાં વર્તે કેવળ
જ્ઞાન સાધન. ૧૨૪૩

આટલું જ નાનાપ્રકારે
નિરૂપ્યું છે ગ્રંથવિસ્તારે,
તે હવે એકળે અક્ષરે
અનુવાદશે. ૧૨૪૪

એટલે સાધ્ય પ્રાપ્તિ અનંતરે
ઉપાય વિવરણ વિસ્તારે,
પ્રભુ પ્રવર્ત્યા કહેવા કાજે
એ જ ભાવે. ૧૨૪૫

પછી કહે હે સુભટ
તે કર્મયોગી નિષ્ઠાપૂર્વક,
મદ્રૂપ થઈ ને પ્રવિષ્ટ
થયો મુજમાં. ૧૨૪૬

સ્વકર્મનાં પવિત્ર પુષ્પે
મારું મંગલ પૂજન કરીને,
પામે પ્રસાદ અને આકલે
જ્ઞાનનિષ્ઠા. ૧૨૪૭

તે જ્ઞાનનિષ્ઠા થયે હસ્તગત
મુજ ભક્તિ થાયે ઉલ્લસિત,
તે વડે મુજથી સમરસ
થાય તે સુખી. ૧૨૪૮

અને વિશ્વપ્રકાશકને મને
પોતાના નિજ આત્માને,
અનુસરે જે જાણીને
સર્વવ્યાપક. ૧૨૪૯

છાંડીને નિજ કાઠિન્ય
જળમાં ભળે લવણ,
કાં ભ્રમણ પછી નિશ્ચળ
વાયુ વ્યોમે. ૧૨૫૦

તેમ બુદ્ધિ કાયા વાચે
જે મારો આશ્રય સ્વીકારે,
તે સંયોગવશ જો કરે
નિષિદ્ધ કર્મો. ૧૨૫૧

પણ ગંગામાં ભળાયે
વહેળ કે મહાનદ હોયે,
એકરૂપ ગણાયે મારા બોધે
તેમ શુભાશુભ. ૧૨૫૨

કાં ચંદન અને બાવળ
ત્યાં સુધી જ ગણાય ભિન્ન—
જ્યાં સુધી વૈશ્વાનર બાથ
ન ભરે તેમને. ૧૨૫૩

અથવા પંચકસ કે સોળકસ
આવો સુવર્ણે રહે ભેદ-
જ્યાં સુધી ન કરે એકકસ
પારસમણિ. ૧૨૫૪

તેમ શુભાશુભે ભેદ
એવો ત્યાં સુધી આભાસ—
જ્યાં સુધી ન જણાય પ્રકાશ
સર્વત્ર મારો. ૧૨૫૫

અરે રાત્રિ અને દિવસ
એ ત્યાં સુધી દ્વૈતભાવ-
જ્યાં સુધી ન કરે પ્રવેશ
ગભસ્તિ-ગ્રામે. ૧૨૫૬

એટલે મારા મિલને
સકળ કર્મો સહિત સહજે,
જઈને તે આરૂઢ થાયે
સાયુજ્યપદે. ૧૨૫૭

દેશે કાળે સ્વભાવે
જેનો નાશ ન સંભવે,
તે મારું પદ પામે
અવિનાશ તે. ૧૨૫૮

કિંબહુના પાંડુસુતા
મુજ આત્માની પ્રસન્નતા,
લાધે પછી કયો લાભ
રહેશે અપ્રાપ્ત. ૧૨૫૯

આ કારણે પાર્થ
તારાં કર્મો સમસ્ત-
મુજ રૂપે સંન્યસ્ત
કરજે અરે. ૧૨૬૦

પણ પાર્થ તે સંન્યાસ
ઉપરછલ્લો ના કરીશ,
આત્મવિવેકે રાખજે સ્થિર
ચિત્તવૃત્તિ. ૧૨૬૧

પછી તે વિવેકને બળે
કર્મથી ભિન્ન નિજને,
નિર્મળ એવા મુજ સ્વરૂપે
જોઈ શકાશે. ૧૨૬૨

અને કર્મની જન્મભૂમિ
જે હોયે નિત્ય પ્રકૃતિ,
તે નિતાંત દૂર પોતાનાથી
દેખાશે અરે. ૧૨૬૩

ત્યાં પ્રકૃતિ પોતાનાથી
ધનંજય ન રહે વેગળી,
છાયા ન રહે રૂપથી
ભિન્ન જેમ. ૧૨૬૪

આ પ્રમાણે પ્રકૃતિ નાશ
થયે કર્મનો સંન્યાસ,
નીપજશે અનાયાસ
કારણો સહિત. ૧૨૬૫

પછી આથમતાં કર્મજાત
હું આત્મા રહું નિજમાં શેષ,
ત્યાં થવા દે તારી બુદ્ધિ
પતિવ્રતા મારી. ૧૨૬૬

બુદ્ધિ આ અનન્ય યોગે
જવ મુજ માંહે પ્રવેશે,
તવ ચિત્ત ચિંતન ત્યાગે
ભજે મુજને. ૧૨૬૭

એમ વિષયજાત છાંડીને
ચિત્ત ચોંટે મુજ સ્વરૂપે,
રહેશે સદા સર્વકાળે
એવું સત્વરે કર. ૧૨૬૮

પછી આ અભિન્ન સેવાયે
ચિત્ત મુજ રૂપથી ભરાયે,
તવ મારો પ્રસાદ કહેવાશે
થયો સંપૂર્ણ. ૧૨૬૯

ત્યારે સકળ દુઃખધામ
ભોગવાયે પામીને મૃત્યુજન્મ,
તે દુર્ગમ હોવા છતાં સુગમ
જણાશે તને. ૧૨૭૦

સૂર્ય તણી સહાય
મેળવીને નેત્ર સમર્થ,
ત્યાં તમની શેં થાય
પરવા તેને. ૧૨૭૧

તેમ મારે પ્રસાદે
જેની જીવદશા નાશે,
તે સંસારના ચાડિયાએ
પીડાશે કેમ. ૧૨૭૨

એટલે હે ધનંજય
તું સંસારદુર્ગતિમુક્ત-
થઈશ અરે નિશ્ચિત
મુજ પ્રસાદે. ૧૨૭૩

અથવા જો અહંભાવે
મારું કથન આ સર્વે-
અડવા ન દઈશ કાને માને
તું કદાચ. ૧૨૭૪

તો નિત્ય મુક્ત અવ્યય
તું છે તે જાશે વ્યર્થ,
અને દેહતાદાત્મ્યનો પ્રહાર
ભોગવીશ તું. ૧૨૭૫

જે દેહસંબંધે
આત્મઘાત છે પ્રતિપદે,
ભોગવતાં ન મળે અરે
વિસામો કહીં. ૧૨૭૬

આટલું બધું દારુણ
મરણ વિનાનું મરણ,
ભોગવીશ જો કથન
અવગણીશ મારું. ૧૨૭૭

પથ્ય દ્વેષી પોષે જ્વરને
કાં દીપદ્વેષી અંધકારને,
વિવેકદ્વેષે તેમ પોષીને
અહંકારને. ૧૨૭૮

સ્વદેહને નામ અર્જુન
પરદેહોની સંજ્ઞા સ્વજન,
સંગ્રામને કહીને મલિન
પાપાચાર. ૧૨૭૯

આવી પોતાની મતિયે
ત્રણ નામો ત્રણે આપીને,
અને ધનંજય મને કહીને
ન લડીશ હું. ૧૨૮૦

જીવમાં નિશ્ચય
કરીશ જો આત્યંતિક,
તે વ્યર્થ કરશે નૈસર્ગિક
સ્વભાવ જ તારો. ૧૨૮૧

અને હું અર્જુન આ આત્મિક
એમનો વધ કરવો પાતક,
આ ભ્રાંતિયે નથી તાત્ત્વિક
કોઈ અરે. ૧૨૮૨

પહેલાં તું થઈશ યોદ્ધો
પછી શસ્ત્ર લઈશ લડવા,
અથવા ન લડવાના લઈશ
શપથ અરે. ૧૨૮૩

એટલે ન લડવું એવો
નિશ્ચય વ્યર્થ એવો જાણવો,
ન મનાય તે આ જગે
લોકદૃષ્ટિયે પણ. ૧૨૮૪

છતાંય ન ઝૂઝવાનો
મને જો કરીશ નિર્ણય,
તો પ્રકૃતિ જ અનાયાસે
કરશે પ્રવૃત્ત. ૧૨૮૫

પૂર્વ દિશાએ વહેતું જળ
પશ્ચિમ દિશા ભણી વળાવાય,
તો રહેશે આગ્રહ અને જળ
વહેશે નિજ ગતિયે. ૧૨૮૬

જો ડાંગરનો દાણો કહે
હું નહીં પ્રગટું ડાંગરપણે,
તો શું તેનો બદલાશે
મૂળ સ્વભાવ. ૧૨૮૭

તેવો ક્ષાત્રસંસ્કારસિદ્ધ
તું ઘડાયો છે પ્રબુદ્ધ,
હવે ન લડીશ કહે છે પણ
ઉઠાડશે તને પ્રકૃતિ. ૧૨૮૮

શૌર્ય તે જ દક્ષતા
એવમાદિક પાંડુસુતા,
ગુણો મળ્યા છે જન્મતાં
પ્રકૃતિગત. ૧૨૮૯

એટલે તેમના સમવાય
અનુરૂપ હે ધનંજય,
ન કરતાં રહેવાશે નહીં
સ્વસ્થ તારાથી. ૧૨૯૦

એટલે તે ગુણોએ
તું બદ્ધ છું કોદંડપાણે,
ક્ષાત્રધર્મથી ના નીકળશે
ત્રિ વાર તુજથી. ૧૨૯૧

અથવા પોતાનું મૂળ
ન વિચારતાં કેવળ,
નહીં લડું એવું અચળ
વ્રત જો લઈશ. ૧૨૯૨

તો હાથપગ બાંધીને
કોઈને રથે બેસાડાયે,
તે ન ચાલવા છતાં જાયે
દિગદિગંતે. ૧૨૯૩

તેવો તું પોતાની મેળે
હું કાંઈ ન કરું કહીને
બેસીશ, તોયે વિવશ થઈને
લડવું જ પડશે. ૧૨૯૪

વૈરાટ દેશનો નૃપ ઉત્તર
નાસતાં કેમ થયો તું પ્રવૃત્ત,
તે તારો ક્ષાત્રસ્વભાવ
લડાવશે તને. ૧૨૯૫

અગિયાર અક્ષૌહિણી મહાવીર
તેં એકે કર્યા હતા શસ્ત્રરહિત,
કોદંડપાણિ તે તારો સ્વભાવ
લડાવશે તને. ૧૨૯૬

રોગ શું રોગીને ગમે,
ગમે શું રંકપણું રંકને,
પણ તે ભોગવાવે જે
બળિયું પ્રારબ્ધ. ૧૨૯૭

તે અદૃષ્ટ અનાયાસે
સર્વસ્વે ઈશ્વરાધીન હોયે,
તે ઈશ્વર પોતે વિરાજે
તુજ હૃદયમાં. ૧૨૯૮

સર્વ ભૂતોને અંતરે
હૃદયને મહા અંબરે,
ચિદ્રશ્મિને સહસ્ર કરે
ઉદિત જે અરે. ૧૨૯૯

અવસ્થાત્રય ને ત્રણે લોક
પ્રકાશિત કરીને અશેષ,
અન્યથા દૃષ્ટિવશ પાંથિક
જાગ્રત કર્યા. ૧૩૦૦

વેદ્ય ઉદકનાં સરોવરે
પાંગરતા વિષયપંકજે,
ઇન્દ્રિયાદિ ષટ્પદને ચરાવે
જીવ ભ્રમરને. ૧૩૦૧

રૂપક રહેવા દે, પણ ઈશ્વર
સકળ ભૂતોનો અહંકાર-
ઓઢીને નિરંતર
મહાલી રહે. ૧૩૦૨

સ્વમાયાની આડે રહીને
એકલો જ સૂત્રે નચાવે,
ચોરાસી લાખ બાહરે
છાયાચિત્ર. ૧૩૦૩

બ્રહ્માદિથી કીડી પર્યંતે
અશેષ ભૂતજાતે,
યોગ્યતા પ્રમાણે આપે
દેહનો આકાર. ૧૩૦૪

ત્યાં જે દેહ જેને સન્મુખ
મૂકી દે જોઈને અનુરૂપ,
તે ભૂત ત્યાં થયે આરૂઢ
કહે હું જ આ. ૧૩૦૫

સૂત્ર સૂત્રે ગૂંચવાયે
તૃણ તૃણ વડે બંધાયે,
ને નિજ બિંબને માને
બાળક નિજ સ્વરૂપ. ૧૩૦૬

તે પ્રમાણે દેહાકારે
પોતાને અન્ય કલ્પીને,
જીવ ઉપજાવતો હોયે
આત્મીયતા. ૧૩૦૭

એવી રીતે શરીરાકાર
યંત્રોની ઉપર ભૂતમાત્ર,
બેસાડીને કરે સંચાલન
પ્રારબ્ધનું. ૧૩૦૮

ત્યાં જેને જે કર્મસૂત્ર
બાંધીને મૂક્યા સ્વતંત્ર,
તે તેવી ગતિને પાત્ર
થવા માંડે. ૧૩૦૯

કિંબહુના ધનુર્ધર
ભૂતોને સ્વર્ગસંસાર-
માંહે ફેરવે જેમ પવન
ગગને તૃણ. ૧૩૧૦

લોહચુંબકને યોગે
લોખંડ ફરવા લાગે—
તેવા ઈશ્વર સમા યોગે
પ્રવર્તે ભૂતો. ૧૩૧૧

જેમ પોતાની ક્રીડાએ
પાર્થ સાગરાદિ પ્રવર્તે,
એકલા ચંદ્રના અરે
સાંનિધ્ય-યોગે. ૧૩૧૨

સાગરે ભરતી ઊભરે
સોમકાન્ત નિજાંગે નીતરે,
કુમુદિની ચકોર તજે
સંકોચ-લાજ. ૧૩૧૩

તેવા બીજે પ્રકૃતિવશે
એક ઈશ અનેકે ભૂતે,
નચાવે તે અરે નિવસે
તારા જ હૃદયે. ૧૩૧૪

ન સ્વીકારતાં અર્જુન પણ
હું એવું જે પાંડુસુત,
સ્ફુરતું રહે તે જ સ્વરૂપ
ઈશ્વરનું તત્ત્વતઃ. ૧૩૧૫

એટલે તે પ્રકૃતિને
પ્રવર્તાવશે ખરેખરે,
અને લડાવશે તને
ન લડવું હોય તોયે. ૧૩૧૬

એટલે ઈશ્વર સર્વસ્વામી
તેણે નિયત કરી પ્રકૃતિ,
તે સુખપૂર્વક કર્મો કરાવે
ઇન્દ્રિયો થકી. ૧૩૧૭

કરવું ન કરવું બન્ને
પ્રકૃતિને સોંપી દઈને,
તે પણ આધીન રહે
જે હૃદયસ્થને. ૧૩૧૮

તેને અહં વાચા ચિત્ત દેહ
સમર્પીને જાય રે શરણ,
મહોદધિયે જેમ ગાંગ
ભળી જાયે. ૧૩૧૯

પછી તેને પ્રસાદે
સર્વોપશાંતિ પ્રમદે,
કાન્ત થઈને સ્વાનંદે
રમજે સ્વરૂપે. ૧૩૨૦

સંભૂતિ જેથી સંભવે
વિશ્રાંતિ જ્યાં વિસામે,
અનુભૂતિ પોતે અનુભવે
અનુભવને જે. ૧૩૨૧

તે નિજાત્મપદે ભૂપ
થઈને રહીશ ચિરકાળ,
કહે લક્ષ્મીના નાથ
હે પાર્થ તું. ૧૩૨૨

આ ગીતા નામે વિખ્યાત
સર્વ વાઙ્મયનું મથિત,
આત્મરત્ન થાય હસ્તગત
જેના વડે. ૧૩૨૩

જ્ઞાન એવી સંજ્ઞાએ
વેદાંતે જે વખાણાયે,
જે વર્ણને તેમની જગે
પ્રસરી કીર્તિ. ૧૩૨૪

બુદ્ધિ આદિ પદાર્થ
જેના પડછાયા માત્ર,
હું સર્વ દ્રષ્ટા થાઉં દૃશ્ય
જેને લીધે. ૧૩૨૫

તે આ આત્મજ્ઞાન
મુજ ગોપ્ય તણું ગુપ્ત ધન,
પણ તુજ સખાથી કેમ
રખાય છાનું. ૧૩૨૬

આ કારણે હે પાંડવ
અમે અમારું નિધાન,
તને આપ્યું થઈને વ્યાપ્ત
કરુણા વડે. ૧૩૨૭

પણ ભાન ભૂલીને મોહે
માવડી સંબોધે સદોષે,
તેવું અયથાર્થ અમે
કહેતા નથી. ૧૩૨૮

આકાશને ગાળી લેવું
અમૃતનેય છોલી જોવું,
કાં દીપથી કરાવવું
અગ્નિસ્નાન. ૧૩૨૯

જેની કાયાને પ્રકાશે
પાતાળના પરમાણુ દીસે,
તે સૂર્યને પણ અંજાયે
અંજન જેમ. ૧૩૩૦

તેમ મેં સર્વજ્ઞે
સંપૂર્ણ ચકાસીને,
ધનંજય ઉચિત તે
નિરૂપ્યું તને. ૧૩૩૧

હવે તું આ ઉપરાંત
કરીને યોગ્ય નિરધાર,
પછી કરજે નિર્ણય
તને ગમે તે. ૧૩૩૨

સાંભળી દેવનાં વચન
અર્જુન રહ્યો મૌન,
તવ દેવ કહે પાર્થ
તું નથી આત્મવંચક. ૧૩૩૩

પીરસનાર આગળ ક્ષુધિત
વ્યર્થ કહે હું સંતૃપ્ત,
તો પોતે રહી ક્ષુધાપીડિત
દોષ મિથ્યા વચનનો. ૧૩૩૪

તેમ સર્વજ્ઞ શ્રીગુરુ
મળવા છતાં આત્મનિરધાર,
ન પુછાય જો સંકોચ
રાખી હૈયે. ૧૩૩૫

તવ તે પોતાને ઠગે
ઠગવાનું પાપ ભોગવે,
અને તે જ વંચિત રહે
નિજ સ્વરૂપથી. ૧૩૩૬

પણ તારા મૌને
પાર્થ સંકેત દેખાયે,
કે ફરીથી સંક્ષેપે
સાંભળવું જ્ઞાન. ૧૩૩૭

ત્યાં પાર્થ કહે હે ઉદાર
તમે જાણો છો મુજ અંતર,
તમ વિણ ક્યાં છે અન્ય
જે જાણી શકે. ૧૩૩૮

અન્ય સઘળું જ જ્ઞેય
તમે જ્ઞાતા સ્વભાવે સહજ,
શું સૂર્યને કહીને સૂર્ય
સ્તવન કરાયે. ૧૩૩૯

આ વચને શ્રીકૃષ્ણ
કહે શા કાજે સ્તવન,
તું સમજે એ સાચેસાચ
સ્તવન મારું. ૧૩૪૦

તો અવધાન વિશાળ
કરીને ફરી એક વેળ,
ઉપદેશ મારો નિર્મળ
સાંભળ હવે. ૧૩૪૧

વાચ્ય છે એટલે બોલવું,
શ્રાવ્ય છે માટે સાંભળવું,
એવું નથી પણ તારું
સૌભાગ્ય ગરવું. ૧૩૪૨

કાચબીના સંતાન કાજે
પાર્થ દૃષ્ટિયે પાનો ફૂટે,
આકાશ છતાં ધારણ કરે
ચકોર કાજે જળ. ૧૩૪૩

જે વ્યવહાર જ્યાં ન સંભવે
તેનું જ ફળ ત્યાં સાંપડે,
સાનુકૂળ દૈવે શું ન હોયે
કહે પાર્થ. ૧૩૪૪

આમ દ્વૈતના આંટાફેરા
ભોગવી ઐકયનાં આંગણાં,
માણીએ તેવું રહસ્ય આ
સાંભળ હવે. ૧૩૪૫

અને નિર્હેતુક પ્રેમને
પ્રિયોત્તમ જે વિષય થાયે,
તે આત્મા વિણ અન્ય ન હોયે
એમ જાણવું. ૧૩૪૬

દર્પણે દેખવા કાજે
દર્પણને શુદ્ધ કરાયે,
તે નથી તેને કાજે
પણ દ્રષ્ટાર્થે. ૧૩૪૭

તેમ પાર્થ તારા નિમિત્તે
હું બોલું મારા જ સ્વાનંદે,
મુજમાં તુજમાં શેષ ન હોયે
હું-તુંપણું. ૧૩૪૮

એટલે હૃદયનું ગૌપ્ય
કરું પ્રિયતમને કથન,
અનન્ય ગતિનું વ્યસન
એવું જ મુજને. ૧૩૪૯

જળને સમર્પતાં જીવન
નિજપણું વિસારે લવણ,
સર્વાંગે થતાં જળરૂપ
લાજે ન જરા. ૧૩૫૦

તેમ તું મુજ પાસે
છાનું કાંઈ ન રાખે,
મારાથી કેમ રખાયે
પછી કાંઈ ગોપ્ય. ૧૩૫૧

એટલે સકળ નિગૂઢ
જણાશે જેથી અનાવૃત્ત,
તે ગોપ્ય મારું નિર્મળ
સાંભળ હવે. ૧૩૫૨

તો સબાહ્ય-ભીતર
પોતાના સર્વ વ્યાપાર,
મુજ વ્યાપકને વીર
કર ઉદ્દેશીને. ૧૩૫૩

સકળ અંગોએ જેમ
ગગને સમાયે પવન,
સર્વ કર્મે તું તેમ
રહે મુજમાં. ૧૩૫૪

કિંબહુના પોતાનું મન
કરજે મારું એકાયતન,
મારા જ શ્રવણે કાન
ભરવા દે તારા. ૧૩૫૫

આત્મા જ્ઞાને અનાવિલ
સંત જે મુજ વિગ્રહ,
ત્યાં રોપજે તારી નજર
કામુક જેમ કામિનીએ. ૧૩૫૬

સકળ જગતનો હું નિવાસ
મારાં પરમ મંગલ નામ,
ઉતારવા હૃદયે, મોકલ પાર્થ
વાણીને પથે. ૧૩૫૭

હાથનું હાલવું
કે પગનું ચાલવું,
મુજ માટે થાય સઘળું
એવું કર. ૧૩૫૮

પોતીકા અથવા પરાયા
ઉપકારો થાશે પાંડવા,
તે વડે યાજ્ઞિક નરવા
થઈશ તું મારો. ૧૩૫૯

ક્યાં સુધી એક એક કહીએ
પોતાનામાં સેવકત્વ લઈને,
સકળ જગતને માનીને
મદ્રૂપ સેવ્ય. ૧૩૬૦

શાંત થશે તવ ભૂતદ્વેષ
સર્વત્ર નમસ્કરણીય હું શેષ,
થઈને આશ્રય આત્યંતિક
પામીશ મારો. ૧૩૬૧

પછી આ સઘન જગે
ત્રીજાની વાત જ ન હોયે,
પરમ એકાંત જ રહે
તારું મારું. ૧૩૬૨

પછી ગમે તે દશાએ
હું તને કે તું મને,
ભોગવીશું એવું થશે
સુખ સર્વત્ર. ૧૩૬૩

અને ત્રીજાનો પ્રત્યવાય
શાંત થશે જવ ધનંજય,
તું જ થઈને મદ્રૂપ તવ
ભળીશ મુજમાં. ૧૩૬૪

જેમ જળમાંનું પ્રતિબિંબ
જળનાશે બિંબરૂપ,
થવામાં શું પાર્થ
અંતરાય કોઈ. ૧૩૬૫

અરે પવન અંબરે
કે તરંગ સાગરે—
સમાઈ જતાં તેને
રોકશે કોઈ. ૧૩૬૬

એટલે તું અને હું
દેહધર્મે ભાસે એવું;
પણ દેહને નિરાસે
તું જ હું. ૧૩૬૭

આ મારા વચને
સંદેહ ન કર મને,
અહીં અન્યથા ન હોયે
સોગંદ તારા. ૧૩૬૮

તારા સોગંદ લેતાં
શપથ લેવાય નિજના,
પણ પ્રીતિ પાસે લજ્જા
ન ફરકે કદી. ૧૩૬૯

નહીં તો વેદ નિષ્પ્રપંચ
જે થકી વિશ્વાભાસ સાચ,
જેની આજ્ઞામાં મહાકાળ
રહે આધીન. ૧૩૭૦

તે દેવ હું સત્યસંકલ્પ
જગતનો હિતકર્તા બાપ,
તારા સોગંદને વશ
થઈશ કેમ. ૧૩૭૧

પણ અર્જુન તારા પ્રેમે
દેવપણાનાં સર્વ ચિહ્નો મેં—
તજીને થયો હું અર્ધ માનુષ
તું સંપૂર્ણ. ૧૩૭૨

અરે પોતાને કાજે
રાજા પોતાના પોતે,
ધનંજય શપથ આપે
તેવું જ આ. ૧૩૭૩

તવ અર્જુન કહે દેવ
આટલું બોલવું નથી ઉચિત,
જે મુજ કાજે પર્યાપ્ત
એક નામ તમારું. ૧૩૭૪

છતાંય કરો નિરૂપણ,
નિરૂપણે પોતાની આણ,
ખરેખર પારાવાર
વિનોદ તમારો. ૧૩૭૫

કમળવનનો વિકાસ
કરે રવિનો એક અંશ,
ત્યાં પ્રકાશે સઘળું વ્યાપ્ત
કરે સર્વદા. ૧૩૭૬

પૃથ્વી સંતોષી સાગર
ભરાશે એવા અપાર,
વરસવા બનાવે નિમિત્ત
ચાતકને મેઘ. ૧૩૭૭

એટલે તમારા ઔદાર્યને
મારું કેવળ નિમિત્ત હોયે,
અહીં તો લાભ થાશે
વિશ્વને વિશ્વનાથ. ૧૩૭૮

તવ દેવ કહે ભલે
પ્રશસ્તિનો પ્રસંગ ન હોયે,
મને પામીશ આ ઉપાયે
સાચે જ તું. ૧૩૭૯

સિંધવ સમાયે સિંધુએ
ત્યાં ભળવાની જે પળ હોયે,
તે જ પળે ઓગળતું આદરે
ન રાખે ભિન્નતા. ૧૩૮૦

તેમ સર્વત્ર મને ભજતા
મદ્રૂપ થતાં સર્વ અહંતા,
નિઃશેષ થઈને તત્ત્વતા
થઈશ હું જ. ૧૩૮૧

એવં મારી પ્રાપ્તિ સુધી
સાંભળ માંડીને કર્મથી,
દેખાડી તને ઉપપત્તિ
ઉપાયો તણી. ૧૩૮૨

જે પ્રથમ તો પાંડુસુતા
સર્વ કર્મો મને સમર્પતાં—
સર્વત્ર સર્વદા પ્રસન્નતા
લાધશે મારી. ૧૩૮૩

પછી મારી તે પ્રસન્નતાએ
મુજ વિશેનું જ્ઞાન સિદ્ધ થાયે,
તે વડે મળી જવાય ખરોખરે
સ્વરૂપે મારા. ૧૩૮૪

પછી પાર્થ તે અવસ્થાએ
સાધ્ય-સાધન શક્ય ન હોયે,
કિંબહુના ન રહે શેષ તારે
કરવાનું કાંઈ. ૧૩૮૫

તો પોતાનાં સર્વ કર્મ
તેં સદા કર્યાં મદર્પણ,
એટલે પ્રસન્નતા પ્રાપ્ત
થઈ છે આજ. ૧૩૮૬

હવે આ પ્રસાદબળે
યુદ્ધનો પ્રતિબંધ જે આડે—
તે પણ ભુલાયો એક વેળે
મુજથી અરે. ૧૩૮૭

જે વડે સપ્રપંચ અજ્ઞાન નાશે
એક હું જ ગોચર થાયે,
તે ઉપપત્તિને ઉપાયે
ગીતારૂપ આ. ૧૩૮૮

મેં પોતાનું જ્ઞાન તને
ઉપદેશ્યું વિવિધ પ્રકારે,
તે વડે અજ્ઞાનજાત તજી દે
ધર્માધર્મમૂળ જે. ૧૩૮૯

આશા જેમ દુઃખને,
નિંદા જેમ દુરિતને,
કિંબહુના જેમ દૈન્યને
દુર્ભાગ્ય અરે. ૧૩૯૦

તેવું સ્વર્ગનરકસૂચક
અજ્ઞાન પ્રસવે ધર્માદિક,
તે નષ્ટ કરી અશેષ
આ જ્ઞાન વડે. ૧૩૯૧

હાથે લઈને તે રજ્જુ
તજાય જેમ સર્પાભાસુ,
કાં નિદ્રાત્યાગે પ્રપંચુ
સ્વપ્નમાંનો. ૧૩૯૨

અથવા શાંત થતાં કમળો
ચંદ્રનો રંગ પીળો,
વ્યાધિત્યાગે જેમ તજાયે
કડવાશ મુખની. ૧૩૯૩

અરે દિવસનો અંત થતાં
મૃગજળ લોપે તત્ત્વતા,
કાં કાષ્ઠત્યાગે તજાય જેમ
વહ્નિ અરે. ૧૩૯૪

તેમ ધર્માધર્મની જંજાળ
દેખાડે અજ્ઞાન જે મૂળ,
તે તજીને, તજી દે સકળ
ધર્મજાત. ૧૩૯૫

પછી અજ્ઞાન થયે નિવૃત્ત
હું જ એક રહું સ્વયંસિદ્ધ,
સ્વપ્ન જાતાં નિદ્રા સહિત
જેમ આપણ. ૧૩૯૬

તેમ મુજ એક વિણ કાંઈ
ભિન્નાભિન્ન પછી નાહીં,
એવા સોહંબોધે અનન્ય
થઈને રહેજે. ૧૩૯૭

પોતાના પણ ભેદ વિણ
મારું જાણવું અભિન્નપણ,
એ જ કહેવાયે શરણ
આવવું મારે. ૧૩૯૮

એટલે ઘટને વિનાશે
ગગન ગગને પ્રવેશે,
તેમ શરણ થવું મુજને
નિપજાવે ઐક્ય. ૧૩૯૯

સુવર્ણમણિ સુવર્ણે
કે કલ્લોલ જેમ જળે,
તેવો તું પાર્થ મને
થાજે શરણ. ૧૪૦૦

નહીં તો સાગરને ઉદરે
પાર્થ વડવાનળ શરણ લે,
પણ બાળી ન શકે તેવો
ટાળજે માર્ગ. ૧૪૦૧

મુજને શરણ થઈને
જીવવું અરે જીવભાવે,
ધિક્કાર હો એવી વાતને
પ્રજ્ઞાને શરમાવે જે. ૧૪૦૨

અરે પ્રાકૃત રાજા જેને
અંગીકારે તે દાસીને,
રાજવીને પ્રતિષ્ઠા લાભે
હે ધનંજય. ૧૪૦૩

અને હું વિશ્વેશ્વર મળી આવું
છતાં જીવગ્રંથિથી પીડાવું,
એવા કથનને પણ ના ધરવું
કાને અરે. ૧૪૦૪

એટલે મદ્રૂપ થઈને મુજને
સેવવું જે સહજ હોયે,
તે તું ધારણ કરજે
આ જ્ઞાન વડે. ૧૪૦૫

પછી છાશમાંથી કઢાયે
ને પાછું છાશમાં નખાયે,
છતાં માખણ ન ભળે
છાશમાં જેમ. ૧૪૦૬

લોખંડને સહજ કાટ ચડે
પણ જો પારસમણિ સ્પર્શે-
તો સુવર્ણરૂપ થઈ ન થાયે
મલિન કદી. ૧૪૦૭

એ ભલે કાષ્ઠમાંથી
મથીને કાઢતાં વહ્નિ,
કાષ્ઠે ન ભરાયે પછી
ક્રમે કરી. ૧૪૦૮

તેમ અદ્વયભાવે મુજને
શરણ આવ્યા પછી તુજને,
ધર્માધર્મ આ ક્યારે
અડકશે નહીં. ૧૪૦૯

અર્જુન શું દિનકર
કદી જુએ અંધકાર,
કે પ્રબોધને ગોચર
સ્વપ્નનો ભ્રમ. ૧૪૧૦

તેમ મુજથી થયે એકરૂપ
મુજ સર્વરૂપ વિણ,
શેષ રહેવા અન્ય
કારણ નથી. ૧૪૧૧

એટલે તેને વિશે
ચિંતા ન કરીશ ક્યારે,
તારું પાપપુણ્ય સકળે
હું થઈશ પોતે. ૧૪૧૨

જળે ભળી જતાં લવણ
સર્વાંગે જળરૂપ હે વિચક્ષણ,
તને અનન્ય શરણને થઈશ
પોતે હું તેમ. ૧૪૧૩

ત્યાં સર્વબંધ લક્ષણે
દ્વૈતભાવનું જે પાપ રહે,
તે મુજ બોધે થઈ જશે
નિઃશેષ અરે. ૧૪૧૪

એટલાથી આપમેળે
ધનંજય તું મુક્ત છે,
જાણી લે મને યથાર્થે
હું મુક્તિદાતા. ૧૪૧૫

આ કારણે હવે કદી
ચિંતા ન રાખ આવી,
મુજ એકને હે સુમતિ
થાજે શરણ. ૧૪૧૬

એવું સર્વરૂપે રૂપવંત,
સર્વ દૃષ્ટિયે દૃષ્ટિવંત,
સર્વ દેશે નિવાસમંત
શ્રીકૃષ્ણ બોલિયા. ૧૪૧૭

પછી શ્યામલ સકંકણ
પ્રસારીને બાહુ દક્ષિણ,
આલિંગ્યો સ્વશરણ
ભક્તરાજ. ૧૪૧૮

ન પામતાં જેને
સાથે લઈને બુદ્ધિને,
વાણી આપમેળે
પાછી ફરે. ૧૪૧૯

એવું જે કાંઈ એક
વાચા બુદ્ધિને જ્યાં અટક-
તે આપવા કર્યું મિષ
આશ્લેષનું. ૧૪૨૦

હૃદયે હૃદય મળ્યું,
હૈયાનું હૈયે નખાયું,
દ્વૈત ન તોડતાં પાર્થને
બનાવ્યો નિજ સમાન. ૧૪૨૧

દીપથી પ્રગટાવે દીપ
તેવું થયું આલિંગન,
દ્વૈત ન મોડતાં સાયુજ્ય
આપ્યું પાર્થને. ૧૪૨૨

પછી તે સુખનો તેને
ઊભરો આવ્યો ધનંજયને,
જેમાં સમર્થ હોવા છતાં
ડૂબ્યા દેવ પોતે. ૧૪૨૩

સિંધુને સિંધુ મળે
મિલન વિણ દ્વિગુણિત થવાયે,
એટલે તે ઉછાળે
આકાશ ભણી. ૧૪૨૪

તેવું તે ઉભયનું મિલન
ઉભયમાં ન સમાયે જાણ,
કિંબહુના પોતે નારાયણે
વ્યાપ્યું વિશ્વ. ૧૪૨૫

એવં વેદ તણું મૂળસૂત્ર
સર્વાધિકાર એક પવિત્ર,
શ્રીકૃષ્ણે ગીતાશાસ્ત્ર
પ્રકટાવ્યું અરે. ૧૪૨૬

અહીં ગીતા વેદનું મૂળ
એવું કહેવા શું કારણ,
એમ પૂછશો તો પ્રસિદ્ધ
ઉપપત્તિ કહું. ૧૪૨૭

તો જેમને નિશ્વાસે
વેદરાશિ સહેજ નીપજે,
તે સત્યપ્રતિજ્ઞ સ્વમુખે
બોલ્યા સહેતુક. ૧૪૨૮

એટલે વેદાને મૂળભૂત
ગીતાને કહેવું ઉચિત,
અહીં અન્ય પણ એક
જણાયે ઉપપત્તિ. ૧૪૨૯

જે ન નાશે સ્વરૂપે
જેનો વિસ્તાર જેમાં લપાયે,
તેને તેનું કહીએ
બીજ જગે. ૧૪૩૦

એટલે કાંડત્રયાત્મક
શબ્દરાશિ અશેષ,
ગીતામાં વસે જેમ
વૃક્ષ બીજે. ૧૪૩૧

એવં વેદનું બીજ
શ્રીગીતા હોયે સહજ,
એવું મને જણાય અને
દેખાય પણ. ૧૪૩૨

જે વેદના ત્રણે ભાગ
ગીતામાં પ્રગટ્યા સર્વાંગ,
આભૂષણ રત્નોએ શોભે
કાયા જેમ. ૧૪૩૩

તેના કર્માદિ ત્રણ
કયે સ્થાને ભાગ કોણ,
ગીતામાં હોયે દેખાડું
સ્પષ્ટ તને હવે. ૧૪૩૪

તો પહેલો જે અધ્યાય
તેમાં શાસ્ત્રપ્રવૃત્તિ પ્રસ્તાવ,
દ્વિતીયે સાંખ્યસદ્‌ભાવ
પ્રકાશિત કરે. ૧૪૩૫

મોક્ષદાનમાં સ્વતંત્ર
જ્ઞાનપ્રધાન ગીતાશાસ્ત્ર,
એટલું દ્વિતીયે સૂત્ર
મંડાયું અરે. ૧૪૩૬

પછી અજ્ઞાને જે બંધાયા
તેમને મોક્ષપદે આરૂઢવા,
સાધનારંભ છે નિરૂપ્યા
તૃતીય અધ્યાયે. ૧૪૩૭

જે દેહાભિમાનબદ્ધ જીવે
કામ્યનિષિદ્ધ કર્મ તજીને,
વિહિત કરવા અપ્રમાદે
અનુષ્ઠાન બુદ્ધિએ. ૧૪૩૮

આવા સદ્‌ભાવે કરવાં કર્મ
એવો ત્રીજે અધ્યાયે દેવ—
નિર્ણય આપે તે જાણ
કર્મકાંડ અત્રે. ૧૪૩૯

અને તે જ નિત્યાદિક
અજ્ઞાનજન્ય આવશ્યક,
આચરતાં કેમ મોચક
થાશે કઈ રીતે. ૧૪૪૦

એવી અપેક્ષા જાગતાં
બદ્ધ મુમુક્ષા પામતા,
દેવે બ્રહ્માર્પણ ક્રિયા
નિરૂપી છે. ૧૪૪૧

જે દેહ-વાચા-માનસે
વિહિત જે જેવું નીપજે,
તે એક ઈશ્વરોદ્દેશે
કરવું કહે. ૧૪૪૨

એ જ ઈશ્વરે કર્મયોગે
ભજન-અર્ચન કેમ કરાયે,
આ વિષય મંડાયો ચતુર્થે
શેષભાગે. ૧૪૪૩

તે વિશ્વરૂપ અગિયારમો
અધ્યાય શેષ થાય સઘળો,
ત્યાં સુધી કર્મે ઈશ ભજવો
એ જે કહ્યું. ૧૪૪૪

તે અષ્ટાધ્યાયે વિશદ
જાણવું છે દેવતાકાંડ,
એ ગીતાનું રહસ્ય
હું કરું સ્પષ્ટ. ૧૪૪૫

અને તેને ઈશપ્રસાદે
શ્રીગુરુ સંપ્રદાયલબ્ધે,
સત્ય જ્ઞાન ઉદ્‌બોધે
સુકુમાર જે. ૧૪૪૬

તે અદ્વેષ્ટા પ્રભૃતિકે
અથવા અમાનિત્વાદિકે,
ઉમેર્યું એટલે જ્ઞાનકાંડે
બારમો ગણું. ૧૪૪૭

તે બારમાથી માંડીને
પંદરમે અંત પર્યંતે,
જ્ઞાનફળપાક સિદ્ધિ છે
વિષય નિરૂપણનો. ૧૪૪૮

એટલે આ ચારેય વડે
ઊર્ધ્વ મૂળાન્ત અધ્યાયે-
જ્ઞાનકાંડ દેખાયે
નિરૂપિત. ૧૪૪૯

એવં કાંડત્રય નિરૂપણે
શ્રુતિ સુકુમાર જ પોતે,
ગીતાપદ્યરત્નોએ
અલંકૃત દીસે. ૧૪૫૦

એ ભલે કાંડત્રયાત્મક
શ્રુતિ મોક્ષરૂપ ફળ એક,
પ્રાપ્ત કરવું આવશ્યક
એમ ગરજે. ૧૪૫૧

તે સાધન અને જ્ઞાને
જે પ્રતિદિને વેર બાંધે,
તે અજ્ઞાનવર્ગ ષોડશે
પ્રતિપાદ્ય વિષય. ૧૪૫૨

તે શાસ્ત્રરૂપ વળાવિયો
સંગે લઈ વેરી હણવો,
આ સંદેશો સત્તરમો
અધ્યાય આપે. ૧૪૫૩

આમ પ્રથમથી માંડીને
સત્તરમા પર્યંતે,
આત્મનિશ્વાસ વિવેચીને
દેખાડ્યા દેવે. ૧૪૫૪

તે અર્થજાત અશેષ
કર્યાં તાત્પર્યરૂપે સંક્ષેપ,
તે અઢારમો દેખ
કળશ અધ્યાય. ૧૪૫૫

એવં સકળ સાંખ્યસિંધુ,
શ્રીભગવદ્ગીતાપ્રબંધુ,
ઔદાર્યે આગવો વેદ
જાણ મૂર્તિમંત. ૧૪૫૬

વેદ આમ તો સંપન્ન
પણ તે છે કૃપણ અનન્ય,
જે પોતાનું કરાવે શ્રવણ
કેવળ ત્રિવર્ણને. ૧૪૫૭

બીજાંને થતાં ભવવ્યથા
સ્ત્રીશૂદ્રાદિકા સમસ્તાં,
અનધિકાર મર્યાદા
દેખાડી મૌન. ૧૪૫૮

તે પાછલી ઊણપ
કાઢવા ગીતારૂપ,
વેદ પ્રગટ્યા થવા સેવ્ય
સહજ સર્વને. ૧૪૫૯

મને પ્રવેશે અર્થરૂપે
કાને લાગે શ્રવણ મિષે,
જપ મિષે વદને વસે
સેવ્ય થાવા. ૧૪૬૦

જે ગીતાનો પાઠ જાણે
બેસીને તેની સંગતે,
ગીતા લખીને ગ્રંથ મિષે
વહન કરાયે. ૧૪૬૧

આવા આવા નિમિત્તે
સંસારને ચૌટે ચૌટે,
અન્નછત્રો જાણે ઉઘાડે
મોક્ષસુખનાં. ૧૪૬૨

પણ આકાશે વિહરવા
કે પૃથ્વીએ બેસવા,
રવિરશ્મિને સંચરવા
નભ એક વાડ. ૧૪૬૩

તેમ ઉત્તમ કે અધમ
સેવન કરતાં ન પૂછે ગુણ,
કૈવલ્યદાને સઘળું જગ
શાંત કરે જે. ૧૪૬૪

એટલે પાછલા પ્રવાદે
ભીત વેદ ગીતાને પેટે-
પ્રવેશતાં હવે પામ્યા છે
કીર્તિ નિર્મળ. ૧૪૬૫

એવં વેદની સુસેવ્યતા
તે જાણ મૂર્ત શ્રીગીતા,
શ્રીકૃષ્ણે ઉપદેશી આ
પાંડુસુતને. ૧૪૬૬

પણ વાછરડાને સ્નેહે
ગાયનું દૂધ ઘરને લાધે,
તેમ ધનંજયને મિષે
થયો જગઉદ્ધાર. ૧૪૬૭

ચાતકની કરુણાએ
મેઘ જળની વર્ષા કરે,
ત્યાં ચરાચર સઘળે
શીતળ જેમ. ૧૪૬૮

કાં અનન્ય ગતિ કમળે
સૂર્યપ્રકાશે વેળવેળે,
તેથી સુખી ત્રિભુવને
સર્વ લોચન. ૧૪૬૯

તેમ અર્જુનને નિમિત્તે
ગીતા પ્રકાશીને શ્રીરાજે,
બંધન સંસાર જેવડું મોટું
નષ્ટ કર્યું જગતનું. ૧૪૭૦

સર્વ શાસ્ત્રરત્નદીપ્તિને
પ્રગટાવે આ ત્રિજગતે,
શું સૂર્ય જ બીજો ન હોયે
શ્રીકૃષ્ણમુખનભે. ૧૪૭૧

ધન્ય કુળ તે પવિત્ર
જેનો પાર્થ આ જ્ઞાનને પાત્ર,
જેણે ગીતાને વાડ સ્વતંત્ર
બાંધી નિજ જીવને. ૧૪૭૨

એ ભલે પછી તેણે
સદ્ગુરુ શ્રીકૃષ્ણને,
પાર્થના અદ્વૈતને
આપ્યો દ્વૈતભાવ. ૧૪૭૩

પછી કહે હે પાંડવ
શાસ્ત્ર થયું કે સંમત,
તવ પાર્થ કહે દેવ
કૃપા આપની. ૧૪૭૪

તો નિધાન પ્રાપ્ત થવા
ભાગ્ય જોઈએ ધનંજયા,
પણ જોડેલું ભોગવવા
જોઈએ સવિશેષ. ૧૪૭૫

અરે ક્ષીરસાગર સમાન
અવિકૃત દૂધનું સુપાત્ર,
સુર-અસુરે કરતા મંથન
શ્રમ દારુણ. ૧૪૭૬

તે સાયાસ થયા સફળ
જે અમૃત જોયું નજરોનજર,
પણ કરી ન શક્યા જતન
દૈત્યો અરે. ૧૪૭૭

તવ જે આપે અમરતા
તે જ કારણ થયું મરણા,
ભોગવવાની યુક્તિ ન જાણતાં
થાય એવું જ. ૧૪૭૮

નહુષ થયો સ્વર્ગાધિપતિ
પણ મૂંઝાયો વ્યવહારરીતિ,
એટલે પામ્યો ભુજંગસ્થિતિ
શું ન જાણે તું. ૧૪૭૯

પણ તેં પ્રચુર પુણ્ય
કર્યું તે વડે જ પાર્થ-
આ શાસ્ત્રશ્રેષ્ઠનું શ્રવણ
પામી શક્યો. ૧૪૮૦

તો આ શાસ્ત્ર વડે
આચરણના સંપ્રદાયે,
શાસ્ત્રાર્થનું કરજે
અનુષ્ઠાન. ૧૪૮૧

નહીં તો અમૃતમંથને
પાર્થ જે થયું તે થશે,
જો સંપ્રદાયરહિત
કરશે અનુષ્ઠાન. ૧૪૮૨

ગાય પ્રાપ્ત હો દુધાળ
તોપણ દૂધ તવ પિવાય—
હસ્તગત હો જવ ફાવટ
દોહવાની. ૧૪૮૩

તેમ ગુરુ હોય પ્રસન્ન
શિષ્ય કરે વિદ્યા પ્રાપ્ત,
પણ તે ફળે અનુષ્ઠાને
સંપ્રદાયયુક્ત. ૧૪૮૪

એટલે જે આ શાસ્ત્ર
ઉચિત સંપ્રદાય હોયે,
તે સાંભળ હવે સાદરે
એકચિત્તે. ૧૪૮૫

તો તેં આ જે પાર્થ
આસ્થાએ મેળવ્યું ગીતાશાસ્ત્ર,
તે તપોહીનને ક્યારે પણ
કહીશ ના. ૧૪૮૬

અથવા હોય કોઈ તાપસ
પણ ગુરુભક્તિએ શિથિલ,
તો વેદોએ ત્યજ્યો અંત્યજ
ત્યાગજે તેમ. ૧૪૮૭

નહીં તો પુરોડાશ જેમ
ન અપાયે વાયસે વૃદ્ધ,
ગીતા ન અપાયે તેમ
ગુરુભક્તિહીનને. ૧૪૮૮

કાં તપ હોય પ્રાપ્ત દેહે
ગુરુ, દેવ ઉભયને ભજે,
પણ ઇચ્છા ન સેવે
ગીતાશ્રવણે. ૧૪૮૯

તો છેલ્લા બે ગુણોએ
ઉત્તમ હોવા છતાં જગે,
ગીતાશ્રવણ કાજે તે
સુપાત્ર ન હોયે. ૧૪૯૦

મુક્તાફળ હો ઉત્તમ
પણ ન હો તેને મુખ-
તો પ્રવેશશે કેમ ગુણ
તેમાં અરે. ૧૪૯૧

સાગર હશે ગંભીર
અસ્વીકાર તેનો કરે કોણ,
પણ વરસતાં જશે વ્યર્થ
વર્ષા સાગરે. ૧૪૯૨

સંતૃપ્તને પીરસવું દિવ્યાન્ન
ગણાશે સાવ નિરર્થક,
તો આર્ત્તને આપીને કેમ
ન થાવું ઉદાર. ૧૪૯૩

એટલે ગમે તેવો સુપાત્ર
હોયે છતાં શ્રવણે ઉદાસ,
તેને કદી ન આપીશ
પાર્થ આ જ્ઞાન. ૧૪૯૪

રૂપનાં રસિક નયન
પણ ન સેવી શકે પરિમલ,
જ્યાં જે યોગ્ય તે ફળ
ત્યાં જ તેને. ૧૪૯૫

એટલે તપસ્વી ભક્ત
સુભદ્રાપતિ જોવા અવશ્ય,
પણ શાસ્ત્રશ્રવણે જો ઉદાસ
ટાળજે તેને. ૧૪૯૬

અથવા તપસક્તિ
અને શ્રવણે આર્ત્તિ,
એવી સામગ્રી આઈતી
જોઈશ તોયે. ૧૪૯૭

ગીતાશાસ્ત્રનિર્મિતા
હું જે સકળલોકશાસ્તા,
એવા મને સામાન્યતા
આપશે જે. ૧૪૯૮

મુજ ભક્તોને કે મને
દુષ્ટ ભાવે જે સંબોધે,
તેમને કદી આ શ્રવણે
ગણવા ન યોગ્ય. ૧૪૯૯

તેમની અન્ય સઘળી
સામગ્રી આવી જાણવી,
દીપિકા દીપ વિનાની
જેમ રાત્રિએ. ૧૫૦૦

ગૌર કાયા અને યૌવન
ઉપરાંત અલંકારે અલંકૃત,
પણ જો પ્રાણરહિત
હશે પાર્થ. ૧૫૦૧

સુવર્ણ તણું સુંદર
રચાયું હોયે ઘર,
પણ સર્પાંગનાએ દ્વાર
અવરુદ્ધ હોયે. ૧૫૦૨

નીપજે દિવ્યાન્ન નિર્મળ
પણ તેમાં ભરેલું કાળકૂટ,
એ ભલે મૈત્રી કપટ-
ગર્ભિણી જેવી. ૧૫૦૩

તેવી તપ ભક્તિ મેધા
તેની જાણવી પ્રબુદ્ધા,
જે મદ્‌ભક્તોની નિંદા
અથવા મારી કરે. ૧૫૦૪

આ કારણે ધનંજય
તે તપ્ત મેધાવી ભક્ત,
છતાં ન અડવા દે તેને
ગીતાશાસ્ત્રે. ૧૫૦૫

બહુ શું કહીએ નિંદકને
બ્રહ્મદેવ સમાન હોય તેને,
અડવા ન દે સકૌતુકે
ગીતાશાસ્ત્રને. ૧૫૦૬

એટલે તપ તણા ધનુર્ધર
પાયામાં ચણીને પાષાણ,
ઉપરે ગુરુભક્તિથી પૂર્ણ
પ્રાસાદ જે થયો. ૧૫૦૭

અને શ્રવણેચ્છાનો સન્મુખ
ઉંબરો રહે છે સમુચિત,
વળી કળશ સુનિર્મળ
અનિંદારત્નો તણો. ૧૫૦૮

એવા સુવિમલ ભક્તાલયે
ગીતારત્નેશ્વરની પ્રતિષ્ઠા કરે,
પછી તું આવીશ આ જગે
મુજ તોલે પાર્થ. ૧૫૦૯

કાં જે એકાક્ષરપણે
ત્રિમાતૃકાની કુક્ષિયે,
પ્રણવ અરે ગર્ભવાસે
સંપડાયો હતો. ૧૫૧૦

તે ગીતાને સુવિસ્તારે
વેદબીજ પોતે પાંગરે,
કે ગાયત્રી પુષ્પે ફળે
શ્લોકરૂપે. ૧૫૧૧

તે આ મંત્રરહસ્ય ગીતા
મેળવી જે આપે મુજ ભક્તા,
અનન્ય જીવનને માતા
બાળકને જેમ. ૧૫૧૨

તેમ ભક્તને ગીતા જોડે
જે સાદર મેળાપ કરાવે,
તે દેહને અંતે મુજરૂપે
એક થાયે. ૧૫૧૩

અને દેહને અલંકારે
અલંકૃત તે ભિન્નપણે-
રહે તોયે જીવે પ્રાણે
પ્રિય જ મુજને. ૧૫૧૪

જ્ઞાની તપ્ત કે કર્મી
આ જે મારાં મરમી,
તેમાં તે સવિશેષે
વહાલો મને. ૧૫૧૫

તેવો ભૂતળે સકળ
અન્ય ન દેખાય પાંડવ,
જે ગીતાનું કરે કથન
ભક્તજનોમાં. ૧૫૧૬

મુજ ઈશ્વર તણા પ્રેમે
આ ગીતાપાઠે અક્ષોભે-
જે મંડનરૂપ થઈ રહે
સંતસભામાં. ૧૫૧૭

નવપલ્લવે રોમાંચિત,
મંદાનિલે સકંપિત,
આમોદજળે દ્રવિત
પુષ્પોની જેમ. ૧૫૧૮

કોકિલ કલરવ સદૃશે
સદ્ગદ વાણીને ઉદ્ઘોષે,
જાણે વસંત ઋતુ પ્રવેશે
મુજ ભક્તઉપવને. ૧૫૧૯

કાં જન્મનું ફળ ચકોરને
આપવા ચંદ્ર તપે અંબરે,
અથવા નવઘન મયૂરે
પ્રતિસાદ દે. ૧૫૨૦

તેવા સજ્જનોને વૃંદે
ગીતાપદ્મરત્નો વરસાવે-
જે મુજરૂપે રાખીને
નિજ દૃષ્ટિ. ૧૫૨૧

પછી તેના સમાન
પ્રિય મુજને જાણ,
નથી ભૂત-ભવિષ્યે
ન્યાળતાં પણ. ૧૫૨૨

અર્જુન આ હદ સુધી
હું તેને હૈયે ધારી-
જે ગીતાર્થની ઊજવણી
કરાવે સંતોને. ૧૫૨૩

અરે મારા-તારા મિલને
જે આ કહાણી વિસ્તારે,
મોક્ષધર્મ જીવવા કાજે
આવ્યો છે જ્યાં. ૧૫૨૪

તે આ સકળાર્થપદ
આપણો ઉભયનો સંવાદ,
ન કરતાં પદભેદ પણ
પાઠરૂપે ભણે. ૧૫૨૫

તેણે પ્રદીપ્ત જ્ઞાનાનલે
મૂળ અવિદ્યાની આહુતિયે,
સંતુષ્ટ કર્યો હે સુમતે
મુજ પરમાત્માને. ૧૫૨૬

કાઢીને ગીતાર્થનું તારણ
જ્ઞાનીઓને જે વિચક્ષણ,
તે જ મળે ગાયને-કીર્તને
ગીતાના અરે. ૧૫૨૭

ગીતાપાઠકને હોયે
ફળ અર્થજ્ઞ સરીખે,
ગીતા માવડી ન જાણે
જ્ઞાની અજાણ. ૧૫૨૮

અને સર્વ માર્ગોની નિંદા
તજીને જે આસ્થા શુદ્ધા-
રાખે ગીતાશ્રવણે શ્રદ્ધા
નિજ જીવને. ૧૫૨૯

તેના શ્રવણસંપુટે
ગીતાના અક્ષરો પેસે,
તે પળે નાસભાગ કરે
સકળ પાપો. ૧૫૩૦

જેમ અરણ્ય મધ્યે
સહસા અગ્નિ પ્રવેશે-
તવ નાસે ગમે તે દિશાએ
વનચરો સર્વ. ૧૫૩૧

કાં ઉદયાચળ શિખરે
અંશુમાલી જરા ઝળકે,
તિમિર લોપે અંતરાળે
આપમેળે. ૧૫૩૨

તેમ કર્ણોના મહાદ્વારે
જવ ગીતા ગરજી રહે,
તવ સૃષ્ટિ ઉત્પત્તિ સુધીનાં
નાશે પાપો. ૧૫૩૩

આમ જન્મપરંપરા શુચિર્ભૂત
થાય પુણ્યરૂપ સુનિર્મળ,
એના થકીયે અપાર
લાવે બીજું ફળ. ૧૫૩૪

આ ગીતાના અક્ષર
કર્ણદ્વારે જેટલા પ્રવિષ્ટ-
તેટલા ગણાયે સંપૂર્ણ
અશ્વમેધ પાર્થ. ૧૫૩૫

એટલે શ્રવણે પાપ વિનાશે
અને ધર્મ ચડે ઉત્કર્ષે,
સ્વર્ગ રાજ્ય સંપત્તિ તેને
લાધે જ અંતે. ૧૫૩૬

તો મુજ પાસે આવવા કાજે
પ્રથમ મુકામ સ્વર્ગે નાખે,
પછી ભોગ ભોગવીને આવે
મુજ નિકટે તે. ૧૫૩૭

આમ ગીતા ધનંજય
શ્રોતાને વક્તાને પણ—
ફળે મુજ મહાનંદસ્વરૂપે
બહુ શું કહું. ૧૫૩૮

આ કારણે એ રહેવા દઈએ
પણ જે કારણે શાસ્ત્રાદિને,
વિવેચ્યા તે હવે પૂછવા દે
મૂળ કાજ તારું. ૧૫૩૯

તો કહે જોઉં પાંડવ
આ શાસ્ત્રસિદ્ધાંત સકળ-
તારાથી એકચિત્ત ગ્રહણ
થયા કે નહીં. ૧૫૪૦

અમે જેમ જે રીતિયે
આપ્યું કર્ણોને હાથે,
તેવું જ પહોંચી શક્યું કે
તુજ ચિત્ત સુધી. ૧૫૪૧

અથવા મધ્યમાં જ ક્યાંયે
વેરવિખેર થઈ ગયું તે,
કે ઉપેક્ષાવશ ત્યજાયું તે
તારાથી અરે. ૧૫૪૨

જેવું અમે નિરૂપ્યું
તેવું જો હૈયે ઊતર્યું,
તો કહે પાર્થ સત્વરે
પૂછીશ હું જે. ૧૫૪૩

અરે નિજ અજ્ઞાનજનિત
મોહે તને કર્યો હતો ગ્રસિત,
તે મોહ છે કે નિઃશેષ
થયો સહજ. ૧૫૪૪

વધારે શું પૂછીએ
તું પોતે જ જોઈને કહે,
શું કર્માકર્મ જણાયે
હજીયે તને. ૧૫૪૫

સ્વાનંદૈક રસે પાર્થ
ડૂબશે એટલે ભેદ,
જગાડ્યો પૂછીને પ્રશ્ન
શ્રીહરિએ. ૧૫૪૬

પૂર્ણબ્રહ્મ થાય જો પાર્થ
તો સાધવા શેષ કાર્યાર્થ,
મર્યાદા શ્રીકૃષ્ણનાથ
ઓળંગવા ના દે. ૧૫૪૭

નહીં તો પોતાની કરણી
ન જાણે શું સર્વજ્ઞ હોઈ,
પણ પ્રશ્ન કરે જાણીજોઈ
ઉપરોક્ત હેતુએ. ૧૫૪૮

એવો કરીને પ્રશ્ન
ન હતું તે અર્જુનપણ,
ઉપજાવીને પ્રાપ્ત પૂર્ણપણ
કરાવ્યું કથન. ૧૫૪૯

પછી ક્ષીરાબ્ધિને મૂકીને
પુંજમંડિત થયે ગગને,
અભિન્ન હોવા છતાં જણાયે
ભિન્ન પૂર્ણચંદ્ર. ૧૫૫૦

ત્યારે હું બ્રહ્મ એ વિસારે
તવ જગ બ્રહ્મત્વે જણાયે,
પછી તે વિરમે અને લોપે
નિજ બ્રહ્મપણુ. ૧૫૫૧

આમ બ્રહ્મભાવ માંડે ત્યજે
તે દુઃખભર્યો દેહની સીમાએ,
હું અર્જુન એવા અભિમાને
ઊભો થાયે. ૧૫૫૨

પછી કંપિત કરતલોએ
દેહના રામાંચ દબાવે,
સ્વેદજળ-કણિકા શમાવે
દેહમાં જ. ૧૫૫૩

પ્રાણક્ષોભે ડોલતો
દેહે દેહને આધાર આપતો,
હલનચલન સદંતર
ભૂલી ગયેલો. ૧૫૫૪

નેત્રયુગલમાંથી
આનંદામૃતની ભરતી,
નીતરે તેને સંભાળી
મહાપ્રયત્ને. ૧૫૫૫

વિવિધ ઉત્સુકતાનો મેળો
જે ગળે રુંધાયો હતો–
તેને ઉતારી હૈયાસોંસરો
પુરુષાર્થ કરી. ૧૫૫૬

વાચા હતી વિખરાયેલી
તે પ્રાણબળે વશમાં કરી,
શ્વાસોચ્છ્વાસની ગતિ
વ્યવસ્થિત કરી. ૧૫૫૭

પછી અર્જુન વદે શું દેવ
પૂછો કે વિલાયો મોહ,
તો તે સપરિવાર નષ્ટ
થયો હે પ્રભુ. ૧૫૫૮

સન્નિકટ આવીને દિનકર
નયનને પૂછે અંધાર–
જોયો કે તો તે ઉચિત
ગણાશે કો દી. ૧૫૫૯

તેવો તું શ્રીકૃષ્ણનાથ
અમારે નયન ગોચર,
એ શું નથી પર્યાપ્ત
ગમે તે કરાવવા. ૧૫૬૦

વળી માત કરતાં અધિક
મુખભરી કહો પ્રેમપૂર્વક–
જે પુરુષાર્થે ન થાય પ્રાપ્ત
કેમે કરી. ૧૫૬૧

હવે મોહ છે કે નહીં
એ જે પૂછે તું કાંઈ,
કૃતકૃત્યતા અરે આવી
તારે લીધે. ૧૫૬૨

ગૂંચવાયો હતો અર્જુનભાવે
તે મુક્ત થયો તમારી કૃપાએ,
હવે પૂછવું-કહેવું ન રહે
ઉભય લેશ. ૧૫૬૩

હું તમારા પ્રસાદે
લાધેલા આત્મબોધે,
મોહના મૂળ અજ્ઞાનને
રહેવા દઈશ ના. ૧૫૬૪

હવે કરવું કે ના કરવું
દ્વૈતભાવે એ જે ઊઠવું,
તે દ્વૈતે ન દેખાય પ્રભુ
તમારા વિણ કાંઈ. ૧૫૬૫

આ વિષયે મારા ચિત્તે
સંદેહ નથી કોઈ પ્રકારે,
કર્મ નથી એવા સ્થાને
આવ્યો ખરોખરે. ૧૫૬૬

તમ પ્રસાદે પામ્યો સ્વરૂપ
કર્તવ્ય થઈ ગયું નિ:શેષ,
હવે તમારી આજ્ઞા વિણ
કાંઈ ન શેષ. ૧૫૬૭

કાં જે દૃશ્ય દૃશ્યને નાશે,
જે દ્વૈત દ્વૈતને જ ગ્રાસે,
જે એક છતાં સર્વ દેશે
વસે સર્વકાળ. ૧૫૬૮

જેમના સંબંધે બંધ ફીટે,
જેવી આશા આશ ઓગાળે,
જેના મિલને સઘળું મળે
પોતાનામાં. ૧૫૬૯

તે તમે ગુરુલિંગ મારા
જે મુજ એકાંતના વધારા,
જેમને કાજે ઓળંગાયે
અદ્વૈત બોધ. ૧૫૭૦

પોતે જ થઈને બ્રહ્મ
વિસર્જી કૃત્યાકૃત્ય ધર્મ,
પછી કરાયે નિ:સીમ
સેવા જેની. ૧૫૭૧

ગંગા ગઈ સમુદ્રસેવને
મળતાં સિંધુ થઈ પોતે,
તેમ ભક્તોને ભાગ આપે
નિજ પદનો જે. ૧૫૭૨

તે તું મારો નિરૂપચારુ
શ્રીકૃષ્ણ સેવ્ય સદ્‌ગુરુ,
કેમ બ્રહ્મતાનો ઉપકારુ
પૂછશો જો. ૧૫૭૩

જે મારી-તમારી વચ્ચે
ભેદનું કમાડ હતું તે-
ફેડીને મધુરતા આપી
સેવાસુખને. ૧૫૭૪

તો હવે તમારી આજ્ઞા
સકળ દેવાધિદેવ રાજ્ઞા,
કરીશ આપજો અનુજ્ઞા
ગમે તેવી. ૧૫૭૫

સાંભળીને અર્જુનના બોલ
દેવ નાચે થઈ વિસ્મરણ,
ભણે વિશ્વફળને મળ્યું આજે
સફળ ફળ આ. ૧૫૭૬

ઊણપમુક્ત થયો સુધાકર
જોઈને પોતાનો કુંવર,
મર્યાદા શું ક્ષીરસાગર
ભૂલતો નથી. ૧૫૭૭

આમ સંવાદની વેદીએ
ઉભય સંલગ્ન જોઈને,
આનંદલેર ઊછળે
સંજય પોતે. ૧૫૭૮

તે આનંદને આવેશે
સંજય વદે ધૃતરાષ્ટ્રને-
કેવા જી આપણ બન્ને
રક્ષિત બાદરાયણે. ૧૫૭૯

સાંભળો જી તમોને
ચર્મચક્ષુ નથી જોવાને,
ત્યાં જ્ઞાનદૃષ્ટિ વ્યવહારે
લઈ આવ્યા તે. ૧૫૮૦

અને રથોના અશ્વો કાજે
રાખ્યા આપે અમોને,
તે મુજને ગોચર થાયે
આ દિવ્ય ગોષ્ઠિ. ૧૫૮૧

વળી યુદ્ધનું નિર્વાણ
આદર્યું છે દારુણ,
ગમે તેની થાય હાર
હારીશું આપણે જ. ૧૫૮૨

આવડા આ સંકટે
કેવા પરમ અનુગ્રહે,
બ્રહ્માનંદ ભોગવાવે
સહજ મુક્ત. ૧૫૮૩

એવું બોલ્યા સંજય
પણ પેલા મૌન સ્તબ્ધ,
ચંદ્રકિરણે પાષાણ
અડક્યો જાણે. ૧૫૮૪

તવ દેખીને તેની દશા
ન બોલે શબ્દ સહસા,
પછી અનાવર સુખે ઘેલા
બોલે ફરી. ૧૫૮૫

હર્ષવેગે થયા વિસ્મૃત
તેથી ધૃતરાષ્ટ્રને કથત,
નહીં તો જાણે કે નથી
તેની પાત્રતા. ૧૫૮૬

પછી કહે હે કુરુરાજ
એવું તે તારો ભ્રાતૃપુત્ર,
વધો તે જણાયું મધુર
અધોક્ષજને. ૧૫૮૭

અરે પૂર્વાપર સાગર
આ નામો જ ભિન્ન જાણ,
એક છે સઘળું નીર
જેમ તે. ૧૫૮૮

તેમ શ્રીકૃષ્ણ પાર્થ ભેદ
દેહ કારણે દેખાય કેવળ,
પછી સંવાદે અભેદ
જણાય સર્વથા. ૧૫૮૯

દર્પણ થકીય નિર્મળ
આવે જો પરસ્પર સન્મુખ,
તો જોશે એકને અન્ય
જેમ તેઓ. ૧૫૯૦

તેવો દેવ સહિત પાંડુસુત
પોતાને પ્રભુમાં દેખત,
પાંડવ સહિત દેખે અનંત
પોતાને પાર્થે. ૧૫૯૧

દેવ ભક્તદેવ કાજે
જે પરબ્રહ્મે ઉભય દેખે–
ભક્ત પણ તેજ બ્રહ્મે
દેખે ઉભયને. ૧૫૯૨

અન્ય કાંઈ શેષ નથી
એટલે કરવાપણું નાહીં,
બન્ને એકપણે વિલસે
પરસ્પરમાં. ૧૫૯૩

હવે જો ભેદ ભાંગે
તો પ્રશ્નોત્તર કેમ સંભવે,
અથવા ભેદ રહે મળશે
સંવાદસુખ કેમ. ૧૫૯૪

આવું બોલતાં દ્વૈતભાવે
જે સંવાદે દ્વૈત ગળાયે,
તે ઉભયનો સંવાદ પોતે
સાંભળ્યો મેં. ૧૫૯૫

અજવાળીને બેઉ દર્પણ
રાખતાં પરસ્પર સન્મુખ,
કોણ જુએ કોનું મુખ
એવું કલ્પીએ. ૧૫૯૬

કાં દીપને સન્મુખ
મૂકતાં અરે દીપક,
કોનું કોને પ્રયોજન
એ કોણ જાણે. ૧૫૯૭

અથવા અર્ક સામે અર્ક
ઉદય પામતાં હજી એક,
કોને કહીએ પ્રકાશક
પ્રકાશ્ય કોને. ૧૫૯૮

એનો કરવા જતાં નિશ્ચય
નિશ્ચય જ પોતે કુંઠિત,
બન્ને થયા એવા સમાન
સંવાદ અંતે. ૧૫૯૯

બે પ્રવાહોને મિલને
લવણ રહે જો અવરોધરૂપે,
તો જળરૂપ થશે તેજ પળે
જે પ્રકારે. ૧૬૦૦

તેમ શ્રીકૃષ્ણ અર્જુન બન્ને
બોલ્યા તે વિચારતાં મને,
થાય છે અનુભવ તે પ્રકારે
એવું લાગે. ૧૬૦૧

એવું કહે કે ના કહે
ત્યાં ખોવાઈ અષ્ટસાત્ત્વિકે,
ભુલાઈ ગયો તેનો જાણે
સંજય-ભાવ. ૧૬૦૨

જવ રોમાંચ થરથરે
તવ દેહ સહજ સંકોચે,
સ્તંભ સ્વેદ ઉભયને જીતે
કંપ એકલો. ૧૬૦૩

અદ્વયાનંદને સ્પર્શે
દૃષ્ટિએ પ્રેમરસ છલકે,
અશ્રુ નહીં પ્રેમ નીતરે
નયનમાંથી. ૧૬૦૪

ન જાણે શું ન સમાય ઉદરે,
ન જાણે શું અટવાયે કંઠે,
ધ્રુસકાંઓ વાણી રોકે
કેમ તેની. ૧૬૦૫

કિંબહુના અષ્ટસાત્ત્વિકે
અવરોધતા શબ્દ પ્રતિશબ્દે,
સંજય થયો સંવાદસુખે
ચૌટું સદેહે. ૧૬૦૬

તે સુખનો એવો પ્રકાર
જે આપમેળે પામે નિરાંત,
એટલે પામીને દેહસ્મરણ
સંજય સ્વસ્થ. ૧૬૦૭

ત્યારે શમતાં આનંદ આવેગ
કહે જે ન જાણે ઉપનિષદ,
તે વ્યાસપ્રસાદે પ્રાપ્ત
થયું મુજને. ૧૬૦૮

સાંભળતાં તે સંવાદ
બ્રહ્મભાવે થયું ઐક્ય,
હું-તુંપણાનો ભેદ
ઓગળ્યો સઘળો. ૧૬૦૯

આ જે સકળ યોગ
જેને પામવાના માર્ગ,
તેની વાણી સુલભ
કરી વ્યાસે મદર્થે. ૧૬૧૦

અહો અર્જુનને નિમિત્તે
પોતે જ પાર્થ થઈને,
બોલ્યા જે આપણે કાજે
પ્રભુ પોતે. ૧૬૧૧

તે પ્રસંગે મારું શ્રવણ
ઠર્યું અધિકારને પાત્ર,
કેમ વર્ણવું ગુરુસામર્થ્ય
સર્વતંત્ર સ્વતંત્ર. ૧૬૧૨

એવું બોલતાં વિસ્મિત થાયે
ફરી દેહનું ભાન વિલાયે,
રત્નને જેમ ઢાંકતું હોયે
તેજ રત્ન તણું. ૧૬૧૩

હિમગિરિએ સરોવર,
ચંદ્રોદયે સ્ફટિક સઘન,
પણ સૂર્યોદયે લાધે જેમ
દ્રવતા પાછી. ૧૬૧૪

તેમ શરીરની સ્મૃતિયે
તે સંવાદ સંજય ચિત્તે-
ધારે પણ પાછી થાયે
ફરી વિસ્મૃતિ. ૧૬૧૫

પછી ઊઠીને કહે નૃપ
શ્રીહરિનું વિશ્વરૂપ-
જોવા છતાં મૌન કેમ
રહ્યા છો અહો. ૧૬૧૬

ન જોવા છતાં જે દીસે,
ન હોવાપણે વિલસે,
વિસારવા છતાં યાદ આવે
તે ટાળું કેમ. ૧૬૧૭

જોઈને ચમત્કાર
માનવા નથી અવકાશ,
ઓગળે મુજ સહિત
વિશ્વ જ મહાપૂરે. ૧૬૧૮

આમ શ્રીકૃષ્ણાર્જુન સંવાદ-
સંગમે કરીને સ્નાન,
આપે છે નિજ અહંતાને
તિલાંજલિ ત્યાં. ૧૬૧૯

ત્યારે અનાવર આનંદે
અલૌકિક રુદન કરે,
કહે શ્રીકૃષ્ણ વારંવારે
ગદ્ગદ થઈ. ૧૬૨૦

આ અવસ્થાની કાંઈ
ધૃતરાષ્ટ્રને ગતાગમ નાહીં,
એટલે કલ્પના કરે કેવી
તે ક્ષણે તે. ૧૬૨૧

તત્ક્ષણે થયેલું સુખ
પોતે જ કરી શાંત,
શમાવ્યા સાત્ત્વિક ભાવ
સંજયે અહો. ૧૬૨૨

તવ કોણે એક અવસરે
યુદ્ધમાં કયો પ્રસંગ ઉદ્ભવે,
નૃપ કહે સંજય તને
આ શું થયું. ૧૬૨૩

તને અહીં વ્યાસદેવે
બેસાડ્યો કયા ઉદ્દેશે,
પ્રસંગ ભૂલીને બોલે
તું ગમે તેમ. ૧૬૨૪

વનચરને લઈ જતાં મંદિરે
દશ દિશા ઉદાસ લાગે તને,
કાં પરોઢ ફૂટતાં નિશાચરને
રાત્રિ ભાસે. ૧૬૨૫

જે જ્યાંની ગરિમા ન જાણે
તેને તે વિપરીત જણાયે,
એટલે જ અપ્રસંગ કહે
ધૃતરાષ્ટ્ર તેને. ૧૬૨૬

કહે અરે જે પ્રસ્તુત
યુદ્ધ ચાલે સાંપ્રત,
તે કોને આપશે યશ
બાપ અંતે. ૧૬૨૭

આમ જોતાં સવિશેષ નિત્ય
અમને જણાયે સ્વાભાવિક,
જે દુર્યોધનનાં સદા અધિક
પરાક્રમ રહ્યાં. ૧૬૨૮

અને પ્રતિપક્ષીની અપેક્ષા
ટાઢી છે તેની સેના,
એટલે જીતશે ખરોખર
પુત્ર મારો. ૧૬૨૯

અમને તો એવું જણાયે
પણ તારું જ્યોતિષ કહે,
જેવું હશે તેવું જ તે
બાપ સંજય. ૧૬૩૦

આ બોલે સંજય કહે
પેલાઓનું મને ન કળાયે,
જીવન ત્યાં જીવવું થાયે
જાણું એટલું. ૧૬૩૧

ચંદ્ર સાથે ચંદ્રિકા,
શંભુ જોડે અંબિકા,
સંત સંગે હોય સદા
વિવેક અચૂક. ૧૬૩૨

રાજા સાથે કટક,
સૌજન્ય ત્યાં સગપણ,
વહ્નિ પાસે દાહક
સામર્થ્ય સહેજે. ૧૬૩૩

જ્યાં દયા ત્યાં ધર્મ,
ધર્મ ત્યાં સુખાગમ,
સુખાગમે પુરુષોત્તમ
આવે જેવા. ૧૬૩૪

વસંતે પાંગરે વન,
ઉપવને ખીલે સુમન,
સુમને ભ્રમરસમૂહ
હોય જેમ. ૧૬૩૫

જ્યાં ગુરુ ત્યાં જ્ઞાન,
જ્ઞાને આત્મદર્શન,
આત્મદર્શને સમાધાન
જેમ નિશ્ચિત. ૧૬૩૬

ભાગ્ય ત્યાં વિલાસ,
સુખ ત્યાં ઉલ્લાસ,
સૂર્ય ત્યાં પ્રકાશ
જેમ ખચીત. ૧૬૩૭

તેમ સકળ પુરુષાર્થ
જે સ્વામીએ સનાથ,
તે જ્યાં શ્રીકૃષ્ણનાથ
ત્યાં જ લક્ષ્મી. ૧૬૩૮

અને પોતાના કાન્ત સહિત
તે જગદંબા જેની નિકટ,
અણિમાદિક દાસી સહજ
દાસત્વ કરે તેનું. ૧૬૩૯

કૃષ્ણ વિજયસ્વરૂપ પોતે
તે રહેશે જેને પક્ષે,
જય નીપજશે ત્યાં સહજે
સર્વકાળ. ૧૬૪૦

વિજયી નામે અર્જુન વિખ્યાત,
વિજયસ્વરૂપ શ્રીકૃષ્ણનાથ,
શ્રીસહિત વિજય નિશ્ચિત
નિવસશે ત્યાં. ૧૬૪૧

તેના દેશનાં તરુવર
કલ્પતરુને કરશે માત,
કેમ ના થાય તેની જીત
જ્યાં માબાપ શ્રીહરિ. ૧૬૪૨

તે પાષાણાદિ સકળ
કાં ન થાયે ચિંતારત્ન,
કાં ન ધરતીને ચૈતન્ય
મળે તે દેશે. ૧૬૪૩

જે તેના ગામે વહે
તે નદીએ અમૃત રહે,
એમાં શી નવાઈ હોયે
વિચારજો નૃપ. ૧૬૪૪

તેના સ્વૈર શબ્દ
સુખે ગણાશે વેદ,
સદેહે સચ્ચિદાનંદ
કાં ન થાય તે. ૧૬૪૫

અરે સ્વર્ગાપવર્ગ ઉભય
પદો હોયે તેના આધીન,
જ્યાં શ્રીકૃષ્ણ હોયે જનક
જનની કમલા. ૧૬૪૬

એટલે જે પક્ષે સ્થિર
તે લક્ષ્મીના વલ્લભ,
ત્યાં સર્વ સિદ્ધિઓ સહજ
જાણું એટલું. ૧૬૪૭

અને સમુદ્રજનિત મેઘ
ઉપયોગે સમુદ્રથી શ્રેષ્ઠ,
તેવો જણાયે આજે પાર્થ
આ પ્રસંગે. ૧૬૪૮

કનકનો દીક્ષાગુરુ
લોખંડ હોયે પારસુ,
પણ જગપોપણે વ્યવહારુ
જાણે સુવર્ણ. ૧૬૪૯

અહીં ગુરુત્વહીન
એવું કહે જો કોણ,
વહ્નિ પ્રસારે નિજ પ્રકાશ
દીપ થઈ ને. ૧૬૫૦

તેમ દેવની જ શક્તિયે
પાર્થ દેવથી ચડિયાતો હોયે,
પણ એવી સ્તુતિ દેવને ગમે
એ જ એનું ગૌરવ. ૧૬૫૧

અને પુત્ર મને સર્વ ગુણે
જીતે એવું પિતા જ ઇચ્છે,
તો સારંગપાણિની તે
થઈ સફળ. ૧૬૫૨

કિંબહુના આમ નૃપ
કૃષ્ણકૃપાથી થયો પાર્થ,
તે જે પક્ષે હેતુપૂર્વક
હોય પોતે. ૧૬૫૩

તે જ વિજયનું સ્થાન
આમાં તને કેવો સંશય,
ત્યાં ન જય તે જય વ્યર્થ
કહેવાશે વિજય. ૧૬૫૪

એટલે જ્યાં શ્રી શ્રીમંત,
જ્યાં અરે તે પાંડુસુત—
ત્યાં જ વિજય સમસ્ત
અભ્યુદય સહિત. ૧૬૫૫

જો વ્યાસવચન સાચ
માની શકે તમારું ચિત્ત,
તો માનજો અટલ
ભવિષ્ય મારું. ૧૬૫૬

જ્યાં અહો તે શ્રીવલ્લભ,
જ્યાં વળી તે ભક્તકદંબ—
ત્યાં જ સુખ ને લાભ
માંગલ્ય સકળ. ૧૬૫૭

આ વચન મિથ્યા હશે
તો વ્યાસનો શિષ્ય ન હોયે—
એમ ગરજીને ઉભાર્યો
બાહુ તેણે. ૧૬૫૮

આમ મહાભારતનો સાર
એક શ્લોકે સમાવી સત્વર,
સંજયે આપ્યું ખરેખર
કુરુનાયકને હાથે. ૧૬૫૯

ન જાણીએ અગ્નિની મહત્તા
પણ ગુણાગ્રે તેને મૂકતા,
સૂર્યનું કામ સારે
જે પ્રકારે. ૧૬૬૦

તેમ શબ્દબ્રહ્મ અનંત
થયું સવાલથી ભારત,
ભારતના શતે સાત
શ્લોક ગીતાએ. ૧૬૬૧

તે સાત શતોનો પણ
ઇત્યર્થ સમાવે આ શ્લોક,
વ્યાસ શિષ્ય સંજય તણો
પૂર્ણોદ્‌ગાર જે. ૧૬૬૨

આ એક જ શ્લોકે
રહે જે શ્રદ્ધાપૂર્વકે,
સર્વ વિઘ્નજાત તેણે
જીત્યાં અરે. ૧૬૬૩

આવા સપ્ત શત શ્લોકે
ગીતાનાં પદ્મો ઝગહળે,
શ્લોક કહું કે પરમામૃત
ઢળ્યું ગીતા ગગનનું. ૧૬૬૪

કે આત્મરાજાની સભાએ
ગીતાએ સ્તંભરૂપે જે-
શોભે શ્લોક એવું જણાયે
મુજ બુદ્ધિને. ૧૬૬૫

કે ગીતા છે સપ્તશતી
મંત્ર પ્રતિપાદ્ય ભગવતી,
મોહમહિષ મુક્તિથી
પ્રસન્ન થઈ જે. ૧૬૬૬

એટલે કાયા-વાચા-મને
જો એનો સેવક થશે,
તેને ચક્રવર્તીપદ આપશે
સ્વાનંદ સામ્રાજ્યનું. ૧૬૬૭

કે અવિદ્યા તિમિરની દિશાએ
ગમન કરી રવિને ખચીત જીતે,
એવા પ્રકાશ્યા ગીતા મિષે
શ્રીકૃષ્ણરાયે. ૧૬૬૮

કે શ્લોકાક્ષર દ્રાક્ષલતા
કાજે માંડવો જ શ્રીગીતા,
સંસારપથ શ્રાંતા
પામવા વિસામો. ૧૬૬૯

કે સભાગ્ય સંત-ભ્રમરોએ
ગુંજન કરી શ્લોક-કમળે,
શ્રીકૃષ્ણાખ્ય સરોવરે
પાંગરેલી વેલી જે. ૧૬૭૦

કે આ નથી શ્લોક
પણ ગીતાનો મહિમા,
વખાણતા બંદીજન
સપ્તશત અહો. ૧૬૭૧

કે શ્લોકમય પ્રાકાર
સાત શતનો સુંદર-
રચીને આવ્યા સર્વાગમ
રહેવા ગીતાપુરે. ૧૬૭૨

કે નિજ નાથ આત્માને
આવે શ્રીગીતા મળવાને,
શ્લોકરૂપ બાહુ પ્રસારીને
જાણે અહો. ૧૬૭૩

કે ગીતાકમળના ભૃંગ
અથવા ગીતાસાગરતરંગ,
કે શ્રીહરિના તુરંગ
ગીતારથના. ૧૬૭૪

કે શ્લોક સર્વતીર્થ સંઘાત
આવ્યો શ્રીગીતાગંગા નિકટ,
જે અર્જુન થયો સિંહસ્થ
જાણે અહો. ૧૬૭૫

કે નથી આ શ્લોકશ્રેણી
પણ અચિંત્ય ચિંતામણિ,
અથવા નિર્વિકલ્પ પ્રાપ્તિ અર્થે
કલ્પતરુસમૂહ. ૧૬૭૬

આવા સપ્તશત શ્લોક
ચડિયાતા એકથી એક,
હવે કેમ વર્ણવાયે એકેક
કરીને ભિન્ન. ૧૬૭૭

દીપમાં પહેલો બીજો,
સૂર્યને નાનો કે મોટો,
અમૃતસિંધુને ગહન છીછરો
કેમ કહીએ. ૧૬૭૮

નાની કે વૃદ્ધ
કામધેનુમાં ન હોયે ભેદ,
તેને વિશે અપ્રસ્તુત
વાત એવી. ૧૬૭૯

તેમ પ્રથમ કે અંતિમ
ગીતાના કહેવા ન શ્લોક,
નવાંજૂનાં પારિજાત
હોઈ શકે શું. ૧૬૮૦

અને શ્લોકે તુલના નથી
એ પ્રતિપાદ્યું કેમ કરી,
વાચ્ય વાચક પણ અહીં
ભેદ ન સંભવે. ૧૬૮૧

જે આ શાસ્ત્રે એક
શ્રીકૃષ્ણ વાચ્ય વાચક,
એ પ્રસિદ્ધ જાણે લોક
ગમે તેવા. ૧૬૮૨

જે અર્થે તે જ પાઠે
મળી આવે એવું ઘટે,
વાચ્ય વાચક એકતાને
સાધે શાસ્ત્ર આ. ૧૬૮૩

એટલે મુજને કાંઈ
સમર્થને વિષય નાહીં,
ગીતા જાણવી વાઙ્મયી
શ્રીમૂર્તિ હરિની. ૧૬૮૪

શાસ્ત્ર વાચ્યે અર્થે ફળે
પછી પોતે અસ્ત પામે,
તેવું ન હોયે અહીં સઘળે
પરબ્રહ્મ એક. ૧૬૮૫

કેવો વિશ્વ કાજે કૃપાવંતે
મહાનંદ સુલભ કર્યો એ,
અર્જુન મિષે વિશ્વનાથે
પ્રગટાવ્યો જે. ૧૬૮૬

ચકોર તણા નિમિત્તે
શીતળ કર્યાં કલાવંતે,
સંતપ્ત ભુવનો ત્રણે
ચંદ્રમાએ. ૧૬૮૭

કાં ગૌતમને નિમિત્તે
કળિકાળજ્વરિતાદોષે,
ગંગાજળનો ગિરીશે
ધોધ વહેવડાવ્યો. ૧૬૮૮

તેવું આ ગીતાદુગ્ધ
પાર્થને કરીને વત્સ,
આપી રહી શ્રીકૃષ્ણગાય
સર્વ જગતે. ૧૬૮૯

અહીં ભાવે સ્નાન કરશે
તો ગીતારૂપ થવાશે,
જીભ છબછબિયાં કરશે
જો પાઠને મિષે. ૧૬૯૦

તો લોખંડ એક અંશે
જઈને વળગતાં પારસે,
આપમેળે જ સર્વાંગે
થાય કનકરૂપ. ૧૬૯૧

તેવો જ પાઠનો મહિમા
શ્લોકપાદ અધરે લગાડતા,
બ્રહ્મતાની પુષ્ટિ સર્વાંગે
નીપજશે અહો. ૧૬૯૨

અથવા કરીને વાંકું મુખ
થશો ગીતાને વિમુખ,
છતાં કર્ણે પડતાં અક્ષર
પામશો તે દશા. ૧૬૯૩

જે આ શ્રવણે પાઠે અર્થે
મોક્ષ વિણ ગીતા ન આપે,
જેમ સમર્થ દાતા ન જવા દે
વિમુખ કોઈને. ૧૬૯૪

એટલે જ્ઞાનીને સંગે
એક ગીતા જ સેવાયે,
શું કરશો અરે ગોખીને
અન્ય શાસ્ત્રો. ૧૬૯૫

અને કૃષ્ણાર્જુને મોકળી
વાત કરી અપૂર્વ નિરાળી,
તે શ્રીવ્યાસે કરતલે આપી
સુલભ કરીને. ૧૬૯૬

બાળકને પ્રેમપૂર્વક
જમાડવા બેસતાં માત,
ખાઈ શકે એવા ગ્રાસ
કરીને આપે. ૧૬૯૭

કાં અફાટ સમીરણને
સ્વાધીન કર્યો સુજ્ઞજને,
વીંઝણ નિર્માણ કરીને
જેવી રીતે. ૧૬૯૮

તેમ જે શબ્દે ન લભે
તે ગૂંથીને અનુષ્ટુભે,
સ્ત્રીશૂદ્રાદિ સમજે
એવું કર્યું. ૧૬૯૯

સ્વાતિ તણાં બિંદુએ
જો ન મૌક્તિક નીપજે,
તો કેમ શોભા આપતે
લલના અંગે. ૧૭૦૦

નાદ ન હોત વાદ્યરૂપ
તો કેમ કરી થાત ગોચર,
આમોદ ન હોત પુષ્પરૂપ
સુવાસ મળતી કેમ. ૧૭૦૧

મધુરતા ન થાત પકવાન્ન
તો રસનાને કેમ મળત સ્વાદ,
દર્પણ વિણ દેખાયાં હોત
નયનને શું નયન. ૧૭૦૨

દ્રષ્ટા જે શ્રીગુરુમૂર્તિ
દૃશ્યપંથે જો ન પ્રવેશી,
તો કઈ ઉપાસનાએ સ્વાધીન
કરાયા હોત તે. ૧૭૦૩

તેમ વસ્તુ જે અસંખ્યાત
તે જો સંખ્યા સપ્તશત,
ન થયા હોત તો પ્રાપ્ત
કેમ થાત. ૧૭૦૪

મેઘ સિંધુજળ વરસાવે
તોયે જગ મેઘ ભણી જુએ,
અમર્યાદ પ્રાપ્ત ન કરાયે
કેમે કરી. ૧૭૦૫

અને વાણીએ ન પમાયે
જો ન થાત શ્લોક સપ્તશતે,
તો કાને મુખે કેમ મળતે
સુખ ભોગવવા. ૧૭૦૬

એટલે વ્યાસનો આ મહાન
વિશ્વ પર થયો ઉપકાર,
શ્રીકૃષ્ણઉક્તિ ગ્રંથાકાર
કરી આપી. ૧૭૦૭

અને તે જ હું હવે
વ્યાસપદો ન્યાળીને,
આણ્યો છે શ્રવણપથે
મરાઠીએ જી. ૧૭૦૮

વ્યાસાદિકોની પ્રજ્ઞા
મૂંઝાયે ત્યાં વિહરતાં,
ત્યાં હું એક સાવ રંક
વાચાળતા કરું. ૧૭૦૯

પણ ગીતા ઈશ્વર સરળ
લે વ્યાસોક્તિ કુસુમહાર,
તોયે સ્વીકારશે દુર્વાદળ
મુજ ગરીબનાં. ૧૭૧૦

અને ક્ષીરસિંધુને તટે
ગજ ઘાટ આવે જળપ્રાશને,
તો શું તે આવતાં વારે
ક્ષુદ્ર મચ્છરને. ૧૭૧૧

પાંખ ફૂટતું પંખેરુ
ન ઊડે તોયે ગગને સ્થિરુ,
ગગન ક્રમે સત્વરે ગરુડ
તેય ગગને જ. ૧૭૧૨

રાજહંસનું ચાલવું ભૂતળે
વખાણાય સદા સર્વકાળે,
એટલે શું અન્ય ના ચાલે
જગમાં અહો. ૧૭૧૩

જી પોતાના પોલાણે
અગાધ જળ ગાગર સમાવે,
એટલે શું ખોબો ના લે
ખોબા જેટલું. ૧૭૧૪

મશાલ પોતાને આકારે
વિશાળ તેજ ધારણ કરે,
તો વાટ શું પોતાની રીતે
પ્રકાશે નહીં. ૧૭૧૫

જી સમુદ્રને વિસ્તારે
ગગન સમુદ્રે આભાસે,
ખાબોચિયા જેટલું બિંબે
ખાબોચિયામાં. ૧૭૧૬

તેમ વ્યાસાદિક મહામતિ
વિહાર કરે આ ગ્રંથ માંહીં,
તો અમે કરીએ નિજ યુક્તિ
એ પણ સયુક્તિક. ૧૭૧૭

જે સાગરે જળચર
સંચરે મંદરાકાર,
ત્યાં જુઓ જીવે શફર
કીડે પણ. ૧૭૧૮

અરુણ આદિત્યે નિકટ
એટલે મેળવે દર્શન,
તો ભૂતળની કીડી રહેશે
શું વંચિત તેથી. ૧૭૧૯

એટલે અમ સરીખા પ્રાકૃત
ગીતાને દેશીએ આણત,
એને કહેવા અનુચિત
નથી પ્રયોજન. ૧૭૨૦

અને પિતા આગળ ચાલે
તેનાં જ પગલે પગલે,
ચાલતાં પુત્ર શું ના પામે
મુકામે તે. ૧૭૨૧

તેમ વ્યાસને અનુસરત
ભાષ્યકારોને માર્ગ પૂછત,
અયોગ્ય છતાં કરીશ પ્રાપ્ત
શું ન ગીતાર્થ. ૧૭૨૨

અને પૃથ્વી જેની ક્ષમા વડે
સ્થાવર જંગમથી ના ઊબે,
જેમનાં અમૃત થકી કરે
ચંદ્ર જગને શીતળ. ૧૭૨૩

જેના આંગિક અંશે
તેજ લઈને શ્રીઆદિત્યે,
અંધકારનું સંકટ હર્યું
સર્વત્ર સદા. ૧૭૨૪

સાગરે જેમનું જીવન,
જીવને જેમનું માધુર્ય,
માધુર્યને મળે સૌંદર્ય
જેમના વડે. ૧૭૨૫

પવન જેમનાથી સબળ,
આકાશ જેમનાથી વિશાળ,
જ્ઞાને જેમનાથી ઉજાસ
ચક્રવર્તીનો. ૧૭૨૬

વેદ જેમનાથી સુભાપ,
સુખ જેથી સદા સોલ્લાસ
એ ભલે વિશ્વ રૂપવંત
જેમના રૂપે. ૧૭૨૭

તે સર્વોપકારી સમર્થ
સદ્ગુરુ શ્રીનિવૃત્તિનાથ,
મુજમાં સદા તિષ્ઠત
હૃદયાસને. ૧૭૨૮

હૃદયે મળેલી આઈતી
ગીતા મરાઠીએ અનુવાદી,
હું વર્ણવું તેમાં નવાઈ
હોય શાની. ૧૭૨૯

શ્રીગુરુને નામે માટી
ડુંગરે જેની પાસે હતી,
તે કોળિયે ત્રિજગતે
કરાવી એકવાક્યતા. ૧૭૩૦

ચંદને વ્યાપ્ત તરુવર
થયાં ચંદનને સમાન,
વસિષ્ઠે માંડેલી લાકડીએ
કરી સૂર્યથી સ્પર્ધા. ૧૭૩૧

પછી હું તો હૃદયસંપન્ન
અને શ્રીગુરુ સર્વ સમર્થ,
જે દૃષ્ટિની કૃપાથી બેસાડે
શિષ્યને નિજ પદે. ૧૭૩૨

મૂળમાં દૃષ્ટિ નરવી,
વળી સૂર્યની કૃપા ગરવી,
પછી તે ન દેખે કાંઈ
ત્રણે ભુવને. ૧૭૩૩

એટલે મારા નિત્યનૂતન
શ્વાસોચ્છ્વાસે રચાય પ્રબંધ,
ગુરુકૃપાથી શું ન સંભવે
જ્ઞાનદેવ કહે. ૧૭૩૪

આ કારણે અહો મેં
ગીતાર્થ મરાઠીએ,
કર્યો જેથી દેખાયે
સકળની દૃષ્ટિને. ૧૭૩૫

પણ મરાઠી શબ્દોના રંગોએ
ગીતાર્થ સમજવા જે મથે-
તેને મરાઠી ગીતા ન જણાશે
એકદેશી. ૧૭૩૬

એટલે મૂળ ગીતાર્થને આધારે
કહેતાં મરાઠી અલંકાર બનશે,
અને કેવળ મરાઠી કહેવાશે
નડશે ન કોઈ ઊણપ. ૧૭૩૭

સુંદર દેહે અલંકાર ન હોયે
તો તે અનાવૃત શૃંગાર થાયે,
અને ધારણ કરતાં તુલના ન હોયે
ત્રણે જગે સૌંદર્યની. ૧૭૩૮

મુક્તાનો એવો જ સ્વભાવ
કરે કનકને શોભાવંત,
કનકે ન જડતાં મુક્ત
નિજ સૌંદર્યે. ૧૭૩૯

અથવા માળાએ કે મોકળા
આંચ ન આવે પરિમલા,
વસંતાગમે અહો ખીલેલા
મોગરા જેમ. ૧૭૪૦

તેમ ગીતા સંગે મહાલે
ગીતા વિણ નિજ રંગે શોભે,
એમ ઉભયલાભી રચ્યો મેં
પ્રબંધ ઓવીએ. ૧૭૪૧

તેણે આબાલ સુબોધે
ઓવી છંદબદ્ધ પ્રબંધે,
બ્રહ્મરસ સુસ્વાદે
ગૂંથ્યા અક્ષરો. ૧૭૪૨

હવે ચંદનને તરુવરે
પરિમલ કાજે પુષ્પો ખીલે,
ત્યાં સુધી થોભવું ન પડે
જેમ અહો. ૧૭૪૩

તેમ આ પ્રબંધ શ્રવણે
પડતાં આણે સમાધિએ,
અને વ્યાખ્યાનને શ્રવણે
તો ઊપજાવે વ્યસન. ૧૭૫૫

પાઠ કરવાને નિમિત્તે
અભિજાત પાંડિત્ય વિલસે,
અર્થબોધે માત કરાવે
અમૃતને માધુર્યે. ૧૭૪૫

તેમ આ સહજ પ્રાપ્તે
સ્વયંભૂ કવિત્વને યોગે,
મનન નિદિધ્યાસને જીતે
એકલું શ્રવણ. ૧૭૪૬

આ સ્વાનંદભોગનો અંશ
ગમે તેવાને કરશે દાન,
સર્વેન્દ્રિયોનું કરશે પોષણ
શ્રવણેન્દ્રિય વડે. ૧૭૪૭

ચંદ્રને નિજ સામર્થ્યે
ભોગવીને ચકોર ચતુર ગણાયે,
પણ ચાંદની ઉપલબ્ધ હોયે
ગમે તેને. ૧૭૪૮

તેમ આ અધ્યાત્મશાસ્ત્રે
અંતરંગ જ અધિકારી હોયે,
પણ સકળ લોક સુખી થાશે
વાક્ચાતુર્યે અહીં. ૧૭૪૯

તેવું શ્રીનિવૃત્તિનાથ તણું
ગૌરવ હોયે સાચેસાચું,
આ ગ્રંથ નથી પણ હોયે
કૃપાનો વૈભવ. ૧૭૫૦

ક્ષીરસિંધુ પરિસરે
શક્તિની કર્ણકુહરે,
ન જાણું શ્રીત્રિપુરારે
શું કહ્યું હતું. ૧૭૫૧

પણ ક્ષીરકલ્લોલ મધ્યે
ગુપ્ત હતા મકરોદરે,
સાંપડ્યું તે આઈ તે
તેમને હાથે. ૧૭૫૨

તે મત્સ્યેન્દ્ર સપ્તશૃંગે,
ભગ્નાવયવ ચૌરંગે,
મળતાંવેંત સર્વાંગે
નિરામય થયા. ૧૭૫૩

પછી નિરંતર સમાધિ
ભોગવવાની ઇચ્છાથી,
શ્રીગોરક્ષનાથને આપી
મુદ્રા મત્સ્યેન્દ્રે. ૧૭૫૪

તેણે યોગાબ્જિની સરોવર
વિષય વિધ્વંસૈકવીર,
એવા સર્વેશ્વરને કર્યો
અભિષેક તે પદે. ૧૭૫૫

પછી તેમણે તે શાંભવ
અદ્વય આનંદ વૈભવ,
આપ્યું પ્રભાવ સહિત
શ્રીગહનીનાથને. ૧૭૫૬

તેમણે કલિથી કળિત ભૂત
જોઈને અત્યંત પીડાગ્રસ્ત,
આજ્ઞા આપી એવી
શ્રીનિવૃત્તિનાથને. ૧૭૫૭

કે આદિગુરુ શ્રીશંકરની
શિષ્યપરંપરાએ આજ સુધી—
બોધનો જે લાભ ઊતર્યો
અમારા સુધી. ૧૭૫૮

તે ગ્રહણ કરીને સકળ
કળિથી ગ્રસિત ભૂતજાત,
સર્વ પ્રકારે થાશે મુક્ત
એવું સત્વરે કર. ૧૭૫૯

પહેલાં જ તે કૃપાશીલ
વળી ગુરુઆજ્ઞાનો બોલ-
વરસ્યા વર્ષાકાળે જેમ
પ્રક્ષુબ્ધ મેઘ. ૧૭૬૦

પછી આર્ત્તોની કરુણાએ
ગીતાર્થ ગ્રંથન મિષે,
વરસ્યા જે શાંતરસે
તે આ ગ્રંથ. ૧૭૬૧

ત્યાં હું દીન ચકોર
નિજ આરતે આવ્યો સન્મુખ,
તેથી જ થયો પાત્ર
આવડા યશને. ૧૭૬૨

એવં લાધ્યું જે ગુરુક્રમે
નિજ સમાધિધન તે,
બાંધીને આ ગ્રંથ રૂપે
સ્વામીએ આપ્યું મને. ૧૭૬૩

નહીં તો અભણ ને મૂક,
ન સ્વામીસેવાની ગતાગમ,
એવો હું સર્વથા અયોગ્ય
ગ્રંથ રચવા કાજે. ૧૭૬૪

પણ સાચે જ શ્રીગુરુનાથે
નિમિત્ત કરીને મુજ દીનને,
પ્રબંધને મિષે આપ્યું જાણે
રક્ષણ વિશ્વને. ૧૭૬૫

તો પુરોહિત ગુણે
બોલાયું હશે અધિક ઊણે,
સહી લેજો તે તમે
માતૃવત્ સ્નેહે. ૧૭૬૬

શબ્દ કેમ ઘડાયે,
પ્રમેય વ્યાખ્યા કેમ કરાયે,
અલંકાર કોને કહેવાયે
ન જાણું કાંઈ. ૧૭૬૭

કલસૂત્રી ઢીંગલી
હાલે સૂત્રને વશ થઈ,
તેમ મુજને દેખાડી બોલે
સ્વામી જ મારા. ૧૭૬૮

એટલે હું ગુણદોષ
વિશે ક્ષમા વિના વિશેષ,
જે આચાર્યે સંજાત દેખ
રચ્યો ગ્રંથ મેં. ૧૭૬૯

અને તમ સંતોની સભાએ
જો ઊણપ કાંઈ શેષ રહે,
પૂર્ણ ન થાયે તો કોપાયે
પ્રેમવશ તમથી. ૧૭૭૦

સ્પર્શ કર્યા પછી પારસને
લોખંડ પોતાની અવદશાને-
અનાયાસે જો ના મૂકે
તો દોષ કોનો. ૧૭૭૧

વહેળથી આટલું કરાયે
કે ગંગામાં જઈ ભળાયે,
પછી જો ગંગારૂપ ન થવાયે
તો વહેળ શું કરે. ૧૭૭૨

એટલે પુષ્કળ પુણ્યને ઉદયે
હું તમ સંતોને ચરણે-
આવ્યો હવે મને શેં ઊણે
સકળ જગતે. ૧૭૭૩

અહો મુજ સ્વામીએ
સંતો દીધા મેળવીને,
તેથી જ હું સર્વ કામે
થયો પરિપૂર્ણ. ૧૭૭૪

જુઓ સુજને તમ સરીખે
પિયર જડયું તેથી સકુશળે,
ગ્રંથનું વિકટ કાર્ય જે
તે થયું સિદ્ધ. ૧૭૭૫

કનક વડે અનાવિલ
ભૂમંડળ કરાશે કનકમય,
ચિંતારત્ને પર્વત વિશાળ
નિર્મી શકાશે. ૧૭૭૬

સાતેય સાગરોને
અમૃતે ભરતાં ફાવશે,
કઠણ ન હોયે નક્ષત્રોને
ચંદ્ર બનાવવા. ૧૭૭૭

કલ્પતરુનાં ઉદ્યાન
ઉગાડવાં નથી કઠણ,
પણ ગીતાર્થનો મર્મ
ન કરાયે વિશદ. ૧૭૭૮

ત્યાં હું એક મૂક
મરાઠી ભાષાએ વિશદ,
કરું જે લોકોનાં નયન
કરી શકે ગ્રહણ. ૧૭૭૯

આ ગ્રંથસાગર આવડો
ઊતર્યો છું પેલે પાર અહો,
કીર્તિવિજયનો એવો
ફરકતો ધ્વજ જે. ૧૭૮૦

ગીતાર્થને પ્રાકારે
કલશ સહિત મહામેરુએ,
મધ્યે રચીને પૂજું જે
શ્રીગુરુલિંગ હું. ૧૭૮૧

ગીતા જે નિષ્કપટ માવડી
હીંડું વ્યર્થ હું તેને ભૂલી,
એવાં માતાપુત્રને મેળવી
પ્રગટે પુણ્ય તમારું. ૧૭૮૨

તમ સજ્જનોએ કર્યું
તે સમજીને હું બોલી,
આ ફળ નથી નાનુંસૂનું
જ્ઞાનદેવ વદે. ૧૭૮૩

હવે વધારે શું કહું
સકળ જન્મોનું ફળ મેળવ્યું,
જે ગ્રંથસિદ્ધિનું દેખાડયું
મહાપર્વ આપે. ૧૭૮૪

મેં જે જે આશાએ
તમારો ભરોસો કર્યો તે—
પૂરી કરી સકળ પ્રકારે
સુખી કર્યો મને. ૧૭૮૫

મુજ કાજે સ્વામી ગ્રંથની
તમે રચી જે બીજી સૃષ્ટિ,
હસીએ અમે તે જોઈ જોઈ
વિશ્વામિત્રને. ૧૭૮૬

જે ત્રિશંકુ દોષે સદોષ,
જે બ્રહ્મદેવ કાજે લાંછન,
તે નાશવંત સૃષ્ટિ જેવી
ન હોયે આ તમારી. ૧૭૮૭

શંભુ ઉપમન્યુને મોહે
ક્ષીરસાગર અરે નિર્મે,
અહીં તે ઉપમા ન શોભે
જે વિષગર્ભ તે. ૧૭૮૮

અંધકાર રૂપી નિશાચર
ગળતા હતા સચરાચર,
તેમની વહારે દોડયા દિનકર
પણ તાપ આપીને. ૧૭૮૯

સંતપ્ત જગને કારણે
ચંદ્ર મોકલે ચાંદનીને,
પણ તે સદોષની ન અપાયે
ઉપમા અહીં. ૧૭૯૦

એટલે તમ સંતોએ
આ ગ્રંથરૂપ ઉપકાર જે—
કર્યો તે મને દેખાયે
નિરૂપમ ત્રિજગતે. ૧૭૯૧

કિંબહુના તમારી કૃપાએ
આ ધર્મકીર્તન સંસિદ્ધ થાયે,
અહીં મારું કેવળ શેષ રહે
સેવકપણું. ૧૭૯૨

હવે વિશ્વાત્મક દેવે
સંતુષ્ટ થઈને વાગ્યજ્ઞે,
સંતોષે આપવું મુજને
પ્રસાદદાન. ૧૭૯૩

જે કુટિલ તજો કુટિલતા,
રતિ વધો તેમની સત્કર્મમાં,
ભૂતોમાં પ્રસરો પરસ્પરમાં
ગહન મૈત્રી. ૧૭૯૪

દુરિતોનું તિમિર વિલાઓ,
વિશ્વને સ્વધર્મસૂર્ય દીસો,
જે વાંછશે તે પ્રાપ્ત થાઓ
પ્રાણીજાતને. ૧૭૯૫

વરસાવત સર્વ માંગલ્ય
ઈશ્વરનિષ્ઠોના સમુદાય,
ભૂમંડળે ભેટો અનવરત
ભૂતમાત્રને. ૧૭૯૬

ચાલતાં કલ્પતરુનાં ઉપવન,
ચૈતન્ય ચિંતામણિનાં ગ્રામ,
બોલકણા જે અર્ણવ
જીવનામૃતના. ૧૭૯૭

ચંદ્રમા જે અલાંછન,
માર્તંડ જે તાપહીન,
તે સર્વને સદા સજ્જન
થાઓ પ્રિય. ૧૭૯૮

કિંબહુના સર્વ સુખે
પૂર્ણ થઈને ત્રણે લોકે,
ભજન કરો આદિ પુરુષે
અખંડિત. ૧૭૯૯

અને આ ગ્રંથના ઉપજીવને,
વિશેષે આ મૃત્યુલોકે,
દૃષ્ટાદૃષ્ટ વિજયે થવું જે
સંપન્ન સદા. ૧૮૦૦

તવ બોલે વિશ્વેશરાય
મળશે એવો દાનપ્રસાદ,
તે વરે થયો સંતુષ્ટ
જ્ઞાનદેવ. ૧૮૦૧

આમ યુગોમાં કલિયુગે
અને મહારાષ્ટ્ર મંડળે,
શ્રીગોદાવરીના તીરે
દક્ષિણ તટે. ૧૮૦૨

ત્રિભુવને એક પવિત્ર
અનાદિ પંચકોશક્ષેત્ર,
જ્યાં જગનું જીવનસૂત્ર
વસે શ્રીમોહિની રાજ. ૧૮૦૩

ત્યાં યદુવંશ વિલાસ
જે સકળકલા નિવાસ,
ન્યાયના પાલક ક્ષિતીશ
શ્રીરામચંદ્ર. ૧૮૦૪

ત્યાં મહેશાન્વયસંભૂતે
શ્રીનિવૃત્તિનાથસુતે,
ચડાવ્યો જ્ઞાનદેવે ગીતે
દેશીનો અલંકાર. ૧૮૦૫

આમ શ્રીભારતને ગ્રામે
ભીષ્મનામ પ્રસિદ્ધ પર્વે,
શ્રીકૃષ્ણાર્જુન સંવાદે
વાત જે થઈ. ૧૮૦૬

જે ઉપનિષદોનો સાર,
સર્વ શાસ્ત્રોનું પિયર,
પરમહંસોનું સરોવર
સદા સેવ્ય જે. ૧૮૦૭

તે ગીતાનો કળશ
સંપૂર્ણ આ અષ્ટાદશ,
કહે નિવૃત્તિદાસ
જ્ઞાનદેવ. ૧૮૦૮

પુનઃ પુનઃ પુનઃ હે
આ ગ્રંથપૂજાસંપત્તિએ,
સર્વ સુખે સંપૂર્ણ થાઓ
સર્વ ભૂત. ૧૮૦૯

શક બારસો બારે
આ ટીકા રચી જ્ઞાનેશ્વરે,
સચ્ચિદાનંદ બાબા આદરે
લહિયા થયા. ૧૮૧૦

इति श्रीमद्‌भगवद्‌गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे मोक्षसंन्यासयोगो नाम अष्टादशोऽध्यायः ॥ १८ ॥

[શ્રી એકનાથ મહારાજે જ્ઞાનેશ્વરી ગ્રંથનું સંશોધન કર્યા પછી, જ્ઞાનેશ્વરી ગ્રંથ વિશે જે ચાર ઓવીઓની રચના કરી, તે પ્રત્યેક સાર્થ જ્ઞાનેશ્વરી ગ્રંથને અંતે પૂજ્ય ભાવે મુકાય છે.]

શ્રી શકે પંદરસો છ માંહે
તારણ નામ સંવત્સરે,
જનાર્દન શિષ્ય એકનાથે
અતિ આદરે જ્ઞાનેશ્વરી પ્રતિ. ૧

ગ્રંથ પૂર્વેજ અતિશુદ્ધ
પણ પાઠાંતરે શુદ્ધ અબદ્ધ,
તે સંશોધીને એવં વિધ
પ્રતિશુદ્ધ સિદ્ધ જ્ઞાનેશ્વરી. ૨

નમો જ્ઞાનેશ્વરા નિષ્કલંક
જેમની વાંચતાં ગીતાની ટીકા,
જ્ઞાન થાયે સર્વ લોકા
અતિભાવકા ગ્રંથાર્થીઓને. ૩

ઘણા કાળે સુંદર પર્વણીએ
ભાદ્રપદ માસે કપિલાષષ્ઠીએ,
ગોદાવરી તટે પૈઠણ ગ્રામે
પત્રલેખન સંપૂર્ણ થાયે. ૪

☆

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5